Anthropophagi, (ઍન્થ્રોપૉફૅજિ) *n.* [Gr. *anthropos,*man & *phægo,*I eat.] Cannibals; man-eaters:મનુષ્યમાંસહારી;રાક્ષસો.

Anti,(ઍન્ટિ)*a.*Gr. prep.signifying *against*: સામે ઉલટું-વિરૂદ્ધ-બદલે એવું બતાવનારો ગ્રીક ઉપસર્ગ.

Antic,(ઍન્ટિક્) *a.* [L. *antiquus,* old] Odd; fantastic:વિચિત્ર; કઢંગુ;અયોગ્ય; અસંગત.*n.* A buffoon:મશ્કરે; વૈહાસિક; ભાંડ; રંગલો: મનકખોર માણસ.2.(*pl.*)Odd devices:ઠઠ્ઠાબાજી;ચાળા.

Anticipate,(ઍન્ટિસિપેટ્)*vt.*[L.*ante,*before, & *capio,* I take.] To do or take beforehand:અગાઉથી સાધવું;બોલવું-લઈ લેવું.2.To foresee:આગળથી અટકળ-ધારણા બાંધવી; અગાઉથી ધારવું-જાણવું;અગાડીથી અનુભવ લેવો.

Anticipation, (ઍન્ટિસિપેશન્) *n.* The act of taking up or considering before-hand: પ્રથમથી-અગાડીથી લેવું-વિચાર-અટકળ ક૦.તે.2.Foretaste: પૂર્વભોગ; પૂર્વાનુભવ. 3. Hasty notion: preconceived opinion;fore-thought:ઉતાવળે બાંધેલો વિચાર;ધારણા;આશા;અગમબુદ્ધિ.

Antidote,(ઍન્ટિડોટ્) *n.* [Gr. *anti* & *didomi,* I give.] A remedy to prevent the effects of poison:વિષઘ્ન;વિષનાશક ઉપાય;વારણ; ઝેર ઉતારવાનું ઓષધ;મ્હોરો.2. What-ever tends to prevent mischievous effects:અહિતકર પરિણામ આવતું અટકે તેવો;ઉપાય;ઉતાર;પ્રતિકાર,નિવારણ.

Antifebrile, (ઍન્ટિફેબ્રિલ્) *a.* Tending to cure fever:તાવ કાઢનાર,જ્વરનાશક. *n.* A medicine to allay fever:તાવ કાઢનારું ઓષધ;જ્વરઘ્ન.

Antimony, (ઍન્ટિમૅનિ) *n.* A white metal used in medicines:સુરમાની ધાતુ; સુરમો.

Antinomy,(ઍન્ટિનૉમિ)*n* [Gr.*anti* & *nomos,* a law.]The opposition of one law to another:એક કાયદાથી બીજા કાયદાની વિરૂદ્ધતા 2.A law or other thing opposite or contrary; વિરૂદ્ધનો કાયદો,ધારો અગર બીજી કાંઇ વસ્તુ.

Antipathy,(ઍન્ટિપેથિ)*n* [Gr.*anti* & *pathos*, feeling.] An aversion; distaste: સ્વભાવિક વેર;અભાવ;વૈર;હાડવેર;દ્વેષ.2. A contrariety in the properties or affections of matter:પદાર્થોના ગુણો અગર ધર્મોમાં વિરોધ:સામી પ્રીત.

Antipodal, (ઍન્ટિપૉડલ્) *a* Pertaining to antipodes:પૃથ્વીના ગોળાની સામી બાજુએ રેહનાર લોક સંબંધી

Antipodes,(ઍન્ટિપૉડીઝ્) *n. pl.* [Gr. *anti* & *pous, podos*, a foot.]The people who live on the opposite side of the globe:પૃથ્વીની સામી બાજુએ રહેનાર જેમના પગ એક બીજાની સન્મુખછે.

Antiquarian,(ઍન્ટિક્વેરિઅન્)*a*.Pertaining to antiquity:પ્રાચીનકાળનું;પ્રાચીન. 2. Having a very large size:મોટા કદનું *n* One versed in antiquities:પુરાતન કાળની બાબતોમાં પ્રવીણ પુરૂષ.

Antiquary,(ઍન્ટિક્વેરિ) *n.* One devoted to the study of ancient things or versed in antiquity: પ્રાચીન બાબતોનો અભ્યાસ કરનાર-માહીતગાર

Antiquate, (ઍન્ટિક્વેટ્) *vt.* [L. *antiquus*, old.]To make old; to make void or abrogate:જુનું-રદ્દ નકામું-નિરૂપયોગી કo નકામું પાડવું.

Antiquated.(ઍન્ટિક્વેટેડ્)*p. a.* Ancient;obsolete:જુનું; પ્રાચીન;બાતલ રદ્દ;અપ્રચલિત.

Antique,(ઍન્ટીક્)*a*.Old,ancient:જુનું;પ્રાચીનકાળનું;પુરાતન 2.Of old fashion: જુની તરાહ-ઢબ-છબ-ચાલનું.3.Made in imitation of antiquity:પ્રાચીનકાળ-જુના વખતની નકલ કરી કરેલું.4.Odd; wild;fantastic:વિલક્ષણ;ઢંગ઼ુ;વિચિત્ર;આર.

Antiquity,(ઍન્ટિક્વિટિ) *n.* Former ages:જુનો જમાનો.2.The ancients:જુના જમાનાના લોક; અસલના લોક 3.Old age:ઘડપણ.4.An old gentleman:બુઢ્ઢો સદ્દગૃહસ્થ.5.(*pl*) The remains of ancient times:પ્રાચીનકાળની વસ્તુઓ.

Antiseptic,(ઍન્ટિસેપ્ટિક્)*a* [Gr.*anti* & *sepo*, I make putrid.] (*Med.*) Counteracting putrifaction:કોહવાણ અટકાવનારો *n.* A substance which resists or corrects putrifaction as acids:કોહવાટ અટકાવનારો ક્ષાર જેવો પદાર્થ

Antispasmodic,(ઍન્ટિસ્પૅઝ્મૉડિક્)*a*. (*Med.*) Resisting convulsions: ખેંચતાણ-ગોળો બંધ પાડતું *n*.A remedy for convulsions:ખેંચતાણ-ગોળો બંધ પડતું ઓસડ.

Antithesis, (ઍન્ટિથેસિસ્) *n.* [Gr. *anti* & *tithemi*,I place.]An opposition of words or thoughts:શબ્દ-વાક્ય અર્થ વિરોધ;પ્રતિપક્ષતા.

Antitype,(ઍન્ટિટાઇપ્)*n*. [Gr.*anti* & *typos*, a type.] That of which the type is the pattern: પ્રતિબંબનું મળ;મુલમુર્તિ બિંબ; આદર્શ.

Antler, (ઍન્ટલર્) *n.* [L. *anti*, before.] A branch of a stag's horn: સાબરના શિંગડાની શાખા.હરણ શૃંગ;સાબરશિંગુ

Anus,(ઍનસ્) *n.* [L] The opening of the body by which excrement is expelled:ગાંડ.

Anvil,(ઍન્વિલ્)*n* An iron block upon which metals are hammered and shaped: એરણ. To *be on the* a:તૈયારથવું;બનવું; તૈયારીમાં હોવું.

Anxiety,(ઍન્ગ્ઝાઇઍટિ)*n* [L.*ango*,I bind.] Uneasiness;care:ચિંતા; ઉચાટ;ચટપટી; ઇન્તેજારી;કાળજી;આતુરતા; ફિકર;ઉત્સુકતા;ઉત્કંઠા.

Anxious,(ઍન્ગ્ક્શસ્)*a*.Restless; disturbed; careful:ચિંતાતુર;ફિકરમંદ;ઇન્તેજાર;આતુર;ઉત્કંઠિત.

Anxiously,(ઍન્ગ્ક્શસ્લિ) *adv.* In an anxious manner:આતુરતાથી;ઇન્તેજારીથી: ઉત્કંઠાથી.

Anxiousness, (ઍન્ગ્ક્શસ્નસ્)See **anxiety**,

Any,(ઍનિ *a* One;some;either:કોઈ;કંઈ;હરેક.

Aorist,(ઍઓરિસ્ટ્) *n.* [Gr *a*. priv. & *horos*, limit.] An indefinite past tense in the Greek verb:ગ્રીકભાષામાં અનિયમિત ભૂતકાળ.

Aorta,(ઍઑર્ટા)*n*.[Gr.*aeiro*.I raise up]The great artery from the heart:હૃદયની ડાબી બાજુએથી નિકળતી મોટી-ધોરી નસ.

Apace,(ઍપેસ્)*adv*.Speedily; hastily: ઝટપટ; ઉમપગે;જલદી;સત્વર; તાકીદથી.

Apart,(ઍપાર્ટ્)*adv*.[L *a*, & *pars,partis*, a part.] Separately; aside: પૃથક્ ;જુદું ;એકાંતે; નોખું;જુદું જુદું; દુર;વેગળું;કકડે કકડે; છુટુંછુટું.

Apartment,(ઍપાર્ટ્મેન્ટ્)*n*- [L. *a*, & *pars, partis*,a part.]A room;chamber:ઓરડો;ખંડ *Woman's* **a**. or *inner* a:જનાનખાનું;અંતઃપુર.

Apathetic cal,(ઍપેથેટિક્-કલ્)*a*.Insensible: લાગણી રહિત;જડ;મંદ; ઉદાસીન;નિઃસ્પૃહી;નિરપેક્ષી.

Apathy,(ઍપેથિ)*n*.[Gr.*a* priv.& *pathos*,feeling.]Want of feeling;indifference:જડ-મંદપણું; બેપરવાઇ;ઉદાસીનતા;નિસ્પૃહતા.

Ape,(ઍપ્)*n.* A monkey without a tail: પૂંછડી વગરનો વાંદરો: કપિ;વાનર. 2. A servile imitator;a silly fellow:વાંદરાની પેઠે ચાળા ચાંદીવાં પાડનાર.*vt* To mimic:ચાળા પાડવા; નકલ કo.

Apepsy,(ઍપેપ્સિ)*n* [Gr.*a*, priv.& *pepto*, I cook.] Indigestion:અજીર્ણ.

Aperture,(ઍપર્ચ્યૂર્)*n.* [L. *ab* & *pario*, I bring forth.]A gap;opening;passage:કાણું; નાકું;છિદ્રું;બાકોરૂં;રહે;છિદ્ર.

Apetalous,(ઍપેટલસ્) *a* Having no flower, leaf or corol: પાંખડી વગરનું;નિષ્પત્ર;અપટલ.

Apex,(ઍપેક્સ્)*n* Summit; top;point: શિખર; અગ્ર; ટોચ; અણી: છોગું; કલગી.

Aphorism, (ઍફોરિઝમ્) *n.* Gr.*apo* from & *horos*, limit.] A maxim:શિખામણ;સૂત્ર;વચન.

Apiary, (ઍપિઍરિ) *n.* [L. *apis*,a bee.] A place where bees are kept: મધમાંખો પાળવાની જગા-મંડિઓ-પુડો.

Apiece.(ઍપીસ્)*adv.*To each; to the share of each: હરેકને;માથાદીઠ;પ્રત્યેકને;દર એકને.

Apish,(ઍપીશ)*a* Having the qualities of an ape;foolish;foppish:વાંદરાજેવું;ચિબાવલું; મૂર્ખ.

Apocryphal, (ઍપોક્રિફૅલ્) *a.* Not canonical; fictitious:સંશયકારક;સંદિગ્ધ; બનાવટી; તરકટી.

Apod·al.·ous,(ઍપો·ડૅલ·ડસ્)*a.* Gr *a*, without & *pous, podos*, a foot.] Without feet:પગ વગરનું;અપંગ.

Apogee,(ઍપોજી)*n.* [Gr.*apo*, from & *ge*,the earth.] The point in the moon's orbit most remote from the earth: ચંદ્રની કક્ષા માંહેલું પૃથ્વિથી છેટામાં છેટું બિંદુ.

Apologist,(ઍપોલૉજિસ્ટ્)*n.*One who makes an apology:માફી માગનાર.

Apologize,(ઍપોલૉજાઇઝ્) *vi.*(for) To make an excuse:ક્ષમા·માફી માગવી;આજીજીક૦.

Apologue, (ઍપોલૉગ્) *n.* A moral fable; a story:નીતિની કલ્પિત વાર્તા;કહાણી;વાત;રૂપકથા.

Apology, (ઍપોલૉજિ)*n.* Gr. *apo*, & *logos*, a speech.] Self vindication:દોષ ઉડાવનાર ભાષણ·લખાણ;બચાવ.2. An excuse: આજીજી;ક્ષમા; માફી;બહાનું;વ્યપદેશ 3.A makeshift:ખોટોખડલો.

Apoplexy.(ઍપોપ્લેક્સિ)*n.*[Gr. *apo* & *plesso*, I strike]Sudden loss of sense & voluntary motion:મગજે લોહીચઢીજવાનોરોગ,અંગવિકૃતિ.

Apostacy,(ઍપોસ્ટૅસિ)*n.* [Gr.*apo* & *his'emi*, to stand]A total desertion or departure from one's faith,principles or party:સ્વધર્મ·મત·પક્ષ ત્યાગ;ધર્મભ્રંશ;પરધર્માશ્રય.

Apostate,(ઍપોસ્ટેટ્)*n.*One who renounces his religion,principles or party:સ્વધર્મ·મત·પક્ષછોડનાર;સ્વધર્મત્યાગી;ધર્મભ્રષ્ટ;પતિત.

Apostatize, (ઍપોસ્ટૅટાઇઝ્) *vt.* To abandon one's faith,principles or party:પોતાનો ધર્મ, મત કે પક્ષનો ત્યાગ ક૦; પરધર્માશ્રય ક૦.

Apostle,(ઍપોસલ્) *n.* [Gr. *apo* & *stello*, I send off]A disciple of Christ sent forth to preach the gospel:ખ્રિસ્તિ ધર્મનો બોધ કરવા સારૂ;મોકલેલો દૂત·જાસૂસ;ઇશ્વ·દૂત.

Apostolic·al, (ઍપૉસ્ટૉલિક્·કૅલ્) *a.* (*a*) Pertaining or relating to an apostle:ઇશ્વર પ્રેરિત દૂત સંબંધી (*b*)Relating to apostles or their time:ઇશ્વરદૂતો અગર તેમના સમય સંબંધિ·વિશે.

Apostrophe,(ઍપોસ્ટ્રોફિ)*n.* [Gr *apo* & *strepho*, I turn.] (*Gram*) The contraction of a word by the omission of a letter or letters:અક્ષર અથવા અક્ષરોનો લોપ કરીને શબ્દનો સંક્ષેપ ક૦ તે;સંક્ષેપ 2. The mark used to denote that a word is contracted:શબ્દસંક્ષિપ્ત થયો છે તે જણાવવાને માટે વપરાતું ચિન્હ.

Apostrophize,(ઍપોસ્ટ્રોફાઇઝ્)*vt.*To address ly apostrophe: પરોક્ષને સંબોધીને બોલવું. 2. To mark with an apostrophe:લુપ્તાક્ષર ચિન્હ મૂકવું.

Apothecary,(ઍપૉથેકરિ)*n.*[Gr.*apo* & *theke*, a chest.[One who prepares & sells drugs or medicines:દવા બનાવી વેચનાર;ઔષધવિક્રયિ.

Apothegm, (ઍપોથેમ્)*n* Aphorism;a short, saying: વાક્ય;કહેવત;સૂત્ર;કહાણી;નં નિવચન.

Apotheosize,(ઍપોથીઓસાઇઝ્) *vt.* To consecrate; to deify:દેવની પદવી આપવી.

Appall,(ઍપ્પોલ્)*vt.*[L. *ad* & *palleo*, I grow pale.]To terrify;to frighten: બિવડાવવું;ત્રાસ બતાવવો;ડરાવવું.*vi.*To be dismayed:બીવું; ભય રાખવો *n.* Dismay;terror:ધાક;બીક; ભય; ત્રાસ.

Appalling,(ઍપ્પોલિન્ગ્)*a.*Terrifying:હૈયુ ફાડી નાખે એવું;કાળજું છાતી ચીરે તેવું;ત્રાસજનક;ભયજનક.

Appanage, (અપ્પેનેજ્)*n* [L. *ad* & *panis*, a bread.]A portion of land assigned by a prince for the maintenanee of his younger sons: ભાયાતની જીવાઇ; જીવાત; કપાળગ્રાસ. 2. Sustenance:ગુજારો;ઉપજીવિકા;ગુજરાન; નિભાવ.

Apparatus,(ઍપ્પૅરેટસ)*n.* [L. *ad* & *paro*, I prepare.]A full set of instruments for performing any operation:સાજ;ઓજાર;સાહિત્ય.

Apparel,(ઍપ્પૅરેલ્)*n.*[L. *ad* & *paro*, I prepare.] Dress;garments:વસ્ત્ર; લુગડાં;કપડાં. *vt.* To dress:વસ્ત્ર·કપડાં·પોશાક·લુગડા પહેરવાં.2 To embellish:શણગારવું;·ભૂષિત ક૦

Apparent.(ઍપ્પૅરેન્ટ્)*a.* [L. *ad* & *pareo*, I become visible.] Visible to the eye:નજરે દેખાતું·જોવાતું,પ્રત્યક્ષ.2.Evident;obvious:ખુલ્લું; સાફ;ઉઘાડું;સ્પષ્ટ; પ્રકટ. 3. Appearing but not rea':બહારથી સારું;માત્ર દેખાવમાં ખરૂં;દેખીતું; મિથ્યા;અવાસ્તવ *Heir* a:પાટવીકુંવર;યુવરાજ;ટીકાયત.

Apparition,.(ઍપ્પૅરિશન)*n* [L.*ad* & *pareo*,I appear] Appearance: દેખાવ. 2. A visible object;a form:દેખાતી વસ્તુ;દેખાવ; આકાર;છાયા; આભાસ.3.A ghost;a specrre:ભૂત.પિશાચ;વેતાલ.

Appeal,(ઍપ્પીલ્)*vi.* [L *ad* & *pello*, I drive.] To remove a cause from an inferior to a superior court:નીચલી કોરટથી નારાજ થઈ ઉપલી કોરટમાં અરજી ક૦;અપીલક૦. 2. To refer to another for the decision of a question:ઇનસાફ કરવા માટે ત્રાહિત ધણીને અરજ ક૦ 4.To call on one for aid:બીજાની મદદ માગવી.*vt.*To refer to a superior judge: અપીલ·અરજી ક૦. *n.* A reference to superior court;ઉપલી કોરટને કરેલી અરજી;અપીલ.2.Recourse:આશ્રયકરણ;શરણ;ઓથ.

Appear, (ઍપ્પીર્)*vi* [L *ad* & *pareo*, I appear] To be in view:નજરે પડવું; દેખાવું.2 To stand in presence of:હાજર·રજુ થવું;સામા ઉભા રહેવું.3 To be manifest:પ્રગટ·ખુલ્લું સ્પષ્ટ થવું.4

To seem:ભાસવું;લાગવું;જણાવું;દેખાવું;માલુમ પડવું.

Appearance,(ઍપ્પીરૅન્સ)*n.* The act of coming into sight:દેખાવું તે;ઉદય;પ્રાદુર્ભાવ;દર્શન;હાજરી.2.A phenomenon:દેખાવ; કુદરતી ચમત્કાર. 3.Semblance:દેખીતું સરખાપણું;આભાસ;છાયા.4. Mien;air:આકૃતિ;ડોળ;ચ્હેરો;આકાર.5.Probability:અનુમાન:સંભવ.6.The coming into court of either of the parties:રજુઆત;હાજરી.

Appease,(ઍપ્પીઝ્)*vt.* [L. *ad & pax, pacis*, peace.]To conciliate;to compose;to pacify: શાંત કo;નરમ પાડવું; મટાડવું; સાંત્વન કo.

Appellant,(ઍપ્પેલૅન્ટ્)*n* One who appeals,as opposed to respondent:અપીલ(અરજ)કરનાર.

Appellate,(ઍપ્પેલૅટ્)*a* Having cognizance of appeals:અપીલ સાંભળનારી(કોર્ટ.)

Appellation,(ઍપ્પેલૅશન્)*n.*Name;title:નામ; સંજ્ઞા; અભિધાન.

Append, (ઍપ્પેન્ડ્) *vt.* [L. *ad & pendo*, I weigh.]To affix:લટકાવવું;ટાંગીદેવું;સામેલકo. 2. To annex:ઉમેરો કo;જોડવું;લગાડવું;સાંધણ કo.

Appendage,(ઍપ્પેન્ડૅજ્) *n.* Adjunct: જોડેલો-વધારેલો ભાગ;સાંધણ;અનુબંધ;અનુષંગીપદાર્થ.

Appendant,(ઍપ્પેન્ડૅન્ટ્)*a.* Hanging:લટકતું; જોડેલું;સાંધેલું.2 Belonging to another thing: બીજી ચીજનેલગતું *n.* That which belongs to another thing:પેટા ભાગ.

Appendix(ઍપ્પેન્ડિક્સ્) *n.* An appendage, adjunct or concomitant:જોડેલો-વધારેલોભાગ; સાંધણ;વધારો;પરિશિષ્ટ;શેષસંગ્રહ;પુરવણી.

Appertain,(ઍપ્પર્ટેન્)*vi.*[L.*ad,per & teneo*, I hold.]To belong:નુંહોવું;સંબંધ-નીસબત રાખવી

Appetence,(ઍપ્પીટેન્સ) } *n.*[L.*ad & peto*,I seek.] Desire; hunger;passion:
Appetency,(ઍપ્પીટેન્સિ) }
Appetite,(ઍપ્પીટાઇટ્) }
ઇચ્છા;કામના;વાસના;અભિલાષા;રૂચિ;ક્ષુધા;ભુખ; ક્ષુધાતૃષા.*Sensual* a.:વિષયરૂચિ;કામવાસના.

Applaud,(ઍપ્પ્લોડ્)*vt.* [L. *ad & plaudo*,I clash.]To praise by word;to commend:વખાણ-સ્તુતિ કo:શાબાશી આપવી; ધન્યવાદ આપવો.

Applause, (ઍપ્પ્લોઝ્)*n.* Approbation; acclaim:વખાણ;સ્તુતિ;શાબાશી;ધન્યવાદ;પ્રશંસા;શ્લાઘા

Apple,(ઍપલ્)*n.*A fruit or tree of the genus Pyrus:એક જાતનું ફળ-ઝાડ;શેબ; સફરજન; સેબફળ. **A** *of the eye*:આંખની કીકી;પુતળી.**A.***of discord*: લડાઇ ટંટાનું મૂળ;કલહબીજ.

Appliance,(ઍપ્પ્લાઇઍન્સ્) *n.* The thing applied;aid:સાજ:સાહિત્ય;સરંજામ.

Applicable(ઍપ્લિકૅબલ્)*a.* Suitable; fit to be applied:લાયક;લાગુ પાડવા જોગ;બંધબેસતું.

Applicant,(ઍપ્લિકૅન્ટ્)*n.*A petitioner;one who applies:અરજદાર;દાદી;દાદ માગનાર.

Application,(ઍપ્પ્લકૅશન્)*n.* Act of applying:લાગુ પાડવું-લગાડવું તે; વિધાન;ઉપયોગ; પ્રયોગ. 2 Request;entreaty:અરજી;વિનંતિ; પ્રાર્થના. 3. The employment of means:સાધન;પ્રયોગ;ઉપયોગ 4 Close attention;assiduity: મનોનિયોગ;ચિત્તાસક્તિ;પરાયણતા;ખંત;ઉદ્યોગ. 5.લેપ.

Apply,(ઍપ્પ્લાઇ)*vt.* [L. *ad & plico*, I fold.] To lay,to put;to fit:ચોપડવું,લગાડવું;મુકવું.2.To devote:ઉપયોગમાં-કામમાં લેવું;વાપરવું.3 To make use of,declare or pronounce as suitable: યોગ્ય-લાયક-બંધબેસતું જણાવવું-કહેવું; પ્રયોગ કરવો. 4.To fix or engage diligently (followed by *to*) મન-ચિત્ત ઘાલવું-પરોવવું-લગાડવું-વાળવું; મંડયા રહેવું.*vi.*To suit:લાગુ પાડવું;મળતું હોવું 2. To request:અરજી-વિનંતી-પ્રાર્થના કo.

Appoint,(ઍપ્પોઇન્ટ્)*vt.* [L *ad & punctum*, a point.]To establish:સ્થાપવું; મજબુત કo. 2. To prescribe;to ordain;to fix:નક્કી-મુકરર કo; નીમવું;નિર્માણ કo:ઠેરવવું.3 To equip:તૈયાર કo. 4.To assign:યોજવું; નિયોજવું; અધિકાર આપવો. *vi.*To determine:નક્કી-નિર્માણ કo.

Appointment,(ઍપ્પોઇન્ટ્મેન્ટ્) *n.* Designation to office;position:નિરૂપણ; સ્થાપન; નિમણુક;ચાકરી;હોદ્દો;અધિકાર.2.Stipulation;arrangement:ઠરાવ;વાયદો;સંકેત.3 સાજ;સામગ્રી;સરંજામ.

Apportion,(ઍપ્પોર્શન્)*vt.*[L. *ud & portio*,a portion]To distribute in just proportion: બરાબર વહેંચીઆપવું;ભાગેપડતું-હિસ્સાપડતું વહેંચવું.

Apportionment,(ઍપ્પોર્શન્મેન્ટ્) *n.* A division into just shares:હિસ્સાપ્રમાણે વહેંચણી-વાંટણી.

Apposite,(ઍપ્પોઝિટ્)*a* [L.*ad & pono*,I put.] (*to*)Well adapted;fit; relevant: લાયક; યોગ્ય; વાજબી;લાગુ પડતું;યુક્ત;યથાર્થ;સંગત.

Apposition,(ઍપ્પોઝિશન્) *n.* The state of two nouns put in the same case:અભેદ સંબંધ;સમાનાધિકરણ;એકાન્વય 2. Accretion: ઉમેરો;પુરવણી. [authority:આંકણી;નિરૂપિત મૂલ્ય.

Appraisal, (ઍપ્પ્રેઝલ્) *n.* A valuation by

Appraise, (ઍપ્પ્રેઝ્)*vt.* [L. *ad & pretium*, price.]To set a value on:કિંમત ઠરાવવી;મૂલવવું.

Appraisement, (ઍપ્પ્રેઝ્મેન્ટ્) *n.* A valuation:ઠરાવેલી કિંમત;આંકણી;મુલવણી.

Appreciable,(ઍપ્રિશિઍબલ્)*a.* Estimable: કિંમત-કદર-બુજ કરવા જોગ;આંકવા લાયક.

Appreciate,(ઍપ્પ્રીશિઍટ્)*vt.* [L. *ad & pretium*,price]To estimate justly or truly;to value:બુજ-કદર જાણવી;ગુણ માનવો-જાણવો. 2.To raise the value of:-ની કિંમત વધારવી;મોંઘું કo.

Appreciator,(ઍપ્પ્રીશિઍટર્)*n.*One who appreciates:કદરદાન:ગુણગ્રાહી;ગુણજ્ઞ; બુજ કરનાર.

Appreciation, (ઍપ્પ્રીશિઍશન્) *n.* A just valuation of merits &c.:બુજ;કદર;મૂલ્ય;ગુણગ્રહણ. 2. A rising in value:કિંમતમાં વધારો.

Apprehend,(ઍપ્પ્રીહેન્ડ્)*vi.*[L.*ad* & *prehendo*,I seize.] To arrest;to seize:પકડવું;ઝાલવું; કબજે ક૦.2.To believe:સમજવું;મનમાં ધારવું-લેવું; ગ્રહણ ક૦.3.To fear:દેહશત-ધાસ્તી લાગવી-રાખવી; અંદેશો લાવવો;ભય રહેવો; શંકા રાખવી. *vi.* To think; to suppose: ધારવું;મનમાં હોવું.

Apprehensible, (ઍપ્પ્રીહેન્સિબલ્) *a.* Conceivable:સમજાય એવું; મનમાં આણાય એવું; કલ્પનીય,2. Dreadful:દેહેશત-ભય લાવવા જોગ.

Apprehension,(ઍપ્પ્રીહેન્શન)*n.*The act of seizing:પકડવું તે;ગ્રહણ.2.The act of arresting:કેદ-કબજે ક૦ તે.3.Simple contemplation: સમજણ;સમજ;અનુમાન;તર્ક.4.Conception;opinion:ધારણ;વિચાર;અભિપ્રાય;*of dull* a:ઠોઠ-જાડી બુદ્ધિનો;*of quick* a:તીક્ષ્ણ મતિ-બુદ્ધિવાળો.6.Distrust;fear:અંદેશો,આશંકા;ધાસ્તી;ભય;દેહેશત.

Apprehensive, (ઍપ્પ્રીહેન્સિવ્) *a.* Fearful; suspicious: ભયભીત;બીકણ;શંકાશીળ.

Apprentice,(ઍપ્પ્રેન્ટિસ્)*n.*[*ad.*& *prehendo*, I seize.] One bound to another to learn an art or occupation:કરાર કરીને હુન્નર અગર ધંધો શિખવા રહેલો માણસ;શિખાઉ;શિષ્ય.*vt.*કરાર કરી ધંધો શીખવા મુકવું;દુકાને મુકવું.

Apprenticeship, (ઍપ્પ્રેન્ટિસ્-શિપ્) *n.*Condition of an apprentice:શિખાઉપણું; શાગિર્દી; શિખાઉની મુદત; અવધ.

Apprise,(ઍપ્પ્રાઇઝ્)*vt.*[L. *ad* & *prehendo*,I take.]To make known:જણાવવું;સૂચવવું; કહેવું; ખબર આપવી;ચેતવવું. [followed by *of.*]

Approch,(ઍપ્પ્રોચ્)*vi.*[L.*ad* & *prope*,near.] To come or go near, in place or time; to draw near:પાસે આવવું-જવું;આવી પહોંચવું;થવાપર આવવું 2.To approximate:લગભગ પહોંચવું; બરાબર સરખું ઉતરવું-હોવું.*vt.*To come near to; to approximate:મળતા આવવું-હોવું;સરખા ઉતરવું;આવી મળવું.*n.* Coming near:પાસે આવવું તે; આગમન.2.An access:પાસે જઈ શકાય તે; પ્રવેશ. 3 A passage to approach a house:ઘર આગળ જવાનો રસ્તો.

Approachable,(ઍપ્પ્રોચેબલ્) *a.* Accessible: પાસે જઈ આવી શકાય એવું;ઉપગમ્ય;ગમ્ય.

Approbation,(ઍપ્પ્રોબેશન)*n.*[L *ad* & *probo*, I prove.]Approva; liking;consent:પસંદગી; વખાણ; અનુમતિ; સંમતિ; અનુમોદન; ધન્યવાદ;મન સંતોષ.

Appropriable, (ઍપ્પ્રોપ્રિએબલ્) *a.* Capable of being appropriated:બંધબેસ્તુ;યોગ્ય.

Appropriate,(ઍપ્પ્રોપ્રિએટ્)*a.*[L.*ad* & *proprius*,one's own.] Fit;suitable;proper:યોગ્ય; લાયક;ઉચિત.2.Peculiar:ખાસપોતીકું;સ્વકીય.*vt.* To claim or use by an exclusive right: પોતીકુ કરી લેવું;પચાવી-બથાવી પડવું; ખાઇ જવું.2. To set apart:જુદુ કહાડી-રાખી મુકવું.

Appropriateness,(ઍપ્પ્રોપ્રિએટ્-નેસ્)*n.*Peculiar fitness:યોગ્યતા;ઔચિત્ય.

Appropriation, (ઍપ્પ્રોપ્રિએશન) *n.* Application to a special use or purpose:ખાસ ઉપયોગ માટે જુદુ રાખી મુકવું તે;લાગુ પાડવું તે;ખાઇ જવું તે; વિનિયોગ.2.Thing or money thus set apart:ખાસ હેતુ માટે અલગ રાખેલી ચીજ-પૈસા.

Approvable,(ઍપ્પ્રૂવૅબલ્)*a.* Worthy of approbation:વખાણવા જોગ;તારીફ લાયક;સ્તુતિપાત્ર.

Approval,(ઍપ્પ્રૂવૅલ્)*n.*Approbation; sanction:પસંદગી;મંજુરી;અનુમતિ;સમ્મતિ;અનુમોદન.

Approve,(ઍપ્પ્રૂવ્) *vt.* [L. *ad* & *probo*, I prove.]To be pleased with;to think well of:-થી સંતોષ પામવો;રાજી-ખુશી થવું;રૂચવું;પસંદ-માન્ય કબૂલ ક૦ 2.To commend:વખાણ-સ્તુતિ પસંદગીને યોગ્ય ક૦ 3.To sanction:મંજુર-બહાલ રાખવું-ક૦.

Approximate,(ઍપ્પ્રોક્સિમેટ્)*a.*Nearly true; approaching to:ઘણું ખરૂં લગભગ બરાબર-મળતું. 2. Near;next;proximate:સાથે-પાસે-નજદીકનું; પાસે પાસેના.*vt.*To carry near:લગભગ થાય એમ ક૦.*vi.*To advance near:પાસેજવું-આવવું-પહોચવું.

Appurtenance,(ઍપ્પર્ટેનન્સ્) *n* [See. **appertain.**] So written for *appertenence.* Appendage:બીજા સાથે જોડેલું હોય તે; ઉપાંગ; વધારો;અનુષંગી પદાર્થ;અનુબંધ;જોડણ;સાંધણ;વળગણ.

Appurtenant, (ઍપ્પર્ટેનન્ટ્) *a.* Belonging: pertaining:સંબંધ-રાખતું;ધરાવતું;લગતું.

Apricot,(ઍપ્રિકૉટ્) *n.* [L *prœ* & *coquo*, I ripen.] A delicious kind of stone-fruit: એક જાતનું ગોટલાવાળું ફળ.

April,(ઍપ્રિલ્)[L *aperio*,I open.]The fourth month of the year: ઇંગ્રેજી વર્ષનો ૪ થો મહિનો.

Apron,(ઍપ્રન)*n* [L.*nappa*,a napkin.]A cloth or a piece of leather on the fore-part of the body,to protect clothes:વસ્ત્ર ખરાબ ન થવા સારૂ શરીરના આગલા ભાગ ઉપર નાંખેલું લુગડું અથવા ચામડું.2 The sill of a window:બારીનો તલધટ.

Apropos.(ઍપ્રોપ્રો)*adv.* Seasonably; opportunely:ખરે ટાકડે;અણીના વખતે;વખતસર. 2. By the way;to the purpose:અનુરૂપ;સંબંધી;વિશે.

Apt,(ઍપ્ટ્)*a.* [L. *apeo*, I join.] Fit;suitable:યોગ્ય;લાયક;ઉચિત 2 Liable:થાય એવું;વશ;શીલ 3 Inclined;ready:તત્પર;પાત્ર;શીલ.4 Prompt; quick:ચંચળ;હોંશીયાર;કુશળ.

Apterous,(ઍપ્ટેરસ્)*a.* Destitute of wings: [પાંખ વગરનું.

Aptitude, (ઍપ્ટિટ્યૂડ્) } *n.*[L. *aptus*, fit.]
Aptness, (ઍપ્ટનેસ્) } Tendency;disposition:વલણ;સ્વભાવ;ગુણ;ધર્મ.2.Fitness:લાયકી; યોગ્યતા.3.Readiness:ચપળાઈ; શક્તિ;સામર્થ્ય.

Aquarium,(ઍક્વૅરિઅમ્)*n.* [L *aqua*,water] An artificial pond for rearing aquatic

plants or animals:વનસ્પતી કે પ્રાણીઓ રાખવા સારૂં બનાવેલું કૃત્રિમ તળાવ.

Aquarius, (ઍક્વૅરિઅસ્) *n.* A sign in the zodiac; the water-bearer:કુંભરાશિ.

Aquatic,(ઍક્વૅટિક્)*a.*[L *aqua*,water.] Pertaining to or inhabiting water:પાણીને લગતું–માં રહેતું;જળચર;વારિજ *n.*A plant growing in water:પાણીમાં ઉગતી–વનસ્પતિ;જળવનસ્પતિ.

Aqueduct,(ઍક્વીડક્ટ્)*n.*[L. *aqna*, & *duco*, I lead.] A channel for conveying water: પાણીનો નળ;નેહેર;મોરી;જળમાર્ગ.

Aqueous,(ઍક્વીઅસ્)*a.* Watery: પાણીનો ગુણ ધરાવતું–ના સ્વભાવવાળું;જળમય;જળરૂપ;પાણીનું.

Aquiline, (ઍક્વિલાઇન્) *a*, [L. *aquila*, an eagle.]Belonging to the eagle:ગરૂડના જેવું. 2.Curving:વાંકું;વક્ર;વળેલું;ગરૂડની ચાંચ જેવું.

Arab,(ઍરૅબ્) *n.* A native of Arabia: અરબસ્થાનનો રહેવાસી;આરબ.

Arabian, (ઍરૅબિઅન્) *n.* An Arab:આરબ. *n.* Pertaining to Arabia: અરબસ્થાની; **a**. *bird*, the phœnix:ફિનિક્સ પક્ષી.

Arabic, (ઍરૅબિક્) *n.* The language of the Arabs: અરબી ભાષા.*a.*Belonging to Arabia: અરબસ્થાનનું.

Arable,(ઍરૅબલ્) *a.* [L *aro*, I plough.] Fit for plowing:ખેડવા–ખેતી કરવા લાયક;ખેડાણ.

Arbiter, (આર્બિટર) [L] Controller; ruler:કર્તાહર્તા;પ્રભુ; ઈશ.2 (*Law*)A person appointed by parties in controversy to decide their differences:મધ્યસ્થ;લવાદ;પંચ; અમીન.

Arbitrable,(આર્બિટ્રબલ્)*n.*Arbitrary;depending on the will:સ્વચ્છંદી;મરજી મુજબ વર્તનાર. 2.Determinable:નિર્ણય-નિશ્ચય કરવા યોગ્ય.

Arbitrary, (આર્બિટ્રેરિ)*a.* Depending on the will:મરજીમાં આવે તેમ કરેલું;બેકાયદે;સ્વચ્છંદી. 2. Despotic:જુલમગાર;સ્વતંત્ર;આપખુદ

Arbitrate,(આર્બિટ્રેટ્)*vt.&vi.*To decide as an arbitrator:લવાદ તરીકે મત–ફેંસલો કરવો;મધ્યસ્થ થઇને નિર્ણય ક૦;લવાદી ક૦;પંચાયત ક૦.

Arbitration,(આર્બિટ્રેશન્)*n.* The hearing & determination of an arbitration:પંચાયત; લવાદી;અમાની;નિર્ણય;મુનસફી.

Arbitrator,(આર્બિટ્રેટર્)*n.* An umpire:લવાદ; અમીન;પંચ;મધ્યસ્થ.3.One having the power of deciding without control:કોઇ પણ તરેહના અંકુશ-દાબ કે નિયમ વિના નિર્ણય કરવાની સત્તાવાળો.

Arbor, (આર્બર્) *n.* [L. *arbor*, a tree.] A bower:માંડવો; કુંજ; લતાગૃહ. 2.An axle of a wheel:પૈડાની ધરી.3.A tree as distinguished from a shrub:ઝાડ.

Arboreous,(આર્બોરિઅસ્)*a.* Pertainining to or growing on trees:વૃક્ષ સંબંધી;ઝાડ ઉપર થતું.

Arc, (આર્ક્) *n.*[L.*arcus*, a bow.]A segment of a circle:વર્તુલના પરીઘનો કોઇ પણ ભાગ.

Arcade,(આર્કેડ્) *n.* (*a*) A series of arches supported by columns: સ્તંભોના આધારે રાખેલી કમાનોની હાર.(*b*) A long arched building lined on each side with shops:મહેરાબદાર મકાનવાળો રસ્તો.

Arcanum (આર્કેનમ્)*n.* L *aroa*,a chest.] A mystery:ભેદ;મર્મ;રહસ્ય.2.A secret remedy: છુપો ઉપાય.

Arch,(આર્ચ્)*n.*[L.*arcus*,an arc.] Any part of a circle;arc:ગોળ વર્તુલના પરીઘનો કોઈપણ ભાગ. 2. A construction of blocks of wood disposed in the line of a curve:કમાન;મહેરાબ.3. Any curvature in the form of an arch:તોરણ, *vt.*To cover with an arch:કમાનદાર મહેરાબદાર ક૦. 2 To form into the shape of an arch: કમાન જેવું વાળવું-કરવું.*a* Cunning:પક્કું;ધૂર્ત;ખંધું. ચતુર.2.Playful:ટોળી;મસ્તીખોર;ટીખળી.

Arch (આર્ચ્)*a.* [Gr *archos*, chief.]Chief: મુખ્ય;પહેલા નંબરનું;શ્રેષ્ઠ;ઉત્તમ;મ્હોટું;શિરોમણી.

Archæology,(આર્કિઑલૉજિ)*n.*[*arche*, begin ning & *logos* discourse.] The science of antiquities:પુરાણવસ્તુશાસ્ત્ર;ઇતિહાસચિન્હ વિદ્યા.

Archangel,(આર્કેન્જેલ્)*n.* [Gr *archis*,chief.] A chief angel:મહાદૂત;વડો ફિરસ્તો;ઉત્તમ વર્ગનો દૂત.

Archbishop,(આર્ચબિશપ્)*n.*A chief bishop: વડો પાદરી;મુખ્ય ધર્માધ્યક્ષ.

Archdeacon,(આર્ચ્ડીકન્)*n.* A church dignity next in rank below a bishop: મુખ્ય ધર્માધ્યક્ષનો સહાયકારી.

Archer(આર્ચર)*n.* A bowman: તીર મારનાર; ધનુર્ધર;તિરંદાજ.

Archery (આર્ચેરિ)*n.* Skill or art of archers: તિરંદાજી ધનુર્વિદ્યા;તિરંદાજો સમસ્ત.

Archipelago,(આર્કિપેલૅગો)*n.* [Gr. *archis*, chief & *pelagos*, sea.] A sea abounding in small islands: ઘણા ટાપુવાળો દરિયો.

Architect,(આર્કિટેક્ટ્)*n.*[Gr *archis*,& *tekton* a worker]One skilled in the art of build ing:ઘર વગેરે બાંધવાની વિદ્યા જાણનાર;શિલ્પશાસ્ત્રી; શિલ્પી.2.A contriver:યોજના કરનાર–ઘડનાર.

Architecture,(આર્કિટેક્ટ્યૂર) *n.* The art of building:ઇમારતો બાંધવાનો હુન્નર;શિલ્પ.2.Structure;workmanship:બાંધણી;કારિગિરી;શિલ્પકામ.

Archives,(આર્કાઇવ્ઝ્)*n pl.* [Gr. *archis* & L. *traba*,a beam.] Place for public records: દફતર મુકવાની જગા;દફતરખાનું; છાજલી.2. Public papers; registers: દફતર.

Archness,(આર્ચ્નેસ્)*n.*Slyness: ધૂર્તપણું; દોગાઇ;લુચ્ચાઇ 2.Waggishness:મશ્કરી;ઠઠ્ઠાબાજી.

Archway,(આર્ચ્વે)*n.* A passage under an arch:કમાનની નીચેનો રસ્તો; મહેરાબનો રસ્તો.

Arctic,(આર્ક્ટિક્)*a.*[Gr *arktos*,a bear]Northern:ઉત્તરસંબંધી;ઉત્તર ધ્રુવનું A *circle*:ઉત્તરધ્રુવવૃત્ત.

Arcuate.ed,(આર્કયૂએટ્-ટેડ્)*a*[L,*arcus*, bow] Bent;curved:વાંકું;વળેલું;વક્ર;કમાનદાર;મહેરાબદાર.

Ardency,(આર્ડેન્સિ)*n.*Eagerness;ardor:આતુરતા;હોંશ;આવેશ;ઉત્સાહ;પાણી.

Ardent,(આર્ડેન્ટ્)*a.* [L *ardeo*, I burn.] Hot; burning:જવલંત;તલખ;ઉત્કટ;ઉનું;ગરમ.2 Fierce; having the appearance or quality of fire: લાલ;લાલચોળ;પ્રચંડ.3 Passionate;zealous:આવેશી;ઉત્સુક;હોંશી;ઉત્સાહી,આતુર; ઉત્કંઠિત; પ્રેમી.

Ardor, (આર્ડર્) *n.* Same as **Ardency**. 2. Heat in a literal sense: ગરમી;તાપ.

Arduous, (આર્ડયૂઅસ્)*a* [L *arduus*,steep.] Lofty:ઉચું;ઉન્નત.2 Difficult:કઠણ; મુશ્કેલ;અઘરૂં.

Are,(આર્)The *pl pret.indic.* of the verb, *to be*:છે-છુંનું બહુવચન;છીએ.*n.*The unit of surface in the French system of about 119 60 sq. yds: ૧૧૯. ૬૦ ચો. વા.નું એક ફ્રેન્ચ માપ.

Area, (એરીઆ) *n.* Any open surface:ખુલ્લી જમિન.2. (*a*) The inclosed space or site on which a building stands: ગભાણ;ઘરથાર. (*b*) A sunken space around the basement of a bulding:વાડો;આગણું; ઘરની આસપાસની છુટી જમિન.(*c*) Superficial contents: ક્ષેત્રફળ.

Areca, (એરીકે) *n.* A genus of palm: તાડની જાતનું ઝાડ. A. *nut*, betelnut: સોપારી.

Arefy,(એરીફાઇ)*vt.*[L.*areo*,to be dry & *facio*; I make.]To dry;to make dry:સુકવવું;કોરૂં ક૦.

Arena, (એરીને)*n.* [L.*areo*,I dry.] Sand:રેતી; પથરી 2 An open space of ground strewed with sand for combats: તાલીમખાનું; અખાડો; રંગભૂમિ;અગડ. 3. ભૂમિ;ક્ષેત્ર;રણસ્થળ.

Areometer,(એરીઑમીટર્)*n.*An instrnment for measuring specific gravity of liquids: પ્રવાહી પદાર્થનું વજન માપવાનું યંત્ર.

Argentine,(આર્જેન્ટાઇન્)*a.*Silvery:રૂપા જેવું;રૂપેરી *n* White metal coated with silver:રૂપાના ઢોળવાળી ધાતુ.

Argil,(આર્જિલ્)[L.*argilla*,white clay.]Clay; potter's earth:સ્વચ્છ મટોડી;ગારો;ચીકણીમાટી.

Argue,(આર્ગ્યૂ)*vi* [L. *arguo*,I argue](with) To dispute;to reason: વાદવિવાદ-વાદ તકરાર ક૦; તર્ક ક૦; વિવેચન ક૦. *vt.* To debate:તકરાર ક૦-લેવી-ચલાવવી; વાદવિવાદ ક૦. 2. To prove: કારણ બતાવવું; સિદ્ધ-સાબિત ક૦. 3. To persuade by reasons:-નુંમન વાળવું;કારણ બતાવી ખાતરી ક૦ 4. To refute:રદીઓ આપવો;તકરાર ક૦;વાદ ક૦.

Argument,(આર્ગ્યૂમેન્ટ્)*n.* A proof;a plea:દલીલ;પ્રમાણ;યુક્તિ;ન્યાય;તકરાર 2. Controversy: વાદવિવાદ;વાદાનુવાદ;વિવાદ;તકરાર 3.An Abstract of a discourse or writing:ઉપોદ્ઘાત;વિષય;સાર.

Argumentation,(આર્ગ્યૂમેન્ટેશન્)*a.* Reasoning;discussion: વાદવિવાદ;બોલાચાલી;નિરૂપણ.

Argumentative,(આર્ગ્યૂમેન્ટેટિવ્)*a.*Containing argument: પ્રમાણ-દલીલ ભરેલું; તાર્કિક. 2. Fond of arguing:તકરારી;દલીલબાજ;તર્કબાજ.

Arid(એરિડ)*a.*-[L'*areo*,I dry.]Parched;dried: કોરડું;સુકું;કોરૂં;શુષ્ક. A. *soil*: મરૂભૂમિ;મરૂસ્થળી.

Aridity-ness, (એરિડિટિ-એરિડ્નેસ્) *n.* Dryness:સુકાપણું;શુષ્કતા.

Aries, (એરીઝ્)*n.*[L.*aries*, a ram.]The ram; the first of twelve signs in the zodiac: મેષ;બાર રાશીમાંની પહેલી મેષરાશી.

Aright,(અરાઇટ્)*adv.*Rightly: ઠીક; ખરૂં;યુક્ત.

Arise, (અરાઇઝ્) *vi.* To come above the horizon:ઉદય થવો;ઉગવું.(*a*)To come up from one's bed or place of repose; ઉઠવું;ઉભા થવું. (*c*)To ascend:ચઢવું; ઉંચે જવું.2. (*a*) To come into action:થવું;ઉઠવું;ઉદ્ભવવું;ઉત્પન્ન થવું (*b*)To become visible, operative or sensible: જણાવું;દેખાવું;પ્રકટ થવું;સજીવન;સતેજ થવું.

Aristocracy, (એરિસ્ટૉક્રસિ) *n.* [Gr. *aristos*, best & *cratos*, strength.] A form of government in which the nobility have the supreme power:અમીરોનં રાજ્ય; કુલીન જનમસત્તાક રાજ્ય.2.The nobility:અમીર;ઉમરાવ;સરદાર.

Aristocrat, (એરિસ્ટૉક્રેટ્) *n.* One in favor of aristocracy:અમીરી હકુમતની તરફેણ કરનાર;અમીરના રાજ્યને ચહાનાર.2.A proud man:મગરૂર માણસ

Aristocratic-cal, (એરિસ્ટૉટિક્-કલ્) *a.* Pertaining to aristocracy: અમીરી રાજ્યને લગતું. 2. ઉમરાવોને ઘટતું-છાજતું;કુલીન.

Arithmetic, (એરિથ્મેટિક્)*n.* [Gr. *arithmos*, number.] The science of numbers:અંકગણિત; અંકવિદ્યા; વ્યક્તગણિત.

Arithmetician, (એરિથ્મેટિશિઅન્) *n.* One skilled in arithmetic:ગણિતવેત્તા; ગણક.

Ark, (આર્ક્)*n.* [L. *arceo*,I enclose.] Noah's vessel during the deluge: જળપ્રલય સમયની નોહાની નોકાહોડી 3.A large boat:મોટી હોડી.

Arm,(આર્મ્) *n.* [L. *armus*, shoulder.] The limb of the human body extending from the shoulder to the hand:હાથ;ભુજ;બાહુ;ભુજ; દંડ.2.(*a*)Any thing resembling an arm:દાંડો;હાથ. (*b*) The branch of a tree:ઝાડની ડાળી; શાખા.(*c*)An inlet of water from the sea:સમુદ્રનો ફાંટો;ખાડી.3 Power; might:બળ; જોર;શક્તિ;સામર્થ્ય.*vt.*To furnish with arms: હથિયાર બંધ ક૦.શસ્ત્ર સજાવવાં.2.To prepare for resistance:હિમ્મત લાવવી; તૈયાર-સજ્જ ક૦.*vi.*To put on arms:શસ્ત્ર સજવાં;હથિઆરબંધ થવું.

Armada-o,(આર્મેડૉ)*n.*[L.*arma*,armour.] A squadron; લડાઈના વહાણનો કાફલો; અરમાર.

Armament,(આર્મમેન્ટ્)*n.*[L. *arma*,arms.] A land or naval force equipped for war: લડાઇ માટે તૈયાર કરેલો કાફલો-ફોજ.2.Ship's guns and munitions:વહાણમાંની તોપ તથા બીજી યુદ્ધસામગ્રી હોય તે સર્વ યુદ્ધસામગ્રી.

Armet,(આર્મેટ્)*n.* A helmet:ટોપી; શિરસ્ત્રાણ.

Armful, (આર્મ્ફુલ્) *a.* As much as the arm can hold: બાથમાં માય તેટલું.

Armhole, (આર્મ્હોલ્) *n.* A cavity under the shoulder:બગલ;કાખ.2. બાંહ.

Armipotent, (આર્મિપૉટેન્ટ્)*a.* Powerful in arms:બળવાન;શૂરવીર.[તહકુબી;યુદ્ધવિશ્રાંતિ;સંધિ.

Armistice,(આર્મિસ્ટિસ્) *n.* A truce: લડાઇની

Armlet,(અર્મ્લેટ્)*n* A small arm of the sea: સમુદ્રનો નાનો ફાંટો; ઉપશાખા.2. An ornament for the arm:કડું;બાજુબંધ;પહોંચી;બંગડી;ઘુઘરી.

Armor--Armour, (આર્મર્) *n.* Defensive arms:બખ્તર;કવચ.2.The steel or iron covering of ships of war:મનવારોના ઉપર ચઢાવેલું-જડેલું પોલાદ કે લોઢાનું પડ.

Armorial, (આર્મોરિઅલ્) *n.* Belonging to armor, or to a family escutcheon: બખ્તરને લગતું;ખાનદાનની નિશાનીવાળું.

Armory,(આર્મરિ) *n.* A repository of arms & weapons:શસ્ત્રાગાર;શિલેખાનું.2. Weapons:હથિઆર;શસ્ત્ર;શસ્ત્રસમૂહ.3.શસ્ત્ર બનાવવાની જગ્યા.

Armpit,(આર્મ્પિટ્) *n.* Armhole:બગલ;કાખ.

Arms, (આર્મ્ઝ્)*n. pl.*Weapons of offence or defence:શસ્ત્ર;હથિયાર.2. Exploits of war:યુદ્ધ પરાક્રમ.3. Escucheon of a family:ખાનદાનની નિશાની.*To be in* **a.**:દુશ્મનાવટ હોવી.*To be under* **a.**:લડાઇ માટે તૈયાર થઈ રહેવું. *To take* **a.** ક:શસ્ત્ર સજવાં.

Army, (આર્મિ) *n.* A collection of men armed for war:લશ્કર;ફોજ;સૈન્ય;દળ.2.A great number: ટોળું;જથો;સમૂહ;સમુદાય.

Aroma,(ઍરોમ) [L.] Strong perfume: સુગંધ; ખુશબો;સુવાસ;પરિમળ; મહેક.

Aromatic--cal,(ઍરૉમૅટિક્ કલ) *a.* Fragrant; spicy:સુવાસિત;સુગંધીદાર;ખુશબોદાર;મશાલાદાર.

Aromatic,(ઍરૉમૅટિક્) *n.* A fragrant plant, or medicine:ખુશબોદાર વનસ્પતિ-દવા;સુગંધિદ્રવ્ય.

Around,(ઍરાઉન્ડ્)*prep.* About; on all sides of:આસપાસ; ચોતરફ;ફરતું; એક બાગથી બીજે બાગ. *adv.* In a circle:ગોળ ફરતું; ચક્કરમાં.

Arouse. (ઍરાઉઝ્) *vt.* To rouse; to stir up: જાગૃત ક૦; જગાડવું; ઉશ્કેરવું. [gun:નાની બંદૂક.

Arquebus, (આર્ક્વૅબસ્) *n.* A sort of hand-

Arraign, (ઍરૅન્)*vt.* [L*ad* & *ratio*,reason.] To call to answer at the bar of a court: તોહોમતનો જવાબ આપવા કચેરીમાં બોલાવવો 2.To impeach:ગાધો ઉઠાવવો;હરકત લેવી;દોષ દેવો.

Araignment, (ઍરન્મેન્ટ્) *n.* Charge; accusation:તોહોમત;દેષારોપ.

Arrange,(ઍરૅન્જ્)*vt.*To put in proper order રચવું;ગોઠવવું.2.To prepare;to determine:બંદોબસ્ત-વ્યવસ્થા ક૦; નક્કી ક૦;ગોઠવણ ક૦;પતવવું.

Arrangement, (ઍરૅન્જમેન્ટ્) *n.* Disposition:રચના;ગોઠવણ 2 Regular classification: અનુક્રમ;ક્રમ;વર્ગ.3 Preparatory measure:ગોઠવણ;સગવડ; વ્યવસ્થા; બંદોબસ્ત.4. Settlement; judgment by agreement: સમાધાન;સમજુત; તોડ;ફડચો;નિકાલ;ચૂકાદો;નિવેડો; પતવણી.

Arrant, (ઍરૅન્ટ્)*a.*[L.*erro*,I wander.]Notorious (in an ill sense) સોદો; પક્કો; પુરો.

Array, (ઍરૅ) *n.* (*a*) Order; disposition in regular lines:ગોઠવણી;નિયમ;રચના.(*b*)A posture for fighting:યુદ્ધરચના; વ્યૂહ; સૈન્યરચના.2. An orderly collection: ગોઠવેલું ટોળું; સમૂહ; યૂથ.3.Dress;raiment:પોષાક; આભરણ.4. The panel:જ્યુરીમાં આવેલાઓની ટીપ-અર્થાત્ જ્યુરી સભાસદ.*vt.* To place or dispose in order: ગોઠવવું;હારબંધ ઉભુ ક૦.2.To dress:વસ્ત્રો સજવાં-થી શણગારવું;દેખાવડું ક૦ 3.To set a jury in order for the trial of a cause:મુકદ્દમાની તપાસ માટે જ્યુરીના માણસોને ક્રમવાર ગોઠવવાં-બોલાવવાં.

Arrear,(ઍરીર્)*n.*[L *ad* & *retro*,backward.] That which is unpaid though due: ચઢેલું કામ;દેવું;બાકી.**A.** s *of pay*: ચઢેલો પગાર.

Arrearage,(ઍરીરૅજ્)*n.*Arrears:ચઢેલા પૈસા.

Arrest, (ઍરેસ્ટ્) *vt.* [L *ad* & *resto*,I stand back.] To stop: અટકાવવું; હરકત ક૦; રોકવું; 2. To seize;to take:પકડવું;કેદ ક૦.3.To engage; to catch:ખેંચવું;દોરવું; ગુંથવું:*n.* Hinderance; check:અટકાવ;નિરોધ;પ્રતિરોધ.2.The apprehending of a person:પકડવું તે;કેદ;બંધન.

Arrival, (ઍરાઈવૅલ) *n.* Act of coming:આગમન;આવી પહોંચવું તે.2.Person or thing arriving:આવેલો શખ્સ-ચીજ.3. Attainment:પ્રાપ્તિ.

Arrive,(ઍરાઇવ્)*vi* [L *ad* & *ripa*,the bank.] To come to;to reach:આવી પહોંચવું;દાખલ થવું; આવવું.2.To attain:પ્રાપ્ત ક૦; મેળવવું;લાવવું.

Arrogance,(ઍરૉગૅન્સ્)*n.* Presumption;haughtiness:જાહેરડોળ-ઠાઠ,અભિમાન;ગર્વ; અહંકાર.

Arrogant(ઍરૉગૅન્ટ્)*a.*Lordly;assuming;haughty:ગર્વિષ્ઠ;અહંકારી; મગરૂબ;ઉદ્ધત; ડોળી;માની.

Arrogate(ઍરૉગૅટ્)*vt* [L*ad* & *rogo*,I ask.] To make undue claims: ગેરવાજબી હક ક૦; ખોટો સપકો મારવો;અહંકાર ક૦;ડોળ ઘાલવો.

Arrow,(ઍરૉ)*n* A straight,pointed weapon to be shot with a bow:બાણ;તીર;શર.

Arrow-root (ઍરૉરૂટ્) *n.* A kind of plant: એક જાતનો છોડ.2. A nutritive starch:પૌષ્ટિક કાંજી; ખેળ; આર; આરારૂટ.

Arsenal, (આર્સેનલ્)*n.* A public establishment for the manufacture & storage of military arms & equipments:તોપખાનું;દારૂખાનું;આયુધાગાર;શસ્ત્રગૃહ.

Arsenic, (આર્સેનિક્)*n.* [Gr.*arsen*,male.] A strong virulent mineral poison:સોમલ.

Arson, (આર્સાન્)*n.* [L. *ardeo*,I burn.] The malicious firing of a house &c: દ્વેષભાવથી કોઈના ઘરને આગ લગાડવી તે.

Art,(આર્ટ્)The 2nd.pers.indic pres.tence of the verb *to be*:to be ક્રિયાપદના વર્તમાન કાળનું દ્વિતીય પુરૂષ એક વચનનું રૂપ;છું;છે.*n.*[L.*ars*,*artis*, an art.]A system of rules for performing action: શાસ્ત્ર;કળા;વિદ્યા. 2. Skill: dexterity; craft:કળા;હુન્નર,કિસબ;કરામત;ઇલમ. 3. Cunning;artifice: કાવાદાવા;પેચ;માયા;ચાતુરી;હિકમત; કપટ;કાવતરૂ.

Artery,આર્ટરિ)*n.* [Gr.*aer*,air & *tereo*,I contain.] A tube that conveys blood to all parts of the body:ધોરીનસ;ધમની;રક્તવાહિની.

Artful,(આર્ટ્ફુલ્)*a.*Made,or characterized by art or skill:કળા,હુન્નરથીકરેલું-વાળું;કૃત્રિમ;હસ્તકૃત. 2.Using or exhibiting skill:કુશળ;નિપુણ;ચતુર 3.Crafty;cunning:કપટી;દગાખોર;પેચી;કારસ્થાની.

Article, (આર્ટિકલ્)*n.* [L.*artus*,a joint].(*a*) A distinct portion of a writing: ચોપાનિયા અગર વર્તમાનપત્રનોનિબંધ.(*b*)Stipulation;condition:સરત;કરાર;કલમ.(*c*)An item of an account રકમ.(*d*)One of a set of regulations: પ્રકરણ; બાબ;ભાગ.2 A distinct part:પૃથક્-નોખો-ભિન્ન ભાગ;વિષય. 3. A particular one of various things:જણસ;વસ્તુ;ચીજ;દ્રવ્ય *vt.*To draw up in articles:કલમબંધી ક૦;ભાગવિભાગ-કલમ પાડીને લખવું.2.To bind by terms:શરત-કરાર કરી રાખવું. *vi.*To bargain; to stipulate:શરત ક૦;સાટુ ક૦.

Articular,(આર્ટિક્યુલર્)*a.*[L *artus*,a joint.] Belonging to joints:શરીરના સાંધા સંબંધી.

Articulate, (આર્ટિક્યુલેટ્) *a.* Formed with joints:જોડેલું;સાંધાથી બનેલું 2.Clear (sound): સાફ;ખુલ્લું; સ્પષ્ટ; સ્ફુટ.*vi.* To utter distinctly: સ્પષ્ટ ઉચ્ચાર ક૦.*vt* To unite:સાંધવું;જોડવું.2. To utter distinctly:સ્પષ્ટ બોલવું.

Articulation,(આર્ટિક્યુલેશન્)*n.*The joining of bones;a joint:હાડકાંને જોડવાં તે;સાંધો.2. (*a*) One of the nodes or joints,as in cane or maize:મકાઈ અગર નેતરમાં હોય છે તેવા ગાંઠા,ગરોડા પૈકીનો એક.3.One of the parts intercepted between the jonts:ગાંઠાઓનીવચ્ચેનો ભાગ;પેરી. 3.Distinct utterance:સ્પષ્ટ ઉચ્ચાર;ઉચ્ચારણ.

Artifice,(આર્ટિફિસ્)*n.* Artful device:યુક્તિ;ઉપાય;હિકમત.2 Stratagem:કપટ;છળપ્રપંચ;પેચ.

Artificer, (આર્ટિફિસર્) *n.* An artist; a mechanic:કારિગર;કિસબી.2. Inventor: નવું શોધી કહાડનાર.

Artifiicial, (આર્ટિફિશિઅલ્)*a.* Made by art; not natural:હાથનું બનાવેલું;હુન્નરી; કૃત્રિમ;હસ્તકૃત.2.Fictitious:ખોટું;બનાવટી;જુઠું.

Artillerist,(આર્ટિલરિસ્ટ્)*n.*A person managing the artillery:તોપખાનાનો કારભારી-વ્યવસ્થાપક-નિયામક;ગોલંદાજ.

Artillery, (આર્ટિલરિ) *n.* Offensive weapons of war:યુદ્ધનાં અસ્ત્રો;મારકશસ્ત્ર. 2.Canon;great guns:મ્હોટી તોપ;સરસામાન સહિતની મ્હોટી તોપો. 3.Persons who manage cannon,mortars, etc:તોપખાનાનાં માણસો ગોલંદાજ વિ.

Artisan,(આર્ટિઝન્)*n.*A mechanic;one trainel to manual dexterity:હુન્નરી;કારિગર.

Artist,(આર્ટિસ્ટ્)*n.*Apersonwho practises one of the fine arts:કિસબી;શિલ્પી;ચિતારો;કોતરનાર.

Artless,(આર્ટ્લેસ્)*a.*Wanting art:અણઘડ;બીન કિસબી.2.Simple: ભોળું;સરળ.3. Inartificial: અકૃત્રિમ.

Artlessness,(આર્ટ્લેસ્નેસ્)*n.*Simplicity;sincerity:સરળ સ્વભાવ;ભોળાપણું;સરળતા;આર્જવ.

As, (ઍઝ્)*conj.*Like;similar to:જેવું;જેમ;જે પ્રમાણે;બરાબર;સરખું.2 While:જ્યારે-ત્યારે;જેવું;તેવું. 3.Because; તેથી;કેમકે;માટે.4.Thus:દાખલા તરીકે.

Asafetida, Asafœtida, (ઍસફીટિડ) *n.* [L. *Fatidus*,fetid.]A fetid inspissated sap of a plant:હિંગ.

Ascend, (ઍસ્સેન્ડ્)*vi.*To go up:ચઢવું;ઉંચે જવું.2. To rise(in a figurative sense):ઉદય થવો;ચઢવું; ઉગવું.*vt.*To climb: ઉપર જવું-ચઢવું.

Ascendant, (ઍસ્સેન્ડેન્ટ્)*a.*Superior; predominant:પ્રબળ;ચઢતું;ઉચું; ઉત્તમ. 2. Above the horizon:ક્ષિતિજની ઉપર ગયેલ.*n.* Superiority: ઉપરીપણું;પ્રાધાન્ય.2.Progenitor:પૂર્વજ;વડીલ.

Ascendency,(ઍસ્સેન્ડેન્સિ)*n.*Power;sway:અધિકાર;સત્તા;પ્રભુત્વ;પ્રાબલ્ય;ઉપરીપણું.

Ascension,(ઍસ્સેન્શન્)*n.*The act of ascending:ચઢવું તે; આરોહણ; ઉદય; ગમન, *Right* a.: વિષુવાંશ.*Obligue* a.:લગ્ન.

Ascent,(ઍસ્સેન્ટ્)*n* Rise:ચઢવું તે;આરોહણ;ઉદય. 2.Way for rising;the means of ascending: ચઢવાનો રસ્તો-ઉપાય-સાધન.3 A hill:ટેકરી;ઉંચાણ. 4. Inclination:ચઢાવ;ચઢણ.

Ascertain, (ઍસ્સર્ટેન્) *vt.* [L. *certus*, certain.] To make sure or certain of: ચોકસ નક્કી-મુકરર ક૦;ખાતરી-નિર્ણય ક૦.

Ascertainment,(ઍસ્સર્ટેન્મેન્ટ્)*n.* Certainty; fixed rule:નિશ્ચય;ખાતરી;ખાતરજમા;નિરૂપણ.

Ascetic,(ઍસ્સેટિક્)*n.*[Gr.*askeo*, I exercise.] Recluse; hermit: તપસ્વી; જોગી; યતિ; મુનિ. *a.* Austere:તપનું;તીવ્ર;ઉગ્રતપોનિષ્ઠ.

Ascribable,(ઍસ્ક્રાઇબેબલ્)*a* Capable of being attributed:લગાડવા જોગ;ઠરાવવા જોગ.

Ascribe,(ઍસ્ક્રાઇબ્)*vt* [L *ad* & *scribo*,I write.] To charge with;to impute;to refer:લગાડવું; ઠરાવવું;આરોપ ચઢાવવો; કારણ છે એમ માનવું-કહેવું.

Ash, (ઍશ્)*n*.A large hardy tree:આશ નામનું ઝાડ.2 The wood of ash:આશનું લાકડું.

Ashamed, (ઍશેમ્ડ્)*a* Affected by shame: લજવાયલું;લજ્જિત;શરમાયલું;શરમિંદુ.

Ashes, (ઍશેઝ્) *n. pl.* Dust or loose earthly particles produced by combustion:રાખોડી; ભસ્મ; રાખ. 2. Remains of a dead body: ચિતા;ભસ્મ;છાર.3.Dead body: શબ;લાશ;મુડદુ.

Ashore, (ઍશોર્) *adv*. On or to shore:કિનારે કિનારા તરફ-ઉપર.2.On land (as opposed to **aboard**):જમિન-ધરતી ઉપર.

Ashy, (ઍશિ)*a*. Composed of or filled with ashes: રાખનું; ભસ્મનું. 2. Ash-colored: ઝાંખું; ખાખી રંગનું.

Asiatic, (ઍશિઍટિક્)*a*. Belonging to Asia: એશિઆ ખંડ સંબંધી.*n*. A native of Asia:એશિઆનો રહીશ-વતની.

Aside, (ઍસાઈડ્) *adv*.On one side;apart;એક કોરે;એક તરફ;એકાંતે.*To set* a,to annul:નામંજુર-રદ ક૦ A.*to oneself*:સ્વગત;મનમાં.

Asinine,(ઍસિનાઇન)*a*.Belonging to or having the qualities of an ass:હઠીલું;બેવકુફ.

Ask, (ઍસ્ક્) *vt*.To request;to solicit:અરજી-વિનંતિ ક૦;યાચવું;માગવું. 2.To demand;to expect(*price*):માગવું;કહેવું;લેવું.3 To inquire of: પ્રશ્ન-સવાલ ક૦;પૂછવું.(*for*) To request:માગવું; અરજ ક૦.2.(*after*)To inquire:પૂછવું;તપાસ ક૦.

Askance,(ઍસ્કૅન્સ્) } *adv*. Sideways; obliquely:તિરછું;આડું;વાંકું;
Askant,(ઍસ્કૅન્ટ) } આડું અવળું.*To look* a.:બાડી નજરે જોવું.

Askew, (ઍસ્ક્યૂ) *adv*. Askant:આડું;વાંકું.

Asleep, (ઍસ્લીપ્) *adv*. or *a*. Sleeping; at rest:સુતેલું;નિદ્રાવશ;ઉંઘતું 2.Dead:મુએલ;મૃત.

Asp, (ઍસ્પ્) *n*. [L.& Gr.*aspis*, a serpent.] A small poisonous serpent:એકજાતનોઝેરીસર્પ.

Aspect,(ઍસ્પેક્ટ્)*n*.[L.*specio*,I look.]. Look; countenance;mien:રૂપ; ચહેરો;ડોળ;શિકલ;મુદ્રા; સુરત;વદન;મ્હોડું.2.Appearance: view: દેખાવ; ડોળ;રૂપ;આકાર.3.Situation; position: સ્થિતિ; અભિમુખતા.4. The situation of one planet with respect to another:દશા; દર્શન;દૃષ્ટિ.

Asperity, (ઍસ્પેરિટિ)*n*. [L *asper*, rough.] Unevenness:વિષમતા;ખડબચડાપણું.2.Harshness of sound;raucity:કઠોર અવાજ;ખોખરાપણું. 3 Sourness;acrimony:તિખાસ;કરડાપણું;ખટાશ; ખટાઈ.4.Moroseness;કરડો સ્વભાવ; આકરાપણું; તોછડાઇ.5.Sharpness;તીક્ષ્ણતા;તીવ્રતા.

Asperse, (ઍસ્પર્સ્)*vt*.[L.*spargo*, I scatter.] To calumniate:બદનામ ક૦;એબ-બટ્ટો લગાડવો.

Aspersion, (ઍસ્પર્શન્)*n*.A sprinkling: છાંટવું તે;સિંચન.2 Censure;defamation;calumny; ચાડી;બટ્ટો;એબ;નિંદા;અપવાદ;આળ;કલંક.

Asphalt-tum,(ઍસ્ફૅલ્ટ્-ટમ્)*n*. [Gr.*a*, priv.& *sphalto*, I slip.] Mineral pitch: એક જાતનો ડામર. *vt*.To cover with a. ડામર લગાડવો.

Aspirant,(ઍસ્પીરૅન્ટ્)*a*.Aspiring;ambitious: ઇચ્છા રાખનાર.*n*. One who aspires,pants, or seeks with eagerness.ઇચ્છુ;આકાંક્ષી; અભિલાષી.

Aspirate,(ઍસ્પિરેટ્)*vt*.[L *spiro*,I breathe.] To pronounce with an audible breathing: મહાપ્રાણી ઉચ્ચાર ક૦. *n*. Mark of aspiration: જોરથી ઉચ્ચાર કરવા માટે મુકેલીનિશાની.2.A sound, pronounced by the breath alone:મહાપ્રાણી,

Aspiration,(ઍસ્પિરેશન્) *n*. Pronunciation with a full breath:મહપ્રાણીઉચ્ચાર.2. Ardent desire; eager pursuit: મહત્વેચ્છા; ઉમેદ; સ્પૃહા; આકાંક્ષા;અભિલાષા.*High* a.:મહાકાંક્ષા.

Aspire,(ઍસ્પાઇર્)*vi*.To long; to pant:ઇચ્છા-ઉમેદ રાખવી;લોભાવું;સ્પૃહા-આકાંક્ષા રાખવી. 2. To rise; to soar:ઉંચે ચઢવું;મોટીઆશા રાખવી.

Aspiring, (ઍસ્પાઇરિન્ગ્)*p.a* Ambitious:લોભી; ઉમેદ રાખનાર;કીર્તિલોભી;મહત્વેચ્છુ.

Ass, (ઍસ્) *n*. [L. *asinus*, an ass.] A well-known quadruped animal: ગધેડો;ખર.2. A dull,stupid fellow:.મૂર્ખ;બેવકુફ;ઠોઠ.

Assail,(ઍસ્સેલ્) *vt*. [L.*salio*, I leap;] To attack;to assault:હુમલો ક૦;ઉપર તુટી પડવું.2.તકરાર લઇ-ગાળ દઈ લઢવું;દોષારોપ ક૦;સામા થવું.

Assassin,(ઍસ્સૅસિસન્) *n*. One who kills by surprise:ગુપ્તઘાતી;ખુની;મારો; ઘાતક;પ્રાણહારક.

Assassinate, (ઍસ્સેસિસ્નેટ્) *vt*. To murder by sudden violence:ખુન-કતલ ક૦; છુપી રીત્યે-દગાથી મારી નાંખવું.2.To waylay:સંતાઇનેલુંટી લેવું.

Assassination,(ઍસ્સેસિસ્નેશન્)*n*.A murder ing by secret assault:કતલ;ખુન;વધ.

Assault, (ઍસ્સોલ્ટ્) *vt*. [L. *ad* & *saltus*, a leap.]Same as **Assail.***n*.A violent attack: હુમલો;ચઢાઈ;હલ્લો.

Assay, (ઍસ્સે) *n*. [L. *ex* & *ago*, I drive.] Determination of the quantity of gold or silver in coin:શિક્કામાં સોના અગર રૂપાના પ્રમાણનો નિશ્ચય.2.Examination:કસોટી; પરીક્ષા;તપાસણી; પારખ. *vt*. To try; to ascertain the purity of a metal:ધાતુની કસોટી કાઢવી; ટચ કહાડવો;કસ કાઢવો;કસી જોવું.2.To apply; to try: વાપરવું; કામે લગાડવું; અજમાવી જોવું. *vi*. To attempt;to try:યત્ન-કોશીશ ક૦;પ્રયત્ન-પ્રયાસ ક૦.

Assayer,(ઍસ્સેઅર્)*n*. One who assays:સોના રૂપાની કસોટી કાઢનાર; ચોકશી.

Assemblage, (ઍસ્સેમ્બ્લૅજ્)*n.* A collection of individuals or things:ટોળું;મંડળી;જમાત; સંચય;સમૂહ;સમુદાય;ઓઘ;જથો;ઢગલો.
Assemble, (ઍસ્સેમ્બલ્)*vt.* [L. *ad* & *simul*, together.]To collect into one;to convene: એકઠું જમાવ-ભેગું ક૦;સભા મેળવવી.*vi.*To come or meet together:એકઠું-ભેગું થવું;એકઠેકાણે મળવું.
Assembly(ઍસ્સેમ્બ્લિ)*n.*A convocation;meeting:સભા;મિજલસ;મંડળી;સમાજ;સમૂહ;સમુદાય.
Assent, (ઍસ્સેન્ટ્)*n.*[L *ad* & *sentio*,I feel.] Consent;agreement:સમ્મતિ;કબૂલાત;હકાર;અનુમતિ;અંગીકાર;સ્વીકાર. *vt.*To agree;to concur: માન્ય-કબૂલ ક૦;સ્વીકારવું;સંમતિ આપવી.
Assert, (ઍસ્સર્ટ્)*vt.*[L *ad* & *sero*,I join.]To aver:પ્રતિજ્ઞાથી કહેવું-બોલવું-નિશ્ચયપૂર્વક કહેવું.2.To vindicate: સિદ્ધ ક૦; સ્થાપવું; પ્રતિપાદન ક૦.
Assertion, (ઍસ્સર્શન્) *n.* Averment; affirmation: પ્રતિજ્ઞા; ઈકરાર; વચન; પૂર્વપક્ષ. 2. Maintenance;vindication:સ્થાપન; પ્રતિપાદન.
Assess,(ઍસ્સેસ્) *vt.* [L. *ad* & *sedeo*, I sit.] To set or fix taxes:કર બેસાડવો-નાંખવો. 2 To fix the value of:કર નાંખવા માટે કિમ્મત આંકવી-ઠરાવવી-નક્કી ક૦;જબાબંધી ક૦.3.To determine; to fix;to estimate:ઠરાવવું; નક્કી ક૦.
Assessment,(ઍસ્સેસ્મેન્ટ્)*n.* Act of assessing:કરનિર્ધારણ;કર;વેરો;છાપો:આંકણી. 2.A valuation of property or profits:જમાબંધી; મિલ્કતની કે નફાની આંકણી.
Assessor,(ઍસ્સેસર્)*n.*An adviser:મસલત-મદદ કરનાર;સભાસદ;આસેસર.2. One appointed to assess:કર બેસાડનાર;કિંમત ઠરાવનાર;જમાબંધીકરનાર.
Assets, (ઍસ્સેટસ્)*n. pl.* [L.*ad* & *satis*, enough.] Property sufficient for the discharge of all legal claims: દાવા ચુકવવા સારૂ પુરતી મિલ્કત. 2. The entire property of all sorts: પુંજી;માલમતા;મિલ્કત;તારણ.
Asseverate,(ઍસ્સેવરેટ્)*vt.*[L *ad* & *severus*, severe.]To aver or affirm positively: પ્રતિજ્ઞા ક૦.;પ્રતિજ્ઞા-સોગનપૂર્વક કહેવું;ખચિત બોલવું-કહેવું.
Assiduity, (ઍસ્સિડચૂઇટિ) *n.*[L. *ad* & *sedeo*, I sit.] Diligence;close application: ઉદ્યોગ; ખંત;મહેનત;પરાયણતા.
Assiduous, (ઍસ્સિડચૂસ્) *a* Devoted; attentive:મહેનતું;ખંતીલું;પરિશ્રમી;મંડયા રહેનાર;ઉદ્યોગી;પરાયણ;તત્પર;ઉદ્યમી.
Assign,(ઍસ્સાઇન્)*vt.*[L *ad* & *signo*,I mark.] To allot; to apportion: વહેંચી-ભાગ પાડી નીમી આપવું;મુકરર ક૦;ઠરાવવું 3.To allege;to ascribe: કહી બતાવવું-દેખાડવું;અ પવું.4.(*Law*)To transfer or make over to another:બીજાને સોંપવું-હવાલે-સ્વાધીન ક૦.5.To appoint:નીમવું;ઠરાવવું.
Assignee,(ઍસ્સાઇની) *n.* A person to whom an assignment is made:જેને મિલ્કત સોંપી હોય તે;મુખત્યાર;પ્રતિનિધિ.
Assignment,(ઍસ્સાઇન્મેન્ટ્)*n.* An allotting: ઠરાવી આપવું-વહેંચવું તે;નિર્દેશ;નિરૂપણ.3.A writ of transfer:જાગીર-મિલ્કતનો હક સોંપવાનો લેખ.
Assimilate,(ઍસ્સિમિલેટ્)*vt.* [L *ad* & *similis*, like.] To cause to resemble:સરખું-જેવું-સદૃશ ક૦.2.To convert into a like substance:સમધર્મક-સમપદાર્થક ક૦;પચવવું. *vi.* To become similar:સરખું થવું;પચવું;પાચન થવું.
Assimilation, (ઍસ્સિમિલેશન્) *n.* The act of bringing to a resemblance; a state of resemblance: સરખું કરવું તે; સમીકરણ; સમતા; સામ્ય;ઐકય;સરખાપણું;સદૃશીકરણ. ૨. પાચન.
Assist,(ઍસ્સિસ્ટ)*vt.* & *vi.* [L. *ad* & *sisto*,I stand]To help;to succor:મદદ;સહાય આપવી.
Assistance, (ઍસ્સિસ્ટન્સ્) *n.* Aid; support; succor:સહાય; કુમક; મદદ; સહાયતા.
Assistant,(ઍસ્સિસ્ટન્ટ્)*a.* Helping;auxiliary:મદદગાર; સહાયકારક કારી.*n.* Supporter; an auxiliary:મદદનીશ;મદદગાર;સાહાય્યકર્તા.
Assize (ઍસ્સાઇઝ્)*n.* [L. *ad* & *sedeo*,I sit.] An assembly of knights & other substantial men: નાઈટો તથા બીજા મોભાદાર માણસોની એક સભા-મંડળી.2.(*a*)A special kind of jury or inquest:એક ખાસ પ્રકારની જ્યુરી અથવા તપાસ. (*b*) A statute in general:કાયદો;કાનુન. 3. The periodical sessions of the Judges of the superior courts in England: ઇંગ્લાંડમાં વડી અદાલતની સેશન;સેશન;ન્યાયસભા. (used in *pl.*) 4. Measure; dimension:માપ:વિસ્તાર.5. Market rate: બજારભાવ-દર: નિરખ. *vt.* To fix weights, prices, etc:કાયદાથી તોલ ભાવ વીગેરે ઠરાવવું.2 To assess,as taxes:મુકરર ક૦;કરનો દર ઠરાવવો.
Associable, (ઍસ્સૉશિઍબલ્) *a.* Capable of being joined:સંસર્ગ-સમાગમ કરવા યોગ્ય-લાયક. 2. Sociable: મળતાવડું;મિલનસાર.
Associate(ઍસ્સૉશિઍટ્)*vt.* [*L.ad* & *socio*, I join.] Tb join in company: સામેલ ક૦;સાથે લેવું;મળી જવું;સંગત-સોબતમાં લાવવું.2.To unite: મેળવવું;એકત્ર-સંમેલન ક૦.*vi.*To keep company: સામેલ થવું;મળી જવું;સંગત-સંસર્ગ-સમાગમમાં આવવું. *a.* Joined with: જોડાએલું; સામેલ; સંયુક્ત; અનુષંગી. *n.* A companion; a mate: સોબતી; સાથી;મિત્ર.2 A partner:ભાગીદાર;મળતીયો.
Association, (ઍસ્સૉસિઍશન્) *n.* Union; connection:સંબંધ;સંસર્ગ;સંગ;સમાગમ;સોબત. 2 A society:સભા;સમાજ; પંક્તિ; મંડળી.
Assort, (ઍસ્સૉર્ટ)*vt.*[L. *sors,sortis*,a lot.]To classify; to arrange: વર્ગવાર ગોઠવવું; વર્ગ-જથો ક૦-પાડવો;ક્રમવાર ગોઠવવું. 2. To furnish with

all sorts:દરેક જાત પુરી પાડવી.*vi.* To agree;to suit:માફક-મળવું-આવવું;બંધબેસતુ થવું;અનુકુળ પડવું.

Assortment, (ઍસ્સોર્ટ્મેન્ટ્) *n.* Act of distributing into sorts:વર્ગીકરણ; પૃથક્કરણ; રચના;સમૂહ. 2,A variety or kinds.જૂદી જૂદી જાત-પ્રકાર;ભાતભાત.

Assuage,(ઍસ્સ્વૅજ્)*vt.* [L *suavis*,sweet.]To calm:to soften:શાંત ક૦;સમાવવું;દિલાસો આપવો; મટાડવું;નરમ થંડુ પાડવું;હલકું ક૦.*vi.*To subside; to abate:નરમ પડવું;ઉતરી જવું; ઓસરવું.

Assuasive,(ઍસ્સ્વૅસિવ્)*a.*Tranquilizing; pursuasive:દિલાસોઆપે-નરમ પાડેએવું શાંતિપ્રદ;શામક.

Assuetude,(ઍસ્સ્વેટ્યૂડ્) *n.* [L. *assuetus*,accustomed.]Habit;custom:મહાવરો; ટેવ;રીત.

Assume,(ઍસ્સ્યૂમ)*vt* [L *ad* & *sumo*,I take.] To take upon one's self: ધારણ ક૦; પોતાના હાથમાં લેવું.2.To suppose:માનવું;ધારવું;ગ્રહણ ક૦. 3.To pretend:ડોળ ઘાલવું;વેષ લેવો.*vi.*To be arrogant;to claim more then due: હક કરતાં વધારે માગવું;ઉદ્ધત થવું. [મગરૂર;અહંકારી;ઉદ્ધત.

Assuming,(ઍસ્સ્યૂમિન્ગ્) *a.* Arrogant: ગર્વિષ્ટ;

Assumption,(ઍસ્સમ્પ્શન્)*n.*Act of taking to one's self:ગ્રહણ;ધારણ. 2. Supposition:કલ્પના;ધારણા;પ્રમાણ વિનાનો સ્વીકાર.3.A postulate:ધારેલી વાત;ધારણા;સ્વીકૃતપક્ષ.4.The minor proposition:પ્રતિજ્ઞા;પ્રમેય.

Assurance,(ઍસ્શ્યૂરૅન્સ્)*n.*Act of assuring: ખાતરી;અભયવચન. 2. Full confidence:ખાતરી; ભરોંસો;ખાતરજમા.3.Self reliance:હિમ્મત;શ્રદ્ધા; નિશ્ચય.4.Impudence:અસભ્યતા;ઉદ્ધતાઈ;સાહસ.

Assure,(ઍસ્સ્યૂર્)*vt.*[L.*ad* & *securus*,secure.] To make sure; to confirm:ખાતરજમા ક૦;ભરોંસો આપવો;ખાતરી ક૦;ખચિત–નિશ્ચયપૂર્વક કહેવું.

Asterisk,(ઍસ્ટરિસ્ક્) *n.* [Gr. *Aster*, a star.] Figure of a star (*) used in printing or writing:ફુલડી;ચોકડી;ફુંદડી.

Asterism,(ઍસ્ટરિઝમ્) *n.*(*a*)Constellation: નક્ષત્ર;તારા.(*b*)A small cluster of stars:તારામંડળ.2.(*a*)A mark of refernce(*);an asterisk:ફુલી;ચોકડી. (*b*) Three asterisks placed in this way(⁂):આ પ્રમાણે મૂકેલી ત્રણ ફુદડીઓ.

Astern, (ઍસ્ટર્ન્) *n. adv.* In the binder part of a ship:વહાણના પાછલા ભાગ તરફ-માં.

Asteroid,(ઍસ્ટરૉઇડ્) *n.*[Gr.*Aster*, a star & *eidos*, form]A small planet: એક નાનો ગ્રહ.

Asthma,(ઍસ્મૅ or ઍસ્થમૅ)*n.*[Gr.*ao*,I blow.]A disease of respiration,with cough & wheezing:દમનો રોગ;હાંફ;શ્વાસ;દમ.[asthma:દમિયલ.

Asthmatic-cal,(ઍસ્મૅટિક્-કલ્)*a*: Affected by

Astonish, (ઍસ્ટૉનિશ્) *vt.* L. *ad* & *tono*, I thunder.] To amaze;to surprise: આશ્ચર્યતાજુબ ક૦;વિસ્મય પમાડવું;ચકિત-દંગ ક૦.

Astonising, (ઍસ્ટૉનિશિન્ગ્) *a.* Marvellous; wonderful:અચરત-અજાયબી ભરેલું; આશ્ચર્યકારક.

Astonishment,(ઍસ્ટૉનિશ્મેન્ટ્)*n.* Admiration;wonder:ચમત્કાર; વિસ્મય;અચંબો;આશ્ચર્ય.

Astound,(ઍસ્ટાઉન્ડ્)*vt.*Same as **astonish**.

Astral, (ઍસ્ટ્રૅલ્) *a.* [L. *astrum*, a star.] Starry:તારાનું-સંબંધી.

Astray,(ઍસ્ટ્રે)*adv.*Out of the proper way: આડેમાર્ગે;ગેરવલ્લે;કુમાર્ગે;અવળે રસ્તે: ઉન્માર્ગે.

Astride, (ઍસ્ટ્રાઇડ્) *adv.* [atstride] With one leg on each side:બંને તરફ અક્કેકો પગ મુકીને;પલંગીને.

Astringe,(ઍસ્ટ્રિન્જ્)*vt.* [L.*ad* & *stringo*, I draw tight.] To bind fast; to compress: ખેંચીને બાંધવું;સંકોચવું.

Astringency,(ઍસ્ટ્રિન્જેન્સિ)*n.*Power of contracting or giving firmness: બંધક ગુણ.

Astringent, (ઍસ્ટ્રિન્જેન્ટ્)*a.*Binding; contracting:મજબુત-કબજ કરેએવું;બંધક;સંકોચનશીલ. *n.*A medicine which contracts:કોઠાને મજબુતી આપે એવું ઓસડ;સ્તંભક;બંધકોપ કરે તેવું ઓસડ.

Astrologer,(ઍસ્ટ્રૉલૉજર્) *n.* One versed in astrology:જ્યોતિષ જાણનાર;જોશી;દૈવજ્ઞ.

Astrology,(ઍસ્ટ્રૉલૉજિ)*n.*[Gr,*astron*, a star & *logos*,discourse.] The art of foretelling events by the situation & aspects of the stars:જ્યોતિષ;ગ્રહદશા-મુહૂર્ત જોવાની વિદ્યા.

Astronomer, (ઍસ્ટ્રૉનૉમર્) *n.* One versed in astronomy:ખગોળવેત્તા;જ્યોતિર્વિદ્.

Astronomy,(ઍસ્ટ્રૉનૉમિ)[Gr. *astron*, a star & *nomos*,a law.] Science which treats of the heavenly bodies:ખગોળવિદ્યા;જ્યોતિષશાસ્ત્ર.

Astute, (ઍસ્ટ્યૂટ્)*a.* [L.*astus*, craft.] Keen; subtle;wily:ચતુર;ઝીણવટવાળું;અક્કલમંદ; નિપુણ.

Astuteness,(ઍસ્ટ્યૂટનેસ્)*n.*Cunning:shrewdness:વિચિક્ષણતા;ચતુરાઇ;નિપુણતા; કાર્યદક્ષતા.

Asunder,(ઍસન્ડર્)*adv.*Apart:અલગ;જુદું.

Asylum(ઍસાઇલમ્)*a.*[L.] A place of refuge for criminals & debtors;આશરો;આશ્રય;ઓથ. 2.An institution for the care & relief of the unfortunate:ધર્મશાળા;અનાથગૃહ.*Lunatic a*:ગાંડાઓનીઇસ્પિતાલ.A.*for animals*:પાંજરાપોળ.

At,(ઍટ્)*prep* [L.*ad*.]Near;close to:પાસે; નજદીક;સમીપ;આગળ.2.In a state of;engaged in: -માં;માંહે;ઉપર.3.By;on;with:થી;ઉપરથી;લીધે.

Atheism,(એથીઇઝમ્)*n.*[Gr.*a*, priv.& *Theos*, God.]The denial of the existence of God: ઈશ્વર નથી એમ માનવું તે;નાસ્તિકતા;ઇશ્વરનિંદા.

Atheist, (એથીઈસ્ટ્)*n.* An infidel: નાસ્તિક.

Atheistic-cal, (એથીઇસ્ટિક્-કલ્) *a.* Pertaining to atheism:નાસ્તિકના મત સંબંધી.2. Impious:દેવનિંદા કરનારો;પાપી;નાસ્તિકવૃત્તિવાળો.

Athirst,(ઍથર્સ્ટ્)*a*.Thirsty; wanting drink: તરસ્યું; પ્યાસું 2.Desirous: આતુર; ઉત્સુક.

Athlete,(ઍથ્લીટ્)*n*.[Gr.*athlos*,a contest.] A contender for victory:જીત માટે લડનાર;પહેલવાન;મલ્લ;તાલીમબાજ.

Athletic, (ઍથ્લેટિક્)*a*. Relating to exercises:કસરત સંબંધી; મલ્લક્રીડા સંબંધી. 2.Robust; lusty:મલ્લ; લઠ્ઠ; તાલિમબાજ; બળવાન; જોરાવર. A. exercises,કસરત;જોર;કુસ્તી;મલ્લવિદ્યા.

Athwart,(ઍથ્વૉર્ટ્) *adv.* Sidewise; crossly; wrong:આડી રીતે;ગેરરીતે.*prep* Across:વાંકું;આડું.

Atlantic,(ઍટ્લૅન્ટિક્)*a*. The ocean between Europe & America:અમેરિકા અને યુરોપ વચ્ચેનો આટલાંટિક મહાસાગર.

Atlas,(ઍટ્લૅસ્)*n*.A collection of maps in a volume:નકશાનું પુસ્તક.2.A volume of plates: છાપ;ચિત્રનુંપુસ્તક.3 એક જાતનું રેશમી લુગડું.

Atmospher,(ઍટ્મૉસ્ફીર્)*n*.[Gr.*atmos*,smoke & *spaaira*, sphere.] The air surrounding the earth:વાતાવરણ;ગગન; આકાશ. 2.Any surrounding influence: આવરણ.

Atmospheric-cal,(ઍટ્મૉસ્ફેરિક્-કૅલ્) *a*. Pertaining to atomsphere:વાતાવરણ સંબંધી.

Atom,(ઍટૅમ્)*n* [Gr.*a*,not & *temno*, I cut.] An indivisible particle:a molecule: અણુ; પરમાણું;રજ;કણ,લેશ.2.અતિસૂક્ષ્મપદાર્થ;રજ.

Atomic-cal(ઍટૉમિક્-કૅલ્)*a*.Extremely minute:અણુનું-સંબંધી;ઝીણું;પરમાણુમય;સૂક્ષ્મ.

Atone, (ઍટોન્) *vi.* [L.*ad* & *unus*,one.]To make reparation or amends for:બદલો-સાટું-વાળવું;અવેજ આપવો.*vt.* To reconcile:સલાહ-સમાધાનકo.2.To expiate:પ્રાયશ્ચિત્ત-પાપનિવારણકo.

Atonement, (ઍટોન્મેન્ટ્) *n*. Expiation; reparation: પ્રાયશ્ચિત્ત;પાપનિવારણ.2. Reconciliation;concord:મેળાપ;સમજુતી;સમાધાન;મેળ.

Atrocious,(ઍટ્રોશસ્)*a* Extremely heinous or cruel:અતિદુષ્ટ;મહાઘાતકી;ઘોર;પાપિષ્ટ;ક્રુર;ક્રૂર.

Atrocity,(ઍટ્રૉસિટિ)*n*.[L *atrox*,cruel.]Enormous wickedness:કેર;ગજબ;ઘોર-દુષ્ટકર્મ;મહાપાપ

Atrophy,(ઍટ્રૉફિ) *n*. [Gr. *a*, priv. & *trepho*, I nourish.] A wasting away for want of nourishment:ક્ષય;અશક્તિ;કમતાકાતી;ક્ષયરોગ.

Attach, (ઍટૅચ્)*vt*.[L*ad* & *tango*,I touch.] To fasten: બાંધવું;જોડવું;સાંધવું; સામેલ કo.2.To take by legal authority:કબજામાં-જપ્તિ લાવવી;ટાંચ મારવી;જપ્ત કo 3 To take,seize & lay hold of by force: બળાત્કારથી લેવું-પકડવું-ઝાલવું. 4.To win the heart of:મન હરી લેવું;તરફ ખેંચવું-દોરવું;પ્રીતિ કરાવવી.5.To connect in a figurative sense:માનવું;ધારવું;ગણવું;લેખવવું.

Attache(ઍટૅશે)*n*One attached to the suite of an ambassador:રાજાના એલચીનો કોઇએકચાકર.

Attachment, (ઍટૅચ્મેન્ટ્) *n*. Adherence; fidelity;affection:વળગણ;પ્રીતિ; સ્નેહ; અનુરાગ; પ્યાર;મન.2 A seizure:ટાંચ;જપ્તિ;કબજબંધી.

Attack,(ઍટૅક્) *vt.* [L.*tango*, I touch.] To assault:તુટી પડવું;હુમલો કo.2.To begin a controversy with:વાદવિવાદ કo;લડવું:લડત ચલાવવી; સામે લખવું.*n*.An onset;an invasion:ચઢાઇ;હલ્લો; છાપો; હુમલો. A. of robbers:ધાડ; ડરોડો.

Attain,(ઍટેન્) *vt.* [L *tango*, I touch.] To arrive by motion, bodily exertion or efforts;to reach:પહોંચવું; આવીપહોંચવું.2.To arrive by an effort of mind:પ્રાપ્ત થવું;સંપાદનથવું.*vt*.To achieve;to gain:મેળવવું; સંપાદન કo.

Attainable,(ઍટેનૅબલ્)*a*.Capable of being attained:પહોંચી-મેળવી શકાય એવું;સાધ્ય;પ્રાપ્ય.

Attainder,(ઍટેન્ડર્) *n*. The stain; forfeiture;corruption:કલંક;બટ્ટો;લાંછન;અપયશ.

Attainment, (ઍટેન્મેન્ટ્) *n*. The act of attaining;acquisition:મેળવવુંતે;પ્રાપ્તિ;સંપાદન;લાભ 2.(*pl.*)Acquirements:સંપાદન કરેલાગુણ;ગુણ.

Attaint,(ઍટેન્ટ્)*vt* [L.*ad* & *tango*,I touch.] To stain;to disgrace: બટ્ટો-કલંક-લાંછન-દૂષણ લગાડવું;કલંકિત કo 2. To corrupt:ભ્રષ્ટ કo;બગાડવું *n*.Taint;spot:ડાઘ;દોષ;ડપકો; કલંક;લાંછન;બટ્ટો.2.A writ which lies after judgment to inquire whether a jury has given false verdict:જ્યૂરીએ ખોટો ચૂકાદો-મત આપ્યો છે કે કેમ તેની તપાસ માટે જજમેંટ (ઠરાવ) પછી નિકળેલ હુકમ.

Attemper,(ઍટૅમ્પર્)*vt*. [L.*ad* & *tempero*, I soften.] To modify;to reduce:ઘટાડવું;સમાવવું;ઓછું કo.2.To soften:નરમ કo;શાંત કo.3.To regulate:નિયમમાં આણવું;અનુકુળ કo;અનુસરતુંકo.

Attempt,(ઍટૅમ્પ્ટ્)*vt.* & *vi.* [L.*ad* & *tempto*,I try.] To endavor:યત્ન-પ્રયત્ન-પ્રારંભ-કોશીસકo.2.To attack:હલ્લો-હુમલો કo.*n*. Effort; trial;endeavor:અજમાયેશ;તજવીજ;પ્રયત્ન.

Attend,(ઍટૅન્ડ્) *vt.* [L. *tendo*, I stretch.] To give heed to;to regard:સાંભળવું;ગણકારવું. 2.To go or stay with;to wait on:સાથે જવું-આવવું-રહેવું;હાજર રહેવું;ખિજમતમાં રહેવું. 3. To accompany:-માં રહેવું;સાથે હોવું.*vi*.(*to*)To consider;to give heed to(*on*,*upon*):ધ્યાન આપવું; મન લગાડવું;સાંભળવું;લક્ષ દેવું.2.To accompany; to wait on:ખિજમત-સેવા-ચાકરીમાં રહેવું.

Attendance,(ઍટૅન્ડૅન્સ્) *n*. Service:હાજરી; ખિજમત,ચાકરી;સેવા.2.Train; retinue:હાજર રહેનાર માણસો;હાજરી; સ્વારી.3.Attention; regard:લક્ષ;ધ્યાન;મન;ચિત્ત.

Attendant,(ઍટૅન્ડૅન્ટ્)*a*.Being present:જનાર-આવનાર;સાથે રહેનાર.2Accompanying: લગતું;અનુષંગી.*n*.Companion;servant:સેવક;સાથી;ચાકર;અનુચર;ખિજમતદાર;હજુરીઓ; અનુયાયી.

2. Concomitant:અનુસંગી;સહચારી પદાર્થ.
Attention,(ઍટેન્શન)*n.*Heed;care;consideration:લક્ષ;ચિત્ત;મન;અપ્રમાદ;ધ્યાન;પરાયણતા.2 Act of civility or courtesy:આદરમાન;સત્કાર
Attentive,(ઍટેન્ટિવ્)*a.*Mindful;watchful; observant:સાવધ;ચોકસ;સાવધાન;તત્પર;સત્કારયુક્ત
Attenuate,(ઍટેન્યૂએટ્)*vt* [L *ad* & *tenuo*,I make thin.]To make thin;to subtilize:ઝીણું-પાતળું-બારીક ક૦.2.To comminute:ભૂકા-ચૂરો ક૦.3.To extend in length:ખેંચવું;લંબાવવું.*vi.* To become thin,tender or fine;to grow less: પાતળું-બારીક-ઝીણું-નાજુકથવું;કૃશ-ક્ષીણ-ઓછુંથવું;ઘટવું.
Attest, (ઍટેસ્ટ્)*vt.* [L.*testis*,a witness.]To certify;to bear witness to:સાક્ષી પુરવી-ક૦.2. To give proof of:સિદ્ધ ક૦;સાબેતી આપવી.
Attestation,(ઍટેસ્ટેશન્)*n.*Testimony;evidence: સાક્ષી;પ્રમાણ;સાખ.
Attester or **Attestor,** (ઍટેસ્ટર્)*n.*One who attests: સાક્ષી આપનાર-કરનાર.
Attic,(ઍટિક્)*n.*The uppermost story of a house:ઘરનું કાતરિયું.2.Pure;elegant:સફાઇદાર;સુંદર.
Attire,(ઍટાઇર)*vt.*To dress;to array:વસ્ત્ર પહેરાવવાં;પોશાક પહેરાવવો;શણગાર સજાવવો.*n.*Clothes;ornamental dress:વસ્ત્ર;સુંદર પોશાક;અલંકાર.
Attitude,(ઍટિટ્યૂડ) *n.* [L.*apto*,I fit.] Posture of a person:શરીર-અંગસ્થિતિ:ઢબ;ડોળ;આસન;વૃત્તિ.2 Position of thing:દેખાવ;આકાર;ડોળ
Attorney,(ઍટર્નિ) *n.* [L. *ad* & *torno*, I turn in lathe.] One who takes the place or turn of another:મુનીમ;પ્રતિનિધિ. 2. One who is legally appointed by another to transact any business for him:મુખત્યાર;વકિલ.
Attract, (ઍટ્રૅક્ટ્) *vt.* [L. *ad* & *traho*, I draw.] To cause to adhere: ખેંચવું; આકર્ષણ ક૦;તાણવું.2.To allure:લલચાવવું;મનહરવું;આકર્ષવું.
Attraction,(ઍટ્રૅક્શન્) *n.* The force which draws bodies towards-each other: આકર્ષણ શક્તિ.2. Enticement;charm:મોહ;આકર્ષણ. *A. of gravition*:ગુરૂત્વાકર્ષણ;*capillary* a.કેશાકર્ષણ.
Attractive, (ઍટ્રૅક્ટિવ) *a.* Having the power of drawing:આકર્ષક;આકર્ષણશીલ.2.Engaging;alluring:મોહક; મનોહર;ચિત્તાકર્ષક.
Attractiveness, (ઍટ્રૅક્ટિવ્નેસ્) *n.* Power of attracting:મનોહરપણું;મનોહરતા; આકર્ષકતા.
Attribute,(ઍટ્રિબ્યૂટ્)*vt.* [L. *ad* & *tribuo*, I give.]To assign: ને લીધે છે એમ માનવું;લગાડવું; કારણ જાણવું;આરોપવું;આરોપ કરવો.*n* Property; quality:ધર્મ;ઉપાધિ;ગુણ.
Attribution, (ઍટ્રિબ્યૂશન) *n.* Quality ascribed:ગુણ;ધર્મ.2.Ascription:આરોપ;આરોપણ.
Attributive,(ઍટ્રિબ્યૂટિવ્)*n.* Arributing: ગુણ બતાવતું;લગતું;વાચ્ય.*n.*A word expressing quality:વિશેષણ. [સાઈ ગએલું.
Attrite,(ઍટ્રાઇટ્)*a.* Worn by friction: ઘ-
Attrition, (ઍટ્રિશન્)*n.* [L. *ad* & *tero*, I rub.]Act of wearing;abrasion:ઘસારો; ઘર્ષણ. 2. Grief for sin:અનુતાપ;પશ્ચાતાપ.
Attune, (ઍટ્યૂન)*vt.*To adjust: રાગ-સુર મેળવવો-ઉતારવો;મળતું બંધ બેસતું ક૦; અનુકુળ ક૦.
Auburn, (ઓબર્ન્)*a* Reddish brown:રતાસપર ભુરો; રાતુંભુરૂં: ગૌર;પાંડુવર્ણ.
Auction,(ઓકશન્)*n.*[L.*augeo*, I increase.] A public sale of property to the highest bidder; a vendue: હરાજી;લિલામ.
Auctioneer,(ઓકશનીર્)*n.*Person who sells at auction: હરાજી-લિલામ કરનાર.
Audacious,(ઓડેશસ્) *a.* Bold;intrepid:બહાદુર;નિર્ભય;છાતીચલો;બેઅદબ;સાહસિક; ધૃષ્ટ.
Audaciousness,(ઓડેશશ્નેસ)*n.*[L.*audeo*, I dare.] Insolence;effrontery:બેઅદબી; ઉદ્ધતાઈ.નિર્લજતા.2.Venturesomeness:હિમ્મત;સાહસ.
Audacity, (ઑડૅસિટિ) *n.* Insolence; boldness:ઉદ્ધતાઇ;નિર્લજતા;બેઅદબી; ધૃષ્ટતા.
Audible,(ઑડિબલ્)*a.*[L.*audio*,I hear.]Capable of being heard:સાંભળી શકાય એવું;સ્પષ્ટ.
Audience, (ઑડિએન્સ્)*n.*A hearing: શ્રવણ; સાંભળવું તે.2. Admittance to a hearing; reception to an interview:સાંભળવા સારૂ મુલાકાત. 3.An auditory:સાંભળનારા;શ્રોતાજન;શ્રોતા;પ્રેક્ષકો.
Audit,(ઑડિટ્)*n.*[L.*audio*,I hear.](*a*)Examination in general:તપાસ;તપાસણી;પરીક્ષા. (b)Examination of accounts:હિસાબની તપાસણી.*vt.*& *vi.*To examine & adjust an account: હિસાબ તપાસી નક્કી ક૦.
Auditor,(ઑડિટર)*n.*A hearer:શ્રોતા;સાંભળનાર; શ્રવણ કરનાર. 2. A person appointed to audit an account:હિસાબ તપાસનાર-લેનાર;ઑડિટર.
Auditory,(ઑડિટોરિ)*a.*(*a*) Having the power of hearing:શ્રવણ શક્તિવાળું.(*b*,Pertaining to the sense of hearing:શ્રુતિવિષયક-સંબંધિ;શ્રવણસંબંધિ.*n.*Audience:સાંભળનારી મંડળી;શ્રોતા. 2.Place for lectures:ભાષણમંદિર,વ્યાખ્યાનશાળા.
Auger,(..ગર્)*n.*A carpenter's instrument for boring large holes:શારડી; ત્રોપણ.
Aught, (ઑટ્)*n.*Any thing: કંઇ પણ વસ્તુ.
Augment, (ઑગ્મેન્ટ્) *vt.* [L *augeo*, I increase.]To increase:વધારવું.વૃદ્ધિ ક૦. *vi.* To grow large:વધવું *n* Increase: વૃદ્ધિ;વધારો
Augmentation,(ઑગ્મેન્ટેશન્)*n.* The act of augmenting:વધારવુંતે;વર્ધન. 2. The state of being augmented:વૃદ્ધિ.3.Addition:વધારો.
Augmentative,(ઑગ્મેન્ટૅટિવ્)*a.*Having the quality of increasing:વધારો કરે એવું.*n.*A derivative work denoting an increase:વૃદ્ધિ

દર્શક શબ્દ-નામ.

Augur(ઑગર્)*n*.[L.*avis*,a bird.]A soothsayer;a foreteller: શુકન જોઇને ભવિષ્ય કહેનાર;દૈવજ્ઞ; શુકન જોનાર;ભવિષ્ય જાનાર.*vt*.To conjecture:અનુમાન-તર્ક કo; અટકળ બાંધવી;-થી જણાઈ આવવું. *vt*.To forebode;to presage:ભવિષ્ય ભાખવું-કહેવું.

Augury,(ઑગ્યૂરિ)*n*.A prediction:શુકન 2.Art of foretelling events: ભવિષ્ય કહેવાની વિદ્યા.

August,(ઑગસ્ટ્)*a*. Majestic;solemn:પ્રતાપી; પ્રૌઢ;ભભકાદાર;મ્હોટું.*n*. The eighth month of the Christian era:ઇંગ્રેજી વર્ષનો ૮ મો મહિનો.

Aunt,(આંન્ટ્)*n*.The sister of one's father or mother:ફોઇ; માશી.2.Wife of the brother of one's father or mother:કાકી; મામી.

Aura,(ઑર)*n*.[Gr. *ao*,I blow.] Any subtile, invisible fluid supposed to flow from a body:પદાર્થમાંથી નિકળતી મનાતી તેજ જેવી વસ્તુ; તેજપુંજ; દીપ્તિ; પ્રભા.

Aurated,(ઑરેટેડ્) } *a*.[L. *aurum*,gold.]
Aureate,(ઑરીઍટ્) } Gold-colored;gilded; golden:સોનાજેવું;સોનેરી;પીળું;ઢોળ ચઢાવેલું.

Aurelia,(ઑરીલિઍ)*n*. [L.*aurum* gold.] The chrysalis of an insect: કોશવાશી જીવડો.

Aureola·e (ઑરીઑલ-લે) *n*. A circle of rays; halo of light:કીર્તિનું ચક્ર; કીર્તિનું તેજ; તેજોમંડલ.

Auricle,(ઑરિકલ્)*n*.[L.*auris*, an ear.] The external ear:બહારનો કાન.2.One of the two muscular sacs situated at the base of the heart:હ્રદયની નીચેની બે કોથલીમાંની એક.

Auricular,(ઑરિક્યૂલર્)*a*.Pertaining to the ear:કાનનું--વિશેનું.2.Told in the ear;secret:કાનમાં કહેલું;છુપું;ગુપ્ત 3.Known by the sense of hearing:સાંભળેલું;દીઠેલું નહિ તેવું;કાને પડેલું.4.Traditional:કાનોકાન આવેલું-ઉતરેલું;પરંપરાગત;આખ્યાયિક.

Auriform,(ઑરિફોર્મ્)*a*.Ear-shaped: કર્ણાકાર.

Aurora,(ઑરોરૅ)*n* (L.)The dawn of the day: પ્રાત:કાળ;પરોઢ;વહાણું;અરૂણ.**A**.*borealis*:ઉત્તરગોળાર્ધમાં થતો પ્રકાશ; સુમેરૂ જ્યોતિ; અરૂણોદય. **A**. *australis*:દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ-અરૂણોદય;કુમેરૂજ્યોતિ.

Auspice, (ઑસ્પિસ) *n*. [L. *avis*, a bird & *specio*, I look.] The omens drawn from birds;augury:પક્ષિની ગતિપરથી લીધેલા શુકન;નિમિત્ત;પૂર્વલક્ષણ 2.(*pl*).Favour;protection;patronage:કૃપાદૃષ્ટિ;આશ્રય;નેકનજર;અનુગ્રહ;આશ્રય.

Auspicious, (ઑસ્પિશસ્) *a*. Having good omens:શુભ;મંગળ;માંગલિક.2.Prosperous;propitious:આબાદ;શ્રેયસ્કર;અનુકૂળ; કલ્યાણકારક.

Austere, (ઑસ્ટીર્)*a*. [Gr.*aso*,I parch up.] Sour;acerb:ખાટું;તુરૂ;રૂક્ષ.2.Severe;rigorous: કઠોર;આકરૂં;સખ્ત;કરડું;તીવ્ર;ઉગ્ર.

Austereness, (ઑસ્ટીર્નેસ્) *n*. Harshness in taste:તુરાશ;ખટાશ.2.Austerity (which see)

Austerity,(ઑસ્ટેરિટિ)*n*. Severity of manners or life:આકરાપણું;કઠોરતા;વૈરાગ્ય;ઉગ્રતા; તપશ્ચર્યા.*Power acquired through* **a** :તપોબળ.

Authentic cal,(ઑથેન્ટિક્--કલ્)*a*. Genuine; true:ખરૂં;અસલ;ખાતરીનું;સત્ય;સપ્રમાણ.

Authenticate,(ઑથેન્ટિકેટ્)*vt*. To prove as real or true:સાબિત-સાચું-સત્ય ઠરાવવું;સપ્રમાણ કo.

Authentication,(ઑથેન્ટિકેશન્)*n*.Confirmation:સાબિત-ખરૂ કરી આપવું તે; મંજુરી.

Authenticity,(ઑથેન્ટિસિટિ)*n*.Genuineness: સત્યતા;ખરાપણું;સપ્રમાણતા;અસલતા.

Author,(ઑથર્) *n*. [L. *augeo*, I increase.] The first mover;the beginner:મૂળકર્ત્તા;કર્ત્તા; પ્રવર્તક;ઉત્પાદક,જનક 2.The writer of a work: ગ્રંથકાર-કર્ત્તા;લેખક. [ગ્રંથ કરનારી સ્ત્રી;ગ્રંથકર્તી.

Authoress,(ઑથરેસ) *n*. A female writer:

Authoritative,(ઑથોરિટેટિવ્)*a* Commanding:સ્વામિત્વસૂચક;દબદબા ભરેલું;દાબવાળું.2.Positive;peremptory:સપ્રમાણ;પ્રમાણયુક્ત;આપ્ત.

Authority, (ઑથોરિટિ) *n*. Legal power; dominion:અધિકાર;અખત્યાર;સત્તા;ઐશ્વર્ય.2.(*pl*) Government;a ruling body:સત્તાધિકારી;સરકાર;અધિકારી.3.(*a*) The power derived from opinion,respect or esteem:પ્રમાણ;આધાર.(*b*) Credit:વજન;વક્કર;ભારબોજ.4.Testimony;witness:સાક્ષી;સાબિતિ;આધાર;પ્રમાણ;પુરાવો.5.(*a*)A precedent:દાખલો;પ્રમાણ;ઉદાહરણ. (*b*) An official statement;order;સનદ;હુકમ;અધિકાર-પત્ર; આજ્ઞા;શાસન.6.Credibility:સત્યતા;વજનદારી.

Autherize,(ઑથોરાઇઝ્) *v.t*. To empower:સત્તા-અધિકાર આપવો.2·To legalize:કાયદાસર કo. 3.To give credit or authority:પુષ્ટી-ટેકો-આધાર આપવો.4.To establish by authority, as by usage or public opinion:પ્રમાણ-રૂઢી-વિધિ -લોકાચારથી સ્થાપવું;લોક રૂઢિથી પ્રચલિત કo.

Authorship,(ઑથર્શિપ્)*n*.State of being an author: ગ્રંથકારપણું.

Autobiographer,(ઑટોબાઇઑગ્રૅફર્)*n*. One who writes his own life:સ્વચરિત્ર લખનાર.

Autobiography,(ઑટોબાઇઑગ્રૅફિ) *n*. [Gr. *autos*,one's self,*bios*,life & *grapho*,I write.] Memoirs of one's own life written by one's self: સ્વચરિત્ર-વર્ણન-કથન; આત્મચરિત્ર.

Autocracy,(ઑટોક્રૅસિ)*n*. [Gr. *autos*, self & *kratos*,power]Self-supremacy;supreme authority:સ્વતંત્ર અધિકાર;મુખત્યારી;આપઅખત્યારી.

Autocrat,(ઑટોક્રૅટ્)*n*.An absolute prince or sovereign:સ્વતંત્રરાજા;અધિરાજ;આપઅખત્યારરાજા.

Autograph, (ઑટોગ્રૅફ્) *n*. One's own handwriting;an original manuscript or signature સ્વહસ્તાક્ષર; પોતાના હાથનો લેખ-સહી.

Automatic-cal,(ઑટોમૅટિક્-કૅલ્)*a.*Self-acting:પોતાની મેળે હાલતું-ચાલતું;સ્વયંવહ;આત્મચાલક.
Automatism,(ઑટોમૅટિઝમ્)*n.*Power of self-moving:સ્વયંવાહિની શક્તિ;આત્મચલનશક્તિ.
Autumn,(ઑટમ્) *n.* [L. *augeo,* I increase.] Third season of a year or the one between summer & winter:શરદૠતુ;શરત્કાલ;ખરીફનો સમય (in England.)the fall:પાનખર ૠતુ 2.Decline: third stage:પડતી;ઉતરતી.
Autumnal,(ઑટમ્નૅલ્) *a.* (*a*) Belonging to autumn:શરદૠતુ સંબંધી-વિષેનું.(*b*) Produced in autumn:શરદ ૠતુમાં ઉત્પન્ન થતું-નિપજતું.(*c*) Flowering in autumn:શરદમાં ફુલ આવતું-ફુલતું.2.Past the middle of life;in the third stage:ત્રીજીવીશીનું;ઉતરતી વયનું.
Auxiliar-ry,(ઑગ્ઝિલિઅૅર્-રિ)*a.* [L. *augeo,* I increase.]Subsidiary:મદદગાર; સહાયકારક. *n.* A helper:મદદ કરનાર.2.(*pl*) Foreign troops employed in war:પારકાદેશનું કુમકે આવેલું લશ્કર. 3.A verb helping to form the moods & tenses of other verbs: સહાયકારક ક્રિયાપદ.
Avail,(અૅવેલ્)*v.t.*[L.*ad*&*valeo,*I am strong] To profit;to benefit: ફાયદો લેવો; કામમાં લેવું; કામ સાધી લેવું;લાભ લેવો;કામ લાગવું.2.To assist or aid;મદદ-સહાય ક૦,-થી ચાલવું-વળવું-ફળ થવું;કામમાં આવવું.*v.i.*To be of advantage;to answer the purpose of:ઉપયોગી થઈ પડવું;કામમાં આવવું;થી ચાલવું-વળવું-ફળ થવું-કામ પાર પડવું *n.*Benefit;use: ઉપયોગ;ફલ;ફાયદો;હિત;ગુણ.2.(*pl.*)Proceeds(of a sale:)ઉત્પન્ન;પેદાશ.*Of no* a. useless:વ્યર્થ;નિષ્ફળ.
Available, (અૅવેલૅબલ્) *a.* Advantageous; profitable:મળી શકે એવું;ઉપયોગી;લાભકારક;હિતાવહ;પ્રાપ્ય;ફળપ્રદ.2.Valid:મજબૂત;યોગ્ય;જબરૂં.
Avalanche,(અૅવૅલૅંશ્)*n.* [L. *ad* & *vallis,*a valley.]A large mass of snow rolling down from a mountain:પહાડ ઉપરથીપડતોબરફનોઢગલો.
Avarice,(અૅવૅરિસ્)*n.*[L.*aveo,*I strive after.] Cupidity:દ્રવ્યલોભ;તૃષ્ણા;લાલચ;લાલસા;ધનાશા.
Avaricious,(અૅવૅરિશસ્) *a.* Greedy of gain: ધનલોભી; કૃપણ.
Avast,(અૅવૅસ્ટ્)*interj.*Cease;stop;સબુર;થોભ.
Avaunt,(અૅવૉન્ટ્)*interj.*Begone:કાળુંકર;ચલજા; નિકળ;હત્ત.
Avenge,(અૅવેન્જ્)*vt.*[L. *vindico,* I punish.] To vindicate(without malice);to punish, (as a duty): બદલો વાળવો;વેર લેવું.
Avenue,(અૅવીન્યૂ)*n.*[L *ad,*to&*venio,*I come.] Passage:માર્ગ;રસ્તો;દરવાજો;દ્વાર. 2. An alley: કુંજગલી;તરુપંક્તિ.3.A wide street.પહોળો રસ્તો.
Aver,(અૅવર્)*v.t.* [L. *ad* & *verus,* true.] To assert;to declare positively:ખાતરીથી કહેવું; નિશ્ચયપૂર્વક બોલવું; પ્રતિજ્ઞા ઉપર કહેવું.
Average,(અૅવૅરૅજ્)*n.*[L.*habeo,*I have.]A mean proportion:મધ્યપ્રમાણ; સરાસરી.*a.* Medial:મધ્યમ;મધ્ય પ્રમાણનું.*vt.*To find the mean of:સરાસરી કાઢવી *vi.*To form a mean sum:સરાસરી.
Averment,(અૅવર્મૅન્ટ્)*n.* Affirmation:ખાતરીથી બોલવું તે; પ્રતિજ્ઞા;દૃઢવચન.
Averse,(અૅવર્સ)*a.*[L.*verto,*I turn.]Disinclined to;unwilling:પ્રતિકૂળ;નારાજ;અણગમતું;વિમુખ.
Averseness,(અૅવર્સ્નેસ્) } *n.* Dislike;repugnance:નાખુશી;અભાવ;પ્રતિકૂળતા;વિરાગ;અપ્રીતિ;દ્વેષ.
Aversion, (અૅવર્શન્) }
Avert,(અૅવર્ટ્)*vt.*[L.*ad* & *verto,* I turn.] To turn aside;to prevent:ફેરવવું;અટકાવવું;દુર ક૦.
Aviary(એવિઅૅરિ)*n.*[L. *avis,*a bird.]A building or inclosure for keeping birds:પક્ષિવન-શાળા;પક્ષીઓને રાખવાની જગા;ખડો; પાંજરૂં.
Avidity, (અૅવિડિટિ) *n.* [L. *aveo,* I desire.] Eagerness:આતુરતા;ઘણી ઇચ્છા-હોંશ;અતિસ્પૃહા.
Avid-ious,(અૅવિડ્-ડિઅસ્)*a.* Eager;greedy: લોભી;ભુખ્યો;બાવરો.
Avocation,(અૅવૉકેશન્)*n.*[L.*ad* & *voco,*I call] The business which calls off;occupation; calling:કામકાજ;ધંધો;પેશો;કાર્ય;વ્યાપાર;વૃત્તિ.
Avoid,(અૅવોઇડ્) *vt.* [L.*e* & *vito,*I shun.] To shun;to escape:છોડી દેવું;તજવું;-થી અલગ દૂર-વેગળા રહેવું;વર્જવું.2.To evade: ઉડાવવું;અખાડા ક૦.
Avoidable, (અૅવોઇડૅબલ્) *a.* Capable of being shunned or escaped: તજવા જોગ; દુર રાખવા જોગ;વર્જનીય; નામંજુર કરી શકાય તેવું.
Avoirdupois, (અૅવર્ડ્યૂપૉઇઝ્) *n.* Weight of which a pound contains 16 ounces or7000 grains troy:એકજાતનું વિલાયતી તોલ જેમા એક પૌન્ડના સોળ આંસ ગણાય છે.
Avouch,(અૅવાઉચ્)*vt.* [L. *ad* & *voco,* I call.] To affirm;to maintain:નિશ્ચય પૂર્વક બોલવું-કહેવું.
Avow,(અૅવાઉ) *vt.* [L.*voveo,*I vow.] To own or confess frankly: ખુલ્લી રીતે કબૂલ ક૦-માનવું;સ્વીકાર-અંગીકાર ક૦.
Avowal,(અૅવાઉઅૅલ્)*n.*An open declaration: ખુલ્લી કબુલાત;અંગીકાર;સ્વીકાર.[manner:સ્પષ્ટરીતે
Avowedly, (અૅવાઉઅૅડ્લિ) *adv.* In an open
Await, (અૅવેટ્)*vt.* To wait or look out for; to expect: વાટ-રાહ જોવી; થોભવું. 2. To be in store for;to attend:તૈયાર-સારૂ રાખેલું હોવું.
Awake-n, (અૅવેક્-કન્) *v.t.* To rouse from sleep;to wake:જગાડવું;ઉઠાડવું.2.To put into action, or new life:સચેતન-સજીવન-જાગૃત-સાવધ ક૦.*vi.*To break from sleep:જાગવું;સાવધ થવું.
Awake,(અૅવેક્)*a.* Not sleeping;in a state of action:જાગૃત;સાવધ;હોશીયાર;જાગતું.
Awakening, (અૅવેકનિંગ્) *p. a.* Exciting જગાડતું;જાગૃત કરતું;પ્રબોધક.*p.n.*Act of awaking;

a revivalof religion:પ્રબોધ;પ્રબોધન;નિંદ્રાભંગ.
Award,(ઍઙવાૅર્ડ્)*vt*.To adjudge: ફેંસલો-ચૂકાદો નિવેડો કરીનેઆપવું-અપાવવું. *vi*.To determine: નિવેડો-નિર્ણય-ફેંસલો-ચૂકાદો કo.*n*.A judgment; final decision:નિવેડો;ચૂકાદો;ફેંસલો;નિર્ણય.2.Paper containing a judgment:ફેંસલનામું હુકમનામું.
Aware,(ઍઙવેર્)*a*.(*a*)Vigilant: સાવધ;સચેત; સાવધાન.(*b*)Cognizant:વાકેફ;જાણીતું; માહિતગાર.
Away,(ઍઙવે) *adv*. Absent; at a distance: ગેરહાજર;આઘે;દૂર;છેટે.
Awe, (ઓ)*n*.Reverential fear;fear mingled with admiration;dread;reverence:આદરયુક્ત ભય;ધાસ્તી;દબદબો;દાબ;ધાક; ત્રાસ. *vt*. To strike with fear & reverence:બીવડાવવું;ધાક દેખાડવી.
Awful,(ઓફુલ્)*a*.Solemn;dreadful:પ્રૌઢ;ધાસ્તી-ધાકભરેલું;ઘોર;દારૂણ;ભીષણ;ભયંકર; પૂજ્ય.2.Detestable;ugly:ધીક્કારવા જોગ;બેઢંગું;કઢંગું.
Awfulness,(ઓફુલ્નેસ્)*n*.Solemnity: ગંભીરપણું;દબદબો;ઘોરતા;દારૂણતા;ભયંકરતા.
Awhile, (ઍહ્વાઈલ્) *adv*. For some time; for short time:થોડીવાર સુધી;કંઈકવાર.
Awkward,(ઓક્વર્ડ્)*a*.Wanting dexterity; without skill: અનાડી; અણકીસબી; અણઘડ;(*b*) Clumsy (*things*): બેડોળ, બદશિકલ; કઢંગુ. 2. Unpolite:અસભ્ય;અનાડી.3 Unfavourable;adverse:પ્રતિકૂળ;નાપસંદ;અનઘડવાળું.
Awkwardness, (ઓક્વર્ડ્નેસ્) *n*. Want of dexterity;ungracefulness in manners:બેડોળપણું;બેઅદબી;અનાડીપણું;અકુશળતા;અણઘડતા.
Awl, (ઓલ્) *n*. A pointed instrument for making holes in leather or wood:સોયો.(મોચીનું) ટોચણ;આર.
Awn, (ઓન્)*n*.[Gr.*achne*,chaff.]The bristle of corn or grass;arista:અનાજ-ઘાસનું સુંપળું.
Awning, (ઓનિંગ્)*n*.A cover of canvas to shelter from sun's rays:ચંદરવો;છત;ચંદની;છાટ.
Ax-e, (એક્સ્) *n*. [Gr. *axo*, I break]An instrument of iron for hewing: કુહાડી;કુહાડો.
Axial, (ઍક્સિઅલ્)*a*.Pertaining to an axis: ધરીને લગતું-ના જેવું. [બગલ.
Axil, Axilla, (ઍક્સિલ્ લ્લે)*n*. The armpit:
Axiom, (ઍક્સિઓમ્)*n*. [Gr, *axido*,I deem worthy.]A self evident truth: પ્રત્યક્ષ પ્રમાણ. 2.An established principle:સિદ્ધ વાક્ય;સિદ્ધાંત.3.Maxim:વચન;સૂત્ર.
Axiomatic-cal, (ઍક્સિઓમેટિક્-કલ્) *a*. Pertaining to axiom:પ્રત્યક્ષ પ્રમાણ સંબંધી-ની રીત-નું;સ્વતઃસિદ્ધ;પ્રત્યક્ષ;સ્વયંસિદ્ધ.
Axis,(ઍક્સિસ્)*n*. [Gr. *axon*, an axle.] A straight line passing through a body on which it revolves: ધરી; આંસ;અક્ષ; ધ્રુવ;ગુણ.
Axle-tree,(ઍક્સલ્-ટ્રી)*n*.The pole on which a wheel turns:ધરી.[indeed:હા;સારૂં;ઠીક;ખચિત.
Ay, Aye, (આઈ)*adv*. [L. *aio*,I say.] Yes;
Aye, (આઈ) *n*. An affirmative:હકાર.
Aye, (એ)*adv*. Always;ever:હમેશાં;સદા;નિત્ય.
Azimuth,(ઍઝિમથ્)*n* An arc of the horizon between Meridian of the place & the vertical circles:સમાંશ.*The co*-a:દિગાંશ.
Azote, (ઍઝોટ્) *n*. [Gr. a & *zao*, I live.] Nitrogen gas:એક જાતની ઝેરી હવા.
Azure,(ઍઝ્યૂર્)*a*. Sky-coloured: આસ્માની; વાદળી રંગનું;નીલવર્ણું.*n*.Fine blue color of the sky:વાદળી-આસ્માની રંગ;નીલોવર્ણ.

B.

B, The second letter & first consonant in English language:ઇંગ્રેજી મૂળાક્ષરનો બીજો અક્ષર અને પહેલો વ્યંજન; બ.
Baa.(બૅ)*n*.The cry or bleating of sheep:ઘેટાબકરાનો શબ્દ;બેં બેં *vi*.To bleat:બેઁ બેઁ કરવું.
Babble, (બૅબ્બલ્) *vi*. To utter words unintelligibly: તોતડું બોલવું.2. To talk irrationally:લવરી કરવી;બકવું; બબડવું;લવવું 3 To tell secrets; to blab: છાની વાત બહાર પાડવી; વાત ફોડવી. 4. To make a constant murmuring noise:ખળ ખળ અવાજ કo.*v.t*.To prate.બડબડવું-લવારો કo*n*.Idle talk:બકવા;લવરી;બકબક;ખળખળાટ.
Babe-by,(બેબ્,બેબિ)*n*.An infant:બાળક;બચ્ચું. 2. A doll for children: છોકરાઓનું રમકડું-ઢીંગલું. [વસ્થા-ગડબડ;ઘાંઘળ;કોલાહલ.
Babel, (બેબલ્)*vt*.Confusion;disorder:અવ્ય-
Babyish or **Babish**, (બેબિશ્)*a* Childish: છોકરવાદ; નાદાન. [of monkey: એક જાતનું વાંદરૂં.
Baboon, (બૅબૂન) *n*. [L. *baboynus*]. A kind
Bachhanal-ian,(બૅક્કનૅલ્-બૅક્કનેલિઅન) *n*. [L. & Gr.*Bachhus*,the God of wine.]A drunkard:છાકટું;દારૂડીયું-માણસ *a* Riotous: છાકટું;તોફાની;દારૂડીયો; ખ્યાલી-ખુશાલી સંબંધી.
Bachhanals,(બૅક્કનૅલ્સ્)*n pl*.Drunken feasts: દારૂડીયાની મીજબાની;પાનોત્સવ; પાનસમારંભ.
Bachelor,(બૅચેલર્) *n*. [L. L. *baccalarius*, bachelor arts.] An unmarried man: વાંઢો; કુંવારો.2. A person who has taken the first degree in the liberal arts at a college or university:પાઠશાળાની પહેલી પદવી મેળવનાર.
Back,(બૅક્)*n*. The upper part in animals and thehinder part in men:પીઠ;પુંઠ;વાંસો;બરડો 2.A broad high ridge:કરોડ.3.The outward or upper part of a thing: પાછલો ભાગ; પુંઠ;પૃષ્ઠ ભાગ.4.The hinder part:નીચેનોપૃષ્ઠભાગ.5.The part out of sight:અદૃશ્ય ભાગ; બીજો ભાગ-છેડો.6.The thick and strong part of a

cutting tool:કાપવાના હથિયારનો ઉપરનો જાડો ભાગ;જાડો ભાગ;પીઠ.*adv.*To the place from which one came: પાછા ફરીને. 2. To a former state or condition:અસલની સ્થિતિએ.3.Away from contact:પાછું;પ્રતિ.4.Behind:પુંઠે;પછવાડે;વાંસે.5. Away from the present:પાછળ;વાંસે.6.Again in return:પાછા;ફરીને.*v t* To mount:સ્વારી કરવી;ચઢવું;-ઉપર બેસવું.2.To support:મદદ-પુષ્ટિ-ઉત્તેજન આપવું 3.To cause to recede:પાછા હઠાવવું.4.To make a back for:પુંઠું કરવું-ચઢાવવું. *v.i.*To move back:પાછા હઠવું *a.* Remote:પહેલાંનું.2.Backward in direction: વળતું.

Back-bite, (બૅક્બાઇટ્) *vt.* To speak ill of a person behind his back:ચાડી ખાવી;પાછળ ભુંડું બોલવું;નિંદા કરવી;ભાંડવું. *v. i.* To censure the absent: ચાડી ચૂગલી કરવી.

Back-biter,(બૅક્બાઇટર્) *n.* A secret calumniator:ચાડી ચૂગલી-નિંદાકરનાર;ચાડીઓ;ચૂગલીખોર.

Back-biting,(બૅક્બાઇટિંગ્) *n.* Secret calumny: ચાડી;ચૂગલી; નિંદા. [back:કરોડ.

Back-bone, (બૅક્બોન) *n.* The bone of the

Backgammon,(બૅકગૅમ્મોન્)*n.*A game played with a box & dice:એક જાતની ચોપટ જેવી રમત.

Back-ground,(બૅક્ગ્રાઉન્ડ્)*n.*Ground in the rear:પાછલો ભાગ.2. A place of obscurity:ગુપ્ત સ્થળ-સ્થિતિ.In the **B.**ગુપ્ત;અપ્રસિદ્ધ;પાછળ.

Back-house,(બૅક્હાઉસ)*n.*(*a*) A building behind the main one:ઘરની પાછળનો ભાગ.(*b*) A privy;necessary:જાજરૂ;વાડો; સંડાસ.

Back-side,(બૅક-સાઇડ)*n* (*a*)The hinder part of any thing:પાછલો-પૃષ્ઠભાગ;ગાંડ.(*b*)The rear of a house:ઘરની પાછળનો ભાગ;વંડો;વાડો.

Back-slide, (બૅક્સ્લાઇડ્)*vi.* To apostatize: ધર્મભ્રષ્ટ-પતિત થવું;સ્વધર્મત્યાગ કo;સન્માર્ગ છોડવો.

Back-stairs,(બૅક્સ્ટેર્ઝ્)*n.*Stairs on the back part of a house:પાછલો-છુપો-ચોર દાદર-જીનો.

Backsword,(બૅકસોર્ડ્)*n,* A sword with one sharp edge:એકધારી તલવાર.2.A kind of stick: એક જાતની લાકડી.

Backward,(બૅક્વર્ડ્)*a.*Unwilling:નારાજ;વિમુખ;પાછળ પડતું;પછાત 2. Dull:મંદ;ઠોઠ;સુસ્ત. 3. Late in time:મોડું આવેલું,પાછોતર.૪ અવળું;ઉંધુ.

Backwards.(બૅકવર્ડ-ડર્ઝ્)*ad.*With the back in advance:પાછા પગલે.2. On the back:ચતા; ચતુ 3.Towards the back:પાછા;પુંઠે;પાછળ 4.In past time or events:થઈ ગએલું.5.Contrarily: અવળું;ઉલટું.To go **b.** બગડીજવું;ઉતરતીદશા થવી.

Bad,(બૅડ્)*a.*Wanting good qualities,corrupt: ખરાબ; દુષ્ટ; ભુંડું; નઠારૂં.2. Injurious;hurtful: નુકશાનકારક;ઇજા કરે તેવું.3. Offensive;unwholesome:દુષ્ટ;બાધક;અહિતકારક;નઠારૂં;બગડેલું.4. Defective;unskilful:વાંધા પડતું,આઘીઆવડતનું;કાચું. 5 Ill;evil:નઠારૂં;દુષ્ટ;ખરાબ;નકામું;નરસું;અશુભ;ખોટું.

Bade,(બૅડ્)The past tense of **bid:** ફરમાવ્યું.

Badge, (બૅજ્)*n.* A distinctive mark worn on person: ચિન્હ;પટ્ટો;ચપરાશ. 2. Something that gives prominence:નિશાની;લક્ષણ; ચિન્હ.

Badger,(બૅજર્)*n.* A kind of animal:એક જાતનું પ્રાણી.2.A brush made of the badger's hairs by artists:બ્રશ; કુચડી; પિંછી *v t.* (a) To pester;to tease:છેડવું;સંતાપવું.(*b*)To pursue eagerly:વાંસે લાગવું;મંડવું.

Baffle,(બૅફ્લ્) *vt.* To elude: વ્યર્થ-નિષ્ફળ કo. 2. To frustrate or defeat: ગુંચવવું; હરાવવું; ચાલવા-ફાવવા-વળવા ન દેવું; પરાજય કo.

Bag,(બૅગ્)A sack or pouch:થેલો-લી;કોથળો-ળી. 2. A sort of silken purse:રેશમની કોથળી. 3. Quantity held in the bag:કોથળામાં સમાય તેટલું;કોથળો. *vt.* To put into a bag: થેલીમાં ભરવું; કોથળો-ળી ભરવો-વી 2.To capture; to entrap:પકડવું;સપડાવવું. *vi.* To swell like a full bag:ભરેલી થેલી માફક ફુલવું;ફુલીને દડો થવું.

Bagatelle, (બૅગેટેલ્) [L.*bacca,* berry.]*n.* A trifle;a thing of no importance:નજીવી-હલકી-માલ વગરની વાત;ક્ષુદ્રવિષય.2.એક જાતની રમત.

Baggage, (બૅગેજ્) *n.* The tents & other necessaries of an army:તંબુ વીગેરેલશ્કરનો સામાન 2.The trunks,carpet,bags &c.used to contain the necessaries of a traveller:મુસાફરનો ખટલો-પેટી.3.A low woman:કુપાત્ર નીચસ્ત્રી.

Bagnio, (બૅન્યો) *n.* [L. *balneum,* bath] A bath:હમામખાનું.2.A brothel:અખાડો;ખાંજરૂં.

Bagpipe, (બૅગ્પાઇપ્) *n.* A musical wind instrument:વાંસળી.મોરલી;શરણાઇ.

Bail, (બેલ્) *vt.* [L. *bajus,* a bearer.] To liberate on security of another: જામિનપર છોડવું.2.To deliver,as goods in trust:અનામત સોંપવું.3 To free from water:પાણી ઉલેચવું. કાઢી નાંખવું.*n.*Surety for another: જામીન. 2. Security given for the release of a prisoner:જામીનગીરી.3.The handle of a kettle or other vessel:કીટલી કે તેવા વાસણનો હાથો.4.The top of the wicket in the cricket: ક્રીકેટમાં ખોસેલાં દાંડા ઉપર મુકવાની ફરકડીઓ.

Ballable, (બેલૅબલ્) *a.* Admitting to bail: જામિન લઈ શકાય તેવું-ઉપર છોડી શકાય તેવું.

Bail-bond(બેલ-બૉન્ડ્)*n.* A written security for the appearance of a prisoner at the trial:જામીન ખત; જમાની ખત; જામીનતકબો.

Bailiff,(બેલિફ્)*n.*An officer of justice:બેલીફ; સમન્સ બજાવનાર.2.An overseer on an estate જાગીર ઉપર દેખરેખ રાખનાર.

Baliwick,(બેલિવિક્)*n.*The limits of a bailiff's authority:નાજરની હુકમત.

Bait,(બેટ્)*n.*Any substance put on a hook to entice fish to swallow it:ગલમાં ભરાવેલું ભક્ષ. 2. Enticement: લાલચ; ગલ; મધલાળ; રસ્તામાં ખાવાનું ભાથું.*vt.* To allure by food: ખોરાક આપી લલચાવવું. 2. To give food or drink to a beast in journey:જાનવરને ઘાસ નીરવું-દાણો ખવરાવવો-પાણી પાવું*vi.*To refresh with food and drink in a journey:ભાથું ખાવું;હાજરી કરવી.

Bait,(બેટ્)*vt.*To provoke & harass:હેરાન કરવું; કુતરાં ભસાવવાં;દુઃખ દેવું;ખીજવવું;સતાવવું.

Bake,(બેક્)*vt.*To heat,dry & harden:પકવવું; શેકવું;તપવવું.2.To harden by cold: ઠંડકથી કઠણ થવું.*vi.* To do the work of baking:ભઠીયારાનું કામ કરવું;શેકવું;પકવવું.2.To be baked;to dry & harden in heat:શેકાવું;ચઢવું;સુકાવું.

Balance,(બૅલૅન્સ્)*n.*[L.*bis*, twice & *lanx*,a scale.]A pair of scales:કાંટો;ત્રાજવું;તાજવું. 2. Excess on one side of an account: શિલક; બાકી;શેષ.3.Estimate:ગણત્રી;વિચાર;તુલના.4.An equipoise or just proportion:ધડો;સમતોલ.5. The wheel in a watch:ઘડીયાળનું ચક્ર. 6. A sign of the zodiac:તુલા રાશી *vt.*To weigh in a balance:તોળવું.2.To counterpoise:સમતોલ. કરવું;ધડો ક૦3.To estimate:-નું તોલ ક૦;-ની તુલના ક૦;તોળી લેવું.4.To settle:માંડી વાળવું;ચુકવવું;પતાવવું. *vi.* To be equipoise: સમતોલ હોવું. 2.To hesitate:આનાકાની કરવી; સંકલ્પવિકલ્પ રાખવો.

Balance sheet,(બૅલૅન્સ્ટ્) *n.* A paper giving balance of accounts: સરવૈયું.

Balcony,(બૅલ્કૉનિ)*n.*[L.*belco*,beam.] A projecting gallery: કઠેરો;ગોખ;ઝરૂખો;છજ્જુ.

Bald, (બૉલ્ડ્) *a.* Wanting hair: તાલ પડેલું. 2. Unadorned;inelegant:અલંકાર-શોભા રહિત;અસભ્ય;નિરસ.3.Destituteof natural covering: છાલ-પીંછાવગરનું;આચ્છાદનરહિત;નગ્ન; ઉઘાડું.

Balderdash,(બૉલ્ડરડૅશ)*n.*Bad,mixed liquor: ભેગવાળો દારૂ.2.Nonsense;trash:જંગલી બોલી.

Baldrick(બૉલ્ડ્રીક્) *n.* [L.*baltens*,a belt.] A girdle;a belt:કમરપટો;મેખલા;રાશિચક્ર.

Bale,(બેલ્)*n* A bundle of goods:ગાંસડી;પોટલી; બિંડી.*vt.*To make up in a bale:ગાંસડી બાંધવી. 2.To free from water by dipping:પાણી ઉલેચવું.

Bale,(બેલ્)*n.*Calamity;misfortune:સંકટ;દુઃખ; આપત્તિ વિપત્તિ;શોક;આપદા;આફત;વિપદ.

Baleful,(બેલ્ફુલ્)*a.*Calamitous;destructive: સંહારક;અનર્થકારક;વિનાશી;દુઃખદાયક; દુઃખિત.

Balk,(બૉક્)*n.*A ridge of unploughed land: સેડો;પડતર-વગર ખેડેલી જમીન.2.A great beam: મોભ; ભારવટિઓ. 3.Disappointment:નાઉમેદી; નિરાશા.*vt.*To leave untouched in ploughing: પડતર રાખવું;સેડો રાખીને ખેડવું. 2. To frustrate: નિરાશ-નિષ્ફળ ક૦.*vi.*To stop abruptly in one's course:ચાલતાં ચાલતાં એકદમ અટકી પડવું.

Ball,(બૉલ્)*n.* [L *pila.*] A round body: દડો; ગોળો;પીન્ડુ;ગોટો.2.Any protuberant part of the body:શરીરનો આગળ પડતો દડા સરખો ભાગ; આંખનો ડોળો 3.Musket balls:ગોળી.

Ball, (બૉલ્) *n.* [Gr. *ballo*,I heap.]A social assembly for the purpose of dancing:નાચ; નૃત્યોત્સવ;નૃત્યસમારંભ.

Ballad(બૅલડ્)*n.*A simple popular song:ગીત; લાવણી;ગરબી.*vi.*To sing ballads:ગીત ગાવાં.

Ballast, (બૅલૅસ્ટ્) *n.* Heavy substance to sink a vessel to a certain depth so as to keep it steady:નેહાવ;નીરમ.2 Broken stones: ભાગેલા પથરા;કાંકરા. A ship in b-s.ખાલી વહાણ.

Ballet,(બૅલ્લે)*n.*A kind of dance:એક જાતનો નાચ;હાવભાવપૂર્વક નૃત્ય.

Balloon,(બૅલૂન્)*n.*A hollow vessel of light material filled with gas so as to rise in the air:બલુન;ગબારો;વિમાન.2.A ball on the top of a pillar:થાંભલા ઉપરનો ગોળ ભાગ.3.A ball stuffed with cumbustibles:સળગી ઉઠે એવા પદાર્થથી ભરેલો ગોળો;હવાઇ.

Ballot,(બૅલૉટ્) *n.* (*a*) A little ball used in voting:મત આપવાની ગોળી;લખોટી (*b*)Hence,a piece of paper used for the same purpose: મત આપવાની ચિઠ્ઠી.(c) The whole amount of votes cast:પાડેલા-આવેલા સર્વ મત;મતસમસ્ત.*vi.* To vote or decide by ballots:ચીઠ્ઠીથી મતઆપવો.

Balm, (બાંમ્) *n.* [L.*balsamum*,balsam]A fragrant plant: ખુશબોદાર છોડ. 2. Aromatic sap of certain trees:કોઇઝાડનો ખુશબોદાર રસ; ગુગળ.3Any fragrant ointment:ખુશબોદાર લેપ-મલમ-ઉટણું.4.Anything which heals pain: દુઃખ નિવારક-ઔષધ *vt.*To annoint with balm: લેપ કરવો ચોળવો2.To mitigate:મટાડવું;શમાવવું.

Balmy,(બાંમિ)*a.*Odoriferous;aromatic:સુગંધીદાર;ખુશબોદાર;સુવાસિત 2. Assuaging; soothing:શાંતિકારક;સુખકર;મિઠું;ગુલાબી;નરમ;શામક.

Balsam,(બાંલ્સૅમ્)*n.* Soothing ointment of an oily nature:ખુશબોદાર તેલ;અભ્યંજન. 2.A species of tree:એક જાતનું ઝાડ.

Baluster,(બૅલસ્ટર)*n.*[L.*balanstium.*]A little pillar:નાનો થાંભલો;કઠેરાનોસળીયો.[lars:કઠેરો.

Balustrade(બૅલસ્ટ્રેડ્)*n.* A row of little pil.

Bamboo, (બૅમ્બૂ)*n.* A strong Indian reed with hollow jointed stems:વાંસ.*Manna of the* b:વાંસકપુર;વંશલોચન.*vt.*To flog with the bamboo:વાંસથી ઝુડવું-મારવું-કુટવું.

Bamboozle,(બૅમ્બૂઝલ્)*vt.*To deceive;to confound:છેતરવું;ગુંચવું;ઠગવું;છેતરપીંડી ક૦;ફસાવવું.

Ban,(બૅન્)*n.*A public notice, mendatory or prohibitory:ઢંઢેરો;દાંડી.2. (*pl.*);A proclama-

tion in church:લગ્નના ઠરાવની જાહેરખબર; લગ્ન થવાનુંછ તેની જાહેર ખબર. 3. An interdiction; prohibition:મના;આણ દુવાઇ 4.A curse:શ્રાપ; શાપ;બદદુવા. 5.A pecuniary penalty: દંડ.*vi.* To curse:શ્રાપ દેવો;બદદુવા આપવી.

Banana(બૅનૅન)*n* An herbaceous plant & its fruit:સોનેરી કેળ તથા સોનેરી કેળું.

Band, (બૅન્ડ્)*n.* A narrow strip of cloth for binding;fillet:પાટા;દોરી;બંધ;પટો;પટી.2.Means of unionbetween persons:સંપ;સંબંધ;સાંકળ;શ્રેણી 3.A linen ornament for clergymen:પાઘડીનો ડોકે બાંધવાનો પટો (*a*)A companyof persons;multitude assembled:મંડળી;જમાત;ટોળી; ઝુંડ; સમાજ;સમૂહ (*b*)લશ્કરની ટુકડી;પલટણ *vt.* To bind: બાંધવું. 2. To unite: એક સંપ કરવો.

Bandage (બૅન્ડેજ્)*n.*A fillet or roller used in dressing wounds: પાટો. 2. Something resembling a bandage:બંધન;બંધ;પાટો.*vt.*To bind with a bandage:પાટો બાંધવો.

Bandit,(બૅન્ડિટ્)*n.*A robber;a brigand:બારવટીયો;લૂંટારો;ધાડપાડુ;વાટપાડુ.

Bandog,(બૅન્ડૉગ્)*n.* A large, fierce kind of dog; mastiff:વિકાળ કુતરો

Bandy,(બૅન્ડિ)*n.*A bent club for striking a ball at play:ગેડી;દંડો.2 The play with such a club:ગેડી દડાની રમત.*vt.* To beat to & for: આમ તેમ ફેંકવું.2.To exchange:ટપાટપી-વાદવિવાદ કo.*vi.*To contend at a game:ટપાટપી કo.

Bane,(બેન્) *n* (*a*) Poison of a deadly quality:હળાહળ ઝેર;વિષ.(*b*)hence,any fatal cause of mischief or destruction:વિષનો પ્યાલો;વિષનું ઘર;વિનાશહેતુ;અનર્થમૂળ.2.Ruin:નાશ;મરણ;કાળ.

Baneful,(બેન્ફુલ્)*a.* Poisonous:ઝેરી; નાશકારક

Bang,(બૅન્ગ્)*vt* To handle roughly;to beat: પ્રહાર કo;મારવુંઝાપટવું.2.To excel: ચઢીયાતું થવું; ઉપર ટપી જવું. *n.* A heavy blow: સપાટો; ઝપાટો;પ્રહાર.2.An intoxicating drug:ભાંગ.

Bangle,(બૅન્ગ્લ)*n.*An ornamental ring worn on the arms & ankle in India & Africa: બંગડી; ચૂડો;કલ્લી;ગુજરી; ચુડી.

Banian,(બૅનિઍન્)*n.*A Hindu merchant: વાણીઓ;વેપારી.2. A morning gown:બદન; બંડી; ગંજીફરાક.3.The Indian fig tree:વડ.

Banish,(બૅનિશ્)*vt.* To condemn to exile:દેશનિકાલ કરવો;દેશપારકo.2.To drive away:કાઢી મુકવું. [banished:દેશનિકાલ;દેશવટો.

Banishment, (બૅનિશ્મેન્ટ્) State of being

Bank,(બૅન્ક્) *n.* A mound, pile or ridge of earth:બાંધ;પુસ્તો;કિનારો;પાળ;કોટ.2.Any steep ascent rising from a water course:કિનારો; કાંઠો.3.A shoal;a shallow:બારું.4.An establishment for the custody,or the loaning,exchange,or issue of money:પેઢી;શરાફી દુકાન;કોઠી; બેંક.*vt.*To embank:ધોરો-બાંધ-પુસ્તો બાંધવો.*vi.* To carry on banking:શરાફી કામ કરવું.

Banker,(બૅન્કર્)*n.*One who traffics in money:શરાફ;પેઢીવાળો;શાહુકાર;નાણાવટી.

Bank-note(બૅન્ક્નૉટ્)*n* A promissory note issued by a bank:તરત મુદતની હુંડી.

Bankrupt,(બૅન્ક્રપ્ટ્)*n.*[L *ruptus*, broken.] A trader who fails to pay his debts: દેવાળીયો;નાદાર. *a.* Insolvent: નાદાર.*vt.*To make insolvent:દેવાળુ કઢાવવું.

Bankruptcy, (બૅન્ક્રપ્ટ્સિ) *n.* Failure in trade:દેવાળું;નાદારી. [bank:બેંકના શેર.

Bank-stock, (બૅન્ક્સ્ટૉક્) *n.* Share of a

Banner, (બૅનર્)*n.*A flag or ensign:વાવટો; નિશાન;પતાકા;ધજા. [નાનો વાવટો.

Bannerol,(બૅનરોલ્) *n.* A little flag: ધજા;

Banquet,(બૅન્ક્વેટ્) *n.*A feast:મિજબાની; ઉજાણી;જયાફત;ખાણું *vt.* To treat with a feast: મિજબાની આપવી;ખાણું આપવું.

Banter(બૅન્ટર્)*vt.*To joke:મશ્કરી-હાંસી-ઠઠ્ઠા-કo. *n.* A joking:વિનોદ;ઉપહાસ;ઠઠ્ઠો;મજાક.

Bantling, (બૅન્ટ્લિન્ગ્)*n.* A young child:બાળક; બચ્ચું.

Banyan, See, **banian.** 3.

Baptism,(બૅપ્ટિઝ્મ્) *n.* [Gr. *bapto*, I dip in water]An initiating sacrement of the Christian religion:ધર્મનિવેશાર્થજળસંસ્કાર;બાપ્તિસ્મ.

Baptist, (બૅપ્ટિસ્ટ્) *n.* One who administers baptism:જળસંસ્કાર કરનાર.

Baptistic, (બૅપ્ટિસ્ટિક્)*a.* Pertaining to baptism: જળસંસ્કાર સંબંધી.

Baptize,(બૅપ્ટાઇઝ્)*n.*To christen:સંસ્કાર કરવો.

Bar, (બાર્) *n.* Bolt:ભુંગળ; ગજ; આગળો. 2. An obstruction:વિઘ્ન;અડચણ;આડખીલ.3.A sand bank at the entrance to a river:નદીના મોં આગળનું બારું. 4. (*a*) The railing enclosing the space which counsels occupy in courts of justice:અદાલતમાં વકિલોને બેસવાની જગાની આસપાસનો કઠેરો.(*b*)The whole body of lawyers:સમસ્ત વકીલ મંડળ. 5. Lump of gold or other metal:ધાતુનું ચોસલું;રૂપાની ઇંટ-ગઠ્ઠો;સોનાની રણી.*vt.*To fasten with a bar:ભુંગળ દેવી-ખેંચવી.2.To obstruct:અટકાવવું;અડચણ-નડતર-વિઘ્ન કo;બંધકo.3.To except:બાતલ કરવું;અપવાદ ગણવો.

Barb,(બાર્બ્)*n.* [L.*barba*, beard.]A beard: દાઢી. 2. The point that stands backward in an arrow: આંકડો-ડી; કાંટો. 3 A defensive armour anciently warned by horses: અસલ વપરાતુ ઘોડાનું બખતર;પાખર. 4. A horse of Barbary noted for speed: બારાબરી દેશનો ઘોડો. *vt.* To furnish with barbs:આંકડાવાળું-કાંટાદાર કo. 2. To clothe a horse with arm-

our:ઘોડાને બખ્તર પહેરાવવું.

Barbarian,(બાર્બેરિઅન્) *n*. [L. *barbarus*, rude.] An uncivilized person: જંગલી-અભણ-અસભ્ય માણસ;રાનવો. 2. A cruel man: ઘાતકી ક્રૂર-નિર્દય માણસ.*a*. Rude: જંગલી; અસભ્ય;અણઘડ 2 Brutal; cruel: ઘાતકી;ક્રુર; નિર્દય.

Barbarism, (બાર્બારિઝ્મ્) *n*. Savagism: જંગલીપણું;ક્રુરતા;નિર્દયતા. 2. Solecism: અશુદ્ધ ભાષણ;અપશબ્દ;અશુદ્ધ પ્રયોગ.

Barbarity, (બૉર્બેરિટિ) *n*. Savageness; inhumanity:નિર્દયતા;ક્રુરતા;અસભ્યતા;નિષ્ઠુરતા.

Barbarize,(બાર્બારાઇઝ્)*vt*.To use or adopt foreign mode of speech: અશુદ્ધ ભાષા વાપરવી. *vt*.To make barbarous:જંગલી-અસભ્ય-અણઘડ ક૦

Barbarous, (બાર્બારસ્) *a*. [L. *barbarus*, foreign.] *a*. Uncivilized:જંગલી;રાની; અસભ્ય;અડાણી.2.Cruel;ferocious:ઘાતકી;ક્રુર; નિર્દય.

Barbary, (બાર્બેરિ) *n*. [L. *barbaria*.] A Barbary horse:બારબરી દેશનો ઘોડો.

Barbate,(બાર્બેટ્) *a*. [L. *barbatus*, having a beard.] Bearded:દાઢીવાળું; વાળના ગુચ્છાદાર.

Barbed, (બાર્બ્ડ્)*a*. Bearded; armed: આંકડાદાર;અણીદાર;કાંટાદાર. [હજામ;ગાંયજો;વાળંદ;રાત.

Barber,(બાર્બર્)*n*.One who shaves beards:

Barberry, (બાર્બેરિ) *n*. A wild bush or its fruit;એક જાતનો જંગલી છોડ અને તેનું ફળ.

Bard, (બાર્ડ્)*n*.[L *bandus*.] A poet:ભાટ;ચારણ;બારોટ;બંદિજન:કવિ.

Bardic, (બાર્ડિક્) *a*. Pertaining to the bard or his poetry:ભાટ-ચારણ કવિ-સંબંધિ;તેમની કવિતા સંબંધિ-વિશે-બાબત.

Bardism,(બાર્ડિઝ્મ્)*n*. The learning & maxims of bards:ભાટ ચારણના ઉખાણા-કહેવત;ભાટાઈ.

Bare,(બેર્) *a*. Naked:ખુલ્લું;નાગું;બોડું.2.With the head uncovered from respect: ઉઘાડું; બોડું.3. Plain; unadorned: સાદું;લુખું;અલંકાર રહિત 4.Destitute;empty:વિનાનું; રહિત;ખાલી. 5. Much worn;threadbare: જુનું ખાખ થઈ ગયેલું;ખખળી ગયેલું;જીર્ણ.6.Mere;alone:એકલું;છડું.

Bare-faced, (બેર્ફેસ્ડ્) *a*. With face uncovered:ખુલ્લા મોંવાળું;બુરખા વગર;મોં ઢાંક્યા વગરનું. 2.Shameless;impudent:લાજવગરનું,નિર્લજ;ધૃષ્ટ.

Bare-foot, (બેર્ફુટ્) *a*. & *ad*.With the feet bare:ઉઘાડા પગવાળું-પગે;અડવા પગવાળું;અડવા પગે.

Bare-headed(બેર્-હેડેડ્)*a*.Having the head uncovered:ખુલ્લા માથાવાળું;બોડું;બોડુ માથુ રાખેલું.

Bareness,(બેર્નેસ્) *n*. A nakedness; indigence:નાગાઈ;દૂબળાઈ;શૂન્યતા;ક્ષીણતા.

Bargain, (બાર્ગેન્) *n*. An agreement: કરાર; સાટું;બોલી;પટ્ટુ 2.A gainful or satisfactory transaction: નફા પડતો સોદો; કિફાયતનું વેચાણખરીદી.*vi*. To agree:સાટું ક૦;સોદો ક૦;પટવું. *vt*. To transfer for a consideration: વેચવું.

Barge,(બાર્જ્)*n*.A boat:ક્રીડાનૌકા;હોડી.

Bark,(બાર્ક્)*n*. The rind:છાલ;છોલ;છોડું.*vt*. To peel:છાલ-છોલ ઉતારવી.2.To cover with bark: છાલથી છાજી લેવું.3. To tan:કમાવવું.

Bark, (બાર્ક્) *n*. The noise made by a dog: કુતરાનું ભસવું તે. *vi*. To make the noise of a dog:ભસવું.2 To clamour:ભસવું;નિરર્થક નિંદાક૦.

Bark,(બાર્ક્)*n* A small ship:ન્હાનું વહાણ.

Bark-pit,(બાર્ક્પિટ્)*n*. A pit filled with water to steep hides for tanning:ચામડિયાનો કુંડ.

Barley,(બાર્લી)*n*.A well-known grain:જવ.

Barm,(બાર્મ્)*n*.The foam rising upon beer: બીર જાતના દારૂનું ફીણ;ખમીર.

Barn,(બાર્ન્)*n*.A covered building for farm produce:છાપરાવાળુ ખળું.2 A house for stabling cattle & horses:તબેલો;કોઢ;ગમાણ.

Barometer,(બૅરૉમેટર્)*n*. [Gr.*baros*,weight & *metron*,a measure.]An instrument for determining the atmosphere:વાયુભારમાપક યંત્ર;હવામાન;વાયુમાપક યંત્ર.

Barometric-cal,(બૅરૉમેટ્રિક્ કલ્)*a*. Pertaining to barometer:વાયુભારમાપક યંત્રનું-સંબંધિ.

Baron,(બૅરૉન્)*n* [L. *baro*, a simple man.] In England a title or degree of nobility ઉમરાવની પદ્વી.2. One who holds that title: ઉમરાવ.3.A husband:પતિ;ધણી.

Baronage,(બૅરૉનેજ્) *n*. The whole body of barons: ઉમરાવ મંડળ. 2. The dignity of a baron:બૅરૉનની પદ્વી.3.The land which gives title to a baron:બૅરૉનની જાગીર; ઉમરાવનું વતન.

Baroness, (બૅરૉનેસ્)*n*. A baron's wife:ઉમરાવની સ્ત્રી.

Baronet,(બૅરૉનેટ્)*n*.The title next below a baron: ઉમરાવથી ઉતરતી પદ્વીનો પુરૂષ.-**cy**. The title & dignity of a baron:બૅરૉનેટની પદ્વી.

Baroscope,(બૅરૉસ્કોપ્)*n*. [Gr. *baros*, heavy & *scopio*,I view.]An instrument showing changes in atmosphere: વાયુમાપકયંત્ર.

Barouche,(બૅરૂશ)*n*.[L.*barotus*,from *bis*,two & *rota* a wheel.]A four-wheeled carriage with a falling top:ચારપૈડાની ખુલ્લીગાડી; ચારક.

Barque,(બાર્ક્)*n*. A small ship:એક જાતનું ન્હાનું વહાણ.

Barrack,(બૅરૅક્) *n*. A hut or house for soldiers especially in garrison: લશ્કરી સિપાહીઓને રહેવાનું ઝુપડું-ઘર;'બરાક.'

Barratry,(બૅરૅટ્રિ)*n*.Fraud in a ship-master against the owners as embezzling goods or running away with ship: વહાણના માલીક પ્રત્યે, વહાણના નાયકે કરેલો દગો-ગેરવર્તણુંક.2. The practice of encouraging law-suits:દા-

વા ઉઠાવવાની ઉશ્કેરણી કરવી તે.

Barrel, (બૅરલ્) *n.* A round cask of more length than breadth bulging in the middle: પીપ.2.The quantity which a cask contains: એક પીપમાં જેટલું માય તેટલું.3.A tube:નળી;કોઠી; નાળ.*vt.* To pack in a barrel:પીપમાં ભરવું.

Barren,(બૅરેન્) *n.* Not producing offspring: વાંઝિયું;વંધ્યા. 2.Unproductive; sterile:કજડ; અફળદ્રુપ;રૂક્ષ 3. Not producing fruits:વાંઝિયું. 4. Empty:શુષ્ક;વ્યર્થ; નિષ્ફળ;નકામું; નિરસ;નિરૂપયોગી;ખાલી 5.Dull; stupid:મંદ;બોથડ;શૂન્ય.

Barrenness,(બૅરેન્નેસ્)*n.*Unfruitfulness;sterility:વાંઝીયાપણું;નિષ્ફળતા;વંધ્યત્વ;શુષ્કતા.

Barricade,(બૅરિકેડ્)*n.*A fortification made in haste in defence against enemies:શત્રુ સામે બચાવ માટે ઉતાવળમાં કરેલો કિલ્લો;લક્કડકોટ. 2.Any obstruction or means of defence: બચાવનું સાધન;અટકાવ.*vt.*To obstruct:અટકાવવું;શત્રુને અટકાવવા માટે કામચલાઉ કોટ બાંધવો.

Barrier, (બૅરિઅર્) *n.* A fence made in a passage:શત્રુને ખાળવા કરેલો કોટ.2. A fortress on the frontier of a country:સરહદઉપરનો કીલ્લો.3.Any thing which hinders approach or attack:અટકાવ;અંતરાય;વિઘ્ન;અડચણ.4.Any limit or boundary:હદ;સીમા;મર્યાદા;સરહદ.

Barrister,(બૅરિસ્ટર્)*n.*An advocate:પહેલા વર્ગનો સનંદી વકીલ;બારિસ્ટર.

Barrow, (બૅરો) *n.* A light carriage moved by hand:હાથગાડી;ઠેલણગાડી.2.A hog,especially a male hog castrated:ડુક્કર;ખાંસી કરેલું ડુક્કર.3.A mound of earth:માટોડીનો ઢગલો;ટેકરો.

Barter,(બાર્ટર્)*vi.*To traffic by exchanging one commodity for another:સાટું-બદલો ક૦; *vt.*To exchange:અદલબદલ ક૦.*n.* Exchange; dealing:સાટું;સાટાપાટી;અદલાબદલ.

Barth,(બાર્થ્)*n.*A place of shelter for cattle: ઢોર બાંધવાનો વાડો-માંડવો.

Basal(બેસલ્)*a.*Forming a base:તળીયાને લગતું.

Basalt, (બૅસોલ્ટ્)*n.*[L *basaltes*,a species of a narble.]A dark greyish black-stone: એક જાતનો ભૂરો કાળો પથ્થર. 2. A kind of black porcelain:એક જાતનાં કાળાં ચીનાઈ વાસણ.

Base,(બેસ)[L.*bassus*,low.] *a.*(*a*) Of humble birth & low degree(persons):હલકા કુલનું;નીચ;હીણ;પાજી;ખળ;દુષ્ટ (*b*)Mean(things):હલકું;નજીવું;ક્ષુદ્ર.2 Of illegitimate birth:રાંડના પેટનું; હરામજાદુ.3.Low in value:હલકી કિમતનું;હલકું; શશી 5.Not classical or refined:હલકું;અધમ. 6.Deep(in sound):ઊંડું,ગંભીર;ખરજ. *n.* The bottom:તળિયું; પાયો; મૂળ;તળ; આધાર. 2. The lower part of a wall:ભીંતનો પાયો.3.That extremity of a leaf,fruit,&c., at which it is attached to its support:દીટું.4.A principal element of a compound:કોમ્પણ રસાયણિક મિશ્રણનો મુખ્ય ભાગ.5 The intersection of a cone by plane:પાયો(ભૂમિતિ)*vt.*To found:પાયો નાંખવો.

Base-Born,(બેસ્બૉર્ન્)*a.*Born out of wedlock: જારજ;હરામજાદુ.2.Born of low parentage:નીચા કુળનું. [નિરાધાર;નિમૂળ;આધારશૂન્ય.

Base less (બેસ્લેસ્)*a.*Without foundation:

Bashful(બૅશ્ફુલ્)*a* Very modest;shy;sheepish:શરમાળ;લજ્જાળુ;ગોમુખું;ગરીબડું.

Bashfulness,(બૅશ્ફુલ્નેસ્)*n.*Modesty in excess:શરમ;લજ્જા;વિનય;લાજ;સંકોચ.

Basify,(બેસિફાઈ)*vt.*[L *basis*, base & *facio*,I make.] To convert into a base:પાયાનું રૂપ આપવું; પાયો કરવો.

Basil,(બૅઝિલ્)*vt* To form the edge of a tool: ધાર કાઢવી.*n* A pot-herb:તુળસી.2.The skin of a sheep tanned:મેંઢાનું પકવેલું ચામડું.

Basilic, } (બૅઝિલિક્) [Gr. *basilikos*, kingly.] A large hall used for administering jutice:ન્યાયકોર્ટ;ન્યાયશાળા;દરબાર; કોર્ટ. 2 A royal palace: દરબાર: રાજગૃહ. 3. A digest of the laws of Justician translated by order of Basil I:કાયદાનું પુસ્તક.
Basilich }

Basilicon,(બૅઝિલિકૉન્)*n.* [L. *basilicus*] An ointment composed of wax,pitch,resin & olive oil:એક જાતનો મલમ-લેપ.

Basilisk,(બૅઝિલિસ્ક્) *n.* [L.*basilicus*,a little king.]A fabulous serpent with a crest on the head:મણીધર કલ્પિત નાગ.

Basin,(બેસિન્) *n.* A hollow vessel to hold water for washing:છીછરૂ વાસણ;તપેલું;તરત;વાડકો.2. Any hollow place containing water: હોજ;કુંડ;તળાવ.3 Coal formations:કોયલાનું પડ ખેતર.4.The entire tract of country drained by a river:દેશના જે ભાગનું પાણી નદીમાં જતું હોય તે આખો ભાગ-પ્રદેશ.

Basis,(બેસિસ્)*n pl* **bases** [Lat.*basis* a base] The foundation of anything:પાયો; મૂળ; તળીયું;આધાર.2.The pedestal of a pillar:થાંભલાની બેસણી-કુંભી.

Bask,(બૅસ્ક્)*vi.* To lie in warmth:તડકે બેસવું; તડકો ખાવો,સુખ ચેન-ચમન-મજા ક૦.*vt.*To warm with genial heat:શેકવું-ઉનું કરવું.

Basket,(બૅસ્કેટ્)*n.* A vessel made of twigs: ટોપલી-લો;કંડિયો;છાબડી *vt.*To put in a basket: ટોપલામાં ભરવું.

Bass,(બેસ્)*n.*The lowest part in a musical composition:ખરજ.*adj* Low;deep:હલકો;ગંભીર.

Bass,(બૅસ્)*n.* A door-mat: બારણા આગળ નાંખવાની ચટાઇ-સાદડી.

Bass-relief,(બૅસ્રીલીફ્)*n.*Sculpture whose

figures do not stand out far from the plane: બહાર થોડુંક ઉપસી આવેલું કોતરકામ;પ્રતિચ્છાયા.

Bastard(બૅસ્ટર્ડ્)*n*.Spurious child;one born of an illicit union:છીનાળના પેટનું છોકરૂં; દાસી પુત્ર;જારજ સંતાન;અનૌરસ પુત્ર; લોંડીજાયો; હરામજાદો.2. An inferior quality of sugar: હલકી જાતની ખાંડ.*a*.Illegitimate:છીનાળના પેટનું;જારજ;અનૌરસ;હરામજાદુ. 2. Spurious:ખોટું; કૃત્રિમ; બનાવટી.

Bastardy,(બૅસ્ટર્ડિ)*n*.Illegitimacy:જારજાવસ્થા; વ્યભિચારોત્પત્તિ:અનૌરસતા;હરામજાદાપણું.

Bastile,(બૅસ્ટીલ્)*n*. Any tower or fortification: કિલ્લો;બુરજ;કેદખાનું.

Bastinade-o(બૅસ્ટિનેડ્-ડો)*n* A sound beating with a stick:લાકડીના મારના ઝપાટા;કુંદાપાક;દંડ પ્રહાર.*vt*.To beat with cudgel especially on the sole of a foot:પગના તળીયે-લાકડીવતી મારવું.

Bastion, (બૅસ્ટિયૉન્) *n*. A mass of earth in front of a fortification:કિલ્લાની આગળનો બુરજ.

Bat,(બૅટ્)*n* [L *batuo*,I beat.]A heavy stick: દંડો;દંડુકો;ગેડી;બૅટ;પાટીયું 2 A sheet of cotton prepared for filling quilts: ગોદડું-રજાઇ ભરવા કરેલું રૂનું પડ.*vi*.To play with a bat:બૅટ લઇ રમવું.

Bat,(બૅટ્)*n* [L.*batta*,a night moth.]A small animal:વાગોળ;ચામાચિડિયું;*wild* b.:વડવાગોળ.

Batch,(બૅચ્)*n*.Quantity of bread baked at one time:એક વખતનો રોટલીનો ઘાણ 2. An assortment:એક જાતની વસ્તુનો સમૂહ;જથો.

Bate,(બેટ્)*vt*.To abate:ઓછું કરવું;ઘટાડવું.2.To except: મુકી દેવું; બાતલ કo. *vi*. To remit or retrench a part:કમી કરવું;ઓછુ કo;મજરે આપવું;કાપવું;ઘટાડવું.2. To flutter:પાંખ ફફડાવવી.

Bath,(બાંથ્)*n*.A place to bathe in:ન્હાવાની જગ્યા;હમામખાનું;સ્નાનાગાર.2. A receptacle of water to bathe:ન્હાવાનું વાસણ-પીપ 3.The act of exposing the body for the purposes of cleanliness to water:સ્નાન;અંઘોળ;ન્હાવણ.

Bathbrick,(બાંથ્બ્રિક્) *n*. A brick used for cleaning knives:છરીઓ માંજી સાફ કરવાની ઇંટ.

Bathe,(બેધ્)*vt*.To wash by immersion:સ્નાન કરાવવું;નવાડવું.2.To moisten with a liquid: ભીંજાવવું;પલાળવું *vi*.To be in a bath:ન્હાવું.

Bathing,(બેધિન્ગ્)*n*.The act of washing the body in water:સ્નાન;અંઘોળ;ન્હાવણ.

Batlet,(બૅટ્લેટ્)*n*.[See **bat**]A flat piece of wood for beating linen in washing:કુંડી કરવાની મોગરી;કુંડી.

Baton-Batoon,(બૅટોન્,બૅટૂન્)*n*. A staff used for various purposes:ડંગોરો;દંડ;ગદા.

Battalia,(બૅટૅલિયા)*n*.[L.*battuo*,I strike]The order of battle for action:વ્યૂહરચના;રણ-સેના રચના.2.Army in array:વ્યૂહિત સૈન્ય.

Battalion,(બૅટૅલિયૉન્) *n*. A body of about 800 soldiers:૮૦૦ માણસના લશ્કરની ટુકડી;પલટણ.

Batten,(બૅટ્ન્)*n*.A piece of board or scantling: પટી; ચીપ. 2. The moveable bar of a loom:સાળનો ફરતો ગજ.*vt*.To fasten with battens:ચીપ-પટીથી બંધ કo-સાંધવું-જોડવું.

Batter,(બૅટર્)*vt*.][L*batuo*, I beat.] To beat with successive blow;*specifically*, to attack with artillery:ઉપરા ચાપરી ઠોકવું;તોડી પાડવું; તોપનો મારો ચલાવવો. 2. To impair with beating:માર મારી નરમ કo.*vi*.To slope gently backward:પછવાડે નમી પડવું. *n*. A backward slope in the face of a wall: પાછલા ભાગ તરફ ભીંતનો ઢોળાવ.

Battering-ram,(બૅટરિંગ-રૅમ્)*n*.An engine used to beat down the walls of a besieged place:કિલ્લો તોડવાનું યંત્ર.

Battery,(બૅટરિ) *n*. Any place where canons are mounted for battering: મોરચો. 2.Number of guns & mortars ranged for firing:મોરચાપર ગોઠવેલી તોપો.3.An apparatus for generating galvanic electricity:વિજળીનો વેગ ઉત્પન્ન કરનાર એક યંત્ર;વિજળીનીપેટી.

Battle(બૅટ્લ્)*n*.[Lat.*batuo*,I strike.]A fight between enemies;an engagement:લડાઇ;વિગ્રહ;સંગ્રામ;યુદ્ધ.*Brave in* b.:રણશૂર;રણધીર;રણસિંહ.*Field of* b.:રણભૂમિ-ક્ષેત્ર;રણાંગણ;સમરાંગણ. *vi*.To join in battle:લડવું;યુદ્ધ કo;હલ્લો ચીલવો.

Battle-array,(બૅટ્લ્-અરે)*n*.Order of battle: યુદ્ધરચના;વ્યૂહ.

Battle-axe,(બૅટલ્ ઍક્સ્)*n*.An axe formerly used as an offensive weapon:ફરશી;પરશુ.

Battlement,(બૅટલ્મેન્ટ્)*n*.A notched parapet:જંગીવાળી ભીંત;બારીયોવાળો કોટ.

Bauble,(બૉબલ્)*n*.[L *babulus*, foolish.]*n*.A showy trifle;a gewgaw: દેખાવડી નજીવી ચીજ.

Bawd,(બૉડ)*n*.A procuress(*usually applied to females*):કુટણી;ભડવેણ;દૂતી.

Bawdiness,(બૉડિનેસ્)*n*. Lewdness:વ્યભિચાર;છીનાળું. [નાળુ;બીભત્સ.

Bawdy,(બૉડિ)*a*.Obscene;unchaste:બુંડું;છી-

Baw-house,(બૉડ્-હાઉસ્)*n*.A house of lewdness & prostitution:છીનાળનું ઘર;ખાંજરૂં.

Bawl,(બૉલ્)*vi*. [Lat, *balo*,I bleat.] To cry with vehemence:બુમ પાડવી;પોકારવું;ધાંટો કાઢવો. 2.To cry loud:આરડવું;ગાંગેડવું.*vt*.To proclaim by outcry: બુમ પાડી ખબર આપવી-જાહેર કo. *n*. A loud cry:મોટી બુમ;રાડ;ચીસ.

Bay(બે)*a*.[L*badius*,brown.]Red or reddish: રતાસ પડતું;રાતુ ભુરૂ.

Bay(બે)*n*.An inlet of the sea:અખાત;ઉપસાગર.

Bay,(બે)*n*.[L.*baea*, berry.] A laurel tree:ઙ

રલ નામનું ઝાડ;તજનું ઝાડ.*Bark of* b.:તજ.

Bay,(બે)*n.*[L.*ad* & *baubari*,to bark gently.] The bark of a dog:કુતરાનું ભસવું. *To keep at* b; સામા થવું; દુર રાખવું. *vi.* To bark at:સામું ભસવું-થવું.

Bayonet,(બેયોનેટ્)*n.*A steel dagger at the end of a gun:સંગીન.*vt.*To stab with a bayonet:સંગીન ભોકવું.2.To drive by the bayonet:સંગીનથી જરૂર પાડવી-જબરજસ્તી કo.

Bay-salt,(બે-સૉલ્ટ્)*n.* Salt obtained by evaporation of seawater:દરિયાનું મીઠું.

Bazar-aar,(બેઝાંર્)*n.*A place where goods are exposed to sale:બજાર; ચૌટું.

Bdellium,(ડેલિઅમ્)*n.*[L]A gumy substance of an agreeable odour:ગુગળ;દેવધુપ.

Be,(બી)*vi.*To exist:હોવું. 2. To become:થવું 3. To be present in a place:હોવું;આવવું.*Let it* b.,be it so:અસ્તુ;ભલતુ;b.*that as it may*:at all events;in spite of:ગમેતેમ થાય તોપણ;છતાં;તથાપિ.

Beach, (બીચ્) *n.* The shore of the sea or a lake;the strand:દરિયા કે સરોવર કાંઠો; કિનારો; તટ;તીર; દરિયાકાંઠો. *vt.* To run upon a beach: કિનારે અથડાવવું-ચઢાવવું.

Beacon,(બીકન્)*n.*A signal fire to notify the approach of an enemy:શત્રુ પાસે આવ્યાની સૂચના માટે સળગાવેલો દેવતા.2. A lighthouse or signal to direct navigation:દીવાદાંડી;આકાશદિવો.3.That which gives notice of danger ભયસૂચક નિશાની.*vt.*To light up;to illumine રોશની કરવી;ભયની સૂચના આપવી.

Beaconage, (બીકનેજ્) *n.* Money paid for maintaining a beacon: દીવાદાંડી ચાલુ રાખવા આપેલા પૈસા.

Bead,(બીડ્)*n.*A small ball pierced for hanging on a string:મણકો;કાચનો મણકો.*A rosary of* b.s:જપમાળા;બેરખો;સ્મરણી.2.A bubble on spirit:દારૂપરનો પરપોટો.3.A drop:ટીપું-ટપકું.

Beadle, (બીડલ્)*n.*A messenger or crier of a court:અદાલતનો ચોપદાર; પટાવાળો;ચપરાશી.2. An officer in a university: પાઠશાળાનો ચોપદાર;દંડધર.

Beagle,(બીગલ્)*n.*A small hound or hunting dog:નાનો શિકારી કુતરો.

Beak,(બીક્)*n.* The bill or nib of a bird:પક્ષીની ચાંચ;ગ્હોડું;મુખ;ડાંચું.2.The pointed forepart of a ship:વહાણના આગલા ભાગની અણી.3 Anything ending in a point:અણી.

Beaker,(બીકર્)*n.*[L *bacar*,wine-glass.]*n.* A large drinking cup:વાડકો;પ્યાલો.

Beam,(બીમ્)*n.* Any large & long piece of timber or iron:આરવટિયો; મોભ.2.The width of a vessel:વહાણની પહોળાઇ.3.The part of a balance from the ends of which the scales are suspended:ત્રાજવાની દાંડી.4.The horn of a stag:સાબરનું શિંગડું.5.The pole of a carriage:ધોરિયો:ગાડી-ગાડાની ઉંધ. 6. A part of a loom:તોર;તુરી.7.A collection of rays:કિરણ; રશ્મિ.*vt.*To send forth;to omit: પાડવું; ફેંકવું; આપવું.*vi.*To shine:તગતગવું;ચકચકવું;પ્રકાશવું.

Beamy,(બીમિ)*a.* Shining:ચળકતું;ચકચકિત.2. Massy:ભારે;મજબુત. 3. Having horns:શિંગડાવાળું.

Bean,(બીન્)*n.* A leguminous plant & its seeds:કઠોળ;શિંગ-જેવાં કે પાપડી,વાલોળ વિગેરે.

Bear,(બૅર્)*vt.*[Lat.*ferro*,I bear.] To support;to hold up:વહેવું;ઉચકી રાખવું; ઝાલવું. 2. To convey:ઉઠાવી લેઇ જવું;ઉચકી જવું.3.To exercise: વાપરવું;ચલાવવું.4.To wear:રાખવું;ધારણ કરવું.5. To entertain;to cherish:મનમાં રાખવું;ધરાવવું. 6.To endure; to undergo:સહેવું;ખમવું; વેઠવું; સહન કo.7.To sustain or be answerable for: માથે લેવું-રાખવું; જુમ્મેદાર હોવું.8. To bring forward:બતાવવું;દેખાવવું;જણાવવું.9. To carry on; to have:સામેલ થવું;ભાગ લેવો.10. To admit or be capable of:લાગવું;-નું થઇ શકવું.11. To behave:ચાલવું;વર્તવું.12.To afford:-માં રહેવું;સાથે રહેવું. 13.To bring forth;to give birth to:-ને લાગવું; આવવું;જન્મ આપવો;-ને પેટેથી થવું.*To* b *the bell*, to be the first: આગેવાન-અગ્રણી થવું. *To* b. *dawn*,to overthrow:હરાવવું;હઠાવવું.*To* b.*off* (*a*)to restrain:અટકાવવું;દૂર રાખવું.(*b*)To carry away:લઈ જવું; લઇને નાશી જવું. *vi.* To suffer; to endure:દુઃખ ખમવું; સહનકo;હિમ્મતરાખવી.2. To be fruitful:ફળ લાગવાં-આવવાં.3. To press, (with *on* or *upon*):દબાવવું-થી દબાણ થવું;દબાવું;પાછળ લાગવું-પડવું.4.To take effect:લાગુ પડવું સફળ થવું;પાર પડવું.To behave:વર્તવું;-ની માફક વર્તવું.6. To be situated as to the point of compass:હોવું;મ્હો હોવું;અભિમુખ હોવું.7. To relate,to refer(with *on*,*upon*):સંબંધ હોવો ધરાવવો-રાખવો;લાગવું-વળગવું.To b *against*, to approach for attack:તલપ મારવી;ધસવું.To b.*back* to retreat:પાછા હઠવું-ફરવું.To b.*off*, to steer away from the land:જમીનથી દુર ખેંચાવું-જવું. To b.*up*;to have fortitude:હિમ્મત રાખવી;ધીરજ પકડવી.To b.*upon*, to act upon:ની અસર થવી; અસર થાય એવી સ્થિતિમાં હોવું.

Bear,(બૅર્)*n.*[Lat.*fera*,a wild beast.]A wild animal covered with rough shaggy hair: રીંછ.2.મંદી ખાનાર વેપારી.*The Greater* b.,*Ursa Major*:સપ્તર્ષિ.*The Lesser* b.:ધ્રુવપુચ્છ;ધ્રુવ આગળનો સાત તારાનો ઝુમખો.

Bear-able,(બૅરેબલ્)*a.* Tolerable:ખમાય એવું.

Beard,(બીર્ડ)*n.*[L *barba*,beard.]*n.*The hair that grows on the lips,chin and adjacent

parts of the face:દાઢી.2.The awn or sharp prickles on the ears of corns:સુખળાં.3.Sharp point of an arrow:આંકડો.4.Rays of a comet ધૂમકેતુની પુછડી. *vi.* To take by or seize the beard:દાઢી પકડવી-તાણવી-ખેંચવી. 2. To set at defiance:સામુ થવું;ગ્હોંપર કહેવું;અપમાન ક૦.

Bearer,(બેરર્)*n.*One who bears or carries: લઈ જનાર;લાવનાર;ઉચકનાર.2.One who carries a dead body to the grave: ખાંધિયો;મુડદું ઉચકનાર.3. A supporter, as a wallpost or stud:ધારણ કરનાર;ટેકો;લાકો.

Bearing,(બેરિન્ગ્)*a.* Without a post stamp: ટપાલની ટીકીટ ચોડયા વિનાનો; નોટપેડ. *n.* Mien; behaviour:ચાલચલગત;વર્તણુંક;આચરણ.2. Relation:સંબંધ;અવસ્થાન;સ્થિતિ.

Beast, (બીસ્ટ્) *n.* [L. *bestia,* a beast.] (*a*) Any fourfooted animal: પશુ; ઢોર. (*b*) Any irrational animal:હેવાન;જનાવર.2.A brutal-man:પશુ-હેવાન જેવું માણસ.

Beastings, *n. pl.* See **Beestings,**

Beastliness,(બીસ્ટ્લિનેસ્)*n.*Brutality;filthiness:પશુવૃત્તિ;ક્રુરતા;નિર્દયતા;નિષ્ઠુરતા;મલિનતા.

Beastly, (બીસ્ટ્લિ) *a.* Having the form & nature of a beast:પશુજેવું-સંબંધિ.2. Brutal; filthy:પશુતુલ્ય;મલિન;મેલું;ગંદુ;ઘાતકી

Beat,(બીટ્)*vt.* To knock;to strike often: મારવું; કુટવું; અફળાવવું; વગાડવું. 2. To break, or pulverize by beating: ખાંડવું; કચરવું; ભુકો ક૦. 3.To hammer:ટીપવું;ટીપી ટીપીને વધારવું.4. To scour or range over in hunting:રખડવું;ઘસવું.5.To tread,as a path:રસ્તો કાપવો;ચાલવું.6 To thrash:ઝુડવું;ઝાટકવું. 7. To vanquish; to conquer:હરાવવું; જીતવું; પરાજય પમાડવું. *To* b. *back*:હઠાવવું;પાછું ફેરવવું.*To* b.*an alarm*:ઢંઢેરો પીટી ભયની સૂચના આપવી.*To* b *down*:તોડી પાડવું;પાડી નાંખવું;ઢોળી પાડવું;સુવાડી દેવું; દબાવી દેવું; કચરી નાંખવું;બેસારી દેવું;ભાવ ઘટાડવો-ઉતારવો;–થી ભાવ બેસી જવો.*To* b *off*,to repel:પાછા હઠાવવું; કાઢી મુકવું.*To* b.*up*:છાપો મારવો; ઓચિંતો હુમલો કરવો.*To* b.*the bush*: ગોળગોળ વાત ક૦. *To* b *about the bush*:ભૂલભરેલી રીતેવિચારવું-તર્ક ક૦; ઢોંગ ધરવો;મનાવવું;ગણાવવું; સમજણ-ગમ ન પડવી; લંબાવવું;આડા ઉતરવું.*To* b.*all hollow*: સર્વોપરી થવું;ચઢિયાતા થવું.*vi.* To knock: ઠોકવું; ઠેલવું. 2. To throb:ધડકવું; ધબકવું. 3. To dash or fall with force: જોરમાં થવું–આવવું–અફળાવું 4. To fluctuate;to be in doubt:ડચુપચુ હોવું;શક લાવવો.5.To make progress against the direction of the wind: પવન સન્મુખ ચાલવું. *n.* A stroke:માર;ઝપાટો;ધક્કો;તાડન.2 A pulsation:ધબકારો;સ્ફુરણ.3.A round or course frequently gone over:ફેરો;ચક્કર;આંટો.4.The rise or fall of hand in regulating the division of time (*in music*):તાલ.5.A. place of frequent resort:બેઠક;સ્થાન;રહેઠાણ.B.*of clock or watch*:ટકટક.

Beaten,(બીટન્)*a.*Warn by use;trodden:ચાટી નાંખેલો;જાવ આવ થએલો;ઘસાઈ ગયેલો.2. Become common:સાધારણ થઇ પડેલું.

Beater,(બીટર્)*n.*An instrument for pounding:સાંબેલું;ઘાણ;દંડો;મોગરી.

Beatific-al, (બીઍટિફિક્-કલ્) *a.* Imparting blissfulenjoyment: સ્વર્ગસુખદાયક; સુખદાયક; સુખપ્રસાદ કર.

Beatification,(બીઍટિફિકેશન્)*n.*Blessedness: પરમાનંદ;સ્વર્ગસુખ;મુક્તિ પ્રાપ્તિ પ્રસિદ્ધ કરવી તે.

Beatify,(બીઍટિફાઈ)*vt.* [L *beatus,* happy & *facio,*I make]To regard as happy:સુખી ગણવું-માનવું. 2 To make happy:સ્વર્ગસુખ-મુક્તિ આપવી;પરમાનંદ આપવો;મોક્ષ આપવો.

Beatitude,(બીઍટિટ્યૂડ્)*n.*The felicity of the highest kind:પરમસુખ;મોક્ષ;નિર્વાણ;નિઃશ્રેયસ;મુક્તિ.

Beau,(બો)*pl.***Beaux,***n* [L-*bellus,*gay.]A fine gay man:ફક્કડ;વરણાગિયો;છેલલાલ;લાલાજી;બાંકેરાવ.

Beauish(બોઈશ્)*a.*Foppish; fine: અક્કડબાજ; ફાંકડુ;બાંકુ;છેલ;ફક્કડ.

Beauteous-tiful,(બ્યૂટીઅસ્-ટિફુલ્)*a.*Very fair: elegant in form:સુંદર;ફુટડું;શોભિતું;ખૂબસુરત; મનોહર;સુશોભિત;રળિયામણું;રૂપાળુ;સોહામણું.

Beautify(બ્યૂટિફાઈ) *vt.* To adorn; to grace: સુંદર-રૂપાળુ-શોભિતું કરવું;શણગારવું.*vi* To become beautiful:સુંદર-રૂપાળુ દેખાવું;શોભવું.

Beauty,(બ્યૂટિ)*n* [L.*bellus,*pretty.]The graces & properties in any person or thing that delight the eye:ખુબસુરતી;સૌંદર્ય;ફુટડાઇ; શોભા;કાંતિ 2. A particular grace,feature or excellence:ખુબી;ગુણ;રસ.3 Beautiful woman. ફુટડી સ્ત્રી;સુંદરી;મહેતાબ;પરી;અપ્સરા;રૂપવંતી સ્ત્રી.

Beauty-spot,(બ્યૂટિસ્પૉટ્) *n.* A spot placed on the face to heighten beauty:ચાંદલો;છુંદણું

Beaver,(બીવર્) *n.* An amphibious animal valued for its fur:જળ-સ્થળ ચર રૂવાંટ વાળું પ્રાણી. 2.A hat or cap made of the fur:તે જનાવરનાં રૂવાંની બનેલી ટોપી.

Becalm,(બિકાંમ્)*vt.* To appease: સ્થિર-શાન્ત ક૦;સમાવવું;ચેન પાડવું.2.To keep from motion: અટકાવવું;ચાલતુ બંધ ક૦;-થી અટકવું.

Because,(બીકૉઝ્) *conj.* For the cause that; on this account that:કારણ કે;કેમકે;તેથી; કાંજે.

Bechance,(બીચૅન્સ્)*vt.*To befall: આવી પડવું; વિતવું;ગુજરવું *ad.*By chance:અકસ્માત્;એકદમ.

Back,(બૅક્)*n.*A significant nod of the head or hand:અણસારો;સાન;ઈસારો;સંજ્ઞા; ઇશારત.*vt.* To notify or call by a nod of the head or hand:સાનમાં સમજાવવું;ઈસારો કરી બોલાવવું.*vi.*To

nod or make a sign:અણુસારો-ઇસારો-સાન કરવી

Beck,(બેક્)*n.* A small brook:નાળું;વહેળીયું.

Beckon,(બેકન્)*vt.* [See **Beck**] To make a sign to another by nodding or a motion of the hand or finger:હાથ કે આંગળી વતી ઇસારો-સાન ક૦;સંકેત-સૂચના ક૦ *vt.*To summon:બોલાવવું;તેડવું.*n.*A sign made without word;a beck: ઇશારત:સાન;અણુસારો;સૂચના,સંકેત;સંજ્ઞા.

Becloud,(બીકલાઉડ્)*vt.*To obscure:ઝાંખુ પાડવું;-થી ઢંકાઇ જવું;જંખવી નાંખવું.

Become,(બીકમ્)*vi.* To pass from one state to another:થવું;બનવું; થઈ જવું.*To* **b.** *of*, to be the fate of;to be the end of:થવું;પરિણામ આવવું;વલે ગતિ થવી.*vt.*To suit;to befit: શોભવું;દીપવું;છાજવું;સારૂં દેખાવું. Becoming *a.* Suitable: લાયક;યોગ્ય;લાજમ;ઉચિત;ઘટિત.

Bed,(બેડ)*n.*Something to sleep or take rest on;a couch:પથારી;તળાઇ;બિછાનું.2.Marriage; lawful co-habitaion:લગ્ન;અભિગમન.3 Level piece of ground in a garden:કયારો;તકતો;કયારી.4.The bottom of a river or other body of water:તળીયું.5.A layer;a stratum:પડ;થર. *To put* to **b**:જણાવવું *To go to* **b.**:સુઇ રહેવું-જવું. *vt.*To plant & cover:રોપવું;ઘાલવું 2 To lay in any hollow place inclosed:દાટવું;પૂરવું.*vt.* To go to bed;to cohabit:ભેગા સુવું;સંભોગ ક૦.

Bedabble,(બડૅબ્લ્)*vt* To wet:છાંટવું:પલાળવું.

Bedaub,(બડૅાબ્)*vt* To besmear:ચોપડવું.

Beda.**zle,** (બડૅઝ્ઝલ્) *vt* To make dim by lustre:આંજી નાંખવું;ઝખવાવી દેવું;ઝાંખ વાળવી.

Bed-chamber, (બેડ્ચેમ્બર્) *n.* A room in which there is a bed:સુવાનો ઓરડો;શયનગૃહ.

Bedding,(બેડિન્ગ્)*n.*Materials of a bed:બિછાનું;તળાઈ;પથારી;ગોદડાં;પાયરણું;પાથરણું.

Bedfellow, (બેડ્ફેલો) *n.*One who lies in the same bed:સાથે સુનાર;શયનબંધુ;શયનસખા.

Bedeck,(બિડેક્)*vt* To adorn:શણગારવું.

Bedew,(બીડ્યૂ)*vt.*To wet as with dew:ઝાકળથી ભીનું ક૦;પલાળવું;આર્દ્રક૦;-થી પલળી જવું;-ઝાખુ થવું.

Bedhangings, (બેડ્હૅગિંગ્ઝ્) *n.* Curtains of a bed:મચ્છરદાની. [અંધારૂં-ઝાંખુ ક૦.

Bedim,(બીડિમ્)*vt* To make dim;to darken:

Bedlam.(બેડ્લૅમ્)*n.*A madhouse:ગાંડાનીઇસ્પિતાલ.2.An insane;a lunatic:ગાંડો.3.A place where there is a great deal of noise:જ્યાં શોરબકોર થતો હોયતેવી જગ્યા *a* Belonging to or fit for a mad-house:ગાંડા સંબંધી-માટે લાયક.

Bed-rid-riden,(બેડ્રિડ્ડન્)*pa.* Wholly confined to bed by age or sickness:ખાટલે પડેલું; ખાટલાવશ;શય્યાગ્રસ્ત;પથારીવશ થયેલું.

Bedrop, (બડ્રૉપ્) *vt.* To cover or sprinkle with drops:ટાંટા પાડવા; છાંટવું.

Bed-stead,(બેડ્સ્ટેડ્)Wooden or iron framework of a bed:ખાટલો;પલંગ.

Bed-tick,(બેડ્-ટિક્) *n.* The case for holding materials of a bed: ખોળિયું;ખોળ. [વાળું કરવું.

Be-dust,(બીડસ્ટ્)*vt.* To soil with dust: ધૂળ-

Bee,(બી) *n.* An insect that makes honey & wax:મધમાખી;મધુમક્ષિકા;મધુકર.2 An industrious & careful person: ઉદ્યોગી પુરૂષ.*To have* **b. s.** *in the head*: બેચેન રહેવું; અજંપામાં રહેવું; ફરેલ માથાના હોવું;કડક થવું.

Bee garden,(બી ગાર્ડ્ન્) *n.* An enclosure where bees are reared:માંખીઓને ઉછેરવાનોવાડો.

Bee-hive,(બી હાઇવ્) *n.* A case intended or used as a habitation for bees:મધપુડો.

Bees-wax,(બીઝ્-વૅક્સ્) *n.* The wax collected by bees:મીણ.

Beef,(બીફ્)*n.* [L. *bovis*, an ox.] An animal of the genus *Bos*: બળદ; ગાય; ગોધો. 2. The flesh of bovine animals:ગોધાનું માંસ;ગોમાંસ.

Beer,(બીર્)*n.*[L.*bibo*,I drink.]A fermented liquor made from malted grain:જવનો દારૂ.

Beestings,(બીસ્ટીન્ગ્ઝ્) Also spelt **Biesting,** First milk given by a cow after calving: વિયાએલી ગાયનું પહેલું દુધ; ખરેડુ.

Beet, (બીટ્) *n.* [L. *beta*] A garden or field vegetable with large roots:એક જાતનું કંદમૂળ.

Beetle,(બીટ્લ્) *a.* A heavy wooden mallet: મ્હોટી મોગરી. 2. A general name of insects having a horny wing cover:ઢંદો.To .hung or extend out:ઝઝુમી રહેવું;બહાર નિકળવું-પડવું.

Beetle headed,(બીટ્લ્હેડેડ્)*a.* Dull; stupid: મૂર્ખ;ઠોઠ;અક્કલશૂન્ય;જડ;ઢ.

Befall,(બીફૉલ્) *vt.* To happen to:આવી પડવું; વિતવું:ગુજરવું *vi.* To come to pass:થવું,બનવું.

Befit,(બીફિટ્)*vt.* To suit:લાયક-યોગ્ય હોવું; ઘટવું.

Befool,(બીફૂલ્)*vt.* To lead astray: બેવકૂફ બનાવવો;ભૂલથાપ દેવી.

Before,(બીફોર્) *prep.* In front of: આગળ;સામું;સન્મુખ 2 Preceding in time;earlier than: પહેલાં;અગાઉ;પૂર્વે.3 In presence of:સમક્ષ;રૂબરૂ; દેખતાં.*adv.*In front:અગાઉ;આગળ.2.Already: કયારનું;પહેલાં;પૂર્વે.**B.hand,***adv.*Sooner in time at first:આગળથી; પહેલેથી.

Befoul,(બીફાઉલ્)*vt.*To soil:ખરડવું;મેલું ક૦;બગાડવું.

Befriend, (બીફ્રેન્ડ્) *vt.* To assist; to favour: મિત્રતા-કૃપા રાખવી; મદદ આપવી;ઉપકાર કરવો.

Beg, (બેગ્) *vt.* To ask earnestly; to solicit charity:વિનંતી-આજીજી ક૦; ભીખ માગવી.2. To take for granted;to assume:ખરૂં ધારવું;અનુમાન ક૦. *vt.* To ask alms or charity:ભીખ માગવી.

Beget(બીગેટ્) *vt.* To generate; to produce: જન્મ આપવો;પેદા ક૦.2. To produce as an ef-

fect:ઉપજાવવું;ઉત્પન્ન કo;-થી ઉત્પન્ન થવું.
Beggar.(બેગર્)*n.* A mendicant:ભીખારી;માગનાર;માગણ. *vt.* To reduce to poverty:ભીખ માગતું કરી નાંખવું; દરિદ્રિ કરી નાંખવું. To **b.** *description*:વર્ણન ન થઈ શકવું.
Beggarly,(બેગર્લિ)*a.*Mean;poor:ગરીબ;કંગાલ.
Beggary,(બેગરિ)*n* State of great poverty: દરિદ્રાવસ્થા;ગરીબી;કંગાલિયત.
Begin,(બીગિન્) *vi.* To commence:આરંભ-શરૂ થવું;મંડાણ થવું.*vt.*To enter on;to commence: આરંભવું;શરૂ કરવું;કરવા માંડવું.
Beginner,(બીગિનર્)*n.* One who begins: શિખાઉ;આરંભ કરનાર. [પ્રારંભ;મંડાણ;શરૂઆત.
Beginning, (બીગિનિંગ્) Origin; source:
Begird, (બીગર્ડ્) *vt.* To bind with a band: કમર બાંધવી;પટો બાંધવો.2 To enclose:ઘેરો ઘાલવો.
Begone.(બીગોન્)*interj.*Depart:નિકળ! કાળુ કર!
Begrudge,(બીગ્રજ્) *vi.* To grudge; to envy the possession of:અદેખાઈ કરવી;નાખુશ થવું.
Beguile,(બીગાઈલ્)*vt.*To deceive or impose on:ઠગવું;છેતરવું 2. To evade by craft:થાપ દેઇ ઉડાવવું-નજર ચુકાવવી.3. To amuse:નિર્ગમન કo.
Beguilement,(બીગાઇલ્મેન્ટ્) *n.* Act of deceiving:ભુલથાપ;ઠગાઈ. [હિત;લાભ;બચાવ;પક્ષ.
Behalf, (બીહૅફ્) *n.* Advantage; favour:
Behave,(બીહેવ્)*vt.*To conduct;to manage; to bear: ચાલવું;વર્તવું.
Behaviour, (બીહેવિયર્) *n.* Conduct, good or bad;manners:ચાલ;વર્તણુંક;આચરણ;આચાર; વર્તન;ચાલચલગત. [ગરદન મારવું;માથુ કાપી નાંખવું.
Behead,(બીહેડ્)*vt.*To sever the head from:
Behest,(બીહેસ્ટ્)*n.*Command; injunction: આજ્ઞા;હુકમ;ફરમાન 2.A vow:વચન;બાધા.
Behind,(બીહાઈન્ડ્)*prep* On the other side of:પાછળ;પરે.2.Left after the departure of: પછવાડે;પાછળ.*Close* **b**:છેક નજીક; લગોલગ; અડીને. *adv* In the rear:પાછળ પડતું.2. Backward: પાછું 3.Remaining:બાકી રહેલુ.4.Past:આગળનું ગયા વખતનું; ગઈ ગુજરી.
Behind-hand,(બીહાઈન્ડ્ હૅન્ડ્) *a.* Not equally forward:પાછળ રહી ગયેલું.
Behold,(બીહોલ્ડ્)*vt.* To look at; to observe with care:નિહાળવું;ધ્યાનપૂર્વક જોવું; નિરખવું. *vi.* To look:જોવું.
Beholden,(બીહોલ્ડન્)*a.*Bound in gratitude; indebted:આભારી; ઓશીઆળું;ઉપકારી.
Behoove, (બીહૂવ્) *vt* To be fit for; to be necessary for:અગત્યનું;જરૂરનું હોવું;ઘટવું;છાજવું
Being(બીઇન્ગ્)*n.*Existence in fact or thought: હોવાપણું;અસ્તિત્વ;સદ્ભાવ.2.That which exists or lives:જીવ;પ્રાણી.
Belabour, (બીલેબર્) To ply diligently:ખૂબ ઉદ્યોગ કરવો; મહેનત કરવી. 2. To beat soundly (*fig*):ખૂબ મારવું કુટવું;પ્રસાદી આપવી.
Belay,(બીલે) *vt.* To block up or obstruct: ઘેરો ઘાલવો.2 To adorn: પહેરાવવું;શણગારવું.3. To fasten or make fast:તાણી-કઠણ બાધવું.
Belaud,(બીલોડ્)*vt.* To praise greatly:અતિશય પ્રસંશા કરવી.
Belch, (બેલ્ચ્)*vt.* To eject or throw up violently from the stomach:ઓડકાર ખાવો-આવવો.2.To cast forth:બહાર કાઢવું.*vi.* To eject wind from the stomach: વાછુટ થવી; ઓરકાડ આવવો *n.* Eructation:ઓરકાડ;ઓરકાર;ડકાર.
Beldam, beldame, (બેલ્ડેમ્) *n.* An old woman:ડોસી;ડોસલી.2.An ugly old woman; a hag:કુબજા;ડાકણ;શાકણ;તંત્રી;બદસુરત બૈરી.
Belecture, (બીલેક્ચૂર્) *vt* To vex with lectures:ભાષણો કરી કંટાળો આપવો.
Belesprit, (બેલિસ્પ્રી) *pl.* **beauxes-prits,** *n.* A fair genius:અક્કલબાજ; હાજરજવાબી.
Belfry,(બેલ્ફ્રિ) *n.* A moveable tower erected by besiegers: ઘેરો ઘાલવા અને બચાવ કરવા લશ્કરમાં રાખેલો છુટો બુરજ.2. A bell-tower:ઘંટ રાખવાનો બુરજ-ઘુમટ;ઘંટાલય.
Belial,(બીલિઍલ્) *n.* An evil spirit: સેતાન; દૈત્ય. *adj* Worthless:નિરૂપયોગી.
Belie,(બીલાઇ)*vt* To show to be false:જૂઠું-ખોટું પાડવું;જુઠું છે એમ સાબીત કo.2.To give a false account of:જુઠું કહેવું 3To slander:જુઠી બગદોઇ કo;નિંદા કo;નિંદવું;ભાંડવું.4.To counterfeit;to mimic:નકલ કo;ચાળાપાડવા.
Belief.(બીલીફ્)*n.*Conviction;partial assurance:ભરોસો;પતીજ;ઇતબાર;વિશ્વાસ.2.Faith:આકીન;શ્રદ્ધા;ભાવ.3.Doctrine;tenet:ધર્મ;પંથ;મત;માર્ગ 4 Opinion:માન્યતા મતિ;મત;વિચાર;અભિપ્રાય.
Believe,(બીલીવ્) *vt.* To regard as true;to place confidence in:સત્ય માનવું-જાણવું;વિશ્વાસ-ઇતબાર રાખવો; માનવું. *vi.* To have a firm persuation:ભરોસો કo:શ્રદ્ધા આકીન-ભાવ રાખવો. 2.To think;to suppose:ધારવું;માનવું.
Believer, (બીલીવર્) *n.* One who believes: માનનાર;શ્રદ્ધાવાન;શ્રદ્ધાળુ;આસ્તિક.2 (*a*)One who believes in the scriptures, as revelation from God:શાસ્ત્ર ઇશ્વરોક્ત છે એમ માનનાર; આસ્તિક. (*b*) A professor of Christianity: ખ્રિસ્તી ધર્મ માનનાર;વિશ્વાસી.
Belike,(બીલાઈક્)*adv.*Probably;it is likekly; perhaps:ઘણું ખરૂ-કરીને.દૈવયોગે;કદાચિત;કદાચ
Bell,(બેલ્)*n*A hollow metallic vessel which gives a sound:ઘંટ;ઘંટડી;ઘુઘરો.2. Anything in the form of a bell:ઘંટના આકારનું; ઘંટાકાર વસ્તુ.To *lose the* **b.**:હારવું. *vi.* To bellow:બરાડવું.2.To grow in the form of a bell:ઘંટાકા-

રે ઉગવું; ને ઘંટ બાંધવો.

Belle,(બેલ્)*n.*[L. *bellas*, fine.]A young lady of superior beauty & much admired:રૂપાળી-છેલછબીલી સ્ત્રી;રંભા;સુંદરી;પ્રમદા; લલના.

Belles lettres, (બેલ્ લેટ્ર્) *pl. n.* Polite or eligant literature:અલંકારશાસ્ત્ર; અલંકારવિદ્યા.

Bell-founder,(બેલ્ફાઉન્ડર્)*n.* A man whose occupation is to cast bells:ઘંટ પાડનાર બનાવનાર.

Belligerent,(બેલિજરેન્ટ્)*a.*[L.*bellum*, war & *gero*,I wage.]Waging war:લડાઈ સંગ્રામ-યુદ્ધ મચાવનાર-કરનાર.2.Tending to war: લડાઇ કરે-ઉપજાવે તેવું.*n.*Nation or power carrying on war:લડાઇ ચલાવનાર પ્રજા-રાજ્ય.

Bell-metal, (બેલ્ મેટલ્) *n.* Alloy of copper & tin used for making bells:કાંસું.

Bellow,(બેલ્લો)*vi.* To make a loud noise as a bell:બરાડવું;ગરજવું 2.To clamor:આરડવું; બુમ પાડવી.3.To roar:ગર્જવું-ઘોંઘાટ કરવો;ધુધુ કo;સુસવાટા લેવા.*n* A loud outcry:ધુધવાટ;ગર્જના;ઘોંઘાટ;બૂમ.

Bellows,(બેલ્લોઝ્) *n. Sing.* & *pl.* [L *bulga* belly, womb.] An instrument supplying the pipes with wind:ધમણ.

Bell-pull (બેલ્પુલ્) *n.* A bell cord: ઘંટ વગાડવાનું દોરડું.

Bell-wether, (બેલ્વેધર્) *n.* A sheep which leads a flock:ઘંટવાળો મેંઢો-ઘેટો; આગેવાન ઘેટો.

Belly,(બેલિ) *n.* The abdomen:પેટ; ઉદર: કોઠો; જઠર.2. The womb:ગર્ભસ્થાન;કુખ.3.The part of any thing which resembles human belly in protuberance:પેટની માફક કોઇપણ ચીજનો આગળ પડતો-ઉપસેલો ભાગ *vi.*To swell & become protuberant like the belly:ઉપસવું;ફુલવું.

Belly-band,(બેલિબૅન્ડ્)*n.* A band that fastens the saddle of a horse; ઘોડાનો તંગ.

Belly-ful,(બેલિફુલ્) *a.* As much as fills the belly or satisfies the appetite:પેટપુર;ધરાઇને. 2. More than enough:પુષ્કળ; હદ ઉપરાંત.

Belong,(બીલૉન્ગ્)*vi.*To be the property of; to appertain:-નું હોવું; તાબામાં હોવું. 2. To be a part of or connected with:-નો ભાગ હોવો; હદમાં હોવું.3. To be native of or to have a legal residence:ના રહેવાસી-રહીશ-વતની હોવું.4. To be the proper business of:-નું કામ હોવું.

Beloved,(બીલવ્ડ્)*n.* Greatly loved; near to the heart:વહાલું;પ્યારૂં;જીવજાન;પ્રિય.

Below,(બીલો)*prep.*Beneath;under in place: તળે;નીચે. 2. Inferior to:હલકુ; ઉતરતું. 3. Unworthy:અયોગ્ય;નાલાયક;અઘટિત;અણઘટતું. *adv.* In a lower place; beneath:હેઠળ;નીચે.2.On the earth as opposed to heaven: પૃથ્વીપર; આ લોકમાં; ઇહલોકમાં.3. In hell:નરકમાં.

Belt,(બેલ્ટ્) *n.* [*balteus*, border] A band; a girdle:પટો;બંધ;કંદોરો;કમરબંધ;મેખલા;કટિબંધ; કટિમેખળા;સાંકળી.2.That which restrains like a girdle:પટાની માફક જે કંઈ બંધમાં રાખે તે;મર્યાદા; હદ 3. One of the zones which surround the planet Jupiter:બૃહસ્પતિની આસપાસ આવેલો કટિબંધ.4.A narrow passage or strait: સામુદ્રધુનિ;નેર 5 *vt.* To encompass:પટો બાંધવો;ઘેરી લેવું;ચારે પાસ વિંટલાઇ વળવું.2.To shear (sheep):વાળ ઉતારવા-કાતરી લેવા.

Bemire,(બીમાઇર્)*vt.*To drag in the mire or dirt: કીચડમાં રગદોળવું-ખરડાવું.

Bemoan,(બીમૉન્)*vt.*To lament:રૂદન કo;ખેદ કo.

Bench,(બેન્શ્)*n.*A long seat:પાટલી;બાંક.2.The seat of justice:ન્યાયાસન;ધર્માસન.3.The persons who seat as judges;the court:ન્યાયાધીશ;ઈનસાફદાર.*vt.*To furnish with benches:પાટલીઓ મુકવી.2.To place on a seat of honor: માન આપવું;-ના આસને બેસાડવું. *vt.* To sit on a seat of justice:ન્યાયાસને બીરાજવું.

Bend,(બેન્ડ્)*vt.*To crook:વાંકુવાળવું;મરડવું.2.To direct:તરફ વાળવું-ફેરવવું.3 To exert;to apply: ઘણી મહેનત કo;લગાડવું;ચોંટાડવું. 4. To subdue: તાબે-આધીન-કo;કબજે રાખવું. 5. To fasten, as one rope to another:સંધાડવું;બાંધવું;જોડવું.*vt.* To jut; to overhang; to bow:વાંકુ થવું-વળવું; નમવું;મરડાવું 2.To be inclined:બહાર પડવું-નિકળવું;-નો નિશ્ચય કરી બેસવું;વલણ હોવું;-ને ચઢવું-વળવું. 3.To bow in prayer:નમવું.*n.*A curve:a bow: વાંક;રાંટ;ખાંચો 2.A knot:ગાંઠ;સાંધો.

Beneath,(બીનીથ્)*prep* Lower in place with something on:તળે;નીચે. 2. Under, as from the effect of pressure:દબાયલું;તળીયે;તળે. 3. Unbecoming:હલકુ;ઉતરતું;અયોગ્ય;અઘટિત; અણછાજતું *adv.*In a lower place:તળેથી;નીચેથી.

Benediction,(બેનીડિકશન્)*n.* [L. *bene*, well & *dico*,I say.]Act of blessing:આશીર્વાદ દેવો તે; ભલુ ઇચ્છવું તે.2.Expression of gratitude; blessing:આશીર્વચન; આશીર્વાદ:દુવા; આશિષ;ધન્યવાદ.3.A short prayer:પ્રભુની સ્તુતિ;સ્તુતિ.

Benedictive,(બેનીડિક્ટિવ્)*a.*Giving a blessing:આશીર્વાદયુક્ત; દુવા દે એવું;આશીર્વાદાત્મક.

Benedictory, (બેનીડિક્ટૉરિ) *a.* Expressing wishes for good:શુભવાચક;આશીર્વાચક;માંગલિક B *stanza*:નાંદિશ્લોક.

Benefactor,(બેનીફૅક્ટર્)*n.*One who confers a benefit,especially,a charitable one:કલ્યાણકર્તા; પરગજુ;દાતાર; પ્રિયકરનાર.

Benefice, (બેનીફિસ્) *n.* An advantage; benefit: લાભ;ઉપકાર;બક્ષીસ. 2. An ecclesiastical living:ધર્માદાય; પુરોહિતવૃત્તિ.

Beneficence, (બીનેફિસેન્સ્)*n.* Active goodness;kindness or charity: પરોપકાર;દયા;કૃપા;

લોકોપકાર;પાડ;હિત.

Beneficent,(બીનેફિસેન્ટ્)*a*.Doing good;performing acts of charity: ઉપકારશીલ; ઉપકારી; દયાળુ;કૃપાળુ;હિતકર;હિતકારી;હિતાવહ; કલ્યાણકારી.

Beneficial, (બેનીફિશિઅલ્) *a*. Useful;profitable:ગુણકારી;ઉપયોગી; લાભકારી; હિતાવહ; કલ્યાણકારક;સુખપ્રદ;હિતકારક.

Beneficiary,(બેનીફિશિઅરિ)*a*. Holding some office in subordination to another:પરાધીન; પરતંત્ર;માંડલિક *n*.One who holds a benefice & uses its proceeds:કોઇ ધર્મસ્થાનનો શેવક;પૂજારો;ઉપાધ્યા;પુરોહિત.2.One who is maintained by charity:ઉપકારજીવી;દાનાશ્રયી.3.હિતાધિકારી.

Benefit,(બેનીફિટ્)*n*. Advantage; profit:લાભ, નફો;ફાયદો; ફળ; હિત; હાંસલ; ગુણ. *For public* b: પ્રજાર્થે;સાર્વજનિક લાભાર્થે 2.A performance at a theatre: સઘળા પાત્રો પૈકી એકજ પાત્રને કિંવા કોઇ સાર્વજનિક ખાતાને કે ધર્માદામાં જેની પેદાશ આપી હોય તેવો નાટ્યપ્રયોગ. *vt*.To be useful to;to do good to:હિત-સારૂ-કલ્યાણ કo-થી લાભ ગુણ થવો. *vi*. To gain advantage:લાભ મળવો; ગુણ થવો.

Benevolence,(બીનેવોલેન્સ)*n*. [L. *bene*, well & *volo*,I wish.]Good will;kindness:કૃપા;ઉદારતા;ભલાઈ;દયા;પરમાર્થબુદ્ધિ; પરહિતેચ્છા; પરોપકાર બુદ્ધિ.2.Good done; charity given: પરોપકાર.

Benevolent,(બીનેવોલેન્ટ્)*a*. Possessing love to mankind; kind:દયાળુ;પરોપકારી;પરગજુ.

Benign,(બીનાઇન્)*a*.[L.*bonus*, good & *genus*, birth.]Gracious;generous;favourable:કૃપાળું;માયાળું;અનુકૂળ;પરોપકારી.2.Manifesting kindness:ઉદાર;સખી;દાતાર.3 Wholesome:ગુણકારી; રોગહારી(ઔષધ)આરોગ્યકારી;સાત્વિક:સૌમ્ય;હિતાવહ.

Benignity,(બીનિગ્નિટિ)*n*.[L *benignus*,kind] Goodness;kindness:કૃપા;મહેરબાની; પરોપકાર; ઉપકાર;અનુગ્રહ;દયા.2.Salubrity: આરોગ્યજનકતા; સૌમ્યતા.

Bent,(બેન્ટ્)*a*.Curved;crooked: વાંકુ;વક્ર;વળેલું. *n*.Curvity;flexture:વાંક;વક્રતા;મરડાટ.2.Slope: ઢાળ;ઢોળાવ.3.Propensity; inclination: વલણ; ઇચ્છા;રૂખ;ઝોક.

Bent, Bentgrass, (બેન્ટ્ ગ્રૅસ્) *n*. A kind of coarse grass: ડાભ;દર્ભ.

Benumb, (બીનમ્) *vt*. To stupefy; to make torpid:બહેર મારી જવું;ઝુડું પડવું;જડ-મંદ થઇ જવું.

Benzoin,(બેન્ઝોઇન્)*n*.A resinous substance having a fragrant odour:લોબાન.

Bequeath (બીકવીથ્)*vt*.To give or leave by will:વારસામાં આપવું-મુકીજવું.2.To hand down; to transmit:વંશ માથે મુકવું.

Bequest, (બીકવેસ્ટ્)*n*. Legacy:વારસો;વસિયત.

Bereave,(બીરીવ્) *vt*. To deprive:નિરાધાર કo; છીનવી લેવું;રહિત-વિનાનું કરવું.2. To take away from:-માંથી-પાસેથી લઇ લેવું.

Bereavement,(બીરીવ્મેન્ટ્)*n*. Deprivation: છીનવી લેવું તે;હાનિ;નાશ;વિરહ;મરણથી થયેલો વિયોગ.

Berry(બેરિ)*n*.A small fruit containing seeds: ઠળીયાવાળું બોર જેવું નાનું ફળ.2.A mound:ટેકરો; ટેકરી.*In* b.:ઇંડાથી ગાભણું.*vi*.To bear or produce berries:બોર જેવાં ફળ લાગવાં.*vt*.To impregnate with eggs: ગાભણું કo.

Berth, (બર્થ) *n*. The place where ship lies at anchor:વહાણ લંગરવાની જગા. 2 A place in a ship to sleep in:વહાણમાં સુવાનો ઓરડો. 3. Official situation:હોદ્દો;નોકરી; ચાકરી;જગો. *vt*. To give an anchorage to: વહાણ લાંગરવું. 2. To allow or furnish berths to: વહાણમાં સુવાનો ઓરડો આપવો-પુરો પાડવો;લાંગરવાની જગા આપવી.

Beryle,(બેરિલ્)*n*. [L. *beryllus*.] A mineral of great hardness;aqua-marine:નીલમણી;પિરોજો

Beseech,(બીસીચ્)*vt*.To implore:વિનતિ-અરજ આજીજી કo. 2. To solicit; to beg: યાચના કo; વિનંતિ કરી માગવું.

Beseem, (બીસીમ્) *vt*. To befit: છાજવું; ઘટવું; શોભવું.

Beseemly,(બીસીમ્લિ) *vd*. Fit; suitable; becoming:લાયક;ઘટતું;છાજતું;યોગ્ય; મુનાસબ;લાજમ.

Beset,(બીસેટ્) *vt*. To set or place on, in or round:જડવું;બેસાડવું 3.To way-lay;to besiege:લુંટવાસાર ભરાઈ બેસવું;ઘેરો ઘાલવો;આંતરવું;ઘેરી લેવું.3.To perplex;to harass:ગુંચવવું;અમુઝાવવું.

Beshrew,(બીશ્રુ) *vt*. To execrate: શ્રાપ દેવો.

Beshrowded, (બીશ્રાઉડેડ્) *a*. Covered with a shroud:કફન ઓઢાડેલું;ઢાંકેલું;કફનીવાળું.

Beside, (બીસાઇડ્) *prep*. At the side of; at one side of:પાસે; જોડે; પડખે; બાજુએ;સોડે. 2. Aside from; out of:આડું;બહાર;વિનાનું. Over & above:ઉપરાંત; શિવાય. *To be* b. *one's self*: ઘેલું થવું;અક્કલ-ભાન જવું-ઠેકાણે નહીં હોવું.

Beside, Besides, (બીસાઇડ્-બીસાઇડઝ્) *adv*. Moreover;in addition:વળી;બીજું;શિવાય;ઉપરાંત.

Besides,(બીસાઇડઝ્) *prep*.Over & above;in addition to:ઉપરાંત;સિવાય;વિશેષમાં.

Besiege,(બીસીજ્)*vt*. To beset;to block up: ઘેરો ઘાલવો;ઘેરવું;ચોગરદમ આંતરવું-ઘીગસરાવું-ઘેરાવું.

Besmear,(બીસ્મીર્)*vt*. To soil:લપડવું;ખરડવું.

Besom,(બીઝમ્) *n*. A broom:સાવરણી;સાવરણો; ઝાડુ: બુહારી.*vt*. To sweep as with a broom: ઝાડુ કાઢવું;વાળવું;સાફ કરવું;પુંજો-કચરો કાઢવો.

Besotted,(બીસૉટેડ્) *a*. Stupid; infatuated: છકેલ;છાકટું;ગાંડું;મૂઢ;ઘેલું;છકી ગયેલું.

Bespangle,(બીસ્પેન્ગ્ગલ્) *vt*. To adorn with spangles: ચાંલ્લા-તારા ટપકીયાથી શણગારવું.

Bespatter,(બીસ્પૅટ્ટર્) *vt*. To sprinkle with dirt,or water & dirt:કાદવથી ખરડવું-છાંટી ભરવું. 2.To asperse with reproach:નિંદા કરવી;ભાંડવું.

Bespeak(બીસ્પીક્)*vt.*To speak beforehand: અગાઉથી નક્કી કરી-કહી-રાખી મૂકવું.2.To foretell: અગાઉથી સૂચવવું;સૂચના આપવી.3. To speak; to address:પ્રત્યે બોલવું-કહેવું.4.To indicate by external marks:જણાવું;માલમ પડવું;કહીઆપવું;દર્શાવવું.

Besprinkle,(બીસ્પ્રિન્કલ્)*vt.*To sprinkle over; to scatter over:છાંટવું;રેડવું;સિંચવું;ઉપર નાંખવું.

Best,(બેસ્ટ્)*ad.*(*Superl,*of *good*)Most good: ઉત્તમ;શ્રેષ્ઠ; સૌથી સારૂં;અવ્વલ; સરસ; બેશ.2. Most advanced:most complete:આગળ પડેલું;સૌથી પ્રવીણ;સંપૂર્ણ.(in comp.)વર્ય;વર;રત્ન*n.*Utmost; highest endeavour:બને તેટલું;યથાશક્તિ.*At* **b.** *or at the* **b.**:છેવટ;આખરે; સમગ્ર રીત્યે જોતાં. *To make the best of*:ઘણુંજ સુધારવું;સારો નફો થાય તેવો ઉપયોગ કo.*For* **b.**:છેવટે;આખરે;હમેશને માટે. *adv.*To the highest degree:બહુજ;ઘણુંજ;અત્યંત.2.Most thoroughly:સંપૂર્ણરીતે;ઘણુંજ;અત્યંત

Bestial(બેસ્ટિઅલ્)*a.*Pertaining to or having the quality of a beast:પશુના જેવું;અતિમલિન.

Bestiality,(બેસ્ટિઍલિટિ)*n.*Brutism:પશુ સરખી રીતભાત.2. Unnatural connection with a beast:પશુ સાથે સંભોગ; સૃષ્ટિક્રમવિરૂદ્ધમૈથુન.

Bestir, (બિસ્ટર્) *vt.* To put into vigorous actions:જાગ્રત-સાવધાન કo;હોશીયાર થઇ જવું.

Bestow,(બીસ્ટો)*vi.*To lay up in store:સંઘરવું; એકઠું કo;રાખી મુકવું 2.To use;to apply:ઉપયોગ કo;વાપરવું:લગાડવું.3.To give;to confer:આપવું; બક્ષીસ-અર્પણ-સમર્પણ કo. 4. To give in marriage:પરણાવવું;લગ્નકરવાં;દેવું.

Bestowal,(બીસ્ટોઍલ્)*n* Disposal:અર્પણ;દાન.

Bestowment,(બીસ્ટોમેન્ટ્)*n.*Bestowal:અર્પણ; દાન.2. Donation:બક્ષીસ;દાન;ઇનામ.

Bestrew,(બીસ્ટ્રૂ)*vt* To sprinkle:વેરવું;નાંખવું.

Bestride,(બીસ્ટ્રાઇડ્)*vt.* To stride over: ઘોડો પલંગી બેસવું 2.To step over:ઓળંગવું;કુદીનેજવું.

Bet,(બેટ્)*n.*That which is pledged or staked; wager:હડપ;હોડમાં મુકેલીવસ્તુ;હોડ; શરત;પણ.*vt.* To wager:શરત કરવી-હોડ મારવી-બકવી.

Betake,(બીટેક્)*vt.*To apply;to resort:આશ્રય લેવો;મન લગાડવું;કરવા માંડવું;ઉપાય-ઉપયોગ કo.

Betel,(બીટલ્)*n.*A species of pepper the leaves of which are chewed with betel nut:નાગરવેલ-પાનનો વેલો;**b.***leaf*:પાન.**B** root:પાનની જડ.

Betel-nut,(બીટલ્નટ્)*n* The nut of the areca palm:સોપારી;પુંગીફલ.

Bethink,(બીથિન્ક્)*vt.*To recollect:યાદ કo-લાવવું;સંભારવું.*vi.*To think;to consider:સાંભરવું; યાદઆવવું;વિચારવું.

Betide,(બીટાઇડ્)*vt.*To befall:ગુજરવું;આવી પડવું; વિતવું. *vi.* To happen:બનવું;થવું;ગુજરવું.

Betimes(બીટાઇમ્ઝ્)*adv.*Seasonably:ટાંકણાસર; વખતસર;બરોબર વખતે;ખરી વેળાએ.2.Soon:વહેલું; જલદી;થોડીવારમાં.

Betoken, (બીટોકન્) *vt.* To show by signs: સૂચના આપવી;-થી જણાવું-દેખાવું.2.To foreshow by present signs:ભવિષ્ય સૂચવવું.

Betray,(બીટ્રે)*vt.* [L. *trado,* I give up.] To give up treacherously or faithlessly:વિશ્વાસઘાતથી-દગાથી સોંપી દેવું;હવાલે-સ્વાધીન કo.2.To violate the confidence of: વિશ્વાસઘાત કરવો; વિશ્વાસ તોડવો.3.To disclose or discover: ઉઘાડુ પાડવું;કહીદેવું.4 To show or indicate:ઉપરથી દેખાવું જણાવું;કહી આપવું 5 To deceive:છેતરવું;છેહ દેવો [વિશ્વાસઘાત;દગો;છેહ;દગલબાજી.

Betrayal, (બીટ્રેઍલ્) *n.* Act of betraying:

Betroth,(બીટ્રૉથ્) *vt.* To affiance:વિવાહ-વેવિશાળ ચાંલ્લો કરવો.2 To espouse:સાથે પરણવું.

Betrothal, (બીટ્રૉથલ્) *n* Act of betrothing: લગ્ન; વિવાહ.

Better,(બેટર્)*a.* *Compar. of good.* Having good qualities in a greater degree: વધારે સરસ-સારૂં.2 Preferable: પસંદ કરવા જોગ; ચઢિયાતું.3. Improved in health: સારૂં-સાજુ થયેલું. *To be* **b.** *off*:વધારે સારી હાલતમાં હોવું;સુખી રહેવું. *adv.*(*compav. of well*)In a more excellent manner:ઉત્તમ-ચઢતી-સરસ રીતે;વધારે ચતુરાઇથી. 2.More correctly:વધારે સારી-શુદ્ધ રીતે. *vt.* To meliorate:સુધારવું; ચઢિયાતું કo.2. To surpass in excellence:ચઢવું;વધવું; ચઢીયાતું થવું. 3. To support:ફાયદો કo.*n.*(*pl.*)Superiors:ઉપરી;વડીલ.

Better(બેટર્) *n.* One who bets or lays a wager:સરત મારનાર-બકનાર.

Between, (બીટ્વીન્) *prep.* In the middle: મધ્યે;વચ્ચે.2 From one to another of:-માં;-ની વચ્ચે 3 Having mutual relation:માંહેમાંહે; અંદર અંદર. [Between:વચ્ચે.

Betwixt,(બીટ્વિક્સ્ટ્)*prep* [See **between.**]

Beverage, (બેવરેજ) *n.* [L. *bibo,* I drink.] Liquor for drinking:પીવાનો દારૂ;શરબત.

Bevy,(બેવિ)*n.*A flock of birds:પક્ષીનું ટોળું;જુથ. 2.A collection of persons; especially of ladies:ટોળું;મંડળ;જથો;સ્ત્રીવૃંદ;મંડળી; જમાવ.

Bewail(બીવેલ્)*vt* To lament:શોક-ખેદ-વિલાપ કરવો.*vi.*To express grief:દીલગીર થવું.

Beware,(બીવેર્)*vt.*To be cautious;to take heed:સાવધ-હોશીયાર-સાવચેત રહેવું;-થી દુર રહેવું.

Bewilder, (બીવાઇલ્ડર્) *vi.* To perplex; to puzzle:ગુંચવવું; વ્યાકુળ-બાવરૂ કo-બનાવવું.

Bewilderment, (બીવાઈલ્ડર્મેન્ટ્)*n.*State of being bewildered:ગભરાટ;ગુંચવણ; અકળામણ; મુંઝવણ.

Bewitch,(બીવિચ્)*vt.*To charm;to fascinate: જાદુ-કામણ કo.2.To affect by witch-craft or sorcery:મોહ પમાડવો;વશીકરણ કo;નજરબંધી કo.

Bewitching, (બીવિચિંગ્) *a*. Charming: મનોહર;કામણગારૂ;મોહિણી રૂપ.

Beyond,(બીયૉન્ડ્)*prep* & *adv*.On the further side of:પેલીમેર-તરફ.2.Before:આગળ; અગાઉ 3. Out of reach of;past:પાર;ઉપરાંત;વગરનું.4.In a degree exceeding or surpassing:કરતાં-ચઢિઆતું-અધિક.

Bezoar,(બીઝોર્)*n*. A calculous concretion found in the stomach of certain animals formerly regarded as antidote to poison: કેટલાંક પ્રાણીના પેટમાં થતો પદાર્થ;ઝેર ઉતારનાર ઓષધ; સાપનો મ્હોરો.

Biangular, (બાઈઍંગ્યુલર્) *a*.[L.*bis* & *angulus*,a corner.]Having two angles:દ્વિકોણ.

Bias,(બાઇઍસ્)*n*.Inclination;prepossession: વલણ;પક્ષપાત;તરફદારી;ભાવ.2.*A* wedge-shaped piece of cloth:લુગડાની કળી.*adv*.Cross-wise; diagonally:આડું;ત્રાંસુ;વાંકુ.*vt*.To prepossess: તરફદારી કરાવવી;મન ફેરવવું;પક્ષપાત કરવો.

Bibber,(બિબર્)*n*. A man given to drinking:છાકટો:દારૂડિયો.

Bible, (બાઇબલ્) *n*. [Gr. *biblos*, a book.] A sacred book containing the principles of Christian faith;scriptures:ખ્રીસ્તિધર્મ પુસ્તક-શાસ્ત્ર; બાઇબલ. [છાકટો.

Bibler,(બિબ્લર્)*n*.A great drinker:દારૂડિયો;

Biblical, (બિબ્લિકલ્) *a*.Pertaining to the Bible:ખ્રીસ્તીધર્મ શાસ્ત્રનું.

Bibliography,(બિબ્લિઑગ્રફિ)*n*.[Gr.*biblion*, a book & *grapho*, I write.] A history of literature:પુસ્તકોનું વર્ણન: પુસ્તકવિદ્યા.

Biblist,(બિબ્લિસ્ટ્) *n*.One who makes the scriptures the sole rule of faith:ખ્રિસ્તી ધર્મ ઉપર ખરૂં આકીન રાખનાર 2. One who is conversant with the Bible:બાઇબલમાં પ્રવીણ.

Bibulous, (બિબ્યૂલસ્) *a* [L.*bibo*,I drink.] Spongy:શોષક; ચૂસી લે તેવું; જલશોષક.

Bicipital-tous, (બાઇસિપિટલ્ ટસ્) *a*. [L. *bis*, twice & *caput*,the head.]Having two heads: બે માથાં-ડોકાંવાળુ. Having two origins, as a muscle:બે સ્થાનમૂળ-ઉત્પત્તિવાળું.

Bicker,(બિકર્)*vi*.To quarrel;to conted in words:કજીઓ કરવો;ટંટો-કંકાસ થવો;ટપાટપી કo. 2.To move quickly: જવું;હાલવું;ડોલવું.

Bickering,(બિકરિંગ્)*p.n*.Quarrelling:કલહ; ટંટો:કજીઓ;લડાઇ;કંકાસ;b. flame, હાલતી જ્યોત.

Bid,(બિડ્)*vt*.To offer to pay;to propose:કહેવું; માગણી કરવી (at an auction).2.To declare as a wish:જણાવવું; આપવું: ઇચ્છા જણાવવી. 3. To order;to command:હુકમ કo;આજ્ઞા કo;ફરમાવવું. 4.To invite;to call in:નિમંત્રણ કo; બોલાવવું. To b. *fair*:સારૂ થશે-નિકળશે એવું જણાવું-દેખાવું.*n*. An offer of a price:માગણી.(at auction).

Bidder,(બિડર્)*n*. One who bids:માગનાર.

Bidding,(બિડિંગ્)*n*.Command;offer;proposal of a price; invitation: હુકમ;આજ્ઞા;માંગણી; આમંત્રણ;નિમંત્રણ;ન્હોતરૂં.

Bide,(બાઇડ્)*vt*.To inhabit:વસવું;રહેવું. *vt*. To remain firm under;to suffer:ટકવું;ખમવું;નભવું. 2.To wait for:વાટ જોવી; રાહ જોવી.

Bidental,(બાઇડેન્ટલ્)*a*.[*Bis*, twice & *dens dentis*,a tooth.]Having two teeth:બેદાંતવાળુ; દ્વિદંતક.

Bidet,(બિડેટ્)*n*.A small horse:ટટ્ટુ; વછેરો.

Biennial, (બાઇએનિઅલ)*a*. [L. *bis*,twice & *annus*,year.]Happening once in two years: દ્વિવાર્ષિક;બેવર્ષે થતું. 2. Continuing for two years:બે વર્ષ સુધી જીવનાર રહેનાર-ચાલનાર.

Bier,(બીર્)*n*.A carriage,a frame of wood to carry dead bodies to grave:મુડદાં સ્મશાનમાં લેઇ જવાની ખાટલી;ઠાઠડી;કરકટી;નનામી;શબવાહિકા.

Biestings, (બીસ્ટિંગ્સ્) *n.pl*.The first milk given by a cow after calving: ગાયનું ખરેટું.

Bifarious,(બાઇફેરિઅસ્) *a*. [L *bis*,twice, & *fari*,to speak.]Twofold;in two rows:બેવડું; બે હારમાં.2 Pointing two ways:દોપટ;બેતરફનું.

Biferous, (બિફેરસ્)*a*.[L.*bis*,twice & *ferro*,I bear.] Bearing fruits twice a year:વર્ષમાં બે વાર ફળદું. [દુપટ;બમણું.

Bifold,(બાઇફોલ્ડ્)*a*.Two fold;double:બેવડું;

Biform-ed, (બાઇફોર્મ્-મ્ડ્)*a*. [L.*bis*,twice & *forma*,shape.] Having two forms,bodies or shapes:બેવડા આકારનું;દ્વિવિધ; દ્વિગુણ.

Bifercate-ed,(બાઇફર્કે-ટ્-ટેડ્)*a* Forked: divided into two branches:બે શાખા-પાંખાવાળું.

Big,(બિગ્)*a*.Large;great;bulky:મોટું;જાડું;ભારે. 2.(*a*) Pregnant:બેજીવ;દહાડાવાળી;ગર્ભવતી. (*b*.) Full:ભરપુર;ભરેલું 3 Brave:હિમ્મતવાન;બહાદુર.

Bigg,(બિગ્)*n*.A kind of barley:એક જાતનો જવ.

Bigamist,(બિગૅમિસ્ટ્)*n*.[L.*bis*, twice & Gr. *gamos*,marriage.]One who has two wives or husbands at one time:બે વહુ કે વર કરનાર; બેપત્નીનો વર:બેપતિની પત્ની.

Bigamy, (બિગૅમિ) *n*.The crime of having two wives or husbands at a time:બેવર-વહુ કરવા તે.

Bigot,(બિગૉટ્)*n*.One unreasonably wedded to a particular religious creed,opinion,practice or ritual;a devotee:ધર્માન્ધપુરૂષ;સ્વમતાગ્રહી; ધર્મચુસ્ત:મતાંધ

Bigot ed,(બિગૉટ્-ટેડ્)*a*.Obstinately & blindly attached to some creed,opinion,practice or ritual:દુરાગ્રહી;ધર્માન્ધ;સ્વમતાગ્રહી;સ્વમતવાદી.

Bigotry, (બિગૉટ્રિ)*n*. Perverse or blind at

tachment to a particular creed;excessive zeal:ધર્માન્ધપણું;દુરાગ્રહ;સ્વમતાગ્રહ;મતાભિમાન.
Bijou,(બીઝ્હૂ)*a*.[L.*bis*,twice,& *joco*,I jest.)A trinket;a jewel:દાગીનો; ઝવેર.
Bilbo,(બિલ્બો)*n*.A rapier:હેડ;પગનીબેડી.2.તરવાર.
Bile,(બાઇલ્)*n*.[L.*bilis*.]A yellow,greenish, bitter,nauseous fluid secreted by the lever: પિત્ત.2.Bitterness of feeling:ચીઢીઓ સ્વભાવ.
Bilge,(બિલ્જ્)*n*. The protuberant part of a cask:પીપનું પેટ-નો વચલો જાડો ભાગ.2.The broad est part at ship's bottom of floor: વહાણના તળીયાનો ઉપસેલો ભાગ.*vi*.To suffer a fracture in the bilge:વહાણને તળીયે ગાબડું પડવું.
Bilge water,(બિલ્જ્.વૉટર્)*n*.Water which enters a ship & lies upon her bilge:ગાબડાથી વહાણમાં આવેલું પાણી.
Bilingual-ar,(બાઇલિન્ગવૅલ્-અલૅર્) *a*. [L. *bis*, twice & *lingua*,tongue.]Containing two languages:દુભાષી;બે ભાષાનુ.
Bilious,(બિલિઅસ્)*a*.[L *bilis*, the bile.] Pertaining to the bile:પિત્તવાળું-સંબંધી.
Bilk,(બિલ્ક્) *vt*. To disappoint; to defraud: નાઉમેદ-કo; ઠગવું.
Bill,(બિલ્)*n*. The beak of a fowl: પક્ષીની ચાંચ; ચંચું.*vt*.To join bills:ચાંચે ચાંચ મેળવવી 2. To caress in fondness:લાડ કરવાં-લડાવવાં.
Bill,(બિલ્) *n*. A curved cutting instrument with a handle:દાતરડું;*hedge* **b**.:ધારીયું.
Bill,(બિલ્)*n*.[L.*bulla*,anything rounded.] A declaration in writing:વાદીની અરજી; ઇકરાર. 2. A security for money: નાણાં બદલ આપેલી હામી;હુંડી. 3. A proposed or projected law: નવા કાયદાનો ખરડો-મુસદ્દો;બીલ.4.An account of goods sold or delivered or work done: બીલ;ભરતીયું.5.Any paper containing a statement of particulars:વિગતવાર યાદી;ટીપ;લેખ;તપસીલ.**B**.*of divorce*:ફારગતી;તલ્લાકનામું;છેડાછૂટા **B**. *of exchange*:હુંડી;**B**.*at sight*.દર્શની હુંડી;તરત મુદતની હુંડી.**B**.*of lading*:વહાણમાં ચઢાવેલા માલની વહાણવાળાની સહી સાથેની પહોંચ;ભરતિયું. **B**. *of sale*:વેચાણનો કબાલો;વેચાણખત;આનાખત
Billet, (બિલટ) *n*. A short letter: ચીઠ્ઠી; ટિકેટ. *vi*. To direct by a ticket where to lodge: સિપાઇઓને મુકામ જણાવવો.
Billet,(બિલેટ્)*n*. A small stick: નાની લાકડી
Billet-boux,(બિલે-ડૂ)*n*.[**Billet**,& L *dulcis*, sweet.]A love note or letter:પ્રીતિપત્ર;પ્રેમપત્ર
Billiards,(બિલિઅર્ડ્ ઝ્)*n*.A game played on a table:દડા લાકડીની મેજ ઉપર રમવાની રમત.
Billion,(બિલિઑન્) *n*. According to French method, a thouand millions, 1,000, 000; 000,(according to English method a million of millions:1,000 000,000000):મહા પદ્મ *Ten* **b** s:શંકુ.*A hundred* **b** s:જલધિ.*A thousand* **b**.s: અંત્ય. *Ten thousand* **b**.s:મધ્ય. *A hundred thousand* **b**.s: પરાર્ધ.
Billow,(બિલ્લો)*n* A great wave or surge of the sea:મોટું મોજુ ; હેડો; છોળ; તરંગ. *vt* To rise & fall in large waves: મોજાં આવવાં.
Billowy,(બિલ્લોઇ)*a*. Turgid:તરંગ-છોળવાળું.
Bin,(બિન્)*n* [L.*benna*,a kind of carriage]A box or inclosed place used as a repository of any commodity:કોઠાર; કોઠી.
Binary,(બાઇનરિ)*a* [L *bini*,two]Compounded of two:બે; બેવડું; દ્વિગુણ.
Binate,(બાઇનેટ્)*a*.[L.*bini*,two & two.]Growing in pairs:જોડએ ઉગતું; સાથે ફુટતું.
Bind,(બાઇન્ડ્) *vt*. To tie to-gether:બાંધવું; જકડી લેવું.2 To confine or hold by physical force or influence of any kind:બાંધવું; પકડી રાખવું. 3. To prevent or restrain from customary or natural action:બંધ-કબજ કo; -થી કબજ રહેવું; બંધકોશ કo; મળાવરોધ કo.4.To protect or strengthen by a band or border: મુગજી-કોર મુકવી.5.To sew or fasten together: બાંધવું;શીવવું.6.To oblige, restrain or hold: વચન કે બીજા કરારથી બાંધવું-કબજે રાખવું. *vi*. To grow hard or stiff:કઠણ થવું.2 To be restrained from motion:બંધ-પડવું;અટકી પડવું.3.To be obligatory:બંધક ફરજીયાત રહેવું-હોવું.
Binder,(બાઇન્ડર્)*n*.A person who binds.બાંધનાર.2.Bandage:પાટો;બંધ;દોરી;પટી.
Binding,(બાઇન્ડિન્ગ્)*a*.Obligatory:બંધનકારક; અગત્યનું; ફરજીયાત. *n*. The act of fastening with a band:પાટો બાંધવો તે.2.Bandage; the cover of a book; something that secures the edge of cloth from ravelling:બંધ;બંધન; પાટો;ચોપડીનું પુઠું; બાંધણી;મગજી; કોર; ચીપ.
Binocle,(બાઇનોકલ્)*n*. [L.*bini* two & two,& *oculus*,eye.] A kind of telescope:દુરબીન.
Binocular,(બાઇનૉક્યુલર્)*a*.Having two eyes: બે આંખવાળું;દ્વિનેત્ર.2.With or pertaining to both eyes:બે આંખ સંબંધિ.
Binomial,(બાઇનોમિઍલ્) *n*. [L.*bis*,twice & *nomen*,a name.]An expression consisting of two terms connected by the sign plus or minus:ઓછા કે વત્તાની નિશાનીથી જોડાયલાં બે પદ;દ્વિપદ. *a*.Consisting of two terms:દ્વિપદ.
Biographer,(બાઇઑગ્રૅફર્)*a*.A writer of lives:જન્મવૃત્તાંત-ચરિત્ર લખનાર;ચરિત્રકવિ.
Biographic cal,(બાઇઑગ્રૅફિક્ કલ્)*a*.Pertaining to biography:જન્મચરિત્ર સંબંધિ-વાળું.
Biography, (બાઇઑગ્રૅફિ) *n*. [Gr. *bios*, life & *grapho*,I write.]The history of the life &

character of a particular person:જન્મવૃત્તાંત 2.Biographical writings in general:ચરિત્ર લેખ;ચરિત્રવર્ણન;ચરિત્રનિરૂપણ; ચરિત્રાખ્યાન.

Biology,(બાઇઑલૉજિ)*n*.[Gr.*bios*,life & *logos*, discourse.]The science of life:પ્રાણીધર્મગુણવિદ્યા.

Biped,(બાઇપેડ્)*n*.[L.*bis*,twice & *pes,pedis*,a foot.]An animal having two feet:બેપગુંપ્રાણી.

Biped,Bipadel,(બાઈપેડ્-ડેલ્)*a*. Having two feet:બે પગું;દ્વિપાદ.

Biquadrate, (બાઈક્વૉડ્રેટ્) *a* [L.*bis*,twice & *quatuor*,four.]The fourth power arising from the multiplication of a square number or quantity by itself:વર્ગનો વર્ગ;ચતુર્ઘાત.

Birch,(બર્ચ્) *n*.A tree of several species:ઝાડનું નામ;ભોજપત્ર.

Bird,(બર્ડ્)*n*.A feathered flying animal:પક્ષી; પંખી;ખગ;ખેચર;પંખેરૂ;વિહંગમ **B.**s *of the same feather*:એક માળાના મણકા;એક તળાવનાં પાણી.

Bird catcher,(બર્ડકૅચર્)*n*.A fowler:પારધી.

Bird-eyed,(બર્ડ્ આઇડ્)*a*.Quicksighted:બારિક નજરનું-વાળું;સુપર્ણાક્ષ.

Bird's-eye,(બર્ડ્ઝ્આઇ)*a*.General;not minute or entering into details:ઉપલક;ઉપરચોટિયું.

Birth,(બર્થ્)*n*.The act of coming into life or of being born:જન્મ;અવતાર;સંભવ;ઉત્પત્તિ *Blind from* **b.**:જન્માંધ.*Rich from* **b.**:ગર્ભેશ્વર;ગર્ભશ્રીમંત.2.Lineage;descent:કુળ;વંશ;ખાનદાન;કુલીનતા.3.Natural state or position:જન્મસ્થિતિ; જન્માવસ્થા.4.The act of bringing forth:પ્રસવ. 5.Origin;beginning:ઉત્પત્તિ;આરંભ;મૂળ.

Birth-day,(બર્થ્-ડે) *n*. The day on which a person is born:જન્મતિથિ-દિવસ;વર્ષગાંઠ;સાલગિરી.

Birth-place,(બર્થ્-પ્લેસ્)*n*. The town,city or country in which a person is born: જન્મ ભૂમિ;વતન;સ્વદેશ;જન્મદેશ;દેશ.

Biscuit,((બિસ્કિટ્)*n*.[L.*bis*,& *coctus*,cooked.] A kind of unfermented bread, baked hard:એક જાતની રોટલી; બિસ્કુટ. 2. A kind of earthernware:એક જાતનું માટીનું વાસણ.

Bisect, (બાઈસેક્ટ્) *vt*. [L.*bis*, twice & *seco*,I cut.] To cut or divide into two parts:બે સરખા ભાગ કરવા;દુભાગવું.

Bisection(બાઇસેક્શન્)*n*.The act of cutting into two equal parts:દુભાગવુંતે;દ્વિધાકરણ.

Bishop(બિશપ્)*n*.[L.*episcopus*Gr.*epi*,over& *scopeo*,I look.]A spiritual superintendent or ruler.ઉપરી;ધર્માધ્યક્ષ.

Bishop, (બિશપ્) *n*. A mixture of wine, oranges,& sugar:નારંગીનું અથાણું-મુરબ્બો. *vt*. To favour:કૃપા મહેરબાની કરવી.

Bishopric, ((બિશપ્રિક્) *n*. The district over which the jurisdiction of a bishop extends: ધર્માધ્યક્ષના તાબાનો પ્રદેશ.2 Office of a bishop: ધર્માધ્યક્ષનો હોદ્દો.

Bissextile,(બિસ્સેક્સ્ટાઇલ્)*n* [L.*bis* & *sextus*, the sixth of the calends of March.] Leap year:જે વર્ષમાં ફેબ્રુઆરીમાં ૨૯ દીવસ આવે છે તે વર્ષ.

Bit,(બિટ્)*n*.The iron part of bridle to which the reins are fastened:લગામનું ચોકડું.*vt*.To put the bit in the mouth of:ચોકડું ચઢાવવું; લગામ ઘાલવી-ચઢાવવી.

Bit,(બિટ્) *imp*. & *pp*. of **bite,**

Bit,(બિટ્) *n*.A mouthful; a morsel;hence, a small piece of anything;a little:કોળીયો;બુક્કો;ગ્રાસ;કટકો;ટુકડો **B.***by* **b.**:કકડે;વિગતવાર.

Bitch, (બિચ્) *n*. The female of the canine kind,as of dog,wolf & fox:કુતરી;વરૂ વિગેરેની માદા.

Bite, (બાઇટ્) *vt*. To cut or seize with the teeth:કરડવું-બચકુ લેવું-ભરવું.2.To cheat;to trick: ઠગવું;છેતરવું.3.To cause sharp pain,or smarting to:ઝાટકો લગાડવો;ઝમઝમાટ કરવો; થી ચચરવું. 4.To take hold of:વળગી રહેવું;ચોંટવું.5.To reproach with sarcasm:દુઃખ લાગે તેવું કહેવું;મેંણું મારવું;ઠપકો દેવો. *n*. The act of seizing with the teeth or mouth: બચકુ; લોચરૂ. 2. The wound made by the teeth or something analogous:ડંખ;દંશ.3.A morsel;mouthful: કોળીયો;બુક્કો.4.A cheat;a trick: ઠગાઇ; કાવતરૂં; દગો.5. A sharper:ઠગ;ધૂર્ત;ગંઠીઓ.

Bitmouth, (બિટ્માઉથ્) *n*. The bit or that part of a bridle which is put in a horse's mouth:ચોકડું;લગામ.

Bitter, (બિટર્) *a*. Having a peculiar acrid, biting taste:કડવું;કડવું વિખ.2.Piercing;painful:તીવ્ર;આકરૂં;સખત;કડકડતી 3.Calmitous:દુઃખદાયક; વેદનાકારક.4.Harsh;stern: કઠણ; નિર્દય.5. Sharp;reproachful:કડવું;તીક્ષ્ણ; કટુ; તીવ્ર; ઠપકાનું;કઠોર. [sorrowfully:બહુજ;પોકેપોક;છાતીફાટ.

Bitterly,((બિટર્લિ) *adv*. In a bitter manner;

Bitterness,(બિટર્નેસ્)*n*.The quality of being bitter: કડવાસ. 2. Keenness of reproach or sarcasm;deep distress of mind:તીક્ષ્ણ ભાષણ;મેંણું;મર્મ.3.Severity of temper:આકરાપણું; સખતાઇ. [pitch:શિલાજીત.

Bitumen, (બિટ્યૂમેન્) *n*. [L.] A mineral

Bivaulted,(બાઇવૉલ્ટેડ્)*a*.[L.*bis*,twice & *volvo*,I roll].Having two vaults:બેકમાનવાળું.

Blab,(બ્લૅબ્)*vt*.To utter or tell unnecessarily:લવરી કરવી;વિચાર્યાવગર બોલવું;બકવું;રહસ્ય બોલવું.*vi*.To tattle: બકવું; લવારો કરવો.*n*. A telltale:બહુબોલો;છુપી વાત ફોડનાર-જાહેર કરનાર.

Blabber,(બ્લૅબર્)*n*.A tattler;a tell-tale:લવારો કરનાર;આછકલા પેટવાળો;બહુબોલો;જલ્પક.

Black, (બ્લૅક્) *a*. Destitute of light; of the

colour of soot or coal:અંધારાવાળું;કાળું; શ્યામ; કૃષ્ણ.2.Dismal;gloomy:ઉદાસી;દીલગીરીભરેલું.3. Horrible; wicked:ઘાતકી;કાળું;અતિદુષ્ટ.*n.*The darkest colour:શ્યામવર્ણ;કાળો રંગ.2 A negro: હબસી;સિધી.3.A black dress:શોકનાં લુગડાં.*vt.* To blacken; to soil:કાળું-મેલુ ક૦.

Blackamoor,(બ્લૅકૅમૂર)*n*. A negro;a black-man:હબસી;સિદ્દી.[magic:જાદુ;મેલીવિદ્યા;કુવિદ્યા.

Black-art, (બ્લૅક્ આર્ટ્) *n.* Conjuration;

Black-board, (બ્લૅક્‌બોર્ડ્) *n.* A board used in schools, &c., for various purposes of instruction:નિશાળનું કાળુ પાટીયું.

Black coat,(બ્લૅક્ કોટ્)*n.*A clergymen:પાદરી.

Blacken, (બ્લૅકન) *vt.* To make or render black:કાળું શ્યામ ક૦. 2. To darken:-માં અંધારૂ ક૦.3 To sully, to make infamous: બટ્ટો-લાંછન-એબ લગાડવી-લાગવી;બેઆબરૂ કરવી-થવી. *vi* To grow dark:.કાળુ પડવું-થઈ જવું.

Black-guard. (બ્લૅક્ગાર્ડ) *n.* A dirty fellow of the meanest kind:નીચુ; હલકુ-ગંદુ માણસ; પાજી.2.A person of low character:હલકો માણસ;ચંડાળ;હબાડી.*a.*Abusive:ભાંડ;ખરાબ; પાજી; હલકુ.*vt.*To revile in scurrilous language: ગાળ દેવી;નિંદા ક૦. [બારા પડવું-મારવું

Blackish, (બ્લૅકિશ્) *a.* Somewhat black: કા-

Blach-lead, (બ્લૅક્લેડ્) *n.* A plumbago; graphite:પેનસીલ બનાવવાનો ખનિજ પદાર્થ.

Black-mail,(બ્લૅક્મૅલ્) *n.* A rate of money, &c.,anciently paid to robbers for exemption from pillage:ચોરોને આપવામાં આવતી ખંડણી.2 Extortion of money by threats:ધમકી આપી પૈસા કઢાવવા તે:ધમકીથી કઢાવેલા પૈસા.

Blackmoor,(બ્લૅક્ મૂર)*n* See **Blackamoor,**

Blackness,(બ્લૅક્નેસ્)*n.* Black colour;darkness:કાળાપણું;કાળોરંગ;અંધારૂં.2. Enormity of wickedness:ઘાતકીપણું;દુષ્ટતા.

Black-smith, (બ્લૅક્ સ્મિથ) *n* A smith who works in iron;an ironsmith:લુહાર;લવાર.

Blackwood,(બ્લૅક્‌વૂડ્) *n.* A kind of precious wood:સિસમ.

Bladder,(બ્લૅડર્)*n.* A bag or sac in animal: કાયળી;આશય.2.Any vesicle or blister filled with air or a thin watery liquor: ફોલ્લો;ઝબેલો 3.(*Fig*) Anything inflated, empty or unsound:પરપોટો;અસાર વસ્તુ.

Blade,(બ્લૅડ્) *n* The leaf of a plant:ઘાસનું પાતરૂં-પત્તુ. 2. The cutting part of an instrument:પાનું;ફળ.3.The broad part of an oar:હલેસાનો પહોળો ભાગ.*vt.* To furnish with a blade:પાનાવાળું ક૦.*vi.*To have a blade:પાનું હોવું.

Blain,(બ્લૅન્)*n.* A blister:ફોલ્લો;ગડ;ગુમડું.

Blamable,(બ્લૅમૅબલ્)*a.*Deserving of censure; faulty;culpable:દોષપાત્ર;ઠપકાજોગ-પાત્ર.

Blame,(બ્લૅમ્)*vt* [Gr.*blasphemein,*to speak ill.]To find fault with:ઠપકો દેવો;દોષ મુકવો-કાઢવો;ખોડ કાઢવી.*n.*Censure;imputation of fault: ઠપકો;દોષારોપ;દુષણ.2.Fault;crime:દોષ-વાંક;ગુન્હો.

Blameless,(બ્લૅમ્લેસ્)*a.* Innocent; guiltless: નિરપરાધી;નિર્દોષ;નિષ્કલંક;દોષરહિત.

Blameworthy,(બ્લૅમ્‌વર્ધિ) *a.* Deserving blame;reprehnsible:દોષ મુકવા યોગ્ય;ઠપકાપાત્ર.

Blandish,(બ્લૅન્ડિશ)*vt.*[L *blandus,*mild.]To caress:લાડ લડાવવાં;ચઢાવવું; ખુશામત ક૦. *vt.* To speak affectionately:વિવેકી થવું;પ્રેમથી બોલવું.

Blandishment, (બ્લૅન્ડિશ્મેન્ટ્) *n.* Artful caresses:લાડ; નખરાં;હાવભાવ;ચાળા;લાલિત્ય.

Blank,(બ્લૅન્ક)*a.* Of a white or pale color: સફેત;ઝાંખું;ફિક્કું.2. Pale from fear or terror; confused;dejected:ફિક્કું;ગભરુ; ઘોળુ ફક્ક;આકુળ; ઉદાસી.3.Empty:કોરૂં;ખાલી;પોલું.4.Rare;mere: કેવળ;તદ્દન. 5. Without rhyme:અનુપ્રાસ રહિત; યમક વગરનું.*n.*Any void space:ખાલી-કોરી જગ્યા. 2. A ticket in a lottery which draws no prize:ખાલી ગએલી ચીઠ્ઠી-ટીકેટ. 3 A paper unwritten:કોરો કાગળ.*vt.* To annul:રદ ક૦. 2. To dispirit:મન ભાંગવું;ઉદાસી ક૦.

Blanket,(બ્લૅન્કેટ્)*n.*A coarse loosely woven cover of wool: કામળો; ધાબળી; બન્નુસ. *vt.* To cover with a blanket:ધાબળી લપેટવી-ઢાંકવી.

Blaspheme, (બ્લૅસ્ફીમ્) *vt.* [Gr. *blapsis,* injury & *pheme,*speech.]To speak reproachfully of God:ઇશ્વરની-દેવનિંદા ક૦;-નુંભુંડું બોલવું. 2. To speak wicked of:-ની નિંદા-બગદોઈ ક૦. *vi.* To utter blaspheme:ઇશ્વરની નિંદા ક૦.

Blasphemous,(બ્લૅસ્ફીમસ્)*a.* Impiously reproachful towards God: ઈશ્વર નિંદક;દેવનિંદક.

Blasphemy,(બ્લૅસ્ફીમિ) *n.* Indignity offered to God by words or writing:ઈશ્વરનિંદા.

Blast,(બ્લૅસ્ટ્) *n.* A gust of wind:પવનનો ઝપાટો-સપાટો.2 A forcible stream of air:ફુંક; ફુંફાડો. 3 The sound made by blowing a wind instrument:મ્હોંડે વગાડવાના વાજીંત્રમાંથી નિકળતો અવાજ.4.The rending of rocks:સુરંગથી પ્હાડનું ફાટવું તે;ધડાકો.5 A blight:મરકી;નાશકારક અસર.*vt.*To blight:કરમાવી-મારી-ચીમળાવી નાંખવું.2.To injure;to destroy:ભાંગી-તોડી પાડવું; ભંગ ક૦;હતારવું.3.To confound:ગભરાવવું.4 To blow up by gunpowder:સુરંગથી ફાડવું-ઉરાડવું. *vi.* To be blighted or withered:કરમાઇ જવું.

Blaze,(બ્લૅઝ્) *n.* Flame: ભડકો; જ્વાળા; ઝાળ.2. Expanded light:તેજ; અજવાળું; ઉજેસ. 3. A white spot on the forehead of horse:ઘોડાના કપાળ ઉપરનો ધોળો ડાઘ-ચાંદું. 4. A sport made on trees by chipping off the bark:ઝા,

ડની છાલ કાપ્યાથી તે પર પડેલો ડાઘ. 5. A bursting out:શોરબકોર; ઘોંઘાટ. *vt.* To shine with flame:બળવું-ભડકો થવો;સળગવું 2 To send forth light:પ્રકાશવું.:3 To be conspicuous:પ્રખ્યાત થવું.*vt.* To make public:પ્રગટ જાહેર ક૦. 2. To mark as a tree by chipping off a part of its bark: ઝાડની છાલ ઉખાડી નિશાની ક૦.

Blazing-star,(બ્લેઝિન્ગ્-સ્ટાર્) *n.* A comet: પૂછડિયો તારો;ધૂમકેતુ.

Blazon (બ્લૅઝૉન્)*vt.* To display:બતાવવું; પ્રગટ-જાહેર-ખુલ્લુ ક૦.2. To adorn:શણુગારવું; શોભાવવું. *n.* Representation of coats of arms:યુદ્ધશાસ્ત્રનું ચિત્રામણ-પ્રગટ ક૦.તે.2 Ostentatious display; show:ભભકો; આડંબર.3.કુળચિન્હવર્ણન; કુળમુદ્રા.

Bleach,(બ્લીચ્)*at.*To whiten:ધોળુ ક૦;નિખારવું. *vi.* To grow white:કોઈ રીતે ધોળું-સફેત થવું.

Bleak,(બ્લીક્) *a.* Desolate & exposed:આશ્રય વગરનું;ખુલ્લુ.2.Chill:ઠંડું;શરદ;શિતળ.

Bleakness, (બ્લીક્નેસ્) *n.* Exposure to the wind:ખુલ્લું;અનાશ્રયપણું.2.Coldness:શરદી:ઠંડક.

Blear-eyed, (બ્લીર્-આઈડ્) *a.* Having sore eyes:દુઃખવા આવેલી આંખવાળું. 2. Dim-sighted:જેને ઝાંખ વળતી હોય તે.

Bleat,(બ્લીટ્) *vi.* To cry, as sheep:બેં બેં ક૦; મેંઢાની પેઠે બોલવું. *n.* A sheep's cry: બેં બેં.

Bleb, (બ્લેબ્) *n.* A little tumor, vesicle or blister;a bubble,as in water:નાનોફોલ્લો;પરપોટો.

Bled,(બ્લેડ્)*Imp. & pp.* of**bleed**.

Bleed,(બ્લીડ્)*vi.* To loose blood:લોહી નિકળવું. -વહેવું.2. To die a violent death:કપાઈ મરવું; કમોતે મરવું;અકાળ મૃત્યુ થવું.3.To lose sap,gum, or juice:રસ ઝરવો-નિકળવો.

Blemish,(બ્લેમિશ્) *vt.* To injure or impair what is excellent:ખોડ-એબ-ખામી આણવી;બેડોળ-કુરૂપ ક૦.2.To tarnish; to defame:ફજેતી ક૦;ગેરઆબરૂ ક૦; બટ્ટો લગાડવો *n* Any mark of deformity:ખામી;ખોડ;એબ;દોષ;ખાંપણ.2.Taint; disgrace:બટ્ટો;કલંક;અપયશ; લાંછન.

Blench,(બ્લેન્શ્) *vi* To shrink; to give way: પાછા હઠવું;હઠીજવું.*vt.*To baffle:નિષ્ફળ ક૦;હરાવવું.

Blend,(બ્લેન્ડ્)*vt.*To mix or mingle to-gether; to confound:સેળભેળ ક૦-થવું; મિશ્ર ક૦; મેળવવું. *vi.* To be mixed:મળી જવું;એકઠું થવું.

Bless,(બ્લેસ્) *vt* To make happy; to confer prosperity upon: સુખી-આબાદ ક૦;-નું કલ્યાણ-કુશળ-મંગળ-સારૂં ક૦.2.To invoke a blessing: આશીર્વાદ દેવો; દુવા માગવી;આશીર્વચન ક૦. 3. To praise;to glorify:સ્તુતિ-વખાણ ક૦.

Blessed,(બ્લેસેડ્) } *a.*Happy;highly favour-
Blest, (બ્લેસ્ટ્) } ed:સુખી;કુશળ;કૃતકૃત્ય;કૃતાર્થ. 2.Imparting bliss:સુખદ;સુખરૂપ.3 Enjoying spiritual happiness: સ્વર્ગસુખી; સ્વર્ગીય. 4. Heavenly:તેજસ્વી; દીવ્ય.

Blessedness,(બ્લેસેડ્નેસ્)*n.* Happiness;felicity:સુખ;કલ્યાણ;કૃતકૃત્યતા;ઇશ્વર કૃપાનો અનુભવ.

Blessing. (બ્લેસિન્ગ્) *n.* A means of happiness:સુખસાધન;લાભ.2.Benediction:આશીર્વાદ-વચન;વરદાન: દુવા. 3. A gift accompanied with kind wishes:પ્રસાદ;બક્ષીસ.

Blight,(બ્લાઈટ્)*vt* To blast:કરમાવી નાંખવું;બાળી નાંખવું (tree):નિષ્ફળ ક૦; ભંગ ક૦. (hopes).*n.* Mildew:છારી;છોડનો કોઇપણ જાતનો રોગ;રાળો. 2. A plant louse:છોડને નાશ કરનાર કીડો. *vi.* To injure,as by a blight:કરમાવું;બળીજવું.

Blind,(બ્લાઇન્ડ્)*a.*Destitute of the sense of seeing:આંધળું; અંધ. 2. Unable to judge; ignorant:અજાણ્યું; હૈયાફુટું; અજ્ઞાન. 3. Morally depraved:વિવેકશૂન્ય-હીન.4.Closed:બંધ;અંધેર. 5.Indiscriminating;inconsiderate:અવિચારી;બેપરવા *vt.*To make blind: આંધળું ક૦ 2.To darken;to conceal:કાળુ-ઝાંખુ ક૦;ઢાંકી દેવું.*n.* Screen; cover: પડદો; ચક. 2.Something to mislead the eye or the understanding: અંધારપિછોડો; આંધળાપાટા;નજરબંધી; અંધારી.

Blindfold, (બ્લાઇન્ડ્ફોલ્ડ્)*a.*Having the eyes covered: આંખે પાટો બાંધ્યો હોય તેવું; ભુલાવામાં પડેલું.2.Having the mental eye darkened: હૈયાફુટું; મનનું આંધળું. *vt.* To cover the eyes of:આંખે પાટો-બાંધવો; અંધારી બાંધવી.

Blindly,(બ્લાઈન્ડ્લિ)*adv.* Without sight or understanding:આંખ મીંચીને;વગરવિચારે;આંધળીયાં કરીને; કારણ જાણ્યા વિના: વિવેકવગર.

Blind-man's-buff,(બ્લાન્ડ્-મેન્સ્-બફ્)*n.*A play in which one person is blind-folded, & hunts out the rest:સંતાકુકડી;દાઈનોચોડો.

Blindness, (બ્લાઇન્ડ્નેસ્) *n.* State of being blind:અંધાપો; અંધત્વ. 2 Ignorance: અજ્ઞાન; અવિવેક:અવિચાર;અજાણપણું.

Blink,(બ્લિન્ક્)*vi* To twinkle with the eye: વારે વારે આંખ મીંચવી ને ઉઘાડવી.2.To glimmer (as a lamp):ઝાંખુ તેજ આપવું-બળવું.*vt.*To avoid: ઉડાવવું: ટાળી દેવું.*n.*Glimpse or glance:કટાક્ષ; ઝાંખી.2 Glimmering light:આભાસ;ઝાંખીરોશની.

Blinkard,(બ્લિન્કાર્ડ્)*n.* One who has bad eyes:ચુંચળી આંખનો માણસ;ચુંચળો.

Bliss, (બ્લિસ્)*n.* Blessedness; heavenly joy: પરમસુખ;અત્યાનંદ;સુખાવસ્થા;પરમાનંદ.

Blissful, (બ્લિસ્ફુલ્)*a* Full of joy & felicity: પરમ સુખનું;સુખાવહ; પરમસુખમય.

Blister, (બ્લિસ્ટર)*n.*A thin bladder on the skin:ફોલ્લો;ઝળેલો.2.Vesicatory:ફોલ્લો ઉઠાડવા મારેલી પટી;પલાસ્તર.*vi*To rise in blisters:ફોલ્લા ઉઠવા.*vt.*To raise blisters upon:ફોલ્લા ઉઠાડવા.

Blithesome, (બ્લાઇધ-સમ્) *a.* Gay; merry;

cheerful:આનંદી; મોજી; હસમુખું; ઉલ્લાસી;ખુશમિજાજ.

Block,(બ્લૉક્)*n*.A solid mass of wood,stone, &c.:ગચ્ચિયું:ઢીમચું:ગઠ્ઠો 2.The wooden mold on which hats &c are shaped: ટોપી વીગેરે બનાવવાનું લાકડાનું માથુ.3.A connected row of buldings:ઘરોની હાર-આળ;ચાલ;ચાલી.4.A hinderance:obstacle:નડતર. અડચણ; ખલેલ; હરકત.5 A blo k-head: ઠોઠ; શંખ; પથરો; ઢંઢો. *vt.* To hinder egress or passage;to stop:બંધ કo; રોકવું. (followed by *up*). 2. To secure or support by means of block:ઢીમચાથી ટેકવવું.

Blockade,(બ્લૉકેડ્)*n*.The shutting up of a place:ઘેરો;નાકાબંધી.*vt*.To shut up:ઘેરો ઘાલવો.

Block head, (બ્લૉક્ હેડ્) *n*.A stupid fellow;a dolt:ઠોઠ-મૂર્ખ-પુરૂષ;શંખ;પથરો.

Blockish (બ્લૉકિશ્)*a*.Stupid:મૂરખ;અનાડી.

Blonde, (બ્લૉન્ડ્) *n*. A person of very fair complexion:ગોરૂં માણસ.*a*.Fair:ગોરૂ;ગબરૂ.

Blood,(બ્લડ્)*n*.The fluid which circulates through veins of body:લોહી;રૂધિર;રક્ત.2. Consanguinity:સગપણ;સગાઇ;તુખમ;લોહી. 3. Honorable birth;royal lineage:કુલીનતા;વર્ણશ્રેષ્ઠતા;ખાનદાની; ઉંચુંકુળ; રાજ્યવંશ.4. Murder; shedding of blood:ખુન;ઝપાઝપી 5.A man of fire; rake:રંડીબાજ; કામી.*vt*.To bleed:લોહી કાઢવું. 2. To stain with blood:લોહીવાળું કરવું. 3.To inure to blood(as a hound):લોહી ચખાડવું-ટેવવવું.*vi*.To bleed:લોહી નિકળવું.

Blood-heat,(બ્લડ્-હીટ્)*n*.Heat equal to the temperature of blood:લોહી જેટલી ગરમી.

Blood-horse, (બ્લડ્-હાર્સ્)*n*.A horse whose lineage is derived from purest origin:ઉંચા તુખમનો ઘોડો.

Blood-hound, (બ્લડ્-હાઉન્ડ્)*n*. A variety of dogs remarkable for acuteness of its smell:એક જાતનો શિકારી કુતરો.

Blood-less,(બ્લડ્લેસ્)*a*.Without blood:dead: લોહી વગરનું :મુએલું 2.Without slaughter:ખુનરેજી વગરનું 3.Without spirit:દમવગરનું ;નિર્જીવ.

Blood shed,(બ્લડ્ શેડ્)*n*.Slaughter;waste of life:કતલ; કાપાકાપી; ખુનરેજી.

Blood-shot,(બ્લડ્-શૉટ્)*a*.Inflamed by turgid state of the blood vessels:લાલચોળ.

Blood-thirsty, (બ્લડ્ થર્સ્ટિ) *a*. Desirous to shed blood:લોહીનું તરસ્યું;ખુની:હિંસક.

Blood vessel,(બ્લડ્-વેસ્સેલ્)*n*.A vein:નસ;રગ.

Bloody, (બ્લડિ)*a*.Stained with or containing blood:લોહીલોહાણ.2. Murderous: ઘાતકી; ક્રુર;ખુની;હત્યારું.3 Attended with blood-shed: ખુનરેજીનું; કાપાકાપી થઇ હોય તેવું. *vt.* To stain with blood:લોહીલોહાણ કo.

Bloom,(બ્લૂમ્)*n*.A blossom;the flower of a plant:મોર:ફુલ 2.Flowers open or in a state of blossoming:વિકાસ;ખીલેલાં ફુલ.3.A state of development into beauty, vigour, &c.:જોબન;નવયૌવન;અરજોબન.*vi*To yield flowers:મોર આવવો; ખીલવું; ફુલ બેસવાં 2. To show beauty & freshess,as of flowers:જોબનમાં આવવું;ખિલવું.

Blooming,(બ્લૂમિન્ગ્)*a* Flowering:ખીલતું. 2. Thriving in health,beauty & vigour:અરજુવાનીવાળું.

Blossom,(બ્લૉસૅામ્)*n*.The flower of a plant: ફુલ;મોર:પલ્લવ;પુષ્પ.*vi*.To bloom:ફુલ લાગવાં;મોર આવવો 2 To flourish & prosper:ખીલવું;ફુલવું ફુલવું.

Blot,(બ્લૉટ્)*vt*.To spot;to stain,as with ink: ડાઘો-ડપકો પાડવો.(શાહીનો)2.To tarnish;to disgrace:બટ્ટો-ડાઘ-એબ-લાંચ્છન લગાડવું.3 (*out*) To obliterate:છેકી-ચેરી-ભુસી નાંખવું;ચેરવું;છેકવું.4. (*out*)To efface;to destroy:ભુસી નાંખવું;મનમાંથી કાઢી નાંખવું; માફ કo.*n*. A spot or stain(of ink):ડાઘો;છાંટો; ડપકો.2. An obliteration of something written:છેકી-ચેરી નાંખવું તે;વિસ્મરણ. 3. A disgrace; blemish:લાંછન; ડાઘ; બદનામી; કલંક; બટ્ટો; એબ.

Blotting-paper,(બ્લૉટિન્ગ્પૅપર્)*n*.A kind of paper which serves to imbibe wet ink: સાહીચુસ કાગળ.

Blow,(બ્લૉ) *n*. A stroke with the fist or an instrument:મુકકી;લપડાક;ઘોલ;ધપ્પો;ઠોંસો;તમાચો;સપાટો; ઝટકો; પ્રહાર; ફટકો. 2. A sudden or severe calamity:વિપત્તિ;આફત; ગજબ;ધક્કો:ધોક્કો.3.A violent wind;gale:પવનનો ઝપાટો-તોફાન-લહેર.*At a* **b**.,suddenly:એક તડાકે;પહેલી વખત.

Blow,(બ્લૉ) *vi*. To produce a current of air with the mouth:ફુંક મારવી:ફુકવું 2.To move, as air:વાવું;આવવું.3.To pant;to puff:હાંફવું 4 To sound as(a horn):વાગવું. 5. To boast;to brag:ફુલાઈ જવું;ગર્વ કo *To* **b**.*out*:ભુંડું બોલવું.*To* **b**. *over*:વિખરાઈ જવું; થઈ-જતું રહેવું. *To* **b**. *up*: ઉડવું;સુરંગથી કડકડકડા થઈ જઈને ઉડવું.*vt*.To throw a current of air upon with the mouth or by other means:ફુંકવું; ફુંક મારવી; વા નાંખવો. 2.To impel:ઘસડી જવું;ખેંચાઇ જવું.3.To sound વગાડવું:ફુંકવું.4.To publish;to betray:ખુલ્લું કo; 5.To deposit, as eggs by flies:આસન મુકવું. 6.To form by inflation;to blow through: પરપોટા કo.*To* **b**.*hot & cold*:બંન્ને બાજુની ઢોલકી બજાવવી.*To* **b** *off*,to let off:કાઢવી;જવા દેવી;-થી ખસેડાઈ જવું-ખરી પડવું.

Blow-pipe,(બ્લૉપાઈપ્)*n*. A tube for driving a current of air through a flame: ભુંગળી.

Blowth, (બ્લૉથ્) *n*. Bloom or blossoms in general:ફુલ;મોહોર. 2. State of blossoming:

ફુલાવો. [woman:ભારે રાતા મ્હોં વાળી બૈરી.
Blowze, (બ્લાઉઝ્) *n.* A ruddy fat-faced
Bludgeon,(બ્લડ્જન્) *n.* A short stick with one end loaded or thick:ડાંગ; ડંગોરો;ગદા.
Blue, (બ્લ્યૂ) *n.* A color of the clear sky or one resembling it: વાદળી-નીલો-આસમાની રંગ. 2.(*pl*)Low spirits:ખિન્નતા;ઉદ્વેગ; દિલગીરી;ઉદાસી;શોક.*a.*Of the color called b.:વાદળી-આસમાની રંગનું. 2. Melancholy: ઉદાસી; ખેદયુક્ત; શોકાતુર.
Blue-stocking,(બ્લૂ-સ્ટૉકિન્ગ્) *n*, A literary lady;a female pedant: પાંડિત્ય ધરાવનારી સ્ત્રી.
Blue-vitriol,(બ્લૂ-વિટ્રિઑલ્) *n.* Sulphate of copper:મોરથુથુ. [નીલાસ પડતું.
Bluish,(બ્લ્યૂઇશ્)*a.* Blue in a small degree:
Blunder, (બ્લન્ડર્) *vi.* To mistake grossly; to stumble:મોટી ભૂલ ખાવી; ઠોકર ખાવી. *n.* A gross mistake:મોટી ભૂલ-ચૂક-ગોથું;સ્ખલન.
Blunder-head,(બ્લન્ડર્હેડ્) *n.* A stupid fellow;one who blunders: બેવકુફ;મૂર્ખ.
Blunt, (બ્લન્ટ્) *a.* Having a thick edge or point,as an instrument:બુઠું હથિયાર. 2 Dull in understanding:જડ;ઠોઠ;બોથડ. 3. Abrupt in address: અસભ્ય; તોછડું. *vt.* To dull the edge or point of:બુઠું ક૦;ધાર ખાંડી ક૦.2. To weaken-ની અસર ઓછી ક૦;-નું જોર દબાવવું.
Bluntness,(બ્લન્ટ્નેસ્)*n.*Want of point:બુઠાપણું.2.Coarseness of address:અસભ્યતા.
Blur,(બ્લર્)*n.*A stain;a blot:ડાઘો;ડાઘ;ડપકો.2. A dim appearance:ઝાંખ;અંધાધુંધી.3 A blot, stain or injury:બટ્ટો; લાંછન; એબ; કલંક;દૂષણ. *vt.*To obscure by a dark spot:ડાઘ-ડપકો પડવો.2.To dim:ઝાંખું ક૦.3.To sully;to blemish: કલંક-એબ-લાંછન લગાડવું કલંકિત ક૦.
Blurt, (બ્લર્ટ્) *vt.* To utter suddenly: ઉતાવળ કરી બોલવું; લપલપ ક૦; બડકાવવું. *To* b. *at,* to revile; to ridicule:ધિક્કારવું;તિરસ્કાર ક૦.
Blush,(બ્લશ્)*vi.*To grow red:રાતું થવું;રાતા રંગથી દીપવું;ખિલવું.2. To redden in the cheeks or face: શરમાવું; ફિક્કું-ઝાંખું પડવું; લજવાઈ-શરમાઇ જવું;મ્હોંએ શેરડા પડીજવા; શરમ-લાજ લાગવી *n.* A red colour; a rosy tint:રતાશ; લાલી; રાતો રંગ.2.Red color of the cheeks or face:શરમથી થએલી મોંપરની લાલાશ-ગુલાબી;શેરડો.3.Sudden appearance; view:પહેલોજ દેખાવ; પ્રથમ દર્શન.
Blushing, (બ્લશિન્ગ્) *pa.* Showing blushes; blooming: શરમાળ; ખીલતું. *n.* :Appearance of reddish color upon cheeks:શરમ; લાલાશ.
Bluster,(બ્લસ્ટર્) *vi.* To be windy & boisterous:જોરમાં વાવું.(પવન). 2. To swagger:પતરાજી બડાઈ-ફુલ ક૦-મારવી;ફુલાઇ જવું.*vt.* To utter with noisy violence:બરાડાપાડી-મ્હોટેથી બોલવું.*n.* Fitful noise & violence:સુસવાટો;સપાટો. 2. Noisy & violent talk:પતરાજ;બડાઇ;શેખી.
Boa-constrictor, (બોઆ-કૉન્સ્ટ્રિક્ટૉર્) *n.* [L. *con* & *stringo*,I strain.]A large & powerful serpent:અજગર.
Boar,(બોર્)*n.* The wild hog:ડુક્કર;ભુંડ; સુવર.
Board,(બોર્ડ્) *n.* A plank: પાટિયું; ફલક. 2. A table to put food upon:ખાણું પીરસવાનું ટેબલ-મેજ.3.Food;provision:ખાણું;જમણ;સુખડી.4. A council:સભા;મંડળી 5 The deck or interior of a ship:વહાણનું સુકાનનો અંદરનો ભાગ.6. The side of a ship:વહાણનું પડખું-બાજુ.7.A table or frame for a game:બાજી;પાટીયું.8 A pasteboard:પુંઠાનો જાડો કાગળ *vt.* To cover with boards:પાટીયાં જડવાં.2.To furnish with food for compensation:પૈસા લેઇ ભોજન કરાવવું-ખાવાનું પુરૂં પાડવું. *vi.*To obtain food or diet for compensation:પૈસા આપી ખાવું પીવું.
Boarding-house, (બોર્ડિન્ગ્-હાઉસ્) *n.* A house in which borders are kept:વીશી.
Boarding-school,(બોર્ડિન્ગ્-સ્કૂલ્)*n.*A school in which scholars receive board & lodging as well as instruction: વિદ્યાર્થીઓ માટે ખાવા અને સુવા બેસવાનુંપણ હોય તેવી શાળા. નિર્દય;ક્રુર.
Boarish, (બોરિશ્) *a* Brutal; cruel: ઘાતકી;
Boast, (બોસ્ટ્) *vi.* To brag one's self:શેખી-પતરાજ-બડાઈ મારવી;ફુલાવું;ગર્વક૦.*vt.*To display ostentatiously:શેખી-બડાઇ-ગર્વક૦. 2 To dress,as a stone, with a board chisel: પથ્થર ઉતારવો-છોલવો 3. To shape roughly:ઢોળીયું ક૦. *n.* A vaunting:પતરાજ;બડાઈ-શેખી; ફુલાસ;ગર્વ.
Boastful,(બોસ્ટ્ફુલ્) *a.* Given to boasting: પતરાજખોર;બડાઇ હાંકનાર;ફુલણજી.
Boasting,(બોસ્ટિન્ગ્) *n.* Glorifying; vaunting:અહંકાર;બડાઈ;ગર્વ; ફિસીયારી; શેખી; ફુલાસ.
Boat,(બોટ્)*n.*A small open vessel:હોડી;મછવો; નાવ.*vt.*To transport in a boat:હોડીએ ચઢાવવું-થી લેઇ જવું.*vi.*To go in a boat:હોડીમાં બેસી જવું.
Boatsman, (બોટ્સ્મેન્) *n.* The rower of a boat:હોડીવાળો;ખારવો;ખલાસી.
Boatswain, (બોટ્સ્વેન્) *n.* An officer who has charge of a boat, sails, &c.: વહાણનો મુખ્ય ટંડેલ;સરંગ.
Bob,(બૉબ્)*n.*A pendant:લોલક;મણુકો;ઝુમખો.2. A knot of rags used in angling:માછલી પકડવા રાખેલુ ચીંથરાનું ઝુમખું. 3. The ball of a pendulum:(ઘડીઆળના) લોલકનો ઓળ-ભારે ભાગ. 4.A short jerking action:ઝોલો.5. A blow; a shake or jog: સહજ ધક્કો; અડસેલો. *vt* To move in a short jerking manner: હલાવવું; ધુણાવવું.2.To strike with a light blow:ધક્કો-

ઠોંસો મારવો.3. To cheat:ઠગવું; છેતરવું. *vi.* To play loosely:ઝુલવું;લટકવું.2. To angle with a bob:લોલકથી માછલી પકડવી.

Bobbin,(બૉબિન્)*n.* [L.*bomby*,a silk-worm.] A spool:સુતર વિંટાળવાની ફિરકી-ફિરકડી;બાબીન.

Bode,(બોડ્)*vt.*& *vi.*To portend; to presage: પૂર્વ-સૂચન-દર્શન ક૦;અગાઉથી સૂચવવું-જણાવવું.

Bodement,(બોડ્-મેન્ટ્) *n.* Omen;portent:શુકન;ભાવીચિન્હ;પૂર્વસૂચન-દર્શન.

Boding,(બોડિંગ્) *p.a.* Foreshowing:અગાઉથી સૂચના આપવું;સૂચક.*n.*An omen;a prognostic: શુકન;ભાવિ ચિન્હ;ભવિષ્ય;સૂચના.

Boddice,(બૉડિસ્) *n.* A corset; stays: ચોળી; સ્ત્રીઓનો કબજો-બદન;કાંચળી;કંચુકી. [નિરાકાર.

Bodiless,(બૉડિલેસ્) *a.* Incorporeal: વિદેહી;

Bodily,(બૉડિલિ)*a.*Having a body;corporeal: શરિર-દેહવાળું;શરીરમત;દૈહિક;કાયિક;શારીરિક;સાંગ. *ad.*દેહ-શરીરસહિત.2. Entirely:-બધું;તદન.

Bodkin, (બૉડ્કિન્) *n.* An instrument for making holes:કાણું પાડવાની મ્હોટી સોય-સોયો. A sharp tool for picking out letters in making corrections:પ્રુફ સુધારતાં અક્ષર ખેંચવા મુકવાનો ચીપીઓ;પીન્ચીસ.3 A species of rich cloth of silk & gold:કીનખાબ;લપેટો.

Body,(બૉડિ) *n.* The frame of an animal:શરીર;અંગ;તન; કાયા;દેહ. 2. The main parts of an animal, tree,army,&c.:ધડ;મુખ્યભાગ;થડ. 3.A person:human body:માણસ;જણ. 4 A corporation:સમૂહ;સભા;મંડળ;સમાજ 5 (*a*) A united mass;general collection:કોડ;સંગ્રહ; સંહિતા.(*b*)Troop: સેના;દળ;લશ્કર;ફોજ. 6 Any substance distinct from others:પદાર્થ;વસ્તુ.7. Consistency; thickness: ઘટ્ટપણું; જાડાશ 9. Characteristic quality; strength:કસ;માલ; જીવ;સત્વ;દમ;પોત;વાણોતાણો.

Body-guard,(બૉડિગાર્ડ્) *n.* A guard to protect the person:અંગ-પ્રાણરક્ષક;હજુરી;પરિચારગણ.

Bog,(બૉગ્)*n.*A marsh;a morass:પોચી ઘાસવાળી જમીન;પંક.*vt* To whelm in mud:કળી જવું.

Boggle,(બૉગલ્)*vi* To stop or hesitate as if in doubt:ખંચાવું;વિચાર-સંદેહમાં પડવું;આનાકાની. ક૦ *vt.*To embarass with difficulties:ગુંચવવું; ગભરાવવું;બિવડાવવું. [ઘાસવાળું.

Boggy, (બૉગિ) *a.* Swampy: કળાય તેવું પોચું;

Bogey, (બોગે)
Bogy, (બોગિ)
Bogle, (બૉગલ્)
Boggle, (બૉગલ્)
*n.*A bug bear;a specter: બડાક;ધોધર;ભૂત.

Boil (બૉઇલ્)*vi.* [L. *bullio*, I bubble up.] To bubble:ઉકળવું;ખદબદવું;ઉનું થવું.2.To be similarly agitated by any other cause:ઉછળવું;તળેઉપર થવું.3.To be excited:ઉકળવું;તપીજવું;ઉશ્કેરાઇ જવું;ચઢવું;રંધાવું;બફાવું.*vt.*To cause to be agitated by the application of heat:ઉકાળવું;ઉનું કરવું; ખદખદાવવું. 2. To form by boiling or evaporation:ઉકાળી-બાળીને બનાવવું.3.To subject to the action of heat:બાફવું;ઉકાળવું;રાંધવું.

Boil,(બૉઇલ્)*n.*A hard,painful tumor which discharges pus mixed with blood:ગુમડું;ગડ.

Boiler,(બૉઇલર્)*n.*One who boils:રાંધનાર.2.A vessel in which anything is boiled:કઢાઇ-યુ;ડેગ;ચરૂ;દેગડો.3.A strong metallic vessel in which steam is generated:બોઇલર.

Boisterous,(બૉઇસ્ટરસ્)*a.* Violent; roaring: જબરો;પ્રચંડ;સુસવાટાભેર વાતો (પવન).2. Noisy; turbulent;rough:ગરબડીયું;ધાંધળ.યું;તોફાની.

Bold,(બોલ્ડ)*a.*Daring;intrepid;courageous: હિંમતવાન;સાહસિક; છાતીચલું; જવાંમર્દ.2. Rude; impudent:ઉદ્ધત;નિર્લજ;તોછડું;બેઅદબ.3 Somewhat overs-tepping usual bounds:અમર્યાદ; નિર્લજ.4 Striking to the eye:વિસ્મોત્પાદક;ખુલ્લુ.

Bolden,(બોલ્ડન્) *vt* To make bold;to give confidence:હિમ્મત આપવી-મળવી; ખાતરી ક૦.

Bold-faced,(બોલ્ડ-ફેસેડ્)*a.*Impudent:બેશરમું; નિર્લજ;ઉદ્ધત;તોછડું;બેઅદબ.

Boldness,(બૉલ્ડનેસ્)*n.* Courage:હિમ્મત; છાતી; શૂર;શૌર્ય 2.Rudeness, impudence: અવિનય; અમર્યાદા;ઉદ્ધતાઈ;તોછડાઇ;ઉદ્ધતપણું.

Bolster,(બોલ્સ્ટર્)*a.*A long pillow or cushion: ઓસીકું.2. A pad or quilt:ગાદી; તકીયો. 3. A cushioned or padded part of a saddle:ખોગીર 4. The principal cross beam of a car-truck: માહળીયું; ગાડીનો ભાર ઝીલતો આડો ભારવટીયો.*vt* To support with a bolster:નીચે તકિયો મુકવો;ઓસીકે મુકવું;-નો ટેકોઆપવો.*vi.* To lie together on the same bolster:એક ઓસીકે સાથે સુવું.

Bolt,(બોલ્ટ્)An arrow;dart:બાણ;ભાલો;તીર.2.A strong pin of any material to fasten a door આગળી;ભુંગળ;સાંકળ;આડ.3.A thunder-bolt;a stream of lightening:વજ્ર;વિજળીનો ચમકારો-ઝબુકો.4.A shackle:બેડી. *vt* To fasten with a bolt:સાંકળ-આગળી ભુંગળ દેવી.2 To fasten;to restain:બાંધવું; અટકાવવું; પુરવું. 3. To utter or throw out:ફેંકવું; ઉતાવળુ-ઓચિંતું-ઝડપથી બહાર નિકળવું 4.To swallow without chewing:ચાવ્યાવિના ઉતારવું-ગળી જવું.

Bolt,(બોલ્ટ્)*vt.*To sift with a bolster or other means:ચારણી કે બીજા સાધનથી ચાળવું-સાફ ક૦.2. (*out*)To examine,as by sifting:ધ્યાન દઇ તપાસીને જોવું 3.To start or cause to spring forth: ભડકાવું; ચમકાવું; બહાર કાઢવું. *vi.* To spring or move abruptly:ઝડપથી-ઓચિન્તુ બહાર નિકળવું-આવવું 2.To fall suddenly:ઓચિન્તુ પડવું-અફળાવું.

Bolter,(બૉલ્ટર્)*n.*One who bolts:ઓચિન્તો-અ-

ચણુચ ચાલ્યો જનાર;ભડકેલો ઘોડો.2. An instrument for separating bran from flour:ચાલણી

Bolus,(બોલસ્)*n.* (L. *bolus*, morse.] A large pill:મ્હોટી ગોળી.2.A variety of clay:માટી.

Bomb,(બમ્)*n.*[L *bombus*, Gr bombos, deep sound.](*Mil.*)A hollow ball or shell of cast iron filled with explosive materials(now called shells): છરાનો ગોળો; ગરભછાંટ. 2. The stroke upon a bell:ટકોરો;રણકો.

Bombard,(બમ્બાંર્ડ્)*vt* [L.*bombus.*]To attack with bombs:છરાના ગોળાનો માર ચલાવવો.

Bombardier, (બમ્બાંડીર્) *n.* An artillery man:ગોલંદાજ.

Bombardment,(બમ્બાંર્ડમેન્ટ્)*n.* An attack with bombs:ગરભ છાંટના મારનો હુમલો.

Bombast,(બમ્બાંસ્ટ્)*n.* (*Fig.*) High-sounded words;an inflated style:ભભકાદાર ભાષણ.

Bombastic,(બમ્બાંસ્ટિક્)*a.* High sounding: ભભકાદાર-અર્થ રહિત (ભાષણ);ડોળવાળું;ડોળી.

Bombyx,(બોમ્બિક્સ્) *n.* [L.] A silk-worm:રેશમનો કીડો.

Bond,(બોન્ડ્)*n.*A band;ligament:બંધ;દોરી;સાંકળ.2.(*pl.*)Captivity;chain: કેદ; બેડી; શૃંખલા. 3.A binding force or influence;a uniting tie:સંબંધ;સંયોગ;ગાંઠ.4.A moral obligation: ફરજ;બંધન.5.(*Law*)A deed:ખત;લેખ. *vt.* To give bond for:ખત-દસ્તાવેજ લખી આપવો.

Bondage,(બોન્ડેજ્)*n.* Slavery; captivity:કેદ; ગુલામગીરી;દાસત્વ.2.Obligation: બંધન;ફરજ.3. Villenage:ખીજમત-ચાકરી-માટે આપેલી જમીન.

Bondmaid,(બોન્ડ્મેંડ્)*n.* A female-slave:દાસી;લોંડી;ગુલામડી.

Bondman,(બોન્ડ-મેન્)*n.*A man-slave or one bound to serve without wages:ગુલામ; દાસ. 2.A tenant in villenage:ખાડુતી;હુંડો.

Bondsman,(બોન્ડ્સમેન્)*n.*A surety:હામીદાર.

Bone,(બોન્)*n.*A hard,white substance composing firmer part of animal body: હાડકું; અસ્થિ.*A b.of contention*:તકરારનો વિષય;વિવાદ વિષય. *To be upon the* b. s: હુમલો કo. *To make no* b. s:અંદેશો-શંકા-સંશય નહ લાવવો; -ને વાર નહિ લાગવી-લગાડવી. *To pick a* b. *with any one*:તકરાર કo.*vt.*To take out bones from the flesh:માંસમાંથી હાડકાં વીણી કાઢવાં.

Boned,(બોન્ડ્) *a.* Having bones:હાડકાવાળું.

Bonelace,(બોન્લેસ)*n.*A lace made of linen thread:શણની ફીત.

Bonfire,(બોન્ફાઇર્)*n.*[Fr.*bon*, good & fire] A fire made in token of public joy or amusement:લૌકિક આનંદ-જયસૂચક અગ્નિ.

Bonnet,(બોન્નેટ્)*n.*A covering for the head for females: સ્ત્રીઓની ટોપી. 2. An elevated part of a parapet:કોટનો ઉંચો ભાગ.

Bonny,(બોનિ)*a.*[Fr.*bon*,good.] Handsome; beautiful:સુંદર;ફુટડું;રૂપાળું.2.Gay; cheerful: આનંદી;ગમતી;ખુશમિજાજી. 3.Plump; well-formed:ગોળમટોળ;ભરેલું; તાજું; હૃષ્ટપુષ્ટ.

Bonus,(બોનસ્)*n.*[L.]A premium for a loan: વ્યાજ;મંડામણ.2.An extra dividend paid to shareholders:વ્યાજ ઉપરાંત નફામાંથી ભાગીદારોને અપાતા પૈસા.3.A sum paid to a company's servants in addition to pay:સુખડી.

Bony,(બોનિ) *a.* Of bones;full of,or pertaining to,bones:હાડકાનું-વાળું-સંબંધિ.2.Stout; strong:મજબૂત;જબરૂ;લઠ્ઠ;જોરાવર.

Booby,(બૂબિ)*n* A kind of fowl:એકજાતનું પક્ષી. 2.A dunce;a bubber:જડ-ઠોઠ-મૂરખ પુરૂષ.

Book,(બુક્)*n.*A collection of blank,written or printed papers bound to-gether:પુસ્તક; પોથી;ગ્રંથ;કિતાબ;ચોપડી.2.A part of a treatise of literary work:ખંડ; ભાગ;બાબ; અધ્યાય. 3. Volume of sheets in which accounts are kept:શરાફી નામાનો ચોપડો;વહી.*In the* b. s *of*: in favour with:માનીતું;વહાલું.*vt.* To enter or write in a book:નોંધવું;લખી રાખવું;ચઢાવવું.

Book-binder, (બુક્બાઇન્ડર્) *n.* One whose occupation is to books:ચોપડી બાંધનાર.

Book-binding,(બુક્બાઇન્ડિંગ્) *n.* The art or practice of binding:ચોપડી બાંધવાનો કિસબ.

Bookish,(બુકિશ્)*a.* Fond of study; learned from books:વિદ્યાવ્યસની;વાંચવાનો શોખીન;વેદિયું.

Book-keeper, (બુકીપર્)*n.* One who keeps accounts:હિસાબી કારકુન; મહેતો.

Book-keeping,(બુકીપિંગ્)*n.*The art of keeping accounts:નામુ લખવાની કળા;રીત;નામુંઠામું.

Book-worm,(બુક્વર્મ્)*n.*A worm that eats holes in books:આંતરી; ઉધાઈ. 2. A student closely attached to study;a reader without appreciation:પુસ્તકવ્યસની;ગુણ જાણ્યા વિના ફક્ત વાંચવામાં આસક્ત હોય તે; વિદ્યાવ્યસની.

Boom, (બૂમ્) *n.* A long pole for extending bottom of sails:શઢ નીચેની કાઠી.2 A post set up for the guidance of seamen:સમુદ્રમાં થોડું પાણી હોય ત્યાં નિશાની તરીકે રોપેલી કાઠી.5.A hollow roar:ઘુઘવાટો; સુસવાટો;ગર્જના. *vt.* To cry with a hollow note: જાડા સ્વરથી બોલવું; ઘાંટો પાડવો. 2. To make a hollow sound as of waves or cannon:ઘુઘવાટો-ગર્જના કo.

Boon,(બૂન્) *n.* [L. *bonus*, good.] A gift; a present:બક્ષિસ;દાન;પ્રસાદ.2.A request:પ્રાર્થના; અરજી;આજીજી.*a.*Merry;jovial:આનંદી;રંગેલુ;ગમતી.2. Kind; bountiful:દયાળુ;ઉદાર.

Boor,(બૂર્) *n.* A rustic; a clown: ગામડિયો;ગમાર;રોંચો. [ભણુ;ગામડિયું;જંગલી; શાનહ.

Boorish,(બૂરિશ્) *a.* Awkward; illiterate: અ-
Boose-ze, (બૂઝ્) *vi.* To drink excessively: ખૂબપીવું; છાકટુ બનવું. [dled:છાકટો; દારૂડીયો.
Boosy-zy,(બૂઝી)*a.* A little intoxicated;fud-
Boot, (બૂટ્) *vt.* To profit: નફો-લાભ હોવો. *n.* Profit;gain:લાભ;નફો; ફાયદો. *To* **b** :વધારામાં.
Boot,(બૂટ્)*n.*[Gr.*butis*,flask.]A cover for the foot & leg, ordinarily of leather:ઘુંટી સુધી આવે એવા બૂટ-જોડા.2. An apron or leathern cover for a carriage:ગાડી ઉપર નાંખવાનો ઓઢો. *vt.*To put boots on: જોડા પહેરવા.
Booth,(બુથ્) *n.* A house built temporarily of boards,boughs of trees &c.:છાપરૂ;માંડવો
Bootless,(બૂટ્લેસ્)*a.*Unavailing; useless:નિષ્ફળ;મિથ્યા;ફોકટ; વ્યર્થ;નિરર્થક;પોકલ;નકામુ;ખાલી.
Boot-tree,-last,(બૂટ-ટ્રી-લાસ્ટ્)*n.* An instrument to widen the legs of a boot:કાલબૂત.
Booty,(બૂટિ)*n.* Spoils taken in war;plunder:લૂંટ;લૂટફાટ.
Borax,(બૉરૅક્સ્) *n.* A salt formed by combination of boracic acid with soda:ટંકણખાર.
Border,(બૉર્ડર્)*n.*Margin;boundary:કોર;છેડો; કોરાણ;કાંઠો;સેડો; કિનારો;પાળ; સંજાપ;પાલવ;મગજી; સીમાડો;સરહદ *vi.*To be contiguous or adjacent:હદપર હોવું-આવવું. 2. To come near to: આવી પહોંચવું; લગભગ હોવું; મળતું આવવું. *vt.* To make a border for: કોર-મગજી મૂકવી 2. To reach to:સુધી પહોંચવું-આવવું-હદ હોવી.
Bore,(બૉર) *vt.* To pierce: સારવું; શાર-વે-કાણું પાડવું.2.To vex:હેરાન ક૦;થકવવું;પજવવું.3 To go through with difficulty:મહા મુશીબતે પસાર ક૦.*vi.*To pierce by boring:સારવું 2. To be pentrated:વે પડવો;શરાવું.3.To push forward: આગળ ચાલ્યા ક૦. *n.* Hole made by boring, hence, cavity of a gun or other firearm: વેહ;કાણું;બાકું; શાર;ગ્હોં;કાન; છિદ્ર; પોલાણ. 2 A person or thing that wearies by iteration: વારેવારે કહી-બકી કંટાળો ઉપજાવનાર-માથુ પકવનાર. (*fi*):ઉપાધિ; પીડા; જંજાળ; હાડખીલ.
Bore,(બૉર)*n.*A tidal flood:ભારે ભરતી-રેલ;ઘોડો.
Boreas, (બૉરીઍસ્) *n.* [L *boreas*, storm.] A cold northernly wind:ઓતરાતો ઠંડોપવન;ઉત્તરાણ.
Born,(બૉર્ન્)*pp.* of *Bear.* Brought into life; produced:જન્મેલું;અવતરેલું;ઉદ્ભૂત;પેદા થયેલું.
Borne,(બૉર્ન્)*pp.*of Bear.Carried; conveyed;supported:ખમેલું;લઇ ગયેલું.
Borough, (બરૉ) *n.* [L *burgus*, a city.] A corporate town;(in England)a town that sends members to Parliament:સનંદીયા ગામ.
Borrow,(બૉરૉ) *vt.* To take or receive from another on trust or credit:ઉછીનું લેવું વ્યાજે લેવું-કાઢવું.2.To appropriate;to assume: ઉતારી લેવું ધારણ ક૦;સ્વીકારવું; ગ્રહણ ક૦.3. To copy from the book of another author:બીજાના પુસ્તકમાંથી ઉતારી લેવું [folly:દમદમાટ;ખોટી વાત;મૂર્ખાઇ.
Bosh,(બૉશ્)*n* Mere show;hence, nonsense;
Bosom,(બૂઝમ્) *n.* The breast of human being:છાતી;વક્ષ;વક્ષસ્થળ.2.The seat of passions, affection,&c.:હૃદય;અંતકરણ;કાળજુ;મન;ચિત્ત.3. The interior:અભ્યંતર;ગર્ભ;પેટ.4.The reservoir of secrets:મન;પેટ.5 Intimate;confidential: પ્રિય;વહાલું;દીલોજાન;તદબદન.*vt* To inclose in the bosom;to cherish intimately:પેટ-મનમાં રાખી મૂકવું.2.To conceal:ઢાંકવું;સંતાડવું.
Boss,(બૉસ્)*n.*A stud;a knob:બુટ્ટો; બહાર પડતી ગાંઠ.2.A round,swelling body:ઉપસેલી ગોળાકૃતિ.3.A wooden vessel for the mortar:કેલ ભરવાનું વાસણ;તગારૂં.4.A wild ox:ગોધો; સાંઢ.
Botanic-al,(બૉટૅનિક્-કલ્) *a.* Relating to, or containing plants:વનસ્પતિ સંબંધિ-વિદ્યાનું; ઉદ્ભિજવિદ્યા વિષયક.
Botanist,(બૉટૅનિસ્ટ્)*n.* One skillen in botany:વનસ્પતિવિદ્યાવેત્તા;વનસ્પતિજ્ઞ.
Botany,(બૉટૅનિ)*n* [Gr.*botane*,fodder.] The science which treats of the structure,&c of plants:વનસ્પતિવિદ્યા,ઉદ્ભિજવિદ્યા.
Botch,(બૉચ્)*n.*A swelling on the skin:ગોડ; ફોલ્લો; ગડ; ગુમડું. 2. A patch of a garment mended in a clumsy manner:બેડોળ થિંગડું. 3.Clumsy performance:બેડોળ-ઢંગ ધડા વિનાનું કામ.*vt* To mend with a needle in a clumsy manner:બેડોળ થિંગડુ દેવું.2.To mend or repair awkwardly:કઢંગી રીતે સુધારવું;લોચો વાળવો.
Botchy,(બૉચી)*a.*Full of botches:ડાઘવાળું.
Both, (બૉથ્) *a* & *pron* [L. *ambo*, both.] The two;the pair:બંને,બેય;ઉભય.
Bother,(બૉધર્) *vt.* To tease or perplex:માથું પકવવું-દુઃખવવું;કાયર ક૦; પજવવું; પીડવું.
Bottle, (બૉટલ્) *n.* A hollow vessel of any material with a narrow mouth for holding liquids:સીસો બાટલી;કુપ્પી;કુંડી;કુપ્પી *A* **b** *of hay*, a bundle of hay:ઘાસની પુળી.
Bottom, (બૉટમ્) *n.* The lowest part of anything:તળીયું;તળેટી.2.Foundation;base: તળ;આધાર;પાયો;બેસણી.3 A dale,valley:ખીણ; ખો.4 Stamina;power of endurance:પાણી; જીવ;દમ;જોર.5.Dregs;sediment:મેલ;કચરો;રગડો 6.Limit:હદ;પાર,થાગ;છેડો *To the* **b** :પુરતી રીતે. *To be at the* **b.***of*: કારણ હોવું;-માં સામેલ હોવું. *At* **b.**:વસ્તુતઃ; સત્ય રીત્યે *vt.* To furnish with a seat or bottom:તળીયું ઘાલવું;પડથી બેસાડવી; *vi.* To be based:આધાર રાખવો.
Bottomless, (બૉટમ્લેસ્) *a.* Without a bottom;hence,fathomless:અથાગ; અગાધ.

Bottomry,(બૉટૉમ્રિ)*n.* A contract by which the owner of a ship hypothecates the ship as security for the repayment of a loan for the use of the ship:વહાણનું ખોખું ઘરેણે મુકવું તે.

Boudair,(બૂડ્વેર્) *n.* A small private room to receive friends or to retire alone: ન્હાનું ખાનગી ઘર-ઓરડો. [of a tree:ડાળ;ડાળી; શાખા.

Bough, (બાઉ) *n.* The arm or large branch

Bought,(બૉટ્)*imp.& pp of* **buy** q.v.ખરીદ્યુ.*n.* A twist;a link:વળ;આમળો.2. The part of a sling which holds a stone:ગોફણનું ચાડું.

Bounce,(બાઉન્સ)*vi.*(L.*bombus*,deep sound.] To spring suddenly:કુદકો-છલંગ મારવી. 2.To beat or thump:ધબકવું; ઠોકવું.3. To boast or bully:પતરાજી કo;બડાઇ હાંકવી.*vt.*To drive against anything suddenly & violently:અફાળવું;પછાડવું.*n.*A sudden leap or bound:ફલંગ; કુદકો.2.A heavy blow or thump:ધક્કો;આંચકો; ધબાકો 3. A bold lie:હડહડતું જુઠાણું.

Bound,(બાઉન્ડ્)*n.*Limit;boundary:હદ;સીમા; મર્યાદા.*vt.*To limit;to terminate:હદ-સીમા બાંધવી;દાબમાં રાખવું.2.To mention the boundary of:ખુંટ લખવા.

Bound,(બાઉન્ડ્)*n.* [L.*bombus,* deep sound.] A leap;a spring: કુદકો; છલંગ; તલપ;ત્રાપ.2. A spring from one foot to other:(નાચમાં)ઠેકડો.*vi.*To leap:કુદવું;ઠેકડો મારવો 2.To rebound (as,an elastic ball):ઉછળવું; પાછું ઠોકાવું. *vt.*To make to bound or leap:ઉછાળવું;ધબકાવવું.

Bound,(બાઉન્ડ્) *imp* & *pp.*(of **bind**.) Made fast by band or chains;confined:બાંધેલું;પુરેલું.*a.*Going or intending to go:જતું; જનાર.

Boundary,(બાઉન્ડરિ) *n.* That which indicates a limit as of territory:હદ;સીમા;મર્યાદા.

Bounden, (બાઉન્ડેન્)*a.* Obligatory;binding: જરૂરનું;અગત્યનું.

Boundless, (બાઉન્ડ્લેસ્) *a.* Unlimited; immeasurable:અપાર;અનંત;બેસુમાર; બેહદ.

Bountiful-eous, (બાઉન્ટિફુલ્-ટીઅસ્) *a.* Generous;munificent:ઉદાર;દાતાર;સખી.

Bounty,(બાઉન્ટિ)*n.*[L. *bonus,* good] Generosity;munificence:ઉદારતા;દાન;અનુગ્રહ.2.Premium offered to encourage any branch of industry:કોઇ પણ ઉદ્યમે વળવા લાલચ દેવું ઇનામ.

Bouquet, (બુકે) *n.* A nosegay: ગોટો; કલગી 2. An agreeable perfume:ખુશબો;સુવાસ.

Bout,(બાઉટ્)*n.*A conflict;attempt: ધમાધમી; તકરાર;કોશીશ.2.A turn:ખેપ;ફેરો;વખત.

Bovine, (બોવાઇન્) *n.* [L. *bos, bovis,* an ox.] Pertaining to oxen or cows:ગાય-બળદનું-સંબંધિ;ગોવિષયક-સંબંધિ.

Bow,(બાઉ)*vt.*To bend; to make crooked or curved:વાંકું વાળવું;નમાવવું.2.To bend;to turn: ફેરવવું; વાળવું 3. To bend or incline, as the head or body in token of respect:પગે પડવું; પ્રણામ કo. 4. To subdue: તાબે-વશ કo. *vi.* To bend in token of respect or civility:નમવું; પગે લાગવું;નમસ્કાર કo.*n.*An inclination of the head or bending of the body in token of respect,&c.:નમસ્કાર; પ્રણામ; અભિવંદન.2.The stem of a ship:વહાણનો ગોળ મોખરાનો ભાગ.

Bow, (બો) *n.* Anything bent;the part of a yoke which embraces the neck,&c :વક્ર વસ્તુ;જોતર. 2. A weapon of a strip of wood with a cord connecting both ends used to propel arrows:કામઠું;ધનુષ્ય;ગાંડિવ.3. An instrument to produce sound:ગવૈયાની તંબુરો વીગેરે વગાડવાની નાની કામટી.

Bowels, (બાઉએલ્ઝ્) *n.* (*pl.*) [L. *botellus,* a small sausage]. An entrail, especially of man; a gut:આંતરડાં.*To move the* **b.**:ઝાડા-દસ્ત થવા.2.Interior part of anything: અભ્યંતર; ગર્ભ;પેટું. 3. Compassion:દયા;કૃપા;કરૂણા.*vt.*To take out the bowels of:આંતરડાં કાઢવાં.

Bower, (બાઉઅર્)*n* A country-seat:બેઠક;ઝુંપડી.2 An arbor:માંડવો;કુંજ;મંડપ. [ખંજર.

Bowie-knife, (બોએનાઇફ્) *n* A long knife:

Bowl,(બોલ્)*n.* A concave drinking cup or vessel:પ્યાલો;વાડકો;છાલું.2.The hollow part of anything:ચાડું;ખામણું 3.[L.*butta*,a ball.] A ball used in play:દડો.*vt.*To roll:ગબડાવવું;ફેંકવું. *vi.* To play with bowls:.દડે રમવું.2.To roll the ball:દડો નાંખવો. [ધંારી;તિરંદાજ.

Bow-men (બોમન્)*n.*An archer:ધનુર્ધર;ધનુ-

Bow shot, (બોશૉટ્) *n.*The space which an arrow may pass when shot:બાણ;ગોચર;તીરવો.

Bow-string, (બોસ્ટ્રિંગ્) *n* The string of a bow:કામઠાની દોરી;પણછ;જ્યા.

Bow window,(બોવિન્ડો) *n.* A window forming a bay in a room:બારી;ગોખ;ઝરૂખો.

Box, (બૉક્સ્) *n.* [L. *boxus,*the boxtree.] A case or receptacle of any material & of any size:પેટી;પટારો;ડંડીઓ;દાબડો.2 A seat in a theater or other place of public amusement:નાટકમાંની બેઠક.3 A money-chest:પૈસા રાખવાની પેટી;ગલ્લો;તીજોરી.*n.* A driver's seat in a carriage:ગાડીમાં ચાકરને બેસવાની જગો.*In a* **b** :ગુંચવણમાં;વીટંબણામાં.*In a wrong* **b**:ભૂલેલું; ભૂલમાં.*vt.*To inclose in a box:પેટીમાં મુકવું-ઘાલવું.2.To furnish with boxes,as a wheel: પૈડાને નારખુ ઘાલવું 3 To strike the ear or side of the head:ધોલ-થપડાક મારવી.

Box,(બૉક્સ્)*n.*The blow on the head or ear with the hand:મુક્કી;તમાચો;થપડાક;ધોલ.*vt* To

fight with the fist:મુક્કામુક્કી-ઠોંસાઠોંસી લડવું.

Boxing,(બૉક્સિંગ)*n*.A combat with the fist: મુક્કામુક્કી;મુષ્ટિયુદ્ધ;ધપ્પાધપ્પી.

Boy,(બૉઈ)*n*.A male child;a lad:છોકરો; પોરિઓ;કુમાર.Sometimes it is used in contempt or familiarity for a man:હલકો માણસ;નોકર.

Boy-hood, (બૉઈહુડ્) *n*.The state of immature age:બાળપણ;બચપણ;ન્હાનપણ.

Boyish,(બૉઇઇશ)*a*.Childish:છોકરવાદ;નાદાન.

Brace,(બ્રેસ્)*n*.[L.*brachia*,arms.] A prop or support:માહર;ટેકો.2.A bandage:પાટો;દોરી;પટો; બંધ.3.A sign to show that the words or lines it connects are tobe taken to-gether: એક વધારે લીટી કે શબ્દને જોડનાર નિશાની;કૌંસ.4. A pair:જોડી;જોડ.5.A thick strap:નાડી.6 (*pl*) Straps;suspenders:સુરવાલ કે લેંઘાને તંગ રાખવા ખભે ભરવાના પટા.7.(*pl*.) Cords of a drum for tightening the heads:ઢોલ કે નરઘાં-ઉપર તેને તંગ કરવા રાખેલી દોરીઓ.9.State of being tight: બંધ;મજબૂતી.*vt*.To support;to prop: ટેકો દેવો-આપવો;ટેકવવું.2.To tighten;to stregthen:શક્તિ-કૌવત આપવું;તંગ કo;ખેંચીને મજબૂત બાંધવું.3.To hold firmly:ટકી રહેવું;પાર પાડવું.

Bracelet,(બ્રેસલેટ્)*n*.[L.*brachium*,arm.]An ornament for the wrist, worn mostly by ladies:ચુડી;બંગડી;કડું;ગુજરી;સાંકળાં; પોંચી;કંકણ; પાટલી.2.A piece of defensive armour for the arm:હાથના રક્ષણ માટેનું બખ્તર.

Bracket,(બ્રૅકેટ્)*n* A piece or combined pieaes of wood &c ,projecting from or fastened to a wall:માહર;ટેકો.2 One of two hooks, [].used for various purposes,called also **crotchets**:કૌંસ. *vt*. To place within a bracket:કૌંસ દોરવો.

Brackish,(બ્રૅકિશ)*a*.Saltish:થોડું ખારૂ.

Brad,(બ્રૅડ્)*n*.A kind of nail:ચૂંક;નાનો ખીલો.

Brag,(બ્રૅગ્)*vi*.To boast;to vaunt(with *of*):બડાઇ-પતરાજ-શેખી- ફુલાસ મારવી.*n*. Boasting; praise of one'sown deeds:અહંકાર;ગર્વ;બડાઇ; શેખી;ડંફાસ;આત્મપ્રશંસા;પતરાજ;ફુલાશ.

Braggadocio, (બ્રૅગૅડોશિઓ) *n*.A braggart: ફુલણજી;પતરાજખોર;તિસમારખાં.2. Mere brag; pretention:ઢોંગ;ફોકટ પતરાજ;શેખઈ.

Braggart,(બ્રૅગૅર્ટ્)*n*.A boaster;a vain fellow: બડાઈખોર-પુરૂષ.*a*.Boastful:પતરાજખોર;અહંકારી.

Braid, (બ્રેડ્) *vt*.To weave to-gether or entwine:ગુંથવું;વણવું.2.To mingle by rubbing fluid:હલાવવું;ચોળવું.*n*.A texture formed by weaving different strands to-gether:ગુંથેલી દોરી;નાડું;કસ.B.*of hair*:અંબોડા;વેણી.

Brain,(બ્રેન્) *n*. A whitish soft mass in the skull of man:મગજ;ભેજુ.2.The understanding:બુદ્ધિ;અક્કલ;સમજણશક્તિ;મતિ.

Branless,(બ્રેનલેસ્)*a*.Silly:બેવકુફ;મૂર્ખ;અબુજ.

Brainpan,(બ્રેનપૅન)*n*.The skull:ખોપરી;કપાળ.

Brait,(બ્રેટ્)*n*.A rough diamond:હીરાનો પથ્થર.

Barke,(બ્રેક્)*n*.A machine to break flex or hemp:શણ ઝુડવાનો સાંચો-હથિયાર 2.The handle by which a pump is worked:બંબો ચલાવવાની હાટ.3 A baker's kneading trough:કથરોટ; થાળી.4.A sharp bit:કડક લગામ 5.A contrivance for confining horses while shoeing them;an inclosure to restrain cattle &c : ઘોડાને નાળ જડતી વખત કબજે રાખવાની કરામત;ઢોરનો ડબ્બો.6.A large,heavy harrow for breaking clods:સમાર.7.A piece or mechanism for stopping motion of a car by friction: ગાડીની ગતિ અટકાવવાનું યંત્ર;અટકણ; બ્રૅક (આગગાડીનું).9.A cart without a body used in breaking in horses:જેસલો.[કાંટાવાળુ ઝાડ-જાળુ-કાંટો.

Bramble,(બ્રૅમ્બલ્)*n*.A rough prickly shrub:

Bran, (બ્રૅન્) *n*. The coating of the seed of wheat or other grain:છાલાં;છોતરાં.

Branch,(બ્રૅન્શ)*n*.A shoot of a tree or plant: ડાળ;શાખા;ડાળી.2.Any arm or part shooting from the main body of a thing:ફાંટો;ફણગો; પાંખ;શાખા. 3.A section;a department (of science);ભાગ;અંગ;અધ્યાય; પ્રકરણ. 4. A line of family descent:વંશ; પેઢી;શાખા. 5. A descendant of such line:વંશજ,સંતાન.6.A chandelier:ઝુમર;ઝાડ(દીવાનું).*vi*.To shoot in branches:ડાળી-શાખા-ફણગો ફુટવો;વિસ્તરવું.2.To divide into parts:જુદુ પડવું.*vt*.To divide:વિભાગ-ફાંટા પાડવા 3.To adorn with needlework:ગુંથી-ભરીને ઝાડ,ફુલ પાડી શણગારવું;-ઉપરવેલચિકન પાડવી.

Brand,(બ્રૅન્ડ્)*n*. A burning piece of wood: બળતું લાકડું; ખોરીયું 2. Sword: તરવાર. 3. A mark:વેપારમાં અમુક જણસની જાત વીગેરે બતાવવા પાડેલી નિશાની.Hence(*fig*)kind; quality:જાત;નમુનો.4.A mark put upon criminals with a hot iron:ડામ. Hence,a mark of infamy; stigma:કલંક;બટ્ટો;લાંછન;ડાઘ.*vt*.To impress a mark with a hot iron:ડામ દેવો; ડામવું;આંકવું; નિશાની કo.2.To fix a mark of infamy: બટ્ટો-કલંક લગાડવું;કાળીટીલી લગાડવી.

Brand-iron, (બ્રૅન્ડ્-આઈઅર્ન)*n*. A branding iron:ડામણ;ડમેણું.2.A trivet:તિરપાઇ;ઘોડી.

Brandish,(બ્રૅન્ડિશ્)*vt*. To wave;to shake or flourish as a weapon:ફેરવવું;પટા ખેલવા.

Brandnew,(બ્રૅન્ડ્ન્યૂ)*a*.Quite new;bright as a brand of iron:કોરૂ કડકડતું;નવુંનકોર;તાજું.

Brandy,(બ્રૅન્ડિ)*n*.An ardent spirit distilled from wine:એક જાતનો જલદ દારૂ;બ્રાન્ડી.

Brangle,(બ્રૅન્ગલ્)*n*.Wrangle:ટંટો;કજીઓ; લડાઈ.

Bran-new,(બ્રૅન્‌ન્યૂ) *a.* (See, **Brandnew.**)

Brasier,(બ્રેઝ્હર્) *n.* An artificer who works in brass:કણુસારે.

Brass,(બ્રૅસ્)*n.* An alloy,of copper & zinc:પિત્તળ.2.Impudence:ઉદ્ધતાઈ;તોછડાઈ.3.Utensils, &c., made of brass:પિત્તળની જણસો.

Brassy,(બ્રૅસિ) *a.* Pertaining to,hard as, or having the color of,brass:પિત્તળનું-સંબંધિ-ના જેવું કઠણુ-ના જેવા રંગવાળુ; પિત્તળમય.2. Impudent:ઉદ્ધત;તોછડું.

Brat,(બ્રૅટ્) *n.* A child so called in contempt: છોકરૂં;બચ્ચુ.B. & *bantling*:બાળ બચ્ચાં.

Bravado,(બ્રૅવેડો) *n.* An arrogant menace: શેખી;ધમકી;ફિશિયારી;બડાઇ.

Brave,(બ્રેવ્) *a.* Bold; intrepid: હિમ્મતવાન્;બહાદુર;વીર;જવાંમર્દ.2.Lofty;excellent:ઉમદા;ખાનદાન;ઉદાર.*n.* A brave person:છાતીચલો-બહાદુર માણસ;વીર પુરૂષ 2. A hector; a man daring beyond decency:અતિશય-વગર વિચારે છાતી ચલાવનાર-લડાયક પુરૂષ.*vt.* To defy;to challenge: છાતી ચલાવી લઢવું;સામા નભી રહેવું-ટક્કર ઝીલવી.

Bravery,(બ્રેવરિ)*n.* Noble courage; intrepidity:શૂરપણું;હિમ્મત;બહાદુરી;જવાંમર્દી;છાતી;પરાક્રમ 2.Splendour:ઉમદાપણું;તેજ;ચમકો.

Brávo,(બ્રેવો) *n.* A daring villain:મારો;ખુની; ઘાતક.Well-done:શાબાશ;વાહ ! વાહ !

Brawl,(બ્રાલ્) *vi.* To quarrel noisily & undecently:ગાળાગાળી-કજીઓ-ટંટો-ક૦.2.To scold: ઘોંઘાટ-શોરબકોર ક૦; ધમકાવવું. 3. To roar as water:(પાણી જેવો)ઘુઘવાટો-શોર ક૦:ઘુઘુ ક૦.*n.* A noisy quarrel:ઘોંઘાટ; કજીઓ; ટંટો;કલહ.

Brawny,(બ્રાનિ)*a.* Muscular fleshy;strong: જોરાવર;માતુ;શરીરે ભરેલું;મજબુત.

Bray,(બ્રે)*vt.*To pound, beat or grind small: કુટવું;ખાંડવું;કચરવું;ઝીણું દળવું.*vi* To utter harsh cry,as an ass:ભૂકવું.2To make a harsh,grating noise:જાડો-ખોખરો અવાજ કાઢવો *n.* The roar of an ass:ગધેડાનું ભૂકવું તે;ખોખરો;જાડો અવાજ.

Braying,(બ્રેઈંગ્)*pa* Making a harsh,noise: જાડો અવાજ કરતું.*n.*The noise of an ass:ગધેડાનું ભૂકવું.2 Roar;noise:ઘોંઘાટ;ખળભળાટ.

Brazen,(બ્રેઝન્) *a.* Pertaining to, or made of brass:પિત્તળનું-સંબંધિ.2.Impudent:ઉદ્ધત; તોછડું;બેશરમું;છટેલું;ફાટેલ.

Brazen-faced,(બ્રેઝન્ફેસ્ટ્) *a.* Impudent;shameless:ઉદ્ધત;તોછડું;નિર્લજ;નફટ;બેહયા.

Brazenness,(બ્રેઝન્નેસ્) *n.* Impudence:નિર્લજપણું;બેશરમપણું;ઉદ્ધતાઇ; તોછડાઇ.

Breach, (બ્રીચ્) *n.* Fracture: ફાટ; ચીરો. 2. A gap made by breaking;rupture:બાકોરૂં;કાણું; બગદાળુ.3.Violation:ઉલ્લંઘન;ભંગ;તુટ;ફુટ.

Bread,(બ્રેડ્) *n.* An article of food made of flour by baking it:રોટલી;રોટલો.2.Food:ખોરાક; ભોજન 3.Support of life in general:ગુજરાન; આજીવિકા;આધાર *To quarrel with one's* **b.**& *butter*:મર્યા ભાણાને ઠેસ મારવી.

Breadth,(બ્રેડ્થ્) *n.* Width:પોહોળાઇ;પનો.

Break. (બ્રેક્) *vt* (*a*) To sever by fracture: તોડવું;ભાગવું; ફોડવું. (2) To rend: તોડવું; છોડી નાખવું;ફોડવું.(3)To lay open:કહી દેવું;ખુલ્લું ક૦. (*b*)To infringe;to violate:તોડવું;ઉલ્લંઘન ક૦; ભંગ ક૦.(*c*)To interrupt:મંગાળુ પાડવું;બરખાસ્ત ક૦; અંત આણવો. 2. To dash or shatter to pieces:ચુરેચુરા-કડેકડકા ક૦.3.To destroy the strength or firmness:કચરી-પીસી નાંખવું;-નું જોર-ભાંગવું-નરમ-કમી ક૦.4.To weaken or impair, as health:નરમ-ઢીલું-નિર્બળ ક૦;બગાડવું. (*c*) To diminish the force of,as a fall or blow:-નો જોશ-વેગ-જોર નરમ-હલકું પાડવું. 5. To impart cautiously:ધીમે ધીમે સંભાળપૂર્વક કહેવું-જણાવવું-સમાચાર આપવા.6.To tame;to reduce to subjection:કેળવવું;પલોટવું;શિખવવું.7.To destroy the financial credit of;to make bankrupt: દેવાળુ કાઢવું;વટ ખોવરાવવો; ભાગવું.*To* **b.** *down,* તાબે-કબજે ક૦;જીતવું.*To* **b** *off*:તોડવું;ફાંસવું;નિર્મૂળ ક૦;નાશ ક૦-અટકાવવું *To* **b** *open*:તોડવું;(બારણું) ઉતારવું.*To* **b.** *up*:વધેરવું;બરખાસ્ત-બંધ ક૦;વિસર્જન ક૦.*To* **b.** *the back, neck, &c.*: હાડકાં ભાગવાં; (ડોક) મરડી નાંખવી; (હાથ, પગ) ઉતારવો. *To* **b.** *ground,*(*a*)જમીન ખેડવી-ઉથલપાથલ ક૦. (*b*) પાયા ખોદવા માંડવા: મુહૂર્ત ક૦,(ઘેરો ઘાલવા) ખાડા ખોદવા શરૂ ક૦;આરંભવું (*c*):કંઇપણ કામનું મંડાણ ક૦-નકશો ખોદવો.*To* **b.** *the heart*:નિરાશ-નાઉમેદ-આશાભંગ ક૦.*To* **b.** *the ice*: શરૂઆત ક૦; રસ્તો પાડવો;ચાલતું ક૦.*To* **b.** *upon a wheel,*(ગુનેગારને) ફાંસી દેવો;રીબાવવું.*To* **b** *wind*:વાછુટ ક૦;પાદવું *vi.*To burst asunder:ભાગવું;તુટવું;છુટું પડવું.2. To open spontaneously: ફાટવું.3. To burst forth;to appear;to dawn:થવું;ઉગવું: ફાટવું. 4. To burst forth violently:ઓચીતું થવું;ચઢી આવવું.5.To lose health or strength:નબળું-નરમ પડવું;ઓગળી જવું;બેહાલ થવું.6.To become bankrupt:દેવાળુ કાઢવું: ભાગવું.7.To fall out: કજીઓ-અણબનાવ થવો:-સાથે મેળ ન હોવો-બગડવું;લડાઇ થવી; (દોસ્તી)તુટવી.*To* **b.** *away*: ઓચિંતા ચાલ્યા જવું; પોબારા ગણવા;જતું રહેવું; *To* **b** *down*:તુટી પડવું; ભાગી નીચે બેસવું-પડવું;પાછા પડવું; નિષ્ફળ થવું. *To* **b** *forth*:નિકળવું; (અવાજ) થવો; છુટવું. *To* **b.** *in* or *in upon*:એકદમ અંદર આવવું-ઘુસવું;માથું મારવું. *To* **b** *loose*:છટકી જવું;છુટી નાસવું;કેદ-બંધનમાંથી નાસી જવું *To* **b.** *off*:તુટી જુદું પડવું;બંધ પડવું. *To* **b** *out*:(આગ)લાગવી;(રોગ) થવો-ચાલવો,ફાટી નિકળવું.*To* **b.** *up*:તુટી જવું-પડવું;ઉઠી જવું; વિસર્જન થવું;વિખરાઇ જવું.*To* **b.** *with*:કજીઓ-અણબનાવ-

વિરોધ-લડાઇ થવી;દોસ્તી તુટવી. *n.* An opening made by fracture or disruption:ફાટ;બાકોરૂ; બગદાળું.2.Pause:અટકાવ;વિરામ; તુટ;ભંગ. 3.In writing or printing a short line,noting a pause or an abrupt change of sense:લખવા કે છાપવામાં અર્થ તુટયો છે એમ બતાવવા દોરેલી લીટી. 4.The dawn:પ્રભાત;વાણું;પ્રાત:કાળ; મળસકું;અરૂણોદય.5.Change of direction:વાંક;ખુણો.

Breakage,(બ્રૅકેજ્)*n.* A breaking:મંગાણ;ભાંગવું-તુટવું તે.2.An allowance for things broken in transportation:ભાગ્યાતુટયા માટે મુકેલી છુટ.

Break-fast, (બ્રેક્ફૅસ્ટ્) *n.*The first meal in the day:હાજરી;નાસ્તો;ઠુંગો.2.A meal after fasting,or food in general:પાયણું;ઉપવાસના બીજા દિવસનું જમણ.*vi.* To breakfast in the morning:પાયણું કરવાં;નાસ્તો-હાજરી કo;શીરાવું.

Break-water, (બ્રૅકવૅાટર્) *n.* A structure raised to protect harbour,&c.,from the force of waves:બાંધ;પુસ્તો;આડ.

Breast,(બ્રૅસ્ટ્)*n.*The forepart cf the body between the neck & belly: છાતી; વક્ષ:સ્થળ. 2.The protuberant glands in front of the chest of the female or man:થાન;ધાઇ;સ્તન; કુચ;પયોધર;(of some other mamalia)આંચળ. 3 The heart:હૈયું;છાતી;હ્રદય;ચિત્ત;મન.*To make a clear* **b.**:દીલ ખોલવું;છાની વાત કહી દેવી;મોકળે મને વાતકo.*vt.*To oppose manfully:ટક્કરઝીલવી; છાતી ધરી સામા થવું;સામા હામ ભીડવી.

Breast-deep, (બ્રૅસ્ટ્-ડીપ્) *a.*As high as the breast:છાતી પૂર;છાતી જેટલું ઉંચું;છાતીભર.

Breast-plate,(બ્રેસ્ટ્-પ્લૅટ્)*n.*A plate worn on the breast:છાતીનું કવચ.2 A strap that runs under the horse's breast:તંગ;ઘોડાનો પટો.

Breath,(બ્રૅથ્)*n.*The air inhaled & exhaled in the respiration of animals:શ્વાસ;સાસ;દમ. *In a* **b.**એકદમ;ક્ષણમાં.2.The power to breathe freely:છુટથી દમ લેવાની શક્તિ.3.Life:જીવ;પ્રાણ; દમ;પ્રાણવાયુ.4.Respite;pause:વિરામ;થાક;વિસામો;દમ;સાસ.5 A single respiration;an instant:શબ્દ;બોલ;શુકન;પળ. 6.An oder:વાસ;ગન્ધ.

Breathe,(બ્રીધ્) *vi.* To respire; to inhale & exhale air;hence to live:શ્વાસ લેવો-કાઢવો;દમ લેવો;જીવવું 2.To take breath:દમ ખાવો-પકડવો; થાક ખાવો 3.To emanate:નિકળવું;વાવું;આવવું.*vt.* To inhale & exhale in the process of respiration:શ્વાસોશ્વાસ લેવો.2.To infuse:ઘાલવું; ફુંકવું.3. To utter softly: ધીમેથી બોલવું. 4. To cause to sound by breathing:ફુંકવું;મ્હોંથી વગાડવું.5.To suffer to take breath: થાક-દમ ખવરાવવો-આરામ આપવો.*To* **b.**one's *last*:મરી જવું; દેહ છોડવો;સ્વર્ગવાસ કo;પ્રાણ મુકવો.

Breathing,(બ્રીધિન્ગ્) *n.* Respiration: શ્વાસ; દમ;શ્વાસોશ્વાસ.2.Air in gentle motion:પવનની લહેર;મંદ મંદ વાયુ. 3. Aspiration:અભિલાષા. 4. Utterance:ઉચ્ચારણ;ઉદ્ગાર.5.Vent:બાકું;રંધ્ર;છીદ્ર.

Breathless,(બ્રૅથ્લેસ્)*a* Out of breath:શ્વાસ-દમવગરનું;હાંફતું.2.Dead;expired:મૃત;મરીગએલું.

Breech,(બ્રીચ્)*n.*The lower part of the body behind:કુલા;ગાંડ;નિતંબ.2 The hinder part of a cannon or other firearm: તોપ કે એવા બીજા હથિયારના મોં પછવાડેનો ભાગ;કુંદો.*vt* To put into breeches: સુરવાળ પહેરાવવો.2. To fit or furnish with a breech:કુંદો-પાછલો ભાગ બેસાડવો.

Breeches,(બ્રીચેઝ્)*n pl.*[L *braca,* trowsers.] Garment worn by men covering hips & thighs:સુરવાળ;તંગીયો;ઇજાર;ચોરણો.*To wear the* **b.**:(સ્ત્રીએ)મરદનું કામ કo,ધણીની સત્તા છીનવી લેવી.

Breeching, (બ્રીચિન્ગ્) *n.* A whipping on the breech:ડુમચી;પુંછડી;લટકણીયું.:

Breed,(બ્રીડ્)*vt.*To beget;to hatch: પેદા-ઉત્પન્ન કo;સેવવું 2 To bring up:ઉછેરવું;મોટું કo;પાલણ-પોષણ કo 3.To educate;to instruct:શિખવવું; કેળવણી આપવી.4.To cause:ઉપજાવવું;બનાવવું;-થી થવું.5.To be the native place of:નિપજવું;પેદા ઉત્પન્ન થવું;-માં થવું-પાકવું.*vi.*To produce a fetus: ગર્ભ રહેવો;હમેલ-દહાડા રહેવા.2.To be formed in the parent or dam: આકાર થવો-બંધાવો; ગર્ભનું સચેતન થવું-ઉછરવું 3.To be produced:પાકવું;પેદા થવું; જન્મવું. *n.* A progeny from the same parents or stock:સંતાન;વંશ;સંતતિ; ઓલાદ.2. A caste; a kind:ઓલાદ;જાત;વર્ગ;ન્યાત.

Breeding,(બ્રીડિન્ગ્) *n.* Nurture;education: કેળવણી;શિક્ષા;શિક્ષણ;પાલન.2.Manners; knowledge of ceremony:વિનય;સભ્યતા;સુશીલતા;ઢંગ.

Breeze, (બ્રીઝ્) *n.* A gentle gale:પવનની લહેર; મંદ-ઠંડો વાયુ.2 Ashes & cinders used for burning bricks:ઇંટો પકવવાની ભરસાળ-ઉનીરાખ.

Brethren, (બ્રેધ્રેન)*n pl.* of **brothers:** ભાઇબંધ;ભાઈભાંડુ;બંધુવર્ગ;બંધુજન.

Breve,(બ્રીવ્) *n.* [L. *brevis,*short.] (*Law*) A writ whereby anything is commanded to be done in the king's court:સમન;કોરટમાં હાજર રહી કંઇ કાર્ય કરવાનો હુકમ.

Brevet,(બ્રેવેટ્)*n* A royal warrant granting a favour,privilege,title,&c.:સનદ;ઇલકાબ પત્ર.

Breviary,(બ્રીવિઅૅરિ) *n.* An abridgment;an epitome;summary:સંક્ષેપ;ટુંક હેવાલ;સંહિતા;સંગ્રહ.

Brevity,(બ્રેવિટિ) *n.* Shortness of duration: ટુંકાણ;સંક્ષેપ;સમાસ;સંહાર.3.Shortness;conciseness:ટુંકાપણું;સંક્ષિપ્તતા.

Brew,(બ્રૂ) *vt.* To boil or seethe:ઉકાળવું; ઉના પાણીમાં બાફવું.2.To prepare,as a liquor;જવનો કે બીજી ચીજનો દારૂ ગાળવો-બનાવવો.2.To contrive;to plot:રચવું;તરકટ કo; તદબીર કo; ઘાટ ઘ-

ઉકાળવું;પોજવું. *vi.* To perform the business of brewing:ઉકાળવાનું કામ કo.2. To be forming or gathering:તૈયારી હોવી-થવી;થવા માંડવું.

Brewage,(બ્રૂએજ્)*n* Malt liquor:જવનો દારૂ.

Brewery,(બ્રૂઅરિ)*n.*A brewhouse:ભઠ્ઠી; કૂંડ.

Bribe, (બ્રાઇબ) *n.* Illegal gratification: લાંચ; રૂશવત 2.Allurement:લાલચ.*vt* (*a*)To give or promise a reward or consideration to preent the judgment or corrupt the conduct:લાંચ–રૂશવત આપવી.(*b*)To hire for bad purpose:નીચ કામને માટે રાખવું.2.To gain by a bribe:રૂશવત આપી તરફેણમાં આણવું.

Bribery,(બ્રાઇબરિ)*n.*The practice of giving or taking rewards for corrupt practices: રૂશવત આપવા લેવાનો ચાલ;લાંચખોરી;લાંચલુચ.

Brick,(બ્રિક્)*n.*A hard body of clay & sand: ઇંટ.2.A kind of loaf of the shape of a brick: ઇંટના આકારનો રોટલો;પાંઉ. *vt.* To lay or pave with bricks:ઇંટથી ચણવું;ચોરસાં જડવાં.

Brick bat,(બ્રિક્-બૅટ્)*n.*A piece or fragment of a brick:રોડું;ઇંટાળો;લટકો.

Brick-kiln,(બ્રિક્ કિલ્ન્)*n.*A furnace,in which bricks are burnt:ઇંટ પકવવાની ભઠ્ઠી;ઇંટવાડો.

Brick-layer,(બ્રિક્-લેઅર્)*n.* A mason:કડીઓ.

Brick-maker,(બ્રિક્મેકર્)*n.* One who makes bricks: ઈંટ પાડનાર; દલવાડી; કુંભાર.

Bridal,(બ્રાઇડલ)*a.*Nuptial: કન્યા લગ્ન સંબંધિ; વૈવાહિક;વિવાહયોગ્ય.*n.*The nuptial festivity; marriage:લગ્ન; લગ્નોત્સવ; લગ્નકાર્ય.

Bride,(બ્રાઈડ્)*n.* A woman recenly married: વહુ;તરત પરણેલી સ્ત્રી; નવોઢા; કન્યા. 2. Woman espoused or contracted to be married:કન્યા.

Bride groom (બ્રાઈડ્-ગ્રૂમ્)*n.* A man newly married or about to be married:વરરાજા:વર.

Bride-s-maid, (બ્રાઈડ્-ઝ્-મેડ્) *n.* A woman who attends a bride at her wedding:કન્યા તરફની સ્ત્રી;માંડવિયેણ.

Bride-well,(બ્રાઇડ્ વેલ્)*n.* A house of correction for the confinement of disorderly persons:બંધિખાનું-કેદખાનું.

Bridge,(બ્રિજ્)*n.* A structure raised over a river or other water-course:પુલ;સેતુ; ધારણું. *Wooden* **b** :લક્કડપુલ. 2. The small arch at right angles to the string of a violin,&c: ઘોડી;ખીંટી;ટેકી **B** *of the nose*:નાકની દાંડી *Draw* **b.**,*swing* **b** :ખેંચી લેવાય એવો પુલ.*Suspension* **b.**:ઝુલતો પુલ;ઝોલાપુલ. *vt.* To build a bridge over:ઉપર પુલ બાંધવો.*To* **b.**_over a difficulty_ હરકત–અડચણ દૂર કo;-નો રસ્તો કાઢવો.

Bridle,(બ્રાઇડલ્) *n.* An instrument with which a horse is governed:લગામ;રશ્મિ.2 A curb:અંકુશ; દાબ;અટકાવ; લગામ. *vt* To put a bridle upon:લગામ ચઢાવવી.To curb:દાબ-અંકુશમાં-કબજે-રાખવું.*vi.*To hold up the head as an expression of pride:ગર્વ કે તિરસ્કારમાં માથુ ઉંચુ કo;અક્કડ રહેવું.

Brief,(બ્રીફ્)*a.*[L.*brevis*,short.]Short in duration:ટુંકું;સ્વલ્પ;ક્ષણિક 2.Concise:સંક્ષિપ્ત;પરિમિત;ટુંકું 3 Common:સાધારણ;ચાલુ *n.*An epitome: ટુંકું પત્ર;સાર;સંક્ષેપ.2 (*a*)An abridgment of a client's case made for the instruction of counsel on a trial:મુકદ્દમાનો સંક્ષિપ્ત હેવાલ;બ્રીફ. (*b*) A writ summoning a man to answer to any action: કોઈ કામમાં જવાબ આપવા કાઢેલો સમન-હુકમ *vt.*To make an abstract:ટુંકી નોંધ ઉતારવી. *In* **b.**, ટુંકામાં.

Brier, (બ્રાઇઅર્) *n.* A prickly shrub:કાંટાવાળો છોડ.2 (*Bot.*)Species of rose: જંગલી ગુલાબ.

Briery,(બ્રાઇઅરિ)*a.* Thorny: કાંટાવાળું;કંટકવંત.

Brig, (બ્રિગ્) *n.* (Abbrev. of **brigantine**) A vessel with two masts:બેડોલવાળું વહાણ.

Brigade,(બ્રિગેડ્) *n.* A body of troops whether, cavalry, artillery or infantry commanded by a brigadier-general:લશ્કરની મોટી ટુકડી; સૈન્યદળ.

Brigadier-general, (બ્રિગેડીર્-જનરલ્) *n.* An officer commanding a brigade:બ્રીગેડનો સરદાર;ચમૂપતિ.

Brigand,(બ્રિગૅન્ડ્) *n.* A robber; plunderer a freebooter:લૂટારો;પિંઢારો;ચોર;ધાડપાડુ;વાટપાડુ.

Brigandage,(બ્રિગૅન્ડેજ્)*n.* Theft; robbery; plunder:લૂટ;ચોરી;ધાડ;લૂટારાનું કામ.

Bright,(બ્રાઈટ્)*a.*Shining; luminous; splendid:ચળકતું;ભભકાદાર;ઝગઝગતું;ચકચકિત;તેજસ્વી.2. Clear;transparent:સ્વચ્છ;નિર્મળ; નીતરેલું;શુદ્ધ 3. Glorious;illustrious: મનોહર;નામીચું;વિખ્યાત; પ્રસિદ્ધ;નામાંકિત.4 Active:હોંશીઆર;ચપળ;ચાલાક;તીવ્ર.5 Clear; evident: સ્પષ્ટ; ખુલ્લુ; સાફ. 6. Promising good:શુભ-કલ્યાણ-લાભદર્શક-સુચક.

Brighten,(બ્રાઇટન્)*vt.* To make to shine;to increase the lustre of:ઉજ્વળ-તેજસ્વી-ચકચકિત ચળકતું કo.2.To make illustrious:પ્રખ્યાત-નામીચું;પ્રતાપી-નામાંકિત કo 3.To make cheerful: આનંદી-હસમુખુ-ઉલ્લાસિ-ખુશીમય કo 4.To make acute or witty:હોંશીયાર-તીવ્ર-ચાલાક-ચપળ કo. *vi.* To grow bright:રંગેરાવાળું-ખુલ્લુ થવું.

Brightness,(બ્રાઈટ્નેસ્) *n.* Splendor; lustre; brilliancy:તેજ; પ્રભા; કાન્તિ; ઉજેશ;ઝળે; તેજી. 2. Sharpness of wit:તીક્ષ્ણ બુદ્ધિ;ઝીણી નજર;તીવ્રતા.

Brilliance-y, (બ્રિલિઅન્સ્-સિ) *n.* Splendor; glitter:ભભકો;ચળકાટ;પ્રતાપ;તેજ;ઉજેશ;ઝળે;પાણી.

Brilliant,(બ્રિલિઅન્ટ્) *a* [L *beryllus*,a precious stone of a seagreen color.]Sparkling with lustre;glittering:ચળકતું;ઝગઝગતું; ઝળક-

તું;ઝગઝગાટ;ઝળકાદાર.2.Illustrious:પ્રતાપી;તેજસ્વી;પ્રખ્યાત; મહાભારત. *n.* A diamond of the finest cut:ઘણા પાણી વાળો-તેજદાર હીરો

Brim, (બ્રિમ્) *n.* The border of any vessel or other thing:કાનો;કોર;કાંઠો;મારું;કિનાર.2.The edge or margin:કાંઠો;તીર;કિનારો *vt.* To fill to the brim or top:કાના સુધી ભરવું;છલોછલ ભરવું *vi.* To be full to the brim: છલોછલ હોવું.

Brimful,(બ્રિમ્ફુલ્)*a.* Full to the top;completely full:છલોછલ;પરિપૂર્ણ; કાંઠોકાંઠ; ભરપુર.

Brimstone, (બ્રિમ્સ્ટોન્) *n.* Sulphur: ગંધક. *a.* Made of,or pertaining to brimstone: ગંધકનું બનેલું;ગંધકનું.as,b.*matches*:ગંધકની દીવાસળીઓ.

Brinded·dled,(બ્રિન્ડેડ્-ન્ડલ્ડ્) *a.* Spotted; variegated:કાબરચિતરૂ;અટાપટાદાર;પચરંગી; બુટ્ટીદાર.

Brine,(બ્રાઇન્)*n.*Water saturated with salt: ખારૂ પાણી;મીઠાવાળુપાણી.2. The ocean;sea:દરિયો;સમુદ્ર;સાગર.3.Tears so called from their saltness:આંસુ.*vt.*To steep in the brine:ખારા-પાણીમાં બોળવું 2To mix salt with:મીઠું ચઢાવવું.

Brine·pan,(બ્રાઈન્-પૅન્)*n.*A pit of salt-water where,by the action of the sun,salt is formed by crystallization:મીઠાનો અગર.

Bring, (બ્રિન્ગ્) *vt.*To fetch:લાવવું;આણવું.2. To procure:મેળવવું;પ્રાપ્ત થવું 3 To induce;to prevail on:લલચાવવુ;દોરવું;કબૂલ કરાવવું; સમજાવવું 4 To convey;to carry:લેઈ જવું:ખસેડવું; ચલાવવું.*To* b.*about*:સાધવું; પાર ઉતારવું *To* b *down*: હલકું પાડવું;ગર્વ ઉતારવો;માનખંડન ક૦ *To* b. *forth*:જન્મ આપવો;જણવું;(ફળ)લાગવું-આવવું;પ્રકટ થવું:નિપજવું.*To* b *off*.લઇ જવું;નસાડવું;મુક્ત ક૦.*To* b *on*, (*a*):શરૂ ક૦;માંડવું:(*b*)ઉત્પન્ન ક૦;પેદા થવું;આવવું.*To* b.*out*.પકડવું;ખોળી કાઢવું;ખુલ્લુ મુકવું.*To* b.*over*: તરફ લેઇ લેવું;પક્ષમાં ખેંચી લેવું;ફોડવું.*To* b *round*: સારૂં-સાજું કરવું;તબીયત ઠેકાણે લાવવી.*To* b. *to*,: સાવચેત ક૦;શુદ્ધિમાં લાવવું.*To* b.*under*:તાબે-વશ ક૦.*To* b *up*,to nurse; to educate;to rear: પાલણપોષણ ક૦;ઉછેરવું;કેલવણી આપવી; શિખવવું. *To* b.*home to*:સાબિત ક૦;નક્કી-નિર્ણય-ફૂડચો-તોલનિકાલ ક૦;ખુલાસો માગવો. *To* b *to light*: ઉઘાડા પાડવું;જણાઇ આવવું;ખુલ્લા થવું-ક૦.

Brink, (બ્રિન્ક્) *n.*Verge;border:કોર;ધાર;કિનારો;કાંઠો.

Briny, (બ્રાઇનિ) *a.* Pertaining to the brine or to the sea salt:મીઠાના પાણીનું;દરિયાનું;ખારૂં.

Brisk,(બ્રિસ્ક્)*a.*Full of liveliness & activity; agile:ચપળ;ચંચળ;ખુશમિજાજી 2.Full of spirit or life;effervescing:તેજ; જલદ. *vt.* To make lively;to animate:ચપળ-ચંચળ ક૦;સ્ફુરતા આણવી.*To* b *up*,to cheer:ચાલાક-ચપળ-રંગીલા થવું.

Brisket, (બ્રિસ્કેટ્) *n.* The breast of an animal: છાતી;ઉર;વક્ષ.

Charitable, (ચૅરિટેબલ્)*a.*Benevolent:પરોપકારી;દયાળુ;રૂખ 2 Generous:ઉદાર 3 Pertaining to charity:દાન-પુણ્ય સંબંધી; માયાળુ;ધર્માર્થ.

Charitably,(ચૅરિટેબ્લિ)*adv.*liberally:ઉદારતાથી.

Charity, (ચૅરિટિ)*n.* [L *carus*,dear.] Love; universal benevolence:પ્રીતિભાવ;પરોપકારબુદ્ધિ. 2.Liberality:ઉદારતા.3 Alms:દાન.4.Liberality in judging of men and their actions:મનુષ્યો અને તેમનાં કૃત્યો સંબંધિ વિચાર બાંધવામાં ઉદાર બુદ્ધિ;મ્હોટું મન.5.Any act of kindness:પરોપકારનું કૃત્ય 6.A charitable institution:ધર્માદા ખાતુ.

Chark,(ચાંર્ક્)*vt.*To burn to the coal;to char: બાળીને કોયલો-ખાખ કo.*n.* Charcoal:કોયલો.

Charlatan,(શાંર્લૅટન્)*n.*A quack:ઉંટવૈદ;ઠગારો.

Charlatanry,(શાંર્લૅટન્રિ)*n.*Quackery,ઉંટવૈદુ.

Charles'swain(ચાંર્લ્સિઝ્ સ્વેઇન્)*n.*The cluster of seven stars called the *Dipper* in the constellation, the Great Bear:સપ્તર્ષિ.

Charm,(ચાંર્મ)*n.*[L *carmen*,song.] A magic spell: મંત્ર; જાદુ. 2. Any thing worn for its supposed efficacy on the wearer:તાવીજ 3. Fascination:મોહિણી.*vt.*To affect by magic: મંત્રના બળથી વશ-તાબે કરવું;મોહમાં નાંખવું; જાદુ કo.

Charmer,(ચાંર્મર્)*n.*One who charms:જાદુગર. 2.One who delights and attracts the affections:મનરંજન કરનાર.

Charming, (ચાંર્મિંગ્)*a.* Pleasing:મનોહર.

Charred,(ચાંર્ડ્) *a.* Burnt: બાળી નાંખેલો.

Chart,(ચાંર્ટ્)*n.*A sheet of paper:નકશો;પટ.2.A marine map:દરિયાઇ નકશો.3.A written deed: સનદ.*Heliographic c.*:સૂર્યના ડાઘા સહિતનો તેનો નકશો.*vt* To lay down in a chart:નકશામાં કાઢવું *To c. a coast*: કિનારો કાઢવો.

Charter,(ચાંર્ટર્) *n.* [L. *charta*,a paper] A deed:ખતપત્ર; લેખ. 2. A writing bestowing privileges:સનદ *C land*,land held by charter સનદ-તામ્રપત્રથી મળેલી જમિન.*vt.* To establish by charter:દસ્તાવેજ-ખતપત્રથી સ્થાપવું.

Chartered,(ચાંર્ટર્ડ્)*a.* Enjoying a privilege, liberty or license:સનંદી;ખાસ હક્ક ધરાવનાર.

Chartered-party,(ચાંર્ટર્ડ્-પાંર્ટિ)*n.*A mercantile lease of a vessel:વેપાર માટે વહાણનો કરાર.

Char-woman,(ચૅર-વુમન્)*n pl.Char women* A woman hired for odd work or for single day's work:મજુરણ;ઉંધડિયણ;દાડીયણ.

Chary,(ચૅરિ)*a.* Careful:કસરીઓ;સાવચેત.

Chase,(ચેસ્)*vt.* [L. *capio*,I take.] To hunt: -નો શિકાર કરવો.2.To pursue eagerly: ની પાછળ પડવું;નો કેડો લેવો. *n.* The act or habit of hunting:મૃગયા.2.That which is hunted શિકાર.3 An open huntingground:મૃગયાભૂમિ. 4.[L. *capsa*, box; case.]An iron frame to confine types:બીબાં ગોઠવવાનું ચોકઠું.

Chaser, (ચેસર્) *n.* Hunter: શિકારી. 2 An enchaser:મીનાકારી વિગેરે ચિત્ર કાઢનાર.

Chasm,(કૅઝમ્)*n.* [Gr. *chaino*, to gape.] A cleft:ઉંડીફાટ;ચીરો 2.A gap:પોલ;બોલ.

Chasmy,(કૅઝ્મિ)*a* Abounding with chasms: ઉંડી ફાટ-તુટ-ચીરા-ખાલી જગ્યાવાળું.

Chaste,(ચેસ્ટ્)*a.*[L.*castus*, pure.] Virtuous: સતી;પતિવ્રતા 3 Correct:શુદ્ધ;પવિત્ર;નિર્મળ.

Chasten(ચેસન્)*vt* [L. *castus*, pure,& *ago*,I drive.] To correct by punishment: શિક્ષા કરી સુધારવું.2.To purify from errors:દોષમુક્ત કo.

Chasteness,(ચેસ્ટનેસ્)*n.*Chastity; purity: સતીત્વ;પાતિવ્રત્ય;નિર્દોષતા;નિર્મળતા;શુદ્ધતા.

Chastise,(ચૅસ્ટાઇઝ્)*vt.* [L *castus*, pure.] To inflict pain upon,by means of stripes:શિક્ષા કo;ફટકા મારવા.શુદ્ધ કo.

Chastisement,(ચૅસ્ટિઝ્મેન્ટ્)*n.*Pain inflicted for punishment:શિક્ષા; સજા.

Chastity,(ચૅસ્ટિટિ) *n.* Purity of body:સતીપણું;પતિવ્રતાપણું.2.Moral purity:નેકી;પાકદીલી.

Chat,(ચૅટ્)*vt.*To talk in a light and familiar manner:તડાકા મારવા *vi.*To talk of:ની વાત કરવી.*n.* Light talk: ગપાટા. 2. A twig;a little

stick:ડાળી; ન્હાની સોટી.3.(*pl.*) Small stones with ore:કાચી ધાતુના મિશ્રણવાળા નાના પથરા.
Chateau,(શાંટો)*n.pl.* **chateaux**,(શાંટોઝ્) A castle:કિલ્લો.2.દેશમાંનું (ગામડાનું) રહેઠાણ.
Chattel, (ચૅટ્ટલ્) *n.* Any item of movable or immovable property: સરસામાન; જમિન શિવાયની બીજીમિલ્કત.
Chatter, (ચૅટ્ટર્) *vi.* To utter inarticulate sounds:બકબક કરવું.2.To talk idly;to jabber ગપ્પાં હાંકવાં.*n.* Idle talk:બકબકાટ; ગપાટા.
Chatterbox,(ચૅટ્ટર્બૉક્સ્)*n.* One who talks incessantly and idly:બકવાખોર;લવરીખોર.
Chatterer, (ચૅટ્ટરર્) *n.* A prater:બકબકીઓ. 2.A bird of the family Ampelidae:એક જાતનું પક્ષી. [વાતો કીયું;વાતશૂર.
Chatty,(ચૅટિ)*a.*Given to free conversation
Chat-wood,(ચૅટ્વુડ્)*n.* Little sticks:લાકડાં.
Cheap,(ચીપ્) *a.* Bearing a low price: સસ્તુ. *Dog* **c**, very cheap: ઘણું સોઘું.
Cheapen,(ચીપન્)*vt.*To attempt to buy: ખરીદવાનો યત્ન ક૦.2 To beat down the price; to depreciate:હલકું-સસ્તું-સોંઘું ક૦.
Cheaply,(ચીપ્લિ)*adv.* At a small price;at a low rate:સોંઘું; સસ્તું; સોંઘે ભાવે.
Cheapness,(ચીપ્નેસ્) *n.* Lowness in price: સસ્તાઇ સોંઘાઇ;હલકો ભાવ;સોંઘવારી
Cheat,(ચીટ્)*vt.*To deceive: કોઇ પણ રીતે ઠગવું; ફસાવવું; દગોદેવો. 2. To beguile: છેતરવું. *n.* A fraud;an imposition;a trick:છળ;દગો;ઠગાઇ; કપટ 2.One who cheats:ઠગ;ધૂતારો. 3.A kind of grass;a chess:ખેતરમાં વચ્ચે ઉગતુ નકામુ ઘાસ.
Cheating,(ચીટિન્ગ્) *n.* Fraud;trick:ઠગાઇ.
Check, (ચેક્) *n.* Stop; obstruction: અટકાવ; રોકાણ 2 (*a*) A mark placed against items in an account:હિસાબ તપાસતાં ભૂલને માટે રકમો ઉપર કરેલી નિશાની.3.A counter register:સામો હિસાબ;સામું અડધિયું.4 A draft:રૂક્કો;હુંડી;ચિઠ્ઠી. *To take* **c** :to take offence:અપમાન ગણવું *vt.* To curb:અટકાવવું 2. To put a mark against an item: નિશાન-એંધાણથી ઓળખાવવું. 3. To reprove: ઠપકો દેવો. *vi.* To make a stop; to pause:અટકવું; બંધ પડવું; રોકાવું 2. To act as a curb or restraint:અંકુશ કિંવા દાબ હોવો.
Checker,(ચેકર્) *vt.* To variegate with cross lines:ચોકડી પાડવી; રંગબેરંગી ક૦. A piece in the game of draughts or checkers:શેત્રંજનું એક મ્હોરૂં.2.A pattern in checks:ચોકડીનાં ખાનાદાર નમુનો.**C** *board*:ચોસઠ ખાનાનું શેત્રંજનું ઘર.
Checkered, (ચેકર્ડ્) *a.* Variegated with cross lines:રંગબેરંગી.2.Variegated:વિલક્ષણ.
Checkers,(ચેકર્ઝ્)*n.pl.* A game,called also *draughts*: એક જાતની રમત.
Check-mate,(ચેક્મેટ્)*n.* The movement in the game of chess which stops all further moving,and ends the game:માત.**C**.*with a pawn*:પ્યાદમાત.2.A complete defeat;an overthrow:તદ્દન હાર.*vt.* To put in check:શહેમાત ક૦.2.To defeat completely:તદ્દન હરાવવું.
Cheek,(ચીક્) *n.* The side of the face below the eye:ગાલ.2.*pl.*Those pieces,of a machine or of any timber which are similar & in pairs:કોઈ યંત્રનાં કે કોઇ લાકડાના સરખા કિંવા જોડકાબધ કટકા. 3 *pl.* The braces of a bridle bit:લગામના ચોકડાની સળીયો.
Cheep,(ચીપ્) *vi.* To chirp as a small bird: ચકમક-ચીંચીં-ચુંચું ક૦. *n.* A chirp:ચુંચું.
Cheer,(ચીર્)*n.* [L. *cerebrum*, brain] The face: મ્હોડું. 2. Feeling: લાગણી. 3. Gaiety: mirth:આનંદ.4.That which promotes good spirits or cheerfulness;entertainment:ગમત. 5. A shout of hurrah expressing joy,&c: ખુશાલીના પોકાર;હર્ષનાદ.*vt.*To gladden:ખુશરાજી ક૦.2.To inspirit: ઉત્તેજન આપવું 3. To urge on by,or salute with,cheers:ઉત્તેજનના શબ્દથી માન આપવું.4.To utter a shout of applause, triumph, &c: હર્ષનાદ-પોકાર ક૦.
Cheerful,(ચીર્ફુલ્)*a.* Lively:ખુશ.2.Promoting happiness:સુખવર્ધક.
Cheerfully, (ચીર્ફુલિ) *adv.* In a cheerful manner;gladly:ખુશકારક રીતે;રાજીખુશીથી;આનંદ પૂર્વક; ઉમંગ-હર્ષથી.
Cheerfulness,(ચીર્ફુલ્નેસ્)*n.* Good spirit: ખુશમિજાજ; આનંદી સ્વભાવ; હર્ષ; ઉમંગ.
Cheering,(ચીરિન્ગ્)*p a.* Comforting:સંતોષ આપનાર. 2. Gladdening:આનંદદાયક.
Cheerless,(ચીર્લેસ્) *a.* Without joy: આનંદહીન; દીલગીરીવાળું; ઉદાસ; ખીન્ન.
Cheery, (ચીરિ) *a.*Cheerful: ખુશ; આનંદી. 2. Promoting cheerfulness:આનંદ હર્ષમાં વધારો કરે એવું.
Cheese, (ચીઝ્) *n.* [L. *caseus*] The curd of milk:પનીર.2. A kind of fruit: એક જાતનું ફળ. 3. A low courtesy:હલકા પ્રકારની વિવેકની રીત. **C.** *cake*: દહીં, ખાંડ, તથા માખણની-અગર અંદર મુકીને બનાવેલી રોટલી.
Chemical,(કેમિકૅલ્)*a.*Pertaining to chemistry:રસાયણ શાસ્ત્રના નિયમાનુસાર-શાસ્ત્ર સંબંધિ.
Chemicals,(કેમિકૅલ્સ્)*n.pl.* Substances used for producing chemical effects:રસાયણ પ્રયોગમાં ઉપયોગી વસ્તુઓ.
Chemise, (શેમીઝ્) *n.* [Low L. *camisia*, shirt.] A shirt, worn by females: સ્ત્રીઓને પહેરવાનું લુગડું.
Chemist, (કેમિસ્ટ્) *n.* A person versed in

chemistry: રસાયનશાસ્ત્રી;રસાયનવેત્તા; રસ.ચણી.

Chemistry, (કેમિસ્ટ્રિ) *n.* That branch of science which treats of the composition of substances and of the changes which they undergo: રસાયનશાસ્ત્ર. 2. A treatise on chemistry: રસાયનવિદ્યાનું પુસ્તક.

Cheque,(ચેક્)*n.*An order for money,drawn on a banker or on the cashier of a bank, payable on sight:નાણાં મળવાની ચિઠ્ઠી; હુંડી.

Chequer,(ચેકર્)*vt.*To variegate with cross lines:ચિત્રવિચિત્ર ક૦; ચોકડી પાડવી.

Cheriff,(ચેરિફ્)*n.*The prince of Mecca;a high priest among the Mohammedans:મક્કાનોશાહ જાદો;મુસલમાન લોકોનો મોટા દરજ્જાનો પાદરી-ધર્મગુરૂ.

Cherish,(ચેરિશ્) *vt.* [L. *carus,* dear.] To treat with tenderness: માયા હેત દેખાડવાં. 2. To hold dear: પ્યારૂં માનવું.

Cheroot, (ચેરૂટ્)*n.*A kind of cigar: એકજાતની તમાકુનાં પાંદડાંની બીડી.

Cherry, (ચેરિ) *n.* [L. *ceraus,*cherry tree] (*a*)Thefruit of a species of plums:આલુફળ. (*b*)The tree which bears the fruit:જે ઝાડને ફળ આવે છે તે; ચેરી-આલુનું ઝાડ. 2. A cordial composed of cherry.juice and spirit: ચેરી નામના ફળના રસનો અને દારૂનો અર્ક.

Cherry-merry, (ચેરિ-મેરિ) *n.* Gift:ચેરીમેરી; બક્ષીસ; પાનસોપારી.

Chersonese, (ચેર્સોનીઝ્)*n.*[Gr.*chersos*,land, & *nesos*,island.]A peninsula:દ્વિપકલ્પ.

Cherub, (ચેરબ્) *n. pl.* **cherubim** is also used.]One of an order of angels:દેવદૂત; ફિરસ્તો.2 A beautiful child:ફુટડું-રૂપાળું છોકરૂં,ખુબસુરત બચ્ચું.

Chess, (ચેસ્)*n.*A game played by two persons, on a board containing sixty-four-squares.શેત્રંજ.2.(*Bot*) A kind of grass:એક જાતનું ઘાસ.

Chess-man,(ચેસ્ મૅન્)*n.*(*pl.* **chess-men**) A pieceusedinthegameofchess:શેત્રંજનું મ્હોરૂં.

Chest,(ચેસ્ટ્)*n.*A box of wood: લાકડાની પેટી. 2.A coffin:શબ વહન કરવાની પેટી; કફન.3 The thorax: છાતી. 4. A case in which certain goods are transported:જે પેટીમાં કેટલીક માલ દેશાંતર ખાતે મોકલવામાં આવે છે તે;બરદાન.

Chest,(ચેસ્ટ)*n.*Strife:કજીયો; લડાઈ.

Chest-nut,(ચેસ્ટ્નટ્)*n* [L *castanea*,a chestnut.] The nut of a forest tree: એક જાતનું લાલ ફળ. 2. A bright brown colour:ચળકતો ભુરો રંગ.3 An old joke or story:અસલી મશ્કરી.4.The horse chestnut:લાલ રંગનો ઘોડો.

Chevalier,(શેવેલીર્)*n.*A horseman:ઘોડેસ્વાર. *C.d'industrie*,a pickpocket:ખીસાકાતરૂ.

Cheveril,(શેવેરિલ્)*n.* Soft leather made of kidskin:બકરીના બચ્ચાનું સુંવાળું ચામડું 2. An yielding disposition:નમે એવો સ્વભાવ.

Chew,(ચૂ)*vt.&vi.*1.To bite and grind with the teeth:ચાવવું. *To c. the cud*,to chew the food over again:વાગોળવું. *n.* A cud:ચાવવાનો પદાર્થ; વાગોળ.

Chicane-ry, (શિકેન્,શિકેનિ) *n.*Shift;sophistry:પેચ; છળભેદ; દાવ. *vi.* Touse shifts or artifices:પ્રેચ-પ્રપંચ ક૦.

Chich,(ચિચ્)*n.*[L *cicer,* the chick-pea.] A dwarf pea; a chick-pea:ન્હાનો વટાણો;ચણા.

Chick-en,(ચિક્-ચિકેન્)*n.*The young of fowls: મરઘાંની જાતનાં પક્ષીઓનાં બચ્ચાં. 2. (*a*) A young person:બચ્ચુ. (*b*) A young woman: કુંવારી સ્ત્રી.

Chicken-hearted, (ચિકેન્-હાર્ટેડ્) *a.* Timid fearful:બ્હીકણ; બ્હીકણ બીલાડી; કાયર; બાયલો.

Chicken-pox,(ચિકેન્-પૉક્સ્)*n.*(*Med.*)A mild contagious,eruptive disease: અછબડા.

Chide,(ચાઇડ્)*vt.*To rebuke:ધમકાવવું;ઠપકો દેવો. *vi.*To chafe:મ્હોટી બુમ પાડવી,ઘોંઘાટ ક૦.

Chief,(ચીફ્)*n* [L *caput,* the head.] (*a*) The head or leader of any body of men: આગેવાન. (*b*) A headman,as of a tribe: પટેલ.(*c*) A person in authority who directs the work of others:પ્રધાન (*d*)The principal actor or agent:મુખ્ય કર્તાહર્તા.2.The principal part મુખ્ય ભાગ અંશ.*a.* Highest in office:અગ્રેસર; મુખ્ય.2.Important;main:શ્રેષ્ઠ;ઉત્તમ;પરમ;મુખ્ય. *ad* Chiefly:મુખ્યત્વે કરીને;ઘણું કરીને. [કરીને.

Chiefly,(ચીફ્લિ)*adv.*For the most part:ઘણું

Chieftain,(ચીફ્ટેન્) *n.* Captain, leader or commander:નાયક;આગેવાન;સરદાર.

Chief-ship,chieftainry-ship, (ચીફ્ શિપ્, ચીફ્ ટેન્રિ,ચીફ્ ટેન્ શિપ્)*n.*The rank or office of a chieftain:સરદારી;નાયકપણું.

Child, (ચાઇલ્ડ્) *n. pl.* **children**. A son or daughter:છોકરૂં;ફરજંદ.2.A young person of either sex:બાળક *spoiled* c.:બગડી ગયેલું છોકરૂં. *To be with* c.,to be pregnant:ઓરેવાયા-જીવ સગર્ભા હોવું.C.'s *play*,light work:છોકરાની રમત

Child-bearing, } (ચાઇલ્ડ્બેરિંગ્) Parturi-
Child-bed, } (ચાઇલ્ડ્-બેડ્) tion; travil;
Child-birth, } (ચાઇલ્ડ્બર્થ્) labour:પ્રસવાવસ્થા;પ્રસવ;પ્રસુતિ;સુવાવડ.

Child-hood, (ચાઇલ્ડ્ હુડ્) *n.* The state of a child:બચપણ 2.The commencement; the first period:પ્રારંભ; શરૂઆત. *Second* c., the state of being feeble from old age:ઘડપણને લીધે ઉત્પન્ન થતી અશક્તપણાની દશા.

Childish,(ચાઇલ્ડિશ્)*a.* Puerile:છોકરવાદ; બાળક

બુદ્ધિનું;અણસમજુ; નાદાન; બે સમજ.

Childless,(ચાઈલ્ડ્-લેસ્)*a*.Destitute of children or offspring:નિ:સંતાન;વાંઝીયું.

Child-like (ચાઇલ્ડ્ લાઇક્)*a*.Becoming a child; meek:બાળક જેવું; નમ્ર;ગરીબ;ભોળું.

Chiliad,(કિલિઍડ્) *n*. [Gr. *chilion*, a thousand.] (*a*) A thousand: હજાર; સહસ્ર. (*b*) A period of thousand years:હજારવર્ષ;સહસ્રાબ્દિ

Chill,(ચિલ્) *a*. Moderately cold: ઠંડું;શિતળ; શરદ. 2. Afflicted by cold: ટાઢ ચઢી ગયેલું 3. Distant:વેહોનું;ઉપલક.*n*. A moderate degree of cold;શરદી;ઠંડી;શીત. 2. Discouragement: હર્ષભંગ;નાઉમેદી;ધૈર્યભંગ. *vt*. To make chilly: ઠંડુ શિતળ કo 2.To depress:નાશીપાસ કo.

Chilli,(ચિલ્લિ)*n*.A kind of red pepper:મરચું.

Chilly,(ચિલિ) *a*. Moderately cold so as to shiver:ધ્રુજારો આણે એવું ઠંડુ શિતળ; શરદ.

Chime,(ચાઈમ્) *n*. [L. *cymbalum*, cymbal.] The harmonious sound:એકનાદ.2. A set of bells musically tuned to one another:એકરાગઘંટાવળી. 3. To sound in harmonious accord:એક રાગે વાગવું 4.To join in a conversation; to express assent:હા ભણવી.*vt*. To utter harmoniously:એકતાલ-રાગબંધ ગાવું-બોલવું-વગાડવું.*n*. The edge or brim of a cask: લાકડાની પીપની કોર.

Chimera,(કિમીરે) *n*. [Gr. *chimaira*, a she-goat]An imagined monster:કલ્પિત રાક્ષસ.

Chimerical,(કિમેરિકલ્)*a*.Fanciful;unfounded:ખાલી;વૃથા;કલ્પિત;અસંભવિત;માનસિક.

Chimney,(ચિમ્નિ)*n*.[L.*caminus*. furnace.] The fireplace:ચૂલો 2.The passage through which the smoke is carried up to the open air:ધુમાડિયું. 3 A tube of glass:કાચનો નળી. C. *money*:ચૂલાવેરો.

Chimpanzee,(ચિમ્પૅન્ઝી)*n*. A species of the monkey tribe:એક જાતના વાંદરો.

Chin,(ચિન્) *n*. The lower extremity of the face below the mouth:હડપચી;ડાચું;દાઢી.

China,(ચાઇનૅ) *n*. A species of earthenware made in China: ચીનાઇ વાસણ; ચીનીકામ. C. *ware*:ચિનાઈ વાસણ.

Chin-cough,(ચિન્ કૉફ્)*n*.Whooping cough ઉંટાંટિયો;હડખાઇ ઉધરસ;ખોખલો.

Chine,(ચાઇન્)*n* [L.*spina*, thorn] The back bone of an animal:કરોડ.2.Edge or rim of cask:પીપની કોર.3. A chink:ફાટ *vt*.4.To cut through the back-bone of:ની કરોડમાં કાપવું.

Chinese,(ચાઇનીઝ્)*a*. Pertaining to China: ચીન દેશ સંબંધી.*n*. *sing*. *pl* A native or natives of China:ચીન દેશના રહેવાશી;ચીનો-ચીના. 2.The language of China: ચીન દેશની ભાષા.

Chink,(ચિન્ક્) *n*. A gap:ચિરો.*vi*. To crack: ફાટવું. *vt*. To form a fissure in:-માં ચીરો પાડવો.2.To fill up the chinks of:-ની ફાટો ચીરો પૂરી નાંખવી.*To* c.*a wall*:ભીંતની સાંધ બીડવી.

Chink,(ચિન્ક્) *n*. A short, sharp sound:ખણખણાટ;ખખડાટ; રણકારો.2.Money; cash:પસો. *vt* To cause to sound:ખણખણ વગાડવું;ખખડાવવું;ખણખણવું.

Chinky,(ચિન્કિ)*a*. Full of fissures;gaping: [ચીરા-ફાટવાળું.

Chintz,(ચિન્ટ્સ્)*n* Cotton cloth of different colors:છીંટ;છાપેલું સુતરાઉ કાપડ.

Chip,(ચિપ્)*vt*. To cut into small pieces:ની-ચીપ કાઢવી ઉતારવી *vi*. To break off in small pieces:ઊડિયાં ઉખડી જવાં; ચીપો નીકળવી. *n*.A piece of wood, stone or other substance separated by a cutting instrument:ચીપ.C. *of the old block*:મા કે બાપને મળતું આવતું છોકરું.

Chirm,(ચિર્મ્)*vi* To make a mournful sound as a bird:પક્ષીની પેઠે ઉદાસીન અવાજ કo-બોલવું.

Chirographer,(કિરૅાગ્રૅફર્) *n*. One who exercises the art of writing:લખનારો; લહિયો. 2. One who tells fortunes by examining the hand:હાથ જોનારો; સામુદ્રિક.

Chirology,(કિરૉલૅાજિ)*n* [Gr. *cheir*,hand,& *logos*,science]Dactylology:કરપલ્લવી.

Chiromancer, (કિરૉમૅન્સર્)*n*. One who attempts to foretell future events by inspecting the hand:સામુદ્રિક;હસ્તરેષા પરીક્ષક.

Chiromancy,(કિરૉમૅન્સિ)*n*. [Gr. *cheir*,the hand,& *manta*,divination.]Divination by hand;palmistry:હસ્તલક્ષણ વિદ્યા;સામુદ્રિક વિદ્યા.

Chirp,(ચર્પ્)*vi*.To make a sharp sound:ચકચક-ચાંચાં કરવું *n*.A short sharp note:ચકચક.

Chirrup,(ચિરપ્) *vt*. To quicken by chirping:ચાંચાં કરીને ઉશ્કેરવું.*vi*.To chirp:ચીંચીં-ચકચક કરવું. *n*.A chirp:ચીંચીં;ચકચક.

Chirurgeon,(કાઇરર્જન્)*n*[Gr *cheir*, hand& *ergon*,work]A surgeon :શસ્ત્રવૈદ;વાઢકાપીયો વૈદ

Chisel,(ચિઝેલ્)*n* [L *coedo*,I cut.]A tool with a cutting edge used in working in stone metal,&c.:સુતારની ફરસી;નિંધણું;ટાંકણું.*vt* To cut or engrave with a chisel: ચિરવું; કોરવું; ટાંકવું; કોતરી કાઢવું.

Chit,(ચિટ્) *n*. A shot; a sprout: ફણગો; પેશી 2.A child:બચ્ચું 3.An excrescence on some part of the body:શરીરના કોઈ પણ ભાગ ઉપર થએલો મસો-ગાંઠ-રસોળી. [ડાહ્યા હોવારની વાતો;તડાકા.

Chit-Chat, (ચિટ્-ચૅટ્)*n*. Familiar talk:વાત

Chivalric-rous,(શિવૅલ્રિક્-શિવૅલ્રસ્)*a*. Warlike;bold;gallant:સાહસિક;બહાદુર; સભ્ય

Chivalry,(શિવૅલ્રિ)*n* [L. *caballus*,a horse.] Cavalry:ઘોડેસ્વારોનો સમૂહ.2. The dignity of

knighthood:'નાઈટ' નામની પદવી-પદ્ધતિ.3.The qualification of a knight: બાહાદુરી. 4. Exploit:પરાક્રમ; કરામત; કૌતુક.

Chives, (ચાઇવ્સ્) *n. pl.* Slender threads in the blossoms of plants:ફુલનાતંતુ.2 A species of onion:ડુંગળીની જાતનો કંદ.

Chlorodyne,(ક્લૉરોડાઇન્)*n.*A compound of chlorine and iodine:ઝાડો બંધ કરનારૂં ઔસડ.

Chloroform,(ક્લૉરોફૉર્મ) *n* An oily liquid substance:એક પ્રકારનો તેલ જેવો પદાર્થ:ક્લોરોફોર્મ.

Chock,(ચૉક્)*vt.*To fasten with a wedge:ફાચર મારીને મજબુત કરવું. 2 To encounter:મુલાકાત ભેટ લેવી.3. To fill up,as a cavity:ખાડો પુરવો. *n.* A wedge: ફાચર.

Choice,(ચૉઇસ્)*n.*The act of choosing:પસંદ કo તે;ચુંટણી.2.The power of choosing:પસંદગી. મરજી;ખુશી.3.The thing chosen:પસંદ કરેલી વસ્તુ. 4. The best part of any thing:ઉત્તમ. ભાગ.*a* Select:ઉત્તમ; કિમતી.

Choir,(ક્વાઇર્)*n.*[L. *chorus*,song.]A band or organized company of singers:ગાનાર મંડળ.2.The part of a church appropriated to singers: દેવળમાં ગાનારને બેસવાની જગ્યા. 3. કઠેરા અથવા પડદાવડે દેવળના ઘુમટના વચલા ભાગથી જુદો પાડેલો દેવળનો ભાગ.

Choke,(ચોક્)*vt.* To suffocate:ગુંગળાવવું.2. To block up:પુરી નાંખવું.3 To hinder:અટકાવવું.4. To effect with a sense of strangulation by passion:હૈયું ભરાઇ આવવું.*n.*A stoppage or irritation of the windpipe:રૂંધામણ;ગુંગળાટ.

Choke damp, (ચોક્ ડૅમ્પ)*n.* Carbonic acid gas:નુકશાનકારક હવા;ઉભાર.

Choler (કૉલર્) *n.* [Gr. *cholera*, bile.] The bile:પિત્ત.2.The seat of irascibility:તમોગુણ; પિત્તપ્રકૃતિ સ્વભાવ.3 Anger:ગુસ્સો; ક્રોધ;ચીઢ.

Cholera,(કૉલેરે)*n.* A disease characterized by vomiting and purging: કોગળીઉં;કોલેરા.

Choleric, (કૉલરિક્) *a.* Abounding with choler or bile:પિત્તવાળું.2. Easily irritated: ચીઢીયું;તમોગુણી;તામસી.3 Angry:ગુસ્સાવાળું.4. Pertaining to cholera:કોગળીયાનું.

Choose, (ચૂઝ્) *vt.* To select: પસંદ કo; ચુંટી કાઢવું. 2. To exercise the power of choice: પસંદ કરવાની સત્તા વાપરવી-નો ઉપયોગ કરવો.

Chop, (ચૉપ્) *vt.* To cut into pieces (with *up*):કાપવું;છુંદવું.2.To divide(with *off* or *down*) કાપી નાંખવું; ઉરાડી દેવું.3. To seize or devour greedily (with *up*): ડબોડબ-બચડબચડ ખાવી જવું. 4. To barter for: અદલાબદલી કo. 5. To interrupt (with *up* or *out*):બોલતાં અટકાવવું. 6.To purchase by way of truck:સાટામાં ખરીદવું.*n.*A stroke:ઘા;ઝટકો.2.A slice of meat:માંસનો કડકો.3.A cleft:ફાટ; ચિરો 4.(*a*)The jaws: ડાચાં; જડબાં.(*a*)The fleshy parts about the mouth:ગલોફાં. 5. The land at each side of the mouth of a river:નદીના મુખના બે બાજુના ભાગની જમીન. [થઇ ગયેલું; નાસીપાસ; નાઉમેદ.

Chop-fallen,(ચૉપ્ ફૉલન્) Dejected:નાહિમ્મત

Chopping, (ચૉપિંગ્) *n.* Act of cutting by strokes;a cutting:કાપવું-કકડા કરવા તે (*a*)Having tumbling waves:ઉછળતું; ઊભો થેતું.

Chopping-knife,(ચૉપિંગ્-નાઇફ્) *n.* A knife for chopping or mincing meat:સુરો;છરો;છરી.

Choral,(કૉરલ્)*a.*[L.*chorus*,a dance in a ring] Of or pertaining to a choir or chorus,singing or sung in chorus:ગાયકમંડળીનું.*n.*A hymn,by the congregation:ભજન;મંડળીમાં સાથે ગાયેલું ભજન.

Chord,(કૉર્ડ્)*n.*[L.*chorda*, a gut.]The string of a musical instrument:વાજીંત્રમાં તાર 2. A right line uniting the extremities of the arc of a circle:ત્રિજ્યા.*vt.*To string:તાર ચઢાવવા-બાંધવા.

Chorist, (કૉરિસ્ટ્) *n.* A singer in a choir;a chorister:ગાયન મંડળીનો ગવૈયો;કીર્તનીઓ.

Chorister,(કૉરિસ્ટર્)*n.*A singer in a chorus: ગાયક ગણનો એક ગાનાર;કીર્તનિયો.

Chorographer,(કૉરૉગ્રૅફર્) *n.* [Gr. *choros*, place & *grapho*, I describe.] One who makes a map of a district:કોઇ પણ પ્રગણાનો નકશો કઢનાર. 2. અસલી સ્થળોની જગોનું-ના તળનું શોધન કરનાર.

Chorus (કોરસ્) *n.* [L. *chorus*,a dance in a ring.] A band of singers & dancers: ગાનારમંડળ 2.A company of singers singing in concert:સંગાથે ગાનાર ગાયક મંડળ.3.Recurring stanza of a song:ટુંક.

Chouse (ચાઉસ્) *vt.* To cheat: છેતરવું. *n.* A simpleton:સ્હેલાઇથી છેતરાય તેવો 2.A trick:ઠગાઈ 3 A swindler:ઠગ;ધુતારો;લુચ્ચો.

Chowry,(ચાઉરિ)*n.*A whisk to keep off flies; a fly-flap:ચમરી;ચમ્મર;ચામર.

Chrism,(ક્રીઝમ)*n* [Gr.*crio*,I annoint.]Consecrated olive oil:દેવાર્પણ કરેલું તેલ:સંસ્કારી તેલ.

Christ,(ક્રાઇસ્ટ્)*n* [L. *christus*, annointed.] The annointed;the appellation given to Jesus,the Savior:ઈસુખ્રિસ્ત;ખ્રિસ્તીધર્મનો પેગંબર.

Christen, (ક્રિસન્) *vt.* To baptize: જલસંસ્કાર કરી ખ્રિસ્તધર્મમાં લાવવું અને નામ પડવું.

Christendom,(ક્રિસન્ડમ)*n.* [L. *hristen*, a christian.] (*a*) The profession of faith in Christ by baptism:બાપ્ટીઝમ લઇ ક્રાઇસ્ટમાં આસ્થા-શ્રદ્ધા રાખવી તે.(*b*)The Christian religion ખ્રિસ્ત ધર્મ-મત-પંથ.2. The name received at baptism:જલસંસ્કાર વખતે જે નામ પાડ્યું હોય તે

નામ.3.That portion of the world in which Christianity prevails: ખ્રિસ્તિ મુલક. 4. The whole body of Christians:ખ્રિસ્તિ સમસ્ત.

Christian,(ક્રિસ્ટિઅન)*n*. One who believes in Jesus Christ:ખ્રિસ્તિ;વિશ્વાસી.2.One born in a Christian country or of Christian parents:ખ્રિસ્ત મુલકમાં જન્મેલો માણસ.*a* Pertaining to Christ or his religion:ઇસુખ્રિસ્તને લગતું. 2.Professing Christianity: ખ્રિસ્તી ધર્મ માનનાર.3.Ecclesiastical: ધર્મ સંબંધી. *C. era*: ખ્રિસ્તસંવત્.*C.name*:જળસંસ્કાર વખતે પાડેલું નામ

Christianity,(ક્રિસ્ટિઅનિટિ)*n*. The religion of Christ: ખ્રિસ્ત ધર્મ.2 The body of Christian believers:ખ્રિસ્ત મંડળ-માત્ર સમાજ.

Christianize,(ક્રિસ્ટિઅનાઇઝ્)*vt*. To convert to Christianity:ખ્રિસ્તી ધર્મમાં લાવવું.

Christmas,(ક્રિસ્મૅસ્)*n*. An annual church-festival (December 25): ઇસુખ્રિસ્તના જન્મ દિવસ તરીકે મનાતો વાર્ષિકોત્સવ. *C box*: નાતાલના મહોત્સવમાં નજર કરવાની પેટી.*C day*, same as **Christmas**:નાતાલ.*C eve*, the evening before Christmas:નાતાલના મહોત્સવની પહેલાની સાંજ;તા૦ ૨૪ મી ડીસેંબર.

Chromatic,(ક્રૉમૅટિક્) *a*. [Gr. *chroma, chromator*, colour.] Relating to colour or colours:રંગ સંબંધિ. 2. Proceeding by the smaller intervals of the scale: સારી ગમના ગોણ સુરમાંથી ઉદ્ભવવું.*C.printing*:રંગબેરંગી છાપ.

Chromatics,(ક્રૉમૅટિક્સ્)*n.sing*.The science of colours:રંગશાસ્ત્ર;રંગવિદ્યા;રંગકલા.

Chronic cal, (ક્રોનિક્-કલ્) *a*. [Gr. *chronos*, time.] Relating to time: કાળ સંબંધિ-નું. 2. Continuing for a long time:ઘણા દહાડાનું.

Chronicle, (ક્રૉનિકલ્) *n*. An historical register of facts:કાલક્રમક વૃતાન્ત.2. A history: આખ્યાન; ઇતિહાસ; ત્વારીખ. *vt*. To record in a history:નોંધવું;ઇતિહાસ-ત્વારિખમાં લખવું.

Chronological,(ક્રૉનૉલૉજીકલ્)*a* [Gr.*chronoso*, time,& *logos*,discourse.]Relating to chronlogy:કાલમાન-કાલગણન વિદ્યા સંબંધિ.

Chronologer-gist,(ક્રૉનૉલૉજર્-જીસ્ટ્)*n*. One skilled in chronology:કાળમાનવેત્તા;કાળ ગણનવેત્તા; કાળમાનશાસ્ત્રી;ભૂતકાળના વૃત્તાંતની તારીખ નક્કી કરનાર.

Chronology,(ક્રૉનૉલૉજી)*n*.The science which treats of measuring time by regular divisions or period:કાલમાન વિદ્યા; કાલગણના વિદ્યા.

Chronometer, (ક્રૉનૉમેટર્)*n*. A very exact time-piece;કાળમાન; ઘટીયંત્ર; ખગોળ વિદ્યા માટે ઘણું ચોકસ ઘડિયાળ.

Chrysalis,(ક્રિસૅલિસ)*n*.[Gr.*chrusos*, gold.] *pl* **chrysalides**,The pupa state of certain insects:કોશવાસી;કોશસ્થ;કોશીડો.

Chrysolite, (ક્રિસૉલાઇટ્)*n*.[Gr. *chrusos*,gold & *litho*,stone.] A mineral stone of a yellow & green colour:લસણીઓ (હીરો.)

Chrystal,(ક્રિસ્ટલ્)*n*. A glass:કાચ;બિલોર.

Chub,(ચબ્)*n*.[L.*capito*,a fish with a large head,*caput*,head.]A species of fresh water fish of the carp family:એક જાતની માછલીનું નામ.

Chubby,(ચબી)*a* Like a chub;ગાંઠા જેવું.

Chuck,(ચક) *vt*. To cluck: મરઘી બચ્ચાંને બોલાવતી વખતે જેવી રીતે બોલાવે છે તેવી રીતે બોલવું; મરઘી પોતાનાં બચ્ચાંને બોલાવે છે તેમ બોલાવવું.*n*. The voice or call of a hen:મરઘીનું બોલવું તે.

Chuck,(ચક્)*vt*.To strike gently:હળવો ઠુંસો મારવો. 2. To pitch; to throw with quick motion:ઝડપથી ફેંકવું.*n*.A clamp for holding objects on a lathe:પકડ;ચાંપ;મુઠ. 2.A slight blow under the chin: હડપચી નીચે હળવો ઠુંસો.3.A short throw:ફેંકવું તે.

Chuckle, (ચકલ્) *vt*. To cluck: મરઘી પોતાનાં બચ્ચાંને બોલાવે છે તેમ બોલાવવું.*vi*.To laugh in a broken manner to express derision:હર્ષથી કે મશ્કરીમાં ગાલમાં રહી રહીને હસવું.

Chuff,(ચફ્)*n*.A clown:મુરખો;ગમાર;ગામડીઓ;ઠોઠ *a*.Surly:ચીડવાઈ જાય એવો ખરાબ સ્વભાવનો;મુરખ.

Chum,(ચમ)*n*.A chamber fellow:એક ઓરડીમાં રહેનાર સોબતી.*vi*.To occupy a chamber with another:બીજા માણસ સાથે એક ઓરડીમાં રહેવું.

Chunam,(ચુનમ્) *n*. Quicklime; plaster, or mortar:કળી ચૂનો; કેલ.

Church,(ચર્ચ) *n*.[Gr.*churios*,the Lord.] A building set apart for Christian worship: ખ્રિસ્તી લોકનું ઈશ્વર ભક્તિ-પ્રાર્થના કરવાનું દેવળ.2 A Jewish temple:યાહુદી લોકોનું દેવળ. 3.A body of Christian believers worshipping together:સાથે બેસી ભક્તિ કરનાર ખ્રિસ્તીઓનો રીતસર મળેલો સમુદાય.4.The collective body of Christians:ખ્રિસ્તી સમાજ 5.The aggregate of religious influence:પાદરી વર્ગ.*Universal* C.:આખી દુનિયાપર ખ્રિસ્તમાં ઇશ્વરબુદ્ધિ ધરાવનારનો સમુદાય.

Church-man,(ચર્ચ મૅન)*n pl.* **church-men**, A clergyman:પાદરી.2. One, who is attached to or attends church:દેવળમાં જનાર.

Church-yard,(ચર્ચ-યાર્ડ)*n*. The ground adjacent to the church, where the dead are buried;cemetery:કબરસ્થાન.

Churl,(ચર્લ્)*n*.A rustic:ગામડીઓ.2. A surly ill-bredman:ગમાર;જંગલી.*a*.Churlish: ગમાર.

Churlish,(ચર્લિશ)*a*.Rude: ગમાર જેવું. 2. Unyielding:નમે નહીં તેવું; હઠીલું

Churn,(ચર્ન) *n*.A vessel in which milk is beaten in order to separate the butter from other parts:વલોણા ગોળી.*C.rope*:નેતરું;નેતરાં.*vt*.

To agitate cream in order to separate the butter:માખણ જુદું પાડવાને માટે દહીંને હલાવવું.
Churning,(ચર્નિંગ્) *n*. The act of churning વલોણું. 2. The quantity of butter made at one operation,એક ટંકે થયેલું માખણ.
Churning-staff, (ચર્નિંગ-સ્ટૅફ્) } *n*. The instrument
Churn-staff, (ચર્ન્-સ્ટૅફ્) } used in churning:વલોણાનો વાંસ;રવૈયો.
Chyle,(કાઇલ્)*n*.[Gr.*chulos*, juice.] A milky fluid consisting of the fatty matter:અન્નરસ.
Chylifactive, (કાઇલિફૅક્ટિવ્) *a*. Changing into chyle:અન્નરસકારક.
Chyme,(કાઇમ)*n*.[Gr.*ckulos*,juice.]The pulp made by the food in belly:અન્ન;આમરસ.
Cicada,(સિકેડે) *n*.[*pl*. **cicadæ**. [L.] An insect of the order Aemiptera:તીડ.
Cicatrix-ice,(સિકૅટ્રિક્સ-ટ્રિસ)*n*. *pl*.**cicatrices**[L.*cicatrise*,cicatrix.] A scar: ચાઠું; ચાંદુ
Cicatrize,(સિકૅટ્રાઇઝ્)*vt*.[L *cicatrise*,scar.]*vt*. To heal:રૂઝવવું.*vi*.To heal or be healed:રૂઝવું.
Cicerone,(સિસેરૉન)*n*.[L.*cicero*,the Roman orator.]One who shows local curiosities; a guide:ભોમિયો;માહિતગાર;રસ્તો બતાવનાર.
Cidevant,(સીડેવૉન)*a*. Previous:પાછળનું.
Cider,(સાઇડર્)*n* [L. *siera*. a kind of strong drink.] A drink made from the juice of apples:શેબફળનો રસ-દારૂ-મદ્ય.
Cigar, (સિગાંર્) *n*. A small roll of tobacco, used in smoking:તમાકુનાં પાંદડાંની વાળેલી બીડી.
Cilicious,(સિલિશસ્)*a*. [L.*cilicium*:a covering.]Made of hair:વાળવાળું.
Cimeter,(સિમેટર્) *n*. A short sword with a convex edge:ખંજર;કટાર.
Cimmerian,(સિમ્મીરિઅન)*a* [L.*cimmerius*, a fabulous people.]Pertaining to the Cimmeric:અતિશય અંધકારવાળી જગ્યામાં રહેનાર લોક સંબંધી.
Cinchona, (સિન્કોને)*n*. A genus of trees in Peru:પિરૂમાં ઉગતું એક જાતનું ઝાડ.2. The bark produced from a cinchona tree: સીનકોના ઝાડની છાલ. [belt:કમરપટો.
Cincture,(સિંકન્ચ્યૂર્)*n*.[L *cingo*,I gird.] A
Cinder,(સિન્ડર)*n*.Small particle of matter remaining after combustion,in which fire is extinct:ખાખ;રાખ 2.An ember:અંગારો;તણખો
Cinnabar,(સિન્નેબાંર્) *n*. [L. *cinnabaris*.] Red sulphuret of mercury:રક્તપારદ.
Cinnamon,(સિન્નેમૉન)*n*.[L.*cinnamonum*, cinnamon.] The inner bark of a kind of tree growing in Ceylon:તજ.
Cion,(સાઇઑન)*n*. [Same as *scion*]
Cinque,(સિન્ક્) *n*. [L. *quinque*, five.] The number five upon dice or cards:પાંચ;પંચો.
Cipher, (સાઇફર્) *n*. A character (o) which standing by itself expresses nothing,but when placed at the right hand of a whole number,increases its value tenfold: શૂન્ય; મીંડુ 2.A person of no worth: ટકાનો આદમી. *vt*. To represent: અક્ષરથી બતાવવું. *vi* To use figures:આંકડા માંડી હીસાબ ગણવો-કરવો.
Circian,(સરસિઍન)*a*.[L. *circaeus*, circian.] Magical:મનોહર;કામણગાર; મોહનીરૂપ.
Circle, (સર્કલ્) *n*. [L. *circus*, a circle.] A plane figure bounded by a curved line called its *circumference*,every part of which is equally distant from a point within it, called the *centre*:ગોળ;વર્તુલ.2.An instrument of observation:ગોળો;અવલોકન કરવાનું સાધન 3.Compass:ચક્ર.4.A series ending where it begins:ચક્રાકાર;ઘટમાળ.5.A set;a company મંડળ;ટોળી;સમૂહ 6. An orb:ગોળો.*vt* [L.*circulo* I make round.] To move around:ઘેરી લેવું. *To* **c.in**,to confine:માં રાખવું; ઘેરી-આંતરી લેવું.
Circuit,(સર્કિટ)*n*.[L.*circum*, around & *eo*, I go.]The act of moving:ફરવું તે;પરિવર્તન.2.A regular journeying from place to place in the exercise of one's calling:સ્વારી; સરકારી નોકરો વીગેરેની સરકીટ. 3. A judicial district: જજની હકુમત.4. The measure of a line around an area:ઘેરાવો. 5. The space inclosed within a circle:વર્તુલની અંદર આવેલી જગા.*vt*. To move round:ગોળ ફેરવવું.
Circuitous,(સર્ક્યૂઇટસ્) *a*. Round about, indirect:ફેરવાળું; આડું;દીર્ઘસૂત્ર.
Circular,(સર્ક્યૂલર્)*a*.Pertaining to a circle; round:ગોળ 2. Repeating itself: પોતાને સ્થળે વિરામતું 3 Addressed to a circle of person: સંબંધ હોનારા સર્વ માણસ ઉપર લખેલું કાગળ. **C.** *numbers*:જે રકમનાં મુળનો અંક તેજ હોય તેવી રકમ.
Circulate, (સર્ક્યૂલેટ્) *vi*. To move or pass round:ચોગરદમ ફરવું. 2. To pass from hand to hand:પરીભ્રમણ કo.To cause to pass from place to place or person to person; to spread: ફેરવવું;ચલવવું;ફેલાવવું.
Circulation, (સર્ક્યૂલેશન) *n*. The act of moving in a circle:ચક્રાકાર-ગોળ ફરવું તે;પરિભ્રમણ; 2.Currency:ચલણી-બજારમાં ચાલતું નાણું.3 The movement of the blood:લોહીની ગતિ 4 The extent of diffusion:વિસ્તાર; ફેલાવો; પ્રચાર.
Circulatory,(સર્ક્યૂલેટોરિ)*a*.Circular:સંબંધના સર્વે જણમાં ફેરવવાનું.2 Circulating:ચોતરફ ફરતું.
Circumambient, (સર્કમ્ ઍમ્બિઅન્ટ્) *a*. [L *circum*,around,& *ambio*,I go round.]Surrounding:ઘેરી વળતું.

Circumambulate,(સર્કમ્‌ઍમ્બ્યુ લેટ્) *vi* [L. *circum*,around,& *ambulo*,I walk]To walk round about: પ્રદક્ષિણા-પરિક્રમા ક૦.

Circumcise, (સર્કમ્‌સાઇઝ્) *vt.* [L. *circum*, around,& *cædo*,I cut]To cut off the foreskin of infants:સુન્તા-સુનત કરવી.

Circumcision, (સર્કમ્‌સિશન્) *n.* The act of circumcising:સુનત:સુન્તા.

Circumference,(સર્કમ્‌ફરન્સ્)*n.*[L. *circum*, & *fero*,I bear.]The line that goes round a circular figure:પરિઘ.2.The space included in a circle:કુંડાળામાં સમાએલ જગ્યા;મંડળ.

Circumfluence,(સર્કમ્ફ્લ્યુએન્સ્)*n.* [L. *circum*, round & *fluo*, I flow.] A flowing round on all sides: ચોતરફ ફેલાઇ જવું તે.

Circumfuse, (સર્કમ્‌ફ્યૂઝ્) *vt.* [L. *circum*, around & *fundo*,I pour.]To pour round;to spread round:આસપાસ ફેલાઈ જવું;ચોતરફ રેડાવું.

Circumjacent,(સર્કમ્‌જેસેન્ટ્) *a* [L. *circum*, around&*jaceo*,I lie.]Lying round,bordering on all sides:ફરતું પડેલું; ચોતરફ આવેલું.

Circumlocution, (સર્કમ્‌લોક્યુશન) *n.*[L.*circum*,&*loquor* I speak.]Indirect or roundabout language:દીર્ઘસૂત્રિક ભાષણ.

Circumlocutory, (સર્કમ્‌લૉક્યુટોરિ) *a.* Periphrastic:લાંબુ લાંબુ;દીર્ઘ સૂત્રિક,(ભાષણ.)

Circumnavigate,(સર્કમ્‌નૅવિગેટ્)*vt* [L *circum* & *navigo*,I navigate.] To sail round:જળ માર્ગે વહાણમાં બેસીને પ્રદક્ષિણા ક૦.

Circumpolar, (સર્કમ્પોલર્)*a.* [L.*circum* & *polus*,pole.]About the pole;situated near the pole:પૃથ્વીના એક ધ્રુવની આસપાસનું-નજીકનું.

Circumrotary, (સર્કમ્‌રાટેરિ) *a.* [L *circum* & *roto*,I turn round.] Turning round:ગોળ ચકર ચકર ફરતું.

Circumscribe,(સર્કમ્‌સ્ક્રાઇબ્)*vt.*[L.*circum*, around,and *scribo*,I write.]To write around:લખવું2 To bound,to confine:ઘેરવું;આંતરવું; હદ બાંધવી.

Circumscribed,(સર્કમ્‌સ્ક્રાઇબ્ડ્)*a.* Bounded; inclosed within a certain limit;પરિમિત;નિયમિત;સમર્યાદ;ચોતરફથી બંધ કરેલું;ઘેરી લીધેલું,

Circumspect, (સર્કમ્સ્પેક્ટ્)*a* [L.*circum*,around and*specto*,Ilook.]Prudent;watchful સાવધ;ડાહ્યો ડહાપણથી ભરેલો;કાળજી-સંભાળ વાળો. સાવધાન;સાવચેત;ચોકસ;હોંશિયાર.

Circumspection,(સર્કમ્‌સ્પેક્શન્)*n.*Prudence caution:ડહાપણ;સાવચેતી; સાવધપણું; સાવધાની; ચોકસાઇ;સાવધાનતા.

Circumstance, (સર્કમ્સ્ટન્સ) *n.* [L. *circum*, around,and *sto*, I stand.] An attendant, thing or state of thing:આસપાસની લગતી બીના 2 An event: પ્રસંગ; હેવાલ;વાત; બીના 3.*pl.* Worldly state:હાલ;હવાલ; દશાસ્થિતિ. Low **c.** ગરીબાઈ *Of easy* **c.**s:ખાતુ પીતુ.

Circumstanced,(સર્કમ્સ્ટૅન્સ્ડ્) *a* Placed in a particular position;situated:સ્થિતિમાં મુકેલું.

Circumstantial, (સર્કમ્સ્ટૅન્શિઅલ્) *a.* Pertaining to circumstances:અનુષંગિક;આસપાસની લગતી હકીકતનું-સબંધી. 2. Minute: ઝીણું. Incidental:આનુમાનિક.**C.***evidence*,(*Law*)any evidence not direct:અનુમાન પ્રમાણ

Circumvallation,(સ ર્કમ્‌વેલ્લેશન્)*n.*[L *circum*,and *vallum*,a rampart] (*Mil.*) Fortification round a place:કોટબંધી; મોરચો.

Circumvent,(સર્કમ્‌વેન્ટ્)*vi*[L *circum*,around and *venio*,I come.]To deceive:ઠગવું.

Circumvention.(સ ર્કમ્‌વેન્શન્)*n* Deception કપટબાજી; છળ;ઠગાઈ;છેતરપીંડી;ભવાદાવા.

Circumvolve, (સ ર્કમ્‌વૉલ્વ્) *vt* [L. *circum*, around,and *volvo*, I roll.] To roll round; ગોળ ફેરવવું ગગડાવવું *vi.*To roll round:ગોળ ફરવું.

Circus,(સ ર્કસ્)*n.*[L *circus*,circle.]1 An open space in which games and shows were exhibited:કુસ્તી-કસરત-પટા વીગેરે ખેલ-તમાશા કરવાની જગ્યા.2. The company of performers in a circus:ઘોડા ઉપર ખેલ-તમાશા કરનારા.

Cis,(સિસ્)*n.*Onthisside:આણીતરફનું;આબાજુનું.

Cisalpine,(સિસૅલપાઈન્)*a.*[L *cis* on this side and *Alpes*,the Alps.] On the hither side of the Alps:આલ્પ્સ પર્વતની આ બાજુનું.

Cistern,(સિસ્ટર્ન્)*n* [L.*cisia*,box.]1 An artificial reservoir for holding water:ટાંકી. 2. A hollow place containing water:કુંડ.

Citadel,(સિટેડેલ્)*n.*A fortress;a stronghold: કિલ્લો;કોટ;ગઢ.

Citation, (સાઇટેશન્) *n.* An official notice given to a person to appear:સમન;હાજર થવાનો હુકમ. 2. The act of citing a passage from a book:કોઇપણ ગ્રંથકાર અગર ગ્રંથનોઉતારો.

Cite,(સાઇટ્)*vt.* [L.*cito*,I cite.] To summon: અધિકાર-કોર્ટની રૂઇએ બોલાવવું. 2. To quote;to repeat:ગ્રંથ વગેરેમાં કોઈના કહેલા બોલ કહેવા.

Citizen,(સિટિઝેન્) *n.* One,who enjoys the freedom and privileges of a city:શહેરના હક ભોગવનાર મનુષ્ય; શહેરી.

Citizenship, (સિટિઝેન્શિપ્) *n* The state of being vested withtherightsandprivileges of a citizen:શહેરીના બધાહક ભોગવવાપણું.

Citric,(સિટ્રિક્)*a.* Pertaining to an acid in the juiceof the lemon:મીઠાલીંબુના રસસંબંધિ.

Citron,(સિટ્રોન્)*n.*The fruit of the citron tree resembling a lemon:મીઠું લીંબુ.

City,(સિટિ) *n.* [L.*civis*,a citizen.]A large

town:શહેર2.The collective body of citizens: શહેરની બધી વસ્તિ.

Civet,(સિવેટ્)*n.*A substance consisting of butter and honey taken from glands in the anal pouch of the civet:જબાદી બિલાડીની કસ્તુરી;માર્જાર કસ્તુરિકા.

Civic,(સિવિક્)*a.*Relating to a city or citizen: શહેરને લગતું;શહેરીસંબંધી;નાગરિક;નાગર વિષયક.

Civil(સિવિલ્)*a.*[L *civis*, a citizen] (*a*)Pertaining to a city or to a citizen in his relations to his fellow citizens or to the state within the city or state:શહેર સંબંધી.2.Civilized:સુશિક્ષિત 3 Polite:સભ્ય.4. Not military, ecclesiastical, or official:મુલકી પ્રકરણનું. 5. Relating to rights and remedies sought by action or suit distinct from criminal proceedings દીવાની. **C.** *war*:એકદેશના લોકોની અંદર અંદરની લઢાઇ.

Civilian,(સિવિલિઅન્)*n.*One who is skilled in civil law:રોમન લોકના કાયદામાં પ્રવીણ. 2. A student of the civil law at a university or college:પાઠશાળા અથવા કોલેજમાં રોમન લોકોનોકાયદો ભણનાર વિદ્યાર્થી;સીવીલીઅન.3. સીવીલ સર્વીસમાં પાસ થયેલો.

Civility,(સિવિલિટિ)*n.*The state of society in which the relations and duties of a citizen are obeyed;a state of civilization:સુધારાની સ્થિતિ 2.Politeness:સભ્યતા; રીતભાત.

Civilization,(સિવિલાઇઝેશન)*n.*Refinement: સુધારો;રીતભાત તથા કળાકૌશલ્યમાં સુધારો.

Civilize,(સિવિલાઇઝ્)*vi.* [L.*civilis*,civil]To educate:સુધારવું;સુધારો કરવો;કેળવણી આપવી.

Civilized,(સિવિલાઈઝ્ડ)*a.*Refined; cultivated:સુધરેલું;સુધારેલું;કેળવણી પામેલું;સંસ્કૃત;શિષ્ટ.

Civilly,(સિવિલિ)*adv.*In a manner relating to government:રાજ્યનેલગતીરીતે.2.In a manner relating to private rights:દિવાનીરાહે;દિવાનીકાયદાપ્રમાણે 3 Politely:સભ્યતાથી; સભ્યરીતે.

Clack,(ક્લૅક્)*vi.* To rattle;to click:એકદમ તીણો અવાજ થવો.*vt.*To clink:એકદમ તીણો અવાજ ક૦ *n.* A sharp, abrupt sound made by striking an object:સપાટો;કડાક અવાજ; બકવા.

Clad,(ક્લૅડ્)*vt.* To clothe:વસ્ત્ર-લુગડાં પહેરાવવાં. Clothed:વસ્ત્રવાળું.

Claim,(ક્લેમ્)*vt* [L *clamo*,I cry out.]To demand as due:હક્ક કરીને માગવું;દાવો કરવો.2.To assert:કહેવું.3.To have a claim:નાં હકદાર-લેણદાર-દાવેદાર હોવું;હક ધરાવવો હોવો.*n* A demand of a right હકની માગણી;હક;દાવો; માગણી.

Claimant-mer, (ક્લેમન્ટ્-મર્) *n.* One who claims;one who demands as due:દાવાદાર.

Claiming,(ક્લેમિંગ્) *n.* Act of demanding as due:હકથી માગવું તે;અંગીકાર;સ્વીકાર.

Clairvoyance, (ક્લેર્વૉયન્સ્) *n.* [L *clarus*, clear&*video*,I see.] A power,attributed to persons,in a mesmeric state:અતીન્દ્રિયદર્શન: અપ્રત્યક્ષવિષયદર્શન;મેદસમજવાનીશક્તિ.

Clam,(ક્લૅમ્)*vt.*To clog,as with glutinous matter:ચીકણા પદાર્થથીડખલ હરકત કરવી; ચીકણા પદાર્થથી ગોટાડવું.*vi.* To be moist or glutinous: ચીકણું-ભીનું થવું.

Clamber,(ક્લૅમ્બર્)*vi.*To climb with difficulty; મુશ્કેલાઈથી ચઢવું; હાથ પગટેકીટેકીનેચઢવું.

Clammy,(ક્લૅમિ)*a* Soft and sticky:ચીકણું.

Clamorous,(ક્લૅમરસ્) *a.* Noisy; turbulent: ઘોંઘાટ બુમાટ કરનાર; પોકાર કરનાર; ફિસાદી.

Clamour. } (ક્લૅમર્)*n.*[L.*clamo*, Icry out.]
Clamor, } Loud and continued shouting:બુમાટ.*vt.*To salute or approach with noise:અવાજ-ઘોંઘાટ કરીને પાસે જવું.

Clamp (ક્લૅમ્પ્)*n.*Something that binds:પટો. 2 (*a*) An instrument with a screw by which a thing is held in its place:ચાંપ(*b*)A piece of wood placed across another to bind or strengthen:મજબુત કરવાને બીજી વસ્તુની આડો મુકેલો લાકડાનો કડકો.3 A mass of bricks heaped up to be burned:ઇંટવાડો.*vt.*To render firm by means of a clamp:ચાપટા-પટાવતે મજબુત ક૦;બંધનમાં લેવું. [એક સંપી મંડળી.

Clan,(ક્લૅન્)*n.*A tribe:જાત 2. A clique:ટોળી;

Clandestine,(ક્લૅન્ડેસ્ટિન્)*a.* [L *clandestinus*]Hidden:છાનું;સંતાડેલું.

Clandestineness,(ક્લૅન્ડેસ્ટિન્નેસ્)*n* Secrecy; a state of concealment:ગુપચુપપણું;ચોરટાપણું.

Clang,(ક્લૅંગ્)*vt.*[L.*clango*,I make noise.] To strike together with a ringing metallic sound:ખણખણાવવું.*vi.*To resound:ખણખણવું *n.*A sharp ringing sound:ખણખણાટ.

Clanger-ker,(ક્લૅન્ગર્-કર્) } *n.*A sharp,shrill
Clangour (ક્લૅન્ગ્ગર્) } sound:ખણખણાટ.

Clank,(ક્લૅન્ક્)*n.*The loud, ringing sound made by a collision of metallic bodies:ધાતુ સામસામા અથડાવાથી-થતો અવાજ; ખણખણાટ.*vt.* To cause to make a sharp ringing sound: ખણખણ ક૦.*vi.*To clang:ખણખણવું.

Clanship(ક્લૅન્શિપ્)*n.*(*a*) A state of union as in a family or clan:એકસંપ;એકમાઠ.

Clansman,(ક્લૅન્ઝ્મૅન્)*n.*[*pl.* **clans-men.**] One belonging to a clan:ટોળીમાંનો માણસ.

Clap,(ક્લૅપ્)*vt.*To strike:ખબ લઇને અથડાવવું;અવાજ થાય એવી રીતે અફાળવું-ઠોકવું.2 To applaud: સાબાશીના તાબોટા-તાળીઓ પાડવી.*To c hands,* (*a*):હાથથી વચનઆપવું-કોલઆપવો.*To c.hold of:* એકદમ ઝડપથી ઝાલવું.*To c.a dish at the wrong*

door:જ્યાંથી દાદ મળી ન શકે ત્યાં અરજ ગુજારવી.3. To knock,as at a door:કમાડ-બારણું ઠોકવું.*n.* A loud noise made by sudden collision: ઓચિંતા એકાએક અફળાવાથી થતો મોટો અવાજ.2. A stroke:ઝપાટો.3. A burst of sound:કડાકો.

Clap-trap,(ક્લૅપ્-ટ્રૅપ્)*a.*Deceptive:*n.*A trick to gain applause; a hunting: શાબાશી મેળવવા સારૂં કરેલું તરકટ.

Clarification,(ક્લૅરિફિકેશન્) *n.* [L. *clarus*, clear & *facio*.I make.] The act of clearing:રસાયણથી શોધવું તે.

Clarified, (ક્લૅરિફાઈડ્)*a.*Made clear:શુદ્ધ-સાફ-સ્વચ્છ કરેલું.C *butter*:ઘી.

Clarifier, (ક્લૅરિફાઇઅર્)*n.*That which purifies:શુદ્ધ-સાફ-સ્વચ્છ નિર્મળ કરનાર.

Clarify,(ક્લૅરિફાઇ)*vt.*To make clear:શુદ્ધકરવું. *vi.*To grow clear:સ્વચ્છ નિર્મળ-શુદ્ધ-સાફ થવું.

Clash,(ક્લૅશ્)*vt* To strike noisily against:સામસામું અફળાવવું.*n.*(*a*)A loud noise resulting from collision:ખડબડાટ સંઘાતના અથડાઅથડી. (*b*)A collision:વિરૂદ્ધતા;વિરોધ; ઉલટાપણું.

Clashing, (ક્લૅશિંગ્) *n.*(*b*)Dashing noisily together:અફળાવું-અથડાવું.*a.*Opposite: ઉલટું; આડું;વિરૂદ્ધ;પ્રતિકૂળ.

Clasp,(ક્લૅસ્પ્)*n.*A flattened hook,for holding together the parts of anything:ચાપડો; કડી;બે વસ્તુઓને એકઠી રાખવાનો હુક.*vt.*To grasp; to embrace:ભેટવું;બાથમાં લીડવું. 2. To surround and cling to:ઘેરવું ને બાઝી રહેવું.

Class,(ક્લૅસ્)*n.* [L.*classis*,class.] A group of individuals or object:વર્ગ.2. A number of students in a school or college of the same standingor pursuingthesamestudies: એકજ જાતનો અભ્યાસ કરનારા નિશાળીઆઓની સંખ્યા;વર્ગ 3.પ્રકાર;જાત;પ્રત.*vi.*To be grouped:માં સમાઇ જવું; એકઠું થઇ જવું.

Classic, } (ક્લૅસિક્-કલ્) *a.* Superior in
Classical, } dignity;ofthefirstclassorrank: પહેલાવર્ગનું;ઉત્તમ;સરસ;સરવોત્કૃષ્ટ;શ્રેષ્ટ;પહેલાનંબરનું. 2.Pertaining to the Greeks and Romans especially to Greek and Roman authors: ગ્રીક અને લાટીન ગ્રંથકારોને લગતું-ના સંબંધી.

Classic,(ક્લૅસિક્)*n.*A work of acknowledged excellence and authority:ઉત્તમ ગ્રંથ2.One learned in classics:ઉત્તમ ગ્રંથમાં પ્રવીણ પુરૂષ.

Classify(ક્લૅસિફાઇ)*vt.*[L.*classis*,class & *facio* I make.]To make class or classes;to systematize:વર્ગ પાડવા;જાતવાર ગોઠવવું; વર્ગણી કo

Clatter,(ક્લૅટર્)*n.*(*a*)A rattling noise made by the collision of hard bodies:ખડખડાટ 2. Commotion;disturbance:ફડફડાટ;ક્ષોભ;વ્યગ્રતા; ઉદ્વેગ.*vi.*To make a rattling sound:ખડખડવું. 2.To prate:લવારો કરવો. *vt* To strike and make a rattling noise:ખણખણાટ-અવાજ કરવો.

Clause, (ક્લૉઝ્)*n.* [L.*claudo*,I shut.] A separate portionof awritten paper;aportion in any legal document:પ્રકરણ 2.A portion of a sentence containing a subject and its predicate:કર્તાઅને ક્રિયાપદવાળો વાક્યનો ભાગ.

Clavicle, (ક્લૅવિકલ્)*n.* [L *clavicula*,alittle key.](*Anat.*)The collar-bone:હાંસડી-નું હાડકું.

Claw,(ક્લૉ)*n.*A sharp hooked nail as of a bird:નહોર;પંજો. 2. The whole foot of an animal armed with hooked nails:નહોર પંજાથી હથીયારબંધ થયેલા જનાવરનો પગ. *vt.*To pull or tear with nails:નખ નોહોરથી ખેંચવું નોહોરીયાં ભરવાં 2 (*a*)To tickle:ખજવાળવું.(*b*)To rail at;to scold:નિંદવું;ગાળો દેવી.*To* C.*on the back*,to tickle: ખમો-ખરડો થાબડવો.

Clay,(ક્લે)*n.*A soft earth,which is plastic: મટોડી;માટી. *Potter's* C.: કુંભાર કામમાં વપરાતી મટોડી. [clay:માટીનું બનેલું.

Clayey-ish(ક્લેઇ-ક્લેઇશ) *a.* Consisting of

Clay-more(ક્લે-મોર્)*n.*A large two-handed sword used by the Scottish Highlanders: સ્કૉટનાહાઇલૅન્ડરોની બે હાથાવાળી મોટી તરવાર.

Clean (ક્લીન્) *a.*Free from dirt:કચરા વગરનું; ચોખ્ખું.2.Complete:પુરૂ. 3 Pure: નિષ્પાપ. 4. (*Script.*)Freefromceremonialdefilement: ક્રિયામાર્ગ પ્રમાણે ચોખ્ખું 5.Healthy:તંદુરસ્ત.6. Free from errors:શુદ્ધ Well-proportioned; shapely:ઘાટબંધ;ડોળદાર;સરખાં આકાર શુદ્ધ *A* C. *bill of health*:ફડતા રોગથી મુક્ત છે એવું યોગ્ય સત્તાધીશ તરફનું સર્ટિફિકેટ. *To make a* C.*breast.* to disclose secrets:હૃદય ખોલીને વાત કo.*adv.* Perfectly:બીલકુલ *vt.*To purify: ચોખ્ખું કરવું.

Cleaning,(ક્લીનિંગ્) *n.*The act of making clean:સ્વચ્છ કo તે 2.The afterbirth of cows, ewes,&c:ગાય ઘેટાં વિગેરેની ઓર.

Cleanly,(ક્લીન્લિ)*a.*Pure;innocent:ચોખ્ખું;સાફ;સુઘડ;ચોખાળ;સ્વચ્છ રહેનાર;શુદ્ધ;નિર્દોષ;નિષ્પાપ; નિર્મલ ક.2 Skilful;dexterous:ચતુર;કુશળ;કાર્યદક્ષ.

Cleanliness, { (ક્લૅન્લિનેસ્) } *n.* The state
Cleanness, { (ક્લીન્નેસ્) } or quality of being clean:સફાઇ;ચોખ્ખાઇ;શુદ્ધતા;શુદ્ધિ;વિશુદ્ધિ.

Cleanse, (ક્લૅન્ઝ) *vt.*To render clean:સાફ કo; જાળવું;ધોવું;દોષ-મળમેલ રહિત કo;શુદ્ધ કo.

Clear,(ક્લીર્)*a.*[L *clarus*,clear.]Pure;transparent: સ્વચ્છ; શુદ્ધ; નિર્મળ. 2. Plain:ખુલ્લું 3 Keen:તીક્ષ્ણબુદ્ધિવાળું;વાદળ વિનાનું.4.Entirely pure:ચોખ્ખું 5 In full:ચોખ્ખુ *adv.*Plainly:સફાઈથી*vt.*To render bright: ચોખ્ખું કo.2.To free:ઉઘાડું કo.3.To justify:નિર્દોષ ઠરાવવું.*To* C.*a ship at the custom-house*:ફુરજામાંથીવહાણ

હાંકવાનીપરવાનગીમેળવવી. To c. *up*, to explain: સમજાવવું; સ્પષ્ટ કરવું. 2. To make exchanges and settle balances by method adopted among bankers:નાણાવટી-સરાફોમાં ચાલતી રીતે લેવડદેવડકરીહિસાબકર. c. *out*:નાશી-વેગળા જવું

Clearance,(ક્લીઅરન્સ)*n*.The act of clearing: સાફ ક૦. તે.2.Permission to sail:વહાણ હંકા. રવાની પરવાનગી.3.ચોખ્ખો નફો.4 ઉપાડ;વટાવ.

Clearly, (ક્લીર્લિ) *adv*.without defect or obscurity:સ્પષ્ટતાથી;સફાઇથી;સ્પષ્ટ ઉઘાડીરીતે.

Clearness,(ક્લીર્નેસ)*n*. Freedom from what ever obscures &c: સ્પષ્ટતા;સફાઈ. [ચોખ્ખું;સમજુ.

Clear-sighted,(ક્લીર્-સાઇટેડ)*a* Discerning:

Cleave,(ક્લીવ્)*vt*.To split: ફાડવું.2. કુદરતી રીતે ફાડવું;ચીરો પાડવો.*vi*.To adhere closely:વળગી રહેવું.

Cleaver, (ક્લીવર્) *n*. One who cleaves:ચીરફાટ પાડનાર.2 A butcher's knife:કસાઇનોછરો.

Cleft,(ક્લેફ્ટ્)*n*.A crack;crevice:ચીર;ફાટ;તરડ.

Cleg,(ક્લેગ્)*n*.[*Zool*]A horse-fly:બગાઈ;ડાંસ.

Clemency,(ક્લેમેન્સિ)*n* [L. *clemens*, mild.] Mildness of temper:રહેમીયત;નરમાશ;દયાભાવ.

Clement,(ક્લેમેન્ટ્)*a*.Mild in temper,merciful:કોમળ;દયાળુ;કૃપાળુ;ક્ષમાવન્ત;સુશીલ.

Clergy,(ક્લર્જિ) *n* [L.*clerius*,a priest] The body of ecclesiastics:ધર્મોપદેશક મંડળ.

Clergyman,(ક્લર્જિમેન્)*n*.An ordained minister:દીક્ષા પામેલો ખ્રિસ્તિ ધર્મોપદેશક.

Clerical,(ક્લેરિકલ્)*a*.[L *clericus*, priest.]Relating to the clergy or pertaining to clergy ખ્રિસ્તિ;ધર્મોપદેશકનું-સબંધી વિષયક 2 Pertaining to a clerk or copyist:નકલ કરનાર મેહેતાનું;કારકુનનું સંબંધિ. *A.c.error*:નકલ કરતાં કે લખતાં થયેલી ભૂલ.

Clerk,(ક્લાર્ક)*n* [L.*clericus*,clerk.]A clergyman:પાદરી.2 A penmen;a scribe:ક્લાર્ક.

Clever,(ક્લેવર્)*a*. Possessing skill: ચતુર; ચાલાક;ખબરદાર;હોશીયાર *A c.speech*:ખૂબીદાર ભાષણ.

Clew,(ક્લ્યૂ)*n*. (*a*)A ball of thread:દોરાનું પીંડલું.2 That which directs one in anything of a doubtful or intricate nature:ભુલ ભૂલામણી કે ગુંચવણમાં રસ્તે ચઢાવનાર લઇજનાર;પત્તો; પગલું.*vt*.To direct,as by a thread:રસ્તે પાડવું.

Click,(ક્લિક્)*vi*.To make a small,sharp noise: ટકટક-કટકટ ક૦ *vt*.To seize hastily:ઉતાવળ-ઝડપથી પકડવું *n*.A small,sharp sound:ટકટક;કટકટ.2.The latch of a door:ઢ્હાળો;આગળો.

Client,(ક્લાઇએન્ટ્)*n*. [L.*cluo*, I am called.] One who submits his cause to the management of a lawyer:અસીલ;કુલ.

Cliff,(ક્લિફ્)*n*.[L *clivus*,a hill]A high,steep rock;a precipice:ઉભી ખડક-કરાડ;પહાડ.

Climacteric,(ક્લિમૅક્ટેરિક્)*a*.Relating to the critical period of human life;critical:જીંદગીમાં અણીના સમય સંબંધી;-અણીનું;બારીક.*n*. A critical period in human life:જીંદગીમાં અણીનો બારીક સમય વખત.

Climate,(ક્લાઇમેટ્)*n*.[Gr. *klima*, slope.] A region: પ્રદેશ. 2. The condition of a place in relation to the various phenomena of the atmosphere:હવા;આબોહવા.

Climax,(ક્લાઇમૅક્સ્)*n*.[Gr.*klimax*,a ladder.] A figure in which a sentence rises as it were step by step in importance,force or dignity:ઉત્તરોત્તરવૃદ્ધિ;સારાલંકાર.2.The highest point:સીમા.*To cap the* c :દરેક વસ્તુ બાબતમાં ટપીજવું. [હાથ પગવડે(ટેકીટેકીને) ચઢવું.

Climb,(ક્લાઇમ્)*vt*.& *vi*.To ascend or mount:

Clime,(ક્લાઇમ)*n*.[L *clima*.]A climate;a tract or region of the earth:દેશ;પ્રદેશ;પૃથ્વિનો ભાગ.

Clinch,(ક્લિન્શ્) *vt*. To hold firmly: મજબુત-સજ્જડ પકડવું.2.To set closely together:સખત વાળવું. *vi*. To hold fast or firmly: સજ્જડ ચોટવું *n*. A grasp:કબજો.

Cling,(ક્લિન્ગ્)*vi*.To adhere closely:વળગી રહેવું.*vt* To make to dry or wither:સુકવી નાંખવું.

Clinic-cal,(ક્લિનિક્-ક્લિનિકલ્) *a*. [Gr. *kline*, bed.]Confined to the bed by illness:માંદગીને લીધે પથારીમાં ગોંધાઇ રહેલું C.*lecture*:દર્દીઓને બતાવીને તથા તેમની તપાસની સાથે અપાયેલું વ્યાખ્યાન.

Clinic,(ક્લિનિક્)*n*.One confined to the bed by sickness:ખાટલે પડેલો દરદી માણસ;પથારીવશ. 2.(*Eccl.*)One who receives baptism on a sick-bed:માંદગીની પથારી ઉપર-માં જેણે જળસંસ્કાર લીધેલો છે તે 3 A school in which medicine or surgery is taught:વિદ્યાર્થીઓની સમક્ષ દર્દીઓની તપાસ તથા સારવાર કરીને જ્યાં દવાદારૂ-વાઢકાપ શિખવવામાં આવે છે તેવી શાળા.

Clink, (ક્લિન્ક્)*vt*. To make a small sharp sound;to ring:વગાડવું;ખણખણાવવું.*n*.A short sound:ખણખણાટ.

Clip, (ક્લિપ્) *vt* (*a*) To embrace: ભેટવું. (*b*) To encompass:ઘેરી લેવું.2. To cut off:કાતરવું; ટુંકું ક૦. *n*. A shearing:કાપવું-કાતરવું તે 2. A blow or stroke with the hand:મુક્કો.

Clipping,(ક્લિપિન્ગ્) *n*. The act of embracing:ભેટવું તે.2.The act of cutting off:છાંટણી. 3 That which isclipped off:કાપલા;છાંટકતરામણ.

Clique,(ક્લીક્)*n* A narrow circle of persons; a party:સેતાન ટોળી;ચંડાળચોકડી.To plot:કાવત્રુ ક૦.

Cloak,(ક્લોક્)*n*.A loose outer garment:ડગલો ઝભ્ભો.2.A disguise:પડદો;ઓઠું;ડોળ;બહાનું;મિષ. *vt*.To hide or conceal:છુપાવવું.

Clock,(ક્લૉક્)*n*.An instrument for measuring time:વખત માપવાનું યંત્ર; કાળમાપક યંત્ર.2. A watch, especially one that strikes the

hour:ઘડીઆળ.

Clock-work,(ક્લૉક્-વર્ક્) *n.* Machinery and movements of a watch: ઘડીઆળનો બધો સામાન યંત્ર અને તેની ગતિ.

Clod,(ક્લૉડ્) *n.* A mess or lump:ઢેકું.2. That which is earthly:માટીની કાયા.3 A bull,fellow:જડબુદ્ધીનો માણસ.*vi.* To clot:ગંઠાઈ-બંધાઈ જવું 2.To throw violently:જોરથી ફેંકવું.

Cloddy(ક્લૉડિ)*n.*Consisting of clods:ઢેફાંવાળું

Clod-hopper(ક્લૉડ્-હૉપર્)*n.*A clown:ગામડીયો

Clod pate-poll, (ક્લૉડ્પેટ્પૉલ્) *n.* A stupid fellow;a blockhead:ઠોઠ;મૂર્ખો;જંગલી ઝટ;રેંચો

Clog, (ક્લૉગ્) *vt.* To encumber as with a burden:બોજો મૂકી ભારે મારવું.2.To choke up: બંધ કરી નાંખવું. 3. To confuse; to perplex: હરકત-અડચણ ક૦. *vi.* To become loaded or encumbered:ભારે મારવું.2.To adhere:ચોંટવું. *n.* An impediment:ભાર.*n.* A weight tied to an animal to hinder its motion:કાષ્ટઘંટા 2.A heavy shoe with a wooden sole:લાકડાના તળીઆવાળો એક જાતનો ભારે જોડો;પાવડી.

Cloister,(ક્લૉઇસ્ટર્) *n.* [L*claudo*, I shut.] An inclosed place:કોઇ ઘેરી લીધેલી જગ્યો. 2. (*a*)A covered passage:અદાલતની એક બાજુની પરસાળ.(*b*) *pl.*The series of such passages on the different sides of a monastery:મઠની ઢપ પરસાળ-અડાળી-મંડપ. 3. A monastic establishment:મઠ.*vt.*:To confine in a monastery:મઠ-અખાડામાં પૂરવું. [ક્વાસિની.

Cloistress,(ક્લૉઇસ્ટ્રેસ્)*n.*A nun:બાવી;સાધ્વ;મ-

Close,(ક્લૉઝ્) *vt.* [L. *claudo*, I shut.] To shut:બંધ ક૦;અટકાવવું;વાસવું.2.To complete: પુરૂ ક૦.3.To inclose:ઘેરી લેવું *vi.*To come together: સંધાવું.મટવું. 2. To end:પાર-અંત-છેડો આવવો.*To* **c** on *or upon*:એક મત થવું. *To* **c.** *with.*(*a*)to accede to:મંજૂર કરવું *To* **c** *one's eyes*;to die:દેહ પાડવો *To* **c**.*one's lips* (*a*)to speak softly:ધીમે ધીમે બોલવું.*n.*The manner of shutting:બંધ કરવું તે.2.An ending:સમાપ્તિ 3 A grapple in wrestling: કુસ્તી લડવામાં બાથ ભીડવી તે 4.(*Mus*)Cadence;also **a** double bar marking the end:ઉતરતો સ્વર.

Close,(ક્લૉસ્) *a.* Shut: બંધ કરેલું. 2 Narrow: સાંકડું.3.Strictly confined:પુષ્કળ જાપતામાં હોય તેવું 4.Secluded:છાનું. 5 Disposed to keep secrets:છાનું રાખે એવું.(*a*)Dense(*bodies*):જાડું. (*b*) *liquids*):ઘનઘટ્ટ.6 Concise:સંક્ષિપ્ત;ગહન. 7.Adjoining: પાસેનું; સમીપસ્થ;નિકટ;ધાડું. 8. Short:ટુંકું;ઓછું 9.Intimate:ગાઢ.10.Nearly equal: બરોબર. 11. Attentive: એકાગ્ર. *adv.* Secretly:છુપી-છાની રીતે.

Close-fisted,(ક્લૉસ્-ફિસ્ટેડ્)*a.*Covetous;niggardly:મખ્ખીચુસ;કૃપણ;કંજુસ;બખિલ;સુમ.

Closely,(ક્લૉસ્લિ) *adv.* Densely;nearly:ઘટ્ટ; ખીચોખીચ.2. Secretly; privately:છુપી-છાની-ગુપ્ત-ખાનગી રીતે.3.Attentively:એક ચિતથી.

Closeness(ક્લૉસ્નેસ્)*n.*Narrowness:સંકડાસ; ઉકળાટ;રહસ્ય;ઘટ્ટતા;ઘનતા; સમીપતા.

Closet, (ક્લૉઝેટ્) *n.* Any room for privacy: એકાંતની ઓરડી. *vt.* To shut up in a closet: એકાંત ઓરડીમાં પૂરવું; સંતાડવું.

Closh, (ક્લૉશ્) *n.* A disease in the feet of cattle:ઢોરના પગમાં થતો એક જાતનો રોગ.

Closure,(ક્લૉઝ્યૂર્)*n.*[L.*claudo*,I shut.]The act of shutting;a closing:અટકાવવું-બંધ ક૦.તે 2.That which closes or shuts:બંધ કરનાર.3. An inclosure:વાડ.4.That which ends:અન્ત.

Clot,(ક્લૉટ્)*n.*A concretion of a soft, slimy character:નરમ;ચીકણી વસ્તુની ગાંઠ *vi.*To concrete:ગંઠાઈ-બંધાઈ જવું.

Cloth, (ક્લૉથ્) *n. pl.* **clothes, cloths**, A woven fabric:લુગડું;કાપડ.2.The dress:લીબાસ.**C**.*of gold*:જરીનું લુગડું.

Clothe, (ક્લૉધ્) *vt.* To put garments upon: લુગડાં પહેરાવવાં.2.To provide with clothes: લુગડાં પૂરાં પાડવાં.3.To cover,as with a garment:આપવું.*vi.*To wear clothes:કપડાં પહેરવાં.

Clothier, (ક્લૉધિઅર્) *n.* One who makes clothes: લુગડાં બનાવનાર. 2. One who sells cloth:લુગડાં વેચનાર.

Clothes, (ક્લૉધ્ઝ્) *n. pl.* of **cloth,** Dress; vestments:પોશાક;કપડાલત્તાં. 2. Bed-clothes: ચાદર.**C**.*horse*,a frame to hang clothes on: લુગડાં ભેરવવાની ઘોડી.

Clothing,(ક્લૉધિન્ગ્)*n* Clothes:લુગડાં.2. The art of making cloth:લુગડાં બનાવવાનો હુન્નર.

Clot-poll,(ક્લૉટ્-પૉલ્)*n.* See **clodpoll.**

Cloud, (ક્લાઉડ્) *n.* A collection of visible vapor:વાદળું *The clouds*:મેઘ મંડલ.2 A mass of smoke:ગોટેગોટ 3.(*a*) A dark spot on a brighter material:ઉજળા પદાર્થ ઉપર ડાઘ એબ-કલંક. (*b*)Hence,blemish:ડાઘ;ખોડ.4.A great crowd or multitude:ટોળું. *To be under* **a c.**:કોઇના વહેમ નીચે હોવું. *vt.* To overspread with a cloud: વાદળાથી ઢાંકી નાંખવું; છવાવી દેવું. 2. To render gloomy:ઝાંખુ-શોકાતુર-ઉદાસ ક૦.*vi.* To become obscure with clouds:વાદળાંથી ઘેરાવું.

Cloud kept, (ક્લાઉડ્ કેપ્ટ્) *a.* Touching the clouds,lofty:વાદળાને અડકતું;બહુ ઉંચું.

Cloudiness,(ક્લાઉડિનેસ્)*n.* The state of being cloudy:આભ્રી;અંધારી;ઘટા.

Cloudless,(ક્લાઉડ્લેસ્)*a.* Clear; bright:સ્વચ્છ;વાદળાં વગરનું;ઉઘાડું;નિર્મળ.

Cloudy,(ક્લાઉડિ) *a.* Overcast with clouds:

વાદળાંવાળું.2. Lacking clearness or luster: ઝાંખુ;એબવાળું.3.Having the appearance of gloom:શોકાતુર;ઉદાસ,ગૂઢ;ગહન;અસ્પષ્ટ.

Clough,(ક્લફ્)*n*.[A.S. *cleojan.*] A cleft in a hill:ડુંગરમાંની કરાડ.2.An allowance in weighing:કપાત;આડ;કાપણી;છૂટ.

Clout,(ક્લાઉટ્) *n*. A piece of cloth, leather, &c:થીંગડું;લુગડા-ચામડાનો કડકો.2.The center of the butt:નિશાન-ચોટનું મધ્યબિંદુ. 3. A blow with hand:મુક્કો.*vt*. To patch: થીંગડું ચોડવું. 2. To stud with nails:ખીલા જડવા.

Clouterly,(ક્લાઉટર્‌લિ)*a*.Ill-formed;awkward: કદરૂપું;બેડોળ;જેવુંતેવું.

Clove,(ક્લૅાવ્) *n*. [L. *clavus*, nail.] A very pungent aromatic spice:લવિંગ.2,ચીરો;ફાડ

Cloven,(ક્લૅાવન્)*p p*.from **cleave**,ફાડેલું;ચીરેલું

Cloven footed,(ક્લૅાવન્ ફૂટેડ્)*a*. Having the hoof divided into two parts: બે ખરીવાળું.

Clown,(ક્લાઉન્)*n*.[L *colo*,I till.] A husbandman:ખેડુત 2.The fool or buffoon in a play, circus,&c.:વિદુષક;મસ્કરો; રંગલો.

Clownish,(ક્લાઉનિશ્)*a*. Rustic:ગામડિયા જેવું.

Cloy, (ક્લૅાઈ) *vt*.[L.*clavus*,nail]To fill: ભરી દેવું.2.To spike, as a cannon, by driving a nail into the vent:તોપના કાનની અંદર ખીલો ઠોકીને તે બંધ ક૦.

Club,(ક્લબ્)*n*.A cudgel:ડંગોરો;ધોકો;ગદા;દંડુ; ડાંગ;સોટો.2.One of the four suits of cards: (ગંજીફામાં)કાળી બદામ. 3. An association of persons:મંડળી.*vi*.To form a club:ટોળી—મંડળી ક૦. *vt*. To unite for the accomplishment of a common end:સામાન્ય ધારણા પૂરી પાડવાને માટે એકઠા-ભેગા મળવું-થવું. 2. To beat with a club: ડંગોરા-સોટા-ગદાથી મારવું.

Club-foot,(ક્લબ્-ફુટ્) *n*. A short deformed foot:બેડોળ પગ;મુસલા જેવો પગ; મુસલપા.

Cluck,(ક્લક્)*vi* To makethenoiseof a brooding hen:મરઘીનું સેવનની વેળાનું બોલવું.

Cule,(ક્યૂલ્)See **Clew.**

Clump,(ક્લમ્પ)*n*.A shapeless mass of wood: વેઢો;ગાંઠ.લાકડાં વિગેરેનાકુંદ;2.Acluster:ઝુંડ;ઘટા. *vi*.To clamp:ધબ-ધબ-ભારે પગે ચાલવું.

Clumsily,(ક્લમ્ઝિલિ)*adv*.In a clumsy manner:બેડોળ-બેઢંગી રીતે; અકુશળતાથી.

Clumsy,(ક્લમ્ઝિ)*a* Stiff or benumed:ટાઢથી ઠરી ગયેલું.2. Illmade;mis-shapen:બેડોળ;કઢંગુ.

Cluster,(ક્લસ્ટર્)*n*. A number of things of the same kind growing together;a bunch: ઝુમખું.2. A crowd;a mob:ટોળું; ઝુંડ. *vt*. To collect into a bunch or close body:ઝુમખું ક૦

Clutch, (ક્લચ્) *vt*.To seize with the hand: હાથથી પકડવું.2.સજ્જડ-સખત મુઠી વાળવી.*vi*.To catch:પકડવું;ઝાલવું.*n*. Seizure;grasp: પકડ. 2. (*fig*)(*a*) The hands,or claws in the act of grasping firmly:હાથ પંજો;પકડ;આંકડ (*b*) (*fig.*) Power: સત્તા; કબજો. 3. A device used for coupling,&c.:પકડ;દાબણ;ચાંપ.

Clutter,(ક્લટર્)*n*.Bustle:ખળભળાટ. To **c.** a *room*:ઓરડીમાં ચીજો આમ તેમ નાંખીને ભરવી.*vi*. To make a bustle:ધામધુમ-ધાંધળ-ગરબડ ક૦.

Cluster,(ક્લસ્ટર્)*n*.[Gr.*klusa*,I wash out.]A liquidinjectedinto the lower intestinesby means of a syringe:નીચેનાં આંતરડામાં પીચકારીથી મારેલી દવા.

Coach,(કોચ્)*n* [L.*coucha*, muscle.]A large fourwheeled carriage:ગાડી. 2. A special teacher,who assists in preparing,for examination:પરીક્ષા માટે તૈયારી કરાવનાર ખાસ શિક્ષક. *Mail coach*: ડાકગાડી. *Stage-coach*; ઘોડાની ગાડી.*vt*. To convey in a coach: ગાડીમાં બેસાડીને લઇ જવુ. 2.To prepare for public examination by private instruction: ખાનગી રીતે પરીક્ષાને માટે તૈયાર ક૦.

Coach-box, (કોચ્-બૅાક્સ્) *n*. The seat of a coach man:ગાડીવાનને બેસવાની જગા.

Coach-man, (કોચ્મૅન્) *n*. The person who drives a coach:ગાડીવાન;ગાડી હાંકનાર.

Co action,(કો ઍક્શન્)*n*.Force;compulsion: બળાત્કાર:જુલમ;જબરાઈ;જબરદસ્તી.

Co-active,(કોઍક્ટિવ્)*a*.Compulsory:જોર જુલમનું. 2. Acting in concurrence:સામેલ રહી કામ કરવું.

Co-adjument,(કોઍડ્જ્યૂમેન્ટ્)*n* Mutual aid or assistance: અરસપરસની મદદ-સહાયતા.

Co-adjutant,(કો-ઍડ્જ્યૂટન્ટ)*a* Mutually assisting:અરસપરસ મદદ કરવું.

Co-adjutor,(કો ઍડ્જ્યૂટર્)*n*.:One who aids another;an assistant:મદદગાર-નીચરહાયકારી.

Co agulate,(કો-ઍગ્યૂલેટ્)*vt* [L.*co*,& *agulo*,I urge]To cause to change into a curdlike state:જમાવવું;આખરવું. *vi*. To undergo coagulation:જામવું;અખરાઇજવું.Coagulated:જામેલું

Co agulum, (કો-ઍગ્યૂલમ્)*n*. [L.*coaetum.*]A coagulated mass:ઘટ્ટ થયેલો-જામી ગયેલો પદાર્થ.

Coal,(કોલ્)*n* [L *calo*,I am hot.] The substance made from wood by a smothered fire:charcoal:કોલસો; કોયલો.2.A live *coal*, or *coal of fire*:બળતો કોયલો;અંગારો.*To carry* **c.** s. *to Newcastle*: લુવારવાડે સોય વેચવી. **c.** *oil*, petrolium:ખનિજ તેલોને માટે એક સામાન્ય સંજ્ઞા; પેટ્રોલિયમ.*vt*.To delineate with charcoal: કોયલાથી-વડે ચિત્ર પાડવું—ક૦.2.To supply with coal:કોયલા પુરા પાડવા.

Coalery,(કોલેરિ)*n*.See **colliery.**

Coalesce, (કોઍલેસ્) *vi.* [L.*con* & *alesco*,I grow.] To grow to-gether:સાથે ઉગવું;જોડાવું; એકઠું વળગી રહેવું: એક તંત્ર થવું.

Coalescence,(કોઍલેસેન્સ્)*n.*The act of growing to-gether:ભેગું-એકઠું બાઝવું તે.

Coalition,(કોઍલિશન્)*n.*Union into a body સંયોગ.2.A combination of persons,parties states &c.:પુરૂષો—પક્ષો—રાજ્યોનું એકસંપ થવું તે.

Coarse,(કોર્સ્)*a.*Gross: જાડું બરછટ.2.Not nice: અસભ્ય;અણકસબી;અણઘડ;તોછડું; બે મર્યાદ.

Coarsely,(કોર્સ્લિ) *adv.*Rudely: અસભ્યતાથી.

Coarseness, (કોર્સ્નેસ)*n.* Thickness;જાડાશ.

Coast. કોસ્ટ)*n.*[L *costa*,rib.] 1. The side of a thing:કોઈ ચીજનીબાજુ-પડખું.2.Theexterior limit or border of a country:કોઇદેશની બહારની હદ-સીમા.3.The seashore:સમુદ્ર કિનારો. *vi* To sail near a coast:કિનારે કિનારે વહાણ લઈ જવું 2.To sail from port to port in the same country:એકજ દેશના એક બંદરથી બીજે બંદર જવું. *vt.*To keep by the side of:ની બાજુએ રાખવું.

Coaster,(કોસ્ટર્)*n* One who sails near the shore:કીનારા પાસે થઇને વહાણ હાંકી જનાર માણસ. 2.A vessel that is employed in sailing along a coast or engaged on a coasting trade:કિનારે કિનારે ફરતું વહાણ.

Coat,(કોટ્)*n.*[L.*cota*,tunic.] An outer garment worn by men over the waistcoat: અંગરખું.2. A petticoat:ડગલી. *vi.* To cover with a coat or outer garment:અંગરખું-ડગલો પહેરાવવો.2.To cover:કોઇ પદાર્થનું થર ચડાવવું.

Coating,(કોટિંગ્) *n.* A covering:પડ.

Coax,(કોક્સ્)*vt.*[L *coqus*,cook and thief.]To entice:પટાવવું;સમજાવવું.*n.*A simpleton:ભોળો.

Coaxing,(કોકિસન્ગ્)*n.*Wheedling:ફોસલામણી.

Cob,(કોબ્)*a* The top or head of anything: ટોચ.2.A rich covetous person:પૈસાદાર માણસ.3 A young spider:કરોળીઓ 4.A herring: નાની હેરીંગ માછલી.5 Clay mixed with straw માટી અને પરાળની ગાર.6 A short legged and stout variety of horse: એક જાતનું ઠીંગણું ટટ્ટુ-બટ.*vt.*To break into large pieces with hammers:હથોડા વડે મોટા કકડા ભાગી કાઢવા.

Cobbing,(કોબિન્ગ્)*a.*Holding up the head above others;proud;haughty:મગરૂર;અહંકારી.

Cobble,(કોબ્લ્)*n.*A kind of fishing boat:માછલીઓ પકડવાની એક જાતનીહોડી-મછવો2.A large pebble:મોટો ગોળ પથ્થર.*vt.*[L.*copulo*,I join.] To mend;to patch:જેમ તેમ થીંગડાં મારવાં.

Cobbler,(કોબ્લર્)*n.*A mender of shoes:જોડાને થીંગડા મારનાર,અણઘડ.અણકિસબીકારીગર.

Cobra, (કોબ્રે)*n.*The hooded snake:નાગ.*The extended hood of a C.*:ફેણ;ફણા.

Cob-web, (કોબ્-વેબ્) *n.* The network spread by a spider:કરોળીઆની જાળ;બાવાં;જાળાં 2 Any snare or device intended to entrap ફસાવવા-લલચાવવાના ઈરાદાથીકરેલી જાળ.

Cochineal, (કોચિનીલ્) *n.*(Gr.*kokkos*,berry. A dye stuff:કરમજ.

Cochleary,(કોકલીઅરિ)*a* [L *cochleatus*;spiral or screw-formed.]Spiral,શંખાકાર.

Cock, (કોક્)*n.*The male of birds:નરપક્ષી. (*of domestic fowls*):મરઘો; કુકડો.2 A weather-cock:વાયુગતિ સૂચક.3.A spout;an instrument to draw out liquor from a cask or like vessel:પ્રવાહી પદાર્થ બહાર કાઢવાનું યંત્ર-નળી;જળયંત્ર; કાક;ચકલી.4.The hammer in the cock of a fire arm:બંદુકનો ઘોડો 5.The style of a dial: ચંદાના કાંટા.6.The indicator of a balance:ત્રાજવાનો કાંટો.*vt.*To place upon the head:માથા ઉપર વાંકું મૂકવું-પહેરવું 2.To turn the eyes obliquely and partially close its lid:આંખો કાતરવી. 3. To set or draw back the cock, in order to fire:બંદુક ફોડવાને માટે ઘોડો ખેંચવો.

Cockade,(કોકેડ્)*n.*A ribbon,or knot of ribbon:પીપરનો ગુચ્છો;ગુંટ્ટી.

Cockatoo, (કોકેટૂ)*n.* A bird of the parrot kind:કાકાકઉઆ.

Cockatrice,(કોકેટ્રીસ્)*n.*Fabulous serpent: એક પ્રકારનો વિકાળ સાપ.

Cock-crow,(કોક્ક્રો) *n.*The time at which cocks crow every morning:મસળકું;પ્રભાતકાળ'

Cocket,(કોકેટ્) *a.*Brisk;pert:ચંચળ;ચાલાક.*n.* A custom house certificate: ફુરજામાંની ચિઠ્ઠી-સર્ટીફીકેટ.

Cock-eyed,(કોક–આઈડ્)*a.*Having a squinting eye:બાડું;ત્રાંસું જોનારૂં.

Cock-horse,(કૉક-હૉર્સ્)*n* A child's rocking horse:ન્હાના બાળકને રમવાનો ઘોડો.

Cockle,(કોકલ્)*n.*A plant:એક જાતનો છોડ-ઝાડ. 2.[Gr *kongche*,a muscle.]A kind of bivalve shell-fish: બે જાતની બે છીપવાળી માછલી. *C. stairs,* winding or spiral stairs: ગોળ ફરતાં અથવા કમાનદાર પગથીયાં.

Cock-pit,(કોક્ પિટ્) *n.* A pit where game-cocks fight: મરઘા લડાવવાની જગ્યા 2 The privy council room at Westminster: વેસ્ટમિન્સ્ટરમાં ખાનગી મંડળીને બેસવાનો ઓરડો.

Cock-roach, (કોક્રોચ્) *n.* An insect of the genus Blatta:વંદો;વાંદો.

Cocks-comb, (કોક્સ્કોમ્) *n.* The carnucle or comb of a cock:મરઘાનીકલગી-માંજર. 2. A fop, or vain:અક્કડબાજ-ફાંકડો.

Cocoa,(કોકો) *n.* A palmtree producing the cocoa-nut:નાળીએરી.2.A preparation made from the cocoa-nut tree; chocolate:એક જાતનીપીવાની વસ્તુ;કોકો.

Cocoa-nut,(કોકો-નટ્)*n.*Fruits produced on a palm-tree: નાળીએર; શ્રીફળ.

Cocoon,(કોકૂન્)*n.*[L.*concha*, muscle-shell.] An oblong case in which the silk-worm lies in its chrysalis state:રેશમના કીડાનો કોશેટો.

Cod(કૉડ્) *n.*A pod:શીંગ;ફળી.2. A bag:કોથળી; થેલી.3. A pillow or cushion: ઉશીકું. *n.* [L. *gadus*, merlangus] A species of fish:એક જાતની માછલી.

Coddle,(કૉડ્લ્)*vt.*[L.*calidus*, hot.] To parboil:અર્ધું સિઝાવવું ઉકાળીને પોચુ-આચરું ક૦ 2.To make much of:માયાળુ પણે-નરમાશથી વર્તવું.

Code,(કોડ્)*n.*[L.*candex*,the stem of a tree.] An orderly collection,system,or digest of laws;કાયદાનો સંગ્રહ;સંહિતા;સારસંગ્રહ.

Codger,(કૉજર્)*n* A covetous or mean person:લોભી-કંજુસ હલકો માણસ.

Codicil,(કૉડિસિલ્)*n.*[L. *codicillus*.] A supplement to a will:પૂરવણી મૃત્યુપત્ર;વશીયતનામું

Codify, (કૉડિફાઈ) *n.* [L. *codex* & *facio*, I make.]To reduce to a code:કાયદાનો સંગ્રહ કરવો.

Coefficacy-ciency, (કૉએફિકેસિ-કૉએફિસિએન્સિ)*n* Joint efficacy; co-operation: સહકારીતા;એકઠા મળી કામ કરવું તે.

Co efficient,(કૉએફિશેન્ટ્)*a.*Acting in union to the same end:સહાયકારી.*n* A number or letter, put before a letter or quantity, known or unknown,to show how many times the latter is to be taken:વર્ણ;ગુણક.

Co equal, (કૉઈક્વલ્) *a.* [L. *co*, & *æqualis*, equal.]Equal with another person or thing બરોબરનું.*n* One who is equal to another: બરોબરીઓ;બરોબરીઉં.

Coerce,(કૉઅર્સ્) *vt.* [L*con* & *arceo*,I shut up.] To restrain by force: બળાત્કારથી-જોર જૂલમથી અટકાવવું.2.To compel to any action બળાત્કાર-જોરજૂલમથી-બળજોરીથી કામ કરાવવું.

Coercion,(કૉઅર્શન્)*n.*The act or process of compelling or restraining;restraint: અટકાવ;દબાણ;ફરજ.2 The application to another of either physical or moral force:બળાત્કાર.

Coercive,(કૉઅર્સિવ્)*a.*Compelling;compulsory:જબરાઈનું; પ્રતિરોધક;નિગ્રાહક.

Co-essential, (કૉએસ્સેન્શલ્)*a.* Partaking of the same essence:સમભાવવાળું;સમભાવ.

Co etaneous,(કોઈટેનીઅસ્)*a.*[L.*con* & *oetus*, age.]Of the same age:એકવયી;સરખી ઉમરનું.

Co eternal, (કૉઈટર્નલ્)*a.* Equally eternal: સમભાવી;સમસ્થાયી;સાથેનું;અનાદિકાળનું.

Co-eval,(કૉઇવૅલ્)*a* [L.*co* & *oevum*,eternity.] Of the same age:એકવયી;સમકાલિન;સમવયસ્ક.

Co-exist, (કૉ-એગ્ઝિસ્ટ) *vi.* To exist at the same time:એકજ કાળે હોવું.

Co existence, (કૉએગ્ઝિસ્ટન્સ્) *n.* Existence at the same time with another:સહવર્તમાનપણું.

Co existent, (કૉએગ્ઝિસ્ટેન્ટ્) *a.* Existing at the same time with another:સહવર્તમાન.

Co-extend,(કૉએક્સ્ટેન્ડ્)*vt.*To extend equally:સરખુંવધારવું.

Co-extensive, (કૉએક્સ્ટેન્સિવ્) *a.* Equally extensive:સમવ્યાપક.

Co-extension, (કૉએક્સ્ટેન્શન્) *n.* The act of extending equally:અભિવ્યાપ્તિ;સમવિસ્તાર.

Coffee,(કૉફી)*n.*The berries of a tree:બુંદદાણા.2.A drink made coffee,by decoction: બુંદદાણાનો ઉકાળો.

Coffee house,(કૉફીહાઉસ્) *n.* A house for the sale of coffee and other refreshments: કાફીખાનું;કાવાખાનું.

Coffer,(કૉફર્)*n* [L *cophinus* basket.] A chest or trunk: પેટી; પટારો;મજુસ. 2. [*Fig.*] Treasure or funds:ખજાનો.*vt.*To place into a coffer:પેટીમાં મૂકવું;ભરી-સંઘરી રાખવું.

Coffin,(કૉફિન્)*n* The case in which a dead human body is inclosed for burial:શબપેટિકા.*vt.*To put into a coffin;શબ પેટી-કફનમાં મૂકવું.

Cog,(કૉગ્) *vt.* To seduce: ફોસલાવી લેવું. 2. To obtrude or thrust in by falsehood:જુઠાણાથી મંજુર કરાવવું.*n* A tooth or projection on a wheel:ચક્રના ઘેરપરના દાંતા. *vt.* To fix a cog upon:ના ઉપર દાંતો બેસાડવો.

Cogency,(કૉજેન્સિ)*n.*Power of impelling or compelling conviction:મનને સમજાવવાની યુક્તિ;બળ;જોર;પ્રાબલ્ય;સબળપણું.

Cogent,(કૉજેન્ટ્)*a.*[L. *co*, & *ago*,I drive.] *a* Forcible:જોરદાર.2. Pressing on the mind: મનને સમજાવે તેવું.

Cogitate,(કૉજિટેટ્)*vi.*[L.*co*,& *agito*, I agitate]To engage in continuous thought;to reflect: મનન કરવું; ચિંતન ક૦. *vt.* To think-over;to plan:ઉપર વિચાર ક૦;મનમાં ઘોળવું.

Cogitation,(કૉજિટેશન્)*n.*Thought; meditation;contemplation:મનન;ધ્યાન;વિતર્ક;સમાધિ.

Cognate,(કૉગ્નેટ્)*a.*[L. *con* & *natis*, born.] Allied by blood;kindred by birth:સગું;સગોત્ર;સંબંધિ.2 Kindred in origin or formation:સજાતીય;સરખુ; સદૃશ.*n.*[*Law*] One connected with another by ties of kindred: સગુ.2.One of a number of things which are allied in origin:સજાતીય.

Cogniac, (કૉગ્નિઍક્) *n.* Brandy of high quality:સરસ ઉંચો બ્રાન્ડી-દારૂ.

Cognition,(કૉગ્નિશન્)*n.* [L. *con* & *gnosco*, I know.] Knowledge;perception:જ્ઞાન;વિજ્ઞાન. 2.That which is known:જ્ઞાનવિષય.

ognitive, (કૉગ્નિટિવ્) *a.* Knowing or apprehending by the understanding:સમજણુ
Cognizable, (કૉગ્નિઝૅબ્લ્) *a.* Capable of being known or apprehended: સમજી-જાણી શકાય તેવું. 2.Fitted to be a subject of judicial investigation: કોરટ સાંભળી શકે તેવું-તપાસ ચલાવી શકે તેવું.
Cognizance, (કૉગ્નિઝૅન્સ્) *n.* Knowledge: જ્ઞાન;સમજ;ચોકસી.2. Jurisdiction: સાંભળવાનો અધિકાર-સત્તા.કબુલાત.3 [*Law.*] An acknowledgement;confession:કબુલાત.4. Recollection;recognition:સ્મૃતી;સાવચેતી;યાદ.
Cognizant,(કૉગ્નિઝૅન્ટ્)*a.*Having knowledge of:માહિત;જાણીતું;વાકેફગાર.
Cognomen,(કૉગ્નોમેન્)*n.*[L *con* & *nomen*,a name.]A surname:કુળનામ;અટક;ઉપનામ.
Co-habit,(કોહૅબિટ્) *vi.* [L. *con* & *habito*, I dwell.] To dwell with: એકઠું ભેગું એક સ્થળે રહેવું 2.To dwell or live together as husband and wife:ધણીધણીઆણી પેઠે ભેગાં રહેવું; ભેગાં સુવું.
Co-heir,(કોએર્)*n.*[L.*con*,&*hares*, an heir.] A joint-heir:સાથેનો વારસ;સાગીયો;અંશહર.
Cohere,(કોહીર્)*vi.*[L *con* & *hoereo*,I stick.] To stick together: એકઠું વળગી બાઝી જોડાઇ રહેવું.2.To follow regularly in the natural order:કુદરતી નિયમ પ્રમાણે સંબંધ હોવો 3. To suit; to agree:અનુકુળ આવવું;બંધ બેસવું.
Coherence cy, (કોહીરેન્સ્-કોહીરેન્સિ) *n* A sticking or cleaving together:એકઠા વળગી-બાઝી-ચોટી રહેવું તે. 2. Suitable connection: લાયક-યોગ્ય સંબંધ;સંગતિ;સંગતપણુ.
Coherent, (કોહીરેન્ટ્) *a.* Sticking together: એકઠું વળગી ચોટી-બાઝી રહેવું.2.Being suitable or suited:યોગ્ય;લાયક;મુનાસબ;સંગત.
Cohesion (કોહીઝન્) *n.* [L. *con*, & *hoesum*, stuck.]The act of sticking together;close union:એકઠું વળગી-ચોંટી રહેવું તે.2.That form of attraction by which the parts of a body are united:સ્નેહાકર્ષણ.3 Logical agreement and dependence:સંબંધ;સંગતિ;જમાવટ.
Cohesive,(કોહીસિવ્)*a.*Tending to unite in a mass:ચિકણું;સંયોજક;સંબંધક.
Cohort, (કોહૉર્ટ્) *n.* [L. *cohors*.] A body of about five or six hundred sepoys: પાંચસેં અથવા છસેં સિપાઇઓની ટુકડી.
Coiffure,(કૉઇફ્યૂર્)*n.*A headdress:ટોપી.
Coil,(કૉઇલ્)*vt.*[L.*con* & *lego*, I gather.] To wind cylindrically: વિંટવું; ગોળ વાળવું. *n.* The ring or series of rings into which a rope or other like thing is wound:વિંટો.
Coin, (કૉઇન્) *n.* [L. *cuneus*, a wedge.] A piece of metal on which certain characters are stamped:શિક્કો. 2 That which serves for payment or recompense: અવેજ.*vi.* To mint;to fabricate:છાપીને સીકો પાડવો.
Coinage,(કૉઇનેજ્) *n.* The act of stamping or converting into money: નાણું-સિક્કો પાડવો છાપવો તે.2.Coins: સિક્કા. The cost or expense of coining money:સિક્કા પાડવાનું ખર્ચ. 3. Invention:યોજના રચના;ગોઠવણ.
Coincide,(કોઇનસાઇડ્)*vi.*[L.*con*,*in* & *cado*, I fall.] To fall together:બેસતું આવવું. 2. To correspond:મતમાં અનુસરવું;એક મત હોવું.3. To be contemporaneous:એક સાથે બનવું.
Coincidence,(કોઇન્સિડેન્સ્)*n.*The act of falling together:બેસતું આવવું તે 2.(*a*)Agreement concurrence:સંધિ. (*b*) The concurrence of events at the same time:એકી વખતે બનવું તે.
Coincident,(કોઇન્સિડેન્ટ્)*a* Agreeing;corresponding;consistent: મળતુ; સમકાલીન.
Coir,(કૉઇર્)*n.*A material for cordage,consisting of the fibres of the cocoa-nut:કાથો.
Coition (કોઇશન્)*n* [L *con* & *eo*,I go.]Sexual intercourse;copulation:મૈથુન;સંભોગ.
Coke,(કોક્)*n.*Mineral coal charred and deprived of volatile matter:કોલસાનેબાળીકરેલોકોયલો.
Colander,(કોલૅન્ડર્)*n.*[L.*colum*,a strainer.] A vessel with a bottom perforated with little holes:ચાલણી;ગલણી.
Cold,(કોલ્ડ્)*a.* [L. *gelu*, cold.] Not warm; frigid:ઠંડું 2 Chilly: શરદ. 3. Unconcerned: હોશ વગરનું 4. Unwelcome: અસંતોષકારક. 5. Uninteresting: દમ-કસ-રસ વગરનું. C. *chisel*: ખાસ મજબુતી તથા કઠણાઇવાળુ વિંધણું.*In c blood* deliberately:જાણી જોઇને. *To give one the c. shoulder*:સામુંએ ન જોવું;ઉંચા મનથી-દિલથી વર્તવું. *n.* The absence of warmth: ટાઢ 2. Chilliness:શરદી.3.(*Med*)A catarrh:સળેખમ.
Cold-blooded,(કોલ્ડ્બ્લડેડ્) *a.* Having cold blood:ઠંડા લોહીનું. [feeling:બેદિલથી;ઉંચામને.
Coldly,(કોલ્ડ્લિ) *adv.* Without warmth or
Coldness, (કોલ્ડ્નેસ) *n* Want of heat:ઠંડક; ટાઢક;શીતળતા.2.Unconcern:બેદરકારી.
Colic,(કૉલિક્)*n.*[Gr.*kolon*,the colon]An acute pain in the abdomen or bowels: પેટમાં શૂળ: ઉદર શૂળ;ચૂક.*a.*Affecting the bowels:આંતરડાં સંબંધિ.**C.***artery*:આંત્રોઈ.
Colic-al-cky,(કૉલિક્ કૅલ્-કૉલિકિ)*a.*Pertaining to colic:ઉદરશૂળ સંબંધિ.
Collaborator, (કૉલ્લૅબોરેટર્) *n.* [L, *con* & *labor*, I labor.] An associate in literary labor:વિદ્યા-શાસ્ત્ર સંબંધિ ઉદ્યોગમાં સાથી.
Collapse,(કૉલ્લૅપ્સ્)*vi.*[L.*con* & *labor*,I fall.]

To close by falling to gether: સાથે પડવાથી દબાઈ જવું.2.To fail suddenly & completely: એકદમ નિષ્ફળ-વ્યર્થ જવું.*n.* A falling together suddenly:એકદમ સાથે પડવું તે. 2. A sudden failing of the vital powers:ઘણી નિર્બળતા;કચલો

Collar,(કૉલર્)*n.*[L.*collum*, the neck.] Any thing worn round the neck:ગલપટો. 2. A ring or cincture: ઘેર. 3. A coloured ring round the neck:કંઠલો;કાંઠલો;કંઠપારો.4 A ring like part of a machine: કોઈ યંત્રની કડી. *To slip the* c.,to escape:છટકી-સટકી જવું. *vt.* To seize by the collar:ગળેબંધ ગળચી પકડવી.

Collar-bone,(કૉલરબોન)*n.*The clavicle:હાંસડીનું હાડકું;હાંસડી.

Collate,(કૉલ્લેટ્)*vt.*[L.*con*,& *latus*,carried.] To compare critically: બારીકાઈથી મુકાબલો કo.2. To bestow or confer: આપવું. *vi.* To place in a benefice:પુરોહિત વૃત્તિમાં મૂકવું.

Collateral,(કૉલ્લૅટરલ્)*a.* [L. *con*, & *latus*, side.] On the side of; adjacent:બાજુનું. 2. Subordinate:પેટાનું.3 Additional:વધારાનું.4. Descending from the same stock or ancestor:સગોત્ર;પડખાના C.*security*: પેટા બાંહેધરી. *n.* A kinsman:સગો માણસ.

Collation, (કૉલ્લેશન્) *n.* The act of laying together: સાથે મુકીને સરખાવવું તે. 2. A light repast:ફળાહાર.

Colleague,(કૉલ્લીગ્)*n.* [L.*con* & *lego*,I select]An associate;a partner;a co-adjutor; an ally:સાથી.*vt.*& *vi.*To unite with in the same office:કોઇપણ કામ બીજાને કરવા લાગવું.

Collect,(કૉલ્લેક્ટ્)*vt.*[L *con*,& *lego* I gather] To gather into one body: એકઠું-ભેગું કરવું. 2.To infer as a consequence:પરિણામ તરીકે અનુમાન કo.3.To demand & obtain payment of:ઉઘરાવવું;વસુલ કo.*To* c.*one's self*, to regain self-control:ભાનમાં આવવું.*vi.* To be assembled together:એકઠાં થવું;જમાવ-સંગ્રહ સંચય થવો.

Collect,(કૉલેક્ટ)*a.*Short prayer:ટુંકી પ્રાર્થના.

Collection,(કૉલ્લેક્શન્)*n.*The act of collecting:એકઠું કo.2. (*a*) An assemblage of persons or objects:સમૂહ;સંઘ.(*b*) A gathering of money for charitable or other purpose: ઉઘરાણું.(*c*)An accumualation of any substance:સંગ્રહ.

Collective,(કૉલ્લેક્ટિવ્)*a* Formed by gathering:એકઠું કરીને કીધેલું 2 Expressing a collection or aggregate of individuals: સમુદાય વાચક.

Collector, (કૉલ્લેક્ટર્) *n.* One who collects things:જુદી પડેલી ચીજો એકઠી-ભેગી કરનાર.2.An officer appointed to collect and receive revenues custom, duties, taxes or toll:જકાત વસુલ કરનાર અમલદાર; વસુલાતી અધિકારી.

Collector-ship-ate, (કૉલ્લેક્ટર્શિપ્-કૉલ્લેક્ટરેટ્)*n.* The office of a collector or customs or taxes:જકાત ઉઘરાવનાર-કલેક્ટરનો હોદ્દો.2 The jurisdiction of a collector:કલેક્ટરની હકુમત-જીલ્લો-તાલુકો.

College,(કૉલેજ્)*n.*[L.*con*,& *lego*,I gather] A body of men invested with certain rights: અમુક સત્તા-અધિકારાવળી મંડળી. 2. A society of scholars:પંડિતસમાજ.3.A building or number of buildings used by a college: પાઠશાળા.

Collegian,(કૉલ્લીજિઅન્)*n.*A member of a college: પાઠશાળામાં રહેનાર; વિદ્યાર્થી.

Collet,(કૉલ્લેટ્)*n.*[L *collum*, neck.]A small collar:ન્હાનો ગલેબંધ-ગલપટો.2.A small metal ring:ધાતુની નાની કડી.

Collide,(કૉલ્લાઇડ્)*vi.*[L *con* & *lædo*,I strike] To clash:સામસામા અથડાવું.

Collier,(કૉલ્લિઅર્)*n.*A digger of coal:કોયલા ખોદનાર.2.A coal merchant:કોયલાનો વહેપારી 3 A vessel employed in the coal trade: કોયલા ભરવાના કામમાં આવતું વેપારી વહાણ.

Colliery,(કૉલ્લિઅરિ)*n* A coal mine:કોયલાની ખાણ.2.The coal trade:કોયલાનો વેપાર-ધંધો.

Collision, (કૉલ્લિઝ્હન્) *n.* A conflict:અથડાઅથડી 2.Interference:વિરોધ.

Collocate, (કૉલ્લોકેટ્) *vt.* [L.*con* & *locus*,a place.]To set or place:હારબંધ મુકવું.

Collocation, (કૉલ્લોકેશન્) *n.* The act of placing:એકઠું મુકવું-ગોઠવવું તે;સ્થાપન;ગોઠવણ.

Collocution, (કૉલ્લોક્યૂશન્) *n.* [L.*con* & *loquor*,I speak.] Conference:બોલચાલ;સંભાષણ;સંવાદ;કથા પ્રસંગ

Colloquial,(કૉલ્લોક્વિઅલ્)*a.*Conversational: સાધારણ વાતચિત-બોલીમાં વપરાતું. C. *words*: ઘરગતુ શબ્દો.

Colloquialism, (કૉલ્લોક્વિઅલિઝ્મ) *n.*A colloquial form of expression:સાધારણ ભાષારૂઢિ.

Colloquy, (કૉલ્લોક્વી) *n.* The mutual discourse of two or more:બે કે વધારે માણસની અરસપરસ વાતચિત; બોલચાલ.

Collude,(કૉલ્લ્યૂડ્)*vi.*[L *con* & *ludo*,I play.] To conspire in a fraud:કપટ-દગો-છળભેદ કo.

Collusion, (કૉલ્લ્યૂઝ્હન્) *n.* A secret agreement and co operation for a fraudulent purpose:કપટ-દગામાં છાની સંતલસ.

Collusive-sory, (કૉલ્લ્યૂસિવ્-કૉલ્લ્યૂસૉરિ) *a.* Fraudulently concerted:ઠગાઈ-છળ ભરેલું.

Colly,(કૉલિ)*vt.* To begrime: મેશથી કાળું ક . *n.* The black grime or soot of coal:મેશ.

Collyrium,(કૉલિરિઅમ્)*n.pl.***collyria.** [Gr. *collurion,* liquid eyeslave.] Anapplication made to the eye:નેત્રાંજન;કાજળ.

Colocynth, (કૉલૉસિન્થ્) *n.* [Gr. *koilia,* the belly & *kineo,*I move.] The coloquintida or bitter apple ઇંદ્રવરણાંનાંકડવાંફળ.

Cologne,(કૉલૉન્)*n.* A perfumed liquid:એક પ્રકારનું સુગંધી પાણી;કોલન.

Colon,(કૉલૉન્)*n.*[L.*colum,*limb] Large intestines: મોટા આંતરડાં; નળ. *Wind in the* c : નળબંધ વાયુ.2.A point or character formed thus [:] અપૂર્ણ વિરામ ચિન્હ.

Colonel, (કર્નલ્) *n.* [L *calumna,* column.] (*Mil.*)The chief commander of a regiment of troops:પલટણનો મુખ્ય સરદાર;કર્નલ.

Colonelcy,(કર્નલ્સિ)*n.*(*Mil.*)The office,rank, or commission of a colonel:પલટણની સરદારી.

Colonial, (કૉલૉનિઅલ્) *a.* Pertaining to a colony:પરદેશમાં વસેલા થાણા સંબંધિનું.

Colonist,(કૉલૉનિસ્ટ)*n.* A member or inhabitant of a colony:પરદેશના થાણાનો રહેવાસી.

Colonize, (કૉલૉનાઇઝ્) *vt.*To plant or establish a colony in:થાણા વસાવવાં.*vi.*To remove and settle in a distant country:રહેઠાણ ફેરવીને દૂર દેશમાં જઈ વસવું.

Colonnade, (કૉલૉનેડ્) *n.* [L.*columna,* column.]A series or range of columns placed at regular intervals:સ્તંભાવળી;થાંભલાની હાર.

Colony, (કૉલૉનિ) *n.* [L. *colo,*I till.]A company of people transplanted from their mother country to a remote province:સ્વદેશમાંથી ખસીને બીજા દેશમાં જઇને રહેનારા માણસો.

Color, (કલર્)*n.*A property depending on the relations of light to the eye:રંગ Primary *colors*-red,yellow and blue:આદિરંગ-રાતો, પીળો અને વાદળી.*To change* c.:વિવર્ણ થઈ જવું. 2. Paint; pigments: રંગવાના પદાર્થ. 3. Kind;species:જાત: પ્રકાર.4. (*pl*) A flag or standard:નિશાન.*vt.*To dye:રંગવું. 2. (*a*) To give a false appearance:રૂપ આવવું. (*b*) To palliate:ઢાંકવું; દોષ છુપાવવો. 3. Under color of:નાથી લજવાવું;ઝંખવાણા પાડવું.

Colorable,(કલરૅબલ્)*a.* Specious;plausible: સત્યભાસાત્મક; વાસ્તવિક જણાતું; સત્યદરા; ઉપરથી વાજબી; બરાબર.

Colored,(કલર્ડ્)*a.*Having painted: રંગેલું.2. Of some other color than white or black: કાળા અગર ધોળા શિવાયના રંગવાળું.

Colourless,(કલર્લેસ્)*a.*Destitute of colour: નિર્મળ; રંગ-વર્ણ હીન.

Colossal, (કૉલૉસલ્) *a.* [L.*colosseus.*]Huge: રાક્ષસી;જબરૂં; કદાવર.

Colossus,(કૉલૉસસ્)*n.*Lat.*pl.***colossi**.Eng. *pl.***colossuses**.A gigantic statue:રાક્ષસી.

Colt, (કૉલ્ટ્) *n.* The young of the equine genus of animals,or horse kind.વછેરો.C's *tooth*:જુવાન ઘોડાઓનો વધારાનો કે કાચો દાત.*To cast one's* c.'s *tooth*:જુવાનીના મદમાંથી ઉતરવું. *To have a colt's tooth,*to be wanton:જુવાનીના તોરમાં છકેલ થવું.*vt.*To horse:ઘોડો નાખવો.ચઢાવવો.

Colter, (કૉલ્ટર્)*n.* [L. *colo,*I till.] The fore iron of a plough,with a sharp edge to cut the earth or sod:હળની કોશ.

Column,(કૉલમ્)*n.*[L.*columna,*a column.] Pillar:ગોળ સ્તંભ.C.*of water*:પાણીનો ધોધ.2. A body of troops broken into subdivisions:લશ્કરની ટુકડી.3 (*Print.*)Aperpendicular set of lines separated from other matter by a line or blank space: કોઠો;ખાનું.

Coma,(કોમૅ)*n.*[Gr. *koma,*lethargy.] A profound state of sleep:ઘેન.[Gr.*kome,*hair of the head;tail of a comet.] The envelope of a comet:પુંછડિયા તારાની પુંછડી

Comart,(કૉમૅર્ટ)*n* A treaty;agreement:કરાર.

Comate,(કૉમેટ્)*a.*[L.*coma,*hair.] Hairy:વાળની પેઠે ગુચ્છાવાળા આકારથી ઘેરાયલું; વાળવાળું.

Comatose(કૉમૅટોસ્)*a.*Drowsy;lethargic:ઘેનમાં આવેલું; સુસ્તીવાળું; ઉંઘાળવું.

Comb,(કૉમ્) *n.* The structure of hexagon cells,composed of wax,in which bees store their honey:પુડો *Honey* c :મધપુડો.*n.*An instrument with teeth,for separating,cleansing and adjusting hair, wool,&c:કાંસકો-કી. 2. A currycomb:ખરેરો.3 A toothed instrument used for separating & cleansing wool &c:દાંતીયો;દાંતી.4. The crest,growing on a cock's head:માંજર.*vt.*To disentangle: ઉકેલવું;ઓળવું;છુટું પાડવું.

Combat,(કૉમ્બૅટ્)*vi.*& *vt.*[L *com* & *butuo,*I strike.] To fight with:લડવું;સામા થવું.*n.*Contest by force:લડાઈ.*Single* c a duel:દ્વંદ્વયુદ્ધ.

Combatant,(કૉમ્બૅટન્ટ્)*a.* Contending:લડવાડીઉં.*n.* A fighter:લડનાર; યોધ્ધો;ભટ;વીર.

Combative(કૉમ્બૅટિવ્)*a.*Disposed to combat લડાઈ ખોર;લડવાને તૈયાર; યુદ્ધશીલ.

Combination,(કૉમ્બિનેશન્)*n.*[L.*con* & *bini* two and two.] Confederacy: સંયોગ; સંધિ; સંપ;એકો.2.Union by affinity: રસાયન સંયોગ. C. *lock*:આંકડાવાળું તાળું.

Combine,(કૉમ્બાઇન્)*vt.*To unite:મેળું-એકઠું કo; મિશ્ર કo;ભેળવવું.*vi* To form a union:એકસંપ થવું.

Combustible,(કૉમ્બસ્ટિબલ્)*a.*[L *combustus,* burnt.]Inflammable:બળે-સળગે એવું;દાહ્ય.*n.*A substance that take afire and burns:દાહ્ય

આહક પદાર્થ.

Combustion,(કૉમ્બસ્ટ્શન)*n*.The operation of fire on inflammable substances;burning:દહનક્રિયા:દાહ.

Come,(કમ્)*vi. imp.* **came**. *pp.***come** To move hither:આવવું.2.To arrive:આવી પહોંચવું 3.To approach or arrive,as the result of a cause:બનવું;ઉપજવું.4.To be manifest:ઉપર આવવું;દેખાવું.5.To get to be:થવું.*To* **c.**,yet to arrive:આવતું.*In times to* **c.**:આવતા જમાનામાં. *To* **c.***about*(*a*)to come to pass:બનવું;થવું.(*b*) To change:ફરવું.*To* **c** *abroad*,(*a*)to move or be away:પરદેશમાં જવું-આવવું (*b*) To become public: જાહેર થવું.*To* **c.***across*:અનાયાસે મળવું; નજરે ચઢવું*To* **c.***again*,to return:પાછું ફરવું-જવું. *To* **c.***after*,(*a*):પછવાડે જવું;અનુસરવું.(*b*):લેવા આવવું.*To* **c.** *away*,to depart: છોડીને આવવું. *To* **c.** *between*,to intervene:વચ્ચે-આડે આવવું.*To by*,to obtain:મેળવવું;સંપાદન કo.*To* **c** *home*,to press closely અન્તઃકરણને અસર કરે તેવા રીતે લાગવું *To* **c.** *in*, to comply: નમતું મૂકવું,કબૂલ કo. (*b*) To be a part of:ના ભાગ હોવું-થવું (*c*) To accrue as gain:નફા તરીકે મળવું;લાભ મળવો, *To* **c**.*in for*:હક દાવો ધરાવવો-કરવો; લેવું.*To* **c.** *into*, to join with:માં સામેલ-એકમત-એક સંપ થવું.*To* **c.** *it over*,to hoodwink: આંધળા પાટા બંધાવવા.*To* **c.***of*,(*a*) to descend from:વંશજ તરીકે ઉતરવું.(*b*)To result:પરિણામ આવવું. *To* **c.** *off*,(*a*):પસાર થઇ જવું;બચી જવું.(*b*) To escape: છૂટા થવું. (*c*) To pass off:પસાર થઇ જવું (*d*)To acquit one's self: બહાદુર-વીર તરીકે વર્તવું. *To* **c.** *off by*, to suffer:ખમવું *To* **c** *off from*,to leave:છોડવું;ત્યજવું.*To* **c.** *on*,(*a*) to advance; to thrive:વૃદ્ધિ થવી.(*b*)To approach:-નો અમલ થવો. *To* **c.** *over to*,to join:મળવું.*To* **c.** *out*, (*a*) to appear:નિકળવું.(*b*) To appear:જણાવું; દેખાવું;ઉગવું.*To* **c.***out with*,to give publicity to: જાહેર-પ્રસિદ્ધ કo.*To* **c.** *round*:નિયમિત કાળે આવવું.*To* **c.***short*,to be deficient:ઓછું ખૂટતું-ઘટતું હોવું.*To* **c.** *to*, (*a*) to consent or yield: કબૂલ-માન્ય કo.(*b*)To amount to:જુમલે-એકંદર થવું.(*c*)To recover,as from a swoon:શુદ્ધિ-હોશમાં આવવું. *To* **c.** *to one's self*, to recover one's senses:શુદ્ધિ આવવી. *To* **c** , *to pass*, to happen:બનવું;થવું.*To* **c.** *to time*, to keep an appointment:સમયસંકેતાનુસાર હાજર થવું *To* **c.** *true*, to happen as predicted:ખરૂં પડવું. *To* **c.***under*,to belong to:-માં હોવું-પડવું.*To come up with* to overtake:પકડી પાડવું.*To* **c.***upon*, to befall:વીતવું;ગુજરવું.*To* **c.***at*,to succeed in a trick of any sort:ગમે તેવી યુક્તિમાં ફાવી જવું.

Come-dian, (કૉમીડિઍન્) *n*. An actor or player in comedy:હાસ્યરસ પ્રધાન નાટક ભજવનાર.

Come-down, (કમ્-ડાઉન્) *n*. A downfall;an humiliation:નાશ;પડતી;ખરાબી;માનભંગ.

Comedy,(કૉમીડિ)*n*.[Gr.*kumos*,a jovial fastivity.] A dramatic composition of a light and amusing character:હાસ્યરસ પ્રધાન નાટક.

Comeliness,(કમ્લિનેસ્) *n*. Suitableness;fitness: ખૂબી;કાન્તિ;શોભા; ખુબસુરતી.

Comely, (કમ્લિ) *a*. Handsome:રૂંડું;રૂપાળું. *adv*. In a suitable manner:યોગ્ય-લાયક રીતે.

Comet,(કૉમેટ્)*n*.[Gr.*kometes*,long-haired.]A heavenly body having an accentric orbit: ધૂમકેતું;પૂંછડીયો તારો.

Comfit,(કમ્ફિટ્)*n*.[L.*con* & *facio*,I make.]A dry sweatmeat:ખાંડ પાઇને સુકવી રાખેલી મિઠાઈ. *vt*. To preserve dry with sugar:ખાંડ પાઇને સુકવી રાખી મૂકવું.

Comfort,(કમ્ફર્ટ્)*vt*. [L. *con fortis*, strong.] To make strong:મજબુત-દૃઢ કo.2. To encourage;to relieve:ધીરજ આપવી;દિલાસો આપવો. *n*.Assistance;relief:સુખ;આધાર;આરામ.2.(*a*) Solace; consolation in trouble: આશ્વાસન દિલાસો;ધીરજ;હિમત.(*b*)Cause of comfort:સુખ હેતુ;સુખકારણ.3 Freedom from pain:સુખ;કુશળતા સ્વસ્થતા.4 A wadded bedquilt:રૂભરેલી રજાઇ

Comfortable,(કમ્ફર્ટેબલ્)*a*. Affording comfort or consolation;conciliatory:શાંતિકારક.*n*. A comforter:સુખઆપનાર વસ્તુ;જાડી રજાઈ-ગોદડું.

Comforter,(કમ્ફર્ટર્) *n*. One who administers comfort:સુખ આપનાર;ધૈર્ય ધીરજ આપનાર. 2.A knit woolen tippet,long and narrow: ઉનનો લાંબો અને સાંકડો ગળેબંધ.

Comfortless,(કમ્ફર્ટલેસ્)*a*. Without comfort: બેચેન;અસ્વસ્થ;અસુખી;સુખસાધનરહિત;વગર સોઇનું

Comic cal, (કૉમિક્-કૉમિકલ્) *a*. Relating to comedy:હાસ્યરસ નાટક સંબંધિ.2.Humorous હાસ્યજનક;ગમ્મતી;હાસ્યોત્પાદક.

Comity.(કૉમિટિ)*n*.[L.*comis*,affable.] Courtesy:સભ્ય વ્યવહાર;સભ્યતા;સુજનતા.

Comma,(કૉમ્મે) *n*. [Gr. *komma*, clause.] A character or point:(,)મીંડલો;(,)અલ્પવિરામ.

Command,(કૉમ્મૅન્ડ્)*vt*.[L.*con* & *mando*,I order.] To order with authority: હુકમ કo. 2.To have control of:ના ઉપર સત્તા ચલાવવી. 3.To over look:સર્વ પર દૃષ્ટિ પડવી.4.To receive as a due:હક તરીકે પામવું.*vi*.To have a view: દૃષ્ટિ મર્યાદા હોવી.*n*.An authoritative order: હુકમ.2. The exercise of authority:સત્તા. 3. Supreme power:સરદારી આધિપત્ય.

Commander,(કૉમ્મૅન્ડર્) *n*. A chief:સરદાર; નાયક.2. An officer who ranks next below a captain:કપ્તાનથી ઉતરતા દરજ્જાનો અમલદાર.

Commandment,(કૉમ્મૅન્ડ્મેન્ટ્)*n.* A mandate:આજ્ઞા;હુકમ 2.One of the laws given by God:પરમેશ્વરે આપેલી દશ આજ્ઞામાંની એક આજ્ઞા.

Commemorate, (કૉમ્મેમૉરેટ્)*vt.* [L. *con* & *memor*,mindful.]To celebrate with honor and solemnity:સંભારણું રાખવા મહોત્સવ કo.

Commemoration,(કૉમ્મેમૉરેશન્)*n.*The act of calling to remembrance by some solemnity:મહોત્સવવડે સંભારણું કરવું તે;સ્મરણોત્સવ.

Commemorative-tory, (કૉમ્મેમૉરેટિવ્-કૉમ્મેમૉરેટૉરિ)*a.* Tending to preserve in remembrance:સ્મારક;યાદગારીનું.

Commence,(કૉમ્મેન્સ્)*vi.* [L.*con* & *initio*,I begin.] To begin:શરૂ થવું;માંડવું. 2. To take a degree in a university or college: પાઠશાળા અથવા કોલેજમાં ડીગ્રી-પદવી મેળવવી. *vt.* To begin:શરૂ કo;આરંભવું.

Commencement, (કૉમ્મેન્સ્મેન્ટ્) *n.* Rise: પ્રારંભ;શરૂઆત.2.The day when degrees are conferred by universities upon students: જે દિવસે કોલેજો અને પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓને ડીગ્રી આપવામાંઆવે છે તે દિવસ.

Commend,(કૉમ્મેન્ડ્) *vt* [L.*con* & *mando*,I order.]To commit or intrust in charge for care:સંભાળને માટે સોંપવું; ભાળવવું. 2. To present as worthy of confidence:વિશ્વાસપાત્ર લાયક છે એમ ગણવું. 3. To praise:વખાણવું *n.* Commendation:વખાણ;સ્તુતિ;પ્રશંસા.

Commendable, (કૉમ્મેન્ડેબલ્) *n.*Laudable; praiseworthy:સ્તુત્ય; વખાણવા લાયક.

Commendation, (કૉમ્મેન્ડેશન્) *n.* Praise સ્તુતિ,વખાણ.2.Compliments:વ્હાલ-હેત માનનો સંદેશો. 3. That which is the ground of approbation or praise:સિફારસ; ભલામણ.

Commendatory,(કૉમ્મેન્ડૅટૉરિ)*a* Praising; commending:સ્તુતિ-વખાણવાળું;ભલામણનું.

Commensality,(કૉમ્મેન્સૅલિટિ)*n.*Fellowship at table:એક પંક્તિ ભોજન વ્યવહાર.

Commensurable,(કૉમ્મેનશ્યૂરૅબલ્)*a.* [L *con* & *mensura*,measure.]Having a common measure:સમપરિણામ;સમાન;સમપ્રમાણક;અનુરૂપ.

Commensurate,(કૉમ્મેન્સ્યૂરેટ્)*a.*Having a common measure: સમાન 2 Equal in measure or extent:સમપરિમાણક.*vt.* To reduce to a common measure: સમપ્રમાણ કo.

Comment,(કૉમ્મેન્ટ્)*vt.*[L *commentor*,I meditate upon.]To explain:ટીકા કo *vi.*To make remarks or criticism:ના ગુણ દોષ બતાવવા.*n.* A remark,observation, or criticism:ચર્ચા; ટીકા.2.Explanation;exposition:ટિપ્પણ;ભાષ્ય

Commentary, (કૉમ્મેન્ટરિ) *n.* A series of comments: વિવેચન; ભાષ્ય. 2. A memory of particular transactions:હકીકત;બયાન.

Commentator, (કૉમ્મેન્ટેટર્)*n.* Anexpsitor; an annotator:ટીકાકાર;ભાષ્યકાર.

Commerce,(કૉમ્મર્સ્)*n.*[L *con*&*merx*,*mercis*,merchandise.] Extended trade:બહોળો વેપાર. 2. Social intercourse:વ્યવહાર. 3. A round game at cards:પત્તાની રમત;ગલ્લાદાવ.*vt.* To carry on trade:વેપાર કo.

Commercial,(કૉમ્મર્શિઅલ્)*a.* Carrying on trade:વ્યવહારિક; વેપારનું; વેપાર કરનારૂં;સોદાગરી.

Commingle,(કૉમ્મિન્ગલ્)*vt.*[L *con*&*mingle*] To mix in one mass:એકઠું-મિશ્ર-શેળભેળ કરવું. To become blended:સેળભેળ થવું.

Comminute,(કૉમ્મિન્યૂટ્)*vt* [L *com*&*minuo* I lesson.]To pulverize;to grind:ઝીણું-બારીક કo; ભૂકો કo; દળવું;ખાંડવું;પિસવું.

Commiserate, (કૉમ્મિઝરેટ્) *vt.* [L *com* & *miser*,wretched.] To pity: દયા રાખવી-ખાવી.

Commiseration,(કૉમ્મિઝરેશન્) *n.* Compassion;sympathy;pity:બીજાના દુઃખને માટે દિલગીરી; દયા; દાઝ; કરૂણા; અનુકંપા.

Commiserative,(કૉમ્મિઝરેટિવ્)*a* Compassionate;sympathizing:કરૂણાત્મક;અનુકંપાશીલ.

Commissariat, (કૉમ્મિસ્સૅરિઍટ્) *n.* That department of the service which is charged with the supply of provisions for the soldiers:લશ્કરના મોદીખાનાનું ખાતું.

Commissary-general, (કૉમિસ્સૅરિ-જનરલ્) *n.* The head of the commissary department:લશ્કરના મોદીખાનાનો મુખ્ય અધિકારી.

Commission,(કૉમ્મિશન્)*n.*The act of doing: બનાવવું તે;આચરણ.2. The act of trusting:ગુપ્ત;કામ 3. The duty entrusted:હવાલો. 4.A formal written authority granting certain powers or privileges:મુખત્યારનામું.5.A company of persons joined in the performance of some duty:નિમેલા માણસો;પંચ 6.[*Com*](*a*) The acting under authority of:આડત. (*b*) The thing to be done as agent:કામ (*c*)The brokerage: દલાલી, આડત; હકસાઈ. *vt.* To empower;to authorize:અધિકાર-સત્તા આપવી.2.To send with authority:અધિકાર-સત્તાથી મોકલવું.

Commissioner, (કૉમ્મિશનર્) *n.* An officer having charge of some department of the public service: સરકારી કોઈપણ ખાતાનો ઉપરી-અધિકારી; કમીશનર.

Commissure, (કૉમ્મિસ્યૂર) *n.* A joint:સાંધ. 2.The point of union between two parts: બે ભાગની વચ્ચે તેમના સાંધાનું બિંદુ.

Commit,(કૉમ્મિટ્)*vt.*[L.*con* & *mitto*,I send] To put into charge:સોંપવું.2.To do: કરવું.3. To join for contest:લડાઈને માટે મળવું. 4. To

pledge:બાંધવું; ઉઘાડા પાડવું. 5. To imprison: કેદ કo. *To c.to memory*,to learn by heart: મ્હોડે-પાડે કo. *vi.* To c. sin: પાપ કo.

Commitment,(કૉમિટ્મેન્ટ્)*n* (*a*) Consignment:હવાલો. (*b*) The act of committing to prison:કેદખાનામાં નાંખવું તે 2. A warrant for the imprisonment of a person:કેદનું વારંટ ફરમાન.3.The act of referring to a committee for consideration:વિચાર માટે કમિટીને સોંપવું તે.

Committal,(કૉમિટ્ટલ્) *n*. The act of committing:-ને હવાલે-સ્વાધીન કo તે 2.A pledge: કબૂલાત; એકરાર

Committee, (કૉમિટી) *n*. Persons elected or appointed to whom any business is referred: કોઇ કામનો વહિવટ કરવા નિમેલા શખ્સો-માણસો; મંડળી; કમિટી.

Commix,(કૉમિક્સ)*vt. & vi.*[L *con* & *misco*, I mix] To mix: એકઠું કo; મિશ્ર કo-થવું.

Commixture,(કૉમિક્સ્ચ્યૂર્)*n*. The act of mixing:મિશ્રણ.2.Composition: ભેગ;મેળવણી.

Commodious, (કૉમ્મોડિઅસ્) *a*. [L. *con* & *modus*,a measure.]Convenient:વગ-સોઇ-સગવડવાળું; સોઈદાર;ઉચિત;યોગ્ય.

Commodity, (કૉમ્મૉડિટિ) *n*. Goods; merchandise:માલ; જણસ; ચીજ;સોદો.

Commodore,(કૉમ્મોડૉર્)*n* [L *con* & *mendo* I order.] The officer who commands a squadron of ships:વહાણના કાફલાનો સરદાર; ઉપરી.2.The flag ship or the principal vessel of a fleet: વાવટો ચઢાવ્યો હોય તે વહાણ.

Common,(કૉમ્મૉન્)*a* [L.*con* & *munis*,ready to be of service.] Belonging or relating equally or similarly to more than one:સામાન્ય 2.Public:સાર્વજનિક.3.Usual:હમેશનું;સાધારણ.4.Ordinary:મધ્યમ;સામાન્ય;સાધારણ.*C. carrier* (*Law*):ભાડું લઇને માલ લઇ જનાર.*C. crier*,the crier of a town:ગામ અગર શહેરનો ઢાંઢીગર. *C. divisor* or *measure*:દ્રઢભાજક.*C. gender*:સામાન્યજાતિ.*C. law*, the unwritten law:દેશાચાર.*C.noun*:સામાન્ય નામ *C school*: સાર્વજનિક નિશાળ *In c.*:સહીયારે;ભાગમાં.*Out of the c.*,uncommon:અસાધારણ; વિચિત્ર. *n*. An inclosed tract of ground;પાધર2,The right of taking a profit in the land of another: બીજાની જમીનમાં નફામાંથી ભાગ-લેવાનો હક. *C.of pasture*:બીજાની જમીનપર ઢોર ચરાવવાનો હક.*vi*. To have a joint right with others in common ground:પાધર-સાર્વજનિકજમીનમાં બીજાઓ સાથે એકઠો હક હોવો.

Commonalty,(કૉમ્મૉનેલ્ટિ)*n*.The common people:વચલા વર્ગના લોક;સાધારણ લોક.

Commoner,(કૉમ્મૉનર્)*n*. One of the common people:વચલાવર્ગનો મધ્યમ સ્થિતિનો પુરૂષ; 2 A member of the House of Commons: આમની સભાનો સભાસદ.

Commonly,(કૉમ્મૉન્લિ) *adv*. Usually; ordinarily;generally;frequently:ઘણીવાર;વારંવાર; સાધારણ-સામાન્ય રીતે; ઘણું કરીને;બહુધા.

Commonplace, (કૉમ્મૅન્પ્લેસ્) *a*. Common; not new:સાધારણ;નવું-વિચિત્ર નહિં એવું;પ્રસિદ્ધ.*n*. A trite or customary remark:રસહીન ભાષણ 2.A memorandum:નોંધ.

Commonplace-book,(કૉમ્મૉન્પ્લેસ્-બુક્)*n*.A book in which things to be remembered are recorded:સ્મરણપોથી; સ્મરણાર્થ નોંધ.

Commons,(કૉમ્મૉન્ઝ્)*n pl*.The mass of the people:સાધારણ લોક.2.The House of Commons:આમની સભા.*To be on short c.*:ખોરાક થોડો મળવો.

Commonwealth, (કૉમ્મૉન્-વેલ્થ્) *n*. An established form of government:પ્રજાસત્તાક રાજ્ય.2 The whole body of people in a state:રાજ્યના બધા માણસો. 3. The form of government established on the death of Charles I.: પહેલા ચાર્લ્સ રાજાના મોત પછી સ્થપાએલી રાજ્યપદ્ધતિ.

Commotion,(કૉમ્મૉશન્) *n*. Agitation:ખળભળાટ 2.A popular tumult; riot:ફિતુર; બંડ; તોફાન.3 Disorder of mind: સંતાપ; મનનો ગભરાટ: ક્ષોભ.

Commune,(કૉમ્મ્યૂન્) *vi*. [L. *communieo*,I communicate.] To converse familiarly: વાતચિત કo.2 To partake of the Lord's supper:પ્રભુ ભોજન લેવું *To c. with one's self or one's own heart*,to think:વિચારવું; મનન કo.

Communicable,(કૉમ્મ્યૂનિકેબલ્)*a*. Capable of being given by one to another: એકથી બીજાને આપી શકાય એવું.2. Free;social:વાચાળ.

Communicate,(કૉમ્મ્યૂનિકેટ્)*vt*.To impart; to bestow:આપવું;બક્ષવું;ફેલાવવું;લઇ જવું. 2. To recount;to make known:પ્રસિદ્ધ-પ્રકાશકo;કહેવું;જાણ કo;નિવેદન-વિદિત-જાહેર કo.*vi*.To have intercourse:સાથે વ્યવહાર હેવો.

Communication, (કૉમ્મ્યૂનિકેશન્) *n*. The act of communicating:નિવેદન કથન.2.Intercourse:વ્યવહાર; પત્રવ્યવહાર. 3 Association: સમાગમ;સોબત.4. A connecting passage; a connection:બે સ્થળને જોડનાર રસ્તો 5.Intelligence;news:ખબરખબર;સમાચાર.

Communicative,(કૉમ્મ્યૂનિકેટિવ્)*a*. Inclined to communicate:બોલકણું;વાતોડીયું.

Communion,(કૉમ્મ્યૂનિઅન્)*n* Community: સામાન્ય માલીકી.2.(*a*) Intercourse between two or more persons: સંસર્ગ; વ્યવહાર, (*b*)

Agreement; fellowship:સમાગમ.3.A body of christians having one comm on faith: એકજ પંથના ખ્રિસ્તિનો જનસમાજ-મંડળ 4. The celebration of the Lord's supper:પ્રભુ ભોજનોત્સવ.C. *elements*:પ્રભુભોજનોત્સવના ઉપયોગમાં લીધેલો રોટલો તથા દારૂ.

Community,(કૉમ્મ્યૂનિટિ) *n.*Common possession:સામાન્ય કબજો.2 A society of people having common right:જ્ઞાતિ;જમાત; નાત. 3. Society as large; a body politic:બધી પ્રજા; જનસમૂહ.

Commutable, (કૉમ્મ્યૂટબલ્) *a.* Capable of being interchanged:બદલે-સાટામાં અપાય એવું

Commutation,(કૉમ્મ્યૂટેશન્)*n.* Alteration: ફેર;ફેરફાર.2 Barter; exchange:સાટું; અદલાબદલી.3 The change of a penalty:ભારે શિક્ષા-સજા ઘટાડીને કરેલી હલકી સજા.

Commute,(કૉમ્મ્યૂટ્) *vt.* [L. *con.* & *muto*,I change.]To exchange:બદલામાં આપવું લેવું.2. To diminish;to lessen:ઘટાડવું;ઓછું કo;કમી કo. *vi.*To effect a commutation:સાટુ-અદલાબદલી કo

Commutual, (કૉમ્મ્યૂટ્યૂઅલ્)*a* Mutual;reciprocal:અરસપરસ; આમનસામન.

Compact,(કૉમ્પૅક્ટ્) *a.* [L *con* & *pango*, I fasten.] Close:ઘટ્ટ;ઘન. 2. Composed:નું થયેલું. 3. Joined or held to-gether:સાથે એકઠું-જોડેલું.4 Brief:ટુંકું;સંક્ષિપ્ત.*vt.*To join firmly ધીંગુ-દ્દઢ કo.2.To unite:બંધબેસ્તુ કo.

Compact,(કૉમ્પૅક્ટ્)*n* [L. *con* & *paciscor*,I bargain.]Contract:કરાર;બોલી;ઠરાવ;શરત.

Companion,(કૉમ્પૅનિઑન્)*n.*[L *con*&*panis* bread.]A comrade:સાથી;સોબતી 2.A knight of the lowest rank:હલકામા હલકી પંક્તિનો નાઈટ

Companionable,(કૉમ્પૅનિઑનૅબલ્)*a* Agreeable;sociable:મિલનસાર; મળતાવડો; ગમતી.

Companionship,(કૉમ્પૅનિઑન્શિપ્) *n.* Fellow-ship;association:સોબત;સમાગમ;સાથીપણું.

Company,(કમ્પૅનિ) *n.* Fellowship:સંગત,સોબત;સંગ 2.A companion:સોબતી;સાથી.3 An assemblage:મંડળી 4.Society:મંડળી;સભા.5. A corporation:પેઢી;કંમ્પની. A subdivision of the regiment of a troop:લશ્કરી પલટણ રેજીમેંટની ટુકડી 7.The body of actors employed in a theatre:નાટક મંડળી; નાટક કમ્પની.

Comparable,(કૉમ્પૅરૅબલ્)*a.*Worthy of comparison:સરખાવા જેવું-લાયક.

Comparates,(કૉમ્પેરેટ્સ)*n.*Two things compared together:(તર્કશાસ્ત્રમાં) ઉપમાનોપમેય.

Comparative, (કૉમ્પૅરેટિવ) *a.* Of or pertaining to comparison: મુકાબલો-તુલના-ઉપમાનું.2.Proceeding from comparison:ઉપમાદ્વારા.3 Relative:અન્યસાપેક્ષ; મુકાબલાનું.

Comparatively, કૉમ્પૅરેટિવ્લી)*adv.*By comparison;relatively:મુકાબલે; સરખાવી જોતાં.

Compare,(કૉમ્પેર્)*vt* [L *con* & *par*, equal] To examine the mutual relations of: સરખાવી જોવું;તુલના કo.2. To inflect according to the degrees of comparison:અધિકતા-શ્રેષ્ઠતા પ્રમાણે (વિશેષણના)રૂપ આપવાં.

Comparison,(કૉમ્પૅરિસૅન્)*n.* Relative estimate:મુકાબલો;તુલના;સરખામણી.2.Illustration similitude:ઉપમા 3.The inflection of an adjective or adverb:વિશેષણ-ક્રિયા વિશેષણને અધિકતા-શ્રેષ્ઠતા પ્રમાણે રૂપ આપવા તે. 3. A figure by which two things are considered with regard to some property or quality,which is common to them both:ઉપમા.

Compartment,(કૉમ્પાંર્ટ્મેન્ટ્)*n.*One of the parts into which anything is divided:ખંડ

Compass,(કૉમ્પૅસ્)*n.*[L *con*&*passus*,pace.] Circuit:ઘેર; ચક્કર. 2 Any inclosing limit; boundary:મર્યાદા;હદ 3.Extent; reach;capacity:વિષય;ગોચર;પોંચ;ટપ્પો;હદ; યોગ્ય મર્યાદા. 4. A magnetic instrument to determine the cardinal points:હોકાયંત્ર. *Points of the* c.: દિશા.*To fetch a* c.,to make a circuit:ચક્કરમાં ફo;પ્રદક્ષિણા કo.*vt.*To go about or round:ફરતો આંટો-ચક્કર મારવો.

Compassable,(કૉમ્પૅસૅબલ્)*a.*Capable of being compassed:ની આગળ પાછળ ફરવા-પુરું થવા લાયક; પ્રાપ્ય.

Compassion,(કૉમ્પૅશન્)*n.*[L.*con* & *patior*, Isuffer.]Sympathy:દયા;દાઝ;માયા; કરૂણા.*vt.*To pity:દયા આણવી-ખાવી.

Compassionate, (કૉમ્પૅશનેટ્) *a.* Merciful: દયાળુ;કરૂણાર્દ્ર.*vi* To pity:દયા કરૂણા આણવી.

Compatibility,(કૉમ્પૅટિબિલિટિ)*n.*Congruity: સંભાવના;સંભવ;મેળાપ;વિરૂદ્ધતા; અવિરોધ.

Compatible, (કૉમ્પૅટિબલ્) *a.*[L.*compatior*, I sympathize]Suitable:લાયક;યોગ્ય.

Compatriot,(કૉમ્પૅટ્રિઑટ્)*n.*[L.*con*&*patrius* one's own country.]One of the same country:સ્વદેશી;એકદેશી.

Compeer,(કૉમ્પીર્)*n.*[L.*con* & *par*,equal.] A companion:બરોબરીયો;સાથી.*vt.*To be equal with:ની સાથે બરોબરીયા હોવું-થવું.

Compel,(કૉમ્પેલ્)*vt* [L *con*&*pello*, I drive.] To urge with force: જબરદસ્તી-જોરજુલમ-બળાત્કારથી જરૂર પાo;જરૂર ફરજ પાo. 2.To take by force:જોરજુલમ-બળાત્કારથી લેવું-પકડવું.

Compend-ium,(કૉમ્પેન્ડ્-કૉમ્પેન્ડિઅમ્)[L.*con* & *pendo*, I weigh.]*n* An abridgment; an epitome;a summary:સારસંગ્રહ;સારગ્રંથ.

Compendious, (કૉમ્પેન્ડિઅસ્)*a.* Abridged;

short;brief;concise:મુખ્તેસર;સંક્ષિપ્ત.

Compensate,(કૉમ્પેન્સેટ્)*vi*.[L.*con* & *pendo*, I weigh.]To remunerate:બદલો વાળવો.2.To make amends for:બરાબર-સમતોલ થવું.

Compensation,(કૉમ્પેન્સેશન્)*n*. Remuneration;recompense;amends: બદલો;સાટું; ખગ; અવેજ; નુકશાની;ખોટ;ખાડ.

Compensative, (કૉમ્પેન્સેટિવ્)*n*. Affording compensation:બદલો-અવેજ વાળતું;પાડ માનતું.

Compete,(કૉમ્પીટ્)*vt*.[L *con*&*peto*, I seek.] To contend emulously:બરાબરીહરીફાઇ કo.

Competence-cy,(કૉમ્પીટેન્સ્-કૉમ્પીટેન્સિ) *n*. Fitness:લાયકી; યોગ્યતા;શક્તિ. 2. Sufficiency: પુરતું ધન.Legal capacity:કાયદા પ્રમાણે યોગ્યતા-લાયકાત.

Competent, (કૉમ્પીટેન્ટ્) *a*. Capable;qualified:યોગ્ય; લાયક; કાબેલ; સમર્થ. 2. Rightfully belonging:વાસ્તવિક સત્તા-અધિકારનું.

Competition,(કૉમ્પીટિશન્)*n*.Rivalry;emulation:પ્રતિસ્પર્ધા;હરિફાઇ;ચડસાચડસી.

Competitive,(કૉમ્પેટિટિવ્)*a*.Rival;emulous: સ્પર્ધાથી થયેલું;સ્પર્ધાસંબંધી;હરીફાઇવાળું.

Competitor, (કૉમ્પેટિટર્) *n*. One who competes;a rival:પ્રતિસ્પર્ધી;એકાર્થાભિલાષી;હરીફ.

Compilation, (કૉમ્પિલેશન્) *n*. That which is compiled:સંગ્રહ;સંગ્રહગ્રંથ;સંહિતા;સાર.

Compile, (કૉમ્પાઇલ્) *vt*. [L *con* & *pilo*, I plunder.] To put together: ભેગું કo. 2. To contain:માં સમાવેશ થવો.3.To put together or compose out of materials from other books:જૂદા જૂદા ગ્રંથપરથી ગ્રંથ રચવો.4.To write: લખવું. [book from various authors:ગ્રંથકાર.

Compiler, (કૉમ્પાઇલર્) *n*. One who forms a

Complacence-cy, (કૉમ્પ્લેસેન્સ્-(સિ) *n*. Satisfaction:સંતોષ;ખુશી;ખુશાલી;હર્ષ. 2. Complaisance:હર્ષ;સભ્યતા;આદર શીલતા;મલાઇ;સુજનતા.

Complacent,(કૉમ્પ્લેસેન્ટ્)*a*.[L *con* & *placeo*, I please.]Contended:સંતોષ-આનંદવાળું;પ્રસન્ન.

Complain,(કૉમ્પ્લેન)*vi* [L *con* & *plango*, I bewail.] To find fault: ફરિયાદ કo; વાંક દોષ કાઢવો.2.To bring an accusation;to make a charge:ફરિયાદી કo.-માંડવી.

Complainant (કૉમ્પ્લેનન્ટ્)*n*.One who makes a complaint:અભિયુક્તા; વાદી.2. (*Law*.) (*a*) One who commences a legal process by a complaint:ફરિયાદી;વાદી.

Complaint,(કૉમ્પ્લેન્ટ્)*n* Lamentation;faultfinding:શોક;ખેદ;વિલાપ;દોષ; બડબડાટ.2.Cause of murmuring:દુઃખ શોક-સંતાપ-ખેદ-બડબડાટનું કારણ-મૂળ;ફરિયાદ.3.A malady;a disease:વ્યાધી; પીડા; રોગ. 4. [*Law*.] A form of legal process:ફરિયાદ.

Complaisance,(કૉમ્પ્લેઝન્સ્) *n*. [L. *con* & *placeo*,I please.]Courtesy:સભ્યતા;સુજનતા.

Complaisant, (કૉમ્પ્લેઝન્ટ્) *a*. Desirous to please:આદરમાન ભરેલું;સભ્ય;સુશીલ.

Complement,(કૉમ્પ્લીમેન્ટ્)*n*.[L.*con* & *pleo*, I fill.] That which fills up or completes: પુરવણી;પુરણ. 2 Full quantity, number or amount,a complete set:ભરતી;જોઇએ તેટલું.3. [*Math*.]A second quantity added to a new quantity to make it equal to a third sum or quantity:ભરણ.

Complemental,(કૉમ્પ્લીમેન્ટલ્)*a*.Supplying deficiency:ભરતીનું;ખૂટતું;પુરવણીનું;પૂરક.

Complementary,(કૉમ્પ્લીમેન્ટરિ) *a*. Serving to complete:ખોટ પુરી કરનાર;ખૂટતું.C.*angles*: બન્ને મળીને કાટખૂણો થાય એવા બે ખુણા.

Complete,(કૉમ્પ્લીટ્)*a*.[L *con* & *pleo*,I fill.] Entire;perfect:પૂર્ણ;પૂરૂં; સંપૂર્ણ; આખું; સમાપ્ત. C.*army*:ચતુરંગસેના.*vt*.To perfect;to fulfil: સંપૂર્ણ કo;પાર મુકવું.

Completely,(કૉમ્પ્લીટ્લિ) *adv*. Fully; entirely:સંપૂર્ણ રીતે;તદ્દન;છેક;બીલકુલ;પુરેપુરૂં;તમામ.

Completion, (કૉમ્પ્લીશન્) *n*. The act or state or being complete: પૂર્તિ; સંપૂર્ણતા. 2. Fulfilment:સફળતા;સમાપ્તિ;પાર;અંત.

Complex,(કૉમ્પ્લેક્સ્)*a*. [L. *con* & *plecto*, I twist.] Composed of two or more parts; composite:બે અથવાવધારે ભાગ-અંશનું બનેલું;સંયુક્ત;મિશ્ર;વિષમ 2 Complicated:ગુંચવણ ભરેલું.

Complexion, (કૉમ્પ્લેકશન્) *n*. Complexity: મિશ્રણ;મિશ્રતા.2.The bodily constitution: બાંધો;બટ;બંધારણ.3.The color or hue of the skin,esp ,the face:અંગવર્ણ;કાંતિ;પાટ;રૂપ; રોળ; રંગ;ચ્હેરે..

Complexity,(કૉમ્પ્લેક્સિટિ)*n*. Intricacy; entanglement:ગુંચવણ;ઘોટાળો;મિશ્રતા;ગુંથાગુંથ.

Compliance, (કૉમ્પ્લાઇઅન્સ્) *n* Concession: માન્ય કબૂલ કo તે;સ્વીકાર;સંમતિ.2.Disposition to yield to others: બીજાનું માન્ય રાખે એવો સ્વભાવ-પ્રકૃતિ

Compliant,(કૉમ્પ્લાઇઅન્ટ્)*a*. Yielding; submissive:વિનયી;સભ્ય;સત્કારી;વિવેકી.

Complicacy,(કૉમ્પ્લિકસિ)*n*.A state of being intricate:ગુંચવણ;ગડબડ;ઘોટાળો.

Complicate,(કૉમ્પ્લિકેટ્)*vt*.[L *con* & *plico*,I fold.]To render complex:ગુંચવવું;ગુંચવી નાખવું; ગુંચવાડો કo.*a*.Complicated: ગુંચવેલું;ગુંચાયેલું.

Complication, (કૉમ્પ્લિકેશન્) *n*. Entanglement:ગુંચવણ;ઘોટાળો 2.A disease or diseases co-existent with a primary disease: એક રોગ ચાલતો હોય ત્યારે તેમાં બીજો રોગ થવો તે.

Complicity,(કૉમ્પ્લિસિટિ) *a*. The state or

condition of being an accomplice: સામેલ-પણું હોવું તે;સામેલીયત; હાથ; લાગતું વળગતું.

Compliment,(કૉમ્પ્લિમેન્ટ્)*n.*[L.*con* & *pleo*, I fill.]A manifestation by word of regard: સલામ;શાબાશી;સ્તુતિ;પ્રસંશા;આદરસત્કાર. *vt.* To praise:વખાણવું;શાબાશી આપવી.

Complimental-ary, (કૉમ્પ્લિમેન્ટલ્-કૉમ્પ્લિમેન્ટરિ)*a.* Expressive of regard:સ્તુતિમય.

Comply,(કૉમ્પ્લાઇ)*vi.*[L.*con* & *plico* I fold.] To consent:કબુલ કo-થવું;માન્ય કo;સમ્મતિ આપવી.

Component,(કૉમ્પોનેન્ટ્)*a* Composing; constituting:અંગભૂત *n.*A constituent part:અવયવભૂત અંશ;ભાગ;અંગ;સાધન.

Comport,(કૉમ્પૉર્ટ્)*vi.*[*con* & *porto* I carry.] To bear:ખમવું.2. To suit: મળવું-બેસવું આવવું. *n.*Behaviour,conduct:વર્તણુક; ચાલ: ચાલ ચલગત;આચાર;વ્યવહાર.

Comportable,(કૉમ્પૉર્ટબલ્)*a.* Suitable;consistent:યથાયોગ્ય;બેસતું;મળતું;અનુકૂળ;માફક.

Comportment,(કૉમ્પૉર્ટ્મેન્ટ્)See **Comport**

Compose,(કૉમ્પોઝ્)*vt.*[L.*con* & *pono*,I put.] To put together: ભેગા કo. 2. To construct by mental labor:રચવું;બનાવવું.3. To adjust: ગોઠવવું;મુકવું;પતાવવું;સમજુતી કo.4.To tranquilize:શાન્ત-ઠંડુ પાડવું. 5. To place in proper order for printing:બીબાં ગોઠવવાં.

Composed,(કૉમ્પોઝ્ડ્)*a.* Calm;quiet:સ્થિર.

Composedly, (કૉમ્પોઝેડ્લિ) *adv.* In a composed manner;શાંતપણે,ગંભીરાઈથી.

Composer, (કૉમ્પોઝર્) *n.* One who composes:ગ્રંથકર્તા.2. One who quiets:શાંત ઠંડું પાડનાર;પતાવનાર.

Composite, (કૉમ્પૉઝિટ્) *a.* Made up of distinct parts:સંયુક્ત;મિશ્રિત **C.** *number*: એકી કરતાં વધારે રકમથી જે સંખ્યા બરોબર-શેષશિવાય ભાગી શકાય તે.

Composition, (કૉમ્પોઝિશન્) *n.* The act of composing:એકઠું-મિશ્ર કo તે;રચવું તે.(*a*)The combination of the parts of a literary work: નિબંધ (*b*)The arrangement of types in printing: છાપવા માટે બીબાં ગોઠવવાં તે. 2. Adjustment: સંયોગ; રચના. 3. A mass formed by combining two or more substances:મેળવણી;મિશ્રણ.4 The adjustment of a debt:દેવું પતાવવું તે;નિકાલ;તોડ.5 A literary or musical production:નિબંધ;ગ્રંથ;પ્રબંધ

Compositor,(કૉમ્પૉઝિટર્) *n* One who composes:જે નિયમસર એક પછી એક ગોઠવે છે તે 2. [*Print*]One who sets types:બીબાં ગોઠવનાર

Composure, (કૉમ્પોઝ્યૂર) *n.* The act of composing:રચવું-બનાવવું તે. 2.Orderly arrangement:નિયમસર ગોઠવણી-રચના.3. Sedateness; calmness:સ્વસ્થતા;ગંભીરતા;નિવૃત્તિ;શાંતિ.

Compound,(કૉમ્પાઉન્ડ્)*vt* [L.*con* & *pono*, I put.] To put together; to combine: મિશ્ર કo;એકઠું કo 2.To compose: રચવું;બનાવવું. 3. To adjust by agreement: કબૂલાતથી નિવેડો-સમાધાન ફેંસલો-ફડચો કo *a.*Composed of elements:મિશ્ર;મિશ્રિત.**C** *interest*: ચક્રવૃદ્ધિ વ્યાજ. **C.** *ratio*: બે અથવા વધારે પ્રમાણ-પરિમાણનો ગુણાકાર.A yard round a building:ઘર-મકાનની આગળ પાછળ-આસપાસનો વંડો.

Compounder, (કૉમ્પાઉન્ડર) *n.* One who compounds different things:જે માણસ જુદી જુદી ચીજો એકઠી-મિશ્ર કરે છે તે; કમ્પાઉન્ડર.2.One who attempts to bring parties to terms of agreement:બે પક્ષનો ટંટો કજીઓ પતાવનાર-નો નિવેડો-ફેંસલો લાવનાર.

Comprehend,(કૉમ્પ્રીહેન્ડ્)*vt.* [L *con* & *prehendo*,I take.] To comprise:સમાવેશ-સમાસ કo.2.To understand:ગ્રહણ કo;–ના મગજ મનમાં ઉતરવું-આવવું.3.To contain:માં આવવું-હોવું.

Comprehensible,(કૉમ્પ્રીહેન્સિબલ્) *a.* Capable of being included:અંદર સમાસ-સમાવેશ થાય એવું.2. Intelligible:સમજી શકાય એવું.

Comprehension, (કૉમ્પ્રીહેન્શન્) *n.* Inclusion:સમાવેશ 2 Understanding:ગ્રહણ શક્તિ; સમજ;સમજુત;બુદ્ધિ;જ્ઞાન;મતિ; અક્કલ. *Power of* **c** :ગ્રહણ સામર્થ્ય.

Comprehensive,(કૉમ્પ્રીહેન્સિવ્) *a.* Including much;extensive:બહોળુ;બહુવ્યાપી 2.Having the power to comprehend or understand many things at once:બધી ચીજો-બાબતો એકદમ સમજી-મનમાં ઉતારી શકે એવું.

Compress,(કૉમ્પ્રેસ્) *vt.* [L. *con* & *pressus*, pressed] To press to-gether:દાબવું;સંકડાવી નાંખવું; સંકોચવું. *n.* A folded piece of small linen cloth:ગાદી;ગાદલું.

Compressibility, (કૉમ્પ્રેસિબિલિટિ) *n.* The quality of being compressible:સંકોચક્ષમતા.

Compressible,(કૉમ્પ્રેસિબલ્) *a.* Capable of being pressed together:સંકોચનીય.

Comprisal,(કૉમ્પ્રાઇઝલ્) *n.* The act of comprising;a compendium:સમાવેશ;સારસંગ્રહ;સાર.

Comprise,(કૉમ્પ્રાઇઝ્)*vt.* [L *con* & *prehendo*, I take]To include:સમાવેશ-સમાસ કo.

Comprobate,(કૉમ્પ્રોબેટ્)*vt.* [L. *con*&*probo*, I prove.]To agree in approving;to concur in testimony:સાબીત-પુરવાર કરવાનાં મળતા આવવું.

Compromise, (કૉમ્પ્રોમાઇઝ્) *n.* [L. *con*,*pro* & *mitto*, I send.] A mutual promise to refer matters in dispute to the decision of arbitrators:તકરારી વિષય-બાબત લવાદ-પંચને નિકાલ માટે સોંપવાનો અરસપરસ ઠરાવ કરાર(*obs.*)2 An

agreement;a settlement by arbitration or mutual consent:સમાધાન;ફેંસલો;નિકાલ;નિર્ણય;તોડ
સમજુત *vt.* To bind by mutual agreement અરસપરસ કબૂલાતથી બાંધવું. 2. To adjust and settle by mutual concessions:આંજગડ તોડ-સમાધાન કરી પતવવું *vi.*To agree:પતવવું;તોડ કાઢવો.

Comptroller, (કૉમ્પ્ટ્રોલર) *n.* A controller: બીજાનો હિસાબ તપાસનાર અધિકારી.

Compulsatory, (કૉમ્પલ્સેટોરિ) *a.* Compelling:ફરજ પાડવું;બળાત્કાર કરવું.

Compulsion,(કૉમ્પલ્શન)*n.* The act of compelling:જબરદસ્તી;બળાત્કાર;જુલમ;જબરાઇ;બળ;હઠ

Compulsory, (કૉમ્પલ્સૉરિ) *a.* Having the power of compelling;constraining:બળાત્કાર-જોરજુલમ જબરાઈથી કરાવવાનું-કરાવવ.ની સત્તાવાળું. 2 Obliging;necessary:આવશ્યક;જરૂરનું;ફરજીયાત

Compunction,(કૉમ્પન્ગ્કશન)*n.*[L *con*&*pungo*,I prick.]A pricking;stimulation;irritation:ઉશ્કેરણી;ઉત્તેજન;ઉદ્દીપન. 2. The sting of conscience:પશ્ચાત્તાપ;પસ્તાવો;કચવાટ;ચણચણાટ; ખેદ;મનઃ સંતાપ;દિલગિરી;ખટકો;બળાપો;ઇગઇગો.

Compunctious, (કૉમ્પન્ગ્કશસ્) *a* Attended with compunction:જીવને કચવાવે એવું.

Computable,(કૉમ્પ્યૂટબલ્)*a.* Capable of being computed:ગણી શકાય તેવું.

Computation, (કૉમ્પ્યૂટેશન)*n.* Calculation: ગણિત;ગણત્રી;ગણના;હિસાબ 2.The result of computation:સુમાર;અડસટો; આશરો.

Compute, (કૉમ્પ્યૂટ) *vi.* [L. *con* & *puto*, I reckon]To reckon:હિસાબ-ગણત્રીથી નક્કી કo; અડસટો સુમાર કાઢવો;ગણવું;વર્તવું.

Comrade,(કૉમ્રેડ્)*n.* [L.*camera*,a chamber-fellow.]A companion:સોબતી;મિત્ર;સાથી.

Concatenate,(કૉન્કેટીનેટ્)*vt.*[L *con*& *catena*, chain.]To link together:જોડવું;વળગાડવું.

Concatenation, (કૉન્કેટીનેશન) *n* A series of links united;a chain:સાંકળ;શ્રેણી;માળા.

Concave,(કૉન્કેવ્)*a.*[L.*con*&*cavus*,hollow.] Hollow and curved or rounded:અંતર્ગોળ; ગોળ.*n.*A hollow:પોલાણ;ખોકળ. *vt.* To make hollow:પોલું કo.

Conceal, (કૉન્સીલ્) *vt.* [L.*con*&*celo*,I hide.] To hide of:સંતાડવું;છુપાવવું;ઢાંકવું;ગુપ્ત-છાનુંરાખવું.

Concealment, (કૉન્સીલ્મેન્ટ્) *n.* The act of concealing:નજરદેખાવમાં સંતાડવું-ગુપ્ત રાખવું તે; પ્રચ્છાદન.2 Privacy:અપ્રકાશ; છુપાપણું. 3 The place of hiding;a seecret place:છુપાવવાની જગ્યા;ઓઠું.

Concede,(કૉન્સીડ્)*vt.* [*con*&*celo*,I yield.]To suffer to pass;to grant:વગર તકરારેકબૂલ માન્ય કo-રાખવું;નમતું મુકવું-આપવું. 2. To grant as a right or privilege:હક-દાવા તરીકે આપવું.*vi.*To કબૂલ થવું;હાપાડવી.

Conceit,(કૉન્સીટ્)*n.*Idea;conception:વિચાર; ખ્યાલ.2.Lively fancy:કલ્પનાશક્તિ.3.Vanity: મગરૂબી;ગુમાન;ગર્વ.*vt.*To conceive:ધારવું;કલ્પવું. *vi.*To form an idea;મનમાં વિચાર કo.

Conceited, (કૉન્સીટેડ્) *a.* Entertaining a flattering opinion of one's self;Vain:ગુમાની પતરાજખોર;ગર્વિષ્ઠ;અહંકારી.

Conceivable,(કૉન્સીવૅબલ્)*a.* Capable of being imagined:ખ્યાલ કરી શકાય તેવું;કલ્પનીય.

Conceive, (કૉન્સીવ્) *vt.* [L. *con* & *capio*,I take.] To receive into the womb and breed:ગર્ભ રહેવો-ધારણ કo.2.To devise:મનમાં યોજવું;ધારવું;વિચારવું. [મેલ;હડાડા;ગર્ભધારણ.

Conceiving, (કૉન્સીવિન્ગ્) *n.* Pregnancy:ઉ-

Concenter, } (કૉન્સેન્ટર) *vi.*[L. *con* & *centrum*, a centre.]To come
Concentre, } to a point or to meet in a common centre: એકત્ર થવું.*vt.*To draw or direct to a common centre:એક સમાન્ય-સાધારણ બિંદુ-મધ્યમાં લાવવું.

Concentrate,(કૉન્સેન્ટ્રેટ્) *vt.* To bring to a common centre;to unite more closely:જોડવું; -ની એકાગ્રતા કo; મધ્યબિંદુ-કેન્દ્રમાં લાવવું;ઘટ કo.

Concentration, (કૉન્સેન્ટ્રેશન) *n.* The act or process of concentrating:કેન્દ્રમાં લાવવુંતે; સંઘટન.C. *of the mind*:સમાધિ;એકાગ્રત.;ધ્યાન.

Concentrativeness, (કૉન્સેન્ટ્રેટિવનેસ્) *n.* [*Phren.*]The power of concentrating the intellectual force:એકાગ્રતા.

Concentric, (કૉન્સેન્ટ્રિક્) *a.* Having a common centre:સમકેંદ્ર;મધ્યબિન્દુક-વાળું.

Conception, (કૉન્સેપ્શન) *n* The first formation of the embryo of an animal:ગર્ભધારણ;ગર્ભ;હમેલ;દહાડા.2.The formation in the mind of an image:મનમાંવિચાર ઉત્પન્ન થવો તે. 4.The image;idea:કલ્પના;ધ્યાન; સમજ;ખ્યાલ.

Concern,(કૉન્સર્ન્)*vt.*[L *con* & *cerno*,I separate.] To relate to:સંબંધ હોવો;-નુ લાગતુ વળગતુ હોવું.-નું ભલું-સારૂ હિતસ્વાર્થ તાકવો.*n.*Business:કામ;લેવા દેવા;સંબંધ. 2. Moment:અગત્ય; ઉપયોગ;વિસાદ;વજન.3..Regard;solicitude:દરકાર;ચિંતા; કાળજી. 4. [*Com.*] A firm and its business:કારખાનું;પેઢી;મામલો.

Concerning,(કૉન્સર્નિંગ્)*Prep.* Pertaining to; relating to:સંબંધિ;વિષે.

Concert,(કૉન્સર્ટ્)*vt.* [L.*con* & *certo*,I strive.] To plan together:એકરાગ-મત થઈ ઠરાવ-કo. 2. To plan:ગોઠવવું.*vi.* To act in harmony:સંપમાં ચાલવું. *n.* Harmony:એક રાગ-મત-એકમત. 2.Musical accordance or harmony:સુરમેળ. C. *hall*: સંગીતશાળા. 3. A public musical entertainment;જાહેર ગાનતાનનો તમાસો.

Concertina (કૉન્સર્ટિનૅ)*n.* A small musical instrument of the accordion species:હાથે વગાડવાનું એક નાનું વાજું.

Concession,(કૉન્સેશન્) *n.* [L. *con* & *cedo*,I yield.] The act of granting:હક આપવો. 2. A grant:બક્ષીસ;હક.3. A privilege granted by government to do certain things:અમુક કામ કરવાને સરકારે આપેલો-બક્ષેલો હક.

Conch, (કૉન્ક્) *n.* [L. *concha*, shell] A marine shell:દરિયાની છીપ.2.A concave surface:અંતર્ગોળ-ઘુમટદાર સપાટી. 3.The external ear:બાહ્યકર્ણ.

Conciliate, (કૉન્સિલિએટ્) *vt.*[L. *concilio*, I bring to-gether.]To win over:મન-પ્રીતિ મેળવવું.

Conciliation,(કૉન્સિલિએશન્) *n.* The act of winning over or reconciliation:સુલેહ;સમનુતિ.

Conciliatory,(કૉન્સિલિએટરિ)*a.* Tending to conciliate:મેળવી લે તેવું C.*measures*:સામોપચાર.

Concise,(કૉન્સાઇસ્)*a.* [L. *con* & *cado*,I cut.] Condensed:ટૂંકું;સમજી શકાય તેવું;મુખ્તેસર;સંક્ષિપ્ત.

Concision, (કૉન્સિઝન) *n.* A division; a faction;a cutting off:ભાગ;વિભાગ;છેદન.

Conclave, (કૉન્ક્લેવ્) *n.* [L. *con* & *clavis*, key.] A private apartment: ખાનગી ઓરડો 2.The body of cardinals:ધર્માધ્યક્ષોની સભા.3 A private meeting:ખાનગી ગુપ્ત સભા.

Conclude,(કૉન્ક્લ્યૂડ્)*vt.* [L.*con* & *claudo*,I shut.] To shut up; to inclose:બંધ કo;અંદર પૂરવું. 2. To include: માં સમાવેશ કo. 2. To infer:અનુમાન કo.3 To bring to an end:બંધ કo;પુરૂ કo;આરોપવું.4.To make a final determination:છેલ્લો ઠરાવ કo;નિર્ધારવું 5 To bring about as a result; to effect: પરિણામ લાવવું *vi.*To form a final judgment:-નો છેલ્લો ઠરાવ કo;તોડ કાઢવો.

Concluding (કૉન્ક્લ્યૂડિંગ્)*a.* Final:આખરનું

Conclusion,(કૉન્ક્લ્યૂઝન્) *n.* Close; termination;end:અંત;છેવટ.2.Final decision:ઠરાવ 3.Inference:-અનુમાન 4 [*Logic.*]The inferred proposition of a syllogism:સિદ્ધાંત. In c ,(*a*) finally:છેવટે. (*b*) shortly:ટુંકામાં.

Conclusive,(કૉન્ક્લ્યૂસિવ્)*a.*Belonging to a close:અંત-છેડો આણે એવું; પ્રતિપાદક; નિશ્ચયાત્મક; નિર્ણાયક.

Conclusiveness, (કૉન્ક્લ્યૂસિવ્નેસ્) *n.* The quality of being conclusive:ફેંસલો;સિદ્ધાંત.

Concoct, (કૉન્કૉક્ટ્) *vt.* [L. *con* & *coquo*, I cook.] To digest:પચાવવું; પાચન કo 2. To mature:પાકું કo;પુરૂં કo.3 To contrive:રચવું. 4.To invent or prepare by combining new ingredients:નવા પદાર્થો શોધી કાઢવા.

Concoction,(કૉન્કૉક્શન્)*n.*Digestion:પાચન. 2 The act of bringing to perfection:પૂર્ણતા પરિપક્વતામાં આણવું તે.3 The act of devising: બનાવટ;રચના.4 The food prepared:પાક.

Concomitance,(કૉન્કૉમિટૅન્સ્) *n.* The state of accompanying:સોબત;સાથ;અનુષંગી;સહચારી.

Concomitant, (કૉન્કૉમિટૅન્ટ્) *a.* [L *con* & *comes*,a companion.]Concurrent:જોડે આવનાર-જનાર *n.*An associate:અનુષંગી;સંગી;સાથી

Concord,(કૉન્કૉર્ડ્)*n.* [L.*con* & *cor, cordis*, heart.] Harmony:સંપ.2.Compact; treaty: પ્રતિજ્ઞા; કોલકરાર. 3 (*Gram.*) Agreement of words with one another(*in gender,number person*,or *case*):મળતાપણું.4 Consonance:સુરમુળ *vi.*To agree:મળતા આવવું; એકમત થવું-હોવું.

Concordance,(કૉન્કૉર્ડન્સ્) *n.*Agreement: મળતાપણું 2. Concord: અન્વય 3. A topical index or orderly analysis of the contents of a book:પુસ્તકના વિષયોના પૃથક્કરણરૂપ અનુક્રમણિકા.

Concordant, (કૉન્કૉર્ડન્ટ્)*a.* Agreeing;corrrespondent;harmonious:મળતું;માફક;યોગ્ય.

Concorporate, (કૉન્કૉર્પૉરેટ્) *vt.* [L *con* & *corpus*,the body] To unite in one mass: એક કરી દેવું;ભેળું-ભેગું થઇ જવું.*a* United in one body:એકમેક-મિશ્ર ભેગું થઇ ગયેલું.

Concourse,(કૉન્કૉર્સ્)*n.* [L.*con* & *curro*,I run.] A confluence: સંગમ; સંયોગ 2. An assembly:મેળાવડો.&c 3.The place or point of meeting: સંધિસ્થાન. 4 An open space where several roads or paths meet:ચોવટું; પંચવટી;પાંચપટી;ઘણા રસ્તા જ્યા મળે તે સ્થળ.

Concrete,(કૉન્ક્રીટ્)*a* [L.*con*&*cresco* I grow.] 1.Consistent in a mass:ઘટ્ટ થયેલું C *number*: પદાર્થ સૂચક અંક. *n.* A mass of stone gravel, pebbles, & c: પથ્થરના કકડાનું બાઝેલું ઢેકું.2 A concrete term:ગુણ ધર્મવિશિષ્ટ પદ.*vi.*To unite into a mass:જામવું.ઘટ્ટ થવું જામવું *vt.* To form into a mass:જમાવવું [ગચ્ચું;ગચ્છિયું;ગોળો;ગઠ્ઠો.

Concretion,(કૉન્ક્રીશન્)*n*.Solidification: ઢેકું;

Concubine, (કૉન્ક્યૂબાઇન્)*n.* [L *con*&*cubo*,I lie down] A woman who cohabits with a man without being his wife:રાખેલી સ્ત્રી;રખાત.

Concupiscence,(કૉન્ક્યૂપિસેન્સ્)*n* [L.*con* & *cupio*,I desire.]Sexual lust:વિષય વાસના.

Concur, (કૉન્કર) *vi.* [L.*con* & *curro*,I run] To run together:એક બીજા સાથે અથડાવું;મળતા આવવું.2 To meet in the same point:એકજ વાતે મળવું.3.To agree:એક મત થવું.

Concurrence (કૉન્કરેન્સ્)*n* Union:એકસંપ 2. Agreement in opinion:મન મળવું-એક થવું.

Concurrent,(કૉન્કરેન્ટ્)*a* Acting in conjunction:જોડે-સાથે કામ કરનાર 2 C adjoined: જોડે રહેલું;સહગામી;સહકારી.3.Joint and equal:સમા-

ચિક.A person pursuing the same course: એકજ ધંધો કરનાર માણસ.

Concussion,(કૉન્કશન્) *n.* [L.*con.&quatio*,I shake]The act of shaking: (ધક્કા કે આંચકાથી)હલાવવું તે 2.(*Surg.*)The shock of some organ by a fall:પડવા-અથડાવાથી કોઇ શરીરના અવયવને આંચકો લાગવો તે.

Condemn, કૉન્ડેમ્) *vt.* [L. *con&demno*, I condemn.] To pronounce to be wrong: દોષવાન-ખોટું-દૂષિત ઠરાવવું-કહેવું. 2. To declare the guilt of:ગુન્હો-દોષ-અપરાધ જણાવવો 3. To pronounce a judicial sentence against:ગુન્હેગાર ઠરાવી શિક્ષા ક૦.4 To adjudge: ઉપયોગ, લાયક-વાપરવા લાયક નથી એમ ઠરાવવું.

Condemnable, (કૉન્ડેમ્નૅબ્લ્) *a.* Worthy of condemnation;culpable:blamable;રદ કરવા જોગ;ધિક્કારી કાઢવા જોગ;ગુન્હેગાર ઠરાવવા જેવું.

Condemnation,(કૉન્ડેમ્નેશન્)*n* Censure: નિંદા;દૂષણ 2.The act of declaring guilty:ગુન્હેગાર ઠરાવવું તે. 3. The act of dooming to punishment:શિક્ષા-સજા ક૦ તે. 4. The act of dooming to forfeiture:જપ્ત કરવાનો હુકમ ક૦ તે. 5.The state of being condemned:ગુન્હેગાર-અપરાધી ઠરવું તે; શિક્ષા. 6. The ground or reason of condemning:ગુન્હેગાર-દોષવાન-શિક્ષા પાત્ર ઠરાવ્યાનું કારણ;શિક્ષા હેતુ

Condemnatory,(કૉન્ડેમ્નૅટરિ)*a.*Condemning: શિક્ષા-દંડ પાત્ર ઠરાવે એવું;અપવાદક.

Condensate,(કૉન્ડેન્સેટ્)*vt.* [L *con&densus*, thick.] To condense: જાડું-ઘટ્ટ ક૦ *a.* Made dense:જાડું ઘટ કરેલું સમાવેલું.

Condensation, (કૉન્ડેન્સેશન્) *n.* The act of making more dense:વધારે જાડું-ઘટ્ટ ક૦-થવું તે.

Condense, (કૉન્ડેન્સ્) *vt* [L *con & densus*, thick.]To make more compact:ઘટ્ટ-જાડું ક૦ 2 To reduce into another and denser form: ઠરાવવું;બીજા અને જાડા-ઘટ્ટ આકારમાં બદલવું-ફેરવવું.

Condensity.(કૉન્ડેન્સિટિ)*n.*Denseness:જાડાશ.

Condescend, (કૉન્ડીસેન્ડ્) *vi* [L.*con, de & scando*,I climb.] To descend;to yield:મ્હોટાઇ-માન મૂકી આચરવું-બોલવું-ક૦;મહેરબાની ક૦ 3. To consent:હા પાડવી.

Condescending,(કૉન્ડીસેન્ડિંગ્)*a.* Yielding to inferiors;affable:વિવેકી; મ્હોટા મનનું;નમ્ર.

Condescension, (કૉન્ડીસેન્શન્)*n.*Voluntary descent from rank or dignity to equality with another:નિરભિમાન;મહેરબાની.

Condign,(કૉન્ડાઇન્)*a.*(L.*con & dignus*, worthy.] Deserving:યોગ્ય;લાયક;ઘટતું;વાજબી.

Condiment,(કૉન્ડિમેન્ટ્)*n.*[L.*con&do*,I preserve] Something used to give relish to food:મસાલો;ગરમમસાલો;મરી મરચું;વધાર.

Condition.(કૉન્ડિશન્)*n* [L *con&do*,I give.] State: સ્થિતિ; હાલત. 2. Disposition:સ્વભાવ; પ્રકૃતિ *vi.*To make terms;to stipulate:શરત-બોલી કરાર ક૦. *vt.*To contract; to stipulate: ઠરાવ કરાર ક૦.

Conditional, (કૉન્ડિશનૅલ્) *a.*Not absolute: made or granted on certain terms:શરતવાળું. 2.(*Gram.&Logic*) Expressing a condition or supposition:શરત-ધારણા-બતાવે-જણાવે-એવું. સંકેતાર્થ.

Condole, (કૉન્ડોલ્) *vi.* [L.*con&doleo*, I feel pain.]To express sympathetic sorrow:પારકા દુ:ખે દુ:ખી થવું. *vt.* To lament:ને માટે શોક ક૦;દિલગીર થવું.

Condolement,(કૉન્ડોલ્મેન્ટ્)*n.* Condolence: પરદુ:ખેદુ:ખ;ખરખરો;દિલાસો;શોક;ખેદ;દિલગીરી-શોચ.

Condolence, (કૉન્ડોલન્સ્)*n* Expression of sympathy with another in sorrow:દિલાસો; પારકાના દુ:ખનો ખેદ.

Conduce,(કૉન્ડ્યૂસ્)*vi.*[L.*con & duco*,I lead.] To promote or further an end:કારણભૂત-હોવું ઉપયોગી થવું;વધારવું.*vt.* To conduct:લઇ જવું.

Conducive,(કૉન્ડ્યૂસિવ્)*a* Leading or tending:સહકારી; સાધક.

Conduct,(કૉન્ડક્ટ્)*n.*[L *con & duco*,I lead.] Guidance:વહીવટ ક૦ તે;વહિવટ.2.Skilful guidance;generalship: હોંશીયારીથી દોરવું તે. 3. Convoy: વળાવો. 4. Personal deportment; behaviour:ચાલચલગત;વર્તણુંક; આચરણ. *vt.*To lead or guide;to escort:લઇ જવું.2. To lead as a commander:આગેવાન- સેનાપતિ થઇ-તરીકે લઈ-દોરી લઇ જવું.3 To manage; to regulate: ચલાવવું 4. To behave; (*with the reflexive*): આચરવું;વર્તવું.*vi* To behave;to act:આચરવું;વર્તવું.

Conductive,(કૉન્ડક્ટિવ્)*a* Having the quality or power of conducting:લઇ જાય એવું.

Conductor,(કૉન્ડક્ટર્) *n.* A leader: આગેવાન. 2. The leader or director of a chorus:ગાયનનો પ્રથમ રાગ ચલાવનાર.3(*Physics.*)A substance capable of forming a medium for the transmission of heat or electricity: ઉષ્ણતાવાહક.

Conduit, (કૉન્ડિટ્) *n.* [L.*con&duco*,I lead] Pipe canal of water or any other liquid: નીક;નહેર;નળી;નળ.

Cone, (કૉન્) *n.* [L. *cuneus* wedge] A solid body having a circle for its base&tapering to a point:શંકુ 2 (*Bot.*) The conical fruit: શંકુ આકારનું ફળ *vt.*To render cone-shaped: શંકુ આકારનું બનાવવું

Coney-cony, (કૉની કૉનિ) *n.* [L. *coniculus*, a rabbit.]A rabbit:સસલું.2.A fish:માછલું.

Confabulation, (કૉન્ફૅબ્યૂલેશન્) *n.*[L.*con* & *fabula*,a fable.]Familiar talk:ખાનગી વાતચિત;છુલ્લી વાતચિત.

Confection, (કૉન્ફેક્શન્) *n* [L. *confecio*, I prepare.] A preparation of fruit, &c., with sugar;a confit. ખાંડ પાયેલી કાંઈપણ વસ્તુ; ખાંડમાં પાએલી મિઠાઈ;મુરબ્બો;હલવો.

Confectioner,(કૉન્ફેક્શનર્)*n.*One whose occupation is to make or sell confections, candies &c.:મિઠાઈવાળો;કન્દોઇ;સુખડીઓ;હલવાઇ.

Confectionery,(કૉન્ફેક્શનેરિ)*n.*Sweet meats: મિઠાઈ; સુખડી.2.A place where sweetmeats are made and sold:કંદોઇઓળ.

Confederacy,(કૉન્ફેડેરૅસિ) *n.* A league:એક સંપ; સંપ; મસલત. 2. The persons, bodies, states or nations united by a league:એક સંપી પુરૂષો-મંડળીઓ-રાજ્યો અથવા પ્રજાઓ.

Confederate,(કૉન્ફેડેરેટ્)*a.*[L *con* & *foedus* a league.]United by a league:સંપથી જોડાયલું.*n.*One who is united with others in a league;an ally:એક સંપીલો. *vt.vi.* To unite in a league:એકસંપ-એક્કો ક૦. [એક્કો;એકસંપ.

Confederation,(કૉન્ફેડેરેશન્) *n.* A league:

Confer, (કૉન્ફર્) *vt.* [L *con* & *fero*,I bear.] To compare:સરખાવો–મુકાબલો ક૦.2.To grant a permanent possession; to bestow: જાથુ કબજે આપવો-બક્ષવો-આપવું.3 To contribute: જોઇતી મદદ આપવી;સહાયકારી;મદદગાર થવું.

Conference, (કૉન્ફરેન્સ્) *n* Comparison:સરખામણી. 2. A meeting for consultation or discussion:મસલત-મનસુબો-સલાહની બેઠક-સમાજ.

Confess,(કૉન્ફેસ્)*vi* [L *con* & *fetior*, I confess.] To acknowledge crime, fault, &c.: વાંક-ગુન્હો-દોષ વિગેરે કબૂલ ક૦. 2. To admit as true;to assent to:માનવું;કબૂલ ક૦;સાચેસાચું કહી દેવું.3 (*Eccl.*)To make known as one's sins to a priest:પાદરી પાસે પોતાના પાપ નિવેદન-કબૂલ ક૦-માનવાં.4.સાબિત-સિદ્ધ ક૦.

Confessedly,(કૉન્ફેસેડ્લિ)*adv* By confession; avowedly;undeniably:નિસ્સંશય;ખચિત;મુકરર.

Confession,(કૉન્ફેશન્)*n.*The admission of a debt,obligation or crime:દેવું-ફરજ-ગુન્હાની કબૂલાત.2.(*Eccl.*,The act of disclosing sins or faults to a priest:પાદરી આગળ પાપ સ્વીકાર; પાપનિવેદન.

Confessional,(કૉન્ફેશનલ્)*n.*The seat where a priest or confessor sits to hear confession:પાપસ્વીકાર શ્રવણ કરનાર પાદરીનું આસન.

Confidant, (કૉન્ફિડૅન્ટ્) } *n.*A confidential
Confidante, (કૉન્ફિડૅન્ટ્) } or bosom friend: વિશ્વાસુ ભાઇબંધ;દિલમિત્ર;એકાંતમિત્ર.

Confide,(કૉન્ફાઇડ્)*vi.*(L.*con*&*fido*,I trust,] To put faith; to rely;to trust:માં આકીન રાખવો.*vt.*To intrust to:સોંપવું;-ને ભરોસે રાખવું.

Confidence, (કૉન્ફિડેન્સ્) *n* Trust:ભરોસો. 2. Private conversation:છાની-છૂપી વાતચિત.

Confident,(કૉન્ફિડેન્ટ્)*a.*Trustful:વિશ્વાસ રાખનાર; 2. Giving occasion for confidence: નિભ્રાન્ત ભરોસો-વિશ્વાસ આપતું-જણાવતું;વિશ્વાસુ.

Confidential,(કૉન્ફિડેન્શઍલ્)*a.* Trusted in વિશ્વાસુ;ભરોસાપાત્ર.2.Privately intrusted; secret:છૂપી-ગુપ્તરીતે સોંપેલું; છાનું;ભરોસાનું.

Confidently,(કૉન્ફિડેન્ટ્લિ)*adv.* With confidence;with strong assurance:ખાતરી ભરોસાથી;ખાતરજમાથી;નક્કી;નિશંક; નિશંશય; નિભ્રાન્ત.

Configure,(કૉન્ફિગ્યૂર્)*vi.*[L.*con* & *figura*,a form.]To arrange or dispose in a certain form:કોઇ અમુક આકાર,રૂપ અથવા આકૃતિ પ્રમાણે ગો૦

Confine,(કૉન્ફાઇન્)*n.* [L.*con* & *finis*,limit.] Common boundary:સિમાડો;સીમા;હદ;સરહદ. 2.Place of restraint;prison:કેદખાનું;બંધીખાનું. *vt.*To restrain within limits: હદ-મર્યાદામાં રાખવું;પૂરવું;કેદમાં રાખવું;ગોંધવું.*To be confined*:સુવાવડમાં હોવું; ખાટલે હોવું.

Confinement, (કૉન્ફાઇનમેન્ટ્) *n.* Restraint within limits:મર્યાદા-હદ-નિગ્રહ નિયમમાં રાખવું તે; બંધિ;કેદ; નિરોધ; અટકાવ; બન્ધન; પ્રતિબંધ. *Place of* c.:બંધીખાનું;કારાગૃહ. 2. Restraint from going abroad by child-birth:સુવાવડ; પ્રસૂતિ;પ્રસવકાળ;સુવાવડનો ખાટલો.

Confirm,(કૉન્ફર્મ્)*vt.*[L.*con* & *firmus*,firm.] To make firm:મજબુત-દૃઢ ક૦.2.To verify:to corroborate:પક્કુ-સુદૃઢ ક૦;ખરૂં છે એમ ઠસાવવું.3. To justify:બહાલ-મંજુર કાયમ-મુકરર ક૦;સહી ક૦

Confirmation, (કૉન્ફર્મેશન્) *n.* The act of confirming or giving strength: મજબુત-દૃઢ ક૦ તે; મજબુતિ;પુષ્ટિ. 2. Corroboration: જાસ્તી પુરાવો.2. Ratification:મંજુરી;બહાલી.

Confirmatory, (કૉન્ફર્મૅટોરિ) *a.* Serving to confirm;corroborative:પુષ્ટિકર્તા; સ્થાપક;મજબુતી.

Confiscable, (કૉન્ફિસ્કૅબલ્) *a.* Capable of being confiscated:જપ્ત કરવા જેવું;કબજ કરવાજોગું.

Confiscate,(કૉન્ફિસ્કેટ્)*vt.*[L.*con* & *fiscus*,a money bag.]To appropriate as a penalty: જપ્ત ક૦. *a.* Appropriate as a penalty, to the public use:જપ્ત કરેલું;કબજ કરેલું.

Confiscation,(કૉન્ફિસ્કેશન્)*n* The act of appropriating:જપ્તિ;દંડ દાખલ સરકારમાં લઇ જવું તે.

Conflagration, (કૉન્ફ્લૅગ્રેશન્)*n.* [L. *con* & *flagro*, I blaze.]A fire on a great scale or extending to many objects:મ્હોટી આગ.

Conflict,(કૉન્ફ્લિક્ટ્)[L *con* & *fligo*,I dash.] A striking or dashing to-gether;a violent collision:ધક્કાધક્કી;સામાસામી જોરથી અથડાવું.

ઠી;ખડાખડ;વિરોધ. 2. Contest:લડાઇ;યુદ્ધ. *vi.* To strike or dash together: સામાસામું અથડાવું. 2. To contend:લડાઇ કo.

Conflicting,(કૉન્ફ્લિક્ટિંગ્) } **Conflictive,**(કૉન્ફ્લિક્ટિવ્) } *a.* Contrary; opposing; contradictory;incompatible:પરસ્પર વિરોધી;ઉલટું;વિરુદ્ધ;પ્રતિકૂળ.

Confluence,(કૉન્ફ્લ્યૂએન્સ્)*n* [L.*con*&*fluo*,I flow.]A flowing together;a place of meeting:સાથે વહેવું તે;સંગમ;ત્રેણી.2.ભીડ;ઠઠ;ઠાટી.

Confluent, (કૉન્ફ્લ્યૂએન્ટ્) *a.* Flowing together; running one into another:સંગમ કરનાર; ભેગાં થનાર; સંમેલક;ભેગાં થઇને પસરનાર.

Conflux,(કૉન્ફ્લક્સ્)*n.* A flowing together; a meeting of streams: સાથે-જોડે વહેવું તે.

Conform, (કૉન્ફૉર્મ્) *vt.* [L. *con* & *forma*, form.]To make alike:ના જેવું કo;પ્રમાણે*vt.*To comply with:ને તાબે રહેવું; પ્રમાણે વર્તવું. *a.* Resembling:ને મળતું આવવું.

Conformable,(કૉન્ફૉર્મેબલ્)*a* Similar;like; મળતું;સરખું. 2. Proper:ઘટતું.3. Submissive; compliant:આધીન.4 (*Geol*)Parallel:સમાંતર.

Conformation,(કૉન્ફૉર્મેશન્) *n.* The act of conforming: પ્રમાણે-મળતું-કરવું તે. 2. Form; arrangement:રચના;આકૃતિ;ઘાટ;આકાર.

Conformist,(કૉન્ફૉર્મિસ્ટ્) *n* One who complies with the worship of the church of England or of the established church:ઇંગ્લાંડમાં ખ્રિસ્તી ધર્મમાં સ્થાપીત મત પ્રમાણે ચાલનાર.

Conformity,(કૉન્ફૉર્મિટિ) *n.*Resemblance; મળતાપણું;મેળ;સરખાપણું.2.Compliance with the usages of the established church:સ્થાપિત ધર્મ-પંથના નિયમોનું પ્રતિપાલન-ની રાહેવૃત્તિ.

Confound,(કૉન્ફાઉન્ડ્) *vt.* [L. *con* & *fundo*, I pour.] To mingle: ગુંચવી નાંખવું. 2. To mistake for another:ભૂલથી એકને બદલેબીજાને ધારવું-ગણવું;ખોટું ઓળખવું.

Confounded, (કૉન્ફાઉન્ડેડ્)*a.*Confused;perplexed:આકુળ;વ્યાકુળ;ગાભરૂં,છક્ક,આવરૂં.

Confraternity, (કૉન્ફ્રૅટર્નિટિ) *n* [L. *con* & *frater* a brother.]A body or society of men united for some purpose:બન્ધુવર્ગ-મંડળ.

Confront, (કૉન્ફ્રન્ટ્)*vt.* [L.*con* & *frons*,the forehead.] To stand in front of;to face:સન્મુખ-સામે મ્હોડે ઉભા રહેવું. 2. To stand in direct opposition to;to oppose:સામા થવું. 2.To put face to face:રૂબરૂ-સમક્ષ મુકવું.

Confrontation, (કૉન્ફ્રન્ટેશન્) *n.*The act of confronting;comparison:રજુઆત;મુકાબલો.

Confuse, (કૉન્ફ્યૂઝ) *a.* [L. *con* & *fundo*,I pour.]Mixed:મિશ્રિત.*vt.*To confound:ગુંચવી નાંખવું.2.To perplex;To disconcert:ગુંચવવું; ગભરાવવું. [ગુ ચવણ; ગોટાળો;ગાલમેલ.

Confusion,(કૉન્ફ્યૂઝન્)*n.*Disorder;tumult:

Confutable,(કૉન્ફ્યૂટેબલ્)*a* Capable of being confuted:ખંડનયોગ્ય;ખોટું પાડીશકાયાએવું;ખંડનીય

Confutation,(કૉન્ફ્યૂટેશન્)*n.*The act or process of confuting;refutation:તકરારથી હરાવવું તે;ખંડન,રદીઓ;વિતંડા.

Confute,(કૉન્ફ્યૂટ્)*vt.* [L.*con*&*futo*,I argue] To refute conclusively;to overcome:તકરારદલીલથી રદ્દ કo-હરાવવું;-નું ખંડન કo;મ્હો બંધકo.

Conge, (કૉન્જી) *n.* [*com*&*eo*, Igo.] (*a*) The act of taking leave:છેલ્લી સલામ. *vi.*To take leave with the customary civilities:સલામ કo;રામરામ કહેવા;નમસ્કાર કo.

Congeal,(કૉન્જીલ્)*vt.*[L.*con* & *gelo*,I freeze.] To freeze:જમાવવું; નક્કર-ઘટ્ટ કo.2.To chill;to cold:શિથિલ કo.*vi.*To coagulate:ટાઢ-ઠંડને લીધે કઠણ-જાડું-ઘટ્ટ થવું;જામવું.

Congealment, } **Congealation,** } (કૉન્જીલ્મેન્ટ્-લેશન્)*n.* The act or process of congealing: ઠારવું તે.

Congener,(કૉન્જીનર)*n.*[L *con* & *genus*, a race]A thing allied in kind or nature: સમજાતીય-એક જાતીય વસ્તુ;સજાતીય;એકજાતીય.

Congeneric-ous,(કૉન્જીનેરિક્-કૉન્જીનેરિસ્)*a.*Of the same genus:સમજાતીય;એક જાતનું.

Congenial,(કૉન્જીનિઅલ્)*a.*[L. *con* & *genialis*,genial.] Kindred:સમજાતીય.2.Naturally adapted:કુદરતથી માફક આવતું.

Congenital,(કૉન્જેનિટલ્)*a.* [L. *con* & *gero*, I bear.] Existing at birth:જન્મનું;સ્વાભાવિક.

Congest,(કૉન્જેસ્ટ્)*vt.*[L *con* & *gero*,I bear.] To bring together:એકઠું કo.

Congestion, (કૉન્જેસ્ટ્યૅન્) *n.* The act of gathering into a heap or mass:ઢગલો;જમાવ; ભરાવો 2.(*Med.*)An accumulation of blood in any part of the body:શરીરના કોઈ પણ ભાગમાં લોહી એકઠું થવું તે.

Congestive,(કૉન્જેસ્ટિવ્)*a* (*Med*). Attended by an accumulation of blood in some part of the body:લોહીની ગાંઠ બંધાતું;રક્તાવરોધ સૂચક

Conglomerate,(કૉન્ગ્લૉમરેટ્) *a.*[L. *con* & *glomero*,I wind into a ball.] Concentrated;collected:જથાબંધ;ગઠ્ઠાબંધ;ઢગલીબંધ.*vt.*To collect into a round mass:ગોળ-દડા રૂપે એકઠું-ભેગું કo;જથો જમાવ.2.(*Geol.*)A rock composed of pebbles:ગોળ કાંકરાનો બનેલો ખડક.

Conglomeration,(કૉન્ગ્લૉમરેશન્)*n* The act of gathering into a mass:જમાવ; સંગ્રહ;સમુદાય.

Conglutinate,(કૉન્ગ્લ્યૂટિનેટ્) *vt.* [L. *con* & *glutino*,I glue.]To glue together:જોડવું *vi.* To coalesce:જોડવું;સાંધવું

Conglutination (કૉન્ગ્લૂટિનેશન)*n* A gluing together;junction;union:જોડવું તે; સંયોગ.

Congratulate, (કૉન્ગ્રૅટ્યૂલેટ્) *vt* [L. *con* & *gratus*,pleasing.]To wish joy to: મુબારકી-મુબારકબાદી આપવી.અભિનંદન આપવું.*To c one's self* to rejoice:આનંદિત થવું.

Congratulation.(કૉન્ગ્રૅટ્યૂલેશન)*n*.The act of congratulating:વધામણી;મુબારકબાદી,અભિવંદન.

Congregate,(કૉન્ગ્રીગેટ્)*vt*.[L. *con* & *gres*, flock.]To assemble:એકઠું કo-નો મેલાવડો જમાવ કo.*vi* To come together:એકઠું થવું.*a*.Collected;close:ભેગું-એકઠું થયેલું;ઘટ્ટ;સજ્જડ;ઘન.

Congregation, (કૉન્ગ્રીગેશન્) *n*. The act of congregating:જમાવ કરવો.2.An assembly of persons:ધર્મસમાજ.

Congregational,(કૉન્ગ્રીગેશનલ્)*a*. Pertaining to a congregation:મંડળી-સમાજ સંબંધી

Congregationalism,(કૉન્ગ્રીગેશનૅલિઝમ્) *n*. That system of church government which vests all ecclesiastical power in the assembled brotherhood of each local church: દરેકસ્થાનિક ધર્મ પંથના ભેગા થએલા મંડળને સર્વધાર્મિક સત્તા આપી હોય એવી વ્યવસ્થા રીતિ.

Congregationalist,(કૉન્ગ્રેગેશનૅલીસ્ટ્) *n* One who belongs to the congregational church: સામાજીક પંથ-સમુદાયનો માણસ.

Congress,(કૉન્ગ્રેસ્)*n*.[L *con* & *gradior*, I go.]A meeting of individuals;an encounter:લોકોનો મેળાપ.2.A meeting of the representatives of several states:જુદાજુદા રાજ્યના પ્રતીનિધિઓ-વકીલોની સભા-મંડળી. 3. An assemblage of representatives for a common object:મેળાવડો;સભા;સમાજ;સમૈયો; પરિષદ

Congressive,(કૉંગ્રેસિવ્)*a* Encountering or coming together:એકઠું થવું;જમાવ થવું;મળવું.

Congruence-cy,(કૉન્ગ્રૂએન્સ્ [-સિ)*n* [L *congruentia*.]Agreement:એકરાગ;મેળ.

Congruous-ruent, (કૉંગ્રૂઅસ્-એન્ટ્) *a*. Suitable;agreeing fit,harmonious:મળતું;બેસતું માફક;યોગ્ય;અનુરૂપ;જમતું;સંગત;સંબદ્ધ.

Congruity,(કૉન્ગ્રૂઇટિ)*n*. Fitness; harmony; correspondence:એકરાગ યોગ્યતા;મેળાપ.

Conic al,(કૉનિક્-કૅલ) *a* [L. *conos*, a cone] Having the form of, or resembling: શંકુ આકૃતિ-આકારનું. *C section*:શંકુચ્છેદ.

Conics,(કૉનિક્સ્)*n*. That part of geometry which treats of the cone and the curves which arise from its sections:શંકુચ્છેદ ભૂમિતિ.

Conjecturable, (કૉન્જેક્ટ્યૂરૅબલ્) *a*. Capable of being guessed:અનુમેય;અનુમાન સાધ્ય.

Conjectural, (કૉન્જેક્ટ્યૂરૅલ્) *a*. Depending on conjecture:અટકળ ભરેલું;કલ્પિત.

Conjecture,(કૉન્જેક્ટ્યૂર્)*n*.[L *con* & *jacio*, I throw.] Probable inference: અટકળ; અનુમાન;કયાસ; કલ્પના;ધારણા;તર્ક. *vt* To arrive at by conjecture:અટકળ કયાસ-અનુમાન કo.

Conjoin,(કૉન્જોઇન્) *vt*. [L. *con* & *iungo*, I join.] To join together:સાથે જોડવું;સાંધવું;સંયોગ કo.*vi*.To unite:જોડાવું; સંયુક્ત થવું.

Conjoint,(કૉન્જોઇન્ટ્)*a*.United: જોડેલું; સાંધેલું.

Conjointly,(કૉન્જોઇન્ટ્લિ)*adv*.In a conjoint manner;unitedly:મળીને;જોડે;એકઠું સાથે.

Conjugal,(કૉન્જ્યૂગૅલ્) *a*. [L. *con* & *jugum*, a yoke.] Matrimonial; connubial: વિવાહનું વિવાહ સંબંધિ.

Conjugate,(કૉન્જ્યૂગેટ્)*vt*.[L.*con* & *jngo*, I join]To unite in marriage;to join:લગ્ન કo. 2.To distribute the parts or inflections of a verb:ક્રિયાપદનાં રૂપાખ્યાન આપવાં-કo.

Conjugation, (કૉન્જ્યૂગેશન્) *n*. The act of uniting;union;assemblage:જોડવું-ભેગું કરવું તે; મેળાપ.2 The act of distributing the several inflections or variations of a verb:ક્રિયાપદનાં રૂપાખ્યાન.[જોડેલું.*n* A combination:સાધિ;સંયોગ.

Conjunct.(કૉન્જન્ક્ટ્)*a* United;conjoined:

Conjunction.(કૉન્જન્ક્શન્)*n*.Union;association:સંયોજન;સંયોગ; સંબંધ. 2.The meeting of two or more stars or planets in the same degree of the zodiac:યોગ. *C. of sun & moon*:સૂર્યેંદુસંગમ;યુતિ.3 (*Gram.*) A connecting word:ઉભયાન્વયી અવ્યય *In c with*:સાથે.

Conjunctive,(કૉન્જન્ગ્ક્ટિવ્)*a*. Closely:મજબૂત જોડાયેલું-જોડવામાં કામ આવતું;જોડનાર.

Conjuncture, (કૉન્જન્ગ્ક્ટ્યૂર્) *n*. Union: સંયોગ.2.An occasion:સંધિ;પ્રસંગ.

Conjuration, (કૉન્જ્યૂરેશન્) *n*. The act of binding by an oath:સોગંદ ઘાલવા તે 2 Incantation:ધંતરમંતર;નજરબંધી;મંત્ર; નડ; છુમંતર.

Conjure,(કૉન્જ્યૂર્)*vt* [L *con*&*juro*,I swear] To adjure:સોગંદ ઘાલીને બોલાવવું 2. To implore earnestly:કાલાવાલાથી વિનંતિ કo.

Conjure, (કન્જર્) *vt* To affect by magic: મંતરવું;નજરબંધી. *o c up*,(*a*)to call up:દૃષ્ટિગોચર કo(*b*)To invent:બનાવવું.*vi*.To practise magical arts:જાદુ કo; છુમંતર કo.

Conjurer,(કન્જરર્)*n*.(*a*)One who practises magic: જાદુગર; ગારૂડી; માયાવી. 2. A man of sagacity:ચાલાક-ચતુર-હોશીયાર માણસ.

Connate, (કૉનેટ્) *a*.[L.*con*&*natus*,born.] Born with another; being of the same birth:બીજા સાથે જન્મેલું. 2. (*Bot.*) United in origin:એકજમાથી થયેલું;જોડાઇને એક થયેલું.

Connatural, (કૉનૅટ્યૂરૅલ્) *a*. [L.*con*&Eng. *natural*.]એક જાતિય;સજાતીય.

Connect,(કૉન્નેક્ટ્)*vt*.[L.&*necto*,I bind]To knit:પૂર્વાપર સંબંધ રાખવો;સાધવું. *vi*. To become joined:સંધાવું;જોડાવું.

Connected,(કૉન્નેક્ટેડ્)*p.p* Joined: સંધાયેલું.

Connection xion, (કૉન્નેક્શન્) *n*. સાંધો;ગાંઠ. Junction:સંબંધ.2. That which connects or joins together:અનુસંધાન.3. A relation; esp., a person connected with another by marriage:સંબંધી;સગા.

Connective,(કૉન્નેક્ટિવ્)*a*.Havingthepower of connecting:જોડવાની-સંયોગ કરવાનીશક્તિવાળું.

Connivance,(કૉનાઇવૅન્સ્)*n*.Voluntary oversight:આંખ આડા કાન;અખાડા;આંખમીચામણી.

Connive, (કૉનાઇવ્) *vi*. [L *con* & *nivo*,I close.]To wink:જાણીજોઈને આંખો ઢાંકીને માથું દેવી.2. To fail to see fault:જોયું ન જોયું કo.

Connoisseur,(કૉનિસ્યૂર્)*n* [L *con* & *nosco*, I learn.]One well versed in any subject: પ્રવીણ-નિપુણ-ગુણજ્ઞ-રસજ્ઞ પુરૂષ;મર્મજ્ઞ; વાકેફગાર; પરીક્ષક;ગુણગ્રાહી.

Connote,(કૉન્નોટ્)*vt*.[L.*con* & *noto*,I mark] To imply: નો ગુણ દેખાડવો;-નો અંદર સમાવેશ કo.

Connotation, (કૉન્નોટેશન્) *n*. Implication of something more than is asserted:સંકેત.

Connubial,(કૉન્યૂબિઍલ્)*a*. [L. *con* & *nubo* I marry] Pertaining to marriage:વિવાહ-લગ્ન સંબંધી;વૈવાહિક.

Conquer,(કૉન્કર્) *vt*. [L *con* & *quoero*, I seek.] To gain force; to subdue; to vanquish:બળથી મેળવવું;જીતવું.

Conquerable,(કૉન્કરેબલ્)*a*.Capable of being conquered:જીતવા-તાબે કરવા જેવું.

Conqueror,(કૉન્કરર્)*n*.One who conquers: જીતનાર;વિજયી *a. mighty* c.:દિગ્વિજયી.

Conquest,(કૉન્ક્વેસ્ટ્)*n*. The act of conquering;victory:જીત;ફત્તેહ;વિજય.2.The acquiring of property by other means than inheritance:વારસા સિવાય બીજાં સાધનોથી મિલકત મેળવવી તે.

Consanguineous, (કૅન્સૅન્ગ્વીનિઅસ્) *a*. [L *con* & *sanguis*,blood.]Of the same blood, related by birth:એક લોહીનું;સગાઈ ધરાવતું.

Consanguinity, (કૉન્સૅન્ગ્વીનિટિ) *n*. Blood relationship: ખલોહી-શરીર-સંબંધ.

Conscience, (કૉન્શેન્સ્) *n* [L.*con* & *scio*, I know.]Knowledge of one's own thoughts શુદ્ધિ.2 The moral faculty:સદસદ્વિચારશક્તિ;અંતઃકરણ.*Court of* c.:થોડી રકમનું દેવું વસુલ કરવાને માટે સ્થાપેલી અદાલત.*a.matter of* c :અંતઃકરણની સૂચના:

Conscientious,(કૉન્શિએન્શસ્)*a*.Influenced by conscience:નેકીવાળો; ન્યાયનિષ્ઠ; ઈમાનદાર; નેકીવાળો;અસલ 2.Conformed to the dictates of conscience:અંતઃકરણ મુજબ કરેલું.

Concientiousness, (કૉન્શિએન્શસ્નેસ્) *n*. A sense of justice and strict conformity to the dictates of conscience:સાચી નિષ્ઠા-નેકીપણું.

Conscious, (કૉન્શિઅસ્)*a*. Possessing the faculty:ભાન-શુદ્ધિવાળું.2 Aware:વાકેફ.

Consciousness, (કૉન્શસ્નેસ્) *n*. The state of being conscious:શુદ્ધિ;સાવચેતી.*To return to* c :શુદ્ધિ-ભાનમાં આવવું.

Conscribe,(કૉન્સ્ક્રાઇબ્)*vt*.[L *con* & *scribo*,I write]To write down;enlist:લખવું;નોંધવું.

Conscript,(કૉન્સ્ક્રિપ્ટ્) *a* [L *con* & *scribo*,I write.]Registered:લખેલું. *n*. One taken by lot:દફતરમાં નોંધેલાં નામમાંથી કે ચીઠ્ઠી નાંખીને મુકરર કરેલો સિપાહ.

Conscription,(કૉન્સ્ક્રિપ્શન્)*n*. An enrolling or registering:નોંધ.2 A compulsory enrollment of men for military or naval service:લશ્કરી કે વહાણમાં નોકરી કરવાને માટે જબરદસ્તીથી નામ નોંધવાં તે;બળજોરીથી નોકરી કરાવવાની રીત.

Consecrate,(કૉન્સીક્રેટ્)*vt* [L. *con* & *sacer*, sacred]To declare to be sacred: પવિત્ર કo. 2 To set apart to a sacred office:પવિત્ર સ્થળે યોજવું.3.To canonize:પૂજ્ય પ્રતિષ્ઠિત કo.

Consecration,(કૉન્સીક્રેશન્) *n*. The act or ceremony of consecration:પ્રતિષ્ઠા;સંસ્કાર.

Consecrator,(કૉન્સીક્રેટર્)*n* One who consecrates:દેવાર્પણ કરનાર;પ્રતિષ્ઠા કરનાર.

Consecution,(કૉન્સીક્યૂશન)*n*. A sequel: પરંપરા;માલા;હાર;અનુક્રમ.

Consecutive,(કૉન્સેક્યૂટિવ્)*a*.[L *con*&*sequor* I follow.]Successive:અનુક્રમનું.2. Following as a consequence:પરિણામ તરીકે નિપજતું.

Consent,(કૉન્સેન્ટ્)*n*.[L.*con* & *sentio*,I feel] Accord; concurrence: સંમતિ; અનુમતિ. 2. Agreement: એક રાગ; એકમત. *With free* c.: રાજી ખુશીથી;*the* c *bill*:સંમતિપત્રનો ખરડો.*vi*.To be of the same mind:એકજ મત-વિચારના હોવું.

Consentaneous,(કૉન્સેન્ટેનિઅસ્) *a*. Agreeable:મળતું;બેસતું લાયક;યોગ્ય; અનુકૂળ.

Consentient,(કૉન્સેન્શિઍન્ટ્)*a*. Agreeing in mind:accordant:સંમત;અનુકૂળ;રાજી;એકચિત;સહમત.

Consequence, (કૉન્સીક્વેન્સ્) *n*. Result:પરિણામ.2 [*Logic*.]Inference:અનુમાન.3. Chain of causes and effects: કાર્ય કારણ સંબંધ.4. Importance:વજન;*of* no c :નિરર્થક,*In* c ,for this cause: એટલા માટે *In*. c *of*,by reason of:લીધે. *vt* To draw inferences: અનુમાન કo.

Consequent, (કૉન્સીક્વેન્ટ્) *a*. Following as a result: પરિણામ-અનુમાન દાખલ નિપજતું. 2. (*Logic*.)Following by necessary inference અનુમાન જન્ય.*n* A conclusion:અનુમાન.

Consequential, (કૉન્સીક્વેન્શિઅલ્) *a.*Consequent:પરિણામક.2. Pretending to importance:માની;ગર્વિષ્ટ;ડોળવાળું;ગૌરવવાળું.

Consequentially, (કૉન્સીક્વેન્શિઅલિ) *adv.* With just deduction of consequences:કાર્યકારણભાવથી;અર્થાત્.2.Eventually:આખરે.

Consequently,(કૉન્સીક્વેન્ટ્લિ)*adv.In* consequence of:તેથી-તેણે કરીને; તેને લીધે;એટલા માટે.

Conservancy,(કૉન્સર્વૅન્સિ)*n.*The act of preserving:preservation:સંભાળ; રક્ષણ; સંરક્ષણ.

Conservation,(કૉન્સર્વેશન્)*n.*The keeping of a thing in safe and entire state:સંભાળ.

Conservatism,(કૉન્સર્વૅટિઝ્મ્)*n.*Opposition to change:ચાલતી રૂઢી રહેવા દેવાની ઇચ્છા.

Conservative, (કૉન્સર્વૅટિવ્) *a.* Having power to preserve in a safe or entire state સલામત-આખું-નુકશાન-ઇજા ન થાય તેમ રાખનારૂં;રક્ષક;સંરક્ષક.2.Tending or disposed to maintain existing institutions: ચાલતી રીતીને વળગી રહેનાર. *n.* One who desires to maintain existing institutions and customs:ચાલતી રૂઢી-રીવાજ રાખી રહેવાની ઇચ્છાવાળો માણસ.

Conservator, (કૉન્સર્વેટર્) *n.* One who preserves from injury: ઇજા-નુકશાનમાંથી સંભાળી રાખનાર;પાલક.

Conservatory,(કૉન્સર્વૅટૉરિ) *a* Having the quality of preserving from loss,decay or injury:દુઃખ-ઇજા; નુકશાન-સડામાંથી બચાવતું. *n.* A place for preserving from loss, decay or injury: રક્ષણશાળા. A public place of instruction:સાર્વજનિક કેળવણી આપવાની જગા.

Conserve,(કૉન્સર્વ્)*vt.*[L *con & servo*,I keep.] To save:સારૂ-સહી સલામત રાખવું; રક્ષણ કo;સંભાળી રાખવું. 2. To prepare with sugar as fruits,&c.for the purpose of preservation: સાચવી રાખવાને માટે ફળ વિગેરેને ખાંડ પાવી.

Consider(કૉન્સિડર્)*vt.*[L.*con & sideo*,I sit] To ponder:વિચારવું;મનન કo.2.To take into account:ધ્યાનમાં-લક્ષમાં લેવું3. To look at attentively:તરીકે જોવું;ગણવું;વિચારવું;ધારવું.

Considerable, (કૉન્સિડરૅબલ્) *a.*Worthy of consideration:ધ્યાનમાં-લક્ષમાં લેવા-રાખવા લાયક. 2 Of importance or value:ઘણું મ્હોટું.

Considerably, (કૉન્સિડરૅબ્લ) *adv.* Greatly; much:ઘણું;ઘણું એક.

Considerate, (કૉન્સિડરેટ્) *a.* Deliberate: વિચારવંત; વિચારશીળ; ડાવકો; વિવેકી. 2.Having respect to;regardful:ધ્યાન આપનાર.

Considerately,(કૉન્સિડરેટ્લિ) *adv* Deliberately:વિચારપૂર્વક;વિચારથી;બુદ્ધિપૂર્વક.

Consideration, (કૉન્સિડરેશન્) *n.* Contemplation:વિચાર. C. *of prons & cons*:કાર્યાકાર્ય વિચાર;ફાફલ વિચાર. 3. Thoughtful sympathetic regard: ચિંતા; દયાની લાગણી. 4.Claim to notice:પ્રતિષ્ઠા;ગૌરવ;ભાર;વજન.5.Motive:હેતુ; વિચાર;કારણ; *Law*)6.The compensation:બદલો.

Considering,(કૉન્સિડરિન્ગ્)*p p*-Taking into account:ઉપર નજર રાખતાં; વિચારમાં લેતાં; જોતાં.

Consign, (કૉન્સાઇન્) *vt.* [L *con & signo*,I mark.] To give: આપવું. 2. To commit; હવાલે કo.3.(*Com*)To give into the hands of an agent for superintendence.&c.:વેચવા સાટવા અને વ્યવસ્થા કરવા આડતિયાને સોંપવું.

Consignee,(કૉન્સાઇની)*n* A person to whom goods or other things are delivered in trust, for sale or superintendence:જેને ભરોસે રાખવા અને વેચવા માટે માલ સોંપ્યો હોય તે; આડતિયો.2.Consigner:માલ મોકલનાર.

Consignment, (કૉન્સાઈન્મેન્ટ્) *n.* The act of consigning:હસ્તગત કo તે;હવાલો.2 (*Com.*) The goods sent or delivered to a factor for sale:આડતિયાને વેચવાને માટે સોંપેલો અથવા મોકલેલો માલ.3.The writing by which anything is consigned:માલ સોંપ્યા બાબતનું લખત.

Consist,(કૉન્સિસ્ટ્)*vi.*[L.*con &sisto*.I stand] *vi.* To be composed of:-નું હોવું-બનેલા હોવું. 2. To have as substance or character (follwed by *in*):-મા રહેવું-હોવું.

Consistence-cy, (કૉન્સિસ્ટેન્સ્-કૉન્સિસ્ટેન્સિ)*n.* Existence;firmness:હયાતી;મજબૂતી;દૃઢતા.Correspondence;પૂર્વાપરસંગતિ;તાલ;મેળ.

Consistent, (કૉન્સિસ્ટેન્ટ) *a.* Accordant; congrous:મળતું;બેસતું;અનુરોધી;અનુસરતુ.

Consistently, (કૉન્સિસ્ટેન્ટ્લિ) *adv* In a consistent manner:અનુકૂળતાથી;યથાયોગ્ય રીતે.

Consistory, (કૉન્સિસ્ટૉરિ) *n.* Solemn assembly or council:મ્હોટી વાતની સલાહ-વિચાર કરવાને મળેલી મંડળી.2.The spiritual court of a diocesan bishop:પ્રગણાના ધર્માધ્યક્ષની ધર્મક્રીય સભા.3.A church tribunal:ખ્રિસ્તિ ધર્મના લોકોનું ઇન્સાફનું ઠેકાણું.

Consociate,(કૉન્સૉશિઍટ્)*n*[L *con&socius* a companion.]One who is confederated with another:સાથી;સોબતી.*vt.*To join unite: જોડવું.*vi.* 2. To form an ecclesiastical consociation:મુખ્ય ખ્રિસ્તિ ધર્માધ્યક્ષોની સભાઉભી કo.

Consolable,(કૉન્સૉલૅબલ્) *a.* Capable of receiving consolation:સુખ-દિલાસો મળી શકે તેવું.

Consolation,(કૉન્સૉલેશન્)*n.*Comfort;solace દિલાસો;દુઃખશાંતિ:મનનું સમાધાન;આશ્વાસન.

Consolatory, (કૉન્સૉલૅટૉરિ) *a.* That which consoles:દિલાસો આપે એવું;સમાધાનનું.

Console,(કૉન્સૉલ્)*vt.*[L. *con & solor*,I comfort.]To cheer in distress or depression:

દિલાસો આપવો-દેવો;મન વાળવું;સમાધાન ક૦.

Console,(કૉન્સોલ્)*n*.[L.*con* & *solidus*,firm, solid.]A bracket:માંડણી;ટેકો.

Consolidate,(કૉન્સૉલિડેટ્)*vt* [L *con* & *solidus*,firm,solid.] To make solid:ઘટ્ટ-પીગું ક૦; એકઠું ક૦.2.(*Surg*).To unite by means of applications:કંઈ લગાડીને(શરીરનો ભાગ-હાડકું)સાંધવું;જોડવું.*vi* To grow firm:મજબૂત-કઠણ-ઘટ્ટ થવું.

Consols,(કૉન્સોલ્ઝ્) *n. pl.* The leading English funded government security:વિલાયતમાં એક જાતની વ્યાજુ નોટો.

Consonance-cy,(કૉન્સૉનન્સ્-ન્સિ)*n*.[L.*con* & *sono*,I sing.](*Mus.*)Agreement of sounds: એકસ્વર મેળ;સુસ્વર.2.Agreement: મેળ;એકરાગ;એકતાલ.*In c.with*:પ્રમાણે 3.Frieindship:મિત્રતા.

Consonant, (કૉન્સૉનન્ટ્)*n*.A member of the spoken alphabet other than a vowel:વ્યંજનાક્ષર;વ્યંજન.*Conjunct c*.:સંયોગ;યોગ.*a*.Congruous;consistent:મળતું;મેસતું;અનુસરતું.

Consonantal,(કૉન્સૉનૅન્ટલ્)*a* Pertaining to consonants:વ્યંજનનું-સંબંધી-વિષેનું.

Consort,(કૉન્સૉર્ટ્) *n*. [*con* & *sors*, lot.] A companion;a partner;especially,a wife or husband:સાથી;સાગીઓ;સાગોઅણ;સોબતી;(મુખ્યત્વે કરીને)ધણી અથવા ધણીઆણી;પતિ કિંવા પત્ની.2. Concurrence:અનુમતિ. 3. Company: મંડળી; જથો.4.Harmony of sounds:એક રાગ-તાલ;મેળ. *Prince c*:રાજ્યકર્તી રાણીનો ધણી. *Queen c*.:રાજ્યકર્તા રાજાની સ્ત્રી.*vi*.To unite:ની સોબત-સંગત ક૦.*vt*.To unite as affection:પ્યાર-હેત બાંધવું.

Conspicuous, (કૉન્સ્પિક્યુઅસ્) *a*. [L. *con* & *specto*,I see,]Manifest:ખુલ્લું;ઉઘાડું;સ્પષ્ટ;મશહુર.2 Eminent:પ્રસિદ્ધ;નામીચું; પ્રખ્યાત.

Conspicuousness, (કૉન્સ્પિક્યુઅસનેસ્) *n*. Openness or exposure to the view:ખુલ્લાપણું;સફાઇ.2.Eminence:કીર્તિ;પ્રખ્યાતિ.

Conspiracy, (કૉન્સ્પિરૅસિ) *n*.A combination for an evil purpose:કાવત્રું;તરકટ; સંતલસ;સંપ.

Conspirator,(કૉન્સ્પિરેટર)*n*. One who conspires with another for an evil purpose;a plotter:બીજાને જોડે મળી કાવતરૂં રચનાર.

Conspire, (કૉન્સ્પાઇર) *vi* [L.*con* & *spiro*,I breathe.]To agree by oath to commit a crime:ખોટું-દુષ્ટ કામ કરવાને સોગન ખાઇને બંધાવું-મનસુબો ક૦.To agree:એકઠા ગળી-એક મત થઇ કાંઈ ક૦.*vt*.To plot:કાવતરૂં ક૦.

Conspirer,(કૉન્સ્પાઇરર્)*n*.One who conspires or plots;a conspirator:દુષ્ટ કામ કરનાર;દુષ્ટ કામ કરવાનો મનસુબો કરનાર-તરકટી.

Constable, (કૉન્સ્ટેબલ્)*n*. [L *comes* count & *stabulum*,stable.] A high officer in the monarchical establishment of the middle ages (યુરોપમાં)મધ્ય જમાનામાં રાજાનો એક મ્હોટો અધિકારી.2.(*Law*)An officer of the peace: સુલેહનો અમલદાર;પોલીસનો સિપાઈ.

Constancy, (કૉન્સ્ટન્સિ) *n*. Stability; fixedness:સ્થિરતા;અચળપણું.2.Firmness of mind; fidelity:દ્રઢતા;દ્રઢભાવ;નિશ્ચળતા.

Constant,(કૉન્સ્ટન્ટ્) *a*.[L *con*&*sto*,I stand.] Immovable; firm: સ્થિર, સ્થાયી; દ્રઢ. 2 Permanent:અચળ. 3. Remaining unchanged or invariable:બદલાય નહિં એવું;નિત્ય;સ્થિર.

Constantly, (કૉન્સ્ટન્ટ્લિ) *adv*. Continually; perseveringly:દ્રઢપણાથી; હમેશ;નિરંતર;નિત્ય.

Constellation, (કૉન્સ્ટેલેશન) *n* [L. *con* & *stella*,a star.]A cluster of fixed stars:નક્ષત્ર; રાશી. 2. An assemblage of splendours or excellencies:તેજપુંજ.

Consternation, (કૉન્સ્ટર્નેશન) *n*. [L *con* & *sterno*, I spread out.] Excessive terror: બેબાકળાપણું;ગભરાટ;વિસ્મય;ત્રાસ;સંભ્રમ.

Constipate, (કૉન્સ્ટિપેટ્) *vt*. [L.*con*&*stipo*, I crowd together.] To press together: દાબીને થોડામાં સમાવવું. 2. To render costive: (ઝાડો) કબજ ક૦;-થીકબજ થવું;મળાવરોધ ક૦.

Constipation, (કૉન્સ્ટિપેશન) *n*. The act of pressing together: દબાવવું-ઘટ્ટ કરવું-થવું તે. 2. Costiveness:કબજીઅત;બંધકોષ; મળાવરોધ.

Constituency, (કૉન્સ્ટિટ્યૂએન્સિ) *n*.A body of electors who make a representative: મંડળી;પસંદ કરનાર;યોજકમંડળ.

Constituent, (કૉન્સ્ટિટ્યૂએન્ટ્) *a*. Elemental; constituting:કારણભૂત;હેતુ-અવયવ-મૂળ;અંગભૂત. *n*.The person or thing which determines or constructs: જે પુરૂષ-ચીજ કશાને ઠરાવ-નિશ્ચય કરે છે તે.2 (*a*)One who acts for another:જેને માટે બીજો કામ કરેછે તે.(*b*) One who is represented by another in a legislative assembly:ધારા સભામાં જેને માટે-બદલે પ્રતિનિધિ આવે છે તે.

Constitute,(કૉન્સ્ટિટ્યૂટ્)*vt* [L.*con*&*statuo*, I place.] To establish: સ્થાપવું;ઠરાવવું 2.To compose: થી થવું; મળીને થવું-હોવું *n*.An established law:સ્થાપેલો-ઠરાવેલો કાયદો.

Constitution,(કૉન્સ્ટિટ્યૂશન) *n*.Enactment: રચના;બંધારણ. 2.Natural condition; structure:અવસ્થા; બાંધો; પ્રકૃતિ; કાદ્રુ-કુદરતી સ્થીતિ.3. The aggregrate of mental qualisies temperament: રાજનીતિ. 4. Authoritative ordinance: અખત્યાર રૂપે કરેલો કાયદો;ઠરાવ;નિયમ;કાનુન.

Constitutional, (કૉન્સ્ટિટ્યૂશનૅલ્) *a*. Belonging to the constitution of the body or mind:સ્વભાવસિદ્ધ;શરીર-મનના બાંધા-બંધારણ વિષેનું.2. In accordance with the constitution

of a government or a society:કોઇ રાજ્ય-સભાના બંધારણ પ્રમાણે.

Constitutionally,(કૉન્સ્ટિટ્યૂશનૅલિ) *adv.* In accordance with the natural frame; naturally:પ્રકૃતિથી.2.In accordance with the constitution or fundamental laws: રાજ્ય બંધારણ-નિયમ પ્રમાણે.

Constitutive,(કૉન્સ્ટિટ્યૂટિવ્)*a.* Elemental. essential:સંયોજક;અંશભૂત;મૂળ;બીજનું.2 Having power to enact, establish or create: સ્થાપવાના-ઉત્પન્ન કરવાના;સ્થાપક.

Constrain, (કૉન્સ્ટ્રેન્) *vt.*[L.*con*&*stringo*,I draw tight.] To secure by bonds:બાંધવું. 2.To compel;to force:જબરૂ પાડવી.3. To produce in such a manner as to give an unnatural effect:કૃત્રિમ છે એવું જણાય તેટલું ખેંચવું-તે પ્રમાણે કાઢવું.

Constraint,(કૉન્સ્ટ્રેન્ટ્) *n.*The act of being constrained:પરાધીનતા.*By* c.:બળાત્કારથી.

Constrict, (કૉન્સ્ટ્રિક્ટ્)*vt.* [L *con*&*stringo*,I bind] To draw together:દાબવું;બાંધવું.

Constriction,(કૉન્સ્ટ્રિક્શન્)*n.*The act of constricting or the state of being constricted: સંકોચન કo-થવું તે;સંકોચ;સંકોચન;આકુંચન.

Construct, (કૉન્સ્ટ્રક્ટ્) *vt.* [L.*con* &*struo*,I build up.] To build,to form:બાંધવું;રચવું.2 To arrange:યોજવું;રચવું.

Construction, (કૉન્સ્ટ્રક્શન્) *n.*Erection;fabrication;imposition:ઘા ;બાંધ ;રચના;યોજના.2.Explanation:અર્થ;માયનો;અન્વય.

Construcionalist, (કૉન્સ્ટ્રક્શનૅલિસ્ટ્) *n.*One who construes a writing or public instrument:લખત અથવા સરકારી કાગળનો અર્થ કરનાર.

Constructive, (કૉન્સ્ટ્રક્ટિવ્) *a.* Having ability to construct or form:બનાવવા અથવા રચવાની શકિતવાળું;ગર્ભિત;ઉત્પાદક; યોજક;મડતરૂપ.

Constructure, (કૉન્સ્ટ્રક્ટ્યૂર) *n.*A fabric;an edifice:ઈમારત;મકાન;રચના.

Construe,(કૉન્સ્ટ્રૂ)*vt.*To explain the construction of:ની રચના સમજાવવી;અર્થ સમજાવવો 2.To put a construction upon;to understand:સમજવું;અર્થ કo;કાઢવો;ગણવું;અન્વય કo.

Consubsist, (કૉન્સબ્સિસ્ટ્) *vi.* [L.*con*,*sub* & *sisto*,I stand.]To subsist together:સાથે રહેવું.

Consubstantial,(કૉન્સબ્સ્ટૅન્શૅલ્)*a.*Of the same kind or nature:એકજ તત્વ-જાતનું.

Consuetude,(કૉન્સ્વીટ્યૂડ્)*n* [L *con*&*suere*, to be accustomed.]That which is customary usage:લોકવ્યવહાર;રૂઢી;ચાલ;લોકાચાર.

Consul, (કૉન્સલ્) *n.* [L.*consulo*,I consult.] An official commissioned to reside in a foreign country as an agent or representative of a government:કોઈપણ રાજ્યનો પરરાજ્યમાં રહેનાર એલચી-મુખત્યાર-પ્રતિનિધિ

Consular,(કૉન્સ્યૂલર્)*a* Pertaining to a consul:એલચીનું;પ્રતિનિધિ સંબંધી; વકીલનું-સંબંધી.

Consulate, (કૉન્સ્યૂલૅટ્) *n.* The office of a consul:એલચી-પ્રતિનિધિનો હોદ્દો 2.The residence of a consul:એલચીનું રહેઠાણ.

Consulship,(કૉન્સલ્શિપ્)*n.* The office of a consul;consulate: કૉન્સલનો હોદ્દો-પદવી.

Consult,(કૉન્સલ્ટ્)*vi* (L *con sulo*,I consult.] To seek the opinion:ની સલાહ લેવી;to refer: માં જોવું.2.To deliberate upon:નો વિચાર કo.*a.* A council:વિચાર-મસલત-મનસુબો કરનારી મંડળી

Consultation, (કૉન્સલ્ટેશન્) *n.* The act of consulting:સલાહ;મસલહત;એકઠો વિચાર.*Private* c :ખાનગી છૂપી મસલત.

Consultative, (કૉન્સલ્ટેવ્) *a.* Pertaining to consultation:સલાહ-મસલત સંબંધી.

Consume,(કૉન્સ્યૂમ્) *vt.* [L. *con* & *sumo*,I take.] To destroy; to eat up:નાશ કo;બાળી નાંખવું. *vi* To waste away slowly:ધીમે ધીમે ખવાઇ જવું-નાશ પામવું.

Consummate, (કૉન્સમૅટ્)*vt* [L *con*& *summa*,sum.]To bring to completion:પૂર્ણ-સિદ્ધ કo.*a.*Complete:પુરૂં;સંપૂર્ણ;પરિપૂર્ણ;પાકો;પરમ.

Consnmation, (કૉન્સમેશન્)*n.*Completion; end:પરિપૂર્ણતા;સંપૂર્ણતા;અંત;છેડો,આખર;ક્ષય;નાશ.

Consumption,(કૉન્સમ્શન્)*n* [L.*con* & *sumo* I take.]The act of consuming by use or waste:નાશ;ક્ષય;વાપર; ઉપભોગ;ખપત.2 (*Med.*) Pulmonary phthisis:ક્ષયરોગ;ખઈ

Consumptive,(કૉન્સમ્ટિવ્)*a* Affected with consumption:દમીએલ; ખઈ-ક્ષયરોગવાળું-રોગી.

Contact,(કૉન્ટૅક્ટ્)*n.*[L.*con* & *tango*,I touch] A close union or junction of bodies;a touching or meeting:પદાર્થનો સંસર્ગ;સંયોગ;સ્પર્શ

Contagion,(કૉન્ટેજન્)*n.*[L.*con* & *tango*, I touch.](*Med*.The transmission of a disease from one person to another: ચેપીરોગનું ઉડવું તે સ્પર્શસંચાર.2.Pestilential influence: ચેપ;ચેપી હવા:મરજ;ઝેરીપવન;ખોટાવા.

Contagious, (કૉન્ટેજસ્) *a* (*Med*) Communicable by contact:સ્પર્શ-ચેપથી થાય એવું; ઉડતું;ચેપી;સ્પર્શજન્ય;ચટતું.

Contain,(કૉન્ટેન્)*vt.*[L.*con* & *teneo*,I hold.] To comprise:-માં હોવું;સમાવવું 2.To confine: હદ-મર્યાદામાં રાખવું.

Contaminate, (કૉન્ટૅમિનેટ્) *vt.* [L. *con* & *tamino*,I violate.] To tarnish; to pollute: એબ કલંક-ડાઘ લગાડવો. 2. વટાળવું;અભડાવવું; ભ્રષ્ટ કo. *a.* Polluted:બગડેલું;અપવિત્ર;મલિન;કલંકિત.

Contamination, (કૉન્ટૅમિનેશન્)*n.*Pollution;

defilement;taint:ડાઘ;દૂષણ;લાંચ્છન; એબ;કલંક.

Contemn,(કૉન્ટેમ્) *vt.* [L. *con* & *temno,* I despise.]To despise:અપમાન કo;તિરસ્કાર કo.

Contemper,(કૉન્ટેમ્પર્)*vt*[L *con*& *tempero,* I divide duly]To allay:નરમ કo;ઘટાળવું.

Contemplate,(કૉન્ટેમ્પ્લેટ્)*vt* [L *contemplor* I look around carefully on all sides.]To study;to meditate:ધ્યાન-ચિંતન-મનન કo;ધ્યાનમાં લેવું-ધરવું.2. To look forward to; to intend:ધારવું;ધારણા-વિચાર ઇરાદો રાખવો. *vi.* To ponder:ધ્યાન-ચિંતન-મનન કo;ઊંડાવિચારેતપાસવું.

Contemplation,(કૉન્ટેમ્પ્લેશન)*n.*Continued attention of the mind;meditation:ચોતરફનો વિચાર;ધ્યાન;મનન;ચિંતન;ધારણા;ઇરાદો.To *have in c*:-નો વિચાર-ધારણા કરવી; ના વિચારમાં હોવું.

Contemplative, (કૉન્ટેમ્પ્લેટિવ્)*a.*Addicted to contemplation:વિચારશીલ;ચિંતનશીળ;ધ્યાનશીલ;ધ્યાની;ધ્યાનપર;ધ્યાનનિષ્ઠ.

Contemporaneous, (કૉન્ટેમ્પોરેનીઅસ્) *n.* [L.*con* & *tempus*,time.]Living or acting at the same time;contemporary:સમકાલિન.

Contemporary, (કૉન્ટેમ્પોરરિ)*a.* Living or acting at the same time:એકજકાળ-વખતનું.*n.* One who lives at the same time with another:સમકાલભવ પુરૂષ;સમકાલી-એકકાલી પુરૂષ.

Contempt,(કૉન્ટેમ્ટ્)*n*[L *con* & *temno*,I despise.]Disdain:ધિક્કાર: તિરસ્કાર. 2. The state of being despised;disgrace;shame:અપમાન

Contemptible,(કૉન્ટેમ્ટિબલ્) *a.* Worthy of contempt;mean;vile;despicable:ધિક્કારવા જોગ

Contemptuous,(કૉન્ટેમ્ટ્યૂઅસ્)*a.*Scornful; disdainful:તિરસ્કાર-ધિક્કાર-અપમાનનું ભરેલું.

Contend,(કૉન્ટેન્ડ્)*vi.*[L *con* & *tendo*,I stretch.] To contest: સામ સામા લઢવું; ઝઘડવું. 2. To dispute:વિવાદ કo તકરાર કo.*vt* To dispute for:-ને વાસ્તે તકરાર ટંટો કo.

Contending,(કૉન્ટેન્ડિન્ગ્)*a.*Disputing;contesting:સામસામેનું;વિરૂદ્ધ;વિરોધી; કલહશીલ.

Deranged,(ડીરેન્જડ્)*a*. Disordered;insane: અવ્યવસ્થિત;ચસકેલું;બુદ્ધિભ્રષ્ટ; ભ્રાન્તચિત્ત;ગાંડું.

Derangement, (ડીરેન્જમેન્ટ્)*n* Confusion: વિકાર;બગાડ; અવ્યવસ્થા; ગરબડ સરબડ; ખલલ. 2. Insanity:દિવાનાપણું;વિકલતા; ચિત્તભ્રમ.

Deray,(ડીરે)*n*.[L.*dis* & *rai*,order.]Disorder; merriment:ગેરબંદોબસ્ત;બગાડ;વિકાર;અવ્યવસ્થા

Derelict, (ડીરીલિક્ટ્) *n*. [L.*de* & *linquo*, I leave](*a*.)A thing voluntarily abandoned છાડી દીધેલી ચીજ.(*b*)A tract of land left dry by the sea; land for cultivation: દરિયાનું પાણી નહિં ફરી વળેલો અને ખેતીવાડીને માટે ઉપયોગી એવો જમીનનો કકડો. *a* Left and abandoned:છોડી દીધેલું.

Dereliction,(ડીરીલિક્શન) *n*. An utter forsaking;abandonment: ત્યાગ;વર્જન; ત્યાગકર્મ.

Deride,(ડીરાઇડ્)*vt*.[L. *de* & *rideo*,I laugh] To laugh at with contempt:-ની તરફ ધિક્કારથી હસવું;-નીમજાક-મશ્કરી-ઠાંસી ક૦;હસી કાઢવું.

Derision,(ડીરિઝન)*n*. Mockery: ઠઠ્ઠો; મશ્કરી; મજાક;હાંસી.2.An object of derision,ઉપહાસ પાત્ર

Derisive,(ડીરિસિવ)*a*.Expressing derision: મશ્કરી-ઠઠ્ઠા ભરેલું;હસી કાઢતું;ઉપહાસ સૂચક;મશ્કરી.

Derivable,(ડીરાઈવેબલ્)*a*.Capable of being known by inference:અનુમાન-તર્કથી જણાય એવું.

Derivation,(ડેરિવેશન)*n*.The act of procuring an effect from a cause:કંઇ કારણ મૂળપર થી પરિણામ મેળવવું તે. 2. The act of tracing origin:-નું મૂળ-ઉત્પત્તિ;વ્યુત્પત્તિ બતાવવી-કાઢવી તે; મૂળ;વ્યુત્પત્તિ.3.A derivative:સાધિત શબ્દ;ધાતુ.

Derivative,(ડેરિવેટિવ્)*a* Derived;secondary બીજા ઉપરથી નિકળેલું-બનેલું; સાધિત. *n*. A word formed from another word by a prefix or suffix:ઉપસર્ગ અથવા પ્રત્યય-લગાડવાથી બીજા ઉપરથી નિકળેલો શબ્દ.

Derivatively,(ડેરિવેટિવ્લિ) *adv*. In a derivative manner;by derivation: સાધિત રીતે.

Derive,(ડીરાઈવ્)*vt*.[L.*de* & *rivus*,a stream] To receive:મેળવવું;કાઢવું;-ને મળવું.2. To trace the origin:-નું મૂળ-ઉત્પત્તિ-વ્યુત્પત્તિ કાઢવી-બતાવવી.

Derm,(ડર્મ)*n*.The skin:ત્વચા;ચામડી.

Dern,(ડર્ન્)*a* Hidden; secret:સંતાડેલું;છુપું-છાનું રાખેલું.2.Lonely;sad:શોકાતુર;દીલગીર.

Derne,(ડર્ન)*vi*.To hide:સંતાડવું;છુપાવવું.

Dernful,(ડર્ન્ ફુલ્)*a*.Sad;mournful:દીલગીર.

Dernier,(ડર્નિઅર્)*a*.Last;final:છેવટનું;અંતનું; છેલ્લેનું;છેલ્લું;નિદાન.

Derogate,(ડેરોગેટ્)*vt*.[L. *de* & *rogo*,I ask.] To restrict; to limit the action of: ની હદ-મર્યાદા ક૦-બાંધવી 2.To depreciate:ઘટાડવું;હલકું ક૦.*vi*.To take away:-માંથી લેઇ લેવું.2.To act beneath one's rank:પોતાની સ્થિતિ,પદ્વી કે કુળને ન છાજે એવું કામ ક૦.

Derogation (ડેરોગેશન)*n*.Detraction;depreciation:હલકું પાડવું તે;કિમત હલકી પાડવી તે.

Derogative-tory,(ડેરોગેટિવ્-ડેરોગેટોરિ)*a*.Detracting;depreciating:હલકું પાડે એવું.

Dervise-sh,(ડર્વિસ્)*n*.A persian monk:ઈરાની ફકીર;દર્વેસ.

Descant,(ડેસ્કૅન્ટ્)*n*[L.*dis* & *cantus*,singing] A variation of an air:રાગ-સુર ફેરવીને ગાવું તે. 2.A comment:ટીકા; ભાષ્ય;ભાષણ. *vi* To sing a variation:સુર-રાગ-તાન ફેરવીને ગાવું.2.To comment:ટીકા કરવી;લંબાણ-વિસ્તારથી બોલવું.

Descend,(ડીસેન્ડ્)*vi*.[L.*de* & *scando*,I climb.] To come down:ઉતરવું 2.To come suddenly and with violence:તુટી પડવું.3. To proceed by generation:વંશ-કુળ-ઓલાદમાં હોવું.

Descendant,(ડીસેન્ડૅન્ટ્)*n*.One who descends:વંશનું માણસ;વંશજ;સંતતિ;સંતાન; ઓલાદ.

Descendent,(ડીસેન્ડેન્ટ્)*a*. Descending;falling:નિચે પડતું;ઉતરતું

Descending,(ડીસેન્ડિંગ્)*p a*. (*a*)Of or pertaining to descent:ઢોળાવને લગતું-નું-સંબંધિ-વિષે.

Descent,(ડીસેન્ટ્)*n*. The act of descending or coming down:ઉતરવું તે; ઉતાર. 2. Extraction:વંશ;કુળ;ઓલાદ.3.Transmission by inheritance:વારસાથી હાથમાં આવવું.4.હલ્લો;હુમલો

Describable(ડીસ્ક્રાઇબેબલ્)*a*.Capable of being described;વર્ણન કરવા લાયક;વર્ણનીય.

Describe, (ડીસ્ક્રાઇબ્) *vt*. [L. *de* & *scribo*, I

write.] To give the account of:કાઢવું વર્ણન. કરવું.2.To give an account of;to sketch in writing:વર્ણવવું-નું વર્ણન-બ્યાન કo.

Descrier,(ડીસ્ક્રાઇઅર્)*n.* One who descries or sees:જોનાર;દેખનાર.

Description,(ડીસ્ક્રિપ્શન્)*n.*The act of describing:દોરવું;કાઢવું-પાડવું તે 2. An account:વર્ણન;બ્યાન;નિરૂપણ.3.The class:જાત;તરેહ; પ્રકાર; લક્ષણ.

Descriptive, (ડીસ્ક્રિપ્ટિવ્) *a.* Tending to describe;containing description:દર્શાવે એવું વર્ણવનાર;વર્ણન રૂપ. [discover:શોધી કાઢવું.

Descry,(ડીસ્ક્રાઈ) *vt.* To espy:જોવું;દેખવું.2.To

Desecate,(ડેસીકેટ્)*vt.*[L *de* & *seco*,I cut.]To cut,as with as cythe;to mow:કાપણી કo;લણવું.

Desecrate,(ડેસીક્રેટ્)*vt.*[L.*de* & *sacer*,sacred.] To divest of a sacred character of office; to profane:વટલાવવું;-થી વટાલવું;પતિતકo.

Desecration,(ડેસીક્રેશન્)*n.*The act of divesting of a sacred character or office:વટાળ.

Desert,(ડીઝર્ટ્)*vt.* [L. *de* & *sero*, I join.] To abandon:મૂકી-તજી-છોડીદેવું 2.To leave without permission: રજા સિવાય છોડી-મૂકી-તજી દેવું. *vi.* To quit a service without permission:રજા સિવાય નોકરી મૂકી દેવી;બેવફાઈ કo.*a.* Forsaken: નિર્જન;ઉજ્જડ;સુનું; વેરાન; ખારજ.*n.* A wilderness:વેરાન પ્રદેશ;જંગલ;રાન;વગડો.2.રેતીનું મેદાન. 3. Merit:લાયકી;ગુણપાત્રતા;યોગ્યતા;ગુણદોષ.

Deserter,(ડીઝર્ટર્) *n.*One who forsakes his duty:ફરજ સોપેલું કામ; પક્ષ અથવા દોસ્તી મૂકી છોડી દેનારૂં;નિમકહરામ;બેવફાઈ કરનાર.

Desertion,(ડીઝર્શન્)*n.*The abandonment of a service:નોકરી;ફરજ,પક્ષ કે સોંપેલા કામનો ત્યાગ.

Deserve,(ડીઝર્વ્)*vt.*[L *de* & *servio*,I serve.] To be worthy of:ને લાયક-પાત્ર-યોગ્ય હોવું. *vi.* To be worthy of recompense: બદલાને યોગ્ય -લાયક થવું;-ને ઘટવું.

Deservedly,(ડીઝર્વેડ્લિ)*adv* Justly:વાજબી રીતે ખરી ન્યાયીરીતે:યથાયોગ્ય,ઘટારત પ્રમાણે;ઉચિતપણે.

Deserving,(ડીઝર્વિંગ્)*a.* Meritorious:લાયક.

Desiderate,(ડીસિડરેટ્)*vt* [L *desider*,I long for.]To lack;to want:ની ખોટ-જરૂરમાગવી.

Desiderative, (ડીસિડરેટિવ્) *a.* Expressing desire:ઈચ્છા બતાવવું;ઈચ્છાર્થક.*n.* An object of desire:જેને માટે ઈચ્છા છે એવી વસ્તુ;ઈષ્ટપદાર્થ.

Desideratum,(ડીસિડરેટમ્)*n.*That of which the lack is felt:જેની ખોટજરૂર છે એવી વસ્તુ.

Desidious,(ડીસિડિઅસ્)*a.* [L. *de* & *sideo*, I sit.]Idle;lazy:આળસું;સુસ્ત.

Design,(ડીઝાઇન્)*vt* [L.*de* & *signum*,a mark. To delineate:-નો-ચિત્ર-આકાર-કાઢવો; આળેખવું. 2. To show:બતાવવું. 3.To form an idea of; to project:-ની યોજના-તજવીજ કo.*vi.*To start in accordance with a settled plan:ધારેલી યુક્તિ ઈરાદા-વેત-મનસુબા પ્રમાણે વર્તવું.*n.*A sketch નકશો;આલેખન.2. Device; plot:ઘાટ; યુક્તિ;તદબીર;રચના 3.વિચાર;બેત;ઇરાદો.4.નકશી;બુદ્ધિ;જ્ઞાન.

Designate, (ડેસિગ્નેટ્) *vt.* To indicate; to show:દેખાડવું;સૂચવવું 2. To point out by distinguishing from others: ફલાણું તે આ એમ બતાવી આપવું 3 To appoint:-ની નીમણુંક કરવી.

Designate-ted,(ડેસિગ્નેટ્-ડેસિગ્નેટેડ્)*a.*Indicated;appointed:બતાવી આપેલું;નિમેલું.ઓળખાવેલું.

Designation,(ડેસિગ્નેશન્)*n.*Denomination: નું નામ પાડી આપવું તે;નિમણુંક;યોજના 2 Distinctive title;appellation:ખિતાબ;નામ; સંજ્ઞા.

Designedly, (ડીસાનેડ્લિ) *adv.* purposely; intentionally:ઈરાદાથી;જાણી જોઇને-બૂઝીને.

Designer, (ડીસાઇનર્) *n.* One who designs: યોજનાર;રચનાર. A plotter:કાવત્રાંખોર.

Designing,(ડીસાઈનિન્ગ્)*a.*Artful;scheming: દગલબાજ;દગાખોર કરતું;કાવત્રાંખોર.

Desipient,(ડેસિપિએન્ટ્) *a.*;[L. *de* & *sapeo*,I am wise.] Foolish; silly:મૂર્ખ;બેવકૂફ.

Desirable,(ડીઝાઇરેબલ્)*a.*Worthy of desire; pleasing;agreeable:ઇચ્છવા ચહાવા લાયક-યોગ્ય.

Desire,(ડીઝાઈર્)*vt* [L. *desidero*,I wish for.] To wish:લેવા-મેળવવા ચહાવું;ઈચ્છવું;વાંચ્છા રાખવી. *n.* The indulged inclination: ઇચ્છા. 2. Object of longing:ઇષ્ટ વસ્તુ-પદાર્થ.3.Excessive longing:લાલસા; અતિશય લોભ.*Carnal* **d.**:કામ.

Desirous,(ડીઝાઇરસ્)*a.*Solicitous; covetous; eager:ઈચ્છા રાખનાર; ચાહનારૂં; લોભી;ઇચ્છાતુર.

Desirously,(ડીઝાઇરસ્લિ) *adv.* With desire; eagerly:ઇચ્છાથી;આતુરતાથી;ઉત્કંઠિતપણે.

Desist,(ડીસિસ્ટ્)*vi.*[L.*de* & *sisto*,I stand.]To stand aside; to cease to proceed:કોરે જવું; થી દૂર-વેગળા રહેવું;આગળ વધતાં બંધ પડવું;અટકવું; -ને છોડી દેવું;ખસીજવું.

Desk,(ડેસ્ક્)*n.*A table with top sloping forward: ઢળતું મેજ. 2. The pulpit:પાદરીને માટે બનાવેલી ઉંચી જગા-આસન. *vt.* To shut up,as in a desk:ઢળતા મેજમાં.મૂકી બંધ કo.

Desolate,(ડેસોલેટ્)*vt.*[L.*de* & *solus*, alone.] To leave alone;to make desert:એકલું રહેવા દેવું.2. To lay waste: નાશ-ઉજ્જડ ખેદાનમેદાન કo; ધૂળધાણી-પાયમાલ કo. *a.* Deserted: વસ્તી વિનાનું-રહિત;વેરાન;ઉદ્દસ્ત.2.Destroyed:પાયમાલ; નાશ થયેલું; ખેદાનમેદાન; ખરાબખસ્ત; તારાજ. 3. Forsaken;lonely:એકલું;નિરાધાર;નિરાશ્રિત.અનાથ

Desolation,(ડેસોલેશન્) *n.* The act of desolating; destruction:નાશ;પાયમાલી;ખરાબી;તારાજી.2. A desolate place:ઉજ્જડ જગા.

Despair,(ડીસ્પેર્)*vi.* [L.*de* & *spero*,I hope.]

To be without hope:નિરાશ થવું.*vt.*To cause to despair:નાઉમેદ.નિરાશ કo.*n.*Loss of hope: નાઉમેદી;આશા-ભંગ;નિરાશા; વિષાદ.

Despatch,(ડેસ્પૅચ્)*vt.*[L.*pe* & *spatior*,I go.] Same as dispatch.

Desperado,(ડેસ્પરેડો)*n.*A desperate fellow; a reckless man:સાહસિક;સાહસી; મરણીઓ.

Desperate,(ડેસ્પરેટ્)*a.* Hopeless:નિરાશ;નિરૂપાય;અસાધ્ય 2.Reckless:સાહસિક;મરણિયું.

Desperation,(ડેસ્પરેશન્)*n.* A giving up of hope:નાઉમેદી. 2. The state of despair: નિરાશાપણું;મરણિયાપણું.

Despicable,(ડેસ્પિકેબલ્)*a.*Mean;vile;worthless:નીચ;હલકું;હમડીનું;કોડીનું;ટકાનું;પાજી;નિકૃષ્ટ;ક્ષુદ્ર

Despise,(ડીસ્પાઇઝ્)*vt* [L.*de* & *specio*,I look.] To scorn;to disdain:હલકું-તુચ્છ નીચ ગણવું;ધિક્કારવું;-ની અવગણના-અનાદર તિરસ્કાર કo;તરછોડવું.

Despite,(ડીસ્પાઇટ્)*n.*Malignity; ખાર; અદાવત. દ્વેશ;ખૂન;કીનો *vt.*To vex:ચીડાવવું;સતાવવું. *prep.* In spite of: એમ છતાં.

Despiteful,(ડીસ્પાઇટ્ ફુલ્)*n* Malicious;malignant:દ્વેષી;ખારીલું;ડંશીલું;ખુની;દ્રોહી;કપટી;કીનાખોર

Despoil,(ડીસ્પૉઇલ્) *vt.* [L. *de* & *spolium*, spoil]To strip; to rob: લૂટી લેવું;હરણ કo. *n.* Despoliation:નું લુટી-હરી લેવું તે.

Despond,(ડીસ્પૉન્ડ્)*vi.* [L. *de* & *spondeo*, I promise.]To give up; to lose courage:આશા છોડવી;જવું *n.*Despondency:નિરાશા;નાઉમેદી.

Despondency, (ડીસ્પૉન્ડન્સિ) *n.* Abandonment of hope; discouragement: નાહિમત, નિરાશા;નાઉમેદી;ઉદાસી;વિષાદ;મનોભંગ.

Despondent, (ડીસ્પૉન્ડેન્ટ્)*a.* Given to despondence:નાહિંમત;નિરાશ;નિરૂત્સાહ;નાઉમેદ.

Desponding,(ડીસ્પૉન્ડિંગ્)*a.* Discouraging: નાહિંમત કરવું;નિરાશ કરવું.

Despot,(ડેસ્પૉટ્) *n* [Gr. *despotes.*]An absolute sovereign:કુલ અખ્તિયારભોગવનાર રાજા.

Despotic cal,(ડેસ્પૉટિક્ કેલ્) *a.* Absolute in power;tyrannical;arbitrary:કુલ અખ્તિયાર.

Despotism,(ડેસ્પૉટિઝ્મ્)*n.* Absolute control: કુલ અખ્તિયાર;અપ્રતિબદ્ધસત્તા; સ્વતંત્રતા;જહાંગીરી. 2.An arbitrary government:જ્યાં રાજા પોતાની મરજીમાં આવે તેમ ચાલી શકે છે એવું રાજ્ય.

Dessert,(ડેઝર્ટ્)*n.*[Fr.*de* & *servio*,I serve] A service of fruits or sweetmeats, at the close of an entertainment:મુખવાસ

Destination,(ડેસ્ટિનેશન્)*n.* Predetermined end:આગળથી ધારી મુકેલી વાત;નિર્માણ; નિર્મિતવાદી.2.Place or point aimed at:ધારેલી જગા.

Destine,(ડેસ્ટિન્)*vt* [L.*de* & *sto*,I stand.]To ordain;to allot;to doom: નક્કી કo; ઠેરવવું; નિર્માણ કo. [કરેલું;ઠેરવેલું; નિમેલું;નિર્મિત.

Destined,(ડેસ્ટિન્ડ્)*a.*Ordained;alloted:નક્કી.

Destiny,(ડેસ્ટિનિ) *n.* Fate: નિર્માણ; બ્રહ્મ લેખ; 2. Fixed order of things: નશીબમાં લખેલી વાત;ભવિષ્ય;નસીબ;કિસમત;ભાવિ;પ્રારબ્ધ;દૈવ.

Destitute, (ડેસ્ટિટ્યૂટ્) *a.* In want; devoid: વિનાનું;હીન 2. Needy:તંગીવાળું; ગરીબ;લાચાર; નિરાધાર;દરિદ્રી;રંક;અશરણ;અનાથ.

Destitution, (ડેસ્ટિટ્યૂશન્) *n.* Deprivation; lack;poverty;utter want:દીનતા;અભાવ;તંગી.

Destory, (ડીસ્ટ્રૉય) *vt* [L.*de*&*struo*,I build.] To pull down;to demolish: પાડી-ભાંગી તોડી નાખવું.2.To ruin:નાશ કરવો.3.To kill:મારી નાંખવું.

Destroyer,(ડીસ્ટ્રૉઈઅર્)*n* One who destroys or kills:નાશ કરનાર;મારનાર;સંહારક.

Destructible,(ડીસ્ટ્રક્ટિબલ્)*a.*Capable of being destroyed:નાશ પામે એવું;નાશવંત.

Destruction, (ડીસ્ટ્રક્શન્)*n.*Demolition;devastation: સંહાર; ક્ષય; નાશ. 2. The state of being destroyed:સત્યાનાશ;પાયમાલી;ઉચ્છેદ.

Destructive,(ડીસ્ટ્રક્ટિવ્)*a.*Ruinous;pernicious;fatal:પાયમાલ-તારાજ-નાશનુકશાન કરે એવું.

Desuetude, (ડેસ્વીટ્યૂડ્) *n.*[L. *de* & *suesco*,I am accustomed.] The cessation of use; disuse:ઉપયોગ-ચાલ-વહીવટ નિકળી જવો તે.

Desultory,(ડેસલ્ટૉરિ)*a.* [L.*de*,*salio*,I leap.] Disconnected;immethodical;aimless:મોઢા માથા વગરનું;જેમ તેમ કીધેલું;અવ્યવસ્થિત;અસ્થિર.

Desume,(ડીસ્યૂમ્)*vt.* [L *de* & *sumo*,I take.] To take from; to borrow:ની પાસેથી લેવું;ઉછીનું-ઉધાર લેવું.

Detach, (ડીટૅચ્) *vb.*To part:છુટું પાડવું; 2. To separate from a special object: અમૂક મુકરર બાબત ઉપયોગમાંથી છુટું-જુદુ,પાડવું કo.

Detached,(ડીટૅચ્ડ્)*a.*Separate;unconnected: છુટું છુટું;જુદું; પૃથક;ભિન્ન;અલગ.

Detachment, (ડીટૅચ્મેન્ટ્) *n.* The act of separating:જુદું છુટું-જુદું થવું તે;2.The state of being separated:છુટું-જુદું થવું તે; વિભાગ; વિયોગ.3.A body of troops:ટુકડી;ટોળી

Detail,(ડીટેલ્)*vt.*To relate in particulars:વિગતવાર કહેવું;તપસીલવાર જણાવવું.2.To appoint for a particular service as officer or a troop:લશ્કર-સરદારને કોઇ અમુક કામગિરી ઉપર મોકલવો-નિમવો *n* A particular:વિગત;તપસીલ. *In* d.:સવિસ્તર;વિગતવાર.

Detain,(ડીટેન્)*vt.*[L.*de* & *teneo*,I hold.] To withhold:અટકાવી રાખવું 2.To restrain from proceeding:આગળ જતાં-વધતાં રોકવું.3.To hold in custody:કેદખાનામાં રાખવું.

Detainment,(ડીટેન્મેન્ટ્)*n.*The act of detaining:detention:રોકાણ;અટકાવ.

Detect, (ડીટેક્ટ્) *vt.* [L.*de*&*tago*,I cover.]To

find out:શોધી કાઢવું.2.To accuse:તોહોમત મૂકવા.

Detection,(ડીટેક્શન્)*n.*The act of detecting; discovery:શોધ;તપાસ;ભાળ;ખોળ;પત્તો.

Detective,(ડીટેક્ટિવ્)*a.*Fitted for or skilled in detecting:શોધી-પકડી કાઢવાને લાયક;માં ચતુર. *n.*A policeman whose business is to detect rogues secretly:છૂપી પોલીસ;ડીટેક્ટિવ.

Detention,(ડીટેન્શન્)*n.*The act of detaining or holding back:ન આપવું-અટકાવીરાખવું તે;રોકાણ.2 Confinement:restraint;delay:નજર કેદ.

Deter, (ડીટર્)*vt.*[L *de* & *terreo*,I frighten.] To prevent:અટકાવવું;રોકવું;ખાળવું.

Deterge, (ડીટર્જ)*vt.* [L.*de* & *tergeo*,I rub.] To cleanse;to purge away as foul matter: લૂછી સાફ કo;મેલ કાઢી નાંખવો.

Detergent,(ડીટર્જેન્ટ્)*a.*cleansing;purging:મેલ કાઢે-સાફ કરે એવું.*n.*A medicine that has the power of cleansing:સાફ કરે એવી દવા.

Deteriorate, (ડીટીરિઓરેટ્)*vt.* [L.*deterior*, worse.]To make worse:બગાડવું *vi.*To grow worse;to degenerate:બગડવું;ખરાબ થવું.

Deterioration, (ડીટીરિઓરેશન્) *n.*The state of growing worse:વિકાર;અપકર્ષ;અધોગતિ;બગાડ.

Determinate, (ડીટર્મિનેટ્)*a*, Established: અમુક;નક્કી;નિયમિત;હદ.Positive:શક ન રહે એવું 2.Resolute:દૃઢ;નિશ્ચયવાળું.*vt.*To bring to an end:છેડો-અંત આણવો.

Determination,(ડીટરમિનેશન્)*n.*The act of determining:નિર્ધાર;નિર્ધારણ.2. Bringing to an end:તોડ;ફડચો;નિકાલ;નિવેડો;ફેંસલો; ચુકાદો 3. Purpose:વિચાર;નિશ્ચય;સંકલ્પ.4.Tendency:વલણ.5.Resoluteness:આગ્રહ;દૃઢતા.

Determine, (ડીટર્મિન્)*vt.*[L.*de*&*terminus*, an end.]To fix the boundaries of:ની હદ -સીમા બાંધવી.2.To bring to an end:અંત આણવો3.To regulate:-નો તોડ;ફડચો કo. 4 To fix the course of:-નું નક્કી કo 5.To find out the specific name of:ચોકસ નામ શોધી કાઢવું.6.To resolve on;to have a fixed intention of:-નો વિચાર-ઇરાદો કo;મન સાથે નક્કી કo;નિર્ણય કo.

Determined, (ડીટર્મિન્ડ્)*a.*Resolved on;definitely ascertained: દૃઢનિશ્ચય-સંકલ્પનું; નિશંક; વજ્ર સંકલ્પી;ધીર;ધીટ.

Detest, (ડીટેસ્ટ્) *vt* [L. *de* &*testor*,I call to witness.]To loathe;to abhor:ધિક્કારવું-નો ધિક્કાર કરવો;તિરસ્કાર કરવો.

Detestable,(ડીટેસ્ટેબલ્)*a*,Abominable:ધિક્કારવા જોગ-યોગ્ય;ધિક્કાર-ગુસ્સો આવે એવું.

Detestation, (ડીટેસ્ટેશન્)*n.*Abhorrence:ધિક્કાર કરવો તે;ધિક્કાર;નિંદા.

Dethrone, (ડીથ્રોન્) *vt.*[L.*de*&*thronus*,throne.]To depose:ગાદી-તખ્ત રાજ્યાસન ઉપરથી કાઢી-ઉઠાડી મૂકવું;રાજ્યભ્રષ્ટ કરવું.

Dethronement,(ડીથ્રોન્મેન્ટ્)*n.*Removal from a throne:રાજ્યભ્રષ્ટતા;રાજ્યભ્રંશ.

Detinue,(ડેટિન્યૂ) *n.*A person or thing detained:અટકાવેલો માણસ-ચીજ.

Detonate,(ડેટોનેટ્)*vt.*[L *de* & *tono*,I thunder.]To cause to explode:ફોડાવવું;ફોડવું;ભડકાવવું.

Detort,(ડેટૉર્ટ્)*vt* [L *de* & *torqueo*,I twist.] To pervert;to wrest:ફેરવવું;લપેટવું;વળ દેવો.

Detour,(ડીટૂર્)*n.*[L.*d's* & *tour.*]A turning: ચક્કર;ફેરો;ચકરાવો;ફેરાવો;અવળો રસ્તો.

Detract,(ડીટ્રૅક્ટ્)*vt.*[L.*de* & *traho*, I draw.] To take away:લેઇ લેવું;ઓછું કo;ઘટાડવું;વખોડવું. 2.To defame:માન-આબરૂ ઓછી કo.

Detraction,(ડીટ્રૅક્શન્)*n.* The act of taking away or withdrawing: હલકું પાડવું-ઓછું કo તે;માનાપકર્ષ;ગુણાપકર્ષ;નિંદા;બદબોઇ;હીણાપદ.

Detractive,(ડીટ્રૅક્ટિવ્)*a.*Tending to detract: માનભંગ કરતું;વખોડતું;નિંદક.

Detriment,(ડેટ્રિમેન્ટ્)*n.*[L *de* & *tero* I rub.] Mischief;harm;damage:નુકશાન;હાનિ;ખલલ; બિગાડ;જાન;ક્ષતિ.2.A charge:ખરાજાત;ચઢતર. *vt.* To hurt:ઇજા કo;નુકશાન કo.

Detrimental,(ડેટ્રિમેન્ટલ્)*a.*Injurious;hurtful:નુકશાન પહોંચાડે એવું;નુકશાન હાનિકારક.

Detrition,(ડીટ્રિશન્)*n* [L *de* & *tero*,I rub.]A wearing off or away:ઘસારો;ઘસાઇ જવું તે.

Detritus,(ડીટ્રાઇટસ્)*n.*A mass of substances worn off from solid bodies:નક્કર પદાર્થ ઘસવાથી પડેલો કચરો.

Deturbation,(ડીટર્બેશન્) *n.* The act of deturpating;degradation:હલકું પાડવું તે;માનભંગ.

Deturpate,(ડીટર્પેટ્)*vt* [L *de* & *turpis*,ugly.] To defile:ખરાબ-અપવિત્ર કo;ભ્રષ્ટ કo.

Deuce,(ડ્યૂસ્)*n.* [L. *dusis*,armor.] An evil spirit;the devil:ભૂત;પિશાચ; રાક્ષસ.

Deuterogamy,(ડ્યૂટરૉગમિ)*n* [Gr. *deuteros*, second,& *gamos*,marriage.]A second marriage,after the death of the first husband or wife:પહેલી પરિણીત સ્ત્રી અથવા પુરૂષના મર્યું પછી બીજીવાર કરેલું લગ્ન;બીજલગ્ન.

Devast,(ડેવૅસ્ટ્)*vt.*[L *de* & *vastus* waste.] To lay waste;to plunder:ફનાહ કo;લુંટવું.

Devastate,(ડેવૅસ્ટેટ્)*vt.*[L.*de*& *vasto*,I waste.]To desolate:ખરાબ કo;મેદાન-વેરાન કરી મુકવું.

Devastation,(ડેવૅસ્ટેશન્)*n.*The act or state of devastating:ખરાબી;પાયમાલી;વેરાની;નાશ.

Develop,(ડીવેલપ્)*vi.*[L.*de* & *volvo*, I roll.] To go through a process of outgrowth: ખીલવું 2.To be formed by natural growth: કુદરતિ ઉત્પત્તિથી બનવું-પેદા થવું;પકવાવસ્થામાં આવવું.

Development, (ડીવેલપ્મેન્ટ) *n.* The act of

disclosing or the state of being disclosed that which is unknown: જે અજાણ્યું હોય તે જાણીતું ખુલ્લું-સ્પષ્ટ કરવું;પ્રકાશ;પ્રાદુર્ભાવ;વિકાસ.

Devergence-cy,(ડીવેર્જેન્સ્-ડીવેર્જેન્સિ) *n.* A receding from each other in radiating lines:ઢોળાવ;ઉતરાણ;ઢાળ.

Devex,(ડીવેક્સ્)*a.*[L.*de* & *veho*,I carry.]Bending down;sloping:નીચું નમતું;વાંકું વળતું;ઢળતું.

Deviate,(ડીવિએટ્)*vi.*[L. *de* & *via*,way.] To err;to wander; to go out of one's path: માર્ગ મૂકીને આડાજવું;ખસવું;ચળવું;આડા ફાટવું.

Deviation,(ડીવિએશન્)*n.*The act of deviating:રસ્તો મૂકી આડું જવું તે.2. An act of sin: પાપનું કામ;અપરાધ;ભૂલ;ચુક;તકસીર.

Device,(ડીવાઇસ્)*n.*[L. *divido* I separate.] A contrivance:યુક્તિ;તદબીર;કળા;હિકમત;કરામત;ઉપાય.2.An invention:બનાવટ.

Devil,(ડેવિલ્)*n.*Satan:દૈત્ય;ભૂત 2.A machine for cutting rags,cotton,&c.:ચિંથરાં-સુતર વિગેરે કાપવાનો સંચો;કાતર.3.A very wicked person:ઘણો ક્રૂર નઠારો માણસ.D's *dealer*:ભૂવો. *vi.* *To play the* d.*with*,to ruin:નાશ કo;ખરાબ કo.

Devilish,(ડેવિલિશ્)*a.* Diabolical: ભૂત સંબંધી,સેતાન જેવું;અતિદુષ્ટ; ખરાબ.

Devious,(ડીવિઅસ્)*a.* [L. *de* & *via*, way.] Out of a straight line;winding:આડું;વાંકું ચૂંકું

Devisable,(ડીવાઇઝેબલ્)*a.*Capable of being devised or contrived: કલ્પના કરવા જોગ. 2. Capable of being given by will: વારસામાં આપવા સરખું.

Devise,(ડીવાઈઝ્)*vt* [L.*divido*, I divide.] To invent:શોધી વિચારી કાઢવું;યુક્તિ કાઢવી;યોજવું.2. To give by will:વસિયતનામું કરીને આપવું.*vt* To contrive:શોધવું *n.*The act of giving real-estate by will: વસિયતનામાથી સ્થાવર મિલ્કત આપવી તે.2.A will of real estate:સ્થાવર મિલ્કતનું વસિયતનામું.

Devisee,(ડીવાઇઝી)*n.* [*Law.*] One to whom real estate is given by will:જેને વસિયતનામાથી સ્થાવર મિલ્કત મળી છે તે. [નાર-રચનાર.

Deviser,(ડીવાઈઝર્)*n.*An inventor:તદબીર કાઢ-

Devisor,(ડીવાઇઝર્)*n* (*Law.*)One who gives real estate by will:વસીયતનામું કરી આપનાર.

Devoid,(ડીવૉઇડ્) *a.* Void; empty; vacant: ખાલી; પોકળ; ફોકટ. 2. Destitute:વિનાનું; રહિત; હીન;શૂન્ય;નિરાળું;વેગળું.

Devolution (ડીવૉલ્યૂશન્) *n.* Removal from one person to another:એક પાસેથી બીજા પાસે જવું ના હાથમાં આવવું તે.

Devolve,(ડીવૉલ્વ્)*vt.*[L. *de* & *volvo* I roll.] To roll onward or downward:ઉતરવું. 2. To hand over:હાથોહાથ આપી દેવું.*vi.*To be handed over or down:મળવું;-ના હાથમાં આવવું.

Devote,(ડીવોટ્) *vt.* [L. *de* & *voveo* I vow.] To dedicate:અર્પણ કo-માં વાપરવું.2. To give up wholly:-માં મચવું-મચ્યા રહેવું.3.સ્વાધીન કo.

Devoted, (ડીવોટેડ્) *a.* Addicted: સોંપી દીધેલું; તત્પર;પરાયણ;આસક્ત;તલ્લીન;ફિદા;એકનિષ્ઠ;માલિક.

Devotee, (ડીવોટી) *n.* One who is wholly devoted: વેરાગી; ભક્ત; યોગી;જોગી;સંત;પુજારી 2 A bigot:દુરાગ્રહી-સ્વમતાગ્રહી જન;ધર્માંધ.

Devotion, (ડીવોશન્) *n.* The state of being devoted: એકનિષ્ઠા. 2. Act of devoutness; manifestation of strong attachment:ભક્તિ; અનન્ય ભાવ;સેવા. 4.An object of devotion: જેની પૂજા-ભક્તિ કરાય છે તે;મૂર્તિ.

Devotional,(ડીવોશનલ્)*a.*Pertaining to devotion,suited to devotion:ભક્તિ-પૂજા સંબંધી.

Devour, (ડીવાઉર્) *vt* [*de*&*voro*,I eat whole.] To eat greedily:ઘણી ઉત્કંઠાથી ખાઇ જવું.

Devout(ડીવાઉટ્)*a* Pious; reverent:ભાવિક;પરમભક્તિવાળું-વાન;પરમધાર્મિક 2 Expressing devotion or piety ઈશ્વરનિષ્ઠ હોય એવું.

Dew. (ડ્યૂ) *n.* Moisture deposited on the ground from the atmosphere:ઓસ;ઝાકળ.

Dew-lap, (ડ્યૂ-લૅપ્)*n.*The flesh that hangs from the throats of oxen or cows:બળદ-ગાયને ગળા નીચે જે માંસ લટકતું હોય છે તે.[ઝાકળનું ભરેલું.

Dewy, (ડ્યૂઇ) *a.* Dewlike: ઝાકળ-તુષારના જેવું

Dexter,(ડેક્સ્ટર્)*a* Right:જમણું.

Dexterity, (ડેક્સ્ટેરિટિ) *n.* [L. *dexter*, right hand.]Physical activity and skill: શરીરની શારીરિક ચાલાકી;ચપળતા;હોશિયારી; ખબરદારી. 2, Quickness and skill:ખબરદારી;કુશળતા; દક્ષતા.

Dexterous-trous (ડેક્સ્ટરસ્-ડેક્સ્ટ્રસ્)*a.*Skilful and active with the hands: હાથની ચાલાકી ચતુરાઈનું;ઝડપનું;ચંચળ;દક્ષ 2. Expert: ખબરદાર.3 Skilful:ચતુરાઇથી કરેલું.

Diabetes,(ડાઇએબીટીઝ્)*n.*A disease attended with excessive discharge of urine:સાકરિઓ પરમિયો;મુત્રાતિસાર;જેના પેસાબમાં સાકર જાય તે.

Diabolical,(ડાઇઍબૉલિકલ્)*a.*[Gr.*diabolos*,the devil]Devilish;infernal:સેતાનના જેવું.

Diadem.(ડાઈઍડમ્)*n.*[Gr.*dia*,throughout,& *deo*,I bind.]An ornamental head-fillet;a crown:શણગારેલો માથાનો મુકુટ.

Diagnosis,(ડાઈએગ્નૉસિસ)*n.*[Gr *dia*,through &*gignosko*,I know.]The determination of a disease by means of distinctive marks: ચિકિત્સા;રોગનિદાન. 2. Scientific determination of any kind:કોઈ જાતનો શાસ્ત્ર નિયમાનુસાર-શાસ્ત્રાનુસારી નિશ્ચય-ઠરાવ.

Diagonal; (ડાઇઍગૉનલ્) *a.*[Gr.*dia*,through & *gonia*,an angle.]Crossing at an angle.

with one of the sides:કર્ણરેખાકૃતિનું,કર્ણાકૃતિનું.

Diagram,(ડાઇઍગ્રૅમ્)*n.*[Gr *dia* & *grapho*,I describe.] A figure made to illustrate a statement:સિદ્ધાંતસિદ્ધકરીઅતાવવાને કાઢેલીઆકૃતિ.

Dial,(ડાઇઍલ્)*n.*[*dies* day.] An instrument for measuring time by the sun's shadow: શંકુયંત્ર;ચંદો.2.A mariner's compass:ખલાસીનું હોકાયંત્ર.

Dialect,(ડાઇઍલેક્ટ્)*n.*[Gr.*dia*&*lego*,I speak. Language:ભાષા;જબાન;બોલી 2.A branch of a language:બોલી;દેશભાષા.

Dialectical, (ડાઇઍલેક્ટિકલ્)*a* Pertaining to dialect:ભાષા-નું.2.Logical:તર્કશાસ્ત્ર વિષેનું.

Dialectics,(ડાઇઍલેક્ટિક્સ્)*n.*That branch of logic which treats the mode of reasoning: ન્યાય;ન્યાયશાસ્ત્ર;તર્કશાસ્ત્ર.

Dialectician,(ડાઇઍલેક્ટિશિઅન્)*n.*A logician a reasoner:ન્યાયશાસ્ત્રવેત્તા;ન્યાય જાણનાર.

Dialogue, (ડાઇઍલૉગ્) *n.* [Gr. *dia* & *lego*,I speak.] A conversation between two or more persons:બે અથવા વધારે માણસો વચ્ચે વાતચીત-સવાલ જવાબ સંવાદ.*vi.* To discourse together;to confer:સવાલ જવાબ-સંવાદ કo.

Diameter,(ડાઇઍમેટર્)*n.* [Gr. *dia*&*metron* measure.] A straight line which bisects the chords drawn in a curve parallel to a tangent at its vertex: મધ્યવ્યાસરેખા; ગર્ભ;ગર્ભસૂત્ર 2.Width; પહોળાઇ.

Diametric cal, (ડાઇઍમેટ્રિક્-કલ્)*a.*Relating to a diameter:વ્યાસનું;વ્યાસ રૂપી. 2. Directly adverse:તદ્દન વિરૂદ્ધ-ઉલટું.

Diametrically,(ડાઇઍમેટ્રિકલિ)*adv.*Directly. ઠેક;તદ્દન;ખરેખરૂં;શુદ્ધ;સીધું.

Diamond,(ડાઇઍમૉન્ડ્)*n.*[Gr *a*,and *damao*,I subdue.] A gem: હીરો. 2 One of a suit of cards: ગંજીફાનાં ચોકડીનાં પાનાં; ચોકડી. 3. The smallest kind of type used in English printing: ઇંગ્રેજી છાપવામાં આવતું એક જાતનું નાનામાં નાનું બીબું;ઝીણા ટાઇપ D *bi*:હીરાકણી.

Diaper,(ડાઇઍપર્)*n.*Figured linen & cloth: શણનું ચિત્ર-ચિત્રામણવાળું લુગડું. *vt.* To variegate with figures:તરેહ-બુટ્ટા-ચિત્ર કાઢવાં.*vi.*To draw figures,as upon a cloth:લુગડાં ઉપર બુટ્ટા-તરેહ કાઢવી.

Diaphanous,(ડાઇઍફૅનસ્)*a.*[Gr *dia*,through &*phaino*,I show.] Pellucid; transparent; clear:પારદર્શક;સ્વચ્છ;નિર્મળ.

Diaphoretic, (ડાઇઍફૉરેટિક્) *a.* Having the power to increase perspiration in fever: પરસેવો વધારવાની જેનામાં શક્તિ હોય એવું; તાવમાં પરસેવો લાવનારી દવા.

Diaphragm,(ડાઇઍફ્રૅમ્)*n.*[Gr.*dia* & *phrasso* fence]A thin partition:પાતળો આંતરો-પડદો., 2 A muscle separating the chest;the midriff:પેટ માંહેનો વચ્ચેનો પડદો.

Diarrhœa,(ડાઇઍરીઅ)*n.*[Gr. *dia* & *rheo*, I flow.] Purging:અતિસાર;સંગ્રહણી.

Diary,(ડાઇઍરિ)*n.*[L.*dies*, a day.] A journal; a daily record:દિનચર્યા;લેખ-પોથી;નિત્યનોંધ.

Diatribe (ડાઇઍટ્રાઇબ્)*n.*[L *diatriba*,a learned discussion.](*a*)A continued discourse: ટાહાયલું;સંવાદ (*b*)A strain of reproach:ઠપકો.

Diatribist,(ડાઇઍટ્રાઇબિસ્ટ્)*n.*The author of a diatribe:વાદવિવાદ-સંવાદ-ટહાયલું કરનાર.

Dibble,(ડિબ્બલ્)*n.* A pointed hand instrument:હાથાવાળું અણીદાર હથિયાર; ફરસી. *vt.* To plant with a dibble:ફરસીથી ખોદીને વાવવું.

Dice,(ડાઇસ્)*n.* *Pl* of **die** (*a*) Small cubes used in gaming: રમવાના પાસા (*a*)A game: એક જાતની (પાસે રમવાની) રમત;જુગાર.

Dicephalous, (ડાઇસેફલસ્) *a.* Having two heads on one body:એક ધડ ઉપર બે માથાવાળું.

Dictate,(ડીક્ટેટ્)*vt.* [L *dico*, I say.] To utter so that another may write down:બીજો લખી લે તેવી રીતે બોલવું;લખાવવું.2 To command: ઉપરીપણાથી હુકમ કરીને કહેવું.

Dictate,(ડીક્ટેટ્)*n* A command;as dictates of conscience:આજ્ઞા;હુકમ;ફરમાન;પ્રેરણા;સૂચના.

Dictation,(ડીક્ટેશન્) *n.* The act of prescribing;બોલીને લખાવવું તે.

Dictator,(ડીક્ટેટર્) *n.* One who dictates:લખાવનાર;હુકમ આપનાર 2. One invested with absolute authority:કુલ અધિકારી.

Dictatorial, (ડીક્ટટોરિઅલ્) *a.* Absolute unlimited:કુલ;અપ્રતિબંધ. 3. Imperious:અભિતઆરી હોય એવું,જહાંગીરી;તોરી.

Diction,(ડિકશન્)*n* [L *dico*,I say.]Choice of words;mode of expression;language:શબ્દોની પ્રસંદગી;શબ્દ પાડવાની રીત;ઇબારત;શૈલી; ભાષા.

Dictionarian,(ડિકશનૅરિઅન્) *a.* One who writes a dictionary:શબ્દ સંગ્રહ લખનાર; કોષકાર.

Dictionary,(ડિકશનૅરિ)*n.* A lexicon;a vocabulary:શબ્દકોષ;શબ્દસંગ્રહ;ડીક્ષનેરી;ફરહંગ.

Dictum,(ડિક્ટમ્)*n.pl* **Dicta** [*dico*, I say.] An authoritative assertion:વચન;વાક્ય;ઉક્તિ. (*a*)A judicial opinion expressed by judges on points that do not necessarily arise in a case:મુકર્દમામાં મુદ્દાની બાબત ન હોય તેનો ચુકાદો.

Did,(ડિડ્)*Pasttense* of do:કર્યું.

Didactic-cal,(ડિડૅક્ટિક-ડિડૅક્ટિકલ્) *a.* [Gr *didasco*, I teach.]Intended to instruct:બોધ ઉપદેશ કરવાને યોજેલું;બોધાત્મક;ઉપદેશાત્મક

Dido,(ડિડો)*n.*(*a*)A trick:કાવતરૂં.(*b*)An antic: મશ્કરે;ઠઠ્ઠાબાજ માણસ.(*c*)A caper:ઉછરંગ;ઠેકડો.

Die,(ડાઈ)*vi.*To cease to live;to expire:મરવું;દેહત્યાગ ક૦;રામ રમી જવા.2 To become imperceptible:જતા રહેવું;નાશ પામવું.To **d.** *in the last ditch*,to fight till death:મરણ પર્યંત લડવું;કેસરિયાં કરવાં. *To* **d** *out,* to cease gradually: ધીમે ધીમે બંધ પડવું.

Die,(ડાઈ)*n.*A small cube used in gaming: પાસો.2 A stamp for coining: સીક્કા પાડવાની મુદ્રા.*The* **d.** is *cast:*હવે તો જે બનવાનું હોય તે બને

Diet,(ડાઇએટ્)*n* [L *doeta*,manner of living.] Habitual food:ખાણું;ભોજન;.ખાનપાન; ખોરાક. 2. A deliberate convention; a council: મંત્રસભા; રાજસભા.2.Regimen:પથ્ય;પરેજી;કરી. *vt.* To feed:જમાડવું; ખવાડવું.

Dietetic-cal,(ડાઈએટેટિક્ કલ્)*a.*Pertaining to diet:પથ્ય-પરહેજી સંબંધી;પથ્ય-આહાર સંબંધિ.

Differ,(ડિફ્ફર્) *vi.* [L. *dis* & *ferro*,I carry] To disagree:જુદા પડવું;જેવા સરખાં ન હોવું;પૃથક-ભિન્ન હોવું;તફાવત હોવો.

Differenec,(ડિફ્ફરેન્સ)*n.*Distinction:ફેર;તફાવત *Slight* **d.**:ફેરફેર. 2. The remainder left after deducting the one from the other: બાકી.*vt.* To make different:ભેદ ગણવો.

Different,(ડિફ્ફરેન્ટ્)*a.* Distinct:જુદું;નિરાળું; ..યારૂં.2.Dissimilar:વિજાતીય.

Differentia,(ડિફ્ફરેન્સિઍ)*n.*(*Logic.*)*pl.* **differentiæ.** Specific difference:વિશેષ.

Difficult,(ડિફ્ફિકલ્ટ્)*a.*[L.*dis* & *facilis*,easy.] Not easy:જડ;કિલષ્ટ;કઠણ;અઘરૂં; મહેનતનું;દુર્ઘટ. 2. Austere; stubborn:કડક.

Difficulty,(ડિફ્ફિકલ્ટિ)*n.* Hardness: મુશ્કેલપણું;મુશ્કેલી;ગુંચવણ;કઠીણતા.2 An objection; a controversy:તકરાર;હરકત;અડચણ.

Diffide,(ડિફ્ફાઈડ્)*vi* [L.*dis* & *fido*,I trust.]To have no confidence:-ભરોંસો ન રા૦ હોવો.

Diffidence,(ડિફ્ફિડન્સ)*n.* Distrust; want of confidence:ભરોંસો-ખાત્રી ન રાખવી તે;અણવિશ્વાસ.2. Lack of self reliance:આત્મશંકા.

Diffident,(ડિફ્ફિડન્ટ્) *a.* Distrustful: ભરોંસો-વિશ્વાસ ન કરે એવું. 2. Notself-reliant: પોતાની જાત માટે શંકિત રહેનાર.

Diffuse,(ડિફ્ફયૂઝ્)*vt.*[L.*dis* & *fundo*,I pour] To pour out and spread:ફેલાવવું;પ્રસારવું;પસરાવવું;વિસ્તારવું. [ફેલાવો;વિસ્તાર;લંબાણ.

Diffuseness,(ડિફ્ફયૂઝનેસ) *n.* Copiousness:

Diffusible,(ડિફ્યૂઝિબલ્)*a.* Liable to be diffused;diffusive:પથરાય-વિસ્તાર કરાય એવું.

Diffusion,(ડિફ્ફયૂઝન)*n.*Dissemination;extension;circulation:પ્રસાર;ફેલાવો;વિસ્તાર;પ્રચારણ

Diffusive,(ડિફ્ફયૂસિવ્)*a* Extending;copious diffuse:વ્યાપક;પ્રસરે-ફેલાય એવું.

Dig,(ડિગ્)*vt imp.&p.p.***dug.**To turn up and throw up as the earth;to loosen:ખોદીને મટોડી તરીકે ફેંકવું-નાંખવું.2.To excavate:પોલું ક૦; ખોદીને ખાડો ક૦.3.To thrust,to poke:આંગળીઓ ઘોચવી; ગોદા મારવા. *vi.* To work with a spade;to do servile work:કોદાળીથી ખોદવું *n.* A thrust:ધક્કો.

Digest,(ડીજેસ્ટ્)*vt.*[L *dis* & *gero*,I bear.] To arrange methodically:ગોઠવવું2.To separate into nutritive elements;to turn into chyme પાચન કરે એવા તત્વમાં ફેરવવું;પચવવું;પાચન ક૦.*vi.* To undergo digestion:પચવું;પાચન-હજમ થવું; જરવું.*n.*A body of laws:કાયદાનો ગ્રંથ;કાયદાસંગ્રહ.

Digestible,(ડાઇજેસ્ટિબલ્)*a.*Capable of being digested:પચે હજમ-પાચન થાય એવું;પચનીય.

Digestion,(ડીજેશન) *n.* The act of digesting:પાક;પરિપાક.2. Conversion of food into chyme: પાચનક્રિયા. *Slowness of* **d.**:મંદાગ્નિ; અગ્નિ મંદતા.

Digestive, (ડિજેસ્ટિવ્)*a.*Causing to digest; producing digestion:પાચન કરવું;પચાવે એવું *n* (*a*) A tonic: કોવતનું ઓષડ. (*b*) A substance which promotes suppuraion: પરૂ ભરાવનાર પદાર્થ.2.That which aids digestion:પાચનને મદદગાર.

Digit,(ડિજિટ્)*n.* [L.*digitus.*] A finger: આંગળી 2 The measure of a finger's breadth; three fourths of an inch:એક આંગળીની પહોળાઇનું માપ;તસુનો પોણો ભાગ;પોણોતસુ.3 One of the ten figures or symbols:મીંડાથી માંડીને ૯ સુધીનો કોઇ પણ આંકડો.*vt* To point at or out with the finger:આંગળીથી બતાવવું.

Dignification,(ડિગ્નિફિકેશન) *n.* [L *dignus,* worthy and *facio*,I make.]The act of dignifying,exaltation:મહાન-મોટું દમામવાળું ક૦.

Dignified,(ડિગ્નિફાઈડ્) *a* Suited to inspire respect;stately:પ્રૌઢ;ગૌરવવાળું; મ્હોટાઇવાળું.

Dignify,(ડિગ્નિફાઇ)*vt.*To make illustrious;to exalt in rank;to honor:મોહોટું-પ્રતિષ્ઠિત ક૦.

Dignitary,(ડિગ્નિટરિ)*n.* One who possesses exalted rank:કુલીન પુરૂષ;ઉંચી પદવીનો ધર્માધિકારી

Dignity,(ડિગ્નિટિ) *n.* Elevation of mind or character:મ્હોટાઇ;પ્રભુતા;માહાત્મ્ય.2 Elevated rank:મ્હોટી પદવી.3.Loftiness:ડખડબો; ઠાઠ;દમામ.*n.*Elevation;grandeur:પ્રતાપ.*To stand upon one's* **d.**: પોતાના દરજ્જા કિંવા માન પ્રતિષ્ઠાનો મ્હોટો ફાંકો રાખવો.

Digress,(ડિગ્રેસ્)*vi* [L.*dis* & *gradior*,I walk.] To deviate:આડે રસ્તે જવું.2. To turn aside from the right path:સિદ્ધા રસ્તામાં જતા રહેવું.

Digression, (ડિગ્રેશન) *n.* A part of a discourse deviating from the main design: ફાંટો;શાખા.2. A turning aside from the

right path:સિદ્ધા માર્ગમાંથી આડા જવું તે.
Dike,(ડાઇક્) *vi.* To dig: ખોદવું. *n.* A ditch: ન્હેર;પાણીનો માર્ગ. 2. A mould thrown up to prevent low lands from being inundated by the sea or a river:બાંધ;ધારણ; પુસ્તો.*vt.* To drain by a dike:ભીંત-બાંધ વડે પાણી કાઢી નાંખવું.
Dilacerate,(ડાઇલૅસરેટ્)*vt.* [L.*dis*&*lacero*,I tear.]To separate by force:જોરથી જૂદું કo.
Dilapidate, (ડિલૅપિડેટ્) *vt.*[L *dis* & *lapis*,a stone.] To bring into a condition of decay: ભાંગી-તોડી નાંખવું. 2. To diminish by waste:વાપરી વાપરીને ઓછું કo.
Dilapidated, (ડિલૅપિડેટેડ્) *a.* Decayed; destroyed:ભાંગી-ટૂટી પડેલું; નાશ પામેલું;ખંડેર.
Dilapidation,(ડિલૅપિડેશન્)*n.*(*a*)The act of dilapidating,તોડી-ભાંગી પાડવું તે.(*b*)The state of being dilapidated: પાયમાલી; ખંડેર. 3.(*Law*)The pulling down of a building: મકાન-ઘરને જમીન બરોબર કરી નાંખવું તોડી નાંખવું તે.
Dilatation, (ડાઇલૅટેશન્)*n.*Expansion:ફેલાવો. 2.(*Surg.*)The enlargement of a canal:કોઇ પણ શિરા કિંવા બીજી ઇંદ્રિયનો વિસ્તાર-ફેલાવો.
Dilate, (ડાઇલેટ્) *vt.* [*dis* & *latus*, wide]To expand:ફૂલાવવું. 2. To enlarge upon:વિસ્તાર કરીને બોલવું.*vi.*To grow wide:પહોળું થવું;પ્રસરવું 2 To speak copiously:વિસ્તાર કરીને બોલવું.
Dilation,(ડાઇલેશન્)*n* [L *dilatio.*]Delay:ઢીલ; વાર લગાડવી તે;વાર.2.Expansion:ફેલાવો.
Dilatory,(ડીલૅટોરિ)*a* [L *dis* & *latus*,carried] Delaying: ઢીલ કરવું. 2. Tardy: ઢીલું. 3. Intended to make delay:વાર લાગે એવું.
Dilatoriness,(ડીલૅટોરિનેસ્)*n.*Lateness;slowness;tardiness:મંદપણું;ધીમાપણું;ધીમાશ;સુસ્તી.
Dilection, (ડાઇલેક્શન્) *n.* [L.*dilecto*]Love; preference;choice:પ્રીતિ;પસંદગી.
Dilemma, (ડિલેમ્મે) *n.*[*dis*,twice & *lemma*, an assumption.] (*Logic.*) An argument which is equally conclusive:બેઉ તરફથી બરોબર રીતે બાંધી લે એવી તકરાર. 2. A difficult choice or position:વિટંબના;આપદા.
Dilettante, (ડિલેટેન્ટ્) *n pl.***Dilettanti**,An admirer of the fine arts;an amateur:સારા રસિક હુન્નરોને વખાણનાર-પસંદકરનાર.
Diligence, (ડિલિજેન્સ્) *n.* [L. *dis* & *lego*,I choose.] Careful attention: મહેનત; ઉદ્યોગ. *To do one's* **d** , *give* **d.**, *use* **d.**, to exert one's self:પોતાની મેળે-જાતે યત્ન કo.
Diligent, (ડિલિજેન્ટ્) *a.* Painstaking; not careless: ખંતથી-ધ્યાન લક્ષ આપનારું. 2. Industrious:મહેનતુ;ઉદ્યમી.
Diligently,(ડિલિજેન્ટ્લિ)*adv.*With industry: ઉદ્યોગ-કાળજીથી;મહેનતથી.
Dili-dally, (ડિલિ-ડૅલિ) *vi.* To loiter or trifle: રસળવું;રમવું;નકામો વખત ગુમાવવો.
Dilucidate,(ડિલ્યૂસિડેટ્)*vt.*[L.*dis*&*lux*,light.] To make clear; elucidate:સાફ સ્વચ્છ ક.
Diluent, (ડાઇલ્યૂએન્ટ) *a.*Making more thinner: વધારે પાતળું કરવું *n.* That which thins or weakens:જે કાંઇ પાતળું બનાવે છે તે.
Dilute,(ડાઇલ્યૂટ્)*vt.* [L.*dis* & *luo*, I wash.] To make more thin or liquid:વધારે પાતળું-પ્રવાહી-નરમ-પોચું ક;નરમ કરવું.
Dilute-ted,(ડાઇલ્યૂટ્-ડાઇલ્યૂટેડ્)*a.*Thin;reduced in strength:પાતળું;નરમ;કમજોર;નિર્બળ.
Dilution,(ડાઇલ્યૂશન્)*n* The act of diluting, or the state of being diluted:વધારે નરમ કo.
Diluvian,(ડાઇલ્યૂવિઅન્)*a.*Pertaining to a deluge:રેલને-રેલ આવી હોય તે વખતને લગતું.
Diluvium, (ડાઇલ્યૂવિઅમ્) *n.*[L.*de* & *lavo*,I wash.]A deposit of superficial sand,pebbles &c.,caused by the action of the sea: દરિયાના પાણીના જોસથી ઘસડાઇ આવેલી રેતી.
Dim, (ડિમ્) *a.* Not bright: ઝાંખું. 2. Dull of apprehension:ઉપર ચોટીઉં દેખાય એવું. *vt.* To darken:નો પ્રકાશ તેજ લઇ લેવો-જવું રહે એમ કo; ઝાંખુ કo.
Dimension,(ડિમેન્શન્)*n* [L.*dis* & *metior*,I measure.] Measure in a single line as length, breadth, height or thickness:એકજ લીટીમાં-નું માપ, જેવું કે લંબાઇ, પહોળાઇ,ઉંચાઇ;જાડાઇ.3.*pl.*Extent;size:વિસ્તાર;ક્ષેત્રફળ.
Diminish, (ડિમિનિશ) *vt.* [L *dis* & *minus*, less.]To lessen:ઘટાડવું;ઓછું કo.2.To degrade:નબળું પાડવું;માન ભંગ કo. 3.To take away: -માંથી લેઇ લેવું.
Diminutive,(ડિમિન્યૂટિવ્)*n* The act of making less:ઓછું કo-ઘટાડવું 2.(*Daw.*)Omission or defect in a record:ખત-લેખમાં ભૂલ-ખોટ-કાંઈ લખ્યા વિના રહી જવું તે.
Dimissory,(ડિમિન્યૂસોરિ)*a.*Of small size:નાના કદનું;ઝીણું.*n.* (*Gram.*) A derivative from a noun denoting a small or young object of the same kind:અલ્પાર્થ સાધિત નામ.
Dimissory (ડિમિસ્સોરિ)*a.* [L.*dis* & *mitto*,I send.]Dismissing to another jurisdiction; પરવાનારૂપ;મોકલી દેવું. 2. Granting leave to depart:જવાની રજા આપતું-આપનારૂં.
Dimity, (ડિમિટિ)*n.*[Gr.*dis*,twice & *mitos*,a thread of the warp]A kind of stout,white figured cotton cloth:એકજાતનુંચોળું સુતરાઉકાપડ.
Dimly,((ડિમ્લિ)*adv.*Not brightly:અસ્વચ્છ સાફ નહિં એવી રીતે;ઝાંખું.
Dimness,(ડિમ્નેસ્)*n.*Lack of lustre:ઝાંખું હોવું તે.2.Dullness of intellectual perception:

મંદબુદ્ધિ;સમજશક્તિ.

Dimple,(ડિમ્પલ્)*n.*A slight natural depression on the cheek or chin: ગાલઅગર હડપચીઉપરનો સ્હેજ ખાડો.*vi.*To form dimples:ખાડો-ખંજન-કુપિકા પડવી.

Din,(ડિન્)*n.*A long,stunning voice:શોરબકોર.*vt.*To stun with nise:અવાજથી કાન ફોડવા-બહેરા ક૦.

Dine,(ડાઈન્)*vi.*[L.*dis* & *jejunus*,fasting.]To take dinner:દહાડાનું મુખ્ય ખાણું ખાવું.*vt.*To give a dinner to:ને જમાડવું-મોજન આપવું.*To* **d.** *with Duke Humphrey*, to go without dinner:ભૂખે મરવું.

Ding-dong,(ડિન્ગ્ડૉન્ગ્)*n.*The sound of bells: ઘંટનો અવાજ;ડીંગ ડીંગ;ઘંટાનાદ.

Dingle,(ડિન્ગલ્)*n* A valley:ખીણ.

Dingy,(ડિન્જિ)*a.*Sullied:કાળા-ધૂળના રંગનું.

Dinner,(ડિનર્)*n.*The principal meal of the day:દહાડાનું મુખ્ય ભોજન;જમણ.An entertainment:ઉજાણી.

Dint, (ડિન્ટ્) *n.* A blow: ઝપાટો. 2.The mark left by a blow: ગોબો;ઘા.3. Force:બળ.*vt.* To make a mark or cavity on, by blow:ઘાથી નિશાની ક૦.

Diocesan,(ડાઈઑસેસૅન્)*a.*Pertaining to diocese:"બિશપ"ના વિષયને લગતું-સંબંધી.*n.*A bishop viewed in relation to his diocese:નામનો ખ્રિસ્તી ધર્માધિકારી.

Diocese, (ડાઇઑસીસ્) *n.*[Gr. *dia* & *oikos*,a house.]The circuit or extent of a bishop's jurisdiction: પાદરીની હકુમતની સરહદનો મુલક.

Diorama,(ડાઇઑરામૅ)*n.* [Gr.*dia* & *horao*, I see.] A mode of scenic representation: ચિત્ર જેવું હોય તેના કરતાં વધારે ભભકાદાર અને સરસ દેખાય એવી યુક્તિ-યંત્ર.

Dip,(ડિપ્) *vt* To withdraw again;to plunge: બોળવું;ડબોળવું.2.To immerge for baptism:જળ સંસ્કાર-બેપ્ટિઝમને માટે બોળવું.3.To plunge or engage thoroughly in any affair:કોઇ કામમાં પુરેપુરા ઉતરવું;-માં ખરડવું.*To* **d.***the colours*:વાવટા નમાવીને પાછા ઠેકાણે મૂકવા.*vi.* To enter slightly or cursorily:ઉપલગ ઉપલગ જોવું.*n.* The action of dipping or plunging: બુડકી. 2. Gravy: સેરવો.3.A dipped candle:બોળેલી દિવેટ-બત્તિ.

Dipthong,(ડિપ્થાન્ગ્) *n.*[Gr.*dis* & *pthongos*, sound.] Two vowels sounded together in one syllable:સંધિસ્વર;દ્વિસ્વર.

Diploma,(ડિપ્લોમૅ)*n.pl.*[Gr. *diplos*, twofold.] A writing conferring some power,privilge, honor,&c:પદવી-અધિકાર દાયક પત્ર;સનદ;પરવાનો.

Diplomacy, (ડિપ્લોમૅસિ) *n.* The science or art of conducting negotiations between nations:પ્રજા વચ્ચે તકરારનામું કરાવવુંતે; એલચીપણું.

Diplomatic-cal (ડિપ્લોમૅટિક્ ડિપ્લોમૅટિકલ્) *a.* Furnished with a diploma:સનંદી.2.Consisting of envoys of state:દેશ-રાજના રાજદૂતો-એલચીઓનું.3. Dexterous:ખબરદાર.

Diplomatist(ડિપ્લૉમૅટિસ્ટ્)*n.*A person skilled in diplomacy:એલચીના કામમાં કુશળતા ધરાવનારે.

Dipper,(ડિપ્પર્) *n.* One who or that which dips:ડુબાવનાર;બોળનાર. 2. A vessel used to dip liquor:કડછી;કડછો;પળી.

Dire,(ડાઈર્)*a.* [L. *dirus*] Dismal;horrible: ભયાનક. 2. Ill-bcding:અપશુકનિયું.

Direct, (ડિરેક્ટ્) *a.* [L. *dis* & *rego*, I rule.] Straight:સીધું;પાધરૂં.2. Express: સાફ. 3. In a line of descent:પેઢીનું;અનુલોમ 4.(*Astron.*) In the direction from west to east; not retrograde:પશ્ચિમથી પૂર્વ દીશાનું. *vt.* To aim: તાકવું;-નો લાગ સાધવો.*To* **d.***the eye*:નજર ફેરવવી. 2.To regulate:કારભાર ક૦-ચલાવવો. 3.To put upon the right track; to guide:ખરા-સિદ્ધા રસ્તા ઉપર મૂકવું.4.To instruct as a superior; to order:હુકમ ક૦ *vi.*To point out a course: રસ્તો-માર્ગ બતાવવો.

Direction,(ડિરેક્શન્)*n.*Guidance: કારભાર; અમલ;વહિવટ.2 Order: હુકમ. 3. Line or point of tendency: દિશા. 4. Board of directors: કારભાર ચલાવનારાઓ.*In all* **d.**s:ચારેવાટ.

Directly,(ડિરેક્ટલિ)*adv.*In a direct manner: સિધુ ને સિધુ;બારોબાર. 2. Instantly; without delay:તરતજ;તાબડતોબ;લાગલોજ.

Directness, (ડિરેક્ટ્નેસ) *n.* Straightness; straightforwardness:પાધરા-સિધાપણું.

Director,(ડિરેક્ટર્) *n.* A manager or superintendent: ચલાવનાર; ઉપરી; કારભાર કરનાર.

Directorate,(ડિરેક્ટોરેટ્)*n.*A body of directors the office of directors:કારભાર ચલાવનારાઓ.

Directorial,(ડિરેક્ટૉરિઍલ્)*a.* Directive:રસ્તો દેખાડવું;હુકમ આપવું.2.Pertaining to a director: રાજકારભાર ચલાવનારાને લગતું.

Directory,(ડિરેક્ટૉરિ)*n* A collection of directions:આજ્ઞાસંગ્રહ ગ્રંથ.2.A book containing the names and residences of the inhabitants of a place:કોઈ જગા-શહેરના રહેવાશીઓનાં નામ અથવા નિશાન,રેહેઠાણ વિગેરેની યાદીનું પુસ્તક; ડાયરેક્ટરી. [નાશકારક.

Direful,(ડાઈર્ફુલ્)*a.*Dreadful;terrible: ભયંકર;

Dirge,(ડર્જ્)*n* [L.*dirge.*]A funeral song:શોકગીત;મરશીયાં;પરજીઓ;કરૂણાજનક ગીત;રાજીઓ.

Dirk,(ડર્ક્)*n.*A kind of dagger:એક જાતની કટારી. *vt.* To stab with a dagger: કટારી-ખંજર ભોંકવું.Dark:ઝાંખું.

Dirt,(ડર્ટ્) *n.* Any foul or filthy substance;

મેલ;કચરો;કિટ્ટ.2.Meanness:હલકાપણું.
Dirtiness,(ડર્ટિનેસ્) *n.* Filthiness;baseness; sordidness:મલિનપણું.
Dirty,(ડર્ટિ)*a.*Foul; filthy:મેલું.2.Sordid:નીચ. 3.Clouded:ઝાંખું;ગેરૂ.4.Sleety; stormy: તોફાની.*vt.*To make filthy:ગંદુ-મેલું.
Disability,(ડિસ્એબિલિટિ) *n.* Deprivation of ability:અશક્ત-નિર્બળપણું 2.Want of legal capacity:અયોગ્યતા;નાલાયકપણું.
Disable,(ડિસ્એબલ્) *vt.* To render unable; શક્તિહીન-અશક્ત ક૦.2.(*Law.*) To deprive of legal right:યોગ્ય હક વિનાનું ક૦.
Disabuse,(ડિસ્એબ્યૂઝ્)*vt.*To free from mistake:ભૂલ-ભ્રાંતિ કાઢી નાંખવી-ટાળવી-દૂર ક૦.
Disadvantage,(ડિસ્ઍડ્વૅન્ટેજ્) *n.* Unfavorable quality, circumstance: પ્રતિકૂળતા. 2. Loss:ગેરફાયદો.
Disadvantageous,(ડિસ્ઍડ્વૅન્ટેજસ્) *a.*Unfavorable to success:નુકશાનકારક,પ્રતિકૂળ.
Disaffect,(ડિસ્ઍફેક્ટ્) *vt.* To diminish the affection of:-નો પ્યાર-મમતા-ભાવ ઘટાડવો. 2. To lack the affection for: ભાવ-પ્યાર ઓછો ક૦-ઘટાડવો.
Disaffected,(ડિસ્ઍફેક્ટેડ્)*a.*Disliked;indisposed towards:જેનો ભાવ-પ્રીતિ ઉઠી ગયેલી એવું.
Disaffection,(ડિસ્ઍફેક્શન્)*n.* Want of affection:નારાજપણું;અપ્રતિ;અસંતોષ.2.Disorder: ગેરબંદોબસ્ત.
Disaffirm,(ડિસ્ઍફર્મ્) *vi* To contradict:ના પાડવી;ના કહેવી.2 To refuse to confirm:નામંજુર ક૦
Disagree,(ડિસ્એગ્રી) *vi.* Not to agree: જુદા પડવું;ને મળતા ન આવવું.2.To differ in opinion: વિચાર-અભિપ્રાય-મતમાં જૂદા પડવું.3.To beunsuited:માફક ન આવવું.
Disagreeable,(ડિસ્એગ્રીએબલ્)*a* Not agreeable: માફક ગમતું ન આવે એવું. 2. Unpleasant: નાપસંદ.
Disagreement,(ડિસ્એગ્રીમેન્ટ્)*n.* Dissimilitude:જૂદાપણું;ભિન્નતા.2 Difference of opinion:વિચાર-મતભેદ.3. A falling out: અણબનાવ; ફાટફૂટ. [tion:નામંજુર ક૦.
Disallow,(ડિસ્ઍલાઉ) *vt.* To refuse to sanc-
Disallowance,(ડિસ્ઍલાઉઍન્સ્)*n.* Refusal to admit;disapprobation:નાપસંદગી;નામંજુરી.
Disanimate,(ડિસ્ઍનિમેટ્)*vt.* To deprive of life:જિંદગી-આવરદા વિનાના ક૦.2.To discourage:નાહિંમત ક૦;જોશ ઓછો ક૦.
Disappear,(ડિસ્ઍપીર્)*vi* To vanish from the sight:અલોપ-ગુમ થઈ જવું. 2. To cease to be:જતાં રહેવું.
Disappearance,(ડિસ્ઍપીઅરન્સ્)*n.* Removal from sight;vanishing:લોપ;અદૃશ્યતા.
Disappoint, (ડિસ્ઍપૉઇન્ટ્)*vt.* To deprive of expectation or hope:આશાભંગ-નિરાશ-નાઉમેદ ક૦.2.To frustrate:ની ઉમેદ ધૂળ મેળવવી.
Disappointed,(ડિસ્ઍપૉઇન્ટેડ્)*a.*Defeated of expectation or hope:નિરાશ;આશાભંગ.
Disappointment,(ડિસ્ઍપૉઇન્ટ્મેન્ટ્)*n.*The act of disappointing:નિરાશ;આશાભંગ.
Disappreciate,(ડિસ્ઍપ્રીસિએટ્)*vt.*To undervalue;not to esteem:ની ઓછી કિંમત કરવી.
Disapprobation,(ડિસ્ઍપ્રોબેશન્)*n.*The act of disapproving:નાપસંદગી;ઈનકાર;અસ્વીકાર;નિંદા
Disapproval,(ડિસ્ઍપ્રુવલ્) *n.* Disapprobation;dislike:ગેરખુશી;નાપસંદગી;ઈનકાર;અસ્વીકાર.
Disapprove, (ડિસ્ઍપ્રુવ્) *vt.* To condemn by an act of the judgment:ના પસંદ ક૦.
Disarm,(ડિસ્આર્મ્) *vt.*To deprive of arms: હથિયાર વિનાનું ક૦ 2.To divest of the power to terrify:.નો ભય મટાડવો.
Disarrange,(ડિસ્ઍરેન્જ્)*vt.*To unsettle the order of;to throw out of order:અવ્યવસ્થિત ક૦
Disarrangement,(ડિસ્ઍરેન્જમેન્ટ્) *n.* Confusion;disorder:અવ્યવસ્થા;ઉથલપાથલ.
Disarray, (ડિસ્ઍરે) *vt.* To throw into disorder:ઉથલપાથલ ક૦ 2.To take off the dress of;to unrobe:-નો પોશાક કપડાં ઉતારી લેવાં. *n.* Disorder:ઉથલપાથલ.
Disaster,(ડિઝૅસ્ટર્)*n.* [*dis* & Gr.*aster*,a star.] An unpropitious aspect of a planet:ગ્રહ તારાનો અશુભ-અમંગળ-પ્રતિકુળ દેખાવ. 2. Misfortune:વિપત્તિ.
Disastrous,(ડિઝૅસ્ટ્રસ્) *a.* Unpropitious: અશુભ.2.Unfortunate:આફત-દુઃખ ભરેલું.
Disavow,(ડિસ્ઍવાઉ) *vt.* To refuse to own; to disclaim;to disown:ના કબૂલ ક૦;ના મુકર જવું.
Disavowal, (ડિસ્ઍવાઉલ્) *n.* Disowning; rejection:નાકબૂલાત; ઇનકાર; નકાર.
Disband,(ડિસ્બેન્ડ્)*vt.*To scatter: વિખેરી નાંખવું;લશ્કરી નોકરી ચાકરીમાંથી રજા આપવી. 2. To set free: છુટા-સ્વતંત્ર ક૦ *vt.* To become separated:છુટા કરવું.
Disbar,(ડિસ્બાર્) *vi* (*Law*) To expel from the bar:(બારિસ્ટર વકીલ)ની સનદ લેઇ છીનવી લેવી.
Disbelief(ડિસ્બીલીફ્) *n.* The act of disbelieving;distrust:અણવિશ્વાસ;અમાન્યતા.
Disbelieve,(ડિસ્બીલીવ્)*vt.* Not to believe: ન માનવું;વિશ્વાસ ન રાખવો.
Disbeliever,(ડિસ્બીલીવર્) *n* One who disbelieves or refuses belief:ખોટું માનનાર.
Disblame,(ડિસ્બ્લેમ્)*vi.*To clear from blame ઠપકો ન મળે એવું ક૦;ઠપકામાંથી મુક્ત ક૦.
Disburden,(ડિસ્બર્ડન્)*vt.*To unload:ભારબોજ વિનાનું ક૦;હલકું ક૦;બોજો દૂર ક૦.[ખર્ચ વ્યય ક૦.

Disburse,(ડિસ્બર્સ) *vt.* To pay out: ખરચવું;

Disbursement,(ડિસ્બર્સ્‌મેન્ટ્) *n.* The act of disbursing or paying out:ખરચવું-ખરચ ક૦ તે.

Disburthen,(ડિસ્બર્થન્) *vt.*To disburden;to relieve of a load:બોજો ખસેડવો;હલકું ક૦.

Disc,(ડિસ્ક્) *n.* A flat circular plate or surface:ચકતું;ચકતી; ચંદો 2. The face (of a celestial body):બિંબ.3.A quoit:ચક;ચક્કર.

Discard,(ડિસ્કાર્ડ્)*vt.*To throw out of hand: હાથમાંથી નાંખી દેવું.2.To discharge:કાઢી મૂકવું. 3.To put or thrust away:કાઢી નાંખવું.

Discern,(ડિસ્સર્ન્) *vt* [L *dis* & *cerno*,I separate.]To behold as separate:પારખવું; પારખી કાઢવું.2 To perceive with the mind:મન વડે સમજવું;સમજી લેવું. *vi.* To make distinction: ભેદ સમજવો.

Discernible,(ડિસ્સર્નિબલ્) *a.* Discoverable: distinguishable:શોધી શકાય એવું;દૃશ્ય;દૃષ્ટિગોચર.

Discerning,(ડિસ્સર્નિન્ગ્) *a.*Skilful; of keen perception:વિવેકી;ચતુર; બારીક-તિક્ષ્ણ નજરનું.

Discernment, (ડિસ્સર્ન્‌મેન્ટ્) *n.* The act of discerning:ઓળખી પારખી કાઢવું તે.2.Sagacity ઓળખી-પારખી કાઢવાની શક્તિ;વિવેક;તીવ્રબુદ્ધિ,વિચારણા; પરીક્ષા; દૂર-દીર્ઘદૃષ્ટિ.

Discharge, (ડિસ્ચાર્જ) *vt.*[*dis* & *charge.*] To empty of a load or cargo:માલ ખાલી ક૦. To fire off:ફોડવું.2.To relieve of something: વાળવું;અદા ક૦;ફેડવું.3 To dismiss:કાઢી મૂકવું. 4. To set at liberty:છોડી મૂકવું;તહોમતમાંથી મુક્ત ક૦.6 To perform: કરવું; બજાવવું. 7. To give forth;to emit or send out:-માંથી વહેવું-નિકળવું. *n.*The act of discharging;unloading: માલભાર-સામાન-ઉતારવોતે.2 Firing off;explosion; letting off:છોડવું ફોડવું-તે;બહાર;ધડાકો;ભડાકો.3. An act of relieving:છુટકારો; નિકાલ. Dismissal:બરતરફી. 3. Acquittal: છૂટકો; છૂટકબારો. 4. Emission:ઉદગાર;ઉચ્ચારણ.

Discide,(ડિસ્સાઇડ્) *vt* [L.*dis* & *cædo*,I cut.] To divide;to cut into pieces:ભાગ ક૦;કકડા ક૦

Disciple,(ડિસ્સાઇપલ્) *n.*[L.*disco*, I learn.]A scholar:શિષ્ય;વિદ્યાર્થી.2.A follower; ચેલો.

Disciplinarian,(ડિસિપ્લિનેરિઅન્)*a.*Pertaining to discipline:કાયદા-બંદોબસ્તનું-ને લગતું-સંબંધી. *n.* One who excels in maintaining discipline:બંદોબસ્ત રાખવામાં હુશીઆર.

Disciplinary,(ડિસિપ્લિનેરિ)*a.*Intended for discipline;belonging to a course of training: કેળવણી-બંદોબસ્ત શિક્ષા-કાયદા-નિયમ સંબંધીનું ને લગતું;સુધારવા નિયમમાં રાખવાના હેતુથી કાયેલું.

Discipline,(ડિસિપ્લિન્) *n.*Training:શિક્ષણ; કેળવણી 2.Drill:કવાયત.3.Control:બંદોબસ્ત;વ્યવસ્થા.2.Severe training:સખ્ત કેળવણી; સખ્તી. 3. A system of essential rules & duties: અવશ્યક નિયમો તથા કર્તવ્યોની શ્રેણી-વાળા.*vt.* To train:કેળવણી આપવી.2 To bring under control:બંદોબસ્ત-નીતિ-નિયમમાં લાવવું.

Disclaim,(ડિસ્ક્લેમ્)*vt.* To disavow: હક-દાવો નથી એમ કહેવું.2.To disavow another's claim: બીજાનો હક ના કબુલ ક૦.

Disclose,(ડિસ્ક્લોઝ્) *vt.* To unclose;to open: ઉઘાડવું 2.To lay open:બહાર કાઢવું 3 To bring to light:નજરે ખુલ્લું મૂકવું;નજરે પાડવું-પડે એમ ક૦.

Disclosure, (ડિસ્ક્લોઝ્યૂર્) *n.* Bringing to light:ઉઘાડું કરવું તે 2.That which is disclosed કહી દીધેલી-કહેલી વાત.

Discoid,(ડિસ્કૉઇડ્)*n* [Gr.*diskos*,a round plate: & *eidos*,form.]Anything having the form of a disk:ચકતાના ચંદ્રા આકારની ચીજ-પદાર્થ.

Discolour,(ડિસ્કલર્)*vt.*To alter the natural hue of:-નો કુદરતી રંગવર્ણ-રૂપ બદલી નાંખવું; જુદું રૂપ આપવું.

Discolouration,(ડિસ્કલરેશન્)*n.* Alteration of hue or appearance:વર્ણવિકાર.2. A stain: ડાઘો;ડપકો

Discomfit,(ડિસ્કૉમ્ફિટ્)*vt.*[L *dis*,*con* & *figo*, I fix.] To defeat:હરાવવું 2.To balk:-ની યુક્તિ ધૂળ મેળવવી.*n* Dejection:નાઉમેદી.

Discomfiture,(ડિસ્કૉમ્ફિટ્યૂર્)*n.*Rout;defeat; frustration:પરાજય;હાર;આશાભંગ નિરાશા.

Discomfort,(ડિસ્કમ્ફર્ટ્)*n* Uneasiness;sorrow બેચેની.*vt.*To make uneasy:બેચેન ક૦;હેરાન ક૦.

Discomfortable,(ડિસ્કમ્ફર્ટેબલ્) *a.* Making sad:બેચેન કરતું 2.Disagreeable:અણગમતું.

Discommode,(ડિસ્કૉમ્મોડ્)*vt.*[L.*dis* & *commodus*,fit.] To molest;to trouble:હેરાન ક૦.

Discompose,(ડિસ્કૉમ્પોઝ્) *vt.* To interfere with:અવ્યવસ્થા ક૦;ચોળી નાંખવું 2.To throw into disorder:સંતાપમાં નાંખવું;ક૦;આકુળવ્યાકુળ ક૦.

Discomposure,(ડિસ્કૉમ્પોઝ્યૂર્)*n* Disorder: અકળામણ;સંતાપ;ક્ષોભ. 2. Discordance:ગરબડ સરબડ.

Disconcert, (ડિસ્કૉન્સર્ટ્) *vt.*To throw into disorder:ધુળ મેળવવું;નિષ્ફળ ક૦.2.To discompose:ગભરાવવું *n.*Want of concert:બેરાગ.

Disconnect,(ડિસ્કૉન્નેક્ટ્)*vt.* To sever;to separate;to disperse:ભાગ પાડવા;જુદું-છુટું પાડવું.

Disconnection,(ડિસ્કૉન્નેક્શન્)*n.*Separation; want of union:સંબંધનો નાશ-ભંગ;પૃથકતા;વિયોગ.

Disconsolate,(ડિસ્કૉન્સોલેટ્)*a* [L.*dis*,*con* & *solor*,I comfort.] Melancholy; filled with grief: દુઃખમાં ગરક થયેલું. *vt.* To throw into dejection:ઉદાસ દીલગીર-દુઃખી ક૦.

Disconsolation,(ડિસ્કૉન્સોલેશન્)*n.*Want of comfort;dejection;grief:બેચેની;ઉદાસી;દીલગીરી

Discontent,(ડિસ્કૉન્ટેન્ટ્)*a* Uneasy;dissatisfied:બેદિલી. *n* Dissatisfaction: બેદિલી; અસંતોષી *vt.* To make uneasy; to dissatisfy:અસંતુષ્ટ-નારાજ ક૦

Discontented,(ડિસ્કૉન્ટેન્ટેડ્)*a.* Uneasy;dissatisfied:બેચેન;અસંતોષી;નારાજ;બેદિલ.

Discontinuance,(ડિસ્કૉન્ટિન્યૂઅન્સ્)*n.*Breaking off;intermission;cessation:તૂટ; વિરામ.

Discontinue, (ડિસ્કૉન્ટિન્યૂ) *vt.* To cause to cease:બંધ પાડવું;તોડવું;ત્યજવું.*vi.*To be broken off:-માં તુટ થવી.2.To be separated: ભાગ થવા.

Discontinuity,(ડિસ્કૉન્ટિન્યૂઇટિ)*n* Disunion of parts:ભાગ જુદા પડવા તે;ખંડિતત્વ.

Discord,(ડિસ્કૉર્ડ્)*n* [L.*dis* & *cor*,the heart.] Strife:વિરોધ;અણબનાવ 2.Dissonance:કર્કશતા; બેસુરાપણું.*vi.*To jar:વિરોધ કુસંપ ઉંચું મન થવું.

Discordance-cy,(ડિસ્કૉર્ડન્સ-ડિસ્કૉર્ડન્સિ)*n.*Disagreement;inconsistency:વિરૂદ્ધતા;વિરોધ.

Discordant,(ડિસ્કૉર્ડન્ટ્)*a.*Disagreeing; opposing:ઉલટું.2.Dissonant;harsh:બેસુર;બદસૂર-કઠોર;કર્કશ.

Discount,(ડિસ્કાઉન્ટ્)*n* An allowance made upon an account:વટાવ 2 The rate of discount: વટાવનો દર. *vt.* To deduct from an account or debt: છુટ મૂકવી 2. To take no notice of:-ની દરકાર સંભાળ ન રાખવી. *vi.* To lend money abating the discount: વટાવ કાપી નાંખીને હુંડીનાં નાણાં આપવાં.

Discountenance, (ડિસ્કાઉન્ટેનૅન્સ્) *vt.* To put to shame:શરમાવવું.2.To discourage:-ના હિંમત ક૦;સહાય ન આપવી. *n.* Unfriendly regard;cold treatment:બેરમહેરબાની;અવકૃપા.

Discourage,(ડિસ્કરેજ્) *vt.* To dishearten; નાહિંમત ક૦.2.To deter one from:મન ફેરવી નાંખવું.*n.*Lack of courage:નાહિંમતપણું;નામર્દાઈ.

Discouragement, (ડિસ્કરેજ્મેન્ટ્) *n.* Depression of confidence;dejection:નાહિંમત.

Discourse,(ડિસ્કૉર્સ્)*n* [L. *dis* & *curro*, I run.] Reasoning:વિચારસંકલના 2. Talk: વાતચિત. 3. A formal treatise: નિબંધ. *vi.* To speak:પોતાના વિચાર જણાવવા *vt.* To talk to: ની સાથે વાતચીત ક૦;બોલવું

Discourteous,(ડિસ્કૉર્ટીઅસ્)*a* Uncivil;rude; impolite (*Person*):અસભ્ય;બેઅદબ;નાલાયક.

Discourtesy,(ડિસ્કૉર્ટેસિ) *n.* Ill manners:અસભ્યતા;બેઅદબી;અવિનય;અનાચાર.

Discover, (ડિસ્કવર) To disclose: જણાવવું. બતાવવું 2 To find out:શોધી કાઢવું.*vt* To show one's self:દેખાવું;પોતાનું આયું ઓળખાવવું.

Discovery,(ડિસ્કવરિ) *n.* Exposure to view: બતાવવું તે.2.A making known: પ્રસિદ્ધ ક૦ તે; પ્રથમવારની શોધ.

Discredit,(ડિસ્ક્રેડિટ્) *n.* Ill-repute: અપકીર્તિ. 2 ;The act of disbelieving: અવિશ્વાસ. *vt.* Not to accept as true:ખરૂં છે એમ ન કબૂલ ક૦ 3.To bring reproach upon:નામોશી લગાડવી.

Discreditable,(ડિસ્ક્રેડિટેબલ્)*a.*Disgraceful; disreputable:નામોશી ભરેલું;અપજશીયું.

Discreet,(ડિસ્ક્રીટ્)*a* [L.*dis* & *cerno*,I separate.]Prudent;cautious:ડહેલ;ચતુર;વિચારવંત.

Discreetly,(ડિસ્ક્રીટ્લિ) *adv.* Prudently; circumspectly:ડહાપણથી;ચોકસાઈથી;ચતુરાઈથી.

Discrepance cy,(ડિસ્ક્રેપૅન્સ-ડિસ્ક્રેપૅન્સિ)*n.*Disagreement;inconsistency:વિરોધ;ઉલટાપણું.

Discrepant, (ડિસ્ક્રેપૅન્ટ્) *a.* Discordant;disagreeing:વિરૂદ્ધ;ઉલટું;જુદું;વિરોધી.

Discrete,(ડિસ્ક્રિટ્)*a*.Separate: જુદું; છુટું; અલગ;નિરાળું.2 Disjunctive:જુદું-છુટું પાડનારૂં.

Discretion (ડિસ્ક્રેશન્)*n.* Separation: જુદાઈ; છુટા જુદા પડવું તે 2 Sagacity:ચતુરાઈ;પકવવિચાર;ડહાપણ.3.Unrestrained exercise of choice or will:વિચાર-મરજીમાં આવે તેમ કરવાની છુટ.*At discretion*:મરજી મુજબ.

Discretional-nary,(ડિસ્ક્રેશનૅલ-ડિસ્ક્રેશનૅરિ)*a.* Unrestrained except by discretion or judgment:વિચારપર રાખેલું;વિચારાધીન;વિવેકાધીન.

Discriminate,(ડિસ્ક્રિમિનેટ્) *vt.* [L. *dis* & *cerno*,I separate.]To separate: છુટું પાડવું; જુદું પાડવું;ઓળખી કાઢવું; પારખવું. *vi.* To distinguish accurately: બારીકાઈથી સમજવું-પરખવું;જુદું પાડીને ઓળખવું.

Discriminating, (ડિસ્ક્રિમિનેટિન્ગ્) *a.* Distinguishing:ભેદ જાણનારૂં,ભેદવાળું.

Discrimination,(ડિસ્ક્રિમિનેશન્) *n.* The act of distinguishing:બરોબર પરીક્ષા. 2. Acute discernment:પરખવાની તીવ્ર શક્તિ.

Discriminative, (ડિસ્ક્રિમિનેટિવ્) *a.* Characteristic;distinctive:જુદું પડી આવે એવું.

Discriminous,(ડિસ્ક્રિમિનસ્) *a.* Hazardous; dangerous:જોખમ-ભય-સંકટ ભરેલું.

Discrown, (ડિસ્ક્રાઉન્) *vt.* To deprive of a crown:મુગટ-તાજરૂપી શોભા વિનાનું કરવું.

Disculpate,(ડિસ્કલ્પેટ્)*vt.* [L. *dis* & *culpa*, fault.]To free from blame or fault;to excuse:કપકા-ગુન્હાથી સ્વતંત્ર-મુક્ત ક૦;માફ ક૦.

Discursive, (ડિસ્કર્સિવ્) *a.* Rational:અક્કલબુદ્ધિવાળું;તાર્કિક.2.Passing from one thing to another:બહુ બાબતોપર-ચોતરફ ફરી વળનાર.

Discus,(ડિસ્કસ્)*n* A circular stone: ગોળ પથ્થર 2 A disk:બિંબ ચક્ર;ચકતુ-તી.

Discuss,(ડિસ્કસ્)*vt* [L.*dis* & *quatio*,I shake.] To examine;to debate:વિષે વિચાર-તકરાર ક૦; ચર્ચવું; પાસવું.

Discussion,(ડિસ્કશન્)*n.* The act of discus-

sing or dispersing:ગુમડું ફોડી પરૂ-પાચ કાઢી નાંખવું તે.2.Examination by argument;debate disputation:ચર્ચા;વાદવિવાદ;તકરાર;પરીક્ષા.

Discutient,(ડિસ્કયૂશિએન્ટ્)*a.* Discussive:દૂષ ધાતુનાશક;ગુમડું મટાડી દે એવું.*n.*A medicine to disperse a tumor:ગુમડું બેસાડી નાંખે એવું ઓષડ.

Disdain(ડિસ્ડેન)*vt* [L.*dis* & *dignus*,worthy.] To look with scorn upon: હલકું-તુચ્છ ગણવું; ધિક્કારવું.*n.*A feeling of contempt;scorn:ધિક્કાર.

Disdainful,(ડિસ્ડેન્ફુલ્)*a.*Scornful contemptuous:તિરસ્કાર ભરેલું;ઉદ્ધત;મગરૂર.

Disdainfully(ડિસ્ડેન્ફુલિ)*adv.*Contemptuously;with scorn:તિરસ્કાર ભરેલી રીતે;મગરૂબાઈથી.

Disease.(ડિઝીઝ્)*n.*Uneasiness; distress:બેચેની;દુઃખ;સંકટ 2 Malady;sickness:રોગ;વ્યાધિ. *vt.* To afflict: દુઃખ દેવું. 2. To afflict with a malady or sickness:માંદા પડવું.

Diseased,(ડિઝીઝ્ડ્)*a.* Afflicted with disease of a morbid state:આજારી;રોગી;રોગિષ્ટ;બગડેલું.

Disembark.(ડિસ્એમ્બાર્ક્)*vt.*To put on shore; to land:(વહાણ ઉપરથી)નીચે-કિનારાપર ઉતારવું.

Disembarrass,(ડિસ્એમ્બૅરૅસ્)*vt.*To free from perplexity;to extricate:ગભરાટમાંથી કાઢવું.

Disembodied,(ડિસ્એમ્બૉડિડ્)*pp a.*Divested of the body;freed from the flesh:શરીર-દેહ-કાયા વિનાનું કરેલું.

Disembody, (ડિસ્એમ્બૉડિ) *vt.* To divest of the body;to free from the flesh: શરીર-દેહ-કાયા વિનાનું ક૦.

Disembroil,(ડિસ્એમ્બ્રૉઈલ્)*vt.* To free from perplexity:ગભરાટમાંથી મુક્ત ક૦.

Disembowel,(ડિસ્એમ્બૉવેલ્)*vt* To take out the bowels of:-નાં આંતરડાં કાઢી લેવાં.

Disenchant,(ડિસ્એન્ચૅન્ટ્)*vt.*To deliver from the power of spells: જંતર-મંતરમાંથી મુક્ત ક૦.

Disencumber,(ડિસ્એન્કમ્બર્)*vt.*To free from encumbrance:પીડા-ડરકતમાંથી મુક્ત ક૦.

Disengage,(ડિસ્એન્ગેજ્)*vt* To disentangle: છુટકો ક૦;ફેકલવું;છુટ્ટું જૂદું ક૦;છોડવવું.

Disengaged,(ડિસ્એન્ગેજ્ડ્)*a.*Being at leisure released:નવરું;છુટું;ફારગત;નકામું.

Disengagement, (ડિસ્એન્ગેજ્મેન્ટ્) *n.* The act of setting free:છુટું-જૂદું ક૦-છોડવવું તે. 2 Leisure:નવરાશ;ફુરસદ.

Disenroll, (ડિસ્એન્રૉલ્)*vi.* To erase from a roll or list:યાદીમાંથી (નામ)છેકી-કાઢી નાંખવું.

Disentangle,(ડિસ્એન્ટૅન્ગલ્)*vt.* To reduce to orderly arrangement:ગુંચ કાઢવી;ફેકલવું 2. To extricate from perplexity:ગભરાટમાંથી મુક્ત ક૦.

Disenthral,(ડિસ્એન્થ્રૉલ્)*vt.*To release from slavery:ગુલામગીરીમાંથી મુક્ત ક૦.

Disenthrone,(ડિસ્એન્થ્રોન્) *vt.* To dethrone ગાદી ઉપરથી ઉઠાડી મૂકવું.

Disentrance,(ડિસ્એન્ટ્રૅન્સ્)*vt.*To arouse from a trance:સમાધીમાંથી જાગૃત ક૦;સચેત ક૦.

Disesteem,(ડિસ્એસ્ટીમ્)*n.*Want of esteem: બેઆબરૂ.*vt.*To regard with disfavor;to slight: નાપસંદ ક૦.

Disfavor, (ડિસ્ફેવર્) *n.* Disesteem:ગેરમેહેરબાની;ઇતરાજી. *vt.* To withdraw favor from: ઈતરાજીથી જોવું.

Disfiguration(ડિસ્ફિગ્યૂરેશન્)*n.*Defacement; deformation;disfigurement:બદશીકલ;રૂપનાશ.

Disfigure,(ડિસ્ફિગ્યૂર્)*vt* To mar the figure of; to deface;to deform:ઘાટ બગાડવો;બદશીકલ ક૦.

Disfigurement,(ડિસ્ફિગ્યૂર્મેન્ટ્) *n.* The act of disfiguring:બદસુરતી;બદશીકલ.

Disfranchise,(ડિસ્ફ્રૅન્ચાઇસ્)*vt.*To deprive of a franchise or chartered right:સરકાર-રાજા તરફથી મળેલો હક લઇ લેવો;સનદ ખૂંચાવી લેવી.

Disgarnish,(ડિસ્ગાર્નિશ્)*vt.*To deprive of ornaments:ઘરેણાં ઉતારી લેવાં. [છોડી દેવું.

Disgorge,(ડિસ્ગૉર્જ્)*vt.*To give up:આપી દેવું;

Disgrace,(ડિસ્ગ્રેસ્)*n* Disesteem; અપમાન. 2. Act of unkindness;disfavor: ગેરમેહેરબાનીનું કામ *vt* To deprive of favor;to dismiss with dishonor:આબરૂ લેવી 2.To upbraid;to revile: દૂષણ દેવું-આળ ચઢાવવું.

Disgraceful,(ડિસ્ગ્રેસ્ફુલ્)*a.*Shameful;infamous;dishonorable:શરમ ભરેલું;નામોશી ભરેલું.

Disguise, (ડિસ્ગાઈઝ્)*vt.* To change the appearance of;to conceal by an unusual dress વેષ લેવો;-નો આકાર બદલવો.*n.*A dress put on for purposes of concealment or of deception.વેષ 2 A false appearance:કપટ;વેષ.

Disguised, (ડિસ્ગાઈઝ્ડ્) *a.* Having the appearance concealed; masked:વેશ બદલેલો.

Disgust,(ડિસ્ગસ્ટ્)*n* [L *dis* & *gustus*, taste.] Distaste:કંટાળો; તિરસ્કાર. *vt.* To offend the taste of:સુગ લગાડવી;કંટાળો આપવો.

Disgustful,(ડિસ્ગસ્ટ્ફુલ્) *a.* Provoking disgust;offensive to the taste:કંટાળા ભરેલું.

Dish,(ડિશ્)*n.*A broad open vessel,used for serving up food at the table:થાળી;રકાબી.2. The food served in a dish:ભાણું; જમણ. *vt.* 2.To frustrate:ના ફમેદ ક૦-*To* **d.***out*,to serve out of a dish:થાળીમાંથી પિરસવું.

Dishabille,(ડિશૅબિલ્)*n.*An undress; dishabille:ઢીલો પોશાક;સવારમાં પેરવાનો એક જાતનો ઢીલો હલકો પોશાક.

Dishearten,(ડિસ્હાર્ટન્)*vt.*To discourage;to deject:નાહિંમત ક૦;મન ભંગ ક૦.

Dishevel,(ડિશેવેલ્) *vt.* To hang in a loose manner:છુટું લટકાવવું;વિખેરી નાંખવું.*vi.* To be

spread:વિખેરાઈ જવું;છુટું થવું.

Dishevelled, (ડિશેવેલ્ડ્) *a.* Loose: છુટું કરેલું; વિખરાએલું;લબડતું;લટકતું.

Dishonest, (ડિસ્ઑનેસ્ટ્) *a.* Wanting in honesty:દગાખોર;બેઈમાન.2.Disgraceful:નામોશી લગાડે એવું.*vt.*To bring shame upon:ને શરમ લગાડવી.

Dishonestly, (ડિસ્ઑનેસ્ટલિ) *adv.* In a dishonestmanner:અપ્રમાણિકપણાથી;ગેરવાજબી રીતે.

Dishonesty,(ડિસ્ઑનેસ્ટિ)*n.*Want of honesty;faithlessness:અપ્રમાણિકપણું; દગાખોરી.

Dishonor,(ડિસ્ઑનર્)*n.*Reproach:અપમાન;બેઆબરૂ.2.The nonpayment or non-acceptance of commercial paper:હુંડી ન સ્વીકારવી તે; અસ્વીકાર. *vt.* To deprive of honor:અપમાન-બે આબરૂ કરવી.2.To violate the chastity of: -નું પતિવ્રત ભંગ ક૦.3.To refuse to accept or pay:ન સ્વીકારવું.

Dishonorable,(ડિસ્ઑનરૅબલ્)*n.* Disgraceful: અપમાન ભરેલું;શરમ ભરેલું.2.Wanting in honor: આબરૂ વગરનું.

Disimprove,(ડિસઇમ્પ્રુવ્)*vt.*To make worse: કથલાવવું;વધારે ખરાબ નઠારૂં ક૦;બગાડવું.

Disincarcerate,(ડિસ્ઈન્કાર્સરેટ્)*vt.* To liberate from prison:કેદખાના-બંદીખાનામાંથી છોડાવવું.

Disinclination,(ડિસ્ઈન્ક્લિનેશન્)*n.*Dislike; aversion:કમન;અપ્રીતિ;અરૂચી;ગેરમરજી.

Disincline, (ડિસ્ઈન્ક્લાઈન્)*vt.*To excite the dislike:-નું મન ઉઠાવવું;-ની અપ્રીતિ ક૦.

Disinfect, (ડિસઇન્ફેક્ટ્) *vt.* To cleanse from infection:લાગેલો ચેપ કાઢવો

Disinfectant, (ડિસઇન્ફેક્ટન્ટ્) *n.* That which disinfects:ચેપ-દુર્ગંધી દૂર કરનાર-ઓસડ-ઉપાય; ગંધનાશક ઔષધ.

Disingenuous, (ડિસઇન્જેન્યૂઅસ્) *a.* Mean; unworthy:પાપબુદ્ધિનું;હલકું;અધર્મ;મેલામનનું; મેલું.

Disingenuousness, (ડિસઇન્જેન્યૂઅસનેસ) Unfairness;want of candor;low craft:પાપબુદ્ધિ.

Disinherit, (ડિસ્ઈન્હેરિટ્)*vt.*To cut off from hereditary right:વારસાનો હક લેઈલેવો-ન આપવો.

Disintegrate, (ડિસ્ઇન્ટીગ્રેટ્)*vt* [L *dis* & *integer*,whole.] To break up the cohesion of:ભાગો છુટા પાડવા;ટડકા ક૦

Disintegration, (ડિસઇન્ટીગ્રેશન્) *n.*Destruction of cohesion:ભૂકો-કડકા થઇ જવા તે.

Disinter, (ડિસ્ઇન્ટર્) *vt.* To take out of the grave:ઘોરમાંથી બહાર કાઢવું;ખોદી કાઢવું.

Disinterested, (ડિસ્ઇન્ટરેસ્ટેડ્) *a.*Free from considerations of private advantage:સ્વાર્થ વિનાનું;નિર્લોભી;સ્વાર્થરહિત;બેગરજ;નિસ્પૃહ.

Disinterestedness,(ડિસ્ઈન્ટરેસ્ટેડ્નેસ્)*n.*The quality of being disinterested;impartiality: બેગરજી;બેપરવા;નિર્લોભબુદ્ધિ; નિસ્પૃહતા;અસ્વાર્થતા.

Disinterment, (ડિસ્ઈન્ટર્મેન્ટ્)*n.* The act of taking out of the earth: (ઘોરમાંથી) ખોદી કાઢવું તે;ખનિતોદ્ધાર.

Disinthralment, (ડિસિન્થ્રોલ્મેન્ટ્) *n.* Disenthralment:દાસપણા.ગુલામગીરીમાંથી કાઢવું તે.

Disinvole, (ડિસઇન્વૉલ્વ્) *vt.*To uncover: ખુલ્લું-ઉઘાડું-ક૦.

Disjoin,(ડિસજ્વૉઈન્)*vt.*[L.*dis* & *jungo*,I join.] To disunite: છુટું જૂદું પાડવું. *vt.*To become separated:છુટું-જૂદું પાડવું.

Disjoint, (ડિસ્જ્વૉઈન્ટ્) *vt.* To separate the joints of:ના સાંધા છુટા-જૂદા પાડવા. To make incoherent:અસંબંધ ક૦.

Disjointed,(ડિસ્જ્વૉઈન્ટેડ્)*a.* Put out of joint: ઉતરી ગયેલું;સ્થાનભ્રષ્ટ.

Disjunct, (ડિસ્જન્ગ્કટ્) *a.* [L.*dis* & *jungo*,I join.]Disjoined:છુટું;અલગ;જૂદું;નિરાળું.

Disjunction, (ડિસ્જન્કશન્) *n.* Disunion; separation;a parting:વિયોગ;જુદાઈ.2. A disjunctive proposition:વિરૂદ્ધાર્થ વાકયયોગી.

Disjunctive, (ડિસ્જન્કટિવ્) *a* Separating; disjoining:છુટું-જૂદું પાડનારૂં.*n.*(*Gram.*)A disjunctiveconjunction:વિરૂદ્ધાર્થ-ભિન્નાર્થવાકયયોગી.

Disk, (ડિસ્ક્) *n.* [L. *discus*,a quoit]A flat or circular plate:ચપટગોળચકતું-ચકતી.2.A discus: ચક્ર;ચક્કર;બિંબ;મંડળ.3.The face of a celestial body:બિંબ.

Dislike,(ડિસ્લાઇક્)*n.*Displeasure:નાખુશી;નારાજી. *vt.* To have an aversion to:.નાપસંદ ક૦. 2.To displease:નાખુશ-નારાજ ક૦.

Dislikeness, (ડિસ્લાઈકનેસ) *n.* Unlikeliness; dissimilitude:નાપસંદગી;અરૂચી;અભાવ.

Dislocate,(ડિસ્લૉકેટ્)*vt.* [L. *dis* & *locus*, a place.]To displace:સાંધામાંથી છુટું-જૂદું પાડવું.

Dislocated, (ડિસ્લૉકેટેડ્) *a.* Displaced; disjointed:સાંધામાંથીછુટું પડેલું;ખસી ગયેલું;ચકાયેલું.

Dislocation, (ડિસ્લૉકેશન્) *n.*The act of displacing or the state of being displaced:સાંધામાંથી છુટું-જુદું પાડવું-પડવું તે.

Dislodge, (ડિસ્લૉજ્) *vt.*To drive out from a place of hiding or defence:સંતાઇ રહ્યું હોય તેવી જગ્યામાંથી કાઢી મૂકવું-નસાડવું.

Disloyal,(ડિસ્લૉઈયલ્)*a.*(*a*)Faithless;treacherous:નિમકહરામ;બેઇમાન;બેવફા.(*b*)Faithless to a sovereign:રાજ્યદ્રોહી;રાજા સાથે બેવફાઇ કરનાર.

Disloyalty,(ડિસ્લૉઇઅલ્ટિ)*n.*Violation of allegiance:બેવફાઈ;નિમકહરામી;રાજદ્રોહી;બેઈમાનદારી.

Dismal, (ડિઝ્મલ્) *a.* [L. *diesmalus*,an evil day.] Gloomy to the eye or ear:ઝાંખું; ભયાનક;બીહામણું;ક્રૂર;દારૂણ;ઘોર.

Dismantle,(ડિસ્મૅન્ટલ્)*vt.*To deprive of dress;

to strip:કપડાં-પોશાક ઉતારી લેવા.2. (કિલ્લા-રા-હેરનો)સરંજામ-નારક્ષણનાં સાધન કાઢી લેવાં-તોડી પાડવાં
Dismarch, (ડિસ્માર્ચ) *vi.* To march away: સ્વારી-કુચ ક૦;જતા રહેવું.
Dismask,(ડિસ્મૅસ્ક્)*vt.*To strip a mask from to uncover:ની પાસેથી બુરખો ઝુંટવી લઇ લેવો.
Dismast,(ડિસ્મૅસ્ટ્)*vt.*To deprive of a mast or masts:(વહાણના)ડોળ-કુવા ભાંગી-તોડી નાંખવાં,
Dismay,(ડિસ્મે)*vt.*To terrify;to daunt;to appal:દહેશત-બીક ઘાલવી-દેવી.*n.* Overwhelming terror:ગભરાટ;બીક.
Dismember, (ડિસ્મેમ્બર્) *vt.* To separate the members of;to mutilate:-નાં અવયવો છુટાં-જુદાં પાડવાં;તોડી પાડવું.
Dismemberment,(ડિસ્મેમ્બમેંન્ટ્)*n.* Mutilation;division;separation:ભિન્નતા; ભાગ;જુદાઇ.
Dismiss,(ડિસ્મિસ)*vt.*[L.*dis* & *mitto,* I send.] To send away;to give leave to go: મોકલી દેવો.2. To remove from office: નોકરીપરથી રજા આપવી. [charge:રજા;છુટી;બરતરફી;રૂકસદ;
Dismissal,(ડિસ્મિસૅલ્) *n* Dismission; dis-
Dismission, (ડિસ્મિશન્) *n.* Permission to leave;dismissal:જવાની રજા-છુટ; રજા;બરખાસ્તી. 2. Removal from office or employment; discharge either with honor or disgrace: નોકરીપરથી બરતરફી;વિદાયગીરી.
Dismount, (ડિસ્માઉન્ટ્) *vi.* To bring down from an elevation: ઉંચી જગ્યા પરથી ઉતારવું-ઉતારી પાડવું-નાંખવું 2 To remove from a horse;to unhorse:ઘોડા ઉપરથી ગબડાવી પાડવું.3. To throw from carriages:ગાડીઓપરથી ઉતારી પાડવું. *vi.* To come down: નીચે આવવું. 2. To alight from a horse:ઘોડાપરથી ઉતરવું-ઉતરી પડવું
Disobedience,(ડિસઑબીડિએન્સ)*n.* Violation of command:આજ્ઞાનોભંગ;અવગણના;અનાદર.
Disobedient,(ડિસઑબીડિએન્ટ્)*a.*Neglecting to obey;હુકમ ના માને એવું.
Disobey,(ડિસઑબે) *vt* & *vi.* To neglect or refuse to obey:આજ્ઞા તોડવી;પતન ક૦; નમાનવું.
Disoblige,(ડિસઑબ્લાઇજ્) *vt.* To displease; to be unaccommodating to:માઠું લગાડવું;નાખુશ ક૦.2.To release from obligation:બંધન ફરજમાંથી મુક્ત ક૦. [displeasing:અનુપકારી.
Disobliging,(ડિસઑબ્લાઇજિંગ્)*a.*Offensive;
Disorder,(ડિસઑર્ડર્) *n.* Confusion: અવ્યવસ્થા.2. Neglect of order: અનિયમિતપણું. 3. Tumult:બખેડો.4.Disease:આજાર;દરદ;રોગ. *vt.* To throw into confusion: ગુંચવણ-ગભરાટમાં નાંખવું. [ed:અવ્યવસ્થિત.
Disordered,(ડિસઑર્ડર્ડ)*a.*Confused;derang-
Disorderly,(ડિસઑર્ડર્લિ) *a.* Not in order: marked by disorder:અવ્યવસ્થિત;બંદોબસ્ત વગરનું.2.Tumultuous:તોફાની.
Disorganization,(ડિસઑર્ગેનાઇઝેશન)*n.*The act of destroying order:-નું બંધારણ-બંદોબસ્ત તોડી નાંખવો તે.
Disorganize,(ડિસઑર્ગેનાઇઝ્)*vt* To throw into utter disorder:બંદોબસ્ત તોડવો; ઉથલપાથલ ક૦.
Disown,(ડિસઓન્)*vt.*To refuse to acknowledge as one's own:પોતાનું નથી એમ કહેવું;કબુલ ન રાખવું.2 To refuse to acknowledge:ના કહેવી.
Disparage, (ડિસ્પૅરેજ્)*vt.*[L.*dis,par,* equal & *ago,* I impel.] To dishonor by an unequal marriage:અયોગ્ય વિવાહસંબંધ ક૦.2.To debase:નિંદા કરવી.*n.*Inequality in marriage; કજોડું.
Disparagement,(ડિસ્પૅરેજ્મેંન્ટ્)*n.*Marriage with a person of inferior rank or condition:અયોગ્ય વિવાહ.2 Disgrace:નામોશી.
Disparity,(ડિસ્પૅરિટિ)*n* [L.*dis* & *par,* equal.] Inequality;dissimilitude:ફરક;ફેર;તફાવત;ભેદ.
Dispart, (ડિસ્પાર્ટ્)*vt.* & *vi.*To separate; to sever:જુદું પાડવું;ભાગ પાડવા;કાપવું.
Dispassion, (ડિસ્પૅશન્) *n.* An undisturbed state of the mind;apathy:ઠંડો મિજાજ;શાંતિ.
Dispassionate, (ડિસ્પૅશનેટ્) *a.* [L. *dis* & *patior,*I suffer.] Calm:ઠંડું; ઠંડા મિજાજનું. 2. Impartial:નિષ્પક્ષપાત;ઉદાસીન.
Dispatch,(ડિસ્પૅચ્)*vt.*[L.*de* & *patior,*I go.] To send off:મોકલવું;મુકામ પહોંચાડવું;દોડાવવું.2. To put to death:મારી નાંખવું.3. To dispose of:-નો નિકાલ કાઢવો.4.To rid;to free: છુટું-મુક્ત ક૦.5.To send away hastily:મોકલી દેવું.*n.*The sending off:મોકલવું. 2. Prompt execution: ઉતાવળ 3 Official message or letter:સરકારી લખોટો.5.A message sent by telegram:તાર.
Dispel,(ડિસ્પેલ્)*vt.*[L.*dis* & *pello,*I drive.]To drive away;to banish:કાઢી દેવું; દુર ક૦.
Dispensary,(ડિસ્પેન્સૅરિ)*n.*A place in which medicines are dispensed to the poor:ધર્મનું-ધર્માદા દવાખાનું;ઔષધશાળા.
Dispensation,(ડિસ્પેન્સેશન)*n.*The act of dispensing: વહેંચણી. 2. A system of divine laws:ઈશ્વરી વ્યવસ્થા.
Dispensatory,(ડિસ્પેન્સૅટોરિ)*a.* Granting or authorized to grant dispensation:વહેંચવાની શક્તિ ધરાવતું.*n.*A book which treats of the method of preparing medicines:દવા બનાવવાની-તૈયાર કરવાની રીતની ચોપડી.
Dispense, (ડિસ્પેન્સ્) *vt.* [L *dis* & *pendo,* I weigh.] To distribute:વહેંચવું.2.To execute; to carry out:અમલમાં આણવું. 3 To exempt: છુટ-માફી આપવી.*vi.* To compensate:-નો બદલો વાળવો.2.To allow by dispensation:માફી આ-

પવી; ની રજા-પરવાનગી આપવી.

Dispenser,(ડિસ્પેન્સર્)*n*.One who dispenses: આપનાર;વહેંચનાર;વાંટનાર.

Dispeople,(ડિસ્પીપલ્)*vt*. To deprive of inhabitants;to depopulate:ઉજ્જડ-નિર્જન ક૦.

Disperse, (ડિસ્પર્સ) *vt*. [L.*dis* & *spargo*, I scatter.]To scatter here and there:અહિં-તહિં વિખેરવું.*vi*.To separate:જુદું પડવું;જતા રહેવું.

Dispersion,(ડિસ્પર્શન્)*n*.The act of scattering:વેરવું-વિખેરવું તે.2.The separation of light into its different coloured rays: પ્રકાશ-અજવાળાના તેના જુદા જુદા રંગનાં કીરણોમાં વિખરાઈ-છુટા પડવું તે.

Dispirit,(ડિસ્પિરિટ્)*vi*.To deprive of cheerful spirits; to discourage:ના હિંમત ક૦;-મન ભાંગવું;નિરૂત્સાહ કરવું.

Displace,(ડિસ્પ્લેસ્)*vt*.To remove: ખસેડવું; લઇ લેવું-જવું.2.To discharge:(કામગીરી ઉપરથી) દૂર ક૦.3.To take the place of:-ની જગો લેવી.

Displacement,(ડિસ્પ્લેસ્મેન્ટ્) *n*. The act of displacing:ખસેડવું-બરતર્ફ ક૦ તે;સ્થાન નાશ-ભ્રંશ.

Displant, (ડિસ્પ્લૅન્ટ્) *vt*. To unsettle and take away:ઉખેડી નાંખવું.

Display,(ડિસ્પ્લે) *vt*.[L.*dis* & *plico*, I fold.] To unfold:ખોલવું.2.To show: બતાવવું 3. To parade:ભભકો બતાવવો.*n*.Manifestation: પ્રદર્શન.2.Ostentatious show:ભભકાદાર દેખાવ.

Displease,(ડિસ્પ્લીઝ્)*vt*.To be disagreeable to:-થી ગુસ્સે થવું;નાખુશ ક૦.*vi*.To give displeasure:કંટાળો ઉપજાવવો;-ને માઠું લગાડવું નારાજ કરવું.

Displeasure, (ડિસ્પ્લેઝ્હ્યૂર્)*n*. Dislike; dissatisfaction:નાપસંદગી; અપ્રસન્નતા. 2. That which displeases:નાખુશીનું કારણ 3.The state of disgrace:અપમાન-અપજશ પામવું તે.

Displode,(ડિસ્પ્લોડ્)*vt*.[L. *dis* & *plaudeo*, I clap.] To discharge: બહાર ક૦; ફોડવું. *vi*. To burst with a loud report:બહાર-ભડકો થવો.

Displosion, (ડિસ્પ્લોઝ્હન્) *n*. The act of disploding;an explosion:ભડાકો;ધડાકો;બહાર.

Disponge,(ડિસ્પૉન્જ્)*vt*.To sprinkle as with water from a sponge:વાદળીમાંથી પાણી છાંટવું.

Disport,(ડિસ્પોર્ટ્)*n*. Play:રમત; ગમત. *vi*. To play:રમવું 2.To remove from a port: બંદરમાંથી ખસેડવું.

Disposal,(ડિસ્પોઝૅલ)*n*.Arrangement:રચના;ગોઠવણ 2.Power to dispose of: અખ્તિયાર;અધિકાર

Dispose,(ડિસ્પોઝ્)*vt* [L.*dis* & *pono*,I put.] To arrange: ગોઠવવું. 2. To regulate: ગોઠવણ ક૦.3.To deal out:વહેંચી આપવું.4.To adapt: ઇચ્છા કરાવવી.To *dispose* of,(*a*)to assign for a use:ઉપયોગ-ને માટે નક્કી ક૦.(*b*)To bestow:-નું ઠેકાણું-નિકાલ ક૦. *vt*. To bargain; to make terms:વેચાણનો બંદોબસ્ત ક૦.

Disposition,(ડિસ્પોઝિશન્) *n*. Disposal:વહીવટ 2.Arrangement:રચના.3.Propensity:મન; ઇચ્છા.4.Tendency; nature: સ્વભાવ.

Dispossess, (ડિસ્પૉઝેસ્) *vt*. To put out of possession;to disseize:કબજો મૂકાવી-તોડાવી લેવું

Dispossession,(ડિસ્પૉઝ્ઝેશન્)*n*. The act of putting out of possession:કબજો મૂકાવી લઇ લેવું તે.2 (*Law.*)The putting out of possession wrongfully;ouster:ગેરકાયદે કબજો લેઇ લેવો તે.

Dispraise,(ડિસ્પ્રેઝ્) *vt*. To withdraw praise from:વખોડવું;નિંદા ક૦;ઠપકો દેવો.*n*.Blame;censure:અપ્રશંસા;નિંદા;ઠપકો.

Disprivilege,(ડિસ્પ્રિવિલેજ્)*vt* To deprive of a privilege:હક લઇ લેવો;હક વિનાનું ક૦.

Disprofit,(ડિસ્પ્રૉફિટ્)*n*.Loss:નુકશાન;ખોટ;ટોટો. 2.To lose:ખોવું;નુકશાન-ટોટો ખમવો [ન;વિરૂદ્ધતા.

Disproof,(ડિસ્પ્રુફ્)*n*.Confutation:રદીઓ; ખંડ-

Disproportion, (ડિસ્પ્રોપોર્શન્) *n*. Want of proportion or symmetry:વિષમ પ્રમાણ.2.Unsuitableness:અયોગ્યતા. *vt*. To violate symmetry:પ્રમાણમાં નાના-મોટા ક૦.

Disproportional-nate,(ડિસ્પ્રોપોર્શનૅ-ડિસ્પ્રોપોર્શનેટ્) *a*. Unequal:અસમાન.

Disproportioned,(ડસ્પ્રોપોર્શન્ડ્) *a*. Not having proportion:પ્રમાણ નહિં કીધેલું.

Disprove,(ડિસ્પ્રુવ્)*vt*.To prove to be false: ખોટું-જુઠું-બનાવટનું છેઃએમ સાબિત ક૦ 2. To refute:નામંજુર.

Disputable,(ડિસ્પ્યૂટબલ્) *a*. Capable of being disputed;controvertible:તકરાર-વાંધો લેવા જેવું.2.Contentious:હુજ્જતી.

Disputant,(ડિસ્પ્યૂટૅન્ટ્)*n*.One who disputes; a controvertist:તકરાર લેનાર;વાદી;તાર્કિક *a*.Disputing:.વાદ કરતું;તકરાર લેતું.

Disputation, (ડિસ્પ્યૂટેશન્) *n*. The act of disputing:વાદવિવાદ. 2. Exercise in which parties reason:અભ્યાસાર્થવાદ.

Disputatious,(ડિસ્પ્યૂટેશસ્)*a*.Inclined to dispute;apt to cavil:વાંધાખોર;તકરારી;લઢવાડીયું.

Dispute,(ડિસ્પ્યૂટ્)*vi* [L.*dis* & *puto*,I reckon.]To discuss;to debate:કજીઓ ક૦;વાદ લેવો. 2.To strive: સામે થવું; સામા ભીડવું. *vt*. To discuss:તકરારથી નિર્ણયપર આવવું.2 To oppose by argument:દલીલથી સામા થવું.3 To struggle against: ના સામે કજીઓ ક૦.*n*.Discussion ભાંજગડ.2 Contest:કજીઓ

Disqualification(ડિસ્ક્વૉલિફિકેશન્) *n*. Disability:નાલાયકપણું;અયોગ્યતા.

Disqualify, (ડિસ્ક્વૉલિફાઈ)*vt*.To render unfit;to incapacitate:નાલાયક-અયોગ્ય ક૦.

Disquiet,(ડિસ્ક્વાએટ્)*vt*.To make uneasy or

restless:બેચેન ક૦.*n.*Uneasiness;restlessness: બેચેની.*a.*Deprived of quiet:બેચેન.

Disquietly, (ડિસ્કવાઇએટ્લિ) *adv.* Uneasily; anxiously:બેચેનીથી;ચિંતાથી;ઉચાટપણે.

Disquietude,(ડિસ્કવાઇએટ્યૂડ્)*n.*Uneasiness: agitation;anxiety:બેચેની;ફચાટ;ઉદ્વેગ;આકુળતા.

Disquisition,(ડિસ્કિવઝિશન્)*n.*[L *dis* & *quoero,*I seek.] Elaborate essay:પ્રબંધ; નિબંધ; નિરૂપણ;વિવેચન.

Disregard,(ડિસ્રીગાર્ડ્)*vt.*To pay no heed to; ન ગણકારવું;ન લેખવું.*n.*Neglect:બેતમા;બેપરવા.

Disrelish, (ડિસ્રેલિશ્) *n.* Distaste: અરૂચિ.2. Bad taste: બદસ્વાદ.*vt.*Not to relish: ન ભાવવું 2.To deprive of relish: સ્વાદવિનાનું ક૦.

Disrepair, (ડિસ્રીપૅર્)*n.*A state of being in bad condition and wanting repair: ખરાબ થયેલું હોવું તે;મરામત કરવા જેવું હોય તે.

Disreputable,(ડિસ્રેપ્યૂટેબલ)*a.*Not in esteem dishonourable:આબરૂ વિનાનું.

Disrepute,(ડિસ્રેપ્યૂટ્)*n.*Loss of reputation: આનભંગ; અપકીર્તિ; નામોશી. *vt.* To bring into disreputation:નું અપમાન ક૦.

Disrespect,(ડિસરીસ્પેક્ટ્)*n.*Disesteem:બે અદબી.*vt.*To show disrespect to:અપમાન ક૦.

Disrespectful,(ડિસરીસ્પેક્ટ્ ફુલ્)*a.* Wanting in respect;uncivil:નીચું;અપમાન ભરેલું;નાલાયક.

Disrespective, (ડિસરીસ્પેક્ટિવ્)*a.* Showing want of respect:disrespectful:નાલાયક;અમર્યાદ.

Disrobe,(ડિસરોબ્)*vt.*To divest of garments; to undress:લુગડાં વિનાનું કરવું-ઉતારી લેવાં.

Disrout,(ડિસરાઉટ્)*vt.*To scatter in flight:જુદી જુદી દિશામાં દોડાવી નસાડીમૂકવું;નસાડી મુકવું.

Disrupt, (ડિસરપ્ટ્) *a.* [L. *dis* & *rumpo,* I break.]Torn asunder: ચીરાયેલું. *vt.*To rend: પાડવું-ભાગવું જુદું કરવું;ફાડ પાડવી.

Disruption,(ડિસરપ્શન્)*n.* Breach: તુટ;બિગાડ; ખલેલ;ચીરો;અણબનાવ.

Disruptive, (ડિસરપ્ટિવ્) *a.*Causing disruption;bursting:બિગાડ કરતું;ફાટતું;ભાંગતું.

Dissatisfaction,(ડિસ્સૅટિસ્ફૅક્શન્)*n* The state of being dissatisfied:નાખુશી;અસંતોષ;અપ્રસન્નતા

Dissatisfactory, (ડિસ્સૅટિસ્ફૅક્ટોરિ) *a* Giving discontent;displeasing:નાખુશ;અસંતોષકારી.

Dissatisfy,(ડિસ્સૅટિસ્ફાઇ)*vt.* To render unsatisfied:to displease:અસંતુષ્ટ-નાખુશ-અપ્રસન્ન ક૦

Dissect, (ડિસ્સેક્ટ્) *vt* [L *dis*&*secto,*I cut.]To cut into pieces:કકડે કકડા કરવા;અવયવ છેદન ક૦, ચીરવું.2.To analyse:ફાડી-તોડીને જોવું.

Dissection, (ડિસ્સેક્શન્)*n.* Anatomy:અવયવ-શરીરછેદન.2.An analysis:વિવેચન;પૃથક્કરણ.

Disseize, (ડિસ્સીઝ્) *vt.*(*Law.*)To deprive of possession:નો કબજો ઉઠાવવો;કબજ ક૦;લઈ લેવું.

Dissemblance, (ડિસ્સેમ્બ્લૅન્સ) *n.* Want of resemblance:તફાવત;ફેરફાર.

Dissemble,(ડિસ્સેમ્બલ્)*vt.* [L *dis* & *similis,* like.] To hide under a false seeming:હોય તેથી જુદું બતાવવું. 2.To make pretence of:-નું બ...નું-બતાવવું.

Dissembler, (ડિસ્સેમ્બ્લર્) *n.* One who dissembles;a hypocrite:કપટ રચનાર;ઢોંગી;વેષધારી.

Disseminate,(ડિસ્સેમિનેટ્)*vt.*[L *dis*&*semen* seed.] To spread abroad: પાથરવું. 2. To spread by dispersion:ફેલાવવું.

Dissemination,(ડિસ્સેમિનેશન્)*n.*Dispersion diffusion;scattering:પ્રસારણ;ફેલાવો;વિસ્તાર.

Dissention, (ડિસ્સેન્શન્) *n.* Strife; discord; quarrel:કજીઓ;ઝઘડો;વિરોધ;ફુટફાટ;કલહ;કુસંપ;ફૂટ.

Dissensious, (ડિસ્સેન્શસ) *a.* Quarrelsome; contentious:કજીઆ-ટંટા-લડાઈખોર;કલેશ કરાવનાર.

Dissent,(ડિસ્સેન્ટ્)*vi.* [L.*dis* &*sentio,*I feel.] To differ in opinion;to disagree: મત-અભિપ્રાયમાં જુદા પડવું. 2. To differ from the doctrines or rites of a church: કોઇ સ્થાપિત મત કે ક્રિયાથી જુદા પડવું. *n.* Difference of opinion:મતભેદ.

Dissenter,(ડિસ્સેન્ટર્)*n.*One who differs in opinion or declares his disagreement:મત-અભિપ્રાયમાં જુદો પડનાર;મતભેદ પાડનાર.2.A nonconformist:રાજ્યસ્થાપિતદેવળનામતથીજુદોપડનાર.

Dissentient,(ડિસ્સેન્શિએન્ટ્)*a.* Disagreeing; dissenting:જુદો મત ધરાવતું;નાકબૂલ;ગેરરાજી.*n.* One who disagrees:જુદો મત ધરાવનાર.

Dissertation, (ડિસ્સર્ટેશન્) *n.* [L.*dissero,*I argue.]A disquisition;an essay:નિબંધ;દલીલબાજી;વ્યાખ્યાણ;પ્રબંધ;વિવરણ.

Disserve, (ડિસ્સર્વ) *vt.*To injure;to hurt;*to* harm:દુઃખ દેવું; ઈજા ક૦;હાનિ-નુકશાન ક૦.

Disservice, (ડિસ્સર્વિસ્)*n.*Injury;harm;mischief:હાનિ;નુકશાન;માઠું.

Disserviceable,(ડિસ્સર્વિસેબલ્)*a.* Mischievous;harmful:હાનિ-નુકશાનકારક.

Dissever,(ડિસ્સેવર્)*vt.*To part in two:બે ભાગ ક૦-પાડવા;જુદું ક૦.

Dissidence, (ડિસ્સિડેન્સ્) *n.* [*dis* & *sedeo,* I sit.]Disagreement;dissent:મતભેદ;મતાંતર.

Dissident, (ડિસ્સિડેન્ટ્) *a.*Not agreeing;dissenting:મતભેદ પાડનાર;મતાંતર ગણનાર.

Dissimilar,(ડિસ્સિમિલર્)*a.*Unlike;not similar:અસમાન;ભિન્ન;જૂદું.

Dissimilarity, (ડિસ્સિમિલૅરિટિ) *n.* Unlikeness;dissimilitude:ભિન્નતા;ભેદ;જુદાપણું;તફાવત.

Dissimilitude, (ડિસ્સિમિલિટ્યૂડ્)*n.* Unlikeness;dissimilarity:જુદાપણું;ભેદ;તફાવત;ભિન્નતા.

Dissimulation,(ડિસ્સિમ્યૂલેશન્)*n.*A feigning

false pretension;hypocrisy:છળભેદ;કપટ;માયા.

Dissipate, (ડિસ્સિપેટ્) *vt.* [L.*dis* & *supo,* I throw.] To scatter: વિખેરી નાંખવું. 2. To consume: ખાઇ જવું. *vi.* To be extravagant or luxurious:ઉડાવી-ખરચી નાંખે એવું હોવું-થવું.

Dissipated, (ડિસ્સિપેટેડ્) *a* Extravagant:ઉડાઉ;દુરાચારી;અદફેલ;વિષયલંપટ.

Dissipation, (ડિસ્સિપેશન્) *n.* Waste:ઉડાવીને નાંખવું તે.2. Dissoluteness:ઉડાઉપણું.

Dissocial, (ડિસ્સોશિઅલ્) *a.* Unfriendly to society;selfish:એકલપેટું;સાંકડા મનનું;સ્વાર્થપરાયણ.

Dissociate, (ડિસ્સોશિએટ્)*vt.*[L.*dis*&*socius,* a companion.]To separate:જુદા પાડવું;અલગ કo;ભાગ પાડવો.

Dissoluble, (ડિસ્સોલ્યૂબલ્) *a.* Convertible into fluid:પ્રવાહી થઈ શકે એવું. 2. Capable of being disunited:જોડવા-ભેગુ કરવા લાયક નહિ એવું

Dissolubility,(ડિસ્સોલ્યૂબિલિટિ) *n.* Capacity of being dissolved by heat:ગરમી કે તાપથી ઓગળી-પીગળી-જઇને રસ-પ્રવાહી પદાર્થ થવો તે.

Dissolute, (ડિસ્સોલ્યૂટ્) *a.* Wanton; lewd; debauched:રમતિયાળ;દુર્વ્યસની;લંપટ.

Dissolution, (ડિસ્સોલ્યૂશન્) *n.* The act of dissolving:પીગળાવું તે.2.Melting:પ્રવાહી થવું તે.3.The dispersion of an assembly; the breaking up of a partnership:તુટાતુટ;ફાટ.4. Decomposition: વિચ્છેદ. 5. Death: મોત. 6. Destruction:નાશ.7. Corruption of morals: લંપટપણું;વ્યભિચાર.

Dissolvable,(ડિઝ્ઑલ્વૅબલ્)*a.*Soluble: પિંગાળ-વા-ભાગ પાડવા લાયક; પીંગાળવા-ઓગાળવા લાયક.

Dissolve, (ડિઝ્ઑલ્વ્) *vt.* [L. *dis* & *solvo,*I lose.] (*a*) To separate into component parts:જોડાયેલા-મિશ્રિત ભાગમાં જુદું પાડવું 2.To disconnect:છુટું પાડવું 3.To melt:પીંગાળવું.4. To solve:(સંશય)દુર કo-છેદવો. 5.To annul:નામંજુર કરી કાઢી નાંખવું *vi.*To be decomposed: ભાગી જવું-નું પૃથક્કરણ થવું.2.To be melted:પ્રવાહી થવું; પીંગળવું.3.To fade away:જતાં રહેવું.

Dissolvent, (ડિસ્સોલ્વેન્ટ્) *a.* Having power to melt or dissolve:ઓગાળી-પીંગાળી શકે એવું.

Dissonance, (ડિસ્સોનૅન્સ્) *n.*A mingling of discordant sounds;discord:બેસુર અવાજ-રાગ.

Dissonant,(ડિસ્સોનૅન્ટ્)*a.* [L. *dis* & *sono,* I sound.]Discordant;harsh:બેસુર;બેરાગ;કઠોર.

Dissuade,(ડિસ્સ્વેડ્)*vt*]L.*dis* &*suadio,*I advise]To advise against:ઉલટી-ઉંધી શીખામણ.

Dissuasion, (ડિસ્સ્વેઝન) *n.*The act of dissuading;dehortation:ઉલટી-ઉંધી શિખામણ

Dissuasive,(ડિસ્સ્વેસિવ્)*a* Tending to dissuade from a purpose;dehortatory:નિવારણ પ્રેરક;નિષેધાર્થક;મન ફેરવનારું.

Dissyllable, (ડિસ્સિલૅબલ્) *n.*A word consisting of two syllables only:ફક્ત બે સ્વર-પદવાળો શબ્દ.

Distaff, (ડિસ્ટૅફ્) *n.* The staff: રેંટીઆની ત્રાક; ચરખાની દાંડી.2.The female sex:સ્ત્રી જાત.

Distain,(ડિસ્ટેન)*vt*[L *dis* & *tingo,*I dye.]To stain;to discolor:ડબકો પાડવો;ડાઘ પાડવો.

Distance, (ડિસ્ટૅન્સ)*n.* An interval or space between two objects:બે પદાર્થ વચ્ચેનું છેટું-અંતર.2.Remoteness of place:કોઇ જગ્યાનું છેટું. 3.A space between bodies of troops:લશ્કરની બે ટુકડીઓ વચ્ચેની જગા-છેટું-અંતર.4.Interval of time: વખતનો આંતરો-અંતર. *To keep one's* **d.**, to stand aloof:થી દુર રહેવું.

Distant, (ડિસ્ટૅન્ટ્) *a.* [L.*dis* & *sto,*I stand.] Separated:at a distance:જુદું;લાંબું;દુર; વેગળું.

Distaste,(ડિસ્ટેસ્ટ્)*n.* Disrelish:અભાવ;અરૂચિ. 2.To disrelish:બેસ્વાદ થવો.

Distasteful, (ડિસ્ટેસ્ટ્ફુલ્) *a.* Unpleasant to the taste:બેસ્વાદ.2.Offensive:ન ગમે-ન પસંદ પડે એવું.

Distemper, (ડિસ્ટેમ્પર્)*n.*Disorder:રોગ. 2.Ill humor:બેચેની.3.Tumult:લડાઇ;ટંટો;બખેડો. *vt.* To disorder:બિમારી થવી.

Distend, (ડિસ્ટેન્ડ્)*vt.*[L *dis* & *tendo,*I stretch]To lengthen out:લંબાવવું; વિસ્તારવું. *vt.* To become expanded:ઉપસવું.

Distention, (ડિસ્ટેન્શન્) *n.* The act of distending:ઉપસાવો વિસ્તાર.2.Breadth:પહોળાઇ.

Distich,(ડિસ્ટિક્)*n.*[Gr.*dis* & *stichos,*a row.] A couplet of two lines:બે લીંટીની કડીનો છંદ.

Distil,(ડિસ્ટિલ્)*vi.*[L.*de* & *stillo,*I drop.] To drop:ટપકવું. 2. To rectify:અર્ક;દારૂરૂપે કાઢવું. 3. To dissolve:ઓગાળવું.

Distillation, (ડિસ્ટિલેશન્) *n.* The act of falling or pouring drops: ટપકાંથી-ટપકાંરૂપે પાડવું-રેડવું. 2. That which falls in drops: જે ટપકાં રૂપે પડે છે તે. 3. The operation of extracting spirit:અર્ક કાઢવાની રીત.

Distillery, (ડિસ્ટિલરિ) *n.*The building and works where distilling is carried on:અર્ક વિગેરે કાઢવાની જગ્યા.

Distinct, (ડિસ્ટિન્ગ્ક્ટ્) *a.* [L. *dis* & *tinctus,* marked off.]Having the difference marked:તફાવત-ફેર હોય એવું. 2. Separate in place: જુદું જુદું.3.Clear:સ્પષ્ટ;ખુલ્લું.

Distinction,(ડિસ્ટિન્ગ્શન્)*n* A note or mark of difference: ફેર-તફાવતની નિશાની. 3 Discrimination:સારા સાર-વિવેક.4. Distinguishing quality:ફેરફાર.5.Estimation of difference:ભેદદૃષ્ટિ.6. Eminence: પ્રખ્યાતિ.

Distinctive,(ડિસ્ટિન્ગ્ક્ટિવ્) *a.* Having the

power to distinguish:પારખનાર; ઓળખનાર.

Distinctly,(ડિસ્ટિન્ગ્ક્ટ્લિ) *adv.* Clearly:સાફ સ્પષ્ટ-ખુલ્લી રીતે.

Distinguish,(ડિસ્ટિન્ગ્વિશ્) *vt.* [L. *dis* & *tinguo*,I quench.] To separate by visible marks:ઓળખાવવું.2.To separate:-ના ભાગ-વિભાગ પાડવા.3.To discern by quality: ઓળખવું. 4.To make eminent or known:પ્રખ્યાત-પ્રસિદ્ધ કo.*vi.*To perceive the difference:તફાવત-ફેર શોધી કાઢવો-બતાવવો.

Distinguished,(ડિસ્ટિન્ગ્વિશ્ડ્)*a.* Eminent; known;illustrious:પ્રખ્યાત;વિખ્યાત;નામીચું.

Distnguishing,(ડિસ્ટિન્ગ્વિશિન્ગ્) *a* Peculiar;charcteristic:વિલક્ષણ;મેદદર્શક.

Distort,(ડિસ્ટૉર્ટ્)*vt* [L *dis* & *torqueo*,I twist] To twist out of natural form:કુદરતી આકૃતિ-આકાર બદલી નાંખવો.

Distortion, (ડિસ્ટૉર્શન્) *n.* A twisting out of regular shape:વાંકાપણું.2. Crookedness: ફરી જવું તે.

Distract,(ડિસ્ટ્રૅક્ટ્)*vt.*[L.*dis* & *traho*,I draw.] To draw apart or away;to divide:જુદું ખેંચવું.2.To confuse:ગરબડ કરાવી મૂકવી; ગભરાવવું. 3. To render insane:ગાંડું કo.

Distracted,(ડિસ્ટ્રૅક્ટેડ્)*a.* Confused;insane; mad:ગભરાયેલું;ચળેલું;ગાંડું;ઘેલું;દિવાનું.

Distraction,(ડિસ્ટ્રૅક્શન્)*n.*A drawing apart: જુદું પાડવું તે 2.Perplexity:ગુંચવણ.3.Disorder: બખેડો. 4. Agitation from violent emotions:ટળવળાટ; ડામાડોળ; ગભરાટ. 5. Derangement:ગાંડાઇ.

Distrain,(ડિસ્ટ્રેન્) *vt.* [L. *dis* & *stringo*, I draw tight.] To rend; to tear:માગવું 2. To seize for debt:કરજના બદલામાં (માલ જપ્ત કરી) પકડવું;જપ્ત-કબજ કરવું.

Distress,(ડિસ્ટ્રેસ્)*n.* Extreme pain of body દુ:ખ.2.Misfortune:દુ:ખ; આફત. 3. A state of danger:આપત્તિ.4.(*a*) The act of distraining:માગણા-લેહેણાને પેટે કબજ-જપ્ત કo તે. *vt.*To pain:દુ:ખ નાંખવું.

Distressful,(ડિસ્ટ્રેસ્ફુલ્)*a.* Afflicting bringing distress:દુ:ખદાયક;દુ:ખદાયી.

Distressing,(ડિસ્ટ્રેસિન્ગ્)*a.*Painful;distressful:દુ:ખદાયી; પીડાકારી;સતાવતું;ક્લેશ પ્રદ.

Distribute,(ડિસ્ટ્રિબ્યૂટ્)*vt.* [L. *dis* & *tribuo*, I give.] To deal out: વહેંચવું. 2. To divide as in classes; to classify:-ના વિભાગ કo.

Distribution, (ડિસ્ટ્રિબ્યૂશન્) *n.* The act of distributing:વહેંચવું-ભાગ કo તે. 2.Classification:વ્યવસ્થા;વર્ગીકરણ;વિભાગ.3.The arranging of the types:બીબાં ગોઠવવાં તે;કમ્પોઝ છોડવું તે.

Distributive, (ડિસ્ટ્રિબ્યૂટિવ્) *a.* Serving to divide:દરેકને તેનો ભરે.બર હિસ્સો પાડી આપતું.A d *adjective or pronoun*:વિયોજક વિશેષણ કે સર્વનામ.

Distributively,(ડિસ્ટ્રિબ્યૂટિવ્લિ)*adv.*By distribution; singly;not collectively:ખરેક અકેક;જૂદું જૂદું.

District,(ડિસ્ટ્રિક્ટ્)*n.*[L *dis* & *stringo*,I draw tight.] A defined portion of a state or city:જીલ્લો;પ્રાંત 3 A region;a country:મુલક.

Distriction,(ડિસ્ટ્રિક્શન્)*n* Flash; glitter:ચળકારો;ચળકાટ.

Distrust, (ડિસ્ટ્રસ્ટ્) *vt.* To doubt:વિશ્વાસ-ભરોસો ન રાખવો. *n.* Want of confidence or faith:અણવિશ્વાસ;શંકા વહેમ.

Distrustful,(ડિસ્ટ્રસ્ટ્ ફુલ્)*a.*Apt to distrust: અણવિશ્વાસ-ભરોંસો રાખવું રાખવા લાયક.

Distrustfulness, (ડિસ્ટ્રસ્ટ્ ફુલ્નેસ્) *n.* Want of confidence:અણુવિશ્વાસ;અણભરોંસો.

Distrustless, (ડિસ્ટ્રસ્ટ્લેસ્)*a.* Trustful; free from distrust:વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસવાળું.

Disturb,(ડિસ્ટર્બ્)*vt.*[L *dis* & *turba*,tumult] To throw into confusion: ગભરાટમાં નાંખવું. 2. To interrupt:-ને હરકત કરવી.

Disturbance,(ડિસ્ટર્બન્સ્)*n.* Disorder:હરકત. 2. Perplexity:ગભરામણ 3.Tumult:હુલ્લડ.

Disunion,(ડિસ્યૂનિઅન્)*n.* Separation:જુદાઇ. 2. Contention:કજીઓ.

Disunite,(ડિસ્યૂનાઇટ્) *vt.*To divide:છુટું-જુદું કo *vi.* To part:જુદું પડવું.

Disunity,(ડિસ્યૂનિટિ)*n* A state of separation a want of union of feeling:જુદાઇ;કુસંપ.

Disuse,(ડિસ્યૂસ્)*n.*[L *dis* & *usus*,use]Cessation of use:અવ્યવહાર;ગેરવહિવટ;બિનરિવાજ;*vt.* To cease to use:ઉપયોગમાંથી કાઢી નાંખવું.

Disutilized, (ડિસ્યૂટિલાઇઝ્ડ્)*a.*Deprived of utility;worthless:વાપરવિનાનું.

Disvouch,(ડિસ્વાઉચ્)*vt.*To discredit:ન માનવું;વિશ્વાસ ન રાખવો;ઉલટું કહેવું.

Ditch,(ડિચ્) *n.*A trench for draining wet land:ખોદેલી ખાડી.*vt.*To dig a ditch:ખાઇ ખોદવી.

Dition,(ડિશન્)*n.*[L.*do*,I give.]Rule; power; government;dominion:કાયદો;ધારો;સત્તા.

Ditto,(ડિટ્ટો)*n*[L.*dictum*,said.]The aforesaid thing:ઉપર કહેલી વાત.

Ditty,(ડિટ્ટી)*n.* [L. *dico*,I say.] A saying or utterance:બોલવું-ઉચારવું તે;ઉચ્ચાર.2 A song;a sonnet:ગાન;ગીત;ગાણું.*vi* To sing:ગાવું;રાગ કાઢવો.

Diuretic,(ડાયયૂરીટિક્)*a.* [Gr. *dia* & *ouron*, urine.]Tending to increase the secretion & discharge of urine:મૂત્રવર્ધક;મૂત્રોત્પાદક.

Diurnal,(ડાઇઅર્નલ્) *a.* [L.*dies*, a day.] Relating to the daytime:દહાડા-સંબંધી.2.Daily

કરેલોજનું.*n*. A daybook:રોજમેળ; ચોપાનિયું.

Divan,(ડિવૅન્)*n*.A book:ચોપડી. 2 The court of justice:ઠરાવ કરનારી સભા. 3. The council chamber: દિવાનખાનું. 4. A chief officer of a state:દિવાન.

Divaricate,(ડાઇવૅરિકેટ્)*vt*.[L. *dis* & *varus*, bent.] To part into two branches: બે ભાગ-ફાંટા ક૦. 2. To diverge widely: પહોળું હોવું.

Dive,(ડાઈવ્)*vi*. To descend or plunge into water:પાણીમાં ડુબકી મારવી-ખાવી.2. To study thoroughly:-ના વિષે સંપૂર્ણ જાણવું.*n*.A plunge into water:ડુબકી.

Diver, (ડાઇવર્) *n*. One who dives:ડુબકી મારનાર.2.One who goes deeply into a study or business:કોઈ કામ તથા અભ્યાસમાં ઉંડો ઉતરનાર-પેસનાર.

Diverge,(ડિવર્જ્) *vi*. [L. *dis* & *vergo* I incline.]To proceed from a common point in different directions:.મધ્ય બિંદુમાંથી નિકળીને આડા જુદી જુદી દિશામાં ફ્તરાતાં જવું.

Divergence-cy, (ડિવર્જેન્સ-ડિવર્જેન્સિ) *n*. A receding from each other in radiating lines:કેંદ્રાપસરણ.2. Disagreement:ફેર,તફાવત.

Divergent, (ડિવર્જેન્ટ્) *a*. Departing: આડું ફાટનારૂ.

Diverse,(ડાઈવર્સ્) *a* [L. *dis* & *verto*,I turn.] Various:જુદું જુદું. 2 Several:કેટલાંએક.

Diverse, (ડિઇવર્સ્) *a*. Different:તરેહતું; જુદું. જુદુ. *vi*. To turn aside:આઘું ખસેડવું.

Diversification, (ડિવર્સિફિકેશન્)*n*.The act of changing forms: આકાર-રૂપ બદલવું તે. 2. Change;alteration:ફેરબદલી;બદલાવું તે;ફેર.

Diversify, (ડિવર્સિફાઇ) *vt*. [L. *diversus* and *facio*,I make] To make various in form or qualities:જુદી જુદી જાત.

Diversion,(ડિવર્શન્) *n*. The act of turning aside from any course: ફેરફાર; પરિવર્તન. 2. Sport:વિલાસ;રમત

Diversity, (ડિવર્સિટિ) *n*. Dissimilitude: જુદા જુદા પણું. 2. Variety:ભેદ;ભિન્નતા.

Divert,(ડિવર્ટ્)*vt*.[L.*dis* & *verto*,I turn.]To turn aside:આડું ચલાવવું-ફેરવવું. 2. To amuse: ગમત ક૦;મનરંજન ક૦.

Diverting,(ડિવર્ટિંગ્)*a*.Amusing;entertaining:ખુશકારક;ખુશ કરતું:મનોરંજક.

Divertisement,(ડિવર્ટાઈઝ્મેન્ટ્)*n* Diversion; amusement;recreation:રમત;ગમત;વિનોદ;વિલાસ

Divest,(ડિવેસ્ટ્)*vt*.[L.*dis* & *vestio*,I clothe.] To strip(*as of clothes, arms, &c.*):ઉતારી લેવું; લુગડાં ઉતારવાં; નાગું-નવસ્ત્ર ક૦. 2. To deprive:છીનવી લેવું.

Dividable,(ડિવાઇડૅબલ્) *a*. Divisible:વહેંચવા જેવું;વિભાજ્ય.2. Divided;separate:ભાગેલું;જુદું વહેંચેલું. [જુદું જુદું થયેલું;વહેંચાયેલું.

Divident,(ડિવિડૅન્ટ્) *a*. Different;separate:

Divide,(ડિવાઇડ્)*vt*. [L. *divido*,I divide] To separate:-ના ભાગ વિભાગ ક૦.2. To cause to be separated:જુદું ક૦ પાડવું.3.To distribute: વહેંચી આપવું.4.To disunite in opinion:મતફેર-ભેદ પડાવવો.5 To separate into parts (*according to votes*):(મત પ્રમાણે)બે ભાગ પાડવા *vi*. To be separated:ભાગ થવા-પડવા;જુદું થવું પડવું. 2.To vote by separating a legislative house into two parts:બે ભાગે જુદાં જુદાં બેસીને મત આપવો.3.To have a share:ભાગ લેવો; માં હિસ્સો.

Dividend, (ડિવિડેન્ડ્) *n*. A sum divided: ફાળો;ચાંટો; લાભ; હિસ્સો; ભાગ. 2. A quantity which is to be divided:ભાજ્ય.

Divider,(ડિવાઇડર્)*n*.One who or that which divides:ભાગનાર;છેદક;ભોજક 2.A distributor: વહેંચનાર.

Divination, (ડિવાઇનેશન્) *n*. A foretelling future events:ભવિષ્યમાં બનવાના બનાવ કહેવા તે.

Divine,(ડિવાઇન્)*a*.[L.*divus*,a God]Belonging to God: ઇશ્વરી. 2. Religious: ધાર્મિક. 3. Godlike: દિવ્ય. *n*. A priest: પાદરી. *vt*. to foresee:ભવિષ્ય કહેવું.*vi*.To afford omens or auguries:શુકન-ભવિષ્ય કહેવું. 2. To guess:અટકળ ધારણા બાંધવી.

Divinity,(ડિવિનિટિ)*n*.The nature or essence of God;deity; godhead:ઇશ્વરપણું; પરમેશ્વર.

Divisibility(ડિવિઝિબિલિટિ)*n* The quality of being divisible:વહેંચાઇ જવાનો ગુણ.

Divisibie, (ડિવઝિબલ્) *a*. Capable of being divided or separated:ભાગ પાડવા લાયક.

Division,(ડિવિઝ્હન્)*n*.The act of dividing: ભાગ પાડવા-જુદું પાડવું તે. 2. The state of being divided;separation:વહેચણ;વિભાગ;વાટણી. 3.That which divides;a partition:પડદો;પડ; 4 (*a*) The portion separated by the dividing of a mass:અંશ;કકડો.3.Discord:વિરોધ. 4. The reverse of multiplication:ભાગાકાર. 5. The distribution of a discourse into parts:પ્રકરણ.

Divisive, (ડિવાઈઝિવ્) *a*. Forming division: ભાગ પાડતું.2.Creating discord:કુસંપ કરતું.

Divisor,(ડિવાઇઝૅર્)*n*. (*Arith*)The number by which the dividend is divided:ભાજક.

Divorce,(ડાઇવૅર્સ્)*n*.[L *dis*&*verto*,I turn.]A legal dissolution of the bonds of metrimony:ફારગતી.૨.The decree or writing by which a marriage is dissolved: લગ્નનો છુટો છેડો કરનાર હુકમ-આજ્ઞાપત્ર. *vt*. To separate by divorce:છુટા છેડા ક૦.

Divorcement, (ડિવૉર્સ્‌મેન્ટ્) *n.*Dissolution of the marriage tie;divorce:છુટા છેડાની ચીઠ્ઠી.

Divulge, (ડિવલ્જ્) *vt.* [L *dis* & *vulgus*,the multitude.]To make public:પ્રકટ-પ્રસિદ્ધ કo. 2. To impart: આપવું;જણાવવું;કહેવું.*vi.*To become publicly known:ફેલાવું પડવું.

Dizziness, (ડિઝિનેસ્) *n.*Giddiness;vertigo: તમ્મર;ફેર;ચક્કર;ચકરી.

Dizzy, (ડિઝિ) *n.* Giddy: ફેર, ચક્કર આવતું. 2. Causing dizziness: ફેર-તમ્મર-ચક્કર લાવે એવું. *vt.*To make giddy:ભમ્મર ચક્કર આવે એમ કo.

Do,(ડૂ)*vt.*To cause:કરાવવું;કરવું 2. To perform as an action:કૃત્ય કo.3.To finish:પૂર્ણ કo 4.To make ready for use, as food by cooking: કામમાં આવે એમ તૈયાર કo *To* **d**.*away* with,to remove;to destroy:કાઢી નાંખવું *To* **d**. *one's business*,to ruin one: નું કાટલું કo; નું કામ કાઢી નાંખવું.*To* **d**.*to death*,to put to death: મારી નાંખવું.To accomplish thoroughly:બરોબર પુરે-પુરૂં કo.*To* **d** *with*,to dispose of:ની વ્યવસ્થા-ગોઠવણ કo.*To have to* **d**.*with*:નું કામ હોવું;-ની સાથે નિસબત હોવી.*Done up* (*a*) Ruined:નાશ પામેલું.*vi.*To act or behave in any manner: ગમે તેવી રીતે ચાલવું. 2. To fare:તબીઅત-મિજાજ-પ્રકૃતિ હોવી.*To* **d** *withal*,to help or prevent: અટકાવવું રોકવું.

Doab, (દોઍબ્) *n.* A tract of land included between two rivers:બે પાણી વચ્ચેનો મૂલક.

Doat,(ડોટ્)*vi.*See **Dote**

Docible,(ડૉસાઇબલ્)*a.*Docile;teachable:જલદી -સેહેલાઇથી શીખવી-પાળી-શકાય એવું;નમ્ર.

Docile,(ડૉસાઇલ્)*a* [L.*docio*,I teach.]Teachable:શીખવી શકાય એવું;શીખવાને તત્પર.

Docility,(ડૉસિલિટિ) *n.*Teachableness; readiness to learn:શીખવાને તત્પર હોવું તે;ગરીબાઇ.

Docimacy,(ડાસિમૅસિ)*n.*[Gr.*dokimos*,tested.] The act or practice of applying tests to ascertain the nature:કુદરત-વસ્તુના કસની તપાસ.

Dock,(ડૉક્)*n.*Space between two piers for the reception of ships:વહાણ આવે તેને રાખવાને માટે બે પથ્થરના થાંભલા વચ્ચેની જગ્યા 2.The place where a criminal stands in court: ગુન્હેગારને કોરટમાં ઉભા રહેવાની જગા;પાંજરૂ. *Dry* **d**.:જેમાંથી પાણી ઉલેચી નંખાય અગર દુર રાખી શકાય એવી ગોદી.*Wet* **d**: વહાણ આવ જા કરી શકે એટલું પાણી જેમાં રાખેલું હોય એવી ગોદી.

Dockage,(ડૉકેજ્)*n.*A charge for the use of a dock:ગોદીનું ભાડું.

Docket,(ડૉકેટ્)*n.*A summary or digest:ટાંચણ.2 A label:માલપર ચોઢેલી ચીઠ્ઠી;માલ સાથે બાંધેલી ચીઠ્ઠી.3.(*Law*)A list of causes ready for trial: કોરટના મુકર્દમાની નોંધ. 4. On the *docket*,in hand:હાથમાં. *vt.* To abstract and enter in a book:લેખવું સુચિપત્ર કo.

Dock-yard,(ડૉક્યાર્ડ્)*n.*A yard or magazine near a harbour for containing all kinds of naval stores and timber:વહાણના સામાનની વખાર;ગોદી.

Doctor, (ડૉક્ટર્) *n.* [L. *doceo*, I teach.] A teacher;a learned man:પંડિત;વિદ્વાન 2. One who has received the highest degree in a faculty:એકાદ વિદ્યામાં સૌથી મ્હોટી પદ્વી મેળવી હોય એવો પુરૂષ.3. A physician: ડાક્તર;વૈદ. *vt.* To treat as a physician:દવા કરવી.

Doctrinal, (ડૉક્ટ્રિનલ્) *a.*Pertaining to doctrine:મત સંબંધી. 2. Pertaining to the act or means of teaching:ઉપદેશ રૂપ.

Doctrine,(ડૉક્ટ્રિન્)*n.*Teaching:ઉપદેશ;શિક્ષા.2. A tenet:જે શિખવામાં આવે છે તે;મત.*Traditional* **d**:સંપ્રદાય.**D**.*of evolution*:પરિણામવાદ.

Document,(ડૉક્યૂમેન્ટ્)*n* [L.*doceo*, I teach] Anything furnishing proof or evidence: લેખ;દસ્તાવેજ.

Documental-ry, (ડૉક્યૂમેન્ટલ્-રિ) a. Pertaining to written evidence:લેખી; દસ્તાવેજી.

Dodecagon;(ડોડેકૅગૉન્)*n*.[Gr.*dodeka*,twelve & *gonia*,angle.]A regular figure bounded by twelve equal sides and containing twelve equal angles:બાર સરખી બાજુ અને બાર સરખા ખૂણાવાળી આકૃતિ

Dodge,(ડૉજ્) *vi.* To start suddenly aside: એકા એક ખસી જવું. 2. To play fast & loose: છળભેદ કo.*vt.*To evade by craft:ઉડાવવું;માથેથી કાઢી નાંખવું. *n.* A clever contrivance: પેચ; દાવપેચ;છળ.

Doe,(ડો)*n.*A she-deer;the female of the fellow-deer:મૃગલી;હરણી;સાબરી;મૃગી.

Doff,(ડૉફ્)*vt.*To put off:ઉતારવું;(લુગડાં)કાઢવાં;દુર કo.2.To rid one's self of:કાઢી નાંખવું. *vi.*To take off the hat:ટોપી ઉતારવી

Dog, (ડૉગ્) *n.*A quadruped:કુતરો-રી-રૂં;શ્વાન.2. A mean worthless fellow:દુષ્ટ;અધમ-માણસ 3. One of the two constellations in the southern hemisphere:લુબ્ધકનો તારો.4. An iron for holding wood in fire-place;a firedog:ચીપીઓ.A **d** *in the manger*:ઘાસની ગંજીનો કુતરો **D** *cheap*,very cheap:ઘણું સોંઘુ-સસ્તું,*To give or throw to the* **d**,to throw away:નજીવું-નકામું હોવાથી ફેંકી-નાંખી દેવું. To go the *dogs*, to be ruined:નાશ-પાયમાલ થવું.

Dog-cart, (ડૉગ્કાર્ટ્) *n.* A two wheeled or a four wheeled carriage;one horse vehicle for sportsman: શિકારીઓને સારૂ બે અથવા ચાર પૈડાંની એક ઘોડે જોડવાની ગાડી;ડાકીગાડી.

Dog-ear.(ડૉગ્ઇઅર્)*vt.*To turn down the leaf of a book:ચોપડીના પાનાનો ખુણો વાળવો.

Dog-fox,(ડૉગ્ફૉક્સ્) *n.* A male fox:નર લોંકડી.

Dogged,(ડૉગ્ડ્)*a.*Obstinate:સદા ઉદાસ;હઠીલું.

Doggerel,(ડૉગ્ગરેલ્)*a.* Low in style and irregular in measure:જેવી તેવી ગોઠવેલી.*n* Low styled and irregular verse:જેવી તેવી ગોઠવેલી અને હલકી-કવિતા.

Doggish,(ડૉગિશ્)*a.* Like a dog;churlish:કુતરા જેવું;ધુરકતું;હઠીલું;કઠોર.

Dogma, (ડૉગ્મે) *n.* [Gr. *dokeo,* I think.] A tenet; a doctrine: વિષય; મત; વાકય. 2. An established tenet:સ્થાપિત મત-વાત.

Dogmatic-cal, (ડૉગ્મૅટિક્-કૅલ્) *a.* Pertaining to an established doctrine:સ્થાપિત-સિદ્ધ મત સંબંધી.

Dogmatism, (ડૉગ્મૅટિઝમ્) *n.* Arrogance or positiveness in opinion:સ્વમતાભિમાન.

Dogmatist,(ડૉગ્મૅટિસ્ટ્)*n.*A positive asserter:સ્વમતાભિમાની;સ્વમતવાદી; સ્વમતાગ્રહી.

Dogmatize, (ડૉગ્મૅટાઇઝ્) *vi.* To teach with bold and undue confidence: બહુજ ખાતરજમાથી મત-અભિપ્રાયશિખવવો.

Dog-sleep,(ડૉગ્સ્લીપ)*n.* Pretended sleep:ઢોંગ કરીને ઉંઘવું તે;શ્વાનનિદ્રા.

Dog-star,(ડૉગ્-સ્ટાર્)Sirius: લુબ્ધકનો તારો.

Dog-tooth, (ડૉગ્ટુથ્) *n.* A sharp pointed human tooth:કુતરીઓ દાંત;રાક્ષસી દાંત.

Doily, (ડાઇલિ) *n.*A species of wooden stuff: એક જાતનું ઉનનું લુગડું.

Doit, (ડૉઇટ્) *n.* A small dutch coin worth about half a farthing:એક નાનો આશરેમે પાઇની કિંમતનો ડેન્મર્કનો શિક્કો.

Dole,(ડૉલ્)*n.* Distribution:ભાગ પાડીને વહેંચવું તે;વહેંચણી.*vt.*To deal out in small portions: આપવું.

Doleful, (ડૉલ્ફુલ્) *a.*Full of grief;expressing sorrow;melancholy:શોકાતુર;દિલગીરી ભરેલું.

Dolent-le-some, (ડૉલેન્ટ્-ડૉલ્સમ્) *a.* Sorrowful;dismal:દિલગીરી ભરેલું;શોકાતુર.

Doll,(ડૉલ્)*n* A puppet or baby for a child: છોકરાંને રમવાની પૂતળી; પુતળું-રમકડું ઢીંગલી.

Dollar,(ડૉલ્લર્)*n.*A silver coin: (આશરે સવા બે રૂપિયાની કિંમતનો યુરોપ તથા અમેરિકાના કેટલાક દેશમાં ચાલતો)રૂપાનોસિક્કો.

Dolour,(ડૉલર્)*n* [.L.*doleo,*I feel pain.]Pain; grief;distress:દુઃખ;સંકટ;શોક;ખેદ.

Dolorous,(ડૉલરસ્)*a.*Sorrowful;dismal:શોકકારક;ખેદકારક.

Dolphin, (ડૉલ્ફિન્) *n.*[L.*dolphinus.*]A kind of fish:એક જાતનું માછલું;શિશુમાર.

Dolt,(ડૉલ્ટ)*n.*A blockhead:ઠોઠ-જડી-મંદ બુદ્ધિનો માણસ;પથરો;ગધેડો *vi.* To waste time foolishly:મૂર્ખાઇથી વખત ગુમાવવો.

Doltish,(ડૉલ્ટિશ્)*a.*Dull in intellect:મૂર્ખ;જડ-જાડી-મંદબુદ્ધિનું.

Domain, (ડૉમેન્) *n.* [L. *dominus,*a lord.] Dominion:રાજ્ય.2.The territory over which authority is exerted:પ્રદેશ.3. The land about the mansion house of a lord and in his immediate occupancy:વતની જમીન.

Dome, (ડૉમ્)*n.*[L.*domus,*a house]A building;a house: ઈમારત; ઘર. 2. A cupola: ઘુમટ; ડેરૂં;કળશ.

Domestic, (ડૉમેસ્ટિક્) *a.* Belonging to the house or home:ઘર કુટુંબનું-સંબંધી.2.Remaining much at home:ઝાઝુ રહેનાર.3 Tame:પાળેલું.4 Made in one's own house or country: ઘરઘરાઉ;ઘરગતું;પોતાના દેશમાં બનેલું,ગામઠી;દેશી;તળબદુ.*n* A house servant;ઘરનો ચાકર:કિંકર;સેવક 2.Cotton goods:દેશી સુતરાઉ માલ(કાપડ).

Domestical, (ડૉમેસ્ટિકૅલ્)*a.*Domestic:કુટુંબઘરસંબંધી *n.*A family;a household: કુટુંબ-ઘર.

Domesticate, (ડૉમેસ્ટિકેટ્) *vt.* To make domestic;to accustom to home:ઘરમાં-ઘર કામમાં રહેવાનીટેવ પાડવી 2.To tame:હેળવવું;પાળવું; વશ-આધીન ક૦.

Domestication,(ડૉમેસ્ટિકેશન્)*n.*The act of accustoming to home or of taming wild animals:ઘેર-ઘર કામમાં રહેવાની ટેવ પાડવી તે.

Domicile,(ડૉમિસાઇલ્)*n.*An abode:રહેઠાણ.*vt.* To domicilate:વસાવવું;કોઈનાં ઘરબાર વસાવવાં.

Dominant,(ડૉમિનૅન્ટ્)*a.*Ruling;governing; predominant:જબરૂ;પ્રબલ;પ્રધાન;શ્રેષ્ઠ;સત્તાચલાવતું

Dominate,(ડૉમિનેટ્)*vt.*[L.*dominus,*a lord.] To rule:ઉપર રાજ્ય ચલાવવું.*vi.*To predominate: જબરદસ્ત-પ્રાબલ્યવાન થવું.

Domination, (ડૉમિનેશન્)*n.*Dominion:અધિકાર રાજ્ય કરનારી ટોળી.

Domineer,(ડૉમિનીર્)*vi* To rule with insolence:ઉદ્ધતાઈથી રાજ ક૦-હુકૂમત ચલાવવી.

Dominicans, (ડૉમિનિકૅન્સ્) *n. pl.*A sect of monks:મઠવાસીઓ;બાવાઓ.

Dominion, (ડૉમિનિઑન્) *n.*Empire:રાજ્ય.2. That which is governed; territory: રાજ્ય; તાબાનો મુલક.

Domino, (ડૉમિનો) *n* A kind of hood:એક જાતનો લુગડાનો ટોપ. 2 A mourning veil:શોકમાં પહેરાતો ઘુમટો.3.A person wearing a domino લુગડાના ટોપવાળી ટોપી પહેરનાર માણસ.

Don,(ડૉન્)*vt.* To put on:પહેરવું. *n.* A grand personage:મ્હોટા માણસ.

Donate,(ડૉનેટ્)*vt.* [L.*dono,*I give.]To give; to grant:આપવું;બક્ષવું;બક્ષીસ તરીકે આપવું.

Donation, (ડૉનેશન્) *n.* The act of giving: આપવું-બક્ષવું તે. 2. A gift:બક્ષિસ;ભેટ.
Donative, (ડૉનેટિવ્) *n.* A gift; a present: ભેટ. 2. A benefice:ઉપાધ્યાય-પુરોહિતની વૃત્તિ.
Done, (ડન) *p p.* Performed; executed or finished:કરેલું;કીધેલું;પુરૂં કરેલું.
Donee, (ડૉની) *n.* The person to whom the gift or donation is made: જેશખ્સ-માણસને બક્ષિસ મળી હોય તે.
Donkey,(ડૉન્કી) *n.* An ass or mule: ખચ્ચર.2. A stupid fellow:મૂર્ખ-જડ માણસ.
Donor,(ડૉનર્) *n* A benefactor:ભેટ કરનાર;દાતા.
Doodle,(ડૂડલ્) *n.* A trifler;a simple fellow: ભોળો માણસ;ભોળાનાથ. [ડોળી.
Dooly,(ડૂલિ)*n.* A palanquin; a litter:પાલખી;
Doom, (ડૂમ્) *vt.* To judge:-નો ઇનસાફ ક૦. 2. To condemn:શિક્ષા.સજા-દંડ ઠરાવવો.3.To destine:નિમાણ ક૦;નિમેલું.*n.*Unhappy fate or destiny:દુર્દૈવગતિ.2.Ruin;death:મોત;પાયમાલી નાશ
Dooms-day,(ડૂમ્ઝ્ડે)*n.* A day of sentence: કયામતનો દિવસ.2 The day of the final judgment:છેલ્લો ન્યાય ચૂકવવાનો દિવસ;કયામત.
Dooms-day dook,(ડૂમ્ઝ્ડેબૂક્)*n.*A bookcompiled by order of William the Conqueror, containing a survey of all the land in England, their ownership, value, &c.: પહેલા વિલિયમ રાજાના હુકમથી તૈયાર કરવામાં આવેલું ઇંગ્લાંડની સઘળી જમીનની માપણી; તેમની માલકી તથા કિંમત વિગેરેનું દફતર.
Door, (ડૉર્) *n.* An entrance: બારણું; દરવાજો. 2. A frame of boards:બારણું. 3. Passage: પ્રવેશમાર્ગ. Out of *door* or without *doors*, abroad:બહાર.*To lie at one's* **d.**,to be chargeable: ને માથે આવવું.
Door-case,(ડૉર્કેસ્)*n.*The frame which incloses a door:બારણાનું ચોકઠું.
Door-keeper,(ડૉર્કીપર્)*n.*A porter:દરવાન દ્વારપાળ;પ્રતિહાર.
Door-post,(ડૉર્પોસ્ટ્)*n.*The post or side piece of a doorway:બારસાખ; દ્વારશાખા.
Door-way,(ડૉર્વે)*n.* The passage of a door: બારણાનો રસ્તો;વાટ;દરવાજો.
Dormancy, (ડૉર્મેન્સિ) *n.* Abeyance;quiescence:આરામ;ઉંઘ;વિશ્રાન્તિ.
Dormant,(ડૉર્મેન્ટ્)*a.* [L *dormio* I sleep.] Sleeping:ઉંઘતું *n.* A partner:ભાગીદાર.*Table* **d.**, a stationary table:લખવાનો સરસામાન રાખવાનું મેજ.
Dormitory,(ડૉર્મિટારિ)*n.* A bed room; a lodging house: સુવાની જગા-ઓરડો; શયનગૃહ.
Dormouse,(ડૉર્માઉસ્)*n.*[L.*dormis* & *mouse*] A wild mouse:રાની-જંગલી ઉંદર.
Dorsal,(ડૉર્સેલ્) *a.* [L. *dorsum*, the back.] Pertaining to the back:વાંસા-પીઠનું-સંબંધી.
Dose,(ડૉસ્)*n.*[L.*do*,I give.] The quantity of medicine given or prescribed to be taken at one time:એક વખતને માટે કહેલી-આપેલી દવા.
Dost,(ડસ્ટ્) The second person of *do*: 'હું'નો બીજો પુરૂષ.
Dot, (ડૉટ્) *n.* A small point or spot: નાનું ટપકું.*vt* To mark with dots,specks:ટપકું મુકવું.
Dotage,(ડૉટેજ્)*n.* Imbecility of mind: સાઠી બુદ્ધિ.2. Excessive fondness: અતિ પ્રેમ;ગાંડાઇ.
Dotard, (ડૉટર્ડ્) *n.* A man whose intellect is impaired by age:ઘડપણને લીધે ખસેલી બુદ્ધિનું માણસ;સાઠીબુદ્ધિનું;ક્ષીણબુદ્ધિ.
Dotation,(ડૉટેશન્)*n.*[L.*dotis*,dower.] The act of endowing a marriage portion on a woman:કોઇપણ સ્ત્રીને પરણવાની રીત આપવી તે.
Dote-Doat,(ડૉટ્)*n.* [L *do* I give.]*vi.* To be weakminded: મગજ-બુદ્ધિ નબળી થવી. 2. To love to excess:અત્યંત-બેહદ ચાહવું.
Dotingly,(ડૉટિન્ગ્લિ)*adv.* Foolishly;unduly fondly:મૂર્ખાઇથી;કમઅકલથી; ઘેલા-ગાંડાપણાથી.
Dotish,(ડૉટિશ્)*a.* Foolish; weak; imbecile; મૂર્ખ;કમઅક્કલનું;નબળું;નબળા મનનું.
Double,(ડબલ્)*a.*[L.*duo*,two & *plico*,I fold] Twofold: બેવડું. 2. In pairs: જોડ. **D.** *play*: એકજ વખતે બે રમનારાનો દાવ થઇ રહે તેવી રમત. *adv.*Twice;twofold:બમણું.*vt.* To multiply by two:બમણું ક૦.2.To pass around ;by:-ની પ્રદક્ષિણા ક૦. *vi.* To increase or grow to twice as much:બેવડું-બમણું થવું.
Double-barrelled, (ડબલ્બૅરેલ્ડ્) *a.* Having two barrels:બે નળી વાળું.
Double dealing,(ડબલ્-ડીલિન્ગ્)*n.* Duplicity deceit:પ્રપંચ;તર્કટ,કપટ;દગો.
Double-entendre,(ડબલ્-આંન્ટાંન્ડ્ર)*n.*A word or expression admitting of a double interpretation:દ્વીઅર્થી બે અર્થનો શબ્દ-વાક્ય.
Double faced,(ડબલ્-ફેસ્ડ્) *a.* Showing two faces;deceitful:બે મ્હોંડાનું;દગાખોર; દ્વિમુખ.
Double hearted,(ડબલ્-હાર્ટેડ્):*a* Deceitful; treacherous:દગાખોર;પ્રપંચી;કપટી.
Double-minded,(ડબલ્-માઇન્ડેડ્) *a.* Having an unsettled or wavering mind:ચળીત-અમતા મન વાળું.
Doublet, (ડબ્લેટ્) *n.* A pair; a couple: જોડું; જોડ.2.A word unintentionally set up the second time:ઇરાદા વિના બીજીવાર છપાઇ ગયેલો શબ્દ. 3.A waistcoat or a vest:બદન;બંડી.
Doule tongued, (ડબલ્-ટન્ગ્ડ્) *a.* Making different declarations:બે બોલીવાળું.
Doubling,(ડબ્લિન્ગ્) *n.* The act of making

double:બેવડું-બેગણું-બમણું ક૦ તે; પ્રદક્ષિણા.
Doubly,(ડબ્લિ) *adv.* In twice the quantity; to twice the degree:બેવડું;બમણું;દ્વિગુણ.
Doubt,(ડાઉટ્) *vi.* [L. *dubitus*, doubtful.] To hesitate:સંશય-શંકા લાવવી. *vt.* To withhold assent to:અણવિશ્વાસ રાખવો. *n.* Uncertainty of mind:સંશય. 2. Suspicion: વહેમ. *No* **d.** undoubtedly:બેશક;નિઃસંશય.
Doubtful, (ડાઉટ્ ફુલ્) *a.* Undetermined:અનિશ્ચિત.2. Admitting of doubt:શક ભરેલું.3. Dubious:સમજાય નહિં એવું.
Doubtless, (ડાઉટ્લેસ) *a.* Free from fear or apprehension:નિઃશંક. *adv.* Without doubt or question:બેશક.
Falciform, (ફાલ્સિફૉર્મ) *a* [L. *falx*,a sickle and *forma*, form.]Resembling a reaping hook:કાપણી કરવાના દાતરડા જેવું.
Falcon, (ફોકન્) *n*. [L. *falx*, a sickle.) A hawk:બાજ;સકરો.
Falconer,(ફોકનર્)*n*. One who follows the sport of fowling with hawks:બાજપક્ષીથી શિકાર કરનાર;શિકારી. [જાડું કપડું
Falding,(ફૉલ્ડિંગ્)*n* A kind of coarse cloth:
Faldstool (ફૉલ્ડ્સ્ટૂલ્) *n* A folding stool:પાદરીની ખુરશી;તાનો બાજઠ.
Fall, (ફૉલ) *vi*. To descend: નીચે પડવું. 2 To drop:ટૂટી પડવું. 3. To die by violence:પડવું. 4.To lose strength:બંધ પડવું;નરમ પડવું 5 To decline in power:.ની આગતી આવવી 6 To be degraded:દુર્દશામાં આવી પડવું 7.To happen; to come to pass; to terminate:બનવું *To* f *away*,(a) to lose flesh:ઝુરવું;કરમાઈ જવું; સુકઇ જવું.*To* f *back*,to give way:પાછા હઠવું.*To* f *down*;to prostrate one's self in worship: લાંબા થઇ પગે લાગવું.*To* f *foul*,to assault:હુમલો કરવો *To* f.*in with* (a)to meet with accidentally:અનાયાસે અચાનક મળવું. *To* f. *out*, (a) to quarrel:કજીઓ કર.(b)To happen:થવું;બનવું. *To* f. *short*,to be deficient: ખૂટી પડવું.*To* f. *through*, to fail:નિષ્ફળ જવું.*To* f *under*:બાજના તાબામાં આવવું. *To* f *upon*, to attack: હુમલો કo. *vt*.To let fall:પડવા દેવું.2. To diminish:ઓછું થવું.3.To cut down: કાપી નાંખવું *n*.The act of dropping:પડવું તે;પતન.2 Death મોત.3.Downfall:પદભ્રષ્ટતા;પડતી; નાશ; ખરાબી; પાયમાલી 4.Decrease of price:બેસી જવું તે. 5. Cataract:ધોધવો;ધોધ; પ્રપાત.
Falling-sickness, (ફૉલીંગ્સીકનેસ્) *n*. The epilepsy:ફેફ;વાઇ.
Fallacious (ફૅલૅશસ) *a* Fitted to deceive: શક ઉત્પન્ન કરે એવું;ભ્રાન્તિજનક.
Fallacy,(ફૅલૅસિ)*n* [L *fallo*,I deceive]Deceitfulness;mistake:ભુલ;ખોટ.2. Sophism: આભાસ;ભ્રમ; સિદ્ધાન્તાભાસ.
Fallibility,(ફૅલિબિલિટિ)*n* Liableness to deceive:ભુલમાં પડી શકવું તે;ભ્રાન્તિ.
Fallow,(ફૅલો) *a*. Uncultivated:ખેડયા વિનાનું; પડતર ઝાંખા રાતા-પીળા રંગનું.
False,(ફૉલ્સ)*a*.[L.*fallo*,I deceive.]Dishonest ખોટું;જુઠું 2. Not faithful:નિમકહરામ 3 Not true:અસત્ય. 4. Not trustworthy: ભરોસા રાખવા લાયક નહી એવું 5 Not original:અસલ નહી.
Falsely,(ફૉલ્સ્લિ) *ad*. Deceitfully:કપટથી.
Falsette-tto,(ફૉલ્સટ્-ટો) *n*. [L. *fallo*, I deceive.]A false or artificial voice:ખોટો અવાજ.
False-heart or **hearted**, (ફૉલ્સ્હાર્ટ્-ટેડ્ ,*a*. Treacherous; perfidious:દગાખોર;બેવચની.
False hood,(ફૉલ્સહુડ્)*n* [L *fallo*,I deceive] An untrue assertion:અસત્ય. 2 Treachery: કપટ.3.False appearance:આડંબર.
Falseness,(ફૉલ્સ્નેસ્)*n*.Unfaithfulness;treachery:કપટ;બેવફાઈ;બઈમાની.
Falsifier,(ફૉલ્સિફાયર્)*n*.A falsificator:સાચી વાતને ખોટી પાડનાર;ખોટું કહેનાર;લબાડ.
Falsify,(ફૉલ્સિફાઇ) *vt*. To make false: ખોટું કo.2 To prove to be false:ખોટું પાડવું.*vi*-To tell lies:અસત્ય બોલવું.
Falsism,(ફૉલ્સિઝમ્)*n* That which is evidently false:જે ખુલ્લી રીતે જૂઠું છે તે;જુઠાણું.
Falsity,(ફૉલ્સિટિ) *n*. The quality of being false:ખોટાપણું.2.Falsehood;lie:જુઠાણું; અસત્ય
Falsification,(ફૉલ્સિફિકેશન્)*n*. A counterfeiting:ખોટું કરવુ પાડવું તે.2 The showing of an item of charge in an account to be wrong:હિસાબની રકમ ખોટી છે એમ બતાવી આપવું તે.
Falstaff (ફૉલ્સ્ટૅફ્)*n*.A fat & happy fellow: ગટોરગચ્છ;લઠ આદમી;ગણેશજી.
Falter,(ફૉલ્ટર્) *vi*. [L. *fallo*,I deceive.] To hesitate;to fail:તોતડું બોલવું;લડથડવું; ખંચાવું; ડગમગવું. *vt*. To thrash in the chaff:ભોડામાથી અનાજને કાઢવાને ગુડવું તે.
Famble,(ફૅમ્બલ્)*vi*. To stammer:ભાષણમાં અચકાવું;બોલતા અચકાવું *n*. A hand:હાથ.
Fame,(ફેમ)*n*.[L.*fama*,fame.]Public report: લોકવાયકા;અફવા.2. Renown:કીર્તિ; પ્રસિદ્ધિ; નામના;આબરૂ;જશ; નામ. *vt*. To make famous:

પ્રખ્યાત કરવું.

Familiar,(ફૅમિલિઅર્)*a* [L *familia*,family] Domestic:ઘરનું;ખાનગી.2 Wellversed in:નિપુણ;વાકિફ. 3 Well known:જાણીતું 4 Free: હળી ગએલું 5 Affable:મિલનસાર;મળતાવડું;મિલાપી

Familiarity,(ફૅમિલિઍરિટિ)*n.*Intimacy:ઘરોબો;ઘરવટ;પરિચય;સહવાસ.2. માહિતિ;વાકેફગારી.

Familiarise, (ફૅમિલિઍરાઈઝ્) *vt.* To accustom: માહિતી મેળવવી 2. To make easy by customary use: નેમહાવરા-અભ્યાસથી સહેલું કo

Familiarly,(ફૅમિલિઅર્લિ)*ad.*Unceremoniously:હળીમળીને;મિત્રભાવથી;ઘરમેળે.

Family,(ફૅમિલિ)*n.* [L. *familia*, family] A household:કુટુંબ;પરિવાર;ઘરખટલો.2. A tribe or race:વંશ;કુળ; ઓલાદ 3. Geneology: વંશ. 4.Honorable descent:ઉંચુ કુળ;કુલીનતા;ખાનદાની

Famine,(ફૅમિન્)*n.*[L.*fames*, hunger]Scarcity of food:દુકાળ;અભાવ;અછત;મોંઘવારી; તંગી

Famish,(ફૅમિશ્)*vt.* To starve: ભુખે મરવું. *vi.* To die of hunger:ભુખે મરવું.

Famish-ment,(ફૅમિશ્ મેન્ટ્)*n.*Extremewant of sustenance:ભુખમરો;અતિશય ભુખ. [તિ.

Famosity,(ફૅમૉસિટિ)*n.* Renown:પ્રખ્યાતિ;ખ્યા

Famous,(ફૅમસ્) *a.* [L. *fama*,a fame.] Renowned;celebrated:પ્રખ્યાત;નામાંકિત;મશહુર.

Famulate,(ફૅમ્યૂલેટ્)*vi.*[L *famulus*,servant] To serve:ચાકરી કo;ઉઠાવવી.

Fan,(ફૅન્) *n* An instrument for producing air:પંખો.2 An instrument for winnowing grain:સુપડું. *vt* To move as with a fan: પંખેવતી વા નાંખવો 2.To winnow:ઝાટકવું.

Fanal,(ફૅનૅલ્) *n.* A light-house:દીવાદાંડી.

Fanatical,(ફૅનૅટિકૅલ્)*a* [L. *fanum*,temple.] Excessively enthusiastic:ધર્માન્ધ;ઝનુની

Fanaticalness,(ફૅનૅટિકલ્નેસ્)*n.*Fanaticism: ગાંડો જુસ્સો;ધર્માન્ધપણું.

Fan blower,(ફૅન્-બ્લોઅર્)*n.*A fan;a fanner: વા નાખનાર;વીંઝણે ધમણ ફુંકનાર.

Fanciful,(ફૅન્સિફુલ્)*a.* Full of fancy;whimsical:લહેરી;મનમોજી;તરંગી-કલ્પિત;માનસિક.

Fancy,(ફૅન્સિ)*n* [Gr. *phanio*,I show.] The faculty by which the mind forms images of things at pleasure:કલ્પના; શક્તિ;તર્કશક્તિ. 2. Conception:કલ્પના;ધારણા. 3. Caprice:તુરંગ;બુટ્ટો;છંદ;ખ્યાલ; લહેર. 4 Liking:મરજી; ઇચ્છા;ભાવ;શોખ.*vi.*To imagine:કલ્પના કo.માનવું

Fane(ફૅન્)*n.*[L.*fari*,to speak.]A temple:દેરૂં; મંદિર;દેવાલય.

Fang, (ફૅન્ગ્) *vt.* To seize:પકડવું. *n.* A long pointed tooth:મોટો અણીવાળો દાંત;સાપનો પંજો.

Fangled,(ફૅન્ગલ્ડ્)*a.* Showy; decorated:ભપકાદાર;દેખાવડું;ઢોંગી.

Fangle,(ફૅન્ગલ્)*n.*A new attempt:a trifling sch me:ખોટો વિચાર:તુરંગ.

Fantasia,(ફૅન્ટાસિઍ)*n.* A continuous composition:ખુરાનુમાં ગાયન.

Fantastical,(ફૅન્ટૅસ્ટિકૅલ્)*a.*Imaginary:તુરંગી;કલ્પિત;ખોટું;મિથ્યા.2.Irregular;wild:જંગલી

Fantasy,(ફૅન્ટસિ) *vt.* To fancy:કલ્પના કo.

Fantom,(ફૅન્ટૉમ્) *n.* [Gr. *phaino* I show.] A ghost:ભૂત;પ્રેત;પિશાચ;પડછાયો.

Far, (ફાર) *a* Distant:દુરે; આઘેનું. *ad.* To a great distance:દુર;આઘે 2 In a great part: ઘણુંખરૂં *By far*, very much:ઘણુંજ **F.** *off* ઘણે દુર *so* f ;એટલે સુધી.

Farce,(ફાર્સ)*n.*[L *farcio*,I stuff]Ridiculous or empty show:હસવા લાયક-પોકળ;પ્રહસન;ફારસ. *vt.*To render fat:જાડું કo.

Fare,(ફેર્)*vi.*To go;to travel:જવું; મુસાફરીકo. 2.To be in any state good or bad:હોવું;થવું. 3.To be entertained:જમવું;ખાવું;ભોજન કo.4. To happen well or ill:વિતવું;-ની વલે થવી;ગુજરવું. *n.*The price of passage:ભાડું 2 Food:અન્ન.

Farewell,(ફેરવેલ્)*Interj* Good bye:સલામ *n.*Act of departing leave:છેલી સલામ.

Far-fetched, (ફારફેચ્ડ્) *a.* Not naturally deduced: તાણી ખેંચીને લાવેલું-મેળવેલું.

Far sighted, Farseeing, (ફાર્સાઇટેડ્-ફાર્સીઇંગ્)*a* Seeing to a great distance:દુરદર્શી

Farina,(ફરીનૅ) *n.* [L *far*, a sort of grain.] Theflour of any species of corn:અનાજનો લોટ.

Farm,(ફાર્મ્) *n.* A tract of land cultivated by one man:ખેતર 2. A landed estate:ખેતર. 3.A lease:ભાડુ ખાવાને આપેલી જમીનનો કોંટ્રાકટ. *vt* To cultivate land: ખેડવું. 2. To lease or let:ઈજારે આપવું.

Farmer,(ફાર્મર્)*n* (*a*)A husbandman:ગણોતીઓ;ખેડુત.(*b*)One who collects(taxes or customs)at a certain rate:ઇજારે રાખનાર.

Farming,(ફાર્મિંગ્)*n.*The business of cultivating land:ખેતી;કૃષિ;ખેડવાનું કામ;કૃષિકર્મ.

Farraginous (ફરૅજીનસ્) *a.* Mixed; formed of various materials:પંચરસનું મિશ્ર.

Farrago,(ફૅરેગો)*n.* [L.*far*,:a sort of grain.] A medley:સેળભેળ;પંચરસ;ખીચડો.

Farrier, (ફૅરિઅર્) *n.* [L. *ferrum*, iron.] A shoer of horses:ઘોડાને નાળ જડનારો

Farrand,(ફૅરન્ડ્)*n.* Manner; custom:રિવાજ; ચાલ;રીતભાત;રસમ.

Fart,(ફાર્ટ્)*n.*Breaking of the wind:વાછુટ.

Farther,(ફારધર્)*a* More remote: વધારે દુર. *ad* Beyond:વધારે.*vi.*To promote:વધારવું.

Farthing,(ફાર્ધિંગ્)*n.*The fourth of a penny part:બે પાઇનો સિક્કો.કોડી;દમડી.

Farthingale, (ફાર્થિંગ્ગેલ્) *n.* A hoop petticoat: યુરોપીઅન ઓરતના જમા હેઠળ રાખવાને મગરના હાડકાનો પટો.

Fascicle, (ફૅસ્સિકલ્) *n.* [L. *fascis*, a bundle.] A small bundle or collection: ઝુમખુ; ઝુડી; ધાકડી.

Fascinate (ફૅસ્સિનેટ્) *vt.* [L. *fascino*, I bewitch.] To bewitch; to enchant: મંતર મારવો; જાદુ કo. 2 To charm: મોહ પમાડવું; વશ કo.

Fascination, (ફૅસ્સિનેશન્) *n.* Witchcraft: વશીકરણ; જાદુ; નજરબંધી. 2 Charm: મોહની; ચિત્તહરણ.

Fashion, (ફૅશન્) *n.* [L. *facio*, I make.] The form of anything: ઘાટ; આકાર; ડોળ. 2. The prevailing mode: રીત; તરાહ; ચાલ; ઢબ; પ્રકાર. 3. Custom: રિવાજ; રૂઢિ *vt.* To form: ઘડવું.

Fashionable, (ફૅશનેબલ્) *a.* Made after the prevailing mode: ચાલુ ઘાટ-તરેહનું. 2. Observant of the fashion (person): વરણાગીયું; ટાપટીપીયું. 4. Well-bred: વિવેકી; સભ્ય.

Fast, (ફાસ્ટ્) *a* Firmly fixed: સજ્જડ; મજબુત. 2. Firm in adherence: વચની. 3. Close; tight: સજ્જડ. 4. Permanent; durable; lasting: જાથુ; પાકુ. 5. Rapid; swift: જલદ; તેજ. **F.** & *loose*, inconstant: કહેવું કંઇ અને કo કંઇ; અબી બોલ્યા અબી ફોક. *vi.* To abstain from food; to go hungry: ઉપવાસ કo. *n* Abstinence from food: ઉપવાસ; લાંઘણ. *ad* Fixedly: મજબુતાઇથી; સજ્જડ. 2. Quickly: ઝડપથી. **F.** *by* or f. *beside*: નજીક.

Fast-day, (ફાસ્ટ્-ડે) *n.* A day on which fasting is observed: ઉપવાસનો દિવસ.

Fasten, (ફૅસન્) *vt.* To make fast: બાંધવું. 2 To hold together: જડવું; બેસાડવું; બાંધવું. To lock: તાળું દેવું; બંધ કo; -ને આગળો દેવો.

Fastening, (ફૅસનિંગ્) *n.* Anything that binds & makes fast, as a hook, &c: બાંધણ; બંધ.

Fast-handed. (ફાસ્ટ્-હૅન્ડેડ્) *a.* Covetous; avaricious: મખીચુસ; ચિંગુસ; કંજુસ.

Fastidious (ફૅસ્ટિડિઅસ્) *a.* [L. *fastas*, contempt.] Disdainful: મિજાજી; ચિપાશીયું; ચિકણું: કોહ્યું.

Fast-ness. (ફૅસ્ટનેસ્) *n.* A fortress: કિલ્લો; ગઢ; દુર્ગ.

Fat, (ફૅટ્) *a.* Fleshy: જાડું; પુષ્ટ; માતેલુ *n.* Tallow: ચરબી. 2. The best production: ઉત્તમ પાક.

Fatal, (ફેટલ્) *a.* [L. *fatum*, a prediction.] Mortal: નાશકારક; પ્રાણઘાતક; આફત ભરેલું.

Fatalism, (ફેટૅલિઝમ્) *n.* The doctrine that all things are subject to fate: પ્રારબ્ધ-વાદ; દૈવવાદ.

Fatality, (ફેટૅલિટિ) *n.* Pre-destination: અદૃષ્ટની દૈવાધીનતા; નસીબ; મોત; સજા; અનિષ્ટપણું; પ્રાણઘાતક બનાવ.

Fate, (ફેટ્) *n.* [L *fari*, to speak.] Inevitable necessity; destiny: નસીબ; પ્રારબ્ધ; ભાગ્ય; કિસમત. 2 Death: મરણ. 3. A course of human life determined by a goddess: વિધાતાના લેખ.

Fates, (ફેટ્સ્) *n pl.* A goddess who determines the course of human life: વિધાતા; છઠી દેવી.

Father, (ફાધર્) *a* [L *pater*.] The male parent generator: બાપ. 2 A first ancestor: મૂળ પુરૂષ; *Pl* ancestors: બાપદાદા. 3. An author or founder: કર્તા. 4. The supreme being: ઇશ્વર. 5. A priest: પાદરી 6. Protector; supporter: પાલક.

Father-hood, (ફાધર્-હુડ્) *n.* Paternity: બાપપણું; પિતૃત્વ.

Father-in-law, (ફાધર્-ઇન્-લૉ) *n.* The father of one's husband or wife: સસરો.

Father-country, (ફાધર્-કન્ટ્રી) *n.* The native land of one's fathers: બાપનું વતન.

Father-less, (ફાધર્-લેસ) *a.* Destitute of a living father: અનાથ; નબાપું.

Fatherly, (ફાધર્લિ) *a.* Paternal: પિતાતુલ્ય.

Fathom, (ફૅધમ્) *n.* A measure of six feet: વામ. 2. Depth of place: ઉંડાણ. *vi.* To measure by throwing the arms about: બાથમાં લેવું. 2 To comprehend: સમજવું; ઉંડા ઉતરવું.

Fathom-less, (ફૅધમ્લેસ) *a.* Incapable of being fathomed: અગાધ; ગુઢ; અથાગ; અમાપ; અતળ.

Fatigue, (ફટીગ્) *n.* [L *fatigo*, I am weary.] Weariness: થાક; શ્રમ. 2. Labor; toil: મહેનત; કષ્ટ; શ્રમ. *vt.* To harass with toil: થકવી નાખવું; સતાવવું; દુઃખદેવું.

Fatiloquist, (ફૅટિલૉક્વિસ્ટ્) *n.* [L. *fatum*, fate and *loqui*, to speak.] A fortune teller: ભવિષ્ય કહેનાર.

Fatling, (ફૅટલિંગ્) *n.* A lamb or other animal fattened for slaughter: મારવાનું મેંઢું.

Fatten, (ફૅટન્) *vt.* To make fat; જાડું કo. 2. To make fertile: ફળદ્રુપ કo. *vi.* To grow fat: જાડું થવું.

Fatty, (ફૅટિ) *a.* Greasy; containing fat: ચરબીદાર; ચીકણું.

Fatuity, (ફૅટ્યૂઇટિ) *n.* [L. *fatuitus*.] Foolishness; feebleness of intellect: જડબુદ્ધિ; મૂર્ખતા.

Fatuous, (ફૅટ્યૂઅસ્) *a.* [L. *fatuus*, foolish.] Silly; stupid; imbecile: જડ; મૂઢ; ચળેલ; મિથ્યા; ખોટું.

Faucet, (ફૉસેટ્) *n.* [L *fauces*.] A small pipe for barrel: દારૂ કાઢવા સારૂ પીપમાં મુકેલી નળી.

Fault, (ફૉલ્ટ્) *n.* [L. *fallo*, I deceive.] Defect: ખોડ 2. Blemish: ભૂલ. 3 A slight offence: વાંક. *To find* f., *with*, to complain: દોષ-ઠપકો દેવો-મુકવો.

Faultlessness, (ફૉલ્ટ્લેસ્નેસ્) *n.* Freedom from faults: નિર્દોષતા; પૂર્ણતા; નિરપરાધિતા.

Faun, (ફૉન્) *n.* [L *faunus*, the deity.] A deity represented as half goat & half man: અડધો માણસના અને અડધો બકરાના રૂપનો દેવ.

Fauna, (ફૉને) *n.* [L. *faunus*, a god of the

fields.]The animals of any given area or epoch:કોઇ દિશા-દેશના પ્રાણીમાત્ર.

Favour,(ફેવર્)*n.*[L.*faveo*,I favour.] Kindness:કૃપા.2.Support:આશ્રય; ટેકો. 3. A kind act:ઉપકાર;આભાર;4.Partiality:પક્ષપાત;વગ.In **favour**, *of*,side of:-વગ.-ની પક્ષમાં-તરફ. *With one's* **f.**, with leave: તમારી રજા લઈને. *vt.* To support;to befriend:કૃપા-મહેરબાની રાખવી.

Favorable, (ફેવરૅબલ્) *a.* Friendly; propitious:દયાળુ;કૃપાળુ.2.Advantageous:લાભકારક.

Favourableness,(ફેવરૅબલ્નેસ્)*n.*Kindness; partiality:માયા;કૃપા;પ્રસન્નતા;અનુગ્રહ.

Favoured,(ફેવર્ડ્)*a.pp.*Featured:માનીતું

Favourite,(ફેવરિટ્) *n.* A person regarded with beauty or favour:ઘણું વહાલું.

Favoritism,(ફેવરિટિઝમ્)*n.*The disposition to favor and promote the interests of one person or family,or of one class of men,to the neglect of others having equal claims; partiality:તરફદારી;પક્ષપાત;વગ;રાખરખાવટ.

Fawn,(ફૉન્)*n.* [L. *fetus.*] A young deer: હરણનું બચ્ચું. *vi.* To court favor by low cringing,&c.(as a dog.);to flatter meanly: સાથે ગેલ કo;ખુશામત કo.*n.*Sycophancy:ખુશામત.

Fawner,(ફૉનર્)*n.* One who fawns; a sycophant:ખુશામત-હાજીહા કરનાર.

Fawn-eyed,(ફૉન્ આઈડ્)*a.* Like the eye of a fawn:મૃગલોચની.

Fawning,(ફૉનિન્ગ્)*a.*Flattering:ખુશામતીઓ; ખુશાતમ-હાજીહા કરનાર.*n.*Flattery: ખુશામત.

Fax,(ફૅક્સ) *n.* Hair:નિમાળા;વાળ.

Fay,(ફે)*n.*A fairy:પરી.*vt.*To fit:જોડવું;સંધાડવું.

Feal,(ફીઍલ્)*a.* [L. *fides*, faith] Faithful: નિમકહલાલ;વફાદાર.

Fealty,(ફીઍલ્ટિ)*n.*[L.*fidelis*,faithful.]Fidelity to one's lord; loyalty: નિમકહલાલી.

Fear,(ફીર્)*n.* Apprehension: ધાસ્તી; ચિંતા; ડર;બીક;ભય.*vt.* To be afraid of:-થી બહીવું-ડરવું.

Fearful,(ફીર્ ફુલ્)*a.* Afraid;frightened:બહીધેલું;ભયભિત; બહીકણ. 2.Indicating fear:બહીકથી થયેલું. [બહાદુર;છાતીવાળો;નિર્ભય.

Fearless (ફીર્લેસ્) *a.* Free from fear; bold:

Feasibility, (ફીઝિબિલીટિ)*n.* The quality of being feasible;practicability:સંભવિતપણું.

Feasible, (ફીઝિબલ્) *a.* [L. *faceo*,] Capable of being done,executed:શક્ય;સંભવિત;સાધ્ય.

Feast,(ફીસ્ટ્)*n.*[L.*festus*,joyful] A festival; a holiday:ઓચ્છવ;સપરમો દહાડો;રૂડું ટાણું; તહેવાર;પર્વ.ઉજાણી;જયાફત. 2. A grand or sumptuous entertainment:મિજબાની.*vi.* To eat sumptuously:મિજબાની-ઉજાણી-જાફત કo.2.To be highly gratified or delighted:અતી-ઘણું ખુશ થવું;સંતોષ પામવો.*vt.*To entertain with sumptuous provisions:ઉજાણી આપવી.

Feastful,(ફીસ્ટ્ ફુલ્)*a* Festive joyful:માંગલિક.

Feat,(ફીટ્)*n.* [L. *facio*, I do.] An act; an exploit: પરાક્રમ. 2. A striking act of strength:હાથ ચાલાકીનું કામ. *vt* To form:બનાવવું.

Feather,(ફેધર્) *n.* [L. *pennas*, feather.]A covering of bird:પીંછું;પાંખ.3 The fringe of long hair on the legs of some dogs:કુતરાના પગ ઉપરના વાળના ગુચ્છા. 4. One of the fins on the shaft of an arrow:તીરના લાકડા ઉપરની ચૂંક. *A feather* in the end:પ્રખ્યાતિ. માનની નિશાની-ચિન્હ.To be in high *feather*, to be in high spirits: આનંદિ તથા ખુશ હોવું. To cut a *feather*,to make one's self conspicuous:પ્રખ્યાત-વિખ્યાત-નામીચું થવું.To show the white *feather*, to betray cowardice: બાયલાપણાની-નામર્દાઇની નિશાની બતાવવી. *vt.*To furnish with a feather or feathers:પીછાંવાળું કo.To *feather* one's nest, to provide for one's self:પોતાનું ઘર ભરવું.

Feathered,(ફેધર્ડ્)*a.*Covered with feathers or wings:પીછાં-પાંખોવાળું.

Featherless,(ફેધર્લેસ્)*a.* Destitute of feathers:પીછાં વિનાનું-વગરનું.

Feathery,(ફેધરિ)*a.*Pertaining to or resembling feathers:પીછાંના જેવું-ને લગતું.

Feature,(ફીટ્યૂર્)*n.*[L.*facio*,I make.] The make, form, or outward appearance,of a person:ચહેરો;સુરત;શિકલ;આકૃતિ.*pl.*The face; the countenance:રૂપરેખા;રૂપ;મુખવટો.

Febrifuge,(ફેબ્રિફ્યૂજ્)*n.* [L. *febris*, fever & *fubeo*,I flee.]A medicine serving to mitigate or remove fever:તાવનું ઓસડ.

Febrile,(ફીબ્રાઇલ્)*a.*[L.*febris*,fever.]Pertaining to fever:તાવ સંબંધી;તાવ દર્શાવતું.

February,(ફેબ્રુઅરિ)*n.* [L. *februa*, *Pl.* the Roman festival of purification.]The second month in the year:ખ્રિસ્તી સાલનો બીજો મહિનો;ફેબ્રુઆરિ;માઘમાસ.

Feces,(ફીસીઝ્)*n.Pl.*Dregs;sediment;excrement:મેલ;મળ;છાણ;કચરો;કીટ્ટ.

Fecula,(ફેક્યૂલૅ)*n.Pl.***Feculæ**,[L *faicis*,sediment.]The nutritious part of wheat,starch or farina:કાંજી.

Feculence,(ફેક્યૂલેન્સ્)*n.*The state of being feculent; muddiness: ગંદાપણું; નાપાકપણું; મલિનતા.

Feculent,(ફેક્યૂલેન્ટ્)*a.* Muddy:કાદવવાળું.

Fecund,(ફીકન્ડ્)*a.*[L.*fecundus*.]Fruitful in children;prolific:ફળદ્રુપ;ગર્ભધારણશીલ.

Fecundate,(ફીકન્ડેટ્)*vt.* [L. *fecundus*.] To

make fruitful or prolific:ગર્ભવંત કo. 2. To render fruitful or prolific;to impregnate: ફળવંત કo;-માં ગર્ભ મુકવો.

Fecundity,(ફીકન્ડિટિ)*n*.[L *fecunditas*.]The quality of producing fruit:ફળદ્રુપતા.

Fed,(ફેડ્)*Imp*:સાચવેલું;પાળેલું;પુષ્ટ.

Federal, (ફીડરલ્) *a*. [L. *foedus*, league] Pertaining to a league or treaty: કોલકરાર સંબંધી-નું. 2. Composed of states, which retain only a subordinate sovereignty: બીજા દરજાનાં રાજ્યોનું બનેલું;સંયુક્ત સંસ્થાનનું.

Federate,(ફીડરેટ્)*a*.[L *foedus*.]United by compact;leagued:કરારથી જોડાયેલા;એક સંપી.

Federation,(ફીડરેશન) *n*. The act of uniting in a league:સંપ કo તે.2.A league;confederated government: સંપ; એકય; એકસંપી રાજ્ય [લુચ્ચાઇ;હલકા-પાજીપણું;નીચપણું.

Fedity,(ફેડિટિ)*n*.[L *foedus*,foul.]Turpitude

Fee,(ફી)*n*.[L.*feus*,cattle] Property; possession; tenure:જાગીર; કબજો. 2. Charge; pay; requisite:દસ્તુરી;ફી;લવાજમ;હકસાઈ.

Feeble,(ફીબલ્)*a*.[L. *febilis*, weak.] Weak: નબળું;નિર્બળ;કમજોર;અશક્ત. 2. Faint:ઝાંખું. 3. ધીમું; ધીરૂ.

Feeble-minded,(ફીબલ્માઈન્ડેડ્)*a*.Weak in intellectual power; irresolute: imbecile: જડબુદ્ધિનું;કમ અક્કલનું.

Feebleness,(ફીબલ્નેસ્)*n*. Debility:અશક્તતા; દુર્બળતા;કમજોરી;શક્તિક્ષીણતા.

Feebly,(ફીબ્લિ)*adv*.In a feeble manner:ધીરે ધીરે; ધીમે ધીમે;વગર ફાવતે;ટગુમગુ.

Feed, (ફીડ્)*vt*. To give food to:ખવડાવવું. 2. To nourish:-ને પુષ્ટિ-ટેકો આધાર આપવો 3. To graze:ચરાવવું. *vi*. To take food; to eat:ખોરાક લેવો;ખાવું;જમવું.2.To subsist by eating; to satisfy the appetite(with on or *upon*) ખાઇને જીવવું. *Feed* door:ધમણનું મ્હો-બારણું *n* The quantity of food eaten at a time: ભોજન;ખાવાનું.2. The quantity of provender:ચંદી.3 Pasture ground:ચરો;ગોચર.

Feeder,(ફીડર્) *n*. One who, or that which gives food:ખવાડનાર; અન્ન પૂરૂં પાડનાર 2. An encourager:ઉશ્કેરનાર:ઉત્તેજન આપનાર. 3.One who eats or feeds:ખાનાર. 4. A tributary: પાણીનો ઝરો;નદીમાં મળનારી નદી. 5. A branch railroad:રેલવેનીશાખા-ફાંટો.

Feeding,(ફીડિન્ગ્) *n*. The act of eating or of supplying with food:ખાવું તે; ખોરાક પૂરો પાડવો તે.

Feel, (ફીલ્) *vi*. To perceive by the touch: સ્પર્શ કo;અડકવું;હાથ ફેરવી જોવો.2.To examine by touching:અડકીને તપાસી જોવું.3.To perceive by the mind:લાગવું;જણાવું.4.To perceive લાગવું;જોવું. 5. To know with feeling;to be conscious: લાગવાથી જાણવું.*vt*.To feel pulse: નાડ જોવી.

Feeler,(ફીલર્) *n*. One who or that which feels:જેને લાગણી થાય છે તે.

Feeling,(ફીલિન્ગ્)*a*.Possessing great sensibility:જેને જલદી અસર થાય તેવું;કરૂણાળુ; દયાળુ. *n*.The sense of touch;સ્પર્શેન્દ્રિય.2.An act or state of perception by touch;consciousness બોધ;જ્ઞાન. 3. The exercise of the capacity for emotion:ચિત્ત;મનોવૃત્તિ;લાગણી;મનોધર્મ.

Feelingly,(ફીલિન્ગ્લિ)*adv*.Sympathetically: અસરકારક રીત્યે;દયા આવે એવી રીતે.

Feet,(ફીટ્)*n pl* **Foot**,પગનું બહુવચન;પગો.

Feign,(ફેન્)*vt*.[L *figura*,figure.]To represent by a false appearance of: ડોળ ઘાલવું; ઢોંગ કo.3.To dissemble:બહાનું કાઢવું.

Feigned,(ફેન્ડ્)*a*.Pretended;counterfeit;insincere;false:બનાવટનું;કલ્પિત;ખોટું;કૃત્રિમ;ઢોંગી.

Feint,(ફેન્ટ્)*a*.Feigned;counterfeit:ધારેલું;કલ્પિત;ખોટું;કૃત્રિમ.*n*. A pretence:બહાનું; ડોળ; ઢોંગ;છળ. *vi*. To make a feint, or mock attack:કુસ્તી-લડાઈમાં દાવપેચ કo.

Felicitate,(ફીલિસિટેટ્)*a*.[L *felix-icis*, happy.] Made very happy:ઘણું સુખી કરેલું. *vt*. To make very happy:ઘણું સુખી કo. 2. To express joy to;to congratulate:ખુશી બતાવવી

Felicitation, (ફીલિસિટેશન) *n*. The act of felicitating;a wishing of joy or happiness congratulation:ખુશી;મુબારકબાદી; અભિનંદન.

Felicitous(ફીલિસિટસ્)*a*.Happy;prosperous delightful:ખુશકારક;ઘણુંજ સુખી-યોગ્ય; આબાદ.

Felicity,(ફીલિસિટિ)*n*. Blessedness;blissfulness:આનંદ;કલ્યાણ;પરમાનંદ.

Feline,(ફીલાઇન્)*a*.[L. *felis*,a cat.] Catlike: બીલાડીના જેવું-ને લગતું.2. Sly:લુચ્ચું.

Fell, (ફેલ્) *Imp*. of **Fall**.: પડયું. *a*. Cruel; savage:જંગલી; ક્રુર. *vt*. To cause to fall;to knock down:પાડવું;પાડી-કાપી નાંખવું.

Fell monger,(ફેલ્મૉન્ગર્)*n*.A dealer in the hides of beasts:ચામડાંનો વેપારી;ચમાર;ચામડીઓ.

Fellow,(ફેલ્લૉ)*n*. A companion:સોબતી; ગોઠીયો;સાથી; મિત્ર. Mean man: હલકો-નીચ માણસ. 3. A person: માણસ. 4. A scholar who is appointed to a college:અધ્યયનવૃત્તિવાળો; ફેલો.5. A member of a literary or scientific society:વિદ્વામંડળીનો સભાસદ.

Fellow-creature, (ફેલ્લૉક્રીટ્યૂર) *n*. one of the same race or kind; one made by the same Creator:મનુષ્ય પ્રાણી.

Fellow-feeling (ફેલ્લૉફીલિન્ગ્) *n*. Sympa-

thy;a like feeling:બીજાના દુઃખની દાઝ; લાગણી.

Fellow-ship, (ફેલૉશિપ્) *n.* The state or relation of being a fellow or associate:સોબત;સંગત;દોસ્તી.2.Partnership: પંત્યાગુ;ભાગદારી. 4. An endowment in a college for the support of graduates: કંપની. 5. A foundation for the maintenance on certain conditions,of a scholar:ફેલોની જગા;ફેલોશીપ્.

Fellow-student,(ફેલૉસ્ટુડેન્ટ્) *n.* One who learns under the same teacher:સાથે શીખનાર;વિદ્યાર્થી.

Felly,(ફેલ્લિ)*adv.* In cruel manner; fiercely; barbarously:જંગલીપણે;ઘાતકીપણે;ક્રૂરતાથી.

Felon, (ફેલૉન્) *n.* A person who has committed a felony:દેહાંત દંડને પાત્રગુન્હેગાર.2.A person guilty or capable of heinous crime: ઘોરકર્મ ગુન્હેગાર મહાપરાધી.*a.*Malignant:ખારીલું.

Felonious,(ફેલૉનિઅસ્)*a.*Malignant;malicious;traitorous;perfidious:મહા પાપી; દુષ્ટ;દ્વેષ-ઈર્ષા ભરેલું;દુરાચારી;પાપિષ્ટ.

Felony,(ફેલૉનિ)*n.pl.* **Felonies.** An act on the part of a vassal which cost him his fee by forfeiture:જે ગુન્હાનેલીધે નોકરને પોતાના શેઠની મિલ્કત શેઠને પાછી સ્વાધીન કરી દેવી પડે છે તે.2.A heinous crime: મહાપરાધ;મોટો ગુન્હો; ઘોર પાપ;મહાપાતક.

Felt,(ફેલ્ટ્) *imp & pp. a* from **Feel:** લાગેલું. અડેલું;અડકેલું.*n.*[L. *pilus*, hair.] A cloth or stuff made of matted fibres of wool:ઉનનું કપડું.2.A skin or hide;a pelt:ચામડું-ડી.*vt.*To cause to adhere and mat together:ચોંટાડવું.

Female,(ફીમેલ્)*n.*[L.*femina*, woman.] An individual of the sex which conceives and brings forth young:નારી;'ઓરત. બૈરી; બાયડી; માદા.*a.*Belonging to the sex:સ્ત્રીજાત સંબંધી.

Feminine,(ફેમિનિન્)*a.*[L.*femina*, woman.] Pertaining to a woman: નારી-સ્ત્રી જાતનું-સંબંધી.2.Any one of those words which are appellations of females: નારી જાતિનો શબ્દ; સ્ત્રિલિંગ.3.Effeminate:બાયલું;નામર્દ.

Fen,(ફેન્)*n.*Boggy land: ભીની સરદીવાળી જગા.

Fence,(ફેન્સ્)*n* A defence: બચાવ; રક્ષણ. 2. An inclosure about a field or other place: વાડ;તટ્ટી.3 A protection on the blot;કળાના ઉપરની ચાંપ.4.The art and practice of fencing and sword play: પટા ખેલવાની ચાતુરી; પટાબાજી.5 A receiver of stolen goods:ચોરીનોમાલ લેનાર.*vt.* To give security to:બચાવ કo.2.To inclose with a fence:વાડ બાંધવી.

Fencer,(ફેન્સર્)*n.*One who fences;one who teaches or practises the art of fencing with sword or foil:પટા ખેલનાર;પટા ખેલવાનું શીખવનાર.

Fencible,(ફેન્સિબલ્)*a.*Capable of being defended:બચાવ રક્ષણ કo લાયક *n.pl.* A soldier enlisted for home service: પોતાના મુલકની ચાકરી સારૂં રહેલો સિપાઈ

Fencing,(ફેન્સિન્ગ્)*n.*The art or practice of attack and defence with the sword:પટા-ખેલવા તે.2. The art of fencers: પટાબાજી. 3. The materials used for building fence: કઠેરા-વાડ બાંધવાનાં સાહિત્ય-પદાર્થો.

Fend,(ફેન્ડ્)*n.*A fiend:ભૂત;અસુર;સેતાન. *vt.*To keep off:રોકવું;ખાળવું.

Fender, (ફેન્ડર) *n.* (*a*) A screen to prevent coals or sparks of an open fire from escaping to the floor:ચુલાની પાળ.

Fennel,(ફેનેલ્)*n.*[L *faenum*,hay]A parennial plant:વરિયાળી.

Fenny,(ફેનિ)*a.* Abounding in fens;boggy: ભીની ઘાસવાળી જગાનું;કલાણવાળું.

Fenugreek,(ફેન્યૂગ્રીક્ ,*n* [L *fænum.*]A plant cultivated for its strong-smelling seeds:મેથી.

Feoff,(ફેફ્)*vt.*To invest with a fee or feud: to enfeoff:વંશપરંપરા સુધી બક્ષીસ આપવી.*n.*A fief:જાગીર;વતન.

Feoffment, (ફેફ્મેન્ટ્) *n.*(*a*) The grant of a feud or fee:જાગીરની બક્ષીસ (*b*)A gift or conveyance in fee of land or other corporeal hereditaments, accompanied by actual delivery of possession:વંશપરંપરા સુધી કરેલી ઈમારત જમીનની બક્ષીસ.

Feracious, (ફીરેશસ્) *a.* [L. *fero*,I bear.] Fruitful;producingabundantly:ફળવંત; ફળદ્રુપ.

Feracity, (ફેરૅસિટિ)*n.* The state of being feracious or fruitful:ફળવંત-ફળદ્રુપપણું;ફળદ્રુપતા.

Ferial,(ફીરિઅલ્)*a.*[L*feriae*,holidays.]Of or pertaining to holidays:તહેવાર સંબંધિ.

Ferie,(ફેરી)*n.*[*feriae*,holidays]A holiday: તહેવાર;રવિવાર શીવાયનો દિવસ;સપરમોદિવસ.

Ferine, (ફીરાઈન્) *a.* [L. *ferus*,wild.]Wild; untamed:જંગલી;ન પળાય એવું.

Feriy,(ફેર્લિ)*adv.*Singular;wonderful;extraordinary:અજાયબ જેવું;અચંબો પમાડે એવું.

Ferment, (ફર્મેન્ટ્)*n.* [L. *fervo*,I boil.]That which causes fermentation: જેથીફીણ-ઉભરો આવે છે તે.*vt.* To cause fermentation in: માં ઉભરો થાય-ફીણ આવે તેમ કo. 2. To undergo fermentation:ફીણ-ઉભરો આવવો.

Fermentation,(ફર્મેન્ટેશન્) *n.* The process of undergoing an effervescent change:ઉભરો;જોસ.2.A state of agitation:ગભરાટ;ધુંધવાટ.

Fermentative,(ફર્મેન્ટેટિવ્)*a.* Causing fermentation;fermenting:જોસ આણતું;ઉભરો લાવતું.

Fern,(ફર્ન)*adv.*Long ago:ઘણા વખતપર;તે પહેલાં

a Ancient;old:અસલી;જુનું.

Ferocious,(ફીરૉશસ્)*a*.[L *ferox-ocis*,fierce.] Fierce;wild;rapacious:ઘાતકી;ક્રૂર;જંગલી.

Ferociousness-Ferocity,(ફીરૉશસનેસ્-ફીરૉસિટિ)*n*.Savage wildness;cruelty:ઘાતકીપણું.

Ferreous,(ફેરીઅસ્)*a* [L.*ferrum*,iron.] Pertaining to iron:લોખંડી;લોઢાનું-ના જેવું.

Ferret,(ફેરેટ્)*n*.[L.*fur*,thief.] An animal of the Weasel family:નોળીઓ.*vt*.To search out: ખોળી કાઢવું.*n*.A kind of narrow tape:સાંકડીફીત.

Ferry,(ફેરિ)*vt*.To transport over a river,in a boat:હોડીમાં બેસારી પાણીની પાર ઉતારવું-લઈ જવું *n.pl.***Ferries**. A place where persons or things are carried across a river &c., in a ferry boat:ઘાટ;ઉતાર;ઓવારો.2 A ferry boat; a wherry:નાવ;હોડી;પનાઈ.

Ferryboat,(ફેરિબૉટ્)*n* A vessel for conveying passengers, merchandise etc:ઉતારૂઓ, માલ,વિગેરેને ઉતારવાની હોડી.

Ferryman,(ફેરિમૅન્)*n pl.***Ferrymen**. One who maintains or attends a ferry:હોડીવાળો.

Fertile,(ફર્ટાઇલ્)*a* [L *fero*,I bear.]Fruitful: ફળદ્રુપ. 2 Capable of producing fruit: ફળ ઉત્પન્ન કરી શકે એવું.3.Produced in abundance;plenteous;ample:જથાબંધ ઉત્પન્ન કરેલું;પુષ્કળ.

Fertileness-Fertility, (ફર્ટાઇલ્નેસ્-ફર્ટિલિટિ) *n*.Fruitfulness:ફળવંતતા;ફળદ્રુપતા.

Fertilize,(ફર્ટિલાઇઝ્)*vt*.To make fertile:ફળદ્રુપ-ફળવંત-આબાદ કo.2.To fecundate:ગર્ભવંત કo

Fervency.(ફર્વેન્સિ)*n*.Ardor:ઉત્સાહ;જુસ્સો.

Fervent,(ફર્વેન્ટ્)*a*.[L *fervo*,I boil.]Hot:ગરમ; ઉષ્ણ;ઉકળતું 2 Zealous:આતુર;તીખું;ઉત્સુક.

Fervid,(ફર્વિડ્)*a*.[L.*fervo*,I boil.]Very hot: ઘણું ગરમ.2 Ardent;vehement:હોંસવાળું;આતુર.

Fervidness,Fervor, (ફર્વિડ્નેસ્-ફર્વર્) *n*. [L. *fervor*.]Excessive warmth:ઉષ્ણતા;ગરમી.2. Earnestness:જુસ્સો;આતુરતા;ઉગ્રતા;ઉત્સાહ.

Festal-Festive,(ફેસ્ટલ્-ફેસ્ટિવ્)*a*.[L.*festum*, feast]Joyous;gay;mirthful:મંગળ;શુભ; ખુશીનું.

Fester,(ફેસ્ટર્)*n*.To generate pus:રસી પાકવું. *vt*.To cause to rankle:પેટમાં બળ્યા કરે તેમ કo.

Festival, (ફેસ્ટિવૅલ્) *a*. [L.*festivus*,festive: gay.]*n*.A time of feasting or celebration: આનંદનો દિવસ;સપરમો દહાડો;ઉત્સવ;પર્વ.

Festivity, (ફેસ્ટિવિટિ) *a*. Gaiety:આનંદ;હર્ષ; ઉત્સાહ.2 A festival:તેહેવાર;ઓચ્છવ;ઉત્સવ.

Festoon,(ફેસ્ટૂન્)*n*. [L.*festum*,festival.] A garland or wreath hanging in a depending curve:તોરણ.*vt*. To form in festoons or to adorn with festoons: તોરણ કo.

Fetation,(ફીટેશન્)*n*.The formation of a fetus in the womb;pregnancy:ગર્ભધારણ;હમેલ;દહાડા.

Fetch,(ફેચ્)*vt*.To go and bring;to get:જઈને લાવવું 2.To obtain as price or equivalent; to sell for:નું ઉપજવું-આવવું;કીમત ઉપજવી.*vt*.To make headway:દિશા બદલવી.*To* **f** *away*,to break loose:છૂટા થવું.

Fete,(ફેટ્)*n*.A feat:પરાક્રમ;કસરત;હાથ ચાલાકીનું કામ *n*.A festival:મીજબાની; ઉજાણી.

Fetid,(ફીટિડ્)*a*.[L.*foetere*,to stink.]Having an offensive smell;stinking:દુર્ગંધવાળું;ગંધાતું.

Fetidness,(ફેટિડ્નેસ્)*n*.The quality or state of being fetid:ગંધ;વાસ;દુર્ગંધ.

Fetor,(ફીટર)*n*. [L *fetor*.] A strong offensive smell;fetidness:ગંધ;દુર્ગંધ;બદબો.

Fetter,(ફેટર્)*n*. A bond;a shackle:બેડી;સાંકળ;જંજીર.2. Anything that confines or restrains;a restraint:અંકુશ;દાબ;નિગ્રહ;કાબુ. *vt*. To put fetterspop; to bind: બેડી ઘાલવી;પગે સાંકળ જડવી;શૃંખલા બંધન કo. 2. To restrain from motion;to confine:મના કo;અટકાવવું;રોકવું.

Fetus, (ફીટસ્) *n*. *pl*. **Fetuses**. [L *fetus*, *foetus*, a bringing forth; offspring.]The young or embryo of an animal in the womb or in the egg:ગર્ભસ્થાનનું બચ્ચું;ગર્ભ.

Feud,(ફ્યૂડ્)A contention or quarrel:કજીઓ; તડ;લડાઈ;યુદ્ધ.*n*.A fief:જાગીર;વતન.

Feudal, (ફ્યૂડૅલ્)*a*. Of or pertaining to feuds:જાગીર-વતનનેલગતું સંબંધિ.

Feudalism,(ફ્યૂડૅલિઝમ્)*n* Thefeudalsystem. feudalprinciplesandusages:જાગીરનોપ્રકારપદ્ધતિ;

Feudiary, } (ફ્યૂડિઍરિ,ફ્યૂડૅટૉરિ)*a*. & *n*. *pl*.
Feudatory, } **Feudatories**.A tenant or vessel who held the lands of a superior, on condition of feudal service;the tenant of a feud or fief:જમીનદાર; ખેડુત;સાંથે રાખનાર ખંડીયા.

Fever,(ફીવર્)*n*.[L *febris*.] A diseased state of the system,marked by increased heat: તાવ; જ્વર; બુખાર; *typhoid* **f**.: સન્નિપાત જ્વર. *Bilious* **f** :પીત્તજ્વર.*Typhus* **f** :કાળજ્વર.

Feverish, (ફીવરિશ) *a*. Having a fever:તાવની કસરવાળું.2.Hot;sultry:ઉષ્ણ;ઉનું;ગરમ.

Feverous, (ફીવરસ્)*a*. Affected with fever; feverish:તાવવાળું;તાવને લગતું.

Few,(ફ્યૂ)*a* Small,or confined in number: થોડા.*In few*,briefly:શબ્દમાં ટુંકામાં.

Fey, (ફે) *a*. Fated: નક્કી-નિર્માણ કરેલું.*n*.Faith: આકીન *vt* To cleanse:ચોખ્ખું કo.

Fiat, (ફાઈઍટ્) *n*. [L. *facio*,I make.]An effectual decree: ફરમાન; હુકમ; આજ્ઞા. 2. (*a*)A warrant of a judge for certain processes: કોઇ કામને માટે જડજે કાઢેલું વારંટ. [પાટો.

Fib,(ફિબ્)*n*.A falsehood;a lie:જુઠું;જુઠાણું;ગ-

Fibber, (ફિબ્બર્)*n.* One who tells fibs:જુઠું બોલનાર;ગપ મારનાર;ગપાટી.

Fibre,(ફાઈબર્)*n*.[L *fibra*.]Any fine,slender threadlike substance:દોરો.2.Sinew;strength; તંતુ;નસ;રેસો.

Fibril,(ફાઇબ્રિલ્)*n*.A small fibre:ઝીણો રેસો.

Fibrous,(ફાઈબ્રસ્)*a* Containing or consisting of fibres:રેસાદાર-વાળું.

Fickle,(ફિકલ્)*a*.Not firm;liable to change; inconstant:અસ્થિર;ચપળ;ઢચુપચુ.

Fickleness,(ફિકલ્નેસ)*n*.The quality of being fickle:અસ્થિરપણું;ચંચળપણું;અસ્થિરતા.

Fiction, (ફિકશન્) *n*. [L.*fingo*, I form.]The act of feigning,inventing:કલ્પના.2.A story told in order to deceive:જોડી કાઢેલી-કલ્પિત-બનાવટની વાત.3. Fictitious literature: બનાવેલા-કલ્પિત ગ્રંથો.

Fictitious, (ફિક્ટિશસ્) *a*. Imaginary; not real;counterfeit;false:બનાવટી;કલ્પિત;ખોટું.

Fictitiousness,(ફિક્ટિશસ્નેસ્)*n*. The state of being feigned:કલ્પિતપણું;અસત્યતા.

Fiddle,(ફિડલ્)*n*.A stringed instrument of music played with a bow;a violin:સારંગી. *F.bow*,fiddle-stick:સારંગીનો વગાડવાનો ગજ.*vi*. To play on a fiddle:સારંગી વગાડવી.

Fiddle-faddle, (ફિડલ્-ફેડલ્) *n*. A trifle; a nonsense:ધાલમેલ *vi*.To talk nonsense:અર્થ-વગર બોલવું.

Fiddler,(ફિડલર્)*n*.One who plays on a fiddle or violin:સારંગી વગાડનાર.

Fiddle-stick (ફિડલ્-સ્ટિક્)*n*.The bow,strung with horse hair used in playing the fiddle; a fiddle bow:સારંગીનો ગજ;શારિકા.

Fiddle string,(ફિડલ્-સ્ટ્રિન્ગ) *n* One of the catgut strings of a fiddle:સારંગીના તાર.

Fidelity,(ફિડેલિટિ)*n*.[L *fido*,I trust.] Faithfulness:નિમકહલાલી.(*a*)Loyalty:વફાદારી. (*b*) Adherence to the marriage contract:પતિવ્રત;શિયળ.(*c*)Veracity: સાચવટ;પ્રમાણિકપણું.

Fidget(ફિજેટ્)*vi*.To move irregularly:ઉંચા-નીચાં-તલપાપડ થવું.*n*. Uneasiness:બેચેની.

Fidgety,(ફિજેટિ)*a*.Restless;uneasy:બેચેન.

Fiducial, (ફિડ્યૂશૅલ્) *a*. [L. *fides*, faith.] Confident:પુરા ભરોસાનું.

Fiduciary,(ફિડ્યુશિઍરિ)*a*.Confident:પુરા ભરોસાવાળું.2.In trust:ટ્રસ્ટવાળું.*n*.One who holds a thing in trust for another:મુખ્તેત્યાર;ટ્રસ્ટી.

Fiduciate,(ફિડ્યૂશિએટ)*vt*.To be confident, firm or faithful of:પુરો ભરોસો-વિશ્વાસ રાખવો.

Fie,(ફાઇ)*Interj*. An exclamation denoting contempt or dislike:છીટ;છટ;થુથુ.

Fief, (ફીફ્) *n* (*Law*.) An estate held of a superior on condition of military service; a feud:જાગીર;વતન.

Field, (ફીલ્ડ્) *n*.A piece inclosed for tillage or pasture:ખેતર.2.(*a*) A place where a battle is fought:રણક્ષેત્ર.3.An open space: સ્થાન.4.That part of the grounds reserved for the players which is outside of the diamond:રમનારાઓને માટે રાખેલો જમિનનો કટકો. *To keep the* f (*a*)To continue a campaign: લડાઇ જારૂ રાખવી.*To take the field*,to enter upon a campaign:લડાઇમાં નિકળી પડવું-ઉતરવું.

Field-book, (ફીલ્ડ્-બૂક્) *n*. A book,used in surveying fields:જમીન માપની નોંધબુક.

Field-marshal, (ફીલ્ડ્માર્શલ્)*n*. (*Mil*.)An officer of highest military rank conferred in the British and other European armies: (ઇંગ્રેજી)લશ્કરની એકઉંચામાંઉંચી પદવીનો અમલદાર.

Field-piece, (ફીલ્ડ્પીસ્) *n*. A piece of field artillery:નાની તોપ;સફરી તોપ.

Field-sports, (ફીલ્ડ્સ્પૉર્ટ્સ્) *n*. *pl*. Diversions of the field,as shooting & hunting: મૃગયા;શિકાર.

Field-work,(ફીલ્ડ્-ઉવર્ક્)*n*.*pl*. A temporary fortification thrown up by an army in a field:લશ્કરે રણભુમિમાં થોડા વખતનેમાટેઉઠાવેલો કિલ્લો.

Fiend,(ફીન્ડ્)*n* An infernal being:ભૂત;અસુર શેતાન;જીવનો વેરી;રાક્ષસ;વૈતાળ.

Fiendish, (ફીન્ડિશ્) *a*.Malignant;devilish; hellish:પિશાચ જેવું;દુષ્ટ;દુરી;દ્વેષી;આસુરી.

Fierce,(ફીર્સ્)*a*.[L.*ferus*,wild.] Furious;violent;unrestrained:તોફાની;ઘણું;ગુસ્સાભેર.

Fiery,(ફાઇઅરિ)*a*. Consisting or containing or resembling fire:દેવતાવાળું-જેવું;અગ્નિમય.2. Passionate;irritable:સહેજમાં ગુસ્સે થાય એવું. 3 Burning hot:તાવ આવ્યો હોય એવું.4 Fiery horse:પાણીદાર ઘોડો.

Fife,(ફાઇફ્)*n*.[*pipo*.I peep.] A small shrill pipe:મોરલી *vi* To play on a fife:મોરલી વગાડવી.

Fifteen,(ફિફ્ટીન્)*a*.Five and ten:પંદર;૧૫.

Fifty,(ફિફ્ટિ)*a*.Five times ten:પચાસ;૫૦.

Fig,(ફિગ્)*n*.[L *ficus*,fig tree.] A small fruit tree:અંજીરનું ઝાડ.

Figent,(ફિજેન્ટ્)*a*.Restless:ચલીત;ચંચળ.

Fight,(ફાઇટ્)*vi*.To contend for victory:લડાઇ મચાવવી. *vt*. To contend with in battle;to war against:સાથે લડવું;યુદ્ધ કo.*To f it out*,to fight until a decisive and conclusive result is reached:લડાઇનું પરિણામ આવે ત્યાંસુધી લડવું. *n*.A contest in arms:લડાઇ;યુદ્ધ 2. A struggle of any kind:કોઈ પણ જાતનો કજીઓ;સંગ્રામ;જંગ.

Fighter,(ફાઇટર્)*n*.One who fights;a combatant;a warrior:લડવૈયો.

Fighting, (ફાઇટિન્ગ્) *a*.Fit for battle:લડાઇ-

યુદ્ધને લાયક;લઢાઇમાં કામ લાગે એવું.

Figment,(ફિગ્મેન્ટ્)*n.*[L:*fingo* I form.] An invention;a fiction:કલ્પિત વાત;બનાવટ;રચના.

Figurate,(ફિગ્યૂરેટ્)*a.*Of a definite form or figure:મૂર્તિમાન;સાકાર.2.Figurative:લાક્ષણિક.

Figuration,(ફિગ્યૂરેશન્)*n.*The act of giving figure or determined form;determination to a certain form:આકાર કo તે;આકૃતિ;મૂર્તિ.

Figurative,(ફિગ્યૂરેટિવ્)*a* Representative: લાક્ષણિક.2.Flowery; florid:અલંકારી;અલંકારિક.

Figure, (ફિગ્યૂર્) *vt.* [L.*figura*,a figure]To represent by a figure:આકૃતિ કાઢવું 2.To indicate by numerals;to compute:ગણવું. 3. To represent by a metaphor: અલંકાર આપવો. *To* f *out*,to solve: ગણીને ખોળી કાઢવું *vi.* To be distinguished or conspicuous: પ્રખ્યાત થવું.A representation of the human body: મૂર્તિ;છબી A numeral;a digit:આંકડો 3 Shape: ઘાટ;ડોળ;રૂપ;શિકલ; આકાર;આકૃતિ.4. A statue: પુતળું;પ્રતિમા 5 ચિત્ર;નકશો;છબી 6.કુંડળી;ટપકો.7 રૂપક;અલંકાર 8.ભાત;તરાહ;વેલ;નકશી.

Figured,(ફિગ્યૂર્ડ્)*a.*Adorned with figure:નકશી-બુટ્ટાદાર.2.Figurative:અલંકારી;અલંકારિક.

Filament,(ફિલૅમેન્ટ્)*n.*A thread or thread-like object:રગ;નસ;દોરો;તંતુ;રેશો;તાર.

Filatory, (ફિલેટૉરિ) *n.*[L. *filum*, thread.]A machine which spins thread:દોરા કાંતવાનો સંચો;રેંટીયો.

Filch, (ફિલ્ચ)*vt.*To steal;to take wrongfully from another;.to pilfer:લૂંટી ચોરી લેવું.

File,(ફાઇલ્)*n.*[L.*filusse*,a thread.]An orderly succession;a row:પંક્તિ;શ્રેણી;હાર;માળા (*a*) (*Mil.*)A row of soldiers:સિપાઇઓની હાર. (*b*) An orderly collection of papers: અનુક્રમવાર કાગળો;ફાઇલ;નોંધ *vt.*To arrange:to place on file:ગોઠવવું;ફાઇલમાં નાંખવું;દફતરે રાખવું મુકવું. 2.To bring before a court by presenting proper papers in a regular way: કાયદેસર દાખલ કo. *n.* A steel instrument for smoothing metals:કાનસ;રેતડી *vt.*To polish: કાનસ વતે ઘસી સાફ કo. [કાનસ બનાવનાર લુવાર.

File cutter,(ફાઇલ્કટર્)*n.*A maker of files:

File-mot,(ફાઇલ્મૉટ્) *n.* A yellowish brown colour:પીળાશ પડતો ભુરો રંગ.

Filer, (ફાઇલર્) *n.* One who uses a file in smoothing and polishing:સાફ કરવામાં તથા પોલીશ કરવામાં કાનસનો ઉપયોગ કરનાર.

Filial,(ફિલિઍલ્)*a.*[L.*filius*,a son and *filia*,a daughter.]Pertaining to a son or daughter: દીકરા દીકરીનું.

Filiate, (ફિલિએટ્) *vt.* To adopt as son or daughter:છોકરો-છોકરી દત્તક કરવું;લેવું.

Filiation, (ફિલિએશન્)*n.* [*filius*,son.] The relation of a son to a father:પુત્રની બાપ તરફની સગાઇ.

Fili-form,(ફિલિફૉર્મ્)*n* [L.*filum* thread and *forma*, shape.] Having the form of a thread:તંત્વાકાર;સૂત્રાકાર.

Filigrane-grain, (ફાઇલિગ્રેન)*n.* [L.*filum*, thread and *granum*,grain.]Net work containing beads:મોતીના રૂપાના તારનું ઝીણું કામ.

Filing,(ફાઇલિંગ્)*n.* A fragment or particle rubbed off by the act of filing:ઘાતુનો ચુરો.

Fill, (ફિલ્) *n.* A full supply:ભરપુર.*vi.*To become full:ભરાઈ જવું. *vt.* To make full:ભરવું. 2. To satisfy:સંતોષ પમાડવો. *To* **fill** *in*, to insert:ગોઠવવું;ભરવું.*To* f *up*:છલોછલ ભરવું.

Fillet,(ફિલેટ્)*n* [L.*filum*,a thread.]A band for the hair:ચોટલો બાંધવાનો દોરો.2. A thin strip or ribbon:પટિ;કોર.*vt.*To bind with a fillet:નાડાથી બાંધવું.

Filling,(ફિલિંગ્)*n.* That which fills:પૂરવણી; પૂરણી.2. The woof in woven fabres: વણેલા કાપડનો તાણો.

Fillip,(ફિલિપ્)*n.* A stroke with the finger-nail:ટકોરો.*vt.* To snap with the finger:આંગળી વતી ટકોરો મારવો.

Filly,(ફિલિ)*n.*A young mare:વછેરી;નાની ઘોડી.

Film,(ફિલ્મ્)*n* A thin skin;a pellicle:પોપડી. F.*of the eye*:પડળ.2.A slenderthread:નાજુક દોરો, તાંતણો; તાર. *vt.* To cover with a thin skin:પાતળી ચામડીથી ઢાંકવું-મઢી લેવું.

Filose,(ફાઇલૉસ્)*a* [L*filum*, thread.]Ending in a thread-like process:તાંતણા-દોરાના છેડા જેવું.

Filter,(ફિલ્ટર્)*n.*[L *feltrum*, properly felt.] A strainer:ગળણી.**F.***b d*:રેતી તથા મરડીયાના તળીયાવાળું તળાવ. *vt.* To purify: ગાળવું. *vi.* To percolate:ગળવું;નિતરવું.

Filth, (ફિલ્થ્) *n.* Dirt:મેલ;કચરો;ગલીચ.2. Corruption;pollution:મલિનતા.

Filthy,(ફિલ્થિ)*a* Nasty;foul.impure:મેલું.

Filthiness, (ફિલ્થિનેસ્)*n.* The state of being filthy:ગંદાપણું.2 Foulness:ગંદવાડ.

Filtrate,(ફિલ્ટ્રેટ્)*vt.*To percolate:ગાળવું.

Fimbriate,(ફિમ્બ્રિએટ્)*vt* To hem;to fringe: ઓટવું;કોર બાંધવી.

Fin,(ફિન્)*n.*An organ of a fish:માછલાની પાંખ.

Finable,(ફાઇનૅબલ્) *a.* Liable or subject to a fine:દંડને લાયક;દંડ કo જોગ.

Final,(ફાઇનૅલ્)*a* Last:છેવટનું;છેલ્લું.

Finality,(ફાઈનૅલિટિ)*n.*Final state: સમાપ્તિ.

Finally,(ફાઇનૅલિ)*adv* Ultimately:આખરે.

Finance, (ફિનૅન્સ્)*n.* [L*fino*,I pay a fine.] Revenue;public money:રાજ્યની મેહેસુલ.

Financial,(ફિનૅન્શલ્)*a.* Pertaining to public revenue or finance:વસુલ પ્રકરણનું;મેહેસુલનું.
Financier,(ફિનૅન્શીર્)*n.* A treasurer:સરકારી મેહેસુલ વસલ કરનાર;કોશાધ્યક્ષ.
Finative,(ફાઈનૅટિવ્)*n* Definitive; final:છેલું.
Find,(ફાઈન્ડ્)*vt.* To gain the first sight:મળવું;જડવું;જોવું.2.To discover:જાણવું. 3 To come upon by seeking:નો શોધ-પત્તો લાગવો. 4. To gain as the object of desire:મેળવવું;પ્રાપ્ત ક૦. *To* f *fault with,*to blame:ઠપકો આપવો-દેવો.
Finding, (ફાઇન્ડિંગ્) *n* Discovery: શોધ. 2. Verdict:ફેંસલો;ઠરાવ;નિવેડો;નિર્ણય.
Findy,(ફિન્ડિ)*a.*Full;heavy;solid:ભરેલું;ભારે.
Fine,(ફાઇન્)*a.*[L.*finis,*an end.] Excellent: ઉત્તમ:સુંદર.2.Showy:ઢબદાર.3.Not coarse:પાતળું.(*b*)In small particles ઝીણું;બારીક.*n.*[L. *finis.*end.]End;termination:આખર;પરિણામ.*In* f.in conclusion:આખરે;છેવટે.
Fine fingered,(ફાઇન્-ફિંગર્ડ્)*a.*Nice in workmanship:કારીગરીમાં સુંદર;નકશીદાર.
Fineless,(ફાઇનલેસ્)*a.*Endless:અનંત;અપાર
Fine-looking,(ફાઈન્લુકિંગ્)*a* Beautiful:ખુબસુરત;સુંદર;શોભાયમાન [bly:સારી રીતે;સુંદર રીતે.
Finely, (ફાઈન્લિ) *adv* Beautifully;admira-
Fineness,(ફાઇન્નેસ્)*n* The quality or condition of being fine.બારીકાઈ ;નાજુકાઈ;સૂક્ષ્મતા
Finer,(ફાઈનર્)*n.*One who fines or purifies; ધાતુ ગાળી સાફ કરનાર.
Finery,(ફાઇનરિ)*n.*Fineness:સુંદરતા.2. Ornament;decoration; showy clothes: અલંકાર; ભૂષણ;ભપકાદાર પોશાક.
Finesse,(ફિનેસ્)*n.*Artifice:યુક્તિ.
Finger,(ફિંગર્)*n* One of the five terminating members of the hand:આંગળી *Talking with the* f s: કરપલ્લવી ભાષા. 2. A kind of measure:આંગળ.*To have at one's* f's *end,*to be thoroughly familiar with: આંગળીને ટેરવે હોવું. *vt.* To touch with the fingers: આંગળીવતી અડકવું.
Fingering,(ફિંગરિંગ્) *n.* The act of touching lightly with the fingers:આંગળાં લગાડવાં તે. The dexterous management to use fingers in playing:વાજીંત્ર ઉપર આંગળીઓ ફેરવવાની ચાલાકી.
Fingered (ફિંગર્ડ્)*a.*Having fingers:આંગળાવાળું.2.Digitate:નાની આંગળીઓજેવાંપાંદડાંવાળું
Finger-post, (ફિંગર્પોસ્ટ્) *n.*A guide post bearing an index of the finger:અજાણ્યા માણસોને રસ્તો બતાવવા સારૂ આંગળીની નીશાની વાળો થાંભલો.
Finger-stall (ફિંગરસ્ટૉલ્)*n.*A cover of leather worn by workmen as a protection for the finger:કારીગરો-મજુરો આંગળીના રક્ષણ માટે ચામડા વગેરેની ખોળી વાપરે છે તે;અંગુઠી. [ચીજ.
Fingle-fangle,(ફિન્ગલ્-ફૅન્ગલ્)*n.*Trifle:નજીવી
Finic,(ફિનિક્)*n.*Fop:ટાપટીપીઓ;વરણાગિયો.
Finical,(ફિનિકલ્)*a.*Fastidious:અકડબાજ.
Finingpot, (ફાઈનિંગ્પૉટ્)*n.* A vessel for refining:ગળણી.
Finis,(ફિનિસ્)*n.*An end;conclusion:છેડો;અંત.
Finish, (ફિનિશ્) *vt.* [L *finis,*an end.] To terminate:અંત-આખર-પાર લાવવો.2.To complete:પુરૂ ક૦.2.Completion:સામાપ્તિ.
Finite,(ફાઇનાઇટ્)*a.*Having a limit:અંતવાન.
Finitely, (ફાઈનાઇટ્લિ) *adv.*Within limits: મર્યાદાથી.
Finite-less,(ફાઈનાઇટ્લેસ્)*a.*Having no limit infinite:હદ વગરનું;અનંત;નિમર્યાદ; અપાર.
Finite-ness, (ફાઇનાઇટ્નેસ્)*n.* The state of being finite:અંત હદહોવાપણું;સાંતતા;સાવધિકત્વ.
Finitude,(ફિનિટ્યુડ્)*n.*Limitation:હદ;મર્યાદા.
Finless, (ફિન્લેસ્) *a.* Destitute of fins:પાંખ વગરનું;પક્ષહીન.
Finny,(ફિનિ)*a.*Furnished with fins:પાંખવાળું.
Fir,(ફર્)*n.*(*Bot.*)A genus of coniferous trees દેવદારનું લાકડું.
Fire, (ફાઈર્) *n.* The igneous element:દેવતા. 2 Conflagration:લાહ;આગ.3. Ardour heat; passion:ગુસ્સો; આવેશ. 4. The discharge of fire-arms:તોપનો-ગોળીનો માર મારો.*To take* f., to begin to burn:સળગવું.*vt.*To set on fire: સળગાવવું;ચેતાવવું 2.To discharge: ફોડવું;છોડવું. *vi.*To take fire:બળી ઉઠવું;સળગવું;ચેતવું. 2 To discharge firearms:બાર ક૦-છોડવો.
Fire-arm, (ફાઈર્આર્મ્)*n.*A weapon which acts by the force of gunpowder:તોપ બંદુક જેવાં દારૂથી ફોડવામાં આવતાં હથિયાર;અગ્નેયઅસ્ત્ર.
Fire-brand, (ફાઈર્બ્રૅન્ડ્)*n.*A piece of wood kindled or on fire:બળતું લાકડું;અગ્નિકાષ્ટ.
Fireclay,(ફાઇર્ક્લૅ)*n.*A kind of clay used in marking firebricks:તાપથી બળી જાય એવી માટી.
Fire-cock, (ફાઇર્કૉક્) *n.* A cock to let out water for extinguishing fire:આગ ઓલવવાને માટે પાણી જવાની ચકલી.
Fire-eater,(ફાઈર્ઇટર્)*n.*A fighting character:અગ્નિખાઉ;લઢવાડીઓ;ઝઘડાખોર.
Fire-engine, (ફાઇર્એન્જીન્)*n.*An hydraulic pump for throwing water to extinguish fires:આગ ઓલવવાનું યંત્ર;બંબો.
Fire fly, (ફાઇરફ્લાઈ)*n.* A winged,luminous insect:આગીયો કીડો;આગીયો;પતંગ.
Fire-kiln, (ફાઇર્કિલ્ન્)*n.* An oven or place for heating anything:ભઠી. [બંદુક.
Fire-lock,(ફાઈર્લૉક્)*n.*A gun-lock:ચકમકવાળી

Fire-man, (ફાયર્મેન્)*n* A member of a fire company:આગ ઓલવનારી કંપનીનો માણસ.
Fire-new,(ફાયર્-ન્યૂ)*a.* Bright;quite new:નવું.
Fire-office,(ફાઈઑફિસ્)*n.*An office for making insurance against fire:વીમો ઉતારનારીપેઢી
Fire-pan,(ફાયર્પૅન્)*n.* A pan for holding fire: સઘડી.
Fire-place, (ફાઈર્પ્લેસ્)*n.* A hearth:ચુલો.
Fire-proof,(ફાઈર્-પ્રુફ્)*a.* Incombustible:સળગી ઉઠે નહી તેવું;અગ્નિ રક્ષક; અદાહ્ય.
Fireship, (ફાઈર્શિપ્) *n.*Avessel filled with combustibles to set fire to an enemy's ships:દુશ્મનોના વહાણને આગ લગાડનારૂં વહાણ.
Fire-side,(ફાઈર્સાઇડ્) *n.* A place near the hearth:દેવતા પાસેની જગા;અગ્નિસ્થાન.2.Domestic life;home:ઘરસંસાર;ગૃહસુત્ર;ઘરખટલો.
Fire-stone, (ફાયર્સ્ટોન્) *n.* A kind of sandstone:ચકમક.2.Iron pyrites:અગ્નિ પથ્થર.
Fire-tower,(ફાયર્ટાઉઅર્) *n.* Light-house: દીવાદાંડી.
Fire-wood,(ફાયર્વૂડ્)*n* Wood for fuel:બાળવાનાં લાકડાં;ઇંધણું;કાઠી;બળતણ.
Fire-works,(ફાયર્વર્ક્સ્) *n.* Various combustible preparations: દારૂખાનું; દારૂકામ; ફુલઝડી;આતસબાજી.
Fire-worshipper,(ફાયર્વર્શિપર્)*n.*One who worships fire:અગ્નિપૂજક;પારસીલોક.
Firing,(ફાઈરિંગ્) *n.* The act of discharging fire arms:ગોળીમાર;તોપનો મારો;મારગિરી.
Firk,(ફર્ક્)*vt.* To beat:મારવું;શિક્ષા ક૦.
Firkin,(ફર્કિન્)*n.*A measure of capacity,being the fourth part of a barrel:બેરલના ચોથા ભાગ જેટલું એક માપ 2. A small cask used for butter:માંખણ ભરવાનું નાનું પીપ.
Firm,(ફર્મ્)*a.*[L. *Firmus*,strong]Compact; hard:મજબૂત;કઠણ;ઘટ્ટ.2.Constant:સ્થિર; અડગ; અચળ.*n.*Commercial house:પેઢી;દુકાન
Firmament,(ફર્મેમેન્ટ્)*n.*The sky:આકાશ;ગગન.
Firmamental,(ફર્મૅમેન્ટલ્) *a.*Celestial:આકાશ મંડળનું;નભસ્થ.
Firman, (ફર્મૅન્)*n.* A royal order or grant: બાદશાહી હુકમ;સનંદ.
Firmity,(ફર્મિટિ)*n.*Strength;firmness:દૃઢતા.
Firmly,(ફર્મ્લિ)*adv.* Closely; steadfastly:મજબુતાઈથી;હિંમતથી.
Firmness,(ફર્મ્નેસ્)*n.* Constancy:દૃઢતા.
First,(ફર્સ્ટ્)*a.*Foremost:પહેલું; સર્વથી આગળ.2. Placed in front of others:પહેલું;પ્રથમ;અવ્વલ. *At f hand*:ઘરમૂળથી;બારોબાર;તરતજ.**F.***fruits*, the earliest fruits gathered:પેહેલો ફાલ;નવાન્ન; નવધાન્ય.**F**.*water*, the highest quality:ઉંચુ પાણી;ખરી ઝલેહ.*adv.* Before anything, else in time,space,rank &c.:આગળ;પહેલાં;પ્રથમ પૂર્વે અગ્રે.*At* **f.**,*at the* **f.**at the beginning:પૂર્વે;પ્રથમ.

First born,(ફર્સ્ટબૉર્ન્)*a.*First brought forth; eldest:મોટું;વડું;જ્યેષ્ઠ;પૂર્વજ; અગ્રજ.
First-class,(ફર્સ્ટક્લૅસ્)*a.*Being of the highest rank or the best quality:ઉંચી પદવીનું.
First day,(ફર્સ્ટડે)*n.* Sunday:અઠવાડીયાનો પહેલો દિવસ;રવિવાર.
First hand,(ફર્સ્ટહૅન્ડ્)*a.* Obtained directly from the original source:બારોબાર મળેલું.
Firstling,(ફર્સ્ટ્લિંગ્) *n.* The first produce of offspring:પેહેલા વેતરનું પ્રાણી.
First rate-sort (ફર્સ્ટરેટ્-સૉર્ટ્)*a.*Of the highest excellence:ઊત્તમ;ઉત્તમ;શ્રેષ્ઠ;ઉત્કૃષ્ટ.
Firth,(ફર્થ્)*n.*An arm of the sea;frith:ખાડી.
Fiscal,(ફિસ્કલ્)*a* [L.*fiscus*,a money basket.] Pertaining to the public treasury:સરકારી મહેસુલ સંબંધિ;નાણાં-ધન-સંબંધિ;મહેસુલી.
Fish, (ફિશ્) *n.* An animal that lives in water:માછલું;મચ્છ;મત્સ્ય. 2. A counter used in various games:રમતમા ગણત્રી કરવાનું ટેબલ-પાટીયું. *pl.* The twelfth sign of the zodiac; pisces: મીનરાશિ. *vi.* To attempt to catch fish:માછલા પકડવાનો યત્ન-કોશીશ ક૦.
Fisher-Fisherman, (ફિશર્-ફિશર્મૅન્) *n.* One whose occupation is to catch fish:માછી;માછલાં પકડનાર.
Fisher-town,(ફિશર્ટાઉન્)*n.*A town inhabited by fishermen:મછીમારથી વસેલું શેહેર.
Fishery,(ફિશરિ) *n.* The business of catching fish:માછીનો ધંધો.2.A place for catching fish:માછલાં પકડવાની જગો.
Fishfag,(ફિશ્ફૅગ્)*n.*A woman who sells fish: માછેણ;માછલાં વેચનારી.
Fish-glue,(ફિશ્ગ્લૂ)*n.*Isinglass:આઇસીંગ્લાસ.
Fish-hook,(ફિશ્હૂક્)*n.*A hook for catching fish:માછલાં પકડવાની આંકડી;ગલ.
Fish-wife-woman,(ફિશ્વાઈફ્-વુમૅન્)*n.* A woman that carries fish for sale:માછેણ-માંછલાં વેચવા ફરનારી સ્ત્રી.
Fishy,(ફિશિ) *a.* Fish-like: માછલાં જેવું. 2. Abounding in fish:મચ્છીથી ભરેલું-વાળું.
Fisk,(ફિસ્ક્)*vi.*To run about;to bestir one's self:આસપાસ દોડવું;ગભરાવવું.
Fissile,(ફિસ્સાઈલ્) *a.* [L. *fissum,* cleaved.] Capable of being split:ચીરાઈ શકે એવું.
Fissure,(ફિસ્યૂર્)*n.*[L.*findo*,I cleave.]A cleft:તડ;ફાટ;ચીરાડો;છિદ્ર;સાંધ. *vt.* To cleave; to divide:ચીરવું;ફાડવું;તરડવું.
Fist,(ફિસ્ટ્)*n.*The hand closed tightly:મુઠી; મુષ્ટિ;મુઠ.*The index& mark* ☞ હાથની નિશાની;હાથ.*vt.*To strike with fist:મુક્કી-ઠોંસો મારવો.
Fisticuffs,(ફિસ્ટિકફ્સ્)*n.*[*Fist cuff.*]Boxing મુક્કા મુકી;ધપ્પાધપ્પી;ઠોસા ઠોંસી.

Fistula, (ફિસ્ટ્યૂલૅ) *n.* [Gr. *phusao*, I blow.] (*pl.* **fistulae.**) A reed.સિસોડી. Hence, A musical windpipe of music:નળી;સીસોડી;વાંસળી.2.Deep narrow,chronic abscess:ભગંદર

Fistulate,(ફિસ્ટ્યૂલૅટ્)*vi* To become a pipe: નળી જેવું બનવું(બરૂ) *vt* To make hollow like a pipe:નળી જેવું પોલું કo;બખોલ પાડવી.

Fistuliform(ફિસ્ટ્યૂલિફૉર્મ્)*n* [L.*fistula*,pipe and *forma*,form.]Tubular:નળીના આકારનું.

Fistulous,(ફિસ્ટ્યૂલસ્) *a.* Having the form of a fistula:નળી જેવું;ભગંદર-નાસુરવાળું.

Fit, (ફિટ્) *a.* [L. *facio*, I make.] Worthy; suitable:લાયક;યોગ્ય. 2. Prepared: તૈયાર. 3. Convenient:લાયક *vt.*To make fit;to render competent:બેસતું કo 2.To bring into a required form:જોડવું 3.To be suitable to:યોગ્ય હોવું;બંધ બેસતું આવવું;બેસવું *vi* To be proper: ઘટવું;છાજવું;લાયક હોવું. *n.* A stroke or blow: ચપાટો. 2. A sudden and sharp attack of disease:રોગનો એકાએક ઉપાડ;ઉથલો.(*b*)Epilepsy આંકડી;વાઇ. 3. A transient passion;a paroxysm:મૂર્છા.4.A passing humour:તુરંગ;લહેર.*By* **fits** *and starts*:રહી રહીને;આંતરેઆંતરે.

Fitful,(ફિટ્ફુલ્)*a.* Impulsive and unstable: અસ્થિર;ચપળ;ચંચળ 2.Spasmodic:મિજાજી;ચંચળ.

Fitly,(ફિટ્લિ)*adv.* Suitably:બરાબર રીતે.

Fitness,(ફિટ્નેસ્)*n.* Suitableness: યોગ્યતા.

Fitting,(ફિટિંગ્)*a.* Suitable:ઘટારત.

Fitting-up,(ફિટિંગ્અપ્)*n.*Equipments:જરૂરીઆતનો સામાન.

Five,(ફાઇવ્)*n* The sum of four and one:પાંચ

Fives,(ફાઇવ્ઝ્) *n.* A kind of game:એક જાતની રમત.2. A kind of disease in horses:ઘોડાઓનો એક જાતનો રોગ.

Five-fold,(ફાઇવ્ફોલ્ડ્) *a.* & *adv.*Quintuple; five-double:પાંચગણું;પાંચપટ.

Fives court,(ફાઇવ્ઝ્કૉર્ટ્)*n.*A place for playing fives:રમત રમવાની જગો.

Fix,(ફિક્સ્)*vt.*[L.*figo*,I fix] To establish;to secure:સ્થાપવું;ઠરાવવું;નિમવું 2.To hold steadily:સ્થિર કo 3 To pierce: ઘોચવું. 4. To arrange:ગોઠવવું. *n.*Predicament: દુર્ઘટાવસ્થા.

Fixed,(ફિક્સ્ડ્)*a.* Settled; established;firm; immovable: સ્થાપિત;દૃઢ;સ્થિર;અચળ;સ્થાપેલું.

Fixedness,(ફિક્સેડ્નેસ્)*n.*Stability:સ્થિરતા.

Fixity,(ફિક્સિટિ)*n.*Fixedness:અચળતા;સ્થિરતા.

Fixture,(ફિક્સ્ટ્યૂર્)*n.*That which is fixed: સ્થાવર દ્રવ્ય-માલ. 2 Fixedness: સ્થિરતા; સ્થૈર્ય; અચળતા. [ણાટ;ગણગણાટ

Fizz,(ફિઝ્)*n.* A hissing sound:ગણગણ; છણછ-

Fizz,Fizzle,(ફિઝ્,ફિઝલ્)*vi.*To make a hissing sound:છમકારો થવો;છમ દઇને બોલવું. 2.To make a ridiculous failure: હાંસી થાય એવી રીતે નિષ્ફળ જવું.*n.*A failure or abortive effort:નિષ્ફળ યત્ન.

Flabbiness,(ફ્લૅબિનેસ્)*n.*Softness:પોચાપણું.

Flabby, (ફ્લૅબિ) *a.* Soft; wanting firmness: પોચું;નરમ.

Flabel, (ફ્લૅબલ્) *n.* [L. *flabrum*, a blast of wind.] A fan:પંખો;વિંજણો.

Flabile, (ફ્લૅબાઇલ્) *a.* Subject to be blown about:ઉડી જાય તેવું.

Flaccid,(ફ્લૅક્સિડ્)*a* [L.*flaccus*,flabby.]Soft; flabile:અતિનરમ;પોચું. [પણું.

Flaccidity,(ફ્લૅક્સિડિટિ)*n.*Flabbiness:પોચા-

Flacker,(ફ્લૅકર્) *vi.* To flutter as a bird:ફફડાવવું;ફફડવું.

Flag,(ફ્લૅગ્)*n.*A standard: વાવટો; નિશાન; ધજા; ઝુંડો. *Black* **f**: હારેલાઓ ઉપર લેશ માત્રપણ દયા નહિં બતાવવામાં આવે એવું દર્શાવનારો કાળો વાવટો. **F.***of truce*: મસલત કરવાનું આમંત્રણ સૂચક ધોળો વાવટો.*Red* **f**:ભયદર્શક લાલ વાવટો.*To strike or lower the* **f.**: શરણ થવાની નીશાની દાખલ વાવટો નીચે ઉતારવો.

Heat, (હીટ્) *n.* A force in nature which is recognized in various effects but especially in the phenomena of fusion and evaporation:અગ્નિ.2 The sensation caused by the influence of heat when excessive: ગરમી; તાવ; ગરમાવો, ઉષ્ણતા. 3. A single complete operation of heating,as in a furnace:તાપ; આંચ.4 Agitation of mind:ગુસ્સોઆવેશ;વેગ.5. Fermentation:ઉભરો.*vt* To grow warm or hot by the action of fire:તપવું થવું.

Heath,(હીથ્)*n.*(*a*)A low shrub with minute evergreen leaves,and handsome clusters of pink flowers:ઝીણાં પાંદડાવાળો એક નાનો છોડ.

Heathen,(હીધન્)*n.*A pagan idolator:મૂર્તિપૂજક.*a.*Pagan:અસદ્ધર્મનું;મૂર્તિપૂજનનું.

Heathenish,(હીધનિશ્) *a.* Of or pertaining to the heathen:મૂર્તિપૂજક લોકનું.

Heathenism, (હીધનિઝમ્)*n.* Idolatry;paganism:મૂર્તિપૂજા. [ગરમ કરવું;ઉનું કરવું.

Heating,(હીટિંગ્)*a.*That which imparts heat

Heave,(હીવ્)*vt.*To lift;to raise:ઉચકવું;ઉપાડવું. 2.To force from the breast:છાતીમાંથી પરાણે કાઢવું.3.To cause to swell:ઉપાડવું *n.*An effort to raise something:કંઇપણ વસ્તુ ઉચકવાનો પ્રયત્ન-કોશીશ.

Heaven, (હેવન્) *n.* The sky: આકાશ; ગગન. *Voice from* h-:આકાશવાણી.2.The dwelling place of the Deity:સ્વર્ગ.3.God:પરમેશ્વર.

Heavenly,(હેવન્‌લિ) *a.* Pertaining to heaven:આકાશનું;ગગનસ્થ;સ્વર્ગીય.

Heavenly-minded, (હેવન્‌લિ-માઇન્ડેડ્) *a.* Godly:જેને પરલોકનોજ વિચાર છે એવું પરમાર્થનિષ્ટ.

Heaves,(હીવ્ઝ્)*n.*A disease of horses characterized by difficult breathing:ઘોડાથી શ્વાસ લેવાતો નથી તે દરદ.

Heavily,(હેવિલિ) *adv.* In a heavy manner: ભારે;ઘણુંજ;પુષ્કળ.2.Sorrowfully:દુઃખે; દુઃખથી; ઉદાસીથી;કષ્ટે કરીને.3.મહામહેનતે.

Heaviness,(હેવિનેસ્)*n.*The state of being heavy;weight;sadness:ભાર;બોજો;ઉદાસી.

Heavy,(હેવિ)*a.*Lifted with labour;ponderous:ભારે;વજનદાર.મહામહેનતે ઉચકાય તેવું 2 Slow dull:સુસ્ત;નિસ્તેજ;ભારે;જડ;મંદ.3. Strong:મજબુત;જબર;દઢ;અડાબીડ.4. Loud: મોટું. 5 Dark with clouds;gloomy:ઘનઘોર.6. Heavy with child;pregnant:ભારેવાઇ;સગર્ભા;ગર્ભવતી.7.Not easily digested:દુર્જર;ભારે;ગરિષ્ઠ 8.Clayey:કાદવકીચડવાળું.9.Bowed down with grief:ઉદાસ; દિલગીર;નાઉમેદ.10.Wearisome:નિમાલ;મુડદાલ; રસ વિનાનું.

Hebdomadal,(હેબ્ડૉમેડલ્)*a.* [L. *Hebdomadalis.* Gr.*habdomat*,seven days]Weekly: સાત સાત દહાડાનું સાપ્તાહિક;દરહફતાનું.

Hebetude,(હેબિટ્યૂડ્)*n.*[L.*hebetude*] Dull-

ness:સુસ્તી;મંદપણું;જડપણું;આળસ.

Hebraic,(હીબ્રઇક્)*a*.[Gr.*ebraios*.]Pertaining to Hebrews or to the Hebrew language: યાહુદી લોકોનું;યાહુદી ભાષાને લગતું.

Hebrew,(હીબ્રૂ)*n*.[L *Hebraeul*.] An Israelite;a jew: યાહુદી. 2. The language of the Hebrews:યાહુદી ભાષા.*a*.Of,or pertaining to the Hebrews: યાહુદી લોકયાહુદીનું-લોક સંબંધિ

Hecatomb,(હેકેટૂમ્)*n*.[Gr.*hekaton*,a hundred and *boue*,an ox.]A sacrifice of a hundred oxen or cattle at the same time:શતપશુયાગ

Hectic,(હેક્ટિક્)*a* [Gr.*hexis*,a habit of body or mind.]Habitual;constitutional: પ્રકૃતિબંધારણને લગતું-વિષેનું.*n*. Hectic fever: ક્ષયના રોગથી આવતો તાવ.

Hector,(હેક્ટર્)*n*.A blustering,turbulent:ધાંધલિયો;સતાવનાર;છેડનાર.*vt*.To threaten:દમ દેવો.

Hedge,(હેજ્)*n*.A thicket of bushes:વાડ. *H. marriage*,a secret marriage:છુપું લગ્ન.*vt*.To inclose or separate with a hedge:વાડ કo.

Hedge-row, (હેજ્-રો) *n*. A row of shrubs planted for inclosure:ખેતરની વચ્ચેનાછોડ.

Heed(હીડ્)*vt*.To mind:ધ્યાન આપવું.*vt*.To mind to consider:ધ્યાન આપવું-દેવું;વિચારવું *n*.Attention:ધ્યાન;નજર;સંભાળ;કાળજી;ભાન;સાવચેતી.

Heedful,(હીડ્ફુલ્)*a* Attentive:સાવધ; ખબરદાર.

Heedless,(હીડ્લેસ્)*a*.Inattentive:બેદરકાર.

Heel,(હીલ્)*vi* To lean to one side:નમવું;વળવું. *n*.The hinder part of the foot:એડી 2. The hinder part of any covering for the foot, as of a shoe,sock,etc.:જોડા,મોજાં વિગેરેની એડી. *To be at the* **heels**.*of*, to pursue closely: ની લગોલગ પછવાડે જવું.*To be down at the* **h**.: ગરીબ સ્થિતિમાં હોવું. *To take to the* **h. s.** to flee:નાશી જવું;પલાયન કરી જવું.

Hegira,(હીજિરે)*n*.The flight of Mohammed from Mecca,September 13 A.D.622:મહમદ પેગંબરનું તા. ૧૩ મી સપ્ટેમ્બર સને ૬૨૨ માં મક્કામાંથી પલાયન તે દિવસથી સન ચાલે છે.

Heifer,(હેફર્)*n* A young cow:વાછરડી;વાછડો.

Heigh-ho,(હાઇહો) *Interj*. An exclamation of surprise,joy: ઓય, ઓય ! અહા.

Height,(હાઇટ્)*n*.Elevated position:ઉંચાઇ.2. Altitude:ઉંચાઇ,ઉંચાણ;ઉચ્ચતા. 3.A hill:ટેકરી; ડુંગર 4.Grade;degree:દરજ્જો;પાયરી;પંક્તિ. 5. Utmost degree:ભરપુરજોર;ગાઢત્વ;પરાકાષ્ઠા.

Heighten, (હાઇટ્ન્) *vt*. To make high:ઉચું કo.2.To advance:વધારવું-વૃદ્ધિ કo.

Heinous,(હેનસ્)*a*.Atrocious:અતિ પાપી;ઘોર.

Heir,(એર્)*n*.[L. *heret*.] One who inherits any property after the death of its owner: વારસ.**H**.*apparent to the throne*;યુવરાજ;પાટવી કુંવર;તિલાટ.**H**. *presumptive*:જો કોઇ વધારે પાસેના સગાનો જન્મ થાય તો તેના વારસાનો હક ડૂબે તેવો વારસ.

Heiress,(એરેસ્)*n*. A female heir:સ્ત્રી વારસ.

Heirless,(એર્લેસ્) *a* Destitute of an heir:નવારસી;બીન વારસી.

Heir-loom,(એર્લૂમ્)*n*.Any piece of personal property that has been in a family for several generations:વારસામાંમળેલ રાચરચીલું.

Heirship,(એર્શિપ્) *n*. Right of inheriting: property:વારસાપણાની સ્થિતિ;વારસો;ધનાધિકાર.

Held,(હેલ્ડ્) *Imp* & *p. p.* of **Hold**,: પકડેલું; પકડયું;ધરેલું.

Helioscope, (હીલિઑસ્કોપ્) *n*. A telescope for viewing the Sun:સૂરજ જોવાનું એકદુરબિન.

Helix,(હીલિક્સ્)*n*. *pl*. L. **Helices**. E.**Helixes**,The incurved margin or rim of the external ear:પેચ;ગોળ ફેરાવો;આંટો.

Hell,(હેલ્)*n*. (*a*) The place of the dead or of souls after death;the abode of evil spirits:યમલોક. (*b*) The regions below:પાતાલ. 2. (*a*) The place or state of punishment of the wicked after death:નરક.

Hellish,(હેલિશ્)*a*. Infernal:નરકસંબંધિ.

Helm,(હેલ્મ્)*n*. The apparatus by which a ship is steered:સુકાન.*vt*.To steer;to direct: હંકારવું. [શીરસ્રાણના આકારની હલકી ટોપી.

Helmet, (હેલ્મેટ્)*n*. A helmet-shaped hat:

Helmsman,(હેલ્મ્ઝ્મૅન્) *n*. *pl* **Helmsmen**. The man at the helm;a steersman:સુકાની

Help,(હેલ્પ્)*vt*.To aid;to assist:મદદ આપવી. 2.To furnish with relief, as in pain, or disease:ને મદદ-સહાય કo. 3. To prevent, to hinder:અટકાવવું;રોકવું;ખાળવું 4.To forbear; to do without:વગર ચાલવું રહેવું.

Helper,(હેલ્પર્)*n*.One who, or that which, helps,aids,assists or relieves:સહાય-મદદકરનાર.

Helpful.(હેલ્પ્ફુલ્)*a*.Giving aid:સહાયકારી.

Helpless,(હેલ્પ્લેસ્)*a*. Destitute of help or strength: બિચારું; લાચાર; પરવશ; પરાધીન. 2. Beyond help;જેનો ઇલાજ ન થાય એવું.

Helplessness, (હેલ્પ્લેસ્નેસ્) *n*. State of being destitute of help: પરાધીનતા;લાચારી.

Help-mate-meet,(હેલ્પ્મેટ્-હેલ્પ્મીટ્) *n*. A helper;a companion:મદદ કરનાર સોબતી.

Helter-skelter,(હેલ્ટર્-સ્કેલ્ટર્)*adv*.In hurry and confusion:અનિયમિત રીતે;આમતેમ.

Helve,(હેલ્વ્)*n*.The handle of an axe:કોહાડીનો હાથો.*vt*.To furnish with a helve:કોહાડીનો હાથો ઘાલવો.

Hem,(હેમ્) *n*. The edge or border of a garment or cloth:લુગડાની કીનારી;કોર; કિનાર;નખ;

બોટવું.*vt.*To form hem or border to:ની કોરવું કુલ કo.To surround:ઘેરી લેવું.

Hematology, (હેમેટૉલોજી) *n.* The science which treats of the blood:રક્તવિદ્યા.

Hemicrany,(હેમિક્રેનિ)*n.*Pain affecting half the head:આધાસીસી.

Hemiplegy,(હેમિપ્લેજી) *n.* Palsy affecting one side:પક્ષાઘાત;પક્ષવાત.

Hemisphere,(હેમિસ્ફીર્)*n.*[Gr *Hemi*,half & *sphere.*] A half sphere:અર્ધગોળ;ગોળાર્ધ.

Hemispherical,(હેમિસ્ફેરિકૅલ્)*a.*Pertaining to a hemisphere:અર્ધ ગોળાકાર

Hemistich,(હેમિસ્ટક્)*n* [Gr.*hemi* & *stichos*, a row or line.] Half a poetic verse or line કવિતાની અરધી લીટી;ન્યૂન ચરણ.

Hemorrhage,(હીમૉરેજ્)*n.*[Gr.*haima*,blood & *rhegnymi*,I burst through.] Any discharge of blood:રક્ત ફાટવાથી લોહીનું વહેવું તે

Hemorrhoids,(હીમૉરૉઇડસ્)*n.* [Gr. *haima* & *rheo*, I flow.]Piles; emerods:હરસ; હરસનો રોગ;હર્શ.

Hemp,(હેમ્પ્)*n.* [L *cannabis*.](*a*) A plant: સણનો છોડ:(*b*) Cannabis saliva:ભાંગ.

Hempen,(હેમ્પન્) *a.* Made of hemp:સણનું બનાવેલું 2.Like hemp:શણના જેવું.

Hen,(હેન્)*n.*[L.*cano*, I sing.]The female of the domestic fowl;મરઘી;કુકડી.

Henbane,(હેનબેન્)*n.*A plant: ખુરાસાની ભાંગ.

Hence, (હેન્સ્) *adv.* From this place:અહિંથી; આ જગાએથી. 2. From this time:આ વખતથી.3.From this reason,as an inference or deduction: આ કારણથી *Hence, is used in the sense of* ' go away, depart': ચલ; નિકલ; બહાર જા.

Hence forth-forward, (હેન્સ્ફૉર્થ્-હેન્સ્ફૉર્ ઉ વર્ડ્)*adv.*From this time forward:હવે પછી.

Henchman,(હેન્ચ્મૅન્)*n.pl.*men An attendant;a servant:a follower:ખીજમતદાર;ચાકર,અનુચર.

Hen-coop,(હેનકૂપ્)*n.*A cage for hens:પાંજરૂં

Hende, (હેન્ડ્) *a.* Skilful: ચંચળ; હુશીયાર 2 Friendly;gentle:નમ્ર;માયાળુ;સભ્ય.

Hen-hearted (હેન્-હાંર્ટેડ્)*a.*Cowardly:બાયલો.

Hen-pecked,(હેનપેકડ્) *a.* One subjected to petty or annoying attempts to rule:બીનો મારેલો-તાબેદાર;બીનવશવર્તિ.

Hen roost,(હેનરૂસ્ટ્)*n.* A place where hens roost:મરઘાં વગેરે પાળેલાં પક્ષીનો ખડો

Hepatic cal,(હીપૅટિકૂહીપૅટિકૅલ્)*a.*[Gr. *hepar*, the liver.]Resembling the lever in color or in form:રંગ કે આકારમાં કાળજાનાં જેવું.

Hepta-chord,(હેપ્ટ-કૉર્ડ) *n.* A system of seven sounds:સપ્તસ્વર;સારીગમ.

Heptagon, (હેપ્ટૅગૉન્) *n* [Gr. *hepta*, seven *gonia* an angle.] A plane figure of seven sides and seven angles:સાત ખુણાની આકૃતિ.

Heptarchy,(હેપ્ટાર્કિ) *n.* A government by seven persons:સપ્ત રાજસત્તાક દેશ.

Her,(હર્)*Pron.*& *a.*The form of the objective and the possessive case of the personal pronoun she:તેણીને;તેને.

Herald,(હેરૅલ્ડ્) *n.* An officer whose business was to denounce or proclaim war; to proclaim peace:ઢંઢેરો પીટનાર અધિકારી;રાજદુત.2.Any messenger:સંદેશો લઈ જનાર;અગ્રદુત.*vt.*To proclaim:આગળથી ખબર આપવી.

Heraldry,(હેરૅલ્ડ્રી) *n.* The art or office of a herald:ઇંગ્લાંડના 'હેરલ્ડ' અધિકારીનો હોદ્દો ઇંગ્લાંડના અમીરોની વંશાવળી રાખવી તથા તેઓના આયુદ્ધ ચિન્હોના અર્થ સમજવાની વિદ્યા.

Herb,(અર્બ્)*n*,[L.*herba*.]A plant whose stem does not become woody and permanent, but dies:વનસ્પતિ;ઔષધિ;ઝાડવું.2.Grass:ઘાસ.

Herbaceous,(અર્બેશસ્) *a.* Of or pertaining to the herbs:ઓસડ;ઝાડવાંનું;ઔષધિ વિષયક.

Herbage,(અર્બેજ્)*n.*Herbs:ચારો;ભાજીપાલો.

Herbal,(અર્બલ્) *a.* Of or pertaining to the herbs: ઝાડવા-ભાજીપાલા સંબંધિ. *n* A book containing the names and descriptions of plants:ઔષધ સંગ્રહ,ઔષધિકલ્પ.

Herbalist,(અર્બલિસ્ટ્)*n.* One skilled in the knowledge of plants:ઔષધિ-વનસ્પતિવેત્તા

Herbarium,(અર્બેરિઅમ્) *n.* A collection of dried specimens of plants:વનસ્પતિસંગ્રહ 2. A book or case for preserving dried plants:સુકી વનસ્પતિ જાળવી રાખવાની ચોપડી.

Herbid,(અર્બિડ)*a.* Covered with herbs:વનસ્પતિ-ભાજીપાલાથી ઢંકાયેલું.

Herculean,(હર્ક્યૂલીઅન્)*a* [L.*hercules*,Hercules.] Very great:મહા કઠણ.2.Having extraordinary strength:અદ્ભુતજોર બળ વાળું.

Herd,(હર્ડ્)*n.* A number of beasts assembled together:પશુઓનું ટોળું;ઝુંડ;જુથ *vt.* To unite or associate in a herd:ટોળાબંધ રહેવું. 2.To act as a herdsman:ભરવાડનું કામ કo.

Herdsman,(હર્ડ્ઝ્મૅન્)*n pl* men.The owner or keeper of a herd or of herds:ભરવાડ.

Here,(હીર્)*adv.* In this place:અહિંઆ. 2.In the present life or state:આ લોકમાં;આ દેહે. 3 In this point of time:હમણાં.

Hereabouts, (હીર્અબાઉટસ્) *adv.* About this place;in this vicinity:આટલામાં.

Hereafter,(હીર્અૅફ્ટર્)*adv.*In time to come: હવે પછી;પરલોકમાં;અતઃપર.

Hereat,(હીર્અૅટ્)*adv.* At, or by reason of [this:એને લીધે.

Hereby, (હીર્ બાઈ) *adv.* By means of this: આ ઉપરથી;આને લીધે.

Hereditament,(હેરેડિટમેન્ટ્)*n.*Any species of property that may be inherited:વારસો.

Hereditary, (હેરેડિટરિ) *a.* [L. *heres,* heir.] Descended,from an ancestor to an heir by law:વારસામાં મળેલું;વડિલોપાર્જીત;વડિલ પરંપરાગત.

Here·of, (હીર્ ઑર્)*adv.* of this; concerning this;hence:આમાંથી;આનું;આને લગતું.

Here·on,(હીર્·ઑન્)*adv.*Hereupon:એ ઉપરથી.

Heresiarch, (હેરીસિઆર્ક્) *n.* [Gr. *heresy* & *archos,*chief]A leader in heresy;the chief of a sect of heretics:પાખંડ મત ચલાવનાર.

Heresy,(હેરેસિ)*n.pl* **Heresies**.[Gr.*haireo,* to take.]An opinion held in opposition to the established doctrine:પાખંડમત.2 Heterodoxy:પાખંડ મત 3. An offence against Christianity:ખ્રિસ્તી ધર્મની વિરૂદ્ધ થવાનો ગુન્હો.

Heretic,(હેરેટિક્) *n.* [Gr. *hairetikos.*] One who holds to a heresy:પાખંડ મત માનનાર.

Heretical,(હેરેટિકલ્) *a.* Containing heresy of the nature of heresy:પાખંડ મત સંબંધી.

Here·to-fore, (હીર ટૂ ફોર્) *adv.* Upto this time; hitherto; before; in time past:આજદીન સુધી;પહેલાં.

Hereunto,(હી રૂઅન્ટૂ) *adv.* Upto this;upto this time; hereto:આ ઉપરથી;આ વખત સુધી.

Herewith.(હી રૂવિથ્)*adv.*With this:આ સાથે

Heritable,(હેરિટેબલ્) *a.* Capable of being inherited:વારસામાં મળે એવું.

Heritage,(હેરિટેજ્)*n.*That which is inherited:વારસામા મળેલું.

Hermaphredite,(હર્મેફ્રડાઈટ્)*n.*[L *hermaphroditus.*]An individual which has the attributes of both male and female: હિજડો;પાવૈયો-નપુંશક

Hermetic·cal,(હર્મેટિક્ હર્મેટિકલ્) *a.* Pertaining to the system which explains the causes of diseases and the operations of medicine on the principles of the hermetic philosophy:ત્રિભૂતશાસ્ત્ર સંબંધી.

Hermit,(હર્મિટ્)*n.*[Gr.*eremos,*solitary.]A recluse;an anchoret:સન્યાસી;એકાંતવાસી;વાનપ્રસ્થ.

Hermitage,(હર્મિટેજ્)*n.*The habitation of a hermit; a secluded residence:આશ્રમ;પર્ણકુટી

Hernia(હર્નિઅ)*n.pl* **Hernias.**A protrusion consisting of an organ or part which has escaped from its natural cavity and projects through some natural or accidental opening in the walls of the latter:આંતરડું-ગોળીમાં ઉતર્યાથી થઈ દરદ;અંતર્ગળ;અંત્રવૃદ્ધિ.

Hero,(હીરો) *n. pl.* **Heroes.** [L. *heros*] A prominent or central personage in any remarkable action or event:વીરપુરૂષ; ભડ;-શુર;પહેલવાન;જવાંમર્દ.2.The principal personage in a poem, or story:નાયક.

Heroic·cal, (હીરોઇક્-હીરોઇકલ્) *a.* Pertaining to a hero:વીરપુરૂષોનું-ના જેવું.2.Bold:બહાદુર.*Heroic poetry.*epic poetry:વીરરસ કથા.

Heroically,(હીરોઇકલિ)*adv.*Bravely;boldly પરાક્રમથી;બહાદુરીથી.

Heroine,(હિરોઇન્)*n* [L.*heroina.*]A woman of an heroic spirit:પરાક્રમી સ્ત્રી;વીરા; નાયિકા.

Heroism,(હેરોઇઝ્મ્)*n.*The qualities characteristic of a hero:અમીરાઈ;શુરવીરપણું;સૂરત્વ.

Heron,(હેરન્)*n* Any wading bird:બગલું; કંક.

Herpes,(હર્પિઝ્)*n.*[Gr *erpesu,*to creep]An eruption of the skin:ખસ;ખુજલી;દરાજ-ખરજવું.

Herring,(હેરિન્ગ્)*n* One of various species of fishes:ટોળામાં રહેનારી માછલી.

Herself, (હ ર્સેલ્ફ્) *pron.* An emphasized form of the third person feminine pronoun:તે પોતે (સ્ત્રી).

Hesitancy, (હેઝિટન્સિ) *n.* Slowness in deciding; vascillation:અચકાટ;નિશ્ચય;વહેમ.

Hesitate,(હેઝિટેટ્)*vi.*[L.*haereo,*I hang.]To stop or pauserespecting decision or action:આંચકો ખાવો;ખમચાવું;અચકાવું;આનાકાની કર.

Hesitation,(હેઝિટેશન્)*n* Suspension of opinion or action;doubt:ઢચુપચુ;આનાકાની;આંચકો.

Hesperian,(હેસ્પીરિઅન્)*a.* [L *hesperus,*the evening star] Western; occidental:પશ્ચિમનું. *n.* A native of a western country:પશ્ચિમ તરફના મૂલક-રાજ્યનો રહેવાસી.

Heterodox,(હેટેરોડૉક્સ)*a.* [Gr. *heteros,*another and *doxa,*a notion]Not orthodox; heretical:પાખંડી;શાસ્ત્રવિરૂદ્ધ;કુમાર્ગગામી.

Heterodoxy,(હેટેરોડૉક્સિ) *n* Heresy: પાખંડ.

Heterogeneous,(હેટેરોજીનીઅસ્)*a* [Gr.*heteros* & *genos,*race.]Differing in kind;having unlike qualities:વિજાતીય;જુદીજાતનું;વિગુણ.

Hew, (હ્યૂ) *vt.* To cut with an axe:કાપવું; વાઢવું. 2.To form a shape with a sharp instrument;હથિયારથી કોતરી ઘાટ કાઢવો.

Hewer,(હ્યૂઅર્)*n.* One who hews:કાપનાર.

Hexagon,(હેક્સૅગૉન્)*n.*[Gr.*hex,*six & *gonia,* an angle.]A plane figure of six sides and six angles:છખૂણાવાળી આકૃતિ;ષટ્કોણાકૃતિ.

Hexahedron,(હેક્સેહેડ્રૉન્) *n.* [Gr.*hex,*six & *hedra,* seat]A solid body of six sides or faces:છ બાજુની આકૃતિ.

Hexameter,(હેક્સૅમેટર્)*n.*[Gr.*hex* & *metron* a measure.]A verse of six feet:જેમા છ ચરણ હોય એવો છંદ.

Hexangular,(હેક્સૅન્ગ્યુલર્) *a*. Having six angles or corners:છખૂણાવાળું.
Hey,(હે)*a*,High:ઉંચું.*interj*.An exclamation of joy,surprise:ખુશાલી-અચંબાનો પોકાર;શાબાશ.
Hiatus,(હાઇઍટસ્)*n.pl Epl.* **Hiatuses**. [L. *hio*,I open.] An opening: કાણું;બાકું. The concurrence of two vowels: સાથે સાથેના બે શબ્દમાંના દરેકમાં બે સ્વર હોય તે.
Hibernal,(હાઇબૅર્નલ્)*a*. Wintry: શીઆળાનું.
Hibernate,(હાઇબર્નેટ્)*vi*.[L *hibernus*, wintry.] To winter:શિયાળો ગાળવો.
Hiccough,**Hickup**, (હિકપ્)*n*. A modified respiratory movement:વાધણી;હેડકી *vi*. To, have a hiccough:વાધણી આવવી.
Hickory,(હિકોરિ)*n*.(*Bot*.)An American tree અખરોટનું ઝાડ. [secret:સંતાડેલું;છાનું.
Hidden,(હિડન્)Concealed;put out of view
Hide,(હાઇડ્) *vt*. To conceal: સંતાડવું. 2. To keep secret:છાનું રાખવું.3 To shelter:આશ્રય આપવો.To **h**.*one's self* to put one's self in a condition:પોતાની જાતને સહિસલામત રાખવી.*To* **h** *the face* not to show the face:મ્હોં છુપાવવું *vi*.To lie concealed: સંતાઇ જવું *n*.The skin of an animal:પશુની ચામડી.**H**.& *seek*:હાડીનો ઘોડો
Hidebound, (હાઇડ્-બાઉન્ડ્) *a*. Having the skin closely bound to the body as in animals:શરીરને ચોટી રહી હોય એવી ચામડીવાળું.
Hideous,(હિડીઅસ્)*a*. [L. *hispidus*.rough.] Frightful:વિકાળ;ભયાનક;બીયામણું.2. Offensive to the eye:જે સાંભળવાથી ભય-બીક લાગે એવું 3. Hateful:.ધિક્કારવા લાયક.
Hie,,(હાઇ)*vi*. [L. S. *higian*, to hasten.]To hasten:ઉતાવળ કર *n*.Haste:ઉતાવળ.
Hierarchy,(હાઇઅરાર્કિ)*n*. [L *Hieros*,sacred & *arche*,rule,]Authority in sacred things: ધર્મ સંબંધિ મુખ્ય અધિકાર.2.A body of ecclesiastical rulers: ધર્માધિકારી. 3. A form of government of church:ખ્રિસ્તી દેવળનો કારભાર કરવાની પદ્ધતિ.
Hieroglyphic, (હાઇઅરોગ્લિફિક્) *n*. A character in picture writing:ચિત્ર પદ્ધતી-લિપિ.
Hierography, (હાઇઅરોગ્રૅફિ) *n*. [Gr *hieros*, sacred & *grapho*,I write:]Sacred writing: ધર્મ કે પવિત્ર વસ્તુ સંબંધિ લખાણ.
Hierophant,(હાઇઍરોફૅન્ટ્)*n*.One who teaches the duties of religion:મુખ્ય ધર્માધિકારી.
Higgle,(હિગલ્)*vi*. To hawk provisions: ફરી ફરીને ખોરાક વેચવો. [રાવનાર;ભાંજગડ કરનાર.
Higgler,(હિગ્લર્)*n*.One who higgles:ભાવ ક-
High,(હાઇ)*a*.Lofty;tall:ઉંચું;ઉન્નત.2.Distinguished:નામાંકિત;પ્રખ્યાત.(*a*)Preeminent:ઉંચું. (*b*)Dignified:વિખ્યાત.(*c*)Of noble birth:અમીરી.(*d*)Difficult to comprehend: સમજી ન શકાય એવું;મોટું.(*e*)Costly:મોંઘું. 3. Acute or sharp:તિક્ષ્ણ.તિવ્ર;ઉંચો.**H**.*andd*ı*y*:પાણીની બહાર.**H**.*life*:શ્રીમંતાઈ;અમીરી.**H**.*tide*,the greatest flow of the tide:આવી રહેલી ભરતી.*With a* **h**. *hand* (*a*) In force: વિજયથી. (*b*) In an overbearing manner:જુલમથી.
High-born,(હાઇબૉર્ન)*a*.Of noble birth: ઉંચા કુળનો;ખાનદાન;કુલીન;જાતવાન.
High-flier,(હાઇ-ફ્લાઇઅર્)*n*.One who is extravagant; pretensious:અમર્યાદ વિચાર.
High-flown,(હાઇફ્લૉન્) *a*. Elevated;proud: ઉંચું;મોટું.2.Turgid:extravagant:અમર્યાદ.
High-handed, (હાઈ-હૅન્ડેડ્) *a*. Oppressive; arbitrary;violent:જુલમગારીનું;જુલમી; ઉદ્ધત.
High-land,(હાઇલૅન્ડ્)*n*. Elevated or mountainous land:પહાડી મુલક-દેશ;ઉચ્ચ પ્રદેશ.
Highly, (હાઈલિ) *adv*. Very much: બહુ;અતિ.
High-minded, (હાઇ-માઇન્ડેડ્)*a*.Proud:અભિમાની.2.Magnanimous:ઉદાર મનનું.
Highness,(હાઇનેસ્)*n*. Elevation:ઉંચાઇ.2.A title of honor given to kings:રાજાનેઅપાતો ઇલકાબ. [પ્રધધર્માધિકારી;દસ્તુર.
High-priest,(હાઇપ્રીસ્ટ્)*n*.A chief priest:મુ-
High-souled,(હાઇ-સોલ્ડ્)*a*.Having a high or noble spirit;honorable:મહાત્મા છાતીવાળું.
High-sounding, (હાઇ-સાઉન્ડિન્ગ્)*a*. Pompous;noisy:કેવળશબ્દગૌરવવાળું;ડબડબાનું.
High-spirited, (હાઇ-સ્પિરિટેડ્)*a*. Haughty; courageous;impetuous:છાતીવાળું;બહાદુર જાબ્રત.
High-water,(હાઇવૉટર્)*n*.The utmost flow or greatest elevation of the tide:ભરતી.
High Way,(હાઇ વે)*n*.A main road:શરીઆમ ધોરી રસ્તો;રાજમાર્ગ;બાદશાહી રસ્તો.
High-way-man,(હાઇ વે-મૅન્)*n*.A highway robber:શરીઆમ રસ્તે લુંટનાર;વાટપાડ;ધાડપાડું.
High-wrought,(હાઈ-રૉટ્)*a*.Wrought with fine art or skill:ઉંચા હુન્નર જાતનું બનાવેલું.
Hilarity, (હિલૅરિટિ)*n* [L.*hilaritas*.]Boisterous mirth;merriment jollity:ગમત;ખુશાલી.
Hilding,(હિલ્ડિન્ગ્)*n*.A base,menial wretch: હલકો માણસ.*a*.Base:હલકો; નીચ.
Hill, (હિલ્) *n*. [L *coleis*.]An eminence less than a mountain:ટેકરી;નાનોપહાડ;ડુંગર.
Hillock, (હિલૉક્) *n*. A small hill:નાનો ડુંગર.
Hilly,(હિલિ)*a*.Full of hills:પહાડી.
Hilt,(હિલ્ટ્)*n*.A handle of a sword:મુંઠ.[તેને;એને.
Him,(હિમ્)*pron*.The objective case of **he**.:
Himself, (હિમ્સેલ્ફ્) *pron*.An emphasized form of the third person masculine pronoun:પોતે-જાતે.
Hind,(હાઇન્ડ્)*n*.The female of the red deer:

સાખરી;મુગલી.*a.*In the rear:પાછલું;પાછળનું.
Hinder,(હાઇન્ડર્)*a.*Of or belonging to that part or end which is in the rear: પાછલું.*vt.* To keep back: રોકવું.
Hinderance-Hindrance, (હિન્ડરન્સ્ હિન્ડ્રન્સ્)*n.*The act of hindering:અટકાવ.
Hindmost-Hindermost, (હાઇન્ડ્મોસ્ટ્-હાઇન્ડર્-મોસ્ટ્)*a.*Furthest;last:સહુથી પાછલું.
Hindoo Hindu, (હિન્ડુ)*n.*A native inhabitant of Hindustan:હિંદુ;હિંદુસ્તાનનો રહેવાશી.
Hinduism, (હિન્ડુઈઝ્મ્)*n.* Thereligious doctrines of the Hindoos:હિંદુબોધ'મે.
Hinge,(હિન્જ્)*n.* The hook with its eye,or the joint,on which a door,gateetc.,turns: મિજાગરૂ;બારડું;ચણીયારૂ;કડી આંકડો. *To be off the* **h.**,to be in a state of disorder: ગેરબંદોબસ્ત હોવું.*vt.*To attach with hinges:મિજાગરા જડવાં.
Hint, (હિન્ટ્) *vt.* To suggest in an indirect manner:ચેતાવવું;સુચના કo.*vi.*To allude vaguely to something:કશાને ઉ શીને જણાવવું. *n.*સૂચના;ઇસારો;અણસારો.
Hip, (હિપ્)*n.* The haunch:કેડ-કમરનું હાડું *To catch upon the* **h.***or to have on the* **h.**, to have or get the advantage of:.નો ફાયદો મેળવવો *To smite* **h.** *and thigh,*to defeat utterly:તદન હરાવવું.
Hippopotamus, (હિપોપોટમસ્) *n.* [Gr. *hippos*,a horse and *potamus*,a river.] A large,amphibious animal:જળઘોડો.
Hip-roof,(હિપ્રૂફ્)*a.*A roof having angles: ખુણાવાળું છાપરૂ.
Hipshot,(હિપ્શૉટ્)*a.*Having the hip dislocated:વાંકી-ઉચેલી કેડ-કમરવાળું.
Hire,(હાઇર્)*vt.* To engage or purchase the service,labor,or interests of for a specific purpose,by payment of wages:ભાડે-રોજે રાખવું.2. To let:ભાડે આપવું.*n.* Wages:ભાડું.
Hireling,(હાઇર્લિન્ગ્)*n.*One who is hired,or who serves for wages;a mercenary:મજુર.
Hirsute,(હર્સ્યૂટ્) *a.* [L. *horridus*,horrid.] Rough with hair:જાડા-બરછટ વાળવાળુ.
His, (હિઝ્) *pron.* Of him:તેનું;તેનું.
Hispid, (હિસ્પિડ્) *a.* [L. *hitpidus*] Rough with bristles:કઠણ અને જાડાવાળવાળું;કાંટાવાળું.
Hiss,(હિસ્) *vt.* To make with the mouth a prolonged sound like that of the letter's' ફૂં-ફૂંફાડો કo.2. To make a similar noise by any means:સુસવાટે ચાલ્યા જવું.*n.* The noise made by a serpent:ફુંફાડો;સુસવાટ; છિત્કાર.
Historian,(હિસ્ટૉરિઅન્) *n.* A writer of history;a chronicler;an annalist:ઇતિહાસ કર્તા.
Historical,(હિસ્ટૉરિકલ્) Pertaining to history:ઇતિહાસરૂપ;એતિહાસિક;ઇતિહાસવિષયક.
Historiographer,(હિસ્ટોરિઑગ્રફર્)*n.* [Gr. *historia* history & *grapho*, I write.] An historian;a writer of history:ઇતિહાસ લખનાર.
History,(હિસ્ટરિ)*n.* [Gr.*historia*, history.] A narrative;a description:તવારીખ;ઇતિહાસ. *Natural* **h.**:સૃષ્ટિજન્ય પદાર્થોનું વર્ણન.
Histrionic, (હિસ્ટ્રિઑનિક્) *a.* Befitting a theatre;theatrical:નાટકના જેવું.
Hit,(હિટ્) *vt.*[*Imp & p.p* **Hit.**] To reach with a stroke:મારવું.2.To guess:ધારવું;અટકળ બાંધવી. *vi.* To clash: અફળાવું. *To hit on or upon*,to come to by chance:સૂઝવું;જડવું. *n.* A striking against;a stroke that touches anything:ટચકો; ટકોરો આઘાત.2. A striking of the ball:દડાના ટકાનો;પ્રહાર.
Hitch,(હિચ્) *vi.* To be linked or yoked:ભેરવાઇ-ગૂંચવાઈ-ફસાઈ પડવું.3.To hit the legs together in going:જતાં ચાલતાં પગ ભેગા અથડાવા. *vt.*To hook:ફસાવી પાડવું *n* A stop:એકદમ અટકવું તે.2 A catch:આંચકો;નડતર;હરકત.
Hither,(હિધર્)*adv* [L *citra*, on this side.] To this place:અહિં;આ જગ્યાએ.
Hithermost,(હિધર્ મોસ્ટ્)*a.*Nearest on this side:આ રસ્તે છેક પાસેનું.
Hitherto,(હિધર્ટૂ)*adv.* To this place:આટલે સુધી.2.Up to this time:આજલગી.
Hitherward (હિધર્વર્ડ્)*adv.* Toward this place,hither:આણીગમ-તરફ.
Hitter,(હિટર્) *n.*One who hits:નિશાન તાકનાર.
Hive, (હાઇવ્) *n.* A place where bees live only:મધમાંખીનો પુડો.
Hoar-y,(હોર્હૉરિ) *a.* [*A. L. kar.*] White or grayish white:ધોળું;આછા ભુરા રંગનું.
Hoard,(હૉર્ડ્) *n.* A store hidden: સંગ્રહ;સંચય. *vt.* To collect and lay up:સંગ્રહકo.
Hoard-frost,(હૉર્ડ્-ફ્રૉસ્ટ્)*n.*White frost:હીમ.
Hoarse, (હૉર્સ્) *a.* Making a rough harsh cry or sound:ખોખરૂ;ભારે ઘાંટાનું.
Hoarsely,(હૉર્સ્લિ)*adv.*With a harsh,grating sound or voice.કઠોર-ખોખરા-ભારે ઘાંટાથી.
Hoax, (હૉક્સ્) *n.* A deceptive trick:ઠગાઇ; મશ્કરી. *vt.* To deceive:છેતરવું.
Hob, (હૉબ્) *n.* The hub of a wheel:પૈડાની નાભડી 2. A fairy;a sprite;an elf:વનદેવી.
Hobble, (હૉબલ્) *vi.* To walk lame:લંગડાતા ચાલવું. *vt.* To hopple:લંગડાવવું. 2. To perplex:ગુંચવવું. *n.* A limp:લંગડાની ચાલ.
Hobby,Hobbyhorse, (હૉબિ,હૉબિહૉર્સ્) *n.* An ambling nag: મજબુત ટટ્ટુ 2. A subject or plan upon which one is constantly setting off:વહાલીવાત વિષય.

Hobgoblin,(હૉબ્ગૉબ્લિન)*n*. A frightful goblin;an imp;a bugaboo:પિશાચ;ભૂત;રાક્ષસ.

Hockle,(હૉક્લ્) *vt*. To hamstring; to hock; to hough:ઘુંટણના તળીઆની નસ કાપી લુલું ક૦.

Hocus pocus,(હૉકસ્-પૉકસ્)*n* A term used by jugglers in pretending incantations: છુમંતર;ધંતરમંતર;છુછું;જાતરમંતર; નજરબંધી. 2. A juggler:બાજીગર;જાદુર. [જાતની છાબર.

Hcd, (હૉડ્) *n*. A kind of woolen tray:એક

Hodge-podge, Hotch-potch, (હૉજ્પૉજ્-હૉચપૉચ્)*n*.Medley:ખીચડી-ડો;પંચમેળ;સન્નિપાત.

Hodiernal,(હૉડિઅર્નલ્)*a* [L *hodie*,to day.] Belonging to the present day:આજના દિવસનું.

Hoe, (હો) *n*. A tool chiefly for digging up weeds and for loosening and arranging the earth about plants in fields and gardens:કોદાળી;પાવડો.*vt* To cut,dig,with a hoe પાવડાથી ખોદવું.*To hoe one's row*,to do one's share of a job:પોતાનું કામ બજાવવું.

Hog,(હૉગ્)*n*. A quadruped:સુઅર;સુકર; ડુક્કર.

Hoggish,(હૉગિશ્)*a*.Gluttonous:અકરાંતિયું.

Hogshead, (હૉગ્સ્હેડ્) *n*. An English measure of capacity containing 63 Wine gallons:૬૩ ગ્યાલન'દારૂનું માપ.

Hoiden,(હૉઇડેન્)*n*.Clownish youth:ગમાર.

Hoist,(હૉઇસ્ટ્)*vt*.To raise:ઉચું ચઢાવવું.2.The act of hoisting:ઉપર ચઢાવવું.તે.

Hoity-toity, (હૉઇટિ-ટૉઇટિ) *a*. Thoughtless; giddy;flighty:વાયલ;તુરંગી;લેહેરી;સ્વચ્છંદી.

Hold,(હોલ્ડ્)*vt*.[*imp & pp* **held**] To keep in grasp:ઝાલવું.પકડવું2.To have;to possess:ની પાસે ના કબજામાં રાખવું.3 To restrain:દાબમાં રાખવું. 4.To carry on:જારી રાખવું. 5. To receive & retain;to contain as in a vessel:માવું;સમાવું 6.To accept as an opinicn:.રાખી-વળગી રહેવું. 7.To consider:ગણવું 8 To bear:રાખવું.*To* h. *forth*,to offer:બતાવવું.*To* h *in hand*,to have in one's power:પોતાની શક્તિમાં હોવું.*To* h. *in play*,to keep under control:કબજામાં રાખવું, *To* h.*off*,to keep at a distance:દૂર-આઘે રાખવું.*To* h *one's own*,not to fall off:પાછું ન હઠવું.*To* h.*one's place*,to keep silence: ચૂપ રહેવું.*To hold out*,(*a*)to extend;to offer:આપવું. *vi*.To continue to last:જારી રહેવું. 2. To remain attached:વળગી રહેવું. 3. To restrain one's self:બંધ ક૦. H. *on*; h *up*, wait: રાહ જુઓ.*To* h.*off*,to keep at a distance:વેગળા રાખવું.*To* h *out*,to last:ટકવું *n*. A fort;a castle:કિલ્લો;ગઢ.2 Grasp:પકડ 3. Claim: હક; અખ્તિયાર.4. Binding power:બંધન;કાબુ;અંકુશ. 5.A prison:તુરંગ;બંધીખાનું.6.Custody: કેદ;કબજે 7.આધાર;થામ.8.વહાણનો ભંડાર-ભોંયરૂ.

Hold fast, (હોલ્ડ્ફૅસ્ટ્)*n*. A catch; a hook; a clinch:હુક.

Holding,(હૉલ્ડિંગ્) *n*. The act or state of grasping: પકડવું-ઝાલવું તે.2.A tenure;a farm or other estate held of another:બીજાની પાસેથી મળેલી જમીન.

Hole,(હૉલ)*n*.A hollow place;a perforation: કાણું;બાકું.2.An excavation in the ground: દરાખો.3.A meanhab itation:અંધારી-સાંકડી કોટડી.

Holiday,(હૉલિડે) *n*. A consecrated day: પર્વ; તહેવાર. 2. A day of exemption from labor;a festival day:રજાનો દિવસ.

Hollow, (હૉલૉ) *a*. Not solid; excavated in the interior:પોલું.2.Deep:ઊંડેલો;ખોખરો. *n*.A hole:પોલાણ.*vt*.To make hollow:બખોલ પાડવી.

Hollowness,(હૉલૉનેસ્) *n*. State of being hollow:પોલાણ.2.Insincerity:ઠગાઈ.

Holm,(હૉલ્મ્ or હૉમ્) *n*. A common evergreen oak: સદા લીલું રહે એવું એક જાતનું ઝાડ.

Holocaust,(હૉલૉકૉસ્ટ્)*n*. [Gr.*holos*, whose & *kaustos*,burnt.] A burnt offering:હોમ.

Holy,(હૉલિ)*a*.Hallowed,sacred: પવિત્ર અંતઃકરણનું.H.*land*:પુણ્યક્ષેત્ર;પાલિસ્ટાઇન. H. *father*: પોપનો ઇલકાબ.H *one*, the Supreme Being: ઇશ્વર;પરમેશ્વર H.*rood*,the cross or crucifix: ખ્રિસ્તી ધર્મનું નિશાન.H *war*,a crusade:પાલેસ્ટાઈન લેવા યુરોપના લોકોએ કરેલી ધર્મની ચઢાઈ.

Homage,(હૉમેજ્)*n*. [L. *homo*,a man.] Profession of fealty to a sovereign: અધિરાજાભિવંદન,માન.2. Respect:પ્રણામ. 3 Reverential worship:ભક્તિ.

Home,(હૉમ્) *n*. One's own dwelling place: સ્વગ્રહ,ઘર.2.One's native land:સ્વદેશ.3.The grave:ઘોર.*At*.h.(*a*) at one's own house, or lodging:ઘેર;ઘરમાં;(*b*)In one's own town or country:પોતાને સ્વદેશ:-વતન.*To be at* h.*on any subject*,to be conversant or familiar with it:-નાથી જાણતા હોવું. *To feel at* h to be at one's ease:નિશ્ચિંત હોવું-રહેવું. *To make one's self at* h :ઘેર જેટલી સ્વતંત્રતા હોય તેના જેટલી બહાર વાપરવી.

Home-bred, (હૉમ્બ્રેડ્) *a*. Bred at home: ગામડી;સ્વદેશી;દેશી.2.Not polished:સાદું;જંગલી.

Home-felt,(હૉમ્-ફેલ્ટ્) *a*. Felt in one's own breast inward;private:દીલમાં લાગેલું; ખાનગી.

Homeless,(હૉમ્લેસ્)*a*.Destitute of a home: ઘરબાર વિનાનું-રહિત.

Homeliness, (હૉમ્લિનેસ્) *n*. Domesticity; care of home:ઘર સ્વદેશની સંભાળ-દરકાર.

Homely,(હૉમ્લિ) *a*. Domestic: ઘર કામનું. 2. Plain:સાદું;જાડું;સાધારણ;મધ્યમ.

Home-made,(હૉમ્મેડ્)*a*.Made at home:ઘ-

રમાં બનાવેલું;દેશી;ગામઠી;ઘરગતુ;મુલકી.

Homeopathy,(હોમ ઑપથિ)*n.*[Gr.*homoios*, like and *pathos*,affection.]The art of curing,founded on resemblances:જે પ્રકારનો રોગ તેજ પ્રકારનું ઓસડ ઘણું થોડું આપી મટાડવાનું વૈદું.

Home-sick,(હૅ મ્સિક્) *a.* Pining for home: ઘેર જઈ છોકરાને માટે જીવ તલપાપડ થાય તેવું.

Home-spun,(હૉમ્સ્પન)*a.* Spun or wrought at home:દેશમાં બનાવેલું.

Home-stead,(હોમ્સ્ટેડ્)*n.* The home place: ઘરની જગા;મૂળસ્થાનક;ઘરખટલો;ઘરવાસ.

Home-ward,(હોમ્વર્ડ્) *a.* Being in the direction of home:ઘર-દેશ તરફનું.*adv.*Toward home:સ્વદેશ તરફ.**H.** *bound*:ઘેર જતું.

Homicidal,(હૉમિસાઇડલ્) *a.* Pertaining to homicide;tending to homicide:ઘાતકી;ખુની.

Homicide,(હૉમિસાઈડ્)*n.*[L. *homo*, man & *coedo*, I cut.] The killing of one human being by another:મનુષ્યવધ.2 One who kills another:ખુન કરનાર;હત્યારો;ખુની;મનુષ્યહિંસક.

Homily,(હૉમિલિ)*n.*[Gr. *homos*, the same & *ile*,a company.]A serious discourse: નીતિ નિબંધ-ભાષણ;ધર્મવાક્ય.

Homogeneous,(હોમોજીનીઅસ્)*a.*[Gr *homos*, and *genos*, kind.] Of the same kind or nature:સમજાતીય;સધર્મી.(*Alg.*) Possessing the same number of factors of a given kind:એકજ જાતનાં પદવાળું.

Homologate,(હૉમોલૌગેટ્)*vt.*[Gr. *homos* & *logos*,speech.] To approve:મંજૂર-મહાલ કo;

Homologous,(હૉમૉલૉગસ્) *a.* [Gr.*homos*, & *logos*, ratio.] Corresponding in relative position and proportion:સમ પ્રમાણ;તુલ્ય.

Hone,(હોન) *vi.* To pine: શોક-ખેદ કo. *n.* An oilstone:ચપ્પુ વિગેરે ઘસવાની પથરી.

Honest, (ઑનેસ્ટ્) *a* [L. *honor*, honor.] Upright:પ્રમાણિક;નેક;ઈમાનદાર.2 Open;frank: નિષ્કપટ.

Honestly, (ઑનેસ્ટ્લિ) *adv.* In an honest manner:પ્રમાણિકપણાથી;ઇમાનદારીથી;શુદ્ધદિલથી.

Honesty,(ઑનેસ્ટિ)*n.* Integrity:પ્રમાણિકપણું; નિષ્કપટ;નેકી;સાફમનસાફ;સાફદિલી;શુદ્ધબુદ્ધિ.

Honey, (હની)*n.* A sweet,viscid fluid:મધ.

Honey-bag,(હનીબૅગ્)*n.* The receptacle for honey in a honey bee:મધમાખના શરીરમાં મધ રાખવાની કોથળી.

Honey-comb,(હનીકોમ્)*n.* A mass of hexagonal waxen cells formed by bees:મધપુડો.

Honeyed, (હનિડ્)*a.* Covered with honey: મધથી ઢંકાયેલું **h.***words & killing deeds*:હરિ-ગુણ ગાતી અને હૈયામાં કતિ.

Honey-moon,(હનીમૂન)*n.*The first month after marriage:લગ્ન થયા પછીનો પહેલો મહિનો.

Honor,(ઑનર્)*n* [L.*honor*,*honos*]Respect: માન;પતિષ્ઠા,આબરૂ;ઇજ્જત.2.Reputation:સન્માન.3.A title applied to the holders of certain honorable civil offices: હોદ્દો; પદ્વી. *pl* The ace,king,queen,and jack of trumps: એક્કો, રાજા રાણી અને ગુલમો.*To do the honors*,to bestow honor:આદરસત્કાર કo.*To do one* **h.**, to confer distinction upon one: કોઇને ઇલકાબ આપવા. *Word of* **h** , an engagment confirmed by a pledge of honor:વચન.

Honorable,(ઑનરેબલ્)*a* Worthy of honor: આબરૂદાર;સંભાવિત.2 Not base; fair:આબરૂદારીનું.3.Conferring honor:પ્રતિષ્ઠિત;પ્રમાણિક;નેક.

Honorably, (ઑનરેબ્લિ) *adv.* In an honorable manner:આબરૂભેર;આબરૂદારીથી.

Honorarium,(ઑનરેરિઅમ્)*n.* A fee offered to professional men for their services: પ્રવિણ માણસોને તેમની મહેનતનો અવેજ.ફી.

Honorary, (ઑનરેરિ) *a.* Done as a sign or evidence of honor:માન;આબરૂની નિશાની તરીકે કરેલું. 2. Holding a title or place without receiving reward:માત્ર પ્રતિષ્ઠાને માટે કામ કરનારું.

Hood, (હુડ્) *n.* A covering or garment for the head:ઘુગડાનો ટોપ. (*a*) A cowl:રોમન કાથલિક સાધુનો ટોપ. (*b*)A covering for the horse's head:ઘોડાનું માથું ઢાંકવાનું ઘુગડું. (*a*) The top or head of a carriage:ગાડીની છત્રી.

Hooded,(હુડેડ્)*a.* Covered with a hood:ટોપ પહેરેલું 2 Furnished with a hood:ટોપવાળું.

Hood-wink, (હુડ્ વિન્ક્) *vt.* To blind by covering the eyes:આંખે પાટા-અંધારી બાંધવી.

Hoof, (હૂફ્) *n.* The horny substance that covers the feet of certain animals: ખરી *To shew the cloven* **h.**,પોત પ્રકાશવું;ગુણપર જવું.

Hook, (હુક્) *n.* A piece of metal, or other hard material,formed or bent into a curve or at an angle: આંકડી 2. A sickle; an instrument for cutting or lopping:દાતરડું *By* **h.** *or by crook*, by one way or other: ગમે તેમ કરીને.*vt.*To catch or fasten with a hook or hooks:આંકડી ભેરવવી;જડવી;ગલ નાંખીને પકડવું.

Hooked, (હુક્ડ્) *a.* Having the form of a hook:વાળેલું;વાંકું;આંકડીવાળું.

Hook-nosed,(હુક્-નોઝ્ડ્)*a.*Having a hooked or aquiline nose:શુકનાસિક;પોપટીયા નાકવાળું.

Hoop, (હુપ્) *n.* A pliant strip of wood or metal bent in a circular form: પટો; કડું. 2. A ring:ચક્કર.ગોળપટો.3.Crinoline:ચક્કર.*vt.* To bind or fasten with hoops:પટાપાટાથી બાંધવું.

Hooping-cough,(હુપિન્ગ્ કૉફ્)*n* A cough in which the patient hoops or whoops with

a deep inspiration of breath:ઉંટાંટીઓ.

Hoot,(હૂટ્) *vi.* To cry out or shout in contempt: ધિક્કારથી બૂમ પાડવી. 2.To make the peculiar cry of an owl:ઘુવડની માફક બોલવું. 2. The cry of an owl:ઘુવડનું બોલવું.

Hop,(હૉપ્)*vi* To jump on one foot:કુદાકુદ કo. 2 To limp:લંગડાતા ચાલવું.*n.*A leap:કુદકો.

Hope, (હોપ્) *n.* An expectation of something which is thought to be desirable: આશા;ઉમેદ;મુરાદ.2.વિશ્વાસ;આકીન To entertain hope: આશા-ઉમેદ રાખવી. *vt.* To cherish the hopes of:ની આશા રાખવી.

Hopeful, (હોપ્ફુલ્)*a.*Full of hope:આશાવાન.

Hopefully,(હોપ્ફુલ્લિ)*adv.*With hope:આશા ઉમેદથી;આસ્થાપૂર્વક.

Hopeless, (હોપ્લેસ્)*a.* Destitute of hope; despairing:નિરાશ;નાઉમેદ;નાસીપાસ.

Hopelessness,(હોપ્લેસ્નેસ્)*n.* State of being destitute of hope:ના ઉમેદપણું;નિરાશા.

Hopper,(હૉપર્)*n.* One who or that which hops:ખોદી ખાનાર.2.*pl* A game:સાત સમુદ્રની રમત.

Hopple,(હૉપ્લ્) *vi.*To tie the feet loosely together:પગ બાંધવા. 2. To entangle:ફાંદામાં નાંખવું. [ફરતા લોકનું ટોળું-ઝુંડ-જથો.

Horde,(હોર્ડ્)*n.*A wandering troop or gang:

Horizon,(હોરાઇઝૉન્) *n.* [Gr. *hores,*a limit.] The apparent junction of the earth and sky:દૃષ્ટિમર્યાદા.

Horizontal,(હોરાઇઝૉન્ટલ્)*a.* Pertaining to or near the horizon:દૃષ્ટિમર્યાદા સંબંધિ.2.Parallel to the horizon:દૃષ્ટિમર્યાદાની સમાંતરે.

Horn,(હોર્ન્)*n.*A hard,projecting,and usually pointed organ, growing upon the heads of certain animals:શિંગડું. 2. (*a*) A wind instrument of music:રણશિંગું.*To take* a **h,** to take a drink of intoxicating liquor:કેફી દારૂ પીવો. [for children:પહેલી ચોપડી.

Horn-book, (હોર્ન્-બુક્) *n.* The first book

Horned,(હોર્ન્ડ્) *a.* Furnished with a horn or horns:શિંગડાવાળું;શિંગાળું.

Hornet,(હોર્નેટ્)*n.*A large,strong wasp:ભમરો **H** *fly*:એક જાતની ચટકો મારતી મોટી માંખ.

Hornless,(હોર્ન્લેસ્)*a.* Having no horn:શિંગડાં વિનાનું-વગરનું. [of music:વાજીંત્ર;વાજું.

Hornpipe,(હોર્ન્પાઇપ્)*n.*(*a*) An instrument

Horny,(હોર્નિ)*a.* Having horns or hornlike projections:શિંગડાંવાળું;શિંગડાં જેવું કઠણ.

Horography,(હૉરૉગ્રૅફિ)*a.* [Gr. *hora,*an hour & *grapho,*I write.] The art of constructing instruments for making the hours: ઘંડુ કરવાની વિદ્યા.

Horologe,(હૅરૉલૉજ્)*n.* [Gr.*hora.* any limited time & *logos* speech.] A servant who calls out the hours:કલાક કેટલા વાગ્યા તે કહીં-વનાર-કહેનાર ચાકર.A time piece of any kind કાલમાન-માપક યંત્ર.

Horological,(હૉરોલૉજિકલ્)*a* Relating to a horologe,or to horology:કાળમાપક યંત્રસબંધિ

Horoscope,(હૉરોસ્કૉપ્)*n* [Gr.*hora*& *scopeo* I observe.] (*a*) The representation made of the aspect of heavens at the moment of a person's birth:જન્મકુંડળી;જન્માક્ષર.

Horoscopy, (હૉરૉસ્કૉપિ) *n.* The practice of observing the disposition of the stars, with a view to predicting events:ગ્રહ ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

Horrible,(હૉરિબલ્)*a.*Dreadful:ભયાનક.

Horrid,(હૉરિડ્)*a.* Dreadful:ભયંકર.

Horrify,(હૉરિફાઇ)*vt.* To cause to feel horror;to strike with horror:બીવરાવવું.

Horror,(હૉરર્)*n.* [L. H*orreo,* I shiver.] A shuddering with terror:ત્રાસ;ભય;કંપ.

Horse,(હૉર્સ્) *n.* A hoofed quadruped: ઘોડો. 2.Mounted soldiery; cavalry: ઘોડાનું લશ્કર; ઘોડેસ્વાર;સવાર; ઘોડી. *Iron* **h** , a locomotive: આગગાડી ચલાવનારૂં યંત્ર. *To look* a *gift* **h.** *in the mouth,*:ધર્મની ગાયના દાંત જોવા *To take* **h.** to set out on horseback:ઘોડો પલાણીને જવું.

Horse-back, (હૉર્સ્બૅક્) *n.* The back of a horse:ઘોડા ઉપર સ્વારી કરવાનું આસન-ઢપ.

Horse breaker,(હૉર્સ્બ્રેકર્)*n.*Horse trainer.. ઘોડા શીખવનાર;હયશિક્ષક;ચાબુકસ્વાર.

Horse-guards,(હૉર્સ્ગાર્ડ્ઝ) A body of cavalry:ગારદી;ઘોડાનું રક્ષણ કરનાર.

Horse-jocky, (હૉર્સ્જૉકી)*n.* A professional rider and trainer of race horses:સરતના ઘોડા ઉપર બેસીને શીખવનાર માણસ

Horse-laugh,(હૉર્સ્-લાફ્)*n.*A loud,boisterous laugh: અટ્ટ હાસ્ય; હોકારા ઠોકારાનું હસવું.

Horse-leech,(હૉર્સ્લીચ્) *n.* A farrier;a veterinary surgeon:ઘોડાને સારૂ કરનાર-વૈદ્યઅશ્વવૈદ્ય

Horse-litter, (હૉર્સ્લિટર્) *n.* A carriage borne by two horses;બે ઘોડાની ગાડી.

Horseman,(હૉર્સ્મૅન્) *n.* A rider:સવાર.

Horseman-ship,(હૉર્સ્મૅન્શિપ્)*n.* The act or art of riding,and of training and managing horse:અશ્વદોડ વિદ્યા;અશ્વવિદ્યા.

Horse-power, (હૉર્સ્પાઉઅર્)*n.* The power which a horse exerts:ઘોડાનું જોર.

Horse-shoe,(હૉર્સ્શૂ) *n.* A shoe for horse: ઘોડાની નાળ; નાળબંધ.

Horse-whip, (હૉર્સ્હ્વિપ્) *n.* A whip for horses:ચાબુક;સાટકો. *vt.* To flog or chastise

with a horse whip:ચાબુક મારવી.
Hortation,(હૉર્ટેશન્)*n* [L *hortor*, I exhort.] The act of exhorting, inciting, or giving advice; exhortation:બોધ;ઉપદેશ;શિખામણ.
Hortative,(હૉર્ ટેટિવ્)*a.*Giving exhortion: advisory, exhortative:બોધરૂપનું;શિખામણરૂપનું.
Hortatory,(હૉર્ટેટોરિ) *a.* Encouraging; exhortative:શિખવણીનું;ઉત્તેજનરૂપ;ઉપદેશક.
Horticultural,(હૉર્ટિકલ્ચ્યૂરલ્)*n* Pertaining to horticulture:બાગકામ વિદ્યાનું.
Horticulture, (હૉર્ટિકલ્ટ્યૂર્) *n.* [L. *hortus*, garden *cultura*, culture.] The part of cultivating gardens:બાગ બનાવવાનો હુન્નર.
Horticulturist, (હૉર્ટિકલ્ટ્યૂરિસ્ટ્) *n.* One who practises horticulture:માળીનું કામ કરનાર.
Hortulan,(હૉર્ટ્યૂલૅન્) *a.* [L *hortus*, garden: વાડીનું-સંબંધી;બાગબગીચાનું.
Hosanna, (હૉઝૅન્ને) *n.* Hebrew exclamation of praise to the Lord:ઇશ્વર સ્તુતિ.
Hose, (હૉઝ્) *n.* *Sing,* & Pl. Close fitting trousers: પાયજામો; પગનાં મોજાં. 2.A flexible pipe:બંબાની સુંઢ.
Hosier,(હૉઝિઅર્)*n.*One who deals in hose or stocking:મોજાં વાળો-વેચનાર.
Hosiery, (હૉઝિઅરિ) *n.* The business of a hosier:મોજાં વેચવાનો ધંધો 2.Stockings:મોજાં.
Hospitable,(હૉસ્પિટેબલ્)*a.* Kind to strangers and guests:પરોણાની બરદાશ લેનારૂં.
Hospitably,(હૉસ્પિટેબ્લિ) *adv.* In a hospitable manner:પરોણાચાકરીથી;મેહેમાનદારીથી.
Hospital,(હૉસ્પિટલ્) *n.* [L. *hospes*, guest.] A building in which the sick, injured, or infirm, are received and treated: ઇસ્પીતાલ; દવાખાનું.
Hospitality,(હૉસ્પિટૅલિટિ)*n.* Reception and entertainment of strangers or guests: આગતાસ્વાગતા;પરોણા ચાકરી;મહેમાનગીરી;સેવા.
Host,(હૉસ્ટ્)*n.*[L.*hostia*, sacrifice.]An army: ફોજ;લશ્કર.2.Any great number:ટોળું.*n* [L. *hostis*, stranger.] An entertainer:યજમાન.
Hostage,(હૉસ્ટેજ્)*n.* [L. *hospes*, guest.] A person given as a pledge for the performance of the conditions of a treaty:સલાહના કોલ પાળવાની ખાત્રી માટે સાનમાં આપેલું માણસ
Hostess,(હૉસ્ટેસ્)*n.* A female host:સ્ત્રી યજમાન;ગ્રહસ્વામીની.
Hostile,(હૉસ્ટાઇલ્)*a.*[L *hostis*, enemy.]Inimical unfriendly:વેરી;દ્વેષી;પ્રતિપક્ષી;વિરૂદ્ધ.
Hostility, (હૉસ્ટિલિટિ) *n.* *pl.* **Hostilities.** Unfriendlines; animosity:શત્રુભાવ-વટ;વેર.
Hostler,(હૉસ્લર્) *n.* An innkeeper:ધર્મશાળાની તપાસ રાખનાર માણસ.

Hot,(હૉટ્)*a.*Very warm:ગરમ;ઉનું;ધીકતું;ધગધગતું;ખળખળતું.2.Passionate:ગરમ સ્વભાવનું.*In* **h.***water*, in trouble:મહેનત-મુશ્કેલીમાં.
Hot-brained,(હૉટ્-બ્રેન્ડ્) *a.* Violent; high-spirited:ગરમ મીજાજનું;ઉગ્ર સ્વભાવનું.
Hotel,(હૉટેલ્)*n.* A house for entertaining strangers or travellers:મુસાફરખાનું;વીશી.
Hot-headed(હૉટ્-હેડેડ્)*a* Fiery; violent; rash ઉદ્ધત,કડક;ઉતાવળીયું;ચટાક.
Hotly,(હૉટ્લિ)*adv.*Violently; hastily:જુસ્સાથી
Hot pressed, (હૉટ્-પ્રેસ્ડ્) *a.* Pressed while heat is applied:ગરમી લગાડીને દાબેલું.
Hot-spur,(હૉટ્-સ્પર્) *n.* A rash hot-headed man:અવિચારી-ઉતાવળો માણસ;માથાફુટીઓ;સાહસિક.
Houdah,(હાઉડે)*n.* A seat or pavilion, fastened on the back of an elephant:અંબાડી;હોદો
Hound,(હાઉન્ડ્)*n.* A variety of the domestic dog:શિકારી કુતરો.
Hour, (આઉર્) *n.* [L. *hora.*] The twenty fourth part of a day; sixty minutes:કલાક; અવર.2. વેળા;સમય;કાળ.*At all* **h.**s:વેળા કવેળા. *To keep good* **h.** s, to be regular in going to bed early:નિયમિત રીતે વહેલા સુઇ જવું.
Hour-glass,(આઉર્ગ્લૅસ્) *n.* An instrument for measuring time, of an hour:ઘડી;કલાકની શીશી;રેતીવાળી કલાકની શીશી.
Hour-hand,(આઉર્હૅન્ડ્)*n.*The hand which shows the hour:કલાકનો કાંટો.
Hourly,(આઉર્લિ)*a.*Occurring hour by hour: કલાક કલાકનું;વારંવારનું.
House,(હાઉસ્)*n.* A building for the habitation of man:ઘર;ગૃહ.2.Household affairs ઘરસંસાર.3.A household:ઘરનાં માણસો. 4. A family of ancestors:વંશ;કુળ;ઓલાદ.4.A form પહેડી;પેઢી.6.(Astro) ઘર; ભવન;સ્થાન. *The* **h.***of Commons*:આમની સભા. *The* **h.***of Lords*: દિવાને ખાસ.
House-breaker,(હાઉસ્બ્રેકર્)*n.* One who is guilty of housebreaking:ઘરમાં ખાતર પાડનાર.
House-breaking,(હાઉસ્બ્રેકિન્ગ્) *n.* The act of breaking open and entering, with a feloneous purpose, the dwelling house of another:ખાતર-ચોરી.
House-dog,(હાઉસ્ડૉગ્)*n* A dog kept in or about a dwelling house:ઘરમાં પાળેલો કુતરો.
House-hold, (હાઉસ્હૉલ્ડ્) *n.* Those who dwell under the same roof:ઘર કુંટુંબ.
House-holder,(હાઉસ્હૉલ્ડર્)*n.* The master or head of a family:ઘરધણી;ગ્રહસ્થ.
House-keeper,(હાઉસ્કીપર્)*n.*One who occupies a house with his family: ગ્રહસ્થ;ઘરધણીઆણી.2.A house-dog:ઘરનો પાળેલો કુતરો.

House-keeping,(હાઉસ્કીપિન્ગ્)*n.* The state of occupying a dwelling house as a householder:ઘરમાં રહેવું તે;ગૃહસ્થાશ્રમ;ઘર.2 Management of house affairs:ઘર કામકાજ કરવાં તે

Houseless, (હાઉસ્લેસ્) *a.* Destitute of a house:ઘર આશ્રય વિનાનું,રહિત.

House-maid,(હાઉસ્મેંડ્)*n.* A female servant ઘરમાં કામ કરનાર બૈરી-ચાકરડી;દાસી.

House-warming,(હાઉસ્વૉર્મિન્ગ્)*n.*A feast or merry-making made for taking possession of a new house:ગૃહ પ્રવેશ;વાસ્તુ.

House-wife,(હાઉસ્-વાઇફ્) *n.* The wife of a house-holder:ઘરધણીઆણી.

House-wifery, (હાઉસ્વાઇફ્રિ)*n.* Female management of domestic concerns:ઘર ખટલો-ધંધો. [houses:શિલ્પશાસ્ત્રી;મિસ્તરી.

House-wright,(હાઉસ્ રાઇટ્)*n.*A builder of

Housing,(હાઉઝિન્ગ્)*n.* The act of putting or receiving under shelter:ઘરમાં રાખવું. 2. A saddlecloth:ઘોડાનો સાજ.

Hove,(હૉવ્)*vi.*& *t.*To rise;to swell;to heave સુજવું;સોજો થવો-ચઢવો.

Hovel,(હૉવેલ્)*n.*An open shed for sheltering cattle:જાનવરને રાખવાનું ઝુંપડું-છાપરી.

Hover,(હૉવર્) *n.* A cover; a shelter: ઢાંકણ; આશ્રય. *vi.* To hang fluttering in the air: પાંખ ફફડાવ્યાં ક૦.

How,(હાઉ) *adv.* In what manner:કેમ કરીને; કેમ. 2 To what degree, extent, number or amount:કેવડું;કેટલું.

Howbeit,(હાઉબીઇટ્)*conj.*Nevertheless:પણ; એમ છતાં;ગમે તેમ હોય તોપણ;તોપણ.

However, (હાઉએવર્) *adv.* In whatever manner:ગમે તેમ;તોપણ.

Howl,(હાઉલ્)*vi.*To utter a loud, protracted mournful cry or sound:(કુતરાં—અને વરૂની પેઠે) રડવું;રોવું.*n.* The protracted, mournful cry of a dog or a wolf:પોકાર;ગર્જન.

Howlet,(હાઉલેટ્)*n* An owl;owlet:નાનું ઘુવડ.

Howling,(હાઉલિન્ગ્)*a* Filled with howling beasts;dreary:વાઘ,વરૂ વિગેરે શબ્દથી ગાજી રહેલું.

Howsoever, (હાઉસોએવર્) *adv* & *conj.* To whatever degree or extent:ગમે તેવું-તેટલું.

Hoy,(હૉઇ)*n.* A small coasting vessel:કીનારે ચાલનારૂં નાનું વહાણ. [pipe:હોકો;હુક્કો.

Hubble-bubble,(હબ્લ્-બબ્લ્) *n.*A tobacco

Hubbub,(હબ્બબ્)A tumult; uproar:ઘોંઘાટ.

Huckster,(હક્સ્ટર્)*n* A peddler;a hawker: ફેરીઓ;ફેરી કરનાર.2.A mean trickish fellow: દગાખોર. *vt.*To deal in small articles:હલકી ચીજો-પદાર્થોનો વેપાર ક૦.

Huddle,(હડ્લ્)*vi.*To crowd together confusedly;to crowd:ભીડ થવી.*vt* To crowd together:ગરબડ સરબડ કરી મુકવી.*n.* A crowd:ટોળું.

Hue,(હ્યૂ) *n.* Color; tint; dye:રંગ.

Hued,(હ્યૂડ્)*a* Having color:રંગેલું.

Huff.(હફ્)*vt.*To swell: મોટું ક૦;ફુલાવવું.*vi.* To enlarge;to swell up:ફુલવું;મોટું થવું.

Huffish,(હફિશ્)Arrogant:ગર્વિષ્ઠ;અભિમાની.

Huffy,(હફિ)*a*- Puffed up:ફુલેલું,ઉદ્ધત.

Hug, (હગ્) *vi.* To clasp to the bosom; to embrace:બગલમાં દાબવું;કોટી ક૦; આલિંગન દેવું.

Huge,(હ્યૂજ્)*n.* Very large:મોટું;ગંજાવર.

Hugger mugger, (હગર્ મગર્) *n.* Secrecy: ગુપચુપી;ચોરી.*a.* Secret:છાનું;છુપું;ગુપ્ત.

Hulk,(હલ્ક્)*n.*The body of a ship or decked vessel of any kind:વહાણનું ખોખું. *vt.* To take out the entrails of:નાં આંતરડાં કાઢી લેવાં.

Hull,(હલ્)*n.* The frame or body of a vessel: ડોળ,સઢ, દોરડાં વિગેરે શિવાયનું વહાણનું ખોખું. *vi.* To toss or drive on the water: પાણી ઉપર ખસેડવું-ચલાવવું.

Hum, (હમ્) *vt.* To buzz: ગણગણવું.2. To express satisfaction by a humming noise: ગણગણાતો અવાજ કરીને સંતોષ દર્શાવવો. *n.* A low,monotonous noise of a bee:માખીનો ગણગણાટ.

Human,(હ્યૂમૅન્)*a.*[L.*homo*,man,]Belonging to man or having the qualities of a man માનુષી;મનુષ્યધર્મક.

Humane,(હ્યૂમૅન્) *a.* Kind; benevolent: માયાળુ;કૃપાળુ;દયાળુ.

Humanely,(હ્યૂમૅનલિ)*adv.*Kindly:માયાળુપણે.

Humanity, (હ્યૂમૅનિટિ) *n.* The quality of being human:મનુષ્યત્વ.2.The human race: માણસ વર્ગ3.The quality of being humane; kindness:દયા;રહેમ;કરૂણા;ભૂતદયા;સાહિત્ય.

Humanize, (હ્યૂમૅનાઇઝ્) *vt.* To soften; to refine or civilize:નરમ-કુમળું ક૦;સુધારવું.

Human-kind,(હ્યૂમૅન-કાઇન્ડ્)*n.*Mankind:માણસ-મનુષ્ય જાત. [manner:માણસની પેઠે.

Humanly, (હ્યૂમૅનલિ) *adv.* In a human

Humble, (હમ્બલ્)*a* [L.*humus*,the earth.] Lowly;modest:નમ્ર;રાંક;ગરીબ.*To eat* h *pie.*to endure mortification: ગરીબ થઇને ખમ્યાં ક૦. *vt.*To bring low;to lower:નીચું-હલકું પાડવું.

Humbly,(હમ્બ્લિ)*adv.*With humility:નમ્રતાથી.

Humbug, (હમ્બગ્) *n.* A trick by cajolery: ભૂલથાપ;આંધળાપાટા;ઉંધું ચતું;અષ્ટંગષ્ટં. *vt.*To deceive:ઉંધું ચતું સમજાવી છેતરવું;બનાવવું.

Humdrum,(હમ્ડ્રમ્)*a.*Monotonous:એક સરખા. અવાજનું.*n.*A dull fellow:ઢોર જેવું મુર્ખ માણસ.

Humid,(હ્યૂમિડ્)*a.*[L.*humere*,*umere*, to be moist.]Damp;moist:હવા; શરદી-ભીનાશવાળું.

Humidity(હ્યૂમિડિટિ)*n.*Moisture:શરદી;ભીનાશ

Humiliate,(હ્યૂમિલિએટ્)*vt.* To humble; to mortify:નીચું જોવડાવવું;માન ભંગ કo.

Humiliation,(હ્યૂમિલિએશન્)*n* Abasement of pride:ફજેતી;માનભંગ;નામોશી;હીણપદ.

Humility, (હ્યૂમિલિટિ) *n.* Freedom from pride;humbleness:દીનતા;વિનય;નમ્રવૃત્તિ;નમ્રતા; નિરભિમાન.

Humming,(હમિન્ગ્)*a.*Buzzing:ગણુગણુતું;બણુબણુતું.*n.*A low, murmuring sound:મધમાંખીનો ગણગણાટ.

Humour-Humor, (હ્યૂમર્) *n.* [L. *humo, umor* moisture.] Disposition;temper:સ્વભાવ;મિજાજ;પ્રકૃતિ.2.Wit:હાસ્યરસ;ટોળ;રમુજ; નકલ. 3. Whims: તુરંગ;ધૂન; લહેર. *Good* h.:સારો સ્વભાવ.

Humoral, (હ્યૂમરલ્) *a.* Pertaining to the humors:શરીરના ધાતુ સંબંધિ;કફપિત્તવાતાત્મક.

Humorist,(હ્યૂમરિસ્ટ્)*n.*Onewho has some peculiarity or eccentricity of whimsical ways;છંદી;તુરંગી;લહેરી;મનમોજી;મનસ્વી;નકલી;ટોળી.

Humorous,(હ્યૂમરસ્)*a* [L.*umorosus*,moist]. Whimsical: સ્વછંદી; તુરંગી; લહેરી; મનમોજી.2. Jocular:રમુજી;રમુજ ભરેલું;વિનોદી;ટીખળી.

Humorsome,(હ્યૂમરસમ્)*a.*Moody;whimsical; capricious:લહેરી;તુરંગી;મનમોજી;વિલક્ષણ.

Hump (હમ્પ્) *n.* A protuberance:ઢેકો. 2 A fleshy protuberance on the back of an animal:ઢેકો;ખુંધ.

Hump-back(હમ્પ્-બૅક્)*n.*:A crooked back: ખૂંધો વાંસો.2.A hump-backed person;a hunch back:ખૂંધું માણસ;ખૂંધો.

Hump-backed, (હમ્પ્-બૅકડ્) *a.* Having a humped back:ખૂંધું;ખૂંધ નિકળેલું.

Hunch,(હન્શ્)*n.*A hump:ખુંધ;ઢેકો.*vt.*To push or jostle with the elbow:કોણીથી ધક્કો મારવો.

Hunch-back, (હન્શ્બૅક્) *n.* A back with a hunch:ખુંધવાળો બરડો.

Hunch-backed, (હન્શ્બૅકડ્) *a.* Having a humped back:ખૂંધું;ખૂંધવાળું.

Hundred, (હન્ડ્રેડ્) *n.* The product of ten multiplied by ten or the number of ten times ten:સો.2.A division of a county in England:ઇંગ્લાંડના કોઇ પરગણાનો પેટા ભાગ.

Hundredth, (હન્ડ્રેડ્થ્) *a.* Coming last of a hundred successive units:સોમો; સોમું.

Hung, (હન્ગ્) Suspended:લટક્યું;ઝુલ્યું;લટકેલું.

Hunger,(હન્ગર્)*n.* A craving or desire for food:ક્ષુધા;ભૂખ.2.Any strong desire:લાલસા.

Hungry,(હન્ગ્રિ)*a.* Feeling hunger; having a keen appetite:ભૂખ્યું;ક્ષુધાર્ત; ક્ષુધાતુર.

Hunt, (હન્ટ્)*vt.* To chase:-નો શિકાર કo.2.To drive;to chase:પૂંઠે લાગવું.નાસવું;-ની પાછળ મંડવું. **H.** *down*:-નો કેડો લઈ મારવું. *vi.* To follow the chase:શિકાર કo.*n.*Chase;pursuit;search: શિકાર મૃગયા.

Hunter, (હન્ટર્) *n.* A huntsman:શિકારી. 2. A hunting dog:શિકારી કુતરો.3.A horse used in the chase: શિકારમાં સ્વારી કરવાનો ઘોડો.4. One who hunts: શિકાર કરનાર.

Hunting,(હન્ટિન્ગ્)*n.*The pursuit of game: શિકાર;મૃગયા.**H.***horn*,a bugle:રણશિંગડું;તુરાઇ.

Huntsman,(હન્ટ્સ્મૅન્) *n.* One who hunts or practises hunting:શિકારી; શિકાર કરનાર.

Hurdle, (હર્ડલ્)*n.* [L. *cratis*, wickerwork.] A movable frame of matted twigs: ઝાડનાં ડાખળાંઓનો બનાવેલો ઝાંપો. *vt.* To hedge:વાડ-ટટ્ટી બાંધવી.

Hurl,(હર્લ્) *vt.*To throw with violence:જોરથી ફેંકવું.*n.*The act of hurling or throwing with violence: જોરથી-ધમાવીને ફેંકવું તે.

Hurly-burly, (હર્લિ-બર્લિ) *n.* [L. *ululave.*] Tumult;bustle;confusion:તોફાન;ગરબડ.

Hurrah,Hurrah,(હુરાં,હુરાં)*Interj.* A word used as a shout of joy:ખુશાલીનો પોકાર.

Hurricane, (હરિકેન્) *n.* A violent storm: સખત તોફાન; વાવાઝોડું; વાદળ; વાઝોડું.

Hurriedly,(હરિડ્લિ) *adv.* Hastily:ઉતાવળે.

Hurry, (હરિ) *vt.* To hasten:ખેંચી-દોડાવી લઇ જવું; ખેંચાવી જવું. 2. To precipitate: દોડાદોડ કરાવવી *vi.*To move or act with haste:ઝડપ-ઉતાવળ-દોડાદોડ કo.*n.*ઉતાવળ;દોડાદોડ;દોડધૂમ.

Hurst,(હર્સ્ટ્) *n.* A wood or grove:જંગલ; ઝાડોની ઘટા.

Hurt, (હર્ટ્) *vt.* To cause physical pain to: વગાડવું;-થી વાગવું; ઇજા કo. 2. To wound the feelings of:-નું દિલ દુખવવું; નાખુશ કo. *n.* A wound, bruise, or the like: જખમ વ્યથા.2. Injury:નુકશાન;હાનિ;હરકત;હેરાબ. [હાનિકારક.

Hurtful, (હર્ટ્ ફુલ્)*a.* Injurious:નુકશાન ભરેલું;

Hurtfulness,(હર્ટ્ ફુલનેસ્)*n.*The state of being injurious:નુકશાન હાનિકારકપણું.

Husband, (હઝ્બૅન્ડ્)*n.* A married man:વર; સ્વામી;પતિ;કંથ;ધણી.*vt.*To direct and manage with frugality:કરકસરથી વાપરવું.

Husbandman,(હઝ્બૅન્ડ્મૅન્) *n.* The master of a family:કુટુંબનો પાળક.2.A farmer:ખેડુત.

Husbandry,(હઝ્બૅન્ડ્રિ)*n.* Farming:ખેતીવાડી.

Hush,(હશ્)*vt.*To calm; to silence:ચુપ;મૂંગું છાનું રાખવું. *vi* To become or to keep still or quiet:શાંત-ચુપ-મૂંગું થવું-રહેવું.

Hush-money, (હશમની) *n.* Money paid to secure silence: લાંચ;રૂશવત.

Husk,(હસ્ક્)*n.* Glume;hull; rind: ભોડું; છાલાં;

vt. To strip off the external covering of: -ના છોડાં કાઢવાં.

Huskiness, (હસ્કિનેસ્) *n.* The state of being husky: ભુકાપણું. 2. Harshness: કઠોરપણું.

Husky, (હસ્કિ) *a.* Consisting of husks: છાલાંવાળું.

Hussy, (હઝિ) *n.* A housewife or housekeeper: ઘરધણીઆણી; ગૃહિણી; ગેહિની; ઘર ચલાવનાર

Hustings, (હસ્ટિંગ્ઝ્) *n. pl.* A court held in London: લંડન શહેરની સદર અદાલત.

Hut, (હટ્) *n.* A small house: ઝુંપડી; છાપરી.

Hutch, (હચ્) *n.* A chest: કોઠાર; ભંડાર. *vt.* To hoard or lay up: ભંડાર કોઠારમાં ભરવું.

Huzza, (હુઝ્ઝે) *Interj.* A word used as a shout of joy: જયજય; વાહવા; શાબાશ.

Hyacinth, (હાઈઍસિન્થ્) *n.* [L. *hyacinthus*, a kind of flower.] A bulbous plant: એક જાતનું ઝાડ ફુલ.

Hyades, Hyads, (હાઇઍડીઝ્ હાઇઍડ્ઝ્) *n. pl.* [L. *hyades.*] Taurus: વૃષભ રાશીના માથા આગળના પાંચ તારાનું ઝુમખું.

Hyaline, (હાઇઍલિન્) *a.* [Gr. *hyalos*, glass.] Glass; resembling glass: કાચવાળું.

Hybrid, (હાઈબ્રિડ્) *n.* [Gr. *hybris*, an outrage.] Produced from the mixture of two species: વર્ણસંકર; મિશ્રજ; સંકર જાતિનું.

Hydrant, (હાઇડ્રૅન્ટ્) *n.* [Gr. *Hydor*, water.] A water plug: આગ ઓલવવા સારૂ બંબો.

Hydraulic, (હાઇડ્રૉલિક્) *a.* [Gr. *hydor*, water & *aule*, a pipe] Of or pertaining to fluids in motion: વહેતા પાણી અથવા બીજા પ્રવાહિ પદાર્થનું.

Hydraulics, (હાઇડ્રૉલિક્સ્) *n.* That branch of science which treats of fluids in motion: વહમાન ઉદકશાસ્ત્ર; તરંગવેગ ગણિત.

Hydrogen, (હાઈડ્રોજેન્) *n.* A gaseous element, colorless, tasteless, and odorless: ઉદકજનકવાયુ.

Hydrographer, (હાઇડ્રૉગ્રૅફર્) *n.* One skilled in hydrography: સમુદ્ર, સરોવર અથવા બીજા કોઇ પાણીના ભાગોના નકશા બનાવનાર.

Hydrography, (હાઇડ્રૉગ્રૅફિ) *n.* The art of measuring and describing the sea, lakes, rivers, and other waters: સમુદ્ર; તળાવ-સરોવર; નદીઓ અનેબીજા કોઈ પાણીના ભાગનો નકશો બનાવવાની વિદ્યા; સમુદ્રવેલાદિ વિવરણ.

Hydrology, (હાઇડ્રૉલૉજિ) *n.* The science of water over the earth's surface: ઉદકશાસ્ત્ર.

Hydromel, (હાઈડ્રૉમેલ્) *n.* [Gr. *hydor*, water.] A liquid consisting of honey diluted in water: મપાણી.

Hydrometry, (હાઈડ્રૉમેટ્રિ) *n.* The art of determining the specific gravity of liquids: પાણીનું વિશેષ ગુરૂત્વ જાણવાની કળા.

Hydropathy, (હાઇડ્રૉપૅથિ) *n* [Gr. *hydor*, water & *pathos*, affection.] The water cure: પાણીથી સારૂં કરવાનું વૈદું; જળવૈદક; જળોપચાર.

Hydrophobia, (હાઈડ્રૉફોબિઅ) *a.* [Gr. *hydor*, water and *phobos*, fear.] The disease caused by a bite of a rabid dog: હડકવા.

Hydropical, (હાઇડ્રૉપિકલ્) *a.* Dropsical or resembling dropsy: પેટમાં જલંધર જેવા રોગ જેવું.

Hydrostatics, (હાઇડ્રૉસ્ટૅટિક્સ્) *n.* That branch of science which treats of the pressure and equilibrium of water, mercury, etc: ઉદકસ્થતિશાસ્ત્ર; સ્થિરો દક શાસ્ત્ર. સ્થિર પ્રવાહી શાસ્ત્ર.

Hydrous, (હાઇડ્રસ્) *a.* [Gr *hydor*, water.] Containing water; watery: જળમય; પાણી જેવું.

Hyemal, (હાઇએમલ્) *a.* [L. *hiems*, winter.] Belonging to winter: શિયાળાસંબંધિ.

Hyena, (હઈહને *n. pl* **Hyenas.** [L. *hyaena.*] Any carnivorous mammal: તરક્ષ. તરસ.

Hygeian, (હાઈજીઅન્) *a.* Pertaining to health or its preservation: આરોગ્યતા; સંરક્ષણનું

Hygiene (હાઇજીન્) *n.* A system of principles designed for the promotion of health: આરોગ્યતા; સંરક્ષણશાસ્ત્ર.

Hygrology, (હાઈગ્રૉલૉજિ) *n.* [Gr. *hygros* moist & *logos*, discourse.] The science which treats of the fluids: વાતાવરણમાં રહેલી ભિનાશનું પ્રમાણ કાઢવાનું શાસ્ત્ર.

Hygrometer, (હાઈગ્રૉમેટર્) *n.* [Gr. *hygros*, moist & *metron*, measure.] An instrument for measuring the degree of moisture of the atmosphere: હવાની ભિનાશ માપવાનું યંત્ર.

Hymen, (હાઈમન્) *n.* [*Gr. humen.*] A fabulous deity: લગ્ન દેવતા 2. Marriage: લગ્ન.

Hymeneal, (હાઇમેનીઅલ્) *a.* Pertaining to marriage: લગ્ન-વિવાહ સંબંધિ.

Hymn, (હિમ્) *n* [L *hymnus*] An ode or song of praise: ભજન; સ્તોત્ર; ગીત; કીર્તન; ગાન.

Hymnal, (હિમ્નલ્) *n.* A collection of hymns a hymn book: ભજન; સ્તોત્ર; ગીત; કીર્તન; ગાન.

Hymnology, (હિમ્નૉલૉજિ) *n* [Gr. *hymn*, & *logos*, speech.] The sacred lyrics composed by authors of a particular country: અમુકદેશના ગ્રંથકારોએ બનાવેલાં ભજન-સ્તોત્ર-કીર્તન

Hyperbola, (હાઇપર્બોલ઼) *n.* A curve formed by a section of a cone: શંકુચ્છેદભૂમિતિ; શંકુચ્છેદ

Hyperbole, (હાઇપર્બોલી) *n.* [Gr *hyper*, over and *ballow*, I throw.] A statement exaggerated fancifully: અતિશયોક્તિ; અત્યુક્તિ.

Hyperborean, (હાઇપર્બોરીઅન્) *a.* [Gr. *hyper* beyond & *boreas*; the north.] Pertaining to the region beyond the North wind: ઉત્તરના પ્રદેશની પેલીપારના પ્રદેશ સંબંધિ. *n* An inhabi-

tant of the most northern regions:પૃથ્વિના ઉત્તર મુલકનો રહેવાશી.

Hypercritic-cal, (હાઇપર્ક્રિટિક્-કલ્)*a.* Over-critical:ચીપી ચીપીને ખોડ કાઢનાર; છિદ્રાન્વેષી.

Hyphen,(હાઇફન્)*n.* [Gr *hypo*,under & *hen*, one.]A mark or dash [-]:આ[-] રીતનું નિશાન.

Hypocondria,(હાઈપૉકૉન્ડ્રિઅ)*n.*Hypochondriasis;melancholy:ઉદાસી:વિષાદ;ઉદ્વેગ;વાયુકોપ

Hypochondriac, (હાઇપૉકૉન્ડ્રિઍક્) *a.* Of, or pertaining to hypochondria:ઉદાસીનું.*n.* A person affected with hypochondriasis ઉદાશયયેલું માણસ;ઉદ્વિગ્ન પુરૂષ.

Hypocondriacal, (હાઇપૉકૉન્ડ્રિઍકલ્)*a.* Hypochondriac:સદા ઉદાસ;ખેદયુક્ત;ખીન્ન:ઉદાસી.

Hypocrisy,(હિપૉક્રિસિ) *a.* [Gr. *hypo*, under & *krino*, I separate.] The art or practice of a hypocrite;a feigning to be what one is not,or to feel what one does not feel: ઢોંગ;દંભ બકધ્યાન;કપટ ધર્મ;કાપટ્ય;પાખંડ.

Hypocrite,(હિપૉક્રિટ્)*n.* A false pretender: ઢોંગ કરનાર;બગરૂષી;ઢોંગી; વેષધારી;દંભી.

Hypocritical,(હિપૉક્રિટિકલ્)*a.*Of,or pertaining to a hypocrite:ઢોંગનું;છેતરવાનું.

Hypogastrium, (હાઇપૉગૅસ્ટ્રિઅમ્) *n.* [Gr. *hypo* & *gaster*,the belly.] The lower part of the abdomen:પેઢેડું;શરીરનો ભાગ.

Hypostatic, (હાઈપૉસ્ટૅટિક્) *a.* Personal or distinctly personal:ખુદનું; જાતનું.

Hypotenuse(હાઇપૉટીન્યૂસ)*n.*[Gr.*hypo* under & *teino* I stretch out.]The side of a right-angled triangle that is opposite to the right angle:કાટ ખૂણાની સામેની બાજુ.

Hypothicate,(હાઇપૉથિકેટ્)*vt.*[L.*hypotheca* pledge.]To mortgage:લેણદારને ધીરજ રહે માટે સાનમાં લખવું.

Hypothesis, (હાઇપૉથેસિસ) *n.* *pl* **Hypotheses**. [Gr. *hypo* & *tithemi*, I place.]A supposition;something not proved but assumed:પૂર્વસિદ્ધાંત;માની લીધેલી વાત;કલ્પિતાર્થ.

Hypothetical,(હાઇપૉથેટિકલ્)*a* Characterized by an hypothesis:માની લીધેલું.

Hyson,(હાઇસૉન્)*n.*A fragrant kind of green tea:એક જાતની ખુશબોદાર ચાહ.

Hysteria,(હિસ્ટિરિઅ)*n.*A nervous affection, occurring almost in women:હર્ષમૂર્છા;હર્ષમોહ.

Hysterical,(હિસ્ટેરિકલ્)*a.* [Gr *hustera* the womb.]Affected, or troubled, with hysteries:ચિત્તભ્રમથી થયેલું;વાતોન્માવન્ત.

Hysterics,(હિસ્ટેરિક્સ)*n.*Hysteria:ચિત્તભ્રમ; બઈરાને થતો એક જાતનો રોગ;વાયુગોળો;હિસ્ટીરીઆ.

I.

I,(આઇ)The ninth letter of the English alphabet represented in Gujarati by ઇ and આઈ ઇંગ્રેજી મુળાક્ષરનો નવમો અક્ષર છે અને તે ગુજરાતીમાં ઇ અને આઇથી દર્શાવવામાં આવે છે.2.As a numeral it stands for'I':સંખ્યામાં તે'એક'ને માટે વપરાય છે.

I,(આઇ)*Pron*[L.*ego*]The nominative case of the pronoun of the first person:હું.

Iambic,(આઇઍમ્બિક્)*a.*[L. *iambus*] Consisting of a short syllable followed by a long one:લઘુ પછવાડે ગુરૂ સ્વરવાળું. 2. A verse composed of short and long syllables alternately:લઘુ અને ગુરૂ અક્ષરો આવે એવી ટૂંક.

Iambus,(આઇઍમ્બસ્) An iambic:લઘુ ગુરૂ; બે અક્ષરના ચરણમાં પેહેલો તાલ વગર અને બીજો તાલ સાથે બોલાતો હોય તે.

Ice, (આઇસ્) *n.* Water in a solid form:બરફ. 2.Ice-cream:દુધમાં ખાંડ વિગેરે નાંખીને તેને બરફના જોરથી ઠારીને કરેલી મલાઇ;આઇસક્રીમ.*To break the ice*,to open the way:રસ્તો પાડવો.

Iceberg, *n.* A hill of ice:બરફનો ડુંગર.

Ice-blink,(આઈસ્બ્લિન્ક્)*n.*A bright appearance near the horizon of ice: બરફમાંના પ્રકાશના પ્રતિબિંબ વડે જણાતો પ્રકાશિત દેખાવ.

Ice-bound,(આઇસ્બાઉન્ડ્)*a.*Totally surrounded with ice:ચો તરફ બરફથી ઘેરાઈ ગયેલું.

Ice-cream, (આઈસ્ક્રીમ્) *n.* Cream or milk sweetened, and congealed by a freezing mixture:સાકર નાંખી બરફથી ઠારેલી દુધની મલાઇ.

Ice-field,(આઇસ-ફ્રીલ્ડ્)*n.*A sheet of ice of a very great extent:બરફનો મોટો લાંબો ડુંગર.

Ice-house,(આઇસ-હાઉસ્)*n* A repository for ice:બરફ સાચવી રાખવાનું ઘર.

Ichneumon, (ઇક્ન્યૂમૉન્) *n.* [Gr. *ichnuo*, I hunt after.] A kind of carnivorous mammal:મીસર દેશમાં મગરનાં ઇંડાં ખાનાર નોળીઓ.

Ichor,(આઇકૉર્)*n.* [Gr.*ichor.*] An ethereal fluid that supplied the place of blood in veins of gods:દેવની નસોમાં લોહીને બદલે એક જાતના પ્રવાહી પદાર્થનો રસ. [તનું.

Ichorous,(આઇકૉરસ્)*a.* Watery:પાણી જેવું પા-

Ichthyology,(ઇક્થિઑલૉજી) *n.* [Gr. *ichthus*, a fish & *logos*,discourse.]The science of the classification,&c.,of fishes:મત્સ્યવિદ્યા વર્ણન.

Ichthyophagous, (ઇક્થિઑફૅગસ) *a.* [Gr. *ichthus*,fish & *phogo*,I eat.]Eating or subsisting on, fish:માંછલાં ખાઇ જીવનારૂં.

Icicle,(આઇસિકલ્)*n.*A pendent conical mass of ice:ઘરના શંખુ આકારની બરફનો કડકો.

Iciness,(આઇસિનેસ્) *n.* The state of being

very cold:ઠરી જાય એવી અતિશય ઠંડ;શીતતા.
Icing,(આઈસિન્ગ્)*n.* A covering of concreted sugar:ચાસણીનો ઢોળ-પડ.
Icon,(આઈકૉન્)*n.*[Gr.*eikein*,to look like.]An image or representation:પ્રતિમા;આકૃતિ;છબી.
Iconoclasm,(આઇકૉનૉક્લૅસ્મ્) *n.* The act of destroying images:મૂર્તિભંગ;પ્રતિમાભંગ.
Iconoclast, (આઇકૉનૉક્લેસ્ટ્) *n.* [Gr. *eikun*, image & *klan* to break.] A destroyer of images:મૂર્તિભંજક-ખંડન કરનાર.
Iconolater, (આઈકૉનૉલૅટર્) *n.* One who worships images:મૂર્તિપૂજક-સેવક.
Icy,(આઇસિ)*a.* Cold; frosty:હિમમય;બરફવાળું.
Idea,(આઇડીઅ) *n.* A general notion or conception:વિચાર;ખ્યાલ;કલ્પના આભાસ. 2. A belief; a doctrine:મત;અભિપ્રાય; વિચાર;ભાવ.
Ideal,(આઈડીઅલ્) *n.* A model of excellence beauty:મનોરથ સૃષ્ટિ. *a.* Intellectual: મનમાં કલ્પેલું;માનસિક;મનોમય.2. Visionary:કાલ્પનિક; કલ્પિત.
Idealism, (આઈડીઍલિઝ્મ્) *n.* The state or quality of being ideal:કાલ્પનિક મનોમય;ગુણ ધર્મ-સ્થિતિ;અમૂર્તવાદ;ભાવપ્રાધાન્યવાદ.
Idealist, (આઈડીઍલિસ્ટ્) *n.* One who holds the doctrine of idealism:માયાવાદી;અવિદ્યાવાદી.
Ideality,(આઇડીઍલિટિ)*n.*Capacity or disposition to form ideas of beauty:કલ્પના શક્તિ.
Ideally,(આઇડીઍલ્લિ)*adv.* In an ideal manner:કલ્પનાથી;ભાવના પૂર્વક.
Idealize,(આઇડીઍલાઈઝ્)*vt.*To give an ideal value to:કલ્પના કo;કલ્પિત ગુણ-ધર્મ મૂકવા-સ્થાપવા.
Identical,(આઇડેન્ટિકૅલ્)*a.*[L.*idem*,the same] The same:એકરૂપ;અભિન્ન;અનન્ય;તેજ. 2. Uttering the same truth: એકજ વાત જણાવનારૂં.
Identification, (આઇડેન્ટિફિકેશન્) *n.* The act of proving the same:ઓળખાણ આપવી તે.
Identify,(આઇડેન્ટિફાઈ)*vt.*[L.*idem* & *facio* I make.] To ascertain or prove to be the same:તે એજ છે એમ સાબીત કo.
Identity,(આઇડેન્ટિટિ)*n.* The state of being the same:ઐક્ય;અભેદતા;એકરૂપતા, અનન્યતા. 2. An identical equation:સમીકરણ.
Ideography,(આઈડીઓગ્રૅફી)*n.* The representation of ideas independently:સ્વરશાસ્ત્ર.
Ideology, (આઈડીઑલૉજી) *n.* The science of ideas:તર્ક શાસ્ત્ર.
Idiocrasy,(ઇડિઑક્રૅસિ)*n.*Peculiarity of constitution:આત્માભાવ;પ્રકૃતિ સ્વભાવ;પ્રકૃતિ વિશેષ
Idiocy,(ઇડિઑસિ)*n* The condition of being an idiot or idiotic:મૂઢપણું;જડબુદ્ધિ;મૂઢતા;મૂર્ખતા.
Idiom,(ઇડિઑમ્)*n.*[Gr *idios*, one's own.] A peculiar mode of expression:ભાષાની રૂઢી.
Idiomatic-al,(ઇડિઑમૅટિક્-કૅલ્)*a.*Pertaining to the particular modes of expression: ભાષાની રૂઢીને લગતું.
Idiopathy, (ઈડિઑપૅથિ) *n.* An individual nature or affection:માણસ જાતનો સ્વભાવ-પ્યાર.
Idiosyncracy,(ઈડિઑસિન્ક્રૅસિ)*n.* [Gr. *idios syn* and *krasis*,temperament.]Characteristic belonging to an individual:જાતિસ્વભાવ.
Idiot, (ઇડિઑટ્) *n.* [Gr. *idios*, peculiar.] An unlearned or ignorant person:અભણ. 2. A natural fool:જન્મનો મૂર્ખ.
Idiotcy, (ઇડિઑટિસ્) *n.* State of being an idiot:મૂઢતા;મૂર્ખતા.
Idiotic-al, (ઈડિઑટિક્-કૅલ્) *a.* Familiar; simple:સાદું;ભોળું.2 Foolish;sottish:મૂર્ખ; મૂઢ.
Idiotism, (ઇડિઑટિઝ્મ્) *n.* An idiom:ભાષા સંપ્રદાય રૂઢી.2.Idiocy,foolishness:જડતા;મૂર્ખતા.
Idle, (આઇડ્લ્) *a.* Unemployed:કામમાં નહિં લીધેલું એવું 2.Lazy: સુસ્ત; આળસુ. *vi.* To lose or spend time in inaction:વખત નકામો ગુમાવવો
Idleness,(આઈડ્લ્નેસ્)*n.*Laziness:આળસ.
Idler,(આઈડ્લર્)*n.*A lazy person:આળસુ માણસ
Idly,(આઇડ્લિ) *adv.* Vainly;lazily:આળસથી.
Idol,(આઇડૉલ્)*n.*[Gr.*vedio* I see.]An image; form:મૂર્તિ;પૂતળું;પ્રતિમા.2. An image of divinity:દેવમૂર્તિ.3.A person or thing greatly loved:હૈયાનો હાર.
Idolater,(આઇડૉલૅટર્) *n.* A worshipper of idols:મૂર્તિપૂજક;પ્રતિમા પૂજક.
Idolatrous, (આઇડૉલૅટ્રસ્) *a.* Consisting in the worship of idols:મૂર્તિપૂજાનું-સંબંધિ-વિષે.
Idolatry,(આઇડૉલૅટ્રિ)*n* The worship of idols images or what is not God: મુર્તિપૂજન-સેવા.
Idolize,(આઇડૉલાઇઝ્) *vt.* To make an idol of: દેવ જેવું માનવું. 2. To love to adoration: અતિશય હેત રાખવું. [short poem:ટૂંકી કવિતા.
Idyl,(આઇડિલ્) *n.* [Gr. *edios*, an image.] A
I.E.(આઈ,ઇ)i e.[L *id est*,that is.]That is:એટલે.
If,(ઇફ્)*conj* In case that;granting that:જો.
Igneous, (ઇગ્નીઅસ્) *a.* Pertaining to fire; resembling fire:અગ્નિનું;અગ્નિમય-વાળું.
Ignescent,(ઇગ્નેસ્સેન્ટ્) *a.* Emitting sparks of fire:લોઢાસાથે અથડાયાથી તણખા પડતું.
Ignis-fatuus,(ઇગ્નસ્ફૅટ્યૂઅસ્)*n* [L *ignis*, fire & *fatuus*. foolish.] A light that appears in the night over marshy grounds *will-o' the wisp*; &c.: લીલી ભોંય ઉપર રાતે થતા ભડકા; ભૂતના ભડકા.
Ignite,(ઇગ્નાઇટ્)*vt.* [L.*ignis*, fire] To kindle or set on fire: ચેતવવું; સળગાવવું બાળી-સળગાવી મૂકવું.*vi.*To take fire:સળગવું.
Ignitible,(ઇગ્નાઇટિબલ્) *a.* Capable of being

ignited:સળગી ઉઠે એવું;જ્વાલાગ્રાહી.
Ignition,(ઈગ્નિશન્)*n*.The act of setting on fire:બાળવું તે;સળગાવવું તે;દહન.
Ignoble,(ઈગ્નોબલ્)*a* [L *in* & *nobilis*, noble.] Common;humble:અકુલીન;નીચાકુળનું.2 Base: નીચ; હલકું; કમજાત; અધમ; પાજી.
Ignobly,(ઈગ્નોબ્લિ)*adv* Meanly:નીચપણાથી.
Ignominious,(ઇગ્નોમિનિઅસ્)*a*. Infamous; shameful;contemptible:અપશાન્જનું;શરમ ભરેલું.
Ignominy,(ઈગ્નોમિનિ) *n*. [L. *in* & *nomen*, name.]Shame;reproach:શરમ અપમાન;ફજેતી.
Ignoramus,(ઈગ્નોરેમસ્)*a*. [L. *ignorare*, to be ignorant of.] *pl*. **Ignoramuses**. An ignorant person: મૂર્ખ માણસ;અસણ.
Ignorance,(ઇગ્નોરન્સ્)*n*. The want of knowledge:અજ્ઞાનતા;મૂર્ખાઇ;અજ્ઞાન,
Ignorant,(ઇગ્નોરન્ટ્)*a* Untaught;uninstructed:અજ્ઞાન;અણુસમજુ;અભણ.2.Unacquainted unaware:અજાણ;ગેરમાહિત;બિનવાકેફ.
Ignore,(ઈગ્નોર્)*vt* [L. *in* & *gnorus*, knowing.] To be ignorant of:અજાણ્યા હોવું.2. To throw out as false or ungrounded: ખોટું-પુરાવા વગરનું કહીને કાઢી નાંખવું-રદ કo.
Iguana,(ઈગ્વાને)*n*. A lizards:પાટલા ઘો.
Iliac al, (ઈલિઍક્કલ્) *a*. Pertaining to the ilium or flank-bone:કમ્મર-કુખના હાડકાને લગતું.
Iliad,(ઇલિઍડ્)*n* [Gr. *ilidos*, relating to Ilium.] An epic poem composed by Homer: હોમર નામના પુરાતન ગ્રીક કવિએ રચેલું રામાયણ જેવું વીરચરિત્ર કાવ્ય. [મજકુર;દરેક;વળી.
Ilk,(ઈલ્ક્)*a*.The same;also,each;every:સદરહુ;
Ill,(ઇલ્)*a* Bad; evil:ખરાબ; નઠારું; 2. Wicked: નઠારું;દુષ્ટ;પાપી. 3. Sick; unwell: માંદું; બિમાર. I. *turn*, an unkind act:નિર્દય કૃત્ય.I, *breeding*, rudeness: બેઅદબી. I. *fame*, bad repute:અપયશ To take ill:માંદા પડવું. To take it ill:માઠું લગાડવું.*adv*.Not easily;with pain or difficulty:બરાબર-સારૂં પૂરતી રીતે નહિ.
Ill-advised,(ઈલ્-ઍડ્વાઈઝ્ડ્)*a*.Unthoughtful: ડહાપણ વગરનું;વગર વિચારે કરેલું; વગર વિચાર્યું.
Illapse,(ઈલ્લૅપ્સ્)*n*. [L.*in* & *labi*, to fall.]A sliding in;a sudden entrance: હુમલો કo તે.
Illation,(ઇલ્લેશન્)*n*.[L.*in* & *latum*,carried] Inference;deduction:તર્ક;અનુમાન. [એવું.
Illative,(ઇલ્લેટિવ્) *a*. Inferential: અંત આણે
Ill-behaved,(ઈલ્-બીહેવ્ડ્)*a*. Of bad conduct: દુરાચારી;અસભ્ય;પાપી;કુચાલનું.
Ill-blood,(ઇલ્-બ્લડ્)*n*.Resentment:દુશ્મનાવટ.
Ill-bred,(ઇલ્બ્રેડ્)*a*.Uncivil:અસભ્ય;જંગલી.
Ill-disposed,(ઇલ્-ડિસ્પોઝ્ડ્) *a*. Malicious:ખારીલું;દ્વેષી.
Illegal,(ઇલ્લીગૅલ્)*a*.Unlawful;illicit:ગેરવાજબી.
Illegality,(ઈલ્લીગૅલિટિ)*n*.Unlawfulness:અન્યાય.
Illegalize,(ઈલ્લીગૅલાઇઝ્) *vt* [L. *in* & *legalis*, legal.]To render unlawful:ધારા-કાયદાવિરૂદ્ધ કo.
Illegally,(ઈલ્લીગૅલ્લિ)*adv*.Unlawfully:ગેરકાયદે.
Illegibiliry,(ઈલ્લેજીબિલિટિ)*n*.The quality of being illegible:અશુદ્ધપણું;વાંચવાની મુશ્કેલતા.
Illegible, (ઈલ્લેજીબલ્) *a*. Incapable of being read:ઉકલી ન શકેતેવું;વંચાય નહિ તેવું;દુર્વાચ્ય.
Illegibly,(ઈલ્લેજીબ્લિ)*adv*. In a manner not to be read:વંચાય નહિ એવી રીતે.
Illegitimacy,(ઈલ્લીજીટિમૅસિ) *n* The state of bastardy:અનૌરસતા;જારઅવસ્થા.
Illegitimate,(ઇલ્લીજીટિમૅટ્) *a* Unlawful: ગેરકાયદેસર 2.Spurious:રાંડના પેટનું;વ્યભિચારોત્પન્ન
Illegitimately,(ઈલ્લીજીટિમૅટ્લિ)*adv*. Unlawfully:ગેરકાયદે,ગેરવાજબીપણે;અશાસ્ત્રપણે.
Ill fated,(ઈલ્ફેટેડ્)*a*.Unfortunate:ભાગ્યહીન.
Ill-favoured,(ઇલ્-ફેવર્ડ્)*a*.Ugly:કદરૂપું;બેડોળ.
Illiberal,(ઈલ્લિબરૅલ્)*a*.[L. *in* & *liberalis*, liberal.] Base;mean:કૃપણ;મખીચુસ;હલકું.
Illiberality,(ઇલ્લિબરૅલિટિ) *n*. Narrowness of mind;parsimony:કૃપણતા;કંજુસાઈ;સાંકડુંમન.
Illiberally,(ઇલ્લિબરૅલ્લિ) *adv*. Ungenerously; uncharitably:કરકસરથી;કંજુસાઇથી.
Illicit,(ઇલ્લિસિટ્)*a* [L. *in* & *licere*,to be permitted.]Unlawful;prohibited:કાયદા વિરૂદ્ધ.
Illimitable,(ઈલ્લિમિટેબલ્)*a*.Incapable of being limited or bounded:અપાર;હદવગરનું-બેહદ.
Illimitably,(ઇલ્લિમિટેબ્લિ)*adv*.Without limit: બેહદપણે;નિરવધિપણે.
Illiteracy,(ઈલ્લિટરૅસિ) *n*. [L. *in* & *litera*, a letter.] Want of learning:અજ્ઞાન-અજ્ઞાનતા.
Illiterate,(ઇલ્લિટરેટ્)*a*.Ignorant of letters or books:અભણ;વિદ્યા જ્ઞાનહીન;અવિજ્ઞાન;અનક્ષર.
Illiterateness,(ઇલ્લિટરેટ્નેસ્) *n*. Want of learning:અજ્ઞાનપણું;અવિદ્વતા,અનક્ષરતા.
Ill-judged,(ઇલ્-જજ્ડ્)*a*. Done without any thought or wisdom:અવિચારે-વગર ડહાપણે કરેલું.
Ill-luck-fortune,(ઈલ્ લક્ ફૉર્ટ્યૂન્)*n*. Misfortune:અવદશા;દુર્ભાગ્ય;દુર્દૈવ;મંદભાગ્ય.
Ill-nature,(ઇલ્નેટ્યૂર્)*n*.Bad or wicked disposition:દુષ્ટ સ્વભાવ;દુઃપ્રકૃતિ;દુષ્ટવૃત્તિ.
Ill-natured,(ઈલ્નેટ્યૂર્ડ) *a*. Cross; surly: ચીડિયું;ખરાબ દુષ્ટ સ્વભાવનું દુઃશીલ.
Illness,(ઇલ્નેસ્)*n*.Sickness:બીમારી.
Illogical,(ઇલ્લૉજીકૅલ્)*a*.Contrary to the rules of logic:ન્યાયવિરૂદ્ધ;તર્કશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ.
Illogically,(ઈલ્લૉજીકૅલિ)*adv*. In an illogical manner:શાસ્ત્રના નિયમથી ઉલટી રીતે.
Ill-omened, (ઈલ્ઑમેન્ડ્)*a*. Unfortunate: અપશુકનિયું;અમાંગલિક;અશુભ સૂચક
Ill-starred,(ઇલસ્ટાર્ડ્)*a*.Fated to be unfortu-

nate:ભાગ્યહીન;કમનશીબ.

Ill-temper,(ઇલ્-ટેમ્પર્)*n.* Bad temper: ખરાબ સ્વભાવ;દુષ્ટવૃત્તિ;વક્રભાવ.

Ill-tempered,(ઇલટેમ્પર્ડ)*a* Of bad temper: morose;peevish:દુષ્ટ-ખલ-ખરાબ સ્વભાવનું.

Ill-timed,(ઇલ્ટાઇમ્ડ્) *a.* Done or said at an unsuitable time:કવખત-વેળાનું;અકાલિક.

Ill-turn,-(ઈલ્ટર્ન્)*n.*Not good; loss:અકલ્યાણ; નુકશાન;અપકાર.

Illude (ઇલ્લ્યૂડ્)*vt* [L.*in* & *ludo*,I play.] To deceive:ભૂલવવું;ફસાવવું;ઠગવું;છેતરવું.

Illuminate,(ઈલ્લ્યૂમિનેટ્)*vt.*[L *in* & *lumen*, light.]To enlighten:અજવાળું પાડવું;જ્ઞાન આપવું.2 To light up as a building:માં રોશની ક૦

Illumination,(ઇલ્લ્યૂમિનેશન્)*n.* The act of illuminating:પ્રકાશન;દીપ્તિ;દ્યુતિ;રોશની; પ્રકાશ.

Illuminator, (ઈલ્લ્યૂમિનેટર્) *n.* One that gives light:પ્રકાશિત કરનાર. [શણગારવું.

Illumine,(ઇલ્લ્યૂમિન્) *vt.*To adorn: રોશની ક૦.

Illusion,(ઈલ્લ્યૂઝન્)*n.* A false show; mockery:પ્રપંચ;મોહ,ઈન્દ્રજાલ;માયા;ભ્રમણ;ભૂલ.

Illusionist,(ઇલ્લ્યૂઝનિસ્ટ) *n.* One given to illusion:મોહ-માયાને માનનારા.

Illusive-Illusory,(ઇલ્લ્યૂસિવ્-ઇલ્લ્યૂસોરી) *a.* Deceitful;false:માયારૂપ;કપટી;માયિક.

Illustrate,(ઈલસ્ટ્રેટ્)*vt* [L.*in* & *lustro*,I light up.] To make clear or bright:પ્રકાશિત-ચળકતું ક૦ 2.To exhibit distinctly:સ્પષ્ટ-ઉઘાડું ક૦. 3.To explain:દાખલો-ઉદાહરણ આપી કહેવું.

Illustration, (ઇલસ્ટ્રેશન) *n* Explanation: સમજુતી;પ્રકાશન 2 An example:દાખલો;દૃષ્ટાંત.

Illustrative,(ઇલ્ લસ્ટ્રેટિવ્)*a.*Exemplifying; explaining:પ્રકાશક;દાખલો આપી સ્પષ્ટ કરનાર.

Illustrious,(ઇલસ્ટ્રિઅસ્) *a.* Luminous:પ્રકાશક.2.Eminent:નામીચું;નામાંકિત;પ્રસિદ્ધ;પ્રખ્યાત.

Ill will,(ઈલ્-વિલ્)*n.*Enmity: દ્વેષ; વેર; વેરભાવ.

Image,(ઇમેજ્)*n.*[L *imitor*, I imitate.] A likeness;a picture:પ્રતિમા;પુતળું; છબી; તસ્વીર. 2.An idol:(પૂજવાની)મૂર્તિ;પ્રતિમા 3.નકલ;પ્રતિરૂપ

Imagery,(ઈમેજેરિ) *n.* Imitation work:મૂર્તિઓ;પુતળાં 2 Unreal show:ખોટું રૂપ.

Imaginable,(ઈમૅજીનૅબલ્) *a.* Capable of being imagined:કલ્પી-ધારી શકાય એવું;કલ્પનીય.

Imaginary,(ઈમૅજીનૅરિ)*a.*Not real:મનકલ્પિત.

Imagination, (ઈમૅજીનેશન) *n.* The image-making power:કલ્પનાશક્તિ;તર્કશક્તિ;કલ્પના;ખ્યાલ.

Imaginative, (ઈમૅજીનેટિવ્) *a.* Proceeding from imagination:કલ્પિત.

Imagine,(ઈમૅજીન્) *vt.* [L. *imago*,] To conceive: કલ્પના ક૦.2.To think:ધારવું; વિચારવું.

Imbank,(ઇમ્બૅન્ક્)*vt.*To inclose with a bank બંધ બાંધવો;ઘેરાથી રક્ષણ ક૦.

Imbankment,(ઇમ્બૅન્ક્મેન્ટ્) *n.* The act of surrounding with a bank: ઘેરાથી પાણીનો અટકાવ ક૦.

Imbecile,(ઇમ્બીસીલ્)*a.*[L. *in* & *baecilum*, a small staff.]Weak;feeble;decrepit:અશક્ત.

Imbecility,(ઈમ્બીસિલિટિ)*n.*Weakness; feebleness of body or of mind: નબળાઈ; અશક્તિ; મંદબુદ્ધિ. [દાટવું;ગાડવું.

Imbed,(ઈમ્બેડ્)*vt.*To sink or lay,as in a bed

Imbedded,(ઇમ્બેડેડ્)*a.*Buried:દાટેલું;ગાડેલું.

Imbibe,(ઇમ્બાઈબ્)*vt.*[L. *in* & *bibo*, I drink.] To drink in: પીવું. 2. To admit into the mind:મનમાં લેવું.

Imbitter,(ઇમ્બિટ્ટર્)*vt.* To make bitter; to render unhappy:કડવું ક૦;દુઃખી ક૦-થવું.

Imbosom,(ઇમ્બૂઝમ)*vt.*To hold in the bosom to admit to the affection:વહાલ રાખવો.

Imbricated,(ઈમ્બ્રિકેટેડ્)*a.*Lying over each other in regular order, like tiles:નેવાની પેઠે ઉપર તળે ગોઠવેલું.

Imbrown,(ઈમ્બ્રાઉન્)*vt.* To make brown; to tan:બદામી કે તપખીરીયા રંગનું ક૦.

Imbrue,(ઇમ્બ્રૂ)*vt.*To moisten:પલાળવું;ભિંજવવું.

Imbrute,(ઇમ્બ્રૂટ્)*vt.*To degrade to the state of a brute:પશુ જેવું નિર્દય ક૦.

Imbue,(ઈમ્બ્યૂ)*vt.*[L. *in* & *bibo*,I drink.]To tincture deeply: ભરપૂર-યુક્ત-ગુણમય ક૦.

Imitable, (ઇમિટૅબલ્) *a.* Capable or worthy of being copied:નકલ કરવા લાયક;અનુકરણીય.

Imitate,(ઇમિટેટ્)*vt.*[L.*imitor.*]To follow in manners:અનુસરવું;-ની લઢણ પકડવી;દેખાદેખી ક૦.

Imitation,(ઇમિટેશન્)*n* The act of imitating: દેખાદેખી;નકલ;અનુસરણ;અનુકરણ;ઉતારો; સાદૃશ્ય.

Imitative,(ઇમિટેટિવ્)*a.*Inclined to imitate imitating:અનુસરે-લઢણ પકડે-દેખાદેખી કરે એવું.

Imitator(ઈમિટેટર્)*n.*One who imitates, copies or follows:દેખાદેખી કરનાર;ઉતારો-નકલ કરનાર.

Immaculate,(ઇમ્મૅક્યૂલેટ્)*a.*[L *in* & *macula*, spot.]Spotless:કલંક-ડાઘવગરનું;નિષ્કલંક;નિર્દોષ; નિર્મલ;વિમલ;શુદ્ધ;પવિત્ર;સ્વચ્છ; પવિત્ર.

Immanency, (ઇમ્મેનેન્સિ) *n.* Inherence;an indwelling:ખરૂં રહેઠાણ.

Immanent,(ઇમ્મૅનેન્ટ્)*a.* [L. *in* & *maneo*,I remain.] Internal:સ્વભાવિક;મૂળનું.

Immaterial, (ઇમ્મૅટ્રિઍલ્) *a.* Incorporeal: અમૂર્તિમાન;નિરાકાર.2.Unimportant:નજીવું.

Immaterialism, (ઈમ્મૅટીરિઍલિઝમ્) *n.* The doctrine that immaterial substances exist: આત્મવાદ;દેહભિન્નાત્મવાદ;નિરાકારવાદ.

Immaterialist,(ઇમ્મૅટીરિઍલિસ્ટ્)*n.*One who believes in immaterialism:આત્મ-નિરાકારવાદી,

Immature,(ઇમ્મૅટ્યૂર્) *a.* Unripe:કાચું.

Immaturity,(ઇમ્મૅટયૂરિટિ)*n*.Unripeness:incompleteness:કાચાપણું;અપૂર્ણતા;અધુરી હાલત.

Immeasurable,(ઈમ્મેઝહ્યૂરૅબલ્)*a*.Incapable of being measured;illimitable:અમાપ;બેહદ.

Immediate,(ઇમ્મીડીઍટ્)*a*.[L.*in* & *medius*, the middle.] Proximate;close:પાસેનું;નિકટનું. 2. Present;instant:તરતનું;તાત્કાલિક;હાલનું.

Immediately, (ઇમ્મીડિઍટ્લિ) *adv*. Proximately:ઘણુંજ પાસે;તરતજ;પ્રત્યક્ષ;સાક્ષાત.

Immemorial,(ઇમ્મેમૉરિઍલ્)*a* Beyond memory; out of mind: અતિ પ્રાચીન; ઘણુંજ જુનું. *From times* i :અનાદિ કાળથી.

Immense,(ઇમ્મેન્સ)*a*.[L *in* & *metior*,I measure.] Very great:અપાર;બેહદ;પુષ્કળ;અનંત.

Immensely,(ઈમ્મેન્સ્લિ)*adv*.Infinitely:અત્યંત.

Immensity, (ઇમ્મેન્સિટિ) *n*. Unlimited extension; infinity:બેહદ-વિસ્તાર;અનંતતા.

Immerge, (ઇમ્મર્જ) *vt*. [L. *in* & *mergo*, I plunge.]To plunge into anything:કોઈ પણ ચીજમાં બોળવું;ઝબોળવું.

Immerse, (ઈમ્મર્સ)*vt*.[L.*in* & *mergo*,I plunge.] To dip:બોળવું;ડબોળવું;ઝબોળવું.

Immersion,(ઈમ્મર્શન્)*n*. A sinking within afluid;adeeping:બોળવું-ડબોળવુંતે;નિમગ્નતા;લીનતા

Immethodical, (ઈમ્મેથૉડિકૅલ્)*a*. Without order;confused:બંદોબસ્ત વિનાનું;ક્રમહીન.

Immigrant,(ઇમ્મિગ્રૅન્ટ્)*n*. [L. *in* & *migro*, I remove.] One who removes to another country permanently:જાથુ રેહેવા સારૂ પરદેશમા આવી રહેલું માણસ.

Immigrate,(ઇમ્મિગ્રૅટ્)*vt*.To remove into a country:જાથુ રેહેવા સારૂ પરદેશમાં આવી રહેવું.

Immigration, (ઈમ્મિગ્રેશન્)*n*. Removing into a country for the purpose of permanent residence:પરદેશમાં જઈ રહેવું તે;દેશત્યાગ.

Imminence,(ઇમ્મિનેન્સ્)*n*.[L.*in* & *mineo*,I project] Impending evil or danger: આવી પડેલું જોખમ ભય.

Imminent,(ઇમ્મિનેન્ટ્)*a*. Full of threats of danger;perilous:ભય જોખમ ભરેલું.

Immiscible,(ઇમ્મિસ્સિબલ્)*a* Not capable of being mixed:એકઠું કરાય તોળાય નહિ એવું;અમેલનીય.

Immix, (ઇમ્મિક્સ) *vt*. To mix:એકઠું કo.

Immobility,(ઇમ્મૉબિલિટિ)*n*.[L.*in* & *moveo*, I move.] Fixedness in place:સ્થિરપણું.

Immoderate, (ઈમ્મૉડરેટ્) *a*. Excessive;extravagant:અતિશય;બેહદ;ઘણુંજ; અમર્યાદ;અત્યંત.

Immoderately,(ઇમ્મૉડરેટ્લિ)*adv*. Excessively; unreasonably:અતિશય-બેહદપણે;અત્યંત.

Immodest,(ઈમ્મૉડેસ્ટ્)*a*.[L *in* & *modestus*, modest.] Immoderate: અમર્યાદ; બેઅદબ. 2. Unchaste:વ્યભિચારી.

Immodestly,(ઈમ્મૉડેસ્ટ્લિ)*adv*. Indecently; unchastely;obscenely:બેઅદબી રીતે.

Immodesty,(ઇમ્મૉડિસ્ટિ)*n*. Want of modesty;unchastity:નિર્લજ્જપણું;બેઅદબી.

Immolate,(ઈમ્મૉલેટ્)*vt* [L.*in* & *mola*,meal.] To sacrifice, as a victim:બલિદાન આપવું.

Immolation,(ઈમ્મૉલેશન્)*n*.The act of immolating:યજ્ઞનાશ કરતે.2.Sacrifice:ભોગ;બળીદાન.

Immoral, (ઇમ્મૉરૅલ્) *a*. Vicious:દુરાચરણી.

Immorality,(ઇમ્મૉરૅલિટિ)*n*. The quality of being immoral:દુરાચરણી-પાપી થવું તે.

Immorally,(ઇમ્મૉરૅલિ)*adv*. Viciously:અનીતિથી.

Immortal, (ઇમ્મૉર્ટૅલ્) *a*. Undying; imperishable;lasting for ever:અમર.

Immortality, (ઈમ્મૉર્ટૅલિટિ) *n*. Exemption from death:અમર હોવું તે; અમરત્વ.

Immortalize,(ઇમ્મૉર્ટૅલાઇઝ્)*vt*.To cause to live or exist for ever:મરે નહિ એવું કo.

Immovable, (ઇમ્મૂવૅબલ્) *a*. Firmly fixed; fast:અચળ;નિશ્ચય; સ્થિર.2.Steadfast: સ્થાવર.*n*. *pl*.Lands & things adherent thereto:સ્થાવર મિલ્કત.

Immunity,(ઇમ્મ્યૂનિટિ) *n*. [L. *in* & *munus*, duty] Freedom from an obligation; a particular privilege:માફી;છુટ;સ્વાધિનતાનો હક.

Immure,(ઈમ્મ્યૂર્)*vt* [L.*in* & *murus*,a wall.] To shut up;to confine:ગોંધી-પૂરી મુકવું;કેદ કo.

Immutability,(ઇમ્મ્યૂટૅબિલિટિ)*n*.Unchangeableness;invariableness:નિર્વિકારીપણું.

Immutable,(ઇમ્મ્યૂટૅબલ્)*a* Unchangeable; unalterable:અવિકારી;સ્થિર;નિર્વિકલ્પ.

Imp,(ઈમ્પ્)*n*. [L. *in* & *putare*, to lop.] A shoot;a bud;a slip:ન્હાની કુમળીડાળી-કળી;ડાળી.

Impact,(ઈમ્પૅક્ટ્)*vt* [L.*in* & *pango*,I drive.] To drive close; અફળાવવું;જોરથી લગાડવું;સજડ બેસાડવું.*n*.Collision:ધક્કો આઘાત.

Impair,(ઇમ્પેર્)*vt*. [L. *in*&*pejor*,worse.] To lessen in power:ઘટાડવું-કમી-ઓછું કo.

Impair,(ઈમ્પેર્) *a*. [L.*in* & *par*. equal.]Not fit:લાયક નહિ એવું.*n*.Diminution:ઘટાડો.

Impale,(ઇમ્પેલ્) *vt* [L.*in* & *palus*,a stake] To put to death by fixing on a stake:સુળીએ ચડાવવું.

Impalement, (ઇમ્પેલ્મેન્ટ્)*n*.The act of inclosing with stakes:શુળીએ ચઢાવવાની શિક્ષા.

Impalpable, (ઈમ્પૅલ્પૅબલ્)*a* Not to be felt: સ્પર્શથી માલુમ પડે નહિં એવું;અસ્પર્શ્ય;અગ્રાહ્ય.

Impannel, (ઇમ્પૅન્નેલ્) *vt*. To write, as the names of a jury:પંચના માણસોનાં નામ યાદી લખવી

Imparity,(ઈમ્પૅરિટિ)*n*.Inequality: અસમાનતા.

Impark,(ઇમ્પાર્ક્)*vt*.To shut up:ગોંધી લેવું.

Impart,(ઇમ્પાર્ટ્)*vt*.[L.*in* & *partio*,I share.

To bestow a share or portion of: ભાગ આપવો.2.To make known:જણાવવું

Impartial, (ઇમ્પાર્શિઅલ્) *a.* Unprejudiced; just:અપક્ષપાત;નિષ્પક્ષપાતી;નિસ્પૃહી;સમદર્શી;અદલ.

Impartiality,(ઇમ્પાર્શિઅલિટિ)*n.*Disinterestedness;equitableness:અદલપણું-અપક્ષપાત.

Impartially, (ઇમ્પાર્શિઍલ્લિ) *adv.* Without bias;equitably:અપક્ષપાતપણે;વાજબી રીતે.

Impartible,(ઇમ્પાર્ટિબ્લ્)*a.* Indivisible:જેના ભાગ થઇ શકે નહિ એવું;અવિભાજ્ય.

Impassable,(ઇમ્પૅસબલ્)*a.* Incapable of being passed:અગવડ ભરેલો;વિકટ;ગહન;અગમ્ય;દુસ્તર.

Impassibility,(ઇમ્પૅસિબિલિટિ)*n.*The quality or condition of being impassible:સુખ દુઃખ લાગે નહિ એવું હોયતે;અચેતનતા.

Impassible Impassive, (ઇમ્પૅસિબલ્-ઇમ્પૅસિવ્)*a.*[L.*in*&*patior*,I suffer.] Inaccessible to harm:જડ;સુખ દુઃખ લાગે નહિ એવું;અચેતન.

Impassion, (ઇમ્પૅશન) *vt.* To express with strong feeling.જુસ્સામાં આવવું;જોસ ભરાવવો-ચઢવો.

Impassionate, (ઇમ્પૅશનેટ્) *vt.* To affect powerfully:જુસ્સો આવવો. *a.* Strongly passionate: જોસભરેલું.

Impassioned,(ઇમ્પૅશન્ડ્)*a.*Animated;excited:જુસ્સામાં આવેલું;આવેશી;અનુરાગવાળું.

Impatience,(ઇમ્પૅશેન્સ) *n.* [L. *in* & *patior*, I suffer.]Want of patience:અધૈર્ય;અધીરાઇ.

Impatient, (ઇમ્પૅશેન્ટ્) *a.* Restless: અધીરૂ.

Impatiently, (ઇમ્પૅશેન્ટ્લિ) *adv.* In an impatient manner:ઉતાવળ-અધીરતાથી.

Impawn,(ઇમ્પૉન)*vt.*To pledge:ગીરો મુકવું.

Impeach,(ઇમ્પીચ્)*vt.* [L.*in* & *pes-pedis*,the foot.] To charge with crime; to accuse: સરકારી કામપર તોહોમત-દોષ આરોપ મૂકવો.

Impeachable, (ઇમ્પીચૅબલ્) *a.* Accusable: આરોપ મુકવા લાયક.

Impeachment, (ઇમ્પીચમેન્ટ્)*n.a.* A calling to account; arraignment:તોહોમત; દોષારોપ; આરોપ. [મોતીના જેવું બનાવવું.

Impearl, (ઇમ્પર્લ) *vt.* To form into pearls:

Impeccability.(ઇમ્પેકૅબિલિટિ)*n.* Exemption from sin:જેનાથી પાપ નહિ થાય એવો ગુણ.

Impeccable,(ઇમ્પેકૅબલ્)*a.*[L. *in* & *pecco*, I sin.]Not liable to sin;exempt from sin:જેનાથી પાપ થાય નહિ-કરે નહિ તેવું;નિષ્પાપ.

Impede,(ઇમ્પીડ્)*vt.*[L.*in* & *pes pedis*,a foot.] To hinder:અટકાવવું; વિઘ્ન ક૦;આડે આવવું.

Impediment, (ઇમ્પેડિમેન્ટ્) *n.* Hindrance; obstacle:અટકાવ;અડચણ;વિઘ્ન; હરકત;નડતર;આડ.

Impel,(ઇમ્પેલ્)*vt.*[L *in* & *pello*,I drive]To drive or urge forward:આગળ ચલાવવું;હડસેલવું.

Impellent,(ઇમ્પેલેન્ટ્)*a.*Having the quality of impelling:ઘણા જોરથી હોડાવવું; ગમન કરાવનાર.

Impend,(ઇમ્પેન્ડ્)*vi* [L.*in* & *pendo*,I hang.] To hang over:માથાપર આવી પડવું; ઝઝુમી રહેવું.

Impendence,(ઇમ્પેન્ડેન્સ)*n.* Near approach; menacing attitude:માથા ઉપર આવી પડવું તે.

Impending,(ઇમ્પેન્ડિન્ગ્) *n.* Hanging over: આવી પડવું;માથા ઉપર આવવું;ઝઝુમવું.

Impenetrability, (ઈમ્પેનટ્રૅબિલિટિ) *n.* A quality of being impenetrable:વજ્રતા;ગહનતા.

Impenetrable, (ઈમ્પેનીટ્રૅબલ્) *a.* Incapable of being pierced:જેમાં પ્રવેશ ના થઇ શકે એવું.

Impenitence,(ઈમ્પેનિટેન્સ્) *n.* Obduracy of heart-કઠણ હૈયું;અપશ્ચાત્તાપ;કઠિનતા;કઠોરતા.

Impenitent, (ઇમ્પેનિટેન્ટ્)*a.* Obdurate; of a hard heart:કઠણ છાતીનું;પશ્ચાત્તાપ કરવું;બેદીન.

Imperative.(ઈમ્પેરૅટિવ્)*a.*[L.*impero*,I command.] Commanding:હુકમ;આજ્ઞા કરનાર.Imperative mood:આજ્ઞાર્થ.

Imperatively,(ઈમ્પેરૅટિવ્લિ)*adv.*Authoritatively: સત્તાથી; આજ્ઞાથી.

Imperceptible,(ઇમ્પર્સેપ્ટિબલ)*a.*Insensible: કોઇપણ ઇંદ્રિયથી માલૂમ પડે નહિ એવું; અગોચર; અદૃશ્ય;બે માલૂમ;અગમ્ય;બારીક;સુક્ષ્મ.

Imperceptibleness, (ઇમ્પર્સૅપ્ટિબલ્નેસ્) *n.* The quality of being imperceptible:અદૃશ્યપણું;બહુજ બારીકાઈ.

Imperfect,(ઈમ્પર્ફેક્ટ્) *a.* Incomplete in all its parts:અપૂર્ણું;અધૂરૂં;અસિદ્ધ;ઉણું;ન્યૂન.

Imperfection,(ઈમ્પર્ફેક્શન) *n.* Incompleteness:અપૂર્ણતા;કસર;ખોડ.દોષ;ખામી;ન્યૂનતા.

Imperfectly,(ઈમ્પર્ફેક્ટ્લિ)*adv.* Not fully;not entirely:ખામા ભરેલી રીતે.

Imperforable,(ઈમ્પર્ફોરૅબલ્)*a* Having no opening:કાણું ન હોય-ન પાડી શકાય એવું.

Imperial,(ઇમ્પીરીઍલ્)*a* [L. *impero*,I command.] Pertaining to an empire or to an emperor:બાદશાહ સંબંધિ;શહેનશાહી;બાદશાહી.

Imperialist,(ઈમ્પીરિઍલિસ્ટ્)*n.*A subject or soldier of an emperor:બાદશાહની રૈયત-નો સિપાઇ

Imperil,(ઇમ્પેરિલ્)*vt.*To bring into peril;to endanger:જોખમ-ભયમાં નાંખવું;જોખમાયતેમ ક૦.

Imperious, (ઇમ્પીરિઅસ્) *a.* Commanding: સત્તાએ ભરેલું;અહંકારી;કડક;કરડું.

Imperishable,(ઇમ્પેરિશૅબલ્) *a* Not subject to decay;indestructible:નાશ ન પામે એવું.

Imperishableness,(ઇમ્પેરિશૅબલ્નેસ્)*n.* The quality of being imperishable:અચળતા.

Impermeability, (ઇમ્પર્મીઍબિલિટિ) *n.* The quality of being impermeable:અભેદ્યતા.

Impermeable, (ઇમ્પર્મીઍબલ્) *a.* Impervious;impenetrable:પાણી પણ ન પેસી શકે એવું.

Impersonal,(ઈમ્પર્સૉનૅલ્)*a.* Not represent-

ing a person:અકર્તૃક-કર્તા વિનાનું;અકર્તૃકવાચ્ય. *Impersonal verb*:કર્તા વિનાનું ક્રિયાપદ.

Impersonate, (ઇમ્પર્સોનેટ્) *vt.* To invest with bodily substance of a human being કોઇને મનુષ્યનું રૂપ આપવું.

Impersonation (ઈમ્પર્સોનેશન) *n.* Personification:જડપદાર્થને ચૈતન્યનું રૂપ આપવું તે.

Impertinence, (ઈમ્પર્ટિનેન્સ્) *n.* Rudeness; incivility:બેઅદબી;અસભ્યતા;ઉદ્ધતાઈ;અપ્રસ્તુતતા.

Impertinent,(ઇમ્પર્ટિનેન્ટ્) *a.* [L. *in*, *per* & *teneco*,I hold.]Not to the point;Irrelevant લાગુ પડે નહિં એવું.2 Rude:ઉદ્ધત; બે અદબ.

Impervious,(ઈમ્પર્વિઅસ્) *n.* [L. *in*, *per* & *via*,way.]Not admitting of passage or entrance through:જેમાં પ્રવેશ થાય નહિં તેવું.

Impetration,(ઈમ્પેટ્રેશન)*n.* [L.*in* & *patro*, I bring to pass.] The act of obtaining by prayer or petition:હાજીહા-ખુશામતથી મેળવવુંતે.

Impetuosity(ઇમ્પેટ્યૂઑસિટિ) *n.* [L. *in* & *peoto*,I assail.] Fury;violence:જુસ્સો.

Impetuous,(ઇમ્પેટ્યૂઅસ્) *a.* Furious; forcible; fierce:જોર-વેગવાળું;જબરૂં.

Impetus, (ઇમ્પેટસ)*n.* [L. *in* & *peto*,I fall upon.]Force of motion:ગતિ આપનારૂં; બળ.

Impiety-Impiousness, (ઈમ્પાઇટિ ઇમ્પિઅસ્નેસ્) *n.* [L *in* & *pious.*] Ungodliness; wickedness:અધર્મ;પાપ;અભક્તિ;દેવનિંદા.

Impinge, (ઈમ્પિન્જ્) *vt.* [L *in* & *pango*, I strike.]To fall against;to strike:અથડાવવું.

Impious,(ઈમ્પિઅસ્)*a.*Profane: પાપી;અધર્મી.

Implacability, (ઇમ્પ્લૅકૅબિલિટિ) *n.*[L. *in* & *placo*,I appease.]Inexorableness irreconcilable enmity:કટ્ટો દ્વેષ;દીર્ઘદ્વેષ; અશામ્યતા.

Implacable, (ઇમ્પ્લૅકેબલ્) *a.* Inexorable; stubborn in enmity:અતિદ્વેષી;કટ્ટું;હાડ.

Implacableness,(ઇમ્પ્લૅકૅબલ્નેસ)*n.*The quality of being implacable:અશામ્યતા;દીર્ઘદ્વેષ.

Implant,(ઇમ્પ્લૅન્ટ્)*vt.*To set,plant or infix for the purpose of growth:સ્થાપવું;રોપવું;દઢ ક૦.

Implantation, (ઇમ્પ્લૅન્ટેશન) *n.* The act of impanting,setting or infixing: સ્થાપના.

Implead,(ઇમ્પ્લીડ્)*vt.*To institute and prosecute a suit in court:ફરિયાદી ક૦.

Implement,(ઇમ્પ્લીમેન્ટ્) *n.* An instrument or utensil as supplying the requisite to the end.ઓજાર;સાધન;રાચ;સાહિત્ય; સામગ્રી

Impletion,(ઇમ્પ્લીશન)*n.*[L.*in* & *pleo*,I fill. The act of feeling:ભરવું તે; ભરતર; પુરણી.

Implex,(ઈમ્પ્લેક્સ)*a.* [L.*in* & *plico*,I fold.] Infolded;complicated:ગુંચવણ ભરેલું;કઠણ.

Implicate, (ઈમ્પ્લિકેટ્) *vt.* [L. *in* & *plico*,I fold.]To infold:ગુંચવવું 2.To be connected or concerned:સામેલ છે એવું સિદ્ધ ક૦-બતાવવું.

Implication, (ઈમ્પ્લિકેશન) *n.* The act of implicating; inference: ધ્વનન;ફલિત દર્શન;અનુમાન; અટકળ; ઉપલક્ષણ; ગુંચવણ.

Implicative,(ઇમ્પ્લિકેટિવ્)*a.*Tending to implicate:સામેલ;ગુંચવણ ભરેલું;સંકેત ગર્ભિત.

Implicit, (ઇમ્પ્લિસિટ્) *a.* Trusting fully the word or authority of another; complete: નિર્વિવાદ;પૂર્ણ;નિઃસંશય; સાફ;નિખાલસ; ગર્ભિત.

Implied,(ઇમ્પ્લાઇડ્)*a.*Known by implication: ગર્ભિત;અટકળથી જણાએલું;અનુમાનસિદ્ધ; ઉપલક્ષિત મૌધમ.

Implore,(ઇમ્પ્લોર્)*vt* [L.*in* & *ploro*, I cry.] To pray earnestly:કાલાવાલા ક૦;વિનંતિ ક૦;આજીજીથી માંગવું.

Imply,(ઇમ્પ્લાઇ)*vi.*To include virtually:ખરીસત્ય રીતે અંદર લેવું-સમાવેશ ક૦;-માંથી અર્થ નીકળવો.

Impoison, (ઇમ્પૉઇઝન) *vt.* To affect with poison:ઝેર નાંખવું-દેવું-આપવું.

Impolicy,(ઇમ્પૉલિસિ)*n* Inexpedience;defect of wisdom:કુનીતિ;અવિચાર;અયુક્તિ;અનીતિ.

Impolite,(ઇમ્પૉલાઇટ્)*a.*Unpolite:બેઅદબ;તોછડું.

Impolitely, (ઈમ્પૉલાઇટ્લિ) *adv.* In an impolite manner:અવિનયતાથી;અસભ્ય રીતે.

Impoliteness, (ઇમ્પૉલાઇટ્નેસ્) *n.*Quality of being impolite:અવિનયતા;બેઅદબી;અસભ્યતા.

Impolitic, (ઈમ્પૉલિટિક્)*a* Unwise; imprudent;indiscreet:અવિચારી;અવિવેકી; કાર્યબાધક.

Imponderable,-Imponderous, (ઇમ્પૉન્ડરૅબલ્ઇમ્પૉન્ડરસ્) *a.* [L. *in* & *pondus*, weight.] Without sensible weight:જોખાય નહિં એવું;હલકું;વજન-ભાર વગરનું.

Imporosity,(ઈમ્પૉરૉસિટિ)*n.* Want of porosity:ઘન-જાડાપણું;ઘનતા;અતિઘનતા.

Imporous, (ઇમ્પૉરસ્)*a.* Destitute of pores; solid:કાણાં વગરનું;નીરંધ્ર.

Import,(ઇમ્પૉર્ટ્)*vt* [L. *in* & *porto*,I carry.] To bring in from abroad:દેશાવર ખાતેથી આણવું.2.To imply:અર્થ દેખાડવો.3.To be of importance or consequence to:-ના કામનું-અગત્યનું હોવું. *n.* That which is imported or brought in from abroad: દેશાવરથી આવેલો માલ;વિદેશીય માલ. 2. Purport: અર્થ; અભિપ્રાય; ભાવાર્થ;મતલબ.3. Importance; weight:વજન; મહત્વ; સારબોજ.

Importable, (ઈમ્પૉર્ટૅબલ્)*a.* Capable of being imported:પરદેશથી લાવવા જોગ.

Importance, (ઈમ્પૉર્ટન્સ) *n.* Consequence; weight;moment;significance:મહત્વ;વજન;બોજ.

Important,(ઈમ્પૉર્ટન્ટ)*a.* of great import or consequence; weighty:વજનદાર;અગત્યનું;ઉપયોગી;ભારે;જરૂરનું.

Importation, (ઇમ્પૉર્ટેશન) *n.* The act of importing from another country:બહાર દેશથી લાવવું તે;આયાત;આયાતમાલ.

Importunate,(ઇમ્પૉટ્યૂનેટ્) *a.* Urgent:અગત્યનું; ઘણા કાલાવાલા કરતું;અત્યાગ્રહી;અતિયાચક.

Importunately, (ઈમ્પૉટ્યૂનેટ્લિ) *adv.* With pressing solicitation:ઘણું આગ્રહ કરતું.

Importune,(ઇમ્પૉટ્યૂન)*vt.* [L *in* & *porto*,I bear.]To request with urgency; to tease: વારેઘડીએ કાલાવાલા ક૦;ગળે પડવું.

Importunity,(ઇમ્પૉટ્યૂનિટિ)*n.*Pressing solicitation;urgent request:અત્યાગ્રહ;કાલાવાલા.

Impose,(ઇમ્પૉઝ્)*vt.* [L.*in* & *pono*, I put.] (*a*)To lay on;to put:મૂકવું;રેડવું 2.To levy;to inflict:પર નાખવું.

Imposing,(ઈમ્પૉઝિન્ગ્)*a.* Impressive; commanding:અસરકારક;ભભકાદાર;ડોળદાર; અદ્ભુત.

Imposition, (ઈમ્પૉઝિશન)*n* The act of imposing or laying on:મૂકવું-બેસાડવું તે; આરોપ. 2 Burden;levy;tax:કર;જકાત,વેરો.3 An extra exercise enjoined on a student as a punishment: વિદ્યાર્થીને સજા દાખલ કંઈ લખી લાવવાનો અથવા મ્હોડે કરવા આપેલો પાઠ.4. Deception:ઠગાઇ;દગો;છળ;પ્રપંચ;પારખું.

Impossibility, (ઇમ્પૉસિબિલિટિ) *n.* Impracticability:અશક્યતા;અસંભવ;અસાધ્યતા.

Impossible, (ઈમ્પૉસિબલ)*a.* Not possible; impracticable:અસાધ્ય;અશક્ય; અસંભવિત.

Impost,(ઇમ્પૉસ્ટ)*n* A tax, tribute or duty: જકાત;દાણ;કર;લાગો.

Impostor,(ઈમ્પૉસ્ટર)*n.*A deceiver:ઠગારો;ધૂતારો

Imposture,(ઈમ્પૉસ્ટ્યૂર્)*n.*Fraud:દગલબાજી;ઠગાઈ

Impotence-cy,(ઇમ્પૉટેન્સ્ ન્સિ)*n.* Weakness: અશક્તિ;નબળાઈ.2.Inability to beget children: નામર્દાઇ;બાયલાપણું;નપુંસકતા.

Impotent, (ઈમ્પૉટેન્ટ) *a.* Destitute of force; weak:કમજોર:નબળું;દુર્બળ;અશક્ત. 2.Unable to copulate:નપુંસક;નામર્દ;બાયલું.

Impound,(ઇમ્પાઉન્ડ્)*vt.* [L.*in* & *pound*,an enclosure.]To confine:વાડામાં રાખવું.

Impoverish,(ઇમ્પૉવરિશ્)*vt.* [L *in* & *puaper*,poor.]To make poor:ગરીબ-દરિદ્રી ક૦.

Impoverishment,(ઇમ્પૉવરિશ્મેન્ટ)*n.* Reduction to proverty;exhaustion:દરિદ્રતા;નિર્ધનતા.

Impracticability,(ઇમ્પ્રેક્ટિકેબિલિટિ) *a* Infeasibility:અશક્યતા;અસાધ્યતા.

Impracticable, (ઇમ્પ્રેક્ટિકેબલ્)*a.* Not practicable; impossible:અશક્ય; અસાધ્ય;દુઃસાધ્ય.

Imprecate, (ઈમ્પ્રીકેટ્)*vt.* [L.*in* & *precor*,I pray.] To call by prayer: આજીજીથી-વિનંતી કરીને બોલવું.2.To invoke evil on:ને શ્રાપ દેવો; બદદુવા માગવી.

Imprecation, (ઇમ્પ્રીકેશન)*n.*A curse:શ્રાપ; બદદુવા.

Imprecision,(ઇમ્પ્રીસિશન)*n.*Want of exactness;defect of accuracy:અશુદ્ધતા;ચૂક;ખામી.

Impregnable, (ઇમ્પ્રેગ્નૅબલ)*a.* [L. *in* & *prehendo*, I take.] Invincible:જીતાય નહિ એવું.

Impregnate, (ઇમ્પ્રેગ્નેટ) *vt.* [L. *in*, *prœ* & *gigno*, I beget.] To make pregnant: ગર્ભવંતુ ક૦;હમેલ રાખવો. [ગર્ભ ધારણ-સ્થાપન.

Impregnation,(ઈમ્પ્રેગ્નેશન)*n.*Fecundation:

Impress, (ઈમ્પ્રેસ્)*vt.*[L.*in* & *premo*,I press] To imprint:નિશાની પાડવી.2. To fix deeply: ઠસાવવું.*n.* A mark made by pressure:છાપ; મુદ્રા 2.Mark of distinction:છાપ નિશાની.

Impressible,(ઇમ્પ્રેસિબલ)*a.*Capable of being impressed; susceptive:છાપ પાડી શકાય એવું.

Impression, (ઇમ્પ્રેશન) *n.* The act of impressing or stamping:છાપ મારવી-છાપવું તે.2. Influence or effect on the senses or the intellect: અસર;સંસ્કાર;છાપ;છાપો. 3. An indistinct notion; remembrance of belief: થોડીક યાદ;ભાસ 4.Whole edition printed at a given time:આવૃત્તિ.*a.*Effective:અસરકારક.

Impressive,(ઇમ્પ્રેસિવ્)*a.* Adapted to touch the sensibilities or the conscience:મનમાં ઠસી જાય એવું;અસરકારક;હૃદય ભેદક.

Impressure,(ઇમ્પ્રેશ્યૂર્)*n.*Indentation:છાપા

Imprimis,(ઇમ્પ્રાઇમિસ)*adv.*[L.*in* & *primus* first in order.]પહેલેથી;પ્રથમથીજ;આદિથી;પ્રથમતઃ

Imprint,(ઇમ્પ્રિન્ટ્)*n.* [L *in* & *print.*]Whatever is printed on the title page:છાપવાની જગા તથા તારીખ સાથેનું છાપવાનું નામ. *vt.* To impress; to stamp:છાપ મારવી-પાડવી.

Imprison,(ઇમ્પ્રિઝ્ન)*vt.*[L. *in* & *prison*]To put into a prison:કેદ ક૦;કેદખાને-બંધીખાનેનાખવું.

Imprisonment, (ઇમ્પ્રિઝ્નમેન્ટ) *n* Confinement in a prison:કેદ;અટકાવ;બંધન;નિરોધ.

Improbability,(ઈમ્પ્રૉબૅબિલિટિ) *n.* Unlikelihood:અસંભવ;ન બને તેવો જોગ;અસંભાવના.

Improbable,(ઇમ્પ્રૉબૅબલ્) *a.* Not probable: અસંભવિત;અસંભાવ્ય;અગવડ ભરેલું.

Improbity,(ઇમ્પ્રૉબિટિ)*n* Want of integrity; dishonesty:અપ્રમાણિકપણું;બેઇમાનદારી.

Impromptu,(ઇમ્પ્રૉમ્પ્ટ્યૂ)*adv.*[L *in* & *promtus*,ready.]Offhand:without previous study અગાઉથી વિચાર કર્યા વગર-વગરનું; પૂર્વ વિચાર રહિત.

Improper,(ઇમ્પ્રૉપર્)*a.* Unfit:અયોગ્ય.

Improperly, (ઇમ્પ્રૉપર્લિ) *adv.* Unsuitably; inaccurately:ગેરવાજબી રીતે;ખોટી રીતે.

Impropriety, (ઈમ્પ્રૉપ્રાઇટિ) *n.* The quality of being improper;unfitness:અયોગ્યતા.

Improvable, (ઇમ્પ્રુવૅબલ્) *a.* Admitting of

being made better:સુધારવા લાયક.

Improve,(ઇમ્પ્રુવ્)*vt.*[L.*in* & *probo*- I try.] To make better:સુધારવું. 2. To advance or increase by use: વાપર-ઉપયોગથી વધવું-ફેલાવો થવો.*vi.*To grow better:સુધરવું;ને ફેર પડવું.

Improvement, (ઇમ્પ્રુવમેન્ટ્) *n.* The act of improving:સુધારો;વધારો;ફેર;ચઢતી; ગુણવૃદ્ધિ.

Improvidence, (ઈમ્પ્રૉવિડેન્સ્) *n.* Want of forecast:ટુંકી નજર; અવિચાર.

Improvident,(ઇમ્પ્રૉવિડેન્ટ્)*a.*Wanting fore-cast;thoughtless:ટુંકી પહોંચ-નજર ન હોય એવું

Imprudence,(ઈમ્પ્રુડેન્સ્)*n.* Want of caution heedlessness;rashness:અવિચાર;અવિવેક;ગફલત.

Imprudent,(ઇમ્પ્રુડેન્ટ્)*a.* [L. *in* & *prudens.* prudent.]Indiscreet;heedless:નિર્લજ;બેઅદબ.

Impudence,(ઇમ્પ્યુડેન્સ્)*n.* [L. *in* & *pudeo,* I am ashamed.]Shamelessness:બેશરમ.

Impudent,(ઇમ્પ્યુડેન્ટ્)*a.* Shameless:બેશરમું.

Impudently,(ઇમ્પ્યુડેન્ટ્લિ) *adv.* With indecent assurance;shamelessly:નિર્લજતાથી.

Impugn,(ઈમ્પ્યૂન્)*vt.*[L.*in* & *pugno,*I fight.] To contradict:સામું બોલવું;-ની ના કહેવી.

Impulse,(ઇમ્પલ્સ્)*vt.*[L.*in* & *pello,*I drive.] The act of driving forward with sudden force;impulsion:ધક્કો;હડસેલો;આંચકો.2.આવેગ. જુસ્સો;આવેશ; ઉમળકો;પ્રયોજન;હેતુ.પ્રેરણા;ઉત્તેજન.

Impulsion, (ઈમ્પલ્શન) *n.* The act of driving onward:આગળ ચલાવવું તે.2.Sudden motion:જોસ;હડસેલો.

Impulsive, (ઇમ્પલ્સિવ) *a.* Moving; impellent:ચલાવનારૂં 2.Actuated by impulse:લેહેરી. *n* Impelling cause:ધક્કો;જોસ.

Impunity,(ઇમ્પ્યૂનિટિ) *n.* [L. *in* & *poena,* punishment.] Exemption from punishment or penalty:દંડ-સજાની માફી.

Impure,(ઈમ્પ્યૂર) *a.* [L. *in* & *purus,* pure.] Not pure:મેલું;ગંદું;મલિન; ખરાબ. 2. Obscene: અશુદ્ધ;નાપાક.*vt.To* pollute: અશુદ્ધ-અપવિત્ર ક૦.

Impurity,(ઇમ્પ્યૂરિટિ) *n.* Pollution: અશુદ્ધતા; મલિનપણું;વટાળ;નાપાકી.2. Foul matter:અશુદ્ધ મલીન ચીજ;કચરો;મેલ;ભેળ.[દોષ-આરોપ મુકવા જોગ.

Imputable, (ઈમ્પ્યૂટેબલ્) *a.* Attributable:

Imputation, (ઈમ્પ્યૂટેશન) *n.* Attribution; anything charged: દોષ લગાડવો તે;આળ;દોષ; આરોપ;ઠપકો 2 Intimation;opinion: ખબર;સૂચના;બાતમી;સમજુતી.

Impute,(ઇમ્પ્યૂટ્)*vt.*[L *in* & *puto,*I reckon.] *To* attribute to:લગાડવું; નો આરોપ મૂકવો;લાગુ પાડવું. 2. To reckon;to regard: ગણવું; માનવું; લેખવવું.

In,(ઈન્)*prep.*Within;inside of:અંદર;મધ્યે;માંહે *To be* i *for it.* (*a*) To be in favour of a thing:કોઇ વસ્તુની તરફ હોવું.I. *that,* because: કારણ કે.*To be* i.,to be at home:ઘરમાં-ઘેર હોવું. I. *s* & *out*:ગલી કુંચીઓ;ખોડ ખામીઓ.

Inability,(ઇનઍબિલિટિ) *n.* Lack of ability: અશક્તિ;અસામર્થ્ય;-ન આવડવું તે;દુર્બળતા.

Inaccessibility,(ઈનઍક્સેસિબિલિટિ) *n.* The quality or state of being inaccessible or not to be reached:અગમ્યતા;ગહનતા;દુષ્પ્રાપ્યતા.

Inaccessible,(ઈનઍક્સેસિબલ્) *a.* Not to be reached;unobtainable:જવાય-અવાય નહિ એવું.

Inaccuracy,(ઈનઍક્યૂરેસિ)*a.*A defect;error: ચૂક;ખોડ;અશુદ્ધતા;અંતર;તફાવત;ભૂલ;

Inaccurate,(ઈનઍક્યૂરેટ્)*a.*Not correct:ખોટું.

Inaction,(ઇનઍક્શન)*n.*Idleness:આળસ;સુસ્તી.

Inactive,(ઇનઍક્ટિવ્)*a.* Idle:સુસ્ત.

Inactivity,(ઈનઍક્ટિવિટિ)*n.*Idleness: સુસ્તી.

Inadequacy, (ઇનઍડીક્વેસિ) *n.* Defectiveness:અપૂર્ણતા;અયોગ્યતા.

Inadequate,(ઇનઍડીક્વેટ્)*a* Unequal: અધુરૂં.

Inadequately,(ઇનઍડીક્વેટ્લિ)*adv.* Not fully or sufficiently:નાલાયકીથી; અયોગ્યતાથી.

Inadhesive,(ઈનઍડીસિવ્)*a.*Having the quality of not adhering: ચોંટે-વળગે નહિ તેવું.

Inadmissible,(ઇનડ્ઍમિસિબલ્)*a* Not proper to be admitted:અગ્રાહ્ય;અસ્વીકાર્ય;અમાન્ય.

Inadvertence-cy,(ઇનઍડ્વર્ટન્સ્-ન્સિ) *n.* Inattention;negligence:ગલફત;ચૂક;પ્રમાદ.

Inadvertent,(ઇનઍડ્વર્ટન્ટ્)*a.*Heedless;careless:ધ્યાન ન આપતું;બેસુરત;ગાફેલ.

Inalienable,(ઇનએલિએનેબલ્)*a.*[L.*in*&*alienable.*) Incapable ef being put off:બીજાને અપાય નહિ એવું,વરોપ ભોગ્ય;વતની. [પ્રિયા.

Inamorata,(ઇનઍમોરાટા) *n.* A female lover:

Inamorato,(ઇનઍમોરાટો)*n* A male lover:પ્રિય

Inanimate,(ઇનઍનિમેટ)*a.*[L.*in*& *animate.*] Destitute of life;dead:જડ;અચેતન;નિર્જીવ.

Inanition,(ઇનઍનિશન) *n.* Emptiness; exhaustion;want of food:ખાલીપણું;શૂન્યતા; લાંઘણ;ભૂખમરો.

Inanity,(ઇનઍનિટિ)*n.* Vacuity; emptiness: ઠાલાપણું;ખાલીપણું;પોકળતા;શૂન્યતા.

Inappetence, (ઇનઍપીટન્સ્) *n.* Want of a disposition to seek nutriment:અરૂચિ;અક્ષુધા.

Inapplicability,(ઇનઍપ્લિકેબિલિટિ)*n.* Unfitness: અનુચિતપણું;અણરાગ;અયોગ્યતા.

Inapplicable (ઈનઍપ્લિકેબલ્) *a.* Incapable of being applied:માફક ન પડે તેવું;અનુકટ્ટ.

Inapplication, (ઈનઍપ્લિકેશન) *n.* Negligence;indolence:માફક ન આવવું તે; આળસ.

Inapposite,(ઇનઍપોઝાઇટ્)*a* Not fit or suitable,not pertinent:નાલાયક;અયોગ્ય;અસંગત.

Inappropriate, (ઇનઍપ્રોપ્રિએટ્) *a.* Unbe-

coming:લાગુ પડે નહિં એવું;અયોગ્ય;અનુચિત;અયુક્ત.

Inapt,(ઇનૅપ્ટ)*a*.Unsuitable:લાગુ ન પડતું.

Inaptitude,(ઈનૅપ્ટિટ્યુડ્)*n*.Unfitness; unsuitableness:નાલાયકી;અયોગ્યતા;અપાત્રતા;

Inarticulate,(ઇનઆરટિક્યૂલેટ) *a*. Not articulate:સ્પષ્ટ-સમજાય નહિ એવું.

Inarticulation,(ઇનઆરટિક્યૂલેશન)*n*.Indistinctness of sounds in speaking:અસ્પષ્ટ ઉચ્ચાર

Inartificial, (ઈનઆર્ટિફિશલ્) *a*. Formed without art:પોતાની મેળે થયેલું;અકૃત્રિમ;સ્વયંભૂ

Inasmuch,(ઈનઍઝ્મચ્)*adv*. Since:કારણ કે.

Inattention,(ઈનઍટેન્શન)*n*. Heedlessness: ગફલત; અસાવધપણું;બેદરકારી.

Inattentive,(ઈનઍટેન્ટિવ)*a*. Heedless:ધ્યાન-ચિત્ત ન લગાડતું;ગાફેલ;બેપરવા;બેદરકાર.

Inaudible,(ઇનઑડિબલ્)*a*.[L.*in* & *audio*, I hear] Incapable of being heard:સંભળાય નહિં એવું;અશ્રાવ્ય;શ્રવણાશક્ય.

Inagugural,(ઇનઓગ્યરલ)*a*.Pertaining to or pronounced at inauguration:સ્થાપના-અભિષેકનું

Inaugurate,(ઈનૉગ્યૂરેટ) *vt*. [L. *in*. *avis*, a bird & *garrio*, I cry.] To invest with an office in a formal manner:ક્રિયા-વિધિ પૂર્વક અધિકાર આપવો;અભિષેક કo.2.ચાલુ કo;-નું મંડાણ કo

Inauguration, (ઇનૉગ્યૂરેશન) *n*. Investiture of office by appropriate ceremonies: ક્રિયા-વિધિપૂર્વક કરેલી સ્થાપના પ્રતિષ્ઠા;પ્રારંભ;મંડાણ.

Inauspicious,(ઇનૉસ્પિશસ્)*a*. Ill-omened; unlucky;unfavourable:અશુભ;અમંગળ;અભદ્ર.

Inauthentic,(ઇનૉથેન્ટિક્) *a*. Having no proof:સાબેતી વિનાનું;અપ્રમાણ;પ્રમાણ વિનાનું.

Inborn,(ઇનબૉર્ન)*a* Inherent:કુદરતથી થયેલું;સહજ

Inbred,(ઈનબ્રેડ્)*a*. Natural:સ્વાભાવિક;કુદરતી.

Incage,(ઇનકેજ)*vt*.To coop:પાંજરામાં ઘાલવું

Incalculable(ઇન્કૅલ્ક્યૂલૅબલ્) *a*. Beyond calculation:અગણિત;અનંત;બેસુમાર;અસંખ્યાત.

Incandescence, (ઇનકૅન્ડેસેન્સ્) *n*. [L. *in* & *candeo*, I glow.]A white heat caused by intense heat:અતિગરમી;અત્યુષ્ણતા.

Incandescent,(ઈન્કૅન્ડેસેન્ટ્)*a*.White or glowing with heat:અતિગરમ;અતિઉષ્ણ.

Incantation,(ઈન્કૅન્ટેશન)*n*.[L *en* & *canto*,I sing]Enchantment:જાદુ;મંતરમ તર;મેલીવિદ્યા.

Incantatory,(ઈન્કૅન્ટૅટૉરિ)*a*.Magical:મંત્રિક.

Incapability,(ઈન્કેપૅબિલિટિ) *n*. Incapacity: want of power:નાલાયકી;અશક્તિ;અસામર્થ્ય.

Incapable,(ઈન્કેપૅબલ્)*a*. Not large or wide enough to contain: જેમાં માય નહિં એવું. 2. Mentally insufficient:આવડે નહિં એવું; અસમર્થ;નાલાયક.3.Morally weak:અનુચિત.

Incapacious,(ઇન્કૅપેશસ્)*a*.Narrow:ન્હાનું.

Incapacitate, (ઇનકૅપેસિટેટ્) *vt*. To render incapable:અશક્ત-અયોગ્ય-નાલાયક કo.

Incapacity,(ઇન્કૅપૅસિટિ) *n*. Want of capacity:અશક્તિ,અસામર્થ્ય; બુદ્ધિહીનતા. 2. Disqualification:અયોગ્યતા.

Incarcerate,(ઈન્કાર્સેરેટ્)*vt*.[L. *in* & *carcer*, a prison.]To imprison:કેદ કo;તુરંગમાં નાંખવું.

Incarceration,(ઈન્કાર્સેરેશન) *n*. Imprisonment:કેદખાને નાંખવું તે;કેદ.

Incarnate,(ઈન્કાર્નેટ્)*vt*.[L.*in* & *caro*,*carnis*, flesh.]To clothe with flesh: અવતાર લેવો. *a*. Invested with flesh:દેહધારી;અવતારી;મૂર્તિમાન.

Incarnation,(ઇન્કાર્નેશન) *a*. The act of taking human body:અવતાર;શરીરધારણ;દેહધારણ.

Incarnative, (ઇન્કાર્નેટિવ્) *a*. Causing new flesh to grow:દેહ ધારણ કરતું.

Incase,(ઈન્કેસ્)*vt*.[L *in* & *ease*.] To inclose in a case;to inclose:ઢાંકવું;ઢાંકણ-ડબા-વેષ્ટનમાં ઘાલવું.

Incasement,(ઇન્કેસ્મેન્ટ્)*n*.The act of inclosing with a casement:ઢાંકણ-ડબામાં ઘાલવું.

Incatenation,(ઇન્કૅટિનેશન)*n*.[L *in* & *catena* chain.]The act of linking together:જોડવું તે

Incautious,(ઈન્કૉશસ)Heedless:અસાવધ;ગાફેલ.

Incautiousness, (ઇન્કૉશસ્નેસ્) *n*. Want of caution:અસાવધપણું;ગફલત.

Incavated,(ઇન્કૅવેટેડ્)*a* [L.*in* & *cavus*,hollow.]Made hollow;bent round or in:કોતરેલું.

Incavation,(ઈન્કૅવેશન) *n*. The act of making hollow:પોલું કo-કોતરવું તે.

Incendiarism, (ઇન્સેન્ડિઍરિઝમ્)*n*.The act or practice of maliciously setting fire to house:દ્વેષથી પારકાનું ઘર બાળી મુકવું તે.

Incendiary, (ઈન્સેન્ડિઍરિ) *a*. Pertaining to the malicious burning of a dwelling:દ્વેષથી પારકાનું ઘર બાળી મૂકવા સંબંધિ *u*. A person who sets fire to a building:આગ લગાડનાર;ગૃહદાહક.

Incense, (ઈન્સેન્સ્) *vt*. To set on fire; to kindle:સળગાવવું;ધૂપ દેવો-કરવો.2.To incite;to kindle:કોપાયમાન-ક્રોધાયમાન કo. *n*. Perfume exhaled by fire:ધૂપ;ધૂપગંધ.

Incentive,(ઇન્સેન્ટિવ્)*a* Inciting;encouraging:ઉશ્કેરનાર.*n*. Motive;spur:ઉત્તેજન.

Inception,(ઈન્સેપ્શન) *n*. [L. *in* & *capio*, I take]Beginning:શરૂઆત;પહેલ;આરંભ.

Incertitude,(ઇન્સર્ટિટ્યૂડ્)*n*.[L.*in* & *certus*, certain.]Uncertainty:અનિશ્ચય; શંકિતપણું.

Incessant,(ઇન્સેસૅન્ટ્)*a*.[L.*in*& *cesso*,I cease] Unceasing:બંધ ન પડે એવું;નિરંતર.

Incest,(ઇન્સેસ્ટ્)*n*. [L. *in* & *castut*, chaste.] The crime of cohabitation between persons related within the degrees wherein marriage is prohibited:નિકટ સગાં સાથે સંભોગ.

Incestuous,(ઈન્સેસ્ટ્યૂઅસ્)*a*.Guilty of incets

નિકટ સગાં સાથે સંભોગ કરનાર;ગોત્રગામી.

Inch, (ઇન્ચ્) *a.* A measure of the twelfth part of a foot:એક ફૂટનો બારમો ભાગ;તસુ.2. A critical moment: અણીનો વખત. *By inches*, gradually:ધીમે ધીમે.

Inchoate,(ઈન્કોએટ્)*a.*[L.*inchoatum*,begun] *a.*Incipient;incomplete:આરંભેલું;અધુરૂં;કાચું.

Incidence,(ઇન્સિડેન્સ)*n* [L.*in*&*cado*, I fall.] An incident;an event:પ્રસંગ; ઘટના; વૃત્તાંત; બનાવ;બિના.

Incident,(ઇન્સિડેન્ટ્) *a.* Striking or falling upon:પડતું;થતું.2.Casual:આવી પડેલું 3 Dependent on:આધાર રાખતું.*n.*An event:બનાવ;બીના

Incidental,(ઈન્સિડેન્ટલ્)*a.*Casual;accidental: કોઇ વેળા બનતું;અનિયમિત;પ્રાસંગિક;અપ્રધાન;ગૌણ.

Incidentally, (ઇન્સિડેન્ટલિ) *adv.* Without intention:અકસ્માત રીતે:પ્રસંગવશાત્.

Incinerate,(ઈન્સિનરેટ)*vt.*To burn to ashes: બાળીનો ખાખ-રાખ ભસ્મ ક૦.

Incipiency(ઈન્સિપિએન્સિ)*n.*Beginning;commencement:શરૂઆત;પેહેલ;પ્રારંભ;મંડાણ;ઉપક્રમ.

Incipient, (ઈન્સિપિએન્ટ્) Beginning; commencing:શરૂઆતનું;આરંભનું;પેહેલું;પ્રથમ;આરંભક

Incipiently,(ઇન્સિપિએન્ટ્લિ)In an incipient manner:આગાઉથી;પ્રથમથી.

Incision,(ઇન્સિઝન)*n.*[L.*in* & *coeda*,I cut.] The act of cutting:કાપવું તે.2.A cut:કાપ;કાપો.

Incisive,(ઇન્સાઈસિવ્)*a* Sharp:કાપે એવું

Incisory,(ઇન્સાઈઝોરિ)*a.* Having the quality of cutting:કાપે એવું;છેદક.

Incisure,(ઇન્સિઝ્યૂર્)*n.*A cut:કાપ;ચીરો.

Incitation, (ઇન્સાઇટેશન) *n.* The act of inciting:ઉશ્કેરવું તે;શિખવણી;ઉશ્કેરણી;પ્રેરણા;શળી.

Incite,(ઇન્સાઇટ્)*vt* [L.*in* & *cito*,I rouse.]To move to action;to rouse:ઉશ્કેરવું;ચઢાવવું.

Incitement,(ઈન્સાઇટ્મેન્ટ્)*n.* The act of inciting:ઉશ્કેરવું તે;ઉશ્કેરણી;ઉત્તેજન.

Incivil,(ઇન્સિવિલ્)*a.* Rude:અસભ્ય.

Incivility,(ઇન્સિવિલિટિ) *n.* [L.*in* & *civis*, a citizen.]Rudeness:અસભ્યતા;અવિનય;તોછડાઈ.

Inclasp,(ઈન્ક્લૅસ્પ્)*vt.* To hold fast:ભેટવું.

Inclemency, (ઇન્ક્લેમેન્સિ) *n.* Harshness, severity:સખ્તાઇ;નિર્દયપણું;કઠોરપણું;નિર્દયતા;ક્રૂરતા

Inclement,(ઇન્ક્લેમેન્ટ્) *a.*[L. *in* & *clemens*, mild.]Unmerciful;severe:નિર્દય;કઠોર;સખ્ત;ઉગ્ર.

Inclinable,(ઈન્કલાઈનૅબલ્)*a.* Leaning;tending:વળે એવું;નમન શીલ;વલણ થયેલું.

Inclination, (ઇન્કિલનૅશન) *n.* The act of inclining:વલણ;ઝોક 2. (*Geom.*) The angle made by two lines or planes which meet if produced:બે લીટીઓ જો લંબાવવામાં આવે તો તે મળવાથી થયેલો ખુણો 3. Bent; propensity: મનનું વલણ;રૂખ;રૂચિ;મન.

Incline,(ઇન્કલાઈન્)*vi.*[L.*in* & *clino*,I bend.] To lean:વળવું; મરડાવું. 2. To be disposed:વલણ થવું;મન વળવું. *n.* An inclined plane; a grade:ઢોળાવ

Inclose,(ઈન્ક્લોઝ્)*vt.*[L.*in* & *claudo*,I shut] To surround:વાડ બાંધવી કરાવી ઘેરવું 2.To put within a case:પેટીમાં ઘાલવું.

Inclosure,(ઇન્ક્લૉઝ્યૂર્)*n.*The separation of land from common ground by a fence:વાડની અંદર જગા.

Include, (ઇન્ક્લ્યૂડ્) *vt.* [L. *in* & *claudo*, I shut.]To hold;to contain:માં હોવું;સમાવેશ ક૦.

Inclusion,(ઇન્ક્લ્યૂઝન)*n.*The act of including: સમાવેશ;અંતર્ભાવ;અંતર્ગણના;અભિવ્યાપ્તિ.

Inclusive,(ઈન્ક્લ્યૂસિવ્) *a.* Including:-માં ગણીને;પરિગ્રાહી;અભિવ્યાપક.

Incog-Incognito,(ઇન્કૉગ્-ઈન્કૉગ્નિટો) *adv.* In concealment:ગુપ્ત વેશથી;ગુપ્તરૂપે.

Incognito, (ઇનકૉગ્નિટો) *n.* One known in disguise:ગુપ્ત વેષવાળો માણસ; વેષધારી. 2. The state of being in disguise:ગુપ્તવેષ.

Incognizable, (ઇન્કૉગ્નિઝેબલ્) *a.* Incapable of being recognized:ઓળખાય-જણાય નહિ એવું

Incoherence-cy,(ઈનકોહીરેન્સ્-ઈન્કોહીરેન્સિ)*n.* Want of cohesion or adherence:અસંયોગ.

Incoherent,(ઇનકોહીરેન્ટ્) *a.* [L. *in*, *con* & *hereo*,I stick]Loose:અળગું: છૂટું.2.Inconsistent:વિરૂદ્ધ;સંબંધ વિનાનું.

Incoherently,(ઇનકોહીરેન્ટ્લિ) *adv.* Inconsistently:ગમેતેમ;સંબંધ; વગર;યદ્વાતદ્વા.

Incombustible,(ઈનકૉમબસ્ટિબલ્) *a.* Incapable of being burned:સળગે નહિં એવું.

Income, (ઇનકમ્) *n.* The gain from labour: આવક;પેદાસ;કમાઇ;ઉપજ;આમદાની;આયપત.

Incommensurable, (ઈન્કૉમ્મેન્સ્યૂરૅબલ્) *a.* Having no common measure or standard of comparision:સામાન્ય ભાજક રહિત;અસમ પરિમાણ;અસમાન;ભિન્ન પરિમાણક.

Incommensurate,(ઈનકૉમમેન્સ્યૂરેટ્)*a.* Not admitting of a common measure:સામાન્ય ભાજકવિનાનું.2.Not adequate:અધુરૂં.

Incommodation,(ઇન્કૉમ્મૅડેશન) *n.* State of being incommodated:અગવડ;સંકડાશ;અડચણ

Incommode,(ઇન્કૉમ્મોડ્) *vt* [L. *in* & *commodo*,I make fit.] To disturb or molest: -ને અડચણ પડવી;-ને અગવડમાં નાંખવું.

Incommodious,(ઇન્કૉમ્મોડિઅસ્) *a.* Unsuitable:અડચણ ભરેલું સોઇ વિનાનું.

Incommunicable, (ઇન્કૉમ્મ્યૂનિકૅબલ્) *a* Incapable of being told:બીજાને કહેવાય નહિં એવું.

Incommunicative,(ઈન્કૉમ્મ્યૂનિકેટિવ્)*a* Not

free or apt to impart to others in conversation:બીજાની જોડે વાત નહિ કરવા લાયક.
Incommutable,(ઇન્કૉમ્યૂટૅબલ્) *n.* Not capable of being exchanged with another:અદલ બદલ ન કરાય તેવું.
Incomparable, (ઇન્કૉમ્પૅરૅબલ્) *a.* Without an equal:અનુપમ;અતુલ્ય;અપ્રતિમ; સર્વોત્તમ.
Incompassionate, (ઈન્કૉમ્પૅશનેટ્)*a.*Void of pity:દયા રહિત;કઠોર;નિર્દય;દયાહીન.
Incompatibility, (ઇન્કૉમ્પૅટિબિલિટિ) *n.* Inconsistency:વિરૂદ્ધતા;વિપરીતતા;અસંભવ; વિરોધ
Incompatible, (ઈન્કૉમ્પૅટિબલ્) *a.* Inconsistent:વિરૂદ્ધ;અયુક્ત;અસંગત;વિપરીત; અસંભવિત.
Incompetence-cy,(ઈન્કૉમ્પીટેન્સ્-ઇન્કૅામ્પીટેન્સિ *n.*Insufficiency:અશક્તિ;અસામર્થ્ય 2 Want of legal fitness to be heard or admitted as a witness:સાક્ષી તરીકે હાજર થવાની નાલાયકી.
Incompetent, (ઈન્કૉમ્પીટેન્ટ્) *n.* Incapable; unfit:અશક્ત;અસમર્થ;અયોગ્ય 2.Wanting legal qualifications:કાયદા પ્રમાણે અયોગ્ય-નાલાયક.
Incomplete,(ઇન્કૉમ્પ્લીટ્)*a* Unfinished:અધૂરૂં.
Incompleteness,(ઈન્કૉમ્પ્લીટ્નેસ્)*n.* Imperfectness;defectiveness:અધૂરૂંહોવું તે.
Incomprehensible, (ઈન્કૉમ્પ્રીહેન્સિબલ્) *a.* Beyond the reach of human intellect:ન સમજાય એવું;અકળ;ગૂઢ;ગહન;દુર્બોધ્ય.
Incomprehensibility,(ઈન્કૉમ્પ્રીહેન્સિબિલિટિ) *n.* The quality of being beyond the reach of human intellect:અચિંત્યતા;ગૂઢતા;અગમ્યતા
Incompressible,(ઇન્કૉમ્પ્રેસિબલ્) *a.* [L. *in*, *con* & *premo*,I press]Not compressible;resisting compression:દબાય નહિં એવું;અસંકોચનીય
Inconceivable,(ઈન્કૉન્સીવૅબલ્)*a.*Incapable of being conceived by the mind:કલ્પાય નહિ એવું.
Inconclusive,(ઇન્કૉન્ક્લ્યૂસિવ્)*a.*Leading to no conclusion:અપ્રમાણ;અશ્વિકારી.
Incongruent Incongruous, (ઇન્કૉન્ગ્રૂએન્ટ્-ઈન્કૉન્ગ્ર્યૂઅસ્) *a.* Unsuitable:અયોગ્ય.
Incongruity, (ઇન્કૉન્ગ્રૂઇટિ) *n* Inconsistency; impropriety:અયોગ્યતા;વિરૂદ્ધતા;અસંગતિ.
Inconsequent,(ઈન્કૉન્સીક્વેન્ટ્)*a* Not regularly inferred: પ્રતિજ્ઞા-આપેલા પ્રમાણમાંથી ન નિકળતું.
Inconsiderable, (ઇન્કૉન્સિડર્ૅબલ્) *a.* Unimportant; small; trivial:ધ્યાનમાં ન લેવા જોગ.
Inconsiderate, (ઇન્કૉન્સિડરેટ) *a.* Hasty; thoughtless; heedless:અવિચારી;અવિવેકી.
Inconsiderately,(ઇન્કૉન્સિડરેટ્લિ)*adv* Carelessly:બેદરકારીથી;વગર વિચારે;અવિચાર પૂર્વક.
Inconsideration, (ઇન્કૉન્સિડરેશન્)*n.* Inattention to consequences:અવિવેક;અવિચાર.
Inconsistence-cy, (ઇન્કૉન્સિસ્ટેન્સ્-સિ) *n.* Disagreement:પરસ્પરવિરોધ;વિરૂદ્ધતા;વિપરીતતા
Inconsistent, (ઇન્કૉન્સિસ્ટેન્ટ્) *a.* Discordant:અક્કેક સાથે વિરોધવાળું; એક બીજાથી ઉલટું.
Inconsistently, (ઇન્કૉન્સિસ્ટેન્ટ્લિ) *adv.* Incongruously:ધડ,માથું ગમે તેમ હોય તે રીતે.
Inconsolable(ઇન્કૉન્સોલૅબલ્) *a.*Not to be consoled:અસંતોષણીય;શોકમાં નિમગ્ન.
Inconspicuous,(ઈન્કૉન્સ્પિક્યૂઅસ્)*a.* Hardly discernible:અસ્પષ્ટ;પરખાય નહિં તેવું.
Inconstancy,(ઈન્કૉન્સ્ટન્સિ)*n.* [L. *in*, *con* & *sto*,I stand.]Mutability: અસ્થિરતા;ચાપલ્ય.
Inconstant,(ઇન્કૉન્સ્ટન્ટ્)*a* Unsteady:અસ્થિર.
Incontestable,(ઇન્કૉન્ટેસ્ટૅબલ્) *a.* Not to be disputed:નિર્વિવાદ;બેતકરાર;નિઃસંદેહ.
Incontinence-cy,(ઇન્કૉન્ટિનેન્સ્-સિ)*n.*Incapacity to hold:વ્યભિચાર;છિનાળુ;લંપટતા.
Incontinent,(ઇન્કૉન્ટિનેન્ટ્)*a* Unchaste:ઇંદ્રિયવશ;જારકર્મી;છિનાળવો; વ્યભિચારી; લંપટ.
Incontinently, (ઈન્કૉન્ટિનેન્ટ્લિ) *adv.* Unchastely:વ્યભિચારીપણે;ઇંદ્રિયવશ રહી તરતજ.
Incontrovertible, (ઇન્કૉન્ટ્રોવર્ટિબલ્) *a.* Too clear or certain to admit of dispute:તકરાર વિનાનું; નિર્વિવાદ;અખંડનીય.
Inconvenience, (ઇન્કૉન્વીનિએન્સ્)*n.* Unsuitableness:અડચણ;અગવડ;ગેરસોઈ.*vt* To bring to inconvenience:અડચણ-અગવડમાં નાંખવું.
Inconvenient,(ઈન્કૉન્વીનિએન્ટ્)*a.*Inexpedient:અસુગમ;અસૂતર;અયોગ્ય;અનુચિતઅનુકુળ ન પડતું.
Inconvertible, (ઇન્કૉન્વર્ટિબલ્)*a.* [L. *in*,*con* & *verto*, I turn.] Not capable of being changed:ફેરવાય-બદલાય નહિં એવું.
Incorporate,(ઇન્કૉર્પોરેટ્)*vt* [L. *in* & *corpus*, body.] To form in a body: મેળવી-જોડી નાંખવું;સાકાર ક૦.2.To amalgamate:મેળવવું;સંયુક્ત કરવું *vi.*To be mixed or blended;to grow into:જોડાવું;જોડાઈ-ભળી જવું.*a.* Not consisting of matter:વિદેહી
Incorporation, (ઈન્કૉર્પોરેશન્)*n* The act of incorporating:મેળી-જોડી દેવું તે;સંયોગ; મંડળી.
Incorporeal,(ઇન્કૉર્પોરીઍલ્)*a* Not consisting of matter:દેહવિનાનું;નિરાકાર;અદેહ;અશરીરી.
Incorrect,(ઇન્કૉરેક્ટ્)*a.*Inaccurate:અશુદ્ધ.
Incorrectly,(ઇન્કૉરેક્ટ્લિ)*adv.*Inaccurately; not exactly:ભૂલચૂક કરીને; અશુદ્ધ રાખીને.
Incorrectness,(ઇન્કૉરેક્ટ્નેસ્)*n.*Want of conformity to truth;inaccuracy:ચૂક;ખામી;દોષ.
Incorrigible, (ઇન્કૉરિજીબલ્)*a.*[L.*in* & *corrigo*,I correct.]Bad beyond correction:કદી ન સુધરે તેવું;રંડેલ;હાથથી ગયેલું.
Incorrupt, (ઇન્કૉરપ્ટ્) *a.* Unimpaired; not marred or spoiled:ખરાબ થયેલુંબગડેલું નહિં તેવું.
Incorruptibility,(ઇન્કૉરપ્ટિબિલિટિ)*n.*Incap-

ability of corruption:અવિકારીપણું;અક્ષયતા.
Incorruptible, (ઈન્કૉરપ્ટિબલ્)*a.* Incapable of corruption or decay:અક્ષય;અવિનાશી.
Incorruptibleness Incorruption,(ઈન્કૉરપ્ટિબલ્નેસ્-ઇન્કૉરપ્શન્)*n.* Absence of corruption:અવિકાર;અનાશ;વિકારાભાવ;અભ્રષ્ટતા;સ્વચ્છતા.
Increase,(ઈન્ક્રીસ્)*vi.*[L.*in* & *cresco*,I grow.] To grow:ફગવું;વધવું. *vt.* To extend:ફેલાવવું *n.* Augmentation:વધારો;વૃદ્ધિ.
Incredibility,(ઇન્ક્રેડિબિલિટિ)*n.* The quality of being too extraordinary to admit of belief:અવિશ્વાસ્યતા;અણપતીજ;અવિશ્વાસ.
Incredible,(ઇન્ક્રેડિબલ્)*a.* Impossible to be believed:માનવા જોગ નહિં તેવું;બેઇતબારી.
Incredibly,(ઇન્ક્રેડિબ્લિ)*adv.*In a manner to preclude belief:વગર ઇતબારથી:પતિજ વિના.
Incredulity, (ઇન્ક્રેડ્યૂલિટિ)*n.* Disbelief:અણભરોસો;અવિશ્વાસ.
Incredulous,(ઇન્ક્રેડ્યૂલસ્)*a.* Not credulous; sceptical:મુશ્કેલીથી કોઈ વાતનેખરી માને એવું.
Increment, (ઇન્ક્રીમેન્ટ્) *n.* Increase: વધારો.
Incriminate,(ઇન્ક્રિમિનેટ્) *vt.* [L. *in* & *crimen*, a crime.] To accuse:તોહોમત મૂકવું.
Incrust,(ઈન્ક્રસ્ટ્)*vt.* To cover with a crust: થર-પડ ચઢાવવું;પુટ-કવચ ચઢાવવું દેવું.
Incrustation, (ઇન્ક્રસ્ટેશન્) *n.* The act of incrusting:થર ચઢાવવો તે;થર;પડ;પોપડો.
Incubate, (ઇન્ક્યૂબેટ્)*vi.* [L.*in* & *cubo*, I lie down.]To sit, as on eggs:સેવવાને બેસવું.
Incubation, (ઇન્ક્યૂબેશન્) *n.* The hatching of young from eggs:ઇંડાપર સેવન કરવું તે.
Incubus,(ઇન્ક્યૂબસ્)*n* A demon:સેતાન.
Inculcate,(ઈન્કલ્કેટ્)*vt.*[L.*in*&*calco*,I tread upon]To impress by frequent admonitions: મનમાં ઉતારવું-ઠસાવવું;-નો બોધ કર્યા ક૦.
Inculcation, (ઈન્કલ્કેશન્)*n.* The action of impressing by repeated admonitions:વારે ઘડીએ આપેલા બોલ;વારંવારનો ઉપદેશ.
Inculpable,(ઇન્કલ્પેબલ્)*a.*Innocent:નિરપરાધી.
Inculpate,(ઈન્કલ્પેટ્)*vt.*[L.*in culpa*,a fault.] To blame; to censure:ઠપકો દેવો;દોષ મૂકવો.
Inculpatory, (ઈન્કલ્પેટોરિ) *a.* Imputing blame:દોષ મૂકનારૂં;ગુન્હેગાર દોષિત ઠરાવતું.
Incubency,(ઈન્ક્યૂબેન્સિ) *n.* A lying or resting on something:ઉપર પડવું-રહેવું તે.
Incumbent, (ઇન્કમ્બેન્ટ્) *a.* Lying or resting upon: ઉપર પડેલું-રહેલું. *n.* The person who is in present possession of an office: ધર્મની વૃત્તિ ભોગવનાર;(કોઇ જગા) ઉપર હોનાર.
Incumber, (ઈન્કમ્બર્)*vt.* To burden with a load;to embarrass:ભારથી અડચણ ક૦;ગભરાવવું.
Incur,(ઇન્કર્) *vt.* [L. *in* & *curro*,I run.]To expose oneself:પાત્ર-યોગ્ય-લાયક થવું;વ્હોરી લેવું.
Incurable,(ઈન્ક્યૂરબલ્)*a.* Beyond the power of skill or medicine:જેની દવા થઇ શકે નહિં તેવું
Incurious,(ઇન્ક્યૂરિઅસ્)*a.* Without care for or interest in;careless:જીજ્ઞાસારહિત;ઇચ્છા વગરનું.
Incursion, (ઈન્કર્શન્) *n.* A predatory or harassing inroad:સ્વારી;હુમલો;ધસો;આ ક્રમણ.
Incurvation, (ઈન્કર્વેશન્) *n.* The act of bending:વાળવું તે.2. Curvature:વાંકાપણું.
Incurve,(ઈન્કર્વ્) *t.* To bend:મરડવું;વાંકું ક૦.
Incurvity,(ઈન્કર્વિટિ)*n.*Crookedness:વાંક.
Indebted,(ઈન્ડેટેડ્)*a.*[L.*in* & *debeo* I owe.] Placed in debt:દેણદાર; દેવાદાર. 2. Obliged: આભારી;અહેસાનમંદ;ઉપકૃત
Indebtedness,(ઇન્ડેટેડ્નેસ્) *n.* The state of being indebted:કરજદારી;આભારીપણું.
Indecency,(ઇન્ડીસેન્સિ)*n.* Lack of modesty: અસભ્યતા;નિર્લજતા;અવિનય; અયોગ્યતા.2.An indecent word,act or like:બિભત્સ-વચન ચિત્ર.
Indecent,(ઇન્ડીસેન્ટ્) *a.* Unbecoming:કુઘાટું; બિભત્સ;ભુંડું;લજ્જાકારક;નાગું;અવાચ્ય;અમર્યાદ.
Indecision, (ઈન્ડીસિઝ્હન્) *n.* Wavering of mind:સંદેહ;શક;અનિર્ણય;અનિશ્ચય;સંકલ્પવિકલ્પ.
Indecisive,(ઈન્ડીસાઇસિવ્) *a.* Not bringing to a final issue:નિકાલ-નિર્ણય થાય નહિં તેવું.
Indeclinable,(ઇન્ડીક્લાઇનૅબલ્)*a.*[L *in*,*de* & *clino*,I bend.]Not varied by terminations જેને જાતી, વચન અને વિભક્તિ ન લાગે તેવું;અવિકારી.
Indecorous.(ઇન્ડીકોરસ્)*a* Unbecoming:શોભે નહિં તેવું;અયોગ્ય;અજુકત;અનુચિત;અસભ્ય
Indecorum,(ઈન્ડીકૉરમ્) *n.* Impropriety of behaviour;indecorousness:અવિનય;અસભ્યતા.
Indeed,(ઈન્ડીડ્)*adv.* In reality:ખરેખર.
Indefatigable,(ઇન્ડીફેટિગેબલ્) *a.* Not tired: ન થાકી જાય એવું;પરિશ્રમી;મહેનતુ;આશ્રમી;અશ્રાંત.
Indefeasible,(ઈન્ડીફીઝિબલ્) *a.* Incapable of being made void:રદ ન કરી શકાય તેવું;અખંડનીય.
Indefensible,(ઇન્ડીફેન્સિબલ્)*a* Not capable of being defended:અરક્ષણીય;ગેરવાજબી.
Indefinable,(ઈન્ડીફાઇનૅબલ્) *a.* Incapable of being defined:અનિર્વાચ્ય;અલક્ષણીય.
Indefinite, (ઇન્ડેફિનિટ્) *a* Not precise or certain:અનિયમિત;અનિશ્ચિત;મોઘમ:
Indefinitely, (ઈન્ડેફિનિટ્લિ) *adv* Without any settled limitation:ઘણુંજ;બેહદ.
Indeliberate,(ઇન્ડેલિબરેટ્) *a.* Sudden; unpremeditated:પાકો વિચાર કર્યા વગર કીધેલું
Indelible, (ઈન્ડેલિબલ્) *a.* [L. *in* & *deleo*, I delete.] Not to be blotted out: જાય-ભુંસાઈ જાય નહિ એવું;વજ્ર લેપ સરખું;અક્ષર
Indelicacy,(ઈન્ડેલિકૅસિ) *n.*Want of delicacy rudeness:નઠોરતા;નિર્લજતા;બેમુલાજો;અસંકોચ.

Indelicate,(ઇન્ડેલિકેટ્)*a.* Indecent:અસભ્ય.
Indemnification,(ઇન્ડેમ્નિફિકેશન્)*n.* Reimbursement of loss:નુકશાન ભરી આપવું તે.
Indemnify, (ઇન્ડેમ્નિફાઇ) *vt.* To secure against loss or damage:નુકશાનથી બચાવવું.
Indemnity, (ઇન્ડેમ્નિટિ) *n.* Security; insurance; immunity from penalty: સજા ન થવાની હામી;જામિનગારી;નુકશાની; નુકશાનનો અવેજ.
Indent,(ઇન્ડેન્ટ્)*vt.* [L. *in, dentis*, a tooth.] To indenture: લખીને માલ મંગાવવો *n.*A cut: ખાંચ.2.An official requisition for supplies: મંગાવેલા માલની યાદી; ભરતીયું. [કોરણ.
Indentation, (ઇન્ડેન્ટેશન્) *n.* A notch:ખાંચ;
Indenture, (ઇન્ડેન્ટ્યૂર્) *n.* The act of indenting: ખાંડ પાડવી તે. 2. A mutual agreement in writing between two or more parties:કરારનામું *vt.*To bind by indentures: લખત-કરારથી બાંધી લેવું.
Independence, (ઇન્ડીપેન્ડેન્સ) *n* Absence of dependence:સ્વતંત્રતા;સ્વાધીનતા. 2 Sufficient means for comfortable livelihood: ઘરની સંપત્તિ;ઘરની સંપન્નતા.3 સ્વેચ્છાધીનતા.
Independency, (ઇન્ડીપેન્ડેન્સિ) *n.* Independence: સ્વતંત્રતા; આપઅખત્યારી; સ્વાધીનતા.
Independent, (ઇન્ડીપેન્ડેન્ટ્) *a.* Not relying on others;free:સ્વતંત્ર;સ્વાધીન. 2. Affording a comfortable livelihood: સારી રીતે ગુજરાન ચલાવતું; ખાધે પીધે સુખી 3. Separate from; exclusive:જુદું;છુટું;નિરાળું;મોકળું.
Independently,(ઇન્ડીપેન્ડેન્ટ્લિ) *adv* Without control: સ્વતંત્રપણે; આપ અખત્યારથી; મરજી મુજબ.
Indescribable,(ઇન્ડીસ્કાઈબેબલ્)*a.*[L. *in, de* and *scribo*, I write.] Incapable of being described:બ્યાન ન કરી શકાય તેવું;અવાચ્ય.
Indestructible,(ઇન્ડીસ્ટ્રક્ટિબલ્)*a.*Incapable of decomposition:નાશ ન થાય તેવું;અક્ષય;અવિનાશી
Indeterminable, (ઇન્ડીટર્મિનેબલ્) *a.* Impossible to be determined:ઠરાવ થઇ ન શકે તેવું
Indeterminate,(ઇન્ડીટર્મિનેટ્)*a.* Uncertain; not precise:મોઘમ;ચોક્કસ ન થયેલું.
Indeterminately,(ઇન્ડીટર્મિનેટ્લિ) *adv.*Indefinitely:નક્કી કર્યા વગર;મોઘમપણે.
Indetermination,(ઇન્ડીટર્મિનેશન્)*n.*An unsettled state of the mind:અનિશ્ચય;આનાકાની.
Indevotion, (ઇન્ડીવૉશન્)*n.* Impiety:દુરાચાર.
Indevout,(ઇન્ડીવાઉટ્)*a.*Undevout:દુરાચારી.
Index, (ઇન્ડેક્સ) *n.* [L. *in* & *dico* I say.] That which shows or indicates:દેખાડનાર;દર્શક;સૂચક;પ્રદર્શક. 2. A table of references in a book:અનુક્રમણિકા;સાંકળિયું.3 The forefinger, or pointing finger:તર્જની આંગળી.4. Figure or letter which shows the power or root of a quantity;the exponent:ઘાતપ્રકાશક.
Indexterity, (ઇન્ડેક્સ્ટેરિટિ) *n.* Want of readiness in the use of the hands:હાથ ચલાવવાની-વાપરવાની ચાલાકી ન હોવી તે.
India, (ઇન્ડ્યે) *n.* A country in Southern Asia:હિંદુસ્થાન ભારતવર્ષ;ભરતખંડ;ભારત;આર્યાવર્ત.
Indiaman,(ઈન્ડિઅમૅન્)*n* A large ship employed in India trade:હિંદુસ્તાનનો વેપાર કરનાર વેપારીનું મોટું વહાણ.
Indian,(ઈન્ડિઅન્)*a* Pertaining to either of the Indies,East or West:પૂર્વ-પશ્ચિમ હિન્દુસ્તાનને લગતું; ભારતીય; ભારતદેશીય. *n.* A native of India:કોઇપણ હિન્દુસ્તાનનો રહેવાશી;આર્ય.2 One of the inhabitants of America: અમેરિકાનો રહેવાશી.
Indian-corn,(ઇન્ડિઅન્-કોર્ન)*n.* Maize:મકાઈ.
Indian fig tree, (ઇન્ડિઅન્ ફિગ્ટ્રી)*n.* The banyan:વડનું ઝાડ; વડ.
India-rubber,(ઇન્ડિઅ-રબર્)*n.*Caoutchouc,a substance of extraordinary elasticity:રબર.
Indicant,(ઇન્ડિકેન્ટ્)*a* Serving to point out: સૂચક:દેખાડનારૂં *n.*That which points:જે સૂચવે તે.
Indicate, (ઇન્ડિકેટ્)*vt* [L *in* & *dico*,I say.] To point out:બતાવવું;જણાવવું;દેખાડવું.
Indication,(ઇન્ડિકેશન્)*n* The act of pointing out:સૂચન;બોધન.2 Mark:લક્ષણ.3.Any symptom of a disease being cured: કોઇપણ રોગની સારા થવાની નિશાની-ચિન્હ.
Indicative,(ઇન્ડિકેટિવ્)*a.*Pointing out;bringing to notice:દેખાડનાર;સૂચક;I.*mood*:નિશ્ચયાર્થ.
Indicator, (ઇન્ડિકેટર્)*n.*That which shows or points out:બતાવનાર;દેખાડનાર.
Indict,(ઇન્ડાઇટ્) *vt* [L.*in* & *dico*,I say.]To charge with a crime by the presentment of a grand jury: વડી જ્યુરીના ઠરાવપરથી તોહોમત મૂકવું-દોષારોપ કo.
Indictable,(ઇન્ડાઈટેબલ્)*a.*Capable of being liable to be indicted:દોષારોપ-તોહોમતમૂ૦ લાયક.
Indictive,(ઇન્ડાઇટિવ્)*a* Proclaimed:જાહેરકરેલું
Indictment,(ઇન્ડાઈટ્મેન્ટ્)*n.*The act of indicting:તોહોમત મૂકવું તે;તોહોમત.
Indifference, (ઇન્ડિફરેન્સ)*n.* Unconcernedness:બેપરવાઇ;બેદરકારી;નિરપેક્ષા;આળસ;અનાદર.
Indifferent, (ઈન્ડિફરેન્ટ્) *a.* Feeling no interest or care about:બેફીકરૂં;બેપરવા;બેતમા.
Indifferently,(ઈન્ડિફરેન્ટ્લિ) *adv.*Tolerably passable:બેતમાથી;બેપરવાથી;જેમ તેમ;જેવું તેવું.
Indigence, (ઇન્ડિજેન્સ્) *a.* Penury;poverty: ગરીબાઇ;કંગાલપણું;દલદર;કંગાલીયેત;નિર્ધનતા.
Indigenous,(ઈન્ડિજેનસ્)*a.*[L.*in* & *gigno*,I beget.]Born,as in a place or country: ગ્ા-

મઠી;દેશી;મુલકી.

Indigent,(ઈન્ડિજેન્ટ્)*a* [L.*in* & *egeo* I need] needy;poor:ગરીબ;કંગાલ;દરિદ્રી; દીન;અધમ.

Indigestible,(ઈન્ડિજેસ્ટિબલ્)*a.*Not digestible:ન પચે એવું;જડ;અજીર્ણ કારક.

Indigestion, (ઇન્ડિજેસ્શન) *n.* Want of due digestion;dyspepsia:અજીર્ણ;બદહજમી; અપચો.

Indigitate,(ઇન્ડિજીટેટ્)*vt.*To point to:આંગળીથી દેખાડવું;આંગળી કરવી.

Indignant,(ઇન્ડિગ્નૅન્ટ્) *a.* [L.*in* & *dignus*, worthy.]Affected with indignation: ક્રોધી.

Indignation, (ઇન્ડિગ્નેશન) *n.*Anger mingled with contempt or disgust:ક્રોધ.

Indignity,(ઈન્ડિગ્નિટિ)*n.*Incivility or insult accompanied with injury:અપમાન;તિરસ્કાર.

Indigo,(ઇન્ડિગો)*n.*A blue colouring matter: ગળી; ગુલી. [પડે એવું.

Indirect,(ઈન્ડિરેક્ટ્)*a.*Notdirect:ફેરાવાળું;ફેરાવો

Indirection,(ઇન્ડિરેક્શન)*n.*Dishonest practices;indirectness:આડો રસ્તો ઉપાય અસરળતા.

Indirectly,(ઈન્ડિરેક્ટ્લિ)*adv.* Obliquely;unfairly:આડેરસ્તેથી;ગેરરસ્તે;પરોક્ષરીત્યે; અમાર્ગે.

Indiscernible,(ઇન્ડિસ્સર્નિબલ્)*a.*[L.*in*,*di*&*cerno*,I separate]Not discoverable:અદૃશ્ય.

Indiscreet,(ઇન્ડિસ્ક્રીટ્)*a* Inprudent:મૂર્ખ.

Indiscreetly, (ઈન્ડિસ્ક્રીટ્લિ) *ad.* Without prudence;inconsiderately:ગફલતથી;અવિચારે.

Indiscretion, (ઇન્ડિસ્ક્રેશન)*n.* Want of discretion;imprudence:અવિચાર; પ્રમાદ;અવિવેક.

Indiscriminate,(ઇન્ડિસ્ક્રિમિનેટ્)*a* Undistinguishing,confused:અવિચારી;નિર્વિશેષ;અવ્યવસ્થિત

Indicrimination,(ઇન્ડિક્રિમિનેશન)*n.* Want of discrimination or distinction:અવિવેક.

Indispensable, (ઇન્ડિસ્પેન્સૅબલ્) *a.* Impossible to be remitted, omitted or spared: જે વગર ચાલે નહિ એવું.

Indispensably, (ઇન્ડિસ્પેન્સૅબ્લિ)*adv.* In an indispensable manner:નચાલે તેમ.

Indispose, (ઇન્ડિસ્પોઝ્)*vt.* To make somewhat ill:અસ્વસ્થ કo;તબીયત નરમ કo.2.To disincline:નું મન ફેરવવું;ઉપરથી મન ઉઠી જવું.

Indisposed, (ઇન્ડિસ્પોઝ્ડ) *a.* Sick; ill:માંદું. Unwilling:નાખુશ;નારાજ.

Indisposition, (ઇન્ડિસ્પોઝિશન)*a.*The condition of wanting affinity:સરખાપણું;મળતાપણું ન હોવું તે.2.Tendency to disease:માંદગી.

Indisputable,(ઇન્ડિસ્પ્યૂટબલ્)*a.*Incontrovertible:બીનતકરારી;નિર્વિવાદ;વાંધાવગરનું.

Indissoluble,(ઇન્ડિસ્સોલ્યૂબલ્)*n.* Not capable of being dissolved:પીગળે ઓગળે નહિ તેવું. 2. That cannot be broken or rightfully violated:નક્કર;અભંગ.

Indissolvable,(ઇન્ડિસ્ઝૉલ્વૅબલ્)*a.*Incapable of separation:જુદું પાડી શકાય નહિ તેવું

Indistinct,(ઇન્ડિસ્ટિન્ગ્ક્ટ્)*a.*Not distinct:અભિન્ન;ઓળખાય નહિ તેવું.2.Obscure:અસ્પષ્ટ.

Indistinctly,(ઈન્ડિસ્ટિન્ગ્ટ્લિ)*adv.* Not definitely:ઝાંખું;અસાર.

Indistinctness, (ઇન્ડિસ્ટિન્ગ્ક્ટ્નેસ્) *n.* Confusion;uncertainty:અસ્પષ્ટતા; અવ્યક્ત; અવ્યક્તિ.

Indite,(ઇન્ડાઇટ્)*vt* [L.*in* & *dico* I proclaim.] To dictate what is to be uttered or written:જે કહેવાનું હોય તે જણાવવું;બોલીને લખાવવું.

Inditement,(ઇન્ડાઇટ્મેન્ટ્)*n.*The act of inditing:રચવું-બનાવવું તે;મોઢેથી બોલીને લખાવવું તે.

Individual, (ઇન્ડિવિડ્યૂઅલ્) *a.* [L. *in* & *divido*,I divide.]Single;one:જેનો ભાગ ના થઇ શકે એવું; આખું; એક; વ્યક્તિગત. 2. Pertaining to only one:ફક્ત એકનેજ લગતું. *n.* A human being:મનુષ્યજાત;જણ;આદમી;વ્યક્તિ.

Individualism, (ઇન્ડિવિડ્યૂઍલિઝ્મ્) *n.* Individuality: એકત્વ;પ્રત્યેકતા.2. Self-interest: એકલપેટાપણું.

Individuality,(ઇન્ડિવિડ્યૂઍલિટિ)*n.*The state of oneness:એકત્વ;પૃથકતા;વ્યક્તિતા.

Individually,(ઈન્ડિવિડ્યૂઍલિ)*adv.* To the exclusion of others:એક એક;પ્રત્યેક.

Indivisibility,(ઇન્ડિવિઝિબિલિટિ)*n.*The state or property of being indivisible: અવિભાજ્યત્વ;અવિભાજ્યતા.

Indivisible,(ઇનડિવિઝિબલ્)*a* Not divisible into parts:જેના ભાગ થાય નહિં એવું.

Indocile, (ઇન્ડૉસાઇલ્)*a.* Dull in intellect: unteachable:શિખે નહિં એવું;અશિક્ષણીય.

Indoctrinate,(ઇનડૉક્ટ્રિનેટ્)*vt* [L.*in* & *doctrina*.doctrine.]To furnish the doctrines or principles of:જ્ઞાનનાં મૂળતત્વ જણાવવાં.

Indoctrination, (ઈન્ડૉક્ટ્રિનેશન) *n.* Instruction in the rudiments and principles of any science:ઉપદેશ;બોધ.

Indolence, (ઈન્ડૉલેન્સ) *n.* Habitual idleness:આળસ;સુસ્તી;નિરૂદ્યમ;અનુત્સાહ;મંદતા.

Indolent,(ઈન્ડૉલેન્ટ્)*a* [L.*in* & *doleo*,I feel pain.]Lazy;inactive:આળસુ;સુસ્ત;એદી;જડ.

Indolently,(ઇન્ડૉલ્ટ્લિ)*adv.*Lazily:સુસ્તીથી.

Indomitable,(ઇડૉમિટૅબલ્)*a.*[L.*in* & *domo*, I tame.]Untamable:વશ ન થાય તેવું; અજીત.

Indorse-Endorse,(ઇન્ડૉર્સ-એન્ડૉર્સ) *vt.* [L. *in* & *dorsum*, the back.] To put on the back of:પીઠ ઉપર મૂકવું.2.To write upon the back:હુંડી વગેરેની પાછળ સહી કરીને સીકારવું.

Indorsee,(ઇન્ડૉર્સી)*n.* The person to whom a note or bill is indorsed:જેના ઉપર હુંડી લખી હોય તે માણસ.

Indorsement,(ઇન્ડૉર્સ્‌મેન્ટ્) *n.* The act of writing on the back of:ની પીઠ ઉપર લખવું તે.
Indorser, (ઇન્ડૉર્સર્)*n.* The person who indorses:હુંડી વગેરેની પાછળ સહી કરનાર.
Indubitable,(ઇનડ્યૂબિટેબલ્)*a.* [L.*in* & *dubito*,I doubt] A thing not admitting of doubt:ખચિત;નક્કી;નિઃસંદેહ;નિઃસંશય.
Indubitably,(ઇનડ્યૂબિટેબ્લિ)*adv.*Undoubtedly;unquestionably:ખરેખર;બેશક;નિભ્રાન્ત.
Induce, (ઇન્ડ્યૂસ્)*vt.* [L.*in* & *duco*,I lead.] To prevail on;to entice:લલચાવવું,ઉશ્કેરવું.
Inducement, (ઇન્ડ્યૂસ્મેન્ટ્) *n.* That which induces:લાલચ;ઉત્તેજન;મતલબ;પ્રયોજન.
Inducible,(ઇનડ્યૂસિબલ્)a.Capable of being induced:લલચાવા જેવું;લલચાય એવું;લાલચું.
Induct,(ઇન્ડક્ટ્)*vt* To bring in:દાખલ કરવું. 2 To introduce,as to a benefice or office:વિધિપૂર્વક સ્થાપવું;અધિકાર ઉપર બેસારવું.
Inductile,(ઇનડક્ટાઇલ્)*a.* Not ductile;incapable of being drawn into threads: તાર ન ખેંચાય તેવું.
Inductility, (ઇન્ડક્ટિલિટિ)*n.*The quality of being unductile:તાર ન ખેંચાય એવો ગુણ.
Induction, (ઇનડક્શન્)*n.* Commencement: શરૂઆત;પ્રારંભ 2. A conclusion drawn from a process of induction: અનુમાન;સિદ્ધાંત.
Inductive,(ઇન્ડક્ટિવ્)*a.*Persuasive:સમજાવતું; લલચાવતું.2.Leading to inferences:અનુમાનિક.
Indue,(ઇન્ડ્યૂ)*vt.*To put on:પહેરવું. 2. To invest;to endow:આપવું;દેવું.
Indulge,(ઇન્ડલ્જ્)*vt.*[L.*in* & *dulcis*,sweet.] (*a*) To give way to; not to oppose or restrain:અટકાવવું નહિ;પૂરે પાડવું;મના ન કરવી. (*b*) To give oneself up to:રજા-છૂટ આપવી;મહેરબાની દાખલ આપવું.2.To gratify:લાડલડાવવાં.*vt.*To gratify one's desires:ઇચ્છા-મન કામના તૃપ્ત ક૦.
Indulgence, (ઇનડલ્જેન્સ્)*n.* The act of indulging:આસક્તિ;લાડકોડ;લાડ.2 Favour;grant: મહેરબાની.
Indulgent,(ઇન્ડલ્જેન્ટ્)*a.* Compliant;humorous:લાડ લડાવનાર;કોડ પૂરા પાડનાર;માયાળુ.
Indulgently, (ઇન્ડલ્જેન્ટ્લિ) *adv* Mildly; favorably;not severely:કૃપાદૃષ્ટિથી;ક્ષમા પૂર્વક
Indurate,(ઇન્ડ્યૂરેટ્)*vi.*[L.*in* & *durus*,hard.] To grow hard:કઠણ થવું.*vt.*To make hard:કઠણ કરવું;મન કઠણ ક૦;નિર્દય ક૦.
Induration, (ઇન્ડ્યૂરેશન્) *n.* The act of hardening:કઠણ કરવું તે;કઠોરતા;નિર્દયતા [અટક.
Indus,(ઇન્ડસ્)*n.* The river Sindhu:સિંધુ નદી;
Industrious (ઇનડસ્ટ્રિઅસ્)*a.*[L.*in* & *struo*,I heap up.] Diligent in business or study: ઉદ્યોગી;મહેનતું;પરિશ્રમી.
Industriously, (ઇન્ડસ્ટ્રિઅસ્લિ)*adv.* With habitual diligence:હમેશના અભ્યાસ-મહેનતથી.
Industry,(ઇન્ડસ્ટ્રિ)*n.*Diligence:ઉદ્યોગ; ધંધો.
Inebriate, (ઇનઇબ્રિએટ્) *vt.* [L.*in* & *ebrio*,I make drunk.]To make drunk:નિશો ચઢાવવો. *vi.*To become intoxicated:છાકટા બની જવું.*a.* Drunk:પીધેલ.*n.*One who is drunk:મદ્યપાની માણસ
Inebriation-Inebriety,(ઇન્ઇબ્રિએશન્-ઇન્ઇબ્રાઇટિ)*n.*Drunkenness:કેફ;ઉન્માદ;છાકટાપણું;અમલ.
Ineffable, (ઇનએફ્ફેબલ્)*a.* [L. *in* & *effor*, I speak.]Unspeakable; unutterable:કહેવાય-વર્ણવાય નહિં એવું;અવર્ણનીય;અનિર્વચનીય;અકથનીય.
Ineffableness,(ઇનએફ્ફેબલ્નેસ્)*n.* Unspeakableness:બોલાય-બયાનથઇ શકે તે;અકથનીયતા.
Ineffaceable,(ઇનએફ્ફેસેબલ્)*a* Incapable of being effaced:ભુંસાય નહિં તેવું.
Ineffective-Ineffectual,Inefficacious, (ઇનએફ્ફેક્ટિવ્-ઇનએફ્ફેક્ટ્યૂઅલ્,ઇનએફ્ફિકેશસ્)*a.* Inefficient:નિરૂપયોગી;વ્યર્થ;નિરર્થક; અકારક.
Inefficacy-Inefficiency,(ઇનએફ્ફિકેસિ-ઇનએફ્ફિશિન્સિ)*n.*Inefficiency:નિરૂપયોગ;નિષ્ફળતા
Inefficient,(ઇનએફ્ફિશેન્ટ્)*a.*Not producing the effect:વ્યર્થ;નિરૂપયોગી;અયોગ્ય;નિષ્ફળી
Inelegance,(ઇનએલીગૅન્સ્)*n.*Want of beauty, polish, or ornament:અસુંદરતા;બેડોળપણું.
Inelegant,(ઇનએલીગૅન્ટ્)*a.*Deficient in beauty,polish,ornament,&c.:અશોભિત;બેડોળ.
Inelegantly, (ઇનએલીગૅન્ટ્લિ) *adv.* Coarsely; roughly:બેડોળપણાથી.
Ineligibility, (ઇનએલિજીબિલિટિ) *n.* State or quality of not being worthy of choice: અયોગ્યતા;નાલાયકી.
Ineligible, (ઇનએલિજીબલ્)*a.* Not worthy to be chosen;not expedient: પસંદ નહિં પડે એવું.
Inept, (ઇનેપ્ટ્)*a.* [L.*in* & *aptus*, apt]Unfit; unsuitable:અયોગ્ય;નાલાયક. 2. Foolish:મૂર્ખ.
Inequality,(ઇનઇક્વૉલિટિ)*n.* Lack of uniformity:ભિન્નતા;વિષમતા 2.Unevenness:ખરબચડાપણું. 3.Inadequacy:અસમતા;અપૂર્ણતા;અયોગ્યતા.
Inequitable,(ઇનએકિવટેબલ્)*a.*Not equitable; unjust:અન્યાયી; ગેરવાજબી; અયથાર્થ.
Inert,(ઇનર્ટ્)*a.*[L.*in* & *ars*,art.]Destitute of motion:ગતિરહિત; જડ; અચેતન. 2. Sluggish; dull:સુસ્ત; જડ; મંદ બુદ્ધિનું.
Inertia (ઇનર્શિઍ)*n.*Inertness; indisposition to move:અચેષ્ટા;અચેતનતા; જડતા 2. Want of activity;sluggishness:અચેતનતા;જડપણું.
Inertion,(ઇનર્શન્)*n.*Want of activity;inertness:ઉદ્યોગનો અભાવ; અવ્યાપાર;અચેષ્ટા; અપ્રવૃત્તિ.
Inertly,(ઇનર્ટ્લિ)*adv.* Sluggishly: આળસથી.
Inertness,(ઇનર્ટનેસ્)*n* Want of activity:આ-

જાસ;સુસ્તી;મંદતા;જડતા;અચેતનતા.
Inesculent,(ઇન્એસ્કયૂલેન્ટ્)*a*.Unfit to be eaten:ન ખવાય એવું;અખાદ્ય;અભક્ષણીય;અભક્ષ્ય.
Inestimable,(ઇન્એસ્ટિમૅબલ્)*a*.Incapable of being estimated: ગણાય નહિ એટલું; અસંખ્ય.
Inevitable,(ઇન્એવિટેબલ્)*a*.[L *in* e,and *vito*, I avoid.]Unavoidable:ટળાય દૂર-કરાય નહિં તેવું; આવશ્યક;અનિવાર્ય.
Inexact,(ઇન્એગ્ઝૅક્ટ્)*a* Not precisely correct or true:બરાબર નહિં તેવું;ભૂલ ભરેલું;બીનચોકસ.
Inexactness, (ઇન્એગ્ઝૅક્ટ્નેસ્) *n*. Incorrectness;want of precision:ના દુરસ્તી;બીનચોકસી.
Inexcusable,(ઇન્એક્સક્યૂઝૅબલ્)*a* Not admitting excuse or justification:માફ ન કરવા લાયક.
Inexertion,(ઇન્એગ્ઝર્શન્)*n*. Want of effort; defect of action:મેહેનત ન કરવી તે; અપરિશ્રમ.
Inexecution, (ઇન્એગ્ઝિક્યૂશન્)*n*. Neglect of execution: ન કરવું તે; અમલમાં ન લાવવું તે.
Inexhausted, (ઇન્એગ્ઝહૉસ્ટેડ્) *a*. Not emptied;not spent:ખાલી નહિં થયેલું; નહિં થાકેલું.
Inexhaustible, (ઇન્એગ્ઝહૉસ્ટિબલ્) *a*. [L. *in ex* & *haurio*,I draw.]Not to be wasted or spent: ખૂટે નહિં તેવું; બેસુમાર; અપાર;અખૂટ.
Inexistence, (ઇન્એગ્ઝિસ્ટેન્સ્) *n* Want of being in existence: હયાતીમાં ન હોવું તે.
Inexistent,(ઇન્એગ્ઝિસ્ટેન્ટ્)*a*.Not having being:હયાતીમાં ન હોય તેવું;અસત્; અવિદ્યમાન.
Inexorable, (ઇન્એક્સોરૅબલ્) *a*.[L.*in* & *exoro* I entreat.]Unyielding:કઠણ;વજ્ર હૈયાનું.
Inexorably,(ઇન્એક્સોરૅબ્લિ)*adv*.So as to be immovable by entreaty: નિર્દયતાથી.
Inexpedience cy, (ઇન્એક્સ્પીડિએન્સ-ન્સિ)*n*. Want of fitness;impropriety:અયોગ્યતા.
Inexpedient, (ઇન્એક્સ્પીડિએન્ટ્)*a*.Unfit;improper:અયોગ્ય;અનુચિત; અકાર્ય; નાલાયક.
Inexperience,(ઇન્એક્સપીરિએન્સ્)*n* [L.*in* & *experior*, I try.] Absence of experimental knowledge:અજાણપણું;બીનવાકેફગારી;ગેરમાહિતી.
Inexperienced,(ઇન્એક્સપીરિએન્સ્ડ્) *a*. Not having experience:અજાણ;બીનઅનુભવી.
Inexpert,(ઇન્એક્સ્પર્ટ્)*a* Not skilled;destitute of knowledge:અનાડી,અકુશળ;અણુકસબી;અચતુર.
Inexpiable, (ઇન્એક્સ્પિએૅબલ્) *a*. Admitting of no atonement or satisfaction: જેનું પ્રાયશ્ચિત નથી એવું.2 Implacable:ગુંચવણ ભરેલું.
Inexplicable,(ઇન્એક્સ્પ્લિકૅબલ્) *a*. Not explainable:સમજાય નહિં એવું;ગૂઢ;ગહન;દુર્બોધ.
Inexpressible,(ઇન્એક્સ્પ્રેસિબલ્)*a*. Unspeakable:જેનું બ્યાન ન કરાય એવું;અનિર્વાચ્ય;અકથનિય.
Inexpressive, (ઇન્એક્સ્પ્રેસિવ્) *a*. Inexpressible:અદર્શનીય; અનિર્વાચ્ય; અકથનીય.
Inextinguishable,(ઇન્એક્સ્ટિન્ગ્વિશૅબલ્) *a*. Not capable of being extinguished:હોલવાય-સમીજાય નહિં એવું;અશમનીય.
Inextricable, (ઇન્એક્સ્ટ્રિકબલ્) *a*. Not capable of being untied:ગુંચવણમાંથી કઢાય નહિં એવું.
Ineye,(ઇન્આઇ)*vt*. To inoculate as a tree or plant by the insertion of a bud:કલમ કરવી.
Infallibility,(ઇન્ફૅલિબિલિટિ)*n*.The quality of being exempt from error:અચૂકપણું; અભ્રાંતિ.
Infallible,(ઇન્ફૅલિબલ્)*a* Unerring:ભૂલ વગરનું, અવ્યર્થ;નિશ્ચિત.2.Certain:નિશ્ચિત;નક્કી.
Infallibly,(ઈન્ફૅલિબ્લિ)*adv*.Certainly:નક્કી.
Infamous,(ઇન્ફમસ્)*a*.[L.*in* & *fama*,fame.] Of ill report:બદનામીવાળું;ફજેત થયેલું;બે આબરૂનું
Infamy,(ઇન્ફમિ) *n*. Disgrace: અપકીર્તિ;અપજશ;અપ્રતિષ્ઠા;બદનામ;નામોશી; બે આબરૂ.
Infancy, (ઈન્ફન્સિ) *n*. The first part of life: બાલ્યાવસ્થા; બાળપણ; બચપણ. 2. The first age of anything:આરંભ;શરૂઆત.પૂર્વાવસ્થા.
Infant,(ઇન્ફન્ટ્) *n*. [L. *in* & *fari*,to speak.] A child;a young baby:બાળક;છોકરૂં.
Infanticide,(ઇન્ફન્ટિસાઇડ્)*n*.[L.*in fari*,and *coedo*, I kill.] Murder of a newly born child:બાળહત્યા.2 ખૂની; હત્યારો.
Infantile,(ઈન્ફન્ટાઇલ્) *a*. Pertaining to the first period of life:બાળદશાનું;બચગીનું;બચપણનું.
Infantine,(ઇન્ફન્ટાઇન્)*a*. Pertaining to infants or young children:બાળક સરખું;બાળકનું.
Infantry,(ઇન્ફન્ટ્રિ)*n*.[L. *in* & *fante*,a foot soldier] Foot-soldiers: પાયદળ; પગે ચાલનારૂં લશ્કર.
Infatuate.(ઈન્ફૅટ્યૂએટ્)*vt*. [L. *in* & *fatuus* foolish.] To make foolish: બુદ્ધિહીન કરવું.
Infatuation,(ઇન્ફૅટ્યૂએશન્) *n*. The act of affecting with folly:ઘેલા-ગાંડાપણું;મૂર્ખાઇ.[અશક્ય.
Infeasible, (ઈન્ફીસિબલ્) *a*. Impracticable:
Infect,(ઇન્ફેક્ટ્)*vt*.[L *in* & *facio*, I make.] To taint with disease:ચેપ લગાડવો;બગાડવું.
Infection, (ઇન્ફેક્શન્) *n*. The act of infecting:ચેપ લગાડવો તે.2. That which infects or causes the disease:ચેપ;રૂડતો રોગ; સંગ દોષ.
Infectious (ઇન્ફેક્શસ્)*n*. Pestilential: ચેપી.
Infecund,(ઈન્ફીકન્ડ્)*a*.Not producing young barren:વાંઝીયું;અફળવાન.
Infecundity,(ઈન્ફીકન્ડિટિ)*n* Unfruitfulness; barrenness:વાંઝીઆપણું;અફળતા;વંધ્યત્વ.
Infelicitous,(ઇન્ફીલિસિટસ્)*a*.Unhappy:દુઃખી.
Infelicity,(ઈન્ફીલિસિટિ)*n*. Unhappiness: કમનશીબ;દુઃખ.2.Unfortunate state:દુઃખીહાલત.
Infer (ઈન્ફર્) *vt*. [L *in* & *fero*, I bring] To prove:અનુમાન કરવું; અટકળ બાંધવી.
Inferable.(ઈન્ફરેબલ્)*a*.Capable of being inferred: અટકળ-અનુમાન કરવા જોગ; અનુમેય.

Inference,(ઇન્ફરેન્સ્)*n.*The act of inferring: અનુમાન; તર્ક.

Inferential, (ઇન્ફરેન્શલ્) *a.* Deduced or deducible by inference:અટકળેનક્કીકરેલું.

Inferior,(ઇન્ફીરિઅર્)*a* [L. *Infra*, beneath.] Lower in place, rank:નિચેનું; ઉતરતાદરજ્જાનું. *n.* A person lower in rank than another: બીજા કરતાં નિચીપદવીવાળો માણસ.

Inferiority,(ઇન્ફીરિઑરિટિ) *n.* A lower state or condition:ઉતરતોદરજ્જો; નીચપણું; ગૌણત્વ.

Infernal,(ઇન્ફર્નલ્)*a.* Hellish: નર્કવાસી;અતિદુષ્ટ.*n.*An inhabitant of hell:નર્કનોરહેવાશી.

Infertile,(ઇન્ફર્ટાઇલ્)*a.*Unfruitful:અફળદ્રુપ.

Infertility,(ઇન્ફર્ટિલિટિ) *n.* Unproductiveness;barrenness:અફળદ્રુપતા.

Infest,(ઇન્ફેસ્ટ્)*vt.*[L *in* & *fendo*,I offend.]To disturb;to harass:ઘણાથઈનેઇજા-તસ્દીઆપવી.

Infestivity,(ઇન્ફેસ્ટિવિટિ)*n.* Want of cheerfulness,mirth:ગમગીની;નાખુશી;દુ:ખીપણું.

Infidel,(ઇન્ફિડેલ્)*a.* [L.*in* & *fides* faith.]Unbelieving:શાસ્ત્રનિંદક;નાસ્તિક. *n.* A heathen: મૂર્તિપૂજક;અસદ્ધર્મી.

Infidelity,(ઇન્ફિડેલિટિ) *n.* Want of faith or belief:બેઇમાની;અવિશ્વાસ 2.જારકર્મ;છિનાળું.

Infiltrate,(ઇન્ફિલ્ટ્રેટ્)*vt* To enter by penetrating the pores of a substance:છણવું;ગાળવું.

Infiltration, (ઇન્ફિલ્ટ્રેશન્) *n.* The process of filtering:પદાર્થનોપ્રવેશ;ઝરણ.

Infinite, (ઇન્ફિનિટ્)*a.*Unlimited in time or space:વખત-જગ્યામાંબેહદ-અપાર;ઘણુંજમ્હોટું; અનંત; બે સુમાર. *n.* Infinity:બેહદ અપારપણું.

Infinitely,(ઇન્ફિનિટ્લિ)*adv.*Without bounds or limits:અપાર;બેસુમારપણે

Infiniteness,(ઇન્ફિનિટ્નેસ્)*n* Infinity:અનંતતા.

Infinitesimal (ઇન્ફિનિટેસિમલ્)*a.* Infinitely small:ઘણુજ ન્હાનું; અતિસૂક્ષ્મ.

Infinitive, (ઇન્ફિનિટિવ્) *a.* Unlimited; not bounded:બેહદ;અપાર I *mood*:સામાન્યરૂપ.

Infinitude,(ઇન્ફિનિટ્યૂડ્)*n.* Infiniteness:અપારપણું. 2. Immensity:ઘણુંજ મ્હોટું હોવું તે.

Infinity,(ઇન્ફિનિટિ)*n.* Boundlessness: અપારબેહદપણું;અનંતતા.

Infirm,(ઇન્ફર્મ્)*a.*Weak:અશક્ત; દુર્બળ.

Infirmary,(ઇન્ફર્મરિ) *n.* A hospital where the infirm are lodged and nursed:રોગીશાળા

Infirmity,(ઇન્ફર્મિટિ) *n.* The state of being infirm; a disease: અશક્ત થવું તે; રોગ.

Infirmly,(ઇન્ફર્મ્લિ) *adv.* In an infirm manner:નબળાઇથી.

Infix, (ઇન્ફિક્સ્) *vt.* To fix by piercing or thrusting in:ખોસવું;ઘાલવું;રોપવું.2.To set in: જડવું; બેસાડવું.

Inflame,(ઇન્ફ્લેમ્)*vt* [L.*in* & *flamma*.flame.] To kindle:સળગાવવું;ચેતવવું.2.To raise to an unnatural heat: (આંખો) લાલ કરવી.

Inflammability,(ઇન્ફ્લૅમૅબિલિટિ) *n.* Susceptibility of readily taking fire:સળગેએવોગુણ.

Inflammable,(ઇન્ફ્લૅમૅબલ્)*a.*Capable of being set on fire:સહેજ સળગી ઉઠે એવું.

Inflammation, (ઇન્ફ્લૅમૅશન્) *n.* The act of setting on fire:સળગાવવું તે. 2. The state of being on fire:દેવતા ઉપર હોવું તે.

Inflammatory (ઇન્ફ્લૅમૅટોરિ) *a.* Tending to excite heat:દાહક; આગ ઉઠાડે એવું.

Inflate (ઇન્ફ્લેટ્ ,*vt* [L. *in* & *flo*, I flow.] To blow into:પવનથી ફુલાવવું. 2. To swell: ગર્વથી ફુલાઇ જવું; ચઢાવવું.

Inflation,(ઇન્ફ્લેશન્)*n.*The act of inflating: ફુંકીને ફુલાવવું તે.2.Conceit:પતરાજ; ફુલાશ;ફુલ.

Inflect,(ઇન્ફ્લેક્ટ્)*vt.* [L.*in* & *flecto*,I bend.] To bend: વાળવું. 2. To vary a noun in its terminations:વિભક્તિ લગાડવી.

Inflection,(ઇન્ફ્લેક્શન્)*n.*The act of inflecting:વાળવું તે. 2. A bend; a fold: વળ. 3.The variation of nouns &c ,and verbs by conjugation:રૂપ;વિભક્તિ.

Inflective,(ઇન્ફ્લેક્ટિવ્)*a.* Capable of inflection:વળાય એવું;વાળવા જોગ.

Inflexibility, (ઇન્ફ્લેક્સિબિલિટિ) *n.* Unyielding stiffness: ન મરડાય એવી સ્થિતિ; હઠ; જીદ.

Inflexible, (ઇન્ફ્લેક્સિબલ્) *a.* Incapable of being bent; firm:મરડાય-વળાય નહિં એવું.

Inflexibly,(ઇન્ફ્લેક્સિબ્લિ)*adv.* Firmly; inexorably:દૃઢપણે;આગ્રહથી.

Inflict,(ઇન્ફ્લિક્ટ્)*vt.*[L *in* & *fligo*,I strike.] To impose:ભોગવવી(સજા)દેવું;કરવું.

Infliction,(ઇન્ફ્લિક્શન્)*n.* The act of inflicting:દેવું તે;ભોગવવું તે;કરવું તે.2. Punishment: શિક્ષા,નસીયત;દુ:ખ.

Inflictive,(ઈન્ફ્લિક્ટિવ્)*a.*Tending or able to inflict:આપવું;દેવું;શિક્ષા-દંડ કરનાર.

Inflorescence,(ઇન્ફ્લૉરેસેન્સ્) *n.* The unfolding of blossoms:ફુલ ખીલવાં આવવાં તે.

Influence,(ઇન્ફ્લ્યૂએન્સ્) *n.* [L. *in* & *fluo*,I flow.] Ability to move or effect:થતી અસર; સત્તા 2. Power arising from character,station wealth and the like:વગ; વજન; વસીલો *vt.* To move: અસર કરવી.

Influential,(ઇન્ફ્લ્યૂએન્શલ્)*a* Exerting influence: વજનદાર; ભારબોજવાળું; વક્કરવાળુ .

Influentially, (ઇન્ફ્લ્યૂએન્શલિ)*adv.* In an influential manner:રગવશીલાથી.

Influenza,(ઇન્ફ્લ્યૂએન્ઝૅ) *n.*A violent form of catarrh:સલેખમ;રસપૂણી;રસ.

Influx, (ઇન્ફ્લક્સ્)*n.* The act of flowing in: અંદર વેહેવું તે;અંતઃપ્રવાહ.
Influxion,(ઇન્ફ્લક્શન્)*n.* Infusion;intromission:ક્વાથ;કાવો;ઉકાળો.
Infold,(ઇન્ફોલ્ડ્)*vt.* To wrap up:વિંટાળવું.
Inform,(ઇન્ફૉર્મ્)*vt.*[L *in* & *forma*,shape.] To make known;to advise:ખબર આપવી;જણાવવું;કહેવું,સૂચવવું.માહિત ક૦.
Informal(ઇન્ફૉર્મલ્)*a.* Not in the regular form;without ceremony:વિધિ-નિયમ વિરૂદ્ધ
Informality,(ઈન્ફૉર્મેલિટિ)*n.* Want of regular or customary form:વિધિ-નિયમ રીતિ વિરોધ.
Informally, (ઈન્ફૉર્મલિ) *adv.* Without the usual forms:નિયમથી વિરૂદ્ધ રીતે.
Infermant,(ઇન્ફૉર્મન્ટ્)*n.*One who informs: ખબર આપનાર; જણાવનાર.
Information,(ઇન્ફૉર્મેશન્)*n.*The act of informing:ખબર;વર્તમાન;બાતમી.2 Intelligence notion:પ્રાપ્ત થયેલું જ્ઞાન;માહિતી.
Informer,(ઇન્ફૉર્મર્)*n.*One who informs or gives intelligence:ખબર આપનાર-કહેનાર.
Infraction,(ઈન્ફ્રેક્શન્)*n.* [L *in* & *frango*,I break.]Breach;violation:ભાગવું તે;ઉલંઘન;ભંગ.
Infrangible,(ઇન્ફ્રેન્જિબલ્)*a.* Not capable of being broken into parts:અભંગ;અભાગ નહિ એવું
Infrequency, (ઈન્ફ્રીક્વેન્સિ) *n.* Uncommonness; rareness:વિરલાપણું;નવાઇ.
Infrequent,(ઇન્ફ્રીક્વેન્ટ્)*a.*Rare:નવાઈ રૂપ.
Infringe,(ઇન્ફ્રિન્જ્) *vt.* [L. *in* & *framgo*, I break.] To break:વચન તોડવું.
Infringement,(ઇન્ફ્રિન્જમેન્ટ્)*n.* Breach:ભંગ.
Infuriate,(ઇન્ફ્યૂરિએટ્) *vt.* [L. *in* & *furo*, I rave.] To render furious or mad: ચીડવવું; ક્રોધ ચઢાવવો. *a.* ક્રોધાંધ;માતેલું;મસ્ત.
Infuse,(ઈન્ફ્યૂઝ્)*vt.* [L. *in* & *fundo*, I pour.] To pour in:રેડવું. 2. To inspire with: મનમાં ઉતારવું.3.To make an infusion:કાવો-ક્વાથ કરવો
Infusible,(ઈન્ફ્યૂઝિબલ્)*a.* Capable of being infused:રેડવા-મનમા ઠસાવવા લાયક.
Infusion,(ઈન્ફ્યૂઝન્)*n.* The act of infusing or pouring in:રેડવું તે;મનમાં ઠસાવવું ઉતારવું તે. 2 કાવો;ક્વાથ;ઉકાળો;કાઢો.
Infusoria,(ઇન્ફ્યૂસોરિઆ)*n* Animals found in water and other liquids:પાણીમાં ઝીણાં જીવડાં.
Ingathering,(ઇન્ગૅધરિન્ગ્)*n.*The act of collecting the fruits of the earth;harvest:કાપણી
Ingenerate,(ઈન્જેનેરેટ્)*a.*Inborn:સ્વભાવિક.*vt* To generate or produce within:અંદર પેદા ક૦.
Ingenious,(ઈન્જીનિઅસ્) *a.* [L. *in* & *gigno*,I beget.] Skilful: શોધી કાઢવાને ચતુર; દક્ષ્ણી. 2. Pertaining to genius:કરામત-યુક્તિ ભરેલું. 3. Witty:રસિક.4.Intellectual:બુદ્ધિવાળો.
Ingeniously, (ઇન્જીનિઅસ્લિ)*adv.* With ingenuity;with skill:યુક્તિ-ચતુરાઇથી.
Ingenuity, (ઇન્જેન્યૂઇટિ) *n.* Ingeniousess; skill:શોધકબુદ્ધી;ચતુરાઇ;યુક્તિ;કરામત.
Ingenuous (ઈન્જેન્યૂઅસ્) *a.* Freeborn; of honourable extraction:કુલીન;ખાનદાન.
Ingenuously, (ઇન્જેન્યૂઅસ્લિ) *adv.* Openly: fairly;candidly:નિખાલસપણાથી.
Ingenuousness(ઇન્જેન્યૂઅસ્નેસ્)*n.* Openness of heart;frankness:નિખાલસપણું;ભોળાપણું.
Inglorious,(ઇન્ગ્લૉરિઅસ્)*a.*Not glorious:અપકીર્તિનું.2.Shameful:શરમભરેલું. [પાટલો.
Ingot(ઈન્ગૉટ્)*n.* સોનુ-રૂપુ વિગેરે ધાતુની લગડી-ઈંટ
Ingraft,(ઇન્ગ્રૅફ્ટ્)*vt.* To insert,as a scion of one tree into another for prolongation: ઝાડની ડાળી કાપ મેળવી દેવી;કલમ કરવી.
Ingrain,(ઇન્ગ્રેન્)*vt.* To dye with grain:કણરંગથી રંગવું. 2. To dye before manufacture: વણ્યા વિનાના માલને રંગવો.
Ingrate,(ઇન્ગ્રેટ્) *a* Not having feelings of kindness;ungrateful:ગુણહરામ;કૃતઘ્ન;ગુણચોર *n* An ungrateful person:ગુણહરામી માણસ.
Ingratiate,(ઇન્ગ્રેશિએટ્)*vt.*[L *in* & *iagar*, favor.]To bring into favor; to insinuate: કૃપા-મેહેરબાની સંપાદન કરવી;વહાલા થવું.
Ingratitude,(ઇન્ગ્રૅટિટ્યૂડ્)*n.*Insensibility to favors;unthankfulness:કૃતઘ્નતા;નિમકહરામી.
Ingredient,(ઈન્ગ્રીડિએન્ટ્)*n.*[L.*in*&*gradior*, I enter.]That which enters a compound; an element:અંશ;ભાગ;અવયવભૂત વસ્તુ.
Ingress,(ઇન્ગ્રેસ્)*n.*[L *in*&*gradior*,I enter.] Entrance:અંદર જવું તે;પ્રવેશ;પેસારો.
Ingression,(ઈન્ગ્રેશન્)*n.*The act of entering entrance:અંદર જવું તે;પ્રવેશ.
Ingulf,(ઇન્ગલ્ફ્)*vt.*To swallow up in a vast, deep gulf or whirlpool:ગરક કરવું;બુડાડી દેવું.
Ingurgitate (ઈન્ગર્જીટેટ્)*vt* [L.*in* & *gurges*, gulf.] To swallow in great quantity:એકદમ બહુ જ પીવું 2 To ingulf:ગરક ક૦;બુડાડી દેવું.
Inhabit,(ઇન્હૅબિટ્)*vi.*[L *in*&*habeo*,I have.] To live or dwell in;to occupy:-માં રેહેવું-વસવું.
Inhabitable, (ઇન્હૅબિટેબલ્) *a.* Capable of being inhabited;habitable:રહેવા-વસવા જોગ.
Inhabitancy,(ઇન્હૅબિટન્સિ)*n.*The condition of an inhabitant;residence:કાયદેસર વાસ-રહેઠાણ.
Inhabitant,(ઈન્હૅબિટન્ટ્)*n* One who dwells or resides permanently:રેહેઠાણ કરનાર.
Inhabitation,(ઇન્હૅબિટેશન્)*n.* Abode;place of dwelling:રહેવાની જગા;મુકામ.
Inhale,(ઇન્હેલ્)*vt.*[L *in* & *halo*,I breathe.]To draw into the lungs;to inspire:શ્વાસ-દમ લેવો.
Inhaler,(ઈન્હેલર્)*n.*One who inhales:જે શ્વા-

સ લે છે તે.

Inharmonious,(ઈન્હાર્મોનિઅસ્)*a*. Not harmonious; unmusical;discordant:બેતાલ;બેસુર

Inhere,(ઇન્હીર્)*vi*. [L *in* & *gaereo*,I stick.] To be fixed:વળગી-ચોંટી રહેવું.

Inherent,(ઇન્હીરેન્ટ્)*a* Innate:મૂળનું.

Inherit,(ઇન્હેરિટ્)*vt* [L *haeres*,an heir.]To take by descent from an ancestor;to take by inheritance:ના વારસ થવું; વારસો પામવો. *vi* To have as an inheritance:વારસો હોવો-આવવો મળવો.

Inheritable (ઈન્હેરિટૅબલ્) *a*. Transmissible or descendible to:વારસામાં-વારસાના કાયદાથી મળે એવું.2. Capable of being transmitted from the parent to the child: માબાપથી-ઘરડ વરડાથી આવી શકે એવું.

Inheritance,(ઇન્હેરિટૅન્સ્) *n*. An estate derived from an ancestor an heir in course of law:વારસો;વતન.

Inheritor,(ઇન્હેરિટર્)*n* An heir:વારસ. [વારસ.

Inheritrix, (ઈન્હેરિટ્રિક્સ્) *n*. An heiress:સ્ત્રી

Inhibit,(ઇન્હિબિટ્)*vt*.[L.*in* & *habio*, I hold] To check;to hinder:અટકાવવું;નિષેધ-મના ક૦.

Inhibition, (ઇન્હિબિશન્) *n*. The act of inhibiting;restraint:અટકાવવું તે;મના;નિષેધ.

Inhospitable(ઇન્હૉસ્પિટૅબલ્)*a*.Not disposed to entertain strangers:પરોણા ચાકરી કરે એવું.

Inhospitality,(ઈન્હૉસ્પિટૅલિટિ)*n*. The quality of being inhospitable: પરોણાની બરદાસ ચાકરી ન કરવી તે.

Inhuman,(ઈન્હ્યૂમૅન્) *a* [L.*in* & *humanus*, humane]Cruel;savage:ઘાતકી;જંગલી.

Inhumanity,(ઈન્હ્યૂમૅનિટિ)*n*.Cruelty:ક્રૂરતા.

Inhumanly (ઈન્હ્યૂમૅન્લિ)*adv*.Cruelly;barbarously:ઘાતકીપણાથી. [માં પુરવું-દાટવું.

Inhume,(ઈન્હ્યૂમ્)*vt* To bury;to inter:જમીન-

Inimical,(ઇનિમિકૅલ્) *a*. [L. *in* & *amicus*, a friend.]Unfriendly:વેરી;દ્વેષી;પ્રતિકૂળ; વિરોધી.

Inimitable,(ઇનિમિટૅબલ્)*a*.Surpassingly excellent or superior:જેની નકલ થાય નહિં એવું.

Iniquitous,(ઇનિક્વિટસ્)*a*. [L.*in* & *oequitas* equity.] Unjust; wicked:અન્યાયનું;અધર્મનું.

Iniquity,(ઇનિક્વિટિ) *n*. Wickedness:અન્યાય; અધર્મ;અપ્રમાણિકપણું.2. A sin:અપરાધ.

Initial,(ઇનિશૅલ્) *a*. [L. *in* & *eo*, I go] Pertaining to the beginning;પ્રથમ; પહેલું;આરંભનું. 2. Placed at the beginning:શરૂઆતમાં પહેલું આવેલું. *n*. The first letter of a word: કોઈ શબ્દનો પહેલો અક્ષર. *vt*. To sign by an initial:નામના પહેલા અક્ષર લખીને સહી ક૦.

Initiate, (ઈનિશિએટ્) *vt*. To make a beginning with:-થી આરંભ ક૦. 2. To instruct in the rudiments or principles:મૂળતત્ત્વ શિખવવા. 3. To introduce into a society: ઉપદેશ આપી કોઇ પંથમાં દાખલ ક૦.

Initiated,(ઈનિશિએટેડ્)*a*.Introduced:દીક્ષિત; રીતે પ્રમાણે દાખલ થયેલું.

Initiation,(ઇનિશિએશન્) *n*. The act or process of initiating: શિખવવું તે. 2. Mode of entrance into an organized body:કોઇને ઉપદેશ આપી મંડળીમાં દાખલ કરવું તે.

Initiative, (ઇનિશિએટિવ્) *n*. An introductory step or movement:આરંભ;શરૂઆત;પહેલ.

Initiatory,(ઇનિશિએટરિ)*a*. Suitable for beginning:પ્રથમ;આરંભનું;પહેલનું.

Inject,(ઈન્જેક્ટ્)*vt*. [L. *in* & *jacio*, I throw.] To throw in:અંદર નાંખવું-પીચકારી મારવી.

Injection, (ઈન્જેક્શન્) *n*. The act of throwing in:અંદર નાંખવું-ઘાલવું તે.2 A medicine to be injected:પિચકારી મારીને શરીરમાં નાંખવાનું ઓસડ.

Injudicious, (ઇનજ્યૂડિશસ્) *a*. [L. *in* & *judico*, I judge] Unwise: અવિચારી-અવિવેકી; ડાહ્યું નહિં;અણસમજુ;બેસમજ,અનુચિત.

Injunction,(ઇનજંગ્કશન્)*n* [L. *in* & *jungo*, I join.] An order:આજ્ઞા;હુકમ;ફરમાન.

Injure,(ઇન્જર્)*vt* [L.*in* & *jus,juris*,law.[*a*) To do harm to: બગાડવું; ખરાબ કરવું;હાનિ-ઇજા ક૦ (*b*)To hurt or wound:ઘા પાડવો;ઘાયલકરવું. (*c*) To slander:આબરૂને બટ્ટો લગાડવો. (*d*) To grieve:મન દુખાવવું;માઠું લગાડવું.

Injurious,(ઈન્જ્યૂરીઅસ્)*a*. Not just; wrongful:નુકશાન પહોંચાડનારું.2.Hurtful:દુઃખકારક.

Injuriously,(ઇન્જ્યૂરિઅસલિ)*adv*. Wrongfully;hurtfully:નુકશાનથી.

Injury,(ઈન્જ્યૂરિ)*n*. Mischief:નુકશાન;ઈજા;હાનિ.

Injustice,(ઈન્જસ્ટિસ્)*n*. [L.*in* & *jus*, right.] Iniquity;wrong:અન્યાય;ગેરઈનસાફ;અધર્મ.

Ink,(ઇન્ગ્ક) *n*. A colored fluid:શાઈ; રૂશનાઈ.

Inkhorn stand-bottle, (ઇન્ગ્કહૉર્ન્-સ્ટૅન્ડ્બૉટલ્) *n*. An inkstand:ખડિયો. [પાટી.

Inkle,(ઈન્ગ્કલ્)*n*.A kind of broad linen tape:

Inkling,(ઈન્ગ્કિલન્ગ્)*n*. Inclination:ઇચ્છા.

Inky,(ઈન્ગ્કિ)*a* Consisting of ink:શાઈથી ભરેલું.

Inland,(ઇન્લૅન્ડ્)*a*.Within the land;interior: દેશ અંદરના ભાગનું. *n*. The interior part of a country:દેશની અંદરનો ભાગ.

Inlay,(ઇન્લે)*n*.Matter or pieces of wood,ivory &c.:લાકડાપર હાથી દાંતનું જડેલું કામ. *vt*. To lay within:જડવું;બેસાડવું.

Inlet,(ઇન્લેટ્)*n*. Place of ingress; entrance: રસ્તો;વાટ;માર્ગ;દ્વાર.2.A bay or recess:ખાડી.

Inly,(ઈન્લિ)*adv* Within:છુપી રીતે;અંદર ખાનેથી.

Inmate,(ઇન્મેટ્)*n*. One who dwells in the

same apartment with another; a fellow-lodger:(એકઘર)માં રહેનાર;સાથે રહેનાર;સહવાસી.
Inmost,(ઈન્મૉસ્ટ્)*a* Deepest within;furthest from the surface:ઘણુંજ અંદરનું.
Inn,(ઇન)*n*. A public house;a hotel:સરાઇ;ઉતારો;ધર્મશાળા.2.A building in which students at law have their lodgings:જે ઠેકાણે કાયદાનો અભ્યાસ કરનારા વિદ્યાર્થિઓ રહે છે તે. [વાળો.
Innkeeper,(ઈન્કીપર્)*n*. An innholder:વિસી-
Innate,(ઈન્નેટ્)*a*.[L *in*&*natus*,born]Inborn native;natural:જન્મનું;કુદરતી;સ્વાભાવિક.
Innavigable,(ઈન્નૅવિગૅબલ્)*a*.Impassable by ships:વહાણથી જવાય-અવાય નહિં એવું; નૌકાગમનાશક્ય. [ગર્ભસ્થ
Inner,(ઈનર્)*a*.Interior:અંદરની બાજુનું;અંદરનું
Innermost,(ઇનર્મૉસ્ટ્)*a*. Furthest inward: સૌથી અંદરના ભાગનું.
Inning,(ઇનિન્ગ્)*n*.The time or turn for taking the bat:દડાની રમતમાં પાટીયાથી ખેલવાની વારી
Innocence cy, (ઇન્નોસેન્સ્-ન્સિ) *n*. Freedom from that which is harmful:નિરપરાધીપણું: નિર્દોષતા.
Innocent,(ઈનોસેન્ટ્)*a*.[L *in*&*noceo*,I hurt.] Innoxious:નિરૂપદ્રવી;નિરપરાધી;નિર્દોષ; નિષ્પાપ.
Innocently,(ઇન્નોસન્ટ્લિ)*adv* In an innocent manner;harmlessly:હાની ન કરે તેવી રીતે.
Innocuous,(ઇન્નૉક્યૂઅસ્) *a*. Harmless: જેથી દુઃખ ન થાય તેવું; નિરપકારી.
Innovate,(ઇન્નોવેટ્)*vt* [L.*in* & *novo*,I make new.] To change or alter by introducing something new:નવી રીત-ચાલ દાખલ કરીને ફેરવી નાંખવું;રૂઢિમાં ફારફેર કo.
Innovation,(ઇન્નોવેશન)*n* A change effected by innovating:નવી રીત-નવી ચાલ; નવો મ.ર્ગ.
Innovator,(ઇન્નોવેટર્)*n* One who innovates: નવો ધારો ચાલુ કરનાર;નવિનસ પ્રદાય પ્રવર્તક [દ્રવી.
Innoxious,(ઈન્નૉક્સીઅસ્)*a*.Harmless:નિરૂપ-2.Free from crime:ગુન્હાથી મુક્ત;નિર્દોષ.
Innuendo,(ઇન્યૂએન્ડો)*n*.[L *in* & *nuo*,I nod.] An oblique hint:આડી વાત કરીને કરેલી ઈશારત.
Innumerable,(ઈન્યૂમરૅબલ્)*a*.Not capable of being counted;countless:અગણિત;બેસુમાર.
Innumerably,(ઈન્યૂમરૅબ્લિ) *adv*. Without number:બેહદથી;બેસુમારપણે.
Innutrition,(ઈન્યૂટ્રિશન)*n*. Failure of nourishment:અપોષણ;અપુષ્ટિ.
Innutritious,(ઈન્યૂટ્રિશસ)*a*. Not supplying nourishment;innutritive:પુષ્ટી આપે નહિં એવું.
Inobservation,(ઇનઑબ્ઝર્વેશન) *n*. Neglect or want of observation:અલક્ષ;દુર્લક્ષ.
Inoculate,(ઇનૉક્યૂલેટ્)*vt*. [L *in* & *oculus*, an eye.] To bud;કલમ કરવી 2.To communicate a disease by inserting infectious matter:શરીરમાં ચેપ ઘાલીને રોગ કરવો. *vt*. To graft by inserting bud:કલમ કરવી.
Inoculation,(ઈનૉક્યૂલેશન) *n*. The act or art of inoculating: એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવવી તે.2.શીતળા કાઢવા તે.
Inodourous,(ઇનઓડરસ્)*a*.Wanting scent; having no smell;scentless:વાસ-ગંધ રહિત.
Inoffensive,(ઇનઑફેન્સિવ્)*a*.Giving no offence or uneasiness:ગરીબ;બાપડું;અદ્વેષી.
Inofficial,(ઇનઑફિશૅલ્)*a* Not proceeding from the proper office:વગર અધિકારે આપેલું.
Inofficious,(ઇનઑફિશસ્) *a*. Unfit for office or active duty: ફરજ બજાવવાને નાલાયક.
Inoperative,(ઇનઑપેરેટિવ્) *a*. Not active; producing no effect:અસર કરે નહિ એવું.
Inopportune,(ઇનઑપૉર્ટ્યૂન)*a* Inconvenient;unseasonable in time:અકાળિક;કવેળાનું.
Inordinancy,(ઇનઑર્ડિનૅન્સિ)*n*.Irregularity; disorder:ગરબડ;ગેરબંદોબસ્ત.2.Excess:બેહદપણું.
Inordinate, (ઈનઑર્ડિનેટ્) *a*. Excessive: બેસુમાર;અપરિમિત;બેહદ.
Inordinately,(ઇનઑર્ડિનેટ્લિ)*adv*. Irregularly;excessively:બેસુમારપણે.
Inorganic, (ઇનઑર્ગેનિક્) *a*. Not subjected to organization:જડ; નિર્જીવ;ચૈતન્ય રહિત.
Inquest, (ઈન્ક્વેસ્ટ્) *n*. Inquiry: તપાસ 2. Judicial inquiry; official examination: સરકારના માણસથી થયેલી તપાસ.Coroner's jury એકાએક મરણ થયું હોય તેનું કારણ શોધી કાઢવા જે પંચ બેસે છે તે; જુરી.
Inquietude, (ઇન્કવાઇએટ્યૂડ) *n*. Disturbed state:અસમાધાન;બેઆરામી;બેચેહેની; અનીન્દ્ર.
Inquire,(ઇન્કવાઇર્) *vi* [L *in* & *quaero*, I seek.]To ask a question:પુછવું.2.To make examination: તપાસ કo; *vt* To ask about: પૂછવું,2 To call or name:નામ પૂછવું.
Inquirer,(ઇન્કવાઇરર્)*n* One who inquires or examines,an investigator:પૃચ્છક;જીજ્ઞાસુ;પરીક્ષક.
Inquiry,(ઈન્કવાઇરિ)*n*.The act of inquiring: તપાસ;પૂછપરછ;ચોકશી.શોધ;સમીક્ષા.2.Research તજવીજ.3.A question;a query:સવાલ.I *about one's health*:તબીયતપુછવી.
Inquisition,(ઈન્કિવઝિશન)*n*. Inquiry:તપાસ 2.A court or tribunal established for the examination and punishment of heretics:રોમાન કાથોલિક પંથથી વિરૂદ્ધ મત વિષે ચોકસી કરી સજા આપનારી સભા *vt* To inquire:તપાસ કo
Inquisitional, (ઇનકિવઝિશનૅલ્) *a*. Pertaining to,or of the inquisition:તજવિજને લગતું; ચોકસીનું. [search:શોધક;ચોકસીદાર,જીજ્ઞાસુ.
Inquisitive, (ઇનકિવઝિટિવ્) *a*. Given to re-

Inquisitiveness,(ઇન્ક્વિઝિટિવ્નેસ્)*n*.The disposition to obtain information by questions તજવિજ;શોધ; અતિ આતુરતા;શોધકબુદ્ધિ;જીજ્ઞાસા.
Inquisitor, (ઇન્કિવઝિટર્) *n*. One whose official duty is to inquire and examine:સરકારી શોધ-તપાસ કરનાર.
Inquisitorial,(ઇન્કિવઝિટોરિએલ્)*a*. Pertaining to inquisition:ચોકસી શોધનું-સંબંધી.
Inroad,(ઇન્રોડ્)*n*.Attack;encroachment:હલ્લો
Insalubrious,(ઇન્સૅલ્યૂબ્રિઅસ્) *a* Unfavorable to health;unwholesome:રોગકારક.
Insalubrity,(ઈન્સૅલ્યૂબ્રિટિ) *n*. Unhealthfulness:આરોગ્યતા બગાડવાનો ગુણ;રોગજનકત્વ.
Insalutary,(ઇન્સૅલ્યૂટરિ)*a* Not favorable to health;unwholesome:રોગકારક;વ્યાધિકર.
Insane,(ઇન્સેન્)*a*.Mad:ગાંડું;ઘેલું;દિવાનું.
Insanely,(ઇન્સેન્લિ)*adv*. Madly:ઘેલછાથી.
Insanity,(ઈન્સૅનિટિ)*n*.Madness:ઘેલછા;ગાંડાઇ.
Insatiable,(ઈન્સેશિએબલ્)*a*.Incapable of being satisfied:સંતોષ પામે નહિ એવું;અસંતોષી.
Insatiableness-Insatiety,(ઇન્સેશિએબલ્નેસ-ઈન્સૅટાઇટિ)*n*.Greediness of appetite that cannot be satisfied:બહુ ખાઉધરપણું;અતિલોભ
Insatiate,(ઇન્સેશિએટ્)*a*.Not to be satisfied; insatiable:તૃપ્ત ન થાય તેવું;અસંતોષી.
Inscribable,(ઇન્સ્ક્રાઇબેબલ્)*a*.Capable of being inscribed:ઉપર કોતરાય તેવું;અર્પણ કરાય તેવું.
Inscribe, (ઇન્સ્ક્રાઇબ્)*vt*. [L *in* & *scribo*, I write.] To write or engrave: ઉપર લખવું; કોતરવું. 2. To address:અર્પણ-નજર કરવું.
Inscription,(ઇન્સ્ક્રિપ્શન્) *n*. The act of inscribing:લખવું-કોતરવું તે;શિલાલેખ;લેખ,ખિતાબ.
Inscrutable,(ઇન્સ્ક્રૂટેબલ્)*a*.[L.*in*&*scrutor*, I search into.]Unsearchable:અગાધ;ગૂઢ;ગહન
Insect,(ઇન્સેક્ટ્)*n*.An articulate animal:જીવડું;જીવજંતુ;કીડો;કૃમિ;જીવાત.
Insectivorous,(ઇન્સેક્ટિવૉરસ્)*a*.Subsisting on insects:જીવડાં ખાઇનેજીવતું;કીટભક્ષક.
Insecure,(ઇન્સીક્યૂર્)*a* Not secure or safe: જોખમી;બેસલામત.
Insecurity,(ઇન્સીક્યૂરિટિ)*n*. Danger:જોખમ.
Insensate,(ઈન્સેન્સેટ્)*a* Stupid;foolish:બેવકૂફ.
Insensibility, (ઈન્સેન્સિબિલિટિ) *n*. Unconsciousness:બેભાનપણું;દયાહીનતા,જડપણું.
Insensible,(ઇન્સેન્સિબલ્)*a* Destitute of the power of feeling or perceiving:બેભાન;બેશુદ્ધ.
Insensibly, (ઈન્સેન્સિબ્લિ) Imperceptibly; gradually:ન જણાય તેમ;ધીમેધીમે;રફતેરફતે.
Insentient,(ઇન્સેન્શેન્ટ્)*a*. Not sentient;not having perception:બુદ્ધિ વગરનું.
Inseparable,(ઇન્સેપૅરૅબલ્)*a*.Incapable of being separated or disjoined:જુદું પડાય નહિ એવું.
Insert,(ઇન્સર્ટ્) *vt*. [L. *in* & *sero*,I j in.]To put in:અંદર દાખલ કરવું. [ing:દાખલ કરવું તે.
Insertion,(ઇન્સર્શન્) *n*. The act of insert-
Inside,(ઇન્સાઇડ્) *a*. Interior:અંદરનું.
Insidious,(ઇન્સિડિઅસ્)*a* [L *in*&*sedeo*,I sit] Lying in wait;deceitful;sly:દગાખોર;કપટી.
Insidiousness,(ઇન્સિડિઅસ્નેસ્)*n*. A watching for an opportunity to insnare: કપટીપણું;દગલબાજી;કપટ;પ્રપંચ;કાવાદાવા
Insight,(ઈન્સાઇટ્) *n*. Thorough knowledge or skill:પૂર્ણજ્ઞાન; પ્રવેશ;ખરી માહિતી.
Insignia,(ઇન્સિગ્નિઅ) *n* [L *in* & *signum*, mark.] Distinguishing marks of honour: માનની નિશાની;અધિકારનું ચિન્હ-લક્ષણ.
Insignificance-cy, (ઇન્સિગ્નિફિકૅન્સ્-ન્સિ) *n*. Want of significance or meaning:અર્થહીનતા.
Insignificant, (ઇન્સિગ્નિફિકૅન્ટ્)*a*. Not significant;destitute of meaning:અર્થ વગરનું;નજીવું.
Insincere,(ઇન્સિન્સીર્) *a*. Dissembling:કપટી;ઢોંગી;કૃત્રિમ;દગલબાજ;કુટિલ.
Insincerely, (ઇન્સિન્સીરલિ) *adv*. Without sincerity; hypocritically:દગાથી; કપટથી,
Insincerity,(ઇન્સિન્સેરિટિ) *n*. Deceitfulness: દગો;કપટ;કૃત્રિમતા;જુઠાણું;ઢોંગ;માયા;કુટિલતા.
Insinuate,(ઇન્સિન્યૂએટ્)*vt* [L.*in* & *sinus*,the bosom] To introduce gently: ધીરે રહીને-ધીરે ધીરે યુક્તિથી પેસાડવું.2 To instill: ધીરેધીરે મનમાં ઘાલવું.3 To hint:સૂચના આપવી 4. To push or work one'sself into favor:ની મરજી સંપાદન કo.*vi*.To wind;ધીરે ધીરે યુક્તિથી પેસવું.
Insinuating,(ઈન્સિન્યૂએટિંગ્)*a*.Tending to enter gently: યુક્તિથી કૃપા મેળવનાર.
Insinuation,(ઇન્સિન્યૂએશન્) *n*. A creeping or winding in:ધીરેધીરે-પેસાડવું-પેસવું તે;વક્રોક્તિ.
Insinuator,(ઇન્સિન્યૂએટર્)*n* One who hints: પ્રીતિ સંપાદન કરનાર.
Insipid,(ઇન્સિપિડ્)*a* [L *in* & *sapio*,I taste.] Destitute of taste:સ્વાદ રહિત;ફીકું;મોળું.
Insipidity,(ઇન્સિપિડિટિ)*n* Tastelessness; vapidity:સ્વાદ રસહીનતા;વિરસતા;લુખાપણું.
Insipience,(ઇન્સિપિએન્સ્)*n*.Want of wisdom; folly;foolishness:મૂર્ખાઇ;કમઅક્કલ.
Insist,(ઇન્સિસ્ટ્)*vt* [L. *in* & *sisto*,I stand.] To urge:આગ્રહ-ડંડ;જીદ કરવી;નો આગ્રહ હોવો.
Insnare, (ઇન્સ્નેર્)*vt*. To catch in snare; to entrap:ફસાવવું;ફાંસા-ફંદામાં નાખવું.
Insobriety,(ઈન્સોબ્રાઇએટિ)*n*.Intemperance; drunkenness:છાકટા-પીધેલપણું;કેફ.
Insociable,(ઈન્સોશિએબલ્) *a*. Incapable of being joined:જોડાય-સંધાય નહિ એવું.
Insolate,(ઈન્સોલેટ્)*vt* [L.*in* & *soleo*.I am accustomed.] To dry in the sun's rays:તડકે

મૂકવું;સૂરજની ગરમીથી તૈયાર કરવું.

Insolence,(ઈન્સૉલેન્સ્) *n.* Pride or haughtiness:મગરૂરી; અહંકાર; અભિમાન; તોર, ઉદ્ધતાઇ. 2 Insolent treatment: અપમાન;બેઅદબી.

Insolent,(ઈન્સૉલેન્ટ્)*a.* Proud and haughty with contempt of others:મગરૂર;ગર્વિષ્ઠ;ઉન્મત્ત; ઉદ્ધત,મસ્ત;શિરજોર,નિર્લજ.

Insolently, (ઇન્સૉલેન્ટ્લિ) *adv.* Haughtily rudely;saucily:અહંકારીથી;બેદરકારપણાથી.

Insolidity,(ઈન્સૉલિડિટિ)*n.*Want of solidity; weakness:પોચાપણું;અદ્રઢપણું;અઘનતા; અઘનત્વ.

Insolubility.(ઇન્સૉલ્યૂબિલિટિ) *n.* The quality of not being soluble:ઓગળે પીગળે નહિ એવો ગુણ.2.The quality of being inexplicable:સમજાવી શકાય નહિ એવો ગુણ.

Insoluble,(ઈન્સૉલ્યૂબલ્)*a.* Incapable of being dissolved:ઓગળે પીગળે નહિં એવું 2. Not to be solved or explained:સમજાવાય નહિએવું.

Insolvable,(ઈન્સૉલ્વૅબલ્) *a.* Not capable of solution:સમજાવી શકાય નહિં એવું.2.Not capable of being loosened:છૂટું કરવા લાયક નહિં એવું.

Insolvency,(ઇન્સૉલ્વેન્સિ)*n.*The condition of one who is unable to pay his debts:નાદારી; દેવાળું;નિર્ધનતા.

Insolvent,(ઇન્સૉલ્વેન્ટ્)*a.* (*a*) Unable to pay one's debts as they fall due:નાદાર;દેવાળીઓ; નિર્ધન;દેવાળું કાઢનાર. *n.* (*Law.*) One who is unable to pay his debts: દેવાળીઓ; દેવાળું કાઢનાર; નાદાર. [ખરી-સાચી રીતે; ખરેખર.

Insooth,(ઇન્સૂથ્)*adv* In truth;truly;indeed:

Inspect,(ઈન્સ્પેક્ટ્)*vt.*[L.*in* & *specto*,I look.] To look upon:જોવું; તપાસવું;શોધન કરવું; પરીક્ષા કo 2.To view and examine officially:હોદ્દા-અધિકારની રૂએ તપાસવું-પરીક્ષા લેવી.

Inspection, (ઇન્સ્પેક્શન્) *n.* Official view: તપાસ;ચોકસી;પરીક્ષક;2.The act of overseeing: દેખરેખ;નીઘેબાની;તપાસ;ચોકસી.

Inspector,(ઇન્સ્પેક્ટર્)*n.* One who inspects views or oversees;superintendent:તપાસનાર પરીક્ષક;પરિક્ષા લેનાર;"ઇન્સ્પેક્ટર";અમીન;કર્માધિકારી

Insphere,(ઈન્સ્ફ્અર્)*vt.* To place in an orb or sphere:ગોળ કરવું;ગોળાકારમાં મૂકવું.

Inspirable,(ઇન્સ્પાઇરૅબલ્) *a* Inhalable; admitting inspiration:દમ-શ્વાસમાં લઈશકાય એવું.

Inspiration,(ઈન્સ્પાઇરેશન્)*n.*[L *in* & *spiro*, I breathe.] The act of inspiring: inhalation:શ્વસન;શ્વાસ;દમ;પ્રાણ.2 A miraculous influence to receive and communicate divine truth:ઈશ્વર પ્રેરણા-સૂચના-પ્રભાવ;ઇશ્વર પ્રેરિત જ્ઞાન.

Inspire,(ઇન્સ્પાઇર્)*vt.*To draw in breath;to inhale: શ્વાસ લેવો.2.To breathe;to blow gently:શ્વાસ કાઢવો *vt.* To breathe into: ફુંકવું. 2 To infuse by breathing:ધીમેધીમે મનમાં ઉતારવું-ઠસાવવું.3.To instill: ઈશ્વરી પ્રેરણા કરવી.4. To fill with what animates:ધૈર્ય-ઉત્સાહ આપવો.5.To inhale: શ્વાસ લેવો.

Inspired,(ઇન્સ્પાઇર્ડ્)*a.*Breathed in;inhaled: શ્વાસ-દમથી લીધેલું.2.Given by divine inspiration;holy:ઇશ્વર પ્રબોધિત-પ્રેરિત;પવિત્ર.

Inspirit, (ઈન્સ્પિરિટ્) *vt.* To enliven:to invigorate:ઉત્તેજન આપવું;ઉશ્કેરવું.

Inspissate,(ઈન્સ્પિસેટ્)*vt.* [L. *in* & *spissus*, thick.]To thicken,as fluids:જાડું-ઘટ્ટ કરવું;બંધ-ઘટ્ટ થાય તેમ કરવું.*a.*Thick;inspissated:જાડું;ઘટ્ટ.

Instability,(ઈન્સ્ટૅબિલિટિ) *n.* Inconstancy: અસ્થિરતા; ચલિતપણું; અસ્થૈર્ય;ચંચલતા.

Instable,(ઈન્સ્ટેબલ્)*a* [L.*in* & *sto*, I stand.] Mutable; inconstant: વિચાર બદલ્યા કરે તેવું; અસ્થિર;અદ્રઢ;ચંચળ.

Install,(ઇન્સ્ટૉલ્).*vt.* To set in a seat: જગાએ બેસાડવું. 2. To set or instate in an office, rank or order:પદવીપર સંસ્કાર પૂર્વક સ્થાપવું;રાજ્યાભિષેક કરવો;પ્રતિષ્ઠાપન કo;

Installation, (ઇન્સ્ટૉલેશન્) *n.* The act of giving possession of an office, rank or order: રાજ્યાભિષેક; પટાભિષેક. 2. Institution: સ્થાપના;પ્રતિષ્ઠાપન.

Instalment,(ઇન્સ્ટૉલ્મેન્ટ્)*n.*The act of giving possession of an office:વિધિ-સંસ્કારપૂર્વક સ્થાપના.2,A part of a sum of money paid or to be paid at a particular period:હફતો;ખાંધું.

Instance,(ઈન્સ્ટન્સ્)*n.*[L.*in* & *sto*,I stand.] Urgency:કાલાવાલા; આગ્રહ.2. A case occurring;example:દાખલો;ઉદાહરણ; પ્રસંગ;દાળ. *For* i.by way of example: દાખલા તરીકે. *At* the instance of:આગ્રહથી.I.*Court*: દરિયાઇ મુકદ્દમા ચલાવનારી કોરટ *vt.* To mention as an example:-નું ઉદાહરણ આપવું.

Instant, (ઇન્સ્ટન્ટ્) *n.* A moment: ક્ષણ; પળ. 2.A day of the present or current month: ચાલતા માસની તારીખ.*a.*Immediate: તાત્કાળીક.

Instantaneous,(ઇન્સ્ટન્ટેનીઅસ્) *a.* Done in an instant:કંઈ વાર લાગ્યા વગરનું.

Instantaneously,(ઈન્સ્ટન્ટેનીઅસ્લિ) *adv.* In an instant;in a moment:એક ક્ષણ-પળમાં.

Instantly, (ઇન્સ્ટન્ટ્લિ) *adv.* In an instant manner;immediately:તરતજ;તેજ ઘડીએ.

Instate,(ઇન્સ્ટેટ્) *vt.* To set or place; to install:અધિકાર પર બેસાડવું-સ્થાપવું; પદસ્થ કo.

Instead,(ઇન્સ્ટેડ્)*adv.*In the place of:બદલે.

Insteep,(ઈન્સ્ટીપ્)*vt.*To steep:પલાળવું;ઝબોળવું.

Instigate,(ઈન્સ્ટિગેટ્)*vt.* [L.*in* & *stigo*, I incite.] To goad or urge forward: ઉશ્કેરણી-શિખવણી આપવી;ઉશ્કેરવું; ચળી કo;પ્રેરવું.

Instigation,(ઇન્સ્ટિગેશન)*n.* Incitement or implnse to evil:શિખવણી;ઉશ્કેરણી;શળી;ઉત્તેજન.
Instigator,(ઇન્સ્ટિગેટર)*n.* One who incites another to an evil act:ઉશ્કેરણી આપનાર.
Instill,(ઇન્સ્ટિલ્)*vt.*[L. *in* & *stillo*,I drop.] To drop in:ટીપું ટીપું કરીને રેડવું.2.To infuse slowly:ધીરે ધીરે મનમાં ઘાલવું.
Instillation,(ઈન્સ્ટિલેશન)*n.* The act of infusing by drops:ધીરેધીરે રેડવું.2. The act of infusing slowly in the mind: ધીરે ધીરે મનમાં ઉતારવું.
Instinct,(ઈન્સ્ટિન્ગ્-ક્ટ્)*n.* [L.*instinctus*, inwardly moved]Inward impulse: અંગજ્ઞાન; સ્વાભાવિકબુદ્ધિ;પ્રેરણાબુદ્ધિ;પશુબુદ્ધિ;અન્તઃપ્રેરણા.
Instinctive,(ઇન્સ્ટિન્ક્ટિવ્)*a.*Determined by natural propensity:પ્રેરણાબુદ્ધિનું;સહજ.
Institute,(ઇન્સ્ટિટ્યૂટ્)*vt.*[L. *in* & *statuo*, I set.] To set up;to establish;to ordain:બાંધવું;ઠરાવવું;ઘડવું;ઉભું કરવું;નિમવું.2.To originate સ્થાપન કરવું 3.To begin:માંડવું;આરંભવું;શરૂ ક૦. 4.To educate:મૂળતત્વ શિખવવાથી વાકેફ ક૦. *n.* The act of instituting;institution: સંસ્થાપન;સ્થાપન.2 An established law:ધારો; રૂઢિ *Religious.* i s.ધર્મશાસ્ત્ર.I s.*of Manu*: મનુસંહિતા;માનવશાસ્ત્ર;ધર્મશાસ્ત્ર.4 An institution; a college:શાળા.
Institution,(ઈન્સ્ટિટ્યૂશન)*n.* (*a*) Establishment: સ્થાપના. A permanent form of law: કાયદો;રૂઢિ;રસમ;ધારો;નિયમ: વ્યવસ્થા. 2. (*a*) An established custom: વિધિ; રીતિ. (*b*) An organized society:શાળા;સભા;મંદિર;ખાતું;કારખાનું *Educational* i :વિદ્યાલય.
Institutional, (ઇન્સ્ટિટ્યૂશનૅલ્) Instituted by anthority:અધિકારથી સ્થાપેલું. 2. Elementary;rudimental:તત્વ-મુળતત્વનું.
Instruct,(ઈન્સ્ટ્રક્ટ્)*vt.*[L.*in* & *struo*,I build.] To put in order: નિયમમાં મુકવું. 2. (*a*) To enlighten;to teach:.શિખવવું; કેળવણી આપવી; બોધ કરવો.(*b*)To direct:આજ્ઞા કરવી.
Instruction, (ઇન્સ્ટ્રક્શન) *n.* The act of teaching:કેળવણી.2.(*a*)Precepts:હિતબોધ;ઉપદેશ.(*b*)Order;command:આજ્ઞા હુકમ;સૂચના.
Instructive,(ઈન્સ્ટ્રક્ટિવ્) *a.* Serving to instruct or inform:બોધદાયક;બોધક;ઉપદેશક.
Instructiveness,(ઇન્સ્ટ્રક્ટિવ્નેસ)*n.*The quality of being instructive:ઉપદેશ;શિખામણ.
Instructor,(ઇન્સ્ટ્રક્ટર)*n.*A teacher:શિક્ષક;ગુરૂ.
Instructress,(ઇન્સ્ટ્રક્ટ્રેસ્)*n* A preceptress; a tutoress:સ્રીશિક્ષક.
Instrument,(ઇન્સ્ટ્રુમેન્ટ)*n.*[L *in* & *struo*, I build.]A tool:સાધન;યંત્ર;હથિયાર. 2. A musical instrument: વાજીંત્ર. *A wind* i : વાંસળી; પાવો;મોરલી *Martial* i:રણવાદ્ય.3. A deed, in writing: લેખ; ખત; દસ્તાવેજ. 4. medium a means;an agent: કાર્યકર્તા; કાર્યસાધક; નિમિત્ત; નિમત્ત કારણ;સાધન;ઉપકરણ
Instrumental,(ઇન્સ્ટ્રુમેન્ટલ્)*a* Serving as a means:કાર્યસાધક;કારણભૂત.
Instrumentality,(ઈન્સ્ટ્રુમેન્ટલિટિ) *n.* That which is instrumental:સાધકપણું;મારફત.
Insubjection,(ઇન્સબ્જેક્શન)*n.*Want of subjection:વશ ન રહેવું તે;શીરજોરી.
Insubmission,(ઇન્સબ્મિશન)*n.*Want of submission;disobedience:શરણ-તાબે ન થવું તે.
Insubordinate,(ઇન્સબૉર્ડિનેટ્)*a.*Not submissive:ઉપરીને તાબે રહે નહિં એવું.
Insubordination,(ઇન્સબૉર્ડિનેશન)*n.* Disorder; disobedience to lawful authorities: સીરજોરી;બેહુકમપણું;અવિનય;આજ્ઞાભંગ.
Insufferable,(ઇન્સફરૅબલ્)*a.*Insupportable unendurable:સહન થાય નહિં-સંખાય નહિં એવું.
Insufficiency,(ઇન્સફિશિએન્સિ)*n.*Deficiency inadequateness:કસર;અધૂરાપણું;ન્યૂનતા;ખામી.
Insufficient, (ઇન્સફિશિએન્ટ્) *a* Not sufficient:કસરવાળુ;અધૂરૂં;અલ્પ;અપુરતુ.2. Unfit:નાલાયક;અયોગ્ય;અનુચિત.
Insular,(ઇન્સ્યૂલર)*a.* [L.*insula*, an island.] Belonging to an isle;surrounded by water: દ્વિપરૂપ;બેટ સંબંધિ;પાણીથી વિંટલાએલું-ઘેરાએલું.
Insulate,(ઈન્સ્યૂલેટ્)*vt.* To make an isle of: -નો દ્વિપ બનાવવો.2. To place in a detached situation:અળગુ-વેગળું મુકવું;એકલું મુકવું.
Insulated,(ઇન્સ્યૂલેટેડ્)*a.*Standing by itself: પોતાની મેળે એકલું ઉભું રહે એવું;છુટક.
Insulation, (ઇન્સ્યૂલેશન) *n.* Detachment from other things:વેગળું મુકવું-હોવું તે. 2. The act of separating a body from others by non-conductors:વિજળીની અસર ન થવા દે એવી ચીજથી એક બીજાને જુદું પાડવું તે.
Insult,(ઈન્સલ્ટ્) *n.* [L *in* & *salio*, I leap.] Gross abuse; act or speech of contempt: અપમાન; ગેર આબરૂ; માન ભંગ. *vt.* To commit an indignity upon; to abuse: નું માનભંગ-અવજ્ઞા-તિરસ્કાર અપમાન કરવું.*vi.*To behave with insolent triumph:બે અદબીથી વર્તવું-ચાલવું.
Insulting,(ઇન્સલ્ટિન્ગ)*a* Containing or conveying gross abuse:અપમાન ભરેલું-કારક.
Insuperable,(ઇન્સ્યૂપરૅબલ્)*a* [L. *in*&*supero* I pass over.] Not superable;insurmountable:ઓળંગાય નહિં એવું;અજેય;અજીત;દુસ્તર.
Insupportable,(ઈન્સપૉર્ટૅબલ્)*a* Incapable of being borne:અસહ્ય,અસહનીય;દુ:સહ.
Insuppressible,(ઇન્સપ્રેસિબલ્)*a.*Not to be suppressed:દાબી;છાનું ન રખાય એવું; દુર્નિવાર્ય.

Insurable,(ઈન્સ્યૂરૅબલ્) *a*. Capable of being insured against loss or damage;proper to be insured:વીમો ઉતરાવાય તેવું.
Insurance,(ઇન્સ્યૂરૅન્સ્)*n*. The act of insuring against loss or damage:વીમો.
Insure,(ઇન્સ્યૂર્) *vt*. To secure against possible loss:વિમો ઉતારવો-ક૦. *vi*. To practise making insurance: વિમો ઉતારવાનું કામ કરતાં શિખવું. [derwriter:વીમો ઉતારનાર;વીમાવાળો.
Insurer,(ઇન્સ્યૂરર્)*n*.One who insures;an un-
Insurgent,(ઈન્સર્જેન્ટ્)*n*.[L *in* & *surgo*,I rise] Rising in opposition to civil or political authority; a rebel:બળવાખોર; બંડ ઉઠાવનાર.
Insurmountable,(ઇન્સર્માઉન્ટૅબલ્)*a*.Incapable or being overcome:ઓળંગી ન શકાય એવું.
Insurrection,(ઇન્સરેક્શન્)*n*. A rebellion;a revolt:બંડ;બળવો;દંગો;ફિતુર;રાજ્ય વિરૂદ્ધનો ઉઠાવ
Insurrectionary,(ઈન્સરૅક્શનૅરિ)*a*.Rebellious:બળવાનું-સંબંધિ;રાજ વિરૂદ્ધ-વિ॰રીત.
Insusceptibility,(ઈન્સસ્સેપ્ટિબિલિટિ)*n*.Want of susceptibility to feel: અજાણપણું; ગ્રહણાશક્યતા;અગ્રાહકતા.
Insusceptible,(ઈન્સસ્સેપ્ટિબલ)*a*.Not capable of being moved:અસર થાય નહિં એવું.અગ્રાહક
Intangible,(ઈન્ટૅન્જીબલ્)*a*. [L.*in* & *tango*, I touch]Not tangible;not perceptible to the touch:જેનો સ્પર્શ થાય નહિં એવું;અસ્પર્શનીય.
Intastable,(ઇન્ટેસ્ટૅબલ્)*a*.Tasteless;unsavoury:સ્વાદ રહિત વિનાનું.
Integer,(ઈન્ટીજર્)*n*.[L.*intor*,untouched.]A complete entity:પૂર્ણ સંખ્યા;પૂર્ણાંક રૂપ;અભિન્ન
Integral,(ઈન્ટીગ્રૅલ્)*a*.Complete; uninjured; whole:આખું;અખંડ;પૂર્ણ;સમગ્ર;અભિન્ન.
Integrate,(ઈન્ટીગ્રેટ્)*vt*. To make entire; to renew;to restore:આખું-પૂરૂં કરવું.
Integrity,(ઇન્ટેગ્રિટિ) *n*. Wholeness;entireness;unbroken state:પૂર્ણતા;અખંડતા; અભિન્નતા.2.Honesty:પ્રમાણિકપણું; નેકી;ઈમાનદારી; ચલાવ
Integument,(ઈન્ટેગ્યૂમેન્ટ્)*n*. [L *in* & *tego*,I cover.]A covering which invests the body: ઢાંકણ;આવરણ;પડ;પડદો;પોપડો.
Intellect, (ઈન્ટેલ્લેક્ટ્) *n*. [L. *inter* & *lego*, I choose.]The power to judge and comprehend:મન;બુદ્ધિ;અક્કલ;મતિ;વિચારશક્તિ;જ્ઞાનેંદ્રિય
Intellective, (ઇન્ટેલેક્ટિવ્) Pertaining to or produced by the intellect:માનસિક;બુદ્ધિવિષયક.2.Intelligent:બુદ્ધિશાળી.
Intellectual,(ઈન્ટેલ્લેક્ટ્યૂઍલ્)*a*. Belonging to the mind:બુદ્ધિનું.2.Formed by and existing for the intellect alone: મનમાં આવેલું; માનસિક.3. Having the power of understanding:બુદ્ધિવાન.4 Relating to the understanding:બુદ્ધિને-મનને લગતું સંબંધિ.
Intellectually. (ઇન્ટેલ્લેક્ટ્યૂઍલિ) *adv*. By means of understanding:કલ્પનાથી;બુદ્ધિથી.
Intelligence, (ઇન્ટેલિજેન્સ્) *a*. The act of knowing:જ્ઞાન-સમજ-હોશીઆરી.2.Understanding:બુદ્ધિચાતુર્ય.3.Notice:ખબર;સમાચાર; બાતમી.
Intelligent,(ઇન્ટેલિજેન્ટ્)*a*. Endowed with the faculty of understanding:સમજશક્તિવાળું.2 Well-informed:શાણું;ચતુર.3 Cognizant સુજાણ;સમજુ;અક્કલમંદ;ખબરદાર.
Intelligible,(ઇન્ટેલિજીબલ્)*a*.Capable of being understood:સમજાય તેવું;સુગમ;બુદ્ધિગમ્ય.
Intemperance, (ઈન્ટેમ્પરૅન્સ્) *n*. Excess in any kind of action or indulgence;any immoderate indulgence of the appetite or passions:અતિશયતા;અમર્યાદા;પરાકાષ્ઠા; અસંયમ. 2. Habitual or excessive indulgence in liquors:અતિપાન;ખૂબ દારૂ ઢાંસવો તે.
Intemperate,(ઈન્ટેમ્પરેટ્)*a*.Not moderate: અતિશય કરનાર.2.Addicted to an excessive use of spirituous liquors:છાકટો; અપરિમિત ભોગી-અત્યાહારી;અતિપાનાસક્ત.
Intend,(ઇન્ટેન્ડ્)*vt*.[L *in* & *tendo*,I stretch.] To mean; to purpose: ધારવું;ઇરાદો હોવો. 2. To fashion;to conceive:બનાવવું.*vi*.To have a design;to purpose:ધારવું;મનસુબો હોવો.
Intendant,(ઇન્ટેન્ડૅન્ટ્)*n*.A superintendent: ચોકસી રાખનાર;અધ્યક્ષ;અમીન;ઉપદૃષ્ટા.
Intense, (ઈન્ટેન્સ્) *a*. Stretched:ઘણું મજબૂત કરેલું.(*a*) Fervent (said of heat:) ઘણું ગરમ. (*b*) Keen:(said of cold):સખ્ત;કડકડતું (*c*) Vehement; (said of excitement of feeling:) તીક્ષ્ણ;તીવ્ર.(*d*)Severe(said of pain):ભારે;અતિશય.
Intensely, (ઈન્ટેન્સ્લિ) *adv*. To an extreme degree:ઘણું;અતિશય.2.Attentively:ઘણા ધ્યાનથી;આતુરતાથી.
Intenseness, (ઈન્ટેન્સનેસ્) *n*. The state of being intense;intensity:અતિશય-ભેદ;પણું.
Intensify,(ઇન્ટેન્સિફાઇ)*vt*.To act with increasing power or energy:વધારે કરવું.વધારવું.
Intensity, (ઈન્ટેન્સિટિ) *n* Intenseness; extreme degree: અત્યંતતા; પ્રબળતા; સખ્તાઇ. 2. Effectiveness:અસર;પરિણામ.
Intensive,(ઇન્ટેન્સિવ્) *a*. Stretched; admitting of increase of degree:ઘણું.2. Intent: લાગુ રહેનાર;ખંતીલું 3. Serving to give force: જેર આપતું;ભાર મૂકવામાં કામ આવે એવું.
Intent,(ઇન્ટેન્ટ્) *a*. Fixed closely: એકાગ્રચિત. *n*.Design:હેતુ;મુરાદ;મનસુબો; ઇરાદો; મતલબ.*To all intents and purposes*,is all senses;really:બધી રીતે;છેક;ખીલકુલ.

Intention, (ઈન્ટેન્શન્) *n.* The fixed direction of the mind:મનસુબો;ઈરાદો; અભિપ્રાય;અર્થ;આશય. 2. End; aim: હેતુ. *To heal by the first* i., અંગુર આવવું.*To heal by the second* i.,:પાચ-પરૂ કાઢી નાખ્યા પછી રૂઝવવું.

Intentional, (ઇન્ટેન્શનૅલ્) *a* Intended; designed:જાણી જોઈને કરેલું;જાણી બુઝીને કરેલું.

Intentionally, (ઈન્ટેન્શનૅલિ) *adv.* With intention or purpose:જાણી જોઈને;જાણી બુજીને.

Intently,(ઇન્ટેન્ટ્લિ)*adv.* In an intent manner;eagerly:એકચિતે;તાકી રહીને.

Intentness,(ઇન્ટેન્ટ્નેસ્)*n.*The state of being intent; close application:એકાગ્રતા; એકનિષ્ઠા;

Inter,(ઇન્ટર્)*vt.*[L *in* & *terra*,the earth.]To bury;to inhume:દાટવું;ગાડવું; ભૂમિસંસ્કાર કo.

Interact,(ઇન્ટરૅક્ટ્) *n.* A short act or piece between others,as in a play:ઉપઅંક;નાટકના અંકમાંનો પેટાઅંક.2. Intermediate employment or time:વચલો-મધ્યનો વખત-કાળ.

Intercalar-y,(ઈન્ટર્કૅલર-ઈન્ટર્કૅલરિ)*a* Inserted or introduced in the midst of others: વચમાં વધતું આણેલું;અધિક.

Intercede,(ઇન્ટર્સીડ્)*vt.*[L. *inter* & *cedo*, I go.] To pass between:વચ્ચે થવું. 2. (*a*) To interpose:વચ્ચે પડી સમાધાન કરવું (*b*)To plead in favor of one:બીજાને સારૂ માફી માગવી.

Intercedent, (ઈન્ટર્સીડેન્ટ્) *a.* Mediating pleading for:વચમાં પડી સમાધાન કરતું.

Intercept, (ઈન્ટર્સેપ્ટ્) *vt.* [L.*inter* & *capio*,I take.] To stop on its passage: રસ્તામાં અટકાવી લેવું.2. To obstruct the progress of: આગળ વધતાં અટકાવવું.3.To interrupt communication with:જવા-આવવા દેવાનો વેહેવાર બંધ કરવો

Intercession,(ઇન્ટર્સેશન્) *n.* The act of interceding;mediation:મધ્યસ્થપણું 2 Prayer or solicitation in favor of:પરાર્થ પ્રાર્થના.

Intercessor,(ઈન્ટર્સેસર્)*n.* One who pleads in behalf of another;mediator:વચ્ચે પડનાર.

Intercessory,(ઇન્ટર્સેસૉરિ)*a.*Containing intercession;interceding:મધ્યસ્થપણાયુક્ત-થી કરેલું.

Interchange,(ઈન્ટર્ચેન્જ્)*vt.* To exchange; to reciprocate:અદલબદલ કરવું 2.To cause to alternate:એક પછી એક આવે એમ કરવું. *vt.* To succeed alternately:એક પછી એક આવવું-લાવવું. *n.*Theact of mutually changing:અદલાબદલી

Interchangeable, (ઈન્ટર્ચેન્જેબલ્) *a* Admitting of exchange;અદલબદલ કરાય એવું.

Intercommunication,(ઈન્ટર્કૉમ્મ્યૂનિકેશન્) *n.*Reciprocal communication:સંવ્યવહાર.

Intercourse,(ઇન્ટર્કૉર્સ)*n.* [L.*inter*&*curro* I run.] (*a*) Communication: આવવાજવા વગેરેનો વહેવાર.(*b*)Association:વહેવાર; ઘરોબો;ઘરવટ. *Sexual* i.:મૈથુન.

Interdict,(ઇન્ટર્ડિક્ટ્) *vt.* [L. *inter* & *dico*, I say.]To forbid:મના કરવી.2. To cut off from communion with a church: ખ્રિસ્તી મંડળીના સંસર્ગમાંથી બાતલ કo. *n.*Prohibition:મનાઈ; આણ.2.Prohibition from communion with a Church by Pope:રોમનકૅથૉલિક મંડળીમાં પાદરીઓને ધર્મક્રિયા કરવાની પોપ તરફથી મના.

Interdiction,(ઇન્ટર્ડિક્શન્)*n.* Prohibition; curse:મનાઇ કરવી તે,શ્રાપ;શાપ;નિષેધ; પ્રતિષેધ.

Interdictory, (ઈન્ટર્ડિક્ટૉરિ)*a.* Having the power to prohibit:મનાઇવાળું નિષેધનું.

Interest,(ઇન્ટરેસ્ટ્)*vt.*[L *inter*& *esse*,to be.] To engage the attention of; to awaken interest in:ચિત્ત ખેંચવું; આસ્થા ઉત્પન્ન કo;-નું મન અનુરંજન કo. 2. To be concerned with or engaged in:-માં સ્વાર્થ-લાભ હોવો. 3. To cause or permit to share: ભાગ-પાંતી-અંશ આપવો-લેવો દેવો.*n.*Regard:કાળજી;ભાવ; દરકાર. 2. Share: ભાગ; પાંતિ. 3. Advantage: લાભ; ફાયદો;ગુણ;હિત.4.Premium paid for the i of money:વ્યાજ. 5.Regard to private profit: સ્વાર્થ. 6. Connection with great persons: વશિલો;વગ *Compound.*i.:ચક્રવૃદ્ધિવ્યાજ.Simple i.:સાદું-સુદવ્યાજ.

Interested,(ઈન્ટરેસ્ટેડ્)*a.*Having an interest: લાભ-નુકશાનમાં ભાગીદાર;આસ્થિક;સંબંધી.

Interesting, (ઇન્ટરેસ્ટિન્ગ્)*a.* Engaging the attention or curiosity: મનોરંજક; ખુશકારક.

Interfere,(ઇન્ટર્ફીર્) *vt.* [L. *inter* & *fero*, I strike] To intermeddle; to interpose:વચ્ચે પડવું;હાથ-માથું ઘાલવું.

Interference,(ઈન્ટર્ફીરેન્સ્) *n.* Intermeddling:હાથ ઘાલવો તે;મધ્યસ્થપણું.2 Mutual influence:એક બીજાની અરસપરસ સત્તા-અસર.

Interim, (ઇન્ટેરિમ્) *n.* [L. *interim.*] The mean time:વચમાંનો કાળ;અરસો;મધ્યકાળ 2. A celebrated decree of the emperor Charles V.:પાંચમા રાજા ચાર્લ્સનું પ્રખ્યાત હુકમનામું-ફેંસલો.

Interior,(ઇન્ટીરિઅર્)*a* [L *inturnus.*] Internal:અંદરનું.2. Inland: જમીન અંદર-થી ઘેરાયેલું. I *Planets*: પૃથ્વીની કક્ષા-અંદર આવેલો ગ્રહ. *n.* The internal part of a thing:અંદરની બાજુ. 2.The inland part of a country:દેશની અંદરનો ભાગ.

Interjacent, (ઇન્ટર્જેસેન્ટ્) *a.* [L. *inter* & *jaceo*,I lie.]Lying or being between;intervening:વચ્ચે આવેલું;મધ્યસ્થિત;મધ્યવર્તી.

Interject,(ઇન્ટર્જેક્ટ્)*vt* [L. *inter* & *jacio*,I throw.]To throw in between;to insert:વચ્ચે નાંખવું મુકવું.

Interjection, (ઇન્ટર્જેક્શન્) *n.* The act of

throwing between: વચ્ચે નાંખવું-મુકવું તે. 2 A word thrown in to express some emotion or passion:કેવળ પ્રયોગી અવ્યય;ઉદ્ગાર.

Interlace, (ઈન્ટરલેસ્)*vt*. To intermix:મેળવું; ભેળી દેવું;સેળભેળ કરવું;જડવું;મિશ્રિત કo.

Interlapse,(ઈન્ટરલૅપ્સ્)*n*.The lapse of time between two events:બે બનાવની વચમ.નો વખત.

Interlard, (ઈન્ટરલાર્ડ્) *vt*. To diversify by mixture;to interpose between:.માં વચ્ચે મુકીને વિચિત્ર કરવું.

Interleaf, (ઈન્ટરલીફ્)*n*.A blank leaf inserted between two leaves: બબ્બે પાનાની વચમાં મુકેલુ કોરૂં પાનું.

Interline, (ઈન્ટરલાઈન્)*vt*. To write between lines:બે લીંટીઓની વચ્ચે લખવું.

Interlinear, (ઇન્ટર્લિનીઅર્)*a*. Inserted between other lines:બે લીટીઓ વચ્ચે લખેલું.

Interlink, (ઇન્ટર્લિન્ક્) *vt*. To connect by uniting link;to join:કડીએ કડી જોડવી;જોડવું.

Interlocution,(ઇન્ટરલૉક્યૂશન્)*n*.[L *inter* & *loquor*,I speak] Dialogue;conference:સંવાદ;સંભાષણ 2 An intermediate argument: છેલ્લા ચૂકાદાની અગાઉની-તકરાર.

Interlocutor,(ઈન્ટરલૉક્યૂટર્)*n*. A dialogist: સંવાદ કરનાર;છેલ્લા નિકાલની અગાઉનો હુકમ.

Interlocutory,(ઇન્ટરલૉક્યૂટરિ)*a*. Consisting of dialogue:સંવાદાત્મક.2.છેલ્લા નિકાલની અગાઉનું.

Interlope,(ઈન્ટરલૉપ્)*vi*. To traffic without a proper license:હક ન છતાં વેપાર કરવો.

Interloper,(ઈન્ટરલૉપર્)*n*. One who carries on his trade,without a proper license:પરવાનગી વગર વેપાર કરનાર.

Interlude, (ઇન્ટલ્યૂડ્)*n*.[L *inter* & *ludus*, play]An entertainment exhibited on the stage between the play and afterpiece,to amuse the spectators:નાટકની વચ્ચે તમાશગીરોને ખુશ કરવાને કરેલો તમાશો-ખેલ-ગમત-રમુજ.

Interlunar-y, (ઇન્ટલ્યૂનર ઇન્ટલ્યૂનૅરિ) *a*. [L. *inter* & *luna*,the moon]Belonging to the time when the moon,at its conjunction with the sun is visible:અમાવાસ્યાનું.

Intermarriage, (ઇન્ટમૅરિજ્) *n*. Marriage between two families:માંહોમાંહે લગ્ન.

Intermarry, (ઇન્ટરમૅરિ)*vi*. To become connected by a marriage between two of the members of a family:માંહોમાંહે લગ્ન કરવાં.

Intermeddle, (ઈન્ટરમેડલ્) *vi*. [L. *inter* & *medius*,middle.] To interfere improperly: બીજાના કામમાં માથું ઘાલવું;વગર સત્તાએ વચ્ચે પડવું; ધુસવું.

Intermediate Intermedial,(ઇન્ટમીડીએટ્-ઈન્ટમીડીઍલ્)*a* Lying between:વચ્ચે પડેલું.

Intermediation,(ઇન્ટમીડિએશન્) *n*. Intervention;common means:મધ્યસ્થપણું.

Intermedium, (ઇન્ટમીડિઅમ્) *n*. Intermediate space:મધ્યસ્થળ 2.An intervening agent or instrument:વચલો આડતિયો-યંત્ર.

Interment, (ઇન્ટમેન્ટ્)*n*.The act of depositing a dead body in the earth:ભૂમિદાહ.

Interminable,(ઇન્ટર્મિનૅબલ્) *a*.[L.*in* & *terminus*,a boundary.]Boundless,endless:અનંત;બેહદ;અપાર;છેડા વગરનું;નિરવધિ.

Interminate,(ઈન્ટર્મિનેટ્)*a* Endless;boundless:અનંત; અપાર. *vt*. [L. *inter* & *mineo*, I threaten.] To threaten:ધમકી આપવી.

Intermingle,(ઇન્ટમિંગ્લ્)*vt*. To mingle or mix together:મેળું કરવું;એકઠું કરવું;સેળભેળ કરવું.*vi*. To be mixed or incorporated:સેળ મેળ થઇ જવું.

Intermission,(ઇન્ટર્મિશન્)*n*.[L.*inter* & *mitto*,I send.] The act or the state of intermitting:ખરાબ રીતે વાપરવું તે.2.Cessation for a time:અટકાવ;વિરામ. *Without* i :હમેશાં;જથું;ચાલુ.

Intermissive, (ઈન્ટર્મિસિવ્) *a*. Coming by fits; alternating: રહી રહીને આવતું.

Intermit,(ઈન્ટર્મિટ્)*vt*. To interrupt; to suspend:વચ્ચે અટકાવવું.*vi*.To cease for a time: વચ્ચે અટકવું-બંધ પડવું.

Intermittent,(ઇન્ટમિટેન્ટ્)*a*.Ceasing at intervals:રહી રહીને આંતરે આંતરે આવતું I *fever*: આંતરિયો તાવ.

Intermix,(ઇન્ટર્મિક્સ્)*vt*.To mix together;to intermingle:ભેળી દેવું;ભેળવવું;એકઠું કરવું *vi*.To be mixed together: મેળવાઇ ભેગું થઇ જવું.

Intermixture,(ઇન્ટર્મિક્સ્ચ્યૂર્) *n* A mass of ingredients mixed:મેળવેલા ભાગનો જથો.

Intermundane, (ઇન્ટમન્ડેન્)*a*. [L. *inter* & *mundus* the world.]Being between worlds: બે દુનિઆના લોકની વચ્ચેનું;ભુવનમધ્યસ્થિત.

Intermural(ઇન્ટરમ્યૂરલ્)*a* [L.*inter* & *murus*, a wall]Lying between walls:ભીંત-કરાની વચ્ચેનું.

Internal, (ઇન્ટર્નલ્)*a*. [L. *inturnus*] Inward;interior:અંદરનું;માંહેનું;અંતર્ગત *I soul*:અંતરાત્મા 2.Not foreign;within a country:દેશનું. દેશ માંહેલું.3.Intrinsic:વાસ્તવિક;ખરૂં.4 Pertaining to the heart:અંતઃકરણનું;માનસિક;ધાર્મિક.

Internally, (ઈન્ટર્નલિ)*adv*. Inwardly:અંદરથી;માંહેથી.2.Mentally;spiritually:અંતઃકરણથી.

International (ઇન્ટરનૅશનલ્)*a*.Pertaining to the relations of two or more nations:જુદા જુદા દેશના પરસ્પર વ્યવહારનું-સંબંધિ;દેશ દેશનું.

Internodation-node,(ઈન્ટરનોડેશન-ઈન્ટરનોડ્) *n*. The space between two nodes or points of the stem from which the leaves arise:બે ગાંઠની વચમાંનો ભાગ;પેળિયું;પેરી;પર્વણી.

Interpolate,(ઇન્ટર્પોલેટ્)*vt.*[L.*inter* & *polio*, I polish.] To renew:ફરીથી નવું બનાવવું 2.To insert as a spurious word or a passage in a manuscript or a book: મૂળ-અસલ ગ્રંથ-લેખમાં(નવા શબ્દ-વાક્ય)ઉમેરવું વધારવું ઘાલવું. 3.To alter or corrupt by the insertion of foreign matter:બીજો પદાર્થ ભેળવીને બગાડવું.

Interpolation,(ઈન્ટર્પોલેશન્)*n.* The act of hoisting a word or passage into a book:અસલ લખાણ-ગ્રંથમાં નવા શબ્દ ઉમેરવા તે. 2. A spurious word or passage:ઉમેરેલો શબ્દ-વાક્ય; ક્ષેપક.3.A method of finding intermediate terms:વચમાંઉમેરવાનાં પદ ખોળી શોધીકાઢવાનીરીત

Interposal,(ઇન્ટર્પોઝ઼લ્)*n* Interposition;intervention:વગર કામે વચમાં ઘુસવું આવવું તે.

Interpose,(ઇન્ટર્પોઝ્)*vt* [L. *inter* & *pono*,I place.]To place between:-ની વચ્ચે-મધ્યે મુકવું.2.To thrust in;to intrude:વગર કામે માથું મારવું. *vi.* To mediate: વચ્ચે-મધ્યે પડવું.

Interposit,(ઇન્ટર્પોઝિટ્)*n* A place of deposit between two commercial cities:બે વેપારના મથકની વચ્ચે તેમનો માલ ઉતારવાની જગ્યા.

Interposition, (ઇન્ટર્પોઝિશન્)*n.* Intervention:મધ્યસ્થગિરી; માધ્યસ્થ્ય. 2 Intervenient agent:વચલો આડતિયો. 3 Agency between parties:બે ટોળીઓ પંચની વચ્ચે આડત-કારભાર.

Interpret, (ઈન્ટર્પ્રેટ્)*vt.* [L *interpretor.*] To explain the meaning of:-નો અર્થ કરવો;વ્યાખ્યા ન ક૦ 2.To unfold the meaning of:-નો ખુલાસો કરવો;સમજાવવું;કહેવું.

Interpretable,(ઈન્ટર્પ્રેટેબલ)*a.* Capable of being interpreted:ખુલાસો કરવા યોગ્ય

Interpretation, (ઇન્ટર્પ્રેટેશન્) *n.* Version; translation,construction:ભાષાંતર,તરજૂમો;અર્થ

Interpreter,(ઇન્ટર્પ્રેટર્)*n.* An expositor; a translator:ભાષાંતર કરનાર; વિવરણકાર.

Interregnum, (ઈન્ટર્રેગ્નમ્) *n.* [L. *inter* & *regnum*,rule.]The time in which a throne is vacant between the death or abdication of a king and the accession of his successor:એક રાજાનું મરણને બીજાનો રાજ્યાભિષેક એ બેની વચ્ચેનો કાળ;અરાજક;નિર્નાયકી; અંધાધુંધી.

Interrogate,(ઇન્ટર્રોગેટ્)*vt* [L *inter* & *rogo*, I ask.]To examine by asking questions:સવાલ પૂછીને તપાસવું *vi.*To inquire;to ask:પ્રશ્ન-સવાલકરવો;પુછવું.

Interrogation,(ઇન્ટર્રોગેશન્) *n.* Examination by questions: સવાલ પૂછીને તપાસવું તે; પૂછપાછ.2.A question put; an inquiry:તપાસ;પુછેલો સવાલ;પ્રશ્ન;પૃચ્છા. 3. A note (?)that marks a question:પ્રશ્ન ચિન્હ.

Interrogative,(ઇન્ટર્રોગેટિવ્)*a.* Denoting a question:પ્રશ્નરૂપ;પ્રશ્નાર્થક;પ્રશ્નાત્મક; પ્રશ્નસૂચક.*n.* A word used in asking questions: પ્રશ્નાર્થ શબ્દ-સર્વનામ.

Interrogatory,(ઇન્ટર્રોગેટ્રિ) *n* A question or inquiry:પ્રશ્ન;સવાલ *a* Containing a question;expressing a question:પ્રશ્નસવાલનું પ્રશ્નરૂપ

Interrupt,(ઇન્ટર્રપ્ટ્)*vt.* [L. *inter*&*rumpo*, I break.] To stop by breaking in upon progress:અટકાવવું;બંધ પાડવું;તૂટ પાડવી.

Interruption, (ઈન્ટર્પ્શન્) *n.* The act of interrupting or breaking in upon:અટકાવ. 2.Stop;hindrance:અટકાવ;બંધ;ભંગ;અડચણ;તૂટ.

Interscapular,(ઈન્ટર્સ્કેપ્યુલર્) *a.* Situated between the shoulder blades:ખભાની વચમાંનું.

Intersecant,(ઇન્ટર્સેટ્)*a* Dividing into two pieces:બે ભાગ કરવું.

Intersect,(ઇન્ટસેક્ટ્)*vt.*[L.*inter*&*secto*,I cut.] To cut into parts:વચમાંથી કાપવું-ભાગવું.

Intersection, (ઈન્ટસેક્શન્) *n.* The act of intersecting:કાપવું-છેદવું તે;છેદનભેદન.

Interspace,(ઇન્ટર્સ્પેસ)*n.*A space between two things:અંતર;ગાળો;બે વસ્તુની વચમાંની જગ્યા.

Intersperse,(ઈન્ટર્સ્પર્સ)*vt.*[L.*inter* & *spargo* I scatter.]To scatter:વચ્ચે વચ્ચે નાંખવું-ફેંકવું.

Interstellar,(ઇન્ટર્સ્ટેલર્)*a.*Situated between the solar system,or among the stars: ગ્રહ-તારાની વચમાંનું;તારા મંડલ મધ્યવર્તી.

Interstice,(ઈન્ટર્સ્ટિસ)*n* [L.*inter* & *sisto*, I stand.]A hole:ફાટ,ચીર; તડ. 2 An interval of time between two acts:બે કામના વચ્ચેનો વખત;આંતરો;ગાળો;માર્ગ;જગ્યા.

Intertexture, (ઇન્ટર્ટેક્સ્ટ્યૂર્) *n.* The act of interweaving or the state of things interwoven:ફુમાસ;પોત;ભેળસેળ;ગુંથણ.

Inter-tropical, (ઇન્ટર્ટ્રોપિકલ્)*a.* Situated between the tropics:ક્રાંતિ વૃત્તની વચ્ચે આવેલું; ઉષ્ણ કટિબંધમાં આવેલું.

Intertwine, (ઈન્ટર્ટ્વાઈન્) *vt.* To unite by twining:એક બીજામાં ગુંચવીને એકઠું ક૦;ફુલ ગુંથણીયું ક૦ *vi.*To be twined or twisted together:ભેગુ;એકઠું થઈ જવું.

Intertwist, (ઇન્ટર્ટ્વિસ્ટ્) *vt.* To twist one with another:એક બીજાને વળ દઇને ગુંથવું;ગુંથવું.

Interval,(ઇન્ટર્વેલ્)*n.* [L.*inter* & *vallus*, a stake.] A space between things:વસ્તુઓ વચ્ચેની જગ્યા-અંતર-ગાળો;છેટું 2 Space of time between any two points:અવધિવાર;આંતરો.

Intervene,(ઈન્ટર્વીન્)*vi.*[L *inter* & *venio*, I come.] To come or be between persons or things: ની વચ્ચે આવવું;આડે આવવું.

Intervention,(ઇન્ટર્વેન્શન્)*n.*Interposition: વચ્ચે આવવું તે; મધ્યસ્થિતિ મધ્યસ્થપણું. 2. Any

interference:અડચણ;નડતર;અંતર.
Interview,(ઈન્ટર્વ્યૂ) *n.* A mutual sight; a conference of thoughts:મુલાકાત; ભેટ; મેળાપ; વાતચિત; સમાગમ.
Interweave (ઇન્ટર્વીવ્) *vt* To weave together:એકઠું વણવું 2.Intermingle: એકજ છે એમ કરવું.3 To intermix:ભેળીદેવું;સેળભેળ કo.
'**Intestable,** (ઇન્ટેસ્ટૅબલ્) *a.* Not capable of making a will:વસિયતનામું કરવાને અયોગ્ય.
Intestate,(ઈન્ટેસ્ટેટ્)*a* [L *in* & *testo*,I make a will.] Dying without having made a will: વારસનામું-મૃત્યુપત્ર કર્યા શિવાય મરનાર. I *property:* ન વારસી માલ. *n* A person who dies without making a valid will: વારસાનામું કીધા વીના મરી ગયેલું માણસ.
Intestinal(ઇન્ટેસ્ટાઈનલ્)*a.*Pertaining to the intestines of an animal body : આંતરડાંનું-સંબંધી
Intestine,(ઇન્ટેસ્ટાઇન્) [L. *intus*, within.] Internal:અંદરનું 2.Depending upon the internal constitution of a body:શરીરના અંદરના ભાગ ઉપર આધાર રાખતું 4 *pl* The canal or tube that extends with convolutions, from the right orifice of the stomach to the anus:આંતરડાં.
Inthral,(ઇન્થ્રોલ્)*vt.*To enslave;to shackle: દાસ-બુંદો-ગુલામ કરવો; ગુલામીમાં રાખવું.
Inthralment,(ઈન્થ્રોલ્મેન્ટ્)*n.*Servitude;bondage; slavery:ગુલામી દાસપણું;ગુલામગીરી.
Inthrone,(ઈન્થ્રોન્)*vt* To place on a throne: ગાદીએ બેસાડવું;રાજ્યાભિષેક કરવો.
Intimacy,(ઇન્ટિમૅસિ)*n.*Close familiarity or friendship:જીવજાન દોસ્તી-મિત્રાચારી;ઘરોબો.
Intimate,(ઇન્ટિમેટ્)*a.* [L *intimus*, the inmost.]Familiar:જીવજાન;દીલોજાન.*vt* To share together: સાથે ખાવું-કામ કરવું 2. To give a slight notice of:ખબર-સૂચના-માહિતી આપવી.
Intimately(ઇન્ટિમેટલિ)*adv.*Closely:ઘરોબારીતે.
Intimation,(ઇન્ટિમેશન્)*n* A hint:ખબર.
Intimidate,(ઇન્ટિમિડેટ્)*vt* [L *in* & *timidus*, fearful] To make fearful:દેહેશત લગાડવી;ધમકાવવું;ડરાવવું;બીહીવડાવું.
Intimidation(ઈન્ટિમિડેશન્) *n.* The act of making timid or fearful: ધમકી;ડરામણી.
Into,(ઇન્ટુ)*Prep.*Expressing insertion:માંહે.
Intolerable,(ઇન્ટૉલરેબલ્)*a* Not to be borne or endured:સહન ન થાય એવું,અસહ્ય;દુઃસહ.
Intolerably, (ઇન્ટૉલરેબ્લિ) *adv.* In an unendurable manner:ખમી ન શકાય એવી રીતે.
Intolerance, (ઇન્ટૉલરેન્સ) *n.* Illiberality; bigotry:ભીન્ન માણસોને તેઓના મત ધરાવવા કે ધર્મ પાળવા દેવાની ગેરમરજી;અક્ષમા.
Intolerant, (ઇન્ટૉલરંન્ટ્) *a.* Not enduring difference in relation to religion:ભીન્ન માણસોને તેઓના મત ધરાવવા અથવા ધર્મ પાળવા દેવાને નારાજી.2 Not enduring:સહન કરે નહિ એવું.
Intomb,(ઇન્ટૂમ્)*vt.*To bury:કબરમાં મૂકવું;દાટવું.
Intonation, (ઇન્ટોનેશન્)*n.* A thundering: ગડગડાટ 2.The act of modulating the voice: સ્વર ભેદ; ગંભીર સ્વર.
Intone,(ઇન્ટોન્)*vi.*To utter a sound:સ્વર કાઢવો. *vt.*To utter a long protracted sound:તાણીને ગંભીર સ્વરે બોલવું;ગંભીર સ્વર કાઢવો.
Intoxicate,(ઇન્ટૉકિસકેટ્)*vt.*[L *in* & *toxicum*, Gr.*toxicon*,poison.]To make drunk:છાકટું-પીધેલ કરવું;કેફ-મદ મસ્તી ચઢાવવી; છકાવવું.
Intoxication,(ઇન્ટૉકિસકેશન)*n.*Inebriation; inebriety; drunkenness:કેફ;અમલ;નીશો;મસ્તી.
Intoxicating, (ઇન્ટૉકિસકેટિન્ગ્) *a.* Having qualities that produce inebriation:કેફી;માદક.
Intractability, (ઇન્ટ્રેક્ટૅબિલિટિ) *n.* Intractableness: હઠ;જીદ;અડીએલપણું;દુઃસાધ્યતા.
Intractable, (ઇન્ટ્રેક્ટૅબલ્) *a.* Violent; stubborn:હઠીલું;જીદ્દી;અડીએલ;સમજે નહિ એવું.
Intractableness, (ઈન્ટ્રેક્ટૅબલનેસ્) *n.* Obstinacy;perverseness:હઠીલાઈ;અડીએલપણું.
Intransient, (ઈન્ટ્રેન્સિએન્ટ્) *a.* Not passing suddenly away:જલદીથી નજવું રેહે એવું:અસ્થિર.
Intransitive, (ઇન્ટ્રેન્સિટિવ્)*a.* Not passing over or indicating passing over:અકર્મક.
Intransmutable, (ઈન્ટ્રેન્સ્મ્યૂટૅબલ્)*n.* Not capable of being changed into another substance:જેનું જાત્યાંતર થાય નહિ એવું;અપરિણામી.
Intrench, (ઇન્ટ્રેન્શ) *vt.* To fortify with a ditch and parapet: ની આસપાસ ખાઇ ખોદવી.
Intrenchment, (ઈન્ટ્રેન્શમેન્ટ્)*n.* The act of intrenching: ખાઈ ખોદવી તે. 2. A trench or ditch dug out for a defence against an enemy:દુશ્મનને અટકાવવાને-દુશ્મનથી બચાવ કરવાને ખોદેલી ખાઇ 3.બચાવ;4.ધસારો;હમાણ.
Intrepid,(ઈન્ટ્રેપિડ્)*a.*[L. *in* & *trepidus*,trembling]Brave:undaunted:નિર્ભય;હિંમતવાન.
Intrepidity,(ઇન્ટ્રેપિડિટિ)*n.*Fearless bravery; courage:બેધડકપણું;છાતી;હિમ્મત;હામ;શૌર્ય વિક્રમ.
Intrepidly,(ઇન્ટ્રેપિડ્લિ)*adv* Fearlessly;daringly;resolutely:બેધડકપણાથી; હિમ્મતથી.
Intricacy,(ઈન્ટ્રિકેસિ)*n.*Perplexity:ગુંચવણ;ગુંછ.
Intricate, (ઈન્ટ્રિકેટ્) *vt.* [L. *in* & *tricæ*, trifles] To perplex:ગુંચવણમાં પાડવું; ગુંચવવું. *a.* Perplexed;complicated:ગુંચવણ ભરેલું.
Intrigue, (ઇન્ટ્રીગ્) *n.* A complicated plot: કાવતરું;કારસ્તાન;તરકટ;ફંદ.2.Complication: ગુંચવણ. *vi.* To form a plot:કાવતરું રચવું.
Intriguer,(ઇન્ટ્રીગર્)*n.* One who intrigues or forms plots:કારસ્તાન કરનાર;કારસ્તાની માણસ.

Intrinsic cal,(ઇન્ટ્રિન્સિક્-કૅલ્)*a* [L. *intra* & *secus*,side.]Inward;true;real:ખરેખરી;મૂળનું.
Introduce,(ઈન્ટ્રોડયૂસ્)*vt* [L. *intro* & *duco*, I lead] To lead or bring in: પ્રવેશ કરાવવો; -અંદર લાવવું.2. To bring to be acquainted: ઓળખાણ-મુલાકાત કરાવવી.3 To put to notice; to begin:આરંભ કરવો;ચાલુ-શરૂ કo; પ્રવર્તાવવું.
Introduction, (ઇન્ટ્રોડક્શન્) *n.* The act of introducing or bringing to notice:પ્રવેશ;સ્થાપના.2 The act of making persons known to each other:ઓળખાણ કરાવી આપવી તે;સલામણ;મુલાકાત.3. Preliminary matter:પ્રસ્તાવના.4. A treatise: આખ્યાન 5.આરંભ; પ્રારંભ.
Introductive,(ઇન્ટ્રોડક્ટિવ્)*a.*Serving as the means to bring forward something; introductory: દાખલ-ચાલુ કરે એવું;પ્રવર્તક;સાધક.
Introductory, (ઇન્ટ્રોડક્ટરિ) *a* Prefatory:દાખલ-ચાલુ કરે એવું;પરસ્તાવનારૂપ.
Introspection,(ઇન્ટ્રોસ્પેક્શન્)*n.*[L. *intro* & *specio*,I see.] A view of the inside or interior:અંદરની બાજુની તપાસ-અવલોકન;અંતર્દૃષ્ટિ.
Intrude,(ઇન્ટ્રૂડ્)*vi* [L.*in* & *trudo,* I thrust.] To enter unwelcome into company: વગર બોલાવે અંદર જવું 2.To encroach: રજા હક વગર કોઇ જગ્યાએ જવું.
Intruder,(ઈન્ટ્રુડર્)*n.*One who enters where he has no right:ઘુસણીઓ;માથુ મારનાર;ઘોલીયો
Intrusion, (ઇન્ટ્રુઝન્)*n.* The act of intruding without right:હક-રજા વિના પ્રવેશ કરવો તે.
Intrusive,(ઇન્ટ્રુસિવ્) *a.* Entering without right or welcome:વગર બોલાવે જાય-આવે એવું
Intrust, (ઈન્ટ્રસ્ટ્) *vt.* To deliver in trust;to confide to the care of:સોંપવું;સ્વાધીન કo.
Intuition, (ઈન્ટયૂશન્) *n* [L. *in* & *tutor*; to look.] A looking after; a regard to:દરકાર રાખવી તે.2 Immediate knowledge:અંતર્જ્ઞાન.
Intuitive,(ઇન્ટયૂઇટિવ્)*a.* Seeing clearly:સાક્ રીતે જોતું 2.Knowing by intuition:અંતર્જ્ઞાની.
Intuitively,(ઈન્ટયૂઇટિવ્લિ)*adv.*Without reasoning:સહજ;કોઇના કહ્યા વગર;તરતજ.
Intumescence,(ઇન્ટયૂમેસેન્સ્)*n.*The action of swelling:સૂજવું તે 2. A swell:સોજો.
Intwine,(ઇન્ટવાઇન્)*vt.*To twist:લપેટવું.
Intwist,(ઇન્ટિવસ્ટ્)*vt.*To interweave:વળ દેવો.
Inundate,(ઇનન્ડેટ્)*vt.*[L.*in*&*unda*,a wave] To overflow:રેલ પૂરથી બૂડાડવું.
Inundation, (ઇનન્ડેશન્) *n.* An overflow of water or other fluid;a flood:જળ પ્રલય;રેલ;પૂર
Inure,(ઇન્યૂર્)*vt.*[L.*usus*,use.]To habituate; to accustom:માહાવરો-ટેવ-આદત પાડવી;ટેવાવું.
Inurement,(ઇન્યૂરમેન્ટ્)*n.*Use;practice;habit: ટેવ-મહાવરાથી કઠણ થવું તે.
Inurn,(ઈનર્ન્) *vt.* To bury; to inter:દાટવું. 2. To put in an urn:શીશો-ચંબુમાં ભરવું.[નિરૂપયોગ.
Intuitility(ઇન્યૂટિલિટિ)*n* Uselessness:વ્યર્થતા;
Invade,(ઇન્વેડ્)*vt.* [L. *in* & *vado*,I go.] To attack;to enter with hostile intentions:હુમલો કo.2.To infringe; to encroach upon: પગ પેસારો કરવો;દબાવવું;લેઇ લેવાનું કo.
Invader,(ઈન્વેડર્)*n.*An assailant:સ્વારી કરનાર
Invain,(ઈન્વેન્)*adv.*Uselessly:ફોકટ;મિથ્યા.
Invalid.(ઇન્વૅલિડ્) *a.* [L. *in* & *valio*, I am strong.]Having no force:નબળું;માંદુ.2.Void; null:રદ;બાતલ.*n.*A person who is weak and infirm: રોગી માણસ 2. A soldier worn out in service:નોકરી કરવાથી અશક્ત થઇ ગયેલો શિપાઇ.
Invalidate,(ઇન્વૅલિડેટ્) *vt.* To render of no force or effect:રદ; નબળું વ્યર્થ કરવું.
Invalidity, (ઇન્વૅલિડિટિ) *n* Want of legal force or efficacy:નિર્બળતા;વ્યર્થતા.2. Want of health:તંદુરસ્તી સારી નહિ હોવી તે
Invaluable,(ઇન્વૅલ્યૂઍબલ્)*a.*Precious;above estimation:અમૂલ્ય;અમુલિક;ઘણુંજ કીમતી;અણમોલ.
Invariable,(ઈન્વૅરિઍબલ્)*a.*Unalterable:બદલાય નહિ એવું;એક સરખું.
Invariably,(ઇન્વૅરિઍબ્લિ)*adv* Without alteration:એક સરખી રીતે;નિત્યના નિયમ પ્રમાણે.
Invariableness, (ઈન્વૅરિઍબલનેસ્) *n.* Immutability:એક સરખાપણું;સ્થિરતા.
Invasion,(ઇન્વેઝન્) *n,* Encroachment:પગ પેસારો 2.The incursion or plunder:દ્વેષ ભાવથી લૂંટને માટે કરેલી સ્વારી હુમલો;ચઢાઇ;હલ્લો.
Invasive,(ઇન્વેસિવ) *a.* Tending to invade aggressive:વેરભાવથી હુમલા માટે પ્રવેશ કરતું.
Invective(ઈન્વેક્ટિવ્)*n.*An expression which rails against a person:બદબોઈ;નિંદા;આક્ષેપ*a.* Railing:નિંદા ભરેલું.
Inveigh,(ઇન્વે)*vi* [L.*in*& *veho*, I carry.]To exclaim or rail against:-નીનિંદા બદબોઇ કરવી.
Inveigher,(ઇન્વેઅર્)*n.*One who rails;a railer:નિંદા કરનાર. [છેતરવું.
Inveigle,(ઇન્વીગલ્) *vt.* To seduce:ફોસલાવવું;
Inveigler,(ઈન્વીગ્લર્)*n.* One who entices or draws into any design: ફોસલાવનાર
Invent,(ઇન્વેન્ટ્)*vt.*[L *in* & *venio*,I come.] To find:શોધી કાઢવું.2 To discover by study or inquiry:કંઇ નવું શોધી કાઢવું 3.To fabricate કંઇ ખોટું બનાવવું;બનાવટ કo.
Invention,(ઈન્વેન્શન્)*n.* Discovery:શોધ. 2. Devise:ઘાટ;રચના;યોજના;કલ્પના.3.A fiction: બનાવટ;તરકટ;જુઠાણું.
Inventive, (ઇન્વેન્ટિવ્) *a.* Able to invent: શોધક;કલ્પક;નવું શોધી કાઢે એવું;યુક્તિવાન.
Inventor,(ઇન્વેન્ટર્) *n.* One who finds out

something new:નવું શોધી કાઢનાર.

Inventory,(ઇન્વેન્ટૉરિ)*n.* A catalogue of goods:સામાનની યાદી.*vt.*To make a list:યાદી કરવી

Inverse,(ઇન્વર્સ) *a.* Inverted:ઉંધું;અવળું.2. Opposite in effects: મુળ ઉપર અને ટોચ નીચે એવું;કુદરતી હોય તેનાથી ઉલટું.

Inversely, (ઇન્વર્સ્‌લિ) *adv.* In an inverted order or manner:ઉલટાવીને;વ્યુત્ક્રમ રીતે;વિપર્યયી

Inversion, (ઇન્વર્શન્) *n* The act of inverting:ઉંધું વાળવું તે.2.A change of the natural order of things:કુદરતી નિયમથી ઉલટા નિયમમાં ચાલે હોવી તે;વિપર્યય.3.(*Gram.*)A change of the usual order of words: શબ્દોની નિયમિત ગોઠવણીમાં ફેરફાર;વ્યુત્ક્રમ.

Invert,(ઇન્વર્ટ)*vt* [L.*in* &*verto*, I turn.] To turn over:ઉલટાવવું;ઉથલાવવું;ફેરવવું 2.To change the position of:-ની જગ્યા બદલવી.

Inverted,(ઇન્વર્ટેડ્)*a.* Changed in order;reversed:ઉલટે ક્રમે આવેલું લખેલું;ઉંધું વાળેલું;વ્યસ્ત. I. *commas*:અવતરણચિન્હ (" ").

Invest,(ઇન્વેસ્ટ્)*vt.* [L. *in* & *vesto*,I clothe] To put garments on:પહેરાવવું.2 To endow: બક્ષીસ કરવું.3 To place in possession of rank or dignity:પદવી અધિકાર આપવો.4.To block up:ઘેરો ઘાલવો. 5. To place money so that it will be safe and yield a profit:સલામત રહે અને ફાયદો મળે એવી રીતે મૂકવું.

Investigate,(ઇન્વેસ્ટિગેટ્)*vt.*[L.*in* & *vestigo*, I search or track.]To follow up:પછવાડે લાગવું;શોધવું;તપાસ કo.

Investigation, (ઇન્વેસ્ટિગેશન્)*n.* Research; inquiry:તપાસ;શોધ;તજવીજ;તપાસણી;તહોસ.

Investigative,(ઇન્વેસ્ટિગેટિવ્)*a* Given to investigation:તપાસ-તહોસ-શોધ કરતું.

Investigator,(ઇન્વેસ્ટિગેટર્)*n.* One who searches:તપાસ-ચોકસી રાખનાર.

Investiture, (ઇન્વેસ્ટિટ્યૂર્) *n.* The right of giving possession of any office or benefice: કોઇને પદવી-જગ્યાની વૃત્તિ આપવાનો હક-સત્તા. 3. Investment:અભિષેક;પદસ્થાન.

Investment,(ઇન્વેસ્ટ્મેન્ટ્) *n.* The action of vesting: આપવું તે. 2. A vestment;a robe: ઝભ્ભો.3.The act of surrounding or blocking up:ઘેરો 4.The laying out of money in the purchase of property: મિલકત-જાગીરખરીદવામાં પૈસા રોકવા-નાંખવાં;ધનવિનિયોગ.

Inveteracy,(ઇન્વેટરૅસિ)*n.*Long continuance or the firmness acquired by time:જુનાપણું.

Inveterate,(ઇન્વેટરેટ્)*a.* [L *in* & *vetus,veteris*, old.] Deeprooted;obstinate: કટ્ટુ. 2 Having habits fixed by long continuance:મહાવરો પડેલોહોયતેવું.

Invidious,(ઇન્વિડિઅસ્) *a.* [L. *in* & *video*,I see.] Envious;malignant:અદેખું;ખારીલું.

Invidiously,(ઇન્વિડિઅસ્લિ)*adv.* In an invidious manner:અદેખાઇથી;મત્સર-દ્વેષપૂર્વક.

Invigilance, (ઇન્વિજીલૅન્સ્) *n.* Neglect of watching:અસાવધાની;ગફલત;ગેરહોશીઆરી.

Invigorate,(ઇન્વિગૉરેટ્)*vt.*[L *in* & *vigeo*,I am strong.] To strengthen:જોર આપવું.

Invigorating,(ઇન્વિગૉરેટિન્ગ્)*a* Strengthening;animating:પુષ્ટિકારક;ધાતુપુષ્ટ;બળ વર્ધક,પૌષ્ટિક.

Invigoration,(ઇન્વિગૉરેશન્)*n.*The act of invigorating:બળવર્ધન;જોરવર્ધન.

Invincible, (ઇન્વિન્સિબલ્)*a.*[L *in*&*vinco*,I conquer.]Uncoquerable:જીતાય નહિં એવું;અજીત.

Inviolable,(ઇન્વાઇઑલૅબલ્)*a.* Not violable; not to be broken:તોડાય નહિં એવું;અભંજ્ય;અલંઘ્ય.

Inviolably, (ઇન્વાઇઑલૅબ્લિ) *adv.* without violation:અંગાય નહિ-ઉલંઘન ન થાય એવી રીતે.

Inviolate,(ઇન્વાઇઑલેટ્)*a.* Unhurt; unpolluted;unbroken:ઇજા ન પામેલું; નહિ બગડેલું.

Invisibility,(ઇન્વિઝિબિલિટિ)*n.*[L *in*&*video*, I see.]Imperceptibleness:અદૃશ્યતા;અગોચરતા.

Invisible,(ઇન્વિઝિબલ્)*a.*Incapable of being seen;imperceptible to the sight:અદૃશ્ય.

Invitation,(ઇન્વાઇટેશન્)*n.*The act of inviting;solicitation:આમંત્રણ;અરજ;વિનંતી;તેડું;ઇજન.

Invite,(ઇન્વાઇટ્)*vt.*[L. *in* & *voco*,I call.] To ask to an entertainment or visit:બોલાવવું. 2. To allure:લલચાવવું.

Inviting,(ઇન્વાઇટિન્ગ્)*p a.*Alluring:મોહક.

Invitingly,(ઇન્વાઇટિન્ગ્લિ)*adv.* In a manner to invite or allure:આકર્ષણથી;લલચાવીને.

Invocate,(ઇન્વૉકેટ્)*vi.* [L.*in* & *voco*,I call.] To invoke;to address in prayer:નામ સ્મરણ કo;નામ દેવું;આવાહન કo;પ્રાર્થના કરવી;આજીજીથી માગવું.

Invocation, (ઇન્વૉકેશન્) *n.* The act of addressing in prayer:આવાહન;વિનંતિ;ઉચ્ચારણ.

Invoice,(ઇન્વૉઇસ્)*n.* A written account of merchandise with price:ભરતિયું *vt.*To make a written account of goods:ભરતિયું કo.

Invoke,(ઇન્વૉક્)*vt.*[L. *in* & *voco*,I call.] To call for or ask:વિનંતથી માગવું.2. To address in prayer:નામનું સ્મરણ કરવું.

Involuntarily,(ઇન્વૉલન્ટૅરિલિ) *adv.* Not by choice;not spontaneously:મરજી ન છતાં.

Involuntary, (ઇન્વૉલન્ટરિ) *a.* Not having will:મરજી વિનાનું;મરજી વિરૂદ્ધ;ઇચ્છાહીન.

Involution, (ઇન્વૉલ્યૂશન્) *n.* The action of involving or infolding:લપેટવું-વિંટાળવું તે. 2. Complication: ગુંચવણ; ગુંચવાડો. 3. The process of raising a quantity to any power assigned:ઘાતકર્મ;ઘાત.

Involve,(ઈન્વૉલ્વ્)*vt.* [L. *in* & *volvo*,I roll.] To envelope:લપેટવું;વિંટાળવું;ઢાંકવું.2.To imply અનુમાનથી દેખાડવું-જણાવવું; ગર્ભિત હોવું. 3. To Implicate:સામેલ કo; ભેડવું. 4 To entangle: ગુંચવવું. To overwhelm:ગુંચવવું;ગરક કo.5. To kill:ને ઘાતકo.

Invulnerable,(ઇન્વલ્નરૅબલ્)*a*.Incapable of being wounded:ઘા લાગે નહિ એવું.

Inward,(ઈન્વર્ડ્) *a*. Placed or being within interior:અંદરનું;માંહેનું; માંહે મુકેલું. I. *letters*: આવક. *adv*. Toward the inside:અંદર.

Inwardly,(ઇન્વર્ડ્લિ) *adv*. Internally:અંદર.

Inweave,(ઈન્વીવ્)*vt*. To weave together;to intermix by weaving:ગૂંથવું;વણવું;વણીને ગુંથવું

Inworking,(ઇન્વર્કિંગ)*a*.Internal operation energy within:મનમાંનો વેપાર-કામ-ક્રિયા.

Inwrap,(ઇન્રૅપ્) *vt*. To involve:લપેટવું.

Inwreathe,(ઈન્રીધ્)*vt*. To surround or encompass with a wreath:હાર માળાની માફકo.

Inwrought, (ઈન્રૉટ્) *a*. Worked in other things; adorned with figures:જડિત;જડેલું.

Iodide,(આઈઑડાઈડ્)*n*.A nonacid compound of iodine:એક જાતનો રસાયણી ક્ષાર છે.

Iota,(આઈ ઑટ)*n*.[Gr.the smallest letter in the alphabet corresponding to E ,i.]A very small quantity or degree:પરમાણુ;લવ;લેશ.

Irascibility,(આઇરૅસિબિલિટિ)*n*. The quality of being easily excited:તપી જાય-એવી તબીયત.

Irascible, (આઈરૅસિબલ્) *a*. Susceptible of anger:જરાવારમાં તપી જાય એવું;ક્રોધી;ગ્રાંઝી;ચીઢીયું.

Irate,(આઇરેટ્)*a* [L.*iratus*, angry.] Angry; incensed;enraged:ગુસ્સાવાળું;ક્રોધાયમાન;ક્રોધી

Ire,(આઈર્)*n* [L *ira* wrath.]Anger:ક્રોધ.

Ireful,(આઈર્ ફુલ્)*a*.Angry:ક્રોધી;તામસી.

Iris,(આઇરિસ્)*n.pl* **Irises**,[L.*iris* Gr.*ipidor* the rainbow.] The rainbow:વરસાદની કમાન; મેઘ ઈન્દ્રધનુષ્ય. 2 A circle round the pupil of the eye:આંખની કીકીની આસપાસનું કુંડાળું.

Irish,(આઇરિશ્)*a*.Pertaining to Ireland:આયર્લાડને લગતું *n*.The inhabitants of Ireland: આયર્લાંડના રહેવાસીઓ 2.The language of the Irish:આઇરીશ લોકોની ભાષા.

Irksome,(અર્ક્સમ્)*a*.Tedious:કંટાળા ભરેલું.

Irksomeness,(અર્કસમ્નેસ્)*n*. Tediousness; wearisomeness:ચીડ;કંટાળો;ત્રાસ;બેચેની.

Iron,(આઇઅર્ન્)*n*. One of the hard metallic elements:લોખંડ 2.*Smoothing* i:ઇસ્ત્રી.3 (*pl*) Fetters બેડી 4. Strength શક્તિ;બળ;જોર. *Cast iron or pig iron*:પોલાદ *Magnetic iron*:લોહચુંબક. *Wrought iron*: ખરૂં લોઢું *a*. Made of iron:લોઢાનું;બનાવેલું.*vt*. To smooth an instrument of iron:ઇસ્ત્રી કo.

Iron-bound,(આઇઅર્ન્બાઉન્ડ્)*a*. Bound with iron:લોઢાથી બાંધેલું. [iron:લોઢાથી મઢેલું-ઢાંકેલું.

Iron-cased,(આઇઅર્ન્કેસ્ડ્)*a* Covered with

Iron-clad,(આઇઅર્ન્-ક્લેડ્)*a* Clad in iron:લોઢાના પતરાંથી મઢેલું.*n*.A ship of war covered with ironplates:લોઢાનાં પતરાંથી મઢેલી મનવાર.

Iron founder,(આઇઅર્ન્-ફાઉન્ડર્)*n* One who makes iron castings:લોઢાનું ભરત કામ કરનાર.

Iron-foundry,(આઇઅર્ન્-ફાઉન્ડ્રિ)*n*.The place where iron castings are made:લોઢાનું કારખાનું.

Iron-hearted,(આઇઅર્ન્ હાર્ટેડ્) *a*. Of a h rd heart;merciless:વજ્ર-કઠણહૈયાનું-મનનું;નિર્દય.

Iron monger,(આઈઅર્ન્-મન્ગર્)*n* A dealer in ironwares or hardwares:લોઢાનો સામાન વેચનાર.

Iron-smith, (આઇઅર્ન્ સ્મિથ્)*n*. A worker in iron:લોઢાનું કામ કરનાર લુહાર.

Iron-works,(આઇઅર્ન્-વર્ક્સ્)*n*.An iron foundry:લોઢાનું કારખાનું.

Ironical, (આઈરૉનિકલ્) *a*. Pertaining to irony:અન્યોક્તિ વ્યાજોક્તિને લગતું 2 Expressing one thing and meaning the other:કહેવું કંઈ અને કરવું કંઈ એવું;હોય તેથી ઉલટું;ઉપરોધી;મરડાટનું.

Ironically, (આઈરૉનિકલિ) *adv*. By way of irony:વ્યાજોક્તિથી;અન્યોક્તિથી;હોય તેથી ઉલટી રીતે.

Irony,(આઇરૉનિ)*n*.[L.*ironia*,Gr.*eiron*,I talk.] A kind of ridicule which exposes the errors or faults of other by seeming to adopt them:મરોડની બોલી;વ્યાજોક્તિ;વક્રોક્તિ;ઉપરોધ.

Irradiance(ઇરેડિઍન્સ)*n*.Emission of rays of light:અજવાળાનાં કીરણો નિકળવાં તે.

Irradiate,(ઇરેડિએટ્) *vt* [L. *in* & *radio*,I shine.] To illuminate: પ્રકાશિત કરવું. 2. To animate by heat or light:તાપ-પ્રકાશ કo;

Irradiation, (ઇરેડિએશન) *n* The act of emitting beams of light:પ્રદીપન;પ્રકાશન;પ્રકાશ.

Irrational,(ઇર્રૅશનૅલ્)*a*. Void of reason or understanding:જ્ઞાનબુદ્ધિહીન-વિનાનું;ઢોર સરખું.

Irrationality,(ઈર્રૅશનૅલિટિ)*n*.Want of reason understanding:જ્ઞાન-બુદ્ધિહીનતા;અજ્ઞાનતા.

Irrationally,(ઇર્રૅશનૅલિ)*adv*. Without reason;absurdly:મુર્ખાઈથી;અજ્ઞાન ભરેલી રીતે.

Irreclaimable,(ઇરીક્લેમેબલ્)*a*. Incapable of being reclaimed:ઠેકાણે પાછું લવાય નહિ એવું.

Irreconcilable, (ઇરેકન્સાઇલેબલ્) *a*. Not reconcilable;implacable: શાંત પડે નહિ એવું.

Irrecoverable,(ઈરીકવરૅબલ્)*a*.Not capable of being restored:પાછું મેળવાય નહિ એવું;નિરૂપાય

Irrecoverably,(ઈરીકવરૅબ્લિ) *adv*. Beyond recovery:નિરૂપાયથી.

Irredeemable,(ઈરીડીમેબલ્)*a* Not redeemable:ન છોડવી લેવાય એવું.

Irrefragable-Irrefutable, (ઈરીફ્રેગેબલ્-ઈ-

ઇર્રીફ્યૂટેબલ્) *a.* Not to be refuted or overthrown:ખંડન કરાય નહિ એવું-અખંડનીય;અનિવાર્ય.

Irregular,(ઈર્રેગ્યૂલર્)*a.*[L.*in*&*rego*,I rule.] Not according to common form or rules: સાધારણ નિયમ વિનાનું;બે કાયદેસર.2.Deviating from usage:નિયમ વિરૂદ્ધ.3.Unnatural:કુદરતી નિયમ વિરૂદ્ધ.4.Immethodical:નિયમ વગરનું;અનિયમિત. 5 Deviating from the rules of moral rectitude:આડે માર્ગે ચાલતું 6. Not straight:વાંકું 7. Not uniform: એક સરખું નહિ; વિષમ;અસમ 8. Not symmetrical:આકાર-સાંગ શુદ્ધ નહિ એવું.

Irregularity,(ઈર્રેગ્યૂલૅરિટિ)*n.* The state of being irregular:રીતિ-નિયમ-વિધિ વિરોધ-ભંગ.

Irregularly,(ઈર્રેગ્યૂલર્લિ)*adv.*Without rule, method or order:અવ્યવસ્થિત રીતથી;વિરૂદ્ધ રીતે.

Irrelative,(ઇર્રેલૅટિવ્)*a.*Without mutual relations;unconnected:પારકું;સગાઇ વગરનું.

Irrelevancy,(ઇર્રેલીવૅન્સિ)*n.*The quality of not being applicable:અપ્રસંગ;લાગુ ન પડે એવું હોવું તે;અસંબદ્ધ.

Irrelevant,(ઇર્રેલીવૅન્ટ્)*a.*Not applicable or pertinent:લાગુ પડે નહિ એવું;અપ્રસ્તુત.

Irreligion,(ઇર્રીલિજૅન્)*n.* Want of religion or contempt of it;impiety:અધર્મ;દેવનિંદા.

Irreligious, (ઇર્રીલિજસ્) *a.* Destitute of religion;ungodly:અધર્મી;અધાર્મિક;દુષ્ટ;અનાચારી.

Irremediable, (ઈર્રીમીડિઍબલ્) *a.* Not to be remedied:જેનો ઉપાય ના થઇ શકે એવું.

Irremovable, (ઈર્રીમૂવૅબલ્) *a.* Not removable;immovable:ખસેડાય નહિ એવું;અચળ;સ્થિર.

Irreparable,(ઇર્રેપૅરૅબલ્)*a.* Not capable of being recovered or regained;not reparable: પાછું મળે નહિં એવું; સુધરે-સમરે નહિ એવું.

Irreprehensible, (ઇર્રીપ્રીહેન્સિબલ્) *a.* Not to be blamed or censured:ઠપકો ન દેવાય એવું.

Irrepressible,(ઇર્રીપ્રેસિબલ્)*a.*Not capable of being repressed:દબાય નહિં એવું.

Irreproachable,(ઇર્રીપ્રોચૅબલ્)*a.*Free from blame;upright;innocent:ઠપકો દેવાય નહિ એવું

Irreproachably,(ઈર્રીપ્રોચૅબ્લિ)*adv.* Blamelessly:ઠપકો ન દેવાય એવી રીતે;નિષ્કલંકપણે.

Irreprovable,(ઈર્રીપ્રુવૅબલ્)*a.*Blameless;upright:ઠપકો ન દેવાય એવું;પ્રમાણિક;અદૂષણીય; નિર્દોષ.

Irreptitious,(ઇર્રીપ્ટિશસ્)*a* [L.*in* & *repere*, to creep.]Secretly introduced:છુપું રાખેલું.

Irresistible,(ઇર્રીઝિસ્ટિબલ્) *n.* Superior to opposition:અટકાવી શકાય નહિ એવું;અનિવાર્ય.

Irresolute, (ઇર્રેઝોલ્યૂટ્) *a.* Not decided; wavering;given to doubt:ચલિત મનનું.

Irresolution (ઇર્રેઝોલ્યૂશન્) *n.* Want of resolution; want of decision;અદૃઢતા;અસ્થિરતા.

Irrespective,(ઈર્રીસ્પેક્ટિવ્) *a.* Not having regard to:દરકાર-ધ્યાન ન રાખનાર;નિરપેક્ષ.

Irrespectively,(ઇર્રીસ્પેક્ટિવ્લિ) *adv.* Without regard to:ધ્યાન-દરકાર-કાળજી આપ્યા વિના.

Irresponsible, (ઇર્રીસ્પૉન્સિબલ્)*a.*Not responsible:જવાબદાર નહિ હોય એવું.

Irretrievable,(ઈર્રીટ્રીવૅબલ્)*a.*Not to be restored:ફરીથી મેળવાય નહિ એવું.

Irreverence,(ઈર્રેવેરેન્સ્) *n.* Absence or defect of reverence:અપમાન;અનાદર;અવ[illegible].

Irreverent, (ઇર્રેવેરેન્ટ્)*a.*Wanting respect to superiors:અપમાન-અનાદર;અવજ્ઞાકારી.

Irreversible-Irrevocable, (ઈર્રીવર્સિબલ્-ઈર્રીવૉકૅબલ્)*a.*Incapable of being,repealed or annulled:રદ કરાય-ન ફેરવાય એવું;અપરિવર્તનીય.

Irrigate,(ઇર્રિગેટ્)*a.*[L. *in* & *rigo*,I water.] To water,as land, by causing a stream to flow upon and over it:નેહેરવતી ખેતર-જમીનને પાણી પાવું.

Irrigation,(ઇર્રિગેશન્)*n.*The operation of causing water to flow over lands:નીક-નેહેરવતી ખેતર-જમીનને પાણી પાવું તે.

Irriguous,(ઈર્રિગ્યૂઅસ્) *a.* Watered: પલળેલું.

Irritability, (ઇર્રિટૅબિલિટિ) *n.* Vexation; fretfulness:ગુસ્સો;રીસ;તામસ;ચીડ.

Irritable,(ઈર્રિટૅબલ્) *a.* Capable of being irritated:ચિડાય ખિજવાય એવું; ચિડાઉ.

Irritant,(ઈર્રિટૅન્ટ્) *a* Irritating: ગુસ્સે કરતું. *n.* [L. *in* & *ratus*,established.]A poison that produces inflammation:સોજા ચઢાવે એવું ઝેર-વિષ.

Irritate,(ઇરિટેટ્) *vt.* [L. *irrio*,I snarl] To inflame; to fret:આગ-લાય-ઝાળ ઉઠાવવી 2. To provoke; to tease:ચિડવવું;ખિજવવું;ગુસ્સે ક૦.

Irritation,(ઇરિટેશન્) *n.* Provocation; exasperation; anger:ચિડ;ખિજ;ગુસ્સો; ખીજવાટ.

Irritative,(ઈરિટેટિવ્)*a.*Serving to excite; irritatory:આગ ઉઠે એવું.

Irruption,(ઈર્રપ્શન્) *n.* [L *in* & *rumpo*, I break.]A breaking or bursting in:એકાએક ફાટીને અંદર આવવું તે 2 A sudden invasion or incursion:એકાએક એકદમ કરેલી ચઢાઇ; હલ્લો.

Irruptive,(ઈર્રપ્ટિવ્)*a.*Rushing in or upon: એકદમ ફાટીને અંદર આવવું ધુસવું.

Is,(ઇઝ્) *vi.*[L *esse*,to be.]The third person singular of the substantive verb, in the indicative mood, present tense:છે;હોય છે.

Ischury,(ઇસ્કયૂરિ)*n* [L *iscuria.*] A retention or suppression of urine:મૂત્રાવરોધ.

Islam,(ઇસ્લૅમ્)*n.*The religion of Mohammed and Mohammedans:મુસલમાન લોકોનો ધર્મ.

Island, (આઇલૅન્ડ્) *n.* A tract of land sur-

rounded by water:ટાપુ;બેટ;દ્વીપ.

Islander,(આઇલૅન્ડર)*n.*An inhabitant of an isle:ટાપુ-બેટ-દ્વીપનો રેહેવાસી-મારેહેનાર;દ્વીપ નિવાસી.

Isle,(આઇલ્)*n.* [L. *insula*] An island:બેટ.

Islet,(આઇલેટ્)*n.*A little isle:ન્હાનો ટાપુ;ઉપદ્વીપ.

Isolate,(આઇસોલેટ્)*vt.*[L.*insula*,island.]To place in a detached situation:જુદું મુકવું.

Isolation,(આઇસોલેશન્) *n.* Insulation:અળગું વેગળું-છેટે-જુદું હોવું તે;અળગા-વેગળાપણું.

Isothermal,(આઇસોથૅર્મલ્)*a.* [Gr. *isos* equal & *therme,* heat.] Having equal mean temperature:સમ ઉષ્ણતાવાળું.

Isoceles,(આઇસોસેલીઝ્)*a.*[Gr *isos,* qual and *skelos,*a leg.]Having two legs or sides only, that are equal:સમદ્વિબાજુ;સરખાપગ-બાજુવાળું

Israelite,(ઇસ્રૅલાઇટ્)*n.*[Gr.*israel,*a soldier of God.] A descendant of Israel or jacob; a jew:ઈસ્રાયલ-જેકોબના વંશનું;માણસ;યાહુદી.

Issuable, (ઈસ્યૂબલ્) *a.* Leading to proceeding,or relating to an issue:બહાર કાઢવા યોગ્ય.

Miss,(મિસ્) *vt.* To fail in getting, seeing, etc,:ચુકવું-ચુકી જવું 2.To omit;to go without: કર્યા વગર રહેવું;પડતું મૂકવું;બંધ રાખવું.3 To feel the want of:ખોટ માલમ પડવી. *vi.* To fail to hit;to fly wide:ચુકવુ.2 To fail to obtain:નિષ્ફળ થવું.3.To wrong;to err:ભૂલ-ચુક કરવી.

Misshapen,(મિસ્શેપન્)*a.* Having a bad or ugly form:બદશિકલી;બેડોળ;વિરૂપ;કુરૂપ.

Missile,(મિસ્સિલ્) *n.* [L. *mitto,* I send.] A weapon thrown:છુટું મારવાનું હથીઆર.

Missing,(મિસિંગ્)*a.* Lost:ખોવાઈ ગએલું.

Mission, (મિશન્) *n.* [L *mitto,* I send.] An errand;a commission:દૂતપણાનું કામ; સંદેશો. 2. An embassy:મોકલેલાં માણસ;પ્રેષિતમંડળ.3. An organization for worship and work: ભક્તિ વગેરે ધર્મ કાર્ય કરનાર મંડળી.

Missionary,(મિશનૅરિ)*n.*[L. Mitto,I send] One who is sent on a mission:ધર્મનો ફેલાવો કરવા સારૂ મોકલેલું માણસ;પાદરી;ધર્મ પ્રચારક;મિશનરી.

*a.*Of or pertaining to mission:મિશન-પ્રેષિતનું.

Missive,(મિસિવ્)*n.*[L. *mitto,*I send.]That which is sent:મોકલેલો કાગળ.*a.* Intended or prepared to be sent:ફેંકેલું;મોકલવાનું.

Misspell,(મિસ્સ્પેલ્)*vt.*To spell incorrectly: ખોટી જોડણી કરવી.

Misspend, (મિસ્સ્પેન્ડ્) *vt.* To squander; to waste :કમાર્ગે-નઠારે રસ્તે ખરચવું-વાપરવું.

Misstate,(મિસ્સ્ટેટ્) *vt.* To state wrongly: જેવું હોય તેવું નહિ પણ ખોટી રીતે કહેવું.

Misstatement(મિસ્સ્ટેટ્મેન્ટ્)*n* An incorrect statement:ખોટું ભાષણ-જુબાની; મિથ્યા ભાષણ.

Mist,(મિસ્ટ્)*n.* [L. *mingeo,*I make water] Visible watery vapour; fog:ધુમ્મસ; ધુમસ. 2. ઝાંખ; અંધારી. *vt.* To cloud; to cover with mist; to dim:ઝરમર-ઝરમર પડવું.

Mistake,(મિસ્ટેક્)*n.*An error:ભૂલ;ચૂક. *vt.*To take or choose wrongly:ભૂલવું-ચૂકવું. 2 To take in the wrong sense:ખોટું સમજવું;ખોટો અર્થ કરવો *vi* To err:ભુલ-ચુક કરવી.

Mistaken,(મિસ્ટેકન્)*a.*Being in error;judging wrongly:ભૂલ કીધી-ચૂક્યૂ હોય એવું.2. Erroneous; wrong:ખોટું;ભૂલ ભરેલું.

Mister,(મિસ્ટર્)*n* [L. *magister,*a master.]A title of courtesy prefixed to the name of a man:શેઠ;સાહેબ;મિસ્તર.

Misthink,(મિસ્થિન્ક્)*vt* To think wrongly: [ખોટો ખ્યાલ કરવો.

Mistime,(મિસ્ટાઈમ્)*vt.*To time wrongly:અકાળે-કવખતે-અકાળ યોજના કo.

Mistranslate,(મિસ્ટ્રેનસ્લેટ્)*vt.* To translate erroneously:અશુદ્ધ ભાષાંતર કરવું.

Mistress, (મિસ્ટ્રેસ્) *n.* A woman having power or authority; the femalehead of a family:ઘર ધણીઆણી.2.A concubine:રાખ;રાખેલી સ્ત્રી. 3 A title of courtesy to a married woman:પરણેલી સ્ત્રીને બોલાવવાનું નામ. 4. woman teacher:સ્ત્રિશિક્ષક-મહેતીજી.

Mistrust,(મિસ્ટ્રસ્ટ્)*n.*Want of confidence:અણુવિશ્વાસ;અણુપતિજ.*vt.*To distrust;to suspect:અણુવિશ્વાસ કo.

Misty,(મિસ્ટિ) *n.* Accompanied with mist: ઝાકળવાળું;ઝરમર ઝરમર વરસતું.

Misunderstand,(મિસ્અન્ડર્સ્ટેન્ડ્)*vt* To mistake:ખોટું-આડું સમજવું;ખોટો-ઉંધો અર્થ કરવો.

Misunderstanding.(મિસ્અન્ડર્સ્ટેન્ડિંગ્) *a.* Mistake in meaning:ખોટી સમજ;ગેરસમજુતી.

Misusage,(મિસ્યૂસેજ્) *n.* Bad treatment;abuse:દુઃખ;ખરાબ ચાલ વર્તણુંક;કુપ્રયોગ;અસત્પ્રયોગ

Misuse,(મિસ્યૂસ્)*n.* Wrong use:ખોટો ઉપયોગ. *vt.*To treat or use improperly;tomisapply: ખોટો ઉપયોગ કરવો.

Mite,(માઈટ્)*n* .A very small insect:ઝીણો કીડો;જીવડું.2 A small coin rated about a third of a farthing:હલકી કિંમતનો એક શીક્કો;કોડી.

Mitigable,(મિટિગૅબલ્) *a.* That may be mitigated:શાંત થવા-કરવા યોગ્ય.

Mitigate,(મિટિગેટ્)*vt.*[L.*mitis,*mild & *ago,* I do.]To soften: ઓછું-કમી કરવું;ઘટાડવું.

Mitigation,(મિટિગેશન્)*n.*Alleviation;abatement;relief:શાંતિ;ઉપશમન;સુવારણ;ઉતાર.

Mittimus,(મિટીમસ્) *n.* A warrant of commitment to prison: કેદમાં મોકલવાનું હુકમનામું.

Mix,(મિક્સ્)*vt.*To mingle: ભેળવું; મેળવવું; મિશ્ર કo;સેળભેળ કo 2.To unite with in company: સોબત કરવી.*vi.*To become united in a compound:મિશ્ર થઇ જવું; એકઠું થઈ જવું.

Mixture,(મિક્સ્ટ્યૂર્)*n.*[L.*mixtura,*mixture.] The act of mixing;compound:મેળવણી; મિશ્રણ; ભેળ .2. A kind of liquid medicine made up of many ingredients:ચાર પાંચ દવા એકઠી કરીને કરેલી મેળવણી.

Mnemonics,(નેમૉનિક્સ્)*n.* (*pl.*) The art of memory: સ્મરણ શાસ્ત્ર વિદ્યા.

Moan,(મૉન્)*n.*Low mournful sound:ધીમો અફસોસ ભરેલો અવાજ;વિલાપ.*vt.*To bewail audibly; પશ્ચાત્તાપ કરવો.*vi.*To make a low prolonged sound of grief:ધીમે સ્વરે રૂદન કo.

Moat,(મૉટ્)*n.*A ditch:કિલ્લાની આસપાસ ખોદેલી ખાઇ-ખાડી.*vt.*To surround with a moat:કોટકિલ્લાને ફરતી ખાઈ ખોદવી.

Mob,(મૉબ્)*n.*[L.*Mobilis*] The lower classes of community:તોફાની લોકોની ટોળીની ઠઠ.2. A throng;a rabble:હુલ્લડ કરનાર લોકોની ટોળી.*vt* To crowd about:જથાબંધ થઇને હુમલો કરવો.

Mobility,(મોબિલિટિ) *n.* [L. *moveo,*I move.] The quality or state of being mobile:ચાલવાની શક્તિ;ચપળતા 2.The lower classes:નીચીજાત.

Mock,(મૉક્)*n* An act of ridicule:મશ્કરી; મજાક 2.Imitation:નકલ;ચાળા *vt.* To imitate: ચાળા પાડવા 2.To deride:મશ્કરી કરવી.

Mockery,(મૉકરિ)*n.* The act of mocking:નકલ કરવી તે;ચેષ્ટા;અડપલું.2.Derision:મજાક;મશ્કરી.3.Subject of laughter:હાસ્યસ્થાન.

Modal, (મૉડૅલ્) *a* Consisting in mode or form only:રૂપાળું;રૂપ પ્રકાર વિષય-સંબંધિ.

Mode, (મૉડ્) *n.* [L. *modus,* a measure.] Method:રીત;રીતિ;માર્ગ 2.Prevailing popular custom:રિવાજ;રૂઢિ. 3. Form or fashion:રૂપ; આકાર;પ્રકાર.4. Condition:અવસ્થા;દશા; હાલત.

Model,(મૉડેલ્)*n.* Aspecimen:નમુનો; ફરમો. 2. A mold:બીબું;ઓઢું.3.A standard:પ્રમાણ;માપ. 4.Any copy:નમુનો;પ્રિતો;નકલ;પ્રત 5.A pattern: નમુનો; દાખલો. *vt.* To plan or form after a pattern; to form in model:ઘડવું;બનાવવું.

Moderate,(મૉડરેટ્)n.One of a party:ઇંગ્લાંડની એક રાજ્યકીય ટોળી.

Moderate,(મૉડરેટ)a [L *modus*,a measure] Temperate: નિયમિત; મધ્યમ રીતે ચાલનાર. 2. Reasonable:નરમ;શાંત.*vt*.To lessen;to temper; નરમ પાડવું;ઓછું કo.*vi*.To become less violent severe,or rigorous:ઓછું થવું;નરમ-શાંત પડવું.

Moderately,(મૉડરેટ્લિ)*adv*.In a moderate manner or degree:નિયમ-રીતસર;મધ્યમ રીતે-સર

Moderation, (મૉડરેશન્) *n* The act of moderating or of imposing due restraint: મર્યાદશીલતા;નરમાશ;વિવેક;કરકસર 2. Calmness of mind:શાંત-નરમ સ્વભાવ;શાંતતા;શાંતિ;સમભાવ.

Moderator,(મૉડરેટર્) *n*. One who or that which moderates:નિયમિત-માફકસર રાખનાર.2 The person who presides over assembly to keep order:સભાધ્યક્ષ;પ્રમુખ;વાદ;મધ્યસ્થ.

Modern,(મૉડર્ન)*n*.[L. *modus*, measure.] A person of modern times:અર્વાચીન માણસ *a* Of or pertaining to the present time:હાલનું;અર્વાચીન;હમણાનું.

Modernize(મૉડર્નાઈઝ્)*vt* To render modern: હાલના રીવાજને અનુસરતું કo;અર્વાચીન રીતને લગતું કo

Modest, (મૉડેસ્ટ્)*a*. [L *modus*, measure.] Restrained within due limits of propriety. લજ્જા-મર્યાદશીલ; શરમાળ;નમ્ર; નિરભિમાન;સાદુ 2. Decent in speech and demeanour:સાધુશીલ;સદ્‌વૃત્ત 3. Moderate: મધ્યમસર; માફકસર; નિયમિત; સાધારણ.

Modesty, (મૉડેસ્ટિ)*n*. The quality or state of being modest:નિરભિમાન;નિરહંકાર;મર્યાદા; શરમ;વિનય 2. Chastity;purity: પતિવ્રતાધર્મ; સતી ધર્મ.

Modification, (મૉડિફિકેશન્) *n*. [L. *modificatio*,a measuring]The act of modifying a change:રૂપાંતર;ભેદ;ફેર;સ્વરૂપાંતર;વિકૃતિ;પરિણામ

Modify,(મૉડિફાઈ) *vt*. [L. *modus*, a measure and *facio*,I make.]To change somewhat the form of:રૂપ ફેરવવું;બદલવું;રૂપાંતર કo. 2.To reduce in extent:ઓછું કરવું.

Modish,(મૉડિશ)*a*. According to the mode or fashion:ડોળદાર;તરેહવાર;છટાકી;ડોળી.

Modishly,(મૉડિશ્લિ)*adv*.Fashionably:નવીન-તરેહવાર રીતે.

Modulate,(મૉડ્યૂલેટ્)*vt*.[L *modulus*,a measure.] To form as sound to a certain key સુર મેળવવો.2.To vary sound:સુર ચઢાવવો.

Modulation, (મૉડ્યૂલેશન્) *n*. The act of modulating:સ્વરભેદ;ઉંચાનીચા સુર.

Module,(મૉડ્યૂલ્) *n*. [L *modulus*, a small measure]A model or measure.ઘાટ;નમુનો;આકાર

Mohammedan,(મૉહૅમેડન્)*n*. A follower of Mohammed:મુસલમાન લોક.*a*.Of or pertaining to Mohammed:મુસલમાની.

Moiety,(મૉઇયેટિ)A half:નિમે હિસ્સો;અર્ધોભાગ.

Moil,(મૉઈલ્)*n* A defilement:વટાળ;દૂષણ;કલંક.

Moist, (મૉઇસ્ટ્) *v. a*. [L. *musteus*, fresh.] Damp; humid:ભેજવાળું;હવાએલું; ભીનું *vt*. To moisten:ભીનું કo.

Moisten,(મૉઇસન્)*vt*. To make damp:સરદીવાળું કરવું;પલાળવું; ભીનું કo. 2 To soften by making moist:પલાળીને નરમ કરવું.

Moisture,moistness, (મૉઇસ્ટ્યૂર્-મૉઇસ્ટ્નેસ્) *n* A moderate degree of wetness:ભીનાશ.

Molar, (મૉલર્)*n*.[L. *molaris, mola*, mill.] One of the teeth back of the incisors and canines:દાઢ *a*.Having power to grind; grinding:ચાવવાનું-ના-ની

[Treacle:ગોળ.

Molasses,(મૉલૅસિસ્)*n* [L.*mel,melis*,honey.]

Mole, (મૉલ્) *n* A spot: ડાઘો. 2. A spot or mark on the human body:શરીર ઉપરનો તલ; લાખું. 3. A massive work formed of large stones in the sea: બાંધ; પુસ્તો; ડક્કો. *vt*. To form holes in:બાંકાં પાડવાં;દર પાડવાં.2.To clear of mole hills:માટીના ઢગલાને કાઢી નાંખવો.

Molecular(મૉલેક્યૂલૅર્)*a* Consisting of molecules:પરમાણુંનું;અણુમય.

Molecule,(મૉલેક્યૂલ્)*n*.[L. *moles*, a mass.] One of the very small particles of matter: રજ;કણ;અણુ;પરમાણું.

Mole-hill, (મૉલ્હિલ્) *n*. A little billock of earth thrown up by moles working under ground;છછુંદરે કીધેલો માટીનો ઢગલો.*To make a mountain of a* **m**.:રજનું ગજ કરવું;તરણાનોમેરૂ કo

Molest,(મૉલેસ્ટ્)*vt* [L *molestus*,troublesome.] To disturb:હેરાન કરવું;તસ્દી આપવી;પજવવું

Molestation,(મૉલેસ્ટેશન્)*n*.Disturbance; annoyance:ઉપદ્રવ;ઇજા;તસ્દી;દુઃખ;નડતર;પીડા.

Mollient,(મૉલિએન્ટ્)*a*. Assuaging: શાંત કરતું.

Molliflable,(મૉલિફાયેબલ્)*a* Capable of being mollified: શાંત થવા લાયક.

Mollify,(મૉલિફાઈ)*vt*.[L.*mollis*,soft & *facio*, I make.] To soften:નરમ કરવું;સમાવવું;શાંતકo

Mollusk,(મૉલસ્ક્)*n* [L *mollusca*, a kind of soft nut with a thin shell.] One of the *Mollusca*:માંસવાળું પ્રાણી;માંસરૂપી પ્રાણી.

Molten (મૉલ્ટન્)*a* Melted: ગાળેલું 2. Made by melting:ગાળેલી ધાતુનું બનાવેલું;સરતનું.

Moment,(મૉમેન્ટ્)*n*.[L *moveo*, I move.] A minute portion of time:પળ;ક્ષણ;પલક;લહેજો. *Auspicious* **m**.:શુભમુહુર્ત.2.Importance:અગત્ય;મહત્વ.3.An essential element:ઘણી અગત્યની બાબત-વાત;બળ; જોર;ઉત્તેજન.

Momentarily,(મૉમેન્ટરિલિ)*adv*. Every mo-

ment:for a moment:પલકે પલકે; ઘડીએ ઘડીએ.

Momentary,(મોમેન્ટરિ)*a.*Done in a moment: ક્ષણભંગુર;થોડીવાર ટકે એવું;ક્ષણિક;ક્ષણસ્થાયી.

Momentous,(મોમેન્ટસ્)*a.* [L.*momentosus,*] Of moment or consequence:અગત્યનું;જરૂરનું.

Momentum,(મોમેન્ટમ્)*n.* Impetus:ચાલવાનું જોર;વેગ;ગતિવેગ 2.સારભૂત અંશ.

Monachism,(મૉનૅકિઝમ્) *n.* [L *monachus,*a monk]The system and influences of amonastic life:સંસારત્યાગ-મઠ વનવાસ;વાનપ્રસ્થાશ્રમ

Monarch,(મૉનાર્ક્) *n.* [Gr. *monos,* alone & *arche,rule.*]A sovereign:રાજા;શહેનશાહ.

Monarchical, (મૉનાર્કિકલ્)*a* Of or pertaining to a monarch or monarchy: રાજાનું.

Monarchist,(મૉનાર્કિસ્ટ્)*n.* An advocate of or believer in monarchy: રાજા-બાદશાહ;જોઇએ એમ તૃષ્ણા રાખનારો.

Monarchy,(મૉનાર્કિ) *n.* A government of a monarch:મુખત્યાર સ્વતંત્ર રાજાની સત્તા.

Monastery,(મૉનૅસ્ટેરિ)*n.*[Gr.*monos,* alone.] Convent;abbey:આશ્રમ;મુનિવાસ;મઠ.

Monastical, (મૉનૅસ્ટિકલ) *a.* Of or pertaining to monasteries: મઠ સંબંધી-નું;મઠવાળું.

Monasticism,(મૉનૅસ્ટિસિઝમ્)*n.*The monastic life: મઠવાસ;સંસારત્યાગ;વનવાસ;વૈરાગ્ય.

Monday,(મન્ડે)*n* The second day of the week:સોમવાર;ચંદ્રવાર.

Monetary,(મૉનિટેર)*a.*Of or pertaining to money; pecuniary:પૈસા વિષે-નું;નાણાનું.

Money,(મની)*n* [L. *moneta.*] A piece of metal,as gold,silver,copper,etc,coin:પૈસા; નાણું 2.In general,wealth:મિલકત; ધન; દ્રવ્ય. પૈસો.*Hard* m *ready* m.:રોકડનાણું. M.*makes the mare go*:દામ કરે કામ અને લુંડી કરે સલામ.

Money-changer,(મનીચૅન્જર્)*n.* One who sells & buys bills of exchange:સરાફ;નાણાવટી.

Moneyed,(મનીડ્)*a.* Wealthy; rich:પૈસાદાર.

Money-lender,(મનીલેન્ડર્)*n.*One who gives money on credit:નાણાં ધીરનારો; શાહુકાર.

Money-less,(મનીલેસ્)*a.* Penniless:નિર્ધન.

Monger,(મૉન્ગર્) *n.* [L.*mongo,* a dealer in slaves.] A trader; a dealer: વેચનાર વેપારી; *vt.* To deal in:વેપાર કરવો.

Monition,(મૉનિશન્)*n.* [L.*moneo,* I warn.] A warning;a caution:સૂચના;તાકીદ;બોધ;ઉપદેશ.

Monitive(મૉનિટિવ્)*a.* Admonitory:ઉપદેશક.

Monitor,(મૉનિટર)*n* A pupil selected to look in the absence of the instructor to notice the faults of the scholars or to instruct a division or class:નિશાળમાં છોકરાઓને સાચવવા અને શિખામણ દેવાસારૂ નિમેલો નિશાળીઓ;વડો નિશાળીઓ;મૉનિટર.

Monitorial, (મૉનિટૉરિઅલ્) *a.* Pertaining to a monitor:વડા નિશાળીઆનું;ઉપદેશ કરનારનું.

Monitory, (મૉનિટૉરિ) *a.* See *monitive.*

Monk,(મંક્)*n.* [Gr *monos,* alone.].A man who retires from the temporal concerns of the world and denotes himself to religion:મઠવાસી;સંન્યાસી;ત્યાગી;વૈરાગી;સંસારત્યાગી.

Monkery,(મંકરિ)*n.* The life of monks:સંસારત્યાગ; મઠવાસ.2. A collective body of monks:સાધુનું ટોળું-મંડળ-સમૂહ.

Monkey,(મંકી)*n.*Any one of the quadrumana excluding apes,baboons and lemur: વાંદરૂં;મર્કટ;માંકડું;વાનર.

Monody,(મૉનૉડિ)*n* [Gr *monos* & *ode,*asong.] A species of poem of a mournful character એક જણને ગાવાનું શોકનું ગીત.

Monogamy,(મૉનૉગૅમિ)*n* [Gr. *monos,*one& *gamos,*marriage]Single marriage with but oneperson:એકપત્નીવ્રત;એકજ બાયડીસાથેપરણવું તે.

Monogram,(મૉનૉગ્રૅમ્) *n.* A character or cipher composed of two or more letters combined so as to represent a name:એક અથવા વધારે અક્ષરનું ટુંકામાં નામ.

Monograph,(મૉનૉગ્રૅફ્) *n.* [Gr. *monos* & *grapho,*I write.]A writtenaccount of thing એકજ વસ્તુનું લખેલું વૃત્તાંત.

Monolith,(મૉનૉલિથ્) *n* [Gr.*monos* & *lithos,* a stone]A large stone shaped into a pillar:એકજ પથ્થરનો સ્થંભ;એક પાષાણ સ્તંભ.

Monologue,(મૉનૉલૉગ્)*n.*[Gr. *monos,* and *logos,*speech)Soliloquy:આત્મ-દેહ ભાષણ.

Monomania,(મૉનૉમૅનિઅ)*n.* [Gr *monos,* & *mania,*madness.]Derangementofthemind in regard to a single subject;madness:એક જ બાબતમાં દીવાનાપણું ગાંડાપણું;એકવિષયોન્માદ.

Monomaniac, (મૉનૉમૅનિઍક્) *a.* Affected with monomania:એકજ બાબતમાં ગાંડું-ઘેલું.

Monopolist, (મૉનૉપૉલિસ્ટ્) *n.* One who monopolizes:ઈજારદાર;એક જાતનો બધો માલ પોતાને માથે રાખનાર

Monopolize, (માનૉપૉલાઇઝ્) *vt.* To acquire a monopoly of:અમુક વસ્તુ વેચવાને ઇજારો લેવો.

Monopoly,(મૉનૉપૉલિ)*n* [Gr.*monos,*& *poleo,* I sell]The exclusive power,right or privilege of sellinga commodity;sole power of selling anything:કોઇ જાતનો માલ વેચવાનો એક માણસેજ-કંપનીએજ મેળવેલો હક;ઈજારો.

Monosyllabic,(મૉનૉસિલૅબિક્) *a.* Being a mono syllable:એકાક્ષરી;એકવડીયું; એક અક્ષરનું.

Monosyllable,(મૉનૉસિલૅબલ્)*n* [Gr.*monos. syn,*& *lambano,*to comprise.] A word of one syllable:એકાક્ષરી-એકવડીઓ શબ્દ;એકાક્ષર.

Monotheism,(મૉનોથીઇઝમ્)*n*.[Gr.*monos*,& *theos* God.]The doctrine of the existence of one God only:એકજ દેવ છે એવું મત.
Monotheist,(મોનોથીઇસ્ટ્)*n* One who believes one god only:એકજ દેવ માનનાર.
Monotonous,(મૉનૉટૉનસ્)*a*.Uttered in one unvarying tone:એક સરખાસુરનું.
Monotony,(મૉનૉટૉનિ)*n*. A frequent recurrence of the same tone or sound,producing a dull uniformity:એક સરખો સ્વર
Monsieur,(મૉસ્યુ or મસ્યુ)*n*. The common title of civility in France:સાહેબ;શેઠ
Monsoon,(મૉન્સૂન્) *n*. A trade wind: વર્ષાઋતુ; ચોમાસું.
Monster,(મૉન્સ્ટર્) *n*. [L *moneo*,I warn.] Anything or person horrible from distortion or wickedness:રાક્ષસ. દૈત.
Monstrous (મૉન્સ્ટ્રસ્)*a*.Strange;marvellous: અજાયબ;અદ્ભુત;ભયંકર.2 Having the qualities of a monster:રાક્ષસી; અપૂર્વ.3.Extraordinary in a way to excite wonder:વિકરાળ;દારૂણ.
Month,(મંથ્)*n* One of the twelve portions into which the year is divided:મહિનો;માસ. *Lunar* **m**.:ચાંદમાસ *Solar* **m**.:સૌર માસ.
Monthly,(મંથ્લિ)*n*. A publication which appears regularly once a month:મહિને મહિને નીકળતું ચોપાનીઉં;માસિક *a*.Performed in a month:મહિનાનું;માસિક;પ્રતિમાસિક.
Monument,(મૉન્યૂમેન્ટ્) *n*. [L. *moneo*,I remind.] A memorial:યાદગિરી;સ્મરણચિન્હ. 2. A pillar, or stone erected to preserve the remembrance of a person, event,action, etc:સ્મરણસ્તંભ;કીર્તિસ્તંભ;પાળિયો.
Monumental,(મૉન્યૂમેન્ટલ્)*a*.Of or pertaining to a monument:સ્મરણ કરાવનારૂં;સ્મારક 2 Preserving memory:યાદગીરી દાખલ;સ્મરણાથક.
Mood, (મૂડ્) *n*. Mood:અર્થ,વાચ્ય. 2. Temper of mind;humor:પ્રકૃતિ;મિજાજ;મનની સ્થિતિ.
Moodiness,(મૂડિનેસ્)*n*.The quality or state of being moody:ખેદ;ગુસ્સો આવે એવી પ્રકૃતિ.
Moody,(મૂડિ)*a*.Out of humor:ચીડીઉં.
Moon,(મૂન)*n*.[L. *mensis*, month.] The celestial orb which revolves round the earth: ચંદ્ર;ચંદ્રમા.*Full* **m**.પૂર્ણિમા;પુનેમ *Disk of the* **m**:ચંદ્રબિંબ ગોળ.**M**.*light*:ચાંદની; ચાંદરણું. **M**. *struck*:ગાંડું;ઘેલું.**M** *blindness*:રતાંધળો.
Moor,(મૂર્)*n* A Negro:સીધી;હબસી.
Moor,(મૂર્) *n*. A heath:ભીનાશ અને ઘાસવાળું. મેદાન.*vi* To cast anchor:નાંગરવું,લાંગરવું;લાંગર નાંખવું. [લાણું નાંગરવા ની જગ્યા.
Moorage,(મૂરેજ્)*n*.A place for mooring:વ-
Moorish,Moory, (મૂરિશ્-મૂરિ) *a*. Having the characteristics of a moor or heath: ઘાસવાળી જગ્યાનું. 2. Of or pertaining to the moors:સીધીને લગતું
Moor-land,(મૂર્લૅન્ડ્)*n*. Land consisting of a moor or morass:ભીનાશ ગારાવાળી જમીન.
Moot,(મૂટ્) *vt*. To debate;to discuss:ચર્ચા કરવી;વાદ કરવો.*n*. A meeting for discussion and deliberation:કચેરી;વાદસભા 2 A debate: તકરાર *a*. તકરારી;વાદગ્રસ્ત. [રારી મુકદ્દમો.
Mootcase,(મૂટ્કેસ્)*n*.A disputable case:તક-
Mope,(મૉપ્)*n*. A dull:ઉદાસી માણસ;ઉંઘણસી. *vi*.To be dull:ઉદાસ થઇનેબેસી રહેવું.*vt*.To make spiritless:ઉદાસ કરવું.
Mopish,(મૉપિશ્)*a*.Dull:શોકાતુર;ખીન્ન;ઉદાસ.
Mopet, (મૉપેટ્)*n*. A rag baby:ઢીંગલી.
Mope-eyed, (મૉપ્આઈડ્) *a*. Shortsighted; blind:ઉંધી પુતળીનું;કાણી આંખોવાળો.
Moral,(મૉરલ્)*n*,[L *mos*, *moris*, manner.] *pl*.Conduct;behavior:ચાલચલગત;વર્તણુક.2 A maxim or the doctrine meant to be inculcated by a fiction:સાર; શિખામણ; ભાવાર્થ;તાત્પર્ય *a*.Virtuous;just: સદાચારી; સદાચારનું; ધાર્મિક;નેક. 2. Subject to the law of duty: નીતિના કાયદા પ્રમાણે ચાલનાર. **M**. *freedom*: ચિત્તસ્વાતંત્ર્ય. **M**. *philosophy*; વ્યવહારશાસ્ત્ર નીતિશાસ્ત્ર **M**. *courage*: હૃદયબળ; મનોબળ. *vi*. To moralize:સાર કાઢવો.
Moralist,(મૉરલિસ્ટ્) *n*. Teacher of moral duties:નીતિનો ઉપદેશ કરનાર;નીતિશિક્ષક;સદાચારી.
Morality,(મૉરૅલિટિ) *n*. The quality of an action which renders it good virtue:નીતિરૂપી ગુણ;નીતિ;ન્યાય;નેકી;સદાચરણ;સદાચાર.2.The doctrines or rules of moral duties;ethics: નીતિ;નીતિશાસ્ત્ર વિદ્યા.
Moralize, (મૉરલાઈઝ્) *vt*. To apply to a moral purpose:નીતિના કામને લાગુ પાડવું.2.To give a moral quality to:નીતિનો ગુણ આપવો. લક્ષવો. *vi*. To make moral reflections:સાર કાઢવો;નીતિની બાબતપર બોલવું-લખવું.
Morally,(મૉરલિ)*adv*.According to the rules of morality:નીતિશાસ્ત્ર પ્રમાણે.
Morals,(મૉરલ્સ્)*n*. (*pl*.) The doctrines or rules of moral duties:નીતિ;નીતિશાસ્ત્ર-વિદ્યા.
Morass,(મૉરૅસ્)*n*. A marsh;a fen: પોચી અને ભીની જમીન.
Morbid,(મૉર્બિડ્)*a*. [L. *morbus*, a disease.] Not sound and healthful:વિકારી;રોગી.
Morbidness,(મૉર્બિડ્નેસ્) *n*. Morbidity: વિકારીરોગીપણું;અસ્વસ્થતા.
Morbose,(મૉર્બોસ)*a*.[L.*morbus*,a disease.] Unhealthy;morbid:વિકાર રોગથી થએલું;વિકારી.
Mordacity,(મૉર્ડૅસિટિ)*n*.The quality of be-

ing mordacious:કરડાપણું;આકરાશ;સખ્તાઈ.
More,(મોર્) *n*. A greater quantity, amount or number:મોટી સંખ્યા-જથો. **M.&m** :ઉતરોતર; અધિકાઅધિક *To be no* **m.**, to cease to be: નાશ પામવું;મરી જવું.
Moreover,(મોર્ઓવર્) *adv*. Further:વળી.
Morgue,(મોર્ગ્) *n*. A dead house: હાથે લાગેલાં મડદાં માટે તેમને ખુલ્લાં રાખવાની જગ્યા.
Moribund,(મોરિબન્ડ્)*a*.[L. *moriri*, to die.] Dying;at the point of death:મરવા પડેલું.
Morn,morning,(મોર્ન,મોર્નિંગ) *n*. The first part of the day: દિવસનો પહેલો ભાગ. 2 The early part of the day:સવાર;પ્રાત:કાળ;પ્રભાત. *a* Of or pertaining to morning:સવારનું.
Morning-star,(મોર્નિંગસ્ટાર્)*n* (*a*) Venus:મળસકે દેખાતો શુક્રનો તારો;સવારનો તારો.
Morose, (મોરોસ્)*a*. [L. *mos*, *moris*, way of life.]Sullen:ચીડીઉં;સદા ઉદાસ;બળીએલ.
Morphea,(મોર્ફિઅ) *n*.[Gr.*morpheus*, God of dreams] The chief narcotic principle of opium:અફીણનો સત્વાંશ.
Morrow,(મોરો)*n*.Morning:સવાર; પ્રાત:કાળ. 2. The following day:બીજો દિવસ.
Morsel(મોર્સલ)*n*.[L.*morsus* a biting.]A bit of food:કોળીઓ;ગ્રાસ;ટુકડો;ડબ્બો.
Mortal,(મોરટલ્)*n*.[L.*mors*,*mortis*, death] A being subject to death;man:માણસ;મનુષ્ય. *a*. Subject to death:મરણાધીન;નાશવંત 2. Destructive to life:નાશકારક;પ્રાણઘાતક.3 Vital: મર્મભેદી.4.Of or pertaining to the time of death:મરણની વખતનું.5.Human:માણસ જાતનું. **M.** *foe or enemy*:કટ્ટો દુશ્મન.
Mortality,(મોર્ટેલિટિ) *n*. The condition of being mortal: મરણાધીનતા; મરણશીલતા. 2. Human life:માણસની જીંદગી. 3. Humanity: માણસપણું;મનુષ્યતા;પ્રકૃતિ.Death:મોત;મરણ પ્રમાણ.
Mortally, (મોરટલિ) *adv*. In a mortal manner:મરણ થાય એવી રીતે;મરણતોલ.
Mortar, (મોર્ટર્) *n*. A strong vessel in which substances are pounded:ખાંડણી;ખાયણી;ખલ. *Pestle* **m.**:ખાયણી;પરાર;ખલબત્તો; દસ્તો. 2. A building material made by mixing lime, sand & water: છો રેતી અને ચુનાની મેળવણીનો કરેલો ગારો;કોલ;કેલ.
Mortgage, (મોર્ગેજ્) *n*. A conveyance of property, upon condition,as security for the payment of a debt or the performance of a duty:ગીરવી-મુકવું-મુકાવું તે;ઘરેણે રાખવું તે 2. State of being pledged:ગીરો.*vt*.To pledge: ગીરવી મુકવું.
Mortgage-deed,(મોર્ગેજડીડ્)*n* A deed given by way of mortgage:ઘરેણીઆ ગીરવી ખત.
Mortgagee,(મોર્ગેજી)*n*.A person to whom mortgage is made or given:ગીરવી રાખનાર-લેનાર.
Mortgager,(મોર્ગેજર્) *n*.One who gives a mortgage:ઘરેણે-ગીરવી મુકનાર-આપનાર.
Mortification, (મોર્ટિફિકેશન્) *a*. [L. *mors*, death & *facio*,I make.]The act of mortifying:મન મારવું તે.(*a*)Subjection of passion and appetites by penance:ઇંદ્રિયદમન;નિગ્રહ સંયમ 2 Abatement of pride:માનખંડન.
Mortify,(મોર્ટિફાઈ)*vt*.[L.*mors*,death&*facio*, I make.]To deaden by religious discipline: મન મારવું; ઇંદ્રિયદમન કરવું; મનોજય કરવો. 2. To humble:માનભંગ કરવું.*vi*.To humble:મન મારવું.
Mortifying,(મોર્ટિફાઇંગ્)*a*. Humiliating: ઉતારી પાડતું;માનભંગ કરતું;માનભંજક;સંતાપક.
Mortise,(મોર્ટિસ્)*n*.A cavity cut into a piece of timber:સાલનો વેહ.*vt*. To make mortise in:સાલ બેસાડવાનો વેહ પાડવો. 2. To join by a tenon and mortise:સાલ બેસાડવું.
Mortuary,(મોર્ટ્યૂઅરિ)*a*.Of or pertaining to the dead:મુડદાંને દાટવા સંબંધી-નું.*n*.A burial place:મુડદાં દાટવાની જગ્યા.
Mortuary-returns,(મોર્ટ્યુઅરિરીટર્ન્સ્) *n*. A catalogue of deaths:મરણપત્રક.
Moslem,(મોસ્લેમ્)*n*.A mussulman:મુસલમાન.
Mosque,(મોસ્ક્)*n*.A mohammedan church: મશીદ;દરઘા;મસજીદ.
Mosquito,(મોસ્કિટો)*n*.[L.*musca*,a fly.] Gnats:મચ્છર;ડાંસ **M.***curtains*:મચ્છરદાની.
Moss, (મોસ્) *n*. A bog; a place containing morass:લીલ;શેવાળ;શેવાળવાળી જગો.*vt*.To cover or overgrow with moss:શેવાળ-લીલ ચઢાવવી.
Mossy,(મોસિ)*a* Over-grown with moss:લીલવાળું;લીલ ચઢેલું.2 Resembling moss:લીલનાજેવું.
Most,(મોસ્ટ્)*n* Greatest number:મોટામાં મોટી સંખ્યા.*a*.Nearly all:સહુથી ઘણું-વધારે;ઘણું ખરું. *adv* In the highest degree:ઘણું.
Mostly,(મોસ્ટ્લિ)*adv*.Chiefly:ઘણું કરીને.
Mote, (મોટ્) *n*. A meeting of persons for discussion:વાદવિવાદ કરનારી સભા. 2. A small particle:અણુ;કણ;રજ;લેશ.
Moth,(મોથ્)*n*.An earth-worm:પતંગીઉં.
Mother,(મધર્) *n*. [L. *mater*, mother] A female parent:મા;બા;માતા;માઈ;જનની.*Foster* **m**:ઉપમાતા 2.That which has produced or nurtured anything:ઉત્પત્તિસ્થાન; મૂળ. 3. An old woman or matron:જી;માડી;ડોશીમાં.
Mother in-law,(મધરઇનલૉ) *n*. The mother of one's husband or wife:સાસુ.
Motherless, (મધર્લેસ્) *n*. Having lost a mother:નમાયું;મા વગરનું.

Motherly, (મધરૃલિ) *a.* Tender;maternal: માનું·સરખું;માતૃસંબંધી;માતૃસદૃશ.

Mother of pearl, (મધર્‌ઑવ્‌પર્લ્) *n* Nacre: મોતીની સીપ.

Motion, (મોશન્)*n.*[L. *moveo,* I move.] The act or process of changing place: ગમન;હાલચાલ;ચલનવલન;વ્યાપાર.2. Power of or capacity for,motion:ચલનશક્તિ.3.Course:ગતિચાલ. 4 Change in the relative position of the parts of anything:યંત્રમાં ફેરફાર;ગતિ.5 Movement of the mind:મનોવિકાર 6 A proposal made:દરખાસ્ત.7.Gait: ચાલવાની રીત; ઢબ;હિંડ. ભા.8.The effect of impulse:વિચાર; બુદ્ધિ;ભાવ. 9.A stool: ઝાડો;દસ્ત *vi* To make a sign:ઇશારત કરવી.*vt.*To propose;દરખાસ્ત કo.

Motionless (મોશનલેસ્)*a.* Without motion; being at rest:સ્થિર;નિશ્ચય,સ્તબ્ધ;નિશ્ચેત;ગતિહીન.

Motive, (મોટિવ્)*n* [L *motum,*moved.]That which incites action:મતલબ; હેતુ;ઉદ્દેશ;ભાવના. 2.A theme or subject;-cause; reason:કારણ; નિમિત્ત;વિષય.*a.* Causing motion: ચલાવનાર

Motley, (મૉટ્‌લિ) *a.* A combination of different colors:પચરંગી;ચિત્ર વિચિત્ર તરેહવારરંગનું.

Motor, (મૉટર્)*n.*One who imparts motion: ચલાવનાર 2 A prime mover:ચલાવનાર શક્તિ.

Motto, (મૉટો)*n* A sentence, phrase prefixed to an essay,chapter, etc: વચન; મથાળે લખેલું વાક્ય;મુદ્રાલેખ.

Mould, (મોલ્ડ્)*n.*Earth;soil:માટી;મટોડી 2.The matrix in which anything is cast: સાચો; ઓડું;મુસ;ખીબું.3.Figure:form:ઢાળ; ઘાટ; ડોળ; આકાર *vt.*To fashion:ઘડવું 2. To knead:મસળવું *vi.*To get moudly:ફબ-ફુગ વળવી.

Mound, (માઉન્ડ્)*n.*[L.*manus,* the hand.] A raised bank;a bulwark:બાંધ; પુસ્તો.2.A hillock:ટેકરી; ડુંગરી;ટીંબો. *vt.* To fortify with a mound:બાંધ કરી લેવો.

Mount, (માઉન્ટ્)*n* [L *mons,montis,*a mountain.]A high hill:ડુંગર;ટેકરી ટીંબો.2.A horse: ઘોડો.*vt.*To go up;to ascend:ઉપર ચઢવું. 2. To get upon anything:(ઘોડા) ઉપર ચઢવું-પલાણવું. *vt.*To get upon:ઉપર ચઢવું;ઉંચે જવું 2. To bestride:ચઢવું;પલાણવું.3.To furnish with horses:ઘોડા પુરા પાડવા 4.To raise aloft:ઉંચું કરવું.

Mountain, (માઉંન્ટેન્) *n.*[L. *mons,*a mountain.]A very high hill:પર્વત;ડુંગર;પહાડ.

Mountaineer, (માઉન્ટેનીર્) *n.* One who lives among mountains:પહાડી માણસ.

Mountainous, (માઉન્ટેનસ) *a.* Full of mountains:પાહાડી;પાહાડવાળું;પર્વતમય;પર્વતીય.

Mounte-bank, (માઉન્ટિબૅન્ક્) *n.* A quack doctor:ઢોંગી વૈદ;નાકકાનનો વૈદ;ઊંટવૈદ;પાખંડી,ઢોંગી.

Mounted, (માઉન્ટેડ્)*a.*Seated on horseback: ચઢેલો;બેઠેલો;આરૂઢ;સ્વાર થયેલો.

Mounting, (માઉન્ટિંગ્) *n.* The act of one that mounts:આરોહણ; ઉર્ધ્વગમન;અવરોહણ.

Mourn, (મૉર્ન્) *vi.* To lament; to grieve:શોક કરવો-પાળવો.2. To wear mourning: શોકનાં કપડાં પહેરવાં.*vt.*To utter in a mournful voice: શોકાતુર અવાજે બોલવું.

Mournful, (મૉર્ન્‌ફુલ્)*a.* Full of sorrow:ખિન્ન; દિલગીર;ખેદયુક્ત;દુઃખકારક;દુઃખપ્રદ; ખેદસૂચક.

Mourning, (મૉર્નિંગ્) *n.* Lamentation: શોક; દીલગીરી;દુઃખ;વિલાપ;ઉદ્વેગ.2.Garb:શોકનો પોશાક. *a* Grieving: શોક કરવું. 2 Employed to express sorrow:દીલગીરી કરવું.

Mouse, (માઉસ્) *n.* The common house mouse:ઉંદર; મૂષક 2 A match used in firing guns:બંદુકની જામગીરી.

Mouser, (માઉસર્)*n.*A cat that catches mice ઉંદર પકડનારી બીલાડી. [ઉંદરવાઈ; કોળવઈ.

Mouse-trap, (માઉસ્‌ટ્રૅપ્) *n.* A trap for mice:

Mouth, (માઉથ્)*n.* [L *mando,* I chew.] The opening through which an animal receives food:મ્હોં;મ્હોડું;મુખ 2 Orifice:નાકું (*a*)The entrance of a well:કુવાનું મ્હોડું. (*b*) The opening of a river:નદીનું મુખ.(*c*)The entrance into a harbor: બંદરનું બારૂ. 3. A principal speaker:આગેવાન; મુખ્ય સરદાર. *Down in the* m.depressed:દુઃખી થએલો.M *friend*:નામનોજ મિત્ર.*To spot the* m ,to put to shame:શરમાવી નાંખવું. *To be down in the* m.:મોં ઉતરી જવું. *To be in every's* m.:-ની ચર્ચા બધે ચાલવી. *vt.* To chew:ચાવવું;ચારી ખાવું 2.To make mouths at:ચાળા પાડવા;દાંતીઆં કo.

Mouthful, (માઉથ્‌ફુલ્) *n.* As much as fills the mouth:કોળીઓ;બુકો;ગ્રાસ.

Mouthpiece, (માઉથ્‌પીસ્) *n.* The part of a musical instrument to which the mouth is applied in using it:મ્હોઢેથી વગાડવાનું વાજું. 2.A spokes-man:બીજાની વતી બોલનાર માણસ.

Movable, (મૂવૅબલ્) *a.* Susceptible of motion:જંગમ;એક જગાએથી બીજી જગાએ ખસેડી શકાય તેવું.

Movables (મૂવૅબલ્ઝ્)*n.* (*Pl*) Such articles of property as may be moved as furniture:જંગમ માલ;મિલ્કત,માલ મતા.

Move, (મૂવ્)*n.*[L.*moveo,*I move.]The act of moving:ખસેડવું તે.2.A step:પ્રારંભ;પગલું;ચાલ; દાવ.*To make a* m (*a*)to take some action: કાંઇ પગલું ભરવું.(*b*)To *move* a piece:ચાલ ચાલવી;દાવ ખેલવો.*vt.* To cause to change place in any manner:હલાવવું;ચલાવવું;ખસેડવું 2. To excite:ઉશ્કેરવું;જાગૃત કo.3.To touch patheti-

cally: દયા ઉત્પન્ન કo 4. To propose: દરખાસ્ત કરવી 5 To persuade:મનાવવું *vi*. To change posture:જગ્યા બદલવી.

Movement,(મૂવ્મેન્ટ્)*n*.The act of moving: ચલનવલન;ફેરફાર;હાલચાલ. *Military* m.:કવાયત 2.Motion of the minds:મનની ગતિ;ચાલ. 3 Agitation: ગભરાટ;ક્ષોભ.

Mover,(મૂવર્) *n*. A person or thing that moves:હલાવનાર; ગતિ આપનાર; ખસેડનાર 2 One who or that which excites:ઉત્તેજક; હૃદય વેધક. 3. A proposer; દરખાસ્ત કરનાર.

Movingly,(મૂવિંગ્લિ)*adv*.In a moving manner:દયા ઉત્પન્ન કર એવી રીતે.

Mow,(મો)*n*.[L.*metere*, to reap.]The place where hay is stowed: ઘાસ ખડકવાની જગ્યા. *vt*. To cut grass: ઘાસ કાપવું 2.To cut down indiscriminately:કાપી મારી નાંખવું.

Much,(મચ્)*n*.A great deal;a great quantity:બહુ;પુષ્કળ;ઘણું.*To make* m. *of*,to treat as of special worth:બહુ કરીને માનવું;લાખગણું-માનવું-ધારવું *a*.Great in quantity:બહુ;ઘણું

Mucid,(મ્યૂસિડ્)*a*.Musty; moldy:ફતરી ગએલું.

Mucilage,(મ્યૂસિલૅજ્)*n*.[L.*mucilo*,a musty juice.] A gummy substance produced in certain plants:ચીકણી વસ્તુ;ચીકાશ.2 Gum:ગુંદર

Muck(મક્) *n*.Dung; manure:છાણ; ખાતર. 2. Money(in contempt):પૈસો.*a*. Like much: ગાંડી રીતે.*vt*.To manure with muck:ખાતર પુરવું

Muck-worm, (મકવર્મ્) *n*. A larva or grub that lives in manure:છાણ ખાતરમાંનો કીડો.

Mucous,(મ્યૂકસ્)*a*. Secreting a slimy substance:કફ પેદા કરનાર.2 Slimy:ચીકણું.*n*.A viscid fluid secreted by mucous membranes મળ:શ્લેષ્મ:જળસ;આમ.

Mud,(મડ્)*n* Wet soft earth:કાદવ;કીચડ.*vt*.To bury in mud:કાદવથી છંટાવું.

Muddle,(મડલ્)*n* Dullness:સુસ્તી;બેફિકરાપણું. *vt*. To make muddy: ડોહોળી નાંખવું. 2. To intoxicate:કેફ ચઢાવવી;કેફી કરવું.

Mudey,(મડિ)*a*. Aboundingin mud:કાદવવાળું 2 Not clear:મેલું.*vt*.To soil with mud:મેલું કરવું

Muff,(મફ્) *n*. A soft warm cover for the hand: રૂવાંવાળા ચામડાનું શીયાળાને સારૂ બનાવેલું સ્ત્રીના હાથનું ઢાંકણ-મોજું. 2. A stupid fellow: બેવકૂફ છોકરો.*vt*.To fail to hold:ઝીલતાં નિષ્ફળ જવું.

Muffle,(મફલ્) *n*. The bare end of the nose: નાકની અણી.2.A glove: હાથનું મોજું.3 A pulley block:ગરગડીનું પાટિયું.*vt* To warp: વિંટાળવું.2 સંતાડવું.3.નું મ્હોં બંધ કo.

Mug,(મગ્)*n* Drinking cup:પ્યાલું; પવાલું;જામ.

Muggy-Muggish, (મગિ-મગિશ્) *a*. Moist; damp:ભીનું;હવાએલું.

Mullato,(મ્યૂલૅટો)*n*.The offspring of a negress by a white man or of a white woman by a negro:જેની મા સીધણ અને બાપ ગોરો અથવા મા ગોરી અને બાપ સીધી હોય તેનું છોકરૂં

Mulberry,(મલ્બેરિ)*n*.[L *morum*,mulberry.] The tree:સેંતુરનું ઝાડ.2.The fruit:સેંતુર.

Mulct,(મલ્કટ્)*n*.[L. *mulcto*,I fine.] A fine: દંડ 2. A blemish or defect:ભૂલ; વાંક. *vt*. To fine:દંડ કરવો.2.To deprive of:ખુંચી લેવું.

Mule,(મ્યુલ્)*n*. [L.*mulus*, mule.] A hybrid animal:ખચ્ચર 2 A very stubborn person: હઠીલો-જીદી માણસ. [ખચ્ચરવાળો-હાંકનાર.

Muleteer(મ્યૂલ્ટીર્)*n*.One who drives mules

Mulish,(મ્યૂલિશ્)*a*.Like a mule:અડીએલ;જીદી.

Mull(મલ્)*n*.A thin soft kind of muslin:મલમલ

Mull,(મલ્)*n*. A promontory:ઉંચી ભૂશીર.2 A snuff box: છીંકણીની દાબડી. *vt*. To powder: ભૂકો કo 2 To dull or blunt:ખરાબ કo-બુઠું કo.

Multifarious-form, (મલ્ટિફેરિઅસ્ ફૉર્મ્) *a*. [L *multus*,many& *fero*,I bear.]Of various kinds;manifold:નાનાવિધ;અનેક પ્રકારનું;જાતજાતનું.

Multiformity,(મલ્ટિફૉર્મિટિ)*n*. Diversity of forms:બહુરૂપીપણું; અનેક રૂપાવાળું હોવું તે.

Multinomial,(મલ્ટિનૉમિઅલ્)*a*.[L. *multus*, & *nomen*, a name.]Having many names અનેક નામવાળું;બહુનામક;બહુસંજ્ઞક.

Multiped,(મલ્ટિપેડ)*n*. [L. *multus*,many & *pes,pedis*,a foot.]An insect having many feet:બહુપગીજંતુ;કાનખજુરો.*n*. Having many feet:ઘણા પગવાળું;બહુપગી.

Multiple,(મલ્ટિપલ્)*n*. [L. *multus*,many & *plico*,I fold.] A quantity containing another quantity a number of times without a remainder: ભાજ્ય; ગુણાકાર. *The least common* m.:લઘુતમ. *a*. Manifold: વધારે સંખ્યાનું;બહુ પ્રકારનું.

Multipliable,(મલ્ટિપ્લાઇઅબલ્) *a*. Capable of being multiplied:ગુણવા જેવું.

Multiplicand,(મલ્ટિપ્લિકૅન્ડ્)*n*.The number which is to be multiplied by another number:ગુણ્ય;ગુણ્યચાંક.

Multiplication,(મલ્ટિપ્લિકેશન્)*n*. The act of multiplying:વધારવું તે;વૃદ્ધિ 2.The process of repeating any given number or quantity a certain number of times: ગુણાકાર. 3. Augmentation:વધારો;વૃદ્ધિ.

Multiplicity, (મલ્ટિપ્લિસિટિ) *n*. A state of being many;a multitude:પુષ્કળતા;બહુપણું.

Multiplier, (મલ્ટિપ્લાયર્) *n*. One who multiplies or increases number:વૃદ્ધિ કરનાર; વધારનાર.2.The number by which another number is multiplied:ગુણક;ગુણકાંક;પૂરક.

Multiply,(મલ્ટિપ્લાઇ)*vt.*To increase in number:વધારવું; વધારો ઉમેરો કo. 2. To find the product of:ગુણવું;ગુણાકાર કo.

Multitude,(મલ્ટિટ્યૂડ્)*n.*[L. *multus*,many] A great number of men collected: ટોળું; વૃંદ;જથો;સમુદાય;ઠઠ્ઠ.2. Numerousness:બહુતા.

Mum,(મમ્) *n.* A sort of strong beer:જવનો દારૂ.2.Silence:ચુપકી.*a.* Silent:ચૂપ;મુગું.

Mumble, (મમ્બલ્) *vi.* To speak with the lips partly closed:અસ્પષ્ટ બોલવું.2. To chew with closed lips:હોઠ બીડીને ખાવું.

Mummery,(મમરિ)*n.* Masking:મ્હોડાં પહેરીને કીધેલો ખેલ;માયા.2.Farcical show:ખાલી લપકો.

Mummify,(મમિફાઈ) *vt.* To embalm & dry as a mummy:મુડદામાં સુગંધીદાર મશાલો ભરવો.

Mummy,(મમિ)*n.* A dead body embalmed and dried after the manner of the ancient Egyptians:ખુશબોદાર પદાર્થ ભરીને રાખેલું-પ્રેત મુડદું. 2. A sort of wax used in grafting: એક જાતનું મીણ.

Mumps,(મમ્પ્સ્)*n.* Sullenness:ચીડીઆપણું.

Mundane,(મન્ડેન્)*a.*[L *mundus* the world] Worldly;earthly:આલોકનું;દુનીઆનું;ઐહિક.

Mungoose,(મન્ગૂસ્)*n.*A species of ichneumon:મંગુસ;નોળીઓ.

Municipal,(મ્યૂનિસિપલ્)*a.*[L.*munia*,official duties & *capio*,I take.] Of or pertaining to a city:શહેર કસબાનું.

Municipality,(મ્યુનિસિપૅલિટિ) *n.* A body of citizens having the right of administering local government:શહેરસુધરાઇખાતું;મ્યુનિસિપાલેટી

Munificence(મ્યૂનિફિસેન્સ્)*n* [L.*munus*,gift & *facio*,I make.]Liberality:ઉદારતા.

Munificent,(મ્યૂનિફિસેન્ટ્)*a.*Lavish:ઉદાર;સખી

Muniment,(મ્યૂનિમેન્ટ્)*n.*[L *munio*,I fortify.]The act of supporting:બચાવ કરવાનું કાર્ય 2.A fortification;a stronghold:કિલ્લો;કોટ;ગઢ.

Munition,(મ્યૂનિશન્)*n* [L *munio*,I fortify] Fortification:ગઢ.કિલ્લો. 2. Ammunition:દારૂગોળો;યુદ્ધ સામગ્રી.

Mural,(મ્યુરલ્) *a.* [L. *murus,* wall.] Of or pertaining to a wall:ભીંત દીવાલનું.

Murder,(મર્ડર્)*n* [L *mors,mortis*,death]The offence of killing a man with malice prepense:ખુન; મનુષ્યહત્યા; મનુષ્ય;વધ. *vt.* To kill with premeditated malice:ખુન કરવું. 2. To destroy:નાશ કરવો.

Murderer,(મર્ડરર્)*n.*One guilty of murder: ખુની;હત્યારા;ખુન કરનાર;ઘાતક.

Murderous,(મર્ડરસ્)*a.*Cruel;savage:ઘાતકી.

Muriatic,(મ્યુરિઍટિક્)*a.* [L. *muria,* brine.] Hydrochloric:મીઠાનો ગુણ ધરાવતું.

Murky,(મર્કિ)*a.*Dark;gloomy: અંધારૂં;અંધારાવાળું.

Murmur, (મર્મર્) *n* A low confused and indistinct sound:ખુધવાટો;કલકલ;ગુણગુણ. 2.A complaint half supressed or uttered in a low muttering voice:કકળાટ;બડબડાટ. *vt* To grumble:કકળવું;કકળાટ કo.

Murrain,(મર્રેન્) *n.* [L. *morior*,I die.] A fatal disease among cattle:ઢોરોની મરકી.

Muscle,(મસલ્) *n.* [L. *mus* a mouse.] An organ of motion in animal bodies:માંસના તંતુ;સ્નાયુ;માંસરજ્જુ;માંસપેશી. [ખાંડ;ગોળ.

Muscovado, (મસ્કોવેડો) *n.* Raw sugar: લાલ

Muscular,(મસ્કયૂલર્)*a.* Of or pertaining to a muscle:માંસના તંતુ.સ્નાયુ સંબંધી.2.Strong: જોરાવર.3.Performed by muscles:તંતુ-સ્નાયુથી થએલું

Muscularity,(મસ્કયૂલૅરિટિ)*n.* The state or quality of being muscular:જબરા;જોરાવરપણું.

Muse,(મ્યૂઝ)*n.* One of the nine Goddesses who presided over song,poetry,etc:સરસ્વતી દેવી.2 A power of poetry:કવિતા બનાવવી શક્તિ.

Muse, (મ્યૂઝ્) *n.* [L. *mussare,* to matter.] Absorbing thought:ઉંડો વિચાર.*vi* To think closely:ધ્યાન કરવું.

Museum,(મ્યૂઝીઅમ્)*n.*A repository of natural curiosities:સંગ્રહસ્થાન;કૌતુકસંગ્રહાલય.

Mushroom, (મશરૂમ્) *n.* A Fungus; a toadstool:કુતરાની ટોપી;કુતરાનો કાન-જીભ,બિલાડીનો ટોપ.

Music,(મ્યૂઝિક્)*n.*[L. *musica.*] The science of musical sounds: ગાયનવિદ્યા;સંગીતશાસ્ત્ર. 2. Melody:સુસ્વર.A *band of* **m.**:વાજું.

Musical,(મ્યૂઝિકલ્) *a.* Of or pertaining to music:ગાયન વિદ્યાનું સંબંધી 2.Melodious:સુસ્વર.

Musician,(મ્યૂઝિશન્)*n.*A skilled singer:ગવૈઓ;ગાનાર.*Celestial* **m.**:ગંધર્વ.*Band of* **m.** s: તાયફો.

Musk,(મસ્ક્)*n.*A substance obtained from the navel of a male muskdeer: કસ્તુરી. 2. The muskdeer:કસ્તુરીઓ મૃગ 3 The perfume emitted by musk:કસ્તુરીમાંથી નીકળતી સુગંધી. **M.***melon:* ખડબુચુ [કસ્તુરીઓ મૃગ.

Muskdeer,(મસ્ક્ડીર્)*n.* Deer having musk:

Musket,(મસ્કેટ્) *n.*[L. *musca,* a fly.] The male of sparrow;hawk:બાજ પક્ષિ. 2. A firearm:બંદુક,પિસ્તોલ.

Musketeer, (મસ્કેટીર્) *n.* A soldier armed with a musket:બંદુકચ્યુળો;બંદુક ફોડનાર;બરકંદાજ.

Musketry,(મસ્કેટ્રિ) *n.* Musket collectively: ઘણી જાતની બંદુક;બંદુકો.

Musky,(મસ્કિ) *a* Having an odor of musk: કસ્તુરીની સુગંધ જેવું;કસ્તુરીયુક્ત.

Muslin,(મઝ્લિન્) *n*. A thin cotton cloth:મસલીન;મલમલ.*a*.Of muslin:મલમલનું.

Must,(મસ્ટ્) *n* The juice of the grape before fermentation:નવો દારૂ 2.Mustiness:ફુગ. *vi*.To be obliged:જોઇએ;પડવું; જરૂર પડવી.

Mustache,(મુસ્ટૅશ્) *n*. Hair left growing; above the mouth:મુછ;થોભા. [ઇનો છોડ;રાઇ.

Mustard,(મસ્ટર્ડ્) *n*.The mustard plant: રા-

Muster,(મસ્ટર્)*n*.[L. *monstro*, I show.] An assembling or review of troops: લશ્કરની કવાયત.2.The sum total of an army:હાજરી.3. A gathering:જમાવ;ટોળું. *To pass* **m.**: પસાર પડવું.**M.***book*:લશ્કરી નોંધનું પુસ્તક.*vt*.To collect and display:લશ્કરની હાજરી લેવી. 2 To summon together: બોલાવીને હાજરી પુરવી. *To* **m.** *up*,to gather up:મેળવવું *vi*. To meet in one place:એકઠું થવું. [રનું હાજરી પત્રક

Muster-roll,(મસ્ટર્-રૉલ્) *n*. Muster file:લશ્ક-

Musty, (મસ્ટિ) *a*. Moldy; foul or sour and fetid:ફુગ ઉબવાળું;ઉતરી ગએલું.

Mutability,(ম્યુટૅબિલિટિ)*n*.Changeableness; inconstancy:અસ્થિરતા;વિકારશિલતાં; ચંચળતા.

Mutable,(મ્યુટૅબલ્)*a*. [L. *muto*, I change.] Capable of alteration:બદલાઈ ફરી જાય એવું.

Mutation,(મ્યૂટેશન્)*n*.A change:ફેરફાર.

Mute,(મ્યૂટ્)*n* [L. *mutus*, mute.] One who does not speak whether from physical inability,unwillingness or other cause:મુગુ માણસ;મૂક.(*a*)A deaf-mute:મુંગો-બોબડો. 2. A silent letter:જેનો ઉચ્ચાર ન થતો હોય એવો અક્ષર. *a*.Not speaking:ચૂપ 2.Dumb: મુંગું. 3. Not giving a singing sound:બ્હેક;અવાજન આપતું.

Mutilate,(મ્યૂટિલેટ્)*vt* [L *mutilus*,maimed.] To maim:હાથ પગ કાપી નાંખવા.

Mutilation, (મ્યૂટિલેશન્) *n*. The act of mutilating: હાથ પગ કાપી નાંખવા તે;અંગ છેદન.

Mutineer,(મ્યૂટિનીર્)*n*. One guilty of mutiny:બળવો-બંડ ઉઠાવનાર;બળવાખોર.

Mutinous,(મ્યૂટિનસ્)*a*. Disposed to mutiny: બળવા-બંડખોર;શિરજોર;ફિતુરી;દગાખોર;ફિસાદી.

Mutiny (મ્યૂટિનિ)*n* [L. *motus*, moved.] An insurrection against constituted authority:બળવો-બંડ-ફિસાદ-ફિતુર.2. A tumult:બંડ;ફજીએ; ફિસાદ; ફિતુર;-દગો. *vt*. To rise or revolt against rightful authority:બંડ ક૦.

Mutter,(મટર્)*n* Depressed utterance:બડબડ. *vi*.To grumble:બબડવું; બડબડવું. *vt*. To utter with a low voice:ધીમે બોલવું;લવવું.

Muttering,(મટરિંગ્)*n*. Uttering with a low voice:લવલવ;બડબડલવરી;અસ્પષ્ટોચ્ચારણ;જપજાપ.

Mutton,(મટન્)*n*. [L. *mutilus*, mutilated.] The flesh of a sheep:ઘેટાનું માંસ-ગોસ્ત-ગોસ.

Mutual;(મ્યુટ્યૂઅલ્)*a* [L. *muto*, I change.] Reciprocal:અરસપરસનું;અન્યોન્ય;પરસ્પર.

Mutuality, (મ્યુટ્યૂઅલિટિ) *n*. Reciprocation: માંહોમાંહે;અરસપરસપણું; પરસ્પર સંબંધ.

Mutually,(મ્યુટ્યૂઅલિ)*adv* In a mutual manner:અરસપરસ;માંહોમાંહે; આપઆપમાં;અન્યોન્ય.

Muzzle,(મઝલ્)*n*. The snout: જનાવરનું મ્હોડું; નાક.2.The mouth of a thing:તોપ-બંદુકનું મ્હોડું.

My,(માઇ)*Pron*.Of or belonging to me:મારૂં;મમ.

Myopy(માયૉપિ)*n*.Myopia:ટુંકી-પાસેની નજર.

Myriad (મિરિઍડ્) *n*. The number of ten thousand:દશહજાર;અયુત. *a*. Consisting of indefinite number:ઘણું;અપરિમિત.

Myrobalan(માઇરૉબૅલન્)*n*. [L. *myrobalanum*, the fruit of a palm tree.]A dried astringent fruit:સુકાં આંમળાં. *Beliric* **m** બહેડાં. *Yellow or chebulta* **m** :હરડાં.

Myrrh, (મર્) *n*. A gum resin usually of a yellowish brown color of an aromatic odor and a bitter, pungent taste: હીરાબોળ.

Myself,(માઇસેલ્ફ) *Pro*.I or me in person: હું જાતે;મારી મેળે.

Mysterious,(મિસ્ટીરિઅસ્)*a*.Obscure;dark: ન સમજાય એવું;ગૂઢ;ગહન;અસ્પષ્ટ;દુર્બોધ;ગુહ્ય;અકળ.

Mystery,(મિસ્ટરિ) *n*.[L. *mysterium*.] A profound secret:ગુપ્ત વાત;મર્મ;ભેદ.2.A kind of secret religious celebration: ધર્મની એક પ્રકારની ગુપ્ત ભક્તિ.3.*pl*. Consecrated elements in the eucharist:પ્રભુભોજનના પવિત્ર પદાર્થો. 4.Anything artfully made difficult:ગહનકામ.

Mystical(મિસ્ટિકલ્)*a*.Unknowable; mysterious;obscure:ગુપ્ત-ગૂઢ-ગહન;ગૂઢાર્થક.

Mystify,(મિસ્ટિફાઇ)*vt*. To involve in mystery:ગૂઢ-ગહન કરવું 2.To puzzle:સમાવવું;ભૂલવણીમાં નાંખવું;ગુંચવવું.

Myth,(મિથ્)*n*. A legend:જોડેલી-કલ્પેલી વાત.

Mythic,(મિથિક્)*a*.[G *muthos*,a fable]Fabulous,imaginary:કલ્પિત;ખોટી;જોડી કાઢેલી.

Mythological, (મિથૉલૉજીકલ્) *a*. Mythical; fabulous:પુરાણનું-સંબંધી;પુરાણોક્ત;કલ્પિત.

Mythologist, (મિથૉલૉજીસ્ટ્) *n*. One versed in myths:પુરાણી-પુરાણમાં કુશળ હોય તે.

Mythology, (મિથૉલૉજી) *n*. The treatise of myths:દેવાખ્યાન;પુરાણ;દેવતાઓની કથા;ઇતિહાસ.

N.

N,(ન્)The fourteenth letter of the English alphabet represented in Gujarati by:ણ,ણ, ન,ઙ.ઇંગ્રેજી મુળાક્ષરનો ચૌદમો અક્ષર છે.

Nab,(નૅબ્)*n*. The summit of an eminence: ડુંગરાનું શિખર.2.The cock of a gunlock:બંદુકનો ઘોડો.*vt*.To catch suddenly or unexpectedly:પકડવી-ઝુંટાવી લેવું. [India:નબાબ;નવાબ.

Nabob,(નૅબૉબ્) *n*. A deputy or viceroy in

Nacreous,(નૅક્રીઅસ્)*a*. Resembling nacre; pearly:મોતીની છાપ જેવું ચળકતું-ઝગકતું.

Nadir,(નૅડર્) *n*. That point of heavens directly opposite the zenith:અધોબિંદુ;સ્વસ્તિક

Nag, (નૅગ્)*n*.A small horse;a pony:ઘોડું;ટટ્ટુ

Naiad,(નૅયૅડ્) *n*. [Gr. *nao*,I flow.]A water nymph: જળદેવી.

Nail,(નૅલ્)*n* [Gr. *nagel*,a claw.]The horny scale or plate that grows at the end of the fingers and toes of man and many apes:પંજા;નખ.2.A slender pointed piece of metal usually with a head:ચૂંક;મેખ; ખીલો. 3.A measure of length being two inches and a quarter:સવાબે તસુનું માપ. *On the*, n. immediately: તરતજ. *To fit the* n. *on the head*,to do or say a thing the right way: બરોબર લાયક પડે એવું કહેવું;આબાદ મારવું.*vt*. To fasten with nails:ખીલા મારી બંધ કરવું.2.To spike:(તોપમાં)ખીલો બેસાડવો.

Naive,(નાઇવ્)*n*.[L.*nativus*,natural.] Ingenuous;artless;frank:નિખાલસ દીલવાળું;સરળ;ભોળું.

Naivete,(નાઇવ્ટે)*n*.Native simplicity;artlessness:ભોળોભાવ;નિખાલસપણું;સરળતા.

Naked,(નૅકડ્) *a*. [L. *nudus*.] Uncovered; bare;nude:નાગું; નગ્ન;ઉઘાડું. 2. Open: ખુલ્લું; ઉઘાડું.3. Destitute:વિનાનું.4.Without exaggeration: મીઠું મરચુ ઉમેર્યા વિનાનું. 5. Mere: માત્ર. **N.** *eye*, the eye alone, unaided by glasses,or by telescope:ચસમા-દુરબિન વિનાની આંખ. **N.** *sword*:નાગી તરવાર.

Namby-pamby,(નૅમ્બિ પૅમ્બિ) *n*. Silly talk or writing:તડાકા;ગપ્પા.*a*.Weakly sentimental:તડાકા ભરેલું;ગપાષ્ટિક;નિરસ.

Name,(નૅમ્)*n*.[L *nomen*,a name] The title by which any person or thing is known: નામ.2.A descriptive or qualifying appellation:લાક્ષણિકનામ;સંજ્ઞા.2.Estimation;fame: આબરૂ;કીર્તિ;નામ;ખ્યાતિ.*Christian* n (*a*):ખ્રીસ્તિ જળસંસ્કાર કરતી વેળાએ મળેલું નામ. *In* n., not in reality:નામનું.*In the* n.*of*,(*a*) in behalf of:નામે;તરફથી.(*b*)In the represented or assumed character of:વેશે;નામથી. *Proper* n: વિશેષ નામ. *To call* n s, to call by reproachful appellation:-નું નામ પાડવું. *Family* n surname:અટક. *To blast or sully one's good* n :નામ બોળવું. *To destroyone's good* n. નામ ડુબાવવું.*To get a bad* n :ખોટું નામ કાઢવું. *vt*. To give a distinctive name to:-નું નામ પાડવું 2. To mention by name:નામોચ્ચારણ કo. 3 To nominate:નિમવું;ઠેરવવું 4. To designate (*a member*) by name: કોઈ સભાસદને નામથી કહેવું.

Nameless,(નૅમ્લેસ્) *a*. Without a name:નનામું.2.Indescribable:વર્ણવી-દર્શાવી શકાય નહિ એવું.

Namely,(નૅમ્લિ)*adv*.That is to say;to wit: એટલે;યાને.

Namesake,(નૅમ્સૅક્)*n*.One that has the same name as another:નામરાશી;સ્વનામી;નામધારી.

Nap,(નૅપ્)*vi* [Gr.*nipian*,to bend one's self] To have a short sleep: ટુંકી ઉંઘ લેવી. *n*. A short sleep:થોડી ઉંઘ;ડોલું;ઝોખું. [ઓછી ગળથી.

Nape,(નૅપ્)*n*.The back part of the neck:ડોક.

Naphtha,(નૅફ્થ)*n* [L *naphtha*.](*Chem*)The complex of volatile, liquid inflammable hydrocarbons; nook-oil:નખતેલ.

Napkin,(નૅપ્કિન્) *n*.A little towel, or small cloth:નાનો ટુવાલ-મ્હોં લોવાનું લુગડું.

Nappy,(નૅપિ) *a*. Inclined to sleep; sleepy: ઉંઘ આવે એવું;ઉંઘણશી.

Narcotic,(નાર્કૉટિક્)*a*.[Gr. *narke*, torpor.] Having the properties of a narcotic;operating as a narcotic:દુઃખ શાંત કરી નિંદ્રા આણે એવું.*n*.(*Med.*) A drug which in medicinal doses,produces sleep:નિંદ્રા આણનારૂં ઓષધ.

Narrate,(નૅરેટ્)*vt* [L.*narro*, I narrate.] To tell;to relate:બ્યાન આપવું;કહેવું;કથન કo.

Narration,(નૅરેશન્)*n*. Rehearsal:કથન. 2. A story;history:કથા;વાર્તા.

Narrative,(નૅરેટિવ્)*a*. Of or pertaining to narration:આખ્યાનનું-સંબંધી-વિષે;કથા સંબંધી. *n* The recital of a story:વૃતાંત.

Narrator, (નૅરેટર્) *n*. One who relates a series of events:વાર્તા કથા કરનાર;પુરાણી.

Narrow,(નૅરો)*a* Of little breadth: સાંકડું 2. Having but a little margin; close: મુશ્કેલી ભરેલું;ઝીણું;સુક્ષ્મ.3.Limited as to means: તંગીવાળું 4. Illiberal: કૃપણ; કંજુસ; અપ્રસન્ન. 5. Close:બારીક;ગહી.*vt*. To contract: સાંકડું કo. 2 To limit:ઘટાડવું.*vi* To become less broad: સાંકડું થવું. [mental scope:સાંકડા મનનું;હલકું.

Narrow-minded,(નૅરોમાઇન્ડેડ્)*a*.Of narrow

Narrowness,(નૅરોનેસ્) *n*. The condition or quality of being narrow:સુક્ષ્મતા;સાંકડાપણું.

Nasal,(નૅઝલ્)*n.* [L. *nasus,* the nose.] Of or pertaining to the nose:નાકસંબંધી;નાસિકા સં. બંધિ. 2. Having a quality imparted by means of the nose: અનુનાસિક. **N**. *dot:* અનુસ્વાર. *n* An elementary sound which is uttered through the nose:અનુનાસિકવર્ણ.

Nascency,(નૅસેન્સિ)*n.*Birth;beginning:જન્મ.

Nascent,(નૅસેન્ટ્)*a.* [L. *nascor* I am born.] Beginning to grow:વધવા માંડવું;ઉઘડવું;ખીલવું.

Nasty,(નૅસ્ટિ)*a* Offensively filthy:અતિ મલિન; ગંદું;ગલિચ.2.Disagreeable:ખરાબ;ભુંડું;બાંડ.

Natal,(નૅટલ્)*a* [L. *natus,* born.] Of or pertaining to one's birth;native: જન્મનું-સંબંધી

Nation,(નૅશન્)*n* [L.*natus,*born.] The body of inhabitants of a country:પ્રજા;લોક.

National (નૅશનૅલ્) *a.* Of or pertaining to nation:પ્રજા-લોક સંબંધી **N**.*anthem,*a popular song or hymn:રાજગીત. **N** *congress*: રાષ્ટ્રીય સમાજ.

Nationality,(નૅશનૅલિટિ)*n pl.*Patriotism:સ્વદેશાભિમાન.2 National character:દેશીયધર્મ;દેશભક્તિ.3.Nation:પ્રજા;લોક 4. National unity and integrity:પ્રજાનો એક સંપ અને શાહવટ.

Native,(નૅટિવ્)*a.*[L.*natus,* born.] Arising by birth:જન્મ-મુળવાળું;જન્મેલું.2 Of or pertaining to one's birth:સ્વજન્મભૂમિ સંબંધિ;દેશી. 3.Original:તળપદ.4. Conferred by birth: કુદરતી.*An disposition*:પ્રકૃતિ.5.Not artificial હાથથી ન બનેલું હોય તેવું;કુદરતી. *n.* One who or that which is born in a place,or country referred to;a denizen by birth:વતની;રહેવાશી.

Nativity,(નૅટિવિટિ) *n.* (*a*) The coming into life or into the world;birth:જન્મ;ઉત્પત્તિ;ઉદય (*b*)The circumstances attending birth as time,place,manner, &c.:જન્મકાળ-ભૂમિ.2.A horoscope:જન્માક્ષર; જન્મપત્રિકા. *Planet of a* **n.**જન્મ નક્ષત્ર.*Sign of a* **n.**:જન્મરાશિ;જન્મ લગ્ન.*The* **n.**,the birth or birthday of Christ: ક્રાઈસ્ટનો જન્મદિવસ;નાતાલ.

Natural,(નૅટ્યૂરૅલ્)*a.*[L.*natus,* born.] Fixed by nature:સ્વાભાવિક;સહજ;મુળનું.2.Of human reason: સૃષ્ટિ-પ્રકૃતિ જન્ય; સ્વાભાવિક. 3. (*a*) Springing from true sentiment: ઢોંગ વગરનું;અકૃત્રિમ (*b*) True to nature: આબેહુબ. 4. Not unnatural in feelings:કુદરતી; સહજ. 5. Connected by the ties of consanguinity: એક લોહીની સગાઇ.6 Born out of wedlock:અનૌરસ રાંડના પેટનું **N** *day*: ચોવીસ કલાકનો સમય. **N.***philosophy*:પદાર્થ વિજ્ઞાન;પદાર્થ માત્રશાસ્ત્ર.

Naturalism, (નૅટ્યૂરૅલિઝ્મ્) *n.* A state of nature:માત્ર કુદરતથી બનવું-થવું તે. 2. The doctrine of those who deny a supernatural agency in the miracles and revelations recorded in the Bible, and in spiritual influences:બાઇબલમાં લખેલા ચમત્કારો નહિં માનનારનો મત; સ્વભાવવાદ.

Naturalist, (નૅટ્યૂરૅલિસ્ટ્) *n.* One versed in natural science; a student of natural history: પ્રાણી વિદ્યા જાણનાર. 2. One who holds the doctrine of naturalism:સિદ્ધ પદાર્થ વિજ્ઞાની;પદાર્થશાસ્ત્રજ્ઞ.

Naturalization,(નૅટ્યૂરૅલાઇઝૅશન્) *n.*The act of investing an alien with the rights and privileges of a native or citizen: કોઇ પરદેશીએ સ્વદેશીના જેવા હક મેળવવા તે.

Naturalize,(નૅટ્યૂરૅલાઇઝ્) *vt.* To make easy and familiar by custom:થી અનુકુળ આવે તેમ કરવું 2.To confer the rights and privileges of a native subject or citizen on:કોઈ પરદેશીના સ્વદેશીના જેવા અધિકાર અથવા હકો આપવા. 3 To make one's own:પોતાનામાં દાખલ કરવું. 4 To accustom (*a plant*):-માં ઉછરે તેવું કરવું. *vi.*To become as if native:સ્વદેશી-વતની થવું.

Naturally,(નૅટ્યૂરૅલિ)*adv.*In a natural manner or way; spontaneously: સ્વાભાવિક રીતે.

Naturalness,(નૅટ્યૂરૅલ્નેસ્) *n.* The state or quality of being natural; conformity to nature:કુદરતી સ્વાભાવિક ગુણ-સહજત્વ;યથાર્થતા.

Nature,(નૅટ્યૂર)*n.* [L. *natus,* born.] The creation:સૃષ્ટિ;વિશ્વ;જગત; બ્રહ્માંડ. 2. The personified sum and order of causes and effects:કુદરત; માયા. 3. The established or regular course of thing:સૃષ્ટિ-કુદરતનો વહિવટ. 4 Conformity to that which is natural: સ્વભાવ;ધર્મ;સ્વરૂપ.5.Native character:સ્વભાવ. 6 Kind:જાત;પ્રકાર;ભેદ;તરાહ..7. Physical constitution:પ્રકૃતિ;શક્તિ. 8. Natural affection or reverence: સ્વભાવ. 9. Constitution or quality of mind or character:તબીયત;પ્રકૃતિ. *To pay the debt of* **n.**: to die:મરી જવું.*vt.*To endow with natural qualities:કુદરતી ગુણો બક્ષવા.

Naught,(નૉટ્) *n.* Nothing: કંઇજ નહિ તે. 2. The arithmetical character 0; a cipher: મીંડું. *For* **n.**: ફોકટ. *To set at naught,* to disregard:ન લેખવવું.*adv.*In no degree:જરાકે નહિ.*a.*Worthless:નકામું;ખરાબ.

Naughtily,(નૉટિલિ)*adv.*Wickedly:ખરાબરીતે.

Naughtiness, (નૉટિનેસ્) *n.* Perverseness; badness:ઉદ્ધતાઇ;ભુંડાઈ.

Naughty,(નૉટિ)*a.*Worthless; bad: નકામું; ખરાબ;નઠારૂં 2.Mischievous:તોફાની;છછોરું.

Nausea,(નૉશીઍ)*n.*[Gr *naus,* a ship.] Sea-sickness:વહાણમાં આવતા ફેર-ચક્કર;વમન.

Nauseate,(નૉશીઍટ્)*vi.* To become squea-

mish; to feel nausea: કંટાળો લાગવો. *vt.* To affect with nausea: દરિયામાં ચક્કર-ફેર આવવા.

Nauseous,(નોશસ્)*a.* Sickening;loathsome disgusting: કંટાળો આવે એવું;સૂગ ચઢે એવું.

Nautical,(નોટિકલ્)*n.* [Gr.*naus*, a ship]Of or pertaining to the art of navigation:વહાણ ચલાવવાને લગતું;નૌકાશાસ્ત્ર.

Naval,(નૅવલ્)*a* [L.*navis*,ship .] Having to do with shipping:વહાણ સંબંધિ;દરિઆઇ;અરમારી;નૌકાત્મક;નાવિક.**N** *brigade,*: જમીન ઉપર લઢતાં શિખવેલા ખલાસીઓનું લશ્કર.

Navarch, (નૅવાર્ક્) *n.* [L.*nus* ship & *archos*, chief.]The commander ofa fleet:નૌકાધિપતિ.

Nave, (નૅવ્) *n.* [Skr. *nabhi*, a nave.] The block in the center of a wheel: નારખું. 2. The navel:નાયડી;નાભી:ડુંટી.

Navel, (નૅવલ્) *n.* A mark or degression in the middle of the abdomen; the umbilicus: નાભિ;ડુંટી.

Navigable,(નૅવિગૅબલ્)*a.* Capable of being navigated;વહાણ ચાલી જઇ શકે એવું.

Navigate,(નૅવિગેટ્)*vi.*[L *navis*,ship & *ago* I move]To journey by water; to go into a vessel or ship:વહાણની મુસાફરી ક૦. *vt.* To pass over in ships:સમુદ્ર ખેડવો.

Navigation, (નૅવિગેશન્) *n.* The art of conducting ships from one place to another: નૌકાશાસ્ત્ર;નાવિક વિદ્યા.*Aerial* **n** : આકાશ ગમન-યાત્રા;બલુન મારફતે ગમન.

Navigator, (નૅવિગેટર) *n.* One who directs the course of a ship:નૌકાશાસ્ત્ર જાણનાર.

Navy,(નૅવિ)*n pl* **Navies**.[L.*navis*,a ship] A fleet of ships: વહાણનો કાફલો; નૌકાસમૂહ. 2. The officers and men attached to the war vessels of a nation: અરમારના અમલદાર તથા માણસો.

Nawab,(નૅવાબ્)*n* A deputy ruler or viceroy in India:નવાબ;સુબો.

Nay,(ને)*adv* No:નહિં;ના.2.Not this merely; but also:નહિં ના; ફક્ત અટલુંજ નહિ પણ. *n. pl.* **Nays**. Denial; refusal: ના ભણવી. 2. A negative note:નકારનો મત.

Neap,(નીપ્)*n.*The tongue or pole of a cart or other vehicle drawn by two animals: ગાડાની ધુંસરી;ધુંસરી.*a.* Low:ઓછું;થોડું;અલ્પ.

Near,(નીર્) *adv.* Not remote: પાસે. *a.* Not remote:પાસેનું 2 Closely connected:પાસેના-સંબંધનું .3.Immediate:પાંસરો *Prep.*Adjacent to:પાસે.*vt.* To approach: પાસે-આવવું. *vi.* To draw near:જઇ પહોંચવું.

Nearly,(નીર્લિ)*adv.*Almost:લગભગ;લગભગ.

Near-sighted,(નીર્સાઇટેડ્)*a.*Shortsighted: ટુંકી નજર-આંખવાળું.

Neat,(નીટ્)*a.* Clean:સ્વચ્છ,ચોખ્ખું.2. Simple and becoming:પરભાષાના અને અયોગ્ય શબ્દ વિનાનું 3.Free from admixture; good of its kind:મિશ્ર;ચોખ્ખું સારી જાતનું **N**.*line*:સીમા.

Neat herd,(નીટ્હર્ડ્)*n* A person who has the care of neat cattle; cowherd:ગોવાળીઓ.

Neatly,(નીટ્લિ)*adv.*In a neat manner;tidily tastefully:સાફ રીતે;સફાઇથી;મનગમતું.

Neatness,(નીટ્નેસ્)*n.*The state or quality of being neat:સફાઇ;સ્વચ્છતા;શુદ્ધતા.

Neb,(નેબ્)*a* The nose;the snout;the mouth bill:નાક;અણી;મ્હોં;પક્ષીની ચાંચ.

Nebula,(નેબ્યૂલૅ)*n pl* **Nebulæ**. [Gr.*nephele*, cloud.] A misty object in the heavens: વાદળ સરખા દેખાતા તારાઓના સમૂહ; નિહારિકા.

Nebule, (નેબ્યૂલ)*n.* A little cloud; cloud: વાદળ; વાદળું.

Nebulous,(નેબ્યૂલસ્)*a.* Cloudy; hazy:વાદળાં થી ભરાયેલું;ધુમસી;અભ્રરૂપ.

Necessaries, (નેસેસ્સૅરિઝ્) *n. pl.* Things that are necessary:જરૂર અગત્યની વસ્તુઓ.

Necessarily,(નેસેસ્સૅરિલિ) *adv.* In a necessary manner:અવશ્ય;જરૂર કરીને; મૂખ્યત્વે કરીને.

Necessary,(નેસેસ્સૅરિ)*a* [L. *necesse*,unavoidable.] Inevitable: આવશ્યક; જરૂરનું; જે વિના ચાલે નહિ એવું;અગત્યનું;અનિવાર્ય.

Necessitate,(નીસેસ્સિટેટ્)*vt.*To make necessary:જરૂરનું ક૦;જરૂર ફરજ પાડવી.

Necessity,(નીસેસ્સિટિ) *n.* Inevitableness; indispensableness:જરૂર;અગત્યતા;અગત્ય;આવશ્યકતા;પ્રયોજન;ખપ 2. Extreme indigence: દળદર;દરિદ્રતા; દારિદ્રય; કંગાલિયત. 3. Destiny: નિર્માણ; નિયતિ. *Ofnecessity,* અવશ્ય;ફરીજયાત.

Neck,(નેક્)*n.*The part of an animal which connects the head, and the trunk:ગરદન; ડોકી;ઓચી; 2. The long slender part of a vessel:ગળું;ગળચી;કાંઠો. **N**. *and crop*,completely; wholly:પૂર્ણ-સંપૂર્ણ રીતે. **N**. *verse*: જે કવિતા બોલવાથી કોઇનું નશીબ જણાય તે. *On the* **n** *of*, immediately after:તરતજ પછી.

Neck-cloth-Neckerchief, (નેકક્લૉથ્ નેકર્ચીફ્)*n.*A piece of anyfabric worn around the neck:ગલેબંધ;ગલપટો; કંઠ વસ્ત્ર.

Necklace,(નેક્લેસ્)*n.*A string of beads,etc., or a continuous band or chain,worn around the neck as an ornament:માળા;હાર;કંઠી.

Necrology,(નેક્રોલૉજિ)*n. pl.* **Necrologies**. [Gr.*nekros*,a dead body & *logos*,discourse.] An account of deaths or of the dead a register of deaths: મરનાર માણસોની ટીપ-નોંધ.

Necromancer,(નેક્રોમૅન્સર્)*n.*One who practises necromancy;a sorcerer:જાદુગર;જાદુગર.

Necromancy,(નેક્રોમૅન્સિ)*n* [Gr.*nekros*,dead

& *manicia*, divination.] The art of revealing future events by communication with the dead: મૃતવિદ્યા;ધંતરમંતર;જાદુ;મેલી વિદ્યા.

Nectar, (નેક્ટાર્)*n*. [Gr. *nektar*.] The drink of the Gods: અમૃત;સુધા;પીયૂષ.

Nectary, (નેક્ટરિ)*n*.(*Bot*)That part of a blossom which secretes nectar: ફુલમાંહેનીમધનીજગો

Need, (નીડ)*n*. Necessity;urgent want: ગરજ; જરૂરીઆત.2 Poverty: કંગાલીઅત;અગત્ય;ગરીબી; દળદર; તંગી *pl*. Necessary things: અગત્યની ચીજો. *vt*. To be in want of:-ની તંગીમાં હોવું; જરૂર હોવી-પડવી.

Needful, (નીડ્ ફુલ્) *a*. In need or want: ગરજાઉ; તંગીનું. 2 Necessary for supply: જરૂરનું; અગત્યનું; જોઈતું.

Needly, (નીડ્લી)*n*.[L. *neo*, I spin.] A small instrument of steel,sharply pointed at one end,with an eye to receive a thread: સોય.

Needless, (નીડ્લેસ્)*a*. Having no need: તંગી વિનાનું.2 Unnecessary: નકામું;ફોકટ;અમથુ;નિરર્થક.

Needle-work, (નીડ્લવર્ક્)*n*. Work executed with needle: શીવવાનું કામ; ભરત.

Needs, (નીડ્ઝ્)*adv* Necessarily;indispensably (Often with *must* and equivalent to, *of need*): અવશ્ય કરીને;ઘણી જરૂરથી; ખાસ.

Needy, (નીડિ)*a*. Very poor: ઘણો કંગાળ;ગરીબ; દરિદ્ર. 2. Necessary: આવશ્યક.

Nefarious, (નીફેરિઅસ્)*a* [L.*ne* not & *fas*, divine law.]Wicked in the extreme: ધિક્કાર કરવા લાયક; અતિ દુષ્ટ;પાપી;લુચ્ચું.

Negation, (નગેશન્) *n*. Declaration that something is not,or has not been or will not be: ના મંજુર કરવું તે;નકાર.

Negative, (નેગેટિવ્)*a* [L *nego* I deny.]Denying;refusing assent: નકારનું;નિષેધનું;નાપાડતું 2.Of or pertaining to a picture on glass or other material, in which the lights & shades of the original, and the relations right and left are reversed: છબી પાડતાં કાચ ઉપર જે છબી ઉતારવામાં આવે તેને લગતું. A n. *quantity* (*Alg*): જે પરિમાણની આગળ ઓછાનું ચિન્હ(-)હોય તે.N *sign*, the sign of minus: ઓછાનું-બાદબાકીનું ચિન્હ 2 A word used in denial or refusal: નકાર સૂચક શબ્દ 3. The refusal or withholding of assent;veto: ના કહેવું-ના કબૂલ ક૦ તે.4.That side of a question which denies or refuses: નકારદર્શાવનાર પ્રશ્ન. *vt*. To disprove: ખોટું-ઉલટું સાબિત કરી આપવું-દેખાડવું.2.To reject by vote;to refuse to enact or sanction: ના મંજુર ક૦.

Negatively, (નેગેટિવ્લિ) *adv*. In a negative manner: નિષેધ કરીને;નકારથી.

Neglect, (નેગ્લેક્ટ્)*vt* [L.*nec*, not & *lego*, I gather.] Not to attend to with due care: ભૂલી જવું;-ના પ્રત્યે બેદરકારી બતાવવી 2.To forbear to treat with attention or respect: અનાદર. અપમાન ક૦.*n*.Omission of proper attention: ભૂલ;અનાદર;અવજ્ઞા;ઉપેક્ષા; ગફલત;બેદરકારી.

Neglectful, (નેગ્લેક્ટ્ ફુલ્)*a*.Heedless: બેફીકરૂં;

Negligence, (નેગ્લિજેન્સ્) *n*. Omission of duty: ભૂલી જવાની ટેવ;ગફલત 2.An act of negligence: બેદરકારીનું કામ 3. The omission of the care: કસુર;ઉપેક્ષા;બેદરકારી;બેપરવાઈ.

Negligent, (નેગ્લિજેન્ટ્)*a* Apt to neglect;careless;heedless: બેભાની;ગાફેલ;ભુલકણું;દરકાર.

Negotiable, (નીગોશિએબલ્)*a*.Capable of being negotiated: ધણીની સહી થઈને બીજા માણસને અપાય એવું.

Negotiate, (નીગોશિએટ્)*vi*.[L.*nec*,not & *otium*,leisure.]To transact business: કામકાજ કરવું.2.To bargain or trade: સાટું કરવું 3. To treat with,respecting peace or commerce: સલાહ કે વેપાર અર્થે કોલકરાર ક૦.*vt*.To carry on negotiations concerning:-ને માટે વાતચીત કરી કોલકરાર ક૦.

Negotiation, (નીગોશિએશન્)*n*. The act or process of negotiating: બાંજગડ; કોલકરાર.

Negotiator, (નીગોશિએટર્)*n*.One who negotiates: સાટું-સોદો-બાંજગડ કરનાર

Negress, (નીગ્રેસ્)*n*.A black woman;a female negro: સીદણ;હબસણ.

Negro, (નીગ્રો)*n* [L.*niger*.]A black man: સીધી

Negus, (નીગસ્)*n*.A beverage made of wine, water, sugar,nutmeg and lemon juice: જાય ફળ,ખાંડને લીંબુનો રસ ભરેલો દ્રાક્ષારસ.

Neigh, (ને)*vi*.To utter the cry of the horse; ખોંખારવું; હણહણવું. *n*.The cry of a horse; a whinny: ઘોડાનું ખુંખારવું તે.

Neighing, (નેઈન્ગ્) *n*. Crying of a horse; a whinny: ખોંખારો;હણહણાટ.

Neighbour, (નેબર્) *n*. A person who lives near another: પાડોશી;ઘરનીપડખે-પાસે રહેનારો. *a*. Adjoining: પાડોશનું.*vt*.To adjoin:ની પાસે-નજીક હોવું-રહેવું.

Neighbourhood, (નેબર્હુડ્) *n*. The state of being or dwelling near;proximity: પડોશમાં હોવું તે;પડોશ.2.A vicinity: પડોશની જગ્યા.

Neighbouring, (નેબરિન્ગ્)*a*.Living or being near;adjacent: પાસેનાં;નજીકનાં; પાડોશનાં.

Neighbourly, (નેબર્લિ)*a*.Appropriate to the relation of neighbours;kind: પડોશીને લાયક-ઘટતું;મિલનસાર;મળતાવડું.

Neither, (નાઈધર્)*a*.Not either;not the one or the other: બેમાંનું એક નહિ;એક પણનહિ.*conj*.

Not either: એક પણ નહિ. *Not so* **n**, by no means:કોઇપણ ઉપાયે નહિ;નહિં જ.
Nenia,(નેનિઍ)*n.* [L.]An elegy: પરજીઓ.
Neologist,(નીઑલૉજિસ્ટ્)*n* One who introduces new words or new senses: ભાષામાં નવા શબ્દો અથવા જુના શબ્દોના નવા અર્થ દાખલ કરનાર 2 One who introduces or holds doctrines: ઈશ્વર સંબંધિ મનકલ્પિત શાસ્ત્ર વિરૂદ્ધ મત ધરાવનાર.
Neology,(નીઑલૉજિ) *n.* The introduction of a new word or new senses:કોઇ ભાષામાં નવો શબ્દ-શબ્દો અને તેના અર્થ દાખલ ક૦ તે. 2. New doctrines:ઇશ્વરોક્ત શાસ્ત્રસામેમનકલ્પિતમત.
Neophyte,(નીઑફાઇટ્)*n.*[Gr. *neos*, new & *phyton*, plant.] A new convert:નવો થયેલો ખ્રિસ્તી 2.A novice;a tyro:શિખાઉ;નવોવિદ્યાર્થી.
Neoteric,(નીઑટેરિક્)*a* [G. *neos*,new.] Recent in origin;modern:ચાલતું;હાલનું;અર્વાચીન.
Nephew,(નેવ્યૂ)*n.*[L.*nepos* a grandson.] A cousin:મામા માશી કે કાકા ફોઈનાં છોકરાં.3 The son of a brother-in-law or sister-in-law: ભત્રીજો;ભાણેજ;ભાણુજો;ભાણો.
Nephritic-Nephritical, (નેફ્રિટિક્-નેફ્રિટિકલ્) *a.* Of or pertaining to the kidneys or urinary organs; venal:મૂત્રપિંડનું; ગુદાનું.
Neptune,(નેપ્ચ્યૂન)*n* [L.*neptunus*.]The son of Saturn and Ops,the god of the waters: સેટર્ન અને ઑપ્સનો છોકરો;વરૂણદેવ.2.The remotest known planet of our system.યુરેનસ ગ્રહની પછી આવતો ગ્રહ;નેપચ્યુન.
Neptunian,(નેપ્ટ્યૂનિઍન્)*a.*Of or pertaining to the ocean or sea:વરૂણદેવ-સમુદ્ર સંબંધિ-નું.
Nereid,(નીરીઇડ્)*n.*[Gr.*nereis*.]A daughter of the sea;God:જળદેવી;દરીયાઈ અપ્સરા.
Nerve,(નર્વ્)*n.*[*nervus*,a sinew.]One of the fibres with which convey sensation from all parts of the body to the brain:જ્ઞાનતંતુ; મજ્જાતંતુ.2. શરીરનું બળ-જોર જોમ. *vt.* To give strength or vigor to:બળ આપવું.3.To strain every nerve:પોતાથી બનતું કરવું.
Nerveless,(નર્વ્લેસ્)*a.*Destitute of nerves: જ્ઞાનતંતુ વિનાનું-રહિત.2.Wanting vigor:નબળું
Nervine,(નર્વાઇન્)*a.*Having the quality of acting upon the nerves:પૌષ્ટિક;બળ આપતું.
Nervous, (નર્વસ્) *a.* Sinewy: બળવાન.2.Possessing vigor of mind: હિંમતવાળું; જોમદાર. 3.Of or pertaining to the nerves:જ્ઞાનતંતુ સંબંધી.4 Sensitive:બીકણ;બાયલું.
Nervy,(નર્વિ)*a.*Strong; sinewy:જબરૂં;બળવાળું.
Nescience,(નેશિએન્સ્)*n.*[L.*ne*,not & *scio*,I know.] Want of knowledge:અજ્ઞાનપણું.
Nest,(નેસ્ટ્)*n.* [L. *nidus*, a resting place.] The bed or receptacle prepared by a bird or fowl for holding her eggs and for hatching and rearing her young:માળો. 2. A snug, comfortable, or cozy residence or situation:આશ્રમ;રહેઠાણ;ઘર.*vi.*To build and occupy a nest:માળો બાંધીને તેમાં રહેવું. *vt.* To form a nest for:-ને વાસ્તે માળો બનાવવો.
Nest-egg, (નેસ્ટ્-એગ્)*n.* An egg left in the nest to prevent the hen from forsaking it: પક્ષીની માદા માળો ન છોડે એ માટે માળામાં રાખેલું ઇંડું.
Nestful,(નેસ્ટ્ફુલ્)*n* As much or many as will fill a nest:માળામાં જેટલું સમાય-રહે તેટલું.
Nestle, (નેસલ્) *vi.* To make and occupy a nest:માળો બનાવીને તેમાં રહેવું.2. To lie close and snug:સુખ ચેનથી સૂઈ રહેવું. *vi.* To house as in a nest:માળામાં રહેવું.2 To cherish:સેવવું. સંભાળથી ઉછેરવું.
Nestling,(નેસ્લિન્ગ્)*n.* A young bird which has not abandoned the nest:ઇંડામાંથી તુરત નિકળેલું બચ્ચું.*a.*Newly hatched:તરતનું સેવેલું.
Net,(નેટ્) *n.* A fabric of twine, thread, or the like, wrought or woven into meshes: જાળ;પાશ. 2.A snare: ફંદ; ફાંદો. *vt.* To make into a net: જાળ ગુંથવી. 2. To take into a net;to capture by stratagem:જાળમાં લેવું 3. To inclose or cover with a net:-ની આગળ પાછળ જાળ નાંખવી. *vi.* To form network; to knit:જાળી બનાવવી;ગુંથવું.Free from charges, deductions, etc,: સઘળું ખર્ચ બાદ કરેલું હોય એવું.**N**.*income*:વધારો; ખરચ જતાં વધેલી કમાઈ-આવક.*vt.*To produce or gain as clear profit:સઘળું ખર્ચ બાદ કરતાં લાભ મળવો.
Nether,(નેધર્)*a.*Situated down:નીચલું
Nethermost,(નેધર્ મૉસ્ટ્)*a.*Lowest:સર્વથી હેઠળ-નિચેનું-છેક તળેનું.
Nettle,(નેટલ્) *n.* A plant of the genus Urtica:કૌવચ;ખરજ લાગે તેવો છોડ; આગિયો. *vt.* To fret or sting: ખીજવવું.
Net-work,(નેટ્-ઉવર્ક્)*n.* A fabric of threads, cords, or wires crossing each other at certain intervals,and knotted or secured at the crossings:જાળીઓ પાડેલી દોરી;ખેરો.
Neuralgia,(ન્યૂરૅલજિઍ)*n.*[Gr.*neuron*,nerve & *algos*,pain.]A disease:શૂળનું દરદ.
Neurology,(ન્યૂરૉલૉજિ)*n* [L *neuron* & *logos*, doctrine.]The branch of science which treats of the nervous system:જ્ઞાનતંતુ વિદ્યા-નું શાસ્ત્ર.
Neuter,(ન્યૂટર્)*a.* [L. *ne*,not & *uter*, either of two.] (*a*) Expressing or designating that which is of neither sex:નાન્યતર જાતિનું. (*b*)Intransitive: અકર્મક. Having no generative organs;sexless:નપુંસક લિંગનું; નપુંસક.

(a)A noun of neuter gender:નાન્યતરજાતિનું નામ.
Neutral,(ન્યૂટ્રલ્)*a* Not engaged on either side;neuter: નિષ્પક્ષપાતી; તટસ્થ; ત્રાહિત. *n.* A person or a nation that takes no part in a contest between others; one who is neutral:નિષ્પક્ષપાતી-મધ્યસ્થ પુરૂષ.
Neutralization, (ન્યૂટ્રૅલાઈ ઝેશન્) *n.* The act of neutralizing or the state of being neutralized:નિરૂપયોગી-બરબાદ કરવું.
Neutralize,(ન્યૂ ટ્રૅલાઈઝ્)*vt.* To render neutraly: રદ-બરબાદ કo. 2. To render imperceptible the peculiar affinities of:કોઈ વસ્તુના ખાસ ગુણો ન જણાય તેમ કરવું.3.To destroy the peculiar properties of: કોઈ વસ્તુનો ખાસ ગુણ અટકાવવો. [કોઈવખત નહિં;કદી નહિ.
Never (નેવર્)*adv.*Not ever;not at any time:
Never-the-less,(નેવર્-ધી-લેસ્) *adv.* or *conj* Notwithstanding;in spite of that:તથાપી;પરંતુ
New, (ન્યુ) *a.* [L. *novus.*] Recent; fresh; modern:તાજું;હમણાંનું;નવું. 2. Newly beginning or recurring:નવું-હાલ શરૂ થતું;બેસતું. 3. Not habituated: જે મહાવરો ન હોય એવું. **N.** *moon* (a)the moon in its first quarter:બીજ ચંદ્ર.**N** *world*:પશ્ચિમગોળાર્ધની ભૂમી-જમીન(અમેરિકા.) *Of* n., anew: નવેસર-ફરીથી. *vt.* & *vi.* To make new:નવું કરવું.
New-fangled,(ન્યૂ ફૅન્ગલ્ડ્)*a.*New made;formed with the affection of novelty:નવું બનાવેલું;નવાઈ-તાજુબી ભરેલું.
Newly,(ન્યૂલિ)*adv.* Lately;recently: હાલનું.
Newness, (ન્યૂનેસ્) *n.* The quality or state of being new:નવો ફેરફાર;નવાઈ;નવાપણું;નૂતનતા
News,(ન્યૂઝ્)*n.* Fresh tidings;recent intelligence:તાજા સમાચાર.
Newsmonger(ન્યૂઝમન્ગર્)*n.*One who deals in news:ગપ્પાં મારનાર;ગપ્પીદાસ;વાતોડીઓ.
Newspaper,(ન્યૂઝપેપર્) *n.* A sort of paper printed for conveying intelligence of passing events:સમાચાર-વર્તમાનપત્ર;પેપર.
Newsvender,(ન્યૂઝવેન્ડર્)*n.*A seller of newspaper:વર્તમાનપત્ર વેચનાર.
New year'sday, (ન્યૂ-યર્સ્-ડે) *n.* The first day of a calender year:નવા વર્ષનો પ્રથમ દિવસ;બેસતું વર્ષ.
New year's-gift, (ન્યૂયીર્સ્ ગિફ્ટ્) *n.* A gift got or given on the new-year's day:બેસતા વર્ષને દિવસે આપેલી મેળવેલી બક્ષીસ.
Next,(નેક્સ્ટ્) *a.* Superl. of **Nigh,** Nearest in place:પાસેનું;જોડેનું 2.Nearest in time:બીજું 3 Adjoining in a series:અનુક્રમમાં બીજું.*adv* In the time,place, or order nearest or immediately succeeding:પછીથી;તે પછી. [મેળ.
Nexus,(નેક્સસ્)*n.*Connection;tie:સંબંધ;ગાંઠ;
Nib,(નીબ્) *n.* A point;a prong: તીણો છેડો;અણી 2.The point of a pen:કલમની ટાંક *vt.* To furnish with a nib:ટાંક મારવી; અણી કાઢવી.
Nibble,(નિબ્લ્)*vt* To bite by little at a time થોડે થોડે કરડી ખાવું;કરડવું *vi.*To bite upon some thing gently:મચકું ભરવું.*n.* A small piece: નહાનો કકડો.
Nice,(નાઈસ્)*a.* [L.*ne*, not & *scio*,I know.] Delicate; dainty:સ્વાદિષ્ટ; રૂચિકર.2. Apprehending slight difference or delicate distinctions:બારીક;તીક્ષ્ણ.3.Exact;fine:પૂર્ણ;ચોક્કસ. 4. Pleasing:સુંદર; રમ્ય. *To make* n. *of,* to be scrupulous about:ને માટે બારીક-ચોકસ થવું.
Nicely,(નાઈસ્લિ)*adv.*.In a nice manner:સારી સુંદર રીતે;બારીકાઈ-ચોકસાઈથી; સંભાળથી.
Nicety,(નાઈસિટિ)*n.* The quality or state of being nice:સુંદર-સારા હોવું તે;સુંદરતા;બારીકાઈ.
Niche,(નિચ્)*n.* A cavity:ભિંતમાનો ગોખલો.
Nick,(નિક્) *n.* A notch cut in something: ચીરો;ખાંચ.2.[L. *nico*,I beckon.]The exact point or critical moment:અણીપર વાત આવી હોય તેવો વખત.*vt.*To make a nick or nicks in:ચીરો-ખાંચ-કાપ પાડવા.2.To nickname:મશ્કરીના નામથી બોલાવવું.
Nick-nacks,(નિક્-નૅક્સ્)*n. pl.* Small wares; trifles;baubles:આચરકુચર;હલકો સામાન;કચરો.
Nick-name,(નિક્-નેમ્)*n.* A name given in contempt, derision:મશ્કરીનું તિરસ્કારયુક્ત નામ *vt.*To give a nickname to:મશ્કરીનું નામ આપવું.
Nictation,(નિક્ટેશન્)*n.*The act of winking; nictitation:આંખનો પલકારો-મચકારો.
Nidget,(નિજેટ્)*n.*A fool;an idiot:મૂર્ખ માણસ.
Nidificate,(નિડિફિકેટ્)*vt.*[L. *nidus*.nest & *facio*,I make.]To make a nest:માળો કરવો.
Nidus,(નાઇડસ્)*n. pl.* **Nidi.**Nest:માળો પક્ષીનું ઘર-રહેઠાણ.
Niece,(નીસ્)*n.*[L.*nepitis*,a granddaughter.] A grand daughter:ભાણેજી. 2. A daughter of one's brother or sister:ભત્રીજી;ભાણી.
Niggard,(નિગર્ડ્)*n.*A miser:કંજુસ માણસ.*a.* Miserly:કંજુસ;કૃપણ;કરકસરીયું;મખ્ખીચૂસ.
Niggardly, (નિગર્ડલિ) *a.* Meanly covetous: કંજુસ; કૃપણ; મખ્ખીચૂસ *adv.* In a niggard manner:કંજુસાઈથી;કરકસરથી.
Nigh, (નાઇ) *a* Not distant; near: પાસેનું; નજીકનું *adv.* Near:પાસે;નજીક *vt.* & *vi.*To approach; to come near:જઈ પહોંચવું; પકડી પાડવું. *Prep.* Near to;-ની પાસે.
Nighness,(નાઇનેસ્)*n.*The quality or state of being nigh:નજીકપણું;નજીક હોવાનો ગુણ.
Night,(નાઇટ્)*n.* [L.*nox*, night.] The time

from sunset to sunrise: રાત; રાત્રી. 2. (*a*) Darkness: અંધકાર. (*b*) Intellectual and moral darkness: અજ્ઞાન. (*c*) The period after the close of life: શરણ. **N.** *blindness*: રતાંધળાપણું. [પહેરી સુવાના કપડાં-લુગડાં.

Night-dress, (નાઈટ્ડ્રેસ્) *n.* A night-gown: રાત્રે

Night-eyed, (નાઇટ્આઇડ્) *a.* Capable of seeing at night; sharpeyed: રાત્રે જોઈ શકે એવું.

Night-fall, (નાઇટ્ફોલ્) *n.* The close of the day: સમીસાંજ; સંધ્યાકાળ; દિવા વખત; સાયંકાળ.

Nightingale, (નાઇટિનગેલ) *n.* An European song bird: બુલબુલપક્ષી.

Nightly (નાઇટ્લિ) *a.* Of or pertaining to the night or to every night: રાતની વખતનું; રાતનું; દરેક રાત્રે. *adv.* At night: રાત્રે.

Night-mare, (નાઇટ્મેર્) *n.* A fiend or incubus formerly supposed to cause trouble in sleep: ખરાબ સ્વપ્નું; ઓથાર.

Night-shade, (નાઈટ્શેડ્) *n.* A species of the genus *Solanum*: ભોંયરીંગણી.

Night-soil, (નાઈટ્સોઇલ્) *n.* The contents of privies: સંડાસોમાંથી કાઢેલો મળમુત્ર.

Night-watch, (નાઇટ્વૉચ્) *n.* A watch or guard: રાતની ચોકી કરનાર.

Nihilism, (નાઇહિલિઝમ્) *n.* [L. *nihil*, nothing.] The doctrine that nothing can be known સર્વ અજાણ્યું છે એવો મત.

Nihilist, (નાઇહિલિસ્ટ્) *n.* One who advocates the doctrine of nihilism: રાજ્ય ધર્મ ને માલમિલ્કત નાશ કરવાનો મત પ્રવર્તાવનારનો પક્ષ કરનાર.

Nihility, (નાઇહિલિટિ) *n.* Nothingness; a state of being nothing: નાસ્તિત્વ; અભાવ; શૂન્યતા.

Nimble, (નિમ્બલ્) *a.* Light and quick in motion; lively: ચપળ; ચંચળ; ચાલાક; હોશીયાર.

Nimbose, (નિમ્બોસ્) *a* [L *nimbus*, cloud.] Cloudy; stormy: વાદળાંવાળું; ઘનઘોર.

Nimbus, (નિમ્બસ્) *n.* *pl.* **Nimbi**. [*Fine arts*] A halo: કિરણ-અંશુમાળા.

Nimmer, (નિમ્મર્) *n* A thief: ચોર; ચોરી કરનાર.

Nine, (નાઈન્) *a.* [L. *novem*] Eight and one more; one less than ten: નવ ૯. [નવપટ-ગણું.

Nine-fold, (નાઇન્ફોલ્ડ્) *a.* Nine times repeated:

Nine teen, (નાઇન્ટીન્) *a.* Nine & ten; eighteen and one more: ઓગણીસ; ૧૯.

Ninety, (નાઈન્ટિ) *a* Nine times ten; eighty-nine and one more: નેવું ૯૦ *n* Ninety units or objects: નેવું એકમ-પદાર્થ.

Ninny, (નિનિ) *n.* *pl* **Ninnies**, A fool; a simpleton: બેવકૂફ; ભોળો; ભોળાનાથ; ભલો માણસ [નવમું

Ninth, (નાઇન્થ્) *a* Coming after eight others

Nip, (નિપ્) *n.* A sip or small draught: આચમનનાનો ઘુંટડો *vt.* To pinch: ચુંટી ભરવી. 2 To remove by cutting with two meeting edges of anything: ચુંટી નાંખવું 3. To check the growth: ફળવું અટકાવવું. *To nip in the bud*: મૂળમાંથીજ નાશ કરવું. *n.* A pinching: ચીમટી. 2. A pinch with the nails or teeth: નખ-દાંત બેસાડવો તે. 3 A small cut: છેડેથીકાપવું.

Nippers, (નિપર્સ્) *n.* *pl.* Small pinchers for holding: નાના ચિપિયા.

Nipple, (નિપલ્) *n.* A teat; a pap; the mammilla: સ્તન-ધાઇનું ટોચકું: દીંટડી; કુચાગ્ર; સ્તનાગ્ર.

Nit, (નિટ્) *n.* The egg of a louse: જુની લીખ.

Nitid, (નિટિડ્) *a.* [L. *nitere.*] Bright: ચળકતું.

Nitrate, (નાઇટ્રેટ્) *n.* A salt of nitric acid: કોઇ મુખ્યતત્વ સાથે નાઇટરીક આસીડ મળવાથી થતો ખાર.

Nitre, (નાઈટર્) *n* Potassium nitrate: સુરોખાર.

Nitric, (નાઇટ્રિક્) *a.* Of, pertaining to, or containing nitrogen: જેમાં સુરોખારનો ગુણ છે તેવું.

Nitric-acid, (નાઇટ્રિક્ઍસિડ્) *n.* A colorless or yellowish liquid obtained by distilling a nitrate with sulphuric acid: સુરાખારનો તેજાબ.

Nitrogen, (નાઇટ્રોજેન્) *n* A colorless gaseous nonmetallic element: નાઈટ્રોજન વાયુ હવા.

Nitrous, (નાઈટ્રસ્) *a.* Of the quality of nitre: સુરાખારનો ગુણ ધરાવતું-વાળું.

No, (નો) *a.* Not any; not one; none: કોઇ નહિં *adv.* Nay; not: ઊંહું; નહિ *n* *pl.* A denial: નકાર; ના.

Nobility, (નોબિલિટિ) *n.* The state of being of high rank or noble birth; antiquity of family: અમીરાઈ; ખાનદાની; કુલીનતા; મોટાઇ; પ્રૌઢતા 2. Those who are noble; the peerage; the aristocratic class: અમીર ઉમરાવ; ઉમદા લોકો

Noble, (નોબલ્) *a.* [L. *nobilis*, noble] Exalted: ઉમદા; પ્રૌઢ; ઉત્તમ; ઉત્કૃષ્ટ; તોફા 2. Grand: અપકાદાર; ભવ્ય. 3. Of exalted rank; highborn: ખાનદાન; કુલિન *n.* A nobleman; a peer: ઉમરાવ.

Nobleman, (નોબલ્મૅન્) *n* One of the nobility; a noble; a peer: મોટા દરજ્જાવાળો પુરૂષ; ઉમરાવ.

Nobleness, (નોબલ્નેસ્) *n.* Greatness; dignity; કુલીનતા; મોટાઇ; શ્રેષ્ઠતા; પ્રભાવ; વૈભવ.

Noblesse, (નોબ્લેસ્) *n.* Dignity; greatness: કુલીનતા. 2. The nobility: ઉમરાવ મંડળ.

Nobly, (નોબ્લિ) *adv.* Of noble extraction: ઉમદા કુટુંબમાં જન્મેલું 2. Splendidly: અપકાબંધ રીતે.

No body, (નોબૉડિ) *n.* No person: એક નહિં. 2. A person of no influence: નકામો માણસ.

Nocent, (નોસેન્ટ્) *a* [L. *noceo*, I hurt.] Hurtful; noxious; mischievous: ઈજા કરનારૂં; દુઃખદાયક.

Noctambulation, (નાક્ટૅમ્બ્યૂલેશન્) *n.* [L. *nox*, night & *ambulo*, I walk.] Somnambulism; walking in sleep: નિદ્રામાં ચાલવું તે.

Noctambulist, (નૉક્ટૅમ્બ્યૂલિસ્ટ્) *n* A somnambulist: નિંદ્રામાં ચાલનારો માણસ; નિશાચર.

Nocturn,(નૉક્ટર્ન્)*n*.An act of religious service by night:રાત્રે કીર્તન-ભજન-ગાયન કરવું તે.

Nocturnal,(નૉક્ટર્નલ્)*a* [L. *nox*,night.] Of pertaining to, done or occurring in, the night:રાત્રે થયેલું-કીધેલું-બનેલું;રાતનું.

No-way-ways,(નૉવે-નૉવેઝ્) *adv*. Not at any rate;not any how:કોઈપણ પ્રકારે નહિ.

Nod,(નૉડ્) *vi*. To incline the head with a quick motion:ડોકી હલાવવી ધુણાવવી 2.To be drowsy or dull:ઉંઘવું થવું; ડોલાં ખાવાં *vi*. To incline or bend, as the head or top of salutation:માથું હલાવવું.2. To signify by a nod:ડોકું હલાવીને કબૂલ રાખવું. 3. To cause to bend:નમાવવું.*n*.A drooping or bending forward of the upper part or top of anything:ડોલું;ઓકું 2.ઇસારો;સાન;સંકેત.

Noddle,(નૉડલ્)*n*.The head (used jocosely) મસ્તક;માથું 2.The back part of the neck or head:માથાનો ગળાનો પાછલો ભાગ;ગરદન.

Noddy,(નૉડિ)*n*. *pl*. **Noddies**, A simpleton;a fool:મૂર્ખ;બેવકૂફ.2.A small twowheeled one horse vehicle:એક નાની બે પૈડાંની એક ઘોડો જોડવાની ગાડી.

Node,(નૉડ્)*n*.[L. *nodus*.] A knot:ઢેકો; ગાંઠ. 2 (*a*)The point where the orbit of a planet or comet,intersects the ecliptic:જે બિંદુમાં કક્ષા ક્રાંતિવૃતને છેદે છે તે બિંદુ.*Ascending* n. રાહુ. *Descending* n:કેતુ.

Nodular,(નૉડ્યૂલૅર્)*a*.Of, pertaining to, or in the form of a nodule:ગાંઠા જેવું.

Nodule,(નૉડ્યૂલ્)*n*.[L *nodus* knot.]A little knot:નાની ગાંઠ;અનિયમિત ગોળાકૃતિ.

Noise,(નૉઈઝ્)*n*. [L. *nausea*, seasickness] Sound of any kind:અવાજ.2. Loud sound: ઘોંઘાટ3.Loud,continuous talk:ચર્ચા. *vi*. To sound:અવાજ થવો.*Ton in the world*:નામકીર્તિ જાણવી.*vt*.To spread by rumor:લોકમાંમશહુરકરવું.

Noiseless,(નૉઇઝલેસ્)*a*.Making no noise:અવાજ વગરનું-ન થતું;છાનું.

Noisily,(નૉઈઝિલિ)*adv* In a noisy manner: મોટા અવાજ ઘોંઘાટ કરીને-થી.

Noisome,(નૉઈસમ્)*a*. Noxious to health; hurtful;mischievous:નુકશાન કર્તા; અનિષ્ટકારક.

Noisy,(નૉઇઝિ)*a*.Making a loud noise;vociferous;turbulent:મ્હોટા ઘોંઘાટ કરનાર.

Nole-Noll,(નૉલ્ નૉલ)*n*.The head:માથું;મસ્તક.

Nomad,(નૉમૅડ્)*n*.[Gr.*nemo* I feed,pasture. Roving;nomadic:ભટકતી;ફરનારી.

Nomadic,(નૉમૅડિક્)*a*.Wandering:ભટકતી.

Nomenclature,(નૉમેન્ક્લૅટ્યૂર્)*a* [L.*nomen*, & *calo*,I call.] A name:નામ.

Nominal,(નૉમિનૅલ)*a*.]L *nomen*,name.] Of or pertaining to a name or names:નામનું. 2 Existing in name only;not real:કેવળ નામનું;નામનું;ખોટું.

Nominally,(નૉમિનૅલિ)*adv*.By name:નામનુંજ.

Nominate,(નૉમિનેટ્)*vt*.[L. *nomen*,name.] To entitle:બોલાવવું;ખિતાબ આપવો. 2. To set down in express terms: વર્ણવવું. 3. To appoint:નિમવું.

Nomination, (નૉમિનેશન્) *n*. The act or power of nominating:નિમવુંતે;નિમવાનીસત્તા.

Nominative, (નૉમિનેટિવ્)*n*.That case or form of a noun which stands as the subject of a finite verb:નામની પહેલી વિભક્તિ;પ્રથમા.

Nominator,(નૉમિનેટર્)*n*.One who nominates:નિમણુંક કરનાર;નામ આપનાર;નિયોજક.

Nominee, (નૉમિની)*n*.A person named or designated:ઠરાવેલો-નિમેલો માણસ.

Non,(નૉન્)*a* No;not:અ;ન;અન વિ૦.

Non acceptance,(નૉન્‌એકસેપ્ટન્સ્)*n* A neglect or refusal to accept:ન લેવું તે;અસ્વીકાર.

Non-age,(નૉન્-એજ્) *n*. Legal immaturity; minority:બાળપણ;બાલ્યાવસ્થા;સગીરવય;બાલદશા.

Non-appearance, (નૉન્‌ઍપ્પીરન્સ્) *n*. Default of appearance:ગેરહાજરી.

Non chalance,(નૅન્શૅલાન્સ્)*a*. Indifference; carelessness;coolness:બેદરકારી;બેફિકરાઈ;બેદીલી.

Non commissioned,(નૉન્કૉમિશન્ડ્)*a*. Not having a commission:સનંદ વગરનું **N**.*officer*: લેફ્ટનન્ટની પદવીથી નીચી પદવીનો અમલદાર.

Non-compose,(નૉન્કૉમ્પૉસ્)*a*. Not of sound mind:ગાંડું;ખસેલું;ચળેલું;દીવાનું;ઘેલું.

Non-conductor,(નૉન્-કૉન્ડક્ટર્) *n*. A substance which does not conduct,heat,electricity:વીજળી-ગરમી પ્રવેશ ન કરી શકે તેવી;વસ્તુ.

Non-delivery,(નૉન્-ડિલિવરિ)*n*.A neglect or failure of delivery:અ સમર્પણ;હવાલે નકરવું તે.

None, (નન્)*a*. No one; nothing: એક પણ-કોઈ વખારે પણ નહિ.2.No:not any:નહિ;કોઈ નહિ.

Non elect,(નૉન્‌ઇલેક્ટ્)*n*. *Sing* & *pl* A person or persons not elected,or chosen;જેને ચુંટી નહિ કાઢેલ તે,

Non-entity,(નૉન્‌એન્ટિટિ)*n*. Non-existence નહિપણું;નાસ્તિત્વ;અભાવ 3.A person or thing of little or no account:નકામો માણસ-વસ્તુ.

Non essential, (નૉન્‌એસ્સેન્શિઅલ) *a*. Not essential;કોઈ કામ માટે અગત્યનું નહિ એવું.*n*. A thing not essential:બીન અગત્યની ચીજ;વસ્તુ.

Non-existence, (નૉન્‌એગ્ઝિસ્ટેન્સ્) *n*. Absence of existence:બીન હયાતી. 2. A thing that has no existence: અવિદ્યમાન વસ્તુ;શશશૃંગ.

Non-parallel,(નૉન્‌પૅરેલેલ્)*n*. Something of unequalled excellence;અપ્રતિમ;અનુપમ;અદ્વિતિય.

Non-payment,(નૉન્ પેમેન્ટ્)*n.* Neglect or failure to pay:નાણું પૈસાનો નિકાલ નહિ કરવો તે.
Non-plus(નૉન્-પ્લસ્)*n* [L.*non*, not & *plus*, more.] Insuperable difficulty:ગુંચવાડો;ગભરાટ.*vt*.To confuse:to confound:ગુંચવાડા-ગભરાટમાં નાંખવું.
Non-residence,(નૉન્-રેઝિડેન્સ્)*n*. The state or condition of being non-resident:પોતાના હોદ્દાવાળી યા માલકીની જમીનમાં ન રહેવું તે.
Non-resident,(નૉન્-રેઝિડેન્ટ્)*a*. Not residing in a particular place or on one's own estate:પોતાની જાગીરપર અથવા કોઇ અમુક જગ્યાપર નહિ રહે એવો.*n*.A non-resident person: જે જગાએ પોતાનો હોદ્દો--અધિકાર-મિલ્કત છે તે જગ્યાએ નહિ રહેનાર.
Non sense,(નૉન્-સેન્સ્)*a*. That which is no sense or has no sense:મૂર્ખાઇ ભરેલી-અર્થ વિનાની વાત; નિરર્થક ભાષણ.
Non-sensical,(નૉન્-સેન્સિકલ્)*a*.Unmeaning, absurd;foolish:અનર્થક;નિરર્થક;અર્થહીન શૂન્ય.
Noodle,(નૂડલ્)*a*.A blockhead:મુર્ખ માણસ.
Nook,(નુક્)*n*.A corner:ખૂણો; કોણ;ખુણ;દિશા.
Noon-Noonday,(નૂન્-નૂન્ડે)*n*. [L.*nona*,the ninth hour.]The midday:મધ્યાન્હકાળ;બપોર. *vi*.To take rest and refreshment at noon: બપોરે આરામ લેવો.
Noose.(નૂસ્)*n* [L *nodus*.] A running knot: ગાળો;ફાંસો.*vt*.To tie in a noose:ફાંસામાં લાવવું.
Nor, (નૉર્) *conj*. A negative connective particle:પણનથી-નહિ. [માટે રાખેલી સ્રી.
Norice,(નૉરિસ્)*n*.Nurse:આયા;છોકરાં સાચવવાને
Normal,(નૉર્મલ્) *a*. [L. *norma* rule.] Regular;natural:નિયમિત 2.Original:મૂળ;અસલી.
Norman,(નૉર્મન્)*n*.Of or pertaining to Normandy or to the Normans:નૉર્મન્ડિ કે નૉર્મન્ લોકો સંબંધી-નું-વિષે *n*.A native or inhabitant of Normandy:નૉર્મન્ડિનો રહેવાશી-વતની.
North,(નૉર્થ્)*n*.The direction opposite the south:ઉત્તર;ઉત્તર દિશા. *a*. Lying toward the north:ઉત્તરસ્થ; ઉત્તર દિશાનું. *North pole*:ઉત્તરધ્રુવ *adv*.Northward:ઉત્તર તરફ.
North-east,(નૉર્થ્-ઇસ્ટ્)*n*.The point between the north and east at an equal distance from each:ઇશાન ખૂણો-કોણ *a*.Of or pertaining to the north-east:ઇશાનકોણ;કોણનું.*adv*. Toward the north-east:ઇશાન કોણ તરફ.
Nortnerly-ern, (નૉર્થરલિ-નૉર્થર્ન્) *a*. Of or pertaining to the north:ઉત્તર દિશા તરફનું.
North star,(નૉર્થ્ સ્ટાર્)*n*. The north polar star:ધ્રુવનો તારો. [north:ઉત્તર અણી-તરફ.
Northward, (નૉર્થ્વર્ડ્) *adv* Toward the
Northwest,(નૉર્થ્વેસ્ટ્)*n*.The point in the horizon between the north and west:વાવ્યકોણ-દિશા.*a*.Pertaining to north-west:વાવ્ય કોણનું-સંબંધી.*adv*.Toward the north west: વાવ્યકોણ તરફ.
Nose,(નૉઝ)*n*.[L. *nosus*.] The olfactory organ:નાક.2.The power of smelling:વાસ;સોડમ લેવાની શક્તિ.Hence,scent:વાસ; સોડમ 3. The projecting end at the front of an object: કોઇ પદાર્થનો અણીવાળો છેડો-નાળચું *To lead by the* **n.**,to lead blindly:આંખ મીંચાવીને-આંખે પાટો બાંધીને દોરવું.*To put one's* **n** *out of joint*, to humiliate one's pride:કોઇનું માન તોડવું.*To thrust one's* **n.***into*,to meddle officiously in:વગર બોલાવ્યે વચ્ચે માથું ઘાલવું.*Bridge of the* **n.**:નાકની દાંડી.*vt* To smell;to scent સુંઘવું;સોડવું;ની સોડમ આવવી. *vi*.To smell:વાસ-સોડમ આવવી.
Nose gay, (નૉઝ્ ગે) *n*. A bunch of odorous and showy flowers:ફુલનો ગોટો.
Noseless,(નૉઝ્લેસ્)*a* Destitute of a nose:નાકવિનાનું;ચીબુ.
Nose-ring,(નૉઝ્-રિન્ગ્)*n*.A ring to be worn on the nose:નથ;નથણી-નાકની વાળી.
Nosology,(નૉસૉલૉજિ)*n*.[Gr.*nosos*,a disease & *logos*,discourse.]A systematic arrangement of diseases:રોગવર્ગીકરણ;રોગ નિદાન શાસ્ત્ર.
Nostril, (નૉસ્ટ્રિલ્) *n*. One of the external openings of the nose:નસકોરૂં;નાસિકા.
Nostrum,(નૉસ્ટ્રમ્)*n*.A quack medicine:બુટ્ટી;જડીબુટ્ટી;ગુપ્ત ઔષધ;ઉંટ વૈદનો પ્રયોગ.
Not,(નૉટ્)*adv*.A word used to express negation,prohibition:નથી;નહિં;ન;મા;ના.
Notabilia,(નૉટેબિલિઅ)*n.pl*.[L.*notabilis*,notable.] Things worthy of notice: ધ્યાનમાં રાખવા લાયક પ્રસિદ્ધ-મશહુર-ચીજો-પદાર્થો.
Notable,(નૉટેબલ્)*a*.[L.*nota*, mark; note.] Capable of being noted:ધ્યાનમાં રાખવા લાયક 2.Remarkable;memorable:સ્મરણીય;પ્રખ્યાત; મશહુર;નામાંકિત.*n*.A person or thing of distinction:મહાન્-નામાંકિત પુરૂષ;પ્રખ્યાત ચીજ.
Notary, (નોટરી) *n*. An officer authoized to certify deeds contracts &c:ખત વિગેરે દસ્તાવેજ ઉપર સહી કરવાને અધિકાર પામેલો અમલદાર.
Notation,(નૉટેશન્)*n*. The act of recording: anything by marks,figures,or characters: આંકડો-આંક માંડવો તે.2.The system of figures letters and signs used in arithmetic and algebra to express number, quantity, or operations:પરિણામ;સંખ્યા;અંક; આંકડો.
Notch,(નૉચ્)*n*.A hollow cut in anything;a nick:ચીરો-ખાંચ;ખોડ.*vt* To cut or make notches in:માં ચીરા પાડવા 2.To fit the notch of

(an arrow)to the string:દોરીમાં તીરની ખાંચ બેસાડવી.

Note,(નોટ્)*n*.A visible sign: નિશાન;નિશાની. 2.A sign or token,proving or giving evidence:સાબીતી;પુરાવો.3 (*a*) A brief remark; a marginal explanation:નોંધ;ટિપ્પણ (*b*)Annotation;comment:ટીકા;ભાષ્ય 4 A memorandum:યાદી;નોંધ 5 *pl* A writing intended to be used in speaking: બોલતી-ભાષણ કરતી વખતે બોલવાના લખી રાખેલા મુદ્દા;ટાંચણ.6.A short informal letter:રૂકો; ચીઠ્ઠી. 7. A written or printed paper acknowledging a debt,and promising payment:ર્ચાચ્ઠી ચીઠ્ઠી; નોટ. 8. A musical sound;a tone:વાજીંત્રનો અવાજ;સૂર 9 Observation: ધ્યાન લક્ષ. 10. State of being under observation: ધ્યાન લક્ષમાં હોવું તે 11. Reputation:પ્રતિષ્ઠા;આબરૂ;નામ.*vt*.To remark to heed:ધ્યાન લક્ષ આપવું.2 To make a memorandum of:ની નોંધ-યાદી ટિપ્પણ કરવું.3. To designate:દેખાડવું.4.To annotate: ટીકા ખુલાસો લખવો.5.To set down in musical characters; રાગ-સુરમાં ઉતારવું-લખવું. *To* n *a bill* or *draft*:હુંડીની પાછળ ના મંજુર છે એમ લખવું.

Note-book,(નોટ્-બુક્) *n* A book in which notes are written:સ્મરણપોથી.

Noted,(નોટેડ્)*a* Well-known:નામીચું;વિખ્યાત.

Nothing,(નથિંગ્)*n*. Not anything: બીજું કશું નહિ;કાંઈ નહિ.2.A thing of no account:નકામી-ચીજ.*To make* n.*of*,(*a*) to consider as trifling or unimportant:નકામું ગણવું.(*b*)Not to understand:સમજવું નહિ *For* n.:મફત *Good for* n.useless:નકામું.*adv*.In no degree:not at all:જરાકે-સમુળગું નહિ.

Notice,(નોટિસ્)*n*. [L. *notum*, known.] Observation by the senses or intellect: નજર;ખ્યાલ;અવલોકન;દૃષ્ટિ;ધ્યાન.2.Intelligence: બાતમી;ખબર;સમાચાર 2.An announcement: જાહેરખબર;નોટીસ.4.A writing communicating information or warning:જાહેરનામું 5.Attention:આદરસત્કાર; સન્માન. *To take* n. *of*, to perceive:જોવું;ધ્યાનમાં લેવું.*vt*.To observe: અવલોકન કરવું;જોવું.2.Toremark upon:-પર ટીકા કo

Notification, (નોટિફિકેશન્) *n*. The act of notifying-or giving notice:જાહેર કરવું તે;વિજ્ઞપ્તિ.2.Notice given in words or writing or by signs:થાળી પીટવી તે;ઢંઢેરો; દાંડી. 3. An advertisement or citation:જાહેરનામું;ખબર.

Notify, (નોટિફાઈ) *vt*. To make known; to publish; વિદિત જાહેર કo;જણાવવું;પ્રસિદ્ધ કo.

Notion,(નોશન્)*n*. [L. *nosco*, I know.] An idea;a conception: ધારણા; કલ્પના;તર્ક; ભાસ; વિચાર;ભાવના. 2. A sentiment;અભિપ્રાય;મત; વિચાર.3. Sense:અક્કલ.

Notional,(નોશનલ્) *a*. Expressing abstract conception:કલ્પિત;મનમાં ધારેલું.

Notoriety,(નોટોરાઇટિ)*n*.The state of being generally or publicly known:પ્રસિદ્ધિ;અપકીર્તિ.

Notorious,(નોટોરિઅસ્)Infamous now used in a bad sense: અપકીર્તિવાળો.

Not-with-standing, (નોટ્ વિધ્સ્ટેન્ડિંગ્) *Prep*. In spite of: વિના;છતાં;યદ્યપિ. *adv*. or *conj* Nevertheless;however:તથાપિ;તેમ છતાં પણ N. *that*:જોકે એમ છતાં પણ

Nought,(નોટ્)*n*.Naught:કંઇ નહિ તે *To set at* n:તુચ્છ માનવું-ગણવું-લેખવું-ધિક્કારવું.અવગણના કo.

Noun,(નાઉન્)*n*. [L.*nomen*, name] A substantive:નામ;સંજ્ઞા *Verbal* n :ક્રિયાવાચક નામ.

Nourish,(નરિશ્)*vt* [L.*nutrio*, I nourish.] To feed and cause to grow:ખવરાવીને મોટા કરવું. 2 To support:-નું પ્રતિપાલન કo. *vi*. To promote growth:પાલણપોષણ કo.

Nourisher,(નરિશર્) *n*. One who or that which nourishes: પાળનાર; પોષણ કરનાર.

Nourishing,(નરિશિંગ્)*a* Promoting growth; nutritious:પુષ્ટિકારક;ધાતુપુષ્ટ;પૌષ્ટિક.

Nourishment,(નરિશ્મેન્ટ્)*n* The act of nourishing:પાલન;પાલનપોષણ.2.Nutriment:આહાર.

Nous,(નાઉસ)*n*.[Gr.*nous*, mind] Intellect; understanding:અક્કલ;બુદ્ધિ;સમજશક્તિ.

Novel,(નોવેલ્)*a*.[L *novus*,new.]New:નવું;અપૂર્વ;વિલક્ષણ.*n*.That which is new or unusual; a novelty:નવી ચીજ.2 *pl* Novelties:નવાઇની વસ્તુ 3 A fictitious tale or narrative:કલ્પિત કથા-વાત;રૂપાખ્યાન;આખ્યાન;કાદંબરીનવલકથા.

Novelist (નોવેલિસ્ટ્)*n*. An asserter of novelty:નવો ધારો કરનાર; કલ્પિત વાત-આખ્યાન-કથા. બનાવનાર-લખનાર;નવલકથાકાર.

Novelty,(નોવેલ્ટિ)*n* Newness:નવી વાત; વિલક્ષણતા.2 Something novel:નવિનતા;નવાઈ કૌતક.

November,(નોવેમ્બર્)*n*. [L. *novem*, nine] The eleventh month of the year,containing thirty days:અંગરેજી વર્ષનો અગીઆરમો મહિનો.

Novice,(નોવિસ્)*n*.[L. *novus*, new.] A beginner;a tyro:શિખાઉ.2.One newly converted to Christian faith: ધર્મમાં તરત દાખલ થએલો પુરુષ.

Novitiate,(નોવિશિએટ્) *n*.State of being a novice: શિખાઉપણું;અણુવાકેફગારી 2. Time of probation:ઉમેદવારીનો વખત.3.A novice:શિખાઉ.

Now,(નાઉ)*adv* [Gr.*nun*, now.] At the present time:હમણાં.2.Very lately:થોડું થયું.3. At a particular time referred to: અમુક સમયે *Now and again*,now and then:વારંવાર; ઘડીએ પલકે.N & *then*:કોઇ કોઇ વેળા *n*.The pre-

sent time ormoment:વર્તમાનકાળ;આવખત-પળ

Now-a-days,(નાઉ-અ-ડેઝ્) *adv.* In these days; at the present time:હાલના વખતમાં;આજકાલે.

Nowise,(નોઉવાઈઝ્) *adv.* In no way; noways: કોઇપણ રીતે નહિ.

Noxious (નૉક્શસ્) *a* Hurtful:હાનિકારક.

Nozzle,(નૉઝલ્) *n.*(*a*)The nose:નાક 2.A short tube: ટુંકી નળી

Nubilous,(ન્યૂબિલસ્) *a.* [L *nubes*, cloud.] Cloudy:વાદળાવાળું.

Nucleus,(ન્યૂક્લીઅસ્) *n pl.* A kernel:ગર્ભ;મધ્ય ભાગ 2.The head of a comet:ધુમકેતુનું માથું.

Nude,(ન્યૂડ્) *a* [L.*nudus*.] Naked:નગ્ન;નાગું.

Nudge,(નજ્) *vt.* To touch gently with the elbow : ચેતાવવાને વાસ્તે કોણીથી ધીમે રહીને અડકવું *n.* A gentle push: ધીમેથી કોણી મારવી તે.

Nudity,(ન્યૂડિટિ) *n.* Nakedness:નગ્નતા;નાગાપણું.

Nugatory,(ન્યૂગૅટોરિ) *a.*[L. *nugæ*, jests.] Trifling insignificant:નકામું;નજીવું;વ્યર્થ.

Nugget,(ન્યૂગેટ્) *n.* A lump;a mass of a precious metal:કિમતી ધાતુનો ગોળો-લગડી.

Nuisance, (ન્યૂસૅન્સ્) *n.* [L. *nocio*, I hurt.] That which is offensive or noxious:ઉપદ્રવ કારક વસ્તુ;ગંદકી;ઉપાધિ;પીડા.

Null,(નલ્) *a.*[L.*ne*, not & *ullus*, any.] Of no efficacy:રદ;નકામુ; વ્યર્થ. *n.* Something that has no meaning: અર્થ વિનાની વસ્તુ *vt.* To annul: રદબાતલ નકામું કo.

Nullify,(નલિફાઈ) *vt.*[L.*nullus*, none & *facio*. I make.]To make void;to render invalid: રદ કરવું;નકામું કરવું.

Nullity,(નલિટિ) *n* [L. *nullus*, none.] Nothingness:અભાવ; નાસ્તિત્વ. 2. Nonexistence: જેમાં કાયદાની સત્તા અધિકાર નથી તે;શૂન્યતા.

Numb,(નમ્) *a.* Benumbed: બેહેર મારી ગયેલું; જડ;બહેરૂં 2 Producing numbness: સુનું કરનારૂં.*vt.*To benumb:જડ કo;સુસ્ત-અચેતન કરવું.

Number,(નમ્બર્) *n* [L. *numerus*.] A unit or an aggregate of units:અંક;આંક;સંખ્યા.2 A multitude: મ્હોટી સંખ્યા; મોટો ભાગ. 3. A numeral;a word: નંબર; આંકડો. 4, Poetry; verse:કવિતા; પદબંધ. 5. The distinction of objects,as one or more than one:વચન.*vt.* To count: ગણવું. 2. To give or apply a number or numbers to:આંકડો લખવો-માંડવો. 4.To amount to:માં હોવું.

Numberless, (નમ્બરલેસ્) *a.* Innumerable; countless:અસંખ્ય;બેસુમાર;અગણિત;અસંખ્યાત.

Numbness, (નમ્નેસ્) *n.* The condition of being numb:સુનકાર-બેહેરાપણું.

Numerable, (ન્યૂમરૅબલ્) *a.* [L. *numerus*, numbered.]Capable of being numbered or counted:જે ગણાય-ગણી શકાય તેવું;ગણનીય.

Numeral,(ન્યૂમરૅલ્) *n.* A figure or character expressing a number:આંક; સંખ્યા. 2. A word expressing a number: આંક દર્શાવનારો શબ્દ.*a.*Pertaining to a number:સંખ્યાસંબંધિ.

Numerary,(ન્યૂમરૅરિ) *a* Belonging to a certain number:કોઈ અમુક સંખ્યા સંબંધી-નું ને લગતું.

Numeration,(ન્યૂમરેશન્) *n.* The act or art of numbering:આંકડા માંડવા તે.2. The act or art of reading numbers: આંકડાં વાંચવા તે; સંખ્યા;પરિમાણ વાંચવું તે.

Numerator,(ન્યૂમરેટર્) *n.* One who numbers:સંખ્યા ગણનાર.2.The term in a fraction which indicates the number or fractional units that are taken:અપૂર્ણાંક ઉપરનો આંકડો અંશ.

Numerical, (ન્યૂમેરિકલ) *a.* Belonging to number:સંખ્યા સૂચક **N.** *equation*:સંખ્યાત્મક સમીકરણ.

Numerous,(ન્યૂમરસ્) *a.* Being many:પુષ્કળ.

Numismatics,(ન્યૂમિસ્મૅટિક્સ્) *n* The science of coins and medals: સિક્કાશાસ્ત્રની વિદ્યા; મુદ્રાવિદ્યા.

Nun,(નન્) *n.* [L. *nonna*, nun.] A woman devoted to a religious life,who lives in a convent:મઠમાં રહેનારી કુંવારી સ્ત્રીઓરત;મઠવાસિની.

Nuncupative,(નન્કયુપેટિવ્) *a* [L *nomen*, a name & *capio*, I take] Publicly declaratory:સર્વને જણાવવું.2. Nominal: નામનું. **N.** *will* or *testament*:સાક્ષીઓ આગળ-ની રૂબરૂ મોઢાનું કરેલું વશીયતનામું.

Nunnery,(નનેરિ) *n.*[L.*nonna*,a nun.]A convent in which women reside for life,under religious vows:કુંવારી સ્ત્રીઓનું ઘર આશ્રમ-મઠ.

Nuptial,(નપ્શિઅલ્) *a* [L.*nubo*,I marry.]Of, or pertaining to marriage:વિવાહ સંબંધિ.*n.* *pl.* Marriage; wedding:વિવાહ;લગ્ન; શાદી.

Nurse,(નર્સ) *n.* [L. *nutrio*,I nourish.](*a*) A woman who has the care of young children:આયા. *Especially*,one who suckles an infant not her own:ધાવ;આયા (*b*)One who has the care of the sick or infirm:બિમારીની સંભાળ લેનાર માણસ(સ્ત્રી અગર પુરૂષ.)*To put to nurse*,or *to put out to nurse*,to send away to be nursed:(બાળકને) ધવાડવાને માટે મુકવું-રાખવું. *Wet* **n** :ધાવ. *Dry* **n** :બાળકને વગર ધવડાવે ઉછેરનાર સ્ત્રી-આયા.*vt.* To nourish:પાલન પોષણ કo.(*a*)To suckle: ધવાડવું. (*b*) To take care of a sick person:બિમાર માણસની ચાકરી;સારવાર;માવજત કo. 2. To bring up:ઉછેરવું.

Nursery, (નર્સરિ) *n.* *pl.* (*a*) The place in a house appropriated to the care of childrern: છોકરાંની સંભાળ રાખવાનો ઓરડો; બાલગૃહ (*b*) A plantation of young trees:ઝાડના રોપાની જગા.

Nurture,(નર્ચર્)*n.*[L. *nutrio*, I nourish.] Tender: બરોબર સંભાળ રાખવી તે. 2. Food: આહાર.*vt.* To feed: પાલણપોષણ કર. 2. To educate;to bring or train up:કેળવ ી આપવી.

Nut,(નટ્)*n.* The fruit of certain trees consisting of a hard shell inclosing a kernel ગોટલાથી ઢંકાયેલું ગરભવાળું ફળ.

Nut cracker,(નટ્-ક્રૅકર્) *n.* An instrument for cracking nut:સુડી;સુડો.

Nut-gall,(નટ્ ગોલ્)*n* A more or less round gall resembling a nut:માયું;માજુફળ.

Nut meg,(નટ્ મેગ) *n.* (*Bot*) The kernel of the nutmeg tree:જાયફળ.

Nutriment,(ન્યૂટ્રિમેન્ટ્)*n.*[L. *nutrio*,I nourish.] Food:ખોરાક;પોષણ;જીવન.2.That which promotes development or growth: ગુણની વૃદ્ધિ કરનાર વસ્તુ;ધાતુ પુષ્ટ ગુણ.

Nutrimental, (ન્યૂટ્રિમેન્ટલ્) *a.* Nutritious: ધાતુપુષ્ટ; પુષ્ટિકારક; પૌષ્ટિક; ધાતુપોષક.

Nutrition(ન્યૂટ્રિશન્)*n.*That which nourishes: nutriment:ખાવા પીવાનું; ખોરાક;આહાર; પોષણ.

Nutritious tive, (ન્યૂટ્રિશસ્-ટિવ્) *a.* Nourishing; promoting growth:પુષ્ટિકારક;પૌષ્ટિક.

Nut shell,(નટ્ શેલ્)*n* The shell or hard external covering in which the kernel of a nut is inclosed: કોચલું; કાચલું.

Nuxvomica,(નક્સ્વૉમિકે)[L *nux*,nut *vomere*, to vomit.] The seeds of nuxvomica from which deadly poisons are obtained:ઝેરકચોલું.

Nuzzle,(નઝલ્)*vt.*To nurse:પાળવું 2.To house as in a nest.માળામાં ઘર કરીને રહેવું *vi* To hide the head:માથું સંતાડવું 2 To loiter:રખડવું;રસળવું.

Nymph,(નિમ્ફ્)*n.*[L.*nympha*,a nymph,bride.] A goddess of the mountains, forests, meadows or waters:પર્વત અથવા પાણીની દેવી; વનદેવી 2. A lovely girl:સુંદર સ્ત્રી.

Nympha,(નિમ્ફ)*n. pl.***Nymphæ.** The pupa of an insect:કોઇ જીવજંતુની ત્રીજી અવસ્થા.

Nymphean,(નીમ્ફીઅન્)*a* Of,or pertaining to nymphs; inhabited by nymphs:પાણીની દેવીનું-સંબંધી-થી વસેલું.

O.

O, (ઓ) The fifteenth letter of the English alphabet: અંગ્રેજી મુળાક્ષરનો પંદરમો અક્ષર. A circle: વર્તુલ; ગોળ. *a.* One: એક. *Interj.* An exclamation used in calling or directly addressing a person or personified object: અરે ! ઓ ! અરે અરે !

Oaf(ઓફ્)*n.*Originally,an elf's child;a changeling left by fairies:એક છોકરાને લઇ જઇને તેને બદલે વનદેવીઓએ મુકેલું બીજું છોકરૂં.

Oak,(ઓક્)*n* A kind of tree: એક જાતનું ઝાડ જે વિલાયતમાં મુખ્ય ઇમારતી છે તે.*Indian oak*;the teak tree: સાગનું ઝાડ.

Oaken,(ઓક્ન્)*a.*Made or consisting of oaks: ઓકનું-ઓકના લાકડાનું બનાવેલું.

Oakum,(ઓકમ્) *n.* The material obtained by untwisting and picking into loose fibres old hemp ropes:જુના દોરડાં કે તેના કકડાને ઉકેલી કરેલા ધુંછા-કુચા.

Oar,(ઓર્)*n* An impliment for impelling a boat:ચાટવો;હલેસું 2.An oarsman a rower: હલેસું ફેરવનાર. *To put in one's* O., to give aid or advice:(અણમાગી)મદદ કે સલાહ આપવી.

Oarsman,(ઓર્ઝ્મૅન્)*n.*A rower:હલેસાં મારનાર;ખલાસી.

Oasis,(ઓએસિસ્)*n. pl* **Oases.**[Gr.*oasis*.]A fertile or green spot in a desert: રણમા કે ઉજ્જડ મેદાનમાં ફળદ્રુપ જગ્યા;રમ્યસ્થાન.

Oat, (ઓટ્)*n* A well known cereal grass and its edible grain:એક જાતનું જવની જાતનું અનાજ. *To feel one's* O.:બડ કારી-ગર્વિષ્ઠ હોવું.

Oath,(ઓથ્) *n.* A solemn affirmation: સમ; પ્રતિજ્ઞા;કસમ;સોગન 3.A blasphemous use of the name of the divine being:સહેજ વાતમાં ધર્મ કે દેવના સમ ખાવા તે.

Obduracy,(ઑબ્ડયૂરસિ) *n.* Invincible hardness of heart:કઠોરપણું;હૃદયકઠોરતા;હઠીલાઇ.

Obdurate,(ઑબ્ડયૂરેટ્) *a.* [L. *ob* & *durus*, hard.]Unyielding;hardhearted:કઠોર હૈયાનું; જીદ્દી;દુરાગ્રહી 2.Hard:કઠણ;કઠોર;ખેપ.

Obedience,(ઓબીડિએન્સ્) *n.* Subjection to rightful restraint or control:તાબેદારી; આજ્ઞા પાળવી તે;આજ્ઞાપાલન 2 (*a*)A body of adherents:સાગ્રીતો;ચેલા;અનુયાયી.

Obedient,(ઓબીડિએન્ટ્) *a.* [L.*ob*, & *durus*, hand]Willing to obey:તાબેદાર;કહ્યાગરૂં;આજ્ઞાધીન

Obediently,(ઓબીડિએન્ટ્લિ)*adv* In an obedient manner; with obedience: આજ્ઞાધીનતાથી.

Obeisance,(ઓબેસન્સ્)*n.* Obedience: આજ્ઞાધીનતા;તાબેદારી.2.Homage:નમસ્કાર;વંદન,

Obeliscal, (ઑબીલિસ્કૅલ્) *a.* Formed like an obelisk:ચારે પાસાના થાંભલાના આકારનું.

Obelisk,(ઑબીલિસ્ક્)*n* [Gr. *obelos*,a pointed pillar.] An upright, four-sided pillar:ચાર પાંસાવાળો ઉભો સ્તંભ;મિનારો.2. A mark of reference(†):(આવું†) ચિન્હ. *vt.* To mark with an obelisk:કટારી;ખુણાની નિશાની કo.

Obesity,(ઑબેસિટિ) *n.* The incumbrance of flesh:શરીરનું બહુભારેપણું;પુષ્ટતા;જાડાભોલપણું.

Obey,(ઑબે)*vt.* [L *cb* & *audio*,I hear.]To yield submission to: ની આજ્ઞા-હુકમ ઉઠાવવો-માનવો; નુ કહયું માનવું-કo. 2. To yield to the impulse or power of:પત કરવું;ગાંઠવું;માનવું;પાળવું બહવું. *vi.*To give obedience:-ના હુકમને તાબે થવું

Obit,(ઑબિટ્)*n.*[L *ob* & *eo*, I go.] Death: મોતમરણ 2 Obsequies:મૃત્યુ-મરણ સંસ્કાર વિધિ.

Obituary,(ઑબિટ્યૂઍરિ)*a.*Of,or pertaining to the death of a person:કોઇપણ મનુષ્યના મોત-મરણ સંબંધિ.*n pl* An account of a deceased person:માણસના મરણની ખબર તથા તે વિષે કેટલીક હકીકત 2. A list of the dead:મર્ણ-મોતની નોધ.

Object,(ઑબ્જેક્ટ્)*vt* [L *ob* & *jacio*,I throw.] To set before:-ની વિરૂદ્ધ આણવું;સામું વિરૂદ્ધ થવું. *vi.* To make opposition in words or argument:સામો વાંધો ઉઠાવવો *n.* Something visible:વસ્તુ;ચીજ પદાર્થ 2 End; motive:ઉદ્દેશ; હેતુ;મતલબ;પ્રયોજન 3 A word,phrase or clause toward which an action is directed:કર્મ.

Objection,(ઑબ્જેક્શન્) *n.* Adverse reason or argument:વાંધો;સામી તકરાર;હરકત; અપવાદ.

Objectionable,(ઑબ્જેક્શનૅબલ્)*a* Liable to objection:વાંધો-અડચણ-હરકત ઉઠાવવા જેવું.

Objective,(ઑબ્જેક્ટિવ્)*a.* Pertaining to an object:પદાર્થ-વિષયવસ્તુ સંબંધિ.2 Outward:બહારનું.3.Pertaining to the case which follows a transitive verb or a preposition:કર્મ સંબંધિ.*n.*The objective case:બીજી વિભક્તિ;કર્મ.

Objuration,(ઑબ્જ્યૂરેશન્) *n.* [L *objuro*, I bind by oath] A binding by oath:સોગનસમ;પ્રતિજ્ઞાથી બંધાવું તે.

Objurgation,(ઑબ્જર્ગેશન્)*n.*[L. *objurgo*, I chide.]Reproof:ઠપકો;નિંદા;આક્ષેપ.

Oblate,(ઑબ્લેટ્)*a.* [L. *cb* & *latus*,borne.] Flattened at the poles:બેછેડે ચપટું.

Oblation,(ઑબ્લેશન્)*n.* The act of offering or of making an offering: આપવું-અર્પણ કરવું તે;અર્પણ.2.An offering:બલિદાન;બલિ.3.A gift made to a church: દેવળમાં આપેલી બક્ષીસ.

Obligation, (ઑબ્લિગેશન્) *n.* The act of obliging:એહસાનમાં રાખવું તે.2. The binding power of a promise,contract,oath or vow or of law:બંધન.3 External duties imposed by law:ફરજ;કર્તવ્ય;કામ.4.The state of being obligated:સપાડું;એહસાન;આભાર;પાડ.

Obligatory,(ઑબ્લિગૅટરિ)*a.*Binding in law or conscience; imposing duty or obligation:બંધક:આવશ્યક;ફરજીયાત.

Oblige,(ઑબ્લાઇજ્)*vt.*[L *ob* & *ligo*;I bind.] To attach, as by a bond:-થી બંધાવું. 2. To put under obligation to do something: કંઈ કામ કરવા અગર ન કo;જરૂર-ફરજ પાડવી 3. To do a favor to: (ઉપર) એહસાન-આભાર કરવો; ઉપકાર કo.

Obligee,(ઑબ્લાઈજી)*n.* The person to whom another is bound,or the person to whom a bond is given:કરાર લખી લેનાર.

Obliging, (ઑબ્લાઇજિંગ્) *a.* Complaisant; kind:ઉપકારશીલ;આભાર કરે તેવું;ઉપકારી;પરોપકારી

Oblique,(ઑબ્લિક્)*a.*[L.*cbliquus*, oblique.] Not erect or perpendicular:ત્રાંસુ;વાંકું; આડું. Not direct in descent; collateral: બાજુનું; શાખા સંબંધિનું. *vi-* To deviate from a perpendicular line:આડું જવું.

Obliquity,(ઑબ્લિક્વિટિ)*n.pl.* **Obliquities,** Deviation from a right line: વક્રત્વ; વક્રતા; વાંક.2.Deviating from ordinary rules:નિયમભંગ;નિયમ વિરૂદ્ધતા;આડાઇ.

Obliterate,(ઑબ્લિટરેટ્) *vt.* [L*ob* & *litera*, a letter.] To erase or blot out: ભુસી-છેકીને કાઢી નાંખવું;ચ્હેરીનાંખવું. 2. To wear out:ઘસી નાંખવું;-થી ઘસાઇ-જવું રહેવું.

Obliteration,(ઑબ્લિટરેશન્) *n.* The act of obliterating:છેકીચેહેરી-ભુસી-કાઢી નાંખવું તે.

Oblivion, (ઑબ્લિવિઑન્) *n.* Cessation of remembrance;forgetfulness:ભુલાવો; વિસારો વિસ્મરણ;વિસ્મૃતિ.

Oblivious,(ઑબ્લિવિઅસ્)*a.*Promoting oblivion:ભુલાવો વિસારો કરાવે એવું;વિસ્મારક.2. Evincing oblivion:ભૂલકણું;વિસ્મરણશીલ.

Oblong,(ઑબ્લૉન્ગ્)*a* [L.*ob* & *longus*,long.] Having greater length than breadth:લંબચોરસ;લંબું.*n.*A rectangular figure longer than it is broad:લંબચોરસ આકૃતિ.

Obloquy,(ઑબ્લૉક્વી) *n.* [L. *ob* & *loquor*, I speak.] Defamatory language:અપવાદ;નિંદા;બદબોઇ. 2. Cause of reproach; disgrace: ઠપકાનું કારણ;ગેરઆબરૂ;નામોશી.

Obmutescence,(ઑબ્મ્યૂટેસેન્સ્)*n.* [L. *ob* & *mutus*,dumb.]A becoming dumb; loss of speech:મુંગાપણું 2 Keeping silent or mute: ચુપ-શાંત રાખવું તે,અબોલણ.

Obnoxious,(ઑબ્નૉક્શસ્)*a.*[L.*ob* & *noxius*, hurtful.]Offensive;odious; hateful:અળખામણું;અપ્રિય;ધિક્કારવા લાયક;ભુંડું; નિંદ્ય; કુપાત્ર.

Obscene,(ઑબ્સીન્)*a.*[L. *obscenus*] Offensive:બીભત્સ;ભુંડું;નિર્લજ્જ.2.Foul:ગંદુ;મેલું;મલિન.

Obsceneness-obscenity,(ઑબ્સીન્નેસ્ ઑબ્સેનિટિ)*n.* Obscene or impure language: ફટાણું;નિર્લજ્જપણું;ભુંડાળા બોલ;દુર્ભાષણ;બદફેલી.

Obscure,(ઑબ્સ્ક્યૂર્)*a.* [L. *obscurus*, dark.] Destitute of light: અંધારાવાળું; નિસ્તેજ. 2. Hidden:ગુપ્ત.3.Not noticeable: અપ્રસિદ્ધ. 4. Not clear:અસ્પષ્ટ;ગૂઢ;ગહન.5. Imperfect:અપૂર્ણ;ઉપરચોટિયું. *vt.*To make dim:સંતાડવું *vi.* To conceal one's self;to hide:સંતાવું;છુપાવું.

Obscurely,(ઑબ્સ્ક્યૂર્લિ)*adv.*In an obscure manner:ઝાંખી-અસ્પષ્ટ અવ્યક્ત-ગોળગોળ રીતે.

Obscurity,(ઑબ્સ્ક્યુરિટિ)*n.*Darkness,uncertainty;gloom;dimness:નિસ્તેજપણું;અંધકાર; અપ્રસિદ્ધિ;અવિખ્યાતિ;દુર્ગમ્યપણું;ગરીબાઇ.

Obsecration, (ઑબ્સીક્રેશન્) *n.* The act of obsecrating or imploring:વિનતિ;આજીજી.

Obsequies,(ઑબ્સીક્વીઝ્)*n.pl of* **Obsequy,** [L.*exequiæ,pl.*,funeral rites.]The last duty or service to a person,rendered after his death.પ્રેત મરણ સંસ્કારક્રિયા;ઉત્તરક્રિયા.

Obsequious,(ઑબ્સીક્વિઅસ્) *a.* Compliant to excess;cringing;fawning:ખુશામતિયું;વશવર્તી.2.Of,or pertaining to obsequies:મૃત્યુસંસ્કાર સંબંધીનું-વિષે;ઔર્ધ્વદેહિક.

Obsequiously,(ઑબ્સીક્વિઅસ્લિ)*adv.* In an obsequious manner:હાજીહા કરીને;ખુશામતથી. 3. In a manner appropriate to obsequies: મૃત્યુ સંસ્કારમાં જોઇએ તેવી રીતે.

Obsequiousness,(ઑબ્સીક્વિઅસ્નેસ્)*n* The quality or state of being obsequious:તાબેદારી;ગુલામગીરી;દાસ્ય;છંદાનુવર્તન;ખિજમત.

Observable,(ઑબ્ઝર્વેબલ્)*a.*Discernible;noticeable;remarkable:જોવાલાયક;દૃશ્ય;પ્રેક્ષણીય.

Observance, (ઑબ્ઝર્વેન્સ્) *n.* The act of observing:નિરીક્ષણ;અવલોકન. 2. (*a*)A form; આચાર.(*b*) Religious rites:ધર્મક્રિયા.

Observant,(ઑબ્ઝર્વેન્ટ્)*a.* Viewing or noticing attentively:અવલોકન કરનાર;નજરબાજ. 2. Submissively attentive:આજ્ઞાધીન;કહ્યાગરૂં. *n.* One who observes forms and rules:વિધિનિયમને આધીન રહેનાર.

Observation,(ઑબ્ઝર્વેશન્)*n.*The act or the faculty of observing: અવલોકન: નિરીક્ષણ. 2. View;conclusion:વિચાર;અનુમાન.3. A remark:ટીકા.

Observatory, (ઑબ્ઝર્વેટોરિ) *n.* A building fitted with instruments for making systematic observations of any particular class or series of natural phenomena: તારાંગણ; વેધગૃહ;વેધશાળા;અવલોકનસ્થાન.

Observe,(ઑબ્ઝર્વ્)*vt.*[L.*ob* & *servo*,I keep.] To conform one's action or practice to: પાળવું;માનવું.2.To notice with care: નિહાળીને જોવું;ચિત્ત દઈ ને તપાસવું; અવલોકન ક૦. To utter as a remark:બોલવું;કહેવું.*vi.*To take notice; to attend:જોવું;લક્ષ-ધ્યાન આપવું. 2. To make a remark:ટીકા ક૦; બોલવું.

Observer,(ઑબ્ઝર્વર્)*n.* One engaged in,or trained to habits of,close and exact observation:સુક્ષ્મિજન્ય વસ્તુઓનું અવલોકન કરવામાં કુશળ માણસ.2.One who conforms to anything in practice:ના પ્રમાણે ચાલનાર;માનનાર.

Observing,(ઑબ્ઝર્વિંગ્)*a.*Giving particular attention:બારીકીથી નીરખીને-તપાસીને જોનાર.

Obsess,(ઑબ્સેસ્)*vt.* [L *ob* & *sedeo*,I sit.]To besiege;to beset:ઘેરવું;ઘેરી લેવું.

Obsolescent,(ઑબ્સોલેસેન્ટ્)*a* [L.*ob*&*solesco*, I use.]Going out of use: અપ્રચલિત.

Obsolete,(ઑબ્સોલીટ્)*a.* No longer in use: રૂઢિભ્રષ્ટ;ઉપયોગમાંથી નિકળી ગયેલું;પ્રચાર.

Obsoleteness,(ઑબ્સોલીટ્નેસ્)*n.* The state of being obsolete or no longer used:ઉપયોગ-રૂઢિ-વાપરમાંથી નિકળી ગયેલું તે.

Obstacle,(ઑબ્સ્ટેકલ્)*n.*[L.*ob* & *sto*,I stand.] Any thing that hinders progress:હરકત,આડ.

Obstetric al, (ઑબ્સ્ટેટ્રિક્-ઑબ્સ્ટેટ્રિકલ્) *a.* Of or pertaining to midwifery or the delivery of women in childbed:સોસાયણીનાધંધાસંબંધિ.

Obstetrics,(ઑબ્સ્ટેટ્રિક્સ્)*n.* The science of midwifery:ગર્ભમોચન વિદ્યા.

Obstinacy,(ઑબ્સ્ટિનૅસિ)*n.*Unyielding disposition;stubbornness:આડાઈ;જીદ;હઠ;આડાઈ.

Obstinate,(ઑબ્સ્ટિનેટ્)*a* [L.*ob*&*sto*,I stand Persistent;stubborn: મમતી;હઠીલું જીદી;આડું; દુઃસાધ્ય.

Obstinately,(ઑબ્સ્ટિનેટ્લિ)*adv.*Stubbornly persistently:હઠીલાઇથી;મમતીપણે; દુરાગ્રહપૂર્વક.

Obstruct,(ઑબ્સ્ટ્રક્ટ્)*vt.*[L.*ob* & *struo*,I pile up.] To block up; to stop, as a way: બંધ કરવું;રોકવું;રૂંધવું 2.To be,or come in the way of:-ની આડે આવવું.

Obstruction, (ઑબ્સ્ટ્રક્શન્) *n.* The act of obstructing or state of being obstructed: અટકાવ;રોધન;વાસણ;પ્રતિબંધ;અડચણ;હરકત;ડખલ.

Obstructive, (ઑબ્સ્ટ્રક્ટિવ્) *a.* Presenting obstacles;hindering:પ્રતિબંધક;રોધક;ડખલી.

Obtain,(ઑબ્ટેન્)*vt.* [L. *ob* & *teneo*,I hold.] To hold:પકડવું:રાખવું.2. To procure:મેળવવું;પ્રાપ્ત ક૦.*vi* To become prevalent;to prevail: ચાલવું. 2. To prevail;to succeed:ફાવવું.

Obtainable,(ઑબ્ટેનેબલ્)*a* Capable of being obtained:મળવાજોગ;મળે તેવું; લભ્ય;પ્રાપ્ય.

Obtend,(ઑબ્ટેન્ડ્)*vt*.[L.*ob* & *tendo*,I stretch] To oppose:સામે થવું;વિરૂદ્ધ થવું.2. To offer as the reason of anything: કહાનું કારણ દેખાડવું.

Obtest,(ઑબ્ટેસ્ટ્)*vt*.[L.*ob* & *testis*,a witness.] to invoke as a witness:સાક્ષી પૂરવાને-સાક્ષી તરીકે બોલાવવું.

Obtestation,(ઑબ્ટેસ્ટેશન્)*n*. Supplication protestation:આજીજી;કાલાવાલા;વિનંતિ.

Obtrude,(ઑબ્ટ્રુડ્)*vt* [L *ob* & *trudo*,I thrust] To thrust impertinently:વગર બોલાવે કે માગે લાવીને મૂકવું;ઘુસવું;ઘુસીને આવવું.

Obtruder,(ઑબ્ટ્રૂડર્)*n*. One who obtrudes: વગર બોલાવે-તેડે વચ્ચે ઘુસનાર; ઘોઘાઇઓ.

Obtrusive,(ઑબ્ટ્રૂસિવ્)*a*. Forward;pushing; intrusive:માથાં મારનારૂં;ઘુસે તેવું;ઘુસણીયું;માથા મારૂ

Pick-lock,(પિક્લૉક્) *n.* An instrument for picking locks:તાળાં ઉઘાડવાની સળી-ખીલો. 2. One who picks locks; a thief:તાળાં ઉઘાડું;ચોર.

Pick-pocket,(પિક્-પૉકેટ્)*n.* One who steals pocket:ગજવાં-ખીસા ચોર;ગજવાં કાતરૂ; ગઠીઓ.

Picnic,(પિક્નિક્) *n.* An entertainment in the open air:મિજબાની;વનભોજન;ઉજાણી.

Pictorial,(પિક્ટોરિઅલ્)*a.*[L *pictor*, a painter.] Illustrated by pictures:ચિત્રથી શણગારેલું.

Picture,(પિક્ચ્યૂર્)*n.*[L *picto*, I paint.] The art of painting:ચિતાર; ચિત્રકામ. 2. A representation of any thing:તસવીર;છબી;ચિત્ર. *vt.* To delineate; to represent: ચિત્ર પાડવું;મન આગળ ધરવું.

Picturesque,(પિક્ટ્યૂરેસ્ક્)*a.* Graphic:મનોહર; લલિત; વિચિત્ર.

Pie,(પાઇ)*n.*[Gr.*pesso*, I cook.] An article of food consisting of paste baked with something in it or under it:પુરણ;ખાવાનો પદાર્થ. 3. The service book:ભજનપોથી; પ્રાર્થનામાળા. 4. An Indian copper coin equal to $\frac{1}{3}$ of a pice:એક પાઈ.

Piebald, (પાઇબોલ્ડ્) *a.* Having spots and patches of black and white colors:પચરંગી

Piece,(પીસ્)*n.*[L. *petia*.] A part:કકડો. 2. An individual article:કોઈ એકજ વિશેષ કામ (*a*) A literary composition:કાંઈ વિદ્વતા ભરેલું કામ-કૃતિ. *A* **p.** *of poetry*:કાવ્યખંડ;કવિતા. (*c*) A coin: એક સિક્કો. 3. A cannon: તોપ. 4. A musket: બંદુક. 5. A patch:થીંગડું. 6. નંગ;મ્હોરૂં. *Of one* **p**: સળંગ. *To give a* **p.**, *of one's mind*, to speak plainly:ચોખે ચોખ્ખું કહી દેવું. *To take, to* **p** s:વેરણ ખેરણ કરી નાંખવું *vt.* To patch:થીંગડું દેવું. 2. To unite:સાંધવું.

Piecemeal, (પીસ્મીલ્) *adv.* In pieces:કકડે; કકડે. *a.* Made up of parts:કકડાનું બનેલું.

Pier,(પીર્)*n.*[*petra*, a rock.] Any detached mass of masonry:કમાન મહેરાબને ટેકા સારૂ મૂકેલો પથ્થરનો થાંભલો. 2. A projecting wharf

or landing place:ડક્કો.
Pierce,(પીર્સ)*vt* [L. *per* & *tundo*, I beat.] To thrust into:ભોકવું;વિંધવું;ચોચવું.2. To affect deeply:કલેજું ભેદવું.*vi*. To enter:પેસવું.
Piercing,(પીર્સિંગ્)*a*. Perforating:તીક્ષ્ણ.
Piety,(પાઇએટિ)*n*. [L.*pius*, pious.] Veneration of the supreme being:ભક્તિ;ભક્તિભાવ; ઈશ્વર ભક્તિ:ધર્મપરાયણતા; ધર્મશીલતા.
Pig, (પિગ્) *n*. The young one of swine; a hog:ભુંડ-ડુક્કરનું બચ્ચું. 2. One who is hoggish:લાલચુ-લોભી માણસ.
Pigeon,(પિજન્)*n*. [L. *pipio*,I peep, chirp.] Any bird of the order Columbae:કબુતર.
Pigeon-hearted, (પિજન્-હાર્ટેડ્) *a*. Timid; easily frightened:બાયલું;બીકણ.
Pigeon hole,(પિજન્ હોલ્) *n*. A small compartment in a desk or case for the keeping of letters:ખાનું;પડ.
Piggery,(પિગરી) *n*. A place where swines are kept:ડુક્કર રાખવાની જગા.
Pigmean,(પિગ્મીઅન્)*a* Short:ઠીંગણું;વામનજી.
Pigment,(પિગ્મેન્ટ્) *n*. [L. *pingo*,I paint.] Any material from which a dye may be prepared:ચિતારાનો રંગ.
Pigmy,(પિગ્મિ)*n*.A short man:ઠીંગણું માણસ.
Pike,(પાઇક્)*n*. [L *spica*,a point] A pointed head or a spike:બરછી;બરછો; ભાલો. 2. A pointed or peaked hill:શિખરવાળી ટેકરી.
Pile, (પાઇલ્) *n*. [L. *pilus*, hair.] A mass of things heaped together:ઢગલો;ગંજ. 2. A funeral pile:ચિતા;ચે. 3. A large building: ઈમારત. *vt*. To drive piles into: થાંભલા-ખુંટા ઠોકવા 2.To lay or throw into a pile:સીંચવું: ગંજ વાળવો 3.To cover with heaps:ઢગલા કo.
Piles,(પાઇલ્સ્)*n*.[L. *pila*,a ball.] The small troublesome tumors about the anus and lower part of the rectum which are technically called *hemorrhoids*:હરસ;ગુદરોગ; મસા હર્ષ.
Pilfer,(પિલ્ફર્)*vi* [L *pilo*,I plunder.]To steal in small quantities or articles of small value:હલકી ચોરી કo. *vt*. To take by petty theft;to filch:ચોરવું;ગજવામાં મુકવું.[ચોરી કરનાર.
Pilferer,(પિલ્ફરર્)*n*. One who pilfers:નાની
Pilgrim,(પિલ્ગ્રિમ્)*n*.[L.*peregrinus*,a foreigner.] One who travels far to visit some holy place: જાત્રાળુ. *a*. Pertaining to a pilgrim:જાત્રાળુ સંબંધિ. [pilgrim:જાત્રા-યાત્રા
Pilgrimage,(પિલ્ગ્રિમેજ)*n*.The journey of a
Pill,(પિલ્) *n*. A medicine in the form of a little ball:ઓસડની ગોળી. *vt* To deprive of hair:તાલ પાડવી.
Pillage,(પિલેજ્) *n*. Robbery: લુંટ; લુંટફાટ. 2. That which is taken from another by open force:લુંટનો માલ.*vt*.To plunder:લુંટવું.
Pillar,(પિલાર્)*n*. [L. *pila*, a pillar.] A supporter or mainstay: સ્તંભ; ટેકણ; થાંભલો. *a*. Having a support in the form of a pillar: સ્તંભના આકારના આધારવાળું.
Pillion,(પિલિઅન્)*n*.[L. *pellis*.] A panel or cushion saddle:ઘોડા ઉપર બેઠાંને બેસવાની ગાદી.
Pilliory,(પિલોરિ)*n*.[L.*pila* a pillar]A frame boards erected on a post having holes through which the head and hands of an offender were thrust so as to be exposed in front of it:ફજેતીનું લાકડું;અપમાનસ્તંભ.
Pillow,(પિલો) *n*. [L. *pulvinus*.] Anything used to support the head of a person when reposing:તકીઓ;ઓસીકું.*vt*. To support:-ની તળે તકીઓ મુકવો.
Pilot,(પાઇલોટ્) *n*.One employed to steer a vessel:બંદર વીગેરે અઘરી જગોએ સુકાનીનું કામ કરનાર;નાવિક;કર્ણધાર 2.A guide:વળાવો; ભોમિઓ. *vt*. To direct the course of: અઘરી જગોએથી રસ્તે પાડી આપવું.
Pimp,(પિમ્પ્)*n*.A procurer:ભડવો;કુટણો *vt* To procure women for the gratification of other's lusts; to pander:ભડવાઈ કo.
Pimple,(પિંપલ્)*n*. Any small acuminated elevation of the cuticle:ખીલ.
Pin,(પિન્)*vt*. [L. *penna*, a feather.] To fasten with a pen: ટાંકણી ઘાલવી. *n*. A peg; a bolt:નચુકી;સળી;ખીલી;મેખ.2.A small pointed and headed piece of brass or other wire, largely used for fastening clothes attaching papers &c:ટાંકણી; ટાંચણી. 3. The ball's eye,the centre:મધ્યબિંદુ.4.Caligo:આંખની છારી.
Pincers,(પિન્સર્ઝ)*n*.Instrument for griping drawing nails,&c.:સાણસી;ચીપીઓ.
Pinch,(પિંચ્) *vt*. To press hard or squeeze between the ends of the fingers,between teeth or claws:ચુંટી ખણવી.*vi*.To compress: દબાવું.2.To take hold:પકડવું.*n*. A nip: ચુંટી. 2.Any very small quantity:ચપટી.
Pinch-beck,(પિન્ચ્-બેક્)*n*.An alloy of copper and zinc resembling gold:વિલાયતી સોનું.
Pine,(પાઇન્)*n*. [L. *pinus*,a pine tree.] Any tree of the coniferous genus *Pinus*:વિલાયતી સરળ.2.The wood of the pine tree:પાઇનનું લાકડું.3.A pineapple:અનનાસ.*vt* [L *poena*, penalty.] To inflict pain upon:પીડા કo.મુઝાવવું.*vi*. To suffer:દુઃખી થવું.2.To languish: ઝુરવું. [અનનાસ.
Pine-apple,(પાઇન્-અૅપલ્)*n* A tropical plant;

Pinion,(પિન્યૉન્)*n.*[L. *pinna*,a feather.] A feather:પાંખ; પીછાં. 2. A wing:પાંખ. *vt.* To bind or confine the wings of:-ની પાંખ બાંધવી.2.To disable by cutting off the pinion joint:પાંખનો સાધો કાપીને શક્તિહીન ક૦.

Pink,(પિંક્)*n.*A vessel with a very narrow stern:પાછલો ભાગ સાંકડો હોય એવું વહાણ. 2. A color of a pure vivid red with more or less white:લપકાદાર ખુલ્લો ગુલાબી રંગ. *vi.* To wink: આંખ મલકાવવી. *vt.* To pierce with small holes:કાણાં પાડવા.

Pin-money, (પિન્મની) *n.* An allowance of money made by a husband to his wife:પોતાની સ્ત્રીને પરચુરણ ખરચ સારૂ આપેલા પૈસા.

Pinnace,(પિનેસ્)*n* [L *pinus*,a pine tree.] A small vessel propelled by sails or oars: બે ડોળનું ન્હાનું વહાણ.

Pinnacle,(પિનૅકલ્)*n* [L *pinna*,pinnacle.]A lofty peak;a pointed summit:શિખરની ટોચ; શિખર;કલશ. *vt.* To build or furnish with a pinnacle:ટોચ-શિખરવાળું ક.

Pint,(પાઈન્ટ્)*n.* A measure equal to half a quart:અડધો ક્વાર્ટનું માપ.

Pioneer,(પાઇઑનીર્) *n.* [L. *pes*, foot] One who goes before,into the wilderness preparing the way for others to follow:પહેલ કાઢનાર;અગ્રેસર.*vt.*To go before,and prepare a way for:પહેલાં જઈ રસ્તો તૈયાર ક૦.

Pious,(પાઈઅસ્)*a* [L. *pius*.] Religicus; devout:ઈશ્વરનિષ્ઠ;ભક્તિવાન;ધાર્મિક;ધર્મિષ્ઠ.

Pip,(પિપ્)*n.*[L *pituita*-slime.]A seed,of an apple or orange: એપલ અગર નારંગીનું બી. *vi.* To cry or chirp as a chicken:ચીંચીં ક૦.

Pipe,(પાઇપ્)*n.*[L. *pipo*, I chirp.] A wind instrument of music:વાંસળી;બંસી: મુરલી 2. Any long tube or hollow body of wood, metal,earthenware,or the like:નળી;ભુંગળી. 3 A boatswain's whistle,to call the crew to their duties:ખલાશીઓને કામે લગાડવા માટે વગાડેલી શીસોટી.*vi.*To play on a pipe:વાંસળી વગાડવી.2.To whistle:સીસોટી વગાડવી.

Pipe clay,(પાઇપ્.ક્લે)*n.*An elastic,clay of a grayish white color: ધોળી મટોડી. *vt.* To whiten with pipe clay:ખડીથી ધોળવું.

Piquancy,(પીકૅન્સિ)*n.* The quality or state of being piquant:ઝાટકો;કડવાટ;ચણચણાટ.

Piquant,(પીકૅન્ટ્)*a.*Sharp;pungent:ઝાટકો લાગે એવું;ઝમઝમાટ;મરચાં લાગે એવું.

Piuc, (પીક્) *n.* A cotton fabric, figured in the loom:સાળમાં વણેલું સુતરાઉ કાપડ2 A feeling of hurt:ચટકો;ઝાટકો.*vt.*To offend:માઠું લગાડવું. 2.To stimulate:.ને ચટકો લગાડવો.3.To pride or value:અભિમાન રાખવું. [તની પાનાની રમત.

Piquet, (પિકેટ્) *n.* A game at cards: એક જા-

Piracy, (પાઇરૅસિ) *n.* The act or crime of a pirate:ચાંચીઆનું કામ ધંધો.2.Robbery on the high seas:વહાણ લુટવાનો ગુન્હો.

Pirate,(પાઇરેટ્)*n.*[Gr. *peirao*,I try.] A robber on the high seas:ચાંચીઓ.2.An armed ship which sails without a ligal commission,for the purpose of plundering other vessels:વહાણ લુંટનારૂં ચાંચીઆનું વહાણ 3.One who infringes the law of copyright: રજા વગર બીજાનું બનાવેલું પુસ્તક છપાવનાર.*vi.*To play the pirate:ચાંચીઆનો ધંધો ક૦.*vi* To publish, books or writings without the permission of the author: બનાવનારની રજા શિવાય કોઈ પુસ્તક છપાવવું.

Piratical, (પાઇરૅટિકલ્) *a.* Pertaining to a pirate:ચાંચીઆનું કામ કરનાર;ચાંચીયાનું.

Piscator,(પિસ્કેટૉર્)*n.* A fisherman;an angler:માંછલાં પકડનાર માછી.

Pisces,(પિસીઝ્) *n.* [L. *piscis*,a fish.] The twelfth sign of the zodiac:બારમી રાશી;મીન.

Piss,(પિસ્)*vt.*To discharge urine:પેશાબ કરવો. *n.*Urine:પેશાબ.

Pistachio,(પિસ્ટેશિઓ)*n.*[L *pistacium*]The nut of the *Pistacia* vera:પીસ્તાં.

Pistil,(પિસ્ટિલ્) *n.* [L *pinso*, I pound]The seed-bearing organ of a flower:ફુલનો કેસર.

Pistol,(પિસ્ટૉલ્)*n.* The smallest firearm:પિસ્તોલ.*vi.*To shoot with a pistol:પિસ્તોલ મારવી.

Piston, (પિસ્ટૉન્) *n.* [L. *pinso*, I pound.]A sliding piece which either is moved by,or moves against fluid pressure:બંબા વીગેરે યંત્રોમાં પાણી ખેંચીને લેવા તથા હડસેલી બહાર કાઢવાને અંદરથી જે નક્કર લટ્ટો હોય છે તે.

Pit,(પિટ્)*n* [L.*puteus*,a well] A large cavity or hole in the ground:ખાડો;કબર;નરક;ફાંદો. *vt.* To put into a pit:ખાડામાં મુકવું.

Pit-a-pat,(પિટ્ઍપૅટ્) *n.* A light, repeated sound:ધીમો વારે વારે થતો અવાજ. *adv.* In a flutter:ધબક ધબક.

Pitch,(પિચ્)*n.* A thick black, lustrous and sticky substance obtained by boiling down, tar:(વહાણનો)તાર. *vi.* To cover over:ઢાંકવું. 2. To thrust or plant in the ground,as stakes or poles:મારવો; ઠોકવો. *vt.* To fix or place a tent or temporary habitation:તંબુ ઠોકવો.*n.* A point or peak:શીખર 2.Height:ઉંચાઇ. 3. Gravity of a tone:સુર.4 પ્રમાણ;દરજ્જો 5.અંતર.

Pitcher,(પિચર્) *n.* One who pitches anything:કાંઇ ઠોકનાર.2.A wind-mouthed,deep vessel;નાળચાવાળો ઘડો--કરવડો;ચંબુ.

Pitch-fork,(પિચ્ફૉર્ક્)*n*. A fork or farming utensil used in pitching hay:પંજેઠી;કાંટો;સુળ. *vt*.To pitch with a pitchfork:પંજેઠી મારવી.

Pitch-pipe,-(પિચ્-પાઈપ્)*n*.A musical instrument:સુર-તાળ મેળવવાનું યંત્ર. [દયામણું;દીન;રંક.

Piteous,(પિટીઅસ્)*a*.Compassionate:દયાવંત;

Pith,(પિથ્) *n*. The spongy interior substance of a feather: ગર્ભ;માવો; મગજ. ગર. 3. Force; vigor:બળ;શક્તિ;કસ;રસ; તત્વ; સાર;જીવ.

Pithless,(પિથ્લેસ્)*a*. Destitute of pith,or of strength;feeble:સત્વ-સારરહિત;નિર્માલ્ય;નિઃસત્વ.

Pithy,(પિથિ)*a*.Consisting wholly or in part of pith:કસદાર;સત્વપૂર્ણ;ગર્ભવાળું.

Pitiable,(પિટિઅબલ્)*a*. Deserving pity:દયાપાત્ર;દુઃખી;દયાયોગ્ય;કરૂણાયોગ્ય;દીન.

Pitiful,(પિટિફુલ્) *a*. Filling pity:કૃપાળુ.

Pitiless, (પિટિલેસ્) *a*. Destitute of pity; hard hearted નિર્દય;દયાશૂન્ય;કૂર;દયારહિત.

Pittance,(પિટૅન્સ્)*n*.[T. *pitantia*, food in general.] An allowance of food bestowed in charity:અલ્પ;કકડો રોટલો;સિધુ;શેર સિધુ.

Pituite,(પિટ્યુઆઇટ્)*n*.[L. *pituita*, plegm.] Mucus;plegm:બળગમ;કફ.

Pituitous,(પિટ્યુઇટસ્)*n* Full of mucus; discharging mucus:બળગમ-કફ હોય એવું-વાળું.

Pity,(પિટિ)*n*.[D.*pietas*,piety.] Fellow feeling;compassion:દયા;કરૂણા.2.A thing to be regretted:અફસોસની વાત.*vt*.To feel pity:દયા લાવવી

Pivot,(પિવૉટ્)*n* [L *palus*, a stake.] A short axis, on the end of which a wheel turns: ખીલી;ધરી;કાંટો.2.A turning point or condition:આધાર;મુખ્ય વિષય.

Placability,(પ્લૅકેબિલિટિ)*n*. The quality or state of being placable:શાંત કરી શકાય એવું.

Placable,(પ્લૅકેબલ્) *a*.[L. *placo*, I quiet.] Ready to be pacified:રોશ મુકાવાય એવું.

Placard,(પ્લૅકર્ડ્) *n*. [Or. *plax*, *plakos*, any thing flat & broad.] License; જાહેરનામું. 2 A written or printed paper;a poster:લખેલો અગર છાપેલોખબરપત્ર.*vt*. To post placards upon or within:જાહેર ખબર ચોડવી.

Place,(પ્લેસ્) *n*. [L. *platea*, a street.] A site;ground;spot:જગા;ઠામ;સ્થાન 2. Vacated space; room:જગો ઠેકાણું. 3. Anopen space: ચોક;ચોગાન;મેદાન;પાધર.4. Anofficial post:પદ; દરજ્જો;પાયરી.5.Adwelling house:ઘર મકાન 6. A town:ગામ;શહેર.*Out of* **p** ,inappropriate; અનુચિત;કવેળા.*Togive* **p**.,to makeroom:-નેજગો આપવી.*To take* **p.**,to come to pass:બનવું;થવું. *To take the* **p** *of*, to be substituted for:-ને બદલે આપવું *vt*.To put or set in a particular rank office or position:મુકવું;નિમવું.

Placeman,(પ્લેસ્મૅન્)*n*.One who holds or occupies a place:સરકારી કામદાર;અધિકારી;અમલદાર.

Placid(પ્લૅસિડ્)*a*.[L *placeo*,I please.]Pleased;contented:શાંત;સૌમ્ય;પ્રસન્ન;અવ્યગ્ર;સંતુષ્ટ.

Placidity,(પ્લૅસિડિટિ)*n*.The quality or state of being placid:સંતોષ;શાંતતા,સૌમ્યતા,અવ્યગ્રતા.

Plagiarise,(પ્લૅજિઅરાઈઝ્)*vt*. To steal from the writings of another:લખાણ ચોરી લેવું *vi*. To commit plagiarism:લખાણની ચોરી ક૦.

Plague,(પ્લૅગ્)*n*. [L. *plaga*, a blow.] An acute malignant contagious fever:મરકી;મહામારી.2.ગજબકેર;પીડા જંજાળ.*vt*.To infect or afflict with disease:મરકીથીપીડવું.

Plaguy,(પ્લૅગી) *a*. Vexatious; troublesome: પીડા-દુઃખવાળું;ક્લિષ્ટ.

Plaid,(પ્લેડ્) *n*.[L.*pellis*, a skin.]A rectangular garment:ઊનનો પચરંગી પટકો-દુપટ્ટો.

Plain,(પ્લેન) *vi*.[L. *planus*, flat.] *a*. Open; equal;clear:ખુલ્લું;ઉઘાડું;સાફ.2. Artless;સરળ; ભલુ;ભોળું;સીધુ 3.(*a*) Void of extraneous beauty:સાદુ. (*b*) Free from show:ભપકા વગરનું (*c*)Candid;honest:નિષ્કપટ;નિખાલસ.*n*.Level land:મેદાન;પાધર.2 રણ; રણભૂમિ. *vt*. To plane or level:સ્પષ્ટ-સરખું ક૦.

Plain-dealing (પ્લેન્-ડીલિંગ્) *a* Practising plain dealing;artless:સીધું;ભલું;નિખાલસ.

Plain-hearted,(પ્લેન્-હાર્ટેડ્) *a*. Frank:ભોળું.

Plainness,(પ્લેનનેસ્)*n* The quality or state of being plain:ભોળાપણું;સાદાપણું.

Plain-spoken, (પ્લેન્-સ્પોકન્) *a*. Speaking with plain unreserved sincerity:સાફ;ખુલ્લું.

Plaint, (પ્લેન્ટ્) *n*. [L. *plango*, I beat.] Lamentation:complaint:રોદણાં;ફરિયાદ 2. An accusation:ફરિયાદી;અરજી;દાવાઅરજી.

Plaintiff,(પ્લેન્ટિફ્)*n*. One who commences a suit to obtain a remedy for an injury to his rights:ફરિયાદી;વાદી.

Plaintive,(પ્લેન્ટિવ્)*a*.Complaining: ફરિયાદી કરતું.2.Mournful:શોકાતુર.

Plait,(પ્લેટ્)*n*.[L.*plico*,I fold.] A flat fold: પાટલી;કળી 2. A braid: વેણી *vt* To fold:કળી કરવી;પાટલી વાળવી.2 To braid:ચોટલો ગુંથવો.

Plan,(પ્લૅન્)*n* [L *planus*, flat.] A draught or form:નમુનો;નકશો; આલેખન.2. A scheme: રચના;યુક્તિ;યોજના.3.A method: ઘાટ; રીત. *vi*. To draught:નમુનો;કાઢવો.2.To devise:યુક્તિકરવી.

Planch,(પ્લૅન્ચ્)*n*.A plank:પાટીયું.*vt*.To cover with planks;to plank:ફરેતાળ ભરવી,પાટીયાં ભરવાં.

Plane,(પ્લેન્)*n*.[Gr.*planus*,broad.]Any tree of the genus *Platanus*:ઝાડ.*a*. [L.*planus*,a plane.]Even:સપાટ;સમાન;સમતલ.*n*.A surface

real or imaginary:ક્ષેત્ર; સપાટી; સમતલ 2. A tool for smoothing boards:રંધો.*vt.*To make plain or smooth:રંદાથી સાફ કરવું; રંદો દેવો.

Planet,(પ્લૅનેટ્)*n.*[Gr.*planao,* I wander.]A celestial body which revolves about the sun in an orbit of a moderate degree of eccentricity:ગ્રહ;ખેચર.

Planetary,(પ્લૅનેટરિ)*a.* Pertaining to the planets:ગ્રહ સંબંધિનું; ગ્રહવિષયક; ગ્રહમય. 2. Consisting of planets:ગ્રહનું.

Planisphere,(પ્લૅનિસ્ફીર)*n.*The representation of the circle of the sphere upon a plane:ગ્રહનો નકશો.

Plank,(પ્લૅન્ક્)*n.* [L. *planca,* Gr. *plax,*anything flat & broad.] A broad piece of sawed timber:પાટીયું. 2. That which supports or upholds:આધાર. *vt.* To cover or lay with planks:પાટીઆં જડવાં.

Plant,(પ્લૅન્ટ્)*n.* [L. *planta,* a sprout.] A vegetable:રોપો;છોડવો 2.(*a*) A bush or young tree:ઝાડવું;રોપો.*vt.*To put in the ground and cover as seed for growth:વાવવું; રોપવું.

Plantain,(પ્લૅન્ટેન્)*n.*A treelike perennial herb of tropical regions: કેળ; કદળી. 2 The fruit of this plant:કેળું.

Plantation,(પ્લૅન્ટેશન્)*n.* [L. *planto,*I set] The act or practice of planting; વાવણી; રોપણી.2. The place planted:વાડી;બાગ;વાવેતર. 3. An original settlement in a new country; colony:નવું સંસ્થાન;થાણું.

Planter,(પ્લૅન્ટર્)*n.*One who plants:વાવનાર. 2.One who owns or cultivates:વાડીનો ધણી. 3.A colonist in a new or uncultivated territory:નવી વસ્તી વસાવનાર. [ના; કુણગો

Planticle(પ્લૅન્ટિકલ્) *n.* A young plant:ઝવે-

Plash,(પ્લૅશ્) *n.* A small pool of standing water:ખાબોચીયું.2. To dabble in water:પાણીમાં છબરવું.*vt.*To splash,as water:પાણી ઉછાળવું

Plasmatic,(પ્લૅસ્મૅટિક્)*a.* Forming: ડોળ આપનારૂં 2. Pertaining to plasma:ઢાળ પાડવાના બીબા સંબંધિ.

Plaster,(પ્લૅસ્ટર્)*n.*[Gr:*en,*& *plasso,*I form.] A composition of lime, water and sand used for coating walls:કોલ; પ્લાસ્ટર. *vt.* To cover with a plaster:પટ્ટી મારવી.2.To overlay with plaster:સલ્લો દેવો;પલાસ્તર કo.

Plastic,(પ્લૅસ્ટિક્)*a* [Gr *plasso,* I form.]Having the power to give form or fashion to a mass of matter:નવા નવા ઘાટો બનાવી શકે એવું.

Plat,(પ્લૅટ્)*vt* [Gr.*platus,* broad.] To braid; to plait:ગુંથવું;વણવું.2.To lay out in plats:-ના કકડા કo.*n.* Work done by platting:કલી; ઘડી;વેણી.

Plate,(પ્લેટ્)*n.*A flat piece of metal:લાડું સપાટ પતરૂં.2. Domestic vessels and utensils wrought in gold or silver:સોનારૂપાના વાસણ; (રકાબીવીગેરે)4.A small,shallow and usually circular vessel of metal or wood or of earth:વિલાયતી થાળી;તાટ;રકાબી 5. A piece of metal on which anything is engraved for the purpose of being printed:છાપ;ચિત્ર; છાપો. *vt* To cover with silver:-નો ઢોળ ચઢાવવો;-થીમઢવું.2.To adorn with plated metal: પતરાં જડવાં.3.To cover with plates of metal: બખતર પહેરાવવું. 4. To beat into thin, flat pieces:પાતળાં પોહોળાં પતરાં ઘડવાં.

Plateau,(પ્લૅટો)*n.* A table-land:ઉચ્ચ પ્રદેશ.

Plated,(પ્લૅટેડ્)*a.* Covered with silver &c : રસેલું-રૂપાનો ઢોળ ચઢાવેલું. [આરસીનો કાચ.

Plate-glass,(પ્લૅટ્-ગ્લૅસ્)*n.*A glass of plate:

Platform, (પ્લૅટ્ ફૉર્મ) *n.* A horizontal surface;a landing;a dais; a standing place; a raised place:પ્લૅટફૉર્મ;મંડપ ઉંચી કરેલી જગા. 2. To form a plan of:યોજના કરવી.

Platina,Platinum, (પ્લૅટિના·પ્લૅટિનમ્) *n.* A kind of metal like silver:રૂપાનાજેવીએક ધાતુ.

Platitude,(પ્લૅટિટ્યુડ્)*n.* Triteness:રસહીનતા. 2.A truism;a common place:સ્વતઃસિદ્ધપ્રમાણ.

Platonic,(પ્લૅટૉનિક્)*a.*[L *Platonicus*] Pertaining to Plato,or his philosophy,school or opinion:પ્લેટોનું-ના મતનું.*n.* A follower of Plato:પ્લેટોના મત પ્રમાણે ચાલનાર.

Platter,(પ્લૅટર્)*n.*One who plats or braids: વણનાર;કલી કરનાર 2. A large plate:રકાબી.

Platting,(પ્લૅટિંગ્)*n.*Plaited strips of bark, cane, straw &c.,:ગુંથેલું-વણેલું કામ.

Plaudit,(પ્લોડિટ્)*n.*[L *plaudo,* I praise.]A mark or expression of applause:શાબાશી.

Plausible,(પ્લોઝિબલ્) *a.* [L. *plaudo,* I applaud.] Specious:સત્યાભાસાત્મક; દેખીતું ખરૂં.

Play,(પ્લે)*vi* To frolic;to sport: રમવું;ખેલવું. 2. To contend,or take part in a game;to gamble:રમવું;દાવ ખેલવો 3.To perform on an instrument of music:વગાડવું;બજાવવું.4.To act: ચલાવવું 5. To act on the stage: વેશ લેવો-લઈ ને રમવું.*To* **p**.*into a person's hands*:કોઈ માણસને લાભ થાય એવી રીતે વર્તવું.*To* **p** *off,*to affect:ઢોંગ કo;છળ પ્રપંચરમવો.*To* **p** *upon,*to deceive:છેતરવું.*To* **p** *false*:દગો દેવો.*vt* To perform music upon:ગાવું;વગાડવું;બજાવવું.2 To exhibit in action:બજાવવું.3.(*a*)To act or perform:કરવું;લેવું;વેશ ભજવવો,(*b*)To behave like:-ની માફક વર્તવું.*To* **p**.*off,*:બતાવવું; વાપરવું. *To* **P**.*one's cards,*યુક્તિ કo.*n* Amusement;ક્રીડા;મોજ; વિ-

નોદ;રમત;ખેલ;વિલાસ;લિલા.2.A dramatic composition:નાટક. 3. The representation of a comedy:દેખાવ;નાટક.4. Manner of dealing: રીત;કૃતિ;વ્યવહાર.5. Room for motion:અવકાશ; છુટું;અવસર;લાગ.*A* p.*upon words*: શબ્દવિનોદ. *To bring into* p.to bring into use;વપરાશમાં લાવવું. *To hold in* p. to keep occupied: ગુંથાયેલા રાખવું.*Foul* p.:અન્યાય;ગેરઈનસાફ.

Player, (પ્લેઅર્) *n.* One who plays: રમનાર રમત-કરનાર.2.A dramatic actor:નટ; નટી;પાત્ર. 3. One who plays on an instrument of music:બજાવનાર.4 A gambler:જુગારી.

Play-fellow, (પ્લે-ફેલો) *n.* A companion in amusements or sportive:સાથે રમનાર;સોબતી.

Playful,(પ્લેફુલ્)*a.* Sportive: રમતીયાળ;લ્હેરી.

Playfulness,(પ્લેફુલ્નેસ્) *n.* The act or play: રમતીયાળીપણું;ક્રીડાબુદ્ધિ;ક્રીડાસક્તિ;ટોળ;રમુજ

Play-house,(પ્લે હાઉસ) *n.* A building used for dramatic exhibition: નાટકશાળા-ગૃહ.2 A house for children to play in:છોકરાને રમવાનુંઘર

Plea,(પ્લી)*n.*[L *placo*,I please.] That which is alleged or pleaded:દલીલ;તકરાર;સબબ;બ્હાનું An urgent prayer:નું;સબબ;અરજ.

Plead,(પ્લીડ્)*vi* [L. *placitam*. an opinion.] To argue in support of a claim:પક્ષ ધરીને બોલવું 2.To present an answer:હકીકત તકરાર જાહેર કરવી;જવાબ;રદીયો આપવો. *vt.*To agrue at the bar:નું કારણ સબબ બતાવવો.2.To adduce in proof:-નું કારણ-સબબ બતાવવો.

Pleader,(પ્લીડર્)*n.*One who pleads: વકીલ.

Pleadings, (પ્લીડિંગ્ઝ્)*n.* The mutual pleas and replies of the plaintiff and defendant: પક્ષકારોની તકરાર;ઉત્તરવાદ;હેતુવાદ. [રમુજી;વિનોદી

Pleasant,(પ્લેઝન્ટ્)*a.*Pleasing:ખુશકારક;મનોહર;

Pleasantly,(પ્લેઝન્ટ્લિ) *adv.* In a pleasant manner:સંતોષ-આનંદથી:મનરંજન થાય તેવી રીતે.

Pleasantry,(પ્લેઝન્ટ્રિ)*n.*Cheerfulness: રમુજ; મનક;ટોળ;મશ્કરી;ઠીખળ;હાસ્યવિનોદ.

Please,(પ્લીઝ્)*vt.* [L. *placo*, I please.] To gratify:આનંદ આપવો-કo;સંતોષવું;ખુશી-રાજી કo રિઝવવું.2.To choose:મરજીમાં આવવું.3.To seem good to:ને લાગવું-રૂચવું.*vi.*To afford pleasure: ખુશી હોવી;ગમવું. [મનોરંજક;સુખપ્રદ;સુખકર.

Pleasing,(પ્લીઝિંગ્)*a.*Giving pleasure:રૂચિકર;

Pleasure,(પ્લેઝ્યૂર્) *n.* The gratification of the senses or of the mind:ખુશી;આનંદ;સંતોષ;મઝા.2.(*a*)Amusement; sport: રમત;-ગમત; ક્રીડા;રમુજ. (*b*) Sensual gratification: વિષયભોગ,ઇશકબાજી.3 Will;choice;wish:મરજી:રૂચિ; અભિલાષ.

Plebeian,(પ્લેબીઅન્)*a* [L.*plebis*,the common people.] Pertaining to the Roman Plebs or common people:મધ્યમ હલકી વર્ગના લોકનું.

Pledge,(પ્લેજ્)*n.*[L. *præbeo*, I prefer.] (*a*) The transfer of possession of personal property from a debtor to a creditor as security for a debt or engagement:ગીરો.(*b*) The contract created between the debtor & the creditor by a thing being so deposited:ગીરો કરાર.(*c*)Something put in pawn: ધરેણે-ગીરો-ગીરવી મૂકેલી જંગમ મિલ્કત.2.A guarantee:ખાતરી;પતીજ;ભરોંસો;પ્રતીતિ.3. Promise: વચન;પ્રતિજ્ઞા.*To hold in* p.,to keep as security: જામિન તરીકે રાખવું. *vt.* To deposit in pledge:ધરેણે મૂકવું.2.To guarantee:ની ખાતરી કરી આપવી.3. To secure performance of by pledge: પ્રતિજ્ઞા-વચન આપવું. 4. To bind by promise:વચનથી બંધાવું. [ધડી;પેલ.

Pledget,(પ્લેજેટ્)*n.*A small plug: પુમડું; પેલ;

Plenary,(પ્લીનરિ)*a.*[L.*plenus*,full.] Full;entire:પૂરેપૂરૂં;સંપૂર્ણ;બધું;સ્વતંત્ર;સદર.*n.*Decisive procedure:સંપૂર્ણ-ભરપૂર રીત.

Plenipotence,(પ્લેનિપોટેન્સ્)*n.* The quality or state of being plenipotent:કુલ અખ્તિયાર.

Plenipotent,(પ્લેનિપોટેન્ટ્)*a.*[L *plenus*,full.] Possessing full power:કુલ અખ્તિયારનું

Plenitude,(પ્લેનિટ્યૂડ્) *n.* [L *plenus*, full.] Fullness;completeness:પુષ્કળતા;ભરપૂરપણું.

Plenteous,(પ્લેન્ટીઅસ્)*a.* Abundant: બહુ; ભરપૂર.2.Fruitful;productive:ફળદ્રુપ;આબાદ. 3. Abounding;rich:પુષ્કળ;સમૃદ્ધ.

Plentiful,(પ્લેન્ટિફુલ્)*a.*Copious:પુષ્કળ;આબાદ.

Plenty,(પ્લેન્ટિ)*n* [L *plenus*,full.]Full supply પુષ્કળતા;સુકાળ;આબાદી;રેલછેલ.*a.*Plentiful:ઘણું.

Pleonasm,(પ્લીઑનૅઝમ)*n* [Gr. *pleoum*,full.] Redundancy of language in speaking or writing: શબ્દાતિશય;શબ્દાધિક્ય.

Pleonastic,(પ્લીઑનૅસ્ટિક્)*a.* Pertaining to pleonasm: ખપ કરતાં વધારે શબ્દો વાપર્યા જેવું.

Plethoric, (પ્લેથૉરિક્)*a.*Having a full habit of body:ભરાવદાર;લોહીવાળું.

Pleurisy,(પ્લ્યૂરિસિ)*n.* [Gr. *pleura*, the rib] An inflammation of the pleura:છાતીની અંદર લાહે બળવી તે;ફેફસાંનો સોજો.

Plexiform, (પ્લેક્સિફૉર્મ) *a.* Like network; complicated:જાળીદાર;જાળીના કામ જેવું.

Pliability,(પ્લાઇઍબિલિટિ)*n.* The quality or state of being pliable:વાળીએ તેમ વળે એવો ગુણ.

Pliable,(પ્લાઇઍબલ્) *a.* Flexible: વળી શકે એવું.2 Flexible in disposition:સમજી જાય એવું.

Pliancy(પ્લાઇઍન્સિ)*a.*The quality or state of being pliant in any sense:ઢંગવિનાના હોવું તે.

Pliant,(પ્લાઇઍન્ટ્)*a.* Capable of bending:વળાય એવું નરમ;અકડ;ઢંગ વિનાનું.

Pliers,(પ્લાઇઅર્ઝ)*n.*A kind of small pinchers with long jaws:પકડ;એક જાતનો ચિપિયો;ચીમટો

Plight,(પ્લાઇટ્) *vt.* To braid:ઘડી-કરી વાળવી. 2.To pledge:વચન આપવું. *n.* Network:જાળીકામ 2 A security:વચન;ગ્રડપ;બ્હાંયધરી 3 Condition;state:અવસ્થા;દશા;ગતિ;ગત;દુર્દશા.

Plighter,(પ્લાઇટર્)*n.*One who or that which plights:જામીનગીરી આપનાર;ખાતરી કરનાર.

Plod,(પ્લૉડ્)*vi.* To travel slowly but steadily;to trudge: ધીમે ધીમે ચાલ્યાં જવું; ફર્યા કo.2. To toil; to drudge:વૈતરું કર્યાજ કo.

Plot,(પ્લૉટ્) *n.* A small extent of ground; plat:ખેતરનો કકડો.2. A plantation laid out: વાવેતર3.A conspiracy: કાવતરું; દગો; તરકટ. 4. Contrivance:યુક્તિ. 5. The story of a play: ચોકઠું;બંધારણ;વસ્તુ; કથા. *vt.* To make a plot or plan of:કાવતરું કo. [રચવા તે;કારસ્થાન.

Plotting,(પ્લૉટિંગ) *n.*The act of a plot:દગા

Plough,(પ્લાઉ)*n.*A well-known implement, drawn by horses.mules,oxen on the soil to prepare it for bearing crops:હળ;હૌળ;સાંતિ. 2.A joiner's plane for making grooves: ખાંચો પાડવાનો રંધો. *vt.* To till with a plow: ખેડવું.2.To furrow:ચાસ પાડવા.

Plough-man,(પ્લાઉમૅન્)*n.* One who plows: હળ ફેરવનાર;ખેડુત;કૃષીવલ.2.A rustic:ગામડીયો.

Ploughland, (પ્લાઉલૅન્ડ્) *n* Land that is plowed: ખેડેલી જમીન.

Plough-share,(પ્લાઉશૅર્)*n.* The share of a plow or that part which cuts the slice of earth:હૌળનું ચવડું;હળપૂણી.

Pluck,(પ્લક્)*vt.*To pull;to draw:ખેંચવું; તાણવું.2.(*a*)To pull; with sudden force:આંચકો મારવો;તાણવું.(*b*)To gather:તોડવું;ચૂટવું. 3. To reject at an examination for degrees:કાઢી નાંખવું;નાપાસ કરવું*To* **p.***away*,to pull away. ઉખેડી કાઢવું;છુટું પાડી દેવું *To* **p.** *down*,to pull down:તોડવું.*To* **p.***off or out*,to pull or tear off:તોડી-કાઢવું.*To* **p.** *up*, to tear up by the roots:જડમૂળથી ઉખેડી નાંખવું *To* **p** *up courage* હિમ્મત ધરવી.*n.*A pull:આંચકો.2.Spirit;courage: હિમ્મત:છાતી;દમ;પાણી.

Plug,(પ્લગ્)*n.*Any piece of wood or metal used to stop a hole:દાટો;ડુચો; ડટ્ટો 2 A flat oblong cake of pressed tobacco: તમાકુનો પડો.3. A high,tapering silk hat: રેશમી ઉંચી ટોપી.*vt.*To stop with a plug:દાટો દેવો.

Plum,(પ્લમ)*n.*The edible drupaceous fruit of the *Prunus domestica*:વિલાયતી ફળ;આલુ 2.A grape dried in the sun:સુકી દ્રાક્ષ.

Plumage, (પ્લૂમેજ્) *n.* The entire clothing of feathers of a bird:પીછાં;કલગી

Plumb,(પ્લમ્) *n.*[L. *plumbum*, lead.]A little mass or weight of lead;a plummet:કડીઆનો ઓળંબો.*vt.* To cause to be perpendicular:ઓળંબામાં આણવું 2. To sound with a plumb:તાગવતી દરિયાની ઉંડાઈ લેવી-માપવી.

Plumbago,(પ્લમ્બેગો)*n.*[L *plumbum*,lead.] Graphite:સિસાપેન બનાવવાની ધાતુ; પ્લમ્બેગો.

Plumber,(પ્લમર્)*n.*One who works in lead સીસાનું કામ કરનાર;સીસાગર.

Plumbery, (પ્લમરિ) *n.* The business of a plumber:સીસાઘડનારનું કામ.2.A place where plumbing is carried on:સીસાકામનું કારખાનું.

Plumb-line,(પ્લમ્લાઇન્)*n.*The string of the plumb:ઓળંબાની દોરી.

Plume,(પ્લૂમ્)*n.*[L *pluma*,the feather.]The feather:પીછું;પીંછ;પક્ષ.2.An ornamental tuft of feathers: પીંછાનો ગુચ્છો. *vt.* To pick and adjust the plumes of:-નાં પીંછાં સમારવાં.3.To adorn with feathers:પીંછાં પહેરવાં 4.To pride પતરાજી-શેખી કo;બડાઈ હાંકવી;ફુસ મારવી.

Plummet,(પ્લમેટ્)*n.*A small plume:ઓળંબો; પાણીની ઉંડાઇ માપવાનું હથીઆર.

Plump,(પ્લમ્પ્)*a.*Full;fleshy;fat:તાજું;ગોટમોટ. *vi.*To grow plump:ફુલવું.*vt.*To make plump; to fill or support: ફુલવવું. 2. To give, as a plumber:એકનાજ લાભમાં મત આપવો.

Plumpness, (પ્લમ્પનેસ્) *n.* The quality or state of being plumb:ફુલાવો;સરેલાપણું;પુષ્ટ.

Plumy, (પ્લ્યૂમિ)*a.* Covered with plumes: પીછાંવાળું;સપક્ષ. [Robbery:લુંટ.

Plunder (પ્લંડર્)*vt* To spoil; to rob:લુંટવું.*n.*

Plunderer,(પ્લંડરર્) *n.* One who plunders or pillages:લુંટારો;પીંઢારો;અપહારક.

Plunge,(પ્લંજ્) *vt* To immerse:ઝબ દઇને બોળવું;ધોચવું;બોકવું 2.To baptize by immersion: સિંચન કરી જળસંસ્કાર આપવો.*vi.*To rush in:ઝબદઇનેપેશીજવું.*n* The act of thrusting into: મજ્જન;ડુબકી.*The* **P.***of a kite*: પતંગની ગોથ.

Pluperfect,(પ્લૂપર્ફેક્ટ્) *a.* [L. *plus*, more & *perfectus*,perfect.]Past perfect:પૂર્વ-દ્વિતભૂત.

Plural,(પ્લૂરલ્)*a.*[L.*plut, phuris*,more.] *n.* The plural number;a word in the plural form:અનેક વચન;બહુ વચનનો શબ્દ.

Plurality,(પ્લૂરૅલિટિ)*n.* The state of being plural:અનેકતા;બહુત્વ;બહુતા.

Plus,(પ્લસ્)*a.*[L.,more.] More; required to be added;positive:વત્તા.

Pluto,(પ્લૂટો) *n.* The dark and gloomy god of the lower world:યમરાજ.

Plutus,(પ્લૂટસ્)*n.*The son of gason & Ceres & the God of wealth:કુબેર ભંડારી.

Pluvial,(પ્લૂવિઅલ્) *n.* [L.*pluvia*,rain.]*n* A

priest's cope:પાદરીનો ઝભો.*a.*Pertaining to rain:ભીનું;વરસાદવાળું.

Pluviameter,Pluviometer, (પ્લુવિઍામટર્) (પ્લુવિઑામિટર્) *n.* [L. *pluvia*,rain & meter.]An instrument for ascertaining the amount of rain fall at any place in a given time:વરસાદ માપવાનું યંત્ર; વૃષ્ટિમાપ યંત્ર;વૃષ્ટિમાપ.

Ply,(પ્લાઇ)*vt imp. & p.p.* **Plied,**[L. *plico,* I fold.] To bend: વાળવું. 2. To employ diligently: કર્યા જવું;-ની પાછળ પડયા રહેવું. 3. To work at:કર્યા જવું-ક૦.ખેડવું.4.To urge:સતાવવું; બાઝવું.

Pneumatic,(ન્યૂમૅટિક્)*a* [Gr.*pneuma*,wind] Resembling air;gaseous:વાયુનું-ના જેવું;વાતરૂપ.

Pneumatics, (ન્યૂમૅટિક્સ્) *n.* That branch of science which treats of the mechanical properties of air and other elastic fluids: વાતશાસ્ત્ર;વાયુવિદ્યા;વાયુશાસ્ત્ર.

Pneumonia.Pneumonitis,(ન્યૂમોનિએ-ન્યૂમૉનાઈટિસ્)*n.* Inflammation of the lungs: ફેફસાંનો સોજો-દાહ;કફજ્વર.

Poach,(પૉચ્)*vt.*To cook as eggs,by breaking them into boiling water:જરાતરા બાફવું. *vi.* To steal or pocket game: ચોરી લઇ જવું; ચોરવું;ઉડાવવું.2. To stab:ભોકવું.3.To force or dive into anything:ઠોકી ઘાલવું.

Poachy,(પૉચિ)*a.* Wet and soft: પોચું-ભીનું.

Pock,(પૉક્)*n.*A pustule raised on the surface of the body in voriolous and vaccine diseases:અછબડા-સીતળાનો ફોલ્લો;દાણો.

Pocket,(પૉકેટ્)*n.*A bag or pouch:ગજવું;ખીસું; ગુંજું.**P.** *money*: હાથખર્ચી; ગજવાખર્ચી *vt.* To put or conceal in the pocket:ગજવામાં મુકવું; સંતાડવું.To **p.** *an insult*,to receive an affront without resentment: મુંગે મોઢે અપમાન સહન ક૦.

Pocket-book,(પૉકેટ્બુક્)*n.*A small book for carrying papers,money in the pocket:ગજવામાં રહે એવી ચોપડી;ખલેચી.

Pock-mark-pit, (પૉક્-માર્ક્-પિટ્)*n.* A mark or pit made by smallpox:સીતળાનું ચાઠું.

Pocky,(પૉકિ)*a.*Full of pocks;affected with smallpox:અછબડાથી ભરેલું.

Pod,(પૉડ્)*n.* A capsule of a plant:શીંગ;ફળી. *vi.*To swell;to fill:ફપસી આવવું;ભરાવું.

Podagric-cal,(પૉડૅગ્રિક્-કલ્)[Gr *podos,* foot, *agra*,catching.] Gouty; caused by gout: સંધિવાવાળું; [આવી હોય એવું.

Podded,(પૉડેડ્) *a.* Having pods: ઝાડને શીંગ

Poem,(પોએમ્)*n.*[Gr. *poieo*,I make.]A metrical composition:પદ;કાવ્ય;કવિતા;કવન.

Poesy,(પોએસિ)*n.*[L.*poesis*.]The art of composing poems:કવિતા;શક્તિ;કવિતા;કાવ્યવિદ્યા.

Poet,(પોએટ્)*n* [Gr.*poieo*,I make.]One skilled in making poetry:કાવ્ય કરનાર;કવિ; કાવ્યકાર.*A ready.***p**.:શિઘ્ર કવિ.

Poetaster(પોએટૅસ્ટર્)*n.*An inferior rhymer or writer of verses:જોડકણાં જોડનાર;કુકવિ.

Poetical,(પોએટિકલ)*a.*[L.*poeticus.*]Pertaining to poetry:કાવ્ય સંબંધી-વિષયક;કાવ્ય;કવિતામય.

Poet-laureate, (પોએટ્લૉરિએટ્) *n.* A royal poet:રાજકવિ.

Poetise,(પોએટાઇઝ્)*vi.* To write as a poet; to compose verse:કવિતા બનાવવી;કવિ થવું.

Poetry,(પોએટ્રિ)*n.*The art of apprehending and interpeting ideas by the faculty of imagination.*n.* Verse:પદ;કવિતા;કાવ્ય; કવન.

Poignancy, (પૉઇનન્સિ) *n.* The quality or state of being poignant:તેજી;તીક્ષ્ણતા,તીવ્રતા.

Poignant,(પૉઇનન્ટ્)*a.* [L. *pungo,* I prick] Pricking;sharp:ઝાટકો લાગે એવું;અતિતિક્ષ્ણ;મર્મભેદ.

Point,(પૉઇન્ટ્)*n.* [L. *pungo*,I prick.] That which pricks or pierces:અણી; ધાર. 2. An instrument which pricks as a sort of needle:ટાંકણું. 3. Small promontory or cade: ભૂશિર; ભૂશલાકા. 4. The mark made by the end of a sharp, piercing instrument, as a needle;a prick:બિંદુ.5.A mark of punctuation:બિંદુ;વિરામચિન્હ. 6. A salient feature:લક્ષણ.7.Important feature of argument:પકડેલી વાત;દલીલ.8 A fixed conventional place for reference or zero of reckoning in the heavens:બિંદુ 9 One of the points of the compass:દિશા.10 Degree:દરજ્જો;અંશ. 11 Punctilio: ઝીણીબાબત; બારીકી 12. Aim; object:મુદ્દો;લક્ષ્ય;મતલબ; નિશાન; ચોટ;મર્મ 13. A string:કસ;બંધન; ફીત. *To carry one's* **p.** to accomplish one's object:ધારેલી મતલબ હાસલ ક૦.*To make* **a.p.** *of*, to attach special importance to:-ને ખરેખરૂં મહત્વનું ગણવું. **p.** *at issue*:વિવાદ વસ્તુ વિષય.*vt.*To give a point to:-ની અણી કાઢવી. 2. To direct the point of something:ખાંગળી બતાવવી.

Pointed,(પૉઇન્ટેડ્)*a.* Sharp: અણીવાળું; અણીઆળું;ધારદાર;તીક્ષ્ણ.2.Terse: સચોટ;મર્મનું ભરેલું.

Pointer,(પૉઇન્ટર્)*n.*One who points:બતાવનાર.2.The hand of a time-piece:કાંટો.

Pointless,(પૉઇન્ટ્લેસ્)*a.* Having no point; blunt;obtuse:અણીવિનાનું;ધારરહિત;બુઠું;જાડું.

Poise,(પૉઇઝ્)*n.*[L.*pensum*,a portion weighed out.]Weight;gravity: ભાર; વજન;તોલ. 2. Equipoise:સમતોલપણું; સમતોલ. *vt.* To balance:સમતોલ રાખવું. 2. To counterpoise:બરાબર રાખવું;ધડો ક૦.

Poison,(પૉઇઝન્)*n.*[L. *potie,* a drink.] Any substance which, when introduced into the animal organism, tend to destroy its life:ઝેર;વિખ;ગરલ;ગર.2.That which taints or destroys moral purity or health:નુકશાન કરનાર પદાર્થ.*vt.*To put poison upon or into: માંઝેર ઘાલવું; ભેળવવું. 2. To kill by poison:ઝેર દઈ મારી નાંખવું. 3. To corrupt:બગાડવું; ખરાબ કo. To p. *one's ears:*-ના કાન ભંભેરવા.

Poisonous,(પૉઇઝનસ્)*a.* Having the qualities or effects of poison;baneful:ઝેરી.

Poke, (પોક્) *vt.* To thrust against into with anything pointed:ઘોચવું.2.To thrust with the horns: શીંગડા મારવાં. 3. To put a poke on: કોટમાં હડો પહેરાવવો:હેડ ઘાલવી.*To buy a pig in a* p., આંધળા થઈને વેચાતું લેવું.*n.* A thrust:ઓંચકો.

Poker,(પોકર્)*n.*One who pokes:ઘોચનાર.

Polar,(પોલર્) *a.* Pertaining to one of the poles of the earth,or of a sphere:ધ્રુવનું-પાસેનું.

Polarize, (પોલૅરાઈઝ્) *vt.* To communicate polarity to:ધ્રુવ તરફ જવાનો ગુણ આપવો.

Polary,(પોલૅરિ)*a.*Tending to a pole;having a direction toward a pole: ધ્રુવ તરફ ફરતું.

Pole,(પોલ્)*n.*A native of Poland:પોલંડનો રહેવાસી.*n.*[L.*pango,* I make fast.] A long, slender piece of wood:સોટો;વાંસ.(*a*)A carriage pole:ધરા;પોલ.2. A measuring stick: સાડા પાંચવારનું માપ.*vt.*To furnish with poles for support:ટેકાને માટે થાંભલા મૂકવા.2 To impel by a pole, as a boat: વાંસવતે ધકેલવું. *n.* Either extremity of an axis of a sphere:ધ્રુવ.

Pole-axe,(પોલ્ઍક્સ્)*n.*A kind of battle-axe with a long handle:ફરશી;કુહાડો.

Pole mic-al,(પોલેમિક્-કૅલ્)*a.* Of or pertaining to controversy:તકરારી;વિવાદરૂપ 2. Disputatious:વાદકુશલ.*n.*One who writes in support of one opinion in opposition to another:પ્રતિપક્ષ લઈને લખનાર;વિવાદકુશળ.

Polc star,(પોલ્સ્ટાર્)*n.*Polaris or the north star:ધ્રુવનો તારો;ધ્રુવ.

Police,(પોલીસ્)*n.*[L.*politea,*Gr.*polis,*a citizen.]A judicial and executive system,for the government of acity:નગરવ્યવસ્થા; શહેરનું પોલીસ કામ.2. The organized body of civil officers in a city પોલીસ;નગરપાલો.P *station*: ચોકી.*vt.* To keep in order by police: સીપાઇથીબંદોબસ્ત રાખવો.

Police-magistrate,(પોલીસ્-મૅજિસ્ટ્રેટ્)*n* A constable:કોટવાળ:ફોજદાર;પોલીસ અમલદાર.

Police man, (પોલીસ્-મૅન) *n.* A member of a body of police:પોલીસનું માણસ-સિપાઈ.

Policy,(પૉલિસિ)*n.* [L. *politia.*] The settled method by which the government and affairs of a nation are administered:રાજ્ય ચલાવવાની રીત;રાજનીતિ.2.System of management:કોઇ કામ-કારખાનું ચલાવવાની રીત. 3. Administration based on temporal interest: રાજ્યકૌશલ્ય.4 Worldly wisdom:યુક્તિ; વ્યવહાર.5 Motive:ઇરાદો. 6. The writing or instrument in which a contract of insurance is embodied:વિમાનો કરાર;પોલીસી.*Open.*p:જે કરારનામામાં વિમો ઉતારેલી મિલ્કતની કિંમત ન નોંધી હોય તેવું કરારનામું. *Valued* p.: જે કરારનામામાં વિમો ઉતારેલી મિલ્કત જણાવી હોય તે કરારનામું.

Polish,(પોલિશ્)*a.*Pertaining to Poland:પોલંડ સંબંધિ.

Polish,(પૉલિશ્)*vt* [L.*polio,* I smooth.] To make smooth and glossy:માંજવું;ઓપવું;પાલીસ કo.2. To refine: સુધારવું. *vi.* To become smooth: સુંવાળું થવું. *n.* A smooth glossy surface:સુંવાળી જમીન.2. Anything used to produce a gloss:ઓપ 3.Refinement:સભ્યતા.

Polished,(પૉલિશ્ડ્)*a.*Polite;refined:સુધરેલું.

Polite,(પોલાઈટ્)*a.* [L. *polio,*I polish.]Well-bred;courteous:વિનયી;વિનયશીળ;સભ્યતાવાળું.

Politely,(પોલાઇટ્લિ)*adv.*In a polished manner:સભ્યતા;વિનયપૂર્વક,શિષ્ટસંપ્રદાયાનુસાર.

Polite-ness,(પોલાઇટ્નેસ્) *n.* Refinement of manners; courteous behaviour:સભ્યતા;વિનય;વિવેક.

Politic,(પૉલિટિક્)*a* [L *politicus,* political.] Pertaining to the polity:political:રાજનીતિમાં કુશળ.2.Well devised:ચતુર 3. Wise;prudent:ડાહ્યું;કુશળ4Cunning:લુચ્ચું;મતલબી;પહોંચેલું.

Political, (પૉલિટિકૅલ્) *a.* Having a settled system of administration:રાજકીયનું.2. Politic;wise:ડાહ્યું.P.*affairs*:રાજ્યકાર્ય. P.*science* રાજનીતિશાસ્ત્ર.P. *economy*:અર્થશાસ્ત્ર.

Politician,(પૉલિટિશૅન) *n.* One devoted to politics;a statesman:રાજનીતિમાં પ્રવીણ માણસ. 2.One primarily devoted to his own advancement in public:ખટપટીયો; કારસ્થાની.

Politics,(પૉલિટિક્સ્) *n.* The science of government:રાજનીતિશાસ્ત્ર;રાજનીતિ.2.The management of a political party:રાજખટપટ.

Polity,(પૉલિટિ)*n.* [L. *politia.*] The form or constitution of the civil government of a nation:કોઈ રાજ્યનું બંધારણ;રાજનીતિ.

Poll,(પોલ્)*n* A parrot:પોપટ.*n.*2.The head: માથું;ડોકું.3.The casting of the votes of registered electors: નોંધાયેલા મત આપનારાઓનો આપેલો મત. 4. The place where the votes are cast:મત લેવાની જગા.*vt.* To remove the

poll or head of:ટોચ-છેડા કાપી નાંખવા. 2. To impose a tax upon:કર-વેરો નાંખવો.
Pollard,(પૉલર્ડ્)*n.*A clipped coin:કાપેલો શીક્કો ખોટો સિક્કો.*vt.*To lop the tops of:ટોચો કાપવી.
Pollen,(પૉલેન્)*n.*[L.*pollen*,fine flour.] Fine bran or flour:ઝીણો લોટ-ચૂર્ણ:ભુક્કો.
Poll tax,(પૉલ્ટૅક્સ્) *n.* A tax levied by the hand or poll:જજીઓ;માથા દીઠ લેવાતો વેરો.
Pollute,(પૉલ્લ્યૂટ્)*vt* [L *polluo*,I defile.] To defile:બગાડવું;વટાળવું;મેલું-ગંદું ક૦ 2. To debauch: બગાડવું;-ની કાયા ભ્રષ્ટ ક૦. 3. To render ceremonially unclean: અપવિત્ર ક૦; ભ્રષ્ટ ક૦; વટાળવું.
Pollution,(પૉલ્લ્યૂશન્)*n.* Defilement;impurity:બગાડ;વટાળ;ભ્રષ્ટતા;અપવિત્રતા;અપવિત્રીકરણ; દુષિતપણું.2. The emission of semen at other times than in sexual intercourse:સ્વપ્નદોષ;સ્વપ્નાવસ્થા-વિર્યપાત.
Poltroon,(પૉલ્ટ્રૂન્) *n.* A dastard;a craven: હીજરો;બાયલો;નામર્દ;પીતીયા પેટું;ડરકણ.
Poltroonery,(પૉલ્ટ્રૂનરી)*n.*Cowardice;want of spirit:બાયલા-હીજડાપણું;નામર્દાઇ.
Polyandry,(પૉલિઍન્ડ્રિ)*n* [Gr.*polys*, many *andros*,man.]The possession by a woman of more than one husband at the same time:એકજ વખતે ઓરતે ઘણા ધણી પરણવાનો ચાલ.
Polygamy,(પૉલિગૅમિ)*n.* [Gr.*polys*,many & *gamos*,marriage.]The practice of having more than one wife:એક કરતાં વધારે સ્ત્રી કે વર પરણવાનો ચાલ.
Polygon,(પૉલિગૉન્)*n.* [Gr. *polys*, many & *gonia*,angle.]A plane figure having many angles:બહુ કોણ;બહુ કોણાકૃતિ.
Polygraphy,(પૉલિગ્રૅફિ)*n.*[Gr.*polys*,much & *grapho*,I write.]Much writing:ઘણું લખાણ.
Polyhedron,(પૉલિહીડ્રૉન્)*n.*[Gr.*polys*,many & *hedra* sides.]A body or solid contained by many sides or polyscope or planes:ઘણી બાજુવાળી આકૃતિ 2.A multiplying glass:એકનું અનેક દેખાય એવો કાચ.
Polypus,(પૉલિપસ)*n.* A tumor:ગુમડું.
Polysyllable,(પૉલિસિલ્લૅબલ્)*n.* A word of many syllables:બહુ સ્વરવાળો શબ્દ;બહુ સ્વર.
Polytechnic(પૉલિટેક્નિક્)*a.*[Gr *polys*,many & *techne*,art.]Comprehending many arts& sciences:જ્યાં ઘણી વિદ્યા-હુન્નર શીખવતાં હોય એવું.
Polytheism, (પૉલિથીઝમ્) *n* [Gr. *polys*, & *theos*,god]The doctrine or belief in a plurality of gods:ઘણા દેવ છે એવો મત;અનેક દેવવાદ.
Pomatum,(પૉમૅટમ્)*n.* A perfumed composition for the hair:ખુશબોદાર પદાર્થ;પોમેટમ.
Pomegranate,(પૉમગ્રૅનેટ્)*n.*[L. *pomum*,a fruit & *granum*,a grain.]The fruit of the tree *Punica granatum*:દાડમ;અનાર.
Pommel,(પૉમેલ્)*n.*A knob;ball:મોગરો;ગુમ્મ; પિંડો.The high part of a saddle bow:જીનનો ઉંચો ભાગ.*vt.* To beat soundly:મારવું;મેથીપાક જમાડવો;કુટવું.
Pommelion,(પૉમ્મિલિઑન્)*n.*The cascabel or hindmost knob,of a cannon:તોપનો મોગરો.
Pomology,(પૉમૉલૉજિ) *n.* [L *pomum*,fruit &*logos*.]The science of fruits:ફળ વધારવાની કૃતિ.
Pomp,(પૉમ્પ્)*n.*[Gr.*pempo*,I send.]Parade, display:ઠમઠમાટ;ઠાઠ; દબદબો; દમામ; આડંબર.
Pomposity, (પૉમ્પૉસિટિ) *n.* The quality or state of being pompous:ઠાઠમાઠ:ડોળ;દંભ;શેખી
Pompous,(પૉમ્પસ્)*a.*Stately:દબદબાવાળું.
Pond,(પૉન્ડ્)*n.*A lake:તલાવ;કુંડ;હોજ;તડાગ.
Ponder,(પૉન્ડર્)*vt* [L. *pondeo*,I weigh.] To weigh in the mind: મનમાં તોળવું;-નો વિચાર ક૦.*vi.*To think:વિચાર ક૦.
Ponderable,(પૉન્ડરૅબલ્)*a.*Capable of being weighed:તોળાય એવું;ચિંત્ય;ચિંતનીય.
Pondrosity,(પૉન્ડ્રૉસિટિ)*n.* Gravity:ભાર.
Ponderos,(પાન્ડરસ્)*a* [L *pondus*,a weight.] Very heavy;weighty:ભારેખમ;ઘણું ભારે;જબરૂં.
Poniard,(પૉનિઆર્ડ્)*n.*[L *pungo*, I prick.]A kind of dagger:નહાની કટાર; ખંજર.
Pontiff,(પૉન્ટિફ્)*n*,[L.*pons*, *pontis*,a bridge] A high priest;the Pope:ધર્મનો અધિકારી;પોપ.
Pontifical, (પૉન્ટિફિકલ્) *a.* Pertaining to a pontiff:મોટા ધર્માધિકારીનું. 2. Pertaining to the building of bridges:પુલનાં માન સંબંધી.
Pontificate,(પૉન્ટિફિકેટ્) *n.* The state of a high priest:પોપની પદવી.*vi.*To perform the duty of a pontiff:પોપનું કામ ક૦.
Pontoon,(પૉન્ટૂન્)*n.* [L.*pons*,*pontis*,a bridge.] A wooden flat-bottomed boat:લશ્કરને જવા સારૂ જેના ઉપર કાચો પુલ નાંખે છે તે હોડી.
Pony,(પૉનિ)*n.* A small horse:ટટ્ટુ;ભટ્ટુ.
Pooh,(પૂ)*interj* Pish;nonsense:છટ્ટ;છીટ્ટ.
Pool,(પૂલ્)*n.*A reservoir for water:ખાબોચીયું.
Poop,(પૂપ્)*vi.*To make a noise:અવાજ કરવો.*n.* A deck raised above the afterpart of a vessel:વહાણના સુકાનવાળા ભાગમાં કઠડીના ડોલ સુધી જે તુતક હોય છે તે.
Poor,(પૂર્)*a.*[L.*pauper*,poor.] Destitute of property;needy: ગરીબ; નિર્ધન; કંગાલ.2. (*a*) Wanting in fat:દુબળું.(*b*)Wanting in strength:નબળું;પોચું;ઢીલું;નરમ.(*c*)Of little value: તુચ્છ;નિર્માલ;હલકું.(*d*)Destitute of beauty:નઠારું.2.Worthy of pity or sympathy:બાપડું; બિચારૂં.3.Not proud;meek:ગરીબ; સાલસ. P. *man's treacle*,onion:કુંગળી; કુષ્ણાવલી.

Poor-box, (પુર્-બૉક્સ્) *n.* A receptacle in which money given for the poor is placed:ભીખનો ગલ્લો-પેટી.

Poor-house,(પુર્-હાઉસ્)*n.*A dwelling house for paupers maintained at public expense:અનાથાલય:કંગાલશાળા;ગરીબ શાળા;અનાથાશ્રમ.

Poorly,(પુર્લિ) *adv.* In a poor manner: ગરીબાઈથી.2. Indifferently:નબળું.3. Meanly:નબળી રીત્યે.

Poorness,(પુર્નેસ્)*n.*The state or quality of being poor:નિર્ધનતા;કંગાલીઅત;નિર્ધનાવસ્થા.

Pop,(પૉપ્)*n.* A small, sharp, quick explosive sound or report: ફટ્ દઇને થયેલો અવાજ. *vi.* To make a pop or sharp sound: ફટ્ અવાજ ક૦. 2. To dart: એકદમ ધસવું. *vt.* To thrust suddenly:ચપટ દઇને ઘાલવું. *To* p. *the question*,to make an offer of marriage to a lady:હું મારી સાથે લગ્ન કર એવી સ્રીને માગણી ક૦.

Pope,(પૉપ્)*n.*[L *papa*,father.] The Bishop of Rome:રોમન કેથોલિક ધર્મનો ઉપરી પાદરી;પોપ.

Popedom,(પૉપ્ડમ્) *n.* The place, office or dignity of pope:પોપની પદવી.2.The jurisdiction of the pope:પોપનો મૂલક.

Pop gun,(પૉપ્ગન્) *n.* A child's gun:છોકરાંને રમવાની નાની બંદુક;ફટકનલી.

Popinjay, (પૉપિંજે) *n.* The green wood pecker; a parrot:પોપટ;શુક.2.છેલ;લાલાલોક.

Popish,(પૉપિશ્)*a.*Pertaining to the Pope: પોપ ધર્મનું;પોપનું.

Poplin,(પૉપ્લિન્)*n.*A fabric usually made of silk and worsted:રેશમ અને ઉનનું કાપડ.

Poppy, (પૉપિ) *n.* Any plant of the genus *Papaver*:ખસખસ;ખસખસનાં છોડવા.

Populace,(પૉપ્યૂલૅસ્)*n.*[L.*populus*.]The common people;the vulgar:લોક;પ્રજા;સામાન્ય લોક

Popular,(પૉપ્યૂલર્)*a.* [L *populus*, people.] Pertaining to the common people: લોકપ્રજાનું.2.Beloved by the people:લોકને વહાલું; લોકપ્રિય. 3. Prevailing among the people: લોકમાં પ્રચાર પામેલું;રૂઢ.P.*accusation*:લોકાપવાદ.

Popularity,(પૉપ્યૂલૅરિટિ) *n.* The quality or state of being popular:લોકનું રાજીપણું.2 The state of being pleasing to common people: લોકપ્રિયતા;જનપ્રિયતા;લોકપ્રીતિ.

Popularly, (પૉપ્યૂલર્લિ) *adv.* In a popular manner:લોક રાજી થાય એવી રીતે;લોક રંજનાર્થે.

Populate,(પૉપ્યૂલેટ્)*a.*[L.*populus*, people.] Populous: વસ્તીવાળું. *vt.* To furnish with inhabitants; to people:વસાવવું;વસ્તી ક૦.

Population,(પૉપ્યૂલેશન્)*n* The whole number of people:લોક;વસ્તી;જન;પ્રજા; લોકસંખ્યા; દેશજનતા.

Populous,(પૉપ્યૂલસ્)*a.*[L.*populus*,people.] Abounding in people: વસ્તીવાળું;આબાદ.

Porcelain,(પૉર્સલન્)*n.* [L. *porcus*, pig.] A fine translucent kind of earthenware,made first in China & Japan:ચિનાઈ કામ-વાસણ.

Porch,(પૉર્ચ્)*n.*[L.*porta*,a gate.]A covered and inclosed entrance to a building:બારણા આગળની પરસાળ;દિવડી;રંગમંડપ;સભામંડપ.

Porcine,(પૉર્સાઇન્)*a.*Pertaining to the pigs: સુવર;ડુક્કર-ભૂંડ સંબંધિ.

Porcupine,(પૉર્ક્યુપાઇન્)*n* [L.*porcus*&*spina* a thorn.] Any animal having the back covered with long, sharp, quills:સાહુડી.

Pore,(પૉર્) *n.* [L. *porus*.] One of the minute orifices in an animal or vegetable membrane:રૂવાંટીનું છિદ્ર.*vi.* To fix the attention:એકી નજરે જોવું. [હોવું તે.

Poriness,(પૉરિનેસ્)*n.*Porosity:બહુ કાણાવાળું

Pork,(પૉર્ક્)*n* [L. *porcus*.hog.]The flesh of swine:ડુક્કરનું માંસ-ગોશ.

Porosity,(પૉરૉસિટિ)*n.*The quality or state of being porous:મશાવકાશતા;સછિદ્રતા;રંધ્રવિશિષ્ટતા

Porous,(પૉરસ્)*a.* Full of pores:કાણાવાળું.

Porphyry,(પૉર્ફિરિ)*n* [L *porphyra*,purple.] A rock consisting of a fine grained base: એક જાતનો ખૂબસુરત આરસપહાણ;પાણીખડક.

Porridge,(પૉરિજ્)*n.*[L *porrus*,leek]A food made by boiling some leguminous substance:વિલાયતી કાંજી-ઘેંશ. [વાડકો;કટોરો;પ્યાલો.

Porringer, (પૉરિંજર્) *n.* A porridge dish:

Port,(પૉર્ટ્)*n.*[L.*portus*.]A dark red or purple astringent wine made in Portugal:પોર્ટુગાલમાં થતો પોર્ટ જાતનો દારૂ. *n.* A harbor: બંદર.2.A harbor where vessels are admitted to discharge and receive cargoes:ગોદી; બારૂં.*n.* A gate:દરવાજો. *vt.*[L.*porto*,I carry.] To carry: ફેરવવું લઇ જવું. 2. Carriage; deportment: રીતભાત. *vt.* To turn to the left side of a ship:ડાબે બુટદે ફેરવવું.

Portable,(પૉર્ટેબલ્) *a.* Easily transported: સહેલાઇથી લેઈ જવાય એવું.

Portage, (પૉર્ટેજ્) *n.* A sailor's wages:મજુરી.*vt.*To carry goods &c:માલ વિગેરે લઈ જવું.

Portal,(પૉર્ટલ્)*n.*[L.*porta*,a gate] A door: દરવાજો;ખડકી 2.A prayer book:પ્રાર્થના પોથી.

Porte,(પૉર્ટ્)*n.*[L.*porta*.]The ottoman court: તુરકી સરકારની અદાલત.

Portend,(પૉર્ટેન્ડ્)*vt.*[L *pro* & *tendo*, I stretch.]To foreshow:આગળથી બતાવવું-સૂચવવું.

Portent, (પૉર્ટેન્ટ્)*n.* That which portends, evil:અપશુકન;અવચિન્હ;અવલક્ષણ.અશુભ લક્ષણ.

Portentous, (પૉર્ટેન્ટસ્)*a.* Of the nature of

a portent:માઠું થવાની સૂચના કરનારૂં; અરિષ્ટ-અશુભ સૂચક.

Porter,(પૉર્ટર્)*n*.[L. *porta*,a gate.] A door keeper:દરવાન;દ્વારપાલ; પ્રતિહારી.2.A currier: વેતરો;ભારવાહ;મજુર;હેલકરી.

Porterage,(પૉર્ટરેજ્)*n*. The work of a porter:લેઇ જવા લાવવાની મજુરી; વેતરૂં.

Portfolio, (પૉર્ટ્ફૉલિઓ) *n*. A portable case for papers prints &c.:કાગળ રાખવાનું જોસ્તાન.

Port-hole,(પૉર્ટ્હૉલ્)*n*. An embrasure in a ship's side:બારી;જંગી.

Portico,(પૉર્ટિકો)*n*. [L. *porticus*] A colonnade or covered ambulatory:મંડપ;દરવાજાના ઉપર ધાબાતળેનો ભાગ.

Portion,(પૉર્શન્)*n*.[L. *pars-partis*,a part] That which is divided off or separated: ખંડ;વિભાગ;ભાગ.2.Share: ભાગ;હિસ્સો; અંશ.3. An inheritance:વારસો.4.A wife's fortune; a dowry:સ્ત્રીધન. *vt* To parcel:-ના ભાગ કo.

Portliness, (પૉર્ટ્લિનેસ્) *n*. The quality or state of being portly;stateliness:ભવ્યપણું.

Portly,(પૉર્ટ્લિ) *a*. Of a noble appearance; imposing:ભવ્ય; ખુબસુરત; ગંભીરાકૃતિ.

Portmanteau,(પૉર્ટ્મેન્ટો)*n* A leather bag for carrying wearing apparel: લુગડાં રાખવાની પાકીટ;ખલેચી;પાકીટ;પોર્ટ્ ફોલીયા.

Portrait,(પૉર્ટ્રેટ્) *n*.The likeness of a person painted,drawn or engraved:તસબીર;છબી;ચિત્ર;પ્રતિમા;આબેહુબ બયાન-વર્ણન.*vt*.To portray; to draw:તસવીર કાઢવી.

Portray,(પૉર્ટ્રે)*vt* [L. *pro* & *traho*,I draw.] To paint or draw the likeness of:-ની છબી કાઢવી.2.To describe in words:બયાન-વર્ણન કo.

Portrayal, (પૉર્ટ્રેઅલ્)*n*.The act or process of portraying:છબી પાડવાની કળા;વર્ણન.

Pose, (પૉઝ્)*n*.[L. *pausa*, a pause.] *vt*. To place in an attitude or fixed position for the sake of effect:ઠીકઠાક કરીને ગોઠવવું.*vt*.To interrogate: પુછવું-સવાલ કo.

Poser, (પૉઝર્) *n* One who or that which puzzles:જવાબ દેતાં ગુંચવનાર.

Position,(પૉઝિશન્)*n*.[L. *pono*, I put.] The state of being placed:સ્થિતિ 2.Site:ઠેકાણું; સ્થળ;સ્થાન;જગો 3 A thesis: પૂર્વપક્ષ; પક્ષ. 4. Social rank:યોગ્યતા;સ્થિતિ;મોભો;દરજ્જો; પદવી 5. Condition: દશા;હાલત.

Positive (પૉઝિટિવ્)*a*.Real;actual:ખરેખરૂં;સાક્ષાત;વાસ્તવિક. 2. Definitely laid down:સ્પષ્ટ; ખુલ્લે ખુલ્લું;ચોખ્ખું; ખચિત.3. Certain:નક્કી;નિ:શંક.**P** *degree*:અન્યોન્યાપેક્ષક રૂપ **P** *quantity*: ધનપદ.**P**.,*sign*:વત્તાનું ચિન્હ. (*a*.) Electro positive:કેવળ અનન્ય સંબંધ.*n*. That which is capable of being affirmed: સત્યતા. 2. The positive degree:અન્યોન્યાપેક્ષકરૂપ.

Positively, (પૉઝિટિવ્લિ) *adv*. In a positive manner: સ્પષ્ટ રીતે;ખચીત.

Possess,(પૉઝેસ્)*vt*.[L.*possideo*, I have.] To occupy in person:હાથમાં કબજા-હવાલામાં હોવું.2. To own:-નું હોવું 3.To gain:મેળવવું.3 To put in possession: આપવું;-ને સ્વાધીન કo.

Possession,(પૉઝેશન્)*n*.The act or state of possessing:કબજો;ભોગવટો.2.Ownership:કબજો 3.The thing possessed:માલ;તાબાનો મુલક; સંસ્થાન. 4 Madness:ભૂતસંચાર;વળગણ. *vt*.To invest with property:વડીવટ કરવો.

Possessive,(પૉઝેસિવ્)*a*.Pertaining to possession:સંબંધક;સંબંધ વાચક.*n*.The possessive case:ષષ્ઠિસંબંધકવિભક્તિ.2.A possessive pronoun:સંબંધક સર્વનામ.

Possessor,(પૉઝેસર્)*n*. One who possesses; one who occupies: ભોક્તા;સ્વામી;અધિકારી.

Posset,(પૉસેટ્)*n*.[L.*poto*,I drink.] A beverage composed of hot milk curdled by some infusion: દુધનું શરબત. *vt*. To curdle: જમાવવું; આખરવું.

Possibility, (પૉસિબિલિટિ) *n*. The quality or state of being possible: શકયતા;સંભવ.

Possible,(પૉસિબલ્)*a*. [L *potis*, able & *esse*, to be.]Able to happen:બની શકે એવું;શકય.

Possibly, (પૉસિબ્લિ) *adv*. In a possible manner:કદાચિત;કદાપિ.

Post,(પૉસ્ટ્)[L.*post*.behind.]A prefix signifying,back,after:પછાડી-પછીના અર્થમાં વપરાતો શબ્દ.*n*.[L *pono*,I place.]A pillar:થંભલો;ટેકો. *n* (*a*)Station:મુકામ,સ્થાન.(*b*)A military station: લશ્કરી થાણું. 2. A postman: ડાકવાળો. 3. The post office:ટપાલ ઓફીસ.(*b*). *Hence*, the carriage conveying the mail: ડાકગાડી. 4. A station office or position of service, trust,&c:સ્થાન;પદ;અધિકાર; હોદો. *To ride* **p.**, to ride,rapidly:તાબડતોબ મજલ કo.*To travel* **p.**,to travel, as a post does: થોડે થોડે અંતરે ઘોડાનો ટપ્પો રાખી મુસાફરી કo. To set:મુકવું; બેસાડવું 2.To mail:કાગળ ટપાલમાં નાંખવો. *To* **p.** *off*, to put off:ઢીલ કરવી *vi*. To travel with post horses:ડાક ઘોડાથી જવું.

Postage,(પૉસ્ટેજ્)*n*.The price paid for the conveyance of letters:ડાક-ટપાલ ખરચ-લવાજમ

Postal,(પૉસ્ટલ્) *a*. Belonging to the post office or mail service:ટપાલ સંબંધિ-નું;ડાકનું.

Post-chaise,(પૉસ્ટ્-શેઝ્) *n*. A carriage for the mail:ટપાલની ગાડી.

Post-date,(પૉસ્ટ્-ડેટ્) *vt*. To date after the real time;પાછળની તારીખ નાંખવી.2. To affix-

the date to after the event:કંઈ બન્યા પછીથી તારીખ લખવી.*n.*A date put to a bill of exchange later than it was actually made: પાછલી તારીખ.

Post-diluvian, (પૉસ્ટ્-ડિલ્યૂવિઍન્) *a.* Being or happening after the deluge:જળરેલ પછીનું *n.* One who lived after the flood: જળરેલ પછી જીવનાર.

Poster, (પૉસ્ટર્) *n.* One who posts bills:જાહેરનામું ચોડનાર.2.One who travels expeditiously:ડાગવાળાની પેઠે ઝડપથી દોડનાર.

Posterior, (પૉસ્ટીરિઑર્)*a* [L *posterus*,coming after.]Later in time;પછીના વખત-જમાનાનું

Posteriority, (પૉસ્ટીરિઑરિટિ)*n.*The state of being later or subsequent: પાછળ થવું-હોવું તે.

Posteriors, (પૉસ્ટિરિઑર્સ) *n.* The hinder parts,as of an animal's body:ગાંડ; નિતંબ.

Posterity, (પૉસ્ટેરિટિ)*n* [L. *posteritas.*] Descendants:વંશજો;પ્રજા;સંતાન;સંતતિ;પુત્રપૌત્રાદિક.

Postern, (પૉસ્ટેર્ન્) *n.* [L. *posterus* coming after.]A back door:પાછલું બારણું. 2. A subterraneous passage:જમીનની અંદરનું છાનુંબારણું.

Post-fix, (પૉસ્ટ્-ફિક્સ્)*n.* A letter,syllable or word added to the end of another word: અનુગ;પ્રત્યય.*vt.*To annex:અંતે મૂકવું-જોડવું.

Post-haste, (પૉસ્ટ્હેસ્ટ્) *n.* Haste in travelling:ઘણી ઝડપ-ઉતાવળ.*adv.*With speed or expedition:ઘણીજ ઝડપથી.

Posthumous, (પૉસ્થ્યૂમસ) *a.* [L. *postumus*-last] Born after the death of the father or taken from the dead body of the mother:બાપ મુઆ પછી જન્મેલું; સગર્ભા મરી ગએલી સ્રીને ચીરીને કાઢેલું. 2. Published after the death of the author:ગ્રંથકાર મરી ગયા પછી પ્રગટ કીધેલું;છાપેલું.

Postil, (પૉસ્ટિલ્)*n.* [L. *postilla*, after those] A marginal note in the Bible: બાઇબલના હાંશીઆ ઉપર લખેલી ટીકા.2.To write marginal notes on:હાંશીઆપર ટીકા લખવી;ટીકા ક૦.

Postilion, (પૉસ્ટિલિઑન્) *n.* One who rides and guides the first pair of horses of coach:ઘોડા પેહેલ વહેલા હાંકનાર-જોડનાર.પલોટનાર.

Post-man, (પૉસ્ટ્મૅન્) *n.* A post of courier: ટપાલ-ડાગ-લઇ જનાર-લાવનાર;હલકારો.

Post-mark, (પૉસ્ટ્-માર્ક) *n.* The stamp of a post office on a letter-પોસ્ટ ઑફીસની; કાગળો ઉપર મારેલી છાપ.

Post-master, (પૉસ્ટ્મૅસ્ટર્)*n.*One who has a charge of post office and the distribution and forwarding of mails: ટપાલ ખાતાનો ઉપરી;ટપાલ માસ્તર.

Post-meridian, (પૉસ્ટ્મેરિડિઍન્)*a.*(Abbrev. **P.M.**)[L *post*,after & *meridianus.*] Coming after the sun has passed the meridian:બપોર-મધ્યાન્હ પછીનું. [મુઆ પછીનું;મરણોત્તર.

Post-mortem, (પૉસ્ટ્મૉર્ટૅમ્)*a.* After death:

Post-office, (પૉસ્ટ્ઑફિસ્)*n.*A place appointed for attending to all business connected with the mail:ટપાલ ઑફીસ.

Postpone, (પૉસ્ટ્પૉન્)*vt.*[L *post* after & *pono* I place.] To defer to a future or later time;to put off:મુલતવી રાખવું.

Postponement, (પૉસ્ટ્પૉન્મેન્ટ્) *n.* The act of postponing: વિચારપર રાખવું તે.

Post-script, (પૉસ્ટ્સ્ક્રિપ્ટ્)*n.* (Abbrev. **P. S.**) [L.*post* & *scribo.*I write.] What is added to a letter after it is concluded:તાજાકલમ.

Postulate, (પૉસ્ટ્યૂલેટ્)*n.* [L. *postulo*, I demand.]The enunciation of a self evident problem in distinction from an axiom: સ્વીકૃતપક્ષ; ઉદ્દ કલ્પના.*a.*Postulated:ધારેલું.

Postulated, (પૉસ્ટ્યૂલેટેડ્)*a.* Assumed without proof: ધારેલું;અનુમાનસિદ્ધ;કાલ્પનિક.

Postulation, (પૉસ્ટ્યૂલેશન્)*n.*The act of postulating suit;cause:ધારણા;અરજ;દાવો.

Posture, (પૉસ્ટ્યૂર્)*n.*[L *pono*, I place.] The position of the body:શરીરનું વલણ; ઢબ-ઢટણ; અંગસ્થિતિ 2.Mood: રંગ;ઢંગ;ડોળ;સ્થિતિ.

Posy, (પૉઝિ)*n.* A brief poetical sentiment: લેખ;કહેતી.2.A flower; a nosegay:ફુલનો તોરો.

Pot, (પૉટ્) *n.* A metallic or earthen vessel: માટી કે ધાતુનું પાત્ર-વાસણ. 2. An earthen or water cup for liquors:દારૂ પીવાનો ગ્લાસ-પ્યાલું. 3.A potful:વાસણ-પાત્રમાં માય એટલું *To go to* **p.**to go to destruction: પાયમાલ થવું. **P.** *s & pans*:વાસણકુસણ. *vt.* To preserve seasoned in pots:વાસણમાં રાખી મૂકવું.

Potable, (પૉટેબલ્)*a.* [L *poto*,I drink.]Fit to be drunk: પીવા લાયક-સરખું.

Potash, (પૉટૅશ)*n.*The hydroxide or potassium:એક જાતનો ખાર-ક્ષાર.

Potation, (પૉટેશન્)*n.*[L. *poto*, I drink.] A draught:ઘૂંટડો 2 Drink:beverage:પાન;શરબત.

Potato, (પૉ ટેટો) *n.* A kind of fruit & its plants:બટાકા-ટા;પટાટા;એલોકડું. 2. The sweet potato:રતાળુ;રતાળાનો છોડ.

Pot-bellied, (પૉટ્-બેલિડ્)*a.*Having a protuberant belly: મોટા પેટવાળું;ફાંદવાળું.

Potency, (પૉટેન્સિ) *n* [L. *potens*, potent] Energy;capability: બળ;સામર્થ્ય; પ્રતાપ; શક્તિ.

Potent, (પૉટેન્ટ્)*a.*[L *posse*,to be able.]Powerful:તેજ;જલદ; રામબાણ. 2. Mighty:બળવાન. 3. Having great influence:મજબૂત; બળવાન.

Potenate, (પૉટેન્ટેટ્)*n.*[L*potento*,I exercise

power.] One who is potent; a prince:રાજા.

Potential, (પૉટેન્શલ્) *a.* Being potent: સંભવિત;સંભાવ્ય.2.Existing in possibility: શક્યરૂપ;હોઈ શકે એવું.P.*mood*:શક્યાર્થ.

Pother, (પૉધર્) *n.*Bustle: ગરબડાટ; ધાંધલ.*vi.* To make a bustle: તોફાન-ગરબડાટ ક૦.*vt.* To harass: ગભરાવવું.

Potion,(પૉશન્)*n.*[L *poto,*I drink.]A dose;a draught:ઘુંટડો; પીવાનું ઓસડ. *vt.* To drug: ઓસડ પીવું.

Pot-luck,(પૉટ્લક્)*n.*Whatever may chance to be in the pot:ઉતાવળમાં કરેલું ભોજન-ખાણું.

Pot-sherd,(પૉટ્શર્ડ્)*n.*A piece or fragment of a broken pot:ભાગેલા વાસણનો કકડો-ઠીકરૂં.

Pottage,(પૉટેજ્)*n.*A kind of food made by boiling vegetables or meat in water:શાક અગર રાંધેલું માંસ.

Potter,(પૉટર્)*n.*One whose occupation is to make earthen vessels:પ્રજાપતિ;ઓઝો;કુંભાર.

Pottery, (પૉટરી) *n.* The vessels made by potters:માટીનાંવાસણ.2.The place where earthen vessels are made:વાસણ બનાવવાની જગા.

Pouch,(પાઉચ્)*a.* A small bag: ખલેચી. 2. (*a*) A protuberant belly: પેટની ફાંદ. (*b*).To put intoa pouch:ખલેચીમાં મૂકવું. 2.To pocket: ખીસ્સામાં-ગજવામાં નાંખવું.

Pou chong,(પૂશૉન્ગ્)*n.*A superior kind of souchong tea:એક જાતની ઉત્તમ કાળી ચાહ.

Poulterer,(પૉલ્ટરર્) *n.* One who deals in poultry: મરઘાં વેચનાર.

Poultice,(પૉલ્ટિસ્)*n.*[L.*pultis* a thick pap] A soft composition:પોટીસ. *vt.*To apply a poultice to: પોટીસ લગાડવી.

Poultry, (પૉલ્ટ્રિ)*n.*[L.*pullus*, a chicken.] Domestic fowls reared for the table: મરઘાં.

Pounce, (પાઉન્સ્) *n.*[L.*pumex*,pumice.] A fine powder:શાહી પસરી ન જાય તેને માટે નાંખવામાં આવે છે તેભૂકો;વિલાયતી રેતી.2. Charcoal dust: કોયલા વિ૦ નો ભૂકો;બીબામાં ઉતારવાની રેતી.*vt.* To sprinkle with pounce: રેતી નાંખવી.P. *box*: રેતદાની;રેતીયું.P.*paper*:નકશોચીતરવાનો પારદર્શક કાગળ.*n.*[L.*pungo*,I prick.] The claw of a bird:પંજો;નોર.*vt.*To strike or seize with the talons:નોરમારવા;પંજાથી પકડવું.*vi.*Toseize with the claws:ઝડપ મારીને પકડવું;ત્રાપ મારીને પકડવું.

Pound, (પાઉન્ડ્) *vt.* To strike repeatedly with some heavy instrument: કુટવું; ખાંડવું. *n.* A pinfold: રખડતાં ઢોરને પુરવાનો ડબો. *n.* [L.*pondus*, weight.] A certain specified weight(*a*.):(અનાજ વિ૦તોળવાનો) સોળ આઉન્સ 'પાઉન્ડ'.(*Av.*):સુરતી સવાસેર ને અઢી પૈસાભારનો રતલ. (*b*.) (સોનું રૂપુ તોળવાનો) બાર આઉન્સ કે ૫૭૬૦ ગ્રેનનો'પાઉન્ડ'.(*Troy.*):રાજા તોલાનો રતલ. 2.A coin of twenty shillings:વીસ શિલિંગની કીમતનો વિલાયતી સિક્કો; 'પાઉન્ડ'

Poundage, (પાઉન્ડેજ્)*n.* A commission:હવાલાજમ;દસ્તુરી.2 A subsidy of twelve pence in the pound, formerly granted to the crown on all goods exported or imported: નાકું;માલ ઉપરની જકાત.*vt.*To collect,as poundage: હવાલાજમ ઉઘરાવવું; વસુલ ક૦

Pounder,(પાઉન્ડર્)*n.* One who pounds as a stamp in an ore mill: છાપ; ચોકડું. 2. An instrument used for pounding:સાંબેલું;મુસળ.

Pour,(પૉર્)*vt.*To cause to flow in a stream: ધારા ચાલવી નિકળવી.2.To send forth from, as in a stream:પુષ્કળ-મોકળું મુકવું.*vi* To flow; pass in a stream:પુષ્કળ-જથાબંધ બેસુમારવહેવું.

Pout,(પૂટ્)*n.*The young of birds:નાનું બચ્ચું. *vi.*To shoot pouts:પક્ષીનાં બચ્ચાંનો શિકાર ક૦.

Pout,(પાઉટ્)*vi.*To look sullen:મોં ફુલાવવું-મચકોડવું;ઘુમરાવવું. *n.* A sullen protrusion of the lips:ઉદાસી દેખાવ.

Poverty, (પૉવર્ટિ)*n.*[L. *pauper*, poor.] Indigence;need:પૈસાની ગરીબાઈ;દરિદ્રતા;નિર્ધનતા.

Powder,(પાઉડર્)*n.*[L.*pulvis*, dust.] Dust: ચૂરો;ભૂકો. 2. Gunpowder:બંદુકનો દારૂ. *vt.* To comminute; to pulverize:- નો ભૂકો ક૦. 2. To sprinkle with salt: મીઠું દેવું. *vi.* To be reduced to powder:ભૂકો થવો.

Powder-horn, (પાઉડર્-હૉર્ન્)*n.* A horn in which gunpowder is carried:બંદુકના દારૂની સુરાઈ-શીંગડું.

Powdery,(પાઉડરિ)*a.* Easily crumbling to pieces:જરામાં ભૂકો થઈ જાય એવું બરડ. 2. Resembling powder:ભૂકાજેવું; ભુકાવાળું; ચૂર્ણમય.

Power,(પાઉઅર્) *n.* [L. *posse*, to be able.] Potency; might:શક્તિ; સામર્થ્ય: 2. Ability, strength;જોર;બળ.3.Sway:સત્તા;હકુમત;પ્રાબલ્ય. 4.A government which exercises control: સરકાર.5.An army or navy: (ખુશ્કિકેતરીનું) લશ્કર;(જમીન ઉપરનું કે દરીઆઈ)સૈન્ય.6.Mental or moral ability to act:ગુણ;શક્તિ;અક્કલ;બુદ્ધિ. 7. The degree to which a lens,mirror or any optical instrument, magnifies: ખુલી આંખે દેખાય તે કરતાં મોટું જણાય એવી શક્તિ. 8. An authority enabling a person to dispose of an interest vested either in himself or in another person:આપેલો અધિકાર-અખ્તિયાર-સત્તા. P. *of attorney*:મુખત્યારનામું.

Powerful,(પાઉઅર્ફુલ્)*a.*Mighty;efficacious: જોરાવર;મજબૂત;બળવાન; સમર્થ;પ્રતાપી; કરડું;તેજ; ઉગ્ર; જબરૂ.

Powerless,(પાઉઅર્ લેસ્) *a.* Destitute of

power,force or energy:અશક્ત;દુર્બળ;અસમર્થ.

Powerloom,(પાઉઅર્લુમ્)*n*.A machine for sewing clothes:યંત્રથી ચાલતોલુગડાંવણવાનોસંચો.

Pox,(પૉકસ્)*n*.A disease characterized by pustules or eruptions of any kind:શીતળા; ટાંકી;ફોલ્લા.*vt* To infect with the pox:બળી-યાકાકા નીકળવા.

Practicable,(પ્રૅક્ટિકેબલ્) *a*.[Gr.*prasso,praxo*, I do.] That may be practised or performed:થવા બનવાજેવું.2.Capable of being used; passable:ફેરવી-વાપરી શકાય એવું.P.(road): જઇ-આવી શકાય એવું.

Practical,(પ્રૅક્ટિકલ્)*a* [Gr. *prasso, praxo*,I do.]Pertaining to practice or action: દુનિ-આમાં કામ લાગે એવું;વ્યવહાર.2.Evincing practice: ગણેલ; અનુભવી; વ્યવહાર કુશળ. 3. Derived from practice: અનુભવથી મેળવેલું.

Practically, (પ્રૅક્ટિકલિ) *adv*. In a practical way:અભ્યાસથી;કાર્યતઃ2.By means of practice or use:અનુભવથી.

Practice, (પ્રૅક્ટિસ્) *n*. [Gr. *prasso*, I do.] Usage; habit: મહાવરો; ટેવ; ચાલ; અભ્યાસ. 2. Customary or constant use:પ્રચાર;વ્યવહાર; વહીવટ.3.Actual performance: કૃતિ, આચાર; રહેણી.4.Professional business:ધંધો કરવો તે. P. *of medicine*: વૈદક્રિયા. 5. An easy and concise method of applying the rules of arithmetic to questions which occur in trade and business:પાંતીના હીસાબ; પાંતી. 6. The form,manner and order of conducting and carrying on suits and prosecutions through their various stages, according to the principle of law:દસ્તુર;વહીવટ;શિરસ્તો; રવેશ,રીત. 2 વ્યવહાર;નિયોગ;ઘરાકી.

Practise,(પ્રૅક્ટિસ્)*vt*. To make a practice of:ટેવ પાડવી.2.To exercise as a profession: રોજગાર ચલાવવો-ક૦.3. To exercise one's self in:માહાવરો રાખવો.4.To execute:-નોઅમલ ક૦. 5.To make use of;to employ:રોકવું.6 To train: કેળવવું.*vi*. To perform certain acts frequently or customarily: અમુક કામ ક૦-અભ્યાસ-મ્હાવરો રાખવો 2.To learn by practice:મ્હાવરાથી શીખવું: ટેવ પાડવી.3.To try artifices or stratagems:છળ પ્રપંચ-યુક્તિ ક૦; કપટ ક૦.

Practitioner,(પ્રૅક્ટિશનર્)*n*.One who is engaged in the actual use or exercise of any art:ધંધો કરનાર; વૃત્તિક. *Legal* p.:વકીલ; મુખ્તાર.*Medical* p.: ડાક્તર;વૈદ.

Pragmatic-cal,(પ્રૅગમૅટિક્-કલ્)*a*. Practical; material: અનુભવસિદ્ધ. 2. Busy, esp., in an objectionable way:માથાંમારૂ 3.Philosophical. તત્વદર્શિ.*n*.One skilled in affairs:પોતાના ધંધામાં હોશીઆર.

Praise,(પ્રેઝ)*vt*.[L.*pretium*,price.]To commend:વખાણ ક૦.2.To magnify: ના ગુણ ગાવા. *n*. Laudation; approbation: વખાણ; તારીફ; શાબાશી;સ્તુતિ,પ્રશંસા.2.Worship:સ્તુતિ;ઇશ્વરસ્તવન.

Praiseworthy,(પ્રેઝ્વર્ધિ)*a*. Worthy of applause:વખાણવા લાયક;સ્તુતિ કરવા યોગ્ય.

Prance,(પ્રૅન્સ્)*vi*.To spring or bound, as a horse :કુદવું; કૈકવું.

Prank,(પ્રૅન્ક્)*vt*.To adorn in a shewy manner:ઠાઠમાઠ-દેખાવડું ક૦.*vi*.To make ostentatious show:દીપવું;શોભવું.*n*.A gay or sportive action:ચાળા;નખરાં;ચેષ્ટા;ચસકો;અડપલું.

Prate,(પ્રેટ્)*vi*.To speak foolishly;to babble: બકબકાટ-લવરી ક૦.*vt*.To chatter:બકવું;લવવું.

Prater,(પ્રેટર્)*n*. One who prates:લવરીખોર; બકબકીયો;બકવાદિયો.

Pratique, (પ્રૅટિક્) *n*. Liberty of converse intercourse: વહેવાર રાખવાની રજા; hence a certificate given after compliance with quarantine regulations,permitting a ship to land passengers and crew:ચેપી રોગવાળા વહાણની મનાઇની અવધ પુરી કરી વેપાર કરવા આપેલી રજા ચીઠી.

Prattle,(પ્રૅટલ્)*vi*.To talk much and idly; to prate:લવારો કરવો.*vt*.To babble:બકબક કરવું.*n*. Trifling tatter:લવારો;બાળપ્રલાપ-ભાષણ;બકબક.

Pravity,(પ્રૅવિટિ)*n*.[L.*pravus*.crooked.]Degeneracy;corruption:દુષ્ટપણું;ભ્રષ્ટતા;બીગાડ.

Pray.(પ્રે)*vi* [L *precor*, I ask.] (*a*) To make request with earnestness:કાલાવાલા કરવા.(*b*) Specifically,to address the Supreme Being with adoration, &c.: ઇશ્વર સ્તુતિ-પ્રાર્થના ક૦. *vt* To entreat:-નેકરગરી કહેવું.2. To ask earnestly for:આતુરતાથી વિનતી કરવી.

Prayer,(પ્રેઅર્)*n*. One who prays: ભક્તિ અરજ કરનાર.2.Earnest request:કાલાવાલા;પ્રાર્થના; અરજ;વિનતિ; આજીજી. 3. The form of words used in playing:બંદગી; પ્રાર્થના;ભક્તિ.

Prayer-book,(પ્રેઅર્-બુક્)*n* A book containing devotion at prayers:ઇશ્વર પ્રાર્થનામાળા.

Prayerless,(પ્રેઅર્લેસ્)*a*.Not using prayer; without prayer:નાસ્તિક;પ્રાર્થના નહિકરનારૂં.

Preach,(પ્રીચ્)*vi* [L *pro*, before & *dico*, I proclaim.]To proclaim or publish tidings: બોધ ઉપદેશ કરવો. *vt*. To proclaim religious discourse: ધર્મ કથનમાં કહેવું. 2. To teach by preaching: બોધ-ઉપદેશ કરવો.

Preacher,(પ્રીચર્)*n*. One who preaches:ધર્મોપદેશક;આચાર્ય;ઉપદેશ કર્તા;બોધકર્તા.

Preamble,(પ્રીઍમ્બલ્)*n*. [L *præ*, before & *ambulo*,I walk.]The introductory part of

a statute which states the reason & intent of the law:કાયદો બનાવવાનું કારણ-હેતુ જેમાં કહેલો હોય છે તે ભાગ;કારણભાગ;ઉદ્દેશ;ઉપોદ્ઘાત.

Prebend,(પ્રીબેન્ડ્)*n.*[L.*prœ*, before & *habeo*,I have.]A payment:વર્ષાસન.

Prebendary,(પ્રીબેન્ડરિ)*n.* A clergyman attached to a church who enjoys a prebend: દેવળનું લવાજમ જેને મળે છે તેવો પાદરી.

Precarious,(પ્રીકેરિઅસ્)*a.*[L.*precor*,I pray.] Held by a doubtful tenure;uncertain:અનિશ્ચિત;સંદિગ્ધ;અસ્થિર;અશાશ્વત.

Precative-ory,(પ્રીકેટીવ્-ટોરિ)*a* Suppliant; beseeching:પ્રાર્થના રૂપ; વિનતી કરતું,યાચક,

Precaution,(પ્રીકોશન્)*n.*[L. *proe* before & *caveo*,I am on my guard.]Previous caution or care:આગળથી રાખેલી હોંશીઆરી-સાવચેતી;પૂર્વોપાય;ચોકસાઇ;પેરવી.*vt.*To warn or caution beforehand: આગળથી સાવચેતી આપવી.

Precautionary,(પ્રીકોશનેરિ)*a.* Pertaining to precaution:અગમચેતીપણાનું: પૂર્વોપાયરૂપ.

Precautious,(પ્રીકોશસ્)*a.* Taking or using precaution:પુરતો ઉપાય કરતું-લેતું;સાવચેત.

Precede,(પ્રીસીડ્)*vt.*[L. *proe* before & *cedo*, I go.] To go before in order of time:આગળ જવું-અનવું. 2. To cause to be preceded: પહેલાં મુકવું-જણાવવું.

Precedence-cy, (પ્રીસીડેન્સ્-સિ) *n.* The act or state of preceding or going before in order of time: અગ્રગમન. 2. Superior rank: પહેલો હક;અગ્રસ્થાનાધિકાર;અગ્રપદ;આગેવાની.

Precedent,(પ્રિસીડેન્ટ્)*a.*Going before:પહેલાંનું;પૂર્વગામી-પૂર્વ.(પ્રેસીડેન્ટ્)*n.*An authoritative example:આધાર ગણવા જેવો આગળનો દાખલો.2. A judicial decision which serves as a rule for future determination in similar cases: આધાર ભૂત ફેંસલો;આગલ્યો દાખલો.

Preceding,(પ્રીસીડિંગ્)*a.* Going before:આગલું.3.In the direction toward which stars appear to move:જે દિશામાં તારા ફરતા જણાય છે તે દિશાનું.

Precentor(પ્રીસેન્ટર્)*n.*[L *proe* before& *cano* I sing.]A leader of a choir:ગવાડનાર;મુખ્યગાયક;

Precept,(પ્રીસેપ્ટ્)*n.*[L.*proe* before&*capeo* I take.]A command in writing:આજ્ઞા-હુકમપત્ર. *vt.* To teach by precepts:ઉપદેશ દઇ શીખવવું.

Preceptive,(પ્રીસેપ્ટિવ્)*a* Containing or giving precepts: જેમાં હુકમ-આજ્ઞા લખેલી છે એવું.

Preceptor,(પ્રીસેપ્ટર્)*n* A teacher:ગુરૂ;આચાર્ય

Precinct,(પ્રીસિંક્ટ્)*n* [L.*proe*,before& *cingo* I gird.]A boundary;a district:હદ; પ્રગણું.

Precious,(પ્રેશસ્) *a.* [L. *pretium,* price.] Of great price;costly:ભારે કિંમતનું;કિંમતી;અમૂલ્ય;અપૂર્વ.P.*stone*;a jewel:મણી;રત્ન;જવાહીર.

Precipice,(પ્રેસિપિસ્)*n.*[*proe*,before&*caput*; the head.]A headlong steep:ટેકરો;કરાડ.

Precipient,(પ્રેસિપિએન્ટ્) *a.* Commanding; directing:હુકમ-ફરમાન આપતું-કરતું.

Precipitance-cy,(પ્રીસિપિટેન્સ્-સિ)*n.*Headlong hurry;precipitation: ઉતાવળ; દોડાદોડ.

Precipitant,(પ્રીસિપિટેન્ટ્)*a.*Falling headlong;rushing swiftly:હુડાહુડનું;એકદમઆંખમીંચીને.

Precipitate(પ્રીસિપિટેટ્)*a.*[L *proeceps*,headlong.]Overhasty;rash:બહુ ઉતાવળું. 2. Hurried: ઉતાવળું; વગર વિચારે-આધળીયા કરનારૂ. 3. Headlong:ઉંધે માથે *n.*A chemical insoluble substance:રસાયણિક મિશ્રણ. *vt.* To throw headlong:ઉંધે માથે નાખવું ઢોળી-હડસેલી પાડવું. *vi* To fall headlong:ઉંધે માથે પડવું.

Precipitation,(પ્રીસિપિટેશન્)*n.* The act of precipitating:ઉંધે માથે ઢોળી પાડવું તે; અધઃક્ષેપ. hurry:ઘણીજ ઉતાવળ;લેદોડ;હડાફુટ.

Precipitous,(પ્રેસિપિટસ્)*a.* Steep:ઉભું; સિધું.2.Headlong:ઉંધેમાથે.3.Hasty:ઉતાવળીયું.

Precise,(પ્રીસાઇસ્)*a.* [L *proe* & *coedo*,I cut.] Definite; exact:ચોકસ;પુરૂં;ચોકસાઇ કીધેલું.

Precisely,(પ્રીસાઈસ્લિ)*adv.*In a precise manner:ચોકસ રીતે-કેવળ;ખાસ; બરોબર. [યથાર્થતા.

Precision,(પ્રીસિઝન્)*n* Exactness:ચોકસપણું;

Preclude,(પ્રીક્લ્યૂડ્)*vt.*[L.*proe* before&*claudo* I shut.]To stop:ખાળવું;હરકત ક૦; બાધ કરવો. To render ineffectual:-ને પ્રતિબંધ કરવો.

Preclusion,(પ્રીક્લ્યૂઝન્)*n.*The act of precluding;a shutting out:અટકાવ;નિરોધ;અવરોધ.

Precocious,(પ્રીકોશસ્) *a.* [L. *proe* & *coquo*, I cook:]Developed more than is natural or usual at given time:બાળક છતાં પાકી સમજણનું.

Precocity,(પ્રીકોસિટિ)*n.*Untimely ripeness: પ્રૌઢતા;બાલપ્રૌઢિ;અકાલપક્વતા;અકાલફલિતતા.

Precognition,(પ્રીકોગ્નિશન્)*n.*[L *proe,con*& *nosco*,I know.] Previous cognition:આગલી માહીતી; પૂર્વજ્ઞાન-બોધ.

Preconceive, (પ્રીકોન્સીવ) *vt.* [L.*proe-conceive.*]To form a previous notion or idea of:આગળથી ધારી મૂકવું-મત બાંધવો.

Preconception,(પ્રીકોન્સેપ્શન્)*n.*The act of preconceiving:પૂર્વકલ્પના;અગમચેતી;પૂર્વધારણા.

Preconcert,(પ્રીકોન્સર્ટ્)*vt.*To concert beforehand:આગળથી વિચાર કરવો.*n.*Something concerted before hand:અગાઉથી ગોઠવેલીધારણા.

Precursory,(પ્રીકર્સોરિ) *a.* Preceding as a precursor:આગળથી જણાવેલું.*n.*An introduction:પ્રારંભ;પ્રસ્તાવના;ઉપોદ્ઘાત.

Predaceous,(પ્રીડેશસ્)*a.*[L.*proeda*,prey.] Living by prey;predatory:લુંટ-ચોરી કરીને રહેનારો,

Predal,(પ્રીડૅલ્)*a.*[L.*proeda.*prey.]Pertaining to prey;plundering:શિકાર સંબંધી;લુંટતું.

Predatory,(પ્રીડૅટોરિ)*a.* [L *proeda*, prey.] Plundering; pillaging:લુંટફાટ કરનારૂં.

Predecessor (પ્રીડીસેસર્)*n* [L.*proe*,before,*de* & *cedo*,I go.] One who precedes:પેહેલાં થઇ ગએલો-માજીઅધિકારી;પૂર્વગામી.

Predestine-nate (પ્રોડેસ્ટિન્ નેટ્)*a.* [L. *proe*, before & *destino*,I determine]Fore-ordained;fated:આગળથી ઠેરવેલું-નીમેલું; પૂર્વનિર્મિત. *vt.* To predetermine:આગળથી નીમી મૂકવું.

Predestination,(પ્રીડેસ્ટિનેશન્)*n.*The purpose of God from eternity respecting all events:નિર્માણ;દૈવવાદ;પ્રારબ્ધવાદ;નિર્માણવાદ.

Predetermination,(પ્રોડીટર્મિનેશન્)*n.* The act of previous determination:પૂર્વ સંકલ્પ.

Predetermine,(પ્રીડીટર્મિન્)*vt.* [*Pre determine.*]To determine beforehand:આગળથી નિશ્ચય કરવો; પ્રારબ્ધમાંલખી મુકવું.

Predicable,(પ્રેડિકૅબલ્)*a.* Affirmable:attributable:છે એમ કહી શકાય એવું; વિધાનયોગ્ય.

Predicament,(પ્રીડિકૅમેન્ટ્)*n.*(*a*)Condition; particular situation or state:પદાર્થ;વર્ગ;જાતિ (*b*)Esp.,an unfortunate or trying position: દુરવધા;પીડા;વિટંબના; આપદા;હાલ;દશા; સ્થિતિ.

Predicate,(પ્રેડિકેટ્) *vt.* [L. *proe* & *dico*,I publish.]To assert to belong to something to affirm:કોઇને વિષે કાંઈ છે એમ કહેવું. *vi.* To affirm something of another thing: બીજા વિષે કાંઈ કહેવું-નક્કી કરવું. *n.* That which is affirmed of the subject:વિધેય;વાચ્ય.

Predication,(પ્રેડિકેશન્)*n.*The act of predicating; affirmation:વિધાન;નિર્દેશ;અભિમાન.

Predict,(પ્રીડિક્ટ્)*vt.*[L.*proe* before & *dico*,I say.]To foretell:ભવિષ્ય ભાખવું;-ભવિષ્યકહેવું.

Prediction,(પ્રીડિકશન્)*n.* The act of foretelling:ભાવીકથન;ભવિષ્યદ્વાદ;સમાદેશ;ભવિષ્યવાણી

Predictive,(પ્રીડિક્ટિવ્)*a.* Foretelling:અગમસૂચક;ભવિષ્ય કહેનારૂં-ભાખનારૂં.

Predictor,(પ્રીડિકટર્)*n.*One who predicts;a foreteller:ભવિષ્ય સૂચવનાર-કરનાર;પૂર્વવાદિ.

Predilection,(પ્રીડિલેકશન્)*n.*[L. *præ*, *de* & *lego*, I choose.]A previous liking:આગળથી લાગી ગએલો ભાગ-પ્રીતિ; પૂર્વસ્નેહ;અનુરાગ;પક્ષપાત.

Predisposition,(પ્રીડિસ્પોઝિશન)*n.*Previous inclination;predilection:આગળથી થએલીવૃત્તિ.

Predominance-y, (પ્રીડૅામિનૅન્સ્-ન્સિ)*n.* Ascendency;prevalence:પ્રાધાન્ય;પ્રબળપ્રાબલ્ય,2. The superior influence of a planet:તારાનું પ્રબળ.

Predominant,(પ્રીડૅામિનૅન્ટ્) *a.* Having the ascendency over others;prevailing:જોરપર આવેલું,વિશેષ પ્રાબલ્યવાન,પ્રબળ; વિશિષ્ટ; અધિક.

Predominate,(પ્રીડૅામિનેટ્)*vi.*[L. *proe*,& *dominus*,a ruler.]To prevail:પ્રબળ હોવું.*vt* To rule over:બીજાથી ચઢીઆતા થવું.

Pre-eminence,(પ્રીએમિનેન્સ્)*n.*Superiority in prominence:શ્રેષ્ઠતા;સર્વોપરીપણું;ઉત્કર્ષ.

Pre-eminent, (પ્રીએમિનેન્ટ્) *a.* [L. *proe*, & *mineo*,I jut out.]Eminent above others; superior in excellence:શ્રેષ્ઠ;મુખ્ય;સર્વોપરી.

Pre-emption,(પ્રી-એમ્શન્)*n.*[L.*proe* & *emo*, I buy.] The right of purchasing before others:વેચાતું લેવાનો સૌથી પહેલો હક;અગ્ર ક્રયાધિકાર.

Pre-engagement, (પ્રી-એન્ગેજ્મેન્ટ્)*n.* Prior engagement:અગાઉથી કરેલી બોલી;પહેલાંની આસક્તિ.

Pre-exist,(પ્રીએગ્ઝિસ્ટ્)*vi.*To exist previously:કોઇથી પહેલાં થવું; હોવું.

Pre-existent, (પ્રિએગ્ઝિસ્ટેન્ટ્) *n.* Existing previously:કશાની પહેલાં હોનારૂં;પૂર્વભાવી;પૂર્વભૂત.

Preface,(પ્રીફેસ્)*n.*[L.*proe* &*fatus*,spoken.] An introduction:દિબાચો;પ્રસ્તાવનાં;ઉપોદ્ઘાત. *vt.* To give a preface of:પ્રસ્તાવના લખવી.

Prefect,(પ્રીફેક્ટ્)*n.*[L. *proe* before & *facio*,I make.]A superintendent of a department: સુબો;સરદાર;અધ્યક્ષ.

Prefer,(પ્રીફર્)*vt.* [L. *proe* before & *fero*, I bear.] To outrank; to surpass:-થી ચઢીયાતા શ્રેષ્ઠ હોવું.2. To choose:વધારે પસંદ ક૦.

Preferable,(પ્રેફરૅબલ્)*a.*Worthy to be preferred;more desirable:વધારે પસંદ કરવા જેવું.

Preference,(પ્રેફરેન્સ્)*n.* Predilection; choice:વધારે પસંદ કરવું તે; અભિરૂચિ; પસંદગી.

Preferment, (પ્રીફર્મેન્ટ્) *n.* The act of choosing:મોટો દરજ્જો આપવો.2.A position of honour:મોટી જગો-દરજ્જો-પદવી.

Prefigurative,(પ્રીફીગ્યૂરેટિવ્)*a.*Showing by prefiguration:આગળથી ચિન્હ-ડોળ બતાવી આપવું.

Prefigure,(પ્રીફીગ્યૂર્)*vt.*[L *proe*,before&*figura*,shape.]To show by antecedent types and similitudes:આગળથી બતાવવું.

Prefix,(પ્રીફિક્સ્)*vt.*[L.*proe*,&*figo*,I fix.]To put before:આગળ મૂકવું;ઉપસર્ગ લગાડવો.*n.*That which is prefixed:શબ્દને આરંભે આવી તેનામૂળ અર્થમાં ફેરફાર કરનાર શબ્દ; ઉપસર્ગ.

Pregnancy,(પ્રેગ્નૅન્સિ)*n.* The condition of being pregnant:સગર્ભાવસ્થા;ગાભરાપણું.2.ગૌરવ.

Pregnant,(પ્રેગ્નૅન્ટ્)*a* [L.*proe*&*gnatus*,born] Being with young,as a female:દહાડાવાળું; ભારેવાઈ;ગર્ભવંતી.2.Full of promise:ભરપૂર.

Prehensible,(પ્રીહેન્સિબલ્)*a.* Capable of being seized: પકડી ઝીલી શકાય એવું.

Prejudge,(પ્રીજજ્)*vt.*[L. *præ* & *judico*, I judge.] To judge before hearing: ચોકસી કીધા વિના નિવેડો કરવો;કાચે પાયે મત બાંધવો.

Prejudgment, (પ્રીજજ્મેન્ટ્) *n.* The act of prejudging:પૂરી તપાસ કીધા વિના કરેલો ઠરાવ.

Prejudice,(પ્રેજ્યૂડિસ્)*n.* [L.*præ*, before & *judicium*,judgment.]An opinion formed without due examination:આગળથી પુરી તપાસ કર્યા વિના કોઈના વિરુદ્ધ બંધાઇ ગએલો વિચાર.3. A bias on the part of judge,jury or witness:ન્યાયાધિશ,પંચ કે સાક્ષીનું એક તરફી વહેમાણું તે.4.Hurt:નુકશાન;ઇજા;હરકત;હાનિ.*vt* To cause to have prejudice: ના મનમાં સારો વિચાર ભરાવી-લાવી-બંધાવી દેવો.(*against*) ના મનમાં આડો વિચાર બેસાડવો.2.To injure;to damage:ધોકો લગાડવો;હરકત પહોંચાડવી;નુકશાન ક૦.

Prejudicial, (પ્રેજ્યૂડિશૅલ્) *a.* Biased by prejudices:નુકશાન કરે એવું; નુકશાનકારક;અપકારક.

Prelacy,(પ્રીલૅસિ)*n.* (*a*) The office of a prelate:(ખ્રીસ્તિ)અધ્યક્ષ પદવી.(*b*,Church government by prelates.(ખ્રીસ્તિ)ધર્માધ્યક્ષો કરતા હોય એવો વહિવટ.2.The order of prelates taken collectively:(ખ્રીસ્તિ) અધ્યક્ષ-ધર્માધ્યક્ષમંડળ.

Prelate,(પ્રીલૅટ્)*n* [L.*præ* & *latus*,carried.] A clergyman of a superior order:(ખ્રિસ્તિ) ઉપરી;અધ્યક્ષ;ધર્માધ્યક્ષ.

Prelecter,(પ્રીલેક્ટર્)*n* A reader of lectures; a lecturer:પાઠક;ભાષણ વાંચનાર;વક્તા;ભાષણકર્તા.

Preliminary,(પ્રીલિમિનૅરિ) *n.* That which precedes the main discourse or work:પહેલાં કરવાનું કામ;પૂર્વાંગ *a* [L*pre* & *liminaris* belonging to a threshold.] Introductory; previous:પ્રાથમિક;શરૂઆતનું;પ્રાસ્તાવિક;પૂર્વાંગરૂપ.

Prelude.(પ્રીલ્યૂડ)*n.*[L*pre*,before & *ludo*, I play.]An introductory performance:પૂર્વગાન પૂર્વરંગ.*vi* To play an introduction:શરૂઆતનું ગાયન કરવું.*vt.*To introduce with a previous performance:પ્રથમદર્શન ક૦; આરંભ ક૦.2. To serve as prelude to:ના પ્રસ્તાવનારૂપ થવું.

Premature,(પ્રીમૅટ્યૂર્)*a.*]L*pre* & *maturus*, ripe.]Ripe before the proper time: અકાલપક્વ; વહેલું પાકેલું. Happening before the proper time:અકાલિક P *death*:અકાળમૃત્યુ.

Premeditate;(પ્રીમેડિટેટ્)*vt.*[L. *præ*,& *meditor*,I meditate.]To think on and resolve in the mind beforehand:મનમાં આગળથી ગોઠવી રાખવું.*vi.*To think beforehand: પહેલાંથી વિચાર ક૦;આગળથી ઘાટ ગોઠવવો.

Premeditation,(પ્રીમેડિટેશન્)*n.* The act of meditating beforehand: આગળથી ગોઠવેલી યોજના;પૂર્વસંકલ્પ. [ફાલ: ફળ;નવાન્ન

Premices,(પ્રેમિસિઝ્)*n.*First fruits:નવો પહેલો

Premier,(પ્રીમિઅર્)*a.*[L.*primus* the first.] First;chief: પ્રમુખ. *n.* The first minister of state: મુખ્ય પ્રધાન-વજીર.

Premiership, (પ્રીમિઅર્શિપ્)*n.* The office of the premier:પ્રધાનની જગો;પ્રધાનપદ.

Premise,(પ્રેમિસ્)*n.*[L.*prae* before & *mitto*, I send]A proposition antecedently supposed:આગળથી કહેલુંતે;પ્રતિજ્ઞા;સાધન.*Major* p. પૂર્વસાધન.*Minor* p.:ગૌણસાધન.2. A piece of real estate;building & its adjuncts: મકાન અને તેની હદ;ઘર અને તેના અંગનો ભાગ.

Premium,(પ્રીમિઅમ્)*n.*[L *præ*,before & *emo*, I take.]A reward:ઇનામ;બક્ષિસ.2. A sum of money paid to underwriters for insurance:વિમો ઉતરાવનારે આપવાનો હફતો;'પ્રીમિઅમ્' 3. A sum in advance of the nominal value of anything:ઉપર ભાવ;વટાવ;ચઢાવો;વધારો.

Premonish,(પ્રીમૉનીશ્)*vt.* [L. *præ* & *moneo* I remind.]To forewarn:આગળથી ચેતવવું.

Premonition,(પ્રીમૉનિશન્)*n* Previous warning;fore-warning:આગળથી મળેલી ચેતવણી.

Premonitory,(પ્રીમૉનિટૅરિ)*a* Giving previous warning:પૂર્વસૂચક;પૂર્વ પ્રબોધક.

Prenotion, (પ્રીનૉશન્) *n.* A notice which precedes something else in time:પૂર્વજ્ઞાન.

Preoccupancy,(પ્રીઑક્યૂપૅન્સિ)*n.*The act or right of taking possession before another અગાઉથી કબજો-ભોગવટો વહિવટ ક૦ તે;પૂર્વભોગ;ધારણ

Preoccupation,(પ્રીઑક્યૂપેશન્) *n.* The act of preoccupying:અગાઉથી કરેલો કબજો-ભોગવટો.

Preoccupy,(પ્રીઑક્યૂપાઇ)*vt.* [L. *præ*, *ob* & *capio*,I take.] To take possession of before another:આગળથી કબજો-ભોગવટો કરી લેવો.

Preopinion, (પ્રીઑપિનિઑન્) *n.* Opinion previously formed:આગળથી કરેલો વિચાર.

Preordain,(પ્રીઑર્ડેન્)*vt.* To ordain before hand:આગળથી મુકરર કરવું; નિર્માણ-નક્કી કરવું.

Prepaid, (પ્રીપેડ્) *a.* Paid or given beforehand:આગળથી આપેલું-ચુકવેલું-ભરેલું.

Preparation(પ્રીપૅરેશન્)*n.*Previous arrangement or adaptation:તૈયારી; પૂર્વોપાય; તજવીજ; ગોઠવણ.2.Readiness; fitness:કમરબંધી 3. A preparatory act:આગળથી કીધેલો ઉપાય.

Preparative(પ્રીપૅરેટિવ્) *a.* Preparatory:તૈયાર-લાયક થઇ રહેવાય-કરે એવું *n.* That which prepares:જેથી તૈયાર થઇ જવાય-રહેવાય એવું કંઇ.

Preparatory, (પ્રીપૅરૅટૉરિ) *a.* Introductory; preparative:આગળથી કીધેલું-કરવાનું;પ્રથમ;આદ્ય.

Prepare, (પ્રીપેર્) *vt.* [L. *proe* & *paro*,I get ready.] To make ready:તૈયાર કરી મૂકવું. 2. To get ready:મેળવી મૂકવું;તૈયાર કરી રાખવું.

Prepay,(પ્રીપે)*vt.*To pay in advance:આગળથી આપવું.

Prepense,(પ્રીપેન્સ્)*vt.*[L.*proe*, & *pendo*, I weigh.]To weigh or consider beforehand:

આગળથી વિચાર કરવો.*vi* To deliberate beforehand:પહેલાંથી વિચાર કરવો.*a.* Preconceived: અગાઉથી વિચાર કરીને કરેલું;ગોઠવી રાખેલું.

Preponderance-tion,(પ્રીપૉન્ડરેન્સ્-રેશન્)*n.* The quality or state of being preponperant:વધારે ભાર-વજન;પ્રબળ;ગૌરવ;પ્રાધાન્ય;પ્રધાનતા

Preponderate,(પ્રીપૉન્ડ્રેટ્)*vt.*[L *proe,* before & *pondus,* weight.] To out-weigh;to overbalance:વધારે ભારે થવું;નમવું 2.To overpower by stronger influence or moral power:વધારે પ્રબળહોવું *vi.* To exceed in weight:વજનમાં વધવું.

Preposition,(પ્રેપૉઝિશન્)*n* [L *proe,*before& *pono,*I put.]A word emploped to connect a noun or pronoun:શબ્દયોગી અવ્યય.

Prepositional,(પ્રેપૉઝિશનલ્) *a.* Pertaining to a preposition:નામયોગીનું-ના જેવું.

Prepossess,(પ્રીપૉઝેસ્)*vt.* To take previous possession of: આગળથી ભોગવટો હેવો. 2 To preoccupy as the mind so as to preclude other things:ના મનમાં પહેલાંથી અસર કo.

Prepossession, (પ્રીપૉઝેશન્) *n.* Prior possession;પેહેલો ભોગવટો. 2. Previous impression;bias:પહેલેથી ચોટી ગએલો ભાવ;આસ્થા;પક્ષપાત

Preposterous,(પ્રીપૉસ્ટરસ્)*a.*[L.*prœ,*before & *posterus,* coming after.] Having that first which ought to be last:જેમાં પહેલું તે છેલ્લું ને ઉલ્લું એવું;વિપરીત;ઉંધું;ઉંધ બુધિયું

Prepotency, (પ્રીપૉટેન્સિ) *n.* The quality of being prepotent:શ્રેષ્ઠતા;ચઢીઆતાપણું.

Prerogative,(પ્રીરૉગેટિવ્)*n.* [L *prœ,* before & *rogo,*I ask.] An exclusive or peculiar privilege:ખાસ હક;વિશેષ સત્તા-અધિકાર.

Presage,(પ્રીસેજ્)*vi* [L. *proe,* & *sagio,*I perceive acutely.]To foreknow: આગળથી જાણવું. *n.*An omen; an augury: કંઈ ભાવિ નિશાની-ચિન્હ;શુભચિન્હ.2 Foreknowledge: અગમજ્ઞાન.

Presbyterian,(પ્રેસ્બિટિરિએન્)*a.*Pertaining to a presbyter:ખ્રિસ્તી વડીલો સંબંધી.*n.*A member of the Presbyterian church: ખ્રિસ્તી વડીલોની સત્તાવાળા ખ્રિસ્તી મંડળમાંનો એક માણસ.

Presbytery,(પ્રેસ્બિટેરિ)*n.*A body of elders in the early Christian church:ખ્રિસ્તી વડીલોનુંમંડળ

Prescience, (પ્રીશિએન્સ્) *n.* Knowledge of events before they take place: ભાવિજ્ઞાન.

Prescribe,(પ્રીસ્ક્રાઇબ્)*vt.* [L. *proe,* & *scribo,* I write.]To dictate;to appoint:બતાવવું;કહેવું; આપવું.2.To direct,as a remedy to be used by a patient: ઉપચાર બતાવવો. *vi.* To give directions:(ચાલવાનો) રસ્તો ધોરણ રીત બતાવવી કહેવી.2.To give medical directions: ઓસડ લખી આપવું તે ઉપાય કહેવો બતાવવો.

Prescript,(પ્રીસ્ક્રિપ્ટ્)*a.*Directed;prescribed: બતાવેલું-જણાવેલું *n.*Direction: સૂચના; ફરમાન. 2.A medical prescription:વૈદે-ડાક્તરે બતાવેલી-લખી આપેલી દવા.

Prescription, (પ્રીસ્ક્રિપ્શન્) *n.* Direction: નિર્દેશ;વિધાન;આદેશ.2.A medical recipe:આપેલું-કહેલું ઓસડ. 3. લાંબો ભોગવટો-કબજો-વહીવટ.

Prescriptive,(પ્રીસ્ક્રિપ્ટિવ્) *a* Acquired by immemorial use and enjoyment: કાયદામાં કહેલી મુદત ઉપરાંતના-ઘણા વરસના ભોગવટાથી સંપાદન કરેલું;લાંબા ભોગવટાનું-સંબંધી.

Presence, (પ્રેઝેન્સ્) *n.* The state of being present:હાજરી;વિદ્યમાનતા;મોજુદી; સમક્ષતા. 2. Person;personality:હજૂર; ખુદ. **P.** *chamber or* **p.***room*:મોટા લોકોનો મુલાકાત લેવાનો ઓરડો; દિવાનખાનું.**P** *of mind*:સમયસૂચકતા;સાવધાની.

Present,(પ્રેઝેન્ટ્)*a* [L. *prae,* before & *esse,*to be.] Being at hand;within reach or call: હાજર;મોજુદ.2.New existing:હમણાં; વિદ્યમાન; આધુનિક;વર્તમાન:ચાલતું:મસ્તુત.**P**.*tense*: વર્તમાનકાળ 3.Instant:તરતનું.4 Ready:પ્રત્યક્ષ; હાજર; હજુર.5.Favorably attentive:હાજર. *n.* Present time: ચાલતો-વર્તમાન વખત. 2. Present letters or instrument: લેખ; દસ્તાવેજ. 3 A form of the verb denoting present tense: વર્તમાનકાળ.4.Gift:બક્ષિસ; ભેટ; નજરાણું. **At p.** now:હાલ *For the* **p** for the time being:ચાલતો થોડો વખત *vt* (પ્રીઝેન્ટ્)To introduce formally:કોઈની રૂબરૂ કે હજુરમાં તેડી લાવવું. 2. To exhibit or offer to view:મોં-આંખ આગળ મુકવું. 3.To deliver: હાથમાં આપવું. 4. To make a gift of:ની ભેટ કo;બક્ષવું 5 To lay before a public body for consideration: રજુ કo 6. To lay before a court as an object of inquiry: તપાસ માટે રજુ કરવું.7.To aim point,or direct,as a weapon:ની સામે ધરવું.*n* A gift;a donative:ભેટ.

Presentable.(પ્રીઝન્ટેબલ)*a.* Capable or admitting of being presented:કોઈની રૂબરૂ હજુરમાં તેડી જવા જેવું લાયક;કહેવા યોગ્ય;નિવેદનીય

Presentation,(પ્રેઝેન્ટેશન્)*n.*A setting forth an offering: નિવેદન;પ્રતિપાદન **P.** *of an oblation*:બલિદાન.3 A present;a gift:ભેટ;બક્ષીશ.

Presentiment,(પ્રીસેન્ટિમેન્ટ્)*n.* [L *proe,* & *sentio,*I feel.](*a*)Previous sentiment; previous apprehension: આમ થશે એમ આગળથી મનમાં આવી ગએલો વિચાર;અગમભાસ-ભાસના. (*b*) *Esp.,* anticipation of evil: માઠી વાત મનમાં આવવી.

Presently,(પ્રેઝેન્ટ્લિ)*adv.*At present;now:તત્કાળ;હમણાંજ;તરતજ.2. After a little while: થોડીવારમાં;જરા રહીને

Presentment, (પ્રીઝેન્ટ્મેન્ટ્) *n.* The act of

presenting:ધરવું-રજુ કરવું તે; નિવેદન; ગુજારણી; પ્રદર્શન.P.*of a bill of exchange*:હુંડી-નો દેખાડ.
Preservation,(પ્રીઝર્વેશન)*n.*Security; safety:બચાવ;રક્ષણ;જતન;પાલન;સંરક્ષણ.
Preservative, (પ્રીઝર્વેટિવ) *a.* Having the power of preserving:કોહે-બગડે નહીં એવું. *n.* That which preserves;a preservative agent: રક્ષક;પાલક;બચાવ રક્ષણ કરનાર;બચાવ-રક્ષણનો ઉપાય.
Preserve.(પ્રીઝર્વ્)*vt.*[L *proe*,before & *servo*, I save.] To guard or defend from evil: બચાવવું;જાળવવું;સંભાળવું.2. To save from decay by the use of some preservative substance:બગડવા ન દેવું;મુરબ્બો કo.*n.*That which is preserved:મુરબ્બો;અથાણું.
Preserver,(પ્રીઝર્વર્)*n.* One who preserves from destruction:બચાવનાર; તારનાર.
Preside,(પ્રીઝાઈડ્)*vi* [L *proe*,before& *sedeo*, I sit.] To occupy the place of authority: સરનશીન-પ્રમુખનું કામ કરવું.2. To watch over: દેખરેખ રાખવી;અધ્યક્ષપણું કરવું.
Presidency,(પ્રેઝિડેન્સિ) *n.* The function or condition of one who presides:પ્રમુખતા. 2. The office of a president:રાજ્યનિયંતા-પ્રેસીડન્ટપણું;અધ્યક્ષતા.3. ઇલાકો.
President, (પ્રેઝિડેન્ટ્) *n.* The presiding officer:પ્રમુખ;અધ્યક્ષ;સરનશીન;અધિપતિ; પ્રભુ.
Presidential, (પ્રેઝિડેન્શિઅલ્) *a.* Presiding or watching over:પ્રમુખ અધિષ્ઠાતાનું
Presidentship,(પ્રેઝિડેન્ટ્ શિપ્)*n.* See. **Presidency,** No 2.
Presignify,(પ્રીસિગ્નિફાઇ)*vt* [L *proe*,*signify*:] To intimate beforehand:આગળથી કહી બતાવવું
Press,(પ્રેસ્)*vt* [L. *premo*, I press] To bear upon; to squeeze:દાબવું; ચાંપવું. 2. To squeeze, in order to extract the juice of: દાબવું;નીચોવવું. 3. (*a*) To squeeze in or with suitable instruments or apparatus in order to compact:સાંચાથી-બીજા હથિયારથી દાબીને નાનું કo-ઠીસુ કરવું 4.To embrace closely;to hug: (છાતી સરસુ) દાબવું; ચાંપવું; જોરથી ભેટવું. 5. To oppress:દુઃખ દેવું 6 To constrain; to force: ફરજ પાડવી.7.To enforce:મનમાં ઠસાવવું 8.To drive with violence: જોરથી આગળ કરવું. *vi.* To exert pressure:જોરથી પહોંચવું 2.To crowd ઘેરવું.3.To exert a strong or compelling influence:બળ કરીને આવવું. *n* (*a*) An apparatus by which any substance is pressed: દાબવાનો સંચો 2. Printing press:છાપવાનો સંચો-યંત્ર;મુદ્રાયંત્ર; પ્રેસ; છાપખાનું. 3 The art or business of printing and publishing: છાપવાનું કામ.Hence printed publications,especially newspapers:છાપા-લેખ; વર્તમાનપત્રો.4. Urgent demands of business;urgency:ભીડ. ભરાવો;ધાઈ;દાઢી.*Liberty of the* p :છાપખાનાની છુટ.
Pressing,(પ્રેસિંગ્)*a.* Urgent; exacting:અકળાવનારૂં;આગ્રહ ભરેલું;તાકીદનું;હડહડતું.
Pressure, (પ્રેસ્યૂર્) *n.* The act of pressing: compression:દાબવું-ચાપવું તે;ભાર.2.A constraining force of any kind:દાબણ.3. Affliction: માર;પીડા.Urgency:ઘણું કામ.5 Impression:છાપ.
Press-work,(પ્રેસ્-વર્ક્)*n.*The art of printing from the surface of type:છાપો ઉતારવાનું કામ.
Prestige, (પ્રેસ્ટિજ્) *n.* [L. *prestigium*, a delusion.] Influence derived from past success:પ્રતિષ્ઠા;ગૌરવતા;મોમો;આબરૂ; છાપ.
Presto,(પ્રેસ્ટો) *adv.* [L. *proe* & *sto*,I stand] Quickly;in haste:જલદી;વહેલાં;એકદમ;સત્વર.
Presumable,(પ્રીઝ્યૂમેબલ્) *a.* Such as may be presumed or supposed to be true: અનુમાન થઈ જવા યોગ્ય;ખરૂં માનવા લાયક.
Presume(પ્રીઝ્યૂમ્)*vi* [L *proe*,&*sumo*,I take] To suppose or assume something to be true:પુરાવા વગર-સંભવ ઉપરથી ખરૂં માનવું. 2. To venture beyond license:મર્યાદા મુકીને ચાલવું-બોલવું. *vt.* To assume or take beforehand:માનવું;ગણવું 2. To infer:અનુમાન કo.
Presuming,(પ્રીઝ્યૂમિંગ્)*a.* Confident, arrogant:હદપાર જનાર;મર્યાદામુકી ચાલનાર;અભિમાની.
Presumption,(પ્રીઝમ્પ્શન્)*n.*The act of presuming or believing upon probable evidence:અનુમાન;તર્ક. 2 Ground for presuming; strong probability: સંભાવના;કારણ.3 Arrogance; effrontery:અહંકાર;શેખી; તોર; ગુમાન; અભિમાન.P. *of fact*:પુરવાર થએલી હકીકત ઉપરથી તેના સંબંધ પરત્વે બીજી હકીકત ખરી છે એમ માનવું તે.P. *of law*:કાયદાએ કરેલું અનુમાન.
Presumptive,(પ્રીઝમ્ટિવ્) *a.* Grounded on probable evidence:અનુમાનસિદ્ધ P. *heir*:સંભાવિત સ્થાનાધિકારી. 2. Arrogant; presumptuous:અભિમાની;ફાંકો રાખનાર.
Presumptuous, (પ્રીઝમ્ટ્યૂઅસ્)*a.*Arrogant; insolent:ગુમાની; અહંકારી. 2. Founded on presumption:અમર્યાદ;અભિમાન ભરેલું.
Presuppose,(પ્રીસપોઝ્) *vt.* To suppose beforehand:અગાઉથી કલ્પના કo;પૂર્વભાવના કo.
Pretence, (પ્રીટેન્સ્) *n* A pretension: ખોટું બહાનું બતાવવું તે. 2. False show:બહાનું;ડોળ
Pretend,(પ્રીટેન્ડ્)*vt.* [L *proe*, before&*tendo*, I stretch.]To lay a claim to: નો હક-દાવો કo -નું અભિમાન ધરાવવું 2. To exhibit as a veil for something hidden:ઢોંગ કરવો.3 To feign -નું ડોળ કo. 4. To plot: પ્રપંચ-કાવતરૂં કરવું. *vi.* To allege a title:હક-દાવો કo-રાખવો.
Pretender,(પ્રીટેન્ડર્)*n.*One who lays claim:

a claimant:હક દાવો કરનાર-ધરાવનાર.
Pretension,(પ્રીટેન્શન્)*n.*The act of pretending or laying claim. હક દાવો બાંધવો-રાખવો તે.2. A claim:હક,દાવો 3. બડાઈ
Pretentious,(પ્રીટેન્શસ્) *a.* Full of pretension; assuming:બડાઈ કરનારૂં;ડોળી.
Preterit,(પ્રેટરિટ્)*n.*[L*proeter*,beyond & *eo*, I go.]The preterit tense:ભૂતકાળ;પૂર્ણ ભૂતકાળ.
Preternatural,(પ્રીટર્નેચ્યુરલ્)*a.* Strange;irregular; uncomon:અદ્ભુત;કુદરતી રીત બહારનું.
Preterperfect, (પ્રીટર્પર્ફેક્ટ્) *n.* Ano old name of the tense a'so called preterit:સ- પૂર્ણ ભૂતકાળ.
Pretext,(પ્રીટેક્સ્ટ્)*n.*[L.*proe*,before &*texo*,I weave.]Pretence:બહાનું;ઢોંગ,મિષ;નિમિત્ત.
Pretty,(પ્રેટિ)*adv* In some degree; moderately:થોડું ઘણું.*a.*Pleasing by delicacy, having slight beauty:સારૂં;શોભિતું 2. Affectedly nice:ન્હાનું સરખું;નાજુકડું.
Prevail,(પ્રીવેલ્)*vi* [L*pre* before & *valeo*,I am strong.] To overcome;to gain the advantage:ફાવવું;-નું જોર ચાલવું 2.To be in force; to have effect:ચાલવું; ચાલુ અમલમાં હોવું 3.To persuade (with *upon*):મનાવવું;સમજાવવું.
Prevailing. (પ્રીવેલિંગ્) *a.* Efficacious: લાગુ થઈ ગએલું.2.Prevalent:ચાલતું;ચાલુ; પસરતું.
Prevalence,(પ્રેવેલેન્સ્)*n.* The condition of being prevalent:પ્રબળ;ફેલાવો;પ્રચાર;ચાલ
Prevalent,(પ્રેવેલેન્ટ્)*a.* Prevailing:ચાલતું,બળ- જોર પકડનારૂં;પ્રબળ.2.Most generally received બહુ લોકના મનમાં આવેલું.
Prevaricate,(પ્રીવેરિકેટ્)*vi.*[L. *proe*, before &*varico*,I straddle.]To undertake a thing falsely and deceitfully:કંઈપણ વાત નાબુદ કo -ને મારે ન્હોરી લેવી-લેઈ લેવી.*vt.*To transgress:બે મોઢે બોલવું;બેવચની થવું.
Prevarication, (પ્રીવેરિકેશન્) *n.* A deviation from the truth and fair dealing:જવાબ દેવામાં આડુ ફાટવું તે; ગુસાંટ.
Prevaricator, (પ્રીવેરિકેટર્) *n* One who prevaricates:જવાબમાં આડો ફાટનાર; હીનવાદી. 2. A sham dealer:જુઠી જનાર;તરકટ કરનાર.
Prevent,(પ્રીવેન્ટ્)*vt.*[L *proe*&*venio*,I come] To hinder:અડચણ કરવી;રોકવું; અટકાવવું.
Prevention,(પ્રીવેન્શન્)*n.* The act of going before:અટકાવ;પ્રતિબંધ;પ્રતિકાર; નિવારણ;વારણ.
Preventive, (પ્રીવેન્ટિવ્) *a.* Tending to defeat:થાય-બને જ નહીં એવું;ફરીથી ઉભળે નહીં એવું. *n.*(*a*)That which prevents:નુકસાન ન થાય નહીં એવો ઇલાજ ઉપાય. (*b*) Something to prevent disease:રોગ ઉભળે નહીં એવું ઓસડ.
Previous,(પ્રીવિઅસ્) [L.*proe*,before & *via*, the way.]Antecedent:પૂર્વનું;પહેલાનું.
Previously,(પ્રીવિઅસ્લિ) *adv.* Beforehand; antecedently:આગળથી;અગાઉ;પૂર્વે.
Prevision,(પ્રીવિઝન્)*n.*Foresight: અગમચેતી.
Prey,(પ્રે)*n.*[L *proeda*,the property taken in war.] Spoil: લૂંટ. 2. That which is seized by animals:શિકાર;ભક્ષ્ય *vi.* To take booty: લુંટવું;ઝડપી-ઝુંટી લેવું.*To* p. *on or upon* (*a*)to pillage:લુટવું.(*b*)To seize as prey:શિકાર પકડવો.
Preyer, (પ્રેઅર્) *n.* One who or that which preys:શિકારી;શિકાર કરનાર.
Price,(પ્રાઈસ્)*n.*[L.*pretium*.]Cost: કિંમત.*vt.* To pay the price of:કિંમત આપવી.
Prick,(પ્રિક્)*n* [Gr.*pro*,forward& *aie*,point] A goad;a point: ફાંસ; અણી;કાંટો. 2. A sharp, stinging point:ચટકો;ખટકો;ચણચણાટ;કાંટો.*vt.* To drive a fine point into:ગોચવું; ભોકવું. 2. To fix by the point:ખોસી દેવું.2.(*a*)To spur: આર મારવી.3.To sting, as with remorse:ખટકો લગાડવો 4. To drive a nail into: (ઘોડાના પગમાં) લંગડો થાય એમ ખીલો ઠોકવો. *vi.* To be punctured: કાણું થવું;કળતર થવું.
Prickle, (પ્રિકલ્) *n* A little prick:કાંટો. 2. A kind of willow basket:એક જાતની વાંસની ટોપલી.*vt.* To prick slightly:ધીમે ઘોચવું.
Prickly,(પ્રિક્લિ)*a* Full of sharp points:કાંટાવાળું P *heat*:શરીર લાલ ઢીમણા થવા તે;શીલ ધામ તે.
Pride, (પ્રાઇડ્) *n.* The quality or state of being proud:અહંકાર;ગર્વ; અભિમાન;દંભ; તોર. (*in good sense*):સદભિમાન 2. Show; glory: ભપકો;ઠાઠ.P. *of the desert*,the camel:ઉંટ.*vt.* To rate highly: મોટાઇ માનવી-મારવી. *vi.* To be proud:અભિમાન ધરવું;પતરાજી કરવી.
Priest,(પ્રીસ્ટ્)*n* (See, **presbyter**) A presbyter or elder; a minister: બિશપથી ઉતરતા અને ડીકનથી ચડતા દરજ્જાનો પાદરી.*Family*. p.: કુલાચાર્ય.
Priest-craft,(પ્રીસ્ટ્ક્રૅફ્ટ્)*n.* Priestly policy: ઉપાધ્યાયના દાવપેચ-પ્રપંચ-છળ.
Priesthood, (પ્રીસ્ટ્હુડ્) *n.* The office or character of a priest:ધર્માધિકારીપણું;ધર્માધિકારીની પદવી;પુરોહિતવૃતિ;ઉપાધ્યાયપદ.
Priestliness, (પ્રીસ્ટ્લિનેસ્) *n.* The state or quality of being priestly:ધર્માધિકારીઓનીવૃત્તિ.
Priestly,(પ્રીસ્ટ્લિ) *a* Pertaining to a priest; sacerdotal:અધ્વારૂના જેવું;યાજકિય;પુરોહિતનું.
Prig,(પ્રિગ્)*vi.*To haggle about the price of a commodity:માલનીકિંમત કરાવવામાં રકઝક કo. *n.* A conceited fellow:અહંકારી માણસ.
Priggish,(પ્રિગિશ્)*a.*Like a prig: તોછડું.
Prim,(પ્રિમ્)*a.*[L *primus*,first.]Formal;precise:યથાવિધિ ચાલનાર;સીધું અતિસૂક્ષ્મ. *vt.* To

deck with great nicety:શણગારવું.

Primacy,(પ્રાઇમૅસિ)*n*.[L *primus*,first.] The officeor rank of a primate:મુખ્ય ધર્માધ્યક્ષનીજગો

Primage,.(પ્રાઇમૅજ્)*n*.A charge in addition to the freight:માલના નુર ઉપરાંત માલધણી વહાણના કપતાનને આપે છે તે લવાજમ.

Primary,(પ્રાઇમૅરિ)*a*.[L *primus*,first.] First in order of time: મૂળ પ્રથમ;પેહેલું.2.First in order,as being preparatory to something higher:પ્રાથમિક;શરૂઆતનું.3.Chief:મુખ્ય.*n*.A primary meeting:મૂળ સભા.

Primate,(પ્રાઇમૅટ્)*n*.[L.*primus*,the first]The chief ecclesiastic in a national church:મુખ્ય ધર્માધ્યક્ષ.

Prime,(પ્રાઇમ્)*a*.[L *primus*,first.] First in order of time:મૂળનુ.2.First in rank:પહેલા વર્ગનું;મુખ્ય.3.Early blooming:ખીલતું:પ્રથમાવસ્થાનું.P *factor*, a factor which is a prime number:મૂલાંક;અન્વય પાડી ન શકાય એવું પદ. P. *minister*,the responsible head of a ministry:મુખ્ય પ્રધાન. *n*. (*a*) The first part: ઉદયકાળ; પ્રથમાવસ્થા.*Hence*,(*a*)the dawn;the spring: પ્રાત:કાળ.2. The spring of life; youth:જોબન;મરજુવાની.3.A prime number:મૂળાંક;શુદ્ધાંક *vt*. To apply priming to as a cannon:અંકુડમાં રંજક મુકવી.2.To lay the first color as in painting:રંગનો પેહેલો હાથ લગાવવો.

Primer.(પ્રાઇમર્ or પ્રીમર્) *n*. A small prayer book:પ્રાર્થના પોથી.2.A reading or spelling book for a beginner: પહેલી ચોપડી, "પ્રાઇમર".

Primeval,(પ્રાઇમીવૅલ્)*a*.[L. *primus*, first & *oevum*,an age.]Pristine:original: અસલનું.

Priming,(પ્રાઇમિંગ્) *n*. The powder used to communicate fire to a charge of gunpowder:રંજક;જામગીરી;તોટીનો દારૂ.

Primitial,(પ્રીમિશિઅૅલ્)*a*. Being of the first production;primitive;પહેલાનું;શરૂઆતનું;મૂળનું.

Primitive,(પ્રિમિટિવ્)*a*. [L. *primus*, the first.]First;primeval:આરંભ-શરુનું. P.*colours*, primary colours:મૂળરંગ(રાતો;પીળો અનેઆસમાની.) *n*. An original or primary word:સિદ્ધશબ્દ.

Primness,(પ્રિમ્નેસ્)*n*.The quality or state of being prim:ઠાકઠીકપણું;અડુચાપચીપ.

Primogenial,(પ્રાઇમૉજીનિઅૅલ્) *a*.[L. *primus*,a *gigno*,I beget]First born:પહેલું જન્મેલું; પહેલા ખોળાનું;પ્રથમ બનેલું-ઉત્પન્ન થયેલું.

Primogeniture,(પ્રાઇમૉજેનિટ્યૂર્) *n*. The exclusive right of inheritance which belongs to the eldest son:વડીલહક;જ્યેષ્ઠતાનો હક.

Primordial, (પ્રાઇમૉર્ડિઅૅલ્) *n*. [L. *primus*, first & *ordior*,I begin.]First in order;primary:અસલ જમાનાનું;મૂળનું;અવલનું.

Primrose,(પ્રિમ્રોઝ્)*n*. An early flowering plant of the genus **Primula**.:ગુલાબનો છોડ.

Prince,(પ્રિન્સ્)*n*.[L *primus*,first & *capio*,I take.]A sovereign;a monarch:પાદશાહ;રાજા. 2.The son of a king:રાજપુત્ર કુમાર-યુવરાજ.

Princedom,(પ્રિન્સ્ડમ્)*n*.The jurisdiction,or estate of a prince:શાહજાદાનો મુલક;રાજ્ય;રાષ્ટ્ર.

Princely,(પ્રિન્સ્લિ)*a*. Relating to a prince; regal:રાજાનું;રાજકીય.2.Grand:વૈભવશાળી.

Princess,(પ્રિન્સેસ્) *n*. A female prince:રાણી;રાજ્ઞી.2 The daughter of a sovereign:કુંવરી;રાજપુત્રી.3.The consort of a prince:રાણી; રાજપત્ની.

Principal,(પ્રિન્સિપૅલ્)*a*. Highest in rank; main:મુખ્ય;મોટું;પ્રધાન.*n*.A head of a college: કોલેજનોઉપરી.2. One who employs another to act for him:શેઠ;માલીક;ધણી. 3. A capital sum of money placed out at interest:મુડી; વ્યાજે મુકેલી રકમ;મુદલ.

Principality,(પ્રિન્સિપૅલિટિ)*n*.The territory of a prince:શાહજાદાનો મુલક;રાજ;રાષ્ટ્ર;પ્રદેશ.

Principally,(પ્રિન્સિપૅલિ)*adv*.In a principal manner;primarily:મુખ્યત્વે વિશેષેકરીને;ઘણુંકરીને.

Principle,(પ્રિન્સિપલ્)*n*.[L. *principium*,beginning.](*a*)A source or origin:કારણ; મૂળ. (*b*)A fundamental substance of origin:કારણ;બીજ;હેતુ 2. A fundamental truth;a maxim:નિયમ;સૂત્ર.3. Settled rule of action; a governing law of conduct:ધોરણ;નીતિ;રીતિ.

Print,(પ્રિંટ્)*vt* [L*premo*,I press.]To fix or impress into or upon something:છાપવું;છાપ મારવી.2.To stamp something in or upon: ઠપાવું;ઠોકવું.3To strike offan impression of, from type, &c.: છાપવું. 4. To impress with colored figures;છાપવું;છાપ મારવી.*vi*.To practise the art of typography:છાપવાનોધંધોકરવો. 2.To publish a book:ચોપડી છપાવવી. P. *of a wheel*: આરો. *n*. Printed letters:છાપ; છાપેલો અક્ષર.2.A photographic copy, or positive picture:ઉતારેલી છબી-ચિત્ર-નકશો;છાપેલુંચિત્ર.*Out of* p: આવૃત્તિ ખપી ગઈ.

Printer,(પ્રિન્ટર્)*n*.(*a*)One who prints: છાપનાર.(*b*) A compositor:અક્ષર ગોઠવનાર.

Printing,(પ્રિન્ટિંગ્)*n* The act or practice of impressing letters,&c:છાપવાની કળા-નું કામ.

Prior,(પ્રાઇઑર્)*a*.[L.*prior*;former]Former: previous:પહેલું;આગલું P.*existence*: પૂર્વ જન્મ; *n* The superior of a priory: "એબટ"થી ઉતરતા દરજ્જાનો મઠાધિકારી;ઉપમઠાધ્યક્ષ.

Priority,(પ્રાઇઑરિટિ)*n*. The state of being prior or antecedent in time:અગ્રતા.2.Superior rank:ઉંચી પદવી;વડીઆતાપણું.

Priory,(પ્રાઈઑરિ) *n.* A religious house presided over by a prior: 'એબટ'થી ઉતરતા દરજ્જાનો મઠ;વિહાર;આશ્રમ.

Prism,(પ્રિઝમ્)*n.* [Gr *prio*, I saw.] A solid whose bases or ends are similar, equal and parallel plane figures and whose sides are parallelograms:સમપાદઘન.

Prismatic,(પ્રિઝ્‌મૅટિક્)*a.* Resembling or pertaining to a prism:સમપાદઘન-ત્રિપાર્શ્વ કાચનું. **P.** *colors*:ઘનઘન ઉપર અજવાળું પડવાથી જે સાત જાતના જુદા જુદા રંગ દેખાય છે તે.

Prison,(પ્રિઝન્)*n.*[L *prehendo*, I lay holdof.] A place where persons are confined:બંધીખાનું.

Prisoner,(પ્રિઝ્‌નર્) *n.* One who is confined in a prison:કેદી;બંધીવાન.2.(*a*)A person under arrest:કેદી;તહોમતવાળો;ગુન્હેગાર.

Pristine,(પ્રિસ્ટાઈન્)*a.* Original; primitive: આરંભ કાળનું; અસલનું;પ્રાચીન;પુરાણું.

Prithee,(પ્રિધી)*interj.* A corruption of *pray thee*:હું (આજીજીથી)પુછું છઉં કે.

Privacy,(પ્રિવૅસિ)*n.* The state of being in retirement from the company of others: પડદેપોશી;એકાંતવાસ.2.A place of seclusion from company:એકાંત જગો.3. Concealment of what is said or done:ગુપ્તતા;ગુપચુપ;રહસ્ય. 4.A private matter:છાની વાત.

Private,(પ્રાઇવેટ્)*a.* [L. *privus*, separate.] Belonging to an individual person, company or interest:personal; one's own:ખાનગી.2 Lonely:એકાંત.*P.apartment*: અંતઃપુર. 3. Not invested with or engaged in public office or employment: ખાનગી; છુપું; ગુપ્ત. **P.** *parts*:ગુહ્યસ્થાન;ઉપસ્થ *n.* A common soldier:(લશ્કરી)સિપાઈ;સૈનિક.

Privateer,(પ્રાઇવેટીર્)*n.* An armed private vessel which bears the commission of the sovereign power to cruise against the enemy:લડાઇની વખતે શત્રુના વેપારને હરકત કરવાને યુદ્ધ સામગ્રી સાથે ફેરવ્યા કરવાની સરકાર તરફથી રજા મળેલું ખાનગી વહાણ.

Privately,(પ્રાઈવેટ્‌લિ)*adv.* Not open:છાનાંમાનાં;ગુપચુપ;કોઇને ખબર ન પડે તેમ.2.Personally; not officially:ખાનગી રીતે;જાતને સંબંધે; ખાસ.

Privation,(પ્રાઇવેશન્)*n.* The act of taking away:લઈ-ખુંચી-છીનાવી લેવું તે.2. Destitution; need:તંગી;દરીદ્રતા;અભાવ.

Privative,(પ્રિવૅટિવ્)*a.* Causing privation: તંગી પાડે એવું.2 Implying privation: અભાવ. *n.*A term indicating the absence of any quality which might be naturally expected:સ્વાભાવિક રીતે જરૂર છે તેવા ગુણનું નાસ્તિત્વ બતાવનાર સંજ્ઞા

Privilege,(પ્રિવિલેજ્)*n.*[L.*privus*, private & *lex,legis*,law.]A prerogative:સદર પરવાનગી; ખાસ હક. *vt.* To authorize: છુટ આપવી. 2. To exempt:-ને માફી આપવી.

Privileged,(પ્રિવિલેજ્ડ્)*a.* Invested with a previlege:માફી બક્ષેલું. **P.** *witnesses*: પોતાના ધંધા પરત્વે કંઈ મળેલી હકીકત છુપી રાખવાનો હક છે એવા સાક્ષીઓ.

Privity,(પ્રિવિટિ) *n.* Privacy; confidence:ગુપચુપી;છુપાપણું;વિશ્વાસ.2 Private knowledge: માહિતગારી.3.A private matter:છાની વાત. 4. The genirals:ગુહ્યસ્થાન;ઇન્દ્રિ.

Privy,(પ્રીવિ)*a.* Private:ખાનગી 2.Secret: છુપું. 3.Privately knowing:અંદરખાનેગી વાકેફ. **P.** *seal* or *signet*:રાજાએ પોતે આપેલાં બક્ષીસ પત્રો વિ૦ ઉપર મારવાનો સિલ. *n.* A partaker:ભાગીદાર.2.A necessary house:જાજરૂ.

Prize,(પ્રાઇઝ્)*n.*[L. *prehendo*, I take.] A thing seized by force: બળ સત્તાથી કંઈ પકડેલી વસ્તુ. 2. *Hence*,specifically,(*a*)(*Law*) anything captured by a belligerent using the rights of war:લુંટ. (*b*) An honor or reward striven for in a competitive contest: ઇનામ; સરપાવ. *To make* p *of*, to capture: પકડવું. *vt.* To price: કિંમત ઠરાવવી-ક૦. 2. To value highly: બહુ કિંમતી ગણવું.

Prize-fighter, (પ્રાઇઝ્‌ફાઈટર્) *n.* One who fights for a reward:કોઈ શરતના પણનેમાટેલડનાર.

Prize-money, (પ્રાઇઝ્-મનિ) *n.* A dividend from the proceeds of a captured vessel,&c, paid to the captors:લુંટમાં આવેલાનાણાંનો ફાળો.

Pros-and-cons,(પ્રોઝ્‌એન્ડ્-કૉન્સ્)*n.*The arguments or reasons on either side:બિરૂદ્ધાવિરૂદ્ધ;બેઉપક્ષ.

Probability,(પ્રૉબૅબિલિટિ)*n.*The state of being probable;likelihood:સંભવ; સંભવિતપણું.

Probable,(પ્રૉબૅબલ્)*a*,[L *probo*,I try.] Capable of being proved:બનવા જેવું.2.Having more evidence for than against:શક્ય;સંભાવ્ય.

Probably.(પ્રૉબૅબ્લિ)*adv.* Likely:મુખ્યત્વે કરીને.

Probate,(પ્રૉબેટ્)*n.*[L *probo*, I prove.] Official proof, that an instrument purporting to be a will or testament of a person deceased is indeed his lawful act:વસીઅતનામના ખરાપણા વિષેનો પુરાવો.*vt.*To obtain the official approval of a will or testament:વસીયતનામાના ખરાપણાનું કોરટનું સરટીફીકેટ મેળવવું.

Probation,(પ્રૉબેશન્)*n* The act of proving; proof:સાબીત ક૦ તે;સાબિતી.2 Any proceeding designed to ascertain truth to determine character,&c,trial:અજમાએશ;કસોટી.

Probationary, (પ્રૉબેશનૅરિ) *a.* Serving for

trial:અજમાએશી;કામ વર્તણુંકની કસોટી કરવા આપેલું.
Probationer,(પ્રોબેશનર્)*n.* One who is undergoing probation:અજમાયશઉપર રાખેલું માણસ.
Probative,(પ્રોબેટિવ્)*a* Serving for trial or proof;probationary:અજમાયેશ તરીકે કામ કરતું.
Probe,(પ્રોબ્)*vt.* [L. *probo,* I try.] To examine as, a wound, an ulcer &c.,with a probe:-માં સળી નાંખી જોવું-તપાસવું.*n.* An instrument for examining wounds ulcers: (ઘા, નાસુર પેસાબ વિગ્રમાં મુકવાની) સળી.
Probity,(પ્રોબિટિ)*n.*[L *probus* god.] Honesty:uprightness:ચોખ્ખી દાનત;નેકી પ્રમાણિકપણું.
Problem,(પ્રોબ્લેમ્)*n.*[Gr.*pro,*& *balto,*I cast] (*a*) A question proposed for solution:પ્રશ્ન; સવાલ.(*b*)A matter difficult of solution:ચક્ર ભરેલી-તકરારી વાત. 2. Anything which is required to be done:કૃત્ય;રૂપપાદ્ય.
Problematic-cal(પ્રોબ્લેમૅટિક્-કલ્)*a.*Having the nature of a problem:અનિશ્ચિત.
Proboscis,(પ્રોબૉસિસ્)*n.*[Gr. *pro.* & *bosco,*I feed.] A hollow organ attached to the head of various animals;a trunk:સુંઢ.
Procedure, (પ્રોસીડ્યુર્) *n.* (*a*) The act of proceeding;progress:ચાલ;ગતિ;કૃતિ;આચાર;વિધાન.(*b*)The manner of proceeding; operation;conduct:કામ ચલાવવાની રીત;વહીવટ;ક્રમ.
Proceed,(પ્રોસીડ્)*vi.*[L *pro,*forward & *cedo,* I move.]To advance:આગળ ચાલવું.2 To pass from one point to another: આગળ ચલાવવું. 3.To issue forth:નિકળવું;ઉત્પન્ન થવું.4.(*a*)To act by method:અનુક્રમે ચાલ્યાં જવું.(*b*) To begin: કૃત્ય આરંભીને કર્યા-ચલાવ્યાં જવું.5. To begin & carry on a legal process:મુકદમો ચલાવવો.
Proceeding,(પ્રોસીડિંગ્)*n.* (*a*) The act of one who proceeds: વર્તણુક;કામ.(*b*) Progress from one thing to another: કામ; કર્મ; ક્રિયા; ચાલ;વહિવટ.*Report of* p.:હકીકતનામું;રોજનામું. 2.The course of procedure in the prosecution of an action or law:ચાલતું આખું કામ. *a* Arising:ઉત્પન્ન થતું.
Process,(પ્રોસેસ્)*n.*Progress:પ્રતિગમન; ક્રમ.2. Regular proceeding:ક્રિયા;કાર્યક્રમ;અનુક્રમ. 3. (*a*)The whole course of proceedings in a cause real or personal:વ્યવહાર; વ્યવહાર કર્મ; ચાલેલું આખું કામ; કેસ.(*b*)The means used for bringing the defendant into court to answer to the action:પ્રતિવાદિને બોલાવવાનો સમન
Procession(પ્રોસેશન્) *n.* A retinue;a ceremonious train: સ્વારી. 2. An orderly and ceremonial progress of persons:વરઘોડો.
Processional(પ્રોસેશનલ્) *a.* Pertaining to a procession: વરઘોડા-સ્વારી સંબંધિ. *n.* A service book relating to ecclesiastical processions:પ્રાર્થનાપોથી. 2 A hymn, sung during a church procession:ગીત;ગાયન.
Proclaim,(પ્રોક્લેમ્)*vt* [L.*pro,*forth & *clamo,* I call]To declare; to promulgate: જાહેર-પ્રસિદ્ધ કર;ઢંઢેરો પીટવો;ગાઇ વગાડી કહેવું.
Proclamation(પ્રોક્લૅમેશન્) *n.* Publication; official or general notice: ડાંડી; ઢંઢેરો. 2. A published ordinance: જાહેરનામું;પ્રસિદ્ધિપત્ર.
Proclivity (પ્રોક્લિવિટિ) *n.* Proneness; propensity:મનનું વલણ;વૃત્તિ;રૂખ;પ્રવૃત્તિ.
Proclivous,(પ્રોક્લાઇવસ્)*a* [L.*pro.* & *clivus,* a slope.] Tending by nature: પ્રવૃત્ત;શીલ.
Procrastinate,(પ્રોક્રૅસ્ટિનેટ્) *vt.* [L. *pro* forward & *cras,*to morrow.]To postpone; to put off: વખત ગાળવો; મુલતવી રાખવું. *vi.* To delay:વાર લગાડયાં કરવી.
Procrastination,(પ્રોક્રૅસ્ટિનેશન્) *n.* Delay; dilatoriness:ઢીલાસરીઆપણું;વિલંબ.
Procrastinator(પ્રોક્રૅસ્ટિનેટર્) *n.* One who procrastinates:ઢીલાસરીયું માણસ;દીર્ઘસૂત્રી.
Procreant,(પ્રોક્રીઍન્ટ્)*a* Generating;productive;fruitful:ઉત્પાદક;સાધક; જનક; ગર્ભવંતુ. *n.* One who procreates:જન્મ આપનાર જનયિતા.
Procreate,(પ્રોક્રીએટ્)*vt.*[L.*pro* forth & *creo,* I create.]To generate:ને જન્મ આપવો.
Procreation,(પ્રોક્રીએશન્) *n.* The act of begetting:જનન;ઉત્પાદન;ઉત્પત્તિ;પ્રજોત્પાદન.
Procreative, (પ્રોક્રીએટિવ્) *a.* Having the power to beget:છોકરાં ઉત્પન્ન કરે એવું;ઉત્પાદક.
Proctor,(પ્રોક્ટોર્)*n.*[*pro,*& *caro,*I take care of.]An attorney;agent:વકીલ;પ્રતિનિધિ;મુખત્યાર.
Procurable,(પ્રોક્યૂરેબલ્) *a.* Capable of being procured;obtainable:મળી શકે એવું.
Procuration(પ્રોક્યૂરેશન્)*n.* The act of procuring;procurement:મળી શકે એમ કરવું તે.
Procurator,(પ્રોક્યૂરેટર્)*n.* An agent;a proctor:આડતીઓ,પ્રતિનિધિ;કારભારી;મુનીમ.
Procure,(પ્રોક્યૂર્)*vt.*[L.*pro* for& *curo,*I take care.] To bring into possession; to get: મેળવવું;લેવું 2.To effect;to cause:આણવું.3.To bring:લાવવું;ખેંચી લાવવું.
Procurement,(પ્રોક્યૂર્મેન્ટ્) *n.* Obtainment; attainment:સંપાદન;પ્રાપ્તિ;લાભ.
Procurer,(પ્રોક્યૂરર્) *n.* One who procures or obtains:પ્રાપક;સંપાદક;મેળવી આપનાર. 2. A pimp; a pander:કુટણો;ભડવો.
Procuress,(પ્રોક્યૂરેસ્)*n.*A female procurer: કુટણી;ભડવેણ;કુતિ;ભડવી.
Prodigal,(પ્રોડિગૅલ્)*a* [L.*pro.* forth & *ago,*I drive.]Given to extravagant expenditure ઉડાઉ;ખરચાળ; છુટા હાથનું. *n.* One who expends

money extravagantly: ઉડાઉ-ઘેલાળ માણસ.
Prodigality,(પ્રૉડિગૅલિટિ)*n.*Profusion;excessive liberality:ઉડાઉપણું.
Prodigious,(પ્રૉડિજસ્)*a* [L. *prodigium*, a prodigy.]Marvellous:વિલક્ષણ;વિચિત્ર.2 Vast; huge;immense:બે હદ;બે સુમાર;ગંજાવર.
Prodigy,(પ્રૉડિજિ) *n.* A portent; something extraordinary: અપૂર્વ વસ્તુ. 2. A marvel: અદ્ભુત શક્તિ ધરાવનાર મનુષ્ય.
Produce,(પ્રૉડ્યૂસ્)*vt.* [L. *pro*, forth & *duco* I lead.]To exhibit:દેખાડવું;હાજર ક૦.2 To bear: આપવું;પેદા થવું;પાક થવો; ઉપજાવવું. 3. To cause to happen:માંથી ઉપજાવવું; કાઢવું.4.To make;to manufacture:બનાવવું;કરવું.5.To extend:વધારવું.*vi.*To yield appropriate offspring:નિપજવું.*n.*(*a*)(પ્રૉડ્યુસ્)Product;proceeds: પેદાશ; ફળ.(*b*) Agricultural products:ઉપજ;નિપજ.
Product,(પ્રૉડક્ટ્) *n.* Anything that is produced;production:ઉપજ;પેદાશ; નિપજ; ઉત્પન્ન. 2.The number resulting from the multiplication of two or more quantities: ગુણાકાર.*vt.* To produce:ઉત્પન્ન કરવું.
Production; (પ્રૉડક્શન્) *n.* That which is produced;produce;fruit: ઉત્પત્તિ;નિષ્પત્તિ; પેદાશ;ઉપજ;નિપજ.
Productive, (પ્રૉડક્ટિવ્) *a.* Yielding or furnishing results:ફળ મળે એવું;ફલદાયક.2.Bringing into being producing,originative:ઉત્પાદક;ઉત્પત્તિકારક.3.Fertile:ફલદાયક;ફલપ્રદ;લાભકારી.
Proem,(પ્રોએમ્) *n.* [Gr. *pro*, & *oimos*,way.] Preface:પ્રસ્તાવના;સૂચના;ઉપોદ્ઘાત. *vt.* To preface:પ્રસ્તાવના લખવી.
Profanation, (પ્રૉફેનેશન) *n.* Desecration: અપવિત્રકરણ. 2. The act of treating with abuse:નિંદા.
Profane,(પ્રોફેન્)*a* [L *pro*,before & *fanum*, a temple.] (*a*)Not holy or sacred: અપવિત્ર; ધર્મ પ્રકરણથી નિરાળું.(*b*) Relating to matters other than sacred: વ્યવહારિક. 2. Unclean: ભ્રષ્ટ.3.Irreverent: ઇશ્વરદ્વેષી; ધર્મનિંદક. *vt.* To pollute:અપવિત્ર કરવું.
Profanity-ness, (પ્રૉફૅનિટિ-પ્રોફેન્નેસ્) *n.* The state of being profane:ધર્મનિંદા;ઇશ્વરનિંદા.
Profess,(પ્રૉફેસ્)*vt* [L *pro* before & *fateor*,I confess.] To avow; to acknowledge: છચોક જણાવવું;અંગીકાર ક૦ 2.To set up a claim to: કહેવું.3. To pretend the knowledge of; to proclaim one's self versed:-માં પંડિત-પ્રવીણ કહેવડાવવું. *vi.* To confess: કબુલ કરવું. 2. To declare friendship:આપણે બંધી છે એમ જણાવવું.
Profession,(પ્રૉફેશન્) *n.* Open declaration: પ્રસિદ્ધ કથન. 2.An avowal:અંગીકાર;સ્વીકાર 3. Calling;vocation:ધંધો;રોજગાર; પેશો.
Professional, (પ્રૉફેશનૅલ્) *a.* Pertaining to a profession; following a profession:ધંધો લઇ બેઠેલું;ધંધા સંબંધી.2.Engaged in by professionals:ધંધાદારી.*n.*A person who prosecutes anything professionally:ધંધો કરનાર.
Professor, (પ્રૉફેસર્) *n.* One who professes or publicly teaches science:ગુરૂ;આચાર્ય;પાઠક; અધ્યાપક;ઉસ્તાદ.
Professorship,(પ્રૉફેસર્શિપ્) *n.* The office or position of a professor: આચાર્યની પદવી.
Proffer,(પ્રૉફર્)*vt.*[L.*pro*, forward & *fero*, I bring.] To offer for acceptance:આપવા માંડવું.2.To undertake:કરવાનું કહેવું.*n.* An offer made:કહેણ;વચન
Proficience-cy,(પ્રૉફિશેન્સ્-ન્સિ) *n.*The quality or state of being proficient; improvement;adeptness:હોશીઆરી;બાહોશી.
Proficient,(પ્રૉફિશેન્ટ્)*n.* [L. *pro*, before & *facio*,I make.]An expert:કાબેલ-પ્રવીણ-નિપુણ માણસ. *a.* Versed:કાબેલ;પ્રવીણ;નિપુણ.
Profile,(પ્રૉફાઇલ્)*n.* [L. *pro* before *filum*,a thread.] An outline or contour:રૂપરેષા;રૂપરેખા.2.The side face or half face:એકજ બાજુ જણાય એવી છબી.*vt.* To draw the outline of: છબી કાઢવી.
Profit,(પ્રૉફિટ્)*n.* [L.*pro* & *facio*,I make.] Avail;gain; benefit:કમાણી;ફાયદો; લાભ.**P.** & *loss*:નફોટોટો.*vt.*To be good to;to avail:ફાયદો કરવો. *vi.* To gain; to advance: ફાયદો થવો.
Profitable,(પ્રૉફિટેબલ્)*a* Gainful;lucrative: લાભ થાય એવું; ફાયદેમંદ; ફળદાયક.
Profitless, (પ્રૉફિટ્લેસ્) *a* Without profit; unprofitable:બિન ફાયદાનું;ફાયદા વિનાનું.
Profligacy, (પ્રૉફ્લિગૅસિ) *n.* The quality or state of being profligate;dissoluteness:છેક લફંગાઇ;લોફાઇ;દુરાચાર;ભ્રષ્ટતા.
Profligate,(પ્રૉફ્લિગેટ્)*a.* [L *pro* & *flago*, I strike.]Dissolute;vicious:દુરાચારી;વ્યસની.*n.* A dissolute person:દુરાચારી માણસ;લંપટ;વ્યસની; વિષયી.
Profound,(પ્રૉફાઉન્ડ્)*a.*[L *pro*,before & *fundus*, the bottom.] Deep: ઘણું ઉંડું; અગાધ. 2. Intellectually deep:ગંભીર;પ્રવીણ.*n.* The deep;the sea:સમુદ્ર;દરીઓ,સાગર; મહાસાગર.2. An abyss: ઘરો; ઉંડો ખાડો.
Profoundness,(પ્રૉફાઉન્ડ્નેસ્) } *n.* The state
Profundity, (પ્રૉફન્ડિટિ) } of being profound;depth of place,knowledge, feeling,&c:ઘણી ઉંડાઇ;ગંભીરતા;ગાંભીર્ય; અગાધતા. 2. પ્રવીણતા;પ્રાવીણ્ય.
Profuse,(પ્રૉફ્યૂસ્)*a.*[L.*pro*,forth & *fundo*,

I pour.] Bountiful; exceedingly liberal: બહોળું વાપરનાર;દાતાર;ધોતાળ.2.Prodigal:ઉડાઉ. *vt.* To pour out:ઉડાવવું.

Profusely,(પ્રોફ્યૂસ્લિ)*adv.*In a profuse manner:ધોતાળપણાથી;ઉદાર હાથે;મનસ્વીરીતે.

Profusion-ness, (પ્રોફ્યૂઝન-પ્રોફ્યૂસ્નેસ્) *n.* The act of one who is profuse:છેક ઉડાઉપણું. 2. Abundance: પુષ્કળતા; છાળ; રેલછેલ.

Prog,(પ્રૉગ્) *vi.* To wander about and beg: ભિક્ષા સારૂ ભટકવું. *n.* Food; supplies: ભીક્ષા.

Progenitor,(પ્રોજેનિટર્)*n* [L. *pro,* forth & *gigno,*I beget.]An ancestor in the direct line; a forefather:મુળપુરૂષ;વડીલ;પૂર્વજ;પિતા.

Progeny,(પ્રૉજેનિ)*n.* Children: સંતાન;પ્રજા.

Prognosis,(પ્રૉગ્નોસિસ્)*n.* [Gr. *pro* & *gignosco,*I know.]The act or art of foretelling the course and termination of a disease: ચિકિત્સા; પરિભાષા.

Prognostic, (પ્રૉગ્નૉસ્ટિક્) *a.* Foreshowing; indicating something future;aiding in prognosis:ભવિષ્યસૂચક; પૂર્વસૂચક; ઉદ્બોધક. *n.* An indication;a sign;an omen:પૂર્વચિન્હ;પૂર્વલક્ષણ.

Prognosticate,(પ્રૉગ્નૉસ્ટિકેટ્)*vt.*To prophesy;to predict;to foreshow:ભવિષ્ય સુચવવું-કહેવું

Prognosticator,(પ્રૉગ્નૉસ્ટિકેટર્)*n.*One who prognosticates;a foreknower:ભવિષ્ય કહેનાર.

Programme,(પ્રોગ્રૅમ્)*n.*[L *pro* & *grapho,*I write.] A prospectus: કાર્યક્રમ; વ્યવસ્થાપત્રી.

Progress,(પ્રોગ્રેસ્)*n* [L *pro,*forward & *gradior* I step]In the growth of an animal or plant;increase:વધારો; વૃદ્ધિ. 2. In knowledge or proficiency:વૃદ્ધિ;સં વૃદ્ધિ;પ્રાપ્તિ;અભ્યાસ;પ્રગતિ.3 A journey of state:પ્રવાસ *In* p : ચાલતું.*vi* To advance:આગળ વધવું 2.To make improvement:સુધરતા જવું.*vt.*To make progress in: સુધારો કરવો.

Progression,(પ્રોગ્રેશન્)*n.* The act of moving forward:આગળ જવું તે;ગતિ;વહન.2 Course: ક્રમ;કાલક્રમ.3 Regular advance in increase or decrease of numbers શ્રેણી.

Progressive, (પ્રોગ્રેસિવ્) *a.* Moving forward:આગળ વધતું જતું 2. Improving: સુધરતું જતું; ચડતું જતું.

Prohibit,(પ્રોહિબિટ્)*vt.*[L *pro,*forth & *habeo,* I have.] To forbid by authority:મનાઇ કo; ના કરવાનો હુકમ કo,વારવું;રોકવું; અટકાવ કo.

Prohibition,(પ્રોહિબિશન્)*n.* The act of prohibiting;interdict:બંધી;મનાઇ;નિષેધ; પ્રતિષેધ.

Prohibitive-tory,(પ્રોહિબિટિવ્ પ્રોહિબિટોરિ) *a.*Forbidding:નિષેધક;નિવારક;નિષેધી; નિષેધાર્થે.

Project,(પ્રૉજેક્ટ્)*n*-[L *pro,*forward & *jacio,* I throw.] A plan; a scheme;a design:નવો મોટો વિચાર;યુક્તિ;ઉપાય. 2. An ideal scheme: શેખચલ્લી સાઇ વિચાર. *vt,* To shoot forth, to cast forward:પાડવું;નાખવું;ફેંકવું.2.To devise: તે વિષે વિચાર કરવો. *vi.* To shoot forward: આગળ નીકળવું;ફૂટવું;અણી નીકળવી.

Projectile,(પ્રોજેક્ટાઇલ્)*n.*A body projected, or impelled forward by force: દૂરવેધીશસ્ત્ર; ફેંકેલું હથિયાર.*a.*Projecting: ફેંકનારૂં;દૂરવેધી.

Projection, (પ્રોજેક્શન્) *n.* A jutting out: શૃંગ; કાંગરો 2.Design:નકશો;ચાટ;આલેખન.

Projector,(પ્રોજેક્ટર્)*n.*One who projects a scheme or design:યોજક;કલ્પક;યોજના કરનાર.

Projecture,(પ્રોજેક્ટ્યૂર્)*n.*A jutting out beyond a surface:શૃંગ;કાંગરો;અણી;ઢેકો.

Prolapse,(પ્રોલૅપ્સ્)*n.*[L *pro* & *labor,*I slide.] The falling down of a part through the orifice with which it is naturally connected:ગર્ભાશયભ્રંશ;ભ્રંશ.*vi* To fall down: ખસવું.

Prolate,(પ્રોલેટ્)*a.*[L.*pro* & *latus,* carried.] Stretched out;extended:સપાટ;ચપટું.

Prolation,(પ્રોલેશન્) *n.* Utterance; pronunciation:ઉચ્ચાર.2.Delay:ઢીલ;વિલંબ;વાર.

Prolepsis,(પ્રોલેપ્સિસ્)*n.*[Gr.*pro* & *lambano,* I take.]An error in chronology:અનેરો વખત કરતાં આગળનો વખત નાંખ્યો હોય એવી ઐતિહાસિક ભૂલ

Proleptic-cal, (પ્રોલેપ્ટિક્-કલ્) *a.* Anticipative:અગમચેતીનું; આગળથી ધારેલું; દીર્ઘદ્રષ્ટિનું. 2. Anticipating the usual time: વખત ધારાની પહેલાંનું;અગાઉનું.

Prolific,(પ્રોલિફિક)*a.*[L. *proles,* offspring & *facio,* I make.] Generative; fruitful; productive:છોકરાં-બચ્ચાં જણવાની શક્તિવાળું.

Prolix,(પ્રોલિક્સ્)*a.* [L. *pro* & *laxus,*wide.] Extending to a great length:ઘણું;લાંબુ.

Prolixity,(પ્રોલિક્સિટિ)*n.*Minute detail;great length:ઘણું લંબાણ;દીર્ઘસૂત્રતા;વાક્પ્રપંચ.

Prologue,(પ્રોલૉગ્)*n.*[Gr.*pro* & *lego,*I speak.] The preface to a discourse, poem or performance:પ્રસ્તાવના. 2. One who delivers a prologue:નાંદીકર;નાંદીવાદી. *vt.* To introduce with a formal preface:પ્રસ્તાવના બોલીને આરંભ કo

Prolong,(પ્રોલૉંગ્)*vt.*[L *pro,*forth & *longus,* long.]To extend in space or length:લંબાવવું.2.To continue:જારી રાખવું 3. To put off: મુલતવી રાખવું;ઢીલે નાંખવું.

Prolongation, (પ્રોલૉંગેશન્)*n.* Extension; protraction:વિસ્તાર;વૃદ્ધિ;લંબીકરણ;વધારો.

Promenade,(પ્રોમીનેડ્) *n.* [L *promino,* I drive forward.] A walk for pleasure:હવા ખાવાની ચાલવાની કસરત.2.A place for walking:હવાખાવાની જગા;ચકલરંગ.*vt.* To walk for pleasure:સહેલ કરવી;ફરવા જવું.

Prominence,(પ્રૉમિનેન્સ્) *n.* Conspicuousness:પ્રસિદ્ધિ;પ્રાધાન્ય.2. That which is prominent; a protuberance:ઉન્નતતા;ટેકરો.

Prominent,(પ્રૉમિનેન્ટ્)*a.*[L.*pro* & *mineo,*I jut.] Jutting: આગળ પડતું; ઉપડતું. 2. Conspicuous:પ્રગટ;પ્રસિદ્ધ.

Promiscuous,(પ્રૉમિસ્ક્યૂઅસ્) *a.*[L. *pro,*before & *misceo,*I mix.] Mingled; confused: ભેળસેળ; એક સામટું; અસ્તવ્યસ્ત; અવ્યવસ્થિત. 2. Common:વ્યવસ્થા વગરનું.

Promise,(પ્રૉમિસ્)*n.*[L *pro* & *mitto,*I send] A declaration,written or verbal made by one person to another which binds the person who makes it to do,a specified act: વચન;કોલ;પણ;પ્રતિજ્ઞા.To covenant;to engage: કબૂલ કરવું; વચન આપવું; વાયદો ક૦. *vi.* To give assurance by a promise:આશા આપવી;ખાત્રી પૂર્વક કહેવું.

Promisee,(પ્રૉમિસી)*n.* The person to whom a promise is made: વચન લેનાર.

Promiser,(પ્રૉમિસર્)*n.* One who promises: વચન આપનાર;વચનથી બંધાનાર;પ્રતિજ્ઞાવાદી.

Promising, (પ્રૉમિસિંગ્) *a.* Making a promise or promises:નામ કાઢે એવું;આશાજનક.

Promissory, (પ્રૉમિસૉરિ) *a.* Containing a promise or binding declaration of something to be done:બંધનકારક;પ્રતિજ્ઞાવિશિષ્ટ **P.** *note*:વ્યાજુચીઠી;વચનપત્રી.

Promontory,(પ્રૉમૉન્ટૉરિ)*n* [L *pro,*before & *mons,montis,*a mountain.] A high point of land;a high cape:ઉંચો-ઉચ્ચભૂશિર;ભૂશાલાકા.

Promote,(પ્રૉમોટ્) *vt.* [L *pro,* & *moveo,* I move]To forward;to further:નો વધારો વૃદ્ધિ ક૦;ઉત્પત્તિ ક૦.2 To advance:પાયરી ચઢાવવી.

Promoter,(પ્રૉમોટર્)*n.*An encourager: વધારનાર; પ્રવર્તક; ઉપકારી. 2. One who sets on foot,a scheme for the organization of a corporation:માથે લેનાર,સ્થાપનાર.

Promotion,(પ્રૉમોશન્)*n.*The act of promoting;preferment:વધારો;વર્દ્ધન ચઢતી પાયરી.

Promotive, (પ્રૉમોટિવ્) *a.* Tending to advance or encourage:વૃદ્ધિકારક:વર્ધક;સાધક;પ્રવર્તક

Prompt,(પ્રૉમ્પ્ટ્)*a.*[L *pro,* & *emo,*I take.] Immediate;ready & quick to act: ઝડપ સત્વરતાવાળું:ચાલાક 2 Done quickly:ઝડપથી કરેલું To incite:ઉશ્કેરવું;પ્રેરવું.

Prompter, (પ્રૉમ્પ્ટર્) *n.* One who or that which prompts:ઉશ્કેરનાર;કારકેર ાર;પ્રવર્તક.

Promptitude ness,(પ્રૉમ્પ્ટિટ્યૂડ-પ્રૉમ્પ્ટ્નેસ્)*n.* The quality of being prompt; readiness; quickness of decision:ઉલટ;હોંશ;ચંચળાઈ.

Promptly,(પ્રૉમ્પ્ટ્લિ)*adv.*In a prompt manner: ચાલાકી-ઝડપથી.

Promulgate,(પ્રૉમલ્ગેટ્)*vt.*[L. *promulgo,*I promulgate.]To make known by open declaration; to publish: પ્રસિદ્ધ ક૦; ફેલાવવું.

Promulgation,(પ્રૉમલ્ગેશન્)*n.* The act of promulgating;open declaration:પ્રસિદ્ધિકરણ; ઢંઢેરો.

Prone,(પ્રોન્)*a* [Gr.*pro* & *neuo,*I nod.]Disposed;propense;inclined:સ્વભાવવાળું-નું;શીલ.

Proneness,(પ્રોન્નેસ્)*n.*Descent; declivity: ઢોળાવ;ઉતાર.2 Inclination of mind propensity;disposition:મનનું વલણ;પ્રવૃત્તિ;સ્વભાવ.

Prong, (પ્રૉન્ગ્) *n.* A sharp pointed instrument:ફણું;શુળ;કાંટા.2.The tine of a fork:દાંતો.

Pronoun,(પ્રોનાઉન્)*n.*A word used instead of a noun or name: સર્વનામ.

Pronounce,(પ્રૉનાઉન્સ્)*vt.* [L *pro,* forth & *nuntio,*I anounce.]To utter articulately; to speak with the proper sound & accent: -નો ઉચ્ચાર ક૦ 2.To utter officially:આપવું;કહી સંભળાવવું.*vi.*To give a pronunciation:કહેવું. ઉચ્ચારવું; બોલવું.

Pronounceable,(પ્રૉનાઉન્સૅબલ્)*a.*Capable of being pronounced:ઉચ્ચારવા-બોલવા જોગું;વાચ્ય.

Pronunciation, (પ્રૉનન્સિએશન્) *n.* Utterance;the mode of uttering words:ઉચ્ચાર.

Proof,(પ્રુફ્)*n.* [L. *probo,*I prove.] A test; a trial.અજમાયેશ;કસોટી; પરીક્ષા.2. Demonstration:સાબેતી;પુરાવો;પ્રમાણ.3 A trial impression: છાપેલાનો ખરડો; પ્રુફ. 4 A process for testing the accuracy of an operation performed: તાળો.*a* Firm in resisting: મજબૂત; દૃઢ; અબાધ્ય.

Proof-sheet,(પ્રુફ્-શીટ્)*n.*A trial impression, as from type taken for correction:છાપા ખરડો; પ્રુફશીટ.

Prop,(પ્રૉપ)*vt.* To support or prevent from falling:ટેકણ આપવું.*n* A support:ટેકો;થાંભલો.

Propagate,(પ્રૉપૅગેટ્)*vt.*[L *pro,* & *pango,* I fasten.]To cause to continue or multiply by generation:-ની પરંપરા-ઉત્પત્તિ ચલાવ્યા જવી; -નો વિસ્તાર-વેલો વધારવો.2.To cause to spread: પસરે એમ ક૦. 3 To extend the knowledge of:વિદ્યાનો પ્રસાર કરવો.4.To increase: વધારવું.

Propagation, (પ્રૉપૅગેશન્) *n.* The act of propagating;continuance of the kind by generation:વંશવૃદ્ધિ.2.Diffusion:ફેલાવો;પ્રસાર.

Propagator, (પ્રૉપૅગેટર્) *n.* One who propagates:પ્રસારો કરનાર;વંશ વધારનાર.

Propel,(પ્રૉપેલ્)*vt.*[L.*pro,*forward & *pello,* I drive.]To drive forward; to move: હડસેલવું.

Propeller, (પ્રૉપેલર્) *n.* One who or that

which propels:ઠેલનાર; હડસેલનાર.
Propendency, (પ્રૉપૅન્ડેન્સિ) *n.* Propensity: વલણ.2.Attentive deliberation:મરજી;ઈચ્છા.
Propense,(પ્રૉપેન્સ્)*a.* Prone;inclined; disposed:મન વળેલું;વલણ પકડેલું;શીલ.
Propensity,(પ્રૉપેન્સિટિ)*n* Bias;bent: વલણ.
Proper,(પ્રૉપર્)*a* [L *proprius*,one's own.] Belonging to one:પોતાનું.2. Not common; peculiar;particular: સ્વાભાવિક.3 Right:યોગ્ય 4.Wellformed: બરાબર; સુંદર. 5. Not appellative:વિશેષ.*adv*.Properly:બરાબર રીતે.
Properly, (પ્રૉપર્લિ) *adv.* In a proper manner:બરાબર રીતે;યથાર્થ રીત્યે.
Property,(પ્રૉપર્ટિ) *n.* That which is proper to anything;an attribute:ગુણ;સ્વભાવ;ખવાસ સ્વધર્મ.2.An acquired quality:ધર્મ;ગુણ;લક્ષણ The *Properties*:ગુણત્રય.*viz*:સત્વ;રજ & તમ 3 Ownership;title:સત્તા;માલકી;ધણીપણું;સ્વામીત્વ.4.Thing owned;estate;wealth: માલ;માલમત્તા;મિલકત સંપત્તિ *Woman's* p :સ્ત્રીધન.
Prophecy,(પ્રૉફેસિ)*n* [Gr. *pro*, & *phemi*, I speak.]A foretelling; a prediction: ભવિષ્ય કથન.2 A book of prophecies:ભવિષ્ય ઈતિહાસ
Prophesy. (પ્રૉફેસિ) *vt.* To foretell; to predict:ભવિષ્ય કહેવું.2.To foreshow:આગળથી કહેવું
Prophet,(પ્રૉફેટ્)*n.*[Gr.*pro* & *phenio*,I tell] A foreteller; a predictor:ભવિષ્યવાદી-ભાખી-કહેનાર.2 One inspired or instructed by God પેગંબર
Prophetic-cal, (પ્રૉફેટિક્-કલ્)*a.* Foretelling events:ભવિષ્ય સુચક;ભવિષ્યદર્શક; ભવિષ્યમય.
Propinquity, (પ્રૉપિન્કિવટિ) *n* [L. *prope*, near.] Nearness in place:સમીપપણું.
Propitiate, (પ્રૉપિશિએટ્) *vt.* [L. *propitius*, favorable.]To make propitious to conciliate:મનાવવું;પ્રસન્નકર;આરાધવું.*vi* To make propitiation;to atone: આરાધના-પ્રસાદન કo.
Propitiation,(પ્રૉપિશિએશન્) *n.* The act of making propitious:આરાધના;પ્રસાદન;સાંત્વન.
Propitiator,(પ્રૉપિશિએટર્)*n.* One who propitiates or appeases:આરાધનાર;શાંતિ કરનાર.
Propitiatory,(પ્રૉપિશિએટોરિ)*a.* Having the power to make propitious: પ્રસન્ન; કરવાનું; શાંતિકર;શાંતિપ્રદ;આરાધક;પ્રસાદક.
Propitious, (પ્રૉપિશસ્) *a.* [L. *propitius*, flying forward.]Auspicious:મંગળ;શુભ; વરદ.
Proportion,(પ્રૉપોર્શન્)*n.* [L *pro*, before & *pars,partis*,a part.] Comparative relation ratio:પ્રમાણ;માપ.2. Lot; equal share: સરખો ભાગ ફાળો;વરાડ.3 (*a*)The equality of ratios: પ્રમાણ(*b*) The rule of three: ત્રિરાશી. *Compound* p.:પંચરાશી. *vt.* To adjust in a suitable proportion:પ્રમાણમાં રાખવું.2.To divide into equal shares:સરખા ભાગ કo.
Proportionable, (પ્રૉપોર્શનેબલ્) *a.* Capable of being proportioned:પ્રમાણસર;યથા પ્રમાણ.
Proportional, (પ્રૉપોર્શનલ્) *a.* Having a due proportion:સમતોલ.2.Relating to proportion:પ્રમાણ સંબંધી. *n.* Any number in a proportion:સમપ્રમાણ અંક સંખ્યા.
Proportionate,(પ્રૉપોર્શનેટ્)*a.*Adjusted to something else according to a proportion: કશાના પ્રમાણમાં કીધેલું-રાખેલું; પ્રમાણસર *vt.* To be proportional:પ્રમાણમાં હોવું.
Proposal,(પ્રૉપોઝલ્)*n.*A scheme or design; terms:દરખાસ્ત;માગણી;કહેણ;શરત.
Propose,(પ્રૉપોઝ્)*vt.*[L *pro*,forward & *pono*, I place.] To set forth:કહેવું; આગળ મુકવું. 2. To offer for consideration:આગળ મુકવું કહેવું -ની દરખાસ્ત કo. 3. To set before one's self or others as a purpose formed:દરખાસ્ત કરવી. To offer one's self in marriage: લગ્નની માગણી કo.
Proposition. (પ્રૉપોઝિશન) *n.* The act of offering:દરખાસ્ત 2.That which is proposed a proposal:માગણી;દરખાસ્ત;ઉક્તિ;પક્ષ 2.A statement in terms of a truth to be demonstrated:પ્રતિજ્ઞા;સિદ્ધાંત;સાધ્ય.
Propound,(પ્રૉપાઉન્ડ્)*vt.* [L. *pro*, before & *pono*, I put.] To exhibit: બતાવવું; દરખાસ્ત કરવી.2.To propose as a candidate for admission to communion with a church:પંથમાં દાખલ થવાને માટે ઉમેદવાર તરીકે નામ જણાવવું.
Proprietary, (પ્રૉપ્રાઈએટરિ) *n.* A proprietor or owner:માલેક;ધણી; સ્વામી;ખાવંદ; સત્તાધારી; માલકી;ધણીપણું.*a.* Belonging to a proprietor;owned:માલીક ધણી સંબંધિ.
Proprietor(પ્રૉપ્રાઇએટર્)*n* One who has the legal right or exclusive title to anything; an owner:માલેક;ધણી;સ્વામી.
Proprietorship, (પ્રૉપ્રાએટરશિપ્) *n.* The state of being proprietor: ધણીપણું; માલીકી.
Propriety,(પ્રૉપ્રાઇએટિ)*n.*[L.*proprius*,one's own.]Fitness;appropriateness:યોગ્યતા; લાયકી;યથાયોગ્યતા;દુરસ્તી:સંભવ; સંભવના; યથાર્થતા.
Prorogation,(પ્રૉરોગેશન્) *n.* Prolongation: મુલતવી રાખવું તે;લંબાણ;વિલંબ.
Prorogue,(પ્રૉરોગ્)*vt.*[*L pro* forward&*rogo*, I ask.] To prolong; to extend:લંબાવવું; વિસ્તારવું. 2. To defer:મુલતવી રાખવું
Proruption,(પ્રૉરપ્શન્) *n.* [L *pro*, forth & *rumpo*, I break.] A bursting out:ફાટવું તે.
Prosaic-cal,(પ્રૉઝેઈક્-કલ્)*a.*[L.*prosa*, prose.] Pertaining to prose: ગદ્યમાં લખેલું; ગદ્યમય;

ગદ્યાત્મક. [રંગભૂમિ;નાટકનો તકતો.

Proscenium,(પ્રોસીનિયમ્)*n.* Stage:નાટકશાળા;

Proscribe,(પ્રોસ્ક્રાઈબ્)*vt.* [L *pro*, before & *scribo*,I write] To outlaw; to exile:-ને રાજ્ય રક્ષણ બાહ્ય-દેશનિકાલ ક૦.2.નીમના ક૦;નિષેધ ક૦

Proscription, (પ્રોસ્ક્રિપ્શન્) *n.* The act of proscribing; outlawry:બાહ્ય કરણ;દેશનિકાલ.

Prose,(પ્રોઝ્) *n.* [L. *prosus*, straight] The ordinary language of men in speaking or writing:ગદ્ય;વાંચન; ગાથા. p. & *verse*:ગદ્યપદ્ય. *a*. Not in verse:ગદ્યરૂપ;ગદ્યાત્મક

Prosecute,(પ્રોસીક્યૂટ્)*vt* [L *pro* & *sequor*,I follow.] To carry on: ચલાવ્યાં જવું 2. To seek to obtain by legal process:સરકાર દરબાર ચઢવું.3.To pursue with the intention of punishing: ના ઉપર ફરિયાદ કરવી. *vi*. To follow after: પૂંઠ પકડવી-લેવી.

Prosecution(પ્રોસીક્યૂશન્)*n.* (*a*)The institution and carrying on of a suit in a court of law:દાવો;દીવાની. (*b*) The institution commencement of a criminal suit:ફોજદારીમાં ચાલતું કામ (*c*)The party by whom criminal proceedings are instituted:ફરિયાદી.

Prosecutor,(પ્રોસીક્યૂટર્)*n.*The person who institutes and carries on a criminal suit against another: સરકાર તરફથી ગુન્હેગાર ઉપર કામ ચલાવનાર ફરિયાદી;ફોજદારીમાં કામ ચલાવનાર.

Proselyte,(પ્રોસેલાઇટ્)*n.* [Gr. *pros*,& *erchomai*,I come.]A new convert:સ્વધર્મત્યાગી. *vt.*To convert to some religion:એક ધર્મમાંથી બીજા ધર્મમાં લાવવું.

Proselytize, (પ્રોસેલિટાઇઝ્) *vt.* To convert to some religion:નવા ધર્મમાં આણવું.

Prosodial-cal, (પ્રોસોડિઅલ્-કલ્)*a* Pertaining to the rules of prosody:પિંગળના નિયમ પ્રમાણેનું;છંદશાસ્ત્રનું;છાંદસ.

Prosody,(પ્રોસોડિ)*n.*[L *prosodia*, the tone of a syllable.]That part of grammar which treats of the quantity of syllables,of accent,and of the laws of versification:પિંગળ;કવિતાશાસ્ત્ર;છંદશાસ્ત્ર.

Prospect,(પ્રોસ્પેક્ટ્) *n.* [L. *pro* & *speceo*, I see.]View:દેખાવ;નજરઆગ 2 A landscape:લક્ષિત દૃગ્ભૂમિ 3 A lookout: દેખાવ જોવાની જગો. 4. Foresight;anticipation:આશા; ઉમેદ

Prospective,(પ્રોસ્પેક્ટિવ્)*a.* Pertaining to a prospect: આશા સંબંધિ. 2. Acting with foresight:ભવિષ્યના વિચારવાળી.3.Relating to the future:ભવિષ્યને લગતું ભાવી.

Prospectus, (પ્રોસ્પેક્ટસ્) *n.* A summary of something proposed:વિનતિપત્ર વિજ્ઞાપનપત્ર

Prosper,(પ્રોસ્પર્)*vt.*[L *pro*,& *spes*, hope.] To favor:સફળ ક૦;પાર પાડવું; સિદ્ધ ક૦. *vi.* To be successful:આબાદ થવું 2. To grow:આબાદ થવું;ફાવવું.

Prosperity,(પ્રોસ્પેરિટિ)*n.*Good fortune; attainment of the object desired; success: આબાદી;ચઢતી દશા;ઉત્કર્ષ;ફતેહ;ચઢતી પાયરી.

Prosperous, (પ્રોસ્પરસ્) *a.* Favoring; favorable;helpful:આબાદ;અનુકૂળ;માંગલિક;શુભ;મંગળ.

Prostitute,(પ્રોસ્ટિટ્યૂટ)*vt* [L *pro*, before & *statuo*,I put.] To offer, as a woman, to a lewd use:છિનાળું-બદકામ કરવા માટે આપવું. *a*. Openly given up to lewdness:નઠારા કામમાં લાગેલું.*n* A harlot:છિનાળ;વેશ્યા;ગુણકા.

Prostitution(પ્રોસ્ટિટ્યૂશન્)*n.*Common lewdness of a woman:છીનાળુ;વેશ્યાવૃત્તિ;ગુણિકાવૃત્તિ.

Prostrate,(પ્રોસ્ટ્રેટ્)*a* [L*pro* before&*sterno*, I spread] Stretched out: લાંબુ છડ-સચોટ પડેલું.2.Lying at mercy:લાંબાછડ થઈને પગે લાગેલું. 3.Lying in a humble posture:ક્ષીણ નષ્ટશક્તિવાળું *vt*. To lay flat:સૂવાડી દેવું. 2 To cause to bow in humble reverence:સાષ્ટાંગ નમસ્કાર ક૦. 3.To cause to sink totally:નરમ કરી નાંખવું.

Prostration,(પ્રોસ્ટ્રેશન્)*n.*The act of falling down or bowing in humility:સાષ્ટાંગ નમસ્કાર-પ્રણામ;દંડવત્,2.શક્તિભંગ;બેહોશી.

Prostyle,(પ્રોસ્ટાઇલ્)*a* [Gr.*pro*,& *stulos*, pillar.]Having columns in front:ઇમારતના આગલા ભાગમાં થાંભલાની હારવાળું.

Prosy,(પ્રોઝિ)*a* Like prose:ગદ્ય જેવું;ગદ્યરૂપ.

Protect,(પ્રોટેક્ટ્)*vt.* [L *pro*,before& *tego*, I cover.]To defend:રક્ષણ ક૦;સાચવવું.

Protection,(પ્રોટેક્શન્)*n.* Defence; shelter: રક્ષણ;સંરક્ષણ;આશ્રય;પાલન;બચાવ;ઓથ; હિમાયત.

Protective,(પ્રોટેક્ટિવ્)*a.*Sheltering;defensive:રક્ષણનું;રક્ષક;આશ્રય પદ;આશ્રયભૂત.

Protector,(પ્રોટેક્ટર્)*n.* A defender:રક્ષણ કરનાર-કર્તા;પાલક;રક્ષક 2 A regent:વાલી.

Protectorate,(પ્રોટેક્ટોરેટ્) *n.* Government by a protector:સંરક્ષણસત્તાક રાજ્ય.2.સંરક્ષતા.

Protege,(પ્રોટેઝે)*n.*One under the care and protection of another:સાહ્યવાન;આશ્રિત.

Protest,(પ્રોટેસ્ટ્)*vt.*[L. *pro* before & *testis*, a witness.] To bear witness; to declare solemnly; to avow:સાફ કહેવું.2 To make a solemn declaration: સામો વાંધો લેવો; ગેરવાજબી છે એક કકડાવીને કહેવું. *vt.* To proclaim: છે એમ પ્રતિજ્ઞા પૂર્વક કહેવું. 2. To call as a witness in affirming:જુબાની આપવી.*n.* A solemn declaration: પ્રતિજ્ઞા પૂર્વકનિષેધ 2. A solemn declaration in writing:અસમ્મતિલેખ.

Protestant,(પ્રોટેસ્ટંટ્)*n.*One who protests: સામો થનાર-પડનાર.Originally applied to the

followers of Luther: પોપાચાર્યના મતથી વિરૂદ્ધ મત આપનાર માણસ પ્રોટેસ્ટન્ટ.

Protestation, (પ્રૉટેસ્ટેશન્) *n.* A publica-vowal:પ્રતિજ્ઞા ઉપર કહેલી વાત;પ્રતિજ્ઞાપૂર્વક નિષેધ.

Prothonotary,(પ્રૉથૉનૉટરિ)*n.* [Gr. *prothos*, first & L.*notarius*,a scribe.]A chief notary or clerk:શિરેસ્તદાર;ચિટનીસ. 2. One who had the charge of writing the acts of the martyrs:ધર્મને માટે પ્રાણાર્પણ કરનારનાં કૃત્યો લખનાર.

Protocol,(પ્રૉટૉકૉલ્)*n.*[Gr *protos*,first & *kolla*,glue.] The original copy of any writing:અસલ પ્રત 2.The minutes of an instrument:ખરડો;ટાંચણ. 3. A preliminary document upon the basis of which negotiations are carried on:સંધિપત્રનો અસલ ખરડો. *vt.*To make a protocol of:નો મુસદ્દો;ખરડો ક૦.

Prototype,(પ્રૉટૉટાઇપ્)*n* [L *protos*, first & *tupos*,type.]A primary form: મૂળ પ્રતિમા.

Protract,(પ્રૉટ્રૅક્ટ્)*vt.*[L *pro*,forward & *traho* I draw.] To continue: લંબાવ્યા કરવું. 2. To delay:લાંબી મુદત ઉપર નાંખવું;મુલતવી રાખવું.

Protraction, (પ્રૉટ્રૅક્શન્) *n.* Prolongation; delay:લંબાણ;વિલંબન;લંબાવણી;વિલંબ; વ્યાક્ષેપ.

Protractive,(પ્રૉટ્રૅક્ટિવ્)*a* Prolonging;delaying:લંબાવતું;વિલંબ કરતું;વિલંબકારી.

Protrude,(પ્રૉટ્રૂડ્) *vt.* [L *pro*, forward & *trudo*,I thrust.] To push forward: હડસેલી કાઢવું.*vi.*To project:બહાર નિકળવું; ઉપસી આવવું.

Protrusion, (પ્રૉટ્રૂઝન્) *n.* The act of protruding: બહાર નીકળવું તે. 2. The state of being protracted:ફુટી નીકળવું તે.

Protuberance,(પ્રૉટ્યૂબરૅન્સ્)*n.* A swelling, a prominence:ટેકો;ગાંઠ;વિસ્ફોટ;ઢીમણું ;આંઠ-આઠો.

Protuberant,(પ્રૉટ્યૂબરૅન્ટ્) *a.* Swelling: ટેકા જેવું; ઉપડેલું; ઉપસેલું; ઉન્નત.

Protuberate,(પ્રૉટ્યૂબરેટ્) *vi.* To swell or be prominent:ટેકા જેવું થવું;ઉપસવું.

Proud,(પ્રાઉડ્)*a.*Haughty:અહંકારી; અભિમાની. (*In good sense*):સદભિમાની. **P.** *of birth:* કુલાભિમાની.2.Splendid:મ્હોટું;ભપકાદાર.

Provable,(પ્રૂવેબલ્) *a.* Capableof being proved:સાબીત થાય એવું;પ્રતિપાદનીય;પ્રતિપાદ્ય.

Prove,(પ્રૂવ્)*vt.*[L.*probo*,I prove.]To try or ascertain by an experiment;to test:પારખવું; અજમાવવું.2.To evince,as truth:ખરૂં કરી આપવું.3.To verify:સાબીત કરવું;પ્રતિપાદન-સમર્થન ક૦. 4.To experience:નો અનુભવ લેવો.5.To test as the correctness of any operation: નો તાળો મેળવવો.*vi.*To make trial:અજમાશ કરવી 2. To turn out to be:સાબીત થવું;થવું;નિપજવું.

Provender, (પ્રૉવેન્ડર્) *n.* Dry food for domestic animals;feed:ચારો-ઘાસ;ઘાસદાણો;ચંદી.

Proverb,(પ્રૉવર્બ્)*n.* [L. *pro* before & *verbum*,a word.]An old and common saying: કહેવત;કહેણી;ક્હેતી;ઉખાણું.2 માર્મિકવચન.

Proverbial, (પ્રૉવર્બિઅલ્) *a.* Used as a proverb:કહેવતમાં ચાલતું. 2. Resembling a proverb:કહેવત જેવું.2.જગત પ્રસિદ્ધ;લોકપ્રસિદ્ધ.

Provide,(પ્રૉવાઇડ્)*vt.*[L *pro*,before & *video*, I see.] To procure beforehand: આગળથી એકઠું કરી ભરી રાખવું.2.To supply: આપવું; પુરૂ પાડવું;તુ પુરૂં ક૦.3. To stipulate: માં શરત-બોલી ક૦.*vi.* To procure supplies or means in advance (followed by *against* or *for*)-ન નડે એવો ઉપાય ઈલાજ ક૦. 2. To stipulate previously:માં સરત લખેલી હોવી.

Provided,(પ્રૉવાઇડેડ્)*conj.* On condition;by stipulation:એવી સરતથી કે;પણ એટલું ખરૂં કે;જો.

Providence,(પ્રૉવિડેન્સ્)*n.*(*a*) Foresight;care: દુરંદેશો;દીર્ઘદષ્ટિ;તેવડ; પૂર્વવિચાર. (*b*) God himself:પરમેશ્વર.2.A manifestation of the care and superintendence which God exercises over his creatures:ઇશ્વરીતંત્ર;ઈશ્વરીસૂત્ર.

Provident,(પ્રૉવિડેન્ટ્) *a.* Cautious, prudent in preparing for future exigencies: દીર્ઘદર્શી;દુરદેશી 2.કસરીયું.

Providential, (પ્રૉવિડેન્શલ્) *a.* Effected by divine direction:ઈશ્વર સત્તાનું;દેવયોગનું.

Province,(પ્રૉવિન્સ્)*n.*[L *pro* before & *vinco*,I conquer.] A country dependent on a distant authority:તાબાનો મુલક;પ્રાંત; પ્રગણું. 2.A region of country;a tract:મુલક;દેશ.

Provincial, (પ્રૉવિન્શલ્) *a.* Constituting a province, of or pertaining to a province: ઇલાકેદાર;પ્રાંતિક 2.Not polished; rude:ગામડીયું; ગ્રામ્ય.*n* A person belonging to a province: પ્રાંતમાં રહેનાર.

Provincialism, (પ્રૉવિન્શલિઝમ્) *n.* A provincial characteristic: ગામડીયા બોલી.

Provision,(પ્રૉવિઝન્) *n.* Preparation: તૈયારી;તજવીજ;ઉપાય.2. (*pl.*) A stock collected; things provided:સાહિત્ય;સામગ્રી;સંગ્રહ;સંચય; સાધન (*b*)Victuals;food:સિધુસામાન; સીધું; અનપાણી;ખોરાકી;મોદીખાનું;ભાતુ.3.A condition; a proviso:કરારનામાની સરત;કલમ.4. A nomination to a place:નિમણુક;ગોઠવણ.

Provisional,(પ્રૉવિઝનલ્) *a.* Serving as a provision for the time being:કામચલાઉ;ચાલતા કામનું;અલ્પકાળસ્થાયી.

Proviso,(પ્રૉવાઇઝો)*n.*An article or clause in any statute:શરત; પણવાક્ય; સંકેત.

Provocation, (પ્રૉવોકેશન્) *n.* The act of provoking:ખીજવણી;ચીડવણું.2.An appeal to a court:અદાલતને કરેલી અપીલ.

Provocative,(પ્રૌવૉકેટિવ્)*a*.Serving to provoke:આણનારૂં;પ્રકોપક;ઉદ્દીપક; ઉત્તેજક. *n*. Anything that is provocative:દીપન;અગ્નિવર્ધન.

Provoke,(પ્રૌવૉક્)*vt* [L. *pro*, forth & *voco*,I call.](*a*)To call forth:આણવું (*b*)To incite or incense to action;to irritate:સળગાવવું;ચીડવવું; ખીજવવું; છેડવું. *vi*. To cause provocation or anger:ગુસ્સો ક૦.2.To appeal:અપિલ ક૦.

Provost,(પ્રૌવૉસ્ટ્)*n*.[L. *proe*,&*pono*,I put.] The chief magistrate in some cities: મુખ્ય ફોજદારી અમલદાર;વડો માજીસ્ટ્રેટ.2.The keeper of a prison:જેલર;દરોગો.

Prow,(પ્રાઉ)*n*. [Gr. *pro* & *borao*,I see.]The forepart of a vessel:વહાણનો આગલો ભાગ;નાળ. *a* Brave;gallant;valiant:હિમ્મતવાન; બહાદુર.

Prowess,(પ્રાઉએસ્)*n*. [L *pro*,& *esse*, to be.] Distinguished bravery;valor:શૌર્ય;પરાક્રમ;પ્રતાપ;બહાદુરી;જવાંમર્દી;સમશેર બહાદુરી.

Prowl,(પ્રાઉલ્)*vt*. To rove over,through,or about in a stealthy manner for prey or booty:શિકાર-લૂંટને માટે ભટકતા ફરવું.*vi*.To rove or wander stealthily:શિકાર પકડવાને માટે છાનામાના ફરતા ફરવું;શિકાર પકડવો;ભક્ષ ક૦.

Proximate,(પ્રૉક્સિમેટ્)*a*.[L. *proximus*, the nearest.]Nearest:છેક પાસે-નજદિકનું;નિકટનું;સંનિહિત;સંયુક્ત.P.*cause*:ઉપાદાનકારણ.

Proximity,(પ્રૉક્સિમિટિ)*n*.Immediate nearness:સમીપતા;સામીપ્ય;નિકટતા;સંનિધિ;સંસર્ગ.

Proximo, (પ્રૉક્સિમો) In the next month after the present:આવતો મહીનો.

Proxy, (પ્રૉક્સિ)*n*. The person who is substituted or deputed to act or vote for another:પ્રતિનિધિ;મુખત્યાર;અવેજી.2. A writing by which one person authorizes another to vote in his stead: મુખત્યારનામું; પ્રતિનિધિપત્ર.*vi*.To act or vote by proxy: પ્રતિનિધિદ્વારા કામ ક૦.મત આપવો.

Prude,(પ્રુડ્)*n*.A woman of affected modesty or coyness: નખરાંખોર સ્ત્રી.

Prudence,(પ્રુડેન્સ્)*n*.Discretion:ડહાપણ.

Prudent,(પ્રુડેન્ટ્)*a*. [L.*pro*, & *video*,I see.] Careful;cautious: ડાહ્યું;વિચારીને કામ કરનાર.

Prudential,(પ્રુડેન્શલ્)*a*.Prudent;discreet:ડહાપણનું;સવિવેક;પૂર્વાપર વિચારનું.*n*.*pl*.That which relates to the discretion:મતિ-ડહાપણની વાત

Prudery,(પ્રુડરિ)*n*.Stiffness; coyness: નખરાંખોરી;આરેખમપણું;નખરાંબાજી;વિનયાભિમાન.

Prudish,(પ્રુડિશ્)*a*. Like a prude; very formal:થોડાબોલું;નખરાંખોર;લજ્જાળું;ઠાવકું;નખરાંમાજ.

Prune,(પ્રુન્) *vt*. To clear off useless material; to trim: કલમ ક૦. 2. To cut off or cut out:કાપી નાંખવું.

Pruning-hook, (પ્રુનિંગ-હુક્) *n*. A cutting instrument used in pruning trees &c:ધારીયું;કાતરું.

Prurient,(પ્રુરિએન્ટ્)*a* Uneasy with desire; itching;lustful:તલપી રહેલું;તલપાપડ થઈ રહેલું.

Pry,(પ્રાઇ)*vi*.To gaze:સૂક્ષ્મ નિરીક્ષા ક૦;ખણખોતર ક૦.*n*. Curious inspection:બારીક તપાસ.

Prying,(પ્રાઇંગ્)*a*.Inspecting closely:ખણખોતરીયું:ચિકિત્સાખોર;સૂક્ષ્મદર્શી

Psalm,(સામ્) *n*. [Gr. *psallo*, I sing to the harp] A sacred song:ભજન. 2.One of the hymns by David and others collected into one book of the old Testament:દાઉદવિ૦એ કરેલું ખ્રિસ્તી ભજન.

Psalmist,(સામિસ્ટ્)*n*.A composer of sacred songs:ભજન બનાવનાર કવિ;સ્તોત્રકાર; સ્તોત્રકવિ.

Psalmody, (સામોડિ)*n*. The act of singing sacred songs:સ્તોત્ર ગાયન; સ્તોત્રગાન.

Pseudology,(સ્યૂડૉલૉજિ)*n*.[Gr. *pseudos*,falsity & *logos*,speech]Falsehood of speech: જુઠાણું;મિથ્યા વચન;કૃત્રિમવાણી.

Pshow,(શો!)*interj*.Pish;pooh:અરેરે; છટ;એહ.

Psychology,(સાઇકૉલૉજિ)*n*.[Gr.*psyche*, the soul & *logos*, speech.] The science of the human soul:આત્મ તત્વવિદ્યા;અધ્યાત્મશાસ્ત્ર.

Ptolemaic,(ટૉલીમેઇક્)*a*. Pertaining to Ptolemy, the geographer and astronomer:ટોલીમી નામના ખગોળવેત્તાનું.

Ptyalism, (ટાઇયૅલિઝમ્) *n*. Salivation or an excessive flow of saliva:થુંક; અતિલાળ.

Puberty,(પ્યૂબર્ટિ)*n*.[L *puber*,*pubes*, adult.] The earliest age at which persons are capable of begetting or bearing children: જુવાની ફુટવાનો વખત;વય;યૌવન.*To arrive at* p. (*male*):ને જુવાની ફુટવી.(*female*):સ્ત્રીધર્મ પ્રાપ્ત થવો.

Pubescence,(પ્યૂબેસેન્સ્) *n*. The quality or state of being pubescent:જોબન; ભરજુવાની.

Pubescent,(પ્યૂબેસેન્ટ્)*a*.[L.*pubes*,adult.]Arrived at puberty: વેશે ચઢતું;પ્રૌઢ;તરૂણ;યુવાન.

Public,(પબ્લિક્)*a*.[L *populus*, the people] Pertaining or belonging to the people: સાર્વજનિક;સર્વસાધારણ.2 General:સૌના લાગતું; પ્રસિદ્ધ;ખુલ્લું;ઉઘાડું.3. Open to common use: સૌની વાપરમાં આવતું.P.*house*,an inn:ધર્મશાળા.

Publication,(પબ્લિકેશન્)*n*.Divulgation:પ્રકાશન;ઉદ્ઘાટન.2.The offering of a book to the public by sale:મુદ્રાંકિત લેખ પ્રકટીકરણ.3.That which is published: છપાઇ બહાર પડેલું ચોપાનીયું ચોપડી વિ૦.

Public hand, (પબ્લિકહૅન્ડ્) *n*. Help of the people:સર્વ લોકોની મદદ;સાર્વજનિક મદદ.

Public-house,(પબ્લિક્હાઉસ્) *n*. An inn:ઢાબા-

લની દુકાન;પીઠું.

Publicity-ness,(પબ્લિસિટિ-નેસ્)*n.* Notoriety;publicness:પ્રસિદ્ધતા;જનપ્રસિદ્ધિ;પ્રખ્યાતિ.

Publish,(પબ્લિશ્)[L.*publico*,I publish.] *vt.* To make public: પ્રકટ-પ્રસિદ્ધ કo.2.To make known by posting:જાહેર કરવું.3.To print and issue from the press:બહાર પાડવું;પ્રકટ કo.

Publisher,(પબ્લિશર્)*n.* One who publishes: છાપી પ્રગટ કરનાર;પ્રસિદ્ધ કરનાર.

Pucker,(પકર્)*vt & vi.*To gather into small folds or wrinkles:કરચલી પાડવી. *n.* A wrinkle:કરચલી.2.Confusion:ગુંચવણ.

Pudder,(પુડર્)*vi.* To make a tumult: ઘોંઘાટ કરવો;ધીંગાણું મચવું થવું *vt.*To perplex:ગભરાવવું. *n.*A bother;a tumult: ઘોંઘાટ.

Pudding,(પુડિંગ્)*n.*[Gr.*pudo*,I fill.]A species of food of a soft or of moderately hard consistence made of flour of meal with milk and eggs &c.:માવા જેવો નરમ કે જરા તેથી કઠણ લોટ, દુધ અને મેદાનો બનાવેલો પદાર્થ.

Puddle,(પડલ્)*n.*A muddy splash; a pond: તળાવડું;ખાબોચીયું; ગંદા-મેલા પાણીનું ખાબડું. *vt.* To make foul: ગંદુ કરવું. *vi.* To make a dirty stir:રગડવું;ડોળવું. [ગંદુ.

Puddly,(પડ્લિ)*a* Foul;muddy:,કાદવવાળું; મેલું;

Pudenda,(પ્યૂડેન્ડૅ)*n.pl.*The external organs of generation:ઉપસ્થ;ગુહ્યાંગ;યોની;ભગ;જનનેંદ્રિય.

Puerile,(પ્યુરાઈલ્)*a.*[L.*puer*,a child.]Boyish; trifling;childish:છોકરવાદ;નાદાની ભરેલું.

Puerility,(પ્યુરિલિટિ)*n.*The quality of being puerile;childishness:બાળકબુદ્ધિ;બાલધર્મ.

Puff,(પફ્)*n.* (*a*) A sudden and single emission of breath from the mouth: ફુંક. (*b*) A slight gust:પવનનો સપાટો.2.An exaggerated or empty expression of praise: વખાણ;ચઢાવણી;ભણગાં.*vi.*To blow in puffs: ફુંફાટા મારવા. 2.To breathe quick and hard: ફુંફાટા મારવા.3.To swell with air:ફુલવું; ફુલીને ફડો થવું. *vt* To drive with a puff:પવનના સપાટામાં ધસી જવું 2.To repel with words:કાઢી મુકવું.3. To inflate:ફુલાવવું 4.To inflate with pride: ફુલાવવું 5.To flatter:ચઢાવવું;-નાં વખાણ કo.

Puffy,(પફિ)*n* Swelled with air:ફપસેલું.

Pug,(પગ્)*vt* To mix and stir when wet:ગારો કેલ કo. 2. To fill or stop with clay by tamping:ધુળ-માટીથી બંધ કરવું. *n.* Tempered clay:ગારો;ગુંદેલી માટી.*n* An elf:પિશાચ;ભૂત.

Pugh,(પૂ)*interj.*Pish;pshaw: એંહ છીટ;છટ

Pugil,(પ્યુજિલ્)*n* [L.*pugillum*,a handful.] As much as is taken up between the thumb and two first fingers:ચપટીભર;ચીમટો.

Pugilism,(પ્યુજિલિઝમ)*n.*[Gr.*pugme*,a fist.] The practice of boxing:મુક્કાબાજી.

Pug-mill, (પગ્-મિલ્) *n.* A kind of mill for grinding and mixing clay:ચુનો પીસવાની ચક્કી.

Pugnacious,(પગ્નેશસ્)*a.*[L.*pugno*,I fight.] Fighting;quarrelsome:લઢાઉખોર;લઢવાડીયું.

Puisne,(પ્યૂની)*a.*[L.*post*,afterwards.] Later in age:નાનું;ઉતરતું;પછાનું.2 Petty:હલકું;ગૌણ;ક્ષુદ્ર.

Puissance,(પ્યૂઈસૅન્સ્)*n.*[L.*posse*,to be able.] Power;strength;might:પરાક્રમ;બળ;પ્રતાપ.

Puissant,(પ્યૂઈસૅન્ટ્)*a.*[L.*potens*, powerful.] Strong;powerful;mighty: બળવાન;પરાક્રમી.

Puke,(પ્યૂક્)*vi.*To vomit;to spew:ઉલટી થવી.

Puker,(પ્યૂકર)*n.*One who vomits:ઉલટી કરનાર.

Pule,(પ્યૂલ્)*vi.*[L.*pipio*, I pip.] To cry like a chicken:ઉંઉં-ચ્યું ચ્યું કર્યા કરવું.

Pull,(પુલ્) *vt.* To draw: તાણવું; ખેંચવું. 2. To tear:ફાડી-ચીરી નાંખવું.3.To pluck:તોડવું. 4.To move by the motion of drawing towards one: ખેંચવું. 5. To hold back: અટકાવવું. 6. To make as a proof or impression: છાપવું; દાબવું *To* p *down*,to demolish:તોડી પાડવું *To* p *off*,to draw off: ખેંચીને જુદું પાડવું. *vi.* To tug: જોર વાપરવું. *To* p.*up*, to stop:-ની લગામ ખેંચી રાખવી.*To* p *through*,to come successfully to the end:પસાર થઇ જવું. *n.* The act of pulling or drawing with force: આંચકો. 2.The act of rowing:હલેસાં મારવાં તે;હલેસું.

Pullet,(પુલેટ્)*n.*[L.*pullus*,a young animal.] A young hen:નાની મરઘી;કુકડી.

Pulley,(પુલી)*n* [Gr.*poleo*, I turn.] A wheel with a broad rim:ધરેડી.*vt.*To raise by means of a pulley:ધરેડીથી ઉંચું ચઢાવવું.

Pulmonary,(પલમૉનરિ)*a.*[L.*pulmo*,a lung.] Pertaining to the lungs: ફેફસાંમાંથી કહેલું.

Pulp,(પલ્પ્)*n* [L.*pulpa*,flesh.]The soft part of a fruit:ગર;ગલ;માવો;મેંદો.*vt* To reduce to pulp:માવો કરવો.

Pulpit,(પલ્પિટ્)*n.*[L *pulpitum*, a platform of boards.]An elevated place in a church in which the clergyman stands while preaching:ભાષણ કર્તાની બેઠક 2 A desk for an orator:ભાષણ કર્તાનું આસન.

Pulpous-py,(પલ્પસ્-પિ)*a.*Containing pulp: માવાદાર;ગળદાર;નરમ;મુલાયલ.

Pulsate,(પલ્સેટ્)*vi.* [L. *pello*, I beat] To throb as a pulse:નાડી તથા રક્તાશયનું ધડકવું.

Pulsation,(પલ્સેશન્)*n.*A beat of the pulse: નાડીનો ધબકારો;સ્ફુરણ;વેગ.

Pulsative,(પલ્સેટિવ)*a.*Beating:ધબકનારૂં.

Pulse,(પલ્સ્)*n.*[L.*puls*, a thick pap.] Leguminous plants,or their seeds:કઠોળ;વટાણા; ભણુ.*n.*[L *pello*, I strike.] The beating of

the heart:નાડીઓનો ધબકારો.*To feel one's* p. to ascertain its condition by the sense of feeling:નાડીપરીક્ષા ક૦.

Pulverable,(પલ્વરૅબલ્)*a*. Capable of being reduced to fine powder:બારીક ભૂકો થાય એવું; ચૂર્ણિકરણ યોગ્ય.

Pulverization,(પલ્વરાઇઝેશન્)*n*.The action of reducing to dust:બારીક ચુરો કરવો તે.

Pulverize,(પલ્વરાઈઝ્)*vt*.[L *pulvis*, dust.]To reduce to fine powder:ઝીણો ભૂકો-ચૂર્ણ ક૦.*vi*. To become reduced to powder:ઝીણો ભૂકો થવો.

Pump,(પમ્પ્)*n*.An hydrolic machine, constructed for raising fluids:બંબો;જળયંત્ર.*vt*. To raise with a pump:બંબાથી પાણી ચઢાવવું.

Pumpkin,(પમ્પાકિન્)*n*.A well-known trailing plant and its fruit:કહોળું;કહોળાનો વેલો. *Long white* p.:દુધી;દુધીના વેલા.

Pun,(પન્)*n*. A play on words which have the same sound but different meanings; a quibble:શબ્દ વિનોદ.*vi*.To make puns:દ્વિઅર્થી શબ્દ કહેવો;શબ્દ વિનોદ ક૦.*vt*.To persuade or affect by a pun:શબ્દ વિનોદ કરવો.

Punch,(પંચ્)*n*.[L.*pungo*, I prick.] A kind of wine:પંચદારૂ.*n*.The buffoon of a puppet show: પુતળાંની રમતમાંનો રંગલો; વિદૂષક. *n*. A short fellow:ઠીંગણો પુરૂષ *vt*. To thrust against:માં ગોદો મારવો. *n*. A thrust: ગોદો. *n*. A kind of tool:છેદ પાડવાનું ઓજાર;પંચ.2.A prop, as for the roof of a mine: થાંભલો; ટેકો; આધાર.*vt*.To perforate with an instrument: ઓજારથી કાણું પાડવું;પંચ ક૦;છેદ-સારક.

Punchbowl,(પંચ્બોલ્)*n*. A large bowl in which punch is made: પંચદારૂનો પ્યાલો.

Puncheon,(પંશન્)*n*.[L.*punctio*,a pricking.] A figured stamp, die or punch, used by goldsmiths,cutlers,&c: બીબું;બાણું.

Punchinello, (પંચિનેલો) *n*. A punch;a buffoon:તરકડીઓ;રંગલો;મશ્કરો.

Punctilio,(પંક્ટિલિઓ)*n*.[L.*punctum*,point A nice point of exactness in conduct: સૂક્ષ્મ વર્તન નીતિ;ઝીણવટ;વર્તનાચાર.

Punctilious,(પંક્ટિલિઅસ્) *a*. Attentive to punctilio;Precise:આદરમાન પર ધ્યાન આપનાર.

Punctual,(પંક્ટયૂઅલ્ *a*.[L.*punctum*,point.] Precise:બરાબર;ચોકસ;વચનાનિષ્ઠ;સમયસેવા;સમય સાવધ.3 Done at a regular time: વાયદા પ્રમાણે બરાબર વખતે કરેલું-આપેલું.

Punctuality,(પંક્ટયૂઍલિટિ)*n*. The state of being punctual:વખતસર જવું તે;કાલપાલન.

Punctuate, (પંક્ટયૂએટ્) *vt*. To mark with points: વિરામચિન્હ મુકવા.

Punctuation, (પંક્ટયૂએશન્) *n*. The act or art of punctuating:વિરામચિન્હ મુકવા તે.

Puncture,(પંક્ટ્યૂર્)*n*.[L.*pungo*, I prick.] A small hole:કાણું.*vt*.To prick:કાણું પાડવું.

Pungency,(પંજેન્સિ)*n* Sharpness:તીક્ષ્ણતા.

Pungent,(પંજેન્ટ્) *a*. [L. *pungo*, I prick.] Pricking:તીવ્ર તીખું; મરચાં લગાડે એવું.

Puniness,(પ્યૂનિનેસ્)*n* The quality or state of being puny;feebleness: નસ્રપણું; ક્ષુદ્રતા.

Punish,(પનિશ્)*vt*. [L. *pœna*; penalty.] To impose a penalty upon: સજા-શિક્ષા કરવી.

Punishable,(પનિશૅબલ્)*a*.Capable of being punished by law or right:શિક્ષાપાત્ર;દંડનીય.

Punishment, (પનિશ્મેન્ટ્) *n*. The act of punishing: સજા કરવી તે; શાસન; તાડન. 2. A penalty inflicted by a court of justice: શિક્ષા;સજા;નશીયત *Capital* p:દેહાંતદંડ;પ્રાણાંતદંડ

Punitive,(પ્યૂનિટિવ્)*a* Pertaining to punishment:દંડ આપનારૂં;શિક્ષાનું;દંડ દાખલ મુકેલું.

Punitory(પ્યૂનિટૉરિ)*a*.Punishing:શિક્ષાઆપનારૂં.

Punster,(પન્સ્ટર્)*n*. A quibbler:શબ્દની રમુજ કરનાર,શબ્દ શ્લેષકાર.

Puny(પ્યૂનિ)*a*.Inferior;petty:નબળું;દુબળું;નાનું; ક્ષુદ્ર;પામર;હલકું.*n*.A youth;a novice:જુવાનીઓ.

Pup,(પપ્)*n*. A puppy:કુરકરીયું;બોઠીલું.

Pupa,(પ્યૂપૅ)*n*.A genus of air-breathing land snails:કોશેટું;એક જાતનો જીવડો.

Pupil,(પ્યૂપિલ)*n*.[L. *pupilla*, the pupil of the eye.]The aperture in the iris: આંખની કીકી-પુતળા;કનીનિકા *n* [L.*pupus*,boy.]A scholar;a disciple:શિષ્ય;નિશાળીઓ;ચેલો;વિદ્યાર્થી.

Pupilage,(પ્યૂપિલૅજ)*n*. The state of being a pupil:શિષ્યતા;શિષ્યદશા;શિષ્યાવસ્થા.

Pupilary, (પ્યૂપિલૅરિ) *a*. Pertaining to a pupil:શિષ્યને લગતું. 2. Pertaining to the pupil of the eye:આંખની કીકીને લગતું.

Puppet,(પપેટ્)*n*.[L. *pupa*, a girl.] A small image in the human form;a doll: ઢીંગલું; પુતળું;ઢીંગલી.

Puppy(પપિ)*n*. The young of a canine animal:કુરકરીયું;બોઠીલું.

Puppism(પપિઝમ્) *n*. Extreme meanness; affectation or impudence: બેડસાઇ;તોર.

Pur,(પર્)*vi*.To utter a low sound:ગ્યાંઉ ગ્યાંઉ ક૦ *n*.The low,murmuring sound of a cat: બિલાડીનો અવાજ.

Purblind,(પર્બ્લાઇન્ડ્) *a*. Wholly blind:તદન આંધળો.2. Dim sighted: મંદ;ઝાખું દેખનાર.

Purchase,(પર્ચૅસ્) *vt*. To buy for a price: વેચાતું લેવું;ખરીદવું.*n*.Buying for money:ખરીદી; ખરીદ.2.That which is obtained for a price in money or its equivalent:ખરીદી;વેચાણ.

Purchaser,(પર્ચૅસર્)*n*.One who purchases: ગ્રાહક;ખરીદનાર.

Pure,(પ્યૂર્)*a.*[L.*purus*, pure.] Free from mixture: સાફ;સ્વચ્છ;નિર્મળ;ચોખ્ખુ;શુદ્ધ. 2. (*a*) Free from moral defilement:પવિત્ર;શુદ્ધ.(*b*) Innocent:શુદ્ધ;પાક.3.Genuine:ખરૂં; વાસ્તવિક.

Purgation,(પરગેશન્) *n.* The act of purging:કચરો કાઢી સાફ કરવું તે 2.The clearing of one's self from a crime:દોષ નિવારણ.

Purgative,(પરગેટિવ્)*a.* Having the power or quality of purging;cathartic:જુલાબ લાગે એવું;રેચક;શોધક;સારક *n.*A purging medicine: જુલાબ;રેચ;વિરેચન.

Purge,(પર્જ્) *vt.* [L *purus*; pure, & *ago*, I make.] To cleanse, clear or purify:-માંથી કચરો કાઢી નાંખવો. 2. To operate on as a cathartic medicine:-નેજુલાબ લાગવો. *vi.* To produce frequent evacuations from the intestines: જુલાબ લાગવો. *n.* The act of purging:જુલાબ લાગે તે.2.That which purges જુલાબ;રેચ;વિરેચન.

Purification,(પ્યૂરિફિકેશન્) *n.* The act of purifying:વિશુદ્ધીકરણ.2 A cleansing from guilt:નિર્દોષીકરણ.

Purificatory, (પ્યૂરિફિકેટોરિ) *a.* Serving to purify:શુદ્ધ કરે તેવું;શોધક;પાપવિનાશી.

Purifier,(પ્યૂરિફાઇર્)*n.* One who purifies; a cleanser; a refiner: સાફ કરનારો;શોધન કર્તા.

Purify,(પ્યૂરિફાઇ)*vt*;[L *purus* pure & *facio*; I make.] To make pure:ચોખ્ખું ક૦;મેલ કાઢી નાંખવો;શુદ્ધ-સ્વચ્છ ક૦.2.To free from guilt or moral defilement:ગુન્હામાંથી નિર્દોષક૦;પવિત્ર-પાવન ક૦.*vi.* To grow pure:નિર્મલ થવું.

Puritan,(પ્યૂરિટન્)*n.* One who advocated simpler forms of faith and worship:એટલું બાઇબલમાંજ કહેલું માનનાર માણસ *a.*Pertaining to the puritans:પ્યુરીટન સંબંધી.

Purity,(પ્યૂરિટિ)*n.*[L.*purus*, pure.]The condition of being pure: સ્વચ્છતા; નિર્મળતા. 2. Innocence:નિર્દોષતા.

Purl,(પર્લ્) *vt.* To decorate with fringe or embroidery: ભરતથી સુંદર કરવું-ગણગારવું. *n.* An embroidered and puckered border:તોઇ;ફ્રીલ.*vi.* To rise in circles, ripples: ભમરા આવવા.*n.*An eddy:ભમરો. [forest:પ્રાંત ભાગ.

Purlieu,(પર્લ્યૂ) *n.* The ground near a royal

Purling,(પર્લિંગ્) *n.* The motion of a small stream running: ખળખળાટ.

Purloin,(પરલૉઇન)*vt* To steal:છાનામાના ચોરવું. *vi.* To practise theft:હાથ મારવો.

Purparty,(પરપાર્ટિ)*n* A share of an estate allotted to a copartener:અંશ;ભાગ;વાટો;હિસ્સો.

Purple,(પર્પલ્)*n.*[Gr. *puro* I stain.] A color formed by a combination of the primary colors,red and blue:જાંબુઓ રંગ.2.(*a*)Cloth dyed of a purple color or a garment of such color: જાંબુડા રંગનો જામો.*a.* Exhibiting the color called purple; of a deep red color: જાંબુઓ રંગ બતાવતું. 2. Regal: બાદશાહી. *vt.* To make purple:જાંબુઓ રંગ કરવો

Purpot (પરપૉર્ટ્)*n.*[L *pro*, & *porto*, I bear.] Meaning;import:મતલબ; ભાવ ભાવાર્થ; તાત્પર્ય. *vt.* To mean; to signify:મતલબ-સાર હોવો.

Purpose,(પરપૉસ્)*n.*[L.*pro*,before & *pono*, I place.]Intention:ધારણા;મતલબ; ઉદ્દેશ; હેતુ; અર્થ ઇરાદો. *To no* p.: વૃથા. *One who has effected his* p.:કૃતકૃત્ય;:કૃતાર્થ *vt.* To design: વિચાર કરવો. *vi.* To discourse:વિચાર હોવો.

Purposeless, (પરપૉસલેસ્) *a.* Having no purpose or result; objectless: નિરર્થક; નકામું.

Purposely,(પરપૉસ્લિ)*adv.* With purpose or design:જાણી જોઇને-બુજીને;ઇચ્છાપૂર્વક; બુદ્ધિપૂર્વક.

Purr,(પર્)*vi.* See **Pur.**

Purse,(પર્સ્) *n.* A small bag: વાટવો; કોથળી. 2. A sum of money offered as a prize: ઇનામના પૈસા. *Light or empty* p , poverty: ખાલી ખીસાં;નિર્ધનતા *Longorheavy* p.,wealth: સમૃદ્ધિ;રિદ્ધિ સિદ્ધિ.p *pride*:ધનગર્વ;ધનમદ.*vt.*To put into a purse:કોથળી-થેલી-વાટવામાં મૂકવું-ભરવું

Purse-proud,(પર્સ પ્રાઉડ્) *a.* Affected with purse pride:પૈસાના મહત્વાળું;ધનમત્ત-ધનોન્મત્ત.

Purser,(પર્સર)*n.* A clerk on steam passenger vessels;વહાણમાંનો હીસાબી કારકુન.

Pursuance,(પરસ્યૂઍન્સ્)*n.* The act of pursuing:અનુવર્તન;અનુગમન.*In* p. *of*, in accordance with:મુજબ;પ્રમાણે;અનુસાર.

Pursuant,(પરસ્યૂઍન્ટ્)*a.* Acting in consequence:અનુસરતું;પ્રમાણેનું.

Pursue.(પરસ્યૂ)*vt* [L *pro*,forward & *sequor*,I follow]To follow with a view to overtake; to chase:-ની પાછળ પડવું-મંડવું:-ની પુંઠે પડવું.2. To seek;મેળવવાનો ઉદ્યોગ કરવો.3 To prosecute: ચલાવ્યાં જવું. 4. To persecute:-ને હેરાન ક૦.*vi.* To follow:પાછળ હોવું;અનુસરવું.

Pursuit,(પરસ્યૂટ્)*n.* A following with haste; chase: પુંઠ; કેડો; અનુસરણ 2. Following with a view to reach: મેળવવાનો ઉદ્યોગ. 3: Course of business:ઉદ્યમ;ઉદ્યોગ;પ્રયત્ન;ઉપક્રમ; વ્યવસાય. 4 Prosecution:ચલાવ્યાં જવું તે.

Pursuivant,(પર્સિવૅન્ટ્)*n.* A state messenger: સરકારી જાસુસ; રાજદૂત. *vt.* To pursue: પાછળ પડવું.

Purulence,(પ્યૂરૂલેન્સ્)*n.*(*a*) The quality or state of being purulent:પરુ;પરુ થવું-ભરાવું તે.

Purvey,(પરવે) *vt.* [L. *pro*, & *video* I see.] To furnish with provisions: ખોરાક સામાન

પુરો પાડવો; સુખ વસ્તુ પુરી પાડવી. *vi.* To purchase provisions:ખોરાક વેચાતો લેવો.

Purveyance,(પરવેઍન્સ્) *n.* Foresight: વ્યવસ્થા; તૈયારી 2 Food: ખોરાકી

Purveyor,(પરવેઑર્)*n.* A victualer;a caterer:ખોરાક પુરો પાડનાર;મોદી.

Purview,(પર્વ્યૂ) *n.* The body of a statute: કાયદો 2 Limit of authority:સત્તા;હકુમત;નેમ.

Pus,(પસ્) *n.* The yellowish white opaque creamy matter produced by the process of suppuration: (ગુંમડાં વીગેરેમાંનું)પરૂ;પાચ.

Push (પુશ) *vt.* [L. *pello,* I push.] To passe against with: હડસેલવું;ધકેલવું. 2 To press or urge forward: ઝોકાવવું;આગળ પ્રેરવું.*vi* To make a thrust:ગોદો મારવો; ધક્કો દેવો. *n.* A thrust with a pointed instrument: ગોદો; ધકેલો. 2. A shove:હડસેલો. [વાળુ; ઉદ્યમી.

Pushing, (પુશિંગ) Energetic: જબરી છાતી-

Pusillanimity,(પ્યૂસિલૅનિમિટિ)*n.* Weakness of spirit;timidity:બીકણપણું;નામર્દાઇ;શૌર્ય હીનતા

Pusillanimous,(પ્યૂસિલૅનિમસ્)*a* [L. *pusillus,* very little & *animus,* the mind.] Destitute of a manly courage:બીકણ;બાયલો.

Puss,(પુસ્)*n.* A cat:બિલાડી 2 A hare:સસલું.

Pussy.(પુસિ)*n* A pet name for a cat:પાળેલી બિલાડી 2 The game of tipcat:એક જાતની રમત.

Pustulate,(પસ્ટ્યૂલેટ્) *vt.* [L. *pustula,* a blister.]To form into pustules:ફોલ્લી થવી.*a.* Covered with pustules: ફોલ્લીવાળુ.

Pustule,(પસ્ટ્યલ્) *n.* A vesicle: ફોલ્લો.

Repudiation,(રીપ્યૂડિએશન્) *n.* The act of repudiating:તરછોડનાખું;અસ્વીકાર; પરિત્યાગ.

Repugnance-cy,(રીપગ્નેન્સ-ન્સિ)*n.* [L. *re* & *pugno*,I fight]Opposition:વિરોધ;પ્રતિકૂળતા. 2.Aversion:નાખુશી;વિરાગ;અણગમો;કંટાળો;ત્રાસ.

Repugnant,(રીપગ્નેન્ટ્)*a.*Hostile; contrary: પ્રતિકૂળ;સામું;ફેલટું;વિરૂદ્ધ વાંકું;વિપરીત; વિરોધી,

Repulse,(રીપલ્સ્)*vt.*[L.*re*; & *pello*,I drive.] To repel: પાછું હઠાવવું.2.To reject: ના પાડવી. *n.* The act of repelling:પ્રતિઘાત;હડસેલો. 2. Refusal:સામો અટકાવ.

Repulsive-sory,(રીપલ્સિવ્-સૉરિ)*a.* Serving to repulse:પ્રતિસારક;પ્રત્યાકર્ષક. 2. Offensive: ગમે નહીં એવું;અપ્રિય;અતડું;નિઃસ્નેહ;અપ્રીતિજનક.

Reputable,(રેપ્યૂટેબલ્)*a.*Honorable;respectable:આબરૂદાર; પ્રતિષ્ઠિત;હુરમતદારી શિષ્ટ;શહાજોગ

Reputation,(રેપ્યૂટેશન્)*n.* The estimation in which one is held;repute:કીર્તિ; પ્રસિદ્ધિ; ખ્યાતિ; યશ. 2 The character reputed to a person:ઇજ્જત;આબરૂ;સાખ;આંટ;નામ.

Repute,(રીપ્યૂટ)*vt.*[L.*re*, & *puto*,I reckon.] To hold: ગણવું; માનવું. *n.* Public estimate: માન;આબરૂ.2.Good character:ઇજ્જત;પ્રતિષ્ઠા.

Reputed,(રીપ્યૂટેડ્)*a.*Honorable;જગપ્રસિદ્ધ.

Request,(રીક્વેસ્ટ્)*n.*[L *re* & *quœro*,I seek.] Solicitation; prayer: પ્રાર્થના; વિનંતિ; અરજ. 2.That which is asked for :માગેલી વસ્તુ. *vt.* To solicit:માગવું-ઈચ્છા કo;પ્રાર્થના કo.2. To address with a request:વિનંતી કo

Require,(રીક્વાઇર્)*vt.*[L.*re* & *quœro*,I seek.] To demand: માગવું; હુકમ ફરમાવવો. 2. To need:જરૂરીઆત હોવી. 3. To ask as a favor: પુછવું;માગવું.

Requirement,(રીક્વાઇર્મેન્ટ્) *n.* The act of requiring; demand:સત્તાની-હકની માગણી. 2 An essential condition:ગરજ; જરૂરી.

Requisite,(રેક્વિઝિટ્) *n.* Something indispensable: જરૂરની-અગત્યની ચીજ.*a.*Necessary: જરૂરનું; અગત્યનું.

Requisition,(રેક્વિઝિશન્)*n.*[L.*requisitio*,a searching.]A notarial demand of a debt: ઉઘરાણી.2 That whichis required by authority: દાવો. 3. A written or formal call; an invitation;નોતરું;આમંત્રણ.

Requital (રીક્વાઇટલ્)*n.*Good or bad return; (*in a good sense*) compensation:બદલો.(*in a bad sense*,retaliation: પ્રતિદંડ;સજા.

Rescind,(રીસિન્ડ્)*vt.*[L.*re*,& *scindo*,I cut.] To cut off; to annul;રદ બાતલ-મોકુફ કo.

Rescission,(રીસિઝન્)*n.*The act of rescinding:ખંડન;વિલોપ;વિસ્રસન.

Rescribe,(રીસ્કાઇબ્) *vt.* [L. *re* & *scribo*, I write.]To write in reply:પ્રત્યુત્તરમાં લખવું.

Rescript,(રીસ્ક્રિપ્ટ્)*n.*(*a*)The answer of an emperor on a legal question: કોઈ કાયદાસર સવાલનો બાદશાહે આપેલો જવાબ-ઉત્તર. (*b*) An edict; a decree:રાજાનો હુકમ;આજ્ઞાપત્ર.

Rescue,(રેસ્કયૂ)*vt.*[L.*re*,*ex*,& *quatio*,I shake] To free or deliver from any confinement: છોડવું;બચાવવું.*n.*The act of rescuing;liberation:છૂટકો;બચાવ;રક્ષણ.2.The forcible liberation of a person from an arrest or imprisonment: કોઇ પણ માણસને કેદમાંથી જબરજસ્તીથી મુક્ત કo. તે; જોરજુલમી છૂટકારો-બચાવ.

Research,(રીસર્ચ્)*vt.* To search again: ફરીથી શોધવું.*n.*Diligent inquiry in seeking facts: શોધ;તલાસ;ખોળ;તપાસ.*vt.*To seek diligently: મહેનતથી શોધવું.

Resemblance,(રીઝેમ્બ્લૅન્સ્)*n.* Similitude: સરખા-મળતાપણું.2.A representation;a likeness:પ્રતિરૂપ;પ્રતિમા.3. A comparison:ઉપમા.

Resemble,(રીઝેમ્બલ્)*vt.* [L. *re* & *similis*, similar.]To be like or similar:-ના જેવું સરખું હોવું-થવું.2.To liken:સરખાવવું.

Resent,(રીઝેન્ટ્)*vt.* [L. *re* & *sentio*, I feel] To be sensible of;to feel:લાગવું (*a*)*In a good sense*, to take well:સારું લાગવું.(*b*) *In a bad sense*, to take ill:માઠું લાગવું. 2. To express displeasure at,as by words or acts: માઠું લાગવું;નાખુશી બતાવવી.*vi.To* feel resentment: ગુસ્સો લાગવો-ચઢવો.

Resentful,(રીઝેન્ટફુલ્)*a.*Inclined to resent; irritable: ચિડિયું;તામસી;ક્રોધી;ક્રોધશીલ.

Resentment,(રીઝેન્ટ્મેન્ટ્)*n.In a bad sense*, anger;displeasure; indignation: ક્રોધ; રોષ; રાગ;દ્વેષ;તામસ;કોપ;ખફગી.

Reservation,(રેઝર્ વેશન્)*n.* The act of reserving or keeping back;reserve:રાખી મૂકવું મુકી છાંડવું તે.2.Something withheld:દાબી રાખેલી ચીજ.3.A proviso:શરતવાળું વાક્ય;શરત;બારી.

Reserve,(રીઝર્વ્)*vt.*[L. *re* & *servo*, I keep.] To keep in store for future or special use: ભવિષ્યના અગર અમુક ઉપયોગને માટે રાખી મૂકવું. *n.* The act of reserving: રાખી-મુકી છાંડવું તે 2-That which is reserved:રાખી મુકેલી વસ્તુ; શિલક. 3. Backwardness; caution in personal behaviour:લાજ;સંકોચ;પડદો; ખચકો 4 *pl.*A body of troops reserved: ફાલતુ-રાખી મુકેલું સૈન્ય-ફોજ.5.સંચય;સંઘરો;અનામત અવેજ.

Reserved,(રીઝર્વ્ડ) *a.* Kept for future use: અમુક ઉપયોગ માટે રાખી મુકેલું. 2. Not free or

frank:શરમાળ:સંકોચશીલ.

Reservoir,(રેઝર્‌વોર્) *n* [L. *re* & *servo*, I keep.] A place where water is kept in store:ટાંકુ;તલાવ;કુંડ;હોજ;જળાશય.

Reship,(રીશિપ્)*vt.*To ship again;to send one a second voyage:ફરીથી વહાણ પર માલ ચઢાવવો

Reside,(રીઝાઇડ્)*vi* [L.*re*,& *sedeo*.I sit.] To dwell permanently:રહેવું;વાસ કરવો 2.To have a seat or fixed position:વાસ કo;રહેવું.

Residence,(રેઝિડેન્સ્) *n*. The act or fact of residing in a place for some continuance of time:વાસ;નિવાસ;વસ્તિ 2.An abode: મકાન; ઘર;રહેઠાણ; રહેવાની જગા. 3. The place where anything rests permanently:ઠેકાણું;નિવાસ.

Residency,(રેઝિડેન્સિ)*n.*Residence:ઠેકાણું;વાસ; સ્થાન. 2. A political agency at a native court in British India:રેસીડન્ટને રહેવાનું સ્થળ

Resident,(રેઝિડેન્ટ્) *a*. Dwelling or having an abode,in a place for a continued length of time:રહેનાર.2.Fixed: સ્થાયી. *n*. One who resides or dwells in a place for some time: વસનાર. 2. A diplomatic representative who resides at a certain court:પારકા દેશોના દરબારમાં સરકાર તરફથી રાખેલો વકીલ;રેસીડેન્ટ

Residual,(રીઝિડયૂઅલ્) *a*. Remaining after a part is taken:કાઢ્યા પછી બાકી રહેલું;અવશિષ્ટ.

Residuary,(રીઝિડયૂઍરી)*a*. Consisting of residue:બાકી રહેલા સબંધી **R.** *legatee*: કરજ વિo બાદ કર્યા પછી રહેલી મિલ્કતનો વારસ.

Residue,(રેઝિડયૂ)*n.*[L.*residuum*; residue.] Remnant;remainder: બાકી;શેષ;શિલક;અવશેષ

Resign,(રીઝાઇન્)*vt.*[L *re*& *signum*,a mark.] To sign again:ફરીથી સહી કo *vt* To surrender: ને તાબે થવું.2.To relinquish: છોડવું; નું રાજીનામું આપવું 3.To commit to the care of:સોંપવું.

Resignation, (રેઝિગ્નેશન્) *n*. Surrender; abandonment:ત્યાગ;પરિત્યાગ,રાજીનામું; અર્પણ 2.Patient submission:સંતોષવૃત્તિ; ઇશ્વર કૃત્ય પ્રત્યે સંતોષ ભાવના;તિતિક્ષા;ક્ષમા.

Resigned,(રીઝાઇન્ડ્)*a* Submissive;yielding: ઇશ્વરની મરજીને આધીન;ઇશ્વર આજ્ઞાથી સંતુષ્ટ

Resin,(રેઝિન્)*n.*[Gr.*rhoe*,I flow.]Any one of a class of yellowish brown solid inflammable substances:રાળ,બેરજો.

Resist,(રીઝિસ્ટ્)*vt*.[L *re* & *sisto*- I stand.] To stand against:ની સામા થવું. 2. To strive against:ના સામા થવું;અટકાવ કo 3.To counteract:સામા-બળથી ખાળવું;નિવારવું.

Resistance,(રીઝિસ્ટન્સ્)*n*. Opposition passive or active:અટકાવ;વિરોધ;પ્રતિબંધ;પ્રતિરોધ.

Resistible,(રીઝિસ્ટિબલ્)*a*.Capable of being resisted;અટકાવાય એવું;નિવાર્ય.

Resisting,(રીઝિસ્ટિંગ્)*a*.Making resistance; opposing:અટકાવનારૂં;હરકત કરનારૂં;વિરોધી.

Resoluble,(રેઝૉલ્યૂબલ્)*a*. Resolvable; soluble:ઓગળે એવું;ભાગે એવું;દ્રાવ્ય.

Resolute,(રેઝૉલ્યૂટ્)*a* [L.*re*, & *solvo*,I lose.] (*a*)Determined;resolved: દૃઢ;ફરે નહીં એવું;અડગ:આગ્રહી (*b*)Bold:બહાદુર.

Resolution,(રેઝૉલ્યૂશન્) *n*.Steadiness; constancy:દૃઢતા;ધૈર્ય;ધારતા.2.A settled purpose: નિશ્ચય;નિર્ણય.3.Conviction:ખાતરી.4.The act of solving:સમીકરણનો જવાબ કાઢવો તે.

Resolve,(રીઝૉલ્વ્)*vt.*[L.*re*,&*solvo*,I loosen.] (*a*)To separate the component parts of: મૂળતત્વો જુદાં પાડવાં.(*b*)To melt: ગાળવું. 2. To convince; to assure:ખાતરી-ખાતર જમા રાખવી; ખાતરી કo.3.To settle:નક્કી કo.4.To change or convert to resolution or formal vote:ઠરાવ કરી ફેરફાર કo 5.To solve as a problem: -નો જવાબ શોધી કાઢવો.6. (*Med*) To disperse or scatter:વીખેરી નાંખવું. *vi*. To undergo solution:-નું પૃથક્કરણ થવું. 3. To be settled in opinion:વિચાર-મતમાં નક્કીથવું;-ની ખાત્રી થવી.*n*. Resolution:solution:વિવેચન;સ્પષ્ટીકરણ.

Resolvent,(રીઝૉલ્વેન્ટ્)*a*. Having power to resolve:છુટું પાડે તેવું;ભાગનારૂં.*n*.That which has the power of resolving:છુટું પાડનાર.

Resonance, (રેઝૅાનૅન્સ્) *n*. [L. *re* & *sono*,I sound.]The act of resounding:પ્રતિધ્વનિ શબ્દ થવો તે.

Resonant,(રેઝૅાનૅન્ટ્)*a* Fitted to resound;resounding;echoing back.પ્રતિધ્વની-પડઘો પાડતું.

Resort,(રીઝૉર્ટ્)*vi*. [L.*re* & *sortiri*,to get by lots.] To go:-ની પાસે જવું. 2. To have recourse;to apply:-નો આશ્રય-આશરો પકડવો *n*.3.A place of frequent assembly: જવા આવવાની-બેસવા ઉઠવાની જગા.4 Resource:આખરનો ઉપાય -

Resound (રીઝાઉન્ડ્)*vi* [L.*re* & *sono*,I sound.] To sound loudly: મોટેથી અવાજ થવો. 2. To be filled with sound: ગાજી ઉઠવું. 3. To be echoed:-માંથી શબ્દ-ધ્વનિ થવો-ઉઠવો. *vt*.To throw back the sound of: પ્રતિધ્વનિ થવો-ઉઠવો. 2. To spread the fame of: વખાણથી ગાજી ઉઠવું. *n*. Return of sound; echo:પ્રતિશબ્દ;પડઘો.

Resource,(રીસૅાર્સ્)*n*. [L.*re* & *surgo*,I rise.] Resort;means of overcoming a difficulty: યુક્તિ;તદબીર;ઇલાજ;સાધન;આશરો;ઇલમ;હુન્નર.2. *pl*.Funds;pecuniary means:પુંજી;સંપત્તિ.

Respect,(રીસ્પેક્ટ્)*vt* [L.*re* & *specio*,I look at.] To consider worthy of esteem: માન આપવું.2.To regard:સન્માન રાખવું.3.Esteem; honour:માન;સન્માન;ઇજ્જત.4.*pl*.An expression of respect or deference; regards: પ્રણામ;

નમસ્કાર;સલામ;રામરામ. 5. Reputation: કીર્તિ; ખ્યાતિ.6.Particular point of view:વિષય;બાબત.

Respectability,(રીસ્પેક્ટેબિલિટિ)*n*.The state of being respectable:આબરૂ;ઇજ્જત;પ્રતિષ્ઠા.

Respectable,(રીસ્પેક્ટેબલ્)*a*.Worthy of respect: આબરૂદાર;પૂજ્ય;સંભાવિત;પ્રતિષ્ઠિત.

Respectful,(રીસ્પેક્ટ્ફુલ)*a*.Marked or characterized by respect: મર્યાદાશીલ; અદબવાળું.

Respecting,(રીસ્પેક્ટિંગ્)*prep*. Regarding: વિષે;બાબે;સંબંધી;ઉદ્દેશીને.

Respective,(રીસ્પેક્ટિવ્)*a* Looking toward; having reference to;relative:સાપેક્ષ;અન્યસંબંધી;અન્યોન્યસંબંધી.2.Particular;own:પોતપોતાનું;આપ આપનું.

Respectively,(રીસ્પેક્ટિવ્લિ)*adv*.As relating to each: દરેકને લગતું; પોતપોતાને.

Respiration,(રેસ્પિરેશન્)*n*. The act of respiring,or breathing again:શ્વાસ;શ્વાસોચ્છ્વાસ

Respiratory,(રીસ્પાઇરેટોરિ)*a* Of or pertaining to respiration:શ્વાસોશ્વાસ સંબંધી.

Respire,(રીસ્પાઇર્)*vi*.[L. *re*,& *spiro*,I breathe.]To take breath again:ફરીથી શ્વાસ લેવો. *vt*.To breathe in and out:શ્વાસ લેવો અને કાઢવો

Respite,(રેસ્પિટ્)*n*. [L *re* & *specio*, I look.] A putting off of that which was appointed:ઢીલ;વિલંબ;મોકુફી;તહકુબી.2.Pause:વિસામો; વિશ્રામ;અવકાશ. 3.Reprieve: દેહાંત શિક્ષા થોડા વખત માટે મુલતવી રાખવી તે;તહકુબી.*vt*. (*a*) To delay:ઢીલ કo.(*b*)To keep back from execution:દેહાંત શિક્ષા મુલતવી રાખવી.

Resplendence-cy,(રીસ્પ્લેન્ડેન્સ-ન્સિ)*n*. Brilliant luster; splendor:તેજ;ચળકાટ;તેજી; કાંતિ.

Resplendent,(રીસ્પ્લેન્ડેન્ટ)*a*.[L.*re* & *splendeo*,I shine.]Shining with brilliant luster; very bright:પ્રકાશિત;તેજસ્વી;ચકચકીત;દેદીપ્યમાન.

Respond,(રીસ્પૉન્ડ્)*vi*. [L. *re* & *spondeo*, I promise solemnly.] To answer:જવાબ વાળવો.2.To correspond:-ની જોડે મળતું આવવું.3 To be answerable:જવાબદાર થવું. *vi*. To answer:જવાબ આપવો. 2. To correspond to:-ને મળતા આવવું.*n*. An answer:જવાબ.

Respondent, (રીસ્પૉન્ડેન્ટ્) *n*. (*a*) One who answers in certain suits:પ્રતિવાદી; પ્રતિ પક્ષી; જવાબદાર;પ્રતિનિવાદી.(*b*) One who maintains a thesis in reply:ઉત્તરપક્ષી; સમાધાનપક્ષી.

Response,(રીસ્પૉન્સ્)*n*.[L *respondeo*.] The act of responding: ઉત્તર આપવો તે. 2. An answer or reply:જવાબ;ઉત્તર;પ્રત્યુત્તર.

Responsibility, (રીસ્પૉન્સિબિલિટિ) *n*. The state of being responsible:જવાબદારી.2.That for which any one is responsible or accountable;ભાર;બોજો;જવાબદાર; જોખમ.

Responsible, (રીસ્પૉન્સિબલ્) *a*. Accountable;answerable:જવાબદાર;જુમ્મેદાર 2.Involving responsibility:જવાબદારીવાળું;જોખમ ભરેલું.

Responsive,(રીસ્પૉન્સિવ્)*a*.That responds: જવાબ દેનાર. 2. Suited to something else: મળતું આવતું;બંધબેસતું;અનુરૂપ;યોગ્ય.

Rest,(રેસ્ટ્)*vt*.[L.*re*,& *sto*,I stand.]To arrest: કેદ કo.પકડવું.*n*. A state of quiet or repose: વિસામો;આરામ.2.Peace;security:શાંતિ; સમાધાન;સુખચેન;જંપ;આરામ.3.(*a*)Sleep;slumber: ઉંઘ;નિંદ્રાવસ્થા.(*b*) Hence death:મરણ;મોત;મૃત્યુ.4. That on which anything rests:ટેકો; આધાર;લાગ.**R**.*house*, a caravansary:મુસાફરખાનું;સરાઈ.*To set, or set up one's* **r**., to have a settled determination:નક્કી ઠરાવ. *vi*. To cease from action:આરામ કરવો 2. To lie;to repose: આરામ કરવો. 3. To stand firm:ઉપર ટકાવ કરવો.*To* **r**. *with*, to depend upon:પર આધાર રાખવો.*vt*.To cause to lean:આધાર રાખવો.*n*.Remainder:બાકી.2 A surplus:વધારો.

Restiff,(રેસ્ટિફ્)*a*. Restive;stubborn:હઠીલું.

Restitution,(રેસ્ટિટ્યૂશન્)*n*.[L. *re*& *statuo*, I cause to stand.] Compensation: બદલો. 2. The act of returning to former states: મૂળ સ્થિતિમાં આવવું તે;સ્વસ્થિતિ પ્રાપ્તિ.

Restive, (રેસ્ટિવ્) *a*. Unwilling to go on; stubborn:હઠીલું;દુરાગ્રહી;અડીએલ.

Restless, (રેસ્ટ્લેસ્) *a*. Never resting:બેચેન; અસ્વસ્થ;અશાંત 2.Deprived of rest or sleep: ઉંઘ વગરનું;નિદ્રાહીન;નિદ્રારહિત.

Restoration, (રેસ્ટોરેશન્) *n*. The act of restoring or bringing back to a former place: પુનઃસ્થાપન;ઉદ્ધાર. 2. The state of being restored; recovery of health:ફેર;આરામ;તબીયતનો સુધારો.

Restorative,(રીસ્ટોરેટિવ્) *a*.Of or pertaining to restoration;having power to restore:બલવર્ધક;તેજસ્કર; તેજોદાયક *n*. Something which serves to restore:તેજવર્ધક-પુષ્ટિકારક ઔષધ.

Restore,(રીસ્ટોર્)*vt*.[L.*re*&*sto*,I stand.] To store again:પાછું આપવું.*vt*.To recover:પહેલી સ્થિતિમાં આણવું. 2. To bring back to the owner:-માં ફરીથી મૂકવું;પાછું આપવું.3.To make good:બદલો વાળવો.4.To bring back from a state of injury:સાજું કo;સમારવું;જીર્ણોદ્ધારકo.

Restrain,(રીસ્ટ્રેન્)*vt*.[L.*re*&*stringo*,I draw tight.] To hold back: દાબમાં રાખવું. 2. To draw back tightly:રોકવું.3. To abridge:-નું છીનવી-લઈ લેવું.4.To limit:હદ બાંધી આપવી.

Restraint,(રીસ્ટ્રેન્ટ્)*n*.The act of restraining;hindrance of the will:અટકાવ;ખાળો મના. 2. The state of being restrained:દાબ;અં-

કુચ.3.Limitation:બંધન;મર્યાદા;સંકોચ.

Restrict,(રીસ્ટ્રિક્ટ્)*a.*[L.*re&stringo*,I draw tight.]Restricted:બાંધેલું;બંધન કરેલું. *vt.* To limit:-ની મર્યાદા કરવી;-નું ધોરણ બાંધવું.

Restriction,(રીસ્ટ્રિક્શન્) *n.* The act of restricting:નિયમ;પ્રતિબંધ;બંધી; અટકાવ;દાબ. 2. Limitation;restraint:હદ;મર્યાદા.3. પરેજી;કરી.

Restrictive, (રીસ્ટ્રિક્ટિવ્) *a.*Serving to restrict:દાબ-અટકાવ કરે એવું;નિયામક;અવરોધક.

Restringent,(રીસ્ટ્રિન્જેન્ટ્)*a.*Styptic;astringent:કોઠાને મજબૂતી આપે એવું;બંધક; અવરોધક.

Result,(રીઝલ્ટ્)*vi* [L.*re&salio*,I leap.] To come out;to terminate;to have consequence:નું પરિણામ-છેવટ આવવું;હોવું;થવું;ઉત્પન્ન થવું *n.*Consequence;effect:છેવટ;પરિણામ;ફળ.

Resume,(રીઝ્યૂમ)*vt* [L. *re&sumo*,I take.] To take back: પાછું લેવું. 2. To enter upon or take up again:ફરીથી પ્રવેશ ક૦.3.To begin again:ફરીથી આરંભવું *n.*A condensed statement:સંક્ષેપ;સાર;ઉપસંહાર;સારાંશ.

Resumption,(રીઝમ્શન્)*n.* The act of resuming:પાછું લેવું તે;પ્રત્યાદાન;પુનર્ગ્રહણ.

Resurrect,(રેઝર્રેક્ટ્) *vt.* To take from the grave;to disinter:કબર-ઘોરમાંથી કાઢવું. 2. To reanimate;to restore to life:સજીવન ક૦.

Resurrection,(રેઝર્રેક્શન્)*n.* [L.*re&surgo*, I rise.] The rising again from the dead: મુએલામાંથી ઉઠવું-થવું તે;કયામત 2.Future state: મોક્ષ;ગતિ.

Resuscitate,(રીસસિટેટ્)*vt.*[L *re* & *surtum* upwards & *cieo*, I make to go.] Restored to life:ફરીથી સજીવન થયેલું.*vt.*To recover from apparent death:સજીવન ક૦ *vi* To come to life again:ફરીથી જીવતું થવું.

Retail,(રીટેલ્)*n.*The sale of commodities in small quantities:છૂટક વેચાણ.*a.*Engaged in retailing commodities:છૂટક વેચનાર *vt.* To sell in small quantities:છૂટક વેચવું;પરચુરણ. ફિરફોલ વેચવું.

Retailer,(રીટેલર્) *n.* One who retails any thing:પરચૂરણ-છૂટક-થોડું થોડું કરીને વેચનાર.

Retain,(રીટેન્)*vt.*[L *re* & *teneo*,I hold.] To continue to hold;to keep in possession:રાખવું;કબજામાં રાખવું;છોડી-મૂકી ન દેવું.2. To keep in pay;to hire:ચાકરીમાં રાખવું.

Retainer,(રીટેનર્)*n.*One who or that which retains:રાખનાર.2 An attendant:હજુરીઓ ખીજમતદાર.3 (*Law.*)A fee paid to engage lawyer or counsellor:વકીલની ફી.

Retake,(રીટેક્)*vt.*To take or receive again: ફરીથી લેવું-મેળવવું-સંપાદન-પ્રાપ્ત કરવું.

Retaliate,(રીટેલિએટ્)*vt.*& *vi.*[L.*re* & *talio*, like for like.]To return the like for;to return evil for (evil):-નો બદલો-વેર વાળવું.

Retaliation,(રીટેલિએશન્)*n* Retribution;the return of evil for evil:વેરનિર્યાતન;વેરપ્રતિક્રિયા.

Retaliative,(રીટેલિએટિવ્)*a.* Tending to or involving retaliation;retaliatory:વેર લે એવું.

Retard,(રીટાર્ડ્) *vt* [L. *re* & *tardus*, slow.] To continue to hinder:અટકાવવું.2. To put off:ઢીલ લગાડવી.*vi.*To stay back:પાછું રહેવું.

Retch,(રેચ્)*vi.*To make an effort to vomit; to strain,as in vomiting:ઉલટી ક૦;ઓકવું.

Retention,(રીટેન્શન્)*n.*[L *re*&*teneo*,I hold.] The act of retaining or the state of being retained:ધારણ ક૦ તે. 2. The power of retaining: ધારણાશક્તિ; ગ્રહણસામર્થ્ય.3. Restraint:અંકુશ;દાબ;અટકાવ;અવરોધ.

Retentive,(રીટેન્ટિવ્)*a.*Having power to retain:ધારણાશક્તિવાળું; ધારક.*A* r. *faculty*:ધારણાશક્તિ;ગ્રહણસામર્થ્ય.

Reticence-cy,(રેટિસેન્સ્ રેટિસેન્સિ)*n.*Refraining to speak of that which is suggested, uncommunicativeness: ચૂપકી;મૌન;મૂકભાવ.

Reticent,(રેટિસેન્ટ્) *a.* [L. *re* & *taceo*,I am silent.]Inclined to keep silent: ચુપકીવાળું; ચુપ;શરમાળ;મૌનાવલંબી;મીઢું.

Reticular,(રેટિક્યૂલર્)*a* [L.*rete*,a net.] Having the form of a net: જાળીદારવાળું; જાલરૂપ.

Reticulate,Reticulated,(રેટિક્યૂલેટ્ રેટિક્યૂલેટેડ્)*a* Resembling network:જાળીદાર કામ જેવું.

Reticulation,(રેટિક્યૂલેશન્)*n.* Network;an organization resembling a net:જાળીદાર.

Retina,(રેટિને)*n.*[L.*rete*,a net.] The delicate membrane by which the back part of the globe of the eye is lined: આંખની કીકી.

Retinue,(રેટિન્યૂ)*n.*[L.*re* & *teneo*,I hold.]A train of attendants;a suite:ચાકર નફર;સ્વારી.

Retire,(રીટાઇર્)*vt.*[L.*re* & *traho*, I draw.] To designate as no longer qualified for active service; to cause to retire:ઘેર બેસાડવું.*vi.*To go back: પાછું જવું; હઠવું. 2. To retreat from action or danger:જવું;પાછું જવું; હઠવું.3.To withdraw from a public station or business: સરકારી કામ મૂકી બેસવું; વાનપ્રસ્થ થવું. 4. *To* go to bed:સૂવા જવું.

Retired,(રીટાઇર્ડ્)*a.* Private;secluded:ખાનગી; એકાંતવાસી. 2. Withdrawn from active duty or business:સરકારી કામ મૂકી ઘેર બેઠેલું.

Retirement,(રીટાઇર્મેન્ટ્) *n.* Withdrawal; seclusion:એકાંતવાસ;વૈરાગ 2.A place of seclusion or privacy:એકાંતસ્થળ;નિર્જનસ્થાન.

Retiring,(રીટાઇરિંગ્)*a.*Reserved;shy: લજ્જાયુક્ત;મર્યાદાવાળું;અદબવાળું; સંકોચ વૃત્તિવાળું.

Retort,(રીટૉર્ટ્)*vt.*[L.*re*,& *torqueo*,I twist] To return as an argument, accusation; censure etc:હલટાવીને-હલટું સામું-વિરૂદ્ધકહેલું બોલવું;પ્રતિક્ષેપ કo. *vi.* To return an agrument or a charge:to make a severe reply:સામું-વિરૂદ્ધ બોલવું;સખત જવાબ દેવો. *n.* A quick and witty or severe response: પ્રત્યુત્તર; સખત સામો આપેલો જવાબ 2.વાંકી નળી;વક્ર નળી.

Retouch,(રીટચ્)*vt.*To improve; to revise: નવો ફેરફાર કરી સુધારવું.

Retrace,(રીટ્રેસ્)*vt.*To trace back,as a line: -નું મૂળ શોધવું.2. To go over again in a reverse direction:પાછા ફરીને જવું. 3. To draw again:ફરીથી કાઢવું.

Retract,(રીટ્રૅક્ટ્)*vt.*[L.*re* & *traho*,I draw.] To draw back:પાછું ખેંચી લેવું. 2. To recall: બોલેલું પાછું ખેંચી લેવું.*vi.*To draw back: પાછું ખેંચી લેવું. 2. To take back what has been said:(બોલેલો) બોલ પાછો લેવો.

Retractable,(રીટ્રૅક્ટબલ્)*a.*Capable of being retracted;retractile:બોલેલું રદ કરી શકાય તેવું.

Retraction,(રીટ્રૅકશન્)*n.* The act of retracting or drawing back:પાછું ખેંચવું તે.2.Declaration of change of opinion;ઇનકારકરવોતે.

Retrait,(રીટ્રેટ્)*n.*[L.*re* & *traho*,I draw.]A portrait;a likeness:છબી;પ્રતિમા;આકૃતિ.

Retreat,(રીટ્રીટ્)*n.*[L.*re* & *traho*, I draw.] A place of safety;a refuge: એકાંતવાસ; આશ્રમ. 2. (*a*) The retiring of an army from the face of an enemy:શત્રુઆગળથી પાછું હઠવું તે; પલાયન; અપસરણ.*vi.* To make a retreat; to withdraw:પાછું હઠવું;જવું.

Retrench,(રીટ્રેન્શ્)*vt.* To cut off: કાપી કાઢવું. 2. To lessen;to abridge:ઓછું;કમી કરી ગુજરાન ચલાવવું. ઘટાડવું. *vi:*To cut down living expenses:ખર્ચ ઘટાડી નાખવું.

Retrenchment,(રીટ્રેન્શ્મેન્ટ્) *n.* The act or process of retrenching:કાપકૂપ. 2. A work constructed within another,to prolong the defence of the position when the enemy has gained possession of the outer work: જ્યારે શત્રુએ બહારનો કોટ છતી કબજે કર્યો હોય ત્યારે બચાવ માટે બાંધેલા બહારના કોટની અંદરનો કોટ.

Retribute,(રીટ્રિબ્યૂટ્) *vt.* [L. *re* & *tribuo*, I bestow.]To pay back:બદલો વાળવો.

Retribution, (રેટ્રિબ્યૂશન્) *n.* Repayment: બદલો;અવેજ;ફળ;પ્રતિફળ.2.Return suitable to the merits or deserts of, as an action;કામ કર્યાં પ્રમાણે આપેલો બદલો;નાશયત;શિક્ષા; બદલો.

Retributive,(રીટ્રિબ્યૂટિવ્)*a.* Of, or pertaining to retribution:કામ પ્રમાણે ફળ મળે તેવું.

Retrieve,(રીટ્રીવ્)*vt.* To regain:પાછું મેળવવું. 2.To recall:પાછું બોલાવવું.3.To remedy the evil consequences of:નુકશાનભરી આપવું *n.*A seeking again;a discovery:પાછું ખોળી કાઢવું તે

Retrocede,(રીટ્રોસીડ્)*vt.*[L. *retro*,& *cedo*, I go.]To cede or grant back-પાછું આપવું.

Retrograde,(રેટ્રોગ્રેડ્) *a.* [L. *retro*, back & *gradus*,a step.]Apparently moving backward:વક્રગતિનું;વક્રગામી.2. Having backward course:વાંકું;હલટું.3. Declining from a better to a worse state: ઉતરતી હાલતનું. *vi.* To decline from a better to a worse condition:-ની પડતી દશા આવવી.

Retrogression,(રીટ્રોગ્રેશન્) *n.* Retrogradation:પ્રતિગમન; વિપરીતગમન; વક્રગતિ.

Retrospect-tion,(રીટ્રોસ્પેક્ટ્-રીટ્રોસ્પેક્શન્) *n.* The act, of looking back on things past: સિંહાવલોકન;ગતાવલોકન;ગતકાલાવલોકન.

Retrospective, (રેટ્રોસ્પેક્ટિવ્) *a* Looking backward:પાછળ જોતું. 2. Having reference to what is past; retractive:ગતકાલાપેક્ષી.

Return,(રીટર્ન્)*vi* &*vi.*To turn again:પાછું ફરવું.*vi.*To go or come again: પાછા ફરીને આવવું. 2. To speak in answer: જવાબ દેવો. *vt.* To bring,carry,send,or turn back:પાછુંઆપવું.2.To repay:પાછું-મજરે આપવું.3.To give in recompense:-નોબદલો આપવો.4.To report officially by a list or statement:-ની યાદીપત્રક કરીને મોકલવું. *n.* The act of returning to the same place:પાછું જવું-આવવું તે.2. Restitution;repayment;requital:બદલો;અવેજ. 3.(*a*) A payment;a remittance:સરણું;બદલો. (*b*)An answer:જવાબ.(*c*)An account,or formal report:પત્રક;યાદી.(*d*)An official report, account;or statement:યાદી;પત્રક;નોંધ.

Returnable,(રીટર્નેબલ્) *a.* Capable of, or admitting of being returned:પાછું લાવવા જોગ-યોગ્ય લવાય એવું;કાયદા પ્રમાણે પાછું મોકલાય એવું.

Reunion,(રીયુનિઅન્) *n.* Second union; union formed anew after separation:પુનર્યોગ;પુનઃસંયોગ;પુનઃસમાગમ.2.An assembly of persons whohad been separated:મિત્રમંડળ.

Reunite,(રીયૂનાઇટ્)*vt.*& *vi.*To unite again: ફરી મેળવી દેવું;સલાહ કરાવવી જોડાવું.

Revalescent,(રીવૅલેસ્સેન્ટ્)*a.*[L. *re* & *valeo*, I am strong.] Growing well; recovering strength:સારૂં-સાજુ થવું;બળ-જોર પાછું આવવું.

Reveal,(રીવીલ્)*vt* [L. *re* & *velum*, a veil.] To make known:ઉઘાડું કo; જાહેર કo. 2. To communicate:પ્રકાશવું;પ્રેરવું;પ્રકટકo R *science*: ઇશ્વરોક્તશાસ્ત્ર. *n.* A revealing; a disclosure: જાહેર-પ્રસિદ્ધ-પ્રકટ કરવું તે; પ્રકટીકરણ;સ્પષ્ટીકરણ.

Revel,(રેવલ્)*n.* A feast:મીજબાની (મદ્યપાનની)

vi. To feast in a riotous manner; to make merry: ખાઇ પીને મોજ મારવી. *vt.* [L. *re* & *vello*, I pluck, pull.] To draw back to retract: પાછું ખેંચવું-તાણવું.

Revelation, (રેવીલેશન) *n.* The act of revealing or disclosing: પ્રકટીકરણ; સ્પષ્ટીકરણ 2. That which is revealed: જાહેર કરવાની વાત. 3. (*Theol.*) (*a*) The act of revealing divine truth: ઈશ્વરનું સત્ય જાહેર કરવું તે (*b*) The Bible: ઈશ્વરોક્તશાસ્ત્ર; બાઇબલ; ખ્રિસ્તિ ધર્મ શાસ્ત્ર. [મહોત્સવ.

Revelry, (રેવેલ્રિ) *n.* Noisy festivity: પાન-

Revenge, (રીવેન્જ) *vt.* To inflict harm in return for, as an injury, insult, etc; to avenge-ને માટે વેર લેવું; દાવ વાળવો, લેવો. 2. *To* wreak vengeance maliciously: ડંખ વાળવો. *vi.* To take vengeance: વેર લેવું. *n.* Vengeance: વેર; ખાર; કીનો. 2. The disposition to revenge: વેર-ખાર-દ્વેષ રાખે એવો સ્વભાવ.

Revengeful, (રીવેન્જ ફુલ્) *a.* Vindictive: વેરી; કીનાખોર; ડંખીલું; ખુનસી. *A* r. *person*: કાળો નાગ.

Revenue, (રેવેન્યૂ) *n.* [L. *re* & *venio*, I come.] *The* annual rents, profits, interest, of any species of property: વાર્ષિક ઉપજ-પેદાશ-આયપત; આવક. 2. The annual yield of taxes, excise, customs, duties, rents, etc: જમા; જમાબંધી; જમાવસુલ; મહેસુલ; વસુલાત.

Reverb, (રીવર્બ) *vt.* To echo: પડઘો પાડવો.

Reverberate, (રીવર્બરેટ્) *a* [L. *re* & *verber*, a lash.] Reverberant: પ્રતિધ્વનિ થતો. *vt.* To echo; પડઘો પાડવો. 2. To send or force back: પાછું મોકલવું. 3. To fuse by reverberated heat: તાપ કરીને ગાળવું. *vi.* To resound: પડઘો પડવો.

Reverberation, (રીવર્બરેશન) *n.* The act of reechoing sound: પ્રતિશબ્દ; પડઘો.

Revere, (રીવીર) *vt.* [L *re* & *vereor*, I feel awe.] To venerate; to adore: નમસ્કાર કરવો; માન આપવું.

Reverence, (રેવેરેન્સ્) *n.* Veneration, pro found respect: પૂજ્યબુદ્ધિ; માન; આદર 2. A token of respect or veneration: પ્રણામ. *vi.* To treat with reverence: માન આપવું.

Reverend, (રેવેરેન્ડ્) *a.* Worthy of reverence; venerable: પૂજ્ય; માન્ય; પૂજનીય; ઉપાસ્ય; માનનીય

Reverent, (રેવેરેન્ટ્) *a.* Submissive, respectful: તાબેદાર; ભક્તિમાન; આદરયુક્ત; નમ્ર; મર્યાદાશીલ.

Reverential, (રેવેરેન્શલ્) *a.* Proceeding from or expressing reverence: પૂજ્ય; શ્રદ્ધાળુ.

Reverie, Revery, (રેવેરિ) *n. pl.* Deep musing: વિચારમાં નિમગ્ન-તલ્લીન થવું તે; ધ્યાન 2. An extravagant conceit of the fancy: અતિ મનસ્વી કલ્પનાઓ; તુરંગ.

Reversal, (રીવર્સલ્) *a.* Intended to reverse: રદ કરવાનું. *n.* The act of reversing: ફેરફાર.

Reverse, (રીવર્સ) *a.* [L. *re* & *verto*, I turn.] Opposite or contrary in kind: ઉલટું; વિપરીત. *n.* Opposite direction: બીજી બાજુ; પૂઠ ભાગ. 2. (*a*) Complete change; reversal: તદ્દન ફેરફાર. (*b*) A misfortune; a defeat: ઉતરતી દશા; પરાભવ. 3. The back side: ઉંધી બાજુ. *vt.* To turn back: ઉંધું વાળવું. 2. To cause to return: પાછું આવે તેમ કo. 3 To change totally: તદ્દન ફેરવી નાખવું. 4. To turn upside down: ઉંધું વાળવું. 5 To overthrow: ઉલટાવી દેવું. 6. To overthrow by a contrary decision; to make void: ફેરવવું. *vi.* To return: પાછું આવવું. 2. To become or be reversed: ઉંલટું-વિપરીત થવું.

Reversible, (રીવર્સિબલ્) *a.* Capable of being reversed: ઉલટાવી શકાય તેવું.

Reversion, (રીવર્શન) *n* [L. *re*, & *verto*, I turn.] The act of returning or coming back; return: પાછું આવવું તે. 2. The returning of an estate to the grantor or his heirs: પહેલાં આપનારની પાસે અથવા તેના વારસા પાસે મિલ્કતનું પાછું જવું તે. 3. A right to future possession or enjoyment: ભોગવટો કરનારના મરણ પછી મળવાનો હક.

Reversionary, (રીવર્શનરિ) *a.* (*Law.*) Of or pertaining to a reversion: હવે પછી ભોગવટો કરવાનું-સંબંધિ R. *right*: શેષભોગાધિકારી. R. *heir*-ઉત્તરાધિકારી.

Reversioner, (રીવર્શનર્) *n.* One who is entitled to lands or tenements after an estate granted is terminated: ઉત્તરાધિકારી.

Revert, (રીવર્ટ્) *vt.* [L. *re* & *verto*, I turn.] To turn back or to the contrary: ઉલટું ફેરવવું 2. To change back: પાછું બદલવું. *vi.* To return: પાછું આવવું. 2. To return, wholly or inpart, towards some preexistent form: પહેલાં હતું તે સ્થિતિમાં આવવું.

Revertible, (રીવર્ટિબલ્) *a.* Capable of, reverting, or being reverted: પાછું ફેરવી શકાય તેવું.

Revest, (રીવેસ્ટ્) *vt.* [L *re* & *vestis*, a garment.] To clothe again: ફરીથી કપડાં પહેરવાં. 2 To vest again with possession of office: ફરીથી સત્તા આપવી. *vi* To vest again, as a title; to revert to a former owner: પાછું આવવું-મળવું પ્રાપ્ત થવું.

Review, (રીવ્યૂ) *vt.* To see again: ફરીથી જોવું. 2. (*a*) To reconsider: ફરીથી જોઈ જવું. (*b*, To go over with critical examination: ગુણ દોષ વિચારવા; પુસ્તકપરીક્ષા કo (*c*) To make a formal or official examination: લશ્કરની તપાસ કરવી. (*d*) To reexamine judicially: કાયદેસર ફરી તપાસ કo. *n.* [L. *re*, & *video*, I see.] A retrospective survey: પુનરવલોકન. 2 Revision: ભીજવારની તપાસ-ચોકસી; પુનર્વિચાર; તપાસ. 3. A criticism;

critique:ગુણદોષવિવેચન;ગુણાગુણવિચાર;અવલોકન. 4.A periodical containing critical essays upon matters of interest: ગુણદોષનું વિવેચન કરનાર ચોપાનીયું;ટિકાકાર.5.તપાસણી.

Reviewer,(રીવ્યૂઅર્)*n*.One who reviews or reexamines:ગુણદોષ વિવેચક;પુસ્તકના ગુણદોષકાઢનાર.

Revile,(રીવાઇલ્)*vt.& i*.[L.*re* & *vil*,vile.]To reproach:બદબોઇ-નિંદા કo;ગાળદેવી.*n*.Reproach; reviling:બદબોઇ.

Reviler,(રીવાઇલર્)*n*.One who reviles:ભુંડું બોલનાર;ગાળ દેનાર;નિંદક;અપવાદક.

Revisal-sion,(રીવાઇઝૅલ્ રીવિઝ્હન્)*n*.The act of revising & re-examining for correction and improvement:તપાસ;શુદ્ધિ;પુનઃપરીક્ષા;પુનઃદર્શન

Revise,(રીવાઇઝ્)*vt*.[L.*re* & *video*,I see] To reexamine:ફરીથી તપાસવું 2.To compare with a previous proof of the same letter:એકજ લખાણના પહેલા પ્રુફ સાથે બીજું પ્રુફ સરખાવી જવું. 3.To review:ફરીથી જોઈ જવું;-મા સુધારો વધારો કo.

Revisit,(રીવિઝિટ્)*vt*.To visit again:ફરીથી મુલાકાત કરવી-લેવી;પાછું ફરીથી જોઈ જવું.

Revival,(રીવાઇવૅલ્)*n*.The act of reviving or the state of being revived:પુનર્જીવન.(*a*)Renewed attention to letters or literature: -ની વૃદ્ધિ-ચઢતી થવી તે;પુનઃસ્થિતિ.(*b*) Renewed performance of or in something,as drama: નાટક ફરીથી ભજવી જવું તે.(*c*)A period of religious awaking:ધર્મ સજીવન;ઉદ્ધાર.(*d*)Reanimation from a state of languor:સંજ્ઞાપ્રાપ્તિ; ચેતના લાભ;પ્રબોધ.

Revive,(રીવાઇવ્)*vi*.[L.*re*,& *vivo*, I live.]To return to life:સજીવન થવું.2.To recover from a state of depression:સારી હાલતમાં આવવું.*vt*. To restore or bring again to life:સજીવન કo 2.To raise from languor or depression:-ને ઉત્તેજન-ધીરજ-હીંમત-ભરોસો આપવો.3.To recover from a state of neglect or disuse:-ની ચઢતી -વૃદ્ધી થવી.4.To renew in mind:યાદ કo.

Revivicate-vify,(રીવિવિકેટ્-રીવિવિફાઈ)*vt*.To revive;to restore to life:તાજું-ફરીથી-સચેતન કo.

Reviviscent,(રેવિવિસ્સેન્ટ્)*a*.[L.*re* & *vivo*,I live.]Reviving:ફરીથી તેજ-જીવ આણવું.

Revocable,(રેવૉકેબ્લ્)*a*.[L. *re* & *voco*,I call.] Capable of being revoked:ફેરવી-રદ કરી શકાયતેવું.

Revocation,(રેવૉકેશન્) *n*. The act of calling back:પાછું બોલાવવું તે.2.Repeal:ખંડન.

Revoke,(રીવૉક્)*vt*.[L. *re* & *voco*,I call.] To call or bring back:ફરીથી બોલાવવું.2.To repeal: બાતલ કરવું.3.To draw back:પાછું ખેંચી લેવું.

Revolt,(રીવૉલ્ટ્)*vi*.[L *re* & *volvo*,I roll.] To turn away:સામે થવું.2.To rebel:બળવો-કરવો. 3. To be disgusted or grossly offended: કમકમી આવવી.*vt*.To do violence to: કમકમાટ ઉપજાવવો.*n*.The act of revolting;rebellion: પ્રજાધર્મત્યાગ;ફીતુર;બંડ;બળવો;દંગો.

Revolting,(રીવૉલ્ટિન્ગ્)*a*.Loathsome:કંટાળો-કમકમાટ છૂટે એવું;બીભત્સ;ત્રાસદાયક;ત્રાસજનક.

Revolution, (રેવાલ્યૂશન્) *n*. The act of revolving; rotation: પરિભ્રમણ. 2. The space measured by the regular return of a revolving body:પરિવર્તન;પરિવૃત્તિ;ભ્રમણ.3.A total or radical change:તદન ફેરફાર.4.A fundamental change in political organization: રાજ્યની ઉથલપાથલ;રાજક્રાન્તિ;રાજપરિવર્તન;ઉત્પાત.

Revolutionary, (રેવૉલ્યૂશનૅરિ)*a*. Of or pertaining to a revolution in government:રાજ્યમાં ઉથલપાથલ-સંબંધી.*n* A revolutionist: રાજ્યમાં બંડ-ઉથલપાથલ કરનાર.

Revolutionize,(રેવૉલ્યૂશનાઇઝ્)*vt*.To change completely as by revolution:ઉથલપાથલ કo.

Revolve,(રીવૉલ્વ)*vi*. [L.*re* & *volvo*, I roll.] To turn or roll round on:ફરવું;પ્રરિભ્રમણ કo. 2.To move in a curve path round a centre: -ની આસપાસ ફરવું. *vt*. To cause to turn, as on an axis:ફેરવવું.2.To turn over and over in the mind:મનમાં ઘોળાયા કરવું.

Revolvency,(રીવૉલ્વેન્સિ)*n*.Revolution: પરીભ્રમણ; પરિવર્તન; ચક્રગતિ.

Revolver, (રીવૉલ્વર્) *n*. One who or that which revolves:પરિભ્રમણ કરનાર 2 A kind of firearm:વધારે નળીયોવાળી અને એકજ ઘોડાથી ફરતી બંદુક; રીવૉલ્વર.

Revulsion,(રીવલ્શન્)*n*.[L.*re* & *vello*,I pull.] A strong pulling or drawing back: પાછું ફરવું તે. 2. Sudden reaction:એકાએક ફેરફાર.

Reward,(રીવૉર્ડ્) *vt*. To give in return:-ને પાછું બદલામાં આપવું.*n*.Recompense;requital: ઈનામ,બક્ષીસ;પરિતોષ કo.2.The fruit of one's labor or works:પ્રતિફળ;બદલો; અવેજ; સાટુ. 3. લાંચ;રૂશ્વત.

Reynard,(રીનાર્ડ્)*n*.An appellation applied to the fox:લોંકડી;શિયાળ.

Rhapsodical,(રૅપ્સૉડિકૅલ્)*a*. Of or pertaining to rhapsody:સંબંધ વગરનું-વિસંગત:અસંબદ્ધ.

Rhapsody,(રૅપ્સૉડિ)*n*. [Gr.*rhapto*, I sew & *ode*, a song.] A recitation or song of a rhapsodist: સંબધ વગરનું ભાષણ-ગાયન. 2. A disconnected series of sentences or statement:તુટક ભાષણ-લખાણ;અસંબદ્ધ કવિતા.

Rhetoric,(રેટૉરિક્) *n*. [Gr. *rheo*, I speak.] Oratory;the art of speaking with propriety, elegance & force:સુભાષિત ભાષણ કરવાની વિદ્યા.2.Artificial eloquence: છટાદાર ભાષણ.

Rhetorical, (રેટૉરિકૅલ્) *a*. Pertaining to rhetoric;oratorical:ભાષણ કરવાની કળાનું-સંબંધી.

Rhetorician,(રેટોરિશન)*n.* One well versed in the rules and principles of rhetoric:અલંકારશાસ્ત્ર જાણનાર.2. A teacher of rhetoric: ભાષણ કરવાની વિદ્યા શિખવનાર.

Rheumatic,(રૂમેટિક્)*a.*Pertaining to rheumatism:સંધિવાને લગતું.

Rheumatism, (રૂમેટિઝમ) *n.* A general disease characterised by painful inflammations, usually affecting the joints and the muscles:સંધિવા;કળતર;સંધીવાયુ.

Rhinoceros, (રિનૉસેરૉસ્)*n.* [Gr.*ris, rinos,* the nose & *keras,*a horn.]Any pachyderm belonging to the genera *Rhenoceros*:ગેંડો.

Rhombus, (રૉમ્બસ્) *n.* [L.] An equilateral parallelogram: જેની ચારે બાજુઓ બરાબર પણ ખૂણાઓ કાટખૂણા નથી એવી ચતુરકોણ આકૃતિ.

Rhomboid, (રૉમ્બૉઇડ્) *n.* [Gr. *rhomboe,* & *eidos* shape.]An oblique angled parallelogram like rhombus but having only the opposite sides equal: જેની સામસામે ની બાજુઓ બરાબર છે પણ ખૂણાઓ બરાબર નથી એવી ચતુરકોણ આકૃતિ.

Rhubarb,(રૂબાર્બ્) *n.* The name of several large perennial herbs of the genus *Rheum*: રેવંચિના છોડવાઓ;રેવંચી;રેવંબાગ.

Rhyme,(રાઈમ્)*n.*Poetry;a composition in verse:કવિતા;કાવ્ય;પદ્ય;કવન.2. Correspondence of the sound in terminating words: અનુપ્રાસ;પ્રાસ;યમક.3.A couplet:યમક શબ્દ-દુહો-શ્લોક. 4. A word answering in sound to another word:અનુપ્રાસ. *Neither* r.*nor reason*:તાલ કે તંત.*vi.* To make rhymes of verses:કવિતા કરવી-રચવી.2. To accord in rhyme or sound: યમક-અનુપ્રાસ મળવા-મળતા આવવા. *vt.* To put into rhyme:કવિતા છંદોબદ્ધ ક૦.

Rhythmical,(રિધ્મિકલ્)*n.* Pertaining to or of the nature of rhythm:તાલબંધ;લયબંધ.

Rib, (રિબ્)*n.* One of the back bones which encircles the chest: પાસળી. 2. (*a*) One of the timbers or bars of iron or steel, that branch outward and upward from the keel: વહાણની બાજુઓ મજબુત કરવાને વાંકું જડેલું લાકડું.(*b*) A ridge: કપડાનું પાસુ (*c*) One of the rods on which the cover of an umbrella is extended:છત્રીના સળીઓ.(*d*)An elongated pillar of ore or coal left as a support:ટેકાને માટે રાખેલો કાચી ધાતુ અગર કોલસાનો લાંબો થાંભલો-ટેકો. *vt.* To furnish with ribs: નળી મુકવી.

Ribald, (રિબૅલ્ડ્)*n.* A low, wretch; a lewd fellow:ફાટેલ;દુર્મુખ માણસ.*a.*Low;mean;base: હલકું;છકડાબાજ;ફાટેલું.

Ribaldry,(રિબૅલ્ડ્રિ)*n.*Low,vulgar language; indecency:નાગી હલકી-કઢાડી-ભાંડ ભાષણ.

Ribbon,(રિબ્બન્)*n.*A fillet or narrow woven fabric:ફીત;પટી;કોર.

Ribibe,(રિબાઇબ્)*n.*A sort of stringed instrument:સારંગી;સતાર.2.An old woman:ઘરડી સ્ત્રી.

Rice,(રાઇસ્) *n.* A well-known cereal grass and its seed:ચોખા.R *in husk*:ડાંગર.

Rich,(રિચ્)*a.*[L.*rex,regis,*a king.]Wealthy: opulent;affluent:શ્રીમંત;તાલેવંત;પૈસાદાર;ધનવાન.2.Abundant:ઘણુંજ;પુષ્કળ.3 Productive or fertile;fruitful:ફળવંત.4 Highly valued: કિંમતી;અમૂલ્ય;ભારે.5. Abounding in agreeable or nutritive qualities:સ્વાદિષ્ટ.7.Full of sweet and harmonious sounds-મધુરસુસ્વર.

Riches,(રિચીઝ્)*n pl.*Wealth:પૈસો;દોલત.

Richly,(રિચ્લ) *adv.* In a rich manner: સારી રીતે;શોભીતી-ઉમદા પુરતી રીતે;અતિઘણું.

Richness,(રિચ્નેસ્)*n.* The quality or state of being rich:તાલેવંતપણું;રસાળપણું;ધનાઢયતા.

Rick,(રિક્) *n.* A stack or pile of grain:ઢગ. *vt.*To heap up in ricks:ઢગલો કરવો.

Rictus,(રિક્ટસ્)*n.* [L. the aperture of the mouth.] The gape of the mouth of birds: પક્ષિઓના મ્હોંની ફાડ.

Rid,(રિડ્)*vt.* To save: બચાવવું; છોડવવું. 2. To free:કાઢીને સાફ કરી મૂકવું.3.To drive away;to make away with;to destroy:કાઢી મૂકવું;નાશ ક૦. *To be rid of,*to be free or delivered from:-થી મુક્ત-છુટા થવું;-માંથી છુટવું.*To get rid of,* to free one's self from:-થી પોતાની જાતને પોતે છુટા કરવું.

Riddance,(રિડૅન્સ્)*n.*Deliverance; a cleansing up or out:છુટકારો;સાફ કરી નાંખવું તે.

Ridden,(રિડન્)*p.p.*Of ride:સ્વારી કરેલું.

Riddle,(રિડલ્) *n.*A sieve with coarse meshes:મોટા વેહવાળી ચારણી.*vt* To pass through a riddle:જાડા વેહની ચાળણીમાં ચાળવું.*n.*A puzzling question:ઉખાણો;સમસ્યા; કોયડો. *vt.* To explain:સમજાવવું.

Ride,(રાઈડ્)*vi* [L *rheda,*a chariot.] To be carried on the back of an animal, as a horse:ઘોડાપર બેસીને જવું;સ્વારી ક૦ *To* r.*easy*: વહાણને સુખપૂર્વક-આચકા કે હેલા વગર લાંગરવું. *To* r.*a hobby*:મન ગમતો ધંધો-વાતનો વિષય હોવો. *To* r. *over,* to trample down in riding:ઘોડો ફેરવી વાળવો. *n.* The act of riding;an excursion on horse back:ફેરો;રપેટો.

Rider, (રાઈડર્) *n.* One who or that which rides:સ્વારી કરનાર

Ridge,(રિજ્)*n* The back or top of the back: પીઠનો ઉપલો ભાગ.2. A range of hills or mo-

untains:ડુંગરો-પર્વતોની હાર.3 The intersection of two surfaces forming a salient angle:છાપરાનો મોભ-ટોચ.*vt*.To form a ridge of: ટેકરાની હાર બનાવવી 2. To form into ridges with the plough: ચાસ પાડીને આસપાસની જમિન ઉંચી કo 3.To wrinkle:કરચલી પાડવી.

Ridge-bone,(રિજ્ બોન્) *n*. The back bone: પીઠ;વાંસાનું હાડકું.

Ridicule(રિડિક્યૂલ્)*n* [L *ridiculum*,a jest.] An object of sport or laughter: હાસ્યજનક પદાર્થ.2.Banter;derision:પરિહાસ;હાસ્ય;હાંસી; મશ્કરી.*vt*.To laugh at mockingly:-ની મશ્કરી કo

Ridiculous,(રિડિક્યૂલસ્)*a*.Fitted to excite ridicule હસી કાઢવા જોગ;હાસ્યજનક.

Ridiculously,(રિડિક્યૂલસ્લિ)*adv*.In a manner to excite laughter:હાસ્યજનક રીતે.

Riding, (રાઇડિન્ગ્) *a* Employed to travel; travelling:મુસાફરી કરતે-કરનારો. 2. Used for riding on:સ્વારી કરવાનું; સ્વાર થવાનો. 3. Used for riding,or when riding;devoted to riding:સ્વારી કામમાં લેવાતું-વપરાતું *n*. The act of one who rides:સ્વારી.

Riding-hood,(રાઇડિન્ગ્ હુડ્)*n*.A hood worn by women when riding:ઘોડાપર બેસતી વેળાએ સ્ત્રીને પહેરવાનો ડગલો.

Ridotto,(રિડૉટો)*n* A favorite Italian public entertainment:આનતાનની ગમત-મઝા;જલસો.

Rife,(રાઇફ્)*a*.Prevailing: પ્રચલિત.2. Active; nimble:શક્તિવાન;ચંચળ;ચાલાક.

Riffraff,(રિફ્રૅફ્) *n*. Sweepings; refuse; the lowest order of society:કચરો;પુંજો;કીટું.

Rifle,(રાઇફલ્)*vt*. To rob:લૂંટવું.2. To commit robbery:ચોરી-લુંટ કરવી.*n* A gun,the inside of whose barrel is grooved with spiral channels:પેચની બંદુક.2 *pl* A body of soldiers armed with rifles: પેચની બંદુકોવાળા સિપાઇઓ.*vt*.To channel:ખોભણ પાડવી.

Rifler,(રાઇફ્લર્)*n*.One who rifles; a robber: ચોર;લુંટારો;હરણ કરનાર.

Rift,(રિફ્ટ્) *n*. A cleft;a fissure: ચીરો; ફાટ.2. A shallow place in a stream;a ford:નદીમાં છાછરા પાણીવાળી જગ્યા; આરો *vt*.To cleave:ચીર પાડવી. *vi*. To burst open:ઉઘાડું થવું

Rig,(રિગ્)*n*.The peculiar fitting in shape, number and arrangement of sails and mast:જૂદા જૂદા પ્રકારના સઢ,ડોળ વિગેરે બાંધવાની ખાસ વ્યવસ્થા.*vt* To furnish with apparatus or gear; to fit with tackling-વહાણને સઢ દોરડાં વિગેરે બાંધી તૈયાર કo.*To run a* r.,to play a trick:કાવતરૂં કo.*vi*. To play the wanton: કાવતરાં કo.

Rigger,(રિગર્)*n*. One whose occupation is to fit the rigging of a ship:વહાણના સઢ બાંધનાર. [ણુનાં સઘળાં દોરડાં;સાજ-સામગ્રી.

Rigging,(રિગિન્ગ્)*n*.Dress;tackle:પોશાક;વહા-

Right,(રાઇટ્)*n*.[L. *rego*, I rule.] Straight; direct:સિધો;પાંસરૂં.2. Upright:ઉભું.3.Just: અદલ;વાજબી 4.Fit:બરોબર;ઠીક 5 Real:હકદાર; ખરૂં 6.Not mistaken:સાચું;ખરૂં 7.Opposite to left:દક્ષિણ;જમણો.R *angle*:કાટખૂણો *adv*.In a right manner:ખરી વાજબી રીતે.2. Exactly; just:બરોબર રીતે.3. Righteously: સત્યપૂર્વક.4. According to any rule of art;correctly:બરોબર રીતે.5.According to fact or truth:ખરી રીતે.R.*honorable*:નેકનામદાર. R.*along*, continuously:અટક્યા વિના વગર *Right away*,or *right off*,at once;without delay:એકદમ;તરતજ. *n*. (*a*) That which one has a natural claimto exact:હક;દાવો.(*b*)Legal power:સત્તા;અધિકાર.(*c*)Claim: હક દાવો (*d*) Privilege or immunity granted by authority: છુટી; સ્વતંત્રતા;હક.*By* r.,*by* r.s,or *by good* r.s,rightly:વાજબી રીતે. *To set to* r. s, *To put to* r.s, to set in good order:બરાબર દુરસ્ત કo.*Might is* r.:બળિયાના બે ભાગ *vt*. To set upright:ખરૂં કo.સુધારવું.3. To vindicate:-પર વેર લેવું-વાળવું. *vi*.To recover the proper or natural position:અસલ-સ્થિતિ પાછી મેળવવી.

Right angle,(રાઇટ્ ઍન્ગલ્)*n*.The angle formed by one line meeting another perpendicularly:કાટખૂણો. [ધર્મી.

Righteous,(રાઇટ્યસ્)*a* Just;holy:સત્યવાદી;

Righteousness,(રાઇટ્યસ્નેસ્) *n*. Holiness; purity:પવિત્રતાપણું; સદાચાર. 2. A righteous act:ધર્મિષ્ઠપણું; નેકી; શુદ્ધપણું; સાધુતા. 2. The acts or conduct of one who is righteous: ન્યાયી-ધર્મિષ્ઠ માણસનાં કૃત્યો અથવા ચાલચલગત.

Rightful.(રાઇટ્ ફુલ્)*a*.Upright;good:વાજબી; ખરૂં 2.Consonant to justice; just: યથાન્યાય. 3 Being or holding by right;having the right or just claim:દાવેદાર;સત્તાધારી; અધિકારી;હકદાર;વાજબી;ખરૂં.

Right-handed, (રાઇટ્હૅન્ડેડ્) *n*. Using the right hand habitually:જમણે હાથે કામ કરનાર.

Right-hearted, (રાઇટ્હાર્ટેડ્) *a*. Having a right heart or disposition: સારા સ્વભાવનું.

Rigid,(રિજિડ) *a*. [L. *rigeo*, I am stiff with cold]Not flexible:વળે નહિ-મરડાય નહિ એવું. 2 Severe:કરડું;સખત;કઠણ;કડક; આકરૂં.

Rigidity-ness,(રિજિડિટિ-રિજિડ્નેસ્)*n*. The quality or state of being rigid:સખ્તાઇ;દૃઢતા;કઠોરતા. 2 Severity:સખ્તાઇ.

Rigmarole,(રિગ્મૅરોલ્)*n*.Foolish talk;nonsense:લવારો;અર્થવિનાનું ભાષણ; બકબક;બકવા.

Rigor,(રિગૉર્)*n.*Rigidity:સખ્તાઇ.(રિગર્)[L. *rigeo*,Iam stiff.]Rigidity:કડક્ષણ.કઠોરતા. 2. See Ist.**Rigor.** 3. Severity of climate or season:દેશ હવા-ૠતુની સખ્તાઇ 4. Stiffness of opinion:સખ્ત-આગ્રહપણું 5.Strictness:સખ્તાઈ

Rigorous,(રિગરસ્)*a.* Exact; strict:કરડું;સખ્ત;કડક;કઠોર;ઉગ્ર.2 Severe:સખ્ત.

Rigorously,(રિગરસ્લિ)*adv.*Exactly;strictly: કરડી રીતે;સખ્તીથી;કઠોરપણે; બારીકીથી.

Rile,(રાઇલ્)*vt.*To render turbid or muddy; to stir up:કચરાવાળું-મેલું કરવું-બનાવવું;ગંદુ ક૦.

Rill-let,(રિલ્ રિલેટ્) *n.* A very small brook; a streamlet:નાળું;ન્હાની નદી;ઝરો.

Rim, (રિમ્) *n.* The border of a thing: કોર; કિનાર;કોરણ; કાંઠો; ધાર.

Rima,(રાઇમે)*n. pl* **Rimæ** [L.](*Anat.*)A cleft a fissure:સાંકડી અને લાંબીફાટ;ચીરો; ચીરાડો.

Rime,(રાઇમ્)*n.*A chink;a crack:કાણું;ફાટ. *n.* White frost:ધોળું-જામેલું ઝાકળ *vi.* To freeze into hoarfrost:ઠરીને ધોળું ઝાકળ થવું.

Rimple,(રિમ્પલ્)*n.*A fold or wrinkle:કરચલી.

Rind,(રાઇન્ડ્)*n.*Skin;hide:ત્વચા;છોલ; છાલ *vt.* To remove the rind of:-ની છાલ ઉતારી લેવી.

Ring,(રિન્ગ્) *vt.* To cause to sound: વગાડવું. 2 To make *sound* as by ringing a bell:ઘંટ વગાડવો.*vi.* To sound as a bell:વાગવું; અવાજ થવો.3.To sound loud;to resound:મોટો અવાજ ક૦.4.To be filled with report:-માં ગાજી રહેવું. *n.* A sound: અવાજ રણકો. *n.* A circle or a circular line:ગોળ;કુંડાળું.2 A circular ornament of gold or other precious material worn on the finger or attached to the ear,the nose,or some other part of the person:વીંટી;અંગુઠી;મુદ્રિકા;મુદ્રા;વેઢ;છલ્લો;વાળી;કુંડળ નથ;વેસર;વીંટ્વા;જોટવો;તોડો;કડુ. 3. A circular area in which races are run or other sports performed:ચક્કર;કુંડાળું.4.Any inclosed space in which pugilists fight:અખાડો. 5. A circular group of persons: કુંડાળું. *vt.*To surround with a ring;to encircle:-ની આસપાસ કુંડાળું ક૦ 3.To fit with a ring,or withrings: વીંટી.અંગુઠી પહેરાવવી. *vi.* To rise in the air spirally:ચક્કર ચક્કર ગોળફરતાં ફરતાં ઉપર ચઢવું-ઉડવું.

Ringing,(રિન્ગિન્ગ્)*a.&n.from* **Ring**: વાગતું.

Ring-leader,(રિન્ગ્-લીડર્)*n.* A leader of a body of men engaged in the violation of law:બંડખોરોની ટોળીનો સરદાર.

Ringlet,(રિન્ગ્લેટ્)*n.*A small ring or circle: નાની વીંટી-અંગુઠી-વેઢ.2 A curl of hair: ગુચ્છો.

Ring-worm,(રિન્ગ્ ઉવર્મ્)*n.*A contagious affection of the skin:દાદર;દરાજ;ગજકર્ણ.

Rinse,(રિન્સ્)*vt.* To wash lightly:ધીમે ધીમે- આછે હાથે ધોવું;વિંછળવું.

Riot,(રાઇઑટ્)*n.* Uproar; tumult:હુલ્લડ; દંગો. 2.Wild and loose festivity; revelry:મસ્તી; અતિશય ભોગવિલાસ.3. The tumultuous disturbance of the public peace: સુલેહ ભંગ. *To run riot,* to act wantonly or without restraint: વંઠી જવું; વંઠવું. *vi.* To engage in riot: રંગવાળી મીજબાની-ભોગવિલાસ ક૦. 2. To disturb the peace:તોફાન હુલ્લડ ક૦.

Rioter,(રાઈઑટર્)*n.* A reveler: ભોગ-વિલાસી. 2. One who engages in a riot: બળવાખોર; ફીતુરી;તોફાન કરનાર;રાજદ્રોહી

Riotous,(રાઈઑટસ્)*a.*Wanton:સુખ ભોગી. 2. Seditious:તોફાની;ફીતુર ભરેલું.

Rip,(રિપ્)*vt.*To cut by violence:ચીરીને કાપીને કાઢવું.2.To get by or as by,cutting or tearing:માંહેથી કાઢવું 3.To discover:પુરૂ ઉઘાડું ક૦. 4.To saw lengthwise of the grain or fiber લાકડું ઉભું વહેરવું.

Ripe,(રાઇપ્)*n.*[L.*riga.*]The bank of a river: નદીનો કિનારો.*a.* Ready for reaping or gathering; having attained perfection: પાકું; પાકેલું. 2. Advanced to the state of fitness for use:પરિપક્વ.3.Mature:નિપુણ;પાકું; કાબેલ. 5. Ready for action or effect:તૈયાર *vi.* To grow ripe:પાકું થવું;પાકવું.

Ripen,(રાઇપન્)*vi.*To grow ripe:પાકું થવું.*vt.*To cause to mature;to make ripe:પકવ-પાકું ક૦.

Ripeness,(રાઇપ્નેસ્)*n.*Maturity; completeness;perfection:પાકેલી-પુખ્તહાલત-પણું;પૂર્ણતા.

Ripple,(રિપલ્)*n.*An implement with teeth: પાવડી;દાંતી;દાંતીઓ. *vt.* To remove the seeds from by means of a ripple:દાંતીઆવતી દાણા ઉખેડી લેવા *vi* To make a sound as of water running gently over a rough bottom:ખડબચડા તળીઆ ઉપર ધીમેથી વહેતા પાણીનો અવાજ થવો. *vt.* To fret or dimple as the surface of water:ઉપર લહેર આવવી-ઉઠવી.*n.*Little curling waves:ઝીણાં ઝીણાં મોજાં.

Ris,(રિસ્)*n.*A bough or branch;a twig:ડાળી.

Rise,(રાઇઝ્)*vi.*To ascend: ચઢવું; ઉંચે જવું (*a*) To go upward by waking,climbing,flying or in any other way:ચાલીને,ચઢીને, ઉડીને અથવા એવી બીજી કોઇ રીતે ઉપર જવું.(*b*)To ascend or float in a fluid:પ્રવાહી પદાર્થમાં ઉંચે ચઢવું-તરવું. (*c*)To move upward under the influence of a projecting force:ઉછળવું.(*d*) To grow upward:ઉંચું વધવું.(*e*) To swell:ઉભરાવું;-માં પાણી ચઢવું.(*f.*)To become erect:ઉઠવું;ઉભા થવું.(*g*)To leave one's bed;to arise:ઉઠવું (*h*) To tower up to be heaven up: ઉંચું દેખાવું. 2. (*a*) To appear above the horizon:ઉગવું;-નો ઉદય થવો.

(*b*)To become perceptible to other senses than sight:ઉઠવું (*d*)To have a beginning; to originate:નું મૂળ હોવું;-માંથી નીકળવું. 3. To increase in size,force or value:કદ-બળ અથવા કિમતમાં વધવું. (*a*) To increase in power or fury,sale of wind or storm: શક્તિ-જુસ્સામાં વધવું;-નું જોર વધવું.(*b*) To become larger; to swell:મોટા થવું;ઉપસવું (*c*) To increase in intensity (*as heat*):વધવું;-નું જોર વધવું.(*d*)To increase in amount: રકમમાં વધવું.4 (*a*)To go to war:લડાઇમાં જવું;સામા ઉઠવું.(*b*)To come to mind;to occur:મનમાં આવવું.5.To ascend from the grave:કબરમાંથી ઉઠવું 6.To terminate an official sitting:ઉઠવું; વિસર્જન-બરખાસ્ત થવું. *n.* Spring;source:ઝરો;મૂળ.2.Appearance;above the horizon:ઉદય;ઉદ્ગમ. 3. Increase;advance:વધારો;વૃદ્ધિ;તેજી ચઢતી;ઉદય;અભ્યુદય;પદવૃદ્ધિ; તેજી વૃદ્ધિ;ચઢતી કળા;ચઢતી પાયરી;ઉન્નતિ;ઉત્કર્ષ.

Risibility-Risibleness, (રિઝિબિલિટિ-રિઝિબલ્નેસ્)*n.*The quality of being risible: હસવાની ટેવ આદત;હાસ્યશીલતા.જનકતા;હસનસામર્થ્ય

Risible,(રિઝિબલ્)*a* [L *rideo*,I laugh.]Having the power of laughing, disposed to laugh:હસે એવું.2. Exciting laughter; worthy to be laughed at:હસવા લાયક.

Rising, (રાઇઝિંગ્) *a.* Attaining a higher place:ઉંચી સ્થિતિવાળું 2 Increasing in wealth, power or distinction:દોલત-શક્તિ-પ્રખ્યાતિમાં વધતું-ચઢતું 3.Growing:વધતી જતી.*prep.* More than;upwards of:-ના કરતાં વધારે.

Risk,(રિસ્ક્)*n.*[L.*reseco*, I cut off.]Hazard: ભય;જોખમ.2.Hazard of loss:જુગ્મો;જોખમ.*To run a* **r.**, to incur hazard: જોખમ માથે લેવું. *At all* **r.**s:ગમે તેમ થાય તોપણ. *vt.* To expose to risk:નો જુગ્મો માથે લેવો.

Rite,(રાઇટ્)*n.*[L.*ritus*]A ceremony:ધર્મક્રિયા.

Ritual, (રિટ્યૂઅલ્) *a.* Of or pertaining to rites or ritual:ધર્મક્રિયા સંબંધી-નું *n.* A prescribed form of performing divine service:કોઇ ખ્રિસ્તી મંડળમાં ધર્મક્રિયાની પદ્ધતિ.

Ritualist,(રિટ્યૂઅલિસ્ટ્)*n.*One skilled in,or attached to,a ritual:ધર્મક્રિયા બરાબર પાળનાર.

Rivage,(રિવેજ્)*n* [L.*ripa*,a bank.]A bank: કિનારો.2.A duty paid to the crown for the passage of vessels on certain rivers: કેટલીક નદીઓ પસાર કરતાં લેવાતો કર.

Rival,(રાઇવલ્)*n.*[L *rivus*,a brook.]A person having a common right or privilege with another:બરાબરીઓ.A competitor:પ્રતિસ્પર્ધી *a.*Having the same pretensions or claims: અરસપરસ સ્પર્ધા-સરસાઈ કરનાર.*vt.*To stand in competition with:ની સાથે સ્પર્ધા ક૦. *vi.* To be in rivalry:ની સાથે હરિફાઈ; હોવી.

Rivalry,(રાઇવલ્રિ)*n pl.***Rivalries**, A competition;emulation:ચડસાચડસી;હરિફાઇ.

Rive,(રાઇવ્)*vt.*To split;to cleave:ચીરવું;ફાડવું. *vi.*To be split or rent asunder:ચીરાવું;ફાટવું.

River,(રિવર્)*n.*[L.*ripa*,a shore]A stream larger than a rivulet or brook:નદી;નદ;સરિતા.

River-bed,(રિવર-બેડ્)*n.*The bed or bottom of a river:નદીના તળીઆની જમીન;પાત્ર.

River-dragon,(રિવર્-ડ્રૅગન્)*n.* A crocodile: મગર;સુસર;સુસવાટ.

Rivet,(રિવેટ્)*n.*A pin or bolt headed or clinched at both ends: બંને તરફથી-છેડેથી બેસાડેલો ખીલો. *vt.* To fasten with a rivet: ખીલાથી મજબૂત જડવું.

Rivulet,(રિવ્યૂલેટ્)*n.*[L.*rivus*, a brook.] A small stream or brook;astreamlet:વહેળિયું.

Road,(રોડ્)*n* A journey or stage of a journey:રસ્તો;માર્ગ.3.A place where one may ride:રસ્તો;સડક;માર્ગ.4.A place where ships may ride at anchor:સમુદ્રમાં જ્યાં નાંગરેલાં વહાણ તરતાં રહી શકે તે જગ્યા;નાંગરણ.*To go on the* **r.**:વેપારી મુસાફરીના કામમાં રોકાવું.*To take the* **r.** to begin or engage in travelling: મુસાફરી ક૦.કરવા માંડવી.*To take to the* **r.**:ચરીયામ-ધીરી રસ્તા ઉપર લુંટફાટ-ચોરી ક૦ *Public* **r.**: રાજમાર્ગ; રાહદારી માર્ગ.

Roam,(રોમ્)*vi & t.*To rove;to wander:ભટકવું.

Roar,(રોર્)*vi.*To cry with a full,loud,continued sound:બૂમ મારવી;બરાડવું.(*a*)To bellow, or utter a deep,loud cry,as a lion or other beast:ગર્જના ક૦ (*b*)To cry loudly,as in pain: ચીસ પાડવી;આરડવું.*n.*The sound of roaring: શબ્દ;સ્વર;ધ્વનિ. (*a*) The deep,loud cry of a wild beast:ગર્જના;નાદ.

Roaring,(રોરિંગ્)*n.* A deep, sound: ગર્જના.

Roast, (રોસ્ટ્) *vt.* To cook by exposure to radiant heat before a fire:ખૂબ તાપપર મુકીને રાંધવું;ભૂંજવું;સેકવું;બાફવું.2.To heat to excess; to burn:ખૂબ તપાવવું.*To rule the* **r.**,to be at the head of affairs:કામ-કાજના ઉપરી તરીકે હોવું.

Rob, (રોબ્) *vt.* To pillage: ચોરવું; લુંટવું. 2. To take the property of (*any one*)from his person by violence:છીનાવી લેવું;પડાવી લેવું.

Robber,(રોબર)*n.*One who robs:ચોર;લુંટારો.

Robbery,(રોબરિ)*n.*Theft;depredation:ચોરી; લુંટ;અપહરણ. 2. The crime of robbing; pillage:લુંટવાનો-ચોરવાનો ગુન્હો;ચોરી;ધાડચોરી.

Robe,(રોબ્)*n.*An outer garment:જામો; જામો.**R.***of honor presented by a king*:ખિલત. *vt.*To dress;to array:પોશાક પહેરવો.

Robin,(રોબિન્)*n.*A small European singing

bird,having a reddish breast:રાતીચકલી.
Robust,(રૉબસ્ટ્) *a.* [L. *robus*, strength.] Strong: જોરાવર; બળકટ; જબર. 2. Requiring strength or vigor:મહેનતનું.
Robustness,(રૉબસ્ટ્નેસ્)*n.* The quality or state of being robust:મજબૂત-જબરાઅરપણું;જોમ.
Rochealum(રૉકેલમ્)*n.*A kind of alum occurring in small fragments:સ્વચ્છ-ચોખ્ખી ફટકડી.
Rock, (રૉક્) *n.* Any natural deposit forming a part of the earth's crust:ખડક;ખરાબો *vt* To cause to sway backward and forward: હીંચકા નાંખવા. 2. To put to sleep by rocking,to still:હીંચકા નાંખીને ઉંઘાડવું.*vi.*To move or be moved backward and forward; to totter:ડોલવું;ડગવું;ઝુલવું;હાલવું;ગબડવું.
Rock-crystal,(રૉક્ ક્રિસ્ટલ્)*n.*(*Min.*)Limpid quartz:કાચમણી;ફીરમ પથ્થર.
Saving, (સેવિન્ગ્) *a.* Preserving: બચાવનારૂં. 2 Securingsalvation:મુક્તિપ્રદ.*Prep* or*conj*; but properly a *parsiciple.*Withexception of;except:શિવાય;વિના *n.*That which is saved or laid up:બચાવ;ઉગારો;સંઘરો.

Saviour, (સૅવિઅર્)*n.* [L.*salvo*,I save] One who saves from evil:પાપમાંથી બચાવનાર. 2. He who brings salvation to men; Jesus Christ, the Redeemer:માણુસનો તારનાર;જીસસ ક્રાઇસ્ટ.

Savour,(સેવર્)] L *sapor*,taste.] Taste and odor,flavor,relish,રસ;રૂચિ; સ્વાદ.*vi* To have a particular smell or taste (with *of*):-નો સ્વાદ-વાસ હોવો. *vt.* To perceive by the smell or the taste:ગંધ-વાસ અથવા સ્વાદ લાગવો. 2. To taste or smell with pleasure; to relish:ખુશીથી ચાખવું.

Savoury,(સૅવરિ)*a*Pleasing to taste or smell સ્વાદિષ્ટ;સુગંધીદાર;લહેજતદાર;મિષ્ટ.

Saw,(સૉ)*Imp.of***See**,જોયું;દીઠું.*n.*A saying;a proverb; કહેવત,કહેણી. [L *seco*,Icut.]An instrumentfor dividing or cutting substances,aswood,iron,etc:કરવત;*vt* [*Imp.Sawed*] To cut with a saw: વહેરવું. *vi.* To practise sawing: વહેરવાનો મહાવરો પાડવો.

Saw-dust,(સૉડસ્ટ્) *n.* Dust or small fragments of wood made by the cutting of a saw:લાકડાનો વ્હેર. [રવાનો સંચો.

Saw-mill,(સૉમિલ્)*n.*A mill for sawing:વહે-

Sawyer,(સૉયર્)*n.*One who saws:વહેરનાર.

Say, (સે) *vt.* To utter or express in words; to tell; to speak: કહેવું; બોલવું; કથવું; ભાખવું; ઉચ્ચારવું. 2. To repeat; to recite: ફરીથી કહેવું. *That is to* s., that is: એટલે. *vi.* To speak; to reply: ઉત્તર જવાબ દેવો. *n.* A speech: વાત; કહેવત; વચન.

Saying (સેઇંગ્) *n.* A proverb: વચન; કહેવત.

Scab, (સ્કૅબ્) *n.* [L. *scabo,* I scratch] An incrustation over a sore, wound; etc.: ગુંમડાપર વળેલી કપોટી; ભીંગડું.

Scabbard, (સ્કૅબ્બાર્ડ્) *n.* The case in which the blade of a sword, is kept; a sheath: તલવારનું મ્યાન. *vt.* To put in a scabbard: મ્યાનમાં ઘાલવું.

Scabby, (સ્કૅબિ) *a.* Affected with scabs; full of scabs: પોપડી-વાળું. 2. Diseased with the scab: ખુજલીવાળું.

Scabrous, (સ્કૅબ્રસ્) *a.* Rough to the touch: ખડબચડું-ઉચું નીચું 2. Unmusical: બેતાલ.

Scaffold, (સ્કૅફ્ફોલ્ડ્) *n.* A temporary structure of timber, boards: પાલક. 2. A stage or elevated platform for the execution of a criminal: ફાંશી દેવાનેબાધેલો માચડો; ફાંશી. *vt* To furnish with a scaffold: પાલક બંધાવવી.

Scaffolding, (સ્કૅફ્ફોલ્ડિંગ્) *n.* A scaffold: પાલક. 2. Materials for building scaffolds: ફાંશી દેવાનાં લાકડાં.

Scalade, (સ્કૅલેડ્) *n.* See **Escalade.**

Scald, (સ્કોલ્ડ્) *vt.* [L *ex* & *calidus,* hot.] To burn with hot liquid: બાળવું 2. To expose to boiling: ખુબ ઉનું કo. *n.* A burn or injury to the skin by some hot liquid; ડામ; ચપકો. *a.* Affected with the scab; scabby: ભીંગડાં-પોપડાવાળું.

Scale; (સ્કેલ્) *n.* The dish of a balance; *hence,* the balance itself: ત્રાજવાનું પલ્લું. 2*pl.* The sign or constellation Libra: તુલારાશિ. *vt.* To weigh or measure according to a scale: માપવું; જોખવું. *n.* One of the small, thin, membranous, bony or horny pieces which form the covering of many fishes and reptiles: ભીંગડાં. *vt.* To strip or clear of scale or scales: ભીંગડાં કાઢી નાખવાં-ઉખેડવાં. *vi.* To separate and come off in thin layers or lamina: પાતળાં પડ થઇને ખરી જવું; ભીંગડાં વળી ખરી પડવાં.

Scale, (સ્કેલ્) *n.* [L. *pl. scala,* a staircase.] A ladder; a series of steps: સીડી; નીસરણી (*a*) A mathematical instrument: ત્રેટી; સમાનન્તર લીટીઓ કે આંકાવાળું ઓજાર. (*b*) The graduated series of all the tones; gamut: ગ્રામ. 3 Gradation: ક્રમ-પંક્તિ; પાયરી. 2 Relative dimensions without difference in proportion of parts: ધોરણ; પ્રમાણ; પરિમાણ. *vt.* To climb by a ladder: નીસરણી મૂકીને ચઢવું.

Scalene, (સ્કેલીન્) *a.* [Gr. *skazo,* I limp.] Having the sides and angles unequal: વિષમકોણ બાજુવાળું. *n.* A triangle having its sides and angles unequal: વિષમકોણ-બાજુવાળું ત્રિકોણ-ત્રિકોણાકૃતિ.

Scalp, (સ્કૅલ્પ્) *n.* That part of the integument of the head which is usually covered with hair: માથાની ચામડી; ખાલ. *vt.* To deprive of the scalp; to cut or tear the scalp from the head of: માથા ઉપરથી વાળવાળી ખાલ ઉખાડી નાંખવી.

Scaly, (સ્કેલિ) *a.* Covered or abounding with scales: ભીંગડાંવાળું; ભીંગડાંથી ભરપૂર.

Scamp (સ્કૅમ્પ્) *n.* [L. *ex,* & *campus,* the field.] A rascal; swindler; a rogue: લુચ્ચો; ધૂતારો; હરામી *vt* To perform in a hasty manner: હરામ હાડકાથી કo.

Scamper, (સ્કૅમ્પર્) *vi.* [L. *ex,* & *campus,* the field.] To run with speed: સટકી જવું-નાસી જવું.

Scampish, (સ્કૅમ્પિશ્) *a.* Of, or like a scamp; knavish: હરામખોરીનું; લુચ્ચાઈ-ઠગાઈનું.

Scan, (સ્કૅન્) *vt.* [L. *scando,* I climb.] To show, in reading, the metrical structure of; to recite metrically: માત્રા ગણવી (કવીતા); માત્રા-ગણ માંડવા; માત્રા, તાલ જણાય એમ કવિતાઓ બોલવી. 2. To scrutinize: બારીકીથી તપાસવું; નિરીક્ષા કo.

Scandal, (સ્કૅન્ડલ્) *n.* [Gr. *scandalon,* a snare laid for an enemy.] Offence caused; disgrace: ફીટકાર; બેઆબરૂ; કલંક. 2. Reproachful aspersion; defamatory talk: બદનકશી; બદનામી. *vt.* To defame; to asperse: ફિટકાર પમાડવો; અપકીર્તિ-બે આબરૂ કo; બદનકશી કo.

Scandalize, (સ્કૅન્ડલાઇઝ્) *vt.* To offend the feelings or the conscience of; to bring shame, disgrace: ખોટું લગાડવું; અંતઃકરણ દુખવવું. 2. To libel; to defame: ની આબરૂ, ઇજ્જત લેવી.

Scandalous, (સ્કૅન્ડલસ્) *a.* Exciting reprobation: ખોટું-માઠું લાગે તેવું. 2. Bringing shame: શરમ ઉપજાવનારૂં; નામોશી ભરેલું. 3. Defamatory: બદનકશી ભરેલું.

Scant, (સ્કૅન્ટ્) *a.* Not full, large: થોડું; ઓછું; કમી 2. Parsimonious: કરકસરીયું. *vt.* To limit: હદ બાંધવી; સંકોચ પાડવો. 2. To cut short: ટુંકું કo. *vi.* To fail: ઓછું-થોડું થવું. *adv.* With difficulty: મુશ્કેલીથી.

Scantily, (સ્કૅન્ટિલિ) *adv* Sparingly: કરકસરથી.

Scantiness, (સ્કૅન્ટિનેસ્) *n.* The quality or condition of being scanty: ન્યૂનતા; તંગાસ; ખુટકો.

Scantling, (સ્કૅન્ટ્લિંગ્) *a.* Not plentiful; small જોઇએ તેટલું નહીં; ટુંકું; નાનું. *n.* A fragment;

નાનો કકડો. 2. The measure or dimensions of anything:માપ;પરિમાણ.

Scanty,(સ્કૅન્ટિ)*a.*Small;not abundant: અલ્પ; સાંકડું;ન્હાનું;થોડું 2.Insufficient:અપૂર્ણ.

Scape,(સ્કેપ્)*n.*[L.*scapus*,stem.]A peduncle rising from the ground:ફણગો;શાખ.*vt.& i.* To escape:નાશી-છટકી જવું. *n.* An escape:બચાવ;રક્ષણ.

Scape-grace,(સ્કેપ્-ગ્રેસ્)*n.* A graceless,unprincipled person:ભ્રષ્ટ-વહિ ગયેલો માણસ.

Scapula,(સ્કૅપ્યૂલૅ)*n.*The shoulder blade;the principal bone of the shoulder:ખભાનું હાડકું

Scar,(સ્કાર્)*n.* [L. *eschara*, hearth.] A cicatrix:ચાંદું;ચકામું.*vt.*To mark with a scar:ચાંઠાં-ચાંદાં પાડવાં.*vi.*To form a scar: ચાંદું પડવું.

Scaramouch,(સ્કૅરૅમાઉચ્)*n.*A person characterized by boastfulness and poltroonery; a buffoon:વિદુષક;જુઠણ;રંગલો;તરકડીઓ

Scarce,(સ્કેર્સ્)*a.*Not plentiful:થોડું; કમી. *To make oneself* s.,to decamp;to depart:જતા રહેવું;ન્હાસી જવું.

Scarce Scarcely,(સ્કેર્સ્-સ્કેર્સ્લિ)*adv.*With difficulty;hardly: ભાગ્યેજ;મુશ્કેલીથી.

Scarcity-ness, (સ્કૅર્સિટિ-સ્કેર્સ્નેસ્) *n.* Deficiency;lack of plenty:તાણ,ભીડ;અછત;તંગાશ.

Scare,(સ્કેર્)*vt.*To frighten;to alarm:ચમકાવવું; બ્હીવડાવવું. *To s. away*, to drive away, by frightening:બીવડાવીને કાઢી મૂકવું, હાંકી કાઢવું.

Scare-crow,(સ્કેર્-ક્રો)*n.*Anything set up to frighten crows or other birds from cornfields: અનાજના ખેતરમાં કાગડા અથવા બીજાં પક્ષીઓને બીવડાવવા સારૂ કરેલો ચાડિયો.

Scarf,(સ્કાર્ફ્) *n.* A light shawl or handkerchief for the neck:ખેસ; ચલોટો. *vt.* To put on like a scarf:ખેસ-પીછોડીની પેઠે પહેરવું.

Scarify,(સ્કૅરિફાઇ)*vt.* [Gr.*skaiphos*,a pointed instrument.]To make small incisions in, by means of a lancet: નસ્તર-વહેદુ મુકવું.

Scarlet,(સ્કાર્લેટ્)*n.*A deep bright red tinged with orange or yellow; લાલચોળ રંગ. *a.* Of the color called scarlet:કીરમજી;ગુલખાર.

Scath-e,(સ્કેથ્-સ્કેધ્)*n.*Harm;damage:ઈજા;નુકશાન.*vt.*To do harm to:નુકશાન કરવું.

Scathful-ly, (સ્કેથ્ફુલ્-સ્કેથ્ફુલિ) *a.* Injurious; harmful;doing damage:નુકશાન-ઇજા કરનારૂં.

Scathless,(સ્કેથ્લેસ્)*a.*Unharmed:અખિશુદ્ધ.

Scatter, (સ્કૅટ્ટર્) *vt.* To strew about: વેરવું; પ્રસારવું.2.To dissipate:વિખેરવું.*vi.*To be dispersed or dissipated:વિખરાઈ જવું.

Scattering,(સ્કૅટ્ટરિન્ગ્) *a.* Going or falling in various directions:છુટું છુટું;જૂદું.*n.* Act of strewing about: ખેરવું તે.

Scavenger,(સ્કૅવેન્જર્) *n.* A person whose employment is to clean the streets of a city:ઝાડું વાળનાર;કચરાપટી;ભંગીઓ.

Scene,(સીન્)*n.*[Gr *skene*,a stage; a tent.] The structure on which a play is exhibited;the stage:રંગભૂમિ.2. The decorations and fittings of a stage:નાટકગૃહના શૃંગાર,પડદા વિ૦.3.A subdivision of an act:પ્રવેશ.4. Place of occurrence:સ્થાન.5.A spectacle,a view:દેખાવ 6. A landscape:દેખાવ;સૃષ્ટિશોભા. *vt.*To make a scene of:-નો ખેલ તમાશો કરવો.

Scenery,(સીનરિ) *n.* The painted representation on the stage:નાટકના રંગભૂમિનાં ચિત્ર કે પડદા.2.General aspect:સામાન્ય-સમગ્ર દેખાવ.

Scenography,(સીનૉગ્રૅફિ)*n* [Gr *skene*,scene & *grapho*, I write.] Act or art of representing a body on a perspective plane: દર્શનાનુંશાસ્ત્ર પ્રમાણે ચિત્ર ચિતરવાની કળા-હુન્નર.

Scent,(સેન્ટ્) *vt.* [L. *sentio*,I feel.] To perceive by the olfactory organs;to smell: વાસ લેવી;સુંઘવું.2 To perfume:ખુશબોદાર કરવું. *vi.*To have a smell:સોડમ-વાસ આવવી.*n.*Odor smell:વાસ;સુગંધ.2.Course of pursuit:પગલે પગલે જવું તે.3.The power of smelling; the sense of smell:સુંઘવાની શક્તિ.

Scented,(સેન્ટેડ્) *a* Having a good odor; perfumed:ખુશબોદાર;સુવાસિત;સુગંધિદાર.

Sceptic,(સેપ્ટિક્) *n.* An inquirer after facts or reasons:સંદેહવાળો.2. A universal doubter:વહેમી.3. A person who doubts the existence of God: નાસ્તિક. 2. Doubting the sacred scriptures:ઇશ્વરોક્તશાસ્ત્રમાં અશ્રદ્ધા રાખતું.

Sceptre or Scepter,(સેપ્ટર્) *n.* [Gr. *skuptron*, a sceptre.] A staff or baton borne by a sovereign;a royal mace: રાજદંડ;છડી.2. Royal or imperial power or authority; sovereignty:રાજ્યાધિકાર;રાજ્યપદ.

Schedule,(સેડ્યૂલ) *n.* [L. *scheda*,a leaf of paper.] A printed scroll or sheet of paper:લખેલા-છાપેલા કાગળોનું ભુંગળું; દસ્તાવેજ. 2. A formal list or inventory:વિગતવાર નોંધ.*vt.* To form into or place in:પીંડું-ભુંગળુ બનાવવું.

Scheme,(સ્કીમ્)*n.*[L & Gr.*schema*,a shape, figure.] A combination of things connected and adjusted by design:યુક્તિ;રચના. 2.A design:a project:યોજના;હિકમત.*vt.& vi.* To make a scheme of:યોજના-યુક્તિ કરવી.

Schemer,(સ્કીમર્)*n.*A projector:યોજના.

Scheming,(સ્કીમિન્ગ્) *a.* Given to forming schemes;artful:કાવતરાં કરનાર;યુક્તિબાજ.

Schism,(સિઝમ્) *n.* [Gr. *schisma*,a split.] Division:જુદાઇ;ફાટ;તુટ. 2. Permanent divi-

sion or separation in the Christian church:ખ્રિસ્તી મંડળમાં કાયમફાટ-ફુટ્યો.

Scholar,(સ્કૉલર્)*n*.[L. *schola*,a school.] A pupil;a student:શિષ્ય;નિશાળીઓ.2.One engaged in the pursuits of learning:વિદ્વાન; પંડિત.3.A man of books:પંડિત.4 An undergraduate who belongs to a college, and receives support in part from its revenues:પગાર લઇને ભણનાર વિદ્યાર્થી,'સ્કૉલર.'

Scholarly, (સ્કૉલર્લિ) *a*. Like a scholar or learned person;showing the qualities of a scholar:પાંડિત્યને યોગ્ય;વિદ્વતાવાળું.

Scholarship,(સ્કૉલર્શિપ્)*n*. Attainments in science or literature:વિદ્વતા;પાંડિત્ય: જ્ઞાન. 2. Literary education: વિદ્યા સંબંધી કેળવણી. 3.Maintenance for a scholar:વિદ્યાર્થિને પગાર.નેમણુક. [શાળા વિદ્યાલયનું.

Scholastic,(સ્કૉલૅસ્ટિક્)*a*.Scholarlike:વિદ્યાર્થિ-

Scholiast.(સ્કૉલઍસ્ટ્)*n* A maker of scholia; a commentator or annotator: ટીકા કરનાર.

Scholium, (સ્કૉલિઅમ્) *n* *pl*. **Scholia**. A marginal annotation;an explanatory remark or comment:ટીકા;ભાષ્ય;ખુલાસો;ટીપ.

School,(સ્કૂલ્)*n*.A shoal;a multitude: જથો; ટોળું (મગરમચ્છનો)*n*.[Gr.*schole*, leisure.]An institution for learning:વિદ્યાલય 2.A place of primary education:નિશાળ.3 The canon precepts,or body of opinion or practice, sanctioned by the authority of a particular class or age:મત;પંથ; શાખા. *The s. of experience*:અનુભવની શાળા.S.*of six philosophy*:દર્શન.*vt* To educate at a school:કેળવવું; શિખવવું.2.To tutor,to chide and admonish: ગુરૂદીક્ષા આપવી;ઠપકો દેવો.

School-fellow, (સ્કૂલ્-ફેલો) *n* One bred at the same school:ગુરૂબંધુ;સાહાધ્યાયી,

School-house,(સ્કૂલ્-હાઉસ્) *n*. A house appropriated for the use of a school or for instruction:નિશાળનું મકાન;શાળા;નિશાળ.

Schooling, (સ્કૂલિન્ગ્) *n*. Instruction in school:કેળવણી;શિક્ષણ.2.Reproof,reprimand ઠપકો:દોષ 3.Compensation for instruction: ભણવાનોપગાર;ગુરૂદક્ષિણા;ફી.

Schoolman,(સ્કૂલ્મૅન્)*n*.One versed in the niceties of academical disputation:ખ્રિસ્તી ધર્મના મત વિષે અથવા વિદ્યા સંબંધી તર્ક વિષે વિવાદ કરવામાં કુશળ પુરૂષ.

School-master, (સ્કૂલ્-મૅસ્ટર્) *n*. A male teacher of a school:શિક્ષક;મહેતાજી;ગુરૂ.

School mistress,(સ્કૂલ્ મિસ્ટ્રેસ્)*n*.A female school teacher:મહેતીજી.

Schooner, (સ્કૂનર્) *n*. A small, sharp built vessel, with two masts: એક પ્રકારનું સાંકડું બેડોલવાળું વહાણ.

Sciatic,(સાઍટિક્)*a*.[Gr. *ischus*, strength.] Ischial;ischiatic: સાથળ તથા પગની મ્હોટી નસના રોગ;સંબંધી.*n*.(*Med*.).Sciatica:સાથળ પગ વિગેરેનો સંધિવા.

Sciatica, (સાઇઍટિકૅ) *n*. Neuralgia of the sciatic nerve:રાંઝણ;શ્રોણીવેદના;શ્રોણીશિરાવેદના.

Science,(સાઇએન્સ્) *n*. [L. *scio*, I know.] Knowledge; ascertained truth or facts: વિદ્યા.2.Philosophical knowledge:તાત્વિકજ્ઞાન 3.Any branch or department of systematized knowledge:વિદ્યા;ધર્મ.

Scientific-cal, (સાઇએન્ટિફિક્,-કલ્) *a* [L. *scientia*,science & *facio*, I make.] Of, or pertaining to science:શાસ્ત્ર સંબંધી.2.Agreeing with or depending on, the rules or principles of science:શાસ્ત્ર નિયમાનુસાર. 3. Evincing science:વિદ્વાન;પંડિત.

Scimitar,(સિમિટર્)*n*.A saber with a much curved blade: નાની તરવાર;કટાર.

Scintillate,(સિન્ટિલ્લેટ્)*vi*. [L. *scintilla*, a spark.] To emit sparks, or fine igneous particles:તણખા નીકળવા.

Scintillation, (સિન્ટિલ્લેશન્) *n*. The act of scintillating:-માંથી તણખા નીકળવા તે. 2. A spark of flash in scintillating:ચળકાટ;પ્રકાશ.

Sciolism,(સાઈઑલિઝમ્) *n*. The knowledge of a sciolist;superficial knowledge:ઉપર ચોટીયું-ઉપલક જ્ઞાન;વેદીઉજ્ઞાન;પોપટિયું જ્ઞાન;પોથીજ્ઞાન.

Sciolist,(સાઈઑલિસ્ટ્)*n*. [L *scio*,I know.]A pretender to science:ઉપર ચોટિયું જાણનાર.

Scion,(સાઇઑન્)*n*.[L.*seco*,I cut.](*a*)A shoot of a plant:ફણગો. (*b*) A piece of a slender branch or twig cut for grafting:(ઝાડની)કલમ.2.Hence,a descendent;an heir:વારસ;વંશજ

Scirrhus,(સ્કિરસ્)*n*. [Gr. *scirros*, hard.]An indurated gland:વરસોળી; માંસગ્રંથિ.

Scission,(સિઝન્)*n* [L.*scindo*,I cut.]The act of dividing with an instrument:કાપવું તે.

Scissors (સિઝર્સ્)*n*. *pl* [L. *scindo*,I cut.]A cutting instrument resembling shears:કાતર;કેંચી. [a fissure:લાંબો ચીરો-જખમ.

Scissure,(સિઝ્યુર્)*n*.[L.*scindo*,I cut]A cleft

Scoff,(સ્કૉફ્)*n*. Derision; mockery:હાંસી; મશ્કરી.2.An object of scorn:મશ્કરી હાંસી કરવા લાયક.*vi*.To show mockery:હાંસી કરવી.*vt*.To mock at:-ની હાંસીક૦.

Scoffer,(સ્કૉફર્)*n*.One who scoffs:મશ્કરીખોર.

Scold,(સ્કોલ્ડ્)*vi* & *vt*.To find fault with:ગાળ દેવી;બહુ ધમકાવવું.*n*. A rude, clamorous woman;a shrewd: કર્કશા; કજીઆખોર સ્ત્રી. 2. A

scolding:કજીઓ.

Scolding,(સ્કૉલ્ડિંગ્) *a.* & *n.* Chiding:ઠપકો.

Sconce,(સ્કૉન્સ્)*n.* [L. *absconsus.*] A fortification, or work for defence:બચાવ-રક્ષણને માટે કરેલો કિલ્લો.2.A hut for protection and shelter:રક્ષણને માટે ઝુંપડી. 3. A protection for a light:દિવાલગિરિ;વાલટેર.*vt.* To shut up in a sconce:કિલ્લામાં પુરવું.

Scoop,(સ્કૂપ્)*n.* [Gr. *skapto*, I dig.] A large ladle:ડોઇ; મ્હોટો પળો 2.A deep shovel:ફંડો પાવડો 2. A spoon-shaped instrument: ચમચાના આકારનું હથિયાર. 4. A place hollowed out:પોલાણ. *vt.* To lade out:ડોઇ વતી લેવું. 2. To excavate:પોલાણ કo;ખોદવું.

Scope,(સ્કૉપ્)*n.*[L.*scopos*,a mark.](*a*)That at which one aims:લક્ષ્ય;તકાવેલી વસ્તુ;ચોટ.(*b*) Ultimate design:ઇરાદો;મનસુબો;હેતુ 2. Space for action:અવકાશ;પ્રસંગ;લાગ.

Scorch,(સ્કૉર્ચ્)*vt.* [L.*ex* & *cortexicis*, bark.] To burn superficially:શેકવું;ઉપરથી બાળવું.*vi.* To be burnt on the surface:ઉપરથી બળવું.

Score, (સ્કૉર્) *n.* A notch or incision:કાપો; આંકો;ઉજરડો.2 Account;reason:બાબત;નિમિત્ત. 3.The number twenty:વીસ; કોડી. 4.A distance of twenty yards: વીસવારનું અંતર. 5. The number of points gained by the contestants:જીતેલા દાવ-હાથ.*vt* To cut notches: ખોલણ કo. 2. To set down to record; to charge:ખાતે લખવું.3 To make a score of: દાવ-હાથ જીતવો.4. To write down in proper order or arrangement: અનુક્રમ પ્રમાણે-નિયમિત રીતે લખવું. [or slag:ધાતુમાંથી મેલ કાઢવો.

Scorify, (સ્કૉરિફાઇ) *vt.* To reduce to scoria

Scorn, (સ્કૉર્ન) *n.* Extreme and lofty contempt:અતિશય તિરસ્કાર.2. An object of extreme disdain: અતિશય તિરસ્કારની વાત. *To think* s :ધિક્કારવા લાયક ગણવું. *To laugh to* s. to deride:-ની મશ્કરી કo *vt.* To despise:ધિક્કારવું 2.To treat with extreme contempt: -ની સાથે અતિશય ધિક્કારથી વર્તવું.*vi.*To scoff:-ની મશ્કરી કo.

Scornful,(સ્કૉર્ન્ ફુલ્) *a.* Contemptuous;disdainful:ધિક્કાર ભરેલું;ધિક્કારવા લાયક;નિંદાત્મક.

Scorpio, (સ્કૉર્પિઓ) *n.* A scorpion: વિંછી. 2. The eighth sign of the zodiac:વૃશ્ચિક રાશી

Scorpion,(સ્કૉર્પિઑન્)*n.*[L.*scorpio.*] Any one of the numerous species of pulmonate arachnids of the order of Scorpiones:વિંછી;વિછું 2. A sign and constellation: વૃશ્ચિક રાશી નક્ષત્ર.

Scot,(સ્કૉટ્)*n.*A native of Scotland:સ્કૉટલાંડનો રહેવાશી.*n.* A portion of money assessed or paid;a tax:ઠરાવેલો કર.

Scotfree, (સ્કૉટ્ફ્રી)*a.* Free from payment of scot:કર-વેરામાંથી ઉગરેલું. *Hence*, unhurt;clear;safe:સલામત;ખેમકુશલ;અક્ષત

Scottish,(સ્કૉટિશ્)*a.*Of,or pertaining to the inhabitants of Scotland,their country or language:સ્કૉટલાંડના રહેવાશીઓ,તેમનો દેશ તથા તેમની ભાષાનું સંબંધી.

Scoundrel,(સ્કાઉન્ડ્રેલ્)*n.* A mean,worthless fellow:લુચ્ચો;ધુતારો;ખળ;શઠ;હરામી.

Scoundrelism, (સ્કાઉન્ડ્રેલિઝમ્) *n* Baseness : rascality:હરામખોરી;લુચ્ચાઇ;નીચપણું;અધમપણું.

Scour,(સ્કાઉર્)*vt.*[L.*ex*,& *curo*,I take care.] To rub hard with something rough; to clean with friction:ઘસવું-ઉટકવું;પોલીસ કo.2. To pass swiftly over:ફરીને તપાસ કo.*n.*Diarrhea or dysentery among cattle:ઢોરનો થતો મરડો-ઝાડો.

Scourge,(સ્કર્જ) *n.* A lash;a strap:કોરડો; ચાબુક.2.An infliction or affliction:વેરમાં કરેલી સજા; ઉત્પાત. *vt.* To whip severely; to lash સખત ફટકા મારવા.

Scourger,(સ્કર્જર્)*n* One who scourges or one who afflicts severely:ચાબુક મારનાર.

Scout,(સ્કાઉટ્)*n* A swift sailing boat:જલદી હંકારવામાં આવતી હોડી *n.*A person sent out to gain and bring tidings:જાસુસ 2.The act of scouting:તપાસણી. *vt.* To follow for the purpose of observation, as a scout:બાતમીદાર-જાસુસ તરીકે જવું-અનુસરવું *vi.*To go on the business of scouting: લશ્કરમાં દુશ્મનનો ભેદ લેવા જવું.

Scowl, (સ્કાઉલ્) *vi.* To wrinkle the brows: ગુસ્સાથી ભવાં ચઢાવવાં; ગુસ્સે દેખાવું. 2. To look gloomy,dark:ભયભીત દેખાવું. *vt.* To look at: પર ડોળા કાઢવા 2.To express by a scowl:આંખો કાઢી જણાવવું. *n.* The wrinkling of the brows:કટાક્ષ;ક્રોધમુદ્રા.2.Dark or threatening aspect:ભયભીત-તોફાની-ઘનઘોર દેખાવ.

Scrabble, (સ્ક્રૅબલ્) *vi* To scrape, paw, or scratch with the hands:હાથ પગ ટેકવી ચાલવું. *vt.*To mark with irregular lines or letters: અનિયમિત લીટીઓ અથવા અક્ષરનાં નિશાન કo. *n.* The act of scrabbling:હાથ પગ ટેકીને ચઢવું.

Scraggy, (સ્ક્રૅગિ) *a.* Rough with irregular points:ખાડાખબડઆવાળું 2. Lean and rough: પાતળું ને ખડબચડું.

Scramble, (સ્ક્રૅમ્બલ્) *vi.* To clamber with hands and knees:હાથ પગ ટેકીને ચાલવું 2.To struggle eagerly:એકદમ તલપીને ઝાલવું. *vt.*To collect by scrambling:ધીરેધીરે એકઠું કo. *n.* The act of climbing on all fours:ટેકીટેકીને

હાથ પગ ટેકવીને ચઢવું તે.

Scrap,(સ્ક્રૅપ્)*n.*A bit;a fragment:કકડો;ટુકડો. 2. *pl.* The crisp substance that remains after trying out animal fat: પ્રાણીની ચરબી ગાળી લીધા પછી રહેલો કચરો.

Scrap-book,(સ્ક્રૅપ્બુક્) *n.* A blank book in which extracts cut from books and papers may be pasted and kept:ચોપડીઓ તથા વર્તમાનપત્રોમાંથી કાઢેલા ઇન્તેખાબ ચોટવાની કોરી ચોપડી

Scrape,(સ્ક્રેપ્) *vt.* To remove by scraping or rubbing:ઘસી-છોલી કાઢવું.*vi.*To rub harshly and noisily along: ઉપરથી ઘસાવું-છોલાવું. *n.* The act of scraping:છોલવું.ઉપર ઘસવું તે 2 A perplexity; a difficulty: ગભરામણ; મુશ્કેલાઇ; ગુંચવણ;મુસીબત;વિટંબણા;ધર્મસંકટ;આપદા.

Scraper, (સ્ક્રેપર્) *n.* An instrument with which anything is scraped: છોલવણી;છોણી.

Scrapings,(સ્ક્રેપિન્ગ્સ્)*n.* Something scraped of:છોલ;છોલાણ;કોતરામણ.

Scratch,(સ્ક્રૅચ્)*vt.*To rub and tear or mark the surface of, with something sharp or rugged:ઉઝરડવું;ઉજરડવું 2. To cancel by drawing one or more lines through:છેકવું;રદ કo. *vi.* To make scratches: ખણવું-ખોતરવું તે. A slight wound:ઉઝરડો;લીસોટો.2.A fluke:અનાયાસે લાગેલો હાથ-દાવ.

Scrawl,(સ્ક્રોલ્)*vt.& vi.*To write hastily and carelessly:ઉતાવળથી જેવું તેવું લખી કાઢવું.*n.*Unskilful or inelegant writing:ઉતાવળથી લખેલા-ચિતરી કાઢેલા અક્ષર.

Scrawny,(સ્ક્રોનિ)*a.*Meagre,thin:નબળું;કમજોર.

Scream,(સ્કીમ્)*vi.* To cry out with a shrill voice:ઝીણા અવાજથી બૂમ પાડવી.*n.* A shriek: બૂમ;ચીસ.

Screen,(સ્ક્રીન્)*n.* Anything that separates or cuts off inconvenience,injury or danger a shield or protection:બચાવ;રક્ષણ;પડદો. 2. A long,coarse riddle or sieve:મ્હોટી ચાળણી. *vt.* To shelter; to protect: છુપાવવું; બચાવવું; આશ્રય આપવો-દેવો.2.To pass through a sieve:ચાળવું.

Screw,(સ્ક્રયૂ)*n.*[L.*scrobis*,a ditch.]A cylinder having a continuous rib, called the *thread*,winding round it spirally at a constant inclination:પેચનો ખીલો;ઇસ્કુ 2.A screw steamer;a propeller:ઇસ્કુથી ચાલનારની આગબોટ. *To put the* s.*or* s s *on*, to coerce:ઉપર બળાત્કાર વાપરવો.*To put under the* s.*or* s.s, to force:દબાણ નીચે મૂકવું *vt.*To turn,as a screw: -માં ઇસ્કુ ઘાલવો. 2. To force; as by screws: પરાણે-તાણી તૂષીને ટકાવી રાખવું.3.To oppress by unreasonable exactions;ગેરવાજબી કર-વેરા નાંખી જુલમ કo. *To* s. *out*,to extort: નીચોવી-દાબી કાઢવું.*To* s *up*, to force:મહા બળાત્કારે કo. *To* s into:દાબી-ફેરવીને અંદર ઘાલવું.

Screw-driver, (સ્ક્રયૂ-ડ્રાઇવર્) *n.* A tool for driving screws:સ્ક્રૂ ફેરવવાનું ઓજાર.

Scribble, (સ્ક્રિબલ્) *vt.* To write hastily or carelessly:ઉતાવળ અથવા બેફિકરાઇથી લખી કાઢવું. *vi.* To write without care: ઘસડી કાઢવું. *n.* Hasty or careless writing:માલ વગરનું લખાણ.

Scribe,(સ્ક્રાઇબ્)*n.* [L. *scribo*,I write] One who writes:લખનાર; કારકુન. 2 A writer and doctor of the law:યાહુદી ધર્મશાસ્ત્રી-પંડિત. *vt.* To inscribe:લખવું. *vi.* To make a mark:નિશાની કરવી.

Scrimp,(સ્ક્રિમ્પ્)*vt.* To limit or straiten; to scant:ઘણું ન્હાનું-થોડું કરવું;ઓછું કo. *a.* Short; scanty: ટુંકું; થોડું. *n.* A pincing miser; a niggard:કંજુસ;કૃપણ માણસ.

Scrip,(સ્ક્રિપ્)*n.*A small bag:નાની કોથળી-બેગી. *n.* A small writing:ચિઠ્ઠી;ન્હાનો ટુંકો લેખ.

Script,(સ્ક્રિપ્ટ્)*n.* [L. *scriptum*,something written.] A written document: લખાણ; દસ્તાવેજ.2.An original instrument or document:અસલ લખાણ.

Scriptural,(સ્ક્રિપ્ટયૂરલ્)*n.*Contained in the Scriptures:શાસ્ત્રમા લખેલું; શાસ્ત્ર પ્રમાણે;ખ્રિસ્તિ ધર્મશાસ્ત્રમાંનું.

Scripture, (સ્ક્રિપ્ટયૂર)*n* [L *scribo*, I write.] The Bible:ખ્રિસ્તિ ધર્મશાસ્ત્ર 2 A passage from the Bible;the text:ખ્રિસ્તિ ધર્મશાસ્ત્ર'બાઇબલ'નું વાક્ય.3.Sacred writing;holy writ:ધર્મ-પુસ્તક.

Scrivener,((સ્ક્રિવેનર્)*n.* [L.*scribo*, I write.] A professional writer: દસ્તાવેજ-ખત લખનાર.

Scrofula,(સ્ક્રૉફયૂલે)*n.* [L *scrofa*, a breeding sow.]A constitutional disease manifested by chronic enlargement and cheesy degeneration of the lymphaticglands:કંઠમાળ.

Scrofulous, (સ્ક્રૉફયૂલસ્) *a.* Pertaining to scrofula:કંઠમાળ સંબંધી.

Scroll, (સ્ક્રૉલ્)*n.* A roll of paper or parchment:વીંટો;ભુંગળું;ઓળિયો;લખોટો.

Scrotum, (સ્ક્રૉટમ્) *n.* The bag or pouch which contains the testicle: અંડકોશ.

Scrub, (સ્કબ્)*vt.* To rub hard: બહુ ઘસવું. *vi.* To be diligent and penurious:કંજુસાઈથી રહેવું.2.Something small and mean:ન્હાની અને નીચ-હલકી ચીજ-પદાર્થ.*a.*Mean;dirt: નીચ;અધમ.

Scrubby,(સ્કબિ)*a* Small and mean;stunted in growth:ઠીંગરાએલું;ઠીંગણું;ભિખારી;પાજી.

Scruple, (સ્ક્રૂપલ્)*n.* [L.*scrupus*, a rough or sharp stone anxiety.]A weight of twenty grains;third part of a dram:ચોવીસ ગ્રેન ભા-

રનું વજન;એક ડ્રામનો ત્રીજો ભાગ;સ્ક્રૂપલ.2.Hesitation:આનાકાની;આશંકા *To make s* ,to hesitate from conscientious motives:ખંચાવું;આંચકો ખાવો *vi.&vt.*To be reluctant or to hesitate આંચકો ખાવો.

Scrupulosity, (સ્ક્રૂપ્યૂલૉસિટિ)*n.* Nice regard to exactness and propriety; precision; doubt:કાળજી; વહેમ;સંદેહ;આશંકા;શંકા.

Scrupulous, (સ્ક્રૂપ્યૂલસ્) *a.* Inclined to scruple;nicely doubtful: ખંચાઈ ખંચાઇને-અનીતિથી બ્હીને ચાલનાર-વર્તનાર.2.Careful;exact કાળજી-સંભાળવાળું:ઘણી કાળજીનું.

Scrutinize,(સ્ક્રૂટિનાઇઝ્)*vt.*To examine closely:બારીકીથી તપાસ ક૦.*vi.*To make scrutiny: તપાસ ચોકસી ક૦.

Scrutiny,(સ્ક્રૂટિનિ)*n.*[L.*scrusa*,trash;trumpery]Close examination:ઝીણી તપાસ.

Scrutoire, (સ્ક્રૂટર્વાર્) *n.* An escritoire; a writing desk:કાગળ મૂકવાનું ખાનું-ડેસ્ક.

Scud,(સ્કડ્)*vi.*To move swiftly:ઝપાટાબંધ ચાલવું. 2. To be driven swiftly before a gale with no sail spread:સઢ ચઢાવ્યાવગર પવન આગળ હંકાર્યા જવું *vt.* To pass over quickly:-ના ઉપર થઈને જલદીથી જવું.*n.* A driving along: ઘસડાવું તે.

Scuffle, (સ્કફ્લ્) *vi.* To strive or struggle with a close grapple: બાથંબાથા-આવી જવું.2 To strive tumultuously: લઢાઇ-મારામાર ક૦. *n.* A rough,haphazard struggle:બાથંબાથા. 2.A confused contest;a fight:મારામાર;લઢાઇ.

Scull,(સ્કલ્)*n.*The skull:માથાનું તાલકું-ખોપરી; કપાળ *Necklace of* s.s:રૂંઢમાળા.

Scullery, (સ્કલરિ) *n.* [L.*scutella*, a waiter] A place where dishes, kettles and other culinary utensils,are cleansed and kept: રસોઈનાં વાસણ માંજવાની ઓરડી.

Scullion,(સ્કલિઅન્)*n* A menial servant:રસોઈનાં વાસણ માંજનાર રસોઇઓ;એઠવાડો કાઢનાર.

Sculptor,(સ્કલ્પ્ટર્)*n.*[L *sculpto*,I engrave.] One whose occupation is to carve statues,or works of sculpture: કોતરનાર; મૂર્તિકાર.

Sculpture,(સ્કલ્પ્ટ્યૂર્)*n* The art of producing figures and groups: કોતરકળા;નકશી. *vt.* To carve: કોતરવું;નકશી કામ ક૦.

Scum, (સ્કમ્)*n.* The scoria of metals in a molten state;dross:પ્રવાહી પદાર્થ ઉપર બાઝેલો કચરો. *vt.* To clear off the impure matter from the surface of: પ્રવાહી પદાર્થ ઉપરથી કચરો જૂદો કરવો.*vi.* To become covered with scum:ના ઉપર મેલ-કચરો થવો.

Scurf,(સ્કર્ફ્)Thin dry scales or scrabs upon the body: ખોડો;મેલ.2.The foul remains of anything adherent:ડાઘ;ઍબ;કલંક;નામોશી.

Scurfy,(સ્કર્ફિ)*a.* Covered with scurf;resembling scurf:માથામાં ખોડાવાળું-ના જેવું.

Scurrility,(સ્કરિલિટિ)*n.*[L.*Scurra*,a jester.] Obscene jocularity: મૂર્ખતા;દુર્વાચ્યતા.2 Low buffoonery:અપશબ્દ.

Scurrilous,(સ્કરિલસ્)*n.*Using the low and indecent language of the meaner sort of people:ભાંડ જેવું;નાગું;ભાંડ;બિફાટ;નિર્લજ.

Scurvy,(સ્કર્વિ)*a.* Scabby,scurfy:રક્તપિત્તવાળું *n.*A disease characterized by livid spots: રક્તપિત્તનો રોગ;રક્તપિત્ત.

Scutch,(સ્કચ્)*vt.*To whip:ચાબુક મારવી. 2 To separate the woody fiber from(*flax,hemp etc.*) by beating: દાંતાવાળા ઓજારથી રેસા કાઢી નાખવા. *n.* A wooden instrument used in scutching:કચરો વિગેરે સાફ કરવાનું લાકડાનું દાંતાવાળું ઓજાર.

Scutiform,(સ્કયૂટિફૉર્મ્)*a.*[L.*scutum*,shield] Shieldshaped, scutate:ઢાલના આકારનું.

Scuttle,(સ્કટ્લ્)*a*[L *scuta*,a dish or platter.] A broad,shallow basket:પહોળી-છાછરી-છાબડી; કંડિયો.2.To sink by making holes through the bottom of:-ને તળીએ બાકાં પાડી ડુબાવવું.

Scythe, (સાઇધ્)*n.*[L.*seco*,I cut.]An instrument for mowing grass: દાતરડું.*vt.* To cut with a scythe:દાતરડાવતે કાપવું.

Sea,(સી)*n.* [L *sævus*,fierce.]One of the larger bodies of salt water:દરિયો; સાગર; સમુદ્ર. 2.Agitation of the water's surface; a billow:દરિયાનો ઉછાળો;દરિયાનું મોજું *At full* s.,at the height of flood tide:ભરદરિયે. *Beyond* s. *or Beyond the*s.*or the*s.s,out of the state, territory:દેશ,રાજ્યપાર;દ્વીપાંતરે.*Half* s.s *over*, half drunk:દારૂ પીને અર્ધો મસ્ત થયેલો.

Sea-board, (સી-બૉર્ડ્)*n*, The seashore;seacoast:દરિયાનો કિનારો;કાંઠો;સમુદ્ર તીર-તટ.

Sea-breeze,(સી-બ્રીઝ્)*n.*The cool wind produced by the sea: દરિયાની લહેર.

Sea-farer,(સી ફેરર્)*n.*A mariner; a sailor:રહાણુવટી;ખલાસી;નાવિક;સફરી;ખારવો.

Sea-girt, (સી-ગર્ટ્) *a.* Surrounded by the water of the sea:દરિયાના પાણીથી ઘેરાયેલો.

Sea-going,(સીગોઇન્ગ્)*a* Goinguponthesea: ભરદરિયામાં વહાણ હંકારનાર.

Sea-green,(સી-ગ્રીન્)*n.* The green color of sea water:દરિયાના પાણીનો ફિરો લીલો રંગ.*a.*Of a beautiful bluish green color: ખુબસુરત આસમાની રંગનું. [sea coast:સમુદ્રકુકટ;કરંટ.

Sea-gull,(સી-ગલ્)*n.* Any gull living on the

Seal,(સીલ્)*n.*Any carnivorous mammal:એક જળચર પ્રાણી.*n.*[L.*signum*,a mark;a sign.]

An engraved or inscribed stamp;સિક્કો;મહોર.2.Wax,water,or other tenacious substance: બીડવા ચોડવાનો લાખ. *vt.* To set or affix a seal to;*hence*,to ratify;to confirm: ઉપર સિક્કો-મહોર મારવી-છાપવી;કબૂલ-મંજુર ક૦.2. To mark with a stamp:ઉપર છાપ-મોહોર મારવી;છાપવું.3.To fasten with a seal:બીડવું; ઉપર મોહોર ક૦;બંધ ક૦4.To shut close:છાનું રાખવું. *vi.*To affix one's seal or a seal:સિક્કો મારવો લગાવવો.

Sealer,(સીલર્)*n.*One who seals:મોહોર કરનાર

Sealing-wax,(સીલિન્ગ્‌વૅક્સ)*n.*A compound of the resinous materials, pigment, etc:. મોહોર કરવાની લાખ.

Seam,(સીમ્)*n* [L.*suo*,I sew.]The fold or line formed by sewing together two pieces of cloth or leather:લુગડાં અથવા ચામડાના બે કડકા સાંધવાની સીવણ. *vt.* To join by sewing together:સીવવું.

Sea-man,(સીમૅન્)*npe.***Seamen** A mariner, a sailor:ખારવો;ખલાસી;નાવિક;વહાણવટી.

Seaman-ship, (સીમૅન્ શિપ્) *n.* The art of working on a ship:વહાણ ચલાવવાની કુશળતા.

Sea-mark,(સીમાંર્ક્) *n.* Any elevated object on land which serves as a guide to mariners: સમુદ્રમાં ખરાબો દેખાડવા સારૂ તેપર જે નિશાની મૂકે છે તે.

Seamster,(સીમસ્ટર્)*n.*One who sews well or whose occupation is to sew:દરજી;શીવનારો

Seamstress,(સીમસ્ટ્રેસ)*n.*A woman whose occupation is sewing:દરજણ.

Sea-port,(સી-પૉર્ટ્)*n.*A port on the seashore: દરિયા કાંઠાનું બંદર;નૌકાશ્રયસ્થાન.

Sear,(સીર્)*a.*[Gr *seiros*,hot.]Withered:સુકું; ચિમળાઈ ગયેલું.*vt.*To wither:ચિમળાવવું. 2. To cauterize:ડામવું.

Search,(સર્ચ્)*vt.*[L. *circa*,around.] To examine:શોધ ક૦;શોધવું;-નો ઝાડો-જડતી લેવી.2. To examine or explore by feeling with an instrument; to probe:માંહે ઓજાર ઘાલી તપાસ ક૦.To seek; to look for something: ખોળવું; શોધવું.*n.*Quest;inquiry:ખોળ;તપાસ;ઝડતી;ઝાડો.

Search-warrant,(સર્ચ્-વૉરંન્ટ્) *n.* A warrant legally issued,authorizing an examination of a house,or other place:ઝાડો લેવાનું વારંટ.

Sea-shell,(સી-શેલ્)*n.*(*Zool.*)The shell of any marine mollusk: છીપ; કોડો.

Season,(સીઝન્)*n.*[L *satio* a sowing.] One of the divisions of the year:ઋતુ;મોસમ;રત *Hot* s.:ઉનાળો.*Cold* s.:શિયાળો. *Rainy* s.:ચોમાસું 2.A suitable or convenient time:લાયક વખત;તાકડો.3.A while;a time: વખત.4. That which gives relish;seasoning:વઘાર;મસાલો. *In* s.,in good time: ખરે-યોગ્ય વખતે. *Auspicious* s.: મુહૂર્ત. *Out of* s., beyond or out of the proper time:વગર પ્રસંગે;કવેળા. *vt.* To fit for taste;to make palatable: વઘારી લુધરી મજેદાર ક૦. *vi.* To become mature:પાકવું.

Seasonable,(સીઝ્નૅબલ્) *a.* Suitable to the season;opportune:વખત-વેળાસરનું;પ્રસંગે આવેલું.

Seasonably,(સીઝ્નૅબ્લિ)*adv.* Opportunely: વખત-વેળાસર;ખરે તાકડે-પ્રસંગે;વેળા-વખતસર.

Seasoning, (સીઝ્નિન્ગ્) *n.* The act or process by which anything is seasoned: કોઇ પદાર્થ રસમય કરવાની રીત 2.A condiment:મીઠું મરચું;મસાલો;વઘાર.

Seat,(સીટ્)*n.*[L. *sedeo*,I sit.] The place or thing upon which one sits:બેઠક; આસન.2.A site;a post:ઠામ;ઠેકાણું;પદ 3. That part of a thing on which a person sits:બેઠક;બીછાયત. 4.Posture,or way of sitting,on horseback: ઘોડા ઉપર બેસવાનું આસન. *vt.* To place on a seat:બેસાડવું 2. To station; to establish; to fix; to settle:સ્થાપવું;ઠેરવવું;મુકરર કરવું;સ્થાપનાપ્રતિષ્ઠાપન ક૦.

Sea-term, (સી-ટર્મ્) *n.* A nautical word or phrase:વહાણવટીઓમાં બોલાતો શબ્દ.

Sea-thief,(સી-થીફ્)*n.* A pirate: ચાંચીઓ.

Sebaceous,(સીબૅશસ્)*a.* [L. *sebum*, tallow: grease.]Pertaining to fat; having the appearance of fat:ચરબીનું સંબંધી; ચરબીનાં જેવું.

Secede,(સીસીડ્)*vi.*[L *se*,aside & *cedo*,I go, move.]To separate one's self by a solemn act:જુદુ પડવું;સંગત-સોબત છોડવી.

Secession, (સીસેશન્) *n.* Separation from fellowship or association with others:સંસર્ગ ત્યાગ;અપસરણ;અપગમન;મતાંતર સ્વીકાર.

Seclude,(સીક્લ્યૂડ્)*vt.*[L *se*,aside & *claudo*, I shut.] To shut up apart from others: બીજાથી જૂદું રાખવું; એકાંતવાસમાં લઇ જવું. 2. To shut or keep out:દૂર કરવું; બહાર કાઢવું.

Seclusion,(સીક્લ્યૂઝન્)*n.* Separation from society:એકાંતવાસ;વિવિક્ત હવા સ્થિતિ;રહસ્થાન.

Second,(સેકન્ડ્)*a.*[L *sequor*, I follow.] Immediately following the first;next to the first: બીજું. S. *estate*; the House of Peers: વિલાયતમાં ઉમરાવની સભા-હાઉસ ઑફ લૉર્ડસ.' S. *thought*,reconsideration: ફરીથી કરેલો વિચાર. *n.* One next in place time, rank, importance,excellence,or power:ઉતરતા અથવા બીજા દરજ્જાનું પ્રાણી-વસ્તુ.2.(*a*) A backer; an assistant: મદદગાર. 3. The sixtieth part of a minute of time,or of a minute of space or degree:મીનીટ-અંશનો સાઠમો ભાગ,સેકંડ;વિપળ.

S. *hand*, the hand which marks the seconds on the dial of a watch or a clock:ઘડીઆળનો સેકન્ડ કાંટો *vt.* To back; to assist:-ને પુષ્ટી-મદદ-આશ્રય આપવું 3.To support (*as a motion or proposal*):-ને ટેકો પુષ્ટી આપવી.

Secondary, (સેકન્ડરિ) *a.* Not primary; subordinate: ગૌણ;ઉતરતું. 2. Possessing some quality in the second degree:બીજા દરજ્જાના ગુણવાળું. 3. Subsequent in origin:મૂળ-ઉત્પત્તિમાં બીજું.4 (*a*)Dependent or consequent upon another disease: બીજા રોગ ઉપર આધાર રાખતું (*b*)Occurring in the second stage of a disease: અમુક દરદની બીજી સ્થિતિએ થતું. **S.**, *evidence*:ગૌણ પક્ષનો પુરાવો.Secondary education:ઉંચા પ્રકારની કેળવણી.**S.** *planet*; A satellite: ઉપગ્રહ.

Second-hand, (સેકન્ડ્-હૅન્ડ્)*a.* Not original or primary; received from another:બીજાની મારફત દ્વારે-હાથે મળેલું.2. Not new: ઉતરેલું;વાપરેલું જુનું. [બીજું એકે;બીજું.

Secondly, (સેકન્ડ્લિ)*adv.* In the second place:

Second-rate, (સેકન્ડ્-રેટ્) *a.* Of the second rank, quality: મધ્યમ કદ-દરજ્જાનું.

Secrecy, (સીક્રેસિ) *n.* The state or quality of being hidden:ગુહ્યતા;ગુપ્તતા.2.That which is concealed; a secret:સંતાડેલી-છુપાવેલી ચીજ. 3.Seclusion privacy:છાની-છુપી-ગુપ્ત જગા.

Secret, (સીક્રેટ્)*a.*[L.*se*, aside & *cerno*, I sift.] Hidden; concealed:છાનું;છુપાવેલું.2.In retirement or secrecy; secluded: એકાંતમાં રહેલું.3. Separate:જુદું;નિરાળું.*n.* Something studiously concealed:છાની-ગુપ્તવાત 2.What is unknown or unexplained; a mystery:રહસ્ય;મર્મ.3.*pl.* The genital organ:ગુહ્યાગ; જનનેંદ્રિય. In *secret*, in a private place; privately:છુપી જગ્યાએ;છુપી રીતે.

Secretariat, Secretariate, (સેક્રીટેરિઍટ્-સેક્રીટેરિઍટ્)*n.* The office of a secretary; the place where a secretary transacts business: મંત્રિનો હોદ્દો-જગ્યા.

Secretary, (સેક્રેટરિ)*n* [L.*secratum*, a secret.] An officer in charge of a particular department of Government: કોઈ પણ ખાતાનો મુખ્ય અધિકારી;મંત્રિ;સેક્રેટરી.2. An escritoire: દફ્તરદાન; કલમદાન.

Secretary-ship, (સેક્રેટરિશિપ્)*n.* The office, or the term of office of a secretary:પ્રધાન-મંત્રિપણું-નો હોદ્દો.

Secrete, (સીક્રીટ્)*vt.*[L *se*, aside and *cerno*, I sift.] To hide:ગુપ્ત જગાએ મૂકવું;સંતાડવું.2. To separate from the blood and elaborate by the process of secretion: લોહી-વૃક્ષરસમાંથી પ્રવાહી રૂપે જુદું પડવું.

Secretion, (સીક્રીશન્) *n.* The act of secreting or concealing:છુપાવવું-સંતાડવું તે.2. The act of secreting:લોહી-વૃક્ષરસમાંથી પ્રવાહિરૂપે જુદું પાડવું તે 3.Any substance or fluid secreted, as the gastric juice: લોહી વૃક્ષરસમાંથી છૂટો-જૂદો પડેલો-ઝરેલો નિકળેલો પદાર્થ.

Secretory, (સીક્રીટરિ)*a.* Secreting, secernent: ધાતુવર્ધક;રસ-કાઢનાર;ઉત્પાદક.

Sect, (સેક્ટ્)*n.*[L.*secto*, I cut.] A party dissenting from an established church:પંથ;ધર્મનો ફાંટો;સંપ્રદાય.

Sectarian, Sectary, (સેક્ટેરિઅન્-સેક્ટરિ) *n.* One of a sect:અમુક પંથ પાળનાર;પંથી.

Section, (સેક્શન્)*n.* [L. *secto*, I cut.]A part separated from something; a division; a portion:ભાગ; વિભાગ. (*a*) A distinct part or portion of a book or writing:કલમ;પ્રકરણ.2. A part of a musical period, composed of one or more phrases: પાદ;ચરણ.

Sectional, (સેક્શનલ્) *a.* Of or pertaining to a secting; local:પક્ષ-ભાગનું-સંબંધી-વિષે. 2. Consisting of sections, or capable of being divided into sections:ભાગ-પક્ષવાળું.

Sector, (સેક્ટર્)*n.* [L. *secto*, I cut.] The part of a circle comprehended between two radii and the included arc:બે વ્યાસાર્ધરેખા અને તેની વચ્ચેના વર્તુળના પરીઘનો કોઇપણ ભાગ; વૃત્તખંડ.2. A mathematical instrument: ખૂણા માપવાનું એક યંત્ર.3.An astronomical instrument: ખગોળનું યંત્ર.

Secular, (સેક્યૂલર્) *a.* [L. *saeculum* a race; generation.] Not immediately or primarily respecting the soul, but the body; worldly:વ્યવહારિક;સંસારી;સાંસારિક.2.Belonging to the laity; lay; not clerical:સંસારી પાદરી વગરના બીજા સાધારણ લોકમાંનું. *n.* One not bound by monastic rules:મઠવાસીના નિયમ નહિ પાળનારો.2 A layman:ગ્રહસ્થ;સંસારી;વ્યવહારી.

Secularity, (સેક્યૂલૅરિટિ)*n.* Worldliness:ઐહિકદૃષ્ટિ;ઐહિકબુદ્ધિ;ઐહિકાસક્તિ;પ્રપંચદૃષ્ટિ;સંસારાસક્તિ.

Secularize, (સેક્યૂલૅરાઇઝ્)*vt.* To convert from regular or monastic into secular:આશ્રમ કે મઠમાંથી કાઢીને વ્યવહારમાં નાંખવું.

Secure, (સીક્યૂર્)*a.* [L. *se*, without & *cura*, care.] Free from fear, care or anxiety: નિશ્ચિન્ત; નિર્ભય. 2. Not exposed to danger; safe:નિર્ભય;સહિસલામત.*vt.* To make safe; to protect: નિર્ભય-સહિસલામત કo. 2. To make certain:નક્કી-ખાત્રિ કરી લેવી.3.To make fast: પાકો બંદોબસ્ત કo.4 To get possession of:-નો કબજો લેવો.

Securely,(સીક્યૂર્લિ)*adv.*Without fear or apprehension;safely:નિશ્ચંતપણે;નિર્ભયપણે.

Security, (સીક્યૂરિટિ) *n.* The condition or quality of being secure:નિશ્ચાંન્ત-નિર્ભયતા.(*a*) Freedom from apprehension,anxiety:નિરાંત;નિર્ભય-નિશ્ચાંન્તપણું.2.Protection:રક્ષણ;આશ્રય.(*a*) Surety:બાંહેધરી; હામી;જામિની. (*b*) One who becomes surety for another:હામીદાર; જામીનદાર 3.An evidence of debt or of property:ખત;લેણદેણનો દસ્તાવેજ.

Security-bond, (સીક્યૂરિટિ-બૉન્ડ્)*n.*A bond for the security of anything: જામીનખત.

Sedan,(સીડૅન્)*n.*A portable chair or covered vehicle: ખુરશીના જેવી પાલખી-મીઆનો.

Sedate,(સીડેટ્)*a.*[L.*sedo,*I allay.]Calm;tranquil;serene;composed:શાંત;ગંભીર;ધીરૂં.

Sedative,(સેડેટિવ્)*a.*Tending to calm pain શાંતિકારક-જનક.*Specifically*(*Med*),assuaging pain:દરદ હલકું-ઓછું કરતું.*n* (*Med.*)A remedy which allays pain:ઝાળ-લાય-દુઃખ ઓછું કરનાર ઘટાડનાર.

Sedentary,(સેડેન્ટરિ)*a.* [L.*sedeo,*I sit.] Accustomed to sit much or long:ઘણીવાર-ઘણું બેસી રહેનાર. 2.Characterized by,or requiring much sitting:બેઠું;બેઠાંબેઠાં કરવાનું;ઘણું બેસી રહેવું પડે એવું.3.Caused by long sitting:ઘણી વાર બેસી રહેવાથી થયેલું.

Sediment,(સેડિમેન્ટ્)*n.*[L.*sedeo,*I sit,settle.] Settlings;lees;dregs:નીચે બેઠેલો કચરો-મેલ;મળ.

Sedimentary,(સેડિમેન્ટરિ)*a.* Of or pertaining to sediment:નીચે બેઠેલા કચરા સંબંધી-નું.

Sedition,(સીડિશન્)*n.*[L.*se,*aside &*eo,*I go.] Excitement of discontent against the government:સરકારના સામું કરાવેલું હુલ્લડ;રાજદ્રોહ.

Seditious,(સીડિશસ્) *a* Of,or pertaining to sedition: દગા-હુલ્લડનું-સંબંધી;રાજદ્રોહી.

Seduce,(સીડ્યૂસ્)*vt.*[L. *se & duco,* I lead.] To entice to evil:કુમાર્ગે-ખોટે રસ્તે ચઢાવવું. 2. To induce to surrender chastity: સમજાવી ફોસલાવીને પતિવ્રતનો ભંગ કરાવવો.

Seducer, (સીડ્યૂસર્) *n.* One who, or that which seduces:ફોસલાવનાર;ભુલ થાપ દેનાર.

Seduction, (સીડક્શન્)*n.* The act of seducing:શીલપાતન;સતીત્વનાશ.2.Means of leading astray:ફોસલામણી;કુમાર્ગે દોરવાનાં સાધન.

Seductive,(સીડક્ટિવ્)*a* Tending to lead astray:ભુલથાપ દે, ખોટે માર્ગે લઈ જાય એવું.

Sedulity,(સેડ્યૂલિટિ)*n.* Unremitting industry:મોટો પરિશ્રમ;મહેનત;ઉદ્યોગ.

Sedulous,(સેડ્યૂલસ)*a.*[L.*sedeo,*I sit.]Steadily industrious;assiduous:ઉદ્યમી;અભ્યાસી.

Sedulously,(સેડ્યૂલસ્લિ) *adv.* Assiduously; perseveringly:ઘણી મહેનત-ખંતથી-કરીને.

See,(સી)*n.*[L *sedeo,*I sit]*Specifically,*(*a*)A diocese;the jurisdiction of a bishop:ધર્માધ્યક્ષના તાબાનો મુલક.(*b*)The seat of an archbishop:ધર્માધ્યક્ષની ગાદીનું ઠેકાણું;ધર્માચાર્યની ગાદી (*c*)The office of the Pope:પોપનું સ્થાનક.

See,(સી)*vt.* [*Imp.* **Saw,**(સૉ) *p.p* **Seen,**[L. *scio,*I know.]To behold;to descry;to view: જોવું;દેખવું;નજરે ભાળવું 2To perceive by mental vision;to understand;to comprehend:જાણવું; સમજવું;નું જ્ઞાન થવું. 3. To watch; to regard attentively; to look after:તપાસ રાખવી. 4. To make a call upon;to visit:મળવું;-ની મુલાકાત કરવી.5.To fall in with;to meet or associate with:-ને મળવું *To* **s.** *one home*: કોઈને તેને ઘેર વળાવવા જવું.*To* **s**(*anything*) *out,* to see (*it*) to the end; to be present to the end: આખર-છેવટ સુધી હાજર હોવું; પુરૂં. *To see* (*one*)*through,*to help,(one)to the end of a course or an undertaking:કોઈને કોઇ કામમાં મદદ કરવી-ની સંભાળ રાખવી. *vi.* To have the power of vision:જોવું;ભાળવું;દેખાવું.*To* **s.***about a thing,*to pay attention to it:ના તરફ લક્ષ-ધ્યાન આપવું.*To* **s.***on,*to look at:-ના તરફ જોવું. *To* **s.***to,*(*a*)to look at:-ને જોવું. (*b*) To take care about:-ની સંભાળ લેવી-રાખવી. (*c*) To see off:વળાવવા જવું.

Seed,(સીડ્)*n.pl.* **Seed** or **Seeds,** (સીડ્ઝ) A ripened ovule,consisting of an embryo with one or more integuments, or coverings:બીજ;બીયું;બી 2.Semen;sperm:વીર્ય;ધાત. 3.Race;birth:જાત;પેઢી;જન્મ.*vi.*To sow seed: બી વાવવું.2.To shed the seed:બી પાડવું.3. To grow to maturity and to produce seed: પુખ્ત-પાકુ થઇને બી ઉત્પન્ન કરવું;જડમૂળ ઘાલવું. *vt.* To plant seeds in;to sow:માં બી વાવવાં.

Seedless,(સીડ્લેસ્)*a.*Wanting seeds:નિર્બીજ.

Seedling,(સીડ્લિંગ્)*n.* A plant reared from the seed:બીજમાંથી ઉછરેલો છોડ;રોપો;બીજાંકુર.

Seedsman,(સીડ્ઝ્મૅન્) *n. pl.* A sower; one who sows seeds:બીઆં વાવનાર. 2. A person who deals in seeds:બીજ-બીઆં વેચનાર.

Seedy,(સીડિ)*a.*Abounding with seed;bearing seeds:બહુ બીજ-બીઆંવાળું.

Seeing(સીઈંગ્)*conj.*Since,because:કારણકે;જોતાં

Seek,(સીક્)*a.vt.*[*Imp.& p p* **Sought,**(સૉટ્)] To go in search of:શોધવું;ખોળવું. 2. To inquire for; to ask for: માગવું. 3. To try to acquire or gain:મેળવવાને માટે યત્ન ક૦.4 To try to reach or come to:પહોંચવાનો યત્ન ક૦. *vt.*To make search or inquiry:શોધવું.*To* **s.** *after,*to make pursuit of: ની પાછળ લાગવું.

To s.*for*,to endeavour to find:શોધવું.*To* s. *upon*,to make strict inquiry upon:ની બારીક તપાસ કરવી.

Seem,(સીમ્) *vi.* To appear or to appear to be:દેખાવું;જણાવું;દીસવું.*It* s.s,it is said:તે ખરૂં છે એમ સમજાય છે;એવું કહેવાય છે.*vt.*To befit;to beseem:લાયક-યોગ્ય હોવું;ઘટવું.

Seemingly,(સીમિન્ગ્લિ)*adv.*In appearance; in show;apparently:રૂપરંગપરથી;બહારથી.

Seemliness,(સીમ્લિનેસ્)*n.*Comeliness; propriety:યોગ્યતા;લાયકી;ઔચિત્યરૂપલાવણ્ય.

Seemly, (સીમ્લિ) *a.* Suitable;fit:યોગ્ય; ઘટિત. *adv* In a suitable manner; becomingly: યોગ્ય રીતે.

Seen,(સીન્)*p p* of **See**:જોયું;દીઠું;નિરખ્યું;નિહાળ્યું.

See-Saw,(સીસૉ)*n.*A play among children inwhich they are seated upon the opposite ends of a plank which is balanced in the middle,and moved alternately up and down: ચીંચવા; ચીચુડો. *vt.* To move backward and forward: ઉંચા નીચા હીંચકા ખાવા. *vi.*To cause to move backward and forward: આમતેમ-ઉંચા નીચા હીંચકા ખવડાવવા.

Seethe, (સીધ્) *vt.* To decoct;to boil:ઉનાપાણીમાં બાફવું-સિજવવું; ઉકાળવું. *vi.* To be in a state of ebullition;to boil:ઉકળવું;ખદબદવું.

Segment,(સેગ્મેન્ટ્)*n* [L. *seco*,I cut.]A section; a portion:ખંડ;ભાગ. 2. A part cut off from a figure by a line or plane: ગોળાનો ખંડ;વૃત્તખંડ 3.(*a*)A piece in the form of the sector of a circle:ગોળાનાખંડના આકારનો કકડો.

Segregate, (સીગ્રીગેટ્) *a.* [L. *se*, and *grex, gregis*,a flock or herd.] Separated from others of the same kind:એકજ જાતનાં બીજાંમાંથી-છૂટું પાડેલું.*vt.*To separate from others; to set apart:બીજાથી છૂટું જૂદું પાડવું.

Seignior,(સીન્યર્)*n.*[L.*senior*,elder.]A title of honor in the south of Europe: ઇંગ્રેજીમાં સર અથવા 'મીસ્તર' ના જેવો દક્ષિણ યૂરોપમાં વપરાતો માનનો ઈલકાબ. *Grand* s., the sultan of Turkey:તુર્કસ્તાનનો સુલતાન.

Seigniory,(સીન્યરિ) *n.* The power or authority of a lord:'લૉર્ડ'નામના અમીરની સત્તા-અધિકાર. 2. The territory over which a lord holds jurisdiction;a manor:'લૉર્ડ' નામના અમીરની હકુમતનો મુલક.

Seize,(સીઝ્)*vt.*To gripe or grasp suddenly: એકદમ પકડવું;ઝાલવું.2.To take possession of, by force:પડાવી-ખુંચાવી લેવું.3.To take sudden hold of:ઝપટાવી સપડાવી દેવું;-પર ત્રાપ મારવી.4. To take possession of by virtue of a warrant or other legal authority: વારંટથી-કે બીજી કોઈ કાયદાસર રીતે જપ્ત કરવું;નો કબજો લેવો. To be *seized* of,to have possession, or right of possession:નો કબજો હોવો.

Seizure,(સીઝ્યૂર્)*n.* The act of seizing; the state of being seized; sudden and violent grasp or gripe:કબજો;ધારણ.2. Hold;possession;ownership:કબજો;દાવો; માલકી. 3. That which is seized or taken possession of: ઝુંટાવી લીધેલી ચીજ.

Seldom,(સેલ્ડમ્)*adv.*Rarely; not often; not frequently:ભાગ્યેજ;વિરલું;જવલ્લે;કદાચ;કોઈજવાર.

Select,(સીલેક્ટ્)*a.*[L *se* & *lego*,I gather.] Selected;choice: પસંદ કરેલું;ચુંટી-વીણી કાઢેલું. *vt.* To choose and take from a number:પસંદ કરવું-ચૂંટી વીણી કાઢવું.

Selection,(સીલેક્શન્) *n.* The act of selecting,or the state of being selected;choice by preference:પસંદગી,ચૂંટણી.2.That which is selected;a collection of thing chosen: ચુંટી-પસંદ કરેલી વસ્તુ.

Selector,(સીલેક્ટર્) *n.* One who selects: પસંદ કરનાર;ચુંટી વીણી કાઢનાર.

Selenite,(સેલેનાઇટ્)*n.*A variety of gypsum: [ચંદ્રકાંત.

Self,(સેલ્ફ્)*a.*[L *sui*,same.]Same;particular; identical:તેજ;પોતેજ. *n.* A person as a distinct individual;a being regarded as having personality:પંડ;જાત.2.*Hence*,personal interest;selfishness:સ્વાર્થ;એકલ પેટા.*To come to one's* s.:શુદ્ધિમાં આવવું *To enrich one's* s. પોતાનું ઘર ભરવું.*To spare one's* s.:હાડકાં ચોરવાં.

Self-abnegation,(સેલ્ફ્-ઍબ્નીગેશન્)*n.*Self-denial self-renunciation:ઈંદ્રિયદમન.

Self aggrandizement, (સેલ્ફ્-ઍગ્રૅન્ડાઇઝ્મેન્ટ્) *n.* The aggrandizement of one's self:પોતાની વૃદ્ધિ-ચઢતી;આત્મોન્નતિ.

Self-applause,(સેલ્ફ્-ઍપ્લૉઝ્)*n.* Applause of one's self:આત્મસ્તુતિ,પ્રસંશા;આત્મશ્લાઘા.

Self-born, (સેલ્ફ્-બૉર્ન્) *a.* Born or produced by one's self:સ્વયંભુ;પોતાની મેળે ઉત્પન્ન થયેલું.

Self-charity,(સેલ્ફ્-ચેરિટિ)*n.*Self-love:પોતાની જાત-પંડનો-ઉપર પ્યાર

Self command, (સેલ્ફ્-કૉમ્મૅન્ડ્) *n.* Control over one's own feelings:આત્મસંયમ.

Self-conceit, (સેલ્ફ્-કૉન્સીટ્) *n.* Conceit of one's self:ગર્વ;મગરૂરી;અભિમાન.

Self-conceited, (સેલ્ફ્-કૉન્સીટેડ્) *a.* Having an overweening opinion of one's powers: અહંકારી;સ્વાભિમાની.

Self-confidence, (સેલ્ફ્-કૉન્ફિડેન્સ્)*n.*Self-reliance:આત્મનિષ્ઠા;સ્વબુદ્ધિનિષ્ઠા;પંડવિશ્વાસ.

Self-control, (સેલ્ફ્-કૉન્ટ્રોલ્) *n.* Control of one's self:ઇંદ્રિઓ વશ રાખવી તે; આત્મનિયમ.

Self-denial,(સેલ્ફ્-ડીનાઇઅલ્) *n.* The denial of one's self:આત્મસંયમ;આત્મનિરોધ.

Self destruction, (સેલ્ફ્-ડીસ્ટ્રકશન્) *n.* Self-murder;suicide:આપઘાત-નાશ;આત્મહત્યા;નાશ.

Self distrust (સેલ્ફ્-ડીસ્ટ્રસ્ટ)*n.* Want of confidence in one's self:પોતાની જાતને અણભરોસો.

Self esteem,(સેલ્ફ્એસ્ટીમ્)*n.* The holding a good opinion of one's self: પોતાનાપ ંડ-જાત વિશે સારો વિચાર.

Self evident, (સેલ્ફ્-એવિડેન્ટ્) *n.* Evident without proof:પોતાની મેળેજ જાહેર થયેલું.

Self government, (સેલ્ફ્ગવર્નમેન્ટ્) *n.* Democratic government; democracy: લોકરાજ્ય;પ્રજા સત્તાક રાજ્ય.

Self importance, (સેલ્ફ્-ઇમ્પૉર્ટન્સ્) *n.* An exaggerated idea of one's own importance or merit;self conceit:અભિમાન;મ્હોટમ;માન.

Self indulgent,(સેલ્ફ્ ઇન્ડલ્જેન્ટ્) *a.* Indulging one's appetites,desires etc:વિષયી.

Self interest, (સેલ્ફ્-ઈન્ટરેસ્ટ્)*n.* Private interest:પોતાની મતલબ;સ્વાર્થ;આત્મહિત.

Selfish,(સેલ્ફિશ્)*a.*Caring supremely or unduly for one's self:મતલબી;સ્વાર્થીલું;એકલપેટું.

Selfishness,(સેલ્ફિશનેસ્)*n.*Exclusive regard to one's own interest or happiness:એકલપેટા સ્વાર્થીપણું;સ્વાર્થબુદ્ધિ;સ્વાર્થનિષ્ઠા.

Self love,(સેલ્ફ્લવ્) *n.* Desire of personal happiness:મમતા;અહંમાન;આત્મપ્રીતિ.

Self possessed,(સેલ્ફ્-પૉઝ્ઝેસ્ડ્) *a.* Composed or tranquil in mind:સાવધ;સ્થિરાત્મા.

Self possession, (સેલ્ફ્-પૉઝ્ઝેશન્) *n.* Calmness;presence of mind:મનનું સાવધપણું.

Self-praise, (સેલ્ફ્-પ્રેઝ્) *n.* Praise of one's self:પોતે પોતાની કરેલી તારીફ, આત્મસ્તુતિ.

Self preservation,(સેલ્ફ્ પ્રીઝર્વેશન્) *n.*The preservation of one's self from destruction:નુકશાનમાંથી પોતાના પંડનો બચાવ.

Self-reliance,(સેલ્ફ્ રીલાઇઍન્સ્)*n.* Reliance on one's own powers of judgment: પંડપર આધાર રાખવો તે.

Self-respect,(સેલ્ફ્ રીસ્પેક્ટ્) *n.* Respect for one's self:પોતાની આબરૂની દરકાર.

Self-restraint,(સેલ્ફ્ રીસ્ટ્રેન્ટ્) *n.* Restraint over one's self:આત્મસંયમ;દમ;આત્મનિગ્રહ.

Self sacrifice,(સેલ્ફ્ સૅક્રિફીસ)*n.* The act of sacrificing one's self:આત્માર્પણ;પ્રાણાર્પણ.

Self same,(સેલ્ફ્ સેમ)*n.*Precisely the same; identical:એનું એજ;અજ;તેજ;અનન્ય.

Self sufficient,(સેલ્ફ્-સફિસ્યિએન્ટ્)*a.*Sufficient for one's self without external aid: બહારની;બીજી કોઈ મદદ શિવાય પોતાના પંડને માટે સંપૂર્ણ જોઇએ તેટલું;સ્વનિષ્ઠ;સ્વસ્થ.

Self-willed, (સેલ્ફ્ વિલ્ડ્) *a.* Governed by one's own will;obstinate:હઠીલું;જક્કી;જીદ્દી

Sell,(સેલ્)*n.*[L *sedeo*,I sit.]*vt.*[*Imp. & p p.* **Sold.**] To transfer to another for an equivalent:વેચવું;વેચાતું આપવું.2.To make a matter of bargain:પૈસા ખાઇને નિમકહરામીથી પારકાને આપવું.*vi.*To be sold:વેચાવું.*To s.out:* વેચી દેવું;ડેરવી-વેચી મારવું.

Selvage,Selvedge,(સેલ્વેજ્-સેલ્વેજ્)*n.* The edge of cloth which is woven in such a manner as to prevent raveling: લુગડાની કોર;અંચળો.

Semaphore,(સેમૅફોર)*n* [Gr. *sema*, sign & *phero*,I bear.] A signal telegraph:વેગળેથી ઇશારત કરવાનો સાંચો.

Semblance,(સેમ્બ્લૅન્સ્)*n* [L. *similis*, like.] Likeness;similitude:સરખાપણું;મળતાપણું.

Semen,(સીમેન્)*n pl.***Semina** [L.*sero*,I sow] The seed of plants:છોડવાનાં બી.2.The seed or fecundating, fluid of male animals; sperm:ધાતુ;ધાત;રેત;શુક્ર;વીર્ય;તુખમ.

Semi,(સેમિ)[L]A prefix signifying half and sometimes partly or imperfectly:અર્ધું-અડધું દર્શાવનારો ઉપસર્ગ;અર્ધ;નીમ.

Semi-breve,(સેમિબ્રીવ્)*n* A note of half the time or duration of the breve:દીર્ઘસ્વર.

Semi castrate,(સેમિકૅસ્ટ્રેટ્)*vt.*To deprive of one testicle:એક અંડની ખાસી કo:-નું એક અંડ કાપી નાંખવું.

Semi circle,(સેમિ-સર્કલ્)*n* (*a*)The half of a circle:અર્ધવર્તુળગોળ(*b*)A semi-circumference અરધો ઘેરાવો-પરીઘ. 2.A body in the form of half a circle:અરધા વર્તુળ-ગોળાના આકારનો પદાર્થ.

Semi-colon,(સેમિકૉલૉન્)*n.*The punctuation mark [;] indicating a separation between parts or members of a sentencemore distinct than that marked by a comma:અર્ધવિરામ; ટાંપ; મિસલો.

Seminal,(સેમિનૅલ્)*a.*[L *semen*, seed:] Pertaining to, containing, or consisting of, seed or semen:ધાત-બીજ-સંબંધીવાળું.

Seminary,(સેમિનૅરિ)*n.* [L *semen*, seed] A nursery: ઝાડના છોડની જગ્યા. 2. A place of educating;a college:શાળા.

Seminate,(સેમિનેટ્)*vt.*To sow:રોપવું; વાવવું.

Semi-tone,(સેમિટોન્)*n* Half a tone:અર્દ્ધસૂર.

Semi-transparent,(સેમિ-ટ્રૅન્સ્પેરેન્ટ્)*a.* Half or imperfectly transparent:અર્ધ-અપૂર્ણ પારદર્શક.

Semi-vowel,(સેમિ-વાઉએલ્) *n.* A sound intermediate between a vowel and a consonant:અર્દ્ધસ્વર.

Sempiternal,(સેમ્પિટર્નૅલ્)*a* [L.*semper*,al-

ways.]Everlasting;endless:અખંડ;અનંત.

Snap,(સ્નૅપ્)*vt.* To break at once: એકદમ ભાગવું 2.To strike,to beat,or to shut with a sharp sound: સડાક દઈને મારવું 3.To bite or seize suddenly:એકદમ બચકું લેવું 4.To break upon suddenly with sharp angry words: એકદમ-ના ઉપર ગુસ્સાથી ઉતરી પડવું.*vi.*To break short:વચ્ચેથી ભાંગી ટુટી જવું.2. To give forth or produce a sharp cracking noise: કડકડ બોલવું. 3 To make an effort to bite: કરડવા જવું. *n.* A sudden breaking or rupture of any substance:એકદમ ટુટી-ભાંગી જવું તે. 2. A sudden eager bite:એકદમ ભરેલું બચકું; લોચરું. 4 A sharp abrupt sound as that made by the crack of a whip:સાડકાનો ફડાકો.

Snappish, (સ્નૅપિશ્)*a.* Apt to snap at persons or things;eager to bite:કરડવા ધાય તેવું.

Snare. (સ્નેર્) *n.* A trap; a gin: જાળ; પાશ. *vt* To insnare;to entangle: જાળમાં નાંખવું.

Snarl,(સ્નાર્લ્)*vt* To form raised work upon the outer surface of:ઉપસણીનું કામ ક૦.*vt.*To entangle;to complicate:ગુંચવવું.*n.*A knot or complication of hair; thread: ગાંઠ;ગુંચ. *vi.* To growl,as an angry or surly dog:ઘુરકવું. 2. To talk in rude terms: બબડવું. *n.* The act of snarling;a growl:ઘુરઘુરાટ.

Snarling, (સ્નાર્લિંગ્) *n.* The act of growling:ઘુરકાટ.2.Surly terms:બડબડાટ.

Snatch,(સ્નૅચ્)*vt.* To take or seize hastily: ખુંચવી ઝુંટાવી-પડાવી લેવું.*n* A hasty catching or seizing:એકદમ ખુંચવવા-ઝુંટી લેવા-પડાવી લેવાનું કરવું તે.2.A short period of vigorous action થોડાજ વખતનું તડામાર-ધમધોકાર કામ.

Snath,(સ્નૅથ્) *n.* The handle of a scythe; a

snead:હાતરડાનો હાથો.

Sneak, (સ્નીક્)*vi.* To creep or steal (*away or about*) privately:છાનામાના-સંતાઈને નીકળી નાશી જવું 2.To act in a stealthy and cowardly manner: ટેક મૂકીને નીચપણાથી વર્તવું.*vt.* To hide,esp.,in a mean or cowardly manner: બીકણ-બાયલાપણાથી સંતાઈ-મરાઈ પેસવું.

Sneaking,(સ્નીકિંગ્)*a.*Marked by cowardly concealment:નીચું ટેક મુકીને ચાલનાર.

Sneakingly;(સ્નીકિંગ્લિ)*adv.*In a mean manner:હલકાઈથી;રખંડાઈથી.

Sneer,(સ્નીર્)*vi.*To show contempt by turning up the nose, or by a particular facial expression:નાક ઉંચું કરીને કે બીજીરીતે મોંઢાથી તિરસ્કાર કo *vt.*To utter with a sneer:ધિક્કારકીટકારથી બોલવું 2.To treat with sneers:મેણાં ટોણાં મારવાં.*n.*The act of sneering: હાંસી કo તે. 2. A smile, grain or contortion of the face, indicative of contempt:તિરસ્કાર-અપમાન કરવા કરેલું.

Sneeze,(સ્નીઝ્)*vi.*To emit air,chiefly through the nose: છીંકવું *n.* A sudden and violent ejection of air with an audible sound chiefly through the nose:છીંક.

Sniff;(સ્નિફ્)*vi.*To draw air audibly up the nose: નસકોરા બોલે એ રીતે શ્વાસ લેવો. *vt.* To draw in with the breath through the nose:નાકમાર્ગે શ્વાસ જોડે લેવું 2.To perceive as by sniffing; to scent: સુંઘવું. *n.* The act of sniffing:નાકમાર્ગે શ્વાસ લેવો તે.

Snip, (સ્નિપ્) *vt.* To cut off the nip or neb of;to nip;કાપી નાંખવું;વેતરી નાંખવું.2.To take little by little:થોડે થોડે લેવું-કાઢવું *n* A single cut:કાપલો.

Snivel, (સ્નિવેલ્) *vi.* To make a snuffling noise:-ને નાકે લીંટ વહેવી-આવવી-નીકળવી. 2 To cry with snuffling:છોકરાંનીપેઠે રડવું *n.* Mucus from the nose;snot:લીંટ.

Snob, (સ્નોબ્) *n.* A vulgar person who affects to be better,richer, or more fashionable than he really is:પોતે પૈસાદાર-શ્રીમંત છે એવું ડોળ ધરનાર હલકો માણસ

Snore,(સ્નોર્)*vi.*To breathe with a hoarse, nasal voice in sleep:ઉંઘતા નસકોરાં બોલાવવાં.

Snoring, (સ્નોરિન્ગ્)*n.* The act of respiring open mouth:ઉંઘમાં ઘોરવું તે;નસકોરાં બોલવાં તે.

Snort,(સ્નોર્ટ્)*vi.* To force the air with violence through the nose, so as to make a noise:નાકવાટે શ્વાસ લઈ(ઘોડાની પેઠે)સુસવાટો કરવો.*n.*The act of snorting:ફુંફાટામારવા તે *vt.* To expel through the nostrils with a snort:હાંફીને નાકવાટે કાઢવું.

Snot,(સ્નોટ્) *n.* Mucus secreted in, or discharged from, the nose:લીંટ.2.A mean,insignificant fellow:હલકો માણસ.*vt.*To blow: નાક સાફ કરવું.

Snout,(સ્નાઉટ્)*n.*The long projecting nose of a beast,or swine:જાનવરોનું લાંબુનાક.

Snow,(સ્નો)*n.*[L *nix;nivis.*]Waterypartieles congealed into white or transparent crystals of flakes in the air and falling to the earth:હીમ; બરફ. *vi.* To fall in as snow: બરફ પડવો.

Snow-drift,(સ્નોડ્રિફ્ટ્)*n.*A bank of drifted snow:પવનથી ઘસડાઈ આવેલા હીમનો ઢગલો.

Snow-slip, (સ્નો-સ્લિપ્) *n.* A large mass or avalanche of snow which slips down the side of mountain,&c.:બરફની મ્હોટી ભેખડ શિલા.

Snowy,(સ્નોઇ)*a.*White like snow:બરફ જેવું સફેદ.2.Abounding with snow:બરફથી ઢંકાઈગએલું

Snub,(સ્નબ્)*vi.*To sob with convulsions:ધ્રુજતે શરીરે ડસકાં લેવાં *vt.* To clip or break off the end of:છેડો કાપી નાંખવો.2.To rebuke:ઠપકો આપવો.3 To slight designedly:જાણી જોઈને તરછોડવું-અપમાન કo.*n* A knot;a snag:ગાંઠ.

Snub-nosed,(સ્નબ્-નોઝ્ડ્)*a.* Having a short slightly turned up nose:ચીબું-બુચું;ચપટા નાકનું

Snuff,(સ્નફ્) *n.* The part of a candle wick charred by the flame, whether burning or not:(દીવાબત્તીનો)મોગરો;ગુલ.*vt.*To crop the snuff of,as a candle:-નો મોગરો કાપવો *vt.*To draw in; to sniff:શ્વાસમાં લેવું.*vi.* To inhale air through the nose with violence or with noise, as dogs & horses જોરથી ને સુસવાટની શ્વાસ લેવો.*n.*The act of snuffing:સુંઘવું તે.2.Pulverized tobacco:તપખીર;છીંકણી.

Snuffle(સ્નફલ્)*vi.*To speak through the nose નાકમાં-ગુંગણું બોલવું.*n.* The act of snuffling: ગુંગણું બોલવું તે 2 An affected nasal twang: ગુંગણો ઉચ્ચાર.

Snug,(સ્નગ્)*a* Close & warm:લપાઈ-ઢબાઈ-ટુંટીઆવાળી રહેલું.2.Concealed:છુપાયેલું; છુપું;ગુપ્ત. 3 Convenient and comfortable:સગવડવાળું; સુતર;રૂડું;એશ. *vi.* To lie close:છુપાઈ રહેવું. *vt.* To place snugly:ચોખી રીતે મૂકવું.

Snugly, (સ્નગ્લિ) *adv.* In a snug manner; closely;safely:છેક પાસે સુઘને;નિર્ભયપણે;સુખપૂર્વક;

So,(સો)*adv.*In that manner or degree:એવું;તેવું આવું.2.In like manner or degree;thus:તેવું; એવું.3 In such manner;to such degree:આટલો બધો પ્રમાણે;આવો.4.Very;in a high degree:ઘણો એટલું બધું.5.The case being such:તે તેને લીધે;તેટલા માટે *So far*,to that point or extent:આટલે સુધી.*So,so*,well,well:ઠીક;ઠીક.*S. that*,in order

that:કે; એટલે,કે; તેથી. *conj*. Provided that:જો.
Soak,(સોક્)*vt*. To steep:પાણીમાં ઝબોળવું-પલાળવું-બોળવું 2.To make way by entering into pores or interstices:છીદ્રમાં પેસી રસ્તો કરવો. 3.To absorb:સોષી લેવું.
Soap,(સોપ્)*n*.A substance which dissolves in water and is used as a cleansing agent: સાબુ. *vt*. To rub or wash over with soap: સાબુ લગાડવો-ચોપડવો; સાબુથી ધોવું.
Soapy,(સોપિ)*a*.Resembling soap:સાબુ જેવું.
Soar,(સોર)*vi*. [L. *ex*,out & *aura*, the air.] To fly aloft,as a bird:ઉંચે ઉડવું 2.To rise in thought,spirits or imagination: વિચારમાં ઉંડા ઉતરવું.
Sob,(સોબ્)*vi*.To sigh with tears:ડસકાં ખાવાં. *n*.The act of sobbing: ડસકું;ડચકું.
Sobbing,(સોબિંગ્)*n*.A series of short,convulsive inspirations:ડસકાં.
Sober,(સોબર્) *a*. Not intoxicated or excited by spirituous liquors: દારૂ પીધેલ ન હોય તેવું;સાવધ;સાવચેત.2.Solemn:ગંભીર.
Soberly,(સોબર્લિ) *adv*. In a sober manner; cooly;calmly: મન ઠેકાણે રાખીને; સાવધપણે. *a*. Grave;serious;sad:ગંભીર;ભારેખમ.
Sobriety,(સોબ્રાઇટિ)*n*.[L.*sobrietas*.] Habitual soberness or temperance as to the use of spirituous liquors: દારૂ પીવામાં નીતિ; મિતપાન.2.Gravity:શીલતા;શાંતિ;ધીમાશ; ઠંડાશ.
Sociability,(સોશિઍબિલિટિ) *n*. The quality of being sociable;sociableness:મળતાવડાપણું.
Sociable,(સોશિઍબલ્)*a*.[L *socio*,I associate] Capable of being,or fit to be,united in one body or company;associable:સંગકરવા યોગ્ય.
Sociableness,(સોશિઍબલ્નેસ્)*n*.The quality of being sociable:મળતાવડાપણું:મિલનસારપણું.
Social,(સોશિઍલ્)*a*.[L.*socius*,a companion.] Pertaining to society:સંસાર-દુનિઆનું-સંબંધી.2.Companionable;sociable.મિલનસાર. માયાળુ. S *intercourse*:પરસ્પર સંસર્ગ વ્યવહાર.
Socialism,(સોશિઍલિઝમ્)*n* A theory or system of social reform which contemplates a complete reconstruction of society with a more just and equitable distribution of property and labor:સામાન્ય સ્વામિત્વ;દુનીઆના બધા લાભનો મજીઆરો ઉપયોગ;સમવિવાદ.
Socialist,(સોશિઍલિસ્ટ્)*n* One who advocates or practises the doctrines of socialism: સામાન્ય સ્વામિત્વનો મત ધરાવનાર.
Society(સોસાએટિ)*n*.[L.*socius*,a companion.] Fellowship;company:મંડળી;ટોળી;મંડળ;સમાગમ.2.Connection:ભાગ.3.A number of persons associated for any temporary or permanent object:મંડળી. 4. The persons, collectively considered,who live in any region or at any period:સંસાર;વ્યવહાર;લોક;દુનિયાં.
Socket,(સોકેટ્)*n*.[L.*soceur*]An opening into which anything is fitted:ખાનું;ઘર; ખામણું.
Sod,(સોડ્)*n*.The rock dove: જંગલી કબુતર.*n*. Turf:જમીનનું ઉપલું પડ.*vt* To cover with sod: -ના ઉપર ખોદીને ઢેફાં નાંખવાં.
Soda,(સોડે)*n*.[L.*solidus*,solid.] (*a*)Sodium oxide:સોડા નામનો ક્ષાર.(*b*)Popularly,sodium carbonate:પાપડીઓ ખારો.*Impure carbonate of* S.:સાજીખાર.
Sodality,(સોડૅલિટિ)*n*.[L.*sodalis*,a comrade.] A fellowship or fraternity;ભાઈબંધી;દોસ્તી. 2.Specifically,a lay association for devotion or for charitable purpose:મહાજન;મંડળ.
Sodium,(સોડિઅમ્)*n*. A common metallic element of the alkali group:એક જાતનું ધાતુમય તત્વ.
Sodomite,(સોડૉમાઇટ્)*n*.One guilty of sodomy:ગુદમૈથુનકર્તા;ગાંડમરામણી કરનાર;ગાંડ મારનાર.
Sodomy,(સૉડૉમિ)*n*.Carnal copulation in a manner against nature;buggery:ગાંડમરામણી.
Sofa,(સોફે)*n*.A long seat,usually with a cushioned bottom,back and ends:લાંબી માંચી.
Soft,(સૉફ્ટ)*a*.Easily yielding to pressure:નરમ;પોચું.2.Smooth:સુંવાળું;નાજુક.3.Not harsh or offensive to the sight:મધુર.4.Mild;courteous;kind:નરમ 5.Weak in character:પોચું.
Soften,(સૉફન્)*vt*To make soft or more soft: નરમ,પોચું,ઢીલું કરવું.(*a*)To render less hard: હલકું-નરમ પાડવું (*b*)To mollify: પિંગળાવું. (*c*) To mitigate:નરમ પાડવું; સ્વસ્થ ક૦. (*d*) To make calm and placid:શાંત-સ્વસ્થ ક૦ *vi*.To become soft or softened:નરમ થવું.
Softness,(સૉફ્ટ્નેસ્)*n*. The state or quality of being soft:નરમાશ;પોચાસ;સુંવાળાશ;કોમળતા. 2.Mildness:નરમાશ;ધીમાશ;મીઠાશ.
Soggy,(સૉગ્ગી)*a*.Sodden;soaked:પલળેલું.
Soil,(સૉઇલ્)*vt*.To feed, as cattle or horses: ચરાવવું.*n*.The upper stratum of the earth: પૃથ્વી ઉપરનું પડ-જમીન;ભોંય. 2. Land: દેશ. 3. Dung: ખાતર. *vi*. To enrich with soil:-માં ખાતર પૂરવું.*vt* To foul: ડાઘ પાડવા. 2 To tarnish:-પર ડાઘ લગાડવો.*vi*. To become soiled: મેલુંથવું.*n*.That which soils:ડાઘ;મેલ;કલંક;દૂષણ.
Soiree,(સ્વોરી)*n*.[L.*serus*,late.]An evening party:સંધ્યાકાળ પછીનો મેળાવડો-મિજલસ.
Sojourn,(સોજર્ન)*vi* [L.*sub*, under & *diurnus*,belonging to the day.]To dwell for a time:થોડોકાળ મુસાફર તરીકેરહેવું.*n*.A temporary residence, as that of a traveller in a

foreign land:થોડા વખતને વાસ્તે વાસ.
Sojourner,(સોજર્નર્)*n.* One who sojourns: મુસાફર;પ્રવાસી;થોડાદીવસહતારો મુકામ-વાસ કરનાર.
Solace,(સૉલેસ્)*n.*[L.*solor*, comfort.] Comfort in grief:શોકમાં દિલાસો;આશ્વાસન;2.Rest; relaxation:સુખ;આરામ;વિશ્રાન્તિ.*vt.* To comfort; to console: શોકમાં દિલાસો આપીને મનનું સમાધાનક૦ 2.To allay;to soothe:ઘટાડવું;નરમ-ધીમું ક૦;ઓછું ક૦.*vi.*To take comfort:દિલાસો લેવો;હીમત રાખવી;ધીરજ ધરવી.
Solar,(સોલર્)*n* [L *solarium*,from sol, the sun.] Pertaining to the sun:સૂર્યનું-વિષેનું 2. Measured by the progress or revolution of the sun in the ecliptic:સૌર,સૂર્યમાન.3 Produced by the action of the sun:સૂર્યના તાપથી ઉત્પન્ન થએલું S.*dynasty*:સૂર્યવંશ S.*system*:સૂર્યમંડલ
Solder,Soder,(સૉલ્ડર્ સૉડર્)*n.* [L.*solido*, I fasten.]A metal or metallic alloy used when melted for uniting adjacent metallic edges or surfaces:ઝાળણ;રાચ. *vt.* To unite by the intervention of a more fusible metal:ઝાળવું
Soldier,(સોલ્જર્) *n.* [L. *solidus*, a piece of money.]One who serves in an army:સિપાઇ;સૈનિક.2.A brave warrior:શૂરો સિપાઇ;જોદ્ધો.
Soldier-like,(સોલ્જર્ લાઇક્)*a* Like a soldier; soldierly:સિપાઇગીરીને યોગ્ય;સિપાઈગીરીનું.
Soldiery, (સોલ્જરિ) *n.* A body of soldiers; the military:સિપાઈ સમસ્ત-સિપાઈમંડળ,લશ્કર.
Sole,(સોલ્)*n.* [L. *solea*, *solum*, ground] *n.* The bottom of the foot:પગનું તળીયું. 2 The bottom of a shoe:જોડાનું તળીયું.3.The bottom or lower part of anything:કંઇપણ વસ્તુનું તળીયું.4.The bottom of the body of a plow: હળની નીચેનો ભાગ *a.*Single:એકલું;એકનું એક.
Solecism,(સોલીસિઝમ્)*n.*[L.*soloicisms*,from *Soli*,a town of Cilicia.]An impropriety of parts of a sentence:અપપ્રયોગ;અશુદ્ધ પ્રયોગ.
Solecistic,(સોલેસિસ્ટિક્)*a.* Solecistical:બોલવા ચાલવામાં જંગલી.
Solecise,(સોલેસાઇઝ્)*vi.* To commit a solecism:અશુદ્ધશબ્દ બોલવો;ભૂલ ક૦;અશુદ્ધ પ્રયોગ ક૦
Solely,(સોલલિ)*adv.*Singly;alone;only:એકલું; માત્ર;ફક્ત;કેવળ.
Solemn,(સૉલેમ્)*a* [L *sollus*, all & *annus*,a year.] Marked with religious rites and pomps;sacred:ધર્મસંબંધી;પવિત્ર 2. Festive: શુભ;માંગલિક.3.Stately:મ્હોટું;જંગી;દબદબા ભરેલ 4. Fitted to awaken or express serious reflections:ગંભીર;ભારે;ઉંડું.5 Made in form ceremonious:રીતિ પ્રમાણે કરેલું.
Solemnity, (સૉલેમ્નિટિ) *n* A rite or ceremony performed with religious reverence: ધર્મ સંસ્કાર;વિધિ.2.A ceremony adopted to impress with awe:સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી વિધિ;પ્રયોગ;સમારંભ 3. Gravity:ગંભીરપણું.4. Affected;gravity;આડંબર;ડોળ;દંભ.5 Solemn state orfeeling:awe or reverence:સાનંદાશ્ચર્ય;ભય
Solemnize,(સૉલેમ્નાઈઝ્)*vt.*To perform with solemn or ritual ceremonies,or according to legal forms:વિધિ-સંસ્કાર-રીત પ્રમાણે.
Soleness, (સોલનેસ્) *n.* The state of being sole,or alone;singleness:અનન્યતા;એકલાપણું.
Solicit,(સોલિસિટ્)*vt* [L *sollus*, whole & *cio* I move.] To make petition to; to apply to for obtaining something:અરજ-વિનતી ક૦ 2.To urge the claims of;to plead:વકીલાત ક૦.
Solicitation, (સૉલિસિટેશન્) *n.* The act of soliciting;earnest request:અરજ;વિનતિ;વિજ્ઞાપના;પ્રાર્થના;આજીજી સાથેનું માગણું;યાચના.
Solicitor,(સોલિસિટર્) *n.* One who solicits: પક્ષ કરી બોલનાર.2. An attorney or advocate: સોલીસીટર;મુકદમો તૈયાર કરનાર વકિલ.
Solicitous, (સૉલિસિટસ્) *a.* Disposed to solicit;anxious:આતુર;ફિકરમંદ;કાળજીવાળું.
Solicitude,(સોલિસિટ્યૂડ્) *n.* Anxiety:ચિંતા કાળજી;ફિકર;વ્યગ્રતા;ઉદ્વેગ;ફિકંઠા;પરવા.
Solid,(સૉલિડ્) *a.* [L. *sollus*, whole] Hard; firm:કઠણ;ઘટ્ટ;ઘન.2.Not hollow;full of matter: નક્કર;સંગીન 3. Having all the geometrical dimensions;cubic:ઘન4 Strong:દૃઢ,મજબુત.5 Sound:સખત;ખરૂં.6 Impenetrable:અભેદ્ય;પેશી ન શકે તેવું.*n* A substance that is held in a fixed form by cohesion among its particles નક્કર-કઠણ પદાર્થ 2.A magnitude which has length,breadth, and thickness:ઘનાકૃતિ;ઘન.
Soldarity, (સૉલિડૅરિટિ)*n.* Fellowship; community:ઐક્ય;એકીભાવ;ઐક્યતા.
Solidify, (સૉલિડિફાઈ) *vt.* To make solid or compact:કઠણ નક્કર-સંબદ્ધ-સંગીન ક૦.
Solidity, (સૉલિડિટિ) *n.* Density; compactness:નક્કર-ઘટ્ટપણું;કઠિણપણું;ઘનતા;અશૂન્યતા;ઘટ્ટ. Moral firmness;soundness:દૃઢપણું;સાચાઇ 3. The solid contents of a body:ઘનફળ.
Soliloquize, (સૉલિલૉકવાઈઝ્) *vi.* To talk to one's self:પોતાના મન સાથે બોલવું.
Soliloquy,(સૉલિલૉકવી) *n* [L. *solus*,alone & *loquor*, I speak.] The act of talking to one's self;monologue:આત્મભાષણ;સ્વગત ભાષણ.
Solitaire,(સૉલિટેર્) *n.* A person who lives in solitude:એકાંતવાસી માણસ.
Solitariness,(સૉલિટેરિનેસ્)*n.* Condition of being solitary:એકાંતપણું;એકાંતતા; નિર્જનતા.
Solitary, (સૉલિટેરિ) *a.* [L. *solus*, alone.] single;alone;lonely:એકજ;એકનો એક;માત્ર,એક;

એકાંતસેવી.2. Performed or endured alone: એકલું; છડું; એકાંતવાસી. 3. Retired: એકાંત. 4. Gloomy; dismal:ઉદાસ;ઉદાસીન; શોકાતુર;શોકકારક જનક;નિર્જન. *n.* A hermit;a recluse:સન્યાસી;એકાંતવાસી; વાન-પ્રસ્થ;વૈરાગી.

Solitude,(સૉલિટ્યુડ)*n.* [L. *solus*,alone.] A lonely life;loneliness:એકલાપણું;એકાંતપણું;વગડો.

Solomon,(સૉલૅમૅાન)*n.*One of the kings of Israel,noted for his superior wisdom and magnificent reign;*hence*,a very wise man ચતુર;ડાહ્યોપુરૂષ.

Solstice, (સૉલ્સ્ટિટસ્) *n.* [L. *sol* the sun & *sisto*, I cause to stand.] A stopping or standing still of the sun:અયનાન્ત;અયન.2. (*a*) The point in the ecliptic at which the sun is farthest from the equator:અયન;અયનકાલ-સંધિ;ક્રાંતિ.કાળ.*Summer* s.:કર્કસંક્રાન્તિ;ઉત્તરાયણ.*Winter* s.:મકરસંક્રાંતિ;દક્ષિણાયન.

Solstitial,(સૉલ્સ્ટિશૅલ્)*a.* Of or pertaining to a solstice:અયનનું-સંબંધી; અયનાંત વિષયક. 2. Happening at a solstice:ઉત્તરાયણ-દક્ષિણાયનનું સંબંધી.

Solubility,(સૉલ્યૂબિલિટિ)*n.* The quality or condition,of being soluble: પ્રવાહી પદાર્થમાં ઓગળવાનો ગુણ;દ્રાવ્યતા.

Soluble,(સૉલ્યૂબલ્)*a.*[L. *solvo,* I loosen.] Susceptible of being dissolved in a fluid: પ્રવાહી પદાર્થમાં ઓગળે-પીંગળે એવું;દ્રાવ્ય.

Solution,(સૉલ્યૂશન્)*n.* Explanation:ખુલાસો. 2 Resolution:પૃથક્કરણ. 3 A liquid medicine or preparation, in which the solid ingredients are wholly soluble:મિશ્રણ;મિશ્ર.

Solvable,(સૉલ્વૅબલ્)*a.* A dmitting of solution:નિરાકરણ થાય એવું;છોડાવવા જેવું.

Solve,(સૉલ્વ્)*vt* [L. *solvo,* I loosen.] To explain;to unfold:છોડવું;નું સમાધાન-નિરાકરણ કo; સમીકરણ છોડાવવું;શંકાનિવૃત્તિ કo;તોડ કo.

Solvency,(સૉલ્વેન્સિ)*n.*The quality or state of being solvent:પૈસાદારપણું;કરજ ફેડવાની શક્તિ.

Solvent,(સૉલ્વેન્ટ્)*a.* Having the power of dissolving:બીજા પદાર્થને પીંગાળે તેવું.2 Able or sufficient to part all just debts:કરજ ફેડી શકે એટલા દ્રવ્યવાળું.*n.* A substance suitable for, or employed in,solution,or in dissolving something:બીજા પદાર્થને ઓગાળે તેવો પ્રવાહીપદાર્થ.

Sombre,(સૉમ્બર્)*vt* [L *sub* & *umbra*,shade] To make dark or shady:ઝાંખું;કo.*n.*Gloom: અંધારૂં;શોક *a* Dark:કાળું;ઘોર;શ્યામ.2.*S*ad:ઉદાસ.

Sombrous,(સૉમ્બ્રસ) Somber; gloomy:ઝાંખું; ઘેરૂ;કાળું;ઉદાસ;શોકકારક;ગંભીર;ઘોર.

Some,(સમ્) *a.* Consisting of a greater or less portion or sum:કેટલાએક;કેટલાક;થોડાક;કેટલુંક.2.One;a certain:કોઇ;કોઇએક;કોઇક.3 About; near;more or less:આશરે 4.Considerable in number or quantity:ઘણું.5.Certain:અમુક.

Some body,(સમ્બૉડિ)*n.*A person unknown: એકજણ;એક માણસ;કોઈ એક માણસ 2 A person of consideration or importance: ગણતરીલેખામાં લેવા લાયક માણસ.

Some-how, (સમ્-હાઉ) *adv.* In one way or another; by some means:ગમે તેમ કરીને.

Something, (સમ્થિન્ગ્) *n.* Anything unknown,undetermined,or not specifically designated:કંઈવાત-ચીજ;કંઇ.

Sometime,(સમ્ટાઇમ્)*adv.* Once; formerly: એક વખત; અગાઉ; પહેલાં. 2. Now and then; sometimes:કોઇ વખત-વેળા.3.At one time or other; hereafter:આગળ ઉપર.

Sometimes, (સમ્ટાઇમ્સ્) *adv.* Formerly; sometime:અગાઉ;કોઇ વખત. 2. At times;not always:વારે વારે;કોઈ કોઈ વેળા. *a.* Former:આગલું આગળનું.

Somewhat, (સમ્હ્વૉટ્) *n.* More or less; something:કંઈ; થોડુંક.*adv.* In some degree or measure:કેટલુંક;કેટલું એક;કંઇક.

Somewhere,(સમ્હ્વૅર્)*adv.* In some place unknown or not specified;કોઇ ઠેકાણે;કહીં.

Somniferous,Somnific,(સૉમ્નિફરસ્-સૉમ્નિફિક્)*a.*[L *somnus,* sleep & *fero*,I bring.] Causing or inducing sleep;soporific;dormitive:ઉંઘ લાવનાર;નિદ્રાજનક.

Somniloquism,(સૉમ્નિલૉક્વિઝમ્)*n.* The act or habit of talking in one's sleep somniloquy:ઉંઘમાં વાતો કરવાની ટેવ-આદત;નિદ્રાલાપ.

Somniloquist,(સૉમ્નિલૉક્વિસ્ટ્)*n.* One who talks in his sleep:ઉંઘમાં વાતો કરનાર.

Son,(સન્)*n.* [A S.*sunu.*]A male child; the male issue or offspring:પુત્ર;છોકરો;દીકરો;ચિરંજીવી;તનુજ.2 (*Commonly with the definite article*)Jesus Christ,the Savior:ઇસુખ્રિસ્ત:

Soncy,Sonsy, (સૉન્સિ) *a.* Lucky: ભાગ્યશાળી.

Song,(સૉન્ગ્)*n.* A lyrical poem adapted to vocal music;a ballad:ગીત;ગાયન.2 Any poetical strain:કવિતા;ગીત.3.Poetry;verse:કવિતા;કાવ્ય.

Song-craft,(સૉન્ગ્-ક્રૅફ્ટ્)*n.* The art of making song;metrical composition:કાવ્યકળા.

Songster, (સૉન્ગ્સ્ટર્) *n.* One who sings: one skilled in singing:ગાનાર;ગવૈયો;ગાયક. 2. A singing bird:ગાનાર પક્ષી.

Songstress, (સૉન્ગ્સ્ટ્રેસ્)*n.* A woman who sings:ગાનારી સ્ત્રી;ગવૈયણ;કિસબાતણ;તાયફો;રામજણી.

Son-in-law,(સન્-ઇન્-લૉ)*n.* *pl.* **Sonsin-law,** The husband of one's daughter:જમાઇ.

Sonnet,(સૉનેટ્) *n.* [L. *sonus*, a sound.] A

short poem:નાનો કવિતા સંગ્રહ;નાનું પદ-કાવ્ય.*vi.* To compose sonnets:ટપ્પા બનાવવા-રચવા.

Sonorous, (સૉનૉરસ્) *a.* [L. *sonus*, sound.] Resonant:રણકાદાર;રણકો-અવાજ નીકળે એવું;મધુર 2.Impressive in sound;high sounding:ઉંચા સ્વરનું;ઉંચા અવાજવાળું.

Sonship, (સન્શિપ્) *n.* The state of being a son, or of bearing the relation of a son; filiation:દીકરાપણું;વારસપણું.

Soon, (સૂન્) *adv.* In a short time, shortly: થોડીવારમાં;જલદી.2.Promptly;readily;easily: તરતજ.*As* s.*as*,or *So* s.*as*, immediately at or after another event:-ત્યારેજ;તરતજ;તત્કાળ. *Sooner or later.*:વહેલા મોડા.

Soot, (સૂટ્)*n* A black substance formed by combustion: મેંશ;કાજળ. *vt.* To cover with soot: મેંશવાળું ક૦.

Sooth, (સૂથ્) *a. adv.* [L. *esse* to be.] True; faithful:ખરૂં; સત્ય 2. Pleasing: ખુશ કરતું. *n.* Truth; reality: સત્વ. 2. Augury: શુકન જોઈ ભવિષ્ય કહેવાની શક્તિ.

Soothe, (સૂધ્)*vt.* [L. *suavis*, sweet,] To assent to as true:સાચું-ખરૂં હોવાથી હા પાડવી. 2. To assuage:શાંત-ઠંડું ક૦;ના મનનું સાંત્વન ક૦.

Soothing, (સૂધિન્ગ્)*a.* & *n* Giving comfort: શાંતિ પમાડે એવું;ખુશામતિયું;શાંતિકર;શાંતિપ્રદ

Soothsay, (સૂથ્સે)*vi.*To foretell. ભવિષ્ય કહેવું. *n.* A proverb:કહેવત.

Soothsayer, (સૂથ્સેયર્) *n.* One who foretells events;a prognosticator:ભવિષ્યવેત્તા;જોશી

Sooty, (સુટિ)*a* Of or pertaining to soot;producing soot:મેંશ-કાજળનું-સંબંધી.

Sophism, (સૉફિઝમ્)*n.* [Gr.*sophos*,wise.]The doctrine of reasoning practised by a sophist;*hence*, any fallacy designed to deceive:આભાસ;ખરી દેખાતી ખોટી તકરાર.

Sophist, (સૉફિસ્ટ્)*n.* One of a class of men who taught eloquence,philosophy,and politics in ancient Greece: અસલ ગ્રીસ દેશમાં અમુક તત્વવેત્તાઓના વર્ગમાંનો પુરૂષ; આભાસવાદી

Sophistical, (સૉફિસ્ટિકલ) *a.* Fallaciously not sound:આભાસરૂપ;ભ્રમ ભૂલવાળું.

Sophisticate, (સૉફિસ્ટિકેટ્)*vt.*To adulterate; to damage; to pervert: ભેળવાળું ક૦; બગાડવું; આડું-ઉંધું ક૦ *a.*Adulterated;not genuine or pure:બગડેલું;મિશ્રિત;ભેળવણું.

Sophistry, (સૉફિસ્ટ્રિ) *n.* The art or process of reasoning;logic:આભાસ-ભ્રમયુક્ત તર્ક;ખોટા તર્ક.2.The practice of a shophist;reasoning આભાસ;સત્યાભાસ;વાક્છલ.

Soporiferous, Soporific, (સૉપૉરિફરસ્ સૉપૉરિફિક્)*a* [L.*sopor*,a heavy sleep & *faro*, I bring.]Causing sleep;somniferous: ઉંઘ લાવનારૂં આણે તેવું;નિદ્રાજનક;બહુ ઘેન લાવે તેવું.

Sorcerer, (સૉસૅરર્)*n.* A conjurer:જાદુગર.

Sorcerous, (સૉર્સૅરસ્)*a.*Of or pertaining to sorcery:જાદુનું વિષે-સંબંધી;જાદુવાળું;જાદુઈ-ઇલમવાળું

Sorcery, (સૉર્સરિ) *n.pl.* **Sorceries**. [L.*sors*, *sortis*,alot.]Magic;necromancy;witchcraft: નજરબંધી;ઇલમ; જાદુઇ;વિદ્યા;માયા;ઇંદ્રજાલ.

Sordid, (સૉર્ડિડ્)*a.* [L *sordeo*; I am filthy.] Vile;base;gross:નીચતુચ્છ;અધમ;દુષ્ટ;હલકું;પાજી

Sore, (સૉર્)*a* Susceptible of pain;inflamed; painful:સ્પર્શ કરવાથી દુઃખ થાય એવું;આળું;સુજેલું. 2 Severe;afflictive:સખત;દુઃખકારક. S *shrout*, pharyngitis: ચોરીઆ. *n.* An ulcer, a boil: ગુમડું;જખમ.*adv.*Greatly:ઘણું;બહુ.

Sorely, (સૉર્લિ)*adv.*Grievously:દુઃખકારક રીતે.

Soreness, (સૉર્નેસ્)*n.*Painfulness:દુઃખદાયકપણું.

Sorner, (સૉર્નર્)*n.* One who obtrudes himself on another for bed and board:બીજાના ઉપર ગુજરાન કરનારો;માંથે ભાગેલો.

Sororicide, (સૉરૉરિસાઈડ્) *n.* [L. *sorror*, a sister&*cædo*,I kill.]The murderer of one's sister:બેહેનનું ખુન કરનાર.

Sorrily, (સૉરિલિ)*adv* In a sorry manner;poorly:હલકી રીતે;ગરીબાઇ-નિર્ધનતાથી.

Sorrow, (સૉરૉ) *n.* Regret: અફસોસ; દિલગીરી. *vi.*To grieve:દિલગીર થવું;શોક ખેદ ક૦.

Sorrowful, (સૉરૉફુલ્)*a.* Sad:શોકાતુર;દુઃખી.

Sorry, (સૉરિ)*a* Pained for some evil; feeling regret.દિલગીર;નાખુશ;દુઃખી;ખિન્ન;પશ્ચાત્તાપી.

Sors, (સૉર્સ્)*n.pl:* **Sortes,** [L:] A lot: નસીબ.

Sort, (સોર્ટ્)*n.*[L. *sors*,*sortis*,a lot.] *n.*A kind or species; a class or order: જાત; પ્રકાર. 2. Manner:રીત.*Out of* s.,out of order;vexed, disturbed:અસ્વસ્થ;અવ્યવસ્થિત *Of firsts* :પહેલા નંબરનું*vt.*To separate and place in distinct classes or divisions:જાત પ્રમાણે જુદું કાઢવું;-ના વડ ક૦;તફા પાડવા;વર્ગ પાડવા.*vi.*To agree: મળી જવું 2.To suit;to fit:બેસતું માફક-બંધબેસતુ આવવું

Sortable, (સૉર્ટેબલ્) *a.* Capable of being sorted: વર્ગ ભાગ પાડીશકાય તેવું. 2. Suitable; befitting;proper:માફકઆવે એવું;બંધબેસતું;લાયક.

Sortie, (સૉર્ટિ) *n.* [L.*surgo*,I raise upr.]The sudden issuing of a body of troops;a sally ઘેરાયલી જગામાંથી ઘેરો ઘાલનારે કરેલો ધસારો.

So so, (સૉ સૉ)*a* Neither very good nor very bad;middling;tolerable:ઘણું સારૂં નહિ તેમ ખોટું પણ નહિ;વચલાવાંધાનું-રડનું; મધ્યમસ્થિતિનું;ઠીકઠાક.

Sot, (સૉટ્)*n.*A habitual drunkard:દારૂડિયો;પીધેલ;છાકટો;કેફી.

Sottish, (સૉટિશ્) *a.* Doltish; very foolish; drunken:મૂર્ખ;બેવકૂફ;પીધેલ;છાકટું;દારૂડિયું.

Souchong,(સૂચૉન્ગ) *n.* A kind of black tea of a fine quality:એક જાતની કાળી ચાહ.

Soul, (સોલ) *n.* The spiritual, rational and immortal part in man:ચૈતન્ય;આત્મા;જીવાત્મા. *Supreme* s.:પરમાત્મા.*Embodied* s :શરીરી;દેહી. 2 The seat of real life: જીવ; પ્રાણ; ચેતન. 3. Life: પ્રેરક;ચેતન;જીવ. 4. Energy: ઉત્સાહ; હામ; હોંશ;ફતહ 5 The essence:સાર;સત્વ;તત્વ;હીર. 6. A pure spirit: પ્રેતાત્મા; વિદેહી આત્મા. 7. A human being:માણુસ;આદમી.

Soulless,(સૉલ્લેસ)*a.* Mean; spiritless: નીચું; અધમ;હલકું;અધમાત્મા;ક્ષુદ્ર.

Sound,(સાઉન્ડ)*a.*Whole;unbroken;unharmed:આખું;અખંડ;સાબુત;અણિશુદ્ધ.2.Healthy;not diseased:તંદુરસ્ત;નિરોગી.3.Firm;safe:દૃઢ;મજબૂત.4.Supported by justice;not fallacious: ન્યાયાનુસાર;સપ્રમાણ.5.Undisturbed;profound ઘસઘસાટ;ગાઢ.*n.* A narrow passage of water: સાંકડી ખાડી.*vt.*To measure the depth of-ની ઉંડાઇ માપવી.*n.*To examine:તપાસવું;-નું મન જોવું

Sound,(સાઉન્ડ)*n* [L *sonus*]Noise;report:અવાજ;શબ્દ; ધ્વનિ;સ્વર-*Auspicious* s :જયધ્વનિ-ઘોષ.*vi.*To make a noise:શબ્દ-નાદ-ધ્વનિ-અવાજ કo. *To.* s. *in or into,* to tend to:-ને મળતું બેસતું આવવું-હોવું. *vt.* To cause to make a noise; to play on:વગાડવું;સૂર-સ્વરકાઢવો 2.To signify;to import;to denote:જણાવવું-જાહેર કo

Sounding-board, (સાઉન્ડિન્ગ્-બોર્ડ) *n.* A thin board which propagates the sound in a piano &c:અવાજ પસરીને આવે સાંભળી-શકાય માટે વાજીંત્રને જડેલું પાતળું પાટિયું-પતરૂં.

Soundly, (સાઉન્ડ્લિ) *adv.* In a sound manner:યથાયોગ્ય;સારી પેઠે;ખૂબ.

Soup,(સૂપ)*n.* A liquid food of any kind: માંસ વિગેરેનો રસો-સેરવો.

Sour,(સાઉર)*a.*Acid;tart:ખાટું;આંબટ;અમ્બ. 2. Turned (*as milk.*)ખાટું થઇ ગએલું; મળી ગયેલું. *vt.* To cause to become sour:ખાટું થાય તેમ કo.*vi.* To become sour,to turn from sweet to sour:ખાટું થવું;ખટવાઇ જવું;અખરાઇ જામી જવું

Source,(સૉર્સ) *n.* [L *surgo,* I lift, raise up]. The act of rising;a rise;an ascent: ઉગ;ઉદ્ભવ. 2 A spring; a fountain: ઝરો. 3. That from which anything originates; first cause:મુળ કારણ;ઘર;ઉત્પત્તિ;હેતુ.

Sourness,(સાઉર્નેસ)*n.*The quality or a state of being sour:ખટાશ;ચીઢીયાપણું.

Souse, (સાઉસ) *n.* Pickle made with salt: મીઠામાં નાંખેલું અથાણું.2 Something kept or steeped in pickle:અથાણામાં રાખી મુકેલો પદાર્થ *vt.*To steep in pickle:અથાણામાં નાંખવું.

South,(સાઉથ્) *n.* One of the four cardinal points directly opposite to the north:દક્ષિણ;દક્ષિણ દિશા.2. The southern section of a country:દેશનો દક્ષિણ ભાગ.*a.* Laying toward the south: દક્ષિણમાં આવેલું.*adv.* Toward the south:દક્ષિણ તરફ.

South-east,(સાઉથ્ઈસ્ટ્)*n.* The point of the compass equally distant from the south and the east: અગ્નિકોણ,અગ્નેયી દિશા.*a.* Of or pertaining to the south east:અગ્નિકોણ-દિશાનું.

South-easterly,(સાઉથ્ઇસ્ટર્લિ) *a.* Of or pertaining to the southeast: અગ્નિકોણ-દિશાનું-માંથી આવતું.*adv.*Toward the southeast: અગ્નિકોણ-દિશા તરફ.

Southern-ly,(સધર્ન્-સધર્ન્લિ)*a.*Of or pertaining to the south; situated or proceeding toward the south:દક્ષિણ-દિશાનું-સંબંધી.

Southron,(સધ્રૉન)*n.* An inhabitant of the more southern part of a country: દક્ષિણમાં રહેનાર;દક્ષિણી.

Southward,(સાઉથ્ વર્ડ્)*adv.* Toward the south: દક્ષિણ તરફ-ગમ-ભણી. *a.* Toward the south:દક્ષિણ તરફનું.

Southwest,(સાઉથ્-વેસ્ટ્)*n.*The point of the compass equally distant from the south and the west:નૈરૂત્ય કોણ.*a.* Pertaining to or in the direction of, the southwest: નૈરૂત્ય કોણ તરફનું.

Souvenir, (સુવેનીર્) *n.* [L *sub* & *venio,* I come.] A remembrancer; a momento; a keepsake;યાદગિરીની ચીજ;સંભારણું;સ્મારક વસ્તુ.

Sovereign, (સૉવરિન)*a.* [L. *super,* above.] Supreme or highest in power:મુખ્ય;શ્રેષ્ઠ.2. Independent of:સ્વતંત્ર.3.Princely:બાદશાહી. 4.Predominant;paramount: સર્વોપરી;શ્રેષ્ઠ.5. Effectual:રામબાણ. *n.* The person,body, or state in which independent and supreme authority is vested;*especially,*a king,queen or emperor:અધિરાજ;રાજા;રાજકર્તા રાણી. 2 A gold coin of Great Britain: આશરે દસ રૂપિયાની કિંમતનો ગ્રેટ બ્રિટનનો સોનાનો સિક્કો.

Sovereignty,(સૉવેરિન્ટિ)*n.*Dominion;sway; supremacy:મુખ્ય અધિકારસત્તા;સર્વાધિકાર.

Sow,(સાઉ)*n.* The female of swine,or of the hog kind:ડુકરી;ભુંડણી.

Sow, (સૉ) *vt.* (*a*) To scatter as seed upon the earth:જમિનઉપર બી વેરવા;વાવવું;-નું વાવેતર કo.

Sowing, (સૉઇન્ગ્) *n.* The act of scattering seeds upon the earth:વાવેતર;વાવણી.

Space,(સ્પેસ) *n.* [L. *spatium,*space.] That which makes extended objects conceivable and possible:અવકાશ.*Infinite* s.:મહાકાશ 2.Place;room: માર્ગ;સ્થળ; 3. Distance from

one thing to another:એક પદાર્થથી તે બીજા સુધીનું અંતર;ટપ્પો 4 Quantity of time;duration:વખત;કાળ 5.The distance or interval between words or letters in the lines: શબ્દ કે અક્ષર વચ્ચે રાખેલો માર્ગ.6.Walk;track:રસ્તો;માર્ગ.

Spacious, (સ્પેંશસ્) *a.* Extending far and wide;vast in extent:વિસ્તારવાળું;વિશાળ.

Spade,(સ્પેડ્) *n.* [L.*spathe*, a spatula.] An implement for digging or cutting the ground,with a handle: કોદાળી.*To call a s a s.*: કાણાને કાણું કહેવું;તડને ફડ કહી દેવું.

Span,(સ્પૅન્)*n.* The space from the end of the thumb to the end of the little finger when extended;nine inches; eighth of a fathom:વેંત;નવ ઇંચ;પોણો ફુટ 2.A small spread or a brief portion of time:ચણી ટુંકી મુદત;અવધિ.ગરમ;ગાળો.*vt.* To measure by the span of the hand: વેંતથી ભરવું-માપવું.2. To reach from one side of to the other; to stretch over, as an arch ઉપર પસારવું-કરવું કo. 3. To fetter, as a horse:ઘોડાને સાંકળ બાંધીને જોડવો. *vi.* To be matched,as horses:જોડ થવી.

Spangle,(સ્પૅન્ગલ્)*n.* A small plate or boss of shining metal: તારા-ટપકી;ટીકડી;ગોખરૂ;ચાટકી.*vt.*To set or sprinkle with, or as with spangles:તારા ટપકી-કટોરી વિગેરેથી શોભાયમાનકo

Spaniel, (સ્પૅન્યેલ્) *n.* One of a breed of small dogs having long and thick hair and large drooping ears: એક પ્રકારનો લાંબા અને જાડા વાળવાળો અનેલાંબા કાનવાળો કૂતરો.

Spanish, (સ્પૅનિશ્) *a.* Of or pertaining to Spain or the Spaniards: સ્પેન અથવા ત્યાંના રહેવાશીઓ સંબંધી-નું વિષે.*n.*The language of Spain:સ્પેન દેશની ભાષા.

Spank,(સ્પેન્ક્)*vt.*To strike;toslap:તમાચો મારવો.*n.*A blow with theopen hand,aslap:તમાચો

Span-new, (સ્પેન્ન્યૂ)*a.* Quite new; brand-new;firenew:નવુંનકોર;તાજું;કોરું કડકડતું.

Spar, (સ્પાંર્) *n.* A general term for any round piece of timber used as a mast,yard boom,or gaff:વહાણનો ડોલ.2.The bar of a gate or door:દરવાજાનો સળીઓ; આડ; ભુંગળ. *vt.* To bolt;to bar:આડ દેવી.*vi.* To strike with the feet or spurs,as cocks do:પગવતી મારવું.*n.*A contest atsparring or boxing:મુક્કા મારીની લડાઇ

Spare, (સ્પેર્) *vt.* To use frugally or stintingly; to retain or keep unused; to save કરકસર કo;બચાવવું:સંચય કo;રાખી મુકવું:ઉગારવું.2 To keep to one's self: રહેવા દેવું;મુકી છાંડવું; રાખી મૂકવું. 3 To preserve from danger or punishment; to show mercy to:ભય અથવા મુશ્કેલમાંથી બચાવવું;ક્ષમા કo.4.To save or gain as by frugality: કરકસરથી ઉગારવું. 5. To do without:-ના વિના ચલાવવું;આપી દેવું.*To s.one's self*,(*a*)to act with reserve:અદબથી-સન્માનથી વર્તવું.(*b*)To save one's self labor:અંગ ચોરવું; જીવ ચોરવો. *vi.*To be frugal;not to be profuse:કરકસરીઆ થવું. *a.* Scanty:ઓછું; થોડું. 2. Frugal:કરકસરીયું.3.Superfluous: ફાલતું.

Spareness,(સ્પેર્નેસ્)*n.*The quality or state of being thin; leanness:દૂબળાઈ.

Sparing,(સ્પેરિન્ગ્) *a.* Spare; saving;frugal; merciful:બચાવતું;કરકસરીયું;થોડું;પરિમિત.

Sparingly,(સ્પેરિંગ્લિ) *adv.* Frugally; parsimoniously:કરકસરથી;કંજુસાઇથી;સાવધાનથી.

Spark,(સ્પાંર્ક્)*n.* [L. *spargo*, I sprinkle.] A small particle of fire or ignited substance emitted by a body in combustion:તણખો; ચણગારી;ચણગી. 2. A lover;a beau:યાર. વહાલ; પ્રિતમ;રમણ;છેલ.3.A feeble germ:લેશ;રજ.

Sparkish, (સ્પાંર્કિશ) *a.* Like a spark; airy; gay:તણખાના જેવું;આનંદી.

Sparkle,(સ્પાંર્કલ્) *vi.* To emit sparks:--માંથી તણખા નીકળવા-ઉડવા.2. To glisten; to flash: ચળકવું.*vt.*To emit in the form or likeness of sparks:તણખાના આકારમાં-રૂપમાં નીકળવું;ઝરવું.

Sparkling, (સ્પાંર્ક્લિન્ગ્) *a* Glittering;brilliant; lively:ચળકતું;પ્રકાશતું;ચકોર;ઝગઝગતું.

Sparrow, (સ્પેરો) *n.* One of many species of small singing birds:ચકલી;ચકી;ચટક.

Sparry,(સ્પાંરિ)*a.*Resembling spar,or consisting of spar; spathose:સફેદ સુરમા જેવું.

Spasm,(સ્પૅઝમ્)*n.* [Gr. *spasmos*, a cramp] An involuntary and unnatural contraction of one or more muscles or muscular fibres:તાણ;ખેંચ;ગોળો;આંકડી.2. નિષ્ફળ પ્રયત્ન.

Spasmodic, (સ્પૅઝ્મૉડિક્)*a.*Of or pertaining to spasm:તાણવાળું-નું-સંબંધી.2.Soon relaxed convulsive:જલદી નરમ પડે એવું;આક્ષેપક;આકર્ષી.

Spatter,(સ્પૅટર્)*vt.*To make wet or foul spots upon by sprinkling:ઉપર છાંટા ઉરાડવા; છાંટવું.

Spatula,(સ્પૅટ્યૂલૅ)*n.*[L.*spatha*,a spatula.]An implement shaped like a knife:પાતળા પહોળા પાનાનો ચપ્પુ.

Spavin,(સ્પૅવિન્)*n.*A disease of horses characterized by bony swelling:ઘોડાનાપગનોસોજો.

Spawn,(સ્પૉન્)*vt.&i.*[L.*expendo*,I spread.] To produce or deposit, as fishes or frogs. do:(ઇંડા)મૂકવાં-કરવાં.2.To bring forth;to generate:જણવું;જન્મ આપવો.*n.*The eggs of fishes દેડકાં-માછલીનાં ઇંડાં.2. Any product or offspring:બચ્ચું;ઓલાદ;વંશ;સંતતિ.

Spawner,(સ્પૉનર્)*n.*A mature female fish: માંછલાંની માદા;માંછલી.2. Whatever produces

spawn of any kind: કોઈ પણ પ્રકારની ઓલાદ-વંશ ઉત્પન્ન કરનાર.

Spay,(સ્પે)*vt.*[L *spado,*a eunuch.]To castrate ખાસી કo 2.A spade:ત્રણ વર્ષની ઉમરનું લાલહરણ.

Speak,(સ્પીક્)*vi.* To utter words or articulate sounds as human beings:બોલવું; વદવું; ભાષણ-કથનકo. 2. To express opinions:કહેવું; બોલવું 3. To utter a speech, discourse, or harangue:સભામાંબોલવું; ભાષણ કo.4. To discourse; to make mention;to tell:કહેવું;કહી-લખી બતાવવું.*To s.out,* to speak loudly and distinctly:મોટેથી બોલવું.*To s.well for,*to commend:ઉપરથી શાબાશી દેખાડવી *To s with,* to converse with:--ની જોડે વાત કo *vt.*To utter with the mouth:બોલવું; ઉચ્ચારવું. 2. To say: બોલવું *To s. the truth:*સાચું કહેવું.

Speaker,(સ્પીકર્)*n.(a)* One who utters or pronouncesa discourse:બોલનાર; વક્તા; ભાષણકર્તા. *(b)* One who is the mouthpiece of others; a chairman: પ્રમુખ; અધિપતિ.

Spear,(સ્પીર્)*n.*[L.*sparus.*]A long pointed weapon; a lance:ભાલો; બરછી. 2. A shoot, as of grass;a spire: ઘાસનું તરણું-તણખલું **S.** *side,*the male line of a family: કોઈકુટુંબના પુરૂષો. *vt.* To pierce with a spear; to kill with a spear:ભાલો ભોકવો-ખોસવો.

Spearman,(સ્પીર્મેન્)*n.pl.***Spearmen** One who is armed with a spear:ભાલો રાખનાર.

Special,(સ્પેશૅલ્)*a.*[L. *species,* a particular sort.] Of or pertaining to a species: અમુક જાતી વિષે-નું;જાતીય. **S** *charateristic*:જાતિધર્મ-લક્ષણ.2. Particular; peculiar:વિશેષ; ખાસ; વિશિષ્ટ;મુકામ.3. Appropriate; designed for a particular purpose:અમુક;ખાસ. 4. Limited in range:ખાસ. 5.Chief in excellence: શ્રેષ્ઠ; મુખ્ય.**S.***pleading*:નવી તકરાર *In s.,*specially in particular:મુખ્યત્વે કરીને.

Speciality,(સ્પેશિઍલિટિ)*n. pl.* **Specialities.** A particular or peculiar case: અમુક બાબત;ખાસીયત.2. An object of special attention: ખૂબીની બાબત. 3. An attribute or quality peculiar to a species:જાતીયતા;જાતિત્વ

Specially.(સ્પેશૅલિ)*adv.*Particularly:મુખ્યત્વે કરીને;વિશેષે કરીને.

Specialty, (સ્પેશૅલ્ટિ) *n. pl.* **Specialties.** Particularity:અમુક બાબત;ખાસીયત

Specie,(સ્પીશિ)*n* Coin;hard money:નગદી;રોકડ

Species,(સ્પીશીઝ્) *n. Sing. & pl.* A sort; a kind:તરાહ;પ્રકાર;જાત.2.A component part of a compound medicine:મિશ્રિતપદાર્થનું એક અંગ

Specific,(સ્પેસિફિક્)*a.*[L.*species,*a particular sort or kind & *facio,* I make.] Of or pertaining to a species;characterizing or constituting a species:અસાધારણ; અમુક;વિશિષ્ટ. 2. Definite:અમુક.3. Preventing or curing disease by a peculiar adoption, and not on general principles:અવશ્ય ગુણકારી.**S** *character*:જાતિ વિશિષ્ટ ધર્મ લક્ષણ-ગુણ.*n.* A specific remedy:રામબાણ ઉપાય.

Specifically,(સ્પેસિફિકૅલિ)*adv.* In a specific manner:નિયમિત-ચોક્કસ રીતે; યથાજાતિ; જાતિના ગુણ પ્રમાણે.

Specification,(સ્પેસિફિકેશન્) *n* The act of specifying or determining by a mark or limit:હદ બતલાવવી તે.2.The designation of particulars:વિશેષ હકીકત બતાવવી તે.3.A written statement containing a minute description:વિગતવાર લખેલી વિશેષ ખાસ હકીકત.

Specify,(સ્પેસિફાઇ)*vt.* To mention or name as a particular thing:બ્યાન કo;બતલાવવું.

Specimen.(સ્પેસિમેન્)*n.*[L.*specio,*I look.]A sample;pattern:નમુનો; વાનગી.

Specious, (સ્પીશસ્) *a.* [L. *specio,* I look.] Pleasing;showy:દેખીતું;સારૂં.2. Apparently right:ઉપરથીદેખીતું સત્ય.

Speck,(સ્પેક્)*n.* A spot;a stain;a blemish: ડાઘો-ડબકો;ચાંદ;ચાઠું;ચિન્હ;બિંદુ;અંક;કલંક.*vt.*To cause the presence of specks upon or in: ઉપર અથવા-માં ડાઘા પાડવા.

Speckle,(સ્પેકલ્)*n.*A little spot:નાનો ડાઘો.*vt* To mark with small spots:નાના ડાઘા પાડવા.

Spectacle,(સ્પેક્ટૅકલ) *n.* [L *specto,*I look.] A show;a pageant: તમાસો; ખેલ; દેખાવ.2. A spy-glass; a looking glass:જોવાનો કાચ;તકતો. 3. *pl.* An optical instrument consisting of two lenses set in a light frame, and worn to assist sight:ચશ્મા.4. Sight:દેખાવ.

Spectator,(સ્પેક્ટેટૉર્)*n.* One who looks on: તમાસગીર;જોનાર;પ્રેક્ષક;દ્રષ્ટા;સામાજીક

Specter,Spectre,(સ્પેક્ટર્) *n.* [L. *specio,* I look.]An apparition;a ghost:ભૂત;પ્રેત.

Spectral, (સ્પેક્ટ્રૅલ્) *a.* Of or pertaining to a specter;ghostly: ભૂત સંબંધી-નું-વિષે.

Speculate,(સ્પેક્યૂલેટ્)*vi.*[L. *specula,*a look out.]To me ditate:વિચાર કo.2.To purchase with the expectation of a contingent advance in value,and a consequent sale at a profit:સટ્ટો કo.*vi.*To consider attentively: ધ્યાનપૂર્વક વિચાર કo.

Speculation,(સ્પેક્યૂલેશન્) *n.(a)* Examination by the eye:આંખથી જોવું તે.*(b)*Contemplation:વિચાર;તર્ક;મનન.*(c)* The act of reasoning *a priori* from premises given or assumed:પરિકલ્પના;તર્ક;વિચાર; અટકળ.*(d)*Any

business venture involving unusual risks with a chance for large profits:સટ્ટો;વાયદો.

Speculative, (સ્પેક્યૂલૅટિવ્) *a.* Given to speculation; contemplative:તર્કબાજ;વિચાર-ધ્યાન;શીલ.મનનશીલ.2. Ideal; theoretical:કાલ્પનિક.3. Of or pertaining to vision:દેખાવ સંબંધી.4.Of or pertaining to speculation in land goods, shares, etc:સટ્ટાસંબંધી-વિષે.

Speculator,(સ્પેક્યૂલેટૉર્)*n.*(*a*)An observer; a contemplator:જોનાર;તર્ક કરનાર (*b*)One who forms theories:કલ્પના કરનાર. (*c*) One who engages in speculation:સટ્ટો કરનાર.

Speech,(સ્પીચ્)*n* The faculty of uttering articulate sounds or words;the power of speaking:વાચા; વાણી;બોલી. 2. A tongue; a dialect:ભાષા;બોલી;જબાન.3.Talk:વાત;વાતચિત. 4.Oration:ભાષણ;વક્તૃત્વ. *Cleverness* or skilfulness of s.:વાક્‌ચાતુર્ય;વાક્‌કૌશલ્ય; વાક્‌પાટવ. *Elegance of* s.:શબ્દલાલિત્ય.

Speechless,(સ્પીચ્લેસ્) *a.* Destitute or deprived of the faculty of speech:વાચા વિનાનું વાચાહીન-રહિત.2.Dumb;mute; silent:મુંગું.

Speed,(સ્પીડ્)*n.* Velocity; rapidity: ઉતાવળ; ત્વરા;વેગ;ઝડપ.*God* s.,prosperity:સફળતા; આબાદી;સિદ્ધિ.*vi.*To have any condition,good or ill;to fare:-ના હાલ-દશા-વલે થવી-હોવી. 2.To make haste:ઉતાવળ કo.*vt.*To cause to make haste:ઉતાવળ કરાવવી.2. To hasten to a conclusion:-નો જલદીથી છેડો-લાવવો.

Speedily,(સ્પીડિલિ) *adv.* In a speedy manner:જલદીથી;ઉતાવળથી; ઝડપથી;વેગથી.

Speedy,(સ્પીડિ)*a.*Quick;hasty: ઉતાવળું;ચાલાક

Spell,(સ્પેલ)*vt.*To supply the place of for a time; to relieve:-ની જગ્યાએ થોડા વખત સુધી આવવું.*n.*The relief of one person by another in any piece of work or watching: કોઈ પણ કામમાં બીજાની જગ્યાએ થોડા વખત સુધી આવીને તેને છૂટો કo તે;વારો બદલવો તે.

Spell,(સ્પેલ્) *n.* Any charm: મંત્ર *vt.* To bewitch;to fascinate;to charm:મંત્ર-મોહની કo લગાડવી.2.To tell or name in their proper order the letters of a word:જોડણી કરવી *vi.* To form words with letters:જોડણી કo.

Spell-bound,(સ્પેલ્-બાઉન્ડ્)*a.* Bound by, or as by,a spell:મંત્રથી બાંધેલું-અંજાઇ ગયેલું.

Spelling,(સ્પેલિન્ગ્) *n.* Formation of words by letters;orthography: જોડણી.

Spelter,(સ્પેલ્ટર્)*n.*(*Metal.*)Zinc:જસત;કાંસુ.

Spencer,(સ્પેન્સર્)*n.*One who has the care of the spence or buttery:કોઠારી;અન્નશાળાની દેખરેખ રાખનાર.

Spend(સ્પેન્ડ્)*vt* [L. *expendo*,I weigh out.] To employ:વાપરવું;ખરચવું.2.To consume:ઉડાવવું;ખરચી દેવું.3.To pass as time:વખત ગુમાવવો.4.To exhaust of or strength:-નું જોર નીકળી જવું.*vt.* To spend money to any other possession:વાપરી-ખરચી નાંખવું.

Spend-thrift, (સ્પેન્ડ્-થ્રિફ્ટ્) *n.* One who spends money profusely;a prodigal:ઉડાઉ માણસ.*a.* Prodigal:ઉડાઉ.

Sperm, (સ્પર્મ્) *n.* [L. *sperma.*] The male fecundating fluid;semen:ધાતુ; રેતસ.

Spermatic,(સ્પર્મૅટિક્) *a.* Of or pertaining to semen:ધાતુ-રેતસ સંબંધી;બીજવાળું.

Spew,(સ્પ્યૂ)*vt* [L.*spuo*,I vomit.] To vomit: ઉલટી કo. 2. To cast forth with abhorrence or disgust:ધિક્કારથી નાંખી-ફેંકી દેવું.

Sphenoidal,(સ્ફીનૉઇડલ્)*a.*Sphenoid:ફાચરના આકારનું.

Sphere, (સ્ફીર્)*n.* [Gr. *sphaira*, a sphere] Any globe or globular body:કોઇપણ ગોળાકાર પદાર્થ;સૂર્યમંડળનો કોઇ ગોળો 2. The extension of the general conception: સાધારણ વિચારધારણાનો વિસ્તાર. 3. Rank;order of society: અવસ્થા;ક્રમ;પાયરી;દરજ્જો.Province:વિષય;પ્રકરણ.

Spherical,(સ્ફેરિકલ્)*a.* Globular: ગોળાકાર.2. Of or pertaining to a sphere:ગોળ સંબંધી. 3.Of or pertaining to the heavenly orbs: આકાશમાંના ગોળા ગ્રહ સંબંધી.

Sphericity,(સ્ફેરિસિટિ)*n.*Roundness:ગોળાઇ.

Spherics, (સ્ફેરિક્સ્)*n.* The science of the properties and relations of the circles, figures, and other magitudes of a sphere produced by planes intersecting: ગોળ શાસ્ત્ર;ગોળવિદ્યા;ગોલાધ્યાય.

Spheroid,(સ્ફીરૉઇડ્)*n.*[L.*sphaeroides*, balllike.] A body or figure appoaching to a sphere,but not perfectly spherical:ગોળકલ્પ-ગોલસદૃશ આકૃતિ. *Oblate*s.ચપટગોળ.*Prolate*s.: લંબગોળ.

Spheroidal (સ્ફીરૉઇડલ્)*a.* Having the form of a spheroid;ગોળકલ્પ;ગોળ પ્રાય;ગોળસદૃશ.

Spherule, (સ્ફેર્યૂલ્) *n.* A little sphere or spherical body:નાનો ગોળો;ગોળી;લઘુગોળ.

Spice,(સ્પાઇસ્)*n.* [L.*specio*,I look.]Species; kind: જાત. 2. A vegetable production of many kinds,fragrant or aromatic,and pungent to the taste:મસાલાની ચીજ;ગરમ મસાલો; તેજાનો.*vt.* To season with spice or as with spice:મસાલેદાર-વાળું બનાવવું.

Spicery, (સ્પાઇસરિ) *n.* Species in general: મસાલા માત્ર;મસાલા;તેજાનો. 2. A repository of મસાલા રાખવાની જગા-વખાર.

Spick,(સ્પિક્)*n.*A spike or nail:ખીલો. S.*and*

span,quite new:તાજું;નવું;નવું નકોર;કોરું કડકડતું.

Spicular,(સ્પિક્યૂલર્)*a*.[L.*speculum*,a dart.] Resembling a dart:અણીદાર;તીક્ષ્ણ.

Spicy,(સ્પાઇસિ)*a*. Fragrant;aromatic: મસાલાદાર. 2. Producing or abounding with spices:મસાલો ઉત્પન્ન કરતું-માં ઘણો હોય તેવું.

Spider, (સ્પાઇડર્)*n*. Any one of numerous species of arachnids:કરોળીઓ;અષ્ટપાદ.

Spigot, (સ્પિગૉટ્) *n*. A pin or peg used to stop the vent in a cask:નાનો ખીલો;પીપનો ડાટો

Spike,(સ્પાઇક્)*n*. [L. *spica*, a point] (*a*) A sort of very large nail:એક જાતનો મોટો ખીલો (*b*) A piece of pointed iron set with the points upward or outward: આર: આરી. *vt*. To fasten with spikes:લાંબા ખીલા ઠોકીને મજબુત ક૦. To stop the vent of (*a gun or cannon*) by driving a spike, nail or the like into it:ખીલા મારીને મ્હોં બંધ ક૦.

Spiky,(સ્પાઇકિ)*a*. Like a spike, spike like: ખીલાના જેવું 2.Having sharp point or sharp points:અણી-ધારદાર-વાળું.

Spile, (સ્પાઇલ્)*n*. A small plug or wooden pin,used to stop a vent:પીપનો ડાટો S.*hole*, a small air hole in a cask;a vent:પીપમાંનું નાનું કાણું.

Spill, (સ્પિલ્) *vt*. To suffer to fall or run out of a vessel; to let or suffer to be scattered:ઢોળાવા દેવું;વેરાવા દેવું; ઢોળવું;વેરવું. 2. To shed or suffer to be shed: કાઢવું; પાડવું. *vi*.To be shed; to run over: ઢોળાવું; વેરાવું.

Spin,(સ્પિન્) *vt*. To draw out and twist into threads:કાંતવું; નો દોરો કાઢવો-વણવો.*To* s.*a yarn*,to tell a story, *esp*,a long, fabulous story:લાંબી જોડી કાઢેલી વાત કહેવી;ગપ્પાંહાંકવાં.*To* s *street yarn*;to gad about gossiping:ગપ્પાં મારતા ભટકતા ફરવું.*vi*. To practise spinning: કાંતવું.2.To move round rapidly:ચકરચકર ફરવું.

Spinal, (સ્પાઇનૅલ્) *a*. [*spina*, the spine.] Rachidian; vertebral:વાંસાની કરોડ સંબંધી.

Spindle,(સ્પિન્ડલ્)*n*. The long,round, slender rod or pin in spinning wheels by which the thread is twisted:તરાક;ત્રાક;સ્પીન્ડલ.

Spine,(સ્પાઇન્) *n*. [L. *spina*, a thorn.] A rigid and sharp projection upon any part of an animal: પ્રાણીના શરીર ઉપર ઢેકો .2The backbone;or spinal column,of an animal; કરોડ;બરડાનું હાડકું.3. A ridge:ધાર.

Spinet,(સ્પિનેટ્)*n*.[L.*spina*,thorn.]A keyed instrument of music:એક જાતનું ચાવીવાળું વાજું.

Spinner,(સ્પિનર્)*n*.One who,or that which, spins;a spinning machine: કાંતનાર;કાંતવાનો સંચો;રેંટીઓ 2.A spider:કરોળીઓ.

Spinning,(સ્પિનિન્ગ્)*a*. & *n*. From spin:સૂતર કાંતનારું;સૂતર કાંતવું તે.

Spinning-jenny, (સ્પિનિન્ગ્જેનિ) *n*. An engine or machine for spinning wool or cotton:કાંતવાનો સંચો.

Spinning-wheel, (સ્પિનિન્ગ્-વ્હીલ્) *n*. A machine for spinning yarn&c:રેંટીઓ;ચરખો.

Spinosity, (સ્પાઇનૉસિટિ) *n*. The quality or state of being spiny or thorny:કાંટાદાર.

Spinous-Spiny, (સ્પાઇનસ્-સ્પાઇનિ) a. Spinose;thorny:કાંટાવાળું.2.Spinelike:કાંટા જેવું.

Spinster,(સ્પિન્સ્ટર્)*n*. A woman who spins or whose occupation is to spin: રેંટીઓ કાંતનારી સ્ત્રી-બાયડી 2.An unmarried or single woman:નહિ પરણેલી-કુંવારી સ્ત્રી.

Spiracle,(સ્પાઇરૅકલ્)*n*. [L *spiro*, I breathe.] The nostril or one of the nostrils of whales:વ્હેલ નામની માછલીનું નસકોરું.

Spiral,(સ્પાઇરૅલ્)*a*.Winding like the thread of a screw; helical: પેચ-સ્ક્રુના જેવું; ભમરીઆ કુવા જેવું.

Spire,(સ્પાઇર્)*vi*. [L *spiro*, I breathe.] The tapering part of a steeple, or the steeple itself:અણીદાર-વાળો મિનારો-શિખર. 2.The top, or uppermost point,of anything;the summit: શિખર;ટોચ;મથાળું.*vi*.To shoot forth, or up in, or as if in, a spire: ફણગા ફુટવા.*n*. [L. *spira*.coil,twist.]A spiral;a curl: વળ;વાંક.

Spirit,(સ્પિરિટ્)*n*. [L.*spiro*, I breathe].Life itself:જીવ;પ્રાણ.2 Life or living substance; vital essence,force or energy:જીવ;ચૈતન્ય;પ્રાણ. 3. The soul: જીવાત્મા. 4. A disembodied soul;the human soul after it has left the body:પ્રેતાત્મા;વિદેહીઆત્મા.(*a*)An apparition; a specter;a ghost: ભૂત; પિશાચ. 5. Energy, courage: હોંશ;ઉત્સાહ;પાણી.6.One who is vivacious or lively:ચંચળ-ચકોર માણસ.7.Temper:મિજાજ.Good*S*.:ખુશમિજાજ.*Low* s.:ઉદ્વેગ; ઉદાસીનતા 8.Any liquid produced by distillation:દારૂ.9.Essential portion;life: અર્ક; સત્વ. *Animal spirits* (*a*);લોહીનું ચૈતન્ય *Holy*S ,or *The*S (*Theol*)the spirit of God,or the third person of the Trinity; the Holy Ghost: પવિત્રાત્મા *vt*. To excite:હિંમત આપવી.

Spirited, (સ્પિરિટેડ્) *a*. Animated; full of vigor or life:જોસ્સાદાર.

Spirit lamp, (સ્પિરિટ્-લૅમ્પ્) *n*. A lamp in which alcohol or methylated spirit is burned:તેજાબનો દીવો.

Spiritless,(સ્પિરિટલેસ્)*a*.Destitute of spirit; dejected;depressed: ઉદાસ; ખેદ હોંશ જણાતું હોય તેવું;આનંદ-ઉત્સાહ વગરનું;બે હિંમત; નિર્જીવ.

Spiritual, (સ્પિરિટ્યૂઍલ્) *a.* Consisting of spirit;not material:incorporeal:પ્રાણરૂપી;આત્મરૂપી;જીવરૂપી 2.Intellectual:બુદ્ધિનું;માનસિક; આધ્યાત્મિક.3.Of or pertaining to the moral feelings or states of the soul:મનોભાવ-આત્મ સંબંધી-નુંવિષે.4. Pure holy:આત્માના મોક્ષ સંબંધી. 5.Not lay or temporal: જ્ઞાનમાર્ગનું. S. *preceptor*:ઉપાધ્યાય.S *father*:ધર્મપિતા-તાત

Spiritualism, (સ્પિરિટ્યૂઍલિઝમ્) *n.* The quality or state of being spiritual: ધાર્મિક હોવાપણું.2.The doctrine in opposition to the materialists, that all which exists is spirit,or soul:આત્મા સિવાય બીજું કાંઈ નથી એવો મત-વાદ; બ્રહ્મવાદ. 3. A belief that departed spirits hold intercourse with mortals by means of physical phenomena:વિદેહીઆત્મા; આત્માનો સંસર્ગ રાખી કાંઈ દૃશ્ય ચમત્કારો કરેછે એવો મત

Spiritualist, (સ્પિરિટ્યૂઍલિસ્ટ્) *n* One who professes a regard for spiritual things only;an ecclesiastic:ધર્મોપદેશક.2 One who maintains the doctrine of spiritualism: આત્મવાદી;બ્રહ્મવાદી. 3. One who believes in direct intercourse with departed spirits: વિદેહી આત્માનો સંસર્ગ માનનાર.

Spirituality, (સ્પિરિટ્યૂઍલિટિ) *n.* Incorporeality;heavenly mindedness:અધિદેવકપણું; પરમાર્થનિષ્ઠા;આત્મસ્વરૂપતા.

Spirituous, (સ્પિરિટ્યુઅસ્) *a.* Ethereal; immaterial;spiritual;pure: ચોખ્ખું.2.Consisting of refined spirit;alcoholic;ardent:જલદ;નિશો ચડાવનારૂં; તેજ.

Spissitude, (સ્પિસિટ્યૂડ્) *n* The quality or state of being spissated:ઘટ્ટતા;જાડાપણું

Spit, (સ્પિટ્) *vt* To eject from the mouth; to throw out,as saliva or other matter,from the mouth:કોગળો ક૦;થુંકવું 2.To eject;to belch; to throw out: બહાર કાઢવું-કાઢી નાખવું. *n.* Spittle; saliva:થુંક; લાળ. *vi.* To throw out saliva from the mouth:થુંકવું.

Spit-box, Spittoon, (સ્પિટ્બૉક્સ, સ્પિટૂન) *n.* A vessel to receive spittle:પીકદાન ;થુંકદાની

Spite, (સ્પાઇટ્) *n.* Ill-will or hatred toward another;grudge:દ્વેષ;ખાર;અંટસ.*In s of* or *s of*,notwithstanding:છતાંપણ.*To owe one a s.*, to entertain a mean hatred for him: -ના ઉપર નજીવી બાબત માટે ખાર રાખવો. *vt.* To be angry at:ના ઉપર ગુસ્સે થવું.

Spiteful, (સ્પાઇટ્ફુલ્) *a.*Filled with or showing spite;malignant; malicious:કીનાખોર.

Spittle, (સ્પિટલ્) *n.* A small sort of spade: એક જાતની નાની કોદાળી.Saliva;spit:થુંક;લાળ;બળ.

Splash, (સ્પ્લૅશ્) *vt.*To strike and dash about as water,mud,etc;to plash:પાણી-કાદવ વિગેરેના છાંટા ઉડાડવા *n.*A noise made by striking upon or in a liquid:છાંટા ઉડાડવાથી થતો અવાજ

Splash-board, (સ્પ્લૅશ્-બૉર્ડ્) *n.* A board in the front part of a vehicle, to prevent splashing by mud or water:ગાડીમાંછાંટાનહિ ઉડવા માટે રાખેલું પાટિયું.

Splashy, (સ્પ્લૅશિ) *a.* Full of dirty water;wet and muddy:કચરા-કાદવવાળું;મલિન;મેલું;કચરાળું.

Spleen, (સ્પ્લીન્) *n.* [Gr. *splen*, spleen]The milt:પાણથરી;બદરોગ;તાપાતલ્લી.

Spleeny, (સ્પ્લીનિ) *a.*Irritable:ચીડીયું.

Splendent, (સ્પ્લેન્ડેન્ટ્) *a.*[L *splendeo*,I shine] Shining;glossy;lustrous:ચળકતું; પ્રકાશિત.

Splendid, (સ્પ્લેન્ડિડ્) *a* Shining;very bright: પ્રકાશિત;ચકચકિત.2.Showy:ભભકાદાર.3.Illustrious;brilliant;famous:નામિચું;પ્રખ્યાત;પ્રસિદ્ધ.

Splendidly, (સ્પ્લેન્ડિડ્લિ) *adv.* In a splendid manner;magnificently:ભભકાબંધ રીતે.

Splendour, (સ્પ્લેન્ડૉર્) *n.* Brilliant luster; brilliancy:પ્રકાશ;તેજ;ચળકાટ;પ્રભા;શોભા;કાંતિ.

Splenetic, (સ્પ્લેનેટિક્) *a.*Malicious;spiteful; peevish:રોશી;ચીડિયું;ચીઢાઈ જાય તેવું.

Splint er, (સ્પ્લિન્ટ્-સ્પ્લિન્ટર્) *n.* A piece split off;a splinter:ફાટ-ચીર પાડેલો કકડો 2.A splint bone:ઉતરી ગયેલું,ભાગેલું હાડકું 3.A disease affecting the splint bones:ભાગેલા હાડકા સંબંધીનો રોગ.*vt.* To splinter;to shiver:ચીરવું; ફાડવું.

Split, (સ્પ્લિટ્) *vt.*[*Imp.&p p* **Split**]To divide lengthwise; to rive;to cleave:-ના ચીરા ફાડો ક૦;ચીરવું;ફાડવું. *vi.* To part asunder:ફાટવું;ચીરાવું.2 To separate into parties or factions: કુસંપ-ફાટફુટ થવાથી ભાગ ટોળીઓ-પક્ષ બંધાવા.*To s.on a rock*,to fail;to err fatally:નિષ્ફળ જવું; ઘણી મ્હોટી ચૂક ક૦. *n.* A crack, rent or longitudinal fissure:ચીરો;ફાટ;તરડ.

Sup,(સપ્)*vt.*To take into the mouth,to sip: નરમ પદાર્થ ખાવો.*n.*A small mouthful, as of liquor broth; a sip: ઘુટડો. *vi.* To eat the evening meal:સાંજનું ભોજન ખાવું.*vt.*To treat with supper: વાળુ આપવું પીરસવું.

Superable,(સ્યૂપરેબલ્)*a.* [L. *super*,above.] Capable of being overcome: કોઇ કામ બને તેવું;જીતી શકાય તેવું.

Super-abound,(સ્યૂપરઍબાઉન્ડ્) *vi.* To be very abundant;to be more than sufficient: જોઈએ તે કરતાં વધારે હોવું; પૂરતું હોવું.

Super-abundance, (સ્યૂપર્ઍબન્ડન્સ્) *n.* A superabundant quantity:અધિકતા;પુષ્કળતા.
Super-abundant, (સ્યૂપર્ઍબન્ડન્ટ્) *a.* Abounding to excess:વધારાનું;જોઇએતે કરતાં વધતું
Super-add, (સ્યૂપર્ ઍડ્) *vt.* To add over and over;to add to what has been added:વધારવું.
Super-annuated, (સ્યૂપર્-ઍન્યૂએટેડ્) *a.* [L. *Super*& *annus* year.] Impaired or disqualified on account of age or infirmity:ઘડપણથી ના લાયક થયેલું;વયાતીત.
Superb, (સ્યૂપર્બ્) *a.*[L.*super*,above.] Grand: magnificent;stately:પ્રૌઢ;મહાન;ભવ્ય;ભભકાદાર;ઉમદા.2.Rich; elegant:નકશીદાર;ભારે,કિમતી.
Supercilious, (સ્યૂપરસિલિઅસ્) *a.* [L *super*, & *cilium*, an eyelid.] Lofty with pride; haughty;arrogant:મીજાજી;મગરૂર;પતરાજીખોર.
Super-eminent, (સ્યૂપર્એમિનેન્ટ્) *a.*Eminent in superior degree:શ્રેષ્ઠ;સર્વોપરી; સર્વોત્તમ.
Super-excellent, (સ્યૂપર્એક્સેલેન્ટ્) *a.* Excellent in an uncommon degree;very excellent:અત્યુત્કૃષ્ટ;ઘણું અતિશય સરસ ઉત્તમ.
Superficial, (સ્યૂપર્ફિશૅલ્) *a.* Of or pertaining to the superficies or surface:સપાટીનું-જમીન પર પડેલું.2.Not deep or profound: ઉપર ઉપરનું;ઉપર ચોટિયું.
Superficies, (સ્યૂપર્ફિશીઝ્) *n.* [L. *super* & *facies*,make.] The superficial area, or face of a thing:લંબાઇ પહોળાઇ વાળી આકૃતિ;સપાટી.
Superfine, (સ્યૂપર્-ફાઇન્) *a.*Very fine or most fine:ઘણુંજ બારીક-ઝીણું સરસ;અતિસૂક્ષ્મ.
Superfluity, (સ્યૂપર્ફ્લ્યૂઇટિ) *n.* A greater quantity than is wanted:ખપ કરતાં વધારાનો અંશ;વધારો.2.The state or quality of being superfluous: નકામાપણું. 3. Something beyond what is needed:ફાલતુ.
Superfluous, (સ્યુપર્ફ્લ્યૂઅસ્) *a.* [L.*super*, & *fluo*,I flow.]Unnecessary:ફાલતુ;જ્યાસ્તી;ફાજલ.
Super-human, (સ્યૂપર્-હ્યૂમૅન્) *a.* Above or beyond what is human:અમાનુષ; દેવતાઇ.
Superintend, (સ્યૂપરિન્ટેન્ડ્) *vt* To have or exercise the charge and oversight of:દેખરેખ રાખવી;તપાસ રાખવી;નીગેબાની રાખવી.
Superintendence, (સ્યૂપરિન્ટેન્ડેન્સ્) *n.* Care and oversight for the purpose of direction;supervision:સરભરા;ઉપરીપણું;દેખરેખ.
Superintendent, (સ્યૂપરિન્ટેન્ડેન્ટ્) *n.*One who has the oversight and charge of some place,institution,or organization,affairs: તપાસ રાખનાર; નિગેબાની રાખનાર.
Superior, (સ્યૂપીરિઅર્) *a.* [L.*super*,above.] More elevated in place or position;higher; upper:ઉપરનું. 2. Higher in rank or office: ઉંચા દરજ્જાનું; ચઢીયાતું.3.Higher or greater in excellence:શ્રેષ્ઠ;ઉંચું.*n.*One who is above another in rank, station, office, age, ability etc:ઉપરી અધિકારી;ચઢિયાતો પુરૂષ.
Superiority, (સ્યૂપીરિઑરિટિ) *n.*The quality, state or condition of being superior:વડીલપણું;શ્રેષ્ઠતા;આધિક્ય;સરસાઇ;ઉંચો દરજ્જો;ઉંચપણું.
Superlative, (સ્યૂપર્લેટિવ્) *a* [L *superlatus*, excessive.] Lifted up to the highest degree;surpassing all other;supreme:સર્વોપરી; સૌથી સરસ 2. Expressing the highest or lowest degree of the quality,manner,etc: ઉત્કર્ષવાચક;અતિશયાર્થ વાચક; પરમાધિક્ય વાચક.*n.* That which is highest or most eminent: સર્વોત્કૃષ્ટ-સૌથી સરસ ચીજ.
Supernatural, (સ્યૂપર્નૅચ્યૂરૅલ્) *a.* [L. *super* & *natus*, born.] Being beyond,or exceeding,the powers or laws of nature:અદ્ભુત.
Supernumerary, (સ્યૂપર્ન્યૂમરરિ) [L. *super* & *numeris*, number.] Exceeding the number stated or prescribed:વર્ણવેલી-કહેલી. 2.Exceeding a necessary,usual or required number or quantity:ફાલતુ;ઉપલક;વધારાનું. *n.*A person or thing beyond what is necessary or usual:ફાલતુ-ઉપલક માણસ-ચીજ પદાર્થ.
Superscribe, (સ્યૂપર્-સ્ક્રાઇબ્) *vt.* [L. *super* & *scribo*, I write.] To write or engrave (a) *name,address* &c.)on the top or surface: ઉપર સીરનામું-પતો ઠેકાણું નામ વિગેરે લખવું.
Superscription, (સ્યૂપર્સ્ક્રિપ્શન્) *n.* The act of superscribing:ઉપર લખવું-સીરનામું લખવું તે.2.That which is written; an address on a letter:જે કાંઇ સપાટી ઉપર લખેલું-કોતરેલું હોય તે; શીરનામું.
Supersede, (સ્યૂપર્સીડ્) *vt* [L.*super* & *sedeo* I sit.]To come, or be placed, in the room of:-ને બદલે આવવું.2. To displace:-ને ઠેકાણે બીજો નિમવો. 3. To make void: નિરૂપયોગી કo; નિર્બલ કo.4. To omit:મૂકી દેવું.
Superstition, (સ્યૂપર્સ્ટિશન્) *n.* [L.*super* & *sto*,I stand.] An excessive reverence for, or fear of, that which is unknown or mysterious: વહેમ. 2. The worship of a false God or Gods:ખોટા દેવની ભક્તિ; પાખંડીધર્મમત. 3.Belief in the direct agency of superior powers:વહેમ;મૂઢવિશ્વાસ.
Superstitious, (સ્યૂપર્સ્ટિશસ્) *a.* Of or pertaining to superstition: વહેમ સંબંધી. 2. Evincing superstition:વહેમી;ભોળું;ખોટું;મિથ્યા.
Supervene, (સ્યૂપર્વીન્) *vi.*[L *super* & *venio* I come.]To be added;to take place;to happen:ઉમેરાવું;બનવું;થવું;આવવું;નિપજવું.

Supervise,(સ્યૂપર્વાઇઝ્)*vi.*[L *super* & *video,* I see.] To oversee for direction;to superintend:દેખરેખ રાખવી·કo 2.To look over so as to read:ઉપર જોઇને વાંચવું.

Supervision, (સ્યૂપર્વિઝન) *n.* Inspection; superintendence;દેખરેખ;નિઘેબાની;ચોકશી.

Supervisor, (સ્યૂપર્વાઇઝર) *n.* An overseer: ચોકસી તપાસ-તજ્ઞાસ-નિઘેબાની રાખનાર.

Supine,(સ્યૂપાઇન)*a.* Lying on the back, or with the face upward:ચત્તું;છતું; ચત્તાપાટ. 2. Negligent;heedless:આળસુ-બેદરકાર.

Supine, (સ્યૂપાઇન)*n.* [L. *supinus,* bent or thrown backward.]A verbal noun:કૃદંતના-મ;ભાવકૃદંત.

Supper,(સપર્)*n.*A meal taken at the close of the day;the evening meal:વાળુ;રાતનું ખાણું

Supperless, (સપર્લેસ્)*a.* Having no supper; deprived of supper:વાળુ કર્યા વગર વિના.

Supplant,(સપ્લૅન્ટ્)*vt.* [L.*sub*&*planta,* the sole of the foot.] To remove or displace by stratagem:યુક્તિથી પેચથી ખસેડવું-દૂર કo 2. To overthrow:-ને ખસેડીને તેને ઠેકાણે આવવું; ઉથલાવી નાંખવું;ઉંધું વાળવું; ઉખેડી નાંખવું.

Supple,(સપલ્)*a.* [Gr. *supplex,* suppliant.] Pliant:જલદી વળે એવું.2.Yielding;compliant: નમતી મૂકે એવું.3 Flattering;હાજી કરનાર.*vt* To make soft and pliant:નરમ-વળે એવું કo.*vi.*To become soft and pliant: સુંવાળું·વળેએવું થવું.

Supplement,(સપ્લીમેન્ટ્)*n* [L.*sub* & *pleo,* I fill]A part added to, a book or paper: અ-રતી;સાંધણ;ઉમેરો.*vt.* To fill up or supply by additions: પૂર્વણી કo; ઉમેરો-વધારો કo; સાંધવું; વધારવું; પરિશિષ્ટ જોડવું.

Supplemental-ary, (સપ્લીમેન્ટલ્-સપ્લીમેન્ટ-રિ)*a.*Additional:વધારાનું;પરિશિષ્ટરૂપ;સાંધણરૂપ.

Suppliant, (સપ્લિઍન્ટ્) *a.* Entreating; beseeching: આજીજી-કાલાવાલા-પ્રાર્થના કરતું. *n.* A humble petitioner:નમ્ર-અતિદીન-આજીજી-કાલાવાલા કરનાર;શરણાર્થી.

Supplicate, (સપ્લિકેટ્)*vt.* [L. *sub*&*plico,* I fold.] To entreat for:ને માટે પ્રાર્થના અરજ કo.

Supplication, (સપ્લિકેશન)*n.* The act of supplicating humble and earnest prayer, as in worship:કાલાવાલા;સવિનય પ્રાર્થના. 2.An earnest request:કાલાવાલા·આજીજી;અરજ.

Supplicatory, (સપ્લિકેટોરિ) *a.* Containing supplication:કાલાવાલાનું-વાળું;દીન;નમ્ર.

Supply,(સપ્લાઇ)*vi.* [L.*sub,* &*pleo,*I fill.] To fill up or keep full;to furnish with what is wanted:પુરૂં પાડવું.2.To serve instead of; to take the place of: ને ઠેકાણે આવવું. 3. To occupy to have the possession of:રોકવું;-નો હાવો,-કબજે હોવો.4.To provide: પુરૂં પાડવું. *n.* The act of supplying:પુરૂં પાડવું તે.2. That which supplies a want: જેથી તંગી પુરી પડેછે. થાય તે (*a*)Auxiliary troops:સહાયકારક-પાછળથી મદદમાટે આવી પહોંચેલું લશ્કર.(*b*)The food, and the like which meets the daily necessities of an army:ખોરાકનો ભંડાર.

Support,(સપોર્ટ) *vt.* [L. *sub* & *porto,*I carry.]To bear by being under;to keep from falling;to uphold:ટેકવી રાખવું નો ભાર ઝીલી રાખવો 2 To assist: મદદ આપવી.3.To maintain: -નું ગુજરાન ચલાવવું;-નું પાલનપોષણ કo.4.To carry on:નભાવી રાખવું.5. To aid;to help:મદદ-પુષ્ટિ આપવી. *n.* The act, state or operation of supporting,upholding,or sustaining:આધાર;ટેકો.2. That which upholds, sustains, or keeps from falling,as a prop,a pillar,or a foundation of any kind:ટેકો;આધાર;આશરો. 3.Subsistence;maintenance:ગુજરાન;નિભાવ.

Supportable, (સપોર્ટેબલ્) *a* Capable of being supported:ટકાવી શકાય તેવું.

Suppose,(સપોઝ્)*vt* [L *sub* & *pono,*I place.] To imagine or admit for the sake of argument or illustration;to assume to be true: ધારવું;માનવું 2.To imagine;to believe:ધારવું; માનવું;કલ્પવું.*vi* To think;to be of opinion: ધારવું;ના મતનું હોવું;માનવું.

Supposition, (સપોઝિશન) *n.* Hypothesis; conjecture;surmise:ધારણા;કલ્પના;અટકળ;ભાવના;અનુમાન;તર્ક;ઇષ્ટમત.

Supposititious,(સપોઝિટિશસ્) *a.* Not genuine; spurious; counterfeit: ખોટું;બનાવટનું.

Suppress,(સપ્રેસ્) *vt* [L. *sub* & *premo,* I press]To subdue; to put down; to quell: બેસાડવું;સમાવવું.2 To keep in;to restrain from utterance or vent: દબાવી રાખવું; ખાળવું. 3. To conceal:સંતાડી રાખવું.4 To stop:અટકાવવું.

Suppression,(સપ્રેશન)*n.* The act of suppressing or the state of being suppressed; repression:દમન;સ્તંભન;શમન;છૂપાવણી;ચોરી.2. Complete stoppage of a natural secretion:અટકાવ;અવરોધ.

Suppurate, (સપ્યુરેટ્) *vi.* [L. *sub* & *pus, puris,*matter.]To generate pus:-માં પરૂ ભરાવું;પાકવું.*vt.* To cause to generate pus:-માં પરૂ ભરાય તેમ કo;પકવવું.

Suppuration, (સપ્યુરેશન) *n.* The act or process of suppurating: પરૂ ભરાવું તે.2.The matter produced by suppuration:પાચ પરૂ.

Supremcacy,(સ્યૂપ્રેમસિ)*n.*The state of being supreme,or in the highest station of power; highest or supreme authority or power;

મોટો અધિકાર;સર્વોપરી અધિકાર;શ્રેષ્ઠતા;મુખ્યતા.

Supreme,(સ્યૂપ્રીમ્)*a.*[L *super*,above.]Highest in authority: સર્વોપરિ;શ્રેષ્ઠ; વરિષ્ઠ;પરમ.2. Highest;greatest;utmost:સર્વથી મોટું વધારે; અતિશય;ઘણું જ.S *monarch*:અધીશ્વર; મહારાજાધિરાજ;શાહેનશાહ. S. *court*: સદર અદાલત. The *Supreme*, the Almigty;God:પરમેશ્વર;ઇશ્વર.

Surcharge, (સર્ચાર્જ) *vt.* To overload; to overburden:માં ઉપર-વધારે જાસ્તીભાર ભરવો. 2. (*a*)To overstock:વધારે ભરવું.(*b*) To show an omission in(*an account*)for which credit ought to have been given: જે રકમ ઉધારવી જોઇએ તે નહિ ઉધારેલી બતાવવી.*n* An overcharge: જાસ્તી ભાર.2 વધારેલું ખર્ચ-તુર કિમ્મત.

Surd,(સર્ડ્)*a.*[L *surdus*,deaf.] Not having the sense of hearing;deaf:બહેરૂં.2.Unheard ન સંભળાયું હોય તેવું.3.Involving surds:કરણીવાળું. 4. Voiceless: અવાજ વિનાનું.*n.* (*Math*) A quantity which cannot be expressed by rational numbers:કરણી (*Phon*)A surd element of speech:અનુચ્ચારિત વર્ણ.

Sure (શર્) *a* [L. *se*, aside, & *cura* care.] Confident;positive: ખાતરીવાળું. 2 Certain to find or retain:ખચિતનિશ્ચિત;નક્કી.*To be*. s or *Be* s,certainly:ખાત્રી;ખાતરજમાંથી; ખરેખર.

Surely,(શૂર્લિ)*adv.* Certainly;undoubtedly; assuredly:નક્કી;ખચિત;બેશક;નિઃસંશય;ખસુસ.

Surety,(શૂર્ટિ) *n.* Certainty; security:ખાત્રી; નિર્ણય.2.Security against loss or damage: નુકશાની બદલ બાંહેધરી-રહામી અવેજ-તારણ. 4. (*Law.*) One who is bound with and for another who is primarily liable:જામીન;હોમી.

Surf,(સર્ફ્)*n.*The swell of the sea:દરિયાનું મોજું;લહેર;તરંગ;કલ્લોલ.

Surface,(સર્ફેસ્)*a.*[L.*super* & *facies*, face] The exterior part of anything that has length and breadth;superficies:ઉપરની બાજુ; પૃષ્ઠ;તળ;સપાટી. *Hence* outward or external appearance:બહારનો દેખાવ.

Surfeit,(સર્ફિટ્)*n.*[L. *sur* & *facea*,I make.] Excess in eating and drinking:અતિશય ખાનપાન;અતિભોજન.*vi.*To load the stomach with food;to eat to excess:ઘણું જ-અતિશય ખાવું.*vt.* To overfeed:અતિશય અકરાતીઆની પેઠે ખવડાવવું.

Surge,(સર્જ્)*n.* [L. *sub* & *rego*,I direct.] A spring; a fountain:ઝરો; ફુવારો. 2. A large wave or billow:મોટું મોજું. *vi.* To swell,to rise high and roll:મોજું આવવું.

Surgeon,(સર્જન)*n.* [Gr. *cheir*, the hand & *ergon*, work.]One whose profession is to cure diseases of the body by manual operation:વાઢકાપનું કામ જાણનાર;શસ્ત્રવેદ.

Surgery,(સર્જરિ) *n.* The art of healing by manual operation:શસ્ત્રવિદ્યા;વાઢકાપ;શસ્ત્ર વૈદક.

Surgical, (સર્જિકલ્) *a.* Done by means of surgery: શસ્ત્રવૈદનું સંબંધી-ના કામમાં આવે તેવું.

Surly,(સર્લિ) *a.* Arrogant;proud:મગરૂર; અહંકારી;ગર્વિષ્ઠ.2.Ill-natured:ચીઢીયું;દુષ્ટ;તોરી.

Surmise,(સર્માઇઝ્)*n* [L.*sur* & *mitto*,I send.] Suspicion; conjecture: વહેમ; સંદેહ;શક. 2. Reflection;thought:વિચાર;કલ્પના *vt.*To infer on slight grounds; વિચાર-કલ્પના ક૦; ધારવું.

Surmount,(સર્માઉન્ટ્)*vt.*[L.*sur* & *monter*, to mount.] To conquer;to overcome:જીતવું વશ-તાબે ક૦.2.To surpass:-થી શ્રેષ્ઠ-ચઢિયાતા હોવું.

Surmountable, (સર્માઉન્ટેબલ્) *a* Capable of being surmounted:જીતી-વશ કરી શકાય તેવું.

Surname,(સર્નેમ્)*n.*The baptismal or Christian name,and becomes a family name: ઉપનામ;કુળનામ; અવટંક. *vt.* To give a surname to:-ને ઉપનામ અટક આપવી.

Surpass,(સર્પૅસ્)*vt.* To go beyond in anything good or bad;to excel:-થી ચઢિયાતા થવું; અધિક થવું-નિવડવું;હઠાવવું.

Surpassing,(સર્પૅસિન્ગ્)*a* Eminently excellent;exceeding others:શ્રેષ્ઠ;સર્વોપરી; સર્વોત્કૃષ્ટ.

Surplice,(સર્પ્લિસ્)*n.*[L.*super*,& *pellicium* a robe of fur.]A white garment worn over another dress by the clergy:પાદરીનો ઝભ્ભો.

Surplus,(સર્પ્લસ્)*n.*Excess;overplus:ઉપરનો વધારો;ફાલતુ ભાગ;બાકીનો ભાગ;શેષ.*a.* More than sufficient:વધારાનું;ફાલતુ.

Surprise,(સર્પ્રાઇઝ્)*n.*[L. *sur* & *prehendo*,I take.]The act of coming upon,or taking, unawares;surprisal:ઉપર છાપો મારવો.2.A suddenly excited feeling or wonder or astonishment:અચંબો. *vt.* To seize or capture by unexpected attack: ઉપર છાપો મારવો. 2. To strike with wonder:વિસ્મય ક૦.

Surprising,(સર્પ્રાઇઝિન્ગ્) *a.* Exciting surprise:extraordinary:અજબ પમાડતું;આશ્ચર્યકારક.

Surrender, (સરેન્ડર્) *vt.* To yield to the power of another:તાબે-શરણ થવું.2. To give the possession of:-નો કબજો સોંપી દેવો 3 To yield;to render or deliver up:છોડવું;છોડી દેવું. *vi.* To give up one's self into the power of another:શરણ થવું.*n.*The act of surrendering:તાબે-વશ શરણ આધિન ક૦ તે.

Surreptitious,, (સરેપ્ટિશસ્) *a.* [L. *sub* & *rapeo*,I snatch.]Clandestine; stealthy:કપટનું;ચોરીનું;કપટ-દગાથી કરેલું;ખોટું;છાનુમાનુ.

Surrogate,(સરોગેટ્)*n.*[L.*sub* & *rogo*,I ask.] A deputy;a substitute:પ્રતિનિધિ;અવેજી;નાયબ;મુખ્ત્યાર.2. The deputy of an ecclesiast-

ical judge:ધર્મસંબંધી ન્યાયાધીશનો પ્રતિનિધિ. *vt.* To put in the place of another:-ના પ્રતિનિધિ ક૦;મુખત્યારની જગાએ મુકવું.

Surround,(સરરાઉન્ડ્)*vt.* [L.*super* & *unda*, wave]. To inclose on all sides: ઘેરી લેવું; ચારેપાસ ફરી વળવું 2.To lie or be in all sides of:-ની પાછળ ફરવું હોવું. 3.To pass arouud; to travel about:-ની પ્રદક્ષિણા ફરવી-ક૦.

Surrounding,(સરરાઉન્ડિન્ગ્)*a.*Inclosing;encircling:આસપાસનું; ઘેરી-આંતરી લેતું-લેનારૂં. *pl.* External or attending circumstances or conditions:આસપાસ-આજુબાજુની હકીકત.

Surveillance, (સર્વેલ્યૅન્સ્) *n.* [L. *super* & *rigilo*,I am watchful.]Watch;inspection: દેખરેખ;તપાસ:નિરીક્ષાની;જાપતો;નજરકેદ;ચોકી;પહેરો.

Survey,(સર્વે)*vt.* [L.*super* & *video*, I see.] To inspect;to take a view of:તપાસવું;તપાસી જોવું. 2.To view with a scrutinizing eye: તપાસીને-બારીકીથી જોવું.3.To examine and ascertain the state of:તપાસીજોવું.4.To determine the form extent,position,etc:-નીસર્વેઈ ક૦;માપવું.*n* The act of surveying:બધે ચોગમ ફરતી નજર; અવલોકન. 2. A particular view: તપાસ 3.The operation of finding the cantour, dimension, position,or other particulars of, any part of the earth's surface whether land or water:સર્વેઈ કામ;મોજણી.

Surveying,(સર્વેઇન્ગ્)*n.*The act or occupation of making surveys:સરવેઇકામ; મોજણી.

Surveyor,(સર્વેઅર્)*n.* An overseer;an inspector:ઉપર તપાસ-તપાસ રાખનાર.2 One who surveys or measures land:મોજણીદાર;સર્વેઅર

Survival,(સર્વાઇવલ્) *n.* An outliving: એક મુવા પછી બીજાએ જીવતા રહેવું તે.

Survive,(સર્વાઈવ્)*vt.*&*i.* [L.*super* & *vivo*,I live.]To livelonger than; to outlive:-ના મુઆ પછી જીવવું-જીવતા-હયાત રહેવું-હોવું.

Surviving,(સર્વાઇવિન્ગ્)*a.*Remaining alive; yet living or existing:જીવતું;જીવતું રહેલું.

Survivor,(સર્વાઇવર્)*n.*One who survives or outlives another person,or any thing:બીજાના મુઆ પછી-પછવાડે રહેનાર-જીવનાર; શેષ.

Susceptibility, (સસ્સેપ્ટિબિલિટિ) *n.* The capability of receiving impressions,or of being affected:ગ્રાહકત્વ;ગ્રહણશક્તિ;ગ્રહણશીલતા

Susceptible,(સસ્સેપ્ટિબલ્)*a.*[L *sub*&*capio*,I take.] Readily acted upon:-માં ઉપર ચડાવી-વધારી શકાય તેવું.2.Impressible:અસર થાયએવું

Suspect,(સસ્પેક્ટ્)*a.*[L.*sub* & *specio*,I look.] *vt.*To mistrust:શક-સંદેહ-વહેમ આણવો 2 To imagine to be guilty:વહેમ-અંદેશો આણવો. 3.To doubt; to distrust:-નો અવિશ્વાસ આણવો *vi* To imagine guilty;to be suspicious: -ના વિષે શક-વહેમ હોવો-આણવો.4.શકદાર.

Suspend,(સસ્પેન્ડ્) *vt.* [L. *sub* & *pendo*,I hang.] To attach to something above;to hang:ટાંગવું; લટકાવવું.2.To hold an undetermined or undecided condition:ઉધરાણામાં-અનિશ્ચિત રાખવું. 3. To debar, or cause to withdraw temporarily,from any privilege, from the enjoyment of income,etc:સસ્પેન્ડ ક૦;નોકરીથી દૂર ક૦.4. To cause to cease for a time from operation or effect; થોડી મુદત સુધી બંધ રાખવું-મોકૂફ ક૦. *To* s. *payment* to cease paying debts:દેવાળું કાઢવું.*vi.*To cease from operation or activity: થોડી મુદત સુધી બંધ રાખવું.

Suspense, (સસ્પેન્સ્) *n.* Indetermination; indecision:અનિશ્ચય;સંદેહ;ઉચાટ.2.A temporary cessation of one's right: મોકૂફી.

Suspension,(સસ્પેન્શન્) *n.* The act of suspending or the state of being suspended: લટકાવવું-ટાંગવું-ટંગાવું તે. 2. (*a*) Cessation of labour, study or pain: નિવૃત્તિ; આરામ; (*b*) Delay of decision:બંધી;મોકૂફી (*c*) Cessasion of payment of what is due:દેવાળું.(*d*)Delay of the action or execution of law: વિલંબ; વિલંબન.3. A keeping in doubt:ફચાટ; ઉચાટ જીવ.4.A stay or postponement of the execution,of a sentence;મોકૂફી;વિલંબS.*bridge* a bridge supported by chains, ropes, &c: ઝોલા પુલ.

Suspicion,(સસ્પિશન્)*n.* [L. *suspicio*,I mistrust.]The imagination or apprehension of the existence of something without proof:શક;વહેમ;અંદેશો;સંશય;વિકલ્પ.

Suspicious,(સસ્પિશસ્) *a.* Inclined to suspect:વહેમ-શક-અંદેશો પડતું;શંકાશીલ;વહેમી.

Sustain,(સસ્ટેન્)*vt.*[L *sub* & *teneo*,I hold.] To keep from falling; to support: નો આધાર ઝીલવો 2.To keep from sinking,as in despondence or the like; to support: ખુશીમાં રાખવું 3. To maintain:ગુજરાન ચલાવવું.4. To aid: મદદ-સહાય ક૦. 5. To endure without failing:ખમવું;સહન ક૦.*n.* A sustainer:ટકાવી રાખનાર;નિભાવનાર.

Sustenance, (સસ્ટિનૅન્સ્)*n.* [L. *sustinetia*, endurance.]Support; maintenance;subsistance:વૃત્તિ;ભરણપોષણ;ટેકો;નિર્વાહ; જીવન;ગુજારો.

Sustentation, (સસ્ટેન્ટેશન્) *n.* The act of sustaining;support:નિભાવ; પોષણ;ગુજરાન.

Suture,(સ્યુટ્યુર્)*n.*[L.*suo*,Isew.]The act of sewing;also the line along which two parts are sewed together:સીવણ;સાંધો;સાંધ.2.The

stitch by which the parts are united:ટેભા.

Suzerain,(સ્યૂઝેરેન્)*n.*[L.*sub* & *verto*,I turn.] A superior lord, to whom fealty is due;a lord paramount:ખંડિયાવતનો મુખ્ય સરદાર-રાજા.

Swab,(સ્વૉબ્) *vi.* To clean with a mop or swab:સાવરણીથી સાફ કરવું.*n.* A kind of mop for cleaning floors, the deck of vessels, etc:ભોંય વાળવાની-ઝાડવાની સાવરણી-કુચો.

Swaddle,(સ્વૉડ્લ્)*n.*A swarding band:લુગડાનો પટો;પરિવેષ્ટન.*vt.*To bind as with a bandage:લુગડાનો પાટો બાંધવો.

Swag,(સ્વૅગ્)*vi.*To sway;to swing:ઝોલો ખાવો.2. To sink down by its weight: ભારથી ઝુકી પડવું. *n.*A swaying, irregular motion: ઝોલાની અનિયમિત ગતિ.

Swagger,(સ્વૅગર્)*vi.*To walk with a swaying motion or in a pompous manner: ભપકામાં-ભપકાબંધ ચાલવું.*n.*The act or manner of a swaggeror:બડાઇ;ફુલાસ.

Swain,(સ્વેન્)*n.*A rustic:ગામડીઓ.

Swallow,(સ્વૉલો) *n.* Any one of numerous species of passerine birds:ચકલો;ચકલી.

Swallow, (સ્વૉલો) *vt.* To take into the stomach:ગળીજવું;ગટગટાવી જવું.2.To engross: દબાવી પડવું.*vi* To perform the act of swallowing:ગળીજવું. *n.* That which ingulfs; a whirlpool:ખાબોચિયું;મેલું પાણી ભરાયુંહોય એવો ખાડો

Swam,(સ્વૅમ્)*imp.*of **Swim**:તર્યું.

Swamp,(સ્વૉમ્પ્)*n.*Wet, spongy land;soft, low ground saturated with water:કાદવ-કચરા-કાંપવાળી જગ્યા.*vt.*To plunge or sink into a swamp:ભીની કાદવવાળી જગામાં રગદોળવું-બોળવું. *vi.*To sink or stick in a swamp:ભીની-કાદવવાળી જગામાં પડવું.

Swampy,(સ્વૉમ્પિ)*a.* Consisting of swamp; low,wet and spongy:કાંપ કાદવ-પાણીવાળું-નું જેવું

Swan,(સ્વૉન્)*n* Any one of numerous species of large aquatic birds:રાજહંસ.2.Swans, collectively;a flock of swans:રાજહંસનું ટોળું.

Sward,(સ્વોર્ડ્)*n.* Skin; covering:ચામડી; પડ. 2.The grassy surface of land:ઘાસવાળી લીસી જમીન.*vt.* & *vi.*To produce sward upon:-ના ઉપર ઘાસ ઉગાડવું.

Swarm,(સ્વૉર્મ્)*n.* A large number or mass of small animals or insects,especially when in motion:ન્હાના ચાલતાં-ઉડતાં જીવજંતુનું ટોળું. 2 A great member of honeybees:મધમાખીઓનું ટોળું.3.A great number or multitude: ટોળું.*vi.*To collect and depart from a hive by flight in a body (*said of bees*):ટોળું થઇને ઉડવું-ઉડી જવું. 2. To appear or collect in a crowd:ટોળાબંધ થવું-મળવું.

Swarthy,(સ્વૉર્થિ)*a.*Fawny:કાળાશ પડતું;શામળું.

Swathe,(સ્વેધ્)*vt.*To bind with a swathe,or bandage:વિંટાળવું.*n.*A bandage;a band:પાટો; પટો;બાળોતીયું.

Sway,(સ્વે) *vi.* To move or wield with the hand:ઝાલવું;વાપરવું; ગ્રહણ કo; ધારણ કo; ધરવું. 2.To rule;to govern:ઉપર અમલ રાજ ચલાવવું; રાજ કo. 3.To move or swing from side to side, or backward and forward: એક બાજુએથી બીજીએ હાલવું-ઝોલા ખાવા.*n.* A swinging motion:શસ્ત્રનો લસરકો-ઝપાટો.2. Rule;dominion;control:સત્તા;અમલ;શાસન;અધિકાર.

Swear,(સ્વેર્)*vi.* To affirm or utter a solemn declaration,with an appeal to God for the truth of what is affirmed: સોગન-ખાવા; પ્રતિજ્ઞા કo.2. To give evidence on oath:સોગન ઉપર જુબાની આપવી.3.To call upon God in imprecation;to use the name of God or sacred things profanely:ખોટા નકામા-અમથા-હલકી વાતમાં પરમેશ્વરના સમ લેવા-ખાવા-નું નામ લેવું. *To s by*,to place great confidence in a person or thing: કોઈ માણસ અથવા ચીજપર પૂર્ણ ભરૂંસો રાખવો. *To s. off*:-ની બાધા લેવી.*vt.* To utter or affirm with a solemn appeal to God for the truth of the declaration: સમ-સોગન ખાવા. 2. To declare or charge upon oath:કસમ-સોગન પ્રતિજ્ઞા ઉપર કહેવું.

Sweat,(સ્વેટ્)*vi.* [L. *sudor*, sweat.] To perspire:-ને પરસેવો છૂટવો. *vt.* To cause to perspire: પરસેવો-પસીનો આણવો.2.To flow from the pores:-માંથી ઝરવું.*n.*The fluid which is excreted from theskin of an animal:પરસેવો.

Sweaty,(સ્વેટિ)*a.* Moist with sweat:પરસેવાથી ભીનું થયેલું.2. Consisting of sweat;of the nature of sweat:પરસેવાવાળું;ઘામવાળું.

Sweep, (સ્વીપ્) *vt.* To brush or rub over, with a broom for the purpose of cleaning વાસીદું વાળવું; ઝાડવું. 2. To brush against or over;to rub lightly along: ઘસાઇ-અથડાઇ જવું 3.To carry with a long;swinging or dragging motion:ડોળથી આગળ ચાલવું.4.To pass over or traverse: ને જોઇ જવું. *vi.* To clean with a brush:વાળવું;વાસીદું વાળવું.2. To pass over anything comprehensively:-પર દૃષ્ટિ-નજર નાંખવી. *n.* The act of sweeping:વાળવું-ઝાડવું તે.2.The compass or range of a stroke સપાટો; ફેર; ઝપાટો. 3. *pl.* The sweeping of workshops:દુકાનોનો કચરો પુંજો.

Sweeper,(સ્વીપર્)*n.* One who, sweeps:વાળનાર;ઝાડનાર;ઝાડું કાઢનાર;ભંગીયો.

Sweeping,(સ્વીપિન્ગ્)*a.*Cleaning off surfaces; moving with swiftness and force;

carrying everything before it:સાફ કરવું;ઝપાટા અને જોસથી ચાલવું.

Sweet, (સ્વીટ્) *a* [L. *suavis.*] Having an agreeable flavor such as that of sugar:ગળ્યું;મીઠું;મિષ્ટ.2.Pleasing to the ear: melodious:મધુર;મીઠું;સુસ્વર.3.Fresh:મીઠું.4Pleasing to the mind:મનોહર;મનરંજક. *n.* Confectionary sweetmeats, preserves. etc.: મીઠાઈ;મીઠું મીઠું ખાવાનું;મિષ્ટ પદાર્થ; મિષ્ટાન્ન. 2. One who is dear to another; a darling:વહાલું-પ્રિય(માણસ);પ્રિયતમ;વલ્લભ;રમણ.

Sweeten,(સ્વીટન્)*vt.* To make sweet to the taste:મીઠું-ગળ્યું કo. 2. To make pleasing or grateful to the mind or feeling:-માં સુખ-આનંદ મૂકવો; માં મીઠાશ મૂકવી-વધારવી.

Sweet-heart,(સ્વીટ્-હાર્ટ્)*n.* A lover or mistress:પ્રિયા;લલના;વલ્લભા;પ્યારી;પ્રિયતમ;વલ્લભ;રમણ.

Sweet-meat,(સ્વીટ્ મીટ્)*n.* Fruit preserved with sugar:મીઠાઈ;ખાંડ પાયેલો મેવો.

Sweetness,(સ્વીટ્નેસ્)*n.*The quality or state of being sweet;agreeableness:મધુરતા;મીઠાશ.

Swell,(સ્વેલ્)*vi.* To grow larger: ઉપસવું;ફૂલવું. સુઝવું;-માં સોજો આવવો-ચઢવો.2.To increase in size:-નું કદ વધવું;પાણી ચઢવાં;પાણી ભરાવું. 3. To rise or be driven into waves or billows; to heave:-નું પાણી ચઢવું; ના મોજાં ઉછળવાં-ચઢવાં. 4. To be puffed up:ફુલાઈ જવું 5. To bulge out:ફૂલી-ઉપસીને બહાર નીકળવું 6.To be elated: મગરૂબ-અહંકારી થવું 7. To become larger in amount:રકમ-સંખ્યામાં મોટું થવું.*vt.*To increase the size,bulk &c:વધારવું;મ્હોટું કo.*n.* 1. The act of swelling:વધવું મ્હોટું થવું-કo તે; વૃદ્ધિ. 2. Gradual increase:ધીમો ધીમો ચઢાવ-વધારો-ચઢાવો.3.A wave or billow:મોજું;મોજાં;છોળો;તરંગ

Swelling,(સ્વેલિન્ગ્)*n.*The act of that which swells:સુઝવું-વધવું તે.*Especially,* (*Med*) an unnatural prominence or protuberance:સોજો.

Swelter,(સ્વેલ્ટર) *vi* To be ready to perish with heat:તાપથી મરણતોલ થઈ જવું2 To welter; to soak:ચૂસી જવું.*vt* To oppress with heat: તાપમાં મૂર્છાવિકાર કo.

Swerve,(સ્વર્વ્) *vi.* To go out of a straight line:આડું જવું;આડું ફંટાવું 2.To wander from a rule of duty:આડું અવળું ચાલવું 3 To bend: વળવું;વાંકું થવું.*vt* To turn aside:વાંકું કરવું.

Swift,(સ્વિફ્ટ્)*a.*Fleet;rapid:ઉતાવળું;વેગવાળું.

Swiftly,(સ્વિફ્ટ્લિ)*adv.* With quick motion or velocity;fleetly:જલદીથી;ઝડપથી;વેગથી.

Swiftness,(સ્વિફ્ટ્નેસ્)*n* Speed;quickness; celerity; velocity:ઉતાવળ;ત્વરા;ઝડપ;જલદી.

Swim,(સ્વિમ્)*vi.*To be supported by water; to float: તરવું; પ્રવાહી પદાર્થ ઉપર રહેવું. *vt.* To pass or move over or on by swimming: તરીને જવું.2 To compel or cause to swim: તરાવવું.*n.*The act of swimming: તરવું તે. *To be in the* s.:લાભ થાય એવી સ્થિતિ-જગામાં હોવું.

Swimming,(સ્વિમિન્ગ્)*a.*Capable of swimming:તરવા લાયક. *n.* The act of one who swims:તરવાનું કામ.

Swimmingly,(સ્વિમિન્ગ્લિ) *adv.* Smoothly; successfully:સફળતાથી;અડચણ વગર.

Swindle,(સ્વિન્ડલ્)*vt.*To cheat and defraud grossly: ઠગો કo;ધુતવું;ઠગવું.

Swindler,(સ્વિન્ડ્લર્) *n* One who swindles or defrauds grossly;a cheat:હરામખોર;ચોર.

Swine,(સ્વાઇન્)*n.Sing,& pl* Any animal of the hog kind,especially one of the domesticated species:સુંડ;સુઅર;ડુક્કર.

Swing,(સ્વિન્ગ્)*vi.*1.To wave;to vibrate; to oscillate:હીંચવું; ઝોલા ખાવા.2.To use a swing: ઝોલો ખાવો;હીંચકા ખાવા.*vt.*To cause to swing: ઝુલાવવું:હીંચકો નાંખવો.*n* The act of swinging: oscillation:ઝોલા ખાવા તે;ઝોલો.2.Influence or power of a body put in swaying motion: વેગ;સપાટો:3.Free course:છૂટ;મોકળો માર્ગ.

Swinge, (સ્વિન્જ્)*vt.* To chastise:ખુબ મારવું. 2. To move as a lash:ફટકા મારૂક હલાવવું. *n.* A swinging motion:ઝુલતી ગતિ. 2. Power: સત્તા;બળ.

Switch,(સ્વિચ્)*n.* A small, flexible twig or rod:ન્હાની સોટી.2 A movable part of a rail: રેલવેનો ખસેડી શકાય એવો ભાગ. *vt* To strike with a switch: ન્હાની સોટીથી મારવું. 2. To trim, as a hedge:ઉપરથી છાંટી નાંખવું.

Swivel, (સ્વિવેલ્)*n.* A piece, as a ring, or hook,attached to another piece by a pin: નચુકો;અંકોડો;હુક;આંકડો;ફરકી;ફરકડી.*vi.*To swing or turn, as on a pin or pivot: અંકોડા-નકુચા ઉપર ફરવું.

Swollen,(સ્વોલેન્)*a.* Enlarged by swelling: [સુઝવાથી મોટું થયેલું.

Swoon,(સ્વૂન્)*vi.*To sink into a fainting fit; to faint:બેશુદ્ધ-બેભાન થવું;મૂર્છા આવવી.*n* A fainting fit:મૂર્છા;બેશુદ્ધિ;બેભાન.

Swoop,(સ્વૂપ્)*vt.*To fall on at once and seize: એકદમ પકડીને ઝડપી લેવું.2.To seize:પકડવું.*vi.*To descend with closed wings from a height upon prey:શિકારપર ઉંચેથી એકદમ પાંખો બંધ કરીને ઉતરવું.

Sword,(સોર્ડ્) *n.*An offensive weapon,having a long and usually sharp pointed blade with a cutting edge or edges:સમશેર;તલવાર. S *cane*:ગુપ્તી.*To put to the* s.:મારી નાંખવું *Blade of a* s.:તરવારનું પાનું.To draw the sword:લડાઇ.

Swordsman,(સોર્ડ્સ્મૅન્)*n.*A soldier;a fight-

ing man:યોધ્ધો;સિપાઈ;લડવૈયો;સમસેરીઓ.

Swore,(સ્વૉર્)*Imp of* **Swear**:સમ-સોગન ખાધા

Sworn,(સ્વૉર્ન્)*p.p of* **Swear**:સમ સોગન ખાધેલા

Sycophancy,(સિકૉફન્સિ)*n*. [L *sycophantia*, deceit.] False accusation: ખોટું આળ. 2. Obsequious flattery: ખુશામત.

Sycophant,(સિકૉફન્ટ્)*n*. [L *sycophanta*, a slanderer] A mean or servile flatterer: નીચ-ખુશામતખોરમાણસ.*vt*.To inform against: ચાડી ખાવી. 2. To flatter obsequiously:-ની ખુશામત કo. [ing: ખુશામત કરવું-ચાળું-સરેલું.

Sycophantic,(સિકૉફન્ટિક્)*a* Meanly flatter-

Syllabic-cal, (સિલ્લૅબિક્-કલ્)*a*. [Gr. *syn* & *lambano*, I take together.] Of or containing a syllable:અક્ષર સંબંધી.

Syllable,(સિલ્લૅબલ્)*n*.[L. *syllaba*] An elementary sound, or a combination of elementary sounds,uttered together:એકસ્વર; અક્ષર.2.In writing or printing,a part of a word separated from the rest,and capable of being pronounced by a single impulse of the voice: લખાણ કે છાપવામાં જૂદો પડેલો ભાગ;વડીં.*vt*.To pronounce the syllables of: -ની વરડી બોલવી.

Syllabus,(સિલ્લૅબસ્)*n*.An abstract; a table of contents:ટાંચણ;ટિપ્પણ;સંક્ષેપ.

Syllogism,(સિલ્લૉજિઝમ્)*n*. [Gr.*syn*.&*lego*,I gather.]The regular logical form of every argument, consisting of three propositions,of which the first two are called the *premises*,and the last,the *conclusion*:અવયવ ઘટિત વાકય; આપેલી બે દલીલો પરથી એક ખરી કરવાની રીત; અવયવોપેતવાકય; ન્યાય.

Sylph,(સિલ્ફ્)*n*. [Gr *silphe*,a kind of grub.] A fairy:વનદેવી;વિદ્યાધરી;દિવ્યાંગના;પરી.

Sylvan,(સિલ્વન્)*a*. [L *sylva*,wood] Forest-like,*hence*,rural;rustic:જંગલ-રણ જેવું;રાની 2 Abounding in forests: જંગલવાળું-થી ભરપૂર. *n*.A fabled deity of the wood:-વનદેવી.

Symbol, (સિમ્બૉલ્)*n*. [Gr. *syn*, & *ballo*, I throw.] A visible sign or representation of an idea:નિશાની-લક્ષણ. 2. Any character used to represent a quantity:અક્ષર; ચિન્હ; સંજ્ઞા.3.A creed,or a summary of the articles of religion:ધર્મસિદ્ધાંત-સાર.

Symbolical,(સિમ્બૉલિકલ્)*a*. Of or pertaining to a symbol:ચિન્હ-લક્ષણરૂપ-ભૂત;ચિન્હવાળું.

Symbolize, (સિમ્બૉલાઇઝ્)*vi*. To have a resemblance of qualities or properties: ના ગુણ સરખા હોવા; મળતું આવવું. *vi*. To make to agree in properties or qualities: ગુણમાં મેળવવું-સરખાવવું. 2.To represent by a symbol; સંજ્ઞાથી જણાવવું.

Symmetrical,(સિમ્મેટ્રિકલ્)*a*. Involving or exhibiting symmetry;having its parts in due proportion as to dimensions: અવયવ શુદ્ધ;યથાપ્રમાણ;સપ્રમાણ;ડોળદાર;ઘાટબંધ.2 Having a common measure; commensurable: સાધારણ-સરખા માપનું-વાળું.

Symmetrize, (સિમ્મેટ્રાઇઝ્)*vt* To make proportional in its parts:આકારશુદ્ધ કo;સપ્રમાણ કo.

Symmetry,(સિમ્મેટ્રિ)*n*. [Gr.*syn*.with & *metron*,a measure.]A due proportion of the several parts of a body to each other:આકારશુદ્ધિ;યથાપ્રમાણતા; અંગસંયોગ;અવયવ સંજોગ.

Sympathetic,(સિમ્પૅથેટિક્)*a*.Sympathizing; inclined to sympathy: બીજાની દયા જાણનાર.

Sympathise, (સિમ્પૅથાઇઝ્) *vi*. To have a common feeling: બીજાના સુખેસુખી અને દુઃખે દુઃખી થવું;ની દાઝ દયા જાણવી.*vt*.To experience together:સાથે અનુભવ કo.

Sympathy,(સિમ્પૅથિ)*n*.[Gr *syn*,& *pathein*, to receive an impression from without.] Feeling corresponding to that which another feels; fellow-feeling: અકેકની દયા-દાઝ; બીજાના દુઃખની દયા;અનુકંપા;સમદુઃખિતા.

Symphonious, (સિમ્ફૉનિઅસ્)*a*.[Gr.*syn*, & *phone*, a sound.] Agreeing in sound; accordant;harmonious:એકરાગવાળું;મધુર;સુસ્વર.

Symptom,(સિમ્ટૉમ્)*n*.[Gr.*syn*,with&*pipto*, I fall.]Any affection which accompanies disease:લક્ષણ;રોગલક્ષણ.2.A sign:ચિન્હ-નિશાન.

Symptomatic, (સિમ્ટૉમૅટિક્) *a*. Of or pertaining to symptoms:લક્ષણભૂત-સૂચક.

Synagogue, (સિનૅગૉગ્)*n* [Gr.*syn* with & *ago*,I lead.] A congregation of Jews met for the purpose of worship: યાહુદી લોકોનો ધર્મ સમાજ-મંડળી સભા. 2. The building appropriated to the religious worship of the Jews:યાહુદી લોકોનું ધર્મ મંદિર.

Synchronal, (સિક્રૉનલ્) *a*. Synchronous; simultaneous:એક કાળે બને એવું;સમકાલીન.

Synchronism, (સિન્ક્રૉનિઝમ્)*n*. [Gr. *syn*, & *chronos*,time.]The concurrence of events in time; simultaneousness: એકકાળે બનવા હોવાપણું;સમકાળતા;સમકાલીનતા.

Synchronize, (સિન્ક્રૉનાઇઝ્)*vi*. To agree in time: વખત-કાળમાં મળતા આવવું.*vt*. To assign to the same date or period of time: એકજ સમયનું બતાવવું.

Syncope,(સિન્કોપી)*n*.[Gr.*syn* & *kopto*,Icut.] An elision or retrenchment of one or more letters or syllables from the middle of a word:વચલા અક્ષરનો લોપ-મધ્યાક્ષર લોપ. 2.

A fainting or swooning:મૂર્છા;બેભાન;બેશુદ્ધિ.

Syndic,(સિન્ડિક્)*n*.[Gr *syn* & *dike*,justice.] An advocate or patron; an assignee:કારભારી; વહીવટદાર; મુનીમ.

Syndicate,(સિન્ડિકેટ્)*n*.The office or jurisdiction of a syndic,a council, or body of syndics:અધિકારી અમલદારનોહોદ્દો;અધિકારી મંડળ.2.An association of persons officially authorized to negotiate some business: વહીવટ કરનાર-કારોબારી મંડળી.

Syne,(સાઇન્)*adv*. Afterwards; since:પછીથી; પાછળથી.2.Late:પછી; તેથી મોડા. *Conj*-Since; seeing:કારણ કે.

Synecdoche, (સિનેક્ડૉકી) *n*. [Gr. *syn*, *ek* & *dechomai*,I receive.]A figure or trope by which a part of a thing is put for the whole or the whole for a part:ઉપલક્ષણ;લક્ષણા

Synod,(સિનૉડ્)*n* [L *syn*,with & *odos*,way.] An ecclesiastical council to consult on church matters:ધર્મ સંબંધી મસલત માટે મળેલી ધાર્મિક મંડળી.

Synonym,(સિનૉનિમ્)*n*.[Gr *syn* & *onoma*,a name.]One of two or more words which are equivalents of each other: એકાર્થી શબ્દ.

Synonimous, (સિનૉનિમસ્) *a*. Expressing the same thing, or idea:એક અર્થનું; એકાર્થી.

Synopsis,(સિનૉપ્સિસ્)*n.pl*.**Synopses** [Gr. *syn* & *opsis*, view.] An abstract or summary of a discourse:સારાંશ;બધાનો સાર;સારગ્રંથ.

Syntax,(સિન્ટેક્સ)*n*.[Gr.*syn* & *tasso*,I put in order.]That part of grammar which treats of the construction of sentences;the due arrangement of words in sentences:વાક્યરચના;વાક્યવિચાર.

Synthesis,(સિન્થેસિસ્) *n*. *pl*. **Syntheses**. [Gr.*syn* & *tithemai*,to put.]The art or process of making a compound by putting the ingredients together; વસ્તુના જુદા જુદા ભાગો એકઠા કરવાનીરીત;સંયોજના;મિશ્રણ;એકીકરણ.

Synthetical, (સિન્થેટિકૅલ્)*a*.Of or pertaining to synthesis:એકીકરણ-સંયોજન સંબંધી.

Syphilis,(સિફિલિસ્)*n*.[Gr.*sys*,hog & *philos*, loving.]The pox,or venereal disease:ચાંદી; ટાંકી;ફિરંગ.

Syphilitic,(સિફિલિટિક્)*a*. Of or pertaining to syphilis;of the nature of syphilis:ચાંદી સંબંધીનું; ચાંદીવાળું.

Syriac,(સિરિઍક્)*a*.Of or pertaining to Syria; or its language: સીરીઆ અથવા ત્યાંની ભાષા સંબંધીનું વિષે.

Syringe,(સિરિન્જ્)*n*.[Gr.*syrinx*,a tube] A kind of small hand pump for throwing a stream of liquid:પીચકારી.*vt*.To wash and clean by injections from a syringe:પીચકારી મારીને સાફ ક૦.

System,(સિસ્ટેમ્)*a*.[L *syn* & *histemi*,to place or set.] A complete exhibition of essential in a rational connection:પદ્ધતિ;વ્યવસ્થા; રચના.**S**.*of philosophy*:દર્શન 2. Regular method:બંદોબસ્ત;ગોઠવણ.3.The whole body as a functional unity:શરીર;દેહ;પિંડ;અંગ.

Systematic-cal, (સિસ્ટેમૅટિક્-કૅલ્) *a*. Of, or pertaining to system;consisting in system; methodical:યથાક્રમ;યથાપદ્ધતિ;નિયમિત;વ્યવસ્થિત. 2. Proceeding according to system, or regular method:કાયદાસર:નિયમસર;ક્રમબંધી.

Systematize,Systemize,(સિસ્ટેમૅટાઇઝ્-સિસ્ટેમાઈઝ્)*vt*. To arrange methodically:ગોઠવણ ક૦;વ્યવસ્થા;રચના-ક્રમ ક૦.

T.

T, (ટી)The twentieth letter of the English alphabet,is a nonvocal consonant:ઇંગ્રેજી મુળાક્ષરનો વીસમો અક્ષર એના ઉચ્ચાર ત, થ, ધ; ટ, અને ઠ એવા જુદા જુદા થાય છે.

Tab,(ટૅબ્) *n*. The flap or latchet of a shoe fastened with a string or buckle:જોડા બાંધવાની દોરી.

Tabasher,Tabasheer,(ટૅબશર્ ટૅબશીર્)*n*.A concretion in the joints of the bamboo which consists largely or chiefly of pure silica:વાંસનું કપુર;વાંસની તપખીર;વંસક્ષીરી;વાંસકપૂર.

Tabby,(ટૅબિ)*n*. A kind of waved silk:લહેરીઆવાળું રેશમી કાપડ. *a*. Having a wavy appearance:લહેર આતનું-વાળું. *vi*. To water; to calender:લહેર પાડવી.

Tabernacle,(ટૅબર્નૅકલ્)*n*.[L.*taberna*,a hut.] The jewish temple;any other place of worship: યાહુદીઓનું મંદિર; ઇશ્વર ભક્તિનું મંદિર; દેરૂં. 4. The human body, as the temporary abode of the soul: પિંડ;દેહ.

Table,(ટેબલ્)*n*.[L. *tabula*, a board tablet.] A thin flat piece of wood, stone, metal or other material supported on legs:લખવા ચીતરવાને બનાવેલી પાટી;પીઠ;તક્તિ.2 The presentation of many items in one group:કોઠક; કોઠો.*Specifically*. (a)An index;a synopsis:

અનુક્રમણિકા;સારાંશ;સાર;તકતો;પત્રક.(*b*) (*Math.*) Any collection and arrangement in a condensed form of many particulars or values, for ready reference: કોષ્ટક; કોઠો. (*c*) (*Palmistry*.)The arrangement of the lines on the inside of a hand:હાથની રેખાઓ;સામુદ્રિક.3 An article of furniture: ટેબલ;મેજ. 4.Fare;entertainment:ખાનપાન;ખાણું;જમવા ખાવાનું;ભોજન.*To lay on the* **t**.,to postpone the consideration of, by a vote: મત લઈને અમુક વસ્તુપર વાદવિવાદ કરવાનો બંધ રાખીને તેનાં કાગળીયાં મેજપર મૂકી દેવાં *To serve* **t**. ચાકરીઓને ખાણું આપવું.*To turn the* **t**s,to change the fortune:નશીબ ફેરવવું.

Tableau, (ટેબ્લો) *n. pl.* **tableaux,**(ટેબ્લોઝ્) Picture: છબી;પ્રતિમા;ચિત્ર;મૂર્તિ;આબેહુબ છબી.

Table land (ટેબલ્લૅન્ડ્)*n* A plateau:ઉંચી સપાટ જમીન;માળા;સમસ્થળ;પર્વત સપાટી;ઉચ્ચસમભૂદેશ.

Tablet,(ટેબ્લેટ્) *n.* A small table: નાની મેજ. 2.A flat piece of any material for writing or drawing on:ચોરસ સપાટ કકડો;પાટી;પટ્ટ. 3. *pl.* A kind of pocket book: નાની નોંધપોથી; સ્મરણપોથી.

Taboo,(ટેબૂ)*n*.Interdiction:બંધી;મનાઇ;દુહાઈ. *vt.* To forbid; to interdict:સોગન દેવા.

Tabour,(ટેબર્)*n*.A small drum: ઢોલકી;પખાજ;પખાજ.*vi.* To play on a drum:ઢોલક વગાડવું.

Tabret,(ટેબ્રેટ્)*n*.A small drum: નાની ઢોલકી.

Tabular,(ટેબ્યૂલર્)*a*.Having a flat surface: સપાટ 2.Laminated:પડ વાળું.3.Set in squares ચોકડીઓ-ખાનાં પાડેલું 4.Arranged in a schedule પત્રક રૂપ; કોઠા રૂપ.

Tache,(ટેચ્)*n*. A catch; a loop: ગાળો;આંકડો; ચાંપ;પકડ.2. A spot, stain or blemish:ડાઘો.

Tachygraphy,(ટકિગ્રેફિ)*n*. [Gr *tachus*,quick & *grapho*, I write.] Shorthand writing; stenography:ઝડપથી લખવાનો હુનર-કળા.

Tacit,(ટૅસિટ્)*a*.[L.*taceo*, I am silent.] Done or made in silence;implied but not expressed: મુંગું;ગુપ્ત;માનસી;નિર્વિવાદ;અભિત;ફલિત.

Taciturn,(ટૅસિટર્ન)*a*.Habitually silent;not given to converse:અબોલ;અલ્પભાષી; થોડાબોલું.

Taciturnity,(ટૅસિટર્નિટિ)*n*.Habiutualsilence or reserve in speaking: અબોલપણું;મૌનત્વ.

Tack,(ટૅક્)*n*. A stain;a tache:દલંક;એબ;ડાઘો. 2.A peculiar flavour or taint:સ્વાદ;સોડમ.

Tack,(ટૅક્)*n*. A small, short sharp pointed nail usually having a broad flat head:ખીલી મેખ;ચૂંક.2.(*a*)A rope empolyed to pull the lower corner of a studding sail to the boom: ઘોસ-ગોસ-ગોઢ. (*b*) The part of a sail to which the tack is usually fastened: શઢના જે ભાગને ઘોસ જોડવામાં આવે છે તે ભાગ.*vt.* To fasten or attach: સાંધવું. 2. To attach or secure in a slight or hasty manner by nailing:જોડી મુકવું:વળગાડી મુકવું.

Tackle,(ટૅકલ્) *n.* Apparatus for raising or lowering heavy weights consisting of a rope and pully blocks:બે અથવા વધારે ઘરેડીવાળું યંત્ર;ઘરેડી.2 Any instrument of action;gear: સામાન;સરંજામ;સાહિત્ય;દાંતવાળું હથીઆર 2.The rigging and apparatus of a ship: વહાણના ડોલની મજબુતી રાખનારાં તથા શઢો લપેટવા ખોલવાનાં દોરડાં વીગેરે. *vt.* To supply with tackle: વહાણનો સામાન પુરો પાડવો.

Tact,(ટૅક્ટ્)*n*.[L. *tango*, I touch.] Sensitive mental touch;nice perception or discernment:કળવકળ;જુક્તિ;યુક્તિ;ચાતુર્ય;અક્કલ;ઉંડી પહોંચ.

Tactical,(ટૅક્ટિકલ્)*a*. Of or pertaining to the art of military and naval tactics:સેના-રચના-કવાયત સંબંધી.

Tactician,(ટૅક્ટિશન્) *n.* One versed in tactics:કવાયતી માણસ;વ્યૂહરચના કુશલ.

Tactics,(ટૅક્ટિક્સ્)*n* [Gr.*tasso*,*taxo*,I arrange] The art of disposing military and naval forces in order for battle:કવાયત;વ્યૂહ-સૈન્યરચના.

Tactile,(ટૅક્ટાઈલ્)*a*.[L *tango*,I touch.] Of or pertaining to the organs or the sense of touch:સ્પર્શ કરવા જેવું;સ્પર્શનીય;સ્પૃશ્ય.

Taction,(ટૅક્શન્)*n*. [L. *tactum*, to touch.] Touch;contact: સ્પર્શ સંબંધ.

Tactual,(ટૅક્ટ્યુઅલ્)*a*. Derived from touch: સ્પર્શરૂપ;સ્પર્શમૂલક.

Tadpole,(ટૅડ્પોલ્)*n*.The young aquatic larva of any amphibian:દેડકાનું કુમળું બચ્ચું.

Taff-rail, (ટૅફ્રેલ્) *n* The upper part of a ship's stern:ડબુસાનો ઉપલો ભાગ;ડબુસાનો કઠેરો.

Tag.(ટૅગ્)*n*. A direction card or lable: સરનામું લખવાની તકતી-ચીઠ્ઠી 2.The end,or catch word of an actor's speech; cue: એક પાત્રના બોલવાનો છેલ્લો શબ્દ.3.The rabble:તોફાની ટોળી; અહામજી ભામજી જેવા લોક.**T** *&rag*,the lowest sort: આમજી ભામજી. 4. A sheep of the first year:પહેલા વર્ષનું ઘેટું.*vt*.To fit with:ચીઠ્ઠી લગાડવી.

Tail,(ટેલ્)*n*.Limitation;abridgment:કોઈ અમુક વારસનેજ-મીલ્કત મળે એવો પ્રતિબંધ; સપ્રતિબંધત્વ.*Estate in* **t**.:સપ્રતિબંધદાય.

Tail,(ટેલ્)*n* The terminal and usually flexible posterior appendage of animal: પુંછ; પુંછડું. 2 The back,last,lower,part of anything:પૃષ્ઠભાગ;પીઠ;છેડો.**T**.*of a lock*,the lower end,or entrance into the lower pond:તળાવના નીચલા ભાગમાં જવાનો માર્ગ-દ્વાર.**T**.*spindle*, the spindle of the tailstock of a turning

lathe:સંઘાડાની ત્રાક.To *turn* **t.**,to run away નાશી જવું.*vt.* To follow or hang to, like a tail: પુછડાની માફક લટકવું. *vi.* (*Arch*)To hold by the end:છેડેથી મજબુત કરી લેવું.

Tailor,(ટેલર્)*n.*One whose occupation is to cut and make man's garments:દરજી;સઈ.

Tailor-bird,(ટેલર્-બર્ડ્) *n.* Any one of the numerous species of small Asiatic and East Indian singing birds:સુગ્રીવ;સુગરી.

Taint,(ટેન્ટ્)*vt.* [L.*tingo*, I dye.] (*a*)To imbue or impregnate, with something extraneous as odious,noxious or poisonous: (કશાનો)માઠો પાસ-રંગ બેસાડવો.(*b*)To corrupt: બગાડવું; માં વિકાર પેસાડવો.**2.**To stain;to sully; to tarnish:ને કલંક-એબદૂષણ-ડાઘ લગાડવો.*vi.*To be corrupted: મોં ફેરવવું; બગડવા માંડવું. **2.** To be affected with incipient putrifaction:માં પાસ બેસવો. *n.* Tincture;hue (*Obs.*): (માઠો) પાસ;રંગ.**2.**Stain;spot:કાળો ડાઘ;કલંક;એબ.

Taintless,(ટેન્ટ્લેસ્)Free from taint; pure: દોષ રહિત;નિષ્કલંક;વિકાર વગરનું;કલંક રહિત.

Take,(ટેક્)*vt.*To lay hold of; to grasp: લેવું; પકડવું.*Hence*,(*a*)to capture:પકડવું;ઝાલવું.(*b*)To copy;to delineate;to picture:લેવું;ઉતારવું;ચિત્ર છબિ-મૂર્તિ કાઢવી-લેવી;-ની છબી ઉતારવી.(*c*)To lead: દોરી લઇ જવું. (*d*) To remove; to withdraw (with *from*):કાઢી લેવું;પાન ક૦ (*e*)To partake of; to swallow:લેવું; ગ્રહણ-પ્રાશન ક૦;ખાવું; પીવું;પાન ક૦.(*f*)To admit;to accept:માનવું;કબૂલ રાખવું. *To* **t.***aim*,to aim:તાકીને જોવું;નિશાન માંડવું.*To* **t** *along*,to lead: દોરી લઇ જવું. *To* **t.** *arms*, to commence war:લડાઇ શરૂ ક૦.*To.***t.***away*, to carry off;to remove:ઝુંટી લેવું. *To* **t.** *breath*, to refresh one's self:આરામ લેવો;થોભવું *To***t.** *care*,to exercise care: સંભાળ લેવી.*To***t** *care of*;to care for:-ની સંભાળ રાખવી. *To***t** *down*, (*a*)to reduce:નીચે ઉતારવું.(*b*)To swallow:ગળી જવું.*To***t.** *effect*,to be efficacious: નો ગુણ અસર લાગવી-થવી;અમલમાંઆવવું. (*b*) To record: લખી લેવું.*To***t** *heart*, to take courage:હીંમત ધરવી.*To***t.***heed*,to be cautious:સાવધ-સાવચેત હોશીયાર રહેવું.*To* **t.** *heed to*, to attend to with care: સંભાળથી ધ્યાન આપવું. *To***t.** *hold of*,to seize;to fix on:પકડવું;ઝાલવું.*To***t** *horse* ઘોડાપર સ્વારી ક૦. *To* **t.***in*To cheat:ઠગવું;છેતરવું;ધૂતવું;મુંડવું;ફસાવવું.*To* **t** *in hand*, to undertake:માથે-હાથમાં લેવું.*To***t.***in vain* to employ as in an oath:નકામું લેવું-દેવું *To***t** *leave*,to bid farewell: સલામ ક૦;રજાલેવી. *To* **t** *notice*, to observe:ધ્યાન દઇને જોવું. *To* **t.** *off*, (*a*) to remove:ખસેડવું (*b*)To destroy: નાશ ક૦;લઇ લેવું. *To***t** *on*,to assume one's self;ધારણ ક૦;-માથે લેવું;ન્હોરવું.*To* **t** *order with*,to check:અટકાવવું. *To* **t.** *orders*, to enter same grade of the ministry:કોઈ ધર્માધિકારીની પદવી લેવી.*To* **t** *part* to share:ભાગ લેવો.*To* **t** *part with*,to unite with:સાથે સામેલ થવું-ભળવું.*To* **t** *the air*,(*a*)to walk in the air:હવા ખાવા જવું.*To* **t.**the *field*, to commence war:લડાઈ શરૂ ક૦.*To* **t.** *heart*, to feel sensibly:ઊંડો ઘાવ લાગવું.*To* **t** *up* (*a*) to raise:ઉપાડવું;ઊંચું ક૦.*To* **t**, *up arms*:શસ્ત્ર લઈને સામા થવું;લડવાને તૈયાર-સજ થવું.*To* **t.***upon one's self*,(*a*)To assume;to undertake:ન્હોરવું;-માથે લેવું. *To* **t.***a leaf of another's book*, to follow in the footsteps of:-ને પગલે પગલે ચાલવું;-નું અનુકરણ ક૦.*To* **t.***advice*,to consult others:બીજાઓની સલાહ લેવી-પૂછવી.*To* **t**.*fligt*, (*a*)to leave a place:જતા રહેવું;છોડીને નાશી જવું (*b*)To put to sea:દરિયે જવું;વહાણમાં બેસીને જવું *To* **t** *into one's head to do*,to conceive the idea of doing:કંઇ કરવાની મગજમાં ધુન લાવવી. *To* **t.***off from*,to lessen;to diminish:ઘટાડવું ઓછું-કમી ક૦.*To* **t** *one's chance*,to run a risk: to play for:નશીબ અજમાવવું; માં ઝોકાવવું.*To* **t.** *one's way*:રસ્તો કાપવો.*To* **t.** *sight*, to take aim:નિશાન-ચોટ તાકવું *To* **t** *to task*,to reprove to repremand:ઠપકો દેવો;ખખડાવવું *To* **t** *to the heels*,to run away:નાશી જવું.*To* **t.***umbrage*, to be angry:ગુસ્સે થવું.*To* **t**.*wind*,to become known or popular:પ્રકટ પ્રસિદ્ધ-જાહેર થવું;લોકપ્રિય થવું.*To* **t** *after*, (*a*)to copy;to imitate: નકલી કરવી;-ના પ્રમાણે ઉતારવું. *To* **t.** *on*,to be violently affected; to express grief: ઘણા ગભરાવું-અમુઝાવું. *To* **t.***up*,(*a*)to stop:વિરામવું; અટકવું;થોભવું. (*a*) To reform:સુધરવું.

Taking,(ટેકિંગ્)*a.* Alluring;attracting:લોભાવે એવું;લલચાવે એવું;લાલચમાં પડાય એવું.

Talc,(ટૅલ્ક)*n.*A soft mineral of a soapy feel and a greenish or grayish color:અબરખ;અભ્રક.

Tale, (ટેલ્) *n* A denomination of money nearly six shillings:ચીનમાં વપરાતો છ સીલીંગની કિંમતનો એક સિક્કો.

Tale,(ટેલ્)*n.* Narrative;discourse: વાત;કથા.

Tale-bearer,(ટેલ્બેરર્)*n.*One,who officiously tells tales:ઠેરઠેર વાતો કહેતો ફરનાર;ચાડીઓ.

Talent,(ટૅલેન્ટ્)*n* [L. *tollo*, I lift up.] Intellectual ability; skill; faculty:શક્તિ;મતિ બુદ્ધિ;અક્કલ.

Talented,(ટૅલેન્ટેડ્)*a.*Possessing talent:બુદ્ધિમાન;સંસ્કારી;અક્કલમંદ; હુન્નરમંદ; હોશીઆર.

Talisman,(ટૅલિસ્મૅન્)*n.pl* **Talismans,**[Gr. *telesma*,tribute.] A magical figure cut or engraved under certain superstitious observances of the configuration of the hea-

vens:તાવીજ;મંત્ર;માદળીઉં;દોરો;ચિઠ્ઠિ.

Talismanic,Talismanical, (ટલિસ્મૅનિક્-કૅલ્)*a* Having the properties of a talisman; magical:જાદુ જેવું;માયાવી;તાવીજનું;તલિસ્માતી.

Talk,(ટૉક્)*vi.* To utter words; to converse familiarly:બોલવું;વાતચીત કરવી.*Tot of*,torelate કહેવું.*vt.*To speak freely:બોલવું.2.To change the mind of by talking:વાતે ચઢાવીને (કોઈનું) મન-મત બદલવો.*n.*The act of talking; familiar converse:વાતચીત; વાતના સપાટા.

Talkative,(ટૉકટિવ્)*a.*Given to much talking:વાતોડીયું;બહુ બોલું;બડબડીયું; લવારીખોર.

Talker,(ટૉકર્)*n.*One,who talks:વાત કરનાર;

Talking,(ટૉકિંગ્) *a.* Able to utter words: બોલે-વાત કરે એવું.2.Given to talk:જેની વાત પુરી ન થાય એવું.

Tall,(ટૉલ્)*a* High in stature:ઉંચુ;ઉન્નત-સંબૂસ

Tallness,(ટૉલ્નેસ્)*n.* The quality of being tall:ઉંચાઇ;ઉંચાણ.

Tallow,(ટૅલૉ)*n.* The fat of animals of the sheep and ox kinds:ચરબી;ગાય ઘેટાંની ચરબી; મજ્જા. 2. The fat obtained from certain plants: છોડવા વીગેરેમાંથી કાઢેલી ચરબી. *vt.* To grease or smear with tallow:ચરબી લગાડવી. 2. To fatten:જાડું કo.

Tally,(ટલિ) *vt.*To cause to fit:ખીલા સાથે મળતું બનાવવું;-નો મેળ મેળવવો.*vi.*To suit;to match: બેસતું-મળતું આવવું;સરખું ઉતરવું.2. To score:મેળ-તાળો લખવો.

Talon,(ટલન્)*n.*[L.*talus*,the heel.]The claw of a bird of prey: શિકારી પક્ષીના પગનો નખ; પંજો;નખોરીયાં.

Talus,(ટલસ્)*n.* A slope:ઢોળાવ;કિલ્લાની ભીંતનો ઉતરતો ઢાળ;ખડકના કડકાનો ઢોળાવ પડતો ઢગલો.

Tamable, (ટૅમેબલ્) *a.* Capable of being tamed:પળાય એવું; હેલવાય;વશ્ય.

Tamarind,(ટૅમરિન્ડ્)*n.*A leguminous tree, cultivated in both the Indies,for the sake of its shade and its fruit:આમલીનુંઝાડ;આમલી

Tambour,(ટૅમ્બર્) *n.*A tambouring:ખંજરી; ડફ તબલો.2 A small frame commonly circular,used for stretching:ભરત ભરવાનું ચોકઠું.

Tambourine,(ટૅમ્બરીન્)*n.* A small drum; a timbrel:ખંજરી;વાડકાનું ડફ.

Tame,(ટેમ્)*vt.*[L.*domo*,I tame.] Domestic; domesticated:પાળેલું;હળી ગયેલું. 2. Subdued: દબેલ ને દબેલ રહેનાર; ધપ્પાખાઉ *vt.* To domesticate:પાળવું;હેળવવું 2.To subdue;to repress: વશ કરવું;તાબે કo.

Tameness,(ટેમ્નેસ્)*n.*The quality of being tame:નમ્રતા;નામર્દી,પરાક્રમહીનતા;ગરીબી.

Tamper,(ટૅમ્પર્)*n.* One,who tamps:સુરંગનું મોઢું પુરી નાંખનાર.2.A tamping iron:સુરંગનું મોં પુરવાનું લોખંડનું ઓજાર-હથીયાર.

Tamper,(ટૅમ્પર્)*vi.* To meddle:છેડવું;સતાવવું; છાડછેડ કo.2 To meddle so as to alter a thing કંઇ પણ ચીજ બગડે તેમ તેમાં અમથો હાથ ઘાલવો; ને અડકવું 3.To deal unfairly:કપટ-છળથી વશ કo.

Tan,(ટૅન્)*n.*The bark of the oak,&c., bruisedand broken by a mill for tanning hides ચામડું કમાવવાને છુંદી ચચરડી તૈયાર કરેલી ઓક વીગેરે ઝાડની છાલ.*vt.*To convert *the skin of an animal*,into leather:કમાવવું;કેળવવું.2.To get or become tanned:કમાવું,કેળવાવું.

Tang,(ટૅન્ગ્)*n.* A strong or offensive taste: સ્વાદ 2.A sharp,specific flavor or tinge:પારો;રંગ. *vi.* To ring:માટેથી અવાજ કરવો.*vi.* To make a ringing sound:ખણખણતો અવાજ થવો.

Tangency,(ટૅન્જેન્સિ)*n.*The quality of being tangent;a touching:સ્પર્શ; સ્પર્શતા;સ્પૃશતા.

Tangent,(ટૅન્જેન્ટ્)*n.* [L. *tango*,I touch.] A tangent line,curve or surface:સ્પર્શરેખા-લીટી *Artificial or Logarithmic* t.:સંપાતરેખા. *a.* Touching:અડકતું;સ્પર્શકરતું.

Tangibility,(ટૅન્જિબિલિટિ)*n.*The state of being tangible:સ્પર્શયોગ્યતા;વેદ્યતા;સુસ્પષ્ટતા.

Tangible,(ટૅન્જિબલ્)*a.* [L *tango*, I touch.] Tactile; palpable:સ્પર્શેન્દ્રીયથી જણાય એવું.2. Real;substantial:(મનથી)સાફ લાગે-દેખાય એવું. સ્પષ્ટ;વાસ્તવિક.

Tangle,(ટૅન્ગલ્) *vt.* To unite or knit together confusedly:ગુંચવી નાંખવું.2.To involve; to entrap:ફસાવવું. *vi.* To be entangled: ગુંચવાઇ જવું. 2. A knot of threads or other things united confusedly;a snarl:આંટી;ગાંઠ.

Tank,(ટૅન્ક્)*n.*A small Indian dry measure, averaging 240 grains in weight: ૨૪૦ ગ્રેનનું માપ;ટાંક.

Tank,(ટૅન્ક્)*n.*[L. *stagnum*,a pool.]A large cistern:મોટી ટાંકી;બાંધેલું તળાવ;કુંડ;હોજ;ટાંકું.

Tankard,(ટૅન્કર્ડ્)*n.*A large drinking vessel: ઢાંકણવાળું પીવાનું પવાલું-વાસણ.

Tanner,(ટૅનર્)*n.* One whose occupation is to tan hides:ચમાર; ખાલપો; ચામડી...

Tannery,(ટૅનરિ)*n.*A place where the work of tanning is carried on: ચામડા કમાવવાની જગા.2.The art of tanning:ચામડાં રંગવાનો હુનર.

Tan-pit,(ટૅન્પિટ્)*n.* A pit for a tanner:ખાલપા-ચમારની કુંડી; ચામડિયાનો કુંડ.

Tantalize,(ટૅન્ટલાઇઝ્)*vt.*To tease;to torment ટીમટીમાવવું; ટગમગાવવું;ટીટળાવવું.

Tantalising,(ટૅન્ટલાઇઝિન્ગ્)*a.* Teasing:લાલચ આપી ટમટમાવવું;મૃગજળ બતાવવું.

Tantamount,(ટૅન્ટૅમાઉન્ટ્) *a.* [L. *tantus*, so

great] Equivalent in value: બરોબર;સરખું. *vi*.To be equivalent:બરોબર એક સરખુ થવું.

Tanyard,(ટૅન્યાંર્ડ્)*n*.A tannery:ચામડા રંગવાનું કારખાનું જગ્યા.

Tap,(ટૅપ્)*vt*.To touch gently;to pat:ને કરાનો ટચકો-ટકોરો મારવો;થાબડવું.2.To put a new sole or heel on:નવું તળીયું મુકવું.*n* A gentle blow: a pat: ટચકો;ટકોરો; થબડાટ;ટપલી. *vi*. To strike a gentle blow:ધીમે રહીને થબડાક ટકોરો મારવો.

Tap,(ટૅપ્)*n*. A hole or pipe through which liquor is drawn:દારૂ ખેંચવાની નમી અગર છિદ્ર. 2. A faucet:પીપનું કાણું બંધ કરવાને ડાટો;ડુચો. *On* t.(*a*)ready to be drawn: ખેંચવાને તૈયાર. *vt*. To pierce so as to let out a fluid: પ્રવાહી પદાર્થ નીકળે એટલા માટે કાણું પાડવું. 2 To draw by piercing:કાણું પાડીને કાઢી લેવું;-માંથી ધાર કાઢવી.

Tape,(ટેપ્)*n*. A narrow band of cotton or linen:પાટી-નાડું;ફીત.2.A tape-line:માપવાનીફીત

Taper,(ટેપર્)*a*.A small wax candle;a small light:ટુંકડી મીણબતી;દીવો.*a*.Conical:છેડેઅણીઆળુ થવું.*vi*. To become gradually smaller toward one end-એક છેડેથી પાતળું થવું.*vt*.To cause to taper:એક છેડા તરફથી પાતળુ થતું જાય તેમ ક૦.

Tapering,(ટેપરિંગ્)*a*.Becoming gradually smaller at one end: શંકુ આકારનું;શંકવાકાર.

Tapestry,(ટૅપેસ્ટ્રિ)*n*. [L.*tapete*,a carpet) A fabric,usually of worsted worked upon a warp of linen or other thread by hand: ભીંતના પડદા; બુટ્ટાદાર પડદા.*vt*. To adorn with tapestry:ઉપર પિછવાઈ નાંખવી-જડવી

Tapster,(ટૅપ્સ્ટર્)*n*.One,whose business is to draw ale or other liquor:દારૂ કાઢનારો-ખેંચનાર

Tar,(ટાર્)*n*. A sailor:ખારવો. 2.A thick,black,viscous liquid obtained by the distillation of wood, coal, &c: વિલાયતી સરળ તથા "ફર"ના લાકડામાંથી નીકળતો પદાર્થ જે ડામરને ઠેકાણે વપરાયછે તે વિલાયતી ડામર;કોલતાર.*vt* To smear with tar:વિલાયતી ડામર લગાવવો.

Tardiness,(ટાર્ડિનેસ્)*n*.The quality of being tardy:મંદ-સુસ્તપણું :ધીમાશ;દીર્ઘસૂત્રતા;મંદતા.

Tardy,(ટાર્ડિ)*a*.[L.*tardus*, slow.] Slow: ધીમું; ઠંડું;સુસ્ત;મંદ.2.Late:વિલંબી;મોડું.

Tare, (ટેર્) *n*. The allowance of a certain weight which the seller makes to the buyer on account of the weight of such cask;&c :બારદાન; કપાત;બાદ;છુટ;વળતર. *vt*. To mark the tare of the goods:બારદાન નક્કીક૦.

Target,(ટાર્જેટ્)*n*. A kind of small shield: નાની ઢાલ.2 A butt or mark to shoot at,for practice,test,&c :નિશાન;લક્ષ;ચોટ તાકવાનુંનિશાન.

Targum,(ટાર્ગમ્) *n*. A translation or paraphrase of some portion of the Old Testament Scriptures in the Chaldee or Aramic language or dialect: બાઇબલનું ખાલ્ડી ભાષામાં કીધેલું ભાષાંતર કિંવા વિવરણ.

Tarriff,(ટૅરિફ્) *n*. A schedule, or system of duties imposed by the Government of a country upon goods imported or exported: દાણ-જકાત-કરની યાદી 2. The duty so imposed:જકાત.

Tarnish,(ટાર્નિશ્)*vt*.To soil or change the appearance of;to destroy the luster of:ઝાંખું; પાડવું.(*as glory*):-ને કલંક લગાડવું.*vi*. To lose luster:તેજ-ચળકાટ જતો રહેવો. *n*. Stain; soil; blemish:ડાઘ;ડાઘો;ઝાંખ;કલંક.

Tarpaulin,(ટાર્પોલિન્)*n*.A piece of canvas covered with tar:ડામરલગાડેલું કંતાન;તારપત્રી.

Tarry,(ટૅરિ)*a*.Consisting of or covered with tar;like tar:ડામરવાળું-ચઢાવેલું.*vi* [L.*tardus*, slow.] To stay or remain behind: ઉભા રહેવું;રાહ-જોવી.2 To wait for:ની રાહ જોવી.

Tart,(ટાર્ટ્)*a*. Acid;sour:ખાટું; ખાટું બડસ. 2. Sharp; keen:માથામાં વાગે એવું;આકરૂં.

Tartar,(ટાર્ટર્)*n*.A reddish crust or sediment in wine cask:દ્રાક્ષના દારૂના પીપના પાસાઓમાં બંધાઈને ચોંટી રહેલો ખોટો પોપડો.

Tartar,(ટાર્ટાર્)*n*.A native or inhabitant of Tartary in Asia: તાતાર દેશનું માણસ *To catch a* t :બળિયા સાથે બાથ ભીડવી

Task,(ટૅસ્ક્)*n* [L.*taxo*,I estimate.]Labor or study imposed by another,work imposed: આપેલું-સોંપેલું-કામ;પાઠ 2 Business; employment:કામ.*vt*. To impose a task upon:-ને કામ આપવું.2 To take to task; to reprove: ઠપકો દેવો.

Tassel,(ટૅસેલ)*n*.A male hawk:નર બાજપક્ષી.*n*. [L.*taxilus*,a little die.] A pendent ornament,attached to the corners of cushions to curtains,and the like:ઝુલ;ઝુમખો;ફુમતું.2. The flower or head on some plant:.કોઈ છોડનું ફુલ-ટોચ;(ઘાસનો)ડોડો;ચમરી.*vi*.To put forth a tassel or flower:ચમરી ફુટવી. *vt*. To adorn with tassels:ઝુલ-ફુમતાં મુકીને શણગારવું.

Tastable,(ટેસ્ટેબલ્)*a*.Capable or worthy of being tasted;relishing:સ્વાદ લેવા જેવું.

Taste,(ટેસ્ટ્)*vt*. [L. *taxo*, I estimate.] To try by the touch of the tongue:ચાખવું;-નો સ્વાદ લેવો 3.To try by eating a little;to eat a small quantity of:ચાખવું;ચાખી જોવું. 4. To experience:-નો અનુભવ લેવો.*vi*.To try food with the mouth:ચાખવું.*n*. The act of tasting:gustation:ચાખવું તે;સ્વાદ. 2. Flavor:લહેજત;મજા;રસ.3. One of the five senses by

which certain properties of bodies(called their *taste,savor, flavor*)are ascertained by contact with the organs of taste:રસેંદ્રિય.4 Liking:શોખ;રૂચિ;ચટ.5.Discernment:રસિકતા.*Devoid of* **t.**:અરસિક.

Tasteful,(ટેસ્ટ્ફુલ્)*a*.Having a high relish; savory:સ્વાદિષ્ટ;રૂચિકર;મિષ્ટ;રસિક;સરસ;રસજ્ઞ.

Tasteless,(ટેસ્ટ્લેસ્) *a*. Having no taste; insipid;flat:સ્વાદ વગરનું;મોળું;મચાક;ફીકું;બેસ્વાદ.

Tatter,(ટેટર્)*n*.One who makes tatting:સુતરાઉ દોરાની ફીત બનાવનાર. *n*. A rag or a part torn and hanging:ચીંથરાં;ફાટેલા કપડાના કકડા. *vt*.To rend or tear into rags:ફાડવું.

Tattle,(ટેટલ્) *vi*.To prate;to talk idly:લવારો ક૦.2 To tell tales:છાની વાત કહી દેવી;ચઘાડી ક૦; ચુગલી ક૦;-ની ચાડી ખાવી.*n*. Idle talk or chat; trifling talk;prate:ગપાટા;ગપસપ.

Tattler,(ટેટ્લર્)*n*.An idle talker; one who tells tales:લવારો કરનાર; વાત કહી દેનાર;ચાડીયો.

Tattoo,(ટેટૂ)*n* A beat of drum,or sound of trumpet;at night,giving notice to soldiers to retreat:લશ્કરને રાત્રે પાછા ફરવાની નિશાની તરીકે પડઘમ વગાડીને કે તતુડી ફુંકીને કરેલો ઈસારો.*vt*. To color as the flesh by pricking in coloring matter:છુંદણાં છુંદવાં.*n*. *pl*. An indelible mark made by puncturing the skin:છુંદણાં.

Taunt,(ટૅન્ટ્)*a*[L.*tantus*,of such size]*vt* To revile;to jeer at:મ્હેણાંમારવાં; ટોણો મારવો. *n*. Upbraiding language:મેહેણું;ટોણું.

Taurus,(ટૅારસ્)*n*.[Gr.](*a*)The bull:બળદ;બેલ. વૃષભ.(*b*)A zodiacal constellation:વૃષભરાશી.

Tautological,(ટૅાટૅાલૅાજિકલ્)*a*. Having the same signification: એકના એક અર્થરૂપ-વાળું; પુનરૂક્ત.

Tautology,(ટૅાટૅાલૅાજિ)*n* [Gr *tantos*,the same & *lego*,I speak.]A repetition of the same meaning in different words: તેનો તે અર્થ જૂદા જૂદા શબ્દોથી કહ્યાં ક૦ તે;પુનરૂક્તિ;અનુવાદ.

Tavern,(ટેવર્ન)*n*.[L.*taberna*,a hut.] *Esp*. A public house licensed to sell liquors in small quantities: દારૂની દુકાન;પીઠું.

Taw,(ટૅા)*vt*.To push;to tug:ખસેડવું;ખેંચવું;ધકેલવું. *vt*.To prepare, or dress, as hemp, by beating;to tew:કચરી-ટોકીને તૈયાર ક૦.*Hence*,to beat: મારવું. 2. To dress and prepare:સફેદ ચામડું રંગવું.

Tawdriness,(ટૅાડ્રિનેસ્)*n*.Quality or state of being tawdry:તકલીદીપણું;ઢંગધડા વગરનું દેખાવું તે.

Tawdry,(ટૅાડ્રિ)*a*. Bought at the festival of St. A drey: સેંટઑડ્રીની મિજબાની વખતે વેચાતું લીધેલું-ખરીદેલું.2.Very fine or showy in colors:તકલીદી;મિથ્યા શોભાયુક્ત.

Tawny,(ટૅાનિ)*a*. Of a dull yellowish brown color: બદામી;પીળચટું;પિંગલ;કપિલ.

Tax,(ટૅક્સ્)*n*.[L.*taxo*,I touch sharply.] A charge or burden laid upon persons or property for the support of a Government:વેરો;કર.2.The sum laid upon specific things:દાણ;જકાત.*vt*.To subject to the payment of a tax or taxes:-પર કર બેસાડવો.

Taxable,(ટૅક્સૅબલ્)*a*.Capable of being taxed:કર-વેરો બેસાડવા લાયક;કર-વેરા-ધારાપાત્ર-લાયક.

Taxation,(ટૅક્સેશન્)*n*[L.*taxatio*,estimation] The act of laying a tax, or of imposing taxes:કર-વેરો બેસાડવો છે.2. Tax; sum imposed:કર;વેરો;જકાત.

Tea,(ટી)*n*.The prepared leaves of a shrub or small tree:ચા;ચ્હા.2.A decoction or infusion of tea leaves in boiling water: ચા.

Teach,(ટીચ્) *vt*. To impart the knowledge of:ભણાવવું;શિખવવું.2. To instruct:જ્ઞાન-ઉપદેશ આપવો.*vi*.To give instruction:શિખવવું;ભણાવવું.

Teachable, (ટીચૅબલ્)*a*. Capable of being taught:શિખવવા લાયક-જેવું;જલદી શિખેએવું.

Teacher,(ટીચર્) *n*. An instructor; a tutor: શિક્ષક;શિખવનાર.2.One who instructs others in religion;a preacher:ધર્મનો બોધ-ઉપદેશ કરનાર;ધર્મોપદેશક.

Teaching,(ટીચિન્ગ્)*n*. The act or business of instructing: શિખવવું તે. 2. Instruction: શિક્ષણ;કેળવણી.

Teak,(ટીક્)*n* A tree of the East Indies:સાગનું ઝાડ;સાગ.The timber of the tree:સાગનું લાકડું.

Teal,(ટીલ્)*n*.Any one of the several species of small freshwater ducks:જળ કુકડો-ડી.

Team,(ટીમ્)*n*.A number of animals moving together:પશુઓનું કોઈ ઠેકાણે જતું ટોળું.2. Two or more horses,oxen:એક ગાડીને જોડાતા બે અથવા વધારે ઘોડા,બળદ અથવા બીજાં પ્રાણીઓ; જોડ; યુગ્મ. 3. A number of persons associated in any work or play:કોઇપણ કામ અથવા રમત રમવાને માટે ભેગા મળેલા માણસોનું ટોળું.

Teamster,(ટીમ્સ્ટર્) *n*. One who drives a team:ગાડી હાંકનાર-વાળો;ગાડીવાન.

Tear,(ટીર્)*n*.A drop of liquid: આંસુ;અશ્રુ *vt*. (ટેર્)*Imp*.[L.*tero*, I rub to pieces.] To separate by violence; to rend: ફાડવું; ચીરવું; વિદારવું. 2. To force away; to remove by force:જોરજુલમથી કાઢી-લઇ-લેવું 3.To pull with violence:તાણવું.*To* **t** *off*,to strip:ફાડી નાખવું. *vi*.To be rent:ફાટી-તુટી જવું.

Tease,(ટીઝ્)*vt*.To vex with importunity of impatience;to harass:-નો જીવ ખાવો;ખીજવવું; ચીડવવું;સતાવવું;પજવવું.

Teat,(ટીટ્)n A nipple;a pap:આંચળ;ડીટડી;થાન.
Technical,(ટેકિનકલ્)a.[Gr.techne,art.]Of or pertaining to the useful or mechanic arts, or business:હસ્તક્રિયા-શિલ્પ વિદ્યા-વૃત્તિ;સાંકેતિક
Technicality,(ટેકિનકૅલિટિ)n That which is technical,or peculiar to any trade,profession,sect,or the like:અમુક ધંધા-વિદ્યાશાસ્ત્રનો ખાસ-પારિભાષિક પદાર્થ-વિષય.
Technology,(ટેક્નૉલૉજિ) n. [Gr. techne & logos,discourse.]Industrial science:કળાવર્ણન.
Ted(ટેડ્)vt.To spread,or turn from the swath and scatter for drying,as new mowed grass વિખરાવું નાંખવું;છૂટું કo;વિખેરવું-ના સાથરા પાડવા.
Tedious,(ટીડિઅસ્)a.[L taedium.]Involving tedium;wearisome:કંટાળા ભરેલું-કંટાળો આપનાર
Teem,(ટીમ્)vt. To pour:રેડવું. 2. To pour,as steel,from a melting pot:ગાળવાના વાસણમાં -થી પોલાદને રેડવું.vi.To bring forth young,as an animal;બચ્ચું જણવું;ફળ ઉત્પન્ન કo 2.To be prolific:પૂર્ણ-ભરપૂર હોવું.
Teens,(ટીન્ઝ્)n. pl. The years of one's age having the termination teen, beginning with thirteen and ending with nineteen: તેરથી ઓગણીસ સુધીની ઉમર;ઽસી.
Teeth,(ટીથ્)n.Pl,of **Tooth**.: દાંતો.To breed or grow teeth:દાંત આવવા-ફુટવા.
Teetotaler,(ટીટૉટલર્) n. One who pledged to entire abstinence from all intoxicating drinks:નિશો ચઢે એવું કંઇપણ પીવું નહિ એવી પ્રતિજ્ઞા લઈ બેઠેલું માણસ; માદકપાન-માદવર્જી.
Teetotum,(ટીટૉટમ્)n.A child's toy,resembling a top:ફેરવવાનું રમકડું;ચકરડી;ભમરડી.
Tegument,(ટેગ્યુમેન્ટ્)n.[L tego I cover.]A cover or covering:ઢાંકણ; આચ્છાદન.
Telegram,(ટેલીગ્રૅમ્)n.[Gr.tele,at a distance & grama,a letter.]A message sent by telegraphic dispatch:તારથી મોકલેલો સંદેશો.
Telegraph,(ટેલીગ્રૅફ્)n.[Gr,tele & grapho,I write.]An apparatus for communicating intelligence rapidly between distant points:તારનો સાંચો;તાર;ટેલીગ્રાફ.vt.To convey or announce by telegraph:-ને તાર મારફતે સંદેશો મોકલવો.
Telegraphic,(ટેલીગ્રૅફિક્)a Of or pertaining to a telegraph;made or communicated by a telegraph:તારમાં-તાર માર્ગે મોકલેલું.
Telegraphy,(ટેલીગ્રૅફિ)n.The science or art of communicating by means of telegraphs તારમાં સંદેશા મોકલવાની કળા-વિદ્યા.
Telephone,(ટેલીફોન)n. [Gr. tele,far off & phone,sound.] An instrument for reproducing sounds,esp.articulate speech,at a distance:બોલેલા બોલ ઘણે દુર સાંભળી શકાય એવું યંત્ર.vt.To convey or announce by a telephone:એવા યંત્રથી શબ્દ પહોંચાડવા.
Telescope,(ટેલીસ્કોપ્) n. [Gr. tele,at a distance & scopeo,I view.]An optical instrument used in viewing distant objects,as the heavenly bodies:દુરબીન;દુરદર્શક યંત્ર.
Telescopic,(ટેલીસ્કૉપિક્) a. Of or pertaining to a telescope: દુરબીન સંબંધી. 2. Seen by a telescope:ફક્ત દુર્બીનથીજ દેખાય એવું.
Tell,(ટેલ્)vt. To recount: ગણવું. 2. To utter: હેવાલ આપવો 3.To make known:કહેવું.4. To order;હુકમ-આજ્ઞા કo. To t off, (a) to speak of; to mention:-નું વર્ણન-બ્યાન કo.
Telling,(ટેલિંગ્)n. Operating with great effect;effective:ઘણું અસર કરે એવું; અસરકારક.
Tell-tale,(ટેલ્ટેલ્)a.Telling tales;babbling: વાતો કહેનાર-કહેનારું; કહી દેનારું; સૂચક; દર્શક. n. One who officiously communicates information of the private concerns of others: ચાડી-ચુગલી ખાનાર;ચાડિયો;ચુગલીખોર.
Temerity,(ટીમેરિટિ)n.[L temere,by chance; rashly.]Extreme venturesomeness:આંધળી હિમ્મત;ઉદ્ધતાઈ;સાહસ.
Temper,(ટેમ્પર્) vt. [L. tempus, time.] (a) To mingle in due proportion:મેળવીને-મિશ્ર કરીને જેવું જોઇએ તેવું-માફકસર બનાવવું.(b)To soften:નરમ-શાંત પાડવું.2.To bring to a proper degree of hardness:-ને પાણી પાવું-ચઢાવવું. n. Disposition of mind:સ્વભાવ;મિજાજ.To keep one's t.:મન શાંત રાખવું.To lose one's t :મિજાજ ખોવો.2. The state of metal or other substance:પાણી.
Temperament, (ટેમ્પરમેન્ટ્) n. Internal constitution:બંધારણ.2 Condition with regard to heat or cold;temperature:વ્યવસ્થા; સમતા.(Physiol)The peculiar physical and mental character of an individual;constitution of mind or body:સ્વભાવ પ્રકૃતિ;મિજાજ.
Temperance,(ટેમ્પરન્સ્) n. Restrained or moderate indulgence;moderation:નિગ્રહ;સંયમ. **T**. in eating:મિતભોજન; મિતાહાર. **T**. in drinking:મિતપાન;પરિમિતપાન.
Temperate,(ટેમ્પરેટ્)a. Moderate; not excessive(as heat,air)માફક;પરિમિત;સમશીતોષ્ણ; જોઇએ તેવી.2.Cool;calm:નરમ;શાંત 3 Moderate in the indulgence of the natural appetites or passions:નિયમવર્તી;મિતાહારી.**T** zone;સમશીતોષ્ણ કટીબંધ.vt. To render temperate; to moderate:ટાઢા મિજાજનું-શાંત-સ્વસ્થ-મિત કo.
Temperature,(ટેમ્પરેચ્યૂર)n.[L. temperatura,proportion.]Condition with respect

to heat or cold:ટાઢ તથા તાપનું પ્રમાણ; શીતોષ્ણ પ્રમાણ;હવા;ઉષ્ણમાન-પ્રમાણ.2.Mixture;compound:મિશ્રતા;મેળવણી.

Tempered,(ટેમ્પર્ડ)*a* Brought to a proper temper:ઠેકાણે આણ્યો હોય તેવું;બરોબર પાણી પાયેલું; સ્વભાવશીલ.

Tempest (ટેમ્પેસ્ટ્)*n*.[L. *tempus*, time.] A furious storm:પવનનું મ્હોટું-ભારે તોફાન.

Tempestuous,(ટેમ્પેસ્ટ્યૂઅસ્) *a*. Turbulent; violent; stormy:મહાભારત તોફાની-તોફાનનું.

Templar,(ટેમ્પ્લૅર્) *n*. A student of law, so called from having apartments in the Temple at London:લંડનમાં'ટેમ્પલ'નામના મકાનમાં રહીને કાયદાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી 3.One belonging to a certain order or degree among the Freemasons, called Knights Templars:'નાઈટ્સ ટેમ્પ્લર્ઝ'ની ટોળીમાંનું માણસ.

Temple,(ટેમ્પલ્)*n*.[L.*tempus*.] The space on either side of the head, back of the eye and forehead:લમણો.*n*.[A S.*temp'um*, a temple] A place or edifice dedicated to the worship of some deity:મંદીર;દેવસ્થાન. દેવળ 2.A church:ખ્રિસ્તી દેવળ.

Temporal,(ટેમ્પોરલ્)*a*.Of or pertaining to time;secular:આલોકનું;ઐહિક;લૌકિક *n*.Anything temporal or secular; temporality:સાંસારિક પદાર્થ-વસ્તુ.

Temporality,(ટેમ્પોરૅલિટિ) *n*. The state or quality of being temporary:ક્ષણભંગુરતા.2. That which pertains to temporal welfare; material interests:આ લોકની-ઐહિક સંસારિક વસ્તુઓ;ધર્માદામિલ્કતની ઉપજ; ધર્માદાય.

Temporary,(ટેમ્પોરરિ)*a*.Lasting for a time only:થોડો કાળ-પહોંચે એવું;ક્ષણિક;હંગામી.

Temporize,(ટેમ્પોરાઇઝ્)*vi* To comply with the time or occasion:દેશ-કાળ-રંગ-સમય લોકને અનુસરીને ચાલવું-વર્તવું;જમાના પ્રમાણે ચાલવું.

Tempt,(ટેમ્પ્ટ્)*vt*.[L.*tempto*,I try]To entice to what is wrong:લલચાવવું;લોભાવવું;મોહ લગાડવો.

Temptation,(ટેમ્ટેશન્)*n*.The act of tempting or enticing to evil:લાલચ;લોભ 2. That which tempts;allurement:લાલચ;લોભવિષય; પ્રલોભન.

Ten,(ટેન્)*a*.[L.*decem*.]One more than nine: દસ; દશ.*n*.The sum of five and five; ten units or objects:દસની સંખ્યા. 2. A symbol representing ten units:દસનો આંકડો.

Tenable,(ટેનૅબલ્)*a*.Capable of being held, maintained,or defended,against an assailent or objector:રક્ષણશક્ય;રક્ષ્ય;રક્ષણાર્હ;રક્ષણીય.

Tenacious,(ટીનેશસ્)*a*. [L. *teneo*, I hold.] Holding fast or inclined to hold fast:કદાપિ છોડી ન દે એવું;ચિકણું.2.Apt to retain;retentive(*as memory*):જેમાંથી કદી ખસે નહિ એવું.3 Cohesive;tough(*as,tar,oil,etc*): વળગીજ રહે એવું;ચીકણું.

Tenacity,(ટીનૅસિટિ)*n*. The quality or state of being tenacious:કદાપીછોડી ન દે એવું હોવું તે; ચીમડપણું.2.Cohesiveness;the effect of attraction:ચીકણાશ. 3. Adhesiveness: ચીકણાપણું;ચીકાશ.

Tenancy,(ટૅનન્સિ)*n*.[L.*teneo*,I hold](*a*) A holding or a mode of holding an estate; tenure:વહિવટ;ભોગવટો.(*b*)A house for habitation,or place to live in,held of another: ભાડા-કબજા-નું ઘર.

Tenant,(ટેનૅન્ટ્)*n*. One who holds or possesses lands or other real estate, by any kind of right:ખેડુત;ગણોતી;ખાતાદાર;આસામી. 2.One who has possession of any place;a dweller:ભાડુત.*vt*.To hold,occupy,as a tenant:ભાડે રહેવું.

Tenantable,(ટેનૅન્ટૅબલ્)*a*.Fit to be rented: in a condition for a tenant:ગણોત સાથે આપવા જેવું; ભાડાખાઉ.

Tenantry,(ટેનૅન્ટ્રિ)*n*.The body of tenants: ગણોતીઆ;ખેડુતો 2. Tenancy:અધિકાર;કબજો;માલકી.

Tend,(ટેન્ડ્)*vt*.To look after; to watch; to guard: સંભાળવું;જતન ક૦;પાળવું; રાખવું; ના ધાસ પાણીની ખબર રાખવી.*vi*.To serve; to attend (with *on* or *upon*):-ની ચાકરી ક૦-બરદાસ લેવી. *vi*.[L.*tendo*,I stretch.] To move in a certain direction:કોઈ અમુક દિશામાં જવું;ફંટાવું;વળવું;આડા ફાટવું 2.To contribute:સાધનભૂત થવું.

Tendency,(ટેન્ડેન્સિ)*n*. Drift; causal or efficient influence to bring about an effect: મનનું વલણ;ઇચ્છા;પ્રવૃત્તિ;સ્વભાવ.

Tender, (ટેન્ડર્) *vt*. [L. *tendo*, I stretch.] To offer in words;to present for acceptance:નિવેદન-હાજર ક૦ *a*.Delicate:કુમળું;નાજુક. 2.Physically weak:નાજુક;કુમળું;સુંવાળું;કોમળ. 3 Compassionate:દયા આવે એવું. 4. Expressive of the softer passions: કોમળ-દયાભાવ આવે એવું;રસિક.

Tender-hearted,(ટેન્ડર્ હાર્ટેડ્)*a*.Affectionate;pitying:કોમળ હૈયાનું;બહુ દયાળુ;હેતાળ.

Tenderness,(ટેન્ડર્નેસ્)*n*. The quality or state of being tender (in any sense of adjective):કરૂણા;માયા;કોમળપણું;કૃપા.

Tendinous,(ટેન્ડિનસ્) *a*. Pertaining to a tendon; of the nature of a tendon: સ્નાયુ સંબંધી-ના જેવું;નસના જેવું.

Tendon,(ટેન્ડૉન્)*n*.[L.*tendo*,I extend.]A sinew;સ્નાયુ;સંધિબંધન;શિરા;રંગ.

Tendril,(ટેન્ડ્રિલ્)*n*.A slender,leafless portion of a plant:વેલો;વાળો;તંતુ;હાથો.

Tenebrous,(ટેનીબ્રસ્)*a*.[L.*tenebrare*,darkness.]Dark;gloomy:શામળું;કાળું;નિસ્તેજ.

Tenement,(ટેનીમેન્ટ્)*n*. [L. *teneo*,I hold.] That which is held of another by service; fief;field:ખેતરો;જાગીર;વતન;ગિરાશ.2.Any species of permanent property that may be held,so as to create a tenacity:સ્થાવરવતન. 3.A dwelling house:રહેવાનું ઘર.

Tenet,(ટેનેટ્)*n* [L.*teneo*,I hold.]An opinion dogma,belief or doctrine,which a person holds as true:મત;વિચાર.

Ten-fold,(ટેન્ફોલ્ડ્) *a*. & *adv*. In tens;ten times repeated:દશગણું-દશગુણું;દશપુટ.

Tennis,(ટેનિસ્)*n* A play in which a ball,is driven to and fro, or kept in motion by striking it with a racket:હાથેવતી દડીને ગતિમાં ને ગતિમાં રાખવાની રમત;બાળ દડાની રમત.

Tenon,(ટેનૉન્)*n*.T & *mortise*:ખીલ માંકડી. *vt*. To cut or fit for insertion into a mortise: સાલ બેસડું ક૦;લાકડાનું સાલ કાઢવું.

Tenor,(ટેનૉર્)*n*. [L *teneo*,I hold.] General mode or tendency;course; career:સાધારણ રીત;વલણ.2.Purpot: ભાવાર્થ;ભાવ; ખુલાસો; અર્થ; હેતુ.3.Stamp:છાપ; દેખાવ; આકાર;રૂપ.

Tense,(ટેન્સ્)*n*.[L.*tempus*,time.]The modification which verbs undergo for the indication of time:કાળ.*a* [L *tendo*,I stretch.] Stretched tightly:મજબૂત ખેંચાયેલું; તંગ.

Tension,(ટેન્શન્) *n*. [L. *tendo*,I stretch.] The act of stretching or straining; the state of being stretched:તંગ કરવું તે;તાણ 2. Extreme strain of mind or excitement of feeling:પ્રયાસ;પ્રયત્ન.

Tensive.(ટેન્સિવ્) *a*. Giving the sensation or stiffness,tension:ખેંચાય તણાય એવું.

Tent,(ટેન્ટ્)*n*. [L. *tingo*,I dye.] A pavilion or portable lodge consisting of canvas,or some strong cloth,stretched and strained by poles:તંબુ;ડેરો;રાવટી.*vi*.To lodge as in a tent:તંબુમાં રહેવું.

Tentage,(ટેન્ટેજ્)*n*. A collection of tents; an encampment:ઘણા તંબુ એકઠા હોવા તે,છાવણી

Tentative,(ટેન્ટેટિવ્)*a*.[L.*tento*,I try.]Of or pertaining to trial or trials;experimental: અજમાયસનું સંબંધી;કસતા લાયક.*n*.A trial; an experiment:અજમાયશ;કસોટી; પ્રયોગ;પરીક્ષા.

Tenter,(ટેન્ટર્) *n*. [L. *téndo*, I stretch.] A machine for stretching cloth by means of hooks:કપડ તણાઈને સુકાય એવો સંચો.*To be on the t.s*,or on *the t. hooks*, to be in distress: દુઃખ-સંકટમાં હોવું. *vi*. To admit extension: લાંબા થવું;ખેંચાવું *vt*. To hang or stretch on, or as on tenters:કાપડને આંકડીપર તાણવું.

Tenth, (ટેન્થ) *a*. Next in order after the ninth:દસમું.2.Being one of ten equal parts into which anything is divided:દશાંશ;દસમું. *n*.The next in order after the ninth:દસમું. 2.The quotient of a unit divided by ten: દસમો ભાગ.(*a*)The tenth part of the annual profit of every living in the kingdom:દરેક ધર્માદા વૃત્તિની વાર્ષિક પેદાશનો દશાંશ.

Tenuity,(ટેન્યૂઇટિ)*n*.[L.*tenuis*,thin.] Thinness;slenderness: પાતળાપણું;સૂક્ષ્મતા;ઝીણાશ. 2.Rarity:પાતળાપણું 3.Refinement;delicacy: નાજુકાઈ;કોમળતા.

Tenuous, (ટેન્યૂઅસ્) *a*. [L. *tenuis*, thin.] Thin;slender; minute: પાતળું; બારીક; સૂક્ષ્મ, ઝીણું. 2.Rare; not dense:ઓછું;પાતળું.

Tenure,(ટેન્યૂર્)*n*.[L *teneo*, I hold.]The act or right of holding, as property: ઉપભોગ; ભોગવટો. 2. The manner of holding lands and the tenements of a superior: માલીકી આદિ જમીનવિગેરે ઉપર જે તરેહની સત્તા હક હોય તે; સત્તાપ્રકાર.3.The consideration condition,or service which the occupier of land gives to his lord or superior for the use of land: જમિનના ઉપભોગનેબદલે માલેકને આપેલી કંઇ રકમ, ભરેલી નોકરી અથવા શરત.*Deed of* t :સનંદ; પટો.

Tepid,(ટેપિડ્)*a*. [L.*tepeo*, I become warm.] Moderately warm; luke warm: ઉંક ઠંડું ન હોય એવું;મંદોષ્ણ;નવસેકું.

Term, (ટર્મ્) *n*. [L *terminus*, a boundary.] Limit:સીમા;હદ.2.The time for which anything lasts;any limited time:મુદ્દત; વખત.3. *In universities,schools,etc.*,a definite continuous period during which instruction is regularly given to students: વિદ્યાશાળાઓનાં હાજર રહી શિક્ષા લેવાના દિવસો 4 (*Geom.*) A point,line,or superficies that limits:સીમા;અવધિ;પ્રાંત.5.A word or expression:શબ્દ; સંજ્ઞા.6.(*Law*)Conditions:શરતો. *Good* t :બનાવ;મિત્રભાવ. *Ill* t s: અપ્રીતિ; વિરોધ. *To bring to* t s,to compel to agree: સલાહ કરાવવી. *To make terms*,to make an agreement: કોલકરાર ક૦.*vt*.To apply a term to;to name;to call:નામ-સંજ્ઞા આપવી;કહેવું;બોલવું.

Termagancy, (ટર્મૅગન્સિ) *n*. Turbulence; tumultuousness:બંડ;બખેડો;તોફાન;હુલ્લડ.

Termagant,(ટર્મૅગન્ટ્)*n*.A boisterous,brawling,turbulent woman:કર્કશા;કજીઆખોર;સ્ત્રી. કૈકઈમાસી.*a*.Tumultuous;turbulent;furious: દંગાખોર.

Terminable,(ટર્મિનેબલ્)*a*.Capable of being terminated: સીમા બંધાઈ શકે એવું.

Terminal, (ટર્મિનલ્)*a*. Forming the extremity:અંત્ય;છેડાનું.*n*.Termination: છેડો;અંત.

Terminate, (ટર્મિનેટ) *vt*. To set a term or limit to:સીમા બાંધવી,કo. 2. To put an end to:-નો અંત-છેડો આણવો. 3 To bring to completion:પૂર્ણ કo.*vi*. To stop short: ની અવધી -છેડો-અંત આવવો.

Termination, (ટર્મિનેશન્)*n*. The act of terminating:પાર;અન્ત;છેડો. 2 End in time or existence:અવધિ;આખર;અંત 3.(*Gram*.)The ending of a word; a final syllable or letter:અંત્યાક્ષર;અંત્યવર્ણ;પ્રત્યય.

Terminator,(ટર્મિનેટર્)*n*.One who or that which terminates:સીમા બાંધનાર.

Terminology, (ટર્મિનૉલૉજિ)*n*. [L *terminus*, term & *logos*,a speech.] The doctrine of terms;a treatise on terms: શબ્દ સંજ્ઞાશાસ્ત્ર.

Terminus, (ટર્મિનસ્) *n*. *pl*. **Termini**. A boundary;a border:મર્યાદા;સીમા. 2. *Hence*, any post or stone making a boundary:જેથી સિમા-હદ જણાય એવો થાંભલો અથવા પથ્થર;પાળિયો 3 Either end of railroad line: 'રેલવે'ના બે છેડામાંનો એક;છેવટનું સ્ટેશન.

Termite,(ટર્માઇટ્)*n*. Any one of numerous species of pseudoneuropterous insects: કસારી,કધાઈ.

Termless,(ટર્મ્‌લેસ્)*a*.Unlimited:બેહદ;સીમા-મર્યાદા વગરનું;નિ:સીમ.2.Inexpressible: વર્ણવી ન શકાય તેવું.

Ternary,(ટર્નરિ)*a*. [L.*terni*.]Consisting of three:ત્રણત્રણથી થતું.2.Containing, of three different parts: ત્રણ જૂદા ભાગવાળું *n*.A ternion:the number three;a triad;ત્રયુ.

Terrace,(ટેરેસ્)*n*. [L *terra*, the earth.] A balcony:છજુ;ગોખ 2.A flat roof to a house: અગાશી;ધાબુ.

Terracotta,(ટેરૅકૉટ)*n*. Baked clay: ચુનો ને રેતીની કરેલી મેળવણી;ખરચી ચુનો.

Terraqueous,(ટેરૅક્વીઅસ્) *a*. [L *terra*, the earth& F *aqueous*]Consisting of land and water:જળસ્થળમય;તરી ને ખુશ્કીનું; જ લસ્થલાત્મક.

Terrene,Terrestrial, (ટેરીન,ટેરેસ્ટ્રિઅલ્) *a*. Of or pertaining to the earth;earthly:પૃથ્વીનું-સંબંધી-ઉપરનું 2.Representing or consisting,of the earth (*as globe*.)પૃથ્વી દર્શાવનારો -જણાવનારો 3 Sublunary;earthly:ભૂલોકનું.

Terrible, (ટેરિબલ્)*a*. [L.*terreo*,I frighten.] Dreadful;formidable:ભયંકર;ત્રાસદાયક;ભયાનક.

Terribly,(ટેરિબ્લિ)*adv*.Dreadfully;formidably:ભયંકર-ભયાનક-ત્રાસદાયકરીત્યે;ઉગ્રતાથી;ઘોરતાથી.

Terrier,(ટેરિઅર્)*n*. [L.*terebra*,a borer.] An auger or borer:સારડી.*n* [L *terra*,the earth.] Any small dog:એક જાતનો શિકારી નાનો કુતરો.

Terrific,(ટેરિફિક્)*a*. [*terreo*, I frighten and *facio*,I make.]Causing terror;terrible:ભયંકર;ત્રાસદાયક;ભયાનક; ત્રાસજનક:ભયાવહ;ક્રૂર;વિકટ.

Terrify,(ટેરિફાઈ)*vt*.[L.*terreo*,I frighten.]To make terrible:ભયંકર-ભયાનક ત્રાસદાયક કo.

Territorial, (ટેરિટૉરિઅલ્)*a*. Of or pertaining to territory or land: જમિન સંબંધી. 2. Limited to a certain district: કોઈ અમુક પ્રદેશ સંબંધી.

Territory,(ટેરિટૉરિ) *n*. *pl*. **Territories** [L. *terra*,the earth.]A region;a country;a district:મુલક;રાજ્યદેશ;પ્રદેશ.

Terror,(ટેરૅર્)*n*. [L.*terreo*,I frighten.] Extreme fear; fright:ધાક;ભય-બીક; ત્રાસ;ધાસ્તી. *Shock of* **t**.:હબક;હેબક. *King of* **t** *s*, death: મોત;મૃત્યુ.

Terrorism, (ટેરૉરિઝમ્)*n*. The act of being terrorized;a mode of Government by terror:ધથરીગયેલા-ત્રાસ પામેલા હોવું તે.

Terse,(ટર્સ)*a* [L.*tergeo*,I rub or wipe off.] Rubbed:ઘસેલું 2.Refined:સુધરેલ.3.Elegantly concise:શબ્દની ખૂબી સાથે ટુંકું;સંક્ષિપ્ત.

Terseness (ટર્સનેસ્)*n*.The state of being polished to smoothness:ઠીકઠાકપણું;શોભા;સફાઇ.

Tertian,(ટરશૅન્)*a*.[L.*tertius*,the third.]Occurring every third day:દરેક ત્રીજે દિવસે આવનારું,એકાંતરીયું.*n*.An intermittent fever,which returns every third day:એકાંતરિયો તાવ.

Tertiary,(ટર્શિઍરિ)*a* [L.*tertius*,third.]Being of the third formation:third:ત્રીજું **T** *color:* બેગૌણ રંગનામિશ્રણથી થયેલો રંગ *n*.*pl*. A member of the third order:ધર્મમંડળમાં ત્રીજા દરજ્જાના અધિકારી.

Tesseraic,Tesselleated,(ટૅસ્સેરૅઇક્,ટૅસ્સેલેટેડ્)*a*.Formed of little squares;checkered: ચોકડીદાર;ખાનાખાનાવાળું;જાળીદાર;અટાપટાદાર.

Test,(ટેસ્ટ્)*n* [L.*testum*,an earthen vessel] Any critical examination or decisive trial:પરીક્ષા;કસોટી;પારખ 3 Means of trial:પરીક્ષા કરવાનું સાધન-ઉપાય;કસોટી.3.A touchstone કસ કાઢવાનો પથરો;કસોટી.*vi*.To refine as gold or silver; to subject to cupellation: શોધવું; નું શોધન કo.2.To put to the proof:પરીક્ષા કo; પારખવું.3.To examine or try,as by the use of some re-agent:પારખથી તપાસવું-જોવું *n* [L. *testis*]A witness:સાક્ષી *vi*.To make a testament or will:'વીલ'વસિયતનામું કo.

Testaceous,(ટેસ્ટેશસ્)*a*. [L *testa*,a shell] Of,pertaining to,or consisting of shells:છી-

પનું વિષે;સંબંધીનું બનેલું;શંખનિવાસી;શંખનિવિષ્ટ
Testament,(ટેસ્ટમેન્ટ્)*n.*[L *testis*,a witness] One of the two distinct revelations of god's purposes toward man;a covenant: કરાર;સંહિતા.
Testamentary,(ટેસ્ટમેન્ટરિ) *a.* Bequeathed by will; given by testament: વસિયતમાની રૂયે વારસામાં મળેલું-આપેલું; મૂતલેખદત્ત.
Testate,(ટેસ્ટેટ્)*a.*[L. *testatus*](*Law.*)One who leaves a valid will at death: વસિયતનામું કરીને મરી જનાર માણસ.
Testator(ટેસ્ટેટોર્)*n* A man who makes and leaves a will,at death; વસિયતનામું-મૃત્યુપત્ર કરનારો-કરીને મરી જનારો.
Testatrix,(ટેસ્ટેટ્રીક્સ્)*n* A female testator: વસિયતનામું-મૃત્યુપત્ર કરીને મરી જનારી સ્રી.
Testicle(ટેસ્ટિકલ્)*n* [L.*testis*,a testicle.]One of the essential male genital gland which secrets the semen:અંડ;આંડવો.કેપ,વૃષણ.
Testification,(ટેસ્ટિફિકેશન) *n.* The act of testifying or giving testimony or evidence:પ્રતિજ્ઞાઉપર સાક્ષી આપવી.ખાત્રીથી લખવું તે.
Testify,(ટેસ્ટિફાઇ)*vi.*[*Imp.&p p* **Testified,** [L. *testis*, a witness & *facio*,I make] To make.a solemn declaration,verbal or written,to establish some fact:કોઇ વાત વિષે ખાતરીથી કહેવું-બોલવું.2.To give testimony in a cause depending before a tribunal:પ્રતિજ્ઞા ઉપર શાહેદી પૂરવી. *vt.* To bear witness to: ખાત્રી પૂર્વક કહેવું; ની સાક્ષી આપવી.
Testimonial,(ટેસ્ટિમોનિઍલ્) *n.* A writing or certificate which bears testimony in favor of one's character,good conduct,ability,*etc.*:સારી ચાલ-ચલગત વર્તણુક વિગેરેનું સર્ટિફીકેટ; આબરૂપત્ર; પ્રમાણ પત્ર. *a.* Relating to or containing testimony:સુનામ પત્ર-પત્રિકા વિષે.
Testimony(ટેસ્ટિમોનિ)*n.*[L *testis*,a witness] A solemn declaration: પ્રતિજ્ઞા ઉપર આપેલી શાહેદી 2 Affirmation: (કોઈ વાતવિષે) ખાતરીથી કહેવું તે;સાક્ષી 3.Witness:પુરાવો;શાહેદી.
Testy,(ટેસ્ટિ)*a.*Fretful;peevish:ચીડીયું.
Tetanus,(ટેટનસ્)*n* [Gr.*tetanos*, stretched.] A painful and usually fatal disease, resulting from a wound:ધનુર્વા;ધનુર; ધનુર્વાત.
Tete-a-tete,(ટેટ્આંટેટ્)*n.* Private conversation;familiar interview:ખાનગી ગુપચુપ વાત. *2.A short sofa intended to accommodate two persons:બે માણસ સઇ શકે એવો નાનો કોચ. *a.*Private: ખાનગી. *adv.* Privately familiarly:ખાનગી રીતે; મ્હોમાં મ્હોં ઘાલીને; છાનામાના.
Tethor,(ટેથર્)*n.* A long rope or chain by which an animal is fastened:પશુને બાંધી મૂકવાનું દોરડું.*vt.*To confine,as an animal,with a long rope or chain:ને દોરડું-દામણ બાંધવું.
Tetrad,(ટેટ્રેડ્)*n.*[L *tetras,adis.*] The number four,a collection of four things:ચારની સંખ્યા;ચોકડી; ચતુષ્ક;ચતુષ્ય.
Tetrarch,(ટેટ્રાર્ક)*n.*[Gr. *tetra*,four & *arche*, rule] A petty king or sovereign: માંડલિક ઉપરાજ *a.* Four:ચાર.
Tetrasyllable,(ટેટ્રસિલ્લેબલ્) [Gr. *tetra* & *syllabe*,a syllable.] A word consisting of four syllables,quadrisyllabic:ચારવર્ણનો શબ્દ.
Teutonic,(ટ્યૂટોનિક્)*a.*[L. *teutonicus*] Pertaining to the teutons;Germanic: પ્રાચિન જર્મનલોક સંબંધી 2.Of or pertaining to any of the Teutonic languages:પ્રાચિન જર્મન ભાષાઓ વિષે.
Tewel,(ટ્યૂએલ્)*n.* A pipe, or chimney, for smoke:ધુમાડીયું;નળી 2. The tuyere of a furnace:ભઠ્ઠીમાં ધમણની નળી મૂકવા કરેલી લોઢાની નળી
Text,(ટેક્સ્ટ્)*n.* [L. *textus*, texture.] A discourse or composition on which a note or commentary is written: મૂળ-અસલ ગ્રંથ. 2. A verse or passage of a scripture:બાઇબલમાંનું વચન.
Text book, (ટેક્સ્ટ્-બૂક્) *n.* Any manual of instructions;a school book: વિદ્યાશાળામાં ચાલતી ચોપડી;શાળાગ્રંથ પુસ્તક; શાળોપયોગી ગ્રંથ.
Text hand, (ટેક્સ્ટ્-હૅન્ડ્)*n.*A large hand in writing:મોટા હરફ-અક્ષર-દસ્કત.
Textile,(ટેક્સ્ટાઇલ્)*a* [L *texo*,I weave.] Pertaining to weaving or to woven fabrics: વણવા-વણેલાં કપડાં સંબંધી વિષેનું;વણેલું;વણીને કરેલું.
Textual, (ટેક્સ્ટ્યૂઅલ) *a.* Pertaining to, or contained in,the text:મૂળ અસલ ગ્રંથ સંબંધી લખેલું હોય તેવું.
Texture,(ટેક્સ્ટ્યૂર્)*n* [L.*texo*,I weave.]The disposition or connection of threads,filaments or other slender bodies,interwoven: વણાટ;વણતર. 4. The manner in which the constituent parts are united; structure: કુમાશ;પોત.
Than, (ધૅન) *Conj.* A particle expressing comparison,used after certain adjectives and adverbs which express comparison or diversity,as *more*,*better*,*other*,*otherwise*, and the like: કરતાં;-ના કરતાં-થી નાથી.
Thank,(થૅન્ક્)*n.*An expression of gratitude; obligation:આભાર-ઉપકાર;પાડ. *In t s*, with thanks or thankfulness:આભાર ઉપકારથી-ની સાથે.*vt.*To express gratitude to (*any one*) for a favor:નો ઉપકાર આભાર માનવો.
Thankful, (થૅન્ક્ફુલ્) *a.* Obtaining or re-

serving thanks: આભાર માનવા લાયક.2.Impressed with a sense of kindness received and ready to acknowledge it; grateful: આભારી; ઉપકારી.

Thankless, (થૅન્ક્લેસ્) *a.* Unthankful; ungrateful:કૃતઘ્ન;ઉપકાર ન માને એવું;બેકદરૂં;અકૃતજ્ઞ.

Thanks-giving,(થૅન્ક્સ્ગિવિન્ગ્) *n.* The act of rendering thanks,or expressing gratitude for favors or mercies:આભાર-ઉપકાર માનવો તે;ઉપકારસ્તુતિ 2 A public acknowledgment or celebration of divine goodness: ઉત્સવ; મહોત્સવ; ધન્યવાદ.

That, (ધૅટ્) *Pron , a., Conj.,* & *adv.* As a demonstrative pronoun,*that* usually points out or refers to,a person or thing previously mentioned,or supposed to be understood:તે;એ;જે;પેલું.2.As an adjective,*that* has the same demonstrative force as the pronoun,but is followed by a noun:તે;પેલું;એ 3. As a relative pronoun,*that* is equivalent to *who* or *which*: જે; કે જે.4 As a conjunction, *that* retains much of its force as a demonstrative pronoun: કે.

Thatch,(થૅચ્)*n.* Straw,bushes,or the like: છાવણ; પરાળ-છાજ વિગેરે છાવાના પદાર્થ. *vt.* 2. To cover with,a roof of straw,reeds &c: છાવું; -પર છાવણ કરવું.

Thatching, (થૅચિન્ગ્) *n.* The act or art of covering buildings with thatch:છાવાનો હુન્નર કળા 2 The materials used for this purpose: છાવણ કરવામાં કામ આવતી ચીજો.

Thaumaturgy, (થૉમૅટર્જિ)*n.* [Gr. *thauma, thaumatos*,a wonder & *ergon*,a work.]The act or art of performing something wonderful: ચમત્કૃતિ; જાદુ.

Thaw,(થૉ)*vi.* To melt:ઓગળી પાણી જેવું થઇ જવું 2.To become so warm as to melt ice and snow:બરફ-હીમ ઓગાળી નાંખે એવું ગરમ થવું. *vt.* To cause to melt:પીગાળવું. *n.* The melting of ice,snow: બરફ-હીમ અથવા બીજા કોઈ ઠરી ગયેલા પદાર્થનું ઓગળી-પીગળી જવું.

The,(ધી) A word placed before nouns to limit their meaning: નામની પહેલાં નિશ્ચયાર્થ દર્શક મૂકેલો શબ્દ;. *adv.*By that;by how much; by so much: તેથી.

Theatre,(થીએટર્)*n.*[L. *theatrum.*] An edifice in which dramatic performances or spectacles are exhibited for the amusement of spectators:નાટક-નૃત્યશાળા-ગૃહ;નાટ્યગૃહ.

Theatric cal,(થીઍટ્રિક્-કલ્)*a.*Of or pertaining to a theatre:નાટ્ય-ગૃહ-શાળા-સંબંધિ.

Theatricals, (થીઍટ્રિકલ્ઝ્) *n. pl.* Dramatic performances: નાટ્ય;નાટક પ્રયોગ;નાટક.

Thee,(ધી)*pron.*The objective case of thou:તને

Theft,(થેફ્ટ્)*n.* The act of stealing:ચોરી;ચોરીનું કામ;તસ્કરી 2 The thing stolen:ચોરેલો માલ.

Their,(ધૅર્)*pron &a.*The possessive case of the personal pronoun*they*:તેમનું;તેઓનું;એમનું.

Theism,(થીઇઝમ્)*n.*[Gr.*theos*,god.] The belief or acknowledgment of the existence of a God;ઇશ્વરવાદ;આસ્તિકયવાદ;ઇશ્વરમત.

Theist,(થીઇસ્ટ્)*n.*One who believes in the existence of a god:ઇશ્વરવાદી;આસ્તિક.

Theistic cal, (થીઇસ્ટિક્-થીઇસ્ટિકલ્) *a.* Of or pertaining to the theism or a theist:ઇશ્વરવાદ-વાદીનું:આસ્તિક સંબંધી.

Theme,(થીમ્)*n.* [L. *thema.*] A subject on which a person writes or speaks:વિષય;આધાર;વસ્તુ.2.Discourse on a certain subject: કોઈ અમુક વિષયપર વાદવિવાદ;વિષય.3.A composition or essay required of a pupil: વિદ્યાર્થીને કરવાનો નિબંધ-આપણ;નિબંધ.

Themselves,(ધેમ્સેલ્વ્ઝ્) *Pron.* The plural of *himself, herself* and *itself*:તેમની મેળે.

Then,(ધેન્)*adv.*At that time: તે વખતે ;ત્યારે. 2.At another time:બીજે વખતે;તે પછી;ફરીથી. *By* t ,by that time:તેટલા વખતમાં *Now and* t: વારંવાર. *Till* t , until that time:ત્યાં સુધી. *adv.*Till then:તે વખત સુધી.

Thence,(ધેન્સ્)*adv.* From that place: તે જગાએથી;ત્યાંથી.2.From that time;thenceforth: તે વખતથી;ત્યારથી.

Thence-forth-forward,(ધેન્સ્-ફૉર્થ્-ફૉર્વર્ડ્) *adv.*From that time; thereafter: ત્યારથી.

Theodolite,(થીઑડોલાઇટ્)*n.*An instrument used,especially in trigonometrical surveying:ત્રિકોણ મિતિમાં અંતર માપવાનું દુર્બીન-યંત્ર.

Theologian, (થીઑલોજિઅન્) *n.* A person wellversed in theology;a divine:ઇશ્વરશાસ્ત્રવેત્તા-જ્ઞાની,બ્રહ્મજ્ઞાની;વેદાંતી;મુલ્લાં;અધ્યાત્મવાદી.

Theological,(થીઑલોજિકલ્)*a.*Of or pertaining to theology or the science of God and divine things: ઇશ્વરશાસ્ત્ર-જ્ઞાન સંબંધી-વિષેનું.

Theologist,(થીઑલોજિસ્ટ્)*n.* A theologian: ઈશ્વરશાસ્ત્રજ્ઞાની,વેત્તા;બ્રહ્મજ્ઞાની;વેદાંતી;અધ્યાત્મવાદી.

Theology,(થીઑલોજિ)*n pl.* [Gr. *Theos*, God *logos*,discourse.]The science of God or of religion;divinity:વેદાંત;ઇશ્વરજ્ઞાનવિદ્યા-શાસ્ત્ર.

Theorem,(થીઓરેમ્)*n.*[Gr.*theoream*,a sight, theory.] A statement of a principle to be demonstrated: પ્રમેય;સાધ્યપ્રતિજ્ઞા;સિદ્ધાંત.

Theoretic-cal,(થીઓરેટિક્-કલ્)*a* Speculative; not practical:વ્યવહારોપયોગમાં ન આવે એવું.

Theorist, (થીઑરિસ્ટ્) *n.* One who forms

theories:કેવળ મ્હોડાની વાત કરનાર.
Theorize,(થીઓરાઈઝ્) *vi.* To form a theory or theories;to speculate:માત્રમત કલ્પના ઉઠાવવી-કરવી;માત્ર મ્હોની વાત કાઢવી.
Theory,(થીઓરિ) *n. pl.* **Theories**.[Gr.*theoria*,a spectacle.]Hypothesis;speculation: માત્ર મ્હોની-તર્કની-કહેવાની વાત.2.An exposition of the general or abstract principles of any science: કોઈ પણ શાસ્ત્ર-વિદ્યાના નિયમો. 3. The science as distinguished from the art:શાસ્ત્ર; આગમ. 4. The philosophical explanation of phenomena, either physical or moral: મત;સિદ્ધાંત;વાદ.*As* t *of evolution*:પરિણામવાદ
Theosophy,(થીઓસૉફિ)*n.* [Gr.*theos*, God & *sophia*,wisdom.]Any system of philosophy which possesses to attain intercourse with God and superior spirits: બ્રહ્મજ્ઞાન;તત્વજ્ઞાન.
Therapeutic,(થીરેપ્યૂટિક્)*a* [Gr.*therapeus*,I take care of.]Of or pertaining to the healing art;curative:વ્યાધિનિવારણકરવાનું.*n.pl* That part of medical science which treats of the discovery & application of remedies for diseases:ઔષધોપાય પ્રકરણ;ઔષધોપચાર પ્રકરણ.
There,(ધેર્)*adv.*In or at that place:તે જગામાં. 2.To or into that place;thither: તે જગાએ. *Here and.* t.; in one place and another: આમતેમ.
There-abouts, (ધેર્-ઍબાઉટ્સ્) *adv.* Near that place:તે જગ્યાનીપાસે-નજીક.2.Near that number:લગભગ એટલાં.
There-after, (ધેર્-ઍફ્ટર્) *adv.* After that; afterward:તે પછી;પછીથી.
There-again,(ધેર્-ઍગેન્)*adv.*In opposition; against one's course:સામે;ઉલટું;વિરૂદ્ધ.
There at, (ધેર્-ઍટ્) *adv.* At that place; there:તે જગ્યાએ;ત્યાં.
Thereby, (ધેર્-બાઇ) *adv.* By that; by that means:તેથી;તે સાધનથી;તેવડે;તેને લીધે.
Therefore,(ધેર્-ફોર્)*Conj &adv.*For that or this reason;for that:તેટલામાટે;આ કારણને લીધે.
Therein, (ધેર્-ઇન્) *aav.* In that particular or respect:તે વખત-બાબતમાં;આમાં.
There-of,(ધેર્ઑફ્)*adv.* Of that or this: તેમાનું;તેમાંથી;એનું.
There-to,(ધેર્ ટૂ)*adv.*To that or this:તેને.
There-upon,(ધેર્-અપૉન્)*adv.* Upon that or this; hereon: આના-તેના ઉપર-પર. 2. On account,or in consequence:તેને લીધે;તે-તેથી.
Therewith, (ધેર્-ઉવિથ્) *adv.* With that or this:તેથી;આથી;તેટલાથી.
There-withal, (ધેર્ ઉવિધૉલ્) *adv.* Over and above;besides;moreover: વળી; તે ઉપરાંત. 2. Therewith;at the same time:તેજવખતે.
Thermal,(થર્મલ્)*a* [L.*thermae*,hot springs.] Warm;hot:ગરમ-ઉષ્ણ;ગરમીવાળું.
Thermometer,(થર્મૉમિટર્) *n.* [Gr *thermos*, hot meter.]An instrument for measuring temperature:શીતોષ્ણમાપકયંત્ર;ઉષ્ણમાન.
Thermometrical, (થર્મૉમેટ્રિકલ્) *a.* Of or pertaining to a thermometer:શીતોષ્ણમાપક યંત્ર સંબંધિ.
Thesaurus,(થીસૉરસ્) *n. pl.* **Thesauri**. A treasury or storehouse;(*esp of knowledge*): (વિદ્યાસંબંધિ જ્ઞાનનો)ભંડાર;ખજાનો;કોષ.
These,(ધીઝ્)*pron.*The plural of *this*:આ.
Thesis,(થીસિસ્)*n pl.***Thesis**,[Gr *tithemi*, I place.] An essay or dissertation written upon a specific or definite theme:નિબંધ; પ્રબંધ;નિબંધ વિષય.
Theurgy,(થીઅર્જિ)*n* [Gr.*theos*,a god&*ergon* work.] A divine work;a miracle: ચમત્કારી કામ. (*b*) Magic: જાદુ. 2. A kind of magical science:જાદુઈ શાસ્ત્ર. [ચાલ.(*b*)Virtues:સદ્ગુણ.
Thew,(થ્યૂ)*n*.(*a*)Manner:custom;habit: રીત;
They,(ધે)*pron pl.poss.* **Theirs**,*obj.* **Them**. The plural of *he*,*she* or *it*:તેઓ. *They* say: લોકો કહેછે કે;એમ કહેવાય છે કે.
Thick,(થિક્)*a.*Not thin or slender:જાડું; ઘટ. Dense:ઘટ્ટ. 2.Closely set:ખીચોખીચ ભરેલું.3. Deep;profound: ઘણી;મારે; ગાઢ. 4 Intimate: ખરેખરો;જીવજાન.*Throught and thin*:ગમે તેવી મુશ્કેલી હરકતમાં.
Thicken,(થિકન્)*vt.* To make thick:જાડું-ઘટ્ટ કર.*Specifically*:(*a*)to render dense:જાડું કર; (*b*)To make close; to fill up interstices in (*a cloth*):જાડું-ઘટ્ટ-પોત-કુમાશદાર બનાવવું.*vi.* To become thick:જાડું-ઘટ્ટ થવું;ચિબ્જવું;જામવું.
Thickening,(થિકનિન્ગ્) *n.* Something put into a liquid to make it thick: કોઈ પ્રવાહી પદાર્થને જાડો કરવા નાંખેલી વસ્તુ.
Thicket,(થિકેટ્)*n* A wood or a collection of trees,shrubs,etc.closely set:વૃક્ષની ઝાડી.
Thick-headed skulled, (થિક્હેડેડ્ સ્કલ્ડ્) *a.* Having a thick skull; stupid: જાડી સ્થૂલ બુદ્ધિનું;જડ અક્કલનું;મંદબુદ્ધિ; બુઠ્ઠી બુદ્ધિનું.
Thickness,(થિકનેસ્)*n.*The quality or stateof being thick:દળ;ઘાડાપણું;જાડાશ-ઇ,સ્થૂલતા;ઘનતા.
Thief (થીફ્)*n pl* **Thieves** One who steals: તસ્કર;ચોર;ચોરી કરનાર;ચોટ્ટો.
Thievery,(થીવરિ)*n* Theft;thievishness:ચોરી; તસ્કર વિદ્યા;તસ્કરી,નિશાચરી.
Thievish,(થીવિશ)*a.* Given to stealing;addicated to theft:ચોટ્ટું,ચૌર્યશીલ.
Thigh, (થાઇ) *n.* The proximal segment of

the hind limb between the knee and the trunk:અંગ;સાથળ;થાપો.

Thill,(થિલ્) *n*. One of the two long pieces of wood;extending before a vehicle:ઝુંસરી;

Thimble,(થિમ્બલ્)*a*. A broad ring, for the end of the finger:(દરજીની)અંગુઠી;વીંટિ.

Thimble-rigger,(થિમ્બલ્રિગર્)*n*. One who cheats by thimblerigging, or tricks of legerdemain: હાથ ચાલાકી કરી પ્યાલાની તળેથી લખોટી ઉડાવનાર.

Thin,(થિન્) *a*. [L. *teneo*, I hold.] Rare; not dense or thick:પાતળું.2.Slender;lean:પાતળું. કૃશ.*adv*. Not thickly or closely;in a scattered state:વિખરાયેલું.*vt*.To make thin: પાતળું કo *vi*.To grow thin:પાતળું થવું.

Thine,(ધાઇન્)*Pron.&a*.A form of the possessive case of the pronoun *thou*:તારૂં.

Thing,(થિન્ગ્)*n*. An inanimate object: નિર્જીવ વસ્તુ-પદાર્થ;ચીજ.2.An event;a deed:બીના બાબત;વાત.3.*pl* Clothes:લુગડાં લત્તાં 4.Whatever may be possessed or owned; a property:માલમિલ્કત.

Think,(થિન્ક્)*vi*. [*imp.&p p*.**Thought**.]To exercise the higher intellectual faculties: વિચારવું. *Specifically*.(*a*) To call anything to mind:યાદ-ધ્યાનમા આવવું.(*b*)To meditate: વિચાર કo;ધારવું (*c*) To purpose:નો વિચાર કo; ઇરાદો-હેતુ હોવો.*Methinks*,it seems to me:મને લાગેછે.*vt*.To plan or design:ધારણા-કલ્પના કo; 2.To believe:ધારવું;માનવું.*To t.much*,to esteem a great matter:મ્હોટી વાત-કામ જાણવું.

Thinking,(થિન્કિન્ગ્)*n*. Imagination; judgment:વિચારવું તે;ધારણા.

Thinly,(થિન્લિ)*adv*.In a thin manner;scantily;not thickly:આછું આછું;થોડું થોડું.

Thinness, (થિન્નેસ્)*n*. The quality or state of being thin:આછાપણું;પાતળાપણું;સૂક્ષ્મતા.

Third,(થર્ડ્) *a*. [L. *tertius*.] Next after the second;coming after two others:ત્રીજું;તૃતીય. 2 Constituting or being one of three equal parts into which anything is divided:તીજું;તૃતીયાંશ ભૂત. *n*. The quotient of a unit divided by three:ત્રીજો ભાગ;તૃતીયાંશ. [ત્રીજું

Thirdly.(થર્ડલિ)*adv*.In the third place:ત્રીજું [ભેર.

Thirst.(થર્સ્ટ્)*n* [L *toroeo*,I parch]A sensation of dryness in the throat associated with a craving for liquids: તરસ.તૃષા. 2. A want and eager desire for anything: કોઈ પણ ચીજને માટે તૃષ્ણા.**T**.*of money*:ધનાશા;દ્રવ્ય તૃષ્ણા.To feel thirst:તરસ-તૃષા લાગવી.

Thirstiness,(થર્સ્ટિનેસ્)*n*.The state of being thirsty;thirst:તરસ;તૃષા.

Thirsty,(થર્સ્ટિ)*a*. Feeling thirst:તરસ્યું.

Thirteen,(થર્ટીન્)*a*.One more than twelve; ten and three: તેર;ત્રયોદશ. *n*. The number greater by one than twelve:.તેરની સંખ્યા.

Thirteenth,(થર્ટીન્થ્)*a*.Next in order after the twelfth:-તેરમું.2.Being one of thirteen equal parts into which anything is divided:તેરમો ભાગ.*n*.The quotient of a unit divided by thirteen:તેરમો ભાગ.

Thirtieth, (થર્ટિએથ્) *a*. Next in order after the twenty-ninth:ત્રીસમું. *n*. One of thirty equal parts:ત્રીસમો ભાગ.

Thirty,(થર્ટિ)*a*.Being three times ten;twenty and ten:ત્રીસ;તીસ.*n*. A symbol expressing thirty units:ત્રીસનો આંકડો; ૩૦.

Thirty-second,(થર્ટિ-સેકન્ડ્)*a*.Being one of thirty two equal parts into which anything is divided:બત્રીસમું.

This,(ધિસ્)*Pron. &a.pl*. **These**. As a demonstrative pronoun, *this* denotes something that is present or near in place or time:આ.

Thistle,(થિસલ્)*n*.Any one of several prickly composite plants: એખરો-જવાસો.

Thistly,(થિસ્લિ)*a*.Overgrown with thistles: જ્યાં કાંટાંકાંટાવાળા ઘણા છોડવા ઉગી નીકળેલાહોય એવું.

Thither,(ધિધર્)*adv*.To that place:તેઠેકાણે-જગ્યાએ;ત્યાં.*Hither and thither*:અહિંતહિં;આમતેમ

Thitherward,(ધિધર્-વર્ડ્)*adv*.Toward that place;in that direction:તેણી તરફ;તે બાજુએ.

Thong,(થૉન્ગ્)*n* A strap of leather:ચામડાનો પટો.બંધ-ચાપડો;ચર્મરજ્જુ.

Thorax,(થૉરૅક્સ્)*n*. [Gr.] The part of trunk between the neck and the abdomen:છાતી; ઉરઃસ્થલ;ઉર. 2. A breast plate:છાતી ઉપર પહેરવાનું બખ્તર.

Thorn,(થૉર્ન્)*n*. A hard and sharp pointed projection from a woody stem:કાંટો; કંટક; શૂળ 2.Anything troublesome;trouble:સાલ; કંટક. **T** *apple*:ધંતૂરો.*vt*. To prick,as with a thorn:કાંટો-શૂળ ભોકવી.

Thorny,(થૉર્નિ)*a*.Full of thorns: કાંટાકાંટાળું. 2 Troublesome:હેરાન-પીડા કરનારૂં.

Thorough,(થરો) *prop*. Through:માં;અંદર.*a*. Passing through;આરપાર બધે જનારૂં.2 Complete:પુરૂં,પુરેપુરૂં *adv*. Thoroughly: માં સિદ્ધ, બરોબર રીતે. [ઉ ચામાં ઉંચી જુનિયાદનું;જાતવાન.

Thorough-bred,(થરો-બ્રેડ્)*a*. Sure-blooded:

Thorough-fare, (થરો-ફેર્) *n*. A passage through; a public road:ધોરી રસ્તો; રાજમાર્ગ.

Thorough-going, (થરો-ગોઇન્ગ્) *a*. Very thorough:પૂર્ણ;સંપૂર્ણ.2. Going all lengths;

ઉદપાર.

Thoroughly, (થરોલિ) *adv*. Fully; entirely; completely;બીલકુલ;પુરેપુરૂં;જરાએજરાક;સઘળું.

Those,(ધોઝ)*Pron* The plural of *that*: તેઓ પેલા-ઓ;એઓ.

Thou,(ધાઉ)*Pron*.The second personal pronoun in the singular number, denoting the person addressed:તું.

Though,(ધો)*conj* Notwithstanding that;if: અગર;તોપણ;જો;કદાપિ;તથાપિ. *As* t.,as if:જાણેકે.

Thought,(થોટ્)*n*.Reflection: વિચારશક્તિ. 2 Meditation:serious consideration: ઉંડો-પકવ-પાકો-પુખ્તવિચાર;ચિંતન.3.An idea;a mental conception whether an opinion,judgment, fancy, purpose or intention:મનની વાત;વિચાર; તર્ક. *In*. t, word or deed: મનસા, વાચા અને કર્મણા.

Thoughtful,(થોટફુલ્)*a*.Employed in meditation;contemplative;full of thought:ઉંડા વિચારમાં પડી ગયેલું;વિચારીને ચાલનાર;વિચારવાળું.

Thoughtfulness,(થોટ્ફુલનેસ્)*n*. Deep meditation:ઉંડો વિચાર;સવિચારતા;વિવેકિતા.

Thoughtless,(થોટ્લેસ્) *a*. Carelefs; inconsiderate;rash:વિચાર વગરનું;અવિચારી.

Thoughtlessness,(થોટલેસનેસ્)*n*.Rashness; stupidity:નાદાની;અવિચારીપણું;અવિવેક.

Thousand,(થાઉઝંન્ડ્)*n*. The number of ten-hundred:હજાર-સહસ્ત્રની સંખ્યા.*a* Consisting of ten hundred:જેમાં એક હજાર-સહસ્ત્ર હોયતેવું.

Thousand-fold,(થાઉઝંન્ડ્ફોલ્ડ્)*a* Multiplied by a thousand:હજાર-સહસ્ત્ર ઘણું-ગણું;સહસ્ત્રપુટ.

Thraldom, (થ્રોલ્ડોમ્) *n*. Slavery; bondage; state of servitude:ગુલામી;ગુલામગીરી;દાસત્વ.

Thrall,(થ્રોલ્)*n*.A slave;a bondman:ગુલામ;દાસ;હુંડો 2.Slavery servitude:ગુલામગીરી:દાસત્વ.

Thrall Thrash, (થ્રોલ થ્રેશ્) *vt*. To beat out grain from,as husks or straw: ઝૂડવું. 2. To beat soundly, as with a stick or whip to drub:ઝૂડવું;ઝપેટવું *vi*. To practise thrashing grain or the like:(અનાજકણસલાં)ઝૂડવું

Thrasonical,(થ્રેસોનિકલ)*a*.Bragging; boastful,vain glorious:અહંકારી;ગર્વિષ્ઠ;પતરાજી ભરેલ

Thread,(થ્રેડ્)*n* A very small twist of flax, wool,cotton,*etc*:દોરી;રસી;કાથો.(*b*) A line of gold or silver:સોનેરી અગર રૂપેરી દોરી;જરી;તાર. *Work with gold* t.: જરદોસ;જરી. 3. Something continued in a long course or tenor: સૂત્ર;દોરી;તાર;અનુસંધાન 4. Composition;quality,fineness:ગુણ;બારીકાઇ.5 Sacred or sacrificial cord of the Hindu: જનોઇ; ઉપવિત. *Thread and thrum*, the good and bad together;સારૂં ને ખોટું બધું ભેગું. *vt*.To pass a thread through the eye of:-માં દોરો ઘાલવો.

Thread-bare, (થ્રેડ્બેર્) *a*. Worn to the naked thread;having the nap worn off:તારે તાર દેખાય એટલું ઘસાઇ ગયેલું.

Threat,(થ્રેટ્)*n*.[L.*trudo*,I push.] Menace; threatening:ભય;ધમકી;ધાક;બ્હીક.*vt*.& *vi*.To threaten;બીવરડાવવું; ધમકી-બ્હીક આપવી.

Threaten,(થ્રેટન્) *vt*. To utter threats against;to menace:ધમકી ધાક આપવી,ધમકાવવું.*vi*.To have a threatening appearance:ભયભીત હોવું.

Threatening,(થ્રેટનિન્ગ્)*a*. & *n*.from **Threaten**:ડર દેખાડવું;ધમકી બતાવવું;ડર;ધમકી;ભય;ધાક.

Three,(થ્રી)*a*. One more than two;two and one:ત્રણ.*n*.Three units or objects:ત્રણ એકમ પદ થી 2.A symbol representing three units: ત્રણનો આંકડો.

Three-fold,(થ્રી ફોલ્ડ્)*a*.Consisting of three or thrice repeated;triple:ત્રિગુણ;ત્રણગુણ;ત્રમણું;ત્રિપુટ-ગુણ.

Three score, (થ્રી-સ્કોર્) *a*. Thrice twenty: [sixty:સાઠ;ત્રણ કોડી;૬૦.

Threshold, (થ્રેશોલ્ડ્)*n*. The plank, stone, which lies under a door:ઉમરો

Thrice,(થ્રાઇસ્)*adv*. Three times:ત્રણ વખત.

Thrift,(થ્રિફ્ટ્)*n*. Economical management in regard to property;frugality:કરકસર;ત્રેવડ. 2.Gain;prosperity:ફાયદો;આબાદી.

Thriftily,(થ્રિફ્ટિલિ) *adv*. In a thrifty manner: કરકસરથી;ત્રેવડપણે;ત્રેવડતાથી.

Thrifty,((થ્રિફ્ટિ)*a*.Sparing; frugal:કરકસરિયું; કોસરીયું 2.Prosperous:આબાદ.

Thrill,(થ્રિલ્)*n*.A nostril:નસકોરૂં;નાસીકા.*vt*. To cause to have a shivering, sensation:(*as of delight,remorse,&c.*)આખા શરીરમાં ઝંઝણી આણવી;રોમ રોમ વ્યાપી જાય તેમ ક૦. To feel a sharp,shivering,tingling,running through the body:ઝમકમાટ આવવો.*n*.A tremulous excitement: ઝંઝણી.

Thrive,(થ્રાઇવ્)*vi* To prosper by industry, economy and good management of property:ઉદ્યોગ,કરકસર અને સારી રીતે મિલ્કત જાળવી રાખીને આબાદ થવું;પૈસા મેળવવા 2.To increase in bulk or stature: જોર બળપર આવવું;-નું જોર બળ વધવું

Thriving,(થ્રાઇવિન્ગ્)*a*.Prosperous; increasing in goods and estate:સુખી;આબાદ;સમૃદ્ધ.

Throat,(થ્રોટ્) *n*. (*a*) The part of the neck in front of, or ventral to, the vertebral column:ગળું;કંઠ.*To give one the lie in his* t.to accuse one pointedly of lying abominably:હાડોહાડ જૂઠું બોલવાનો કોઇના ઉપર આરોપ મૂકવો *To lie in one's* t.:હાડોહાડ-ડહડહતું-જૂઠું બોલવું;બેધડક જૂઠું બોલવું.

Throb,(થ્રૉબ્)*vi*.To beat in consequence of agitation; to palpitate: ધડકવું-ધબકવું. *n*. A violent beat:ધબકારો;સ્ફુરણ;કંપ

Throe,(થ્રો)*n*. Extreme pain; violent pang; anguish:પ્રસુતિની અતિશય વેદના-દુ:ખ.

Throne,(થ્રોન્)*n*. [L. *thronus*] A chair of state,commonly a royal seat:ગાદી;રાજ્યાસન; તખ્ત;સિંહાસન.2 Sovereign power and dignity:રાજાની સત્તા અધિકાર અને હોદ્દો.

Throng,(થ્રૉન્ગ્) *n*. A multitude of persons or of living being;a crowd:ભીડ;ઠઠ;ટોળું.*vi*. To crowd together:ઠઠ મળવી. *vt*. To crowd or press,as persons:ભેગા કo;ભીડ-ઠઠ કo.

Throttle,(થ્રૉટલ્)*n*.A windpipe or trachea; the weasand: શ્વાસ લેવાની નળી; ઘાંટી *vt*. To compress the throat of:ગુંગળાવવું 2.To utter with breaks and interruptions,in the manner of a person half suffocated:અડચો ગુંગળાઈ ગયો હોય તેની પેઠે અચકી અચકીને બોલવું.

Through,(થ્રુ)*Prep*. From end to end of, or from side to side of: આરપાર. 2. Between the sides or walls of;within: માંથી;માં થઈને. 3.By means of;by the agency of: ને લીધે. Over the whole surface or extent of:સર્વત્ર; -માં સઘળે ઠેકાણે 5 Among or in the midst of: -માં;મધ્યે.6.From the beginning to the end of:આખામાં;માં *adv*. From one end or side to the other:આરપાર. 2. To the end:આખર સુધી.*To drop* t,to fail:નિષ્ફળ જવું.*a*.Thorough;complete:આરપાર વચ્ચે જનારૂં;પુરેપુરૂં.

Through-out, (થ્રુ-આઉટ્) *prep*. From one extremity to the other of:-ચોતરફ;એક છેડાથી બીજા છેડા સુધી.*adv*.In every part:દરેક ભાગમાં.

Throw, (થ્રો) *vt*. To fling, cast or hurl with a certain whirling motion of the arm: ફેંકવું-નાંખવું.2 To cause to take a position: અમુક સ્થિતિમાં ગોઠવવું.3.To overturn;to prostrate in wrestling:પાડવું; પાડી નાંખવું. 4. To cast,as dice;to venture at dice:પાસા નાંખવા *To* t *down*,to subvert;to destroy:પાડી-ભાંગી-તોડી નાંખવું.*To* t.*in*,to inject,as fluid:માં દાખલ કo;અંદર ઉતારવું *To* t *off*,(*a*) to expel; to free one's self from -થી મુક્ત થવું;-ને મટવું; મારી કાઢવું.*To* t *one's self on* or *upon*, To fall upon:-ના ઉપર પડવું.*To* t *out*,to cast out; to expel: કાઢી નાંખવું-મૂકવું. *n*. The act of hurling or flinging;a cast:ફેંકી-નાંખી દેવું તે; પ્રક્ષેપણ; નિક્ષેપ. 3. The distance to which a missile is,or may be,thrown: ટપ્પો;પલ્લો.

Throwster,(થ્રોસ્ટર્)*n*. One who throws or twists silk;a thrower:પડવો;રેશમ કાંતનાર.

Thrum, (થ્રમ્) *n*. One of the ends of weaver's threads:છેડો;આંતરી;રેષા;ગુંથા.2 A thread-like part of a flower; a stamen: તંતુ; કેસર. 4.A mat made of canvas and tufts of કેનવાસ અને સુતરના ગુંથાની બનાવેલી સાદડી. *vt*. To furnish with thrum :દોરા-તાર કાઢી ગુંથવું.

Thrush,(થ્રશ્)*n*.Any one of numerous species of singing birds: એક જાતની મેના; મદનસારીકા;સારીકા.*n* An affection of the mouth, fauces,etc:મોઢું પાકવું તે;મુખપાક.

Thrust, (થ્રસ્ટ્) *vi*. To push or drive with force:જોરથી મારવું;હડસેલવું; ધકેલવું.2. To stab: ભોકવું *To* t.*away* or *from*, to push away: ને હડસેલો-ધક્કો મારીને આઘું કાઢવું.*To* t. *in*, to push or drive in :ખોસવું;પેસાડવું.*vi*.To enter by pushing;to squeeze in:ઘુસવું-ઘુસીને વચ્ચે પડવું.*n*.A stab:ભોકવું-મારવું તે ઠોસો;હડસેલો.

Thrustings, (થ્રસ્ટિન્ગ્ઝ્) *n*. *pl*. The white whey, or that which is last pressed out of the curd by the hand, and of which butter is sometimes made: દહીંમાંની કાઢી કાઢેલી મલાઇ-તર.

Thug,(થગ્)*n* One of an association of robbers and murderers in India: ફાંસીયા;ઠગ.

Thumb,(થમ્)*n*.[L.*tumo*,I swell.]The short, thick first digit of the human hand; the pollex:હાથનો અંગુઠો; અંગુષ્ઠ T *mark*: અંગુઠાનું નિશાન. *Under one's* t.: completely under one's power:વશ-આધીન;મુઠીમાં;કબજામાં;હાથમાં *vt*.To handle awkwardly: અનઘડપણાથી હાથમાં લેવું. 2. To cover with the thumb: અંગુઠો મુકીને બંધ કo.

Thump,(થમ્પ્) *n*. The sound made by the sudden fall of a heavy body:ધબકારો 2. A heavy fall:ધબાકો.*vt*.To strike with something thick or heavy:ધબ-ઠબ્બ લઇને અફાળવું. *vi*.To strike with a heavy blow: ધબ લઈને અફળાવું.

Thunder,(થન્ડર્) *n*. [L. *tono*, I thunder.] The sound which follows a flash of lightning:કડાકો;ગર્જના.ગડગડાટ.T.& *lightning*:આજવીજ.2. The discharge of electricity:મેઘ વરસાદની-ગર્જના.3.Any loud noise (*as,of cannon, etc.*) ગડગડાટ; ભડાકો. *vi*. To produce thunder:ગર્જના થઈ રહેવી 2.To utter violent denunciation:હોંકારો નાદ કo;હાક વગાડવી.*vt*.To utter vehemently:હોંકારો કo;ધમકી પૂર્વક કહેવું.

Thunder-bolt, (થન્ડર્ બૉલ્ટ) *n*. A shaft of lightning:વિજળીનો લાંબો લીસોટો;વિદ્યુલ્લેખા;વજ્ર.

Thunder storm, (થન્ડર્-સ્ટૉર્મ) *n*. A storm accompanied with lightning and thunder આજવીજ-સાથેનું વાવાઝોડું-વાનું તોફાન.

Thunderstruck,(થન્ડરસ્ટ્રક્)*a*.Astonished,

or struck dumb:ચકિત;છક;ચક;હિંગ્મુઢ.

Thursday, (થર્સ્ડે) *n.* The fifth day of the week following Wednesday:ગુરૂવાર.

Thus, (ધસ્) *n.adv.*In this or that manner; on this wise:આ-એ રીતે-પ્રકારે-પ્રમાણે;આમ એમ.

Thwart, (થ્વૉર્ટ્) *a.* Transverse: આડું; ત્રાંસું. 2. *Fig.* Perverse: હઠીલું. *adv.* Obliquely: આડી રીતે. *Prep* Athwart: આડું *vt.*To move across or counter to;(*as an arrow*):-માં આડા થઇને જવું.2. To oppose:-ની સામા થવું-કરાવવું.

Thy,(ધાઇ) *Pron.* Of thee, or belonging to thee: તહારૂં; તારૂં.

Thyself, (ધાઇસેલ્ફ્) *Pron,* An emphasized form of the personal pronoun of the second person:તારી મેળે;તારે હાથે.

Tiara(ટાઇઍરૅ)*n*[Gr.*tiara,tiaras.*]The Pope's triple crown:(પોપનો)મુગટ;તાજ *Fig* The papal dignity:પોપનો હોદ્દો પોપ.

Tibial,(ટિબિઍલ્)*a.*[L *tibia,*the shin bone.] Of or pertaining to a tibia: પગની નળીનું. *n.*(*Anat*)A tibial bone;a tibiale:નળો;નળાનું; હાડકું.

Tick,(ટિક્)*n.*Credit:શાખ. *To buy on* **t**:.ઉધાર લેવું.*vi.*To go on trust or credit:ઉધારે ચાલવું. *n.*[L.*theca,*case.] The cover, or case of a bed:ગોદડાનું ખોળિયું. 2. Ticking: સુસી; ખોળીયાનું લુગડું.3. A quick audible beat as of a clock:(ઘડિઆળનું) ટકટક; ટિકટિક.*vi.* To beat: મારવું; કુટવું.

Ticken,Ticking,(ટિકેન્-ટિકિન્ગ્)*n.*A closely woven linen or cotton fabric, of which ticks for beds are made:ખોળિયાનુંલુગડું;સુસી.

Ticket, (ટિકેટ્) A certificate or token of right of admission to a place of assembly, or of a passage in a public conveyance: પાસ;ટિકિટ.2.A label to show the character or price of goods: માલની જાત અથવા કિમ્મત દર્શાવનારી ચીઠ્ઠી.3 A certificate or token of a share in a lottery: ચિઠ્ઠિ;ટિકિટ *vt.*To distinguish by a ticket;to put a ticket on: -ના ઉપર ચીઠ્ઠી ચોડવી. 2. To furnish with a ticket: ટિકિટ આપવી ક૦.

Tickle,(ટિકલ્)*vt.*To touch lightly so as to produce a peculiar thrilling sensation:-ને ગલીપચી ક૦;-ને ગલી ક૦.*vi.*To feel titillation: -ને ગીલી-ગીલીપચી લાગવી-થવી.*a* Ticklish;easily tickled:જલદીથી ગલીપચી લાગે એવું 2 Unstable: દૃઢ નહિ તેવું.

Ticklish,(ટિકલિશ્)*a* Sensible to slight touches;easily tickled:જલદીથી ગલીપચી લાગે તેવું.

Tidal,(ટાઇડલ્)*a.* Of or pertaining to tides: having tides:ભરતી-જુવાર-ઓટનું સંબંધી.

Tide,(ટાઇડ્)*n.*The alternate rising and falling of the waters of the ocean,and of bays rivers,etc:જુવાર;ભરતીઓ.2. Course,current: ગતિ;વેગ.*Atmospheric* **t** ઃ:વાતાવરણીય વેલા.*To work double* **t** ઃ:ત્રણદહાડાનું કામ બે દહાડામાં ક૦. *Bore or swell of the* **t**.:ઘોડા.*Spring* **t**.:પુનેમ-અમાસની મોટી ભરતી *Neap* **t** :નાની ભરતી *vt.*To cause to float with the tide:ભરતીની સાથે હોય ત્યારે તરે તેમ ક૦ *vi.*To betide:બનવું;થવું.2. To pour a tide or flood: ભરતીઓટ આવવી થવી.

Tidings,(ટાઇડિન્ગ્ઝ્)*n. pl.* Account of what has taken place and was not before known; news:ખબર;ખબરઅંતર;સામાચાર;બાતમી;પત્તો;વાતો.

Tidy,(ટાઇડિ)*a.*Arranged in good order;neat: સફાઇ;સ્વચ્છતાવાળું;સ્વચ્છ; સાફ. *n. pl* **Tidies,** A cover,often of tatting, drawn work, or other ornamental work,for the back of a chair, the arms of a sofa,or the like:ગલેફ; કવર;ઢાંકણ.

Tie,(ટાઈ)*n.*A knot;a fastening:ગાંઠ;બંધ;કસ 2. A knot of hair, as at the back of a wig: અંબોડો;શિખા;વેણી *Worldly*.**t**.ઃ:સંસારબંધ *vt.* To fasten with a bond or cord:બાંધવું;બાંધી રાખવું.2. To knit: બાંધવું; ગાંઠવું. 3. To unite firmly;to fasten;to hold:દૃઢ જોડવું;મજબૂત બાંધવું. 4 To make an equal score with,in a contest;to be even with-ની સાથે સરખા ઉતરવું-હોવું. To **t**.*down,*(*a*) to fasten so as to prevent from rising:ઉઠતાં-ઉઠાથતાં અટકે તેવી રીતે બાંધવું.

Tier,(ટીર્)*n.*One who,or that which ties:બાંધનાર. *n.* A row *especially* one of two or more rows placed one above, or higher than another:(વિશેષે કરીને એક ઉપર એક એવી) હાર;ઓળ.

Tiff, (ટિફ્) *n.* Liquor:દારૂ. 2. A fit of anger: બોલાબોલી;રૂસણું.*vi.*To be in a pet:તકરાર-બોલાચાલી ક૦.*vt.*To deck out; to dress: શણગારવું.

Tiffin,(ટિફિન્)*n.*A lunch,or slight repast,between breakfast and dinner: નાસ્તા અને જમવાની વચ્ચેનું ભોજન;ટિફિન;ફરાળ.

Tiger,(ટાઇગર્)*n* [L *tigris.*]A very large and powerful carnivore:વાઘ;વ્યાઘ્ર.

Tight,(ટાઇટ્)*a.* Firmly held together:સજ્જડ;સજ્જડ બેઠેલું,2.Not leaky:કાણું અથવા ફાટ ન હોય તેવું.3.Fitting close,or too close,to the body:બેસતું;તંગ.4.Not ragged; whole;neat: છયનું.5. Firmly stretched; tight:તાણેલું;ખેંચેલું.6.Handy:ચાલાક;ચપળ.7.Somewhat intoxicated:થોડો ઘણો પીધેલ હોય એવો.

Tighten, (ટાઇટન્)*vt.* To draw together; to straiten;to make more close in any manner;ચુસ્ત બેસવું,તંગ ક૦.

Tigress,(ટાઇગ્રેસ્)*n*.The female of the tiger: વાઘેણ;વ્યાઘ્રી.

Tile,(ટાઇલ્) *n*. [L. *tego*, I cover.] A plate, or thin piece,of baked clay:નેવું;નળીયું.2.(*a*) A small slab of marble or other material used for flooring:જમિનપર ચોટાડવાનાં આરસનાં નાનાં ચોરસાં. (*b*) A plate of metal used for roofing:છાપરાં જડવાના કામમાં આવતાં ધાતુનાં પતરાં 4. A draintile: માટીનો નળ. To cover with tiles (*as a house*): ઉપર નળીઆં ઢાંકવાં ચઢાવવાં.

Till,(ટિલ્)*n*. (*a*) A drawer: પેટીનું ખાનું,(*b*) A money drawer in a shop: ગોલખ; ગલ્લો. *n*. deposit of sand,clay and gravel,without lamination:ભાઠાની માટી.*Prep* Up to;as far as;until:સુધી;લગી.**T** *now*,the present time: હાલ સુધી.**T**.*then*, to that time:તે વખત સુધી. *Conj*. As far as; upto the place:અત્રે સુધી; અહીં સુધી.*vt*. To cultivate:ખેડવું. *vi*. To cultivate land:જમીન ખેડવી.

Tillage,(ટિલેજ્)*n*.The operation of tilling: ખેડવાનું કામ-ખેતી;કૃષીકર્મ 2. A place tilled or cultivated:ખેડેલી જમીન.

Tiller,(ટિલર્)*n*.A husbandman:ખેડુત;કૃષીકાર *n*.(*a*) A shoot of a plant:ઝાડનો ફણગો.2. A young timber tree: ન્હાનું ઇમારતી લાકડાનું ઝાડ. *vi*.To put forth new shoots from the root: નવા ફણગા ફુટવા.

Tilt,(ટિલ્ટ્) *n*. A covering over head;especially, a tent:તંબુ.2.The cloth,covering a cart:ગાડી ઢાંકવાનું લુગડું.3 The cloth-cover of a boat:હોડીનું લુગડું.*vt*.To cover with a tilt, or awning:ઢાંકણ કર-દેવું.*vt*.To point or thrust a weapon at:કોઇને કાંઇ હથિયાર મારવું.*vi*.To run or ride and thrust with a lance: ને દોડતાં-દોડતે ઘોડે ભાલો મારવો *n*.A thrust,as with a lance:ભાલો મારવો.2.A tournament:ભાલાબાજી

Timber,(ટિમ્બર્)*n*.That sort of wood which is proper for buildings:ઇમારતી લાકડું.2. A single piece or squared stick of wood intended for building,or already framed: ઘરના ચોકઠાનું લાકડું.

Timbrel,(ટિમ્બ્રેલ્)*n*.[L *tympaum*.]A kind of drum:એક પ્રકારનું વાજું ઢોલ.

Time,(ટાઇમ)*n*.Duration:વખત;કાળ.2.A point or portion of duration:વેળા;સમય; પ્રસંગ.3. Age; period; era:કાળ; જમાનો; સમો. 4 The duration of one's life:હયાતીનો વખત;આયુષ્યકાળ 5 A proper time;a season;બરોબર વખત; તક;તાકડો.6 Repetition:વાર;વખત.7. Leisure: ફુરસદ.*Astronomical* **t**.:જોતિષ્ય-ખાગોલિક કાળ. *At* **t**.s,now and then;વારેઘડીએ. *In* **t**.(*a*) in good season:સારેવખતે;સવેળા.(*b*) Eventually: આખર. *Quick* **t**. (*Mil*.) ૨૮-૨૮ ઇંચનું એક એવાં ૧૧૦ પગલાં એક મિનિટમાં ભરાય એવી રીતે ઉતાવળે કુચ કરવાનો વખત. *To kill* **t**., to waste time: વખત નકામો ગાળવો **T**.*immemorial*:અનાદિકાળ. **T**.*book*:હાજરી *Course of* **t**.:કાળગતિ; કાળચક્ર. *An adverse* **t**.:વેળા;વિપત્તિ.*Unseasonable* **t**. કદહાડો;કવેળા.*Auspicious* **t**.:શુભ અવસર.*Dark & troublous* **t**.:કલિકાળ.*At the right* **t**.:તાકડે; ખરે પ્રસંગે *Hard* **t**.s:આપત્કાળ.**T**.*serving*:કાળાનુવર્તી.*Out of* **t**.:મુદત બહાર. *vt*. To appoint the time for:-ને માટે વખત ઠેરવવો. 2. To regulate as to time:-નો વખત કે કાળ રાખવો 3. To ascertain or record the time:વખત-ગતિ નોંધવી.4. To measure as in music or harmony:-નો તાલ મેળવવો. *vi*. To keep or beat time:વખત રાખવો:વખતસર ચાલવું.

Time-honored, (ટાઇમ્-ઑનર્ડ્) *a*. Honored for a long time:લાંબા વખતથી પુજ્ય ગણાઇ.

Time-keeper, (ટાઈમ્ કીપર્) *n*. A clock, watch or other chronometer;a timepiece: મ્હોટું ડાબડિયું ઘડીયાળ.2 A person who keeps marks,regulates:વખત નોંધનાર.(*a*)A person who keeps the time of workmen;મજુરોની હાજરી રાખનાર.(*b*)One who gives the time for the departure of conveyances: ગાડીઓ વિગેરે ઉપાડવાનો વખત જણાવનાર.

Timeless, (ટાઈમ્લેસ્) *a*. Untimely: કવેળાનું; કવખતનું.2. Premature;immature:પુખ્ત-પાકું ન હોય તેવું;કવેળાનું 3.Having no end:જેનો છેડો-અંત ન હોય તેવું;અપાર.

Timely,(ટાઇમ્લિ)*a*.Occurring in good time: વખતસર; બરોબર સમયે. 2 Keeping time or measure:વખત,માપ રાખનારૂં *adv*.Early;soon; in good time:વેળા-વખતસર.

Time-piece,(ટાઇમ્-પીસ્)*n*. A clock,to measure or show the progress of time: મોટું કે ડાબડીવાળું ઘડિયાળ

Time-server(ટાઇમ્-સર્વર્)*n*.One who adapts his opinions and manners to the times: મોટા કહે તે હાજી હા જમાને સાજિ કરનાર;કાલાનુસારી.

Time-serving, (ટાઈમ્સર્વિન્ગ્) *a*. Obsequiously complying with the spirits of the times:સમયાનુસારી;રૂખ રાખનારૂં.

Time-table,(ટાઈમ્-ટેબલ્)*n*.A tabular statement of the time when, several things are to take place:વખત પત્રક.

Timid,(ટિમિડ્) *a*. [L. *timeo*, I fear.] Easily frightened:બ્હીકણ;બડકણ; ભયશીલ;ડરકણ.

Timidity,(ટિમિડિટિ)*n*.The quality or state of being timid:બીકણપણું;બાયલાપણું.

Timocracy,(ટાઈમૉક્રેસિ)*n*. [Gr.*time*,honour

&crato,I govern]A state in which the love of honor is the ruling motive:માન-આબરૂ પ્રત્યેનો પ્રેમ પ્રધાન ગણાતો હોય એવી સ્થિતિ-વખત.

Timorus, (ટિમરસ્) *a.* [L. *timor*, fear.] Fearful of danger;timid:બ્હીકણું;બાડકણું;નામર્દ.

Tin, (ટિન્) *n.* An elementary substance found as an oxide in the mineral cassiterite: કલાઇ; કથીર. 2. Thin plates of iron covered with tin:કલાઈનો પત્રાં. *vt.* To cover with tin:-માં કલાઈ ચઢાવવી;ને કલાઇ દેવી.

Tincal,(ટિંકલ્)*n*. Crude native borax:ટંકણખાર,ટંકણ.

Tincture,(ટિન્કટ્યૂર્)*n* [L *tingo*,I tinge,dye] A tinge or shadow of color;a tint:છાંટ;રંગ; પાસ.2.An extract of a part of a substance: સત્વ.3. Spirit containing medicinal substances in solution: ઓષધમિશ્રિત મદ્યાર્ક. *vt.* To tinge:મેળવવું.2.To imbue the mind of; to tinge:-ને કશાની અસર બેસાડવી.

Tinder,(ટિન્ડર્) *n.* Something very inflammable:ઝટ સળગે એવી વસ્તુ.

Tine,(ટાઈન્)*n*.Trouble;distress:હેરાનગતી;મહેનત;દુઃખ;સંકટ;પીડા.*vt*.To kindle;to set on fire: સળગાવવું;ચેતવવું.*vi*.To kindle;to rage:સળગવું.

Tinfoil, (ટિન્-ફૉઈલ્) *n.* A foil or thinnest plate of tin:કલાઇનો વરખ અથવા છેક પાતળું પતરૂં.

Tinge,(ટિન્જ્)*vt*.[L *tingo*,I dye.] To colour slightly:નો રંગ લાવવો;નો રંગ દેવો *n*.Tincture color:છાંટ-રંગ;આભાસ;અસર.

Tingle,(ટિન્ગલ્)*vi*.To feel a kind of thrilling sensation:ઝણઝણ થતું હોય તેમ જણાવું 2. To feel a sharp, thrilling pain:આખે શરીરે ઝણઝણી છુટવી.

Tinker,(ટિન્કર્)*n*. A mender of brass,kettles,pans,and other metal ware:કંસારો:તાંબાપીતળનાં વાસણ ઘડનાર.*vt*.To mend or solder as metal wares:વાસણ ઘડવાં;ને ઝાળણ દેવું.

Tinkle,(ટિન્ગલ્)*vi*.To clink:ખણખણ થવું *vt*.To cause to clink:ખખડાવવું.*n*. A small,sharp quick sound,as that made by string metal:રણકો;ખણખણાટ.

Tinkling,(ટિન્કલિન્ગ્)*n*.A tinkle or succession of tinkles:રણકો;ખણખણાટ;રણકારો;ઘણઘણાટ

Tinman,(ટિન્મૅન્) *n. pl.* **Tinmen.**A manufacturer of tin vessels;a dealer in tin ware: કલાઈગરો;કલાઇના વાસણ બનાવવાનો ધંધો કરનાર.

Tinsel,(ટિન્સેલ્)*n* A shining material used for ornamental purposes: કિનારી-કસબ 2. Something shining and gaudy: કોઇ ચળકતો પદાર્થ.*a*. Showy to excess: બહારથી ખોટી ઝુલે આપનારૂં.

Tint,(ટિન્ટ્)*n* [L *tingo*,I dye.]A slight coloring:પાસ;છાંટ *vt.* To give a slight coloring to:-ને રંગ લગાડવો.

Tiny,(ટાઇનિ)*a*.Very small;little:અતિશય ન્હાનું.

Tip,(ટિપ્)*n* The point or extremity of anything:અગ્રભાગ;છેડો;ટોચ;ટેરવું *vt*.To form as a point upon:-ની ટોચપર કંઇ મૂકવું 2.To strike slightly;to tap:-ને ધીમેથી ટકોરો મારવો. *To* **t.** *off*,to pour out: બહાર રેડવું. *To* **t.** *over*, to overturn:ઉંધું વાળવું.*To* **t.** *the wink*,to give a hint:આંખનો મચકારો કo.*vi*.To fall,or incline to one side:એક બાજુએ નમવું. *n*.A slight touch:થબડાક.*From* **t.** *to toe*:નખશિખ;સર્વાંગે.

Tip-cat,(ટિપ્કૅટ્)*n*.A kind of game: મોઇદંડા; ગીલ્લીદંડાની રમત.

Tippet, (ટિપેટ્)*n.* [L. *tapete*, tapestry.] A cap or scarflike garment for covering the neck:(ઓરતોને) બોચીપર રાખવાનું નાનું વસ્ત્ર;કંઠવસ્ત્ર *To turn* **t** ,to change:બદલવું-ફેરવવું.

Tipple, (ટિપલ્) *vi.* To drink spirituous or strong liquors habitually: દારૂ પીવો-પીવાનું વ્યસન હોવું.*vt*. To drink, as strong liquors in excess:ખૂબ દારૂ પીવો *n* Liquor taken in trippling;drink:દારૂ;નિશો.

Tippler, (ટિપ્લર) *n.* One who keeps a tippling:કલાલ.2.One who habitually indulges in the excessive use of spirituous liquors: છાકટો;મદ્યપાની;મદ્યપી;દારૂડિયો,વ્યસની.

Tippling,(ટિપ્લિન્ગ્)*n*. The quality or state of indulging in the use of spirituous liquors:છાકટાપણું;નિશાબાજી.

Tipstaff,(ટિપ્સ્ટૅફ્)*n.pl* **Tipstaves.** A staff tipped with metal: ખોલીવાળો દંડ-લાકડી. 2. An officer who bears a staff tipped with metal: પોલીસનો સિપાઇ. [ચીધેલ.

Tipsy,(ટિપ્સિ)*a*.Fuddled;intoxicated:છાકટું;

Tiptoe,(ટિપ્ટો)*n*. The end or top of the toe: આંગળીનું ટેરવું કે હાથનો અંગુઠો;અગ્ર; છેરો. *To be*, or to *stand*,a **t.**or *on* **t**, to be awake: કશા વિષે આતુર રહેવું;ટાંપી રહેવું.*a*. Lifted up:ઉંચું કરેલું.*vi*.To step or walk on tiptoe:પગના અંગુઠાપર ચાલવું **T.** *mirth*, the highest degree of mirth:ઘણીજ ખુશી;અત્યાનંદ.

Tiptop,(ટિપ્ટૉપ્) *n.* The highest or utmost degree:(કંઇ)ઘણુંજ હોવું તે;પરાકાષ્ઠા.*a*.Very excellent;perfect:ઘણુંજ સારૂં.

Tirade,(ટિરેડ્)*n*. A declamatory strain or flight of censure or abuse:નિંદાત્મક ભાષણ; આક્ષેપ;ઠપકો;આરોપ.

Tire,(ટાઇર્)*n*.A tier, row, or rank:ઓળ;હાર; પંક્તિ.*n*.Attire;apparel:પોશાક.*vt*. To adorn. શણગારવું.*vi*.To seize,rend,or tear something,as prey:-પર પડવું;પકડવું *vt*. To fatigue:

થકવી નાંખવું. *To t. out*, to weary: થકવી નાંખવું.

Tiresome, (ટાઇર્સમ્) *a.* Fatiguing; wearisome tedious: હેરાન કરનારૂં; કંટાળો આપે-થકવે એવું.

Tiresomeness, (ટાઇર્સમ્નેસ્) *n.* The state of being exhausted: wearisomeness: કષ્ટ; કંટાળો

Tissue, (ટિશ્યૂ) *n.* [L. *texo*, I weave.] A texture: કોઈ પ્રાણી અથવા વનસ્પતિ પદાર્થના ગમે તે ભાગના છિદ્રો તથા ઝીણી શિરાઓનો ગુચ્છો; પેશી. 2. Web; texture; જાળ; પાશ. *A t. of falsehood*: અસત્યજાળ. *T paper*, very, thin, gauze like paper: પાતળો પારદર્શક કાગળ. *vt.* To form tissue of: બુટ્ટેદાર તરેહવાર કાપડ વણવું.

Tit, (ટિટ્)*n.* A morsel; a bit: કકડો ટુકડો. 2. A woman (*used in contempt*): સ્ત્રી. *T. for tat*: અદલાનો બદલો; સાટાપાટી. [રાક્ષસ; દૈત્ય; અસુર.

Titan, (ટિટન્)*n.* Mythological being: દાનવ;

Titbit, (ટિટ્બિટ્)*n* Same as **Tidbit**.: ખાવાનાં પદાર્થનો સુવાળો-મુલાયમ કકડો; સુગ્રાસ.

Tithe, (ટાઇધ્) *n.* A tenth; the tenth part of anything: દશાંશ; દશમો ભાગ. *a.* Tenth: દસમું.

Tithingman, (ટાઇધિંગ્મૅન્) *n.* A head borough; one elected to preside over the tithing: પ્રગણાનો અમલદાર 2. A peace officer: સુલેહનો અમલદાર. [sation: ગલીપચી.

Titillation, (ટિટિલેશન્) *n.* A tickling sen-

Title, (ટાઇટલ્)*n.* [L. *titulus* an inscription.] An inscription put over or upon anything as a name by which it is known: જે નામથી કોઈ વસ્તુ ઓળખાતી હોય એવું કશાઉપર લખેલું નામ. 2. The inscription in the beginning of a book: નામ. 3. An appellation of dignity; distinction etc: ખિતાબ; પ્રતિષ્ઠાનામ; ઈલ્કાબ. 4. A name: નામ; ઉપનામ; હક; દાવો; ઇલાખો. *T deeds* (*Law.*) the muniments or evidences of ownership: દસ્તાવેજી પુરાવો.

Titled, (ટાઇટલ્ડ્)*a.* Having or bearing a title: ખિતાબ; ઇલ્કાબવાળું; ખિતાબી; ઇલ્કાબી.

Title-page, (ટાઇટલ્પેજ્)*n.* The page of a book which contains its title: મુખપૃષ્ઠ; મુખપત્ર.

Titter, (ટિટર્)*vi.* To laugh with restraint: ખીખી-હીહી, મનમાં ને મનમાં હસવું. *n.* A restrained laugh: ખીખી-મનમાં ને મનમાં હસવું.

Tittle, (ટિટલ્)*n.* A particle; a minute part; an iota: લેશ; અણું; બિંદુ; રજ; કણ; અણુમાત્ર.

Tittle-tattle, (ટિટલ્-ટૅટલ્) *n.* Idle, trifling talk; empty prattle: બકબકાટ; ખોટો લવારો. *vi.* To talk idly: બકબકવું; ખોટો લવારો ક૦.

Titular, (ટિટ્યૂલર્)*a.* Existing in title or name only: નામનું; નામ ધારી ઓઠાં-પૂતળાં જેવું.

Titulary, (ટિટ્યૂલૅરિ) *n.* A person invested with a title: ઈલ્કાબી; ખેતાબી; હોદ્દેદાર. *a.* Consisting in a title; titular: નામનું; નામધારી. 2. Of or pertaining to a title: ખિતાબ-ઇલ્કાબ-સંબંધી.

To, (ટૂ) *Prep*, The preposition **to** indicates approach and arrival: પાસે; કને; સોડે; ને; એ; લક્ષ્ય 2. *Hence*, it indicates motion, course, or tendency towards a time, a state or condition, an aim, etc: -માં; એ; ને; ઉપર; તરફ. As a sign of the infinitive: -વું; ને; વા; માં. 3. It denotes or implies, (*a*) Extent; limit; degree of comprehension: સુધી; લગી; પર્યંત. (*b*) Effect; end; consequence: (કોઈ અમુક રીતનો) પરિણામ નીકળતા સુધી-નીકળે એવી રીતે. (*c*) Comparison: જોતાં; ની સાથે સરખાવી જોતાં. (*f*) Addition: વધારામાં; વળી; સાથે (*g*) Accompaniment: સાથે. *T. & again* to and fro: આમ તેમ. *T. & fro*, forward & backward: આમ તેમ. *T. the face*, in front of: ની આગળ; સન્મુખ. *T. wit*, to know: જાણવું; તેએકે.

Toad, (ટૉડ્)*n.* Any one of numerous species of batrachians: એક જાતનો મ્હોટો દેડકો; મેંડક; દુર્દર.

Toad-eater, (ટૉડ્ઇટર્)*n.* A mean sycophant; a flatterer; a toady: ખુશામતિયો; નીચ માણસ.

Toady, (ટૉડિ) *n. pl.* **Toadies**. A mean flatterer: ખુશામતિયો. *vt.* To fawn upon with mean sycophancy: ની ખુશામત ક૦.

Toast, (ટૉસ્ટ્) *vt.* [L. *tostum*, parched.] To dry and brown by the heat of a fire: દેવતા ઉપર પકવીને રાતીચોળ બનાવવી; સેકવું; ભૂંજવું 2. To name when a health is proposed to be drunk: નેનામે-નુંનામ દઈને દારૂનો પ્યાલો મોંએ માંડવો *n.* Bread dried and browned before a fire: સેકેલી રોટલી.

Tobbacco, (ટૉબૅકો)*n.* An American plant of the nightshade family: તંબાકુનો છોડ-છોડવો. 2. The leaves of the plant prepared for smoking; chewing, etc: તંબાકું; તમાકુ.

Tobacconist, (ટૉબૅકોનિસ્ટ્) *n.* A dealer in tobacco: તંબાકુવાળો-વેચનાર. 2. A smoker of tobacco: તંબાકુપીનાર.

Tocsin, (ટૉક્સિન્)*n.* An alarm bell, or the ringing of a bell for the purpose of alarm: (હુલ્લડ વિગ્રહ યુદ્ધારંભ થવાની સૂચના આપવા રાખેલા) ઘંટનો અવાજ-રાખેલો ઘંટ-યુદ્ધ ઘંટ; યુદ્ધ ઘંટનાદ.

To-day, (ટુ-ડે)*adv.* On this day; on the present day: આજ *n.* The present day: આજ.

Toddle, (ટૉડલ્)*vi.* To walk with short steps: ટુંકાં ટુંકાં પગલાં-ડગલાં ભરવાં-ભરીને ચાલવું. *n.* A todding walk: ટુંકાં ટુંકાં ભરેલાં પગલાં.

Toddy, (ટૉડિ)*n.* A juice drawn from various kinds of palms in the East Indies: તાડી.

Toe, (ટો)*n.* One of the terminal members or digits, of the foot of a man or an animal: પગનો અંગુઠો. *vt.* To touch or reach the toe: સૂધી આવી પહોંચવું. *To t. in*: બે પગનાં આંગળાં

એક બીજા તરફ રહે એવી રીત્યે ચાલવું.

Toga,(ટોગ)*n.* [L. *tego*, I cover.] The loose outer garment of the ancient Romans: પ્રાચીન રોમન લોકોનું અંગવસ્ત્ર.

Together,(ટુગેધર્)*adv.* In company or association with respect to place or time: એકઠાં;ભેગાં.2. In or into union: સાથે; સંગાથે. *Together with*, in union with; along with:સાથે;એકઠું.

Toggery,(ટૉગેરિ)*n.*Clothes:કપડાં;લુગડાં.

Toil,(ટૉઇલ્)*n.*[L. *texo*, I weave.] A net or snare:જાળ.*vi.*To labor;to work:સખત.મહેનત કo;કામ કo.*vt.*To weary:ઘણું કામ કરવાથી.થાકી જવું.2.To labor;to work:મહેનત કo.*n.*Labor with pain and fatigue:સખતમહેનત; પરિશ્રમ.

Toilet,(ટૉઇલેટ્) *n.* A covering of linen,or silk: શણ; રેશમ કે ભરતનું ઢાંકણ 2. A dressing table:કપડાં પહેરવાનું ટેબલ.3.Act or mode of dressing:શણગાર.T *glass*:શણગાર સજતી વખતે જોવાનું દર્પણ.*To make one's* t.,to dress one's self:શણગાર સજવો.

Toilsome,(ટૉઇલ્સમ્)*a.*Laborious;wearisome: મહા-સખત મહેનતનું-કરવી પડે તેવું;કષ્ટસાધ્ય.

Token, (ટોકન્) *n.* A sigh;a symbol: નિશાની લક્ષણ. 2. A memorial of friendship;a momento;a souvenir:સંભારણમાં આપેલી કંઇવસ્તુ.

Tola,(ટોલે)*n.*A weight of British India:તોલો.

Tolerable, (ટૉલરબલ્) *a.* Capable of being borne or endured:ખમી-સહી શકાય એવું; સહ્ય 2 Passable:મધ્યમ; વચલા બાંધાનું-વડનું-ઠીકઠીક; માફકસર.

Tolerance,(ટૉલરન્સ્) *a.* The act of endurance:ખમવું-સહન કરવું તે;સહનતા.સહનશીલતા.

Tolerant,(ટૉલરન્ટ્) *a.* Favoring toleration; forbearing;indulgent:ખણખોદ નહિ તેવું.

Tolerate,(ટૉલરેટ્)*vt* [L. *tollero*, I lift up.] Not to restrain:ખમ્યા-સાંખ્યા કo;છૂટી મૂકવી.

Toleration, (ટૉલરેશન્) *n.* The allowance of that which is not wholly approved:ઉપેક્ષા;અનિષેધ;અપ્રતિબંધ.2. The allowance of religious opinions and modes of worship: સ્થાપિતધર્મથી વિરૂદ્ધ અથવા જુદો મત માનવા-પાળવા દેવો તે.

Toll,(ટોલ્)*vt.* To cause to sound, as a bell, with strokes slowly and uniformly repeated:ઘંટો વગાડવો.2.To strike, or to indicate by striking,as an hour:ઘંટો વગાડીને કલાક દર્શાવવો.*n.*The sound of a bell produced by strokes slowly and uniformly repeated: શોકનાદ-ઘંટ *n.* A tax paid for some liberty or privilege,particularly for the privilege of passing over a bridge or on a high way:પુલ ઉતરવા સરકારી રસ્તે થઇને જવા આદિ સારૂ બેસાડેલો કર;રાહદારી;ટોલ.

Toll-house,(ટોલ્-હાઉસ્)*n.*A house occupied by a receiver of tolls:કર લેવાની ચોકી;માંડવી.

Tomato,(ટોમેટો)*a.*The fruit of a plant of the Nightshade family: અમેરિકન રીંગણ-વેંગણ.

Tomb, (ટૂમ્) *n.* [L. *tumulus*, a mound.] A grave;a sepulchre:ગોર; કબર.2. A house or vault formed for the dead:હજીરો;કબર.

Tomboy,(ટૉમ્બૉઈ)*n* A romping girl;a holden: તોફાની-મસ્તાની છોડી-છોકરી.

Tomb-stone,(ટૂમસ્ટોન્) *n.* A stone erected over a grave: કબર;ચૈત્ય.

Tom-cat,(ટૉમ્કૅટ્)*n.*A male cat:બિલાડો;માંજરો.

Tom-foolery,(ટૉમ્ ફૂલરિ)*n.*Folly; trifling:મૂર્ખાઇ;બેવકૂફી;મૂર્ખાઈ ભરેલું-નિરૂપયોગી કામ.

Tomorrow, (ટુમૅરો) *adv.* On the day after the present day;on the next day: કાલ.*n.* The day after the present:આવતી કાલનો દિવસ.

Tomtom,(ટૉમ્ટૉમ્)*n.*The Indian drum:ઢોલ.

Ton,(ટૅન્) *n.* (*Com*) A measure of weight or quantity;the weight of twenty hundred-weight: છપ્પન મણ;૨૨૪૦ શેર-રતલ;ટન.

Tone,(ટોન્)*n.*[L.*tonus*,a sound.] Sound or the character of a sound: અવાજ; ઘાંટો. 2. Modulation of the voice:અવાજની ઢબ 3. A whining style of speaking: કાઢેલો રાગ. 4. (*Mus*)(*a*)A sound considered as a pitch: સુર (*b*) The peculiar quality of sound in any voice or instrument:સુર; શબ્દ; કંઠ. 5. General prevailing character or style:એકંદર તરેહ-તાસીર ડોળ;સ્વરૂપ *vt.*To utter with an affected tone:રાગ કાઢવો;રાગ કાઢીને બોલવું. *To* t *down*. To give a lower tone to: સૂર નીચે ઉતારવો.

Toneless,(ટોન્લેસ્)*a.* Unmusical: સુર વગરનું; [બેસુર.

Tongs,(ટૅન્ગ્ઝ્)*n.pl.*An instrument,consisting of two parts or long shafts, jointed together at or near one end: ચીમટો;ચીપિયો.

Tongue,(ટન્ગ્)*n.*[L.*lingua*.]An organ situated in the floor of the mouth or most vertebrates and connected with the hyoid arch:જીભ;જિહ્વા;રસના.2.A language: બોલી; જબાન;ભાષા. 3.(*a*) A projection or slender appendage or fixture of a balance:કાંટો;કાંટાની સળી.(*b*) A projection on the side, as of a board, which fits into a groove: ચીપ; કડી *To hold the* t ,to be silent: મૂગાં-ચૂપ રહેવું.*On tip of the*-t.:જીભનાઅગ્રે;ટેરવે.

Tongue-tied,(ટન્ગ્ટાઇડ્)*a.*Unable to speak freely,from whatever cause:જીભનું બંધ.

Tonic,(ટૉનિક્)*a.*Increasing strength:બળપ્રદ-

બળ વધારનારૂં.*n.*The medicine that increases the strength and gives vigor of action to the system:કૌવતનું ઓસડ;વાજીકર.

To-night,(ટૂનાઇટ્)*adv.* On this present or coming night:આજે રાતે.*n.* The present or the coming night:આજની રાત-રાત્રી.

Tonnage, (ટનેજ્) *n.* The weight of goods carried in a boat or a ship:કોઇ વહાણમાં જેટલો માલ ભરેલો હોય તે બધાનું એકંદર વજન.2.A duty or impost on vessels,estimated per ton:જકાત-કરનો દર;દસ્તુર.

Tonsil,(ટૉન્સિલ્)*n.*[L. *tonsillæ*]One of the two glandular organs situated in the throat:જીભના મૂળ આગળની ગાંઠ;ચોરીયો;અમૃતકળા.

Tonsure,(ટૉન્સ્યૂર્)*n.*[L.*tonsura,*a shearing] The act of clipping the hair or of shaving the crown of the head:વાળ ઉતારવા તે; હજામત;મુંડન. *The first* **t.***of* a *Hindoo child* મુંડણ;ચૌલ.

Tontine,(ટૉન્ટાઇન્) *n.* [L. *tontina*]An annuity, with the benefit of survivorship: બારમાસે મળતું લવાજમ;સાલિયું;વર્ષાસન

Too,(ટૂ)*adv* Over; more than enough: (જોઇએ તેથી) વધારે;બહુજ.2.Also;in:તેની સાથે;વળી.

Took,(ટૂક્)*imp,*of **Take.**:લીધું.

Tool,(ટૂલ)*n.*An instrument;an implement: ઓજાર;હથીયાર.2.Any instrument of use or service:હથિયાર;સાધન.3.A weapon: હથિયાર. 4. A person used as an instrument by another person:કબજાનો માણસ.

Tooth,(ટૂથ્)*n pl.***Teeth,**[L. *dens, dentis,* a tooth.]One of the hard,bony appendages which are borne on the jaws:દાંત;દંત.2.Any projection corresponding to the tooth of an animal,in shape,position or office; (*of a comb*):દાંતો.3 (*a*) A projecting member resembling a tenon: દાંતો; ધાર. *In spite of the teeth,*in defiance of opposition:દરેક યત્નની સામે વિરુદ્ધ.*In the teeth,*directly;in front: રૂબરૂ;નજર આગળ;સામે;અનાદર કરીને.*To cast in the teeth,*to retort reproachfully:મ્હેણું મારવું.**T.***and nail,*with one's utmost power:મહામેહેનતથી.*To show the teeth,* to threaten: ભીવડાવવું. *Wisdom* **t** :અક્કલદાઢ.*To clean the* **t**. દાતણ કo.*To grind or gnash the* **t** :દાંત પીસવા.

Tooth-ache(ટૂથ્એક્)*n.*Pain in a tooth or in the teeth;odontalgia:દાંતમાં થતું દરદ;દંતવેદના.

Tooth-brush,(ટૂથ્બ્રશ્)*n.*A brush for cleaning the teeth:દાંત સાફ કરવાનો કુચડો.

Toothless,(ટૂથ્લેસ્)*a.*Having no teeth:બોખું.

Tooth-powder,(ટૂથ્પાઉડર્)*n.* A powder for cleaning the teeth;a dentifrice:દાંતનું મંજન.

Top,(ટૉપ્) *n.* A boy's toy: ભમરડો. *n.* The highest part of anything; summit:મથાળું; ટોચ;શિખર.2 The utmost degree:સીમા;અવધી 3 The highest rank;the most honorable position:મોટો દરજ્જો.*vt.*To cover on the top; to tip;to cap:ને મથાળે મૂકવું;-નું મથાળું ઢાંકવું.

Topaz,(ટૉપૅઝ્)*n.*[L *topazon,*a kind of precious stone.]A mineral occurring in rhombic prisms: પોખરાજ;પુષ્પરાજ;પુષ્પરાગ.

Tope,(ટૉપ્)*n.* A groove or clump of trees: ઝાડી;ઝાડોની ઘટા.

Toper,(ટૉપર્)*n.*A drunkard;a sot:દારૂડિયો.

Topful,(ટૉપ્ફુલ્) *a.* Full to the top or brim; brimful:કાંઠા-કાંના સુધી ભરેલું;ઠોકઠ ભરેલું.

Top-heavy,(ટૉપ્હેવિ) *a.* Having the top or upper part too heavy: ઉપરથી ભારે.

Tophet, (ટૉફેટ્) *n.* A place lying east or southeast of Jerusalem:નરક;દોઝખ.

Topic,(ટૉપિક્) *n.* [L. *topica,* the title of a work of Aristotle.]*pl.* An argument or reason:તકરાર.2.A matter;a head:વિષય;પ્રકરણ. *a* Topical: સ્થાનિક;અમુક વિશેષ ઠેકાણા-જગ્યાનું.

Top-knot, (ટૉપ્ નૉટ્) *n.* A crest of a bird: કલગી;અંબોડો;તોરો.

Top-mast,(ટૉપ્-મૅસ્ટ્)*n.*The second mast or that which is next above the lower mast: વહાણના તળીઆના ડોલપરનો કુવો.

Top-most,(ટૉપ્-મૉસ્ટ્)*a.*Highest;uppermost: સૌથી ઉંચું;ઉંચામાં ઉંચું;સર્વોત્કૃષ્ટ.

Topography,(ટૉપૉગ્રૅફિ)*n.* The description of a particular place, city, town, manor, of land:અમુક જગોનું સવિસ્તર બયાન.

Top-sail, (ટૉપ્સેલ્) *n.* The sail next above lowermost sail on a mast: છેક તળીઆના કુવાપરના ડોલપર ચઢાવેલો સઢ.

Topsy-turvy,(ટૉપ્સિ-ટર્વિ)*adv.* In an invert posture;upside down:તળે ઉપર; ઊલટું સુલટું.

Torch,(ટૉર્ચ્)*n.*A large candle:કાકડો;મશાલ.

Torch-bearer, (ટૉર્ચ્બેરર્) *n.*One whose office it is to carry a torch:મશાલચી.

Torment,(ટૉર્મેન્ટ્)*n.* [L. *torqueo,* I twist.] 2 Extreme pain:દુઃખ; સંતાપ.*vt.* To put to extreme pain or anguish:અતિવેદના-પીડાથીદમવું.

Tormenter-or,(ટૉર્મેન્ટર્-ટૉર્)*n.* One who or that which torments:દુઃખ-વેદના કરનાર.

Torpedo, (ટૉર્પિડો) *n.*[L. *torpeo,* I am stiff or numb.]An engine for destroying ships by blowing them up:વહાણો નાશ કરવાનું યંત્ર. 2.A kind of shell or cartridge buried in the earth:જમીનમાં દાટેલો ગરમ દારૂનો ગોળો.*vt.* To destroy by, or subject to the action of, a torpedo:'ટૉર્પિડો'નામના યંત્રથી વહાણોનો

નારા ક૦.

Torpid,(ટૉર્પિડ્) *a* Numb; benumbed: બહેર મારી ગયેલું;બેશુદ્ધ;અધિર;શૂન્ય;મુડદાલ;સુપ્ત.

Torpidity-Torpor,(ટૉર્પિડિટિ-ટૉર્પૉર્)Numbness;inactivity:સુપ્તિ;બહેરાપણું;જડતા.

Torrefy, (ટૉરીફાઇ) *vt.* [L. *torreo,* I parch & *fy.*]To dry by a fire: ભુંજવું;શેકવું.

Torrent,(ટૉરેન્ટ્)*n.*[L.*torrens,* burning.] A violent stream suddenly raised and running rapidly: નદીનો ઉલટો પ્રવાહ. 2. A violent flood:પ્રવાહ;વેગ.

Torrid,(ટૉરિડ્)*a.*[L. *torreo,* I parch.] Parched with heat:બળી જવાય એવું;વધારે ગરમ.

Torrid-zone, (ટૉરિડ્ઝોન્) *n.* That space or broad belt of the earth, over which the sun is vertical at some period:ઉષ્ણકટિબંધ.

Tort,(ટૉર્ટ્)*n.*[L.*tortus,* twisted.] Mischief: નુકશાન;ઈજા.2.Any civil wrong: નુકશાની. *a.* Stretched tight:મજબૂત ખેંચેલું.

Tortious, (ટૉર્શસ્) *a.* Injurious; wrongful: ઇજાકારક;નુકશાન ભરેલું.

Tortoise,(ટૉર્ટૉઇસ્) *n.* [L. *tortus,* twisted.] Any species of reptiles:કાચબો;કૂર્મ.

Tortuous,(ટૉર્ટ્યૂઅસ્)*a* [L.*torqueo,*I twist.] Writhed;twisted;winding: વાંકુ-વક્ર; વાંક-આમળાવાળું.

Torture,(ટૉર્ટ્યૂર) *n.* [L. *torqueo,*I twist.] Extreme pain;pang: અસહ્ય વેદના; ઘણું દુ:ખ. *vt.*To put to torture: અસહ્ય વેદના થાય તેમ ક૦.2. To punish with torture: દુ:ખ દેવાનાં ઓજાર લગાડી રીબાવવું. 3. To wrest from the proper meaning:અવળો અર્થ ક૦.

Tory,(ટૉરિ)*n.*A member of the conservative party:રાજાના પક્ષનો માણસ;રાજપક્ષકાર.

Toss,(ટૉસ્)*vt.*To throw with the hand;*esp,* to throw upward:ઉછાળવું;ઉંચું ફેંકવું.2.To lift or throw up with a sudden or violent motion:એકદમ ઉંચું ક૦-કરી દેવું.3.To cause to rise and fall:ઉંચું જાય અને પાછું નીચું પડે તેમ ક૦.*To t.off,*to drink hastily:એકદમ-એકજ ઘુંટડે પીવું. *vi.* To roll and tumble: આમતેમ ગબડવું. 2. To be tossed (*as a fleet on the ocean*):હાલક ડોલક થવું.*To t.up,* to throw a coin in the air,and wager on which side it will fall:છાપે કે કાંટે રમવું.*n.*A throwing upward, as with a jerk:ફેંકવું-નાંખવું તે.

Toss-pot,(ટૉસ-પૉટ્)*n.*A drunkard:દારૂડિયો.

Total,(ટૉટલ્)*a.* [L.*totus,*all,whole.] Whole; entire:કુલ;પૂર્ણ.*n.*The whole;the whole sum or amount:કુલ સરવાળો;જમા; જુમલો; સમગ્રતા. *vt.* સરવાળો ક૦.

Totally,(ટૉટલિ)*adv.*Wholly;entirely:બધું.

Totter,(ટૉટર્) *vi.* To vascillate;to stagger: લથડવું;લથડિયાં ખાતા ખાતા ચાલવું.

Touch, (ટચ્) *vt.* To come in contact with: અડકવું;અડવું.2. To perceive by the sense of feeling:સ્પર્શેન્દ્રિયથી લાગવું-જાણવું. 3 To speak of,or deal with; to treat of -નું નામ લેવું. 4. To move; to melt:-નું હૃદય પલળે-પીગળે તેમ ક૦ 5.To mark or delineate with touches: ઉપર કલમ-હાથ ફેરવવો.6.To make an impression upon:-ના ઉપર અસર ક૦. *vi.* To be in contact:અડવું;અડકવું;-નો સ્પર્શ થવો.2.To take effect:અસર થવી-લાગવી;લાગુ થવું-પર અસર ક૦.3. To treat anything in discourse:-ને અડકવું-હાથમાં ઝાલવું;-ની વાત કાઢવી;-નું નામ લેવું.*To t at,* to come or go to,without tarrying:(વહાણ) રાખવું;થોભવું;-એ બંદર ક૦.*n.*Contact:અડકવું તે. 2. Act or power of exciting emotion:લાગણી-ભાવ ઉત્પન્ન કરવો તે.3.A single stroke on a drawing or a picture:(ફેરવેલો) હાથ; કલમ; 4. (*a*) The act of the hand on a musical instrument:વગાડવું બજાવવું તે;બજાવણી. (*b*)*pl.* Musical notes:રાગ;સુર *To be in* t.,to be in contact,or in sympathy:-ના સંસર્ગમાં હોવું;-ની દયા-લાગણી થવી.*To keep* t.,(*a*) to be true to a promise:વચન પાળવું.T. *and go,*a phrase descriptive of narrow escape: મરતાં મરતાં બચવું તે.

Touch-hole,(ટચ્હોલ્)*n.*The vent of a cannon or other firearm,by which fire is communicated to the powder of the charge: રંજક મૂકવાનો બ્હે;કાન.

Touching,(ટચિંગ્) *n.* Affecting; moving; pathetic:ગદ્ગદિત કરે તેવું;હૃદય-મન પીગાળી નાંખે એવું.*Pron.*Concerning;with respect to:સંબંધી;લગતું.

Touchstone, (ટચ્-સ્ટોન્) *n.* Lydian stone; basanite:કસોટી.

Touch-wood,(ટચ્-વુડ્)*n.* Wood so decayed as to serve for tinder:મોરવણ;ચેતવણ.

Tough,(ટફ્) *a* Yielding to force without breaking:ચિકણું. 2 Able to endure hardship;firm;strong:ચિમડ;ચિવટ; મજબૂત:દૃઢ.

Tour,(ટૂર્)*n.* A journey in a circuit:પર્યટન; દેશાટન;સફર.*vi.*To make a tour:મુસાફરી ક૦.

Tourist,(ટૂરિસ્ટ્)*n.*One who makes a tour or performs a journey in a circuit:પ્રવાસી.

Tournament, (ટૂર્નમેન્ટ્) *n.* A mock fight or warlike game;અમથી અમથી લડાઇ.

Tow,(ટૉ)*n.*The coarse and broken part of flax or hemp,separated from the finer part by the hatchet or swingle:પંજેટયાથી ગાંઠાગાંઠાવાળું રહેલું શણ. *vt.* To draw through the water: વહાણને દોરડેવતી પાણીમાં ઘસડી લઇ જવું.

n. A rope by which anything is towed:કાંઈ પણ ચીજ ખેંચી લઇ જવાનો દોર.

Toward-Towards,(ટોઅર્ડ્-ટોઅર્ડ્ઝ)*Prep.* In the direction of;to:ની તરફ;સામું.2.With respect or reference to:ની તરફ; પ્રતિ.3. Near about:પાસે;નજીક *adv.*Near;at hand:લગભગ;પાસે

Toward,(ટોઅર્ડ્) *a.* Approaching: પાસે જતું. 2.Forward:બહાદુર;આગળ પડનાર.3.Apt:લાયક.

Towel,(ટાઉએલ્)*n.*A cloth used for wiping: અંગૂછો;ટુવાલ;રૂમાલ.

Tower,(ટાઉઅર્)*n* [L. *turris.*](*a*)A mass of building standing alone and insulated: મીનારો.(*b*)A projection from a line of wall: બુરજ.2.A citadel: કિલ્લો. *vt.* To be lofty or very high:ઘણું ઉંચાં-ઉંચે હોવું.*Hence*,to soar: ઉંચે ઉડવામાં ઉડવું. [ed:ઘણુંજ ઉંચું;પ્રૌઢ;ઉન્નત.

Towering,(ટાઉઅરિન્ગ્)*a.*Very high;elevat-

Town,(ટાઉન્)*n* Any collection of house larger than a village and not incorporated as a city:મ્હોટો કસ્બો;શહેર.2.The metropolis or its inhabitants:રાજધાની અથવા નગરના લોકો રહેવાશીઓ.T.*talk*:લોકવાર્તા;ગામગપાટા.

Town-hall,(ટાઉનહૉલ્) *n.* A public hall or building,belonging to a town:શેહેરના લોકને એકઠા મળી વિચાર કરવાની જગા.

Towns-folk,(ટાઉન્સ્ ફૉક્)*n.*The people of a town:શેહેર નગરના રહેનારા;નગરવાસીઓ;શેહેરીઓ

Toy,(ટૉય્) *n.* A plaything for children; a bawble: રમકડું. *vi.* To trifle; to play: રમવું.

To-year,(ટુ-યીર્)*adv.*This year:આ વર્ષે-સાલે.

Trace,(ટ્રેસ્)*n.*A track: પત્તો;પગલું. 2. Remains:નીશાની નામ. *vt.* To mark out; to draw or delineate with marks: નીશાની ક૦. આળેખવું.2 To follow by footsteps: ને પગલે પગલે ચાલ્યાં જવું. 3.To copy;to imitate:આભાસ ઉપરથી ચીતરવું. [શ્વાસ નળિ-નલિકા;શ્વાસ-પ્રાણમાર્ગ.

Trachea,(ટ્રેકિઅ)*n.* [L.*trchia.*]A windpipe:

Tracing, (ટ્રેસિન્ગ્) *n.* The act of one who traces: આભાસ ઉપરથી ચીતરવું તે. 2. Regular path or track:હમેશાં જવા આવવાનો રસ્તો.

Track, (ટ્રૅક્) *n.* A mark left by something that has passed along:કોઇના જવાથી પડી રહેલી નિશાની.(*as of a wheel*):ચીલો;પગથી. 2 Trace: પગલું;ટગલું.3.A beaten path:રસ્તો; પગવાટ.*vt.* To follow the tracks or traces of:પગલાં ઉપર થઇને જવું.

Trackless,(ટ્રૅકલેસ્)*a.* Untrodden: જ્યાં કોઇનું પગલું નહિ ફરેલું-પડેલું એવું;ઉજ્જડ.

Tract,(ટ્રૅક્ટ્) *n.* A written discourse or dissertation,generally of short extent:નિબંધ. *n.*[L.*traho*,I draw.]A region or quantity of land or water,of indefinite extent:જમીન કે પાણીનો ગમે તેવડો ભાગ;પ્રદેશ.2.The footprint of a wild beast: કોઇ જંગલી પ્રાણી-પશુનું પગલું. 3.Track;trace:નામઠામ;પગલું.

Tractability,(ટ્રૅક્ટૅબિલિટિ)*n.*Docility;tractableness:જેમ કહે તેમ કરે એવો ગુણ; કહ્યાગરાપણું.

Tractable,(ટ્રૅક્ટૅબ્લ્)*a.*Docile; manageable: governable:કહ્યાગરૂ;વશવર્તી;હુકમબરદાર;હુકમી.

Traction,(ટ્રૅક્શન્)*n.*[L *traho*, I draw.] The act of drawing,or the state of being drawn: ખેંચવું-ખેંચાવું તે;આકર્ષણ.

Trade,(ટ્રેડ્)*n Specif*, Commerce; traffic:વેપાર;આપ લે;વ્યાપાર.T.*comprehensively*: વેપાર વણજ 2.Occupation:કસબ;ધંધો 3 *pl.*The trade winds:ઇશાન કોણનો વા;વ્યાપારને અનુકૂળ પવન.*vi.* To barter,or to buy and sell: આપ લે-વેપાર વેચાણ ક૦. 2. To buy and sell or exchange property in a single instance: વેચવું.*vt* To sell or exchange in commerce; to barter: નો વેપાર ક૦.

Trade-mark,(ટ્રેડ્-માર્ક્)*n.*A peculiar distinguishing mark affixed by a munufacturer to his goods:વેપારની નિશાની.

Trader, (ટ્રેડર્)*n.* A merchant;a trafficker: વેપાર કરનાર ચલાવનાર;વેપારી.2.A vessel engaged in the coasting or foreign trade:પારકા દેશો સાથે વેપાર કરવામાં કામે લગાડેલું વહાણ;બારકસ.

Tradesman,(ટ્રેડ્ઝ્મેન્)*n.pl.* **Tradesmen,** One who trades,a shopkeeper:વેપારી.

Trade-wind,(ટ્રેડ્-ડવિન્ડ્)*n.* A wind in the torrid zone, and often a little beyond it, which blows from the same quarter throughout the year,except when affected by local causes: વહાણવટીઓનો કામનો થઇ પડે છે તે ઈશાનકોણનો વા;વ્યાપારાનુકૂલ વાયુ.

Tradition, (ટ્રેડિશન્) *n.* [*trado*, I give up] The transimission of any knowledge, opinions or practice without written memorials: લેખી પુરાવાથી નહિ પણ મોંની વાતથી કોઇ જ્ઞાન,વિચાર કે રૂઢિનો પરંપરાગત ઉતાર;સંપ્રદાય. 2. વડવાઓથી સાંભળેલી-પરંપરાથી ચાલી આવેલી વાત; દંત-કથા.

Traditional-nary, (ટ્રેડિશનૅલ્નૅરિ) *a.* Of or pertaining to tradition,transmitted from age to age without writing:દંતકથાસંબંધી.

Traduce,(ટ્રેડ્યૂસ્)*vt.*[L.*trans*,across& *duco* I lead.]To transfer:બદલવું.2.To translate from one language into another:એક ભાષામાંથી બીજીમાં તરજુમો ક૦.3.To exhibit:બતાવવું.

Traffic,(ટ્રૅફિક્)*vi.*[L.*trans*,across and *faceo*, I make.] To buy or sell goods:વેપાર ક૦. 2. To trade meanly or mercenarily:પૈસા માટે કામ-ધંધો ક૦.*vt.*To exchange in traffic:વેચવું

સાટવું. *n.* Interchange of goods and commodities:વેપાર.2.The business done upon a railroad,steamboat line etc:ઉતારૂ તથા માલગાડી બાબતનું કામ.

Trafficker,(ટ્રેફિકર્)*n.* A trader:વેપારી.

Tragedian,(ટ્રજીડિઅન્)*n.* A writer of tragedy:કરૂણારસ ઉત્પન્ન કરે એવા નાટક કરનાર.

Tragedy,(ટ્રેજડિ)*n* [Gr.*tragos*,a goat & *ode*, a song.] A dramatic poem, composed in an elevated style:કરૂણારસ પ્રધાન નાટક 2. A fatal and mournful event:જેમાંન કરવા જેવા કોઈએ ગજબ કરવાથી માણસોના જીવ ગયા હોય એવી વાત

Tragic cal,(ટ્રેજિક્ કલ્) *a.* Of or pertaining to tragedy:કરૂણારસ સંબંધી.2.Fatal to life: જીંદગીને નુકશાન કરે એવું.2.Expressing sorrow શોકાતુર.

Trail,(ટ્રેલ્)*vt.* [L. *traha*,a drag.] To hunt by the track:-ને પગલે પગલે જઈને તેને શોધી કાઢીને શિકાર કo 2.To tread down the grass, by walking through it:ઘાસમાં ચાલીને તેને ચગદી નાંખવું. *n.* A scent left of the ground by the animal pursued:શીકાર કરવાની પશુની રહી ગયેલી ગંધ.2. Anything drawn behind in long undulations; a rein:લટ;સેર.

Train,(ટ્રેન્)*vt.* [L. *traho*,I draw.]To teach and form by practice;to educate; to discipline:-ને શિક્ષણ આપવું;કેળવવું; શિખવવું;ને તરબિયત આપવી.(*as soldiers*:)કવાયત કરતાં શિખવવું. *To* **t.**, or *to* **t.** *up* to educate; to teach: શિખવવું; શિખવીને તૈયાર કo. *vi.* To be drilled in military exercises: કવાયત શિખવી;તાલીમ લેવી.2 (*a*)That part of a gown which trails behind the wearer:ચાળ;ઝુલ;દામણ;છેડો. 3.A number of followers:અનુયાયી વર્ગ;રસાલો;ખટલો. 4. A succession of connected things; a series:માલા;હાર;પરંપરા.**T.***of artillery*:તોપખાનું.

Trainer,(ટ્રેનર્) *n.* One who trains; an instructor: શિખવનાર; કેળવનાર.

Training,(ટ્રેનિંગ્) *n.* The act of one who trains;education:કેળવણી;કવાયત;શિક્ષા શિક્ષણ.

Trait,(ટ્રેટ્) *n.* [L. *traho*, I draw] A peculiarity:વિશેષ ગુણ-લક્ષણ; ચિન્હ; ખોડ. *Bad* **t.**: કુલક્ષણ;દુર્લક્ષણ. *Good* **t**:સુલક્ષણ.

Traitor,(ટ્રેટર્)*n.* [L. *trado*,I deliver.]One who violates his allegiance and betrays his country; one guilty of treason:રાજદ્રોહી;ફિતુરી;બંડખોર; દેશશત્રુ.

Traitorous, (ટ્રેટરસ્) *a.* Guilty of treason; treacherous:faithless:રાજ-દેશ દ્રોહી.

Tralation,(ટ્રેલેશન)*n.*[L. *tralatio.*]A metaphor;a trope:શબ્દના ઉપયોગ વાપરવામાં ફેરફાર.

Trammel,(ટ્રેમેલ્)*n.*[L.*tres*,three&*macula*, a mesh]A kind of net for catching fishes birds,&c.:માછલીઓ, પક્ષીઓ પકડવાની એક જાતની જાળ. 2. A kind of shackle:બેડી; પાશ; બંધન. *vt.*To entangle,as in a net;to catch:જાળમાં પકડવું. 2. To confine;to shackle:પુરવું; ગોંધવું;બેડી ઘાલવી.

Tramontane,(ટ્રેમૉન્ટેન્)*a.*[L *trans*,beyond &*mons*,mountain]Lying or being beyond the mountains:પહાડ-મ્હોટા ડુંગરની પેલી તરફનું Hence,foreign;barbarous:પારકા દેશનું;પરદેશી *n.*One living beyond the mountains: પર્વતોની પેલી તરફ રહેનાર માણસ.

Tramp, (ટ્રેમ્પ્) *vt.* To tread upon forcibly and repeatedly:પગથી ખુંદવું.2.To travel or wander through:-માં થઈને મુસાફરી કo. 3. To cleanse as clothes, by treading upon in water:કપડાં ઉપર પાણી છાંટીને તેમને પગેવતી દબાવીને સાફ કo.*n.* The sound of the foot,or of feet, on the earth: જમીન ઉપર ચાલતી વખતે પગનો થતો થબકારો.

Trample,(ટ્રેમ્પલ્) *vt.* To tread under foot: પગતળે ચગદી નાંખવું.*n.*The act of trampling under foot:મર્દન;સમ્મર્દન.

Tram-road-way,(ટ્રમરોડ્ વે) *n.* A road proposed for easy transit of trams or wagons, by forming the wheel tracks of smooth beams of wood,blocks of stone,or plates of iron:શાહદારી રસ્તાપર લોઢાના પાટાની નાંખેલી સડક.

Trance,(ટ્રેન્સ) *n.* [L. *trans* & *eo*, I go.] A state in which the soul seems to have passed out of the body into another state of being or to be rapt into visions; an ecstacy:એકાગ્રચિત્ત; સમાધિ.*vt.*To entrance: સમાધિમાં નાંખવું.

Tranquil,(ટ્રેન્કિવલ્) *a.*[L. *trans* & *quietus*, quiet.]Quiet;calm;peaceful:સ્વસ્થ;શાંત;સ્થિર

Tranquillity (ટ્રેન્કિવલિટિ) *n.* Calmness; composure:સ્થિરતા;સ્વસ્થતા;શાંતિ;ટાઢક.

Tranquillize, (ટ્રેન્કિવલાઇઝ્) *vt.* To render tranquil-peaceful: શાંત-ઠંડું-સ્થિર-સ્વસ્થ અવ્યગ્ર કo.

Transact,(ટ્રેન્સેક્ટ્)*vt.* To do; to perform;to manage: વહીવટ કo.To conduct matters:કામ કo;ચલાવવું

Transaction,(ટ્રેન્સેક્શન)*n.*[L *trans* & *ago*, I drive.]Management of any affair; performance:વહિવટ.2.That which is done;an affair;કામકાજ;કામ;મામલો;બનાવ; કિસ્સો.

Transactor,(ટ્રેન્સેક્ટર્)*n.*One who performs, any business:વહિવટ કરનાર.વ્યવહાર ચલાવનાર.

Transatlantic, (ટ્રેન્સ્-ઍટલૅન્ટિક્)*a.*Lying or being beyond the Atlantic Ocean:આટલાં-

ટિક મહાસાગરની પેલી તરફનું.

Transcend,(ટ્રૅન્સેન્ડ્)*vt* [L.*trans* &*scando*, I climb.] To rise above: ઉંચે ચઢવું. 2. To pass over;to exceed:ની પેલી તરફ-ને ઓળંગીને જવું.3.To surpass:-ના કરતાં ચઢિયાતા-વધારે સારા હોવું*vi.*To climb;to mount:ઉપર ચઢવું.

Transcendent-al,.(ટ્રૅન્સેન્ડેન્ટલ્) *a.* Very excellent:ઘણુંજ ઉત્તમ-શ્રેષ્ઠ.બીજા કરતાં ચઢિયાતું. 2.Transcending,or reaching beyond the limits of human knowledge:મનુષ્યની અક્કલ-માં ન આવે એવું;અનુભવાતીત

Transcribe,(ટ્રૅન્સ્ક્રાઇબ્)*vt.*[L.*trans*&*scribo*, I write.]To write over again:નો ઉતારો કo.

Transcriber (ટ્રૅન્સ્ક્રાઇબર્)*n* One who writes from a copy:લહીયો ઉતારો કરનાર.

Transcription, (ટ્રૅન્સ્ક્રિપ્શન્) *n.* The act or process of transcribing:ઉતારો-નકલ કo તે. 2 A copy;a transcript:નકલ;ઉતારો;પ્રત;પ્રતિલેખ.

Transfer, (ટ્રૅન્સ્ફર્) *vt.* [L *trans* & *ferro*, I bear.]To convey from one place or person to another: સ્થાનાંતર કo; એક જગોએથી માણસ પાસેથી બીજી જગોએ-બીજા માણસ પાસે લઈ જવું. મોકલવું.2.To make over the possession or control of;to pass:બીજાને આપવું;ને સ્વાધીન-ના હવાલામાં આપવું.*n.* The act of transferring or the state of being transferred: એક જગોએથી બીજએ લાવવું તે;બદલી;ફેરફારી;સ્થલાંતર.2. The conveyance of right, title, or property, either real or personal: પરહસ્તદાન. 2.That which is transferred,as a picture, drawing or writing, a soldier from one troop to another etc:ઉતારેલું લખાણ.

Transferable, (ટ્રૅન્સ્ફરૅબલ્) *a.* Capable of being transferred or conveyed from one place or person to another:એક જગોએથી બીજી જગોએ મોકલાય એવું;બીજાના નામપર ચઢાવાય એવું.

Transferee,(ટ્રૅન્સ્ફરી)*n.*The person to whom a transfer is made:જે માણસના નામ ઉપર ચઢાવ્યું હોય તે.

Transference,(ટ્રૅન્સ્ફરેન્સ્)*n.*The act of transferring;transfer:ફેરફાર;બદલી.

Transfiguration, (ટ્રૅન્સ્ફિગ્યૂરેશન્) *n.* A change of form or appearance:આકાર અથવા રૂપમાંફેરફાર;રૂપાંતર.

Transfigure,(ટ્રૅન્સ્ફિગ્યુર્) *vt.* [L. *trans* & *figura*, figure.] To change the outward form;to transform:-નું રૂપ બદલવું.

Transfix,(ટ્રૅન્સ્ફિક્સ્)*vt.* [L. *trans* & *figo*, I fix.] To pierce through: વિંધવું;જડી દેવું.

Transform,(ટ્રૅન્સ્ફૉર્મ્)*vt* [L.*trans* & *formo*, I form] To change the form of,to metamorphose:નું સ્વરૂપ બદલવું.2. To transmute: ફેરવવું;બદલવું;રૂપાંતર કo.3.To convert: સ્વભાવ, અન્તઃકરણ-વિગેરેમાં ફેરફાર કo. *vi.* To be changed in form:નું રૂપાંતર થવું.

Transformation,(ટ્રૅન્સ્ફૉર્મેશન્) *n.* (*a*) Any change in an organism:આકારભેદ; રૂપાંતર;દેહાંતર. (*b*) Transmutation: એક ધાતુ બદલાઈને બીજી ધાતુ થઇ જવી તે;દ્રવ્યવિશેષ વિકાર.(*c*)A change in disposition,heart,character,or the like;conversion:નાસ્તિકના આસ્તિક થવું તે.

Transfuse,(ટ્રૅન્સ્ફ્યૂસ્)*vt.*[L.*trans* & *fundo*, I pour.]To pour,as liquid; to transfer by pouring: રેડવું;-માં નાંખવું. 2. To transfer,as blood,from the veins of one man or animal to those of another:એક પ્રાણીની રગમાંનું લોહી બીજા પ્રાણીની રગમાં લાવવું.

Transgress,(ટ્રૅન્સ્ગ્રેસ્)*vt.* [L. *trans* & *gradior*,I go.]To break or violate, as a law, civil or moral:નું ઉલંઘન કo; અતિક્રમણ કo.2. To offend against;to vex:ચીડવવું.*vi.*To offend against the law:હુકમ તોડવો;આજ્ઞા લોપવી.

Transgression, (ટ્રૅન્સ્ગ્રેશન્) *n.* Breach of command:ઉલંઘન;ભંગ;આજ્ઞાલોપ;ગુન્હો.

Transgressor,(ટ્રૅન્સ્ગ્રેસર્) *n.* One who violates any known rule or principle of rectitude:આજ્ઞા તોડનાર;હુકમ નહિ માનનાર.

Tranship,(ટ્રૅન્શિપ્)*vt.*Same as **Transship.** એક વહાણથી બીજા વહાણમાં મૂકવું;વહાણાંતર કo.

Transient,(ટ્રૅન્શિએન્ટ્)*a* [L.*transitum*, passed over.] Fleeting; transitory: ક્ષણભંગુર; અનિત્ય;ક્ષણિક.ઝાંખું;આભાસરૂપ;જેવુંતેવું 3. Staying for a short time:થોડા વખત સુધીરહેનાર;ઘેઘડીનું

Transit,(ટ્રૅન્સિટ્)*n.*[L. *transeo*, I go over.] The act of passing;passage through or over અવસ્થાંતર;સંક્રાંતિ.2.Conveyance:લઈ જવું-આવવું તે.3.A line or route of passage or conveyance: માર્ગ; રસ્તો. *vt.* To pass over the disk (*as a heavenly body*):સંક્રમણ કo.

Transit-duty,(ટ્રૅન્સિટ્-ડ્યૂટિ)*n.* A duty paid on goods that passed through a country: દાણ-જકાત-મ્હેસુલ;ચોકીદાણ;રાહદારી;રાહદારી જકાત.

Transition,(ટ્રૅન્સિઝન્)*n.*Passage from one place or state to another; change: સ્થલાંતર ગમન;ફેરફાર.2.Change from one form to another:એક આકારમાંથી બીજામાં જવું-બદલાવું તે.

Transitive,(ટ્રૅન્સિટિવ્) *a.* Passing over to an object:સકર્મક.

Transitory,(ટ્રૅન્સિટૉરિ)*a.* Fleeting; evanescent;brief;transient:અસ્થાયી;ક્ષણિક;ક્ષણભંગુર

Translate,(ટ્રૅન્સ્લેટ્)*vt.*[L.*trans* & *latus*,carried.] To remove from one place to another;to transfer(*as a tree*):એક જગા-ઠેકાણેથી કાઢીને ઉઠાવીને-ઉપાડીને બીજીએ લઈ જવું.2. To re-

move to heaven without a natural death: મનુષ્ય દેહે સ્વર્ગે લઇ જવું-તેડવું;રામશી રેલોકાંતરે લઇ જવું 3 (*a*)To render into another language to interpret:-નો તરજુમો-ભાષાંતર ક૦. *vi.* To a translation:તરજુમો-ભાષાંતર ક૦.

Translation, (ટ્રૅન્સ્લેશન) *n.* The act of translating or removing;removal: સ્થલાંતર વહન કરવું; બદલી; સ્થાનાંતરકરણ. 2. The act of rendering into another language; interpretation:ભાષાંતર-તરજુમો કરવો તે.3. A version:તરજુમો-ભાષાંતર.

Translator, (ટ્રૅન્સ્લેટર) *n.* One who translates, *esp,* one who renders into another language:ભાષાન્તર કર્તા;ભાષાન્તરકાર;તરજુમો કરનાર.

Translucent,(ટ્રૅન્સ્લ્યુસેન્ટ) *a.* [L. *trans* & *luceo,*I shine.]Partially transparent:અર્ધ પારદર્શક;સ્વચ્છ;નિર્મળ;નિતર્યું;ચોખ્ખુ.

Transmigrate,(ટ્રૅન્સ્‌મિગ્રેટ)*vi.*[L. *trans* & *migro,*I migrate.]To migrate: બીજી હદમાં-બીજા દેશમાં દેશાંતર જઇ વસવું 2. To pass from one body or condition into another (*as souls*):ખોળિયું બદલવું;પુનર્જન્મ લેવો-ધરવો;જન્માંતર થવો;બીજા જન્મમાં જવું;દેહાંતર ક૦.

Transmigration,(ટ્રૅન્સ્‌મિગ્રેશન)*n.* The act of passing from one country to another; migration:સ્વદેશનો ત્યાગ કરી બીજા દેશમાં જઇ વસવું તે;દેશાંતર નિવાસ. 2.The passing of the soul at death into another mortal body: દેહાંતર પ્રવેશ;બીજો જન્મ;પૂનર્જન્મ;જન્માંતર;જન્મમરણ;દેહાંતર પ્રાપ્તિ.

Transmission, (ટ્રૅન્સ્‌મિશન) *n.* The act of transmitting or the state of being transmitted:મોકલાવવું તે;રવાનગી; સંચારણ. 2. The right possessed by an heir of transmitting to his successor any inheritance: પરંપરા ગમન;ઉતર્યા-ચાલ્યાં આવવું તે.

Transmit, ટ્રૅન્સ્‌મિટ)*vt.*[L. *trans* & *mitto,*I send.] To communicate by sending; to pass on or down as by inheritance: બીજા તરફ-ઉપર મોકલવું;રવાના-રવાને ક૦; ઉતર્યા આવવું;-ના વંશમાં-પેઢીમાં ચાલ્યાં જવું;પ્હોંચાડવું;પાઠવવું.

Transmutable,(ટ્રૅન્સ્મ્યૂટબલ્)*a.* Transformable:રૂપભેદ-દ્રવ્યભેદ સાધ્ય;રૂપ બદલી નંખાય એવું.

Transmutation,(ટ્રૅન્સ્મ્યૂટેશન)*n.*The change or reduction of one figure or body into another of the same area or solidity:રૂપાંતર;આકારભેદ.

Transmute.(ટ્રૅન્સ્મ્યૂટ)*vt.*[L.*trans* & *muto,*I change.]To change from one nature,form or substance,into another;to transform:નું રૂપ બદલી નાંખવું;રૂપાંતર ક૦;ગુણ-ખવાસ બદલવો.

Transparence, (ટ્રૅન્સ્‌પૅરેન્સ)*n.* The quality or state of being transparent;transparency:આરપાર દેખાય એવું હોવું તે;પારદર્શકતા.

Transparency,(ટ્રૅન્સ્‌પૅરેન્સિ)*n.* The quality or condition of being transparent;transparence:પારદૃશ્ય હોવુંતે;પારદર્શકતા;પાર્શકપણું.

Transparent, (ટ્રૅન્સ્‌પૅરેન્ટ) *a.* [L. *trans* & *pareo,* I appear.] Pervious to light; pellucid:આરપાર દેખાય તેવું;પારદર્શક;સ્વચ્છ.

Transpire,(ટ્રૅન્સ્પાઇર)*vi.* [L *trans*&*spiro,* I breathe.] To happen or come to pass; to occur:બનવું; થવું. *vt.* To exhale;to perspire: ર્હોમાંથી હવા બહાર કાઢવી.2.To evaporate from living cells:સુકવી દેવું;-ની હવા ખિનારા કાઢી નાંખવી.

Transplant,(ટ્રૅન્સ્પ્લૅન્ટ)*vt.* [L *trans*& *planto,*I plant] To remove and plant in another place:એક જગાએથી બીજી જગોએ વાવવું.2 To remove and sell in another place: એક જગોએથી લઈજઇ બીજીજગોએ વસાવવું-વાસો કરાવવો

Transport,(ટ્રૅન્સ્‌પોર્ટ) *vt.* [*trans* & *porto,* I carry] To carry or bear from one place to another;to convey:એક ઠેકાણે-જગોએથી બીજીએ લેઇ જવું.2.To banish:દેશ પાર ક૦. 3. To carry away with vehement emotion to ravish with pleasure or ecstasy:બહુ હર્ષિત ક૦; રોમ રોમ હર્ષ વ્યાપે તેમ ક૦. *n.* Carriage; conveyance:ગાડી;વાહન.2.A vessel employed for transporting,*esp.* for carrying soldiers,warlike stores,etc.:સિપાઇ;દારૂગોળો વિગેરે લડાઈના સામાન અથવા દેશપારકરેલા ગુન્હેગારોને લઇ જવાનું વહાણ.3.Vehement emotion;rapture: હર્ષાવેશ. 4. A convict transported or sentenced to exile:દેશપાર-નિકાલપામેલા ગુન્હેગાર.

Transportation, (ટ્રૅન્સ્‌પોર્ટેશન) *n.* Carriage from one place to another;removal; conveyance:એક જગાએથી બીજીએ લઈ જવું તે;દેશનિકાલ પાર કરવું તે;દેશનિકાલનીસજા.

Transpose,(ટ્રૅન્સ્‌પોઝ)*vt.* [L. *trans* & *pono,* I put.] To change the place of:ની અરસપરસ જગો બદલવી;સ્થાનાંતર ક૦. 2. To change: બદલવું. 3. (*Gram.*) To change the natural order of words:(વાકયમાં)શબ્દનો અનુક્રમ બદલવો;શબ્દની જગાની અરસપરસ ફેરબદલી ક૦.

Transposition, (ટ્રૅન્સ્‌પોઝિશન) *n.* The act of transposing or the state of being transposed:અદલા-બદલી; સ્થલાંતર. 2. A change of the natural order of words in a sentence; વાકયમાં શબ્દનો અનુક્રમ બદલવો તે.

Transubstantiate.(ટ્રૅન્સબ્સ્ટૅન્શિએટ)*vt.*[L. *trans*&*substantia,*substance.]To change into another substance: કોઈ પદાર્થનો ખવાસ બદલીને તેનો બીજો પદાર્થ ક૦.2.(*R.C. Theol.*) To change,as the sacramental elements,bread

and wine,into the flesh & blood of Christ: ભોગ ધરાએલી રોટલી અને દ્રાક્ષ રસનું બદલાઇને ક્રાઈસ્ટનુંમાંસ અને લોહી થઇ જવું.

Transubstantiation,(ટ્રૅન્સબસ્ટૅન્શિએશન)*n.* A change into another substance: બીજા પદાર્થમાં ફેરવી બદલી નાંખવું તે.2. The doctrine held by Roman catholics, that the bread and wine in the mass is converted into the body and blood of Christ:પ્રભુ ભોજન વિધિપૂર્વક પાળતાં જે રોટલી તથા દ્રાક્ષરસ વાપરવામાં આવે છે તેઓના ખવાસ બદલાઈને તેઓનું ઇશુખ્રિસ્તની દેહ તથા તેનું લોહી બની જવું માને છે તે.

Transverse,(ટ્રૅન્સ્વર્સ)*a* [L. *trans* & *verto*,I turn.] Lying or being across:આડું;તિરકસ; વાંકું.*n.*Anything that is transverse:આડીચીજ.

Trap, (ટ્રૅપ્) *n.* A machine or contrivance that shuts suddenly,as with a spring,used for trapping game or other animals:શિકારનાં જનાવર વિગેરે પકડવાનું પાંજરું;જાળ;પાશ.2.A snare: ફાંસો;જાળ;પેચ.*vt.*To catch in a trap or traps: પાંજરામાં પકડવું;પેચમાં સપડાવવું.*vi.*To set traps for game:શિકાર પકડવાને માટે પાંજરાં મૂકવાં.

Trapan,(ટ્રૅપૅન્)*n.* A snare;a stratagem:જાળ;ફાંસો.*vt.*To insnare:ફસાવવું.

Trap-door,(ટ્રૅપ્ડૉર્)*n.* A lifting or sliding door covering an opening in a roof or floor:ચોરબારણું-દરવાજો.

Trapezium,(ટ્રૅપીઝિઅમ્)*n.*[Gr.*trapezion*,a small table.] A plane figure bounded by four right lines, of which no two are parallel:વિષમચતુરસ્ર;વિષમચતુર્ભુજ; "ત્રાપિજયમ."

Trapezoid,(ટ્રૅપીઝૉઈડ્)*n.*[Gr. *trapezion*, & *eidos*,form.]A plane four sided figure,having two sides parallel to each other:જેની સામ સામેની બાજુઓ સમાંતર હોય એવી ચાર બાજુની આકૃતિ;સમલંબચતુર્ભુજ. *a.* Having a form of the trapezoid:સમલંબચતુર્ભુજના આકારનું.

Trappings,(ટ્રૅપિન્ગ્ઝ્)*n.pl.*Ornaments to be put on horses:ઘોડાનો સાજ; સામાન;ઝુલ.

Trash,(ટ્રૅશ) *n.* Rubbish;refuse:નકામી-હલકી-નાંખી દેવાની ચીજ; કચરો; પુંજો. 2.A worthless person:નકામો માણસ *vt.*To free from worthless matter:નકામી-નજીવી ચીજ કાઢી નાંખવી.

Trashy,(ટ્રૅશિ)*a.* Waste;worthless:નકામું.

Travail,(ટ્રૅવેલ્)*n.*[L.*trabs*,a beam.]Parturition;labor:પ્રસવ-પ્રસૂતિ વેદના; વેણ; કષ્ટ. *vi.* To suffer the pangs of child-birth; to be in labor:-ને પ્રસવ વેદના થવી;કષ્ટાવું.

Travel,(ટ્રૅવેલ્) *vi.* To journey: દેશાટન-પ્રવાસ-મુસાફરી ક૦ *n.* A journey:મુસાફરી;પ્રવાસ;દેશાટન.2 *pl.* An account by a traveller,or occurrences and observations in a journey: મુસાફરીનું બયાન;પ્રવાસ વર્ણન. [પ્રવાસી;મુસાફર.

Traveller,(ટ્રૅવેલર્)*n.*One who travels:પંથી;

Traverse,(ટ્રૅવર્સ)*a.* Lying across:આડું પડેલું આવેલું.*adv.*Across; crosswise:આડું.*n.* Anything that crosses:ઓળંગનાર.*vt.*To wander over;to cross in travelling:ઉપર મુસાફરી ક૦; -માં થઈને-ઓળંગીને જવું 2.To turn to the one side or the other,in order to point in any direction:અમુક બાજુ તરફ મોં કરવાને ફેરવવું.

Tray,(ટ્રે)*vt.*[L.*trado*.]To betray;to deceive: ફસાવવું;ઠગવું; છેતરવું.*n.*A waiter;a salver:ખુમચો;કપરકાબ;તાટ;તાસક;રકાબી;થાળી.

Treacherous, (ટ્રેચરસ્) *a.* Involving treachery;faithless:કપટી;દગલબાજ; વિશ્વાસઘાતી.

Treachery, (ટ્રેચરિ) *n.* Treasonable or perfidious conduct;perfidy:વિશ્વાસઘાત;છળ;કપટ.

Treacle,(ટ્રીકલ્)*n.*[L. *theriaca*,an antidote against the bite of poisonous animals.] Molasses:ગોળ;ગુડ.

Tread, (ટ્રેડ્) *vi.* To set the foot:પગલું મૂકવું; પગ મુકવો.2.To walk:ચાલવું-ફરવું. *To* **t.** *on* or *upon*,(*a*)to trample:પગ તળે ચગદી નાંખવું.(*b*) To follow closely:-ની નજીક પછવાડે પછવાડે જવું. *To* **t.** *upon the heels of*,to follow close upon -ની પછી ઘણા વેગથી જવું;-ને પગલે પગલે જવું. *vt.* To step or walk on:ઉપર ચાલવું. 2. To beat or press with the feet:પગવતી છુંદવું-ખુંદવું *To* **t.** *out*,to press out with the feet:-ને પગે ખૂંદી ખૂંદી-છૂંદી કાઢવું. *n.* A step or stepping; a footstep:પગલું.2.Way;track(R):રસ્તો;માર્ગ

Treadle,Treaddle,(ટ્રેડલ્)*n.*The part of a foot lathe,or other machine which is pressed or moved by the foot: સાળ કે બીજા કોઇ સાંચાના જે ભાગને પગવતી દાબે છે તે ભાગ.

Treason, (ટ્રીઝન્) *n.* [L. *trado*, I give up.] Disloyalty: રાજદ્રોહ; નિમકહરામી; બેવફાઈ. 2. Treachery:કપટ;દગો.

Treasonable, (ટ્રીઝનૅબલ્) *a.* Pertaining to treason:રાજદ્રોહકર્તા-કારી; રાજદ્રોહી;નિમકહરામ.

Treasure,(ટ્રેઝ્યૂર્) *n.* Wealth accumulated:પુંજી;ખજાનો; થાપણ;દોલત; દલ્લો.2. Abundance; plenty:ભંડાર; નિધિ; ખજાનો.*vt.* To lay up; to hoard:રાખી-ભરી મૂકવું.

Treasurer,(ટ્રેઝ્યૂરર્) *n.* One who has the care of a treasure or treasury:ખજાનચી.

Treasury (ટ્રેઝ્યૂરિ)*n.* A place or building in which stores of wealth are deposited: ધનકોશ;તીજોરી;ખજાનો;જામદારખાનું. 2. That department of a government which has charge of the finances: તીજોરી ખાતું. 3. A treasure:ખજાનો;ભંડાર.

Treat,(ટ્રીટ્)*vt.*[L.*traho*,I draw.]To handle;

to manage;to use: સાથે વર્તવું-ચાલવું. 2. To discourse on:ઉપર-ઉપર બોલવું-વ્યાખ્યાન ક. 3. To entertain with food or drink,etc:ખવાડી પીવાડીને ખુશ કo 4. To care of medicinally or surgically:-નું ઓસડ કo. *vi.*To discourse; to make discussion:વાત કહેવી;ચરચાકo.2.To give a gratuitous entertainment, *esp.*, of food or drink,as a compliment:ખાવા પીવામાં મોજ કરાવવી-અતિથ્ય કo.*n.* An entertainment given as an expression of regard: નાચ-મીજબાની.2.A gratification;that which affords entertainment:રમત;ગમત;વિનોદ.

Treatise,(ટ્રીટિસ્) *n.* [L. *tracto*, I manage.] A written composition on a particular subject:ચર્ચાનિબંધગ્રંથ;પ્રબંધ;ગ્રંથ.

Treatment, (ટ્રીટ્મેન્ટ્) *n.* Management; handling:વિધિ;ક્રિયા;આખ્યાન,ચિકિત્સા;દવા દારૂ; આચરણ; આચાર;વિવેચન; વર્ણન. 2. Entertainment:કોઇની સાથેની ચાલચલગત;આગતાસ્વાગતા.

Treaty,(ટ્રીટિ)*n.* [L. *tractatus*, a handling.] Negotiation:વિષ્ટી;બોલી.2.An agreement so made:તહનામું;સલાહના કોલકરાર.

Treble,(ટ્રેબલ્)*a.*[L.*triplus.*]Threefold;triple: ત્રણગણું-પટ-;તેવડું;ત્રેવડું. *adv.* Trebly; triply: ત્રણગણું.*vt.* To make threefold: ત્રણગણું કo. *vi.*To become threefold:ત્રણગણું થવું.

Tree, (ટ્રી) *n.* Any parennial woody plant of considerable,size and growing with a single trunk:ઝાડ;વૃક્ષ;તરુવર. *A geneological tree*:વંશાવળીનું ઝાડ;પેઢીપત્રપેઢીનામું.

Treeless,(ટ્રીલેસ્) *a.* Destitute of trees: ઝાડ વિનાનું;વેરાન;ઉજ્જડ; અરણ્ય જેવું; નિર્વૃક્ષ.

Trefoil,(ટ્રીફૉઇલ્)*n.*[L.*tres three* & *foil*,leaf.] Any plant:ત્રણ પાંદડાંનો કોઇ છોડવો રોપો.

Trellis,(ટ્રેલિસ્)*n.* [L. *trichila*, a bower.] A structure or frame of cross-barred work, or lattice work:જાળીવાળું ચોકઠું;જાળીદાર ચોકઠું.

Tremble,(ટ્રેમ્બલ્)*vi.* [L.*termo*,I shake.] To quake; to shiver:ધ્રુજવું;કંપવું;કાંપવું;થરથરવું 2. To totter:હાલવું;હાલ્યાં કo.

Trembling,(ટ્રેમ્બ્લિન્ગ્)*a.*Shaking;tottering; quivering:ધ્રુજતું;કંપારીવાળું;કાંપતું;કંપમાન.

Tremendous,(ટ્રીમેન્ડસ્)*a* [L.*tremo*,I tremble.]Terrible;dreadful:ભય ઉપજાવે તેવું;ભયંકર

Tremor,(ટ્રીમૉર્)*n.*A trembling;a shivering or shaking:કંપારી;કંપી;ધ્રુજારી;કંપ.

Tremulous, (ટ્રેમ્યૂલસ્) *a.* Shaking; shivering:કાંપતું;અસ્થિર;હાલતું;ધ્રુજતું; કંપાયમાન; ડરકણું.

Trench,(ટ્રેન્ચ્) *vt.* To intrench; to cut furrows or ditches in:ખાઈ ખોદવી;નીક મોરી ન્હેર ખોદવી.*n.*A long, narrow cut in the earth; a ditch: ખાઈ; નીક; મોરી 2. An excavation made during a siege: કિલ્લાની આસપાસ ખોદેલી ખાઈ.

Trencher-man, (ટ્રેન્ચર્મેન્) *n.* A feeder; a great eater:અતિશય-ઘણું ખાનારો; અકરાંતીઓ. 2.A cook:રાંધનારો;રસોઈઓ.

Trepan,(ટ્રીપૅન્)*n.*[Gr.*truo*,I rub off or away.] A crownsaw or cylindrical saw for perforating the skull:ખોપરી કાપવાનું ગોળ કરવત.*vt.* & *i.* To perform an operation with the trepan:ગોળ કરવતથી ખોપરી કાપવી. *vt.* To insnare:છેતરવું.*n.*ફાંદો;પેચ;જાળ.2.ઠગ;ધૂતારો.

Trepidation,(ટ્રેપિડેશન્) *n.* [L. *trepidus*, agitated; disturbed.] Quaking: ધ્રુજારો. 2. *Hence*,fear;confusion:બ્હીક;ભય;ગભરાટ.

Trespass, (ટ્રેસ્પૅસ્) *vi* [L. *trans*, beyond+ pass.]To go beyond a limit or boundary: કોઈ હદની પાર જવું. 2. To enter unlawfully upon the land of another:બીજાની-પારકી જમીન-ઉપર રજા વગર જવું. 3. To violate any known rule of duty:જાણી જોઈ ને અપરાધ કo *n.*Any injury or offence done to another: વાંક; અપરાધ. 2. Any violation of a known rule of duty:અપરાધ;ઉલ્લંઘન.2.સાપરાધ પ્રવેશ.

Trespasser,(ટ્રેસ્પૅસર્)*n.*One who commits a trespass:ઘુસનાર;સાપરાધ-પ્રવેશનો ગુનો કરનાર.

Tress,(ટ્રેસ)*n.*[Gr.*tricha*,threefold.]A braid, knot,or curl,of hair;a ringlet:નિમાળાની લટ.

Trestle,(ટ્રેસલ્) *n.* [L. *transtrum*, a cross peam.] A movable frame or support for anything:કોઇ પણ ચીજ રાખવાનું ચોકઠું.

Trevet,Trivet, (ટ્રેવેટ્-ટ્રિવેટ્) *n.* A stool of other thing supported by three legs, a trivet:ત્રણ પાયાનું ચોકઠું.

Triable,(ટ્રાઈઍબલ્) *a* Fit or possible to be tried:અજમાવવા લાયક 2. Liable to undergo a judicial examination:કામ ચલાવવા લાયક.

Triad, (ટ્રાઇઍડ્) *n.* [L *trias.*] A union of three;a trinity:તેખડું;ત્રણજોડું;જોડ;ત્રય.

Trial, (ટ્રાઈઍલ) *n.* (*a*) Any effort or exertion of strength for the purpose of ascertaining what can be done or effected:પ્રયત્ન;અજમાયશ;યત્ન.(*b*)Proof;test: સાબેતી. (*c*) Examination by a test: કસોટી; કસણી. 2. The state of being tried or tempted; affliction or temptation that exercises & proves the graces or virtues of men:આપત્તિ;વિપત્તિ;દુઃખ;તાવણી; કસોટી.3.The mode of determining a question of fact in a court of law:તપાસણી;સુનાવણી.

Triangle,(ટ્રાઈઍન્ગલ્) *n.* [L. *tri* & *angulus*, angle.] A figure bounded by three lines, and containing three angles:ત્રિકોણ;ત્રિભુજ,

Acute angled **t**:અંતર્લંબત્રિકોણ. *Equilateral* **t**.:સમબાજુત્રિકોણ. *Isosceles*. **t**.:સમદ્વિબાજુ ત્રિકોણ. *Obtuse angled* **t**.: મ્હોટખુણ ત્રિકોણ. *Right-angled triangle*:કાટખૂણ ત્રિકોણ. *Scalene triangle*:વિષમબાજુ ત્રિકોણ;વિષમત્રિભુજ.

Triangular, (ટ્રાઍન્ગ્યૂલર્) *a.* Having three angles:ત્રણ ખુણાવાળું;ત્રિકોણાકાર.

Tribe,(ટ્રાઇબ્) *n.* [L *trius.*] A family, race: જાત;વર્ગ;કોમ.2. A nation of savages or uncivilized persons:જંગલી-અણુસુધરેલ લોકો.

Triblet,(ટ્રિબ્લેટ્)*n.* A goldsmith's tool used in making rings:અંગુઠી-વીંટી બનાવવાનું સોનીનું ઓજાર.

Tribulation,(ટ્રિબ્યૂલૅશન્)*n.* [L. *tribulum,*a thrashing sledge.]Severe affliction: સંકટ.

Tribunal,(ટ્રાઇબ્યૂનલ્)*n.* [L. *tribunus,*a tribune who administered justice.]The seat of a judge;ન્યાયાસન; જડજની બેસવાની જગા.

Tribune,(ટ્રાઇબ્યૂન્)*n.*[L. *tribus,* tribe.] An officer or magistrate chosen by the people રાજસભા અને "કોન્સલો" થી પોતાના હકો જાળવવા પ્રજાએ નિમેલો અધિકારી.

Tributary, (ટ્રિબ્યૂટરિ) *a.* Paying tribute to another:ખંડણી ભરનારો.2. Paid in tribute: ખંડણીમાં ભરેલું. *pl.* **Tributaries** A ruler or state that pays tribute: ખંડણી ભરનાર; મંડળિક;ખંડિયો રાજા.2 An affluent: કોઈ મોટી નદીને મળનારી નાની નદી;શાખા; ઉપનદી.

Tribute,(ટ્રિબ્યૂટ્)*n.*[L.*tributum,*to bestow.] An annual or stated sum of money or other valuable thing paid by one ruler or nation to another: ખંડણી. 2. A personal contribution,as of money,praise, service, etc.:ઋણ;આપવાનું કંધ.

Trice,(ટ્રાઇસ્) *vt.* To pull:ખેંચવું. 2 To haul and tie up by means of a rope:ખેંચી-ઘસડીને દોરડેવતી બાંધવું.*n.*A very short time;an instant:પળ;પલક;ક્ષણ;પલકારો;નિમિષ.

Trick, (ટ્રિક્) *n.* An artifice or stratagem: ઠગો;યુક્તિ.*vt* To deceive by cunning or artifice;to cheat;to defraud:ઠગવું; છેતરવું.

Trickery,(ટ્રિકરિ)*n.*Artifice;fraud:છેતરપંડી.

Trickish (ટ્રિકિશ્)*a.*Knavish:કપટવાળું;પેચી.

Trickishness, (ટ્રિકિશનેસ્)*n.* Knavery:ઠગો.

Trickle,(ટ્રિકલ્)*vi.*To flow in a small,gentle stream;to run in drops:ઝરવું;-પાતળી ધાર આવવી.

Trident,(ટ્રાઇડેન્ટ્)*n.* [L *tri,* & *dens, tooth*] A kind of sceptre or spear with three prongs:ત્રિશુલ-ળ.*a.* Having three teeth or prongs:ત્રણફળ-દાંતાવાળું.

Tridentate,(ટ્રાઇડેન્ટેટ્) *a.* Having three teeth;three-toothed:ત્રણફળ-દાંતાવાળું.

Triennial,(ટ્રાઇએનિઅલ્)*a* [L *tri* & *annus,* year.] Continuing three years: ત્રણ વરસ સુધી રહેનાર;ત્રિવાર્ષિક.2. Happening, coming about, or appearing once in every three years:ત્રણ વરસે એકવાર થનારું;ત્રયુસાલી.

Trier,(ટ્રાઇઅર્) *n.* One who tries; one who makes experiments:અજમાવશ-પ્રયોગ કરનાર.

Trifle, (ટ્રાઈફલ્) *n.* A thing of very little value: ઘણી ઓછી કીમત-અગત્યની વસ્તુ. *vi.* To act or talk with levity;to indulge in light or trivial amusements:હલકાઈથી બોલવું.*To* **t.** *with,*to play the fool with; to mock:ની મશ્કરી-મજાક ક૦. To make of no importance: નકામું-નજીવુંગણી કાઢવું.2.To waste:ગુમાવી નાંખવું.

Trifler,(ટ્રાઇફ્લર્)*n.*One who trifles:ઓછરવાદી માણસ-કમઅક્કલનું માણસ.

Trifling,(ટ્રાઈફ્લિન્ગ્)*a.* Being of small value or importance;trivial: કોડી કીમતનું; નજીવું.

Trifoliate, (ટ્રાઇફોલિએટ્) *a.* Having three leaflets:ત્રણ પાંદડાં-પાતરાંવાળું;ત્રિદલ;ત્રિપુર્ણ.

Triform,(ટ્રાઈફૉર્મ્)*a.*[L.*tri.* & *forma,* form.] Having a triple form: ત્રણ રૂપ;આકારનું.

Trig,(ટ્રિગ્)*vt.* To fill;to stuff:ભરવું;દાબીને ભરવું. *a.*Full:ભરેલું.*n.*A scotch;a skid:ગાડીનું પૈડું અટકાવવાનો પદાર્થ;અટકણ;આડ,

Trigger,(ટ્રિગર્)*n.*A catch to hold the wheel of a carriage on a declivity: ઢોળાવ ઉતરતાં ગાડીનું પૈડું એકદમ ઉતરી ન પડે તે માટે મુકેલી ચાંપ.

Trigonal,(ટ્રાઈગોનલ્)*a.*Having three angles, or corners;triangular:ત્રણ ખૂણાવાળું;ત્રિકોણ.

Trigonometrical,(ટ્રાઇગોનોમેટ્રિકલ્)*a.* Pertaining to trigonometry:ત્રિકોણ-મિતિસંબંધી.

Trigonometry,(ટ્રાઇગોનોમેટ્રિ)*n. pl.*[Gr.*trigonon,*a triangle.] That branch of mathematics which treats of the relation of the sides and angles of triangles:ત્રિકોણમિતિ.2. A treatise on this science:ત્રિકોણમિતિનોગ્રંથ.

Trilateral,(ટ્રાઇલૅટરલ્)*a.*[L. *tres*&*latus,*side.] Having three sides;being three-sided:સમત્રિબાજુ ત્રિકોણ.

Trillingual,(ટ્રાઇલિન્ગ્વલ્) *a.* [L *tri*&*lingua,* tongue.]Containing or consisting of three languages;expressed in threelanguages:ત્રણ ભાષામાં લખેલું-માંડું-નું;ત્રિભાષ-ત્રિભાષિક.

Triliteral,(ટ્રાઇલિટરલ્)*a.*Consisting of three letters;trigrammic:ત્રણ અક્ષરનું.

Trill,(ટ્રિલ્)*vi.* To trickle:ટપકવું. *vt.* To turn round:ગોળ ચક્કરમાં ફરવું.*vi.* To play or sing in tremulous vibrations of sounds:માં ધ્રુજતા ગાયનનો અવાજ થવો.*n.*A sound of consonantal character:વ્યંજનના જેવો અવાજ.

Trim,(ટ્રિમ્)*vt.*To clip or lop;to curtail:કાપ-

હું;છાંટવું.2.To arrange in due order for sailing:સઢ જેમ જોઈએ તેમ રાખવાં.*To t up*,to put in order:નિયમમાં મૂકવું.*n*.Dress:પોશાક.

Trimmer,(ટ્રિમર્)*n*.One who trims;arranges:ગોઠવનાર.2.One who does not adopt extreme opinions in politics,or the like; a timeserver:જમાને હાજી કરનાર; ચાલતી વહેલે બેસનાર.2. An instrument with which trimming is done:કાતર;કાતરણી.

Trimming,(ટ્રિમિન્ગ્)*n*. The act of one who trims:છાંટ;કાતર;કાતરણી.2.That which serves to trim:સંજાબ;મગજી;કોર;કિનારી;પાલવ.

Trimness,(ટ્રિમ્નેસ્)*n*.Orderliness;snugness; neatness:સાફસૂફ-ઠીકઠાક-નિયમિતપણું.

Trinity,(ટ્રિનિટિ)*n*. [L. *trini*, three each.] The union of three persons(*the Father the Son,and Holy Ghost*)in one Godhead:પિતા પુત્ર અને પવિત્રાત્મા એ ત્રણે મળીને થયેલો એક ઈશ્વર; વ્યક્તિત્રયાત્મક દેવતા. 2. Any symbol of the Trinity employed in Christian art:ત્રિમૂર્તિ.

Trinket,(ટ્રિન્કેટ્)*n*.A knife;a cutting tool: ચપ્પુ;ચાકુ;કાપવાનું હથિયાર. *vi*.To court favor; to intrigue: મહેરબાની મેળવવા પ્રયત્ન કo.

Trinomial,(ટ્રાઈનૉમિઅલ્)*n*.A quantity consisting of three terms (*connected by the sign+or-*):ત્રણ પદની રકમ;ત્રિપદી સંખ્યા.*a*.Consisting of three terms:ત્રણ પદનું;ત્રિપદી;ત્રિયુક્પદ.

Trinominal, (ટ્રાઈનૉમિનૅલ્) *n*. & *a*. A trinomial:ત્રણ પદની સંખ્યા;ત્રણ પદવાળી ત્રિપદી.

Trio,(ટ્રાઇઑ)*n*.[L.*tres,tria*, three.] Three in company or acting together; a set of three:સાથે કામ કરનાર કે રહેનાર ત્રણ જણ.

Trip,(ટ્રિપ્) *vt*. To make a brief journey or pleasure excursion:ટૂંકી મુસાફરી કo.2.Losing one's balance: લથડવું;-નો પગ ચુકવો. *vt*. To cause to stumble:-ને ઠેસ મારીને પાડી નાંખવું. 2.To raise as anchor from the bottom:-ને તળીએથી લંગર ઉપાડી લેઇ લેવું. *n* A brief or rapid journey;an excursion:આંટો;ચક્કર;ફેરો; સપાટો;ખેપ.2.A small piece:કકડો.3.A troop of men; a host:લશ્કર;ટુકડી.4.લથડિયું;ગોથું

Tripedal,(ટ્રાઇપેડૅલ્)*a*.[L.*tri* & *pes,pedis*, a foot.]Having three feet:ત્રણ પગવાળું;ત્રણપગું

Triple, (ટ્રિપલ્) *a*. [L *tri* & *plus*.] Consisting of three united; threefold:ત્રણ જોડાઇને થયલું;ત્રગણું;ત્રિગુણાત્મક;ત્રેવડું 2.One of three-third:ત્રણમાંનું એક;ત્રીજું. *vt*. To make threefold:ત્રણગણું-પટ કo.

Triplet, (ટ્રિપ્લેટ્) *n*. A collection of three of a kind;three united:ત્રણનો જથો.2.Three verses rhyming together:સરખા અનુપ્રાસવાળી ત્રણ લીટી; ત્રિપાદ. 3. *pl*. Three children or offspring born at one birth:એકજ વખતે જન્મેલાં ત્રણ છોકરાં-બચ્ચાં.

Triplicate, (ટ્રિપ્લિકેટ્) *a*. [L. *tri* & *plico*, I fold.]Made thrice as much;threefold;tripled:ત્રિગુણ;ત્રેવડું;તેવડું.*n*.A third thing corresponding to two others of the same kind: એકજ જાતની ત્રીજી વસ્તુ. [ણું-ત્રેવડાપણું.

Triplicity,(ટ્રિપ્લિસિટિ)*n*.Trebleness:ત્રિગુ-

Tripod,(ટ્રાઇપૉડ્)*n*. [Gr. *tri* & *pous,podos*, foot.]Any utensil or vessel,as a stool,table,etc.,supported on three feet: તીરપાઇ.

Tripping,(ટ્રિપિન્ગ્)*a*.Quick;nimble:ભોંય પગ ન અડે તેમ-જલદીથી ચાલનારૂં;ઉડચાલુ.*n*.The act of one who or that which trips:ભોંય પગ ન અડે તેવી રીતે ચાલવું તે;ઉડચાલ; છુટીચાલ.

Trisect,(ટ્રાઇસેક્ટ્)*vt*.[Pref.*tri*,& *seco*,I cut] To cut or divide into three parts:-ના ત્રણ ભાગ કo-પાડવા;ત્રિભાજવું.

Trisection,(ટ્રાઇસેક્શન્)*n*.The division of a thing into three parts:ત્રણ કકડા ભાગ.

Trisyllable,(ટ્રિસિલૅબલ્)*n*.A word consisting of three syllables only:ત્રણ પદનો શબ્દ.

Trite,(ટ્રાઇટ્) *a*. [L. *tero*, I rub.] Worn out common;stale:જૂનું;સાધારણ;જીર્ણ;સોંઘુ.

Tritheism,(ટ્રાઈથિઇઝમ્) *n*. [Pref. *tri* & Gr. *theos*,a god.]The opinion or doctrine that the Father,Son and Holy Spirit are three distinct Gods:દેવત્રયવાદ; દેવત્રયમત;દેવત્રયપક્ષ.

Trituration, (ટ્રિટ્યૂરેશન્) *n*. The act of reducing to a fine powder by grinding:દળીવાટીને ઝીણું મેદા જેવું કo તે.

Triumph,(ટ્રાઈઅમ્ફ્)*n*[L.*triumphus*.]A state of joy or exultation for success: વિજયનાદ; વિજયહર્ષ.*T.column*:જયસ્તંભ *T.arch*:જયતોરણ 2.Victory; conquest:ફતેહ;જય;જીત;વિજય *vi*. To celebrate victory with pomp;to rejoice over success:જયોત્સવ-જયસમારંભ કo. 2. To obtain victory; to be successful: જીત ફતેહ મેળવવી. *vt*. To obtain a victory over; to conquer:-ના ઉપર જીત-જય મેળવવો.

Triumphal, (ટ્રાઇમ્ફૅલ્) *a*. Of or pertaining to triumph;used in a triumph:વિજયસમારંભ સંબંધી. *n*. A token of victory:જીત ફતેહજયની નિશાની ચિન્હ.

Triumphant,(ટ્રાઈઅમ્ફૅન્ટ્) *a*. Rejoicing for victory;exultant:જય-હર્ષનું ભરેલ જયકાર કરતું. 2.Celebrating victory; expressive of joy for success: જય હર્ષ બતાવનારૂં સૂચક; જયાનંદી. 3.Victorious:વિજયી;જીત-જય પામેલું.

Triumvir,(ટ્રાઈઅમ્વર્)*n.pl* [L.*tres* gen.*trium* three & *vir*, a man.] One of three men united in public office or authority; ત્રણ

સાથે રાજ કરનારાઓમાંનિો એક.
Triumvirate,(ટ્રાઇઅમ્વ઼ર઼ેટ્)*n.*Government by three in coalition:ત્રણસાથે રાજ કરનારાઓનું રાજ્ય;ત્રિજન રાજ્ય;ત્રિજનસત્તાક રાજ્ય.
Trivet,(ટ્રિવેટ્)*n.*A three-legged stool,table or other support:ત્રણપાયાની માંચી-બેસણી.
Trivial, (ટ્રિવિઍલ્) *a.* [L. *tri* & *via*, way.] Ordinary;trifling; vulgar: રકાસું;નજીવું. 2.Of little worth or importance,trifling:નજીવું; કસ-માલ વગરનું;હલકું;તુચ્છ;ક્ષુલ્લક.
Triviality, (ટ્રિવિઍલિટિ) *n.* The quality or state of being trivial;trivialness:નજીવાપણું.
Trochee,(ટ્રોકી)*n.* [Gr. *troho*, I run.] A foot of two syllables,the first long and the second short:પહેલો ગુરૂ અને પછી લઘુ અક્ષરોનુંપદ
Trod,(ટ્રૉડ્)*imp.&p p of* **Tread**. ખુંદયું; કચર્યું.
Trodden,(ટ્રૉડન્)*p.p.* of **Tread.** ખુંદેલું;કચરેલું.
Troll,(ટ્રૉલ્)*vt.*To roll:ફેરવવું.*vi.*To roll;to run about:ગબડવું;દોડયાં કo. 2.To move rapidly: ઝડપ-જલદીથી જવું.*n* The act of moving round ગોળ ફરવું-ગબડવું તે.2 A trolley:નાની ગાડી.
Trollop,(ટ્રૉલૅાપ્)*n.*An idle untidy woman; a slattern;a whore:વેશ્યા;છિનાળ;સાલાટુલી.
Tromp,(ટ્રૉમ્પ્)*n.*A blowing apparatus: ભઠ્ઠી ફુંકવાનું ધમણ જેવું યંત્ર-સાંચો.
Troop, (ટ્રુપ્) *n.* A collection of people; a company;a multitude:ટોળું;ઝુંડ;ધાડું;ફોજ.2. Soldiers,collectively, an army:સેના;લશ્કર; ફોજ.3.A small body of cavalry,light horse or dragoons:ઘોડેસ્વારની ટુકડી-પલટન;રસાલો.*vi.* To move in numbers:ટોળાં બંધ ચાલવું તે. 2. To march on;આગળ કુચ કરવી.
Trooper, (ટ્રૂપર્) *n.* A soldier in a body of cavalrymen:ઘોડેસ્વાર;ઘોડેસ્વાર લશ્કરનો સિપાઇ.
Trope,(ટ્રોપ્)*n.*[L *tropus.*](*a*) The use of a word or expression in a different sense from that which properly belongs to it:મુળ અર્થમાંવાપરેલાશબ્દ(*b*)The word or expression so used:એવી રીતે વાપરેલો શબ્દ; લાક્ષણિક શબ્દ.
Trophy,(ટ્રૉફિ)*n.pl.* **Trophies** [Gr *trepo*, I turn.] A sign of a victory: યુદ્ધમાં ફતેહની નિશાની;જયચિન્હ. 2. The representation of such a memorial as on a medal:ઉપર કાઢેલા ચાંદ આદી ઉપર કાઢેલું ચિત્ર.3 જીતમાં મેળવેલી વસ્તુ.
Tropic,(ટ્રૉપિક્)*n.* [L.*tropicus*, of or belonging to a turn.] **T.** *of Cancer*:કર્કવૃત્ત. **T.** *of Capricorn*:મકરવૃત્ત.(*Geog*) (*a*) One of the two parallels of terrestrial latitude corresponding to the celestial tropics, and called by the same names:દક્ષિણોત્તરાયણ વૃત્ત *pl.*The region lying between these parallels of latitude:ઉષ્ણકટીબંધ;ઉષ્ણદેશ;ક્રાંતિમંડલ.
Tropic,Tropical, (ટ્રૉપિક્-ટ્રૉપિકલ્) *a.* Of or pertaining to the tropics: ઉષ્ણ કટી બંધનું સંબંધી;દક્ષિણોત્તર સીમાંતર્ગત;ક્રાંતિવૃત્ત વિષયક.
Trot,(ટ્રૉટ્)*vi.* To proceed by a certain gait peculiar to quadrupeds;to ride or drive at trot: ખડ્ડુક ખડ્ડુક ચાલવું; દોડાદોડ ચાલવું. 2 To run: દોડાદોડ કo. *vt.*To cause to move as a horse or other animal,in the place called a trot:ખડ્ડુક ખડ્ડુક દોડાવવું.*n.* The pace of a horse or other quadruped:ખડ્ડુકખડ્ડુકચાલવું.
Troth,(ટ્રૉથ્)*n.* Belief;faith; fidelity:નિમકહલાલી;વફાદારી;કોલ.2.Truth:સત્ય;સાચવટ;સચ્ચાઇ.
Trotter, (ટ્રૉટર્) *n.* One that trots: ખુદખુદ-ખડ્ડુક ખડ્ડુક ચાલનારૂં પશુ-જનાવર.
Trottingly,(ટ્રૉટિંગ્લિ)*a.* Walking in a trottering manner:ડ્ડુકડ્ડુક;ખડ્ડુક ખડ્ડુક.
Trouble,(ટ્રબલ્)*vt.* [L.*turbo*, I disturb.] To distress;to fret; to vex:દુ:ખી કo;પજવવું. 2. To give occasion for labor to:ને મહેનત કરવાની તક આપવી;તસ્દી-શ્રમ આપવો.*n.*Agitation; uneasiness;vexation:ગભરાટ;ઉચાટ;સંતાપ;હેરાનગતિ.2.That which afflicts:સંતાપ;પીડાઆપદા સંકટ.3.Affliction;calamity:દુ:ખ;પીડા;સંકટ; વિપત્તિ *To get into* **t.**,to get into difficulty or danger:મુશ્કેલી અથવા ભયમાં આવી પડવું. *To take the* **t.***to* be at the pains:તસ્દી વેઠવી.
Troublesome, (ટ્રબલ્સમ્) *a.* Burdensome; wearisome:હેરાન કરનારૂં:દુ:ખદાઇ;દુ:ખદાયક.
Troublous,(ટ્રબ્લસ્)*a.* Full of trouble; causing trouble:દુ:ખદાયક;સંકટ ભરેલું;નઠ;નઠારૂં.
Trough, (ટ્રૉફ્) *n.* A long, hollow vessel; a long tray:થાળી;કથરોટ;પરાત.
Trousers, (ટ્રાઉઝર્ઝ્) *n. pl.* A garment worn by men and boys,extending from the waist to the knee or to the ankle,and covering each leg separately:ચોરણો;પાયજામો;સુરવાળ.
Trover,(ટ્રૉવર્)*n.*(*a*)The gaining possession of any goods, whether by finding or by other means:જડવાથી અથવા બીજીકોઇરીતે માલનો દાવોકરવોતે.(*b*)An action to recover damages against one who found goods,and would not deliver them to the owner on demand કોઈ જડેલો માલ તેના માલીકને પાછો નહિ આપે તે બદલ ફરીઆદ.
Trow,(ટ્રૌ)*n.*A kind of boat:એકજાતની હોડી.*vt.* &*vi.*To believe; to trust:માનવું;વિશ્વાસ રાખવો.
Trowel,(ટ્રાઉએલ્) *n.* [L. *trua*, a ladle.] A mason's tool:કડિયાનો લેલો.
Troy-weight, (ટ્રૉઇ-વેઇટ્) *n.* A weight by which gold and silver jewels and the like are weighed:સોનું રૂપું તથા ઝવેર વિગ્તોળવાનું તોલ.
Truant,(ટ્રૂઍન્ટ્)*n.*An idler;a loiterer:આળસુ

છોકરો; બટકેલ છોકરો. *a.* Loitering; idle:આળસુ કામનું ચોર. *vi.* To idle away times; to play the truant:વખત ગુમાવવો.

Truce,(ટ્રૂસ) *n.* An armistice;a suspension of arms by agreement of the commanders of opposing forces:થોડા દહાડા સારૂ કરેલી સલાહ-સંધિ;અવદાર.

Truck,(ટ્રક) *n.*[L. *trochus*,an iron hoop.]A small wheel of a vehicle: ગાડીનું ન્હાનું પૈડું. 2.A low wheeled carriage:નીચા પૈડાની ગાડી 3.A freight car: ભારગાડી. *vt.* To transport on a truck:નીચાં પૈડાંની ગાડીમાં મૂકીને મોકલવું. *vt.* & *vi.*To exchange;to barter:સાટું,બદલો કo.*n.*Exchange of commodities:સાટું;બદલો 2.Small commodities: નાની વેપારની જણસો.

Truckle,(ટ્રકલ) *n.*A small wheel or caster: ન્હાનું પૈડું.*vi.*To submit:બીજાની મરજી સાચવવી.

Truculence cy (ટ્રકયૂલેન્સ-ન્સિ)*n.*Savageness ferociousness:જંગલીપણું; વિકરાળતા;ક્રુરતા.

Truculent,(ટ્રકયૂલેન્ટ)*a.*[L.*trux trucis*,wild.] Fierce;savage;ferocious:ક્રુર; જંગલી;ભયંકર.

True,(ટ્રૂ)*a.* Correct;not false:સાચું;સત્ય;ખરૂ. 2.Exact; accurate (*as copy, likeness, etc*): અસલ પ્રમાણે;બરાબર; યથાપ્રત.3. Actual;genuine;pure; real:સાચું;ખરૂં.

True-hearted(ટ્રૂહાર્ટેડ)*a.*Of a faithful heart honest;sincere:પ્રમાણિક;પ્રતિષ્ઠિત;સાફ દિલનું.

Truism,(ટ્રૂઈઝમ)*n* An undoubted or self-evident truth:ખુલ્લી-દેખીતી ખરી બાબત.

Trull,(ટ્રલ)*n.*A strumpet;a harlot:પાતર.

Truly,(ટ્રૂલિ)*adv.*In a true manner;in agreement with fact:ખરેખર રીતે;ખરેખરૂ;સાચેસાચું

Trump,(ટ્રમ્પ)*n.*[L.*triumpho*,I triumph.]A wind instrument of music:રણસિંગું;રણસિંગડું.*vi.*To blow a trumpet:રણસિંગું વગાડવું. *To put to one's* **t** *s,*or *To put on one's* **t** *s,* to force to the last expedient:છેલ્લામાં છેલ્લો ઉપાય હાથ કરવા ફરજ પાડવી.2.હુકમનું પાનું ઉતરવું. 3.તરકટ ઉડાવવું;ખોટુ ઉભુ કo. *n.*હુકમનું પાનું;હુકમ.

Trumpery,(ટ્રમ્પરિ)*n.*Deceit:કપટ 2.Worthless but showy matter:નિર્માલ્ય સામાન;નકામો માલ.

Trumpet,(ટ્રમ્પેટ)*n.* A wind instrument: ઘરાઈ;રણસીંગું.*vt.*To publish by,or as by, sound of trumpet:-ના ગુણ ગાવા;-નાં વખાણ કo

Trumpet-tongued,(ટ્રમ્પેટ્ટન્ગ્ડ)*a.* Having far reaching voice:મ્હોટા ઘાંટાવાળું.

Truncal,(ટ્રન્કલ)*a.*Of or pertaining to the trunk,or body:સુંઢ-અથવા શરીર સંબંધી-નું.

Truncate,(ટ્રન્કેટ)*vt.*[L.*truncus*,maimed] To cut off;to lop:કાપી નાંખવું.*a.*Appearing as if cut off at the tip:છેડે કાપી નાંખ્યું હોયતેવું

Truncheon,(ટ્રન્શન)*n.* [L *truncus*,trunk.] A short staff;a cudgel:ડંડુકો;ડંગોરૂં;ગદા.

Trundle,(ટ્રન્ડલ)*n.*A little wheel:ન્હાનું પૈડું 2.A kind of low-wheeled cart; a truck: ગાડું.*vt.*To roll(*a thing*)on little wheels:કોઈપણ ચીજને ન્હાના પૈડાં ઉપર ગબડાવવી.*vi.*To go or move on small wheels:ન્હાનાં પૈડાંપર ચાલવું.

Trunk,(ટ્રન્ક) *n.* [L. *truncus,* maimed.] Stock;stalk:થડ;મુખ્યભાગ.2.The body of an animal,apart from the head and limbs: ધડ.3 (*a*) The proboscis of an elephant: હાથીની સુંઢ. 4 A box or chest:પેટી.

Truss,(ટ્રસ)*n.*[L *torques*,twist.] A bundle; a package:ભારો;ગાંસડો;પોટલો;બચકો.2.A part of a woman's dress:સ્ત્રીના પોશાકના એક ભાગનું નામ છે;ગાળબંધન. 3.A bandage used in cases of hernia:ગોળાના દરદીને બાંધવાનો પાટો. *vt.*To bind or pack close:મજબૂત કઠણ બાંધવું. *To* **t** *up,* to strain:મજબૂત-સખત-તંગ કo.

Trust,(ટ્રસ્ટ)*n.*Confidence;reliance: ભરોસો; વિશ્વાસ.2.Credit given:ઉધાર આપવું તે.3.Something received in confidence;charge:સોંપેલું કંઇ વિશ્વાસિત વસ્તુ.4 That upon which confidence is placed:વિશ્વાસભૂમિ;વિશ્વાસપાત્ર.T. *deed.* a deed conveying property to a trustee, for some specific use: ટ્રસ્ટપત્ર. *a.* Held in trust (*as property,money,etc*):વિશ્વાસ-ભરોસામાં મૂકેલું.*vt.*To place confidence in:-નો વિશ્વાસ કo.2. To give credence to: માનવું.3.To hope confidently; to believe: માનવું.4.To show confidence in a person by intrusting with something:ના હવાલામાં આપવું.5.To intrust:સોંપવું 6.To give credit to:-ને ઉધાર આપવું *vi.*To have trust:-નો વિશ્વાસ રાખવો.*To* **t.***in,To* **t.***on,*to place confidence in:-ના ઉપર વિશ્વાસ રાખવો.

Trustee,(ટ્રસ્ટી)*n.*One who is intrusted with property for the benefit of another:બીજાએ સોંપવાથી તેની મિલકતનો વહિવટ કરનાર.

Trustful,(ટ્રસ્ટ્ફુલ) *a.* Full of trust; trusting:ભરોસો રાખતું-રાખનારૂં.

Trustiness,(ટ્રસ્ટિનેસ)*n.*The quality orstate of being trusty:વિશ્વાસપણું.

Trust-worthy,(ટ્રસ્ટવર્ધિ)*a.*Worthy of trust or confidence;ભરોસો વિશ્વાસ રાખવા લાયક.

Trusty,(ટ્રસ્ટિ)*a.*Trust worthy; reliable:ભરોસો-વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસુ;વિશ્વાસપાત્ર.

Truth,(ટ્રુથ) *n.* The quality or state of being true:સાચાઈ;સત્યતા 2.Veracity:સાચવટ. 3. Fact;verity:ખરી-સાચી હકીકત.4.A true thing: સાચી વાત;સત્ય **In t.**, in reality:ખરેખર.

Truthful,(ટ્રુથ્ફુલ)*a.*Veracious;reliable:સાચું.

Try,(ટ્રાય)*vt.*[L. *tero,* I rub.] To prove by experiment:અજમાયશથી સાબિત કo.2.To subject to severe trial:-ની કસોટી કાઢવી;કસવું. 3. To examine or investigate judicially:મુકદ્દમો ચલાવવો.4 To essay;to attempt:પ્રયત્ન કo કરી જોવું.*vi.*To exert strength:બળ-જોર વાપરવું.

Tuber,(ટ્યૂબર્)*n.* A fleshy, rounded stem or root:કંદમૂળનો ગાંઠો.

Tub,(ટબ્)*n.*An openwooden vessel formed withstaves,bottom,andhoops:લાકડાનું પીપ;ટબ

Tube,(ટ્યૂબ્)*n.*[L *tuba,*a trumpet.] A pipe: નળ;નળી;ભુંગળું.2. A vessel in animal bodies or plants,which conveys a fluid or other substance:જેમાંથી શરીરના કે ઝાડના રસો આવજા કરે છે તે રગ-નસ.

Tubercle,(ટ્યૂબર્કલ્)*n.* [L. *tuber.*] A small knoblike excrescence:ગુમડું;ગાંઠ;ફોલ્લો.

Tuberous,(ટ્યૂબરસ્)*a.*Covered with knobby prominences;knob bed:કંદના જેવું-વાળું.

Tubular,(ટ્યૂબ્યુલર્)*a.*[L *tubus,*a tube]Having the form of a tube or pipe:નળીના જેવું.

Tubule,(ટ્યૂબ્યૂલ્)*n.*[L.*tubus,*a tube.]A smal pipe:નહાની ભુંગળી નળ.

Tubulous,(ટ્યૂબ્યૂલસ્)*n.* Resembling, or in the form of a tube:નળીના આકારનું ડાંડીવાળું.

Tuck,(ટક્)*vt.*To draw up;to shorten:ટુંકું કo; સંકેલવું;દાબવું.2.To make a tuck:-ને આંતરસીયો ભરવો *vi.*To draw together: દબાઇ જવું; સંકોચાવું *n.* A plait:આંતરસીયો.

Tucker,(ટકર્)*n.*A narrow piece of linen, folded across the breast:કાંચળી;કમખો.

Tuesday,(ટ્યૂઝ્ડે) *n* The third day of the week, following Monday:મંગળવાર.

Tuft,(ટફ્ટ્) *n.* A waving or bending and spreading cluster:ગુચ્છો; ઝુમખો; કલગી;ઘટા; ગુચમડો;સમુદાય. *vi.* To grow in a tuft or tufts:ઝુંડ-ગોટાબંધ ઉગવું

Tufted-Tufty,(ટફ્ટેડ્-ટફ્ટિ)*a.* Adorned with a tuft: કલગીદાર. 2. Growing in tufts: ઝુંડ બંધ ઉગતું.

Tug,(ટગ્)*vt* [L.*duco,*I lead.]To put or draw with great effort:ઘણા બળથી ખેંચી લેઇ જવું. *vi.*To pull with great effort:ઘણા જોર-બળથી ખેંચવું.*n.* A pull with the utmost effort: ઘણા જોર બળથી મારેલો આંચકો; ઝટક 2. Tug of war:દોરડાની ખેંચતાણની રમત.

Tuition,(ટ્યૂઇશન્)*n.*[L.*tuitio,*protection.]The act, or art of teaching:શિક્ષણ;વિદ્યોપદેશ.

Tulip,(ટ્યૂલિપ્)*n.*Any plant of the liliaceous genus *Tulipa*:એક જાતનો સુશોભિત છોડવો.

Tumble,(ટમ્બલ્)*vi.*To roll over:ગબડવું; લોટવું. 2.To fall suddenly; ગબડી પડવું. *vt.* To turn over; to throw down:પાડી નાંખવું.

Tumbler,(ટમ્બ્લર્)*n.*One who tumbles; an acrobat:મલ્લ;મલાખિયો;નટ.2.A drinking glass: કાચનું પવાલું;ટમલર;લાંબો પ્યાલો.2.A kind of pigeon:એક જાતનું કબુતર;લોટણ.

Tumbrel,(ટમ્બ્રેલ્) *n.* A cucking stool for the punishment of scolds:બાજઠ.2.A rough cart:નાનું ગાડું.3.A cart or carriage with two wheels,which accompanies troops or artillery:લશ્કરનો સામાન વિગેરે ખેંચી-લઇજવાનું ગાડું.

Tumefaction,(ટ્યૂમીફેક્શન્)*n.* The act or process of tumefying or swelling:સોજો.

Tumefy,(ટ્યૂમીફાય)*vt.& i.*[L.*tumo,*I swell.] To rise in a tumor;to swell:સુજવું;સોજો આવવો.

Tumid,(ટ્યૂમિડ્)*a.* Swelled: સુજેલું; સુજી ગયેલું. 2.Pompous:ભભકાવાળું;આડંબરી.

Tumor,(ટ્યૂમૅાર્)*n.* [L. *tumo,* I swell.] A morbid swelling:ગોડ;ગુમડું.

Tumulous,(ટ્યૂમ્યૂલસ્)*a.*Full of small hills or mounds; hilly:ટીંબા-ટેકરા-ઢગલાવાળું.

Tumult,(ટ્યૂમલ્ટ્)*n.* [L.*tumo,*I swell] The commotion or agitation of a multitude: ખળભળાટ;ગરબડાટ;બખેડો;હુલ્લડ;તોફાન.

Tumultuary-Tumultuous,(ટ્યૂમલ્ટ્યૂઅરિ-ટ્યૂમલ્ટ્યૂઅસ્) *a.* Disorderly; turbulent:ગરબડાટ ભરેલું;અવ્યવસ્થિત; વ્યાકુળ. 2. Turbulent: જબરૂં;ગરબડાટ કરાવે એવું; ફિસાદી.

Tunable,(ટ્યૂનૅબલ્)*a* Harmonious;musical: સુર તાલ મેળવાય એવું.

Tune,(ટ્યૂન્)*n.* A sound; a note:અવાજ; ધાંટો. 2. A melody; an air:રાગ;સુર.*vt.*To harmonize:-નો સુર મેળવવો.*vi* To form accordant to musical sounds:-ના પ્રમાણે ગાવું-રાગ કાઢવો.

Tuneful,(ટ્યૂન્ફુલ્)*a.*Harmonious;melodious; musical:સુસ્વર;મધુર;રાગ-તાલવાળું.

Tuner,(ટ્યૂનર્)*n.*One who tunes:વાજીંત્રના સુર મેળવી તાર ચઢાવનાર.

Tunic,(ટ્યૂનિક્)*n.*[L.*tunica.*]Any garment worn by ancient or Oriental peoples:અસલના અગર પૂર્વના લોકોનું પહેરવાનું પહેરણ.

Tunnel,(ટનેલ્) *n.* An artificial passage or archway for conducting canals or railroad under elevated ground:ખોદી કાઢેલો રસ્તો;સુરંગ;સણુંગ.*vt.*To make an opening or a passage way, through or under:કોરી ખોદીને રસ્તો કાઢવો;સુરંગ કાઢવી.

Turban, (ટર્બન) *n* A headdress worn by men:પાઘડી;પાઘડી.

Turbid,(ટર્બિડ્)*a.* [L *turba,*tumult.] Soiled muddy;not clear:રગડા જેવું;મેલું;ડોહવાએલું.

Turbinated,(ટર્બિનેટેડ્) *a.* Whirling in the manner of a top:ચડાવેલું; ચકર ચકર ફરતું.

Turbulence-cy, (ટર્બ્યૂલેન્સ-ન્સિ) *n.* Tumult;

disorder;agitation:અંડ;અખેડો;હુલ્લડઃ દંગો.

Turbulent,(ટબ્યૂર્લેન્ટ્)*a.*[L.*turba*,disorder] Disturbed;tumultuous:ખળભળી ગયેલું;તોફાની. 2. Restless: હુલ્લડખોર; તોફાની;ફીતુરી.

Turf,(ટર્ફ્) *n.* That upper stratum of earth and vegetable mold which is fitted with the roots of grass and other small plants, sward; sod:જ્યાં જડી-જડિયાં ઉગી નીકળેલાં હોય એવી ભોંય;જડી 2.ઘોડદોડ;કુંડાળું.

Turfy,(ટર્ફિ) *a.* Abounding or covered with turf:મુળિયાં સુદ્ધાંત માટીના ઢેફાવાળું.

Turgent,(ટર્જેન્ટ્)*a* [L. *turgeo*, I swell.] Rising into a tumor;swelling:ફપસેલું;સૂજેલું.

Turgid,(ટર્જિડ્)*a* [L *turgeo*,I swell.] Swelled;swollen;inflated:સૂજેલું;સૂણેલું; ઉપસેલું. 2. Pompous:ખોટા ભપકાવાળું;આડંબરયુક્ત.

Turgidity,(ટર્જિડિટિ)*n.*The quality or state of being turgid:કેવળ શબ્દ ગૌરવખોટો ભપકો.

Turkey,(ટર્કી)*n.*An empire in the southeast of Europe and south west of Asia:યુરોપની અગ્નિકોણ અને એશિઆની નૈરૃત્ય કોણમાં આવેલો પ્રદેશ;તુર્કસ્તાન *n.*Any large American gallinaceous bird:એક જાતનું અમેરિકાનું મરઘામોર જેવું પક્ષી.

Turkois,(ટર્કૉઇઝ્)*n* & *a.*Turquoise:સુ ર ંગનું. એક જાતનું ઝવેર: પીરોજ રંગનું.[હરિદ્રા;હળદ;હળધર.

Turmeric,(ટર્મેરિક્)*n.*An East Indian plant:

Turmoil,(ટર્મૉઇલ્)*n.*Harassing labor;trouble;disturbance:મહેનત;શ્રમ;ખટપટ;સંતાપ.*vt.* To disquiet:to worry:સંતાપવું;બેચેન ક૦.

Turn,(ટર્ન્)*vt.*[L. *tornus*, a lathe.] To give circular motion to: ને ગોળ ફેરવવું. 2. To reverse the position of:ફફટાવવું;ફથલાવવું 3.To incline differently:ફેરવવું;વાળવું.4.To transfer:-ને નામે ચઢાવવું; વાપરવું. 5. To form in a lathe;to shape or fashion:સંઘાડે ઉતારવું.*To t ivory or metal*:હાથીદાંત કે ધાતુનો ઘાટ ઉતારવો 6 To translate;to construe:-નો તરજુમો-ભાષાંતર ક૦ *To t a cold shoulder to*,to treat with neglect or indifference:ની સાથે બેદરકારીથી વર્તવું *To t.adrift*,to cast off ને વહેતું;ખરતું મુકવું. *To t.against*,(*a*)to direct against: ની સામે ચલાવવું.(*b*)To make unfavorable or hostile to: ની સાથે દુશ્મનાવટ કરાવવી.*To t.a penny,To t an honest penny*,to make a small profit by trade:વેપાર વિગેરેથી થોડો જુજ ફાયદો મેળવવો. *To t.aside*,to avert:અટકાવવું.*To t.away*,(*a*) to dismiss from service;to discard: નોકરીમાંથી કાઢી મૂકવું બાતલ ક૦ (*b*)To drive away:to repel:હાંકી કાઢવું.*To t back*,(*a*)to give back; to return:પાછું આપવું;-પાછું મોકલવું.(*b*)To cause to return or retrace one's steps:પાછી પાની ફરવી;પાછા ફરવા ફરજ પાડવી. *Hence*, to drive away;to repel:પાછું હાંકવું.*To t.down*,to fold or double down:બેવડું વાળવું.*To t.in*,to fold or double under:માંહેથી નીચે તરફ વાળવું.*To t. in the mind*,to resolve,or meditate upon: મનમાં ઘોળવું.*To t.off*, to dismiss contemptuously.ધૂત્કારી કાઢવું.*To t on*,to give passage to:ને રસ્તો આપવો-વહેવા દેવું;આવવા દેવું *To t.one's coat*,to go over to the opposite party:સામા પક્ષમાં જવું.*To t.one's hand to* to engage in:માં કામે લાગવું-માંડવું.*To t out*,(*a*)to drive out;to expel:હાંકી કાઢવું.(*b*)To put to pasture:ચરવા છોડી મૂકવું.*To t over*(*a*)to overset;to overturn ફેરવવું.*To t.tail* to,to run away: પુંછડી ઘાલી નાસી જવું *To t the back*,to flee;to retreat:પુંઠ દેખાડવી;નાસવું.*To t.the back on* or *upon*, to treat with contempt:તુચ્છકારી છીટકારી કાઢવું. *To t.the corner*,to pass the critical stage: અણીપર આણી જવું.*To t the die* or *dice*,to change fortune:નશીબ બદલાવું.*To t.the head* or *brain of*,to infatuate:ની ડાગળી ખસવી *To t. the scale* or *balance*,to decide or determine something doubtful: નિર્ણય-નિશ્ચય ક૦.*To t. the stomach of*,to nauseate;to sicken:જીવ ફરે-ફળાળો આવે એમ ક૦. *To t. the tables*, to reverse the chances or conditions of success or superiority:-નું નશીબ ફેરવવું;-થી લાભ ગેરલાભ થવો. *To t. tippet*, to make a change:ફેરફાર ક૦. *To t.up*, (*a*) to turn so as to bring the bottom side on top: ઉંધું વાળવું. *To t. upon*, to retort:-ના ગળામાં ઘાલવું. *To t.upside down*, to throw into disorder: ગભરાટમાં નાંખવું. *vi* To move round: ગોળ ફરવું. *To t. about*, to face to another quarter:ફરી જવું;મ્હોં ફેરવી નાંખવું.*To t.again* to return:પાછું આવવું ફરવું. *To t against*, to become hostile to: ની સાથે દુશ્મનાવટ ક૦. *To t aside* or *away*, to turn from the right course:આડે રસ્તે જવું;આડું જવું.*To t out*, to move from its place as a bone:ઉતરી-ખસી જવું.*To t.round*,to change position so as to face in another direction:બીજી બાજુમાં મ્હોં ફેરવવું.*To t to*,to have recourse to:-નો આશ્રય લેવો.*To t to account.profit,advantage, or the like*,to be made profitable or advantageous: ફાયદા નફાકારક થવું. *n.* The act of turning; revolution: ચક્કર; આંટો; પેચ.2. A winding:વાંક;વળણ.3 A short walk;a stroll: ફેરો;આંટો;ચક્કર.4.Successive course:વારો;ફેરો. 5.Occasion;purpose:કામ;ગરજ;તાકડો.*T of mind*:ચિત્તવૃત્તિ;મનોવૃત્તિ.*A good t.*:ઉપકાર.*Ill t*: અપકાર. *By t s*,(*a*)one after another;alternately: વારાફરતી. *To a t*, exactly: બરોબર.

સંપૂર્ણ રીતે. *To take* t., to alternate: ફેરવવું. T *and* t *about*, by turns: વારાફરતી. T *screw*, a screw driver: ઇસ્ક્રુ બેસાડવાનું ઓજાર; ચાવી.

Turn coat, (ટર્નકોટ્) *n.* A renegade; an apostate: પોતાનો પક્ષ-વિચાર મૂકી દેનાર; ફરી જનાર.

Turner, (ટર્નર્) *n.* One whose occupation is to form articles with a lathe: ખરાદી; સંઘાડીઓ. 2 A variety of pigeon; a tumbler: લોટણ; ગિરેબાજ

Turning, (ટર્નિન્ગ્) *n.* A winding; a flexure; a meander: વાંક; ફંટો. 2. Deviation from the way or proper course: ખરે રસ્તેથી આડું જવું તે.

Turning point, (ટર્નિન્ગ્ પૉઇન્ટ્) *n.* The point upon which a question turns and which decides a case: મુદ્દો; મુળ મુદ્દાની વાત-બાબત.

Turnkey, (ટર્નકી) *n.* A warder: કેદખાનાનો કીલીદાર

Turnpike, (ટર્નપાઈક્) *n.* A turnstile: ખોડીબારૂં. 2. A tollgate: નાકુ લેવાનો દરવાજો; નાકું.

Turnstile, (ટર્નસ્ટાઇલ્) *n.* A turnpike: ઢોર વિગેરે ન જઈ શકે તે સારૂ રસ્તા ઉપર રાખેલું દ્વાર ખોડીબારૂ.

Turpentine, (ટર્પેન્ટાઇન્) *n.* [Gr. *terebinthos*, the turpentine-tree.] A semifluid or fluid oleoresin, primarily the exudation of the terebinth, or turpentine tree: ટરપિટન તેલ.

Turpitude, (ટર્પિટ્યૂડ્) *n.* [L. *turpis* foul; base.] Shameful wickedness: લુચ્ચાઇ; નીચપણું; દુષ્ટતા; દુર્બુદ્ધિ; પાપબુદ્ધિ; કુમતિ; પાજીપણું.

Turquoise, (ટર્કૉઈઝ્) *n.* A hydrous phosphate of alumina containing a little copper: ભુરા રંગનું ઝવેર; પીરોજો. *a.* Having light blue color: ભુરા રંગનું.

Turret, (ટરેટ્) *n.* [L. *turrio.*] A little tower: કિલ્લાપરનો મિનારો. 2. A revolving tower, constructed with thin iron plates, within which cannons are mounted: લોખંડના પાતળાં પાટીઆનો તોપો ચઢાવવાનો ટાવર.

Turtle, (ટર્ટલ્) *n.* Any one of the numerous species of Testudinata: કાચબો; કૂર્મ; કચ્છ.

Turtle dove, (ટર્ટલ્-ડવ્) *n.* Any one of numerous species of pigeons: વિલાયતી હોલો-કબુતર.

Tush-Tut, (ટશ્ ટટ્) *Interj* An exclamation indicating check, rebuke, or contempt: છિટ છટ! છિ: ! *n.* A tusk: લાંબો દાંત.

Tusk, (ટસ્ક્) *n.* One of the elongated incisor or canine teeth of the wild boar, elephant etc: દાઢ; મોટો દાંત; દંતુશુળ.

Tutelage, (ટ્યૂટેલૅજ્) *n.* [L *tutor*. I gaze up] Guardianship: વાલીપણું; રક્ષણ; દેખરેખ; સગીરી. 2. The state of being under a guardian: વાલીપણા નીચે હોવું તે; બાલ્યાવસ્થા.

Tutelar-y, (ટ્યૂટેલર્-રિ) *a.* [L *tutela.*] Guardian; protecting: રક્ષણકારી; રક્ષણ કરનારૂં, રક્ષક.

Tutor, (ટ્યૂટર્) *n.* [L. *tutor*, I gaze at] (*a*) A private or public teacher: ખાનગી મહેતાજી-શિક્ષક. (*b*) An instructor of a lower rank than a professor: પ્રોફેસરનાં કરતાં નિચા દરજ્જાનો મહેતાજી. *vt.* To teach: શિખવવું; કેળવવું 2. To play the tutor toward: મહેતાજીપણું દેખાડવું.

Tutorage, (ટ્યૂટરૅજ્) *n.* Tutorship; guardianship: સગીરી; વાલીપણું.

Twain, (ટ્વેન્) *a* & *n.* Two. બે (ભાગ). *In* t., in halves; into two parts: બે ભાગમાં.

Twang, (ટ્વૅન્ગ્) *vi* & *t.* To sound with a quick harsh noise: -નો રણકારો-ટંકારો થવો-કરવો. *n.* A harsh, sound: રણકારો; ટણકારો; ટંકાર. ગુંગણાટ.

Tweak, (ટ્વીક્) *vt.* To pinch and pull with a sudden jerk and twist: -ને આંચકો મારવો. *n.* A sharp pinch or jerk: ધક્કો; હડસેલો.

Tweezers, (ટ્વીઝર્સ્) *a. pl.* Small pinchers used to pluck out hairs: નાનો ચીપિયો:

Twelfth, (ટ્વેલ્ફ્થ્) *a.* Coming after eleven others: બારમું 2. Constituting or being one of twelve equal parts, into which anything is divided: બારાંસ; દ્વાદશાંસભૂત. *n.* The quotient of a unit divided by twelve: બારમો ભાગ.

Twelve, (ટ્વેલ્વ્) *a.* One more than eleven; a dozen: બાર. *n.* Twelve units or objects: દ્વાદશ; બાર 2. A symbol representing twelve units: બારની સંખ્યા.

Twentieth, (ટ્વેન્ટિએથ્) *a.* Coming after nineteen others: વિશમું. 2. The quotient of a unit divided by twenty: વીશાંસ; વીસમું. *n.* One coming after nineteen others: વીસમું.

Twenty, (ટ્વેન્ટિ) *a.* One more than nineteen: વીસ. *n.* Twenty units or objects; a score: વીસની સંખ્યા. 2. A symbol representing twenty units: વીસનો આંકડો.

Twice, (ટ્વાઈસ્) *adv.* Two times; once and again: બે વાર-રખત; દ્વિ 2 Doubly; in twofold quantity: બમણું; બેવડું; દુપટ.

Twig, (ટ્વિગ્) *vt.* To twist. *vt.* To understand સમજવું. *n* A small shoot or branch of a tree or other plant: ઝાડની નાની ડાખળી-ડાળી.

Twilight, (ટ્વાઈલાઇટ્) *n.* The light perceived before the rising and after the setting of the sun: ઝગઝગીયું; ઝગઝગુ; સળભાંખળું. 2. A faint light: ઝાંખો પ્રકાશ.

Twin, (ટ્વિન્) *a* Being one of two born at a birth: બે જોડે જન્મેલાં હોય તેમાંનું જોડિયું. *n.* One of two produced at a birth: સાથે જન્મેલાં બેમાંનું એક. 2. *pl.* A sign and constellation of the zodiac: મિથુન રાશિ.

Twine, (ટ્વાઇન્) *n.* A small cord or thing:

વણેલી દોરી;સુતળી. 3. The act of twining or winding round:વળ-આમળો ચઢાવવો તે.*vt.* To twist together: વણવું. 2. To wind, as one thread around another: વિંટાળી લેવું. *vi.* To mutually mix together:વિંટાવું;વિંટાઇ જવું.

Twinge,(ટ્વિન્જ્)*vt.* To pull with a twitch to pinch:આમળીને ખેંચવું. 2. To affect with sharp,sudden pain:ચટકવું; ચટકો દેવો.*vi.* To have a sudden,sharp,pain: ચટકો લાગવો *n.* A pinch:આમળો.2 A sudden, sharp pain: તીવ્રવેદના;શૂળ;ચસક;ફીક.

Twinkle, (ટ્વિન્ક્લ્) *vi.* To open and shut the eye rapidly:આંખના પલકારા મારવા. 2.To flash at intervals: ચમકવું. *n.* A wink or sparkle of the eye:આંખનો પલકારો.2.A brief flash or gleam:થોડો વખત રહે એવો ચમકારો.

Twinkling,(ટ્વિન્ક્લિન્ગ)*n.* A quick movement of the eye:આંખનો પલકારો.2.A shining with intermitted light:ચળકાટ.3 The time of a wink:આંખનો પલકારો મરાય તેટલો વખત;પળ.

Twirl, (ટ્વર્લ્) *vt.* To move or turn round rapidly:ચાકપર ચઢાવવું. *vi.* To revolve with rapidity: ચક્કર ચાકપર ચઢવું. *n.* The act of twirling; a whirl or whirling: ચાક. 2. A twist:વળ;આમળો.

Twist,(ટ્વિસ્ટ્) *vt.* To writhe; to crook spirally:આમળવું;મ-ડવું.2 To turn from the true form or meaning:-નો મરડી-મચરડીને અવળો અર્થ કo.3. To wreathe: આસપાસ વિંટાળવું. 4. To unite by winding one thread,or other flexible substance,round another:વણવું;સાંગવું.*vi.*To be contorted: વળવું; વળાવું. *n.* The act of twisting;a contortion;a flexure:વળ; આમળો;પેચ 2.The form given in twisting: વળ-આમળો ચઢાવ્યાથી થયેલો આકાર;વળ; આમળો.

Twit,(ટ્વિટ્)*vt.*To revile;to reproach; to upbraid;to taunt: ને કશાનું મ્હેણું મારવું.

Twitter,(ટ્વિટર્) *vt.* To make a succession of small,tremulous,intermitted noises:ચીંચીં-કિલબિલ કિલબિલ કo;ચુંચું કo. *n.* A small, tremulous,intermitted noise,as that made by a swallow:ચકલીયાંની બોલી;ચીંચીં;કિલબિલ.

Two,(ટૂ)*a.*[L.*duo.*] One and one:બે.*n.* The sum of one and one:બે.2.A symbol representing two units:બેનો આંકડો;બગડો. *In* **t.**, into two parts:બે ભાગમાં.

Twofold,(ટૂફોલ્ડ્)*a.*Double;duplicate:બમણું. *adv.*In a double degree;doubly:બેગણું.

Tympan,(ટિમ્પન્)*n.*[L.*tympanum*,a kettle drum.]A drum ઢોલ.2. A panel:તકતી.

Tympanum,(ટિમ્પેનમ્)*n.*[L. *tympanum.*] The ear drum:કાનનો પડદો.

Type,(ટાઇપ્)*n.* [L *typus*, a figure.] Stamp; impressed sign;emblem:(કશાની)છાપ;નિશાની;ચિન્હ.2.A token:નમુનો;પ્રત.3.(*a*)A general form or structure common to a number of individuals:પ્રકાર;જાતિ;સ્વરૂપ (*b*) The original objects:છાપ;પ્રતિરૂપ. 4. A raised letter, cast in metal or cut in wood, used in printing:બીબું;મુદ્રા;છાપ.

Typhoid,(ટાઇફૉઇડ્)*a.*[L.*typhus* & Gr.*eidos* form.]Of or pertaining to typhus;resembling typhus:સનેપાત સંબંધી; કાળજ્વરનું.

Typhoon,(ટાઇફૂન્)*n.*[Gr.*Typhon.*]A violent whirlwind: જબરો દરિયાઇ વંટોળ;તોફાન.

Typhus,(ટાઇફસ્)*n.*[Gr. *supho*,I stupify.] A contagious continued fever:કાળજ્વર.

Typical,(ટિપિકલ્)*a.*Of the nature of a type emblematic:દાખલારૂપ; બોધક.

Typify, (ટિપિફાઇ) *vt.* To represent by an image or form:-ના અસલ સ્વરૂપની નિશાની-ચિન્હ દેખાડવું.

Typographer, (ટાઇપૉગ્રફર્) *n.* A printer: છાપખાનાવાળો; છાપનાર.

Typography, (ટાઇપૉગ્રફિ) *n.* Emblematic or hieroglyphic representation:મુદ્રાંકન. 2. The art of printing with types:બીબાંથી છાપવાની કળા; મુદ્રાંકનક્રિયા.

Tyrannic-al, (ટાઇરૅનિક્-કલ્) *a.* Despotic; arbitrary:પ્રજા પીડક;જુલમી;દુ:ખકારક;પીડાકારક.

Unsparing, (અન્સ્પેરિંગ્) *a*. Not sparing; liberal:કરકસર ન કરે એવું 2.Not merciful:દયાહીન; નિર્દય.
Unspeakable, (અન્સ્પીકૅબલ્)*a*. Not speakable:અવચનીય,અનિર્વચનીય અનિર્વાચ્ય; અકથ્ય.
Unspotted, (અન્સ્પૉટેડ્) *a*. Free from spot or stain:નિષ્કલંક નિર્મળ;ચોખ્ખું;બીનએબ;કલંકહીન.
Unstable,**Unstaid**, (અન્સ્ટેબલ્ , અનસ્ટેડ્)*a*. Not firm or fixed:અસ્થિર;ડગમગતું;ચંચળ;ચલિત.
Unstained,(અન્સ્ટેન્ડ્)*a*. Free from spot or stain:નિષ્કલંક; આબરૂવાળું.
Unsteady,(અન્સ્ટેડિ)*a*.Unstable;not firm:વિચાર બદલ્યા કરે એવું;અસ્થિર;અદૃઢ;ચલિત;ચંચળ.
Unstring, (અન્સ્ટ્રિંગ્) *vt*. To take from a string;તાર છોડી નાંખવો. [નરમ પાડેલું.
Unstrung,(અન્સ્ટ્રંગ્)*a*.Loosened:ઢીલું કરેલું;
Unstudied, (અન્સ્ટડિડ્)*a*. Unlaboured; na-

tural:અકલ્પિત.2 Not skilled: નહિ શીખેલું 3. Not spent in study:સરળ;સહેજ.

Unsubdued,(અન્સબ્ડયૂડ્)*a.* Not subdued:નહી જીતેલું-વશ કરેલું;અજીત;અવશ; અદાંત;અશાંત.

Unsubstantial,(અન્સબ્સ્ટૅન્શૅલ્) *a.* Lacking in matter:ખોટું; ખાલી; દમ-વિનાનું;નિ:સાર.

Unsuccessful, (અન્સકસેસ્ફુલ્) *a.* Unlucky; unhappy:કમનસીબ;હીણભાગી; નિષ્ફળ.

Unsuit,(અન્સ્યૂટ્)*vt.* To be unfit for:-ને વાસ્તે યોગ્ય નહિં હોવું;-ને બંધ બેસતુ ન થવું-આવવું.

Unsuitable, Unsuited, (અન્સ્યૂટૅબલ્-ટેડ્) *a.* Not suitable: નિરૂપયોગી 2. Improper:અઘટિત; નાલાયક; અયોગ્ય; અયુક્ત.

Unsullied,(અન્સલિડ્)*a.* Unstained: નિર્દોષ.

Unsupportable, (અન્સપ્પૉર્ટૅબલ્) *a.* Insupportable:ના ખમી શકાય તેવું;અસહ્ય;અસહનીય.

Unsurmountable, (અન્સર્માઉન્ટૅબલ્)*a.* Insurmountable:ઓળંગી શકાય નહિં એવું.

Unsurpassed,(અન્સર્પૅસ્ડ્)*a.*Not surpassed: જેનાથી બીજું ચઢીયાતું ન હોય એવું; અપૂર્વ.

Unsuspected(અન્સસ્પેક્ટેડ્)*a.* Not suspected: જેનો વિષે કાંઇ સંદેહ નથી એવું; અસંદિગ્ધ.

Unsuspecting,(અન્સસ્પેક્ટિંગ્) *a.* Not suspecting:જેને શક નથી એવું;ભોળું;નિખાલસ.

Unsuspicious, (અન્સસ્પિશસ્) *a.* Not suspicious:અંશકાશીલ;અસંશયી; અકુતર્કી;અશંકી

Unsymmetrical, (અન્સિમ્મેટ્રિકૅલ્) *a.* Not symmetrical:કદરૂપું;બેડોળ;પ્રમાણવિનાનું.

Unsystematical, (અન્સિસ્ટેમૅટિકૅલ્) *a.* Not according to the system: અવ્યસ્થિત;બેબંધ.

Untainted,(અન્ટેન્ટેડ્)*a.* Not tainted: નહીં બગડેલું. 2. Not stained:ડાઘ-કલંક વગરનું.

Untamable,(અન્ટેમૅબલ્)*a.* Not tamable:હળી જાય નહિ એવું; વશ થાય નહિં એવું.

Untame,(અન્ટેમ્ડ્)*a* Not tamed: નહિ હળેલું; વશ ન થએલું;અવશ.

Untarnished,(અન્ટાર્નિશ્ટ્)*a.* Unstained:નિષ્કલંક;કલંક રહિત;અજાત કલંક;અકલંક્તિ;શુદ્ધ.

Untaught, (અન્ટૉટ્) *a.* Not taught: અભણ.

Unteachable,(અન્ટીચૅબલ્)*a.*Not teachable: શિખે નહિ-શીખવી શકાય નહિ એવું;દુર્બોધ;દુ:શિક્ષણીય

Untenable,(અન્ટીનૅબલ્) *a.* Not tenable:સાબીત થઇ શકે નહિ એવું;અસ્થાપનીય;અસ્મર્થનીય.

Untenanted,(અન્ટેનૅન્ટેડ્)*a* Uninhabited:નહિ વસેલું;ઉજ્જડ;ભાડુત વગરનું;ખાલી;નિર્જન;સૂનુ.

Unthankful,(અન્થૅન્ગ્કફુલ્)*a.*Not thankful:ઉપકારને બદલે અપકાર કરે એવું;કૃતઘ્ન;કૃતઘ્ની; અકૃતજ્ઞ

Unthankfulness,(અન્થૅન્ગ્કફુલ્નેસ્)*a.* Faithlessness:નિમકહરામી;કૃતઘ્નતા.

Unthinking,(અન્થિન્કિંગ્)*a.*Thoughtless:અવિચારી;અવિવેકી;વિચાર-વિવેક-હીન;વિચાર શૂન્ય.

Unthought-of,(અન્થોટ્ઑફ્) *a.* Accidental: આકસ્મિક;અકસ્માત થએલું.

Untidy,(અન્ટાઇડિ)*a.* Untimely:કવખતનું;કવેળાનું.

Untie,(અન્ટાઈ)*vt.*To let loose;to unbind:છોડવું;છૂટું કરવું. [લગી;લગણ.

Until,(અન્ટિલ્)*prep* To;upto;till:જ્યાં-ત્યાં સુધી

Untilled,(અન્ટિલ્ડ્)*a* Not tilled:પડતર રહેલું.

Untime,(અન્ટાઇમ્)*n.*An unseasonable time: કવખત;કવેળા.

Untimely,(અન્ટાઈમ્લિ)*adv.*Prematurely: અકાળ;કવેળાનું;કવખતનું;અકાલિક;અકાલીન.

Untiring,(અન્ટાઇરિંગ્) *a.*Not tiring;indefatigable:થાકી ન જાય એવું;અપરિશ્રમી;અશ્રાંત.

Unto,(અન્ટૂ)*prep.*To:લગી;સુધી.2.Until;till:જ્યાં સુધી-લગી;પર્યંત *conj* Until;till:જ્યાં સુધી-લગી.

Untolerable,(અન્ટૉલરૅબલ્) *a.* Intolerable: ખમી ન શકાય એવું;અસહ્ય.અસહનીય.

Untouched, (અન્ટચ્ડ્) *a.* Not touched:નહીં અડકેલું.2.Not moved:અસર થઇ નહિ હોય એવું.

Untoward, Untractable, (અન્ટોવર્ડ-અન્ટ્રેક્ટૅબલ્)*a.*Forward:perverse:આડું;હઠીલું;જીદ્દી. 2 Inconvenient:અગવડ ભરેલું;અઘરૂં.

Untrained,(અન્ટ્રેન્ડ્)*a.* Not trained:નહીં કેળવાએલું-શિખેલું;અશિક્ષિત;હેવાડ;અશિષ્ટ.

Untrue,(અન્ટ્રૂ)*a.* False: જુઠું; અસત્ય. 2. Not faithful:બેવફા;અવિશ્વાસુ;નિમકહરામ.

Untruism,(અન્ટ્રૂઈઝ્મ્)*n.*A false statement: ખોટી કેફિયત-હકીકત;જુઠાણું;અસત્યતા.

Untrust,(અન્ટ્રસ્ટ)*n.*Distrust:વિશ્વાસઘાત.

Untruth,(અન્ટ્રૂથ્)*n.*Falsehood;lie:અસત્ય.

Untwine,(અન્ટવાઇન્)*vt.*To untwist:ઉકેલવું.

Untwist,(અનટ્વિસ્ટ)*vt.*To untwine:ઉકેલવું.

Unused,(અન્યૂઝ્ડ્)*a.*Not used:નહિ વપરાએલું. 2 Not habituated:જેને ભાવરો ટેવ નથી એવું.

Unusual,(અન્યૂઝ્યૂઅૅલ્)*a* Uncommon; rare: અસાધારણ;રીતથી ઉલટું; હમેશાં ન ચાલતું;અપૂર્વ.

Unutterable,(અન્અટરૅબલ્)*a.*Unspeakable: બોલાય-કહેવાય નહી એવું;અનિર્વાચ્ય-અકથનીય.

Unvanquished,(અન્વૅન્કિવશ્ડ્) *a.* Not vanquished:અજીત;જીતાએલું નહિ એવું;અપરાજીત.

Unvalued, (અન્વૅલ્યૂડ્) *a.* Valueless: કિંમત વગરનું.2.Invaluable:અમૂલ્ય.

Unvarid,(અન્વૅરિડ્)*a.* Not changed:એક સરખું; નહીં બદલાએલું;ન્યૂનાધિક્ય રહિત.

Unvarying,(અન્વૅરિઇંગ્)*a.*Not changing:સરખું;એકરૂપ;એકસરખું.

Unvariable,(અન્વૅરિઅૅબલ્)*a.*Invariable:બદલાય નહિ એવું;એક;એક સરખું.

Unversed,(અન્વરસ્ટ્)*a.*Unknowing;ignorant: માહિતી વગરનું;અનિપુણ;અજ્ઞાન;અપ્રવીણ.

Unvisible,(અન્વિઝિબલ્)*a.*Invisible:અદૃશ્ય.

Unvitiated,(અન્વિશિએટેડ્)*a.*Pure: નહિ બગડેલું;શુદ્ધ,અદુષિત;અભ્રષ્ટ;પવિત્ર.

Unwariness,(અન્વૅરિનેસ્)*n.* Carelessness: બેદરકારીપણું;પ્રમાદ;અસાવધપણું.

Unwarlike,(અન્વૉર્લાઇક્)*a.* Coward: બીકણ; લડાઇને અયોગ્ય;નિર્વીર્ય;હીન પરાક્રમી.

Unwarned,(અન્વૉર્ન્ડ્)*a.* Not warned:ચેતવણી ન મળી હોય એવું;અણચેતવ્યું.

Unwarped,(અન્વૉર્પ્ટ્)*a.* Impartial:ઈન્સાફી.

Unwarrantable, (અન્વૉરૅન્ટેબલ્) *a.* Indefensible;unjust:ગેરવાજબી;અનુચિત;અયોગ્ય.

Unwarranted, (અન્વૉરૅન્ટેડ્) *a.* Not warranted:ખરૂં છે એવી સાબીતી વગરનું; ગેરવાજબી.

Unwary,(અન્વૅરિ) *a.* Unguarded: અસાવધ; અસાવધાન; ગાફેલ; બેભાન.

Unwavering, (અન્વેવરિંગ્) *a.* Not wavering;firm: દૃઢ નિશ્ચયનું;સ્થિર;અચંચળ;અડગ.

Unweaned,(અન્વીન્ડ્)*a* Sucking:ધાવતું;ધાવણ નહિ મૂકેલું.

Unwearied, (અન્વીરિડ)*a* Not fatigued; persistent: નહિ થાકેલું.

Unweave,(અન્વીવ્)*vt.* To unfold;to undo: ઉકેલી નાંખવું.

Unweighed,(અન્વેડ્)*a.* Not weighty; not pondered:ગેરવાજબી;પાયા વગરનું.

Unwelcome,(અન્વેલ્કમ્) *a.* Not pleasing: નાખુશ કરે એવું; નાખુશી ભરેલું.

Unwell, (અન્વેલ્) *a.* Not well; indisposed; ailing:માંદુ;આરોગ્ય નહીં એવું;અસુખી; કાચલી.

Unwholesome,(અન્હોલ્સમ્)*a.* Insalubrious: રોગી;રોગકારક;રોગિષ્ટ;વિકારી 2 માઠું;અલાભકારક.

Unwieldy, (અન્વીલ્ડિ) *a.* Unmanageable; bulky: ઘણું ભારે;ઘણી મુશ્કેલાઈથી ઉંચકાય એવું.

Unwilling, (અન્વિલિંગ્) *a.* Not willing; reluctant: નારાજી; નાખુશ;કમનનું;નારાજ.

Unwillingly,(અન્વિલિંગ્લિ)*adv* Reluctantly: નાખુશીથી;ગેરરાજીથી;જોરાવરીથી.

Unwillingness, (અન્વિલિંગ્નેસ) *n.* Loathsome:અસંતોષ;નાખુશી;ગેરખુશી;કંટાળો;શ્રમ;કષ્ટ.

Unwind,(અન્વાઇન્ડ્)*vt.* To wind off; to untwist:વીંટાળેલું ઉકેલી નાંખવું.2.To disentangle: છોડવું *vi.* To be unwound:ઉકેલવું;-ની ગુંચ છૂટવી

Unwise,(અન્વાઇઝ્)*a* Not wise;foolish:મૂર્ખ, અવિચારનું;ડહાપણ વગરનું;અજ્ઞાન;અણસમજુ.

Unwisdom,(અન્વિઝ્ડમ્)*n* Folly;simplicity; ignorance:ભોળાપણું;મૂર્ખાઇ;અજ્ઞાનતા.

Unwitty,(અન્વિટિ)*a.* Destitute of wit:અક્કલ હોંશીઆરી વગરનું;દમ-માલ વગરનું.

Unwonted,(અનવૉંટેડ)*a* Unaccustomed;unused:મહાવરા વગરનું.2.Uncommon:અપૂર્વ.

Unworthiness,(અન્વર્ધિનેસ્)*n.* Worthlessness:નાલાયકી;અયોગ્યતા;ગેરલાયકી.

Unworthy,(અન્વર્ધિ)*a.* Unfit;undeserving; unbecoming:નાલાયક;અઘટિત;અયોગ્ય:અણઘટતું.

Unwritten,(અન્રિટન્)*a.* Not written; oral: મ્હોઢાનું;નહિં લખેલું.2.Blank:કોરૂં.

Unyielding, (અન્યીલ્ડિંગ્)*a.* Stubborn; stiff; firm:હઠીલું;અડીઅલ;મમતી;જીદ્દી.

Unyoke,(અન્યોક્) *vt.* To loose or free from a yoke:છોડવું;ધુસરીએથી છોડવું 2.છૂટું પાડવું.

Up,(અપ્)*adv.* Aloft;on high;above:ઉપર; ઉંચે. 2 Not short of, less advanced than or away from:સુધી; જેટલું પર્યંત. 3 Completely; wholly:quite: પુરેપુરૂં;બધું;સંપૂર્ણ;આખું. 4. Aside:વેગળું;દુર. U. *my friend & quit your book*: ઉઠો, ઉઠો ભાઇ અને ચોપડી પડતી મૂકો. *It is all* u *with him* it is all over with him; he is lost: તેનું આવી રહ્યું છે. *The time is* u: વખત પુરો થયો છે. *To be* u. *to*, to be equal to: બરોબર-યોગ્ય-લાયક હોવું. *To blow* u., to inflate:ફુલાવવું;ઉપસાવવું. *prep* From a lower to a higher place on: ઉપર. 2. From the mouth towards the source of: મુખથી મૂળ તરફ. U.s & *downs*: ચડતી પડતી.

Upbear,(અપ્બેર્)*vt.* To raise aloft: ઉંચું કરવું.

Upbraid,(અપ્બ્રેડ્)*vt.* To reproach:ઠપકો દેવો; દોષ મૂકવો; વાંક કાઢવો. 2. To treat with contempt: તિરસ્કાર ક૦;ધમકાવવું;ખીજવું;ઝાડવું.

Upbraiding,(અપ્બ્રેડિંગ્)*n.* A reproof or reproach: ઠપકો; દોષ; ધમકી; નિંદા.

Upbreathe,(અપ્બ્રીધ્)*vt.* To exhale:શ્વાસ લેવો.

Upheaval,(અપ્હીવૅલ્)*n.* The act of upheaving:છલંગ;ઉછાળો;થેકડો;ખળભળાટ;ઉત્ક્ષેપ.

Upheave,(અપ્હીવ્)*vt.* To raise:નીચેથી ઉચકવું.

Uphill, (અપ્હિલ્) *adv.* Upwards on: ઉંચે. *a.* Ascending:ઉંચું.2 Difficult:અઘરૂં;કઠણ;દુર્ઘટ.

Uphoard,(અપ્હોર્ડ્)*vt.* To hoard up:એકઠું કરવું; સંગ્રહ-સંચય ક૦.

Uphold,(અપ્હોલ્ડ્) *vt.* To hold up;to elevate:ઉંચકી ધરી રાખવું 2.To support: ટેકો-આશ્રય આપવો;ટકાવી-નભાવી રાખવું;બહાલ-કાયમ રાખવું.

Upholder,(અપ્હોલ્ડર્)*n.* A provider for funerals:મરણ ક્રિયાનો સામાન પુરો પાડનાર.

Upholster,(અપ્હોલ્સ્ટર્)*n* A broker:દલાલ.

Upholsterer,(અપ્હોલ્સ્ટરર્)*n.* One who provides hangings,coverings,cushions and the like:બીછાનાં-તકીઆ વીગેરે સામાન પુરો પાડનાર.

Upholstery,(અપ્હોલ્સ્ટરિ)*n.* The business of an upholsterer:ગાદી તકીયા બીછાનાં વગેરે સામાન.

Uplift,(અપ્લિફ્ટ્)*vt* To raise; to elevate:ઉંચકવું;ઉંચું કરવું.

Uplook, (અપ્લૂક્) *vt.* To look up:ઉંચું જોવું.

Uplock, (અપ્લૉક્) *vt.* To lock up:તાળું મારવું.

Upmost,(અપ્મોસ્ટ્)*a.* Highest:ઉંચામાં ઉંચું.

Upon,(અપૉન્)*prep.* On:ઉપર;ઉપરથી; વિશે;જોતાં. *To assume* u (*law*),to promise;to assume: માથે લેવું;કબૂલ ક૦;વચન આપવું.

Upper,(અપર્)*a.* Higher; Superior: ઉપલું;શ્રેષ્ઠ;

મુખ્ય;પ્રધાન;ઉર્ધ્વસ્થ.U.*world*, (*a*) the atmosphere:વાતાવરણ.(*b*)Heaven: સ્વર્ગ.

Upper-hand,(અપર્‌ હૅન્ડ્)*n*.Ascendency;superiority:advantage:ઉપરીપણું;પ્રાધાન્ય.

Uppermost,(અપરમોસ્ટ્)*a* Upmost;supreme: સહથી બળવાન-ઉંચું;સર્વોપરિસ્થ;સર્વોત્તમ.

Uppish,(અપીશ્)*a*.Proud; arrogant: મગરૂબ.

Upraise Uprear,(અપ્રેઝ્ અપ્રીર્)*vt*. To raise; to erect:ઉભું-ઉંચું કરવું.

Upright,(અપ્રાઇટ્)*a*. Perpendicular; pointing upward:ઉભું;ટટાર;સીધું 2. Honest;just: પ્રમાણિક;વાજબી;ન્યાયી;નેક;રાસ્ત.

Uprightly,(અપ્રાઇટ્લિ) *adv*. In an upright manner:પ્રમાણીકપણેથી;ભલાઇથી;ન્યાયીપણે.

Uprightness, (અપ્રાઇટ્નેસ્) *n* The quality or state of being upright:પ્રમાણિકપણું.

Uprise,(અપ્રાઇઝ)*vt*.To get up:ઉઠવું;ઉભું થવું.

Uproar,(અપ્રોર્)*n*.Tumult:શોર;ઘોંઘાટ;કોલાહલ.

Uproarious,(અપ્રોરિઅસ્) *a*. Making noise and tumult:ગડબડવાળું;શોરબકોરિયું;

Uprun,(અપ્રન્)*vt*.To ascend:ઉપર ચડવું.

Uprush,(અપ્રશ્)*vt*.To rush upward:ઉપર ધસવું

Upset, (અપ્સેટ્) *vt*. To set up: ઉભું-સીધું મુકવું. 2.To overturn: ઉથલાવવું;ઉંધું વાળવું.*vi*.To become upset:ઉંધું વાળવું;વ્યગ્ર થવું *n*.An overturn:પર્યાસ;પરિવર્તન. [પરિણામ;છેવટ;અંત.

Upshot, (અપ્શોટ્) *n*. The result; the end:

Upside down, (અપ્સાઇડ્ ડાઉન્) *adv*. With the upper part lowermost: ઉલટાસુલટી; ઉલટપાલટ. [ભાલાની પેઠે નીકળવું.

Upspear,(અપ્સ્પીર્)*vt*.To grow like a spear:

Upspring,(અપ્સ્પ્રિન્ગ્)*vi*.To spring up:નીકળી આવવું;ફૂટવું *n*. An upstart: નવો શ્રીમંત. 2. A spring or leap into the air:કુદકો;છલંગ.

Upstairs,(અપ્સ્ટેર્સ્)*adv*.Up the stairs: મેડા ઉપર.*a*.Being above stairs:સીડી ઉપરનું.

Upstand,(અપ્સ્ટૅન્ડ્)*vi*. To stand up;to rise: ઉભા થવું;ઉઠવું.

Upstart,(અપ્સ્ટાર્ટ્)*vi*. To start or spring up suddenly:એકદમ નીકળી આવવું.*n*.A parvenu: એકાએક પૈસાદાર થયેલો માણસ. *a*. Suddenly raised to prominence: એકદમ પૈસાદાર થએલું.

Upstir,(અપ્સ્ટર્)*n*.Insurrection;disturbance: બળવો;બંડ; તોફાન;દંગો; હુલ્લડ

Upswell,(અપ્સ્વેલ્) *vi*. To swell or rise up: સોજો આવવો-ચઢવો;સુજવું.

Upthrow,(અપ્થ્રો)*vi* To throw up:ફેંકી દેવું.

Upthunder,(અપ્થન્ડર્)*vi* To send up a noise like a thunder:ગર્જનાની પેઠે અવાજ કરવો

Upward, (અપ્વર્ડ્) *adv*. Towards a higher place:ઉપર;ઉપરની તરફ. 2. Towards heaven and God;આકાશને ઇશ્વર તરફ. *a*.Directed towards a higher place:ઉપરનું;ઉંચેનું.

Upwards of,(અપ્વર્ડ્ઝ્ ઑફ્) *adv*. More than; above:ઉપરાંત;કરતાં વધારે;અધિક.

Uranography, (યૂરેનોગ્રૅફિ) *n*. [Gr.*ouranos*, heaven & *grapho*,I write.]A description of the heavens and heavenly bodies:આકાશવર્ણન. [planes: યુરેનસ નામનો ગ્રહ.

Uranus, (યૂરેનેસ્) *n*. One of the primary

Urban (અર્બન્)*a*.[L.*urbanus*,belonging to the city or town.] Of or belonging to city:શહેરી;નાગરિક.2.Polite;નમ્ર;સભ્ય;સુજન.

Urbane,(અર્બેન)*a* Polite;refined:વિવેકી;સભ્ય.

Urbanity,(અર્બૅનિટિ) *n* Politeness; refinement:સુજનતા;સુશીલતા;માણસાઇ;ભલમનસાઈ.

Urbanize,(અર્બૅનાઇઝ્)*vt*.To refine;to polish: ને સુધારવું;શિષ્ટ કo;ને સારા સંસ્કાર આપવા.

Urchin,(અર્ચિન્)*n*.[L.*ericius*,a hedge hog.] A hedge hog:એક જાતનો દેડકો. 2.A mischievous elf:મસ્તીખોર:પિશાચ 3.A pert or roguish child:પોર્યું;છોકરૂં;બચ્ચું.

Ureter,(યૂરીટર્)*n*.The duct which conveys the urine:મૂત્રાશયમાં મુતર જવાની નળી.

Urethra,(યૂરીથ્ર)*n*. The canal by which the urine is conducted from the bladder and discharged:પિશાબની નળી.

Urge,(અર્જ્) *vi*. To press the mind or will of:આગ્રહ કરવો; ખેંચતાણ કરવી. 2.To provoke: ઉશ્કેરવું;ચઢાવવું 3.To insist upon:આગ્રહ કરવો. *vi*. To insist:આગ્રહ કરવો.

Urgency,(અર્જન્સિ)*n*.Insistence:અગત્યતા;જરૂર

Urgent,(અર્જન્ટ)*a*.Pressing:અગત્યનું-જરૂરી.

Urgently,(અર્જન્ટલિ)*adv*.In an urgent manner:અગત્યે કરીને;તાકીદે.

Urinal, (યૂરિનૅલ્) *n*. A vessel for holding urine:પેશાબખાનું;મૂત્રદાની.

Urinary (યૂરિનૅરિ)*a*.Of or pertaining to the urine:મૂત્રનું-સંબંધી.U. *affection*: મૂત્રદોષ;મૂત્રકૃચ્છ;પ્રમેહ.*n*.A urinal:પિશાબખાનું.

Urinate,(યૂરિનેટ્)*vt* To make water:મુતરવું.

Urine,(યૂરિન્)*n*. In mammals a fluid excretion from the kidneys:મૂત્ર;પેશાબ;લઘુશંકા.

Urn,(અર્ન)*n*. [L.*urna*.] A vessel of various forms:વાસણ;ચંબુ;લોટો 2. A measure of capacity:પ્રવાહી પદાર્થનું માપ.

Ursa,(અર્સ)*n*. [L.*ursa*, a she bear.] One of the bears:રીંછ.U.*major*:સપ્તઋષિ.

Us,(અસ્)*prep*. The persons speaking; ourselves;અમને;આપણને.

Usage,(યૂસેજ્)*n*.Manners;conduct:ચાલ;રીત. ભાત;ચાલચલગત.*Conventional* u.:રૂઢિ.*Family* u :કુળાચાર.2.Custom;method:રીવાજ;ચાલ;ધારો.

Use,(યૂસ)*n*.Employment;application:વાપર;

ખપ;ઉપયોગ.2.Usefulness: ઉપયોગ; જરૂરીઆત. *In* u.:વપરાશમાં.*Out of* u., of no use:નકામું; પડી રહેલું.*vt.*To make use of: ઉપયોગ કરવો.2. To treat:વર્ત્તવું;-ની સાથે વર્ત્તન ચલાવવું. 3. To make a practice: નો આચરો ટેવ પાડવી. 4. To accustom:ટેવ પાડવી. *To* u *one's self*,to behave:વર્ત્તવું;વર્તન ચલાવવું.*To* u.*up*,(*a*)to consume or exhaust by using: વાપરી દેવું; પુરૂં ક૦.*vi.*To be wont or accustomed: ટેવ હોવી.

Useful,(યૂસ્ફુલ્)*a.*Full of use; beneficial;advantageous:ઉપયોગી;કામનું;ખપનું; જરૂરનું.

Usefulness,(યૂસ્ફુલ્નેસ્)*n.* Utility: ઉપયોગ;ઉપયોગિતા;કામ;ખપ.

Useless,(યૂસ્લેસ્)*a.* Having or being of no use:નકામું;અમથું;નિરર્થક;નિષ્પ્રયોજન;વ્યર્થ;નિષ્ફળ.

Usher,(અશર્)*n.* An officer or the servant who has the care of the door of a court hall:ચોપદાર;નકીબ; છડીદાર; પ્રવેશક; દ્વારપાળ. 2. An underteacher:ઉપશિક્ષક; આસીસ્ટંટ.*vt.*To introduce or escort:દાખલ કરાવવું.

Usual,(યુઝ્હ્યૂઅલ્)*a.*[L.*usus*,use.]Ordinary; common: રીત; પ્રમાણે હોય એવું; સાધારણ. As usual:હમેશાની માફક.

Usually,(યૂઝ્હ્યૂઅલિ) *adv.* Ordinarily; commonly;habitually:ઘણીક રીતે;બહુધા.

Usufruct, (યૂઝ્ફ્રક્ટ્) *n.* The right of using and enjoying the profits of an estate belonging to another: બીજાની વસ્તુનો ઉપભોગ કરવાનો હક;ભોગવટો;ઉપભોગ. [વ્યાજખાઉ.

Usurer,(યૂઝ્હ્યુરર્)*n.*A money-lender:ધીરનાર

Usurious, (યૂઝ્હ્યૂરિઅસ) *a.* Practising usury:ભારે વ્યાજ લેવાનો ધંધો કરતું;વ્યાજખોરિયું.

Usurp,(યૂઝર્પ્)*vt.*[*usus*,use & *rapio*,I seize] To seize by force:બળાત્કારે છીનવી લેવું.

Usurpation, (યૂઝર્પેશન્) *n.* The act of usurping:બળાત્કારે છીનવી લેવું તે;અપહરણ;બલાપહાર

Usury, (યૂઝ્હ્યુરિ) *n.* Interest: વ્યાજ. 2. The practice of taking interest: વ્યાજ લેવાનો ધંધો ક૦ તે.3.Interest in excess of a legal rate:ગેરવાજબી વ્યાજ. [લેનાર;દબાવી પાડનાર.

Usurper,(યૂઝર્પર્)*n.* One who usurps: લુંટવી

Utensil,(યૂટેન્સિલ્)*n.*An instrument;an implement:પાત્ર;ભોજન;ઓજાર;રાચરચીલું;વાસણકુસણ

Uterine,(યૂટરાઇન્)*a.* [L. *uterinas*, born of same mother.] Of or pertaining to the uterus:ગર્ભાશયનું; ગર્ભસંબંધી. 2. Born of the same mother but a different father:જેની મા એક બાપ જુદો હોય તેવું;સહોદર.

Uterus,(યૂટરસ્)*n.*The organ of the female; the womb:ગર્ભાશય;ગર્ભસ્થાન.

Utility,(યૂટિલિટિ)*n.*[L.*utor*, I use] Usefulness:ઉપયોગ;ઉપયોગીપણું;ઉપયોગિતા;ગુણ;ફાયદો.

Utilize,(યૂટિલાઇઝ્)*vt.* To make use of:કામમાં લેવું;ખપ-ઉપયોગમાં લેવું;કામે લગાડવું.

Utmost,(અટ્મોસ્ટ્)*a.*Greatest:અપરંપાર;ઘણું જ;બેહદ. *n.* The most that can be:બને તેટલું; પરાકાષ્ઠા.

Utopian(યૂટોપિઅન્)*a.* Ideal;આધારવગરનું;માનસિક;કલ્પિત.U.*scheming*:મનઃસૃષ્ટિ;કલ્પના.

Utter, (અટર્) *a.* Outer: બાહ્ય. 2. Complete; perfect: કેવળ; સંપૂર્ણ *vt.* To speak: બોલવું;ઉચ્ચાર કરવો.

Utterable, (અટરૅબલ્) *a.* Capable of being uttered:ઉચ્ચારવા જેવું;ઉચ્ચારણીય;રચનીય.

Utterance,(અટરૅન્સ્)*n.*Articulation.speech: વાણી;ઉચ્ચારણ; ઉચ્ચાર. 2. Power or style of speaking:બોલવાની રીત-ઢબ.

Utterly,(અટર્લિ)*adv.* Fully;totally: બીલકુલ.

Uttermost,(અટર્મોસ્ટ્)*a* Extreme;utmost: આખર છેવટનું;બેહદ.*n.*The utmost:પરાકાષ્ઠા.

Uvula,(યૂવ્યુલૅ)*n.*The pendent flesby lobe in the middle of the posterior border of the soft palate:જીભનો પાછલોભાગ;કાકડો;પડજીભ.

Uxorious,(અક્સોરિઅસ્)*a.* Being a dependent husband:બાયલો;જનાની;સ્ત્રીવશ;ભાર્યાસક્ત.

Uxoriousness,(અક્સોરિઅસનેસ્)*n.*The state of being uxorious: ભાર્યાસક્તિ;જાયાસક્તિ;બાયલાપણું; સ્ત્રીવશપણું.

V.

V,(વી)The twenty second letter of the English alphabet,is a vocal consonant:અંગ્રેજી મુળાક્ષરનો બાવીસમો અક્ષર અને ગુજરાતીમાં તેનો ઉચ્ચાર વ્ થાયછે. 2.As a numeral V represents 5 પાંચના આંકડા તરીકે વપરાય છે.

Vacancy,(વૅકન્સિ)*n.*Emptiness:શૂન્યતા;પોકળતા.(*a*)Empty space:ખાલી જગા. (*b*)An open or unoccupied space between bodies or things:શૂન્યતા;અવકાશ;પોલાણ;પોલ;ગાળો; ખાલી જગા (*c*) A place or post unfilled; an unoccupied office:ખાલી પડેલી જગા.

Vacant,(વૅકન્ટ્)*a* [L.*vaco* I am empty.]Not filled;empty:ખાલી;શૂન્ય;ઠાલુ,સુનુ 2.Not filled by an incumbent:ખાલી 3 Empty of thought: વિચાર વગરનું;ખાલી;સૂનકાર.

Vacate,(વૅકેટ્)*vt.* To make vacant;to leave empty:ખાલી ક૦;છોડીને જવું;છોડવું.

Vacation,(વૅકેશન્)*n.*(*a*)(*Law*)Intermission

of judicial proceeding; nonterm; recess: વિશ્રામકાળ;રજા;છૂટીના દિવસ.(b)The intermission of regular studies & exercise of an educational institution:રજા;છૂટી.

Vaccinate,(વૅક્સિનેટ્)*vt* [*vacca*, a cow.] To inoculate with the cowpox by means of a virus:શીતળા-બળીઆ કાઢવા;ગૌશીતળા-સેયટ કાઢવા

Vaccination,(વૅક્સિનેશન્)*n*.The act of vaccinating:શીતળા કાઢવાની કળા;સેયટ.

Vaccinator,(વૅક્સિનેટર્)*n*.One who vaccinates:બળીઆ કાઢનાર.

Vaccine, (વૅક્સાઈન્) *a*. Of or pertaining to cows:ગાયનું; ગવ્ય. *n*. The virus of vaccinia used in vaccination:ગાયનો ચેપ.

Vacillate,(વૅસિલેટ્)*vi*. [L.*vacillo*, I waver.] To move one way&other;to reel or stagger:આમતેમ ફરવું.2. To fluctuate in mind or opinion:અચકાવું.ડચુપચુ હોવું;વિચાર ફેરવવો.

Vacillating,(વૅસિલેટિંગ્)*a*.Wavering: ચલિત; ડચુપચુ;ધોરણ વગરનું;અદૃઢ.

Vacillation,(વૅસિલેશન્)*n*.A wavering:અદૃઢતા; અસ્થિરતા. 2 Unsteadiness of purpose; changeableness:સંકલ્પવિકલ્પ;અનિશ્ચય;ડચુપચુ.

Vacuum-Vacuity, (વૅક્યૂઅમ્-વૅક્યૂઇટિ)*n*. [L. *vacuus*,empty.]Vacancy;emptiness:ખાલીપણું-ખાલી જગા. 2. Void;space:શૂન્ય;અવકાશ.

Vacuous,(વૅક્યૂઅસ્)*a*.Empty; vacant:ખાલી.

Vademecum,(વૅડીમીકમ્)*n*.[L.go with me.] A handbook;a manual:ન્હાનું પુસ્તક-ચોપડી.

Vagabond,(વૅગૅબૉન્ડ)*a*. [L.*vago*, I wander.] Wandering: ભટકતું; રખડતું; ભગ્યાં કરતું. *n*. A vagrant; a wanderer:ભટકનાર;રખડનાર;વંઠેલ.

Vagary,(વૅગેરિ)*n*. A whim;a wild or fanciful freak:લેહેર;તુરંગ;ફીટો;ભ્રમ;વિભ્રમ.

Vagina,(વૅજાઈને)*n*.[L.*vagina*,a scabbard or sheath.]The canal which leads from the uterus to the external orifice of the genital canal:યોની.

Vagrancy,(વૅગ્રન્સિ)*n*.The quantity or state of being a vagrant:રઝળવા-ભટકવાની ટેવ.

Vagrant,(વૅગ્રન્ટ્)*a*.Wandering:ભટકતું,વંઠેલ.

Vague,(વૅગ્)*a*.[L.*Vagus*,waving.]Vagrant; vagabond:રઝળનાર; ભટકનાર; રખડેલ હાટકેલ. *vi*. To wander;to roam;ભટકવું.

Vail,(વૅલ્)*n*.Profit; return: નફો;ફાયદો;લાભ 2 A casual advantage:અણધાર્યો ઓચિંતો લાભ. *vt*.To let fall:જવા દેવું. 2. To lower or take off in token of inferiority, reverence or the like:નમાવવું.*vi*.To yield:-ને જગા આપવી.

Vain,(વૅન)*a* [L.*vanus*;empty.]Empty;void worthless: ખાલી;નિરર્થક; નકામું;પોકળ;મિથ્યા. 2 Fruitless:વ્યર્થ;ફોકટ. 3.Conceited: બડાઈખોર; પતરાજીયું. 4.False:ખોટું;જુઠું;બનાવટી. *In* v., to no purpose:વ્યર્થ;વૃથા;ફોકટ;નાહક;અમથુ.

Vain-glorious, (વૅન્-ગ્લોરિઅસ્) *a*. Boastful: શેખીખોર;પતરાજીયું;બડાઈખોર;ગુમાની;ડિમાકી.

Vainglory,(વૅનગ્લોરિ)*n*.Empty pride;boastfulness:શેખી;પતરાજી;બડાઈ;પતરાજ;બેડસાઈ.

Vale,(વૅલ્)*n* [L.*vallus*.A valley:]ખીણ; બે પહાડ-ટેકરાવચ્ચેની જગ્યા;કંપત્યકા.

Valediction, (વૅલીડિક્શન્)*n*. [L.V*ale*, farewell and *dico*,I say.]A farewell:છેલ્લી સલામ.

Valedictory, (વૅલીડિક્ટોરિ) *a*. Bidding farewell:આશીર્વાદવાળું;રજા લેવું;આશીર્વાદાત્મક.

Valet,(વૅલેટ્)*n*.A body servant:ચાકર;હજુરીઓ; ખીદમતગાર; ખવાસ. 2. A kind of goad or stick with a point of iron:અંકુશ;પરાણી.

Valetudinarian, Valetudinary, (વૅલીટ્યૂડિનેરિઅન્-વૅલીટ્યૂડિનેરિ) *a*. [L.*valeo*, I am strong.]Of infirm health:જન્મરોગીયું;પંડરોગીયું. *n*.A person of a weak or sickly constitution:જન્મરોગી;પિંડરોગી.

Valiant, (વૅલિઅન્ટ્)*a*. [*valeo*, I am strong] Strong; powerful: મજબુત;જબરો 2 Brave: બહાદુર;પરાક્રમી.3.Heroic:હિમ્મતનું;મર્દાંમીનું.

Valid (વૅલિડ્)*a*.[L.*valeo*.I am strong.]Strong; powerful:બળવાન;મજબુત;સારૂં 2.Sound;good: વાજબી;વાસ્તવિક;ખરૂં3 Having legal strength or force:પાકુ:કાયદેસર;ખરૂં.

Validity, (વૅલિડિટિ) *n*. Strength; justness; soundness:મજબુતિ;વાસ્તવિકપણું;વાજબી-ખરાપણું.2 Legal strength;કાયદેસરપણું;ખરા-પાકાપણું.

Valise,(વૅલાઈઝ્) *n*. A travelling bag: મુસાફરીના લુગડાં ભરવાં સારૂં ચામડાની પેટી.

Vallation,(વૅલેશન્)A rampart or intrenchment:કોટ;કિલ્લાની ભિંત.

Valley, (વૅલિ) *n*. The space inclosed between ranges of hills or mountains:ખીણ;ખો.

Valorous,(વૅલરસ્)*a*. Brave; courageous:બહાદુર,હિમ્મતવાન;શૂરવીર.

Valour,(વૅલર્)*n*. [L *valeo*, I am strong.] Value;worth:કિંમત;મુલ્ય 2. Courage;personal bravery:પરાક્રમ;શૂરાતન;બહાદુરી;હિંમત.

Valuable,(વૅલ્યૂઍબલ્)*a*.Precious; costly:કિંમતી;મોટા મુલનું;સારૂં.

Valuation, (વૅલ્યૂએશન્) *n*. The act of setting a price:મૂલ્ય નિરૂપણ-નિર્ણય; આંકણી. 2. Value set upon a thing:કિમ્મત;મૂલ;મૂલ્ય.

Value, (વૅલ્યૂ) *n*. [L. *valeo*, I am worth.] Worth; excellence: ફાયદેમંદપણું; ગુણ. 2. Price:કિમ્મત;મૂલ્ય 3.Esteem;regard: દરકાર; માન;ગણના;વજન;ભાર;બુજ;લેખું.*vt* To estimate the value or worth of:કિમ્મત-મૂલ ઠરાવવું. 2. To raise to estimation:-નીકિમ્મત-મુજ વધારવી.

Valued,(વૅલ્યૂડ્)*a.*Highly regarded;esteemed;prized:પૂજ્ય;કિંમતી;મૂલ્યવાન.

Valueless,(વૅલ્યૂલેસ્) *a.* Being of no value: કોડીનું;નજીવું;દમ-માલ વગરનું;નકામું;નાલાયક.

Valve,(વેલ્વ્)*n.*[L.*valva*, a folding door.]A door:બે પડવાળું બારણું.2.A lid:ઢાંકણું;જાળી.

Valvular,(વૅલ્વ્યૂલર્)*a.* Containing valve:બે પડવાળા બારણાવાળું.

Vampire, (વૅમ્પાઈર્) *n* A blood sucking ghost:જીવતા પુરૂષોનું લોહી ચૂસી જનાર ભૂત-દૈત્ય.

Van,(વૅન્)*n* The front of an army; the first line or leading column:લશ્કરનો મોખરો.*n.*A shovel used in cleaning ore:ધાતુ સાફ કરવાનો પાવડો. *vt.* To wash: ધાતુ ચોખ્ખી કરવી. *n.* A light wagon used for transportation of goods:માલ લેઈ જવાની હલકી ગાડી. 2 A large covered wagon for moving furniture:સરસામાન લેઇ જવાની મોટી ગાડી 3.A close railway car for baggage:રેલવે બારખાનું ભરવાનો ડબો;ગાડી

Vandalic,(વૅન્ડૅલિક્)*a.*Resembling the vandals:ઘાતકી-ક્રૂર;જંગલી;વિકાળ. [ક્રુરતા.

Vandalism,(વૅન્ડૅલિઝમ્)*n.*Crnelty:જંગલીપણું;

Vandyke,(વૅન્ડાઇક્)*n.*A collar:નાનો ગોળ ગળપટો

Vane,(વૅન્)*n.*A weathercock:વાયુગતિદર્શ કયંત્ર 2.Any flat extended surface moved by the wind:હાથો.

Vanguard,(વૅન્ગાંર્ડ્) *n.* The troop in front; the advance guard:લશ્કરના મોખરાની ટુકડી.

Vanish,(વૅનિશ્) *vt.* [L. *vanus*, empty.] To pass away;to disappear:જતાં-રહેવું;નજરમાથી ગુમ થઈ જવું;અદૃશ્ય થવું;ઉડી જવું.

Vanity,(વૅનિટિ)*n.*[L.*vanus*, empty.] Emptiness:ખાલીપણું.2 Pride,conceit:પતરાજી;બડાઇ

Vanquish,(વૅન્કિવશ્)*vt.*[L.*vinco*,I conquer.] To conquer:જીતવું;-ને પરાજીત ક૦;હરાવવું.

Vanquish,(વૅન્કિવશ્)*n.* (*Far*) A disease in sheep in which they pine away: ઘેટાંઓમાં થતો એક જાતનો રોગ.

Vanquishable,(વૅન્કિવશૅબલ્)*a.*That may be vanquished:જીતાય એવું;જેય;પરાજયકરવા યોગ્ય.

Vantage,(વૅન્ટેજ્)*n.* Profit; gain: ફાયદો;તફો; લાભ.*To have at* V.:નો લાભ મળવો.

Vantage-ground,(વૅન્ટેજગ્રાઉન્ડ્)*n.* Superiority of state or place:ગુણ થાય એવી જગ્યા.

Vapid,(વૅપિડ્)*a.*[L.*vapidus*,vapour.]Dead. spiritless;insipid:દમ-રસ-જીવ વિનાનું;ફિક્કું;નીરસ

Vapidity,(વૅપિડિટિ)*n.*Vapidness:દમ-જીવ વગરનું હોવું તે;નિઃસત્વતા;રસહીનતા;નીરસતા.

Vaporation,(વૅપૅરેશન્)*n.* [L. *vapor.*] The act or process of converting into vapor: વરાળના રૂપમાં ઉડી જવું તે

Vaporous,(વૅપૅરસ) *n.* Having the form of vapour:વરાળના જેવું.2.Full of vapour:વરાળવાળું.

Vapoury,(વૅપૅરિ) *a.* Full of vapour: બાફવાળું;બાષ્પમય-રૂપ.

Vapour,(વૅપૅર્)*n.*Any substance in gaseous state the condition of which is liquid or solid:કોઇ પ્રવાહી પદાર્થ અતિ ઉષ્ણ થયાથી બનેલી હવા-બાફ; વરાળ. *vi* To emit vapor:-માંથી વરાળ-ધુમાડો નીકળવો *vt.*To send off in vapor: વરાળ રૂપે કાઢી નાંખવું ઉરાડી દેવું.

Vapourer,(વૅપૅરર્)*n.*A braggart:પતરાજીખોર; શેખીખોર;ફુલણજી;ફટાકીદાસ;તડાકીદાસ.

Vaporize,(વૅપૅરાઈઝ્)*vt.*To convert in vapour:-નીવરાળ ક૦; વરાળના રૂપમાં લાવવું. *vi.* To pass off in vapour:વરાળ રૂપે ઉડી જવું.

Variable,(વૅરીઍબલ્) *a.* Capable of alteration in any manner,changeable:ફરે બદલાય એવું;જુદા પ્રકારનું થાય એવું. 2. Mutable; fickle ચંચળ;અનિત્ય;પરિવૃત્તશીલ;ચલિત.V.*stars*:તેજમાં વધઘટ કર્યા કરે એવા સ્થાયી તારાઓ. *n.* That which is variable:બદલી જાય એવો પદાર્થ.

Variableness- Variability, (વૅરીઍબલ્નેસ્) *n.* The quality or state of being variable:અસ્થિરપણું;અસ્થિરતા;ચંચળતા.

Variance,(વૅરીએન્સ્) *n.* Change of condition:સ્થિતિમાં ફેરફાર;ફેર;ફરક.2.Disagreement: અણબનાવ;બેબનાવ;ફુટ;અણુરાગ;વિરોધ.

Variation, (વૅરીએશન્) *n.* The act of varying;modification:ફેરફાર;તફાવત;ફરક 2.Extent to which a thing varies: ભિન્નતા;ફેર; તફાવત. 3.Change of termination of words:રૂપાંતર.

Variegate,(વૅરીએગેટ્)*vt.*To mark with different colors;to dapple:તરેહતરેહનું બનાવવું.

Variegated,(વૅરીએગેટેડ્)*a.* Having marks of different colors:તરેહ તરેહનું;ચિત્ર વિચિત્ર.

Variegation, (વૅરીએગેશન્) *n.* Diversity of colors:વિચિત્રતા;ચિત્રવિચિત્રપણું;બહુરંગીપણું.

Variety, (વૅરાઈટિ) *n.* Diversity; multifariousness: વિચિત્રપણું; તફાવત; ફેર. Something differing from others of the same general kind;a sort:જાત;ઉપજાત;જુદી જાત;પેટાજાત.

Various, (વૅરિઅસ્) *a.* Different; diverse; several:જુદા જુદા;તરેહ તરેહનું;જાતજાતનું;નાનાવિધ.

Varlet,(વાંર્લેટ્)*n.*A servant:ચાકર;નોકર;ખીજમતદાર;ખવાસ.2.Alow fellow:લુચ્ચો; હરામખોર.

Varnish,(વાંર્નિશ્)*n.* [L. *vitrum*, glass.] A viscid liquid consisting of a solution of resinous matter in an oil laid on work with a brush:રોગાન;વારનીશ.2.A glossy appearance:ચળકતો દેખાવ.3.Outside show;gloss:બહારનો ભપકો;ટાપટીપ.*vt.*To lay varnish on:વારનીસ રંગ ચઢાવવો.2. To gloss over:ઢાંકવું;પર ઢાંકણુ દેવું.

Varuna,(વરુણ)*n.*The god of the water:દરી.

આઈ દેવ-વરૂણ.

Vary,(વૅરિ)*vt*.[L.*varius*,various.]To change the aspect of; to modify: તરેહ-ઢોળમાં ફેર કરવો.2.To exchange:બદલવું;રૂપાંતર કo; પલટવું. 3 To diversify;to variegate:વિચિત્ર કરવું.*vi* To alter;to become different:બદલાઈ જવું;બદલાવું 2.To differ or to be different:જુદા પ્રકારના હોવું;-થી જુદા પડવું. 3. To alternate:એક પછી એક આવવું;બદલાવું,જુદા પડવું.

Vascular, (વૅસ્કયૂલર્) *a*. [L. *vas*, a vessel.] Consisting of or containing vessels as an essential part of the structure:રસવાહીનિથી ભરપુર-નું બનેલું;નાડી સંબંધી.

Vase,(વૅસ્)*n*. [L.*vas*, a vessel.] A vessel of elegant pattern:શોભીતું વાસણ;પ્યાલું.

Vassal,(વૅસલ્)*n*.[L.*vassalus*, a servant.] A feudatory:જાગીરદાર;માંડલિક.2. A servant; a slave:ચાકર;નોકર.*vt*. To enslave:ગુલામ કo.

Vassalage,(વૅસૅલેજ્)*n*. Political servitude: તાબેદારી;ગુલામી;કાબુ;વશતા.2 A territory held in vassalage:તાબાનો મૂલક;માંડળિકનું સંસ્થાન.

Vast,(વૅસ્ટ્)*a*.[L. *vastus*, empty.] Of great extent;immense:વિસ્તારવાળું;વિશાળ.2.Very great in numbers:ઘણું મોટું;બ્હોળું,ભારે.

Vastly,(વૅસ્ટલિ)*adv*.very greatly:અતિશય.

Vastness,(વૅસ્ટ્નેસ્)*n*. The quality of being vast: વિસ્તાર;વિશાળતા.

Vastation,(વૅસ્ટેશન્)*n* [L.*vastas*,empty.]A laying waste; depopulation:નાશ;પાયમાલી.

Vastity,(વૅસ્ટિટિ)*n*. Vastness:વિશાળતા;વિસ્તાર

Vat, (વૅટ્) *n*. A large vessel,cistern or tub for holding liquors:મ્હોટું પીપ,ટાંકી; કુંડું. 2. A measure for liquids: પ્રવાહી પદાર્થોનું માપ. 3. A vessel for holding holy water:પવિત્ર જળ રાખવાનું વાસણ.

Vaticide,(વૅટિસાઇડ્)*n*.[L.*vates*,a prophet& *cœdo*,I kill.] The murder or the murderer of prophet;પેગંબરનું ખુન-અગર ખુન કરનાર.

Vaticinal,(વૅટિસિનૅલ્)*a*.Prophetic:જેમાં ભવિષ્યવાણી રહેલીછે એવું;ભવિષ્ય સૂચક-દર્શક;ભવિષ્યમય.

Vaticination,(વૅટિસિનૅશન્)*n*. Prophecy:ભવિષ્ય;અગમચેતી;ભવિષ્યકથન;ભાવિકથન.

Vault, (વૉલ્ટ્) *n*. [*volvo*, I roll.]An arched structure of masonry forming a ceiling or canopy:કમાનવાળો ઘુમટ;પહેરાબ 2.An arched apartment;a cell:મહેરાબદાર ઓરડો; ભોંયરું 3. The canopy of heaven:આકાશ;આભ. 4. To form with a vault;to arch:કમાન,ઘુમટ બનાવવો

Vaulted,(વૉલ્ટેડ્)*a*.Arched; concave: મહેરાબદાર;કમાનદાર,ઘુમટવાળું.

Vaulting,(વૉલ્ટિંગ્)*n*. Leaping; tumbling: કુદકો;કુદવાની કસરત;ચેકડાબાજી.

Vaunt,(વૉન્ટ્)*vi* [L.*vanus*,empty.]To boast; to brag: બડાઇ કરવી;શેખી મારવી *vt*. To boast of-ને વિષે બડાઈ-મોટાઈ-શેખી મારવી.*n*. A boast; a brag:બડાઇ;શેખી;મ્હોટાઇ;ફિશિયારી;ફુલ.

Vauntingly,(વૉન્ટિંગ્લિ)*adv*. In a vaunting manner:મોટાઇ બડાઇથી.

Veal,(વીલ્)*n* [L.*vitulus*,a calf.]The flesh of a calf when killed:વાછરડાનું માંસ;ગોવત્સમાંસ.

Veer,(વીર્)*vi*.To turn:ફરવું:બદલાવું.*vt*.To turn: ફેરવવું;દિશા બદલવી. *To v.away,or out*, to let out:મૂકવું;છોડવું.

Vegetable,(વેજીટૅબલ્)*a*.[L.*vegeto*,I enliven.] Of or pertaining to plants:છોડ સંબંધી. 2. Consisting of or comprising plants: છોડ વિષેનું *n*.A plant:વનસ્પતિ;ઔષધી;ભાજીપાલો. 2. A plant used for food for man:શાકભાજી.

Vegetate,(વેજીટેટ્)*vi*.[L.*vegeto*,I enliven.] To grow; to germinate: ઉગવું;ફણગો ફૂટવો.2. To grow exuberantly:ફુલવું;વધવું;ઉપસવું;સુઝવું.

Vegetation, (વેજીટેશન્) *n*. Vegetable growth:અંકુર-પીલો ફૂટવો તે;રોહણ. 2. Vegetables or plants in general:ઝાડપાન;વનસ્પતિ.

Vehemence,(વીહેમેન્સ્)*n*.[[L.*veho*,I carry& *mens,mentis*,the mind.]Violence;fury:જોર; વેગ;ઝપાટો;તડાકો;પ્રબળ;પ્રાબલ્ય;આવેગ;શૂર;ઝનુન.

Vegetative,(વેજીટેટિવ્)*a*.Growing:ઉગતું;વર્ધમાન;વૃદ્ધિ પામતું.2.Having the power to produce growth in plants:ઝાડપાનની વૃદ્ધિ કરે એવું.

Vehement,(વીહેમેન્ટ્)*a*.Furious;violent:જોરવેગવાળું;જબરું;ભારે;પ્રચંડ. 2.Very ardent:ઝનુની;આવેશમાં આવેલું;આવેશી.

Vehicle, (વીહિકલ્) *n*. [L. *veho*, I carry.] A means of conveyance,as a coach,carriage wagon,cart,car,&c.:ગાડી;રથ;બગી;પાલખી;વાહન. *Horse* v.: ઘોડાગાડી;અશ્વયાન. *Man* v.: નરયાન; પાલખી.2 અનુપાન.ઉપાય;સાધન;મારફત.

Veil,(વૅલ્)*n*. [L.*velum*, a covering.] (*a*) A cover;a curtain:આડ; પડદો; આંતરો;ચક.(*b*) A screen to hide or protect the face: બુરખો; ઘુમટો.2.A disguise;a cover;a mask;a pretence: પડદો;ઢાંકણ; વેશ. *vt*. To throw a veil over:બુરખો નાખવો.2.To hide:સંતાડવું.

Vein,(વૅન્)*n*. [L.*vena*, a vein.] One of the vessels which carry blood either venous or arterial to the heart;artery: નાડી;ધમની; નસ; રગ. 2 Peculiar temper; tendency or turn:ભાવ;વૃતિ;મનોવૃત્તિ.3.A dike:સેર;નળી;નેર.

Veined,(વૅન્ડ્)*a*.Full of veins:જુદા જુદા રંગોની રગો-દોરા-તસરોથી રંગબેરંગ દેખાતું.

Veiny,(વૅનિ)*a*.Full of veins:રંગબેરંગી નસોવાળું

Vellum,(વેલમ્)*n*.A fine kind of parchment usually made from calf-skin and render-

ed clear and white:સુક્ષ્મ ચર્મપત્ર.

Velocipede,(વીલૉસિપીડ્)*n.*[L.*velox, velocis* swift,*pes pedis* foot.]A light road carriage propelled by the feet of the rider: બેસીને પગ હલાવીને ચલાવવાની ગાડી.

Velocity, (વીલૉસિટિ) *n.* [L. *velox, velocis,* swift.] Swiftness; speed: ત્વરા;વેગ;ઝડપ. 2. Rate of motion;ગતિ;વેગ;ગતિનો વેગ.

Velvet,(વેલ્વેટ્)*n.* [L. *villus,* shaggy heir] A silk fabric having a short close nap of erect threads: મુખમલ. *a.* Made of velvet; soft and delicate like velvet:મુખમલ જેવું નરમ

Velvety,(વેલ્વેટિ)*a.*Made of velvet, smooth soft:મખમલના જેવું લીસુ-સુંવાળું;કોમળ.

Venal,(વીનૅલ્)*a* [L. *vena,* a vein.] Venous; નસોમાંનું; શિરા સબંધી વિષયક. *a.* [L. *venus,* sale :Saleable; purchaseable:વેચાણીયું.

Venality,(વીનૅલિટિ)*n.* Mercinariness.લાંચ લઇને કામ કરવાની ચાલ;લાચ ખોરી;લાંચલૂચપત.

Vend,(વેન્ડ્)*vt.* [L *vendo,*I sell] To dispose of by sale;to sell:વકરો કરવો;વેચી નાંખવું.

Vendee, (વેન્ડી) *n.* The person to whom a thing is vended:ખરીદ કરનાર;વેચાતુ લેનાર.

Vender,(વેન્ડર્)*n.*A seller:વેચનાર;વિક્રેતા;વિક્રયી

Vendible,(વેન્ડિબલ્)*a.*Saleable:વેચી શકાય તેવું. *n.*Something that can be sold:વેચવા યોગ્ય પદાર્થ

Vendition,(વેન્ડિશન્)*n* Sale:વકરો;વેચાણ.

Vendor,(વેન્ડૉર્)*n* A vender;a seller:વેચનાર.

Vendue,(વેન્ડ્યુ)*n.* An auction:હરાજી;લીલામ.

Veneering,(વેનીરિન્ગ્)*n.*Thin wood used as a veneer:ઉપર જડેલુંકિંમતી લાકડાનુંપાટીઉં.2.The act of one who veneers:પાટીયાં જડવાનીકળા.

Venerable,(વેનરૅબલ્)*a.*Worthy of verneration or reverence:માનનીય;પૂજનીય;પૂજ્ય;પવિત્ર

Venerate,(વેનરેટ્)*vt.*[L.*veneror,*I worship] To honour with mingled respect and awe: પૂજ્ય માનવું-ગણવું;-પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરવી-રાખવી.

Veneration,(વેનરેશન્)*n.*The act of venerating;the highest degree of respect and reverence:પૂજ્યતા;પૂજ્યપણું;આદરબુદ્ધિ

Venerator,(વેનરેટર્)*n.*One who venerates: માન આપનાર;પવિત્ર ગણનાર.

Venereal,(વીનીરીઅૅલ્)*a.* [L.*Venus,*the goddess of love] Relating to sexual intercourse:સ્ત્રી સંભોગ-મૈથુન સંબંધી. 2.(*Med*) (*a*) Arising from sexual intercourse:ચાંદી-ટાંકીનું; ગરમીથી થતું. (*b*) Adopted to the cure of venereal diseases:ગરમીનો રોગ મટાડવાને કામ લાગતું.3 Consisting of copper:ત્રાંબાનું.

Venery, (વેનરિ) *n.* Venus, the goddess of love.]Sexual love;sexual intercourse,coition:રતિસુખ;સ્ત્રીસંભોગ;મૈથુન;સંભોગ.

Venesection,(વેનિસેક્શન્)*n.* Blood letting: નસ ખોલવી તે;શિરાચ્છેદ.

Venetian,(વીનીશિઅન્)*n* A native of Venice:વેનીસનો રહેવાશી. *a.* Of or pertaining to Venice:વેનીસનું.V.*blind*:ફરેંડી.

Vengeance,(વેન્જેન્સ્)*n.*[L.*vindico,*I avenge.) Punishment inflicted in return for an injury;retribution:કીનો;ખાર;ઝેર.

Vengeful,(વેન્જફુલ્)*a.*Vindictive; revengeful:ખારીલું;વેરીલું;ખુની;ઝેરીલું;કીનાખોર.

Venial, (વીનિઅૅલ્) *a.* [L *venia,* pardon.] Pardonable;excusable: માફ કરવા યોગ્ય-જોગ.

Venison,(વેન્ઝન્orવેનિઝન્)*n.*[L *venor,*I hunt.] Flesh of animals of the deer kind:મૃગમાંસ.

Venom,(વેનૉમ્)*n.*Matter fatal to life;poison: વિષ;ઝેર;વિખ;હલાહલ 2.Malice;ઝેર;વેર;કીનો.

Venomous,(વેનૉમસ્)*a.* Full of venom:ઝેરી; વિષમય-યુક્ત;પ્રાણઘાતક-નાશક;સવિષ.

Venous, (વીનસ્) *a.* [L.*venu,*a vein.] Of or pertaining to a vein:નસો સંબંધી,શિરાવિષયક.

Vent.(વેન્ટ્)*vt.*To sell:વેચવું.*vi.*To snuff:સુંઘવું; નાકમાં ખેંચવું.*n.*A small aperture:છેદ;છિદ્ર;બાકુ 2.Outlet:રસ્તો;માર્ગ;બારી 3.Utterance:ઉદ્ગાર. *To give* v. *to* let out:નો ઉભરો કાઢવો. *To take* v., to escape:પ્રગટ થવું;પ્રસિદ્ધ થવું.*vi.* To let out:કાણા-બાકામાંથી બહાર કાઢવું.

Ventage,(વેન્ટેજ્)*n.*A small hole: નાનું બાકું.

Vent-hole(વેન્ટ્હોલ્)*n,*A touch hole:તોપનોકાન.

Ventiduct,(વેન્ટિડક્ટ્)*n.*A passage for wind or air:પવનનો રસ્તો;બારી;જાળીયું

Ventilate, (વેન્ટિલેટ્)*vt.* [L. *vantus,* wind.] To air in; to open & expose to the free passage of air:માં ખુલ્લો પવન હવા આવે જાય તે પ્રમાણે કરવું 2.To winnow;to fan:ઝાટકવું;ઝાટકવું.3 To sift and examine:ચર્ચવું;-નીચર્ચાકo. 4.To make public:પ્રસિદ્ધ કo;ઉઘાડું પાડવું.

Ventilation, (વેન્ટિલેશન્)*n.* Free exposure to air:પવન આવે જાય તેમ કરવું તે;પવનની છૂટ.2. The act of giving vent or expression:ઉદ્ગાર;ઉચ્ચારણ;ઉભરો;ચર્ચા.

Ventricle,(વેન્ટ્રિકલ્)*n.* [L.*ventriculous,*the stomach]A cavity of an organ:ન્હાનો ખાડો;કોષ.2.Stomach:હોજરી;પેટ.

Ventriloquism,(વેન્ટ્રિલૉકિવઝમ્) *n.* The act of speaking so that the voice would appear to come from a distance:ગારૂડીવાણી.

Venture,(વેન્ટચૂર્)*n.*A hazard;a risk: સાહસ; જોખમ.2.Chance;accident: દૈવ;અણધાર્યો બનાવ; સંભવ;નશીબ.*vt.*To hazard one's self;to dare: હિંમત ધરવી; છાતી ચલાવવી. 2. To take the chances:જોખમ માથે લેવું;ઝોકાવવું.*To* v.*at, on or upon,* to dare to engage in:છાતી ચલાવ.

વી.3.To risk:જોખમમાં નાંખવું.

Venturesome,Venturous,(વેન્ટ્યૂર્સમ્-વેન્ટ્યૂરસ્)*a.*Bold;brave:બહાદુર;સાહસિક, છાતીકઢુ

Venue,(વેન્યૂ) *n.* A near place;the place or country in which anything is alleged to have happened:જ્યાં બનાવ બન્યો હોય તે જગા અગર પ્રગણું;પાસેની જગ્યા.

Venus, (વીનસ્)*n.* The goddess of beauty: પરી;રતિ 2.One of the planets:શુક્રનો તારો.

Veracious,(વેરેશસ્)*n.* [L.*verus*,true.] Observant of truth; truthful:સાચું બોલનાર.

Veracity,(વેરેસિટિ)*n.*Truthfulness:સત્યતા.

Verandah,(વેરેન્ડે)*n.*An open roofed gallery. ઓટલો;વરંડો;ઓસરી;પડાળી-રવેશી

Verb,(વર્બ્)*n* [L.*verbum*,a word.]A word; a vocable:શબ્દ.2.A word which affirms something of some person or thing: ક્રિયાપદ. *Active*v.:સકર્મક ક્રિયાપદ *Neutre*v.*Passive* v. અકર્મક ક્રિયાપદ.

Verbal,(વર્બલ્)*a.* Spoken; oral:મ્હોડાનું; બોલેલું.2.Consisting in words only:શબ્દનું;શાબ્દિક*V.noun*:ધાતુ સાધિતનામ.

Verbally,(વર્બલિ)*adv.* Orally:વાણીથી;મુખથી.

Verbatim,(વર્બેટિમ્)*a.* [L.*verbum*,a word] Word for word:શબ્દે શબ્દ;શબ્દશ:;અક્ષરશ:

Verbiage,(વર્બિઅજ્)*n.*Verbosity: ઘણા નકામા શબ્દો વાપરવા તે;શબ્દ વિસ્તાર;વાક્પ્રપંચ.

Verbose,(વર્બોસ્)*a.* Abounding in words: શબ્દ વિસ્તારનું;જોઇએ તે કરતાં વધારે શબ્દનું.

Verbosity, Verboseness, (વર્બોસિટિ,વર્બોસ્નેસ્)*n.*Verbiage:જોઈએ તે કરતાં અધિક શબ્દો વાપરવા તે; વાકવિસ્તાર; અતિશયોક્તિ.

Verdancy,(વર્ડન્સિ)*n* The quality or state of being verdant:લીલાપણું;લીલોત્રી;હરિયાળી.

Verdant,(વર્ડન્ટ્) *a.* [L. *viridis*, green.] Green;fresh;flourishing:લીલું;તાજું;હરિયાળું.

Verdict,(વર્ડિક્ટ્)*n* The decision of a Jury: જ્યુરીનો ઠરાવ-ફેંસલો; ચૂકાદો;નિકાલ.

Verdigris (વર્ડિગ્રિસ્)*n.*[L.*viridis*,green-*aes*, *aeris*, brass.] The green rust formed on copper:તાંબાનો કાટ;જંગાલ;મોરથુથુ.

Verdure,(વર્ડ્યૂર્)*n.*Green;greenness;freshness of vegetation: લીલોત્રી; હરિયાળી.

Verge,(વર્જ્)*n.*[L.*virga*,a sprout.]An edge; margin:ધાર;કાંઠો;કિનારો;કોર;કાનો.*On the* v.*of death*:મરણોન્મુખ. The edge of a bed:પાળી; સીમા;સીમાડો.*vi.* To border upon:કિનારે હદે આવવું-આવી રહેવું.

Verifiable,(વેરિફાએબલ્)*a.*Conformable:સાબીત કરી આપવા જોગ.

Verification,(વેરિફિકેશન્)*n.*Conformation. authentication:સાબીત કરી આપવું તે;સત્યાપન.

Verify,(વેરિફાઇ)*vt.*[L.*verus*, true and *facio*, I do] To establish the truth of; to confirm:ખરૂં કરી આપવું;સપ્રમાણ કo.

Verily,(વિરિલિ)*adv.* In fact;certainly:બેશક ખરેખર;નવાણું વસા;નિ:સંશય;ખચિત;વાસ્તવિક રીતે.

Veritable,(વેરિટેબલ્)*a.* Actual:ખરેખરૂં; સત્ય.

Verity,(વેરિટિ)*n.*Truth;reality:સાચવટ;સચ્ચાઈ.

Vermicelli,(વર્મિસેલિ)*n.*The flour of a hard and small-grained wheat made in dough and forced through small cylinders or pipes till it takes a slender wormlike form:ખાવાની સેવો;શેવ.

Vermicular, (વાર્મિકયૂલર્) *a.* Shaped like a worm:કૃમિ-કરમના જેવું;કૃમિસદૃશ.

Vermiculate, (વર્મિકયૂલેટ્) *vt.* To form or work as by inlaying with regular lines or impressions:કરમના આકાર જેવું કરવું.*a* Wormlike in shape: કરમના આકારનું. 2. Crawling like a worm:કીડાની માફક પેટે ચાલવું.

Vermicule,(વાર્મિકયૂલ્) *n.* A small worm or insect larva:નાના;જીવડાં;કીડા કૃમિ.

Vermifuge,(વાર્મિફ્યૂજ્)*n.* A medicine that expels worms:કૃમિનું ઓસડ; કરમિયાનું ઓસડ.

Vermilion, (વાર્મિલિઑન્) *n.* A red pigment consisting of mercuric sulphide:હિંગળોક.

Vermin (વાર્મિન્)*n* [L.*vermis*,a worm.]A noxious or mischievous animal; noxious little insects collectively:જીવાત; જીવજંતુ.

Vermivorous,(વર્મિવૉરસ્) *a.* [L. *vermis*, a worm & *voro*,I devour.]Feeding on worms કીડા ખાનારૂં.

Vernacular,(વર્નૅકયૂલર્)*a.*[L. *vernaculus*, born in one's house]Native;indigenous: દેશીય;સ્વદેશી *n.*One's mother tongue:દેશીભાષા.

Vernal, (વર્નલ્)*a.*Of or pertaining to the spring: વસંતઋતુમાં આવતું. 2. Belonging to youth:તરૂણાવસ્થાનું.V *equinox*:મહાવિષુવ;મેષવિષુવ.

Versatile, (વર્સટાઈલ્)*a.* [L. *verto*, I turn.] Capable of being turned around:ગોળ ફરે તેવું.2.Unsteady;inconstant:અસ્થિર;અદૃઢ;ચંચળ.

Versatility,(અર્સટિલિટિ)*n.*Versatileness:ચપળતા;ચંચળતા; ચાંચલ્ય;અસ્થિરતા.

Verse,(વર્સ્)*n.*[L.*verto*,I turn.]A line consisting of a certain number of metrical feet: ચરણ;પાદ;ટુંક. 2.Poetry:કવિતા;છંદ. 3.A short division :નાના ભાગ-વિભાગ; કલમ; ઓળ; બેત;કડી;શ્લોક;વચન.*vt.*To tell in poetry:કવિતા રૂપે કહેવું. *vi.* To make verses:કવિતા કરવી.

Versed,(વર્સ્ડ્) *a.* [L. *verto*,I turn.]Skilled; practised:વાકેફગાર;કાબેલ;પારંગત;નિપુણ;પ્રવીણ.

Versification,(વાર્સિફિકેશન્)*n.*The construction of poetry:કાવ્ય-શ્લોક રચના; પદરચના.

Versifier, (વર્સિફાઇઅર્) *n* One who makes

verses:જોડે કવિતા રચનાર;કવિ.

Versify,(વર્સિફાઇ) *vt.* To make verses:કવિતા બનાવવી-રચવી;પદ્ય રચના-યોજના કo;શ્લોક કo.

Version,(વર્શન્) *n.* [L. *verto*, I turn.] The act of translating:તરજુમો કo તે;ભાષાંતર કરણ.2 A translation:તરજુમો;ભાષાંતર.3.An account or description from a particular point of view:હેવાલ:બ્યાન;વર્ણન,હકીકત;પાઠાન્તર ફેર હેવાલ.

Versus, (વર્સસ્) *prep.* [L. *verto*, I turn.] Against:-ની સામે;વિરૂદ્ધ.

Vertibra,(વર્ટીબ્રે)*n.* [L. *verto*, I turn.] One of the serial segments of the spinal column:બરડાની કરોડ-સાટ હાડકામાંનો મણકો-ગાંઠ.

Vertebral-ate,(વર્ટીબ્રૅલ્-ઍટ્)*a.* Spinal:સાટના હાડકાના મણકા વિષેનું.

Vertex,(વર્ટેક્સ્)*n* [L. *verto*,I turn.]A turning point; apex:માથું;ટોચ;શિખર;અગ્ર.(*a*)The top;the crown of the head:માથાનું તાળવું.(*b*) The zenith or the point:ઉર્ધ્વદશા;ઉર્ધ્વ.

Vertical,(વર્ટિકલ્)*a* Of or pertaining to the vertex:ટોચ સંબંધી-નું વિષે;શીરો બિંદુનું.

Vertigo,(વર્ટાઇગો)*n.* Giddiness:તમ્મર; ફેર;ચક્કર; ભમરી;ભ્રમર;માથું ફરવું તે.

Very,(વેરિ)*a.*True;real;actual:ખરેખરૂં; સત્ય;એજ;તેજ.*adv.*Extremely;exceedingly:અતિશય;ઘણું; ભારે.

Verily,(વેરિલિ)*adv* Really;surely: બેશક;નક્કી.

Vesicate,(વેસિકેટ્) *vt.* To raise little bladders or blisters upon:ફોલ્લો ઉઠે તેમ કરવું.

Vesicle,(વેસિકલ્)*n.* [L. *vesica* a bladder.] A bladderlike vessel;cell:પોલાણ; પોલ.2.A substance that raises blisters:ઝીણી ફોલ્લીઓ;ફોલ્લા.(*a*)A cavity or sac filled with fluid પ્રવાહી પદાર્થથી ભરેલી કોથળીઓ.

Vesiculous,(વેસિક્યૂલસ્)*a.*Bladdery:ફોલ્લાવાળું

Vesper,(વેસ્પર્)*n.* The evening star;venus: શુક્રનો તારો 2 *pl.*The evening song or service સાયંકાળનું ભજન.3.Evening: સંધ્યાકાળ; સાંજ.

Vessel,(વેસેલ્)*n.*[L. *vascellum.*] A hollow utensil for holding any thing:વાસણ. 2 A ship:વહાણ;જહાજ.

Vest,(વેસ્ટ્)*n.*[L. *vestis*,a garment] An outer garment;dress;a robe:અંગરખો;જામો;ઝભો. 2.Array;garb:પોશાક;વેશ.3 A waist-coat:વાસ્કુટ.*vt.* To dress;to robe:પોશાક પહેરાવવો.2. To clothe with possession:માલકી કબજાનો હક આપવો.3.To give a person an immediate fixed right of present or future enjoyment of:કબજા-ભોગવટાનો હંમેશને માટેનો હક્ક આપવો. *vi* To come or descend: પોહોંચવું;-ને ઉતરવું-મળવું; પ્રાપ્ત થવું.

Vestal,(વેસ્ટલ્)*a.* [L. *vestalis*, belonging to vesta.]Pure;chaste:પવિત્ર;શુદ્ધ. *n.* A virgin consecrated to Vesta:વેસ્ટા દેવીને અર્પણ કરેલી કુંવારી કન્યા.

Vested,(વેસ્ટેડ્)*a.* Clothed; robed:લુગડાં પહેરેલું 2.Fixed:સ્થાપિત;નક્કી કરી મુકેલું;કાયમ;ઠરાવેલું.

Vestibule,(વેસ્ટિબ્યૂલ્)*n.*The entrance into the house;a porch;a lobby:પરસાળ;ચાલ;દેવડી.

Vestige,(વેસ્ટિજ્)*n.*[L.*vestigium*,foot-print] The mark of the foot left on the earth;a trace:નિશાની;પત્તો;ચિહ્ન;નામનિશાન.2.પગલું.

Vestment,(વેસ્ટ્મેન્ટ્)*n.*A covering or garment:ઝભ્ભો;જામો;પોશાક;વસ્ત્ર;વેષ;પહેરાવ.

Vesture,(વેસ્ટ્યૂર્)*n.* A robe;dress; apparel; covering;envelope:ઝભ્ભો;પોશાક;જામો;પહેરવેશ

Veteran, (વેટેરન્) *a* Long practised or experienced:લાંબા અનુભવવાળું; અનુભવી; ઘડાઇને પાકુ થએલું. *n.* One who has long exercised in war:કસાયેલો લડવૈઓ-યોધ્ધો.

Veterinary,(વેટેરિનેરિ)*a.*Of or pertaining to the treating of the diseases of animals:જનાવર વૈદાનું-સંબંધી;પશુચિકિત્સા સંબંધી-વિષયક.

Veto,(વીટો) *vt* [L. *veto*, I forbid.] A forbidding:મનાઇ;નિષેધ;પ્રતિષેધ;નામંજુરી 2.A power possessed by one department to prohibit the carrying out of projects attempted by other department: મનાઈ-નિષેધ કરવાનો અધિકાર-સત્તા.*vt.* To negative:મનાઈ કo.

Vex,(વેક્સ્)*vt.*[L. *veho*,I carry.] To agitate; to disquiet:અસ્વસ્થ ક્ષુબ્ધ કo. 2. To harass; to torment:દુ:ખ દેવું;સતાવવું;ચીડવવું.*vi.*To be irritated:ચીડાવું;ખીજાવું; ચીડેલા હોવું.

Vexation,(વેક્સેશન્)*n.* Disquiet;trouble;irritation;agitation:સંતાપ;દુ:ખ;હેરાનગતિ;ક્લેશ.

Vexatious,(વેક્સેશસ્)*a.* Causing vexation; agitating;afflictive: દુ:ખદાયક; ચીડ ચડે તેવું.

Via,(વાઇઍ)*n.*By the way of:થઇને;રસ્તે;ને માર્ગે.

Viaduct,(વાઍડક્ટ્)*n.* A bridge:ખીણ-નાળા ઉપર બાંધેલો પુલ-રસ્તો.

Vial,(વાઇઍલ્)*n.*A small bottle of glass:નાની શીશી;કુપ્પી;બાટલી.*vt.* To put in a vial:શીશી બાટલીમાં મૂકવું.

Viands,(વાઇઍન્ડસ્)*n.* *pl.* Food;provisions: ખાવાના પદાર્થ મષ્ટાન્ન;ખાનપાન;પકવાન.

Viaticum,(વાઇઍટિકમ્)*n.* An allowance for travelling expenses: રસ્તાની ખરચી; ભથ્થું.

Vibrancy, (વાઇબ્રૅન્સિ) *n.* Resonance: અવાજ; સ્ફુરણ.

Vibrant,(વાઇબ્રૅન્ટ્)*a* Vibrating;tremulous; resonant:દોલાયમાન;અવાજ કરતું: હાલતું;ધ્રુજતું.

Vibrate,(વાઇબ્રેટ્) *vt.* To brandish;to move to and fro; to swing: આમતેમ ફેરવવું-હલાવવું. 2.To mark by moving to and fro:આમતેમ

હાલીને નક્કી ક૦. 3.To set in vibration:ઝોલા ખાતું ક૦. *vi.* To swing: ઝુલવું; ઝોલા ખાવા. 2. To produce quivering effect of sound:-નો ઝીણો અવાજ આવવો;કંપવું;સ્ફુરવું.ધ્રુજવું.

Vibration, (વાઇબ્રેશન્) *n.* Quick motion to and fro; oscillation:ઝોલો;આંદોલન; સ્ફુરણ;સ્ફુર્તિ 2.A limited reciprocating motion of a particle of an elastic body:કંપ;કંપન;સ્ફુરણ.

Vibrating, Vibratory, (વાઇબ્રેટિંગ્) *a.* Vibrative: આમતેમ હાલતુ ઝોકા ખાતું;હેલાયમાન.

Vicar,(વિકાર)*n* [L. *vicarius,* supplying the plan of another.]A deputy:પ્રતિનિધિ;અવેજી; નાયબ.2.The incumbent of an appropriated benefice:ધર્મોપાધ્યાય.

Vicarage, (વિકારેજ્) *n.* The benefice of a vicar:ઉપાધ્યાય વૃત્તિ 2.The house of a vicar: પાદરીનું રહેવાનું ઘર-મુકામ.

Vicarious,(વાઇકેરિઅસ્)*a* [L.*vicis,* change] Deputed;delegated: બીજાની વતી કામ કરનાર. 2.Acting for another:બીજાને બદલે;પ્રતિનિધિરૂપ;અવેજી;બદલાનું. [પાદરીની ઑફીસ-હોદ્દો.

Vicarship,(વિકાર્શિપ્)*n*.The office of Vicar:

Vice, (વાઇસ્) *n.* Immorality; depravity; wickedness:ભ્રષ્ટતા;દુષ્ટતા;પાપ;અધર્મ;અન્યાય;અનીતિ;દુરાચરણ;કુછંદ.2. Defect:એબ;ખોડ.

Vice, (વાઇસ્) *n.* A kind of instrument for holding work as in filing:પદાર્થોને મજબુત રાખવાનો સાંચો;સેરુડો.*vt.* To hold with a vice: ચાંપથી પકડવું.

Vice,(વાઇસ્) *prep.* In the place of; in the stead of:-ને બદલે,સ્થાને. *a.* Designating an officer that is second in rank:ઉપ;નાનું

Vice-admiral,(વાઇસ્-ઍડમિરલ્)*n*.An officer holding rank next below an admiral:એડમીરલના હાથ નીચેનો;નાયબનૌકાધિપતિ.

Vice admiralty, (વાઇસ્-ઍડમિરૅલ્ટિ) *n.* The office of admiral:એડમીરલની પદ્વી-હોદ્દો-નોકરી

Vice chancellor, (વાઇસ્ ચૅન્સેલર્) *n* (*a*) (*Law.*)An officer next in rank to a chancellor:મુખ્ય ન્યાયાધીશથી ઉતરતો અમલદાર.(*b*)An officer in a University who confers degrees in the absence of the chancellor:વાઇસચૅન્સેલર

Vice gerent,(વાઇસ્-જીરેન્ટ્)*n*.A lieutenant;a vicar: પ્રતિનિધિ;નાયબ.

Vice president, (વાઇસ્પ્રેઝિડેન્ટ્)*n* An officer below a president:નાયબસરનશીન;ઉપાધ્યક્ષ.

Vice-presidency,(વાઇસ્પ્રેઝિડેન્સિ)*n*. The office of vice president: નાયબ સરનશીની.

Vice-regal,(વાઇસ્-રીગૅલ્)*a*.Of or pertaining to a viceroy:સુબાનું-ને લગતું;રાજપ્રતિનિધિ વિષયક

Viceroy,(વાઇસ્રૉઇ)*n* [L.*vice,*in stead & *rex,* a king.] The governor of a country who rules in the name of the sovereign with regal authority:સુબો;રાજ્ય પ્રતિનિધિ;વાઇસરાય.

Viceroyalty,(વાઇસ્રૉઇઍલ્ટિ)*n*. The dignity of a viceroy: રાજ્ય પ્રતિનિધિની જગ્યા-હોદ્દો.

Vicety,(વાઇસિટિ) *n*.Fault;defect:ભૂલ;ખોડ;ચૂકખામી; એબ.

Vicinage,(વિસિનેજ્)*n*.Neighbourhood; vicinity:પાડોસ;સન્નિધતા;સમીપતા;સન્નિધિ;નિકટતા.

Vicinity,(વિસિનિટિ)*n* Neighbourhood:પાડોશ; નિકટવર્તી પ્રદેશ;સમીપતા.

Vicious,(વિશસ્) *a.* Wicked; depraved:દુરાચારી;દુષ્ટ;દુર્ગુણી.2.Foul;bad:ખરાબ; નુકશાનકારક; નઠારૂં;દુષ્ટ 3 અડિયલ;બેલગામ;તોફાની.4.અપૂર્ણ;એબિયલ.

Vicissitude,(વિસિસિટ્યૂડ્)*n*.[L *vicis,*change] Regular change;alternation: નિયમિત; ફેરફાર;અનુક્રમ.2. Revolution:ઉથલપાથલ;ફેરફાર; તડકો છાંયડો;લીલાસુકી. V.s *of time*: કાળચક્ર.

Waxed-cloth,(વૅક્સ્ડ્-ક્લૉથ્)n. A cloth covered with a coating of wax:મીણીયું.

Waxen,. (વૅક્સન્) a. Made of wax: મીણનું બનેલું.2.Covered with wax:મીણ પાએલું.

Wax-end, (વૅક્સેન્ડ્) n. A thread covered with wax used in sewing leather: જોડા શીવવાનો મીણ પાએલો દોરો.

Wax work, (વૅક્સ્-વર્ક્) n. Work made of wax:મીણનું બનાવેલું કામ; મીણનાં પુતળાં.

Waxy,(વૅક્સિ)a.Viscid;adhesive;soft;resembling wax:મીણના જેવું પોચું-નરમ-મૃદુ;ચિકણું.

Way, (વે) n. [L. *veho*, I carry.] That by, upon or along which one passes; passage; road:રસ્તો;વાટ;માર્ગ;પંથ 2.A moving;passage journey: મુસાફરી રસ્તો. 3. Scheme: device: યુક્તિ;કળા;ઉપાય.4. Manner:તરેહ;રીત;પ્રકાર. *By the* w.,in passing;aside: બાજુએ;એક તરફ.*By* w. *of*, for the purpose of: ને માટે-વાસ્તે; ની રૂઈએ *Covert* w.,(*fort.*):ચોરવાટ. *In the* w., (*a*) so as to meet: રસ્તામાં. *In family* w., pregnant: સગર્ભા;ભારેવાઈ; ગર્ભવંતી. *Milk* w., galaxy:આકાશગંગા.*On the* w.,travelling or going:જતાં *Out of the* w.,on one side;not on a right path: આડે માર્ગે.*To go one's* w., or *come one's* w.,to go or come:આવવું-જવું; રસ્તો લેવો.*To go the* w.,*of all the earth*, to die:મરીજવું.*To make one's* w., to advance in life by one's personal efforts:ઉંચું ચઢવું. ફતેહ પામવું.*Ways and means*,(*a*)methods; resources: રીત; સાધન; સગવડતા. W. *of the rounds*.: પહેરો ફરવાની જગા. W. *passenger*.: અધવચથી બેસાડેલો ઉતારૂ.W s.*of God*,*his* providential government or his works:પ્રભુનાં કામ-કૃત્ય.W.*warden*,the survey of a road: રસ્તો માપનાર. *Right* w.: સન્માર્ગ; સુપંથ. *The* w.*of all the earth*:મરણ;મોત. W. *by land*: ખુશ્કી. W. *by water*:તરી;જળમાર્ગ.

Way-faring,(વેફેરિંગ્)a.Travelling;passing:જતું;મુસાફરી કરતું; માર્ગી; રાહગીર;પથિક.

Way-lay,(વેલે)vt.To lie in wait for;to beset in ambush: સંતાઈ રહીને રસ્તામાં લુંટવું.

Way-layer,(વેલેયર્)n. One who waylays another:લૂંટવાને રસ્તામાં ભરાઇ રહેનાર; વાટપાડુ.

Way-less,(વેલેસ્) a. Having no road or path:રસ્તા વિનાનું-ભૂલું પડેલું.

Way mark,(વેમાર્ક્)n.A mark to guide in travelling:રસ્તો જડવાની નિશાની.

Way-ward,(વેવૉર્ડ્)a. Taking one's own way; disobedient:હઠીલું;જીદ્દિ; સ્વચ્છંદી.

Way worn,(વે-વોર્ન્)a.Wearied by travelling:મુસાફરીથી થાકી ગએલું.

We,(વી) *pro.* of *I* The plural nominative case of the pronoun of the first person: અમે:આપણે;આપણ.

Weak,(વીક્)a.[L *vicis*,a change;turn.] (*a*) Feeble;infirm;sickly:દુર્બળ;નબળું;અશક્ત;કમ-

જોર;કમકૌવત (b)Not able to sustain a great weight:નરમ;પોચું.(c)Wanting in point or vigor of expression: નિર્જીવ; નિરર્થક; નબળું. (d)Lacking in elements or political strength:કમજોર.2.Pertaining to designating a verb which forms its imperfect & past participle by adding to the present the suffix *ed&d*:નિયમિત.**W**.*conjugation(gram)* the conjugation of weak verbs:નિયમિત ક્રિયાપદનાં રૂપાંતર.**W**. *side*,weakness:નબળાઇ:અશક્તિ.*A* **w**. *point*:છિદ્ર;દોષ; એબ;દુષણ;ખોડ.

Weaken,(વીકન્) *vt.* To make weak;to debilitate:દુર્બળ-નબળું-કમજોર-કરવું; અશક્ત ક૦.2. To reduce in quality, strength or spirit: મોળું કરીનાંખવું;ફીકું કરવું.*vi.*To become weak or weaker:નરમ થવું.

Weak-hearted,(વીક્-હાર્ટેડ્)*a.*Having little courage;dispirited:નબળા મનનું;દમ વિનાનું.

Weakly,(વીક્લિ)*adv.*Feebly: નબળી રીતે;કમજોરપણે. *a* Infirm; feeble:નબળું.

Weak-minded, (વીક્-માઈન્ડેડ્) *a.* Feeble minded;foolish;idiotic:નબળા મનનું;મૂર્ખ;ગાંડું

Weak-ness, (વીક્-નેસ્) *n.* Lack of vigor; want of resolution or strength:અશક્તિ;કમજોરી;કમકૌવતી;દુર્બળતા; અશક્તતા; દૌર્બલ્ય. 2. A fault;a defect:ખોડ;દોષ;ખામી.

Weal,(વીલ્)*n.*The mark of a stripe:સોળની નિશાની.*vt.*To mark with stripes:પટા પાડવા; સોળ ઉઠાડવા. *n.* Prosperity; welfare: કલ્યાણ; સુખ;શ્રેય **W**.*or woe*:શુભાશુભ.

Weak-side,(વીક્સાઇડ્)*n.* Weakness;Infirmity:ખોડ;ખામી;દોષ;અપૂર્ણતા;દૂષણ. [મેદાન.

Weald,(વીલ્ડ્)*n.*A wood or forest:જંગલ;રાન.

Weals-man,(વીલ્સ-મૅન્)*n.* A statesman; a politician:રાજદરબારી માણસ; રાજનિતિજ્ઞ પુરૂષ.

Wealth,(વેલ્થ્)*n* Riches; estate;opulence: સંપત્તિ દોલત;ધન;અર્થ;વિત્ત;સમૃદ્ધિ.

Wealthy, (વેલ્થિ) *a.* Having wealth; opulent;rich:સંપત-દોલત-ધનવાન;દ્રવ્યવાન;ધનવંત.

Wean, (વીન્) *vt.* To take finally from the breast or udder:ધાવણ મુકાવવું. 2. To reconcile to the want or loss of anything:ઉપરથી મન-દીલ ઉઠાવવું;પ્યાર ઉતારવો.

Weanling,(વીન્લિંગ્)*n.* A child or animal newly weaned:ધાવણ છોડાવેલું મુકાવેલું છોકરૂં.

Weapon,(વેપૉન્)*n.*An instrument of offensive or defensive combat:અસ્ત્ર;શસ્ત્ર;હથિયાર.

Wear,(વેર્)*vt.*[L.*vestio*, I clothe.] To carry or bear upon the person; to have on: શરીરે ઘાલવું-ઓઢવું-પહેરવું.2.To have or exhibit an appearance of as an aspect or manner ચહેરા ઉપર રૂપાદિક જણાઈ આવવી; મંદમંદ હાસ્ય ક૦.*To* **w**. *away*, to consume; to impair: ધીમે ધીમે ઘસી નાંખવું.*To* **w**.*out*,to consume or render useless by attrition or decay: જીર્ણ-જુનું કરી નાંખવું. *vi.* To be wasted or consumed by use: ધીમે ધીમે ઘસાઈ, વપરાઇ જવું.*To* **w**.*off*,to pass away by degrees:ધીમે ધીમે જતું રહેવું.*To* **w**.*on*,to pass on:ચાલ્યા જવું. *n.*The act of wearing or the state of being worn:વાપરવાથી ફાટી જવું તે;ઘસારો. **W**.*and tear*.the loss by wearing:પહેરફાડ;ઘસારો.

Weariness, (વીરિનેસ્) *n.* Exhaustion of strength;fatigue:થાક;શ્રમ;કષ્ટ;શ્રાંતિ;ખેદ.2.The quality or state of being weary:કંટાળો.

Wearisome,(વીરિસમ્)*a.*Tiresome;tedious: કંટાળા ભરેલું;થકવી નાંખે એવું;શ્રમ-ખેદજનક.

Weary,(વીરિ) *a.* Tired; fatigued: થાકેલું 2. Tiresome;tedious:કંટાળેલું.3.Tired;sick:કંટાળા ભરેલું;ત્રાસદાયક.*vt.*To tire;to fatigue:થકવવું; થકવી નાંખવું.2.To make weary of anything: ને કંટાળો આપવો.3. To harass by anything irksome:હેરાન ક૦.*vi.*To grow tired: થાકવું.

Weazand,Weasand,(વીઝૅન્ડ્)*n.*The wind pipe:શ્વાસ લેવાની નળી.

Weasel, (વીઝલ્) *n.* Any one of various species of small carnivores belonging to the genus *Putorius*;Amungoose: નોળીઓ.

Weather,(વેધર્)*n.* Meteorological condition of the atmosphere: હવા; ઋતુ. 2. Vicissitude of season:ઋતુમાં ફેરફાર.*To make fair* **w**.,to flatter:-નાં વખાણ-સ્તુતિ ક૦. *Under the* **w**.,ill:માંદો *Also*,financially embarrassed: પૈસા સંબંધી તંગીવાળું. *vt.*To place(*a hawk*) unhooded in the open air:હવામાં ઉડાવવું;ઉડતું મેલવું.*To* **w**.*a point*,to pass a point of land leaving it on the lee side: પવનની સામેની બાજુએ હંકારી અમુક સ્થળ પસાર ક૦.*To* **w**.*out*: મુશ્કેલીથી-નડવાછતાં પાર પાડવું. *vi.* To undergo or endure the action of the atmosphere: હવામાં ફેરફાર થવો.

Weather-beaten, (વેધર્-બીટન્)*a.* Beaten by the weather:પવનના ઝપાટા સહન કરેલું.

Weather-board,(વેધર્-બૉર્ડ્)*n.*(*a*) Side of a vessel which is toward the wind: પવન તરફની વહાણની બાજુ. (*a*) A piece of plank placed in porthole to keep out water:પાણી અંદર અંદર આવતું અટકાવવાનું પાટીયું.

Weather-cock, (વેધર્-કૉક્) *n.* A vane or weather vane:પવનની ગતિ જણાવનારૂં યંત્ર. 2. Any thing or person that turns easily: ચંચળવૃત્તિનું માણસ;ચલિત. [પવનથી રક્ષણ કરવું.

Weather-fend, (વેધર્ ફેન્ડ્)*vt.* To shelter:

Weave,(વીવ્)*vt.* To entwine or interlace

into a fabric:વણવું 2. To form as cloth by interlacing threads:વણવું;જોડી કાઢવું. *vi.* To work with a loom:સાળ ઉપર કામ કરવું.

Weaver,(ઉવીવર્)*n.*One who weaves: વણકર; સાળવી;વણનાર.2 A weaver bird:સુગરી.

Weaving, (ઉવીવિંગ્)*n.* The act of one who or that which weaves: વણવું તે;વણતર;વણાટ.

Weazen,(ઉવીઝેન્)*a.* Thin;sharp; withered: આગળ આવેલું;પાતળું;ક્ષીણ;લાંબું;ફીણું.

Web,(ઉવેબ્)*n.*That which is woven; a texture;textile fabric:વણેલી વસ્તુ; વણાટ; વણતર. 2. A whole piece of linen cloth woven: તાકો;થાન. 3. The membrane which unites the fingers or toes either at their bases: જળચર પક્ષિનાં આંગળાં ત્વચા-ચામડી. 4.જાળું-બાવું. *vt.* To unite or surround with a web; to entangle:જાળમાં ફસાવું;પકડાવું.

Webbed, (ઉવેબ્ડ્) *a.* Provided with a web: જાળવાળું. 2. Having the toes united by a membrane or web:પાતળી ચામડીથીજેનાં પગનાં આગળાં જોડાએલાં છે એવું.

Web footed,(ઉવેબ્ ફૂટેડ્)*a.*Having webbed feet; palmiped: જેનાં પગનાં આંગળાં ચામડીથી જોડાએલાં હોય એવું.

Webster,(ઉવેબ્સ્ટર્)*n.* A weaver; a female weaver:વણનાર,વણનારી સ્રી.

Wed,(ઉવેડ્)*n.* [L.*vas,vadis*,security.]*vt.* To marry;to espouse:વિવાહ લગ્ન કo;પરણાવવું;-ની સાથેવરવું-પરણવું.*vi.*To marry:લગ્ન થવું-પરણવું.

Wedded, (ઉવેડેડ્) *a.* Joined in wed-lock; married:પરણેલું;લગ્ન થએલાં હોવું.

Wedding,(ઉવેડિંગ્)*n.*Marriage;nuptials:લગ્ન વિવાહ;શાદી;વિવાહોત્સવ;લગ્નસમારંભ.

Wedding-favor, (ઉવેડિંગ્-ફેવર્) *n.* A marriage favor:વરમાળા;લગ્ન વખતે પહેરાતી પટ્ટી.

Wedge,(ઉવેજ્)*n.* A piece of metal thick at one end and tapering to a thin edge at the other used in splitting wood:ફાચર;ખિલો.2.To force or drive:માં ફાચર મારવી. 3.To press closely:ઠાંસી-દાબીને ભરવું. 4. To fasten with a wedge or wedges:ફાચર મારવી.

Wed-lock, (ઉવેડ્-લૉક્) *n.* Ceremony or the state of marriage;matrimony:વિવાહ;લગ્ન.

Wednesday,(ઉવેન્ઝ્-ડે)*n.*The fourth day of the week:બુધવાર.

Wee,(ઉવી)*n.*A little; a bit:થોડી જગો; કકડો. *a.* Very small;little:થોડું;ઝીણું;નાનું;અલ્પ.

Weed, (ઉવીડ્) *n.* A garment: પોશાક. 2. An article of dress worn in token of grief: શોકની નીશાનીમાં પહેરાતુ લુગડું.

Weed,(ઉવીડ્) *n* Underbrush; low shrubs: ઝાડવાં.2.An useless or injurious plant:પાકને નુકશાનકારક છોડવા;નિંદણ. *vt.* To free from noxious plants:ઘાસ કાઢી નાંખવું-નિંદવું.

Weeding-hook-tongs, (ઉવીડિંગ્-હુક્-ટોન્ગ્ઝ્) *n.* A hook used for cutting away weeds: નિંદવાનું ઓજાર;દાતરડું;નિંદણી;ખરપડી.

Weeding,(ઉવીડિંગ્)Act of removing or freeing from weeds:નિંદવું તે;નિંદણ.

Weedy,(ઉવીડિ)*a.*Consisting of weeds:રોપાથી ભરેલું;ઘાસવાળું;નકામા ઝાડપાલાનું બનેલું 2 Abound ing with weeds:નિંદણથી ભરપૂર.

Week,(ઉવીક્)*n.*[L.*vicis*,turn,alteration.]A period of seven days:અઠવાડીઉં;સપ્તાહ;વારસમક.

Week day,(ઉવીક્-ડે)*n.*Any one of the seven days except Sunday: રવિવાર શિવાય અઠવાડીઆનો ગમે તે દિવસ.

Weekly, (ઉવીક્લિ) *a.* Of or pertaining to a week or week day:અઠવાડીઆનું વિષે વિષયક.2. Coming,happening or done once a week: અઠવાડિએઅઠવાડિયેઆવતું,બનતું,થતું;કરાતું,અપાતું નીકળતું,બહાર પડતું.*n* (*pl.*) A publication issued once in seven days or appearing once a week: અઠવાડીએ છપાતું-નીકળતું પત્ર; અઠવાડિયા પત્ર.*adv.*Once a week:દર અઠવાડીએ.

Weel,(ઉવીલ્)*n.*A kind of trap or snare for fish made of twigs:માછલાં પકડવાની જાળ.

Ween,(ઉવીન્)*vi.*To think:ધારવું;કલ્પના કરવી.

Weep,(ઉવીપ્)*vi.* To shed tears; to cry:રડવું; રોવું; રૂદન કરવું. 2. To lament;to complain: શોકકરવો;પોતાનું દુઃખ રડવું;દીલગીરી બતાવવી. To lament;to bewail;to bemoan: વિલાપ કરવો; શોક કરવો.2 To shed tears:આંસુ ઢાળવા-પાડવાં.

Weeper,(ઉવીપર્) *n.* One who weeps: વિલાપ કરનાર;શોક કરનાર;રડનાર.

Weeping,(ઉવીપિંગ્) *a.* Grieving: વિલાપ કરતું. દિલગીરી કરતું.*n.*Shedding of tears;lamentation with tears:વિલાપ;શોક;રૂદન.

Weft,(ઉવેફ્ટ્)*n.* A thing waved, waived or cast away; a waif: જેનો કોઇ માલીક નથી એવો જડેલો માલ. *n.* The woof of cloth: વાણો; કપડાંનું આડુ સુતર.2 હાથનો ઈસારો;સાન.

Weftage,(ઉવેફ્ટેજ્)*n.*Texture:પોત;કુમાસ.

Weigh,(ઉવે) *vt.* [L *veho*, I carry.] To bear up;to raise: ઊપાડવું. 2 To examine by the balance:તોલ કo;તોળવું;જોખવું. 3. To be equivalent in weight: તોલમાં થવું.4 To pay,or allot તોલથી આપવું.5.To examine;to ponder in the mind:મનમાં તોલ કo;વિચારવું;તુલના કo. *To* **w.***down*, (*a*) to overbalance: તોલ-વજન -ભારમાં વધારે હોવું-થવું. *vi.* To have weight: વજન-તોલમાં હોવું.2.To bear heavily; to press hard:દબાણ ભાર હોવો થવો.3.To judge:વિચાર કo.

Weighage,(ઉવેએજ્) *n.*A duty or toll paid

for weighing merchandise:કાંટલા-જોખામણ.

Weight,(વેટ્)*n.*The quality of being heavy તોલ; ભાર; વજન. 2. The quantity of heaviness:તોલ;ભાર.3.Importance:વજન;ભાર;બોજ; વજનદારી 4 A mass used as a standard for weighing:કાટલું;વજન 5.બોજો;દબાણ;ઉદાસી.

Weightless,(વેટ્લેસ્)*a.* Light; having no weight:નજીવું;વિસાત વગરનું;હલકું;લઘુ.

Weighty,(વેટિ)*a.*Having weight; heavy; ponderous:ભારે;વજનદાર;સંગીન.2.Important; અગત્યનું;વજનદાર;ગંભીર.

Weird,(વીર્ડ્)*n* Fate;destiny: નશીબ;કર્મ.2. A spell or charm: જાદુ; મંત્ર. *a.* Concerned with destiny:નશીબને લગતું-સંબંધી.2. Of or pertaining to witch-craft:ડાકેણનું.

Welcome,(વેલ્કમ્)*a.* Received with gladness: સ્વાગત; આદરસત્કાર આપવા જોગ ભલે આવ્યું. 2.Pleasing: આનંદદાયક. *n.* Salutation to a new comer:અભિનંદન.2 Kind reception of a guest-આગતાસ્વાગતા;સન્માન. *To bid* **w**.,to receive with profession of kindness:સ્નેહપૂર્વક અંગીકાર કo.*vt.*To receive and entertain hospitably and cheerfully:આગતાસ્વાગતા કo.

Weld,(વેલ્ડ્)*vi* To wield: ચલાવવું;વાપરવું. *n.* Dyer's broom; dyer's rocket; wild wood: જરદાનું ઝાડ.2.To unite closely or intimately સાથે જોડાવું.*n.* The state of being wedded: સાંધો;સાધ. [સુખ;આબાદી;ચઢતી; કલ્યાણ.

Wele,(વેલ્)*n.* Prosperity;happiness;weal:

Welfare,(વેલ્ફેર્)*n.*Prosperity;happiness: કલ્યાણ;ક્ષેમ;શુભ;કુશળતા; ખેરિયત;આબાદાની.

Welfaring,(વેલ્ફેરિંગ્)*a* Faring well;prosperous:ફતેહમંદ; ચઢતી પદવીએ પહોંચતું.

Welk,(વેલ્ક્)*vi.*To wither;to fade:કરમાઈ જવું;સુકાઇ જવું. *vt.* To cause to wither: કોહવા દેવું.2.To contract:ટુંકું કo.3. To soak:સખત માર મારવો.*n.*A pustule:પરૂથી ભરેલી ફોલ્લી.

Welkin,(વેલ્કિન્) *n.* The vault of heaven; the sky:આકાશ;ગગન; નભ;નભોમંડળ.

Well,(વેલ્)*n.* A pit or hole sunk into the earth to such a depth as to reach a supply of water:કુવો;વાવ;વાવડી. *vi.* To flow;to spring:વહેવું;-માંથી નીકળવું.*vt.* To pour fourth as from a well:કુવામાંથી પાણી કાઢવું-તાણવું. *adv.* Justly; rightly: બરાબર-વાજબી-ખરી રીતે;ઠીક. *As* **w**.*as*,and also:પણ;અને પણ;અને તેની સાથે; વળી.**W**.*enough*,well or good in a moderate degree:જોઇએ તેવું સારૂં; સારૂંજ. *a.* Being in health;healthy:તંદુરસ્ત,નિરોગી;સુખી; કુશળ.2. Safe:સહીસલામત.

Well-a-day, (વેલ્ અડે) *Interj.* Alas! wel-away!:હાયહાય; હાય;અફસોસ.

Well-being,(વેલ્-બીઇંગ્)*n.* Welfare; happiness;prosperity:સુખ;કલ્યાણ;આબાદાની;ક્ષેમ;હિત.

Well born, (વેલ્બૉર્ન્) *a* Born of a noble family:ઊંચા કુળમાં જન્મેલું; ખાનદાન; કુલીન.

Well-bred,(વેલ્બ્રેડ્)*a* Refined in manners; polite:સારી રીતભાતવાળું;મર્યાદાશીલ;સભ્ય.

Well-disposed, (વેલ્ડિસ્પૉઝ્ડ્) *a.* Of good temper; gentle: સુશીળ; સારા સ્વભાવનું.

Well doer,(વેલ્-ડુઅર્)*n.* A benefactor:સહું કરનાર હિતસ્વી;હિતૈષી.

Well-done,(વેલ્-ડન્) *Int.*:ભલે! વાહવાહ! વાહરેવાહ! શાબાશ! ખાસુ! ખૂબ! બેશ!

Well-favored, (વેલ્-ફેવર્ડ્) *a.* Handsome; beautiful:શોભિતું;દેખાવડું;ખુબસુરત;રુડું;રૂપાળું.

Well-informed,(વેલ્-ઇન્ફૉર્મ્ડ્) *a.* Correctly informed;intelligent:સુજાણ;સુજ્ઞ;જ્ઞાતા,બહુ શ્રુત.

Well-known,(વેલ્નૉન્)*a* Fully known: સારી રીતે જણાયેલું;સુજ્ઞાત;જાહેર;પ્રસિદ્ધ;જગપ્રસિદ્ધ.

Well-meaning,(વેલ્-મીનિંગ્)*a.* Having a good intention:ભલું;સજ્જન; સદાશયવાળું; હિતબુદ્ધિનું. [લગભગ;સોવસા.

Well-nigh,(વેલ્ નાઇ) *adv.* Almost;nearly:

Well-off,wall-to-do, (વેલ્ઑફ્-વેલ્-ટુ-ડુ) *a.* Happy;in good condition:સુખી; સારી સ્થીતિમાં;આબાદ; પૈસેટકે સુખી.

Well read,(વેલ્-રેડ્) *a.* Deeply versed:જેણે ઘણું વાંચેલું એવું;જેણે ઘણા ગ્રંથો વાંચેલા એવું;બહુ શ્રુત.

Well-seen,(વેલસીન્)*a.* Accomplished;experienced: અનુભવી; હોશીઆર.

Well-spring,(વેલ્-સ્પ્રિંગ્)*n.* A fountain; a spring:ઝરણ;ઝરો;ફુવારો. [શાબાશ; ભલે-ભલે.

Well-Well,(વેલ્-વેલ) *Int.* Thanks:શાબાશ-

Well-Wisher, (વેલ્-વીશર્) *n.* One who wishes another well:કલ્યાણ ઈચ્છનાર;હિતેચ્છુ.

Welt,(વેલ્ટ્)*n.*(*a*) An edge of cloth folded on itself usually over a cord, and sewed down:કોર;આંતરી; કિનારી. (*b*) A hem, border or fringe:કીનારી;કોર;મગજી;સંજાપ;ઝૂલ;ફ્રેમ. *vt.* To furnish with a welt:પટી ચોડવી.

Welter, (વેલ્ટર્)*vi. vt.* To roll; to tumble about;to wallow:-માં રગદોળાવું;કાદવવાળું થવું;રગદોળવું;રોળવું.2.To wither; to wilt:કરમાવી નાખવું;-થી ખવાઇ જવું.*n.* Filth; mire:કચરો; કાદવ.

Wem,(વેમ્)*n.*The abdomen;the uterus,the womb:ગર્ભાશય;કમળ;ગર્ભસ્થાન *n.*Spot;blemish: ડાઘ;કલંક.*vt.*To stain:બટ્ટો લગાડવો.

Wen,(વેન્)*n.* An indolent encysted tumor of the skin:રસોળી; ગાંઠ.

Wench,(વેન્શ્)*n.* A young woman;a girl;a maiden:જુવાન સ્ત્રી;છોકરી;કુમારીકા;કન્યા;તરૂણી.*vi.* To frequent the company of wenches:વેશ્યા-છિનાળ બૈરીઓની સંગત કરવી.

Wencher,(હ્વેન્ચર)*n.* A lewdman:છિનાળવો; કાછડી છૂટો પુરૂષ;સ્રીલંપટ.
Went,(હ્વેન્ટ્)*imp.* & *p.p.* of *wend.* Imperfect of *go*:ગયો;ગઇ;ગયું.
Went,(હ્વેન્ટ્)*n.* Course; way;path;journey: [રસ્તો;માર્ગ;પંથ.
West,(હ્વેસ્ટ્) *n* The point in the heavens where the sun is seen to set at the equinox પશ્ચિમ-આથમણી દીશા.2 A country or region of country with regard to some other country or region situated in the direction toward the west:પશ્ચિમ દિશામાં આવેલો દેશ-પ્રાંત વિગેરે.3.The Occident:પશ્ચિમ ભાગ;પશ્ચિમ ગોળાર્ધ. *a* Lying toward the west:પશ્ચિમ તરફ આવેલાં. *adv.* Westward: પશ્ચિમે. *vi.* To pass to the west:પશ્ચિમમાં જવું.2.To turn or move toward the west: પશ્ચિમ તરફ વળવું.
Westerly, (હ્વેસ્ટર્લિ) *a.* Toward the west; western:પશ્ચિમ તરફનું.*adv.*Westward:પશ્ચિમે.
Western,(હ્વેસ્ટર્ન)*a.* Being in that quarter where the sun sets:પશ્ચિમ તરફનું; પાશ્ચાત્ય.2. Moving toward the west:પશ્ચિમ તરફ જવું;પશ્ચિમમાંથી આવવું.
Westerner,(હ્વેસ્ટર્નર)*n.* An inhabitant of the west:પશ્ચિમ દિશાનો રહેવાશી.
West-ward (હ્વેસ્ટ્વર્ડ્)*adv.* Toward the west પશ્ચિમે.*a.*Lying toward the west:પશ્ચિમે આવેલું.
West-wardly,(હ્વેસ્ટ્વર્ડ્લિ) *adv.* In a westward direction:પશ્ચિમ તરફ. [આવે એવું.
Westy,(હ્વેસ્ટિ)*a.*Dizzy;giddy:ફેર-ચક્કર-તમ્મર
Wet,(હ્વેટ્)*a* Containing water;moist: ભીનું; 2. Very damp;rainy:વરસાદનું **W** *goods*, intoxicating liquors:દારૂ-માદક પદાર્થ.*n.* Water or wetness:પાણી,ભીનાશ.*vt.*To fill or moisten with water or other liquid:ભીનું ક૦,ભીજવવું.
Wether,(હ્વેધર)*n.*[L *vetus*, old]A castrated ram: ખાસી કરેલો મેંઢો-ઘેટો.
Wetness,(હ્વેટ્નેસ)*n.*Moisture:ભિનાશ. 2. A watery state of atmosphere: શરદી;ઠંડી.
Wet nurse,(હ્વેટ્નર્સ)*n.* A nurse who suckles a child:ધવાડનારી સ્રી;ધાવ,ઉપમાતા;ધાત્રી.
Whack, (હ્વૅક) *vt.* To strike;to beat:મુક્કી મારવી.*vt.*To strike anything with a smart blow:મુક્કી મારવી.
Whale,(હ્વેલ્)*n.*Any equatic mammal of the order Cetacea .especially any one of the large species some of which become nearly one hundred feet long: મગરમચ્છ; વ્હેલ નામની માછલી.
Whale-man,(હ્વેલ્ મૅન)*n.* A man employed in the whale fishery:મગરમચ્છનો શીકાર કરનાર માણસ.
Whaler,(હ્વેલર્)*n.*A vessel or person employed in the whale fishery:મગરમચ્છ પકડનાર વહાણ અગર પુરૂષ.
Wharf,(હ્વૉર્ફ્)*n.* A quay;a pier:બંદર; ધક્કો; ફુરજો; ધક્કો; ઘાટ. **W.** *rat.* (*a*) the common brown rat:ભુરો કાળ. *vt.* To guard or secure by a firm wall of timber or stone constructed like a wharf: ધક્કો બાંધી સુરક્ષિત ક૦. 2.To place upon a wharf:ધક્કે ઊતારવું.
Wharfage, (હ્વૉર્ફેજ્) *n.* Pierage; quayage; the fee or duty paid for the privilege of using a wharf:બંદરપરનો કર જકાત.
Wharfinger, (હ્વૉર્ફિન્જર્) *n.* A man who owns a wharf: ઘાટ બંદરનો ધણી-માલેક.
What, (હ્વૉટ્) *pro* As an interrogative pronoun used in asking questions regarding either persons or things: કોણ; શું; કયો. 2.As an exclamatory word:(*a*)Used absolutely or independently:અરે! શું ! અહો !(*b*) Used adjectively,meaning *how great*:કેવી; કેટલી બધી.3 As a relative pronoun:(*a*)Used substantively with the antecedent *that which*:જે;તે;જેઓ-તેઓ (*b*) Used adjectively equivalent to *the...which*;*the sort of...which* rarely *the...on*,*orat*,*which*:કયું;કેવું.4 Partly; somewhat:કંઇક;જરાક;અંશે;કેટલે દરજ્જે.**W** *ho!* an exclamation of calling: અરે ! હો !**W**.*if* what will it matter if:જો તે બનશે તો શું; તો શું;તેથી શું. **W**.*though*,even granting that; supposing that:એમ હોયતોપણ;તેમ હોય તો શું.
What-ever, What-so ever, (હ્વૉટ્એવર્-હ્વૉટ્સોએવર્)*pron.*Anything soever which being this or that;one thing or another: જે જે;જે કાંઈ જેટલું તેટલું.
Wheat,(હ્વીટ્) *n.* A cereal grass and its grains which furnishes a white flour for bread used by the human race:ઘઉં.
Wheaten,(હ્વીટન)*a.*Made of wheat:ઘઉંનું; ઘઉંનું બનેલું *Fine* **W** *flour*:મેદો.
Wheedle, (હ્વીડલ્) *vt.* To entice by soft words;to cajole:ફોસલાવવું; પટાવવું;લલચાવવું.
Wheel,(હ્વીલ્)*n.*A circular frame turning about an axis:પૈડું;ચક્ર.(*a*)A spinning wheel રેંટીઓ. (*b*) A potter's wheel: કુંભારનો ચાક. *A* **w**.*within*. **w**. or *wheels within wheels*;a complication of circumstances,motive,etc ગુંચવાડો; અટપટી બાબત. *vt.* To convey on wheels:ગાડીમાં ઘાલી લઇ જવું 2 To cause,turn or revolve:ફેરવવું ફરવું. *vi.* To move about;to revolve: ફરવું;ચક્કર મારવો 2. To go round in circuit:આસપાસ ફરવું;ચક્કર મારવું.
Wheeze,(હ્વીઝ્)*vi.* To breathe hard and with an audible piping or whistling sound

as persons affected with asthma:ગળામાં કફ બોલવો;ગળામાં સસણી બોલવી.*n.*A piping sound: ગળામાં કફ બોલવો તે;સસણી.

Whelm, (હ્‌વેલ્મ્)*vt.* To overwhelm; to ingulf:બુડાડવું;બોલવું;ઝબોળવું. 2. To cover completely:માં ગરકાવ-લીન કરી દેવું.

Whelp,(હ્‌વેલ્પ્)*n.* A puppy: કુરકુરીયું.

When,(હ્‌વેન્)*adv.*At what time:ક્યારે; કીયે વખતે. 2 At what time; at, during or after the time that;the moment that:પછી;જ્યારે-ત્યારે;ક્યારે;કીએ વખતે.3.While:જ્યારે;જે વારે.4. Which time:તે વારે;તે વેળા વખત.

Whence,(હ્‌વેન્સ્)*adv.* From what place: how:ક્યાંથી;કેણીગમથી.2.From what or which place,source,material,cause,etc:શાથી:ક્યાંથી

Where,(હ્‌વેર્)*adv.* At or in what place: જ્યાં;જે ઠેકાણે;જે ન ગ્યાએ જ્યાંમાં (*Interrog*): ક્યાં;કયે ઠેકાણે;કઇ જગ્યાએ.*Conj.*Whereas: જ્યાં

Where-about-s, (હ્‌વેર્-અબાઉટ્-ટ્સ્) *adv.* About where; near what or which place: ક્યાં:ક્યાં ક્યાં;કયે ઠેકાણે;જગ્યામાં.2.About which: જેને વિશે;જેમાં.*n.* The place where a person or thing is:સ્થાન;ઠેકાણું;સ્થળ.

Whereas,(હ્‌વેર્‌અઝ્)*ad.& conj.* Considering that;it being the case that જ્યારે-ત્યારે; તેટલા માટે;છે તેથી.2.When in fact; while in the contrary:ખરૂં પૂછાવો તો;કારણ કે ખરૂં કહેતાં.

Where-at, (હ્‌વેર્-ઍટ્) *adv.* At which; whereupon:શાથી;શાણે;શા ઉપરથી; કેમ;શા માટે.

Where-by,(હ્‌વેર્ બાઈ)*adv.* By which:જેણે કરીને;જેથી.2.By what:શા ઉપરથી.

Where fore, (હ્‌વેર્-ફૉર્) *adv. & conj.* For which reason:જે કારણ સારૂં-માટે લીધે 2. For what reason;why:કાં;કેમ;શા સારૂ-વાસ્તે.

Where-in, Where-into, (હ્‌વેર્-ઇન-ઇન્ટૂ) *adv.* In which place:જેમ; જેથી કરીને. 2. In what:શેમા;શામાં ક્યામાં.

Where-of, (હ્‌વેર્-ઑવ્) *adv.* Of which; of whom:જેનું;જેમાંનું 2.Of what:જેનું,જેમાંનું.

Where soever,(હ્‌વેર્‌સોએવર્)*adv.*In what place soever;where ever:જ્યાં જ્યાં;જ્યાં કહીં; જેજે ઠેકાણે; ઠેકાણે ઠેકાણે;જ્યાં.

Where to,(હ્‌વેર્ ટૂ)*adv.*To which: જેને; જે; જ્યાં સુધી.2.To what;to what end:ક્યાં સુધી

Where-upon, (હ્‌વેર્-અપૉન્) *adv.* Upon which;after which:તે ઉપરથી;પછી.

Where-with,Where-withal,(હ્‌વેર્-વિધ્-વિધૉલ્)*adv.*With which:જેણે કરીને; જેવડે

Wherry,(હ્‌વેરિ)*n.* (*a*) A passenger barge on rivers: નદી ઉપરના ઉતારૂઓને બેસવાની હોડી.

Whet,(હ્‌વેટ્)*vt.*To sharpen by attrition: ઘસવું;ધાર કાઢવી-ચઢાવવી;તીણું કર; સરાણપર ચઢાવવું *n.*The act of whetting:પ્રદીપન; ઉત્તેજન.

Whet stone,(હ્‌વેટ્સ્ટોન્)*n.*(*Min.*) Novaculite:પથરી;સરાણ;નિસણો.

Whether,(હ્‌વેધર્)*Pron.* Which (*of two*); which one (*of two*):કઇ;કીયું;જે કંઇ.*Conj* In case;if:કે અથવા નહિ કે,અગર;કિંવા.

Whey,(હ્‌વે) *n.* The serum or watery part of milk separated from the curd: છાશ;દહિનું પાણી;તક્ર.

Which,(હ્‌વિચ્)An interrogative pronoun used both substantively and adjectively and in direct and indirect questions to ask for or refer to an individual person or thing among several of a class:કીયું;કઇ; કયો. 2. A relative pronoun used *esp.*, in referring to an antecedent noun or clause but sometimes with reference to what is specified or implied in a sentence or to a following noun or clause:જે;તે.

Whichever-soever, (હ્‌વિચ્‌એવર્ સોએવર્) *Pron,* Whether one or the other; which: જેજે;જે કોઈ-કંઇ,જે.

Whiff, (હ્‌વિફ્) *n.* A sudden expulsion of air from the mouth:ફુંક;દમ.2. A glimpse: આભાસ;લ્હેર;લ્હેરો.*vt.*To throw out in whiffs; to puff:દમ મારવો. 2.To puff or blow away: ફુંક મારવી.*vi* To puff:ફુંક મારવી.

Whiffle, (હ્‌વિફલ્) *vi.* To waver or shake: હાલવું;કંપવું 2 To use evasions:ઢચુપચુ થવું.*vt.* To scatter:પસારવું;ફેલાવવું.

Whig,(હ્‌વિગ્)*n.*One of the political party which grew up in England in the seventeenth century in the reigns of Charles I and II:પહેલા અને બીજા ચાર્લસના વખતમાં લોકોના હક જાળવવાને પ્રયત્ન કરનારૂં રાજકીરી મંડળ;વિગટોળી.

While,(હ્‌વાઈલ્)*n.*Space of time;વખત;વેળા; વાર;કાળ.*The* w.:meantime:દરમીઆન. *Within a* w.,soon:જલદી. *Worth* w.,worth the time and pains;*hence*,worth the expense: વખત અને મહેનતને યોગ્ય-હાંસલ-ઉપયોગ-લાભ-જોગ *Not worth* w.: નકામું;નિરર્થક;નિષ્ફળ.*vt.* To spend or pass: ખુશીથી કાઢવું-ગાળવું; વિતાવવું. *coj* As long as; whilst: જ્યાં સુધી.

Whiles,(હ્‌વાઇલ્સ્)*adv.* Meanwhile; meantime:દરમીઆન 2.At times:વખતે વખતે.*Conj.* while:જ્યારે. [જ્યારે. 2 Until: જ્યાં સુધી.

Whilst, (હ્‌વાઇલ્સ્ટ્) *adv.* While: એટલામાં;

Whim,(હ્‌વિમ્) *n.* A freak; a fancy; a humor:ફાંટો;તુરંગ;લહેર લ્હેર. *vi* To be giddy or freakish:લ્હેર આવવી. [sical:તુરંગી;લ્હેરી.

Whimmy,(હ્‌વિમિ)*a* Full of whims; whim-

Whimsical, (હ્‌વિમ્ઝિકલ્) *a* Having pe-

culiar motions;strange, freakish:સ્વચ્છંદી; મનમોજી; તુરંગી;લ્હેરી;મનસ્વી

Whine,(હ્વાઇન્)*vi* & *vt*. To moan with a childish noise: ધીમે ધીમે રડવું; દુ:ખ રડવું. *n*. Plaintive tone: કકળાટ; શોક ભરેલો; રડતો હોય તેવો અવાજ. [neigh:ખોંખાટ.

Whinny,(હ્વિનિ)*vi*.To neigh:હણહણવું.*n*. A

Whin-yard, (હ્વિનયાર્ડ્) *n*. A sword or hanger:તરવાર;ખંજર

Whip,(હ્વિપ્)*vt*.[L.*vibro*,I shake.]To lash: ચાબુક મારવી. 2.To punish with a whip:ચાબકાથી મારવું. *To* w., *the cat*, (*a*) to practise extreme parsimony: ઘણી બખીલાઈ-કંજુસાઈ કo.*n* An instrument for driving horses or other animals consisting usually of a lash, attached to a handle:ચાબુક;ચાબકો;કોરડો.**W.** *and spur*,with the utmost haste:ઘણીજ ઉતાવળે-ઝડપથી. [ચાબકાનો માર.

Whipping,(હ્વિપિંગ્)*n*.Beating; lashing:

Whirring,(હ્વરિંગ)*n*.A buzzing or whizzing sound produced by rapid or whirling motion:ભરરરર કરીને થતો અવાજ. *vi*. To whirl round;to whiz: ભરરરર કરીને ઉડવું;ફરી જવું.

Whirl, (હ્વર્લ્) *vt*. To turn round rapidly: સઘળી તરફ-ચક્રમાં-ફેરવવું 2.To snatch;to hurry:ઉતાવળથી ફેરવવું;ઉતાવળે ઘસડી જવું. *vi*.To be turned round rapidly:ગોળ ચક્રમાં-ફરવું-ગોળ ગડગડ ફરવું. *n*. A turning with rapidity or velocity; rapid rotation; quick gyration: ફેરી;ભ્રમણ;ચક્રાવર્તન.

Whirligig, (હ્વર્લિગિગ્) *n*. A child's toy spun or whirled around like a wheel upon axis or like a top:ભમરડો.

Whirl-pool,(હ્વર્લ્પૂલ્)*n*.An eddy or vortex of water:વમળ;ભમરો;આવર્ત્ત.

Whirlwind,(હ્વર્લ્વિન્ડ્)*n*.A vortex of air; a violent wind storm of limited extent: વાવંટોળ;વાવાઝોડું;વંટોળીઓ.

Whisk, (હ્વિસ્ક્) *n*. A sudden motion or quick puff; a rapid sweeping motion:ઝાપટ;ઝપાટો.2.A small bunch of grass, straw; twigs, hair or the like used for a brush:કુચડી.પીંછી;કુચડો.*vt*.To sweep brush:વાળી નાખવું.

Whisker, (હ્વિસ્કર્) *n*. One who or that which moves with a quick sweeping motion:ઝાટકનાર;ઝાટકી નાખનાર 2.A mustache:મૂછ. 3 *pl* That part of the beard which grows upon the sides of the face: થોભીઆ;થોભા.

Whisket,(હ્વિસ્કેટ્)*n*. A basket:ટોપલી. 2.A small lathe for turning wooden pins:સંઘાડો.

Whiskey,(હ્વિસ્કિ)*n*. A kind of liquor: એક જાતનો દારૂ;ઘઉં-જવ વિ૦માંથી કાઢેલો દારૂ.

Whisper, (હ્વિસ્પર્) *vi*.To speak softly; to talk slowly:કાન ફુંકવા-સંભેરવા;કાનમાં ગુપચુપ કહેવું-વાત કરવી;ધીમે ધીમે બોલવું-વાત કo;ના કાન કરડવા.*vt*.To say under the breath:ધીમે રહીને કહેવું. *n*. A low, soft sibilant voice which can be heard only by those near at hand: ધીમો નહિ સંભળાય એવો અવાજ; ગુપચુપ. 2. A cautious speech: ચેતવણી આપતી વાત. 3. A suggestion:સૂચના;ખબર;ગુપ્તવાત.

Whisperer,(હ્વિસ્પરર્)*n*. One who whispers:કાનમાં વાત કરનાર;ધીમે રહીને બોલનાર. 2.A tattler;backbiter:છૂપીવાતકહેનાર-કરનાર;ચાડીઓ.

Whist,(હ્વિસ્ટ્)*Interj*. Be silent hush; be still:ચૂપ;છાનો;મુગો રહે.*vt*.To hush:ચૂપ-છાનું-મુગું રાખવું *a*.Silent:ચૂપ;મુગું.

Whistle,(હ્વિસલ્) *vi*. To make a kind of musical sound by forcing the breath through a small orifice formed by contracting the lips:સીસોટી-સીટી વગાડવી.*vt*. To form,utter or modulate by whistling:સીસોટી વગાડી રાગ કાઢવો.*n*.A sharp shrill musical sound made by forcing the breath:સીટી;સીસોટી.

Whit,(હ્વિટ્)*n*. A bit;a jot:તલમાત્ર;જરા;લેશ.

White,(હ્વાઇટ્)*a*. Snowy: સફેત;ધોળું; ઉજળું; શ્વેત.2.Gray;hoary:ધોળું;પાકી ગએલું.સફેત. **W.** *feather*, a mark of cowardice: બ્હીકણપણું-બાયલાપણાની નિશાની. *n*. The color of pure snow;whiteness:સફેત-ધોળો રંગ;સફેદી;શ્વેતતા. 2.Something white: ધોળો સફેત ભાગ. 3. A person with a white skin: ગોરી ચામડીવાળો માણસ.**W**.*of an eye*: આંખનો સફેત ડોળો:શુક્લમંડળ.*vt*.To whitewash:ધોળવું;ચૂનો લગાડવો.

Whiteant, (હ્વાઇટ્ઍન્ટ્) *n*. Insects which are often very destructive to buildings and furniture:ઉધઈ. [કું;ચૂનાથી ધોળેલું.

Whited,(હ્વાઇટેડ્)*a*.Whitewashed:સફેત કરે-

White-lead,(હ્વાઇટ્-લેડ્)*n*.Ceruse:સફેતો.

White-livered, (હ્વાઇટ્લિવર્ડ) *a*. Having a pale look;feeble: ફિક્કું;નિસ્તેજ-નબળું.

Whiten,(હ્વાઇટન્)*vi*. To grow white: સફેદ થવું.*vt*.To make white:ધોળું-સફેત કરવું.

Whiteness,(હ્વાઇટ્નેસ્) *n*. The quality or state of being white:સફેતી;ધોળાશ.

Whites,(હ્વાઇટ્સ્)*n pl*. Leucorrhoea: પ્રદર; શ્વેતપ્રદર;સ્ત્રીને રોગ તરીકે યોનીમાંથી જતી સફેત ધાત.

White-Wash,(હ્વાઇટ્વૉશ્)*n*. A composition of lime and water: પાણી સાથે મેળવેલો ચૂનો.*vt*.To whiten:ધોળવું 2. To make white બહારથી સાફ સોજું દેખાય તેમ કરવું.

Whither, (હ્વિધર્) *adv*. To what place: ક્યાં;કયે ઠેકાણે.2. To what or which place: તે જગ્યાએ ઠેકાણે;જ્યાં;ત્યાં.

Whither-soever, (હ્વિધર્-સૉએવર્) *adv.* Where-soever:જેજે જગ્યાએ;જ્યાં;જ્યાં;જેજે સ્થળે

Whitlaw,(હ્વિટ્લૉ)*n.* The inflammation of fingers or toes:નખછર-નખમૂળ;આંટણ.

Whittle,(હ્વિટલ્)*n.*A knife:ચાકુ; નાનો ચપ્પુ; *vt.* To cut off the surface of with a small knife:ચાકુએ-વતિ છોલવું;છિલવું.

Whiz,(હ્વિઝ્) *vi.* To make a humming or hissing sound like an arrow or ball flying through the air: સણણણ-સું સું અવાજ થવો; સણસણવું; સુસવાટો ક૦. *n.* A hissing sound: સું સું;સણણણાટ;સુસવાટો.

Who.(હુ) Relative *pro.* One;any one:જે.Interrogative one:કોણ !

Whoever-soever, (હુએવર્-સૉએવર્) *pron.* Whatever person:જે કોઈ;હરકોઈ.

Whole,(હોલ્)*a.*Total;all;entire:આખું;સઘળું. 2.Complete;entire:આખું;પૂર્ણ. 3.Well;sound: તંદુરસ્ત;સારૂં.*n.*The entire thing;totality:તમામ;સાકલ્ય;સમાસ. *Upon the* **w.**,considering all things:એકંદરે; એપ્રમાણે;બધાનો વિચારકરીજોતા.

Whole-sale, (હોલ્સેલ્) *n.* Sale of goods at large:જથાબંધ વેચાણ *By* **w.**,in the mass:જથાબંધ.*a* Pertaining to trade:સામટા વેચાણનું.

Whole-some,(હોલ્સમ્)*a.*Favoring health; salubrious:ગુણકારી;તંદુરસ્ત;સુખાકારી.2. Favourable to morals,religion,or prosperity; sound;salutary:આરોગ્યકારી;ગુણકારી; હિતકારક.

Wholly,(હોલિ)*adv.* Entirely; completely: પુરેપુરી રીતે.2.Totally;fully:તમામ.

Whom,(હુમ્) *pron.* The objective case of who:જેને;કોને.

Whoop,(હુપ્)*vi.*To cry out: બૂમ પાડવી. 2.To cough or breathe with a sonorous inspiration:ઘરડ ઘરડ શ્વાસ લેવો.*vt.* To insult with shouts:બુમો ચીચીઆરી પાડી અપમાન ક૦. *n.* A cry:બૂમ;ચીસ.2.A loud sound as in whooping cough:હમુજણમાં નીકળતો અવાજ;સસણી.

Whooping-cough, (હુપિંગ્કૉફ્) *n.* Chin cough;hooping cough:ઢાંટીઓ;ઉધરસ.

Whore,(હોર્)*vt.* [L *carus*,dear.]A prostitute; a harlot:કસ્બણ;પાતર.*vi.*To practise lewdness: પૈસા લેઈ પરપુરૂષ સાથે વ્યભિચાર-સંગ-છિનાળું ક૦.

Whoredom,(હોર્ડમ્)*n.* Lewdness: જારકર્મ;અદ્દેલી;છીનાળું;વ્યભિચાર;અદકર્મ.

Whore master-monger,(હોર્-મૅસ્ટર્ મંગર્) *n.* A lecher: રંડીબાજ; છીનાળવો; રાંડ રાખનાર. 2. A procurer:ભડવો.

Whose,(હુઝ્)*pron.*The possessive case of who or which:કોનું;જેનું.

Why,(વ્હાય) *adv.*For what cause;wherefore: કાં;કેમ;શું કામ;શા માટે 2. For which: જેને માટે. 3. On what account:શા કારણથી;શા વાસ્તે.

Wick,(વિક્)*n.*A bundle of fibres made of soft spun cotton threads:વાટ;દીવેટ;બત્તી.

Wicked,(વિકેડ્) *a.* Evil in principle or practice,sinful:દુષ્ટ;પાપી.2.Cursed:નુકશાનકારક.

Wickedness,(વિકેડ્નેસ્)*n.*Immorality;sinfulness:દુષ્ટપણું-તા-દુષ્ટ બુદ્ધિ;કુમતિ;કુભાવ.

Wicker,(વિકર્) *n.* A small pliant twig: નાની ડાળી 2. A basket: ટોપલી. *a* Made of twigs:નેતર;ઝાડની ડાળીઓનું બનાવેલું.

Wicket,(વિકેટ્)*n.* A small frame work at which the ball is bowled:ક્રિકેટમાં જે ત્રણ દાંડા અગાડી ઉભા રહીને દડો નાંખવામાં આવે છે તે ત્રણ દાંડા 2. The ground on which the wickets are fixed:જ્યાં દાંડા ખોસ્યા હોય તે જગ્યા.

Wide,(વ્હાઇડ્)*a.* Having considerable distance or extent between the sides;broad: પોહોળું;પોહોળાઈવાળું.2.Extended.વિશાળ; ગંભીર 3. Of large scope;liberal;broad;વિશાળ; ઘાડી;અથાગ.4.Of a certain measure between the sides:પહોળું.5. Far; remote:આઘે. *adv.* To a distance;far;widely:ઘણે દૂર.*n.*Width; extent:પહોળાઈ; પહોળપણ;વિસ્તાર.

Widely,(વ્હાઇડ્લિ)*adv.* Far:ઘણે લાંબે સુધી; વિસ્તારીને. 2. Very much:ઘણું જ.

Widen,(વ્હાઇડન્)*vt.*To make wide or wider: પહોળું કરવું.*vi.*To grow wide:પહોળા થવું.

Wideness, (વ્હાઇડ્નેસ્) *n.* Breadth; width: પહોળાઇ;પહોળપણું;પનો.2 Broadness:પહોળાઇ.

Wide spread,(વ્હાઇડ્-સ્પ્રેડ્) *a.* Widely extended: અતિશય ફેલાયલું.

Width,(વ્હાઇડ્થ્) *n* Breadth:પહોળાઇ;પનો.

Widow,(વિડો)*n.*A woman who has lost her husband by death:વિધવા;રાંડીરાંડ;બોડકી; રાંડ. *vt.*To reduce to the condition of a widow: વિધવા ક૦;રાંડવું.

Widowed,(વિડોડ્) *a.* Bereaved of a husband:રાંડેલી;રંડાપો આવેલો હોય એવી;ખૂણે બેઠેલી.

Widower,(વિડોઅર્)*n.*A man who has lost his wife:રાંડેલો-રંડાએલો પુરૂષ.

Widow hood, (વિડોહુડ્) *n.* The state of being a widow: રંડાપો;વૈધવ્ય;વિધવાવસ્થા.

Wield,(વ્હીલ્ડ્)*vi* [L.*valeo*,I am strong]To govern; to rule:રાજ ચલાવવું;પર રાજ્ય ક૦. 2. To use with full command or power: પુરા અખત્યારથી કામ ચલાવવું.

Wieldy,(વ્હીલ્ડિ)*a.* Wiable:વાપરવા જેવું;ધારણ થાય તેવું. [આર્દ્ર.

Wiery,(વ્હીઅરિ)*a.*Wet; moist:ભીનું; ભેજવાળું;

Wife,(વ્હાઇફ્)*n.* A married woman:પરણેલી સ્ત્રી.2.The lawful consort of a man:પરિણીત બૈરી-સ્ત્રી;વહુ;પત્નિ.

Wig,(હ્વિગ્)*n.*A cap of hairs:વાળ-વાળની ટોપી. *vt.* To scold:ઠપકો દેવો;ધમકાવવું.

Wight,(હ્વાઇટ્) *n.* A whit;a bit;a jot:જરીક; લવલેશ;અણુ.2. A supernatural being:અલૌકિક માણસ *a* Swift;nimble:તિક્ષ્ણ;ચંચળ.

Wild,(હ્વાઇલ્ડ્) *a.* Living in the forest;not tamed or domesticated:રાની;જંગલી;ત્રગડાઉ. 2.Native;not cultivated:ખેડયા વગર ઉગતું થયેલું.3.Desert:ઉજ્જડ;વેરાન.4 Savage;uncivilized;rude:જંગલી;અનાડી;વનચર.5 Turbulent; violent નિરંકુશ;તોફાની;ઘણા ગુસ્સાવાળું;મસ્તાન. 6.Indicating strong emotion:ઉન્મત્ત; અતિવ્યાકુળ.*n.*A forest or desert:રાન રણ;જંગલ.

Wilderness,(હ્વિલ્ડર્નેસ્)*n.*A desert;waste: અરણ્ય;વન;જંગલ;રણ;રાન;વગડો.

Wildly,(હ્વાઇલ્ડ્લિ)*adv.* In a wild manner: rudely:જંગલી રીતે;ખેડયા વગર;ઠેકાણા વગર.

Wildness,(હ્વાઇલ્ડ્નેસ)*n.*Rudeness;savageness:જંગલીપણું;દુરાચારીપણું.

Wile,(હ્વાઇલ્)*n.*A trick or stratagem;an allurement:કપટ;કાવાદાવો;છળભેદ.*vt.*To deceive: છેતરવું;કપટ કo.2.To while away:ગાળી નાંખવું.

Wilful,(હ્વિલ્ફુલ્)*a.*Stubborn;perverse: મમતી;આડું;જક્કી;જીદ્દી;સ્વચ્છંદી;હઠીલું.

Wilfulness,(વિલ્ફુલ્નેસ્)*n.* Stubbornness:હઠીલાપણું;જક;હઠ;મમત;સ્વચ્છંદ.

Wiliness,(હ્વિલિનેસ્)*n.*Craftiness;cunning; guile:લુચ્ચાઇ;છળભેદ;કાવતરૂં;ખળતા.

Will,(હ્વિલ્)*n.*The power of choosing:ઈચ્છા. 2.Choice:મરજી;ખુશી.3.Command:હુકમ;આજ્ઞા; મરજી.4. Testament:વસિયતનામું. *At* w., at pleasure: ખુશી પ્રમાણે; મરજી મુજબ. *Ill* w., enmity:દુશ્મનાઈ. *To have one's* w., to do what one pleases:મન પ્રમાણે થવું;મરજી મુજબ કo *To have one's* w.:-ની મરજી પ્રમાણે થવું *vt.* [L. *volo*, I wish.]To wish;to desire:ચાહવું; ઇચ્છવું.2.To devise:મૃત્યુપત્રથી માલ મિલકત આપવાનો ઠરાવ કરી આપવો;વસીયતનામું કo. *vi.* To wish; to desire:મન હોવું; ઈચ્છા હાવી.

Willing, (હ્વિલિંગ્) *a.* Desirous: ખુશી; રાજી; તૈયાર 2 Chosen; desired:ખુશીનું; રાજી ખુશીથી કબૂલ કરેલું.

Willingness(હ્વિલિંગ્નેસ્)*n.*Free choice or consent of the will:ઉત્સાહ;હોંશ;સંતોષ.

Will-o-the-wisp, (હ્વિલો-ધિ-હ્વિસ્પ) *n.* A light that appears in the night over marshy ground:રાત્રે થતા ભૂતના ભડકા. [લુચ્ચું.

Wily,(હ્વાઇલી)*a* Crafty; artful: પ્રપંચી; કપટી;

Wimble,(હ્વિમ્બલ્)*n.*A gimlet: સાયડી; કાણું પાડવાનું હથિઆર *vt.*To bore:કાણું પાડવું.

Win,(હ્વિન) *vt.* To gain by superiority in competition or contest:જીતવું;સ્તેહ જય પામવું; જીતી લેવું.2.To allure to kindness:મેળવી લેવું; મન હરણ કરી લેવું 3.To gain over to one's side or party: પોતાની તરફ ખેંચી લેવું. *vi.* To gain the victory; to triumph: જીતવું; જય મેળવવો. *To* w. *on or upon,* to gain favor with:મન સંપાદન કરવું;નો પ્યાર મેળવવો.

Wince,(હ્વિન્સ્)*vi.* To shrink:અંગસંકોચવું.2. To kick when unsteady of a rider: અધીરૂં થઇને લાત તરફડીઆં મારવાં.

Wind,(હ્વાઇન્ડ્)*vt* To twine;to twist: વિંટાળવું;લપેટવું.2.To entwist:લપેટવું.3. To cover or surround with something coiled about: પર વિંટવું-લપેટવું.*To* w.*off*,to unwind:ઉકેલવું. *To* w.*out*,to extricate:છુટું કo.*To* w.*up*.(*a*) a coil into a ball:વિંટાળીને ગુંછળું બનાવવું.(*b*) To bring to conclusion:આટોપી લેવું;છેડો આણવો.(*c*)To put in a state of continued motion as a clock:-ને કુંચી આપવી.(*d*) (*Fig.*)To put in order anew:ઠીક તેમ કo *vi.* To turn completely:-ને વિંટાળવું; લટાવું. *n.* A turn; a bend:વલણ;વાંક.

Wind,(હ્વિન્ડ્)*n.*[L. *ventus*, a gale.] A current of air:વા;વાયરો; વાયુ; પવન; હવા, 2. Air artificially put in motion:પવન;વા;વાયરો.3. Breath:દમ;શ્વાસ. 4. Power of respiration; breath:શ્વાસ;દમ 5.Flatulence:પેટમાં થતા વાયુના ગોળા;વાયુ;આફો.*Down the* w.,(*a*) in the direction of and moving with the wind: પવન તરફ; વાની દિશાએ. *To be in the* w., to suspect or surmise: વિશે વહેમ આવવો. *To take* w. *on to get* w. to become public: જાહેર થવું.W. *pump*, a pump,moved by a wind mill:પવન ચક્કીથી ચાલતો નળ.*vt.* To expose to the wind: પવન આવે તેમ મૂકવું; હવા આવવા દેવી.

Wind-fall,(હ્વિન્ડ્ફોલ્) *n.* Anything blown down or off by the wind:પવનથી પડેલું.

Winding,(હ્વાઇન્ડિંગ્)*n.*A call by the boatswain's whistle:વહાણવટીની સીસોટીથી બોલાવવું તે.*n.*A bend;a curve:વાંક;ગલી; કુંચી;આડીવાટ *a.*Circuitous:વાંકુચુંકુ.

Winding-sheet,(હ્વાઇન્ડિંગ્શીટ્)*n.* A sheet in which a corpse is wound:ચોફાળ;કફન.

Wind-lass, (હ્વિન્ડ્લૅસ્) *n* A shift;a roundabout course:યુક્તિ;ફેરફાર.*vi.*To take a roundabout course:યુક્તિ કરવી. *n.* A machine for raising weights:ભાર ઉંચકવાનું યંત્ર.*vi.*To raise with a windlass:ઢુનકલાસથી ભાર ઉપાડવો.

Windmill, (હ્વિન્ડ્મિલ્) *n.* A mill operated by the power of the wind:પવનચક્કી-વાયુપેષણી.

Window, (હ્વિન્ડો) *n.* An opening in the wall of a building for the light and air:બા-

રણાવાળી બારી.2.The shutter:ફરેડી;બારીનાં બારણાં vt.To furnish with windows:બારીઓ મુકવી.

Wind-pipe,(વિન્ડ્-પાઈપ્)n.The passage for the breath:શ્વાસ માર્ગ;દમ લેવાની નળી;ટટોરી.

Windward, (વિન્ડ્‌વર્ડ્) n. The side from which the wind blows:પવનની દિશા.a. Situated toward the point from which the wind blows:પવનની દિશાનું-તરફનું.adv.Toward the wind:પવન તરફ.

Windy,(વિન્ડિ)a.Consisting of wind:વાયુનું; પવનનું.2.Windward:પવન તરફનું. 3. Tempestuous:તોફાની.4.Caused by wind:પવનથી થએલું.

Wine,(વાઈન્)n.[L.vitis,vine.] The expressed juice of grapes esp, when fermented: દ્રાક્ષનો દારૂ;દ્રાક્ષરસ.2.A liquor prepared from the juice of any fruit:કોઈપણ ફળનો દારૂ.

Wing, (વિંગ્) n. One of the two anterior limbs of a bird:પાંખ.2. Means of flight or of rapid motion:ઉડવાનાં સાધન;પાંખ 3(a) A side building,less than the main edifice: ઘરની બાજુ; ગૃહપક્ષની પાંખ. (b) The right or left side of an army:સેના પક્ષ;સૈન્ય પક્ષ;પાર્શ્વ-સ્થદળ;ફોજની ડાબી અગર જમણી બાજુ. 4.Protection:રક્ષણ;આશ્રય;ઓથ;સંભાળ. On the w (a) flying: ઉડતું. (b) To take w.:ઉડી જવુ. vt. To furnish with wings:પાંખો આવવી; ઝડપથી ચલાવવું. 2. To supply with wings:બાજુઓ બાંધવી-ઇ૦.3 To cause to fly:ઉડતું કરવું; ઉડાવવું. 4. To fly through:માં થઈ ને ઉડવું. 5. To cut off the wings of:પાંખને ઘાયલ કરવી.

Winged,(વિંગ્ડ્)a. Furnished with wings: પાંખોવાળું.2 Soaring with wings; lofty;sublime:ઉન્નત;પ્રૌઢ.3.Swift:પવનવેગી 4. Wounded in the wing:પાંખમાં ઘાયલ થએલું.

Wink,(વિંક્)vi To nod;to sleep; to nap: ઉંઘવું;ઝોકાં ખાવાં.2 To nictitate:આંખ મટકાવવી; મટમટાવવી 3.To give a hint by the motion of the eyelids:આંખ મારવી. 4.To avoid taking notice (with at):જોયું ન જોયું અખાડા ક૦. vt.To cause to wink:પલકારો ક૦ n.The act of closing the eyelids quickly;hence,moment:પલકારો;પલ;નિમેષ. 2. A hint given by shutting the eye:આંખની ઇસારત.

Winker, (વિંકર્) n. One who winks: આંખનો પલકારો કરનાર. 2. A horse's blinder: ઘોડાની અંધારી.

Winning,(વિનિંગ) a. Attracting; charming:મોહનીકારક;મનોહર. n.The act of obtaining something by competition:જય;વિજય

Winnow,(વિનો) vt. [L. vanus, a fan.] To fan;to separate & drive off:ઝાટકી નાંખવું 2. To separate as bad from good:સારાંથી નઠારાં જૂદાં પાડવાં.

Winnowing fan, (વિનોઇંગ્ફૅન્) n. A fan for separating chaff from grain:સુપડું.

Winsome, (વિન્સમ્) a. Cheerful; merry; gay:હસમુખું.2.Gladsome: ખુશી કરે એવું.

Winter,(વિન્ટર્)vi. The coldest season of the year:શિયાળો. 2. The period of decay, old age,death or the like:વૃદ્ધાવસ્થા;મૃત્યુકાળ. vi.To pass the winter:શીયાળો ગાળવો-કાઢવો.

Winter beaten,(વિન્ટર્-બીટન્)a. Harassed by severe winter:શીયાળાની ઠંડીથી ઈજા પામેલું.

Wintery-wintry, (વિન્ટરિ-વિન્ટ્રિ) a. Cold; stormy;brumal,hyemal:ઠંડા દીવસોનું શિયાળાનું.

Wipe, (વાઈપ્) vt. To clean by rubbing:લોહાવું;લુછવું.2.To rub off: ભુસી નાંખવું.n. Act of rubbing:છેકો;ઘીસોટો. [કરે છે તે;સાફ કરનાર.

Wiper,(વાઇપર્)n. That which wipes: સાફ

Wire,(વાઇર્)n.A thread or slender rod of metal:તાર;સૂત્રવાળો;સળી. 2. A telegram,wire or cable:તાર To pull the w. s: રમતનાં પુતળાંઓના તાર ખેંચીને તેમને નચાડવાં. W. rod, a metal rod from which wire is formed by drawing:તાર ખેંચવાનો લોઢાનો સળીઓ. vt. To bind with wire: તાર બાંધવા. 2. To send by telegraph:તારથી સંદેશો મોકલવો.

Wire-draw,(વાઈર્ડ્રૉ)vt.To form into wire by drawing it:ખેંચીને તાર કરવો.

Wiry,(વાઇરિ)a.Made of wire: તારના જેવું.

Wis,(વિસ્)adv.Really;indeed:ખરેખર; ખરેખાત;નક્કી;જરૂર vt To think:જાણવું; વિચારવું.

Wisdom,(વિઝ્ડમ્)n. Sagacity; skill; knowledge:ડહાપણ;ચતુરાઈ;શાણપણ;સમજ;બુદ્ધિ.

Wise,(વાઇઝ્)a Having knowledge; knowing;learned:erudite:ડાહ્યું;શાણું; બુદ્ધિમાન;જાણ; સુજાણ;અક્કલમંદ;સમજુ;વિવેકી.2 Sagacious:ચતુર.

Wiseacre,(વાઇઝેકર્)n A learned or wise man:મહેલોમાણસ;પંડિત;વિદ્વાન.2.A would-be wise person:દોઢડાહ્યો;અક્કલનો દુશ્મન.

Wisely,(વાઇઝ્‌લિ)adv.In a wise manner;discreetly:ડહાપણથી,વિવેકથી;વિવેક પૂર્વક;શાણપણથી.

Wish, (વિશ્) vi. To have a desire or yearning;to long:ઈચ્છા હોવી;ઈચ્છવું.2.To be disposed or inclined:-ની મરજી હોવી.vt To desire;to long for:ઇચ્છા રાખવી;ઈચ્છવું.n.Desire; longing:ખુશી;ઇચ્છા;મરજી;મનોરથ;મનકામના.

Wished for,(વિશ્ડ્-ફૉર્)ad. Desired;liked: ધારેલું;ચાહેલું;ઇચ્છેલું; ઇચ્છિત;ઈષ્ટ;આકાંક્ષિત.

Wishful,(વિશ્ફુલ્)a. Longing:ઇચ્છાથી ભરેલું.

Wishing,(વિશિંગ્)a.Wishful;liking:ઈચ્છતું.

Wisket,(વિસ્કેટ્)n A basket: ટોપલી;ડાલી.

Wisp,(વિસ્પ્)n. [L. virga, a bundle.] A small bundle:નાની પૂળી;કુચડો;કુચડી;ઢંઢણી. 2.

A whisk on small broom:નાની સાવરણી. 3. A will-o the wisp:ભૂતના ભડકા.

Wistful, (વિસ્ટ્-ફુલ્) *a.* Longing; wishful; desirous:આતુર:કાળજીવાળું;ઉત્સુક.

Wit,(વિટ્)*vt.& vi.*To know;to learn:જાણવું *n.* Intellect;sense:સમજ;બુદ્ધિ; અક્કલ. 2. To be at one's *wits'* end:ના ઉપાય-ઇલાજ ખૂટી જવા; ના હાથ હેઠા પાડવા. 3. A person of eminent sense or knowledge:બુદ્ધિમાન;બુદ્ધિકુશળ;હાજરજવાબી;રસિક બોલનાર 4.*Pl* શુદ્ધિ;ભાન;હોંશીયારી.

Witch,(વિચ્)*n.* Sorcerer; sorceress: ડાકણ. 2 An ugly woman;a hag:કદરૂપી સ્ત્રી. *vt.* To enchant;to bewitch:મોહ પમાડવું;જાદુ કરવું.

Witch-craft,(વિચ્ક્રેફ્ટ્)*n* Sorcery;enchantments:જાદુ;મંતર;ઇલમ;ટુચકા.

Witchery,(વિચરિ)*n.*Sorcery:જાદુ;મંતર;ચેટક.

With,(વિધ્) *Pre. With* denotes nearness proximity, association or connection: સંગાથે;જોડે;સાથે; સંગે; મદદમાં; પડખે; તરફ;-થી-થકી; લીધે;વડે;કરીને;સુદ્ધાં;સહિત.

Withal,(વિધોલ્)*adv.*With this;with that આ સાથે;તે સાથે.2.Together with this;at the same time;also:તેજ વખતે;વળી;આ ઉપરાંત.

Withdraw, (વિધ્ડ્રૉ) *vt.* To draw back;to take away:પાછું ખેંચવું;પાછું લઇ લેવું.2.To take back; to recall or retract: માંડી વાળવું;પાછું ખેંચી લેવું-જવું.*vi* To retire; to retreat;to go away:જવું;જતા રહેવું.

Withdrawalment, (વિધ્ડ્રૉઅલ્મેન્ટ્) *n.* Withdrawal:રાજીનામું;સંહાર;સંહરણ;ઉપાડ.

Withe, (વિથ્) *n.* A flexible slender twig or branch used as a band:વળે એવી ડાળી-ડખળી-ડાળ.2 A partition between flues in a chimney:પડદો.*vt.* To bind or fasten with withes:ડાળીઓથી બાંધવું.

Wither,(વિધર્)*vi.*To fade;to become sapless:કરમાઇ-ચીમળાઇ જવું.*vt* To cause to fade and become dry:કરમાવી-સુકવી નાંખવું.

Withhold,(વિધ્હોલ્ડ્) *vt.* To hold back; to restrain;to keep from action:અટકાવવું;દાબી રાખવું;અટકાવી રાખવું.

Within,(વિધિન્)*Prep.* Inside of;not without:-માં અંદર;માંહે;મધ્યે.

Without,(વિધાઉટ્)*Prep.* On or at the out side of;out of:બહાર; બહારની બાજુએ.2 Not with;otherwise than with:વિના રહિત;વગર; શિવાય *conj* Unless;except:શિવાય;વગર.*adv.* On or at the out side;outwardly; not within:બહારનું.

Withstand,(વિધ્સ્ટૅન્ડ્)*vt* To stand against to oppose,to resist with physical or moral force:સામા થવું; રોકવું;-ની આડે આવવું;માં બાધક થવું;સાંખવું;-ઝમી રહેવું.

Witless, (વિટ્લેસ્) *a.* Destitute of understanding:બુદ્ધી વગરનું;કમઅક્કલ;મતિ-બુદ્ધિહીન.

Witling,(વિટ્લિંગ્) *n.* A person who has little wit:કમ અક્કલવાળો પુરૂષ.

Witness,(વિટ્નેસ્)*n.* Testimony: સાખ; સાહેદી; સાક્ષી.2 That which furnishes proof: સાક્ષી;સાહેદ.3 One who is cognisant:પ્રત્યક્ષ-નજરે જોનાર: સાક્ષાત્ દૃષ્ટા. *vt.* To see or know by personal presence: પોતે-જાતે-પોતાની નજરે જોવું. 2. To testify to:સાક્ષી પુરવી. *vi.* To testify:સાક્ષી પુરવી.

Witsnapper (વિટ્સ્નૅપર્)*n.*Witcracker: હાજર જવાબ આપવાનું ડોળ ધાલનાર;હાજર જવાબી.

Witticism,(વિટિસિઝમ્ *n.*A conceit;a witty saying:હાસ્યજનક વાક્ય;ટૂચકો;નર્મ ભાષણ.

Wittily,(વિટિલિ)*adv.*Wisely;artfully:રસિકપણે;હાસ્યજનક રીતે;બુદ્ધિ;કૌશલ્ય પૂર્વક.

Wittingly, (વિટિંગ્લિ) *adv.* Knowingly; by design:જાણી જોઇને-બુઝીને;જાણીને;બુદ્ધિપૂર્વક.

Witty,(વિટિ)*a.* Wise;skilful:ડાહ્યો; હુંશીઆર; ચતુર;પક્કુ.2 Humorous;satirical: વિનોદી;ઠઠ્ઠાબાજ;પરિહાસજનક.

Wizard,(વિઝર્ડ્)*n.*A magician;a conjurer: જાદુગર;ઇલમી;ઇલમબાજ *a.* Charming:મનોહારી.

Wizen,(વિઝન્) *vi.* [L. *virus*, poison.] To wither;to dry:સુકાઇ જવું;કરમાઈ જવું *a.*Withered:સુકાઇ ગએલું.

Woe,(વો)*n* Grief,sorrow;misery: દુ:ખ; કલેશ; ખેદ. 2. A curse: શ્રાપ; શાપ. **W.**, *worth the day*: ઊગ્યો તે દુ:ખનો દિવસ. *a.* Woeful; sorrowful:દુ:ખી;ખેદકારક.

Woe-be-gone,(વો-બી-ગૉન્)Beset with woe; woeful:દુ:ખના દરીઆમાં બુડેલું.

Woeful,(વોફુલ) *a.* Full of woe;sorrowful: દુ:ખી;કષ્ટી;દુ:ખાન્વિત:દુ:ખનું;આપત્તિનું.

Wolf,(વુલ્ફ્)*n* Any one of several species of wild and savage carnivores belonging to the genus canis and closely allied to common dog:વરૂ. [ક્રૂર-વિકાળ;ઘાતકી.

Wolfish,(વુલ્ફિશ્)*a.* Like a wolf: વરૂના જેવું;

Woman,(વુમૅન્)*n* An adult female:બાયડી; નારી; સ્ત્રી *Kept.* **W** : અંગવસ્ત્ર; રખાત. *Doings & goings of a* **W** સ્ત્રીચરિત્ર. 2 Womankind: સ્ત્રી જાત. *vt.* To act the part of a woman: બાયડીનો સ્વાંગ લેવો.

Womanhood, (વુમૅન્હુડ્) *n.* The distinguishing character of a woman: સ્ત્રીપણું. ધર્મ;શીલ.2 Woman kind:સ્ત્રી જાત;સ્ત્રીજન.

Womanish,(વુમૅનિશ્)*a.* Suitable to a woman;effeminate:બઇરીના જેવું-લાયક જોગ;બાયલું.

Womanly,(વુમૅન્લિ)*a.*Becoming a woman

બાયડી સ્ત્રીના જેવું;સ્ત્રીધર્મી *adv.*In the manner of a woman:બાયલાપણે.

Womankind,(વુમૅન્‌-કાઇન્ડ્)*n.*The females of the human race:અબળા-ઓરત-સ્ત્રી જાત;જનાની

Womb,(વૂમ્‌)*n.*The uterus:ગર્ભસ્થાન;ગર્ભાશય; કુખ;પેટ;કમળ. *To drop the* **w.**:ગાભ છૂટવા. *vt.* To inclose in a womb:ગર્ભધારણ કરવો.

Wonder,(વન્ડર્)*n.*Surprise;astonishment admiration:આશ્ચર્ય; અચંબો; વિસ્મય; અચરતી; તાજુબી.2 A prodigy;miracle:ચમત્કાર.*To do* **w.**:દિગ્વિજય કo;શકવર્તાવવો.*vi.*To be amazed to marvel:અચરત તાજુબ થવું.

Wonderful, (વન્ડરફુલ્) *a.* Surprising; strange: ચમત્કાર ભરેલું;અદ્દભૂત;નવાઇનું.

Wonderfulness(વન્ડરફુલ્નેસ્)*n.* Surprise; astonishment:કૌતુક;નવાઇ;અદ્દભુતપણું;અપૂર્વતા.

Wonderstruck.(વન્ડર્સ્ટ્રક્)*a* Struck with wonder: ઘક્ક;ચકિત;દિંગ;વિસ્મયાપન્ન.

Wondrous,(વન્ડ્રસ્)*a* See **Wonderful,**

Wont,(વન્ટ્)*a* Habituated;used:ટેવ પડેલું-વાળું. *n.* Custom; habit: ટેવ; આદત.*vi.* To be used:ટેવ હોવી.*vt* To accustom:ટેવ પાડવી.

Wonted,(વન્ટેડ્)*a* Usual;accustomed:કામમ લેવાતું;વપરાતું;રોજનું; હમેશાનું; પરિચિત;નિત્ય. **W.** *nature*:પ્રકૃતિ;સ્વભાવ.

Wontedness,(વન્ટેડ્નેસ્)*n.*The quality or state of being accustomed:ટેવ; ધારો;ચાલ.

Woo,(વૂ)*vt.* To solicit in love;to court:પરણવાના ઇરાદાથી સ્ત્રીની પ્રીતિ-પ્યાર કo. *vi.* To court:પ્યાર કo. [To grow mad:ગાંડા બનવું-થવું.

Wood,(વુડ્) *a.* Mad;insane:ગાંડો; બેભાન. *vi*

Wood,(વુડ્) *n.* A large and thick collection of trees;a forest or grove: રાન; જંગલ; 2. Timber: ઇમારતી લાકડું. 3. Trees cut or sawed for the fire or other uses:જળાઉ લાકડું ;બળતણ. [the fruit:કોઠું.

Wood-apple, (વુડ્‌ઍપલ્) *n.* The tree:કોઠી.

Wood-cut,(વુડ્-કટ્)*n.*An engraving on wood: લાકડા ઉપર કરેલું ચિત્ર-કોતરકામ-નકશી; વુડકટ.

Wood cutter,(વુડ્-કટર્) *n* A person who cuts wood:કઠીઆરો.2. An engraver on wood:લાકડાં ઉપર કોતર કામ કરનાર.

Wooden.(વુડન્) *a.* Made or consisting of wood: લાકડાંનું-બનાવેલું.

Wood-land,(વુડ્ લૅન્ડ્)*a.*Forest:રાન;વન;જંગલ;વગડો *a* Living in the forest:જંગલનો રહેનાર

Wood man,(વુડ્ મૅન્) *n.* A forester:જંગલનો અધિકારી-ઉપરી 2.A sportsman;a hunter: શીકારી;પારધી.3 A wood-cutter:લાકડાં કાપનાર.

Wood-monger, (વુડ્ મંગર્) *n.* Wood-seller:કાટપીટીઓ;લાકડાં વેચનાર.

Wood-ness,(વુડ્-નેસ્)*n.* Madness:ગાંડાઇ.

Wood-nymph,(વુડ્ નિમ્ફ્)*n.* A fabled goddess of the woods:જંગલની દેવી;વનદેવી;વનદેવતા.

Woodpecker,(વુડ્પેકર્)*n.*A kind of a bird: લક્કડખોદ પક્ષી.

Woody,(વુડિ)*a.* Abounding with wood or woods:ઝાડીવાળું; વૃક્ષમય 2. Ligneous:લાકડાનું.

Wooer,(વૂઅર્)*n* One who wooes;a suitor: આશક; પરણવાને સ્ત્રીની પ્રીતિ મેળવનાર.

Wool,(વુલ્)*n.*[L *vellus.*]The soft & curled, or crisped, species of hair which grows on sheep and some other animals:ઉન.

Wool comber, (વુલ્ કોમર્) *n.* A machine for combing wool: ઉન પીંજવાનો ચરખો.

Wool-fell, (વુલ્-ફેલ્) *n.* A skin with the wool:ઉનવાળું ચામડું-ખાલ.

Wool-gathering, (વુલ્‌ગૅધરિંગ્) *n.* Indulgence in imagination:શેખચલ્લીનું કામ.

Woolen,(વુલન્)*a.* Made of wool: ઉનનું કરેલું. *n* Woolen goods:ઉનનો સામાન.

Woolen draper,(વુલન્ ડ્રેપર્)*n.*A merchant of woolen goods:ઉનના માલનો વેપારી.

Wooly,(વુલિ)*a* Consisting of wool:ઉનવાળું. 2.Resembling wool:ઉનસરખું-જેવું. [બસી.

Wooly head,(વુલિ હેડ્)*n.*A negro:સીધી;હ-

Word, (વર્ડ્) *n.* (L. *verbum*, a word.] The spoken sign of a conception or an idea: શબ્દ.2 An oral or written sign expressing a thought:શબ્દ;બોલ;વચન.*pl.*ભાષણ;વાત;બોલી. 3. Signal: સુચના. 4. Promise: વચન. 5 *pl.* Verbal contention; dispute:બોલાચાલી; ટંટો. 6. A brief remark or observation; a phrase or short sentence:વાચક;વચન. *Good* **w.**. commendation: પ્રશંસા. *The* **w.**, the scriptures:ઇશ્વરોક્ત શાસ્ત્ર;ઈશ્વર વાક્ય.*In a* **w**, briefly:ટુંકામાં *In* **w.**,in declaration:શબ્દમાં. *To eat one's* **w.**,to retract what has been said:બોલ્યું અબોલ્યું કo **W.** *for* **w.**,exactly:શબ્દેશબ્દ;શબ્દશ:*Ill* **w.** *s.* bad words:અપભાષણ; દુર્ભાષણ. *War of* **w.***s*: વાક્‌યુદ્ધ. *True to one's* **w.**:સત્ય વચની. *To take one at one's* **w.**:ના કહ્યા પ્રમાણે કo.*To make good one's* **w.**બોલેલું પાળવું.*vi.*To use words to argue:તકરાર કo.*vt.* To express in words:શબ્દોથી બોલી બતાવવું.

Word book, (વર્ડ્-બુક્) *n.* A dictionary; a lexicon:કોષ;શબ્દકોષ. [વિસ્તાર;શબ્દાધિક્ય.

Wordiness,(વર્ડિનેસ્)*n.* Verboseness:શબ્દ-

Wording,(વર્ડિંગ્)*n.* Phrasing:શબ્દ રચના.

Wordy,(વર્ડિ)*n.* Verbal:મ્હોઢાની. 2.Verbose: બહુ શબ્દ વાપરનાર-રું;શબ્દ વિસ્તારવાળું.

Wore,(વોર્)*pt.* of **Wear**:પહેર્યું.

Work,(વર્ક્)*n.* Exertion of strength or faculties;toil;employment;labor: મહેનત;કામ.

2 Business;duty:કામ;ધંધો.3.That which is made or done;product;performance,manufacture: કામ; કાર્ય. 4. *Specifically* (a) that which is produced by mental labour; a composition; a book:ગ્રંથ. *To go to* **w.**, to begin labouring:કામમાં લાગુ થવું.*To set to* **w**, to employ: કામે લગાડવું. *To set on* **w.**,to set; to work:કામે મંડવું.*A man rich in good* **w.** ક:પુણ્ય પુરૂષ;પુણ્યાત્મા.*vt.* To exert one's self for a purpose; to labor:મહેનત-મજુરી કo;શ્રમ લેવો-કરવો;કામ કo.2. To have effect or influence: નો અમલ-અસર થવી. 3. To carry on business:કામ-ધંધો કo.4.To make one's way slowly and with difficulty: ધીમે ધીમે અને મુશ્કેલીથી રસ્તો કo. *vt.* To labor or operate upon:બનાવવાનું કામ કo. *To* **w** *double tides*, to perform the labor of three days in two:ત્રણ દીવસનું કામ બે દીવસમાં કo.*To* **w.** *into*, to force;to urge into: માંલઇ જવું;-એ ઉશ્કેરવું. *To* **w.** *off*, to remove gradually: ધીમે ધીમે કાઢી નાંખવું.*To* **w.** *out*, (a) to effect by labor and exertions:શ્રમ-યત્નકરીને સાધી લેવું *To* **w.** *up*,to raise; to excite:આણવું;લાવવું.

Worker,(વર્કર્)*n.*A laborer:મજુર;કારીગર;વૈતરો.

Work-fellow,(વર્ક્ ફેલો)*n.* A companion in work:એકજ કામ કરતો બીજો માણસ;કર્મબંધુ.

Workful,(વર્ક્-ફુલ્)*a.* Diligent:ઉદ્યોગી;ખંતીલું. [શ;નિત્ય;રોજ.

Work-house, (વર્ક્-હાઉસ્) *n.* A workshop: કામ કરવાની દુકાન;કારખાનું.2.A house in which idle and vicious persons are confined to labor:આળસુ અને ગુન્હેગાર માણસો પાસે સજા દાખલ મહેનત કરાવવાનું ઘર.

Working-day, (વર્કિંગ્ ડે) *a.* Everyday:હમે-

Work-man,(વર્ક્ મૅન્)*n.* A worker:કામ-ધંધો કરનાર માણસ.2.A skilful artificer:કિસબી.

Workmanlike, (વર્ક્ મૅનલાઈક્) *a.* Skilful: કારીગરીનું;કસબી;ઉસ્તાદીનું.

Work-manship, (વર્ક્ મૅનશિપ્) *a.* The art or skill of a workman:કારીગરનીકળા; કારિગરી; હુન્નર;કસબ 2 Manufacture:બનાવટ.

Work-shop,(વર્ક્ શૉપ્)*n.*A shop where any manufacture or handiwork is done: દુકાન; કારખાનું;શિલ્પશાળા;કર્મશાળા;ઉદ્યોગશાળા.

World, (વર્લ્ડ્) *n.* The universe; the creation: ભુવન;બ્રહ્માંડ;જગત;વિશ્વ. *Soul of the* **w.**: બ્રહ્મ.*The three* **w** *s.*ત્રિભુવન;(સ્વર્ગ;મૃત્યુ,પાતાલ). 2.Any planet or heavenly body:લોક;જગત; પરલોક. 3. The earth and its inhabitants with their concerns: આલોક;ભૂલોક.*To have the wide* **w.** *before one*:દશે દિશા ખુલ્લી મોકળી હોવી.4.General affairs of life;the customs, practices & interests of men; human society:લોકાચાર;સંસાર.5.Course of life:સંસાર; સંસારવહેવાર. 6.The human race:જગત; લોક; માણસ.*pl.*દુનીઆં;આલમ.*To carry on the* **w.**: કાળનિર્વાહ કo.7.A large number:મોટી સંખ્યા. *To go to* **w.**, to be married: પરણવું; લગ્ન કo. For *all the* **w.**,(*a*)precisely; exactly:બરોબર (*b*)For any consideration:ગમેતેમ થાય તોપણ.

Worldliness,(વર્લ્ડ્ લિનેસ્)*n.*Covetousness: સંસારી પવન;પ્રપંચબુદ્ધિ;પ્રપંચ દૃષ્ટિ;ઈહલોક નિષ્ઠા.

Worldly-minded,(વર્લ્ડ્ લિ-માઇન્ડેડ્)*a.* Devoted to worldly interests:પ્રપંચી;પ્રપંચાસક્ત.

World-wide, (વર્લ્ડ્-વાઇડ્) *a.* Extended throughout the world:જગ પ્રસિદ્ધ. [સંસારી.

Worldly,(વર્લ્ડ્ લિ)*a.*Human:આ લોકનું;સંસારનું;

Worm, (વર્મ્) *n.* A creeping or crawling animal of any kind:પેટે ચાલનાર પ્રાણી; જંતુ. 2. An earth worm:કીડો.

Worm-eaten,(વર્મ્ ઇટન્)*a.*Eaten by worm: કીડીઓથી ખવાઈ ગએલું. [વાળું;કૃમિમય;કીટમય.

Wormy,(વર્મિ) *a.* Containing worm: કીડા-

Worn,(વૉર્ન્) *p. p.* of **Wear.**

Worn out, (વાર્ન્-આઉટ્) *a.* Consumed by wearing:ઘસાઇ ગએલું.

Worriment,(વરિમેન્ટ્)*n.* Trouble;anxiety: ચિંતા;ઉપાધી;દુ:ખ;પીડા;આધિ.[ખાનાર; સતાવનાર.

Worrier,(વરિઅર્)*n.*One who worries: ફાડી

Worry, (વરિ) *vt.* To harass by pursuit or barking:પજવવું;હેરાન કo.2.To fatigue: થકવવું; થકવી નાંખવું.*vt.*To be fretful:ચીડાવું; હેરાન થવું. *n.*Anxiety;fret:ચીડ;ગુસ્સો.

Worse,(વર્સ્) *a.* Bad,ill, evil or corrupt in a greater degree:વધારે ખરાબ.2.More sick: તબીઅત વધારે બગડેલી એવું. *A change for the* **w.**બગાડ *adv.*In a worse degree:ખરાબ રીતે.

Worship,(વરશિપ)*n.*A title of honour used in addresses to certain magistrates:કોઇ મોટા અધિકારીનું નામ લેતી વખતે બોલવાનો શબ્દ;હજરત;ખુદાવીંદ;ખુદાવંત;મહેરબાન.2. Religious reverence;adoration:પૂજા;પૂજન;સેવા;આરાધન.*vt.* To pay divine honors to: પ્રત્યે ભક્તિભાવ ધરવો-રાખવો.2. To adore:પૂજવું *vi.*To perform religious service:સેવા-પૂજા કo.

Worshipful, (વર્શિપ્ફુલ્) *a.* Claiming respect;worthy of honour:માન આપવા લાયક;પૂજ્ય;આરાધ્ય; પૂજનીય.

Worshipper, (વર્શિપર્) *n.* One who worships:ભજનાર;પૂજા કરનાર;ભક્ત.

Worst,(વર્સ્ટ્)*a* (*Superl of bad.*)Bad,evil or pernicious in the highest degree:સૌથી ખરાબ;દુષ્ટમાં દુષ્ટ *n* That which is most bad or evil:દુ:ખી હાલત,સ્થિતિ.*vt.*To defeat:હરાવવું.*vi.* To grow worse:ખરાબ નીકળવું.

Worth,(વર્થ્)*a.* Valuable;of worth: કિમ્મતિ; કિમ્મતનું.2.Equal in value to:-ની કિંમતનું;કિંમતમાં સરખું. 3. Deserving of:યોગ્ય; લાયક. *n.* Price: કિમ્મત; મૂલ. 2. Value in respect of moral or personal qualities; merit:લાયકી; યોગ્યતા;ઉપયોગ; અગત્ય;ખપ; માલ;લેખુ.

Worthily,(વર્ધિલિ)*adv.*Deservedly:લાયકીથી.

Worthful,(વર્થ્ફુલ્)*a.*Full of worth;deserving:લાયક;યોગ્ય;વાજબી.

Worthiness,(વર્ધિનેસ્) *n.* Merit:યોગ્યતા.

Worthless, (વર્થ્લેસ્) *a.* Of no worth or value;mean:નજીવું;નકામું;કોડીનું;માલ વગરનું.

Worthy,(વર્ધિ) *a.* Valuable;deserving; virtuous:ભલું;નેક;ઉત્તમ;સદ્ગુણી;નેકી. 2. Entitled to meriting:યોગ્ય; લાયક 3. Of high social position: ઊંચા ઘરનું; આબરૂદાર. *n.* A man of eminent worth:સજ્જન;ભલુ ગુણી માણસ.

Wound,(વૂન્ડ્) *n.* A hurt or injury caused by violence;a cut,stab,rent or the like:જખમ;ઘા; ઘાવ. *vt.* To hurt by violence:જખમ કરવો;ઘાયલ કરવું 2.To hurt the feelings of:-ને

Wove,(વૉવ્) *Pret of* **weave.** [ખોટું લગાડવું.

Wrack,(રૅક્)*n.* A rack;a thin flying cloud: વાદળી.*vt.*To torment:દુઃખ દેવું.*n.*Ruin:નાશ.

Wrangle,(રૅન્ગલ્)*vi.*To argue:તકરાર કo; વિરોધ વાદવિવાદ કo *vt.*To involve in a quarrel:તકરાર -લડાઈ ઝઘડા ટંટામાં પડવું; હોંસાતોંસી કo. *n.* An angry dispute:ઝગડો;કજીઓ;હુજ્જત; હોંસાતોંસી

Wrangler, (રૅન્ગ્લર્) *n.* One of those who have attained the first class in the mathematical honor examination in the University of Cambridge:કેમ્બ્રીઝની પાઠશાળામાં ગણીતની પરીક્ષામાં પહેલે નંબરે આવેલો વિદ્યાર્થી.

Wrap, (રૅપ્)*vt.* To snatch up:લઈ જવું. *vt.* To wind or fold together:લપેટવું.2. To cover by winding or folding:લપેટવું વિંટવું.

Wrapper,(રૅપર્)*n.* One who or that which wraps:ઢાંકનાર;વિંટાળનાર.2.Envelope; covering:બાંધણ;ઢાંકણ;પરબીડિયું.

Wrappage,(રૅપેજ્) *n.* The act of wrapping: વિંટાળવું તે.2.Envelope; covering:વિંટાળવાનું કપડું-કાગળ ઈત્યાદી બારદાન;બાંધણ.

Wrath,(રૅાથ્)*n.* [L. *ira*, to be angry.] Violent anger: ગુસ્સો; ક્રોધ.

Wrathful, (રૅાથ્ફુલ્) *a.* Full of wrath; very angry: ક્રોધાયમાન;કોપાયમાન;ચિઢાઉ.

Wreak,(રીક્)*vt.* To revenge: વેર લેવું-વાળવું.

Wreath, (રીથ્) *n.* Something twisted or curled:કંઈ પણ ગુંથેલું તે;ગોટેગોટ 2.A garland: હાર;માળા; ગજરો.

Wreathe,(રીધ્)*vt.*To twist about:ગુંથવું;વણવું; વળ દેવો;કરવું.*vi.*To twine together:ગુંથવું;વણવું.

Wreathy,(રીધિ)*a.* Twisted;curled:વીંટેલું;ગુંથેલું;વણેલું.2 Full of wreaths:માળા-હારથી ભરેલું.

Wreck,(રૅક્)[L. *frango*, I break.] *vt.* Shipwreck:વહાણનું ભાગવું તે;નૌકાભંગ.2.Ruin;destruction or injury of anything:નાશ;પાયમાલી;ખરાબી; ધૂળધાણી. 3 The ruins of a ship stranded:અથડાઈને ભાગી ગએલું વહાણ. *vt.* To shipwreak:વહાણ ભાંગવું.*vi.* To suffer wreck or ruin: ની ખરાબી થવી.

Wrecker,(રૅકર્) *n.* One who causes wreck: વહાણ ભાંગનાર. 2. One who visits a wreck for plunder:ભાગેલા વહાણનો માલ લૂંટનાર.3.One who is employed on saving the property or lives from a wrecked vessel:ભાગી ગએલા વહાણના માણસો તથા માલ બચાવનાર.3.A vessel employed by wrecker:માણસ તથા માલ બચાવનારનું વહાણ.

Wrench,(રૅન્ચ્) *n.* A violent twist: આમળો. 2.A sprain;કરમોડ;લચક.3. A screw key:સ્ક્રુ કાઢવા બેસાડવાનું હથીઆર *vt* To pull with a twist:જોર જુલમથી ખેંચી લેવું.આમળવું;મચડવું

Wrest,(રૅસ્ટ્)*vt.* To turn; to twist: અમળાવી-મચરડીને લેઇ લેવું;ઝૂટાવી લેવું. 2. To turn from truth:ફેરવી નાંખવું *n.*The act of wresting; a wrench:ઝુંટ;આકર્ષણ.

Wrestle,(રૅસલ્)*vi.*To contend by grappling with and striving to trip or throw down an opponent:કુસ્તી કo;યુદ્ધ કરવું.*n.*A struggle: કુસ્તી;મલ્લ યુદ્ધ.

Wrestling,(રૅસ્લિંગ્)*n.*Wrestle:કુસ્તી; મલ્લયુદ્ધ.

Wrestler,(રૅસ્લર્)*n.* One who is skilful in wrestling: પહેલવાન;મલ્લ કુસ્તીબાજ.

Wretch,(રૅચ્)*n.*A miserable person: કંગાલ; ગરીબ.2.A vile knave:લુચ્ચું-હરામી માણસ.

Wretched,(રૅચેડ્)*a.* Very miserable: દુઃખી; કંગાલ;ગરીબ 2.Worthless:હલકું ખરાબ.3.Wicked:ધિક્કારવા લાયક. [પણે; દુઃખીપણે.

Wretchedly,(રૅચેડ્લિ)*adv.*Miserably: કંગાલ-

Wretchedness,(રૅચેડ્નેસ્)*n.* Utter misery; દુઃખ;કષ્ટ;હાલ;ગરીબાઈ;કંગાલીયત;દુર્દશા.

Wriggle, (રિગલ્) *vi.* To squirm; to twist quickly about:અમળાયા કo *vt.*To move with short quick contortions:આમતેમ હલાવવું *a.* Frisky;pliant:નરમ; વળે એવું. [કારીગર કરનાર.

Wright,(રાઈટ્)*n* An artificer; a workman:

Wring,(રિંગ્)*vt.* To twist and compress: નિચોવવું;નિચોવી કાઢવું.2.To pain:દુઃખ દેવું.3.To pervert:ફેરવવું.4.To subject to extortion;પર બળાત્કાર વાપરવો.*vi.*To writhe: આમળવું;મરડવું.

Wrinkle,(રિંકલ્)*n* A crease;a slight fold: કરચલી;વળ;રાળ.*vi.*To corrugate:કરચલી વાળવી-પાડવી.*vi.*To shrink into furrows & ridges;

કરચલી વળતી પડતી.

Wrist,(રિસ્ટ્) *n.* The joint between the hand and the arm:કાંડું;પહોંચો.

Wrist-hand,(રિસ્ટ્હૅન્ડ્)*n.* The band of the sleeve of a shirt which covers the wrist: ખમીસની બાંયનો પહોંચા ઉપરનો ભાગ-પટો.

Writ,(રિટ્)*n.* That which is written; writing;scripture: ધર્મપુસ્તક-ગ્રંથ; ધર્મશાસ્ત્ર. Holy writ The Bible. 2.An instrument in writing under seal:હુકમ;સનદ;આજ્ઞાપત્ર.

Write,(રાઈટ્) *vt.* To set down as legible characters:લખવું.2.To set down for reading; to inscribe: લખવું. 3. To compose or produce:રચવું;જોડવું;બનાવવું. *Tow to.* to communicate by a written document to:કાગળ પત્ર લખવો. *vi.* To express words and sentences by written signs: લખવું. 2. To act as a clerk:કારકુનનું કામ ક૦. 3. To compose: પુસ્તક રચવું.

Writer,(રાઈટર્)*n.* A scribe; a clerk: લખનાર; કારકુન;લેખક.2. An author:ગ્રંથકાર;ગ્રંથકર્તા.

Writer-ship,(રાઇટર્-શિપ્)*n.* The office of a writer:મહેતાગીરી;કારકુની.

Writhe,(રાઇધ્)*vt.* To twist; to turn: મચડવું; મરડવું. 2. To extort; to wring: જોર જુલમથી કઢાવવું:નિચોવવું.*vi.*To be distorted: અમળાવું.

Writing,(રાઇટિંગ્) *n.* The act or art of, forming letters and characters on paper: લખવાનું કામ;લેખનવિદ્યા.2.(*a*)Any legal instrument:લખત;ખત;દસ્તાવેજ.(*b*)An inscription: લેખ.3 Handwriting: અક્ષર. 4. Written letters or characters;લિપિ;વર્ણ; અક્ષરરચના. **W.** *obligatory*, a bond:ખત;દસ્તાવેજ.

Writing-board, (રાઇટિંગ્-બૉર્ડ્) *n.* A board for writing:પાટી;પાટીયું.

Written,(રિટન્)*p p.* of **Write**:લખેલું.

Wrong,(રૉન્ગ્)*a.*Not according to the laws of good morals;not true or legal;not just or equitable: ખોટું;અન્યાય યુક્ત;ગેરવાજબી;ઉંધું; અવળું.2.Not right;mistaken:ખોટું;અસત્ય 3. Designed to be worn or placed inward: અવળું; ઉલટું.*adv.*In a wrong manner; not rightly; ill:ગેરવાજબી રીતે.

Wrong,(રૉન્ગ)*n.*(*a*) Deviation from duty: અન્યાય;અધર્મ.(*b*)State of falsity:error:ભૂલ; ભ્રાન્તિ.(*c*) A trespass; a violation of right: કોઈના હક ઊપર ત્રાપ.(*d*)An injury done to or received from another:અપરાધ;અન્યાય;જુલમ; ખરાબી;નુકશાન;ઈજા.*vt.*To treat with injustice: -નેનુકશાન કરવું.2.To impute evil to unjustly: ગેરવાજબી રીતે દોષમાં નાંખવું.

Wrong-ful,(રૉન્ગફુલ્) *a.* Full of wrong; unjust;unfair:નુકશાનકારક;ગેરવાજબી;ખોટું.

Wrong-fully,(રૉન્ગ્ફુલિ) *adv.*Unjustly;unfairly:ગેરવાજબી રીતે;ખોટી રીતે.

Wrong-headed,(રૉન્ગ્હેડેડ્)*a.* Perverse:અડિઅલ;વાંકું;આડું;જક્કી;હઠીલું.

Wrongly,(રૉંગ્લિ) *adv.* Unjustly; amiss:ગેરવાજબી રીતે;નાહક;ફોકટ.

Wrote,(રોટ્)*pret* Of write:લખ્યું.

Wroth,(રૉથ્)*a.*Full of wrath,angry,incensed:ક્રોધાયમાન;ગુસ્સે થએલું; ક્રોધિત.

Wrought,(રૉટ્) *Imp. & p. p.* **Work**:કેળવેલું-શોધેલું;ઘડેલું.Wroughtiron:ખરૂં લોઢું. [ળ્યું;કાઢ્યું.

Wrung, (રંગ્) *pret. & p.p.*Of **wring**:નીચો-

Wry,(રાઈ) *a.* Turned to one side; twisted; distorted:વાંકું; વાંકડું. 2. Out of place:ઠેકાણા વગરનું.3. Wrested; perverted:મચડી બેસારેલું. *vi.*To twist; to writhe:મરડાવું-મચડાવું. 2.To go away or astray:અવળે રસ્તે-માર્ગે જવું.

Wynd,(વાયન્ડ્)*n.*A narrow lane or alley:આગની અંદરનો સાંકડો રસ્તો.

X.

X, (એક્સ્) The twenty forth letter of the English alphabet.It has three sounds:અંગ્રેજી મૂળાક્ષરનો ચોવીસમો અક્ષર;ગુજરાતીમાં એના, કસ,ગ્સ અને ઝ્ એવા ત્રણ ઉચ્ચાર થઈ શકે છે.2.આંકડા તરીકે ૧૦ ને માટે વપરાય છે.

Xanthic,(ઝૅન્થિક્) [Gr. *xanthos*,yellow.] *a.* Tending toward a yellow colour:પીળાશપર.

Xanthin,(ઝૅન્થિન્) [Gr. *xanthos*, yellow.]*n.* A yellow insoluble coloring matter extracted from yellow flowers: સૂર્યફુલ આદિ પીળાં ફુલોમાંથી કાઢેલો પીગળે નહિ એવો પીળો રંગ.

Xanthous,(ઝૅન્થસ્)*a.*Yellow:પીળું.Specifically of or pertaining to those races of man which have red,yellowish and brown hairs: ભુરીઉ (માણસ.)

Xebec,(ઝીબેક્)*n.*A small threemasted vessel: ભૂમધ્ય સમુદ્રમાં વપરાતું ત્રણ ડોળી વહાણ.

Xenodochy,(ઝીનૉડૉકિ)*n.*Hospitality:આગતા સ્વાગતા;પરોણાચાકરી.

Xerophagy, (ઝીરૉફજાઇ) [Gr. *xeros*, dry & *phagein*,to eat.]*n.*The living on a diet of dry food:સુકું માંસ ખાઈ રહેવું તે.

Xylanthrax,(ઝાઇલૅન્થ્રૅક્સ)*n.*Wood charcoal: લાકડાનો કોયલો.

Xylographic,(ઝાઇલૉગ્રૅફિક્)*a.*Of or pertaining to wood graving:લાકડાંપર કોતરવાની વિદ્યા સંબંધી.

Xylography, (ઝાઇલૉગ્રૅફિ) [Gr. *xylon,* wood & *grapho* I write.]*n.*The art of engraving on wood: લાકડાંપર કોતરવાની કળા.

Xylophagous,(ઝાઇલૉફગસ્)[Gr.*xylon,*wood & *phagein,*to eat.]*a.*Boring or destroying wood: લાકડાંખાઉ;લાકડામાં શળો કરતું.

Xyst,Xystus,(ઝિસ્ટ્-સ્ટસ્)*n.*A long & open portico for athletic exercies:કસરત વિગેરેનો અખાડો; મલ્લશાળા.

Xystarck,(ઝિસ્ટાર્ક્)*n.*An officer having the superintendence of the xyst: અખાડાપર દેખરેખ રાખનાર;અખાડાનો અધ્યક્ષ.

Xyster,(ઝિસ્ટર્)*n.*An instrument for scraping bones:હાડકાં શારવાનું ઓજાર-સારડી.

Y.

Y,(વાઇ) The twenty fifth letter of the English alphabet:અંગરેજી મુળાક્ષરનો પચીસમો અક્ષર.

Yacht,(યૉટ્)*n.*A light and elegantly furnished vessel used either for private parties of pleasure or as a vessel of state to convey distinguished persons from one place to another:સહેલ કરવાનું નાનું વહાણ; ક્રીડાનૌકા.

Yatchting,(યૉટિંગ્)*n.* Sailing for pleasure in yacht:નૌકાક્રીડા; વહાણની સહેલ-સેલધા.

Yam,(યૅમ્)*n.*A large,esculent fabrinaceous tuber:રતાળુ.*Elephant's foot* **y**.:સુરણ.

Yard, (યાર્ડ્) *n.* A measure of three feet: ત્રણ ફુટનું માપ;વાર 2.[L. *hortus,* garden] An inclosure:આંગણું;વાડો.

Yard-arm, (યાર્ડ્આર્મ્) *n.* Either half of a square rigged vessel's yard:વહાણના પરબાણનો અડધો ભાગ. [વાનો વાર.

Yard-stick,(યાર્ડ્સ્ટિક્)*n.* A yard: લુગડાં ભરવાનો વાર.

Yarn,(યાર્ન) *n* Spun Wool; woolen thread: તાર; તાંતણો; દોરો. 2. One of the threads of which the rope is composed: ફેધ; તાર. *To spin a* **y**:વાત કહેવી.

Yawl,(યોલ્)[Gr *gaulos,*a round built vessel. *n.*A small ship's boat:હોડકું;નાવડું.

Yawn, (યૉન્) [Gr. *chaino,*to yawn.] *vi.* To gape:બગાસું ખાવું.2.To open wide:પહોળું થવું. *n.*An involuntary act excited by drowsiness:બગાસું.

Yawning, (યૉનિંગ્) *a.* Opening mouth:બગાસું ખાતું;પહોળું થતું.2.Sleepy:ઉંઘતું;ઉંઘણસી. *n.*The act of yawning:બગાસું ખાવું તે; બગાસું.

Yclept,(આઇક્લેપ્ટ્)*a.* Named:નામનું;નામે.

Ye,(યી) *pron.* The plural of the pronoun in the second person in the nominative case: તમે (ઇ).*pl you.*Used in poetry:આપ.

Yea, (યેઅથવાયી) *adv.* Yes; aye: હા; ભલે; હોય 2. More than this;but:પણ;વળી; પરન્તુ; વિશેષમાં. *n.*An affirmative vote:હકાર.

Yean,(યીન્)*vt.&vi.* To bring forth young;to ean:જણવું;વ્યાવું;ને બચ્ચું વેતરવું.

Yeanling,(યીન્લિંગ્)*n.* A lamb or a kid: ઘેટાનું બચ્ચું.

Year, (યીર્) *n.* The time of the apparent revolution of the sun through the ecliptic: વર્ષ;સાલ;વરસ.2.(*pl.*)Age or old age:વય;ઉમર; વરસ;વૃદ્ધાવસ્થા.**Y**.*after* **y**.:પ્રતિવર્ષ;સાલ દરસાલ. **Y**.*by* **y**.:વર્ષોવર્ષ;દરસાલ.*Declining* **y**.s ઉતરતી વય;વૃદ્ધાવસ્થા.*New* **y**'s *day*:બેસતું વર્ષ.*Of tender* **y**.,young:ન્હાની ઉમરનું.

Yearling,(યીર્લિંગ્)*n.*Being a year old:વરસ દહાડાનું જાનવરનું બચ્ચું.

Yearly,(યીર્લિ)*a.* Annual; દર વરસનું; વાર્ષિક. 2. Lasting a year:એક વરસ જીવનાર-ટકનાર-રહેનાર. 3. Accomplished in a year:એક વરસમાં પુરું થનારું;વાર્ષિક.*adv.*Annually:દરવર્ષે.

Yearn,(યર્ન્)*vt.*To pain:દુખવવું;દુઃખવવું. *vi.* To be pained: ને દુઃખ થવું. 2. To long; to be eager:ટાંપી રહેવું;ઘણાજ આતુર રહેવું.

Yearn,(યર્ન્)*vi.&t* To curdle as milk:દુધ જામવું-જમાવવું;અખરાવવું;આખરવું.

Yearning,(યર્નિંગ્)*a.* Desirous;eager: આતુર; ઘણુંજ ઉત્કંઠિત;ઉત્સુક. *n.* Longing; desirous: ઉત્કંઠા;વાત્સલ્ય.

Yeast,(યીસ્ટ્)*n.* Barm;ferment:ખમીર;તાડી 2. Spume or foam of water:પાણીનું ફીણ.

Yelk, (યેલ્ક્) *n.* The yellow part of an egg: ઇંડાની અંદરનો પીળો માવો;હળજરદી.

Yell,(યેલ્)*n.* A sharp loud outcry: ચીસ;બૂમ. *vi.*To cry out:ચીસ પાડવી.

Yellow,(યેલ્લો)[L.*gilvus,*pale yellow.]*a.* Being of a bright saffronlike color:પીળું;પીતવર્ણું, **Y** *fever*: કમળો. *n.* A bright golden color reflecting more light than any other except white: પીળો રંગ. 2. A yellow pigment: પીળો લેપ-મલમ. *vt.*To make yellow: પીળું રંગવું.*vi.*To become yellow:પીળું હોવું.

Yellowish,(યેલૉઇશ્) *a*. Somewhat yellow: પીળાશ પડતું;પીળાશપર;પીળાશમારતું;પીળચટું.

Yellowness,(યેલૉનેસ્)*n*.The quality or state of being yellow:પીળાશ;પીળાપણું.

Yelp,(યેલ્પ્)*vi*. To boast:અભિમાન-અહંકાર-ફુલ મારવી; પતરાજી ક૦. 2. To bark shrilly: ચીસ પાડવી; બૂમ પાડવી. *n*. A sharp quick cry; a bark:ચીસ;ભસવું તે.

Yeoman,(યોમૅન્)*n*.A freeholder,a man free born:જમીનદાર;ખેડુત. Y.*of the guard*,one of the body guard of the sovereign: રાજાનો અંગરક્ષક;મધ્યમ પદવીનો અમલદાર.

Yeomanry, (યોમૅન્રિ) *n*. The position or rank of a yeoman:ખેડુતની પદવી.2.The collective body of yeoman:ખેડુત સમસ્ત.

Yerk,(યર્ક્)*vt*.To throw or thrust with a sudden smart movement:ઝડપથી ફેંકવું;ધક્કો હડસેલો દેવો-મારવો. *vi*. To throw out the heels; to jerk:જોરથી ફેંકવું.2.To move with quick motion: આંચકો ખાવો. *n*. A sudden or quick thrust or motion; a jerk:કુદકો;ધક્કેલો.

Yes,(યેસ્)*adv*.Ay;yea;a word expressing affirmation:હા;ઠીક;વારુ;હોય.

Yester,(યેસ્ટર્)*a*.Last; past: કાલનું;ગયું;છેલ્લું.

Yesterday,(યેસ્ટર્ડે)*n*. The day last-past: ગઈ કાલ; ગઈ કાલનો દીવસ.2.A recent time:કાલે-જ;હમણાં;થોડા વખતપર.*adv*. On the day last past:ગઇ કાલે.

Yester-night,(યેસ્ટર્-નાઇટ્)*n*.The last night: [ગઇ રાત-રાત્રી.

Yet,(યેટ્)*adv*. In addition:હજુ;હજુ તો;ઉપરાંત.2.Up to the present time; thus far; hitherto:આજ સુધી-પર્યંત;હજુ. 3. Before some future time;before the end:તે પહેલાં;હજુતો 4 Even:પણ;તેમજ;પણ.*Conj*.Nevertheless; notwithstanding:તેમ છતાં.

Yew,(યૂ)*n* An ever green tree:આ નામનું બારે માસ લીલું રહેતું ઝાડ.2.The wood of the yew: યુ જાતનું લાકડું. *a*. Of or pertaining to yew trees:યુ ઝાડને લગતું-નું.

Yield, (યીલ્ડ્) *vt*. To give in return for labor expended;to produce as payment or interest;to pay:આપવું;બદલો આપવો;ઊપજાવવું;-ની ઊપજ-આવક-પેદાશ થવી.2.To furnish; to afford;to render: પુરું પાડવું;આપવું;-માંથી નીકળવું. 3.To give up; to resign;to surrender:છોડી દેવું;ત્યજવું;જવા દેવું;મરજી ઊપરાંત આપવું-હવાલે ક૦. 4 To concede,to allow:કબૂલ,માન્ય કરવું *Toy. the breath,the ghost,or the life*; to die:મરી જવું.*vi*.To give up the contest: તાબે થવું; શરણ થવું.2.:To comply with; to assent:કબુલમાન્ય કરવું.3.To give way:-ને તાબે આધીન થવું. *n*. **Amount** yielded;product:ઊપજ; પેદાશ.

Yielding,(યીલ્ડિંગ્)*a*.Inclined to give way or comply:દબી જાય એવું;નરમ;કુમળ.

Yoke,(યોક્)*n* [L.*jugum*, an yoke.] A bar or frame of wood by which two oxen are joined at the heads or necks for working to-gether:ઝુંસરી;ધુંસરી. 2.A frame of wood fisted to a person's shoulders for carrying pails:કાવડ.3.That which connects or binds a chain;a link;a bond or connection:સંબંધ;ગાંઠ.4.Slavery;bondage: ગુલામગીરી. 5. A couple:જોડ;જોડી. 6. The quantity of land plowed in a day by a yoke of oxen:બળદની જોડે એક દિવસમાં ખેડેલી જમિન.7.A portion of the working day:કામ કરવાના દિવસનો ભાગ; વખત *vt*.To put a yoke on:જોડવું;ધુંસરીએ વળગાડવું 2.To couple:-ને જોડ કરી આપવી. 3. To enslave:તાબે ક૦.*vi*.To be joined or associated:સાથે જોડાવું.

Yoke-fellow,(યોક્-ફેલૉ)*n*. A mate;a fellow: જોડીઓ;સોબતી:બરોબરીઓ; સંગાથી; ગોઠીઓ.

Yolk, (યોલ્ક્ or યોક્) *n*. The yellow part of an egg:ઇંડાની અંદરનો પીળો માવો; જરદી.

Yon-yonder,(યોન્ યોન્ડર્)*a*.Being at a distance but withinview:પેલીમેરનું;પેલુ.*adv*.At a distance but within view:પણે;પેલીમેર-તરફ.

Yore,(યોર્)*adv*.In old time;long since:અસલ.*Of* y.:અસલનું; આગલા જમાનાનું-પ્રાચીનકાળનું.

You,(યુ) *Pron*.The pronoun of the second person, plural in the nominative,dative & objective case indicating the person or persons addressed:તમે.

Young, (યંગ્) *a*. Not old; juvenile: જુવાન; ન્હાની ઊમરનું;તરૂણ.2.Being in the first part or period of growth: કુમળું; ન્હાનું. *n*. The young offspring of animals: બચ્ચું, શિશુ.

Younger, (યંગર્) *a*. One who is younger; junior:વધારે ન્હાનું;અનુજન્મા.

Youngster,(યંગ્સ્ટર્) *n*. A young person; a lad:જુવાન માણસ;છોકરો;કુમાર.

Your-yours, (યોર્-યોર્સ્) *pro*. The form of the possessive case of the personal pronoun *you*:તમારું;તારું.

Your-self,(યોર્-સેલ્ફ્) *pro*. An emphasized or reflexive form of the pronoun of the second person:તેમજ; તમે જાતે; તું જાતે;તમારી-તારી મેળે.

Youth,(યુથ્) *a*. The state of being young; youthfulness juvenility:જુવાની;જોબન;તારૂણ્ય ધર્મ 2. The part of life that succeeds childhood:જુવાની; તારૂણ્ય;યૌવન; યુવાવસ્થા 3. A young person: જુવાન માણસ.

Youthful, (યુથ્ફુલ્) *a*. Not yet mature or

aged:*young*:જુવાન;જ્હાનું;યુવા;તરૂણ. 2. Of or pertaining to the early part of life:જુવાનીયું; યુવાવસ્થાનું.3. Fresh: તાજું નવું.

Yule,(યુલ્)*n*.Christmas:નાતાલનું અસલનામ.Y. *block or* y *log*,a large log of wood formerly put on the hearth on Christmas eve as the foundation of the fire:નાતાલની આગલી રાત્રે દેવતા ઊપર મૂકેલું મોટું ગચ્છિયું.

Z.

Z, (ઝેડ) The twenty sixth and last letter of the English alphabet:અંગ્રેજી મુળાક્ષરનો છવીસમો અક્ષર.

Zany,(ઝેનિ)*n*.[L.*zanni*.,a baffoon.]A merry andrew;a baffoon: મશ્કરો;વિદુષક;ભાંડ. *vt*. To mimic:મશ્કરી કo.

Zarnich, (ઝાર્નિક્) *n*. Native sulphide of arsenic:મનશીલ.

Zeal,(ઝીલ્)*n*·[L.*zelus*]Passionate ardour in the pursuit of anything:ઉત્સાહ;હોંશ;આતુરતા;ઉત્કંઠા;જોશ;ઉલટ.

Zealot, (ઝેલૉટ્)*n*. One who is zealous: બેહદ આતુરતા વાળો માણસ:ગાંડો;હવસખોર;અતિઆગ્રહ.

Zealous,(ઝેલસ્)*a*. Filled with zeal,ardent: ઉલટવાળું;આતુર.2.Filled with religious zeal: તનમન દેનાર;ઝનુની.

Zealously, (ઝેલસ્લિ) *adv*. Ardently: ઉલટથી; આતુરતાથી;હોંશથી;આસ્થાપૂર્વક;આસ્થાપુરઃસર.

Zebra,(ઝીબ્રૅ)*n*.A scuth African wild horse remarkable for having white body and marked with dark brown stripes: જંગલી જાતનું જનાવર;ઝેબ્રૅ;વનગર્દભ.

Zebu,(ઝીબ્યૂ)A bovine mammal: આખલો; બળદ;ગોધો.

Zedoary,(ઝીડોઍરિ)*n*.A medicinal substance obtained in the East Indies, having a fragrant smell and a warm taste:આંબા હળધર;વનહરિદ્રા.

Zemindar,(ઝેમિન્દાર્)*n*.A landlord:જમીનદાર.

Zenana,(ઝીનૅનૅ) *n*. The part of a dwelling appropriated to women: જનાનો; અંતઃપુર; જનાનખાનું.Females:સ્ત્રીવર્ગ.

Zend,(ઝેન્ડ)*n*.The name of a language:જન્દ ભાષા; જે ભાષામાં પારસીઓનું અવસ્થા નામનું ધર્મ પુસ્તક લખાયું છે તે ભાષા.

Zend·avesta, (ઝેન્ડ્·ઍવેસ્ટ) *n*. The sacred writings of the ancient Persian religion: પારસીઓનું ધર્મ પુસ્તક;ઝન્દેઅવસ્થા.

Zenith,(ઝીનિથ્)*n*.The point of the heavens directly over heads: શિરોબિંદુ; મધ્યલગ્ન. Z. *distance*: નત;નતાંશ: નતભાગ. *Sine of the* z. *distance*:દૃગ્જ્યા. 2. The point of culmination;the height of success or prosperity: ટોચ;શિખર;પરાકાષ્ઠા.

Zephyr, (ઝેફર્) *n*. Any soft gentle breeze: શીતળ મંદમંદવાયુ;મંદવાયુ.

Zero,(ઝીરો)*n*.A cipher;nothing:મીંડું;શૂન્ય;બિંદુ.

Zest,(ઝેસ્ટ્)*n*.(*a*)An appetizer:સ્વાદ·રૂચિ આપનાર પદાર્થ-વસ્તુ (*b*) Gusto; relish: લેહેજત;સ્વાદ; રૂચિ·અભિરૂચિ.

Zigzag, (ઝિગ્ઝૅગ્) *a*. Something that has short turns or angles: વાંકો ચૂકો પદાર્થ. *a*. Having short sharp turns:વાંકુંચું કું. *vt*. To form with short turns:લહેર પાડવી.

Zinc,(ઝિંક્) *n*. A bluish white metal: જસત. *vt*. To coat with zinc:જસત વાળું કo.

Zincky,(ઝિંકિ) *a*. Pertaining to zinc:જસતવાળું-નું·સંબંધી.

Zincode,(ઝિંકોડ્)*n*. The positive electrode of an eletrolytic cell: વીજળીના સાંચાનો જસતના પત્રાંને જોડેલો તાર.

Zincography,(ઝિંકૉગ્રૅફિ) *n*. The art or process of engraving on zinc: જસતનાં પતરાં ઉપર કોતરવાની વિદ્યા.

Zion,(ઝાઇઅન્)*n*. The church of God: ઇશ્વરના સેવકોનું મંડળ.2.A hill in Jerusalem, which after the capture of that city by the Israelites, became the royal residence of David: જેરૂસલેમ શહેરના અંદર દાઉદ રાજા જે ટેકરી ઉપર રહેતા હતા તે.3 Heaven:સ્વર્ગ.

Zodiac,(ઝોડિઍક્)*n*. [Gr.*zodion*,a little animal]An imaginary belt in the heavens: રાશી;મંડળ;રાશિચક્ર.*Passage of the sun or a planet from one sign of the* z. *into another*: સંક્રાંતિ·સૂર્યસંક્રમણ. *String or ring of the signs of the* z :લગ્નકુંડળી.

Zodiacal,(ઝોડિઍકલ્)*a*.Situated within the zodiac:રાશી મંડળનું.

Zone, (ઝોન્) *n*. A girdle: કમર-કટીબંધ-બંધન; કમરપટો; કટિબંધન. 2. One of the five great divisions of the earth: કટિબંધ. There are five *zones* viz:-the*Torrid zone*.ઊષ્ણકટિબંધ. two *temperate zones*:સમશીતોષ્ણ કટિબંધ.and two *frigid zones*:શીતકટિબંધ.3 (*Math.*)The portion of the surface of a sphere included between two parallel planes:બે સમાંતર સપાટીઓની વચ્ચેનો પ્રદેશ.

Zoo·grapher,(ઝોઑગ્રૅફર્) *n*. One who des·

cribes animals:પશુવર્ણન કરનાર.
Zoography, (ઝોઑગ્રફિ) *n.* A description of animals:પશુવર્ણન;પશ્વાદિવર્ણન.
Zoological,(ઝોઑલૉજીકલ્)*a.* Of or pertaining to zoology:પ્રાણીવિદ્યાને લગતું.
Zoologist,(ઝોઑલૉજીસ્ટ્)*n.* One who is well versed in zoology:પ્રાણી વિદ્યામાં પ્રવીણ-કુશળ.
Zoology,(ઝોઑલૉજી)*n* [L *zoon*,an animal & *logos*, a discourse.] That part of biology which relates to the animal kingdom:જીવજંતુ વિદ્યા; જીવ માત્ર વિદ્યા. 2. A treatise on this science:પશુવિદ્યા ગ્રંથ.
Zoonomy,(ઝોઑનૉમિ)*n.*[Gr.*zoon*,an animal & *nomos*, a name.] The laws of animal life:પ્રાણીની જીંદગીના નિયમો.
Zoophyte,(ઝોઑફાઇટ્) *n.* [L. *zoon* & *phuton*,a plant.]Any one of numerous species of invertebrate animals, which more or less resemble plants in appearance, or mode of growth: પ્રાણી તથા વનસ્પતિને મળતો આવતો કોઈ પદાર્થ;પ્રાણી શરીર વ્યવચ્છેદ.
Zoopsychology, (ઝુઓસાયકોલૉજી) *n.* The psychology of lower animals: હલકા વર્ગની પ્રાણી વિદ્યા.
Zootaxy,(ઝુઓટૅક્સી) Science of the classification of animals:પ્રાણીના વર્ગની વિદ્યા.
Zootechny,(ઝુઓટેકની)*n* Science of breeding & domestication of animals:પ્રાણીઓને ઉછેરવાની ને પાળવાની વિદ્યા.
Zootocology, (ઝુઑટોકૉલૉજી)*n.* The biology of animals:પ્રાણી વિદ્યા.
Zoroastrianism,(ઝોરોઍસ્ટ્રીઍનીઝમ્)*n.* The ancient religion founded by *Zoroaster*:જરતોસ્ત પેગંબરે સ્થાપેલો અસલ ધર્મ;પારસીનો ધર્મ.
Zulu,(ઝુલુ) *n.* A branch of the Bantu division belonging to South Africa:દક્ષિણ આફ્રિકામાં બંટુ જાતના લોકની શાખા.
Zymurgy, (ઝાયમર્જી) *n.* The department of Chemistry treating of wine making: દારૂ બનાવવાનો રસાયણ શાસ્ત્રનો ભાગ.

Appendix A.

LANGUAGE OF GEMS.

Agate, Health; longevity; wealth.
Alexandrite, Undying devotion.
Amethyst, Deep and pure love;
Beryl, Happiness; everlasting youth.
Bloodstone, Courage; wisdom.
Carnelian, Prevents misfortune.
Cats-eye, Warns of danger and trouble.
Chalcedony, Disperses melancholy.
Chrysolite, Gladdens the heart. [storms.
Diamond, Purity preserves peace;prevents
Emerald, Immortality;incorruptible.
Garnet, Insures power, grace,and victory.
Hyacinth, Gives second sight.
Jacinth, Modesty.
Jasper, Courage; wisdom.
Moonstone, Good luck.
Onyx, Conjugal felicity.
Opal, Hope; innocence.
Pearl, Purity; innocence.
Ruby, Charity; dignity; divine power.
Sapphire, Constancy; truth; virtue.
Sardonyx, Conjugal happiness.
Topaz, Friendship; happiness.
Turquiose, Prosperity; soul-cheerer,

APPENDIX B·

WORDS, PHRASES, AND NOTEWORTHY SAYINGS.

From the Latin, French and other languages frequently occurring in English authors,&c ,rendered into English with their Gujarati equivalents.

A.

A bas.[Fr.] Down:નીચે. [બાજુથી.

Ab extra [L.]From without: બહારની; બહારની

Ab incunabilis.[L.]From the cradle: પારણામાંથી;બાલ્યાવસ્થામાંથીજ.

Ab initio.[L.]From the beginning:શરૂઆતથી; અસલથી;આદિથીજ;પહેલેથીજ.

A bon chat,a bon rat.[Fr.]Tit for tat:છાણના દેવને કપાસીઆની આંખો;આડે લાકડે આડો વેહ.

Ab origine.[L.]From the beginning: શરૂઆતથી; પહેલેથી.

Absente reo.[L.]The accused person being absent:તહોમતદારની ગેરહાજરીમાં.

A capite ad calcem.[L.]From head to heel: નખશિખ;નખથી શિખાસુધી; પગથી માથાસુધી.

A compte.[Fr.] In part payment: હફ્તે હફ્તે; કડકે કડકે.

Ad emi.[Fr.] By halves:અડધે અડધે; કડકે કડકે, અડધું પડધું;ઉપર ચોટિયું; ઉપર ટપકે.

Adeundem gradum [L.] To the same degree:એટલેજ અંશે;એટલે-એટલી હદ સુધી.

Ad extremum [L.]To the extreme;to the last degree:ઠેઠ સુધી;છેવટ સુધી;નિદાન.

Ad finem [L.]To the end:છેવટ-આખર સુધી.

Ad infinitum [L.]To infinity:અનંતકાળ-અનાદિકાળ સુધી;સર્વદા;સતત્.

Ad interim.[L.]In the mean while:દરમ્યાન; અરસામાં; વચમાં.

Ad Kalendal Gracas [L.]At the Greek Calends;never: કાળીચાંદરાતે; સોમવતી અમાસ અને શુક્રવારે;એટલે, કદી નહિ. [સ્વેચ્છાનુસારે

Ad libitun.[L.]At pleasure:ખૂશીમાં આવે ત્યારે;

Ad literan [L.]Letter for letter:અક્ષરે અક્ષર; અક્ષરશઃ;શબ્દે શબ્દ. [કાયર થતા સુધી.

Ad nauseam.[L.]To disgust:કંટાળો આવતા સુધી

Ad patres [L.]Gathered to his fathers;dead: રામશરણ થયેલું;ના દાદા પાસે ગયેલું;મરી ગયેલું.

Ad rem [L.]To the point:મુદ્દાસર.

Ad unguem [L.]To the nail; nicely: જરાએ જરા;સંપૂર્ણ રીતે;સચોટ:રામબાણ.

Ad valorem [L.]According to the value:કિંમત પ્રમાણે;કિંમતવાર;મૂલ્યાનુસાર;મૂલ્યાનુરૂપ.

Æqo animo [L.]With equanimity: શાંતપ્રકૃતિથી;મગજ ઠેકાણે રાખીને;ઠંડે પેટે. [કારણસર.

A fortiori.[L.] With stronger reason: સબળ

Agenda [L.]Things to be done:કરવાનાં કામો.

Ahuis clos [Fr.]With closed doors;secretly: બંધ બારણે;ખાનગી-છુપી રીતે;કોઇ ન જાણે તેમ;અપ્રસિદ્ધપણે.

Ala made [Fr.]According to the prevailing custom or fashion: સંપ્રદાય મુજબ; રીવાજ પ્રમાણે;ચાલતી રૂઢી પ્રમાણે.

Alere flammam [L.] To feed the flame:અગ્નિમાં લાકડાં હોમવાં;ભડકો કo.

Amicus usque ad aras. [L.] A friend even to the altar:માથું આપે તે મિત્ર.

Ami de cour.[L.]A false friend:શેરી મિત્રો સો ગણા,તાળીમિત્ર અનેક;ભીડપડે વળગીરહે,સોલાખનમેં એક

Amorpatriæ.[L.]Love of country:સ્વદેશપ્રેમ.

Amour propre [L.]Self-love;vanity:આપવડાઈ.

Anno Domini [*A D.*)[L.]In the year of our Lord:ઇ૦સ૦;સને;સન.

Anno mundi.[L.]In the year of the world: દુનિયાના વરસમાં. [રનું;પહેલા પહોરનું.

Ante meridiem [L.]Before noon: બપોરે;બપો-

A posse ad esse, [L.] From possibility to reality:સંભવિત વાત ઉપરથી ખરીવાત ઉપર.

A posteriori. [L.] From the effect to the cause:કાર્યથી કારણ ઉપરે. [કારણથી કાર્ય ઉપર.

Apriori. [L.]From the cause to the effect:

Apropos.[Fr.]In the point;reasonably:મુદ્દાસર

Aqua vitæ.[L.] Brandy:બ્રાન્ડીદારૂ.

Are-en-ciel.[Fr.]Rainbow:મેઘધનુષ્ય;ઇંદ્રધનુષ્ય.

Argumentum a fortiori.[L.]: સુતરાંન્ નતરામ્ ન્યાય.

Atout prix [Fr.]At any price:ગમેતે-તેટલીકિંમતે

Aut Cœsar aut nullus [L.]Cæsar or nobody: first or nothing:મારવો હસ્તિનેલુંટવોતો ભંડાર.

Aut vim ceri out mori. [L.] Either to conquer or die:મારવું કે મરવું.

A vant propos.[Fr.]Preface:પ્રસ્તાવના.

A volonte [Fr.]At pleasure:મરજીમાં આવે ત્યારે.

B.

[સ્ત્રી;વિદુષી.

Bas bleu.[Fr.]Literary woman: પંડિતા; વિદ્વાન્

Beau ideal.[Fr.] A perfect model of beauty: રતિ.

Beaux yeux[Fr.]Attractive looks:સ્વરૂપવાનકાંતિ

Betes prit.[Fr.]A person of genius:મહાબુદ્ધિમાન પુરૂષ.

Bete noire.[Fr.]A bug-bear:બાવો:મણુમઠીઓ.

Bis dat qui cito dat.[L.]He who gives quickly, gives twice as much:તરતદાન ને મહાપૂન્ય.

Bis pueri sense [L.]Old men are twice boys: ઘડપણ એ બીજું બચપણ.

Bona fide.[L.]In good faith:સદ્બુદ્ધિથી

Bon ami.[Fr.]Good friend:સારો મિત્ર.

Bon bon.[Fr.]A sweetmeat:મિઠાઇ;સારૂં સારૂં (ખાવાનું;મિષ્ટાની ચાઈ ચાહ.

Bon gre. malgre [Fr.]Willing or unwilling: [આડા રતીને.]

Bonhomie [Fr.]Good nature;frankness:સારો સ્વભાવ;નિખાલશપણું; નિષ્પાપ.

Bon jour.[Fr.]Good-day:રામ રામ.

Bon ton.[Fr.]The height of fashion:ફાસીનની (ફીશીઆરી.

Bon vivant [Fr.]A good liver;a gourmand: અત્યાહારી.

Brevi manu.[L.]Without delay:સત્વર.

Brutum fulmen.[L.] A harmless thunderbolt:ઢમઢોલ ને માંહે પોલ.

C.

Cetera desunt.[L.] The remainder is wanting:બાકીનું કયાં ગયું ?

Cæteris paribus. [L.] Other things being equal:એવાજ સંજોગ હોય તો.

Caca est invidia[L.]Envy is blind:અદેખાઇ. [આંધળી છે.

Canaille.[Fr.]The rabble:ધાંચી ગોલા.

Cap-a-pie.[Fr.]From head to foot: સર્વાંગે; નખથી શિખા સુધી.

Caput mortuum.[L.]The worthless remains: [કચરો;પુંજો.

Carpe diem.[L]Enjoy the present day:સમય વર્તે સાવધાન.

Casus bolli.[L.]That which justifies war:લડા- [ઇ કરવીજ જોઈએ.

Causa sine rua non.[L]An indispensable cause: અનિવાર્ય સરત.

Cest-a-dire[Fr.]That is to say:સારાંશકે.

Chacun a son gout.[Fr.] Every one to his taste:રાજાને ગમી તે રાણી,અને છાણાં વીણતી આણી.

Chef d'oeuvre.[Fr.]A masterpiece:વિદ્વત્તાભરેલો લેખ.

Chere amie.[Fr.]A dear friend; a mistress: [પ્રીયતમ;પ્રિયા.

Chevalier d'industrie.[Fr.]A swindler:ગજવાં કાતરૂ; ચીનનો શાહુકાર.

Cogito urgo sum.[L.] I think therefore I exist:વિચાર વિના વિશ્વ નહિ.

Communi consensu. [L.] By common con- [sent:સર્વાનુંમતે.

Compos mentis [L.]Of a sound mind:અક્કલ હોંશિયારીવાળો.

Con amore.[It.]Earnestly:ખરા અંત:કરણથી.

Conditio sine gua non.[L.]A necessary condition: અગત્યની શરત.

Consenus facit legem. [L.] Consent makes the law:કબૂલાત વિના કાયદો કેવો !

Constantia et virtute.[L.]By constancy and virtue:દૃઢતા અને સદ્ગુણ વડે.

Corpus delicti.[L.]The body of the offence: ગુન્હાનો સાર;મતલબ.

Couleur de rare.[Fr.]Rose colour;an aspect of attractiveness: ચિત્તાકર્ષકપણું.

Coup de grace. [Fr.] The finishing stroke: છેલ્લો હાથ મારવો તે.

Coup de main.[Fr.] Desperate effort or en- [terprise:સાહસકર્મ.

Coup d' œil.[Fr.]The first view:પ્રથમ દર્શન.

Credula res amor est [L.] Love is a credulous affair:ઇશક આંધળો છે.

Cucullus non facit monachum. [L.] The cowl does not make the friar:ટીલાં તાણે ભગત ન કહેવાય.

Cul de sac [Fr.]A blind alley:ગલીગુંચી.

D.

Da capo.[It.]From the beginning:શરૂઆતથીજ

Damnum absque injuria.[L]Loss without injury(*law phrase*):નુકસાન.

Damnum fatale.[L.]Irretrievable loss:ન પૂ- [રાય એવી ખોટ ટોટો.

De bonne grace.[Fr.]With good grace;willingly:ખુશીની સાથે.

De die in diem.[L.] From day to day:દિવસે [દિવસે.

De facto.[L.]Really:ખરી રીતે જોતાં.

De gustibus nonest disputandum.[L.]There is no disputing about tastes:સૌસૌના સ્વાદ જૂદા

Dei gratia[L]By the grace of God:ઈશ્વરકૃપાયે.

De jure.[L.]By right:હક પ્રમાણે; મારી ઠોકીને.

Delenda est Carthago.[L.]Carthage must be destroyed,*i.e.* our rival must be completely disposed of:રોગ અને શત્રુનેતો પ્રથમથીજ મારવા.

Desmortius nil nisi bonum.[L.]Of the dead say nothing but good:મરનારનું કદી ભૂંડું ન બોલો

De novo. [L.] Anew: નવેસર-નામે; ફરીથી.

Deo gratias.[L.]Thanks to God:ઇશ્વરનોપાડમાનો

Deo juvante.[L.]With God's help:પ્રભુ સહાયથી

Deo non fortuna.[L] From God, not from fortune:નસીબથી નહીં પણ પરમેશ્વરને લીધે

Deo volente.[L.]God willing: પરમેશ્વ કરશે તો.

Dernier ressort [Fr.] A last resource;a last appeal:છેલ્લો ઇલાજ.

Detour.[Fr] A turning; a circuitous route: [વાંકોચુંકો રસ્તો.

Dies non.[L.]A day on which judges do not sit (*law phrase*):અણુજો;રજાનો દહાડો.

Dieu defend le droit[Fr.] God defends the right:સત્યનો બેલી રામ.

Dieu et mon droit [Fr.]God and my right; જેને રામ રાખે તેને કોણ ચાખે ?

Dulce est desipere in loco [L.]It is pleasant to play the fool or unbend one's self, at the proper time:લગ્નનાં ગીત તે લગ્નમાંજ ગવાય.

Dum spiro, spero. [L.] While I breathe, I hope:સાસ ત્યાં સુધી આશ.

Dum vivimus,vivamus [L.]While we live, let uslive:જીવવું તો જીવ્યાનું સાર્થક કરવું.

Duomo [It]A cathedral:દેવળ.

E.

Eau de vie.[Fr]Water of life;brandy:બ્રાન્ડી;દારૂ

Ego et rex meus. [L.] I and by king:હું અને મારા રાજા.

El Dorodo.[Sp.]The golden land:સુવર્ણભૂમી.

Embonpoint.[Fr.]In good condition;plump: માતું તાતું;હૃષ્ટ પુષ્ટ.

En arriere.[Fr.]In the rear, back:પાછળ.

En deshabille.[Fr.]In undress: નગ્ન; નવસ્ત્ર.

En grande tenue.[Fr]In full dress:સોળે શણગાર સજીને.

En masse.[Fr.]In a body:ભેગા મળીને.

En passant.[Fr.] In passing; by the way: માંહેથી માંહે;વાતમાં વાત.

En regle.[Fr.]According to rules:નિયમ પ્રમાણે.

En route.[Fr.]On the way:જતાં.

En suite.[Fr.]In company:રસાલા સાથે.

En tout.[Fr.]In all:એકંદર;કુલ. [જાણીએ હો ?

Entre nous.[Fr.]Between ourselves:આપણેજ

En verite.[Fr.]In truth;verily: ખરેખર.

Errare est humanum. [L.] To err is human:મનુષ્ય જાત દોષ કરે. [દોષ.

Erratum.Pl. Errata.[L.]An error:ભૂલ; ચૂક;

Esprit de corps.[Fr.]The animating spirit of a collective body, as of the bar:મંડલ ચાંચલ્ય.

Et cetera.[L.]And the rest:ઇત્યાદિ. [રણપૂર્વક.

Ex animo.[L.]Heartily:ખરાઅંતઃકરણથી; અંતઃક-

Ex capite.[L.]From the head;from memory: મોંઢેથી;યાદદાસ્તી ઉપરથી. [મુખ્ય સત્તાથી.

Ex cathedra. [L.] From the chair: સર્વોપરી-

Excelsior.[L.]Higher:વધારે ઉંચું.

Ex curia.[L.] Out of court:કોર્ટમાંથી.

Ex cempti gratia.[L.] By way of example: દાખલા તરીકે.

Exit.[L.] He goes out:તે મરી ગયો.

Exitus acta probat.[L.]The event justifies the deed:વિવાહનાં ગીત માંડવેજ ગવાય. [રૂઇએ.

Ex officio.[L.]In virtue of his office: હોદ્દાની

Ex parte.[L]On one side only: એક તરફી.

Experto grede.[L.]Trust one who has tried: ઘરડાં વિના ગાડાં ન વળે.

Ex post facto. [L.] After the deed is done: રાંડયા પછીનું ડહાપણ.

Ex tempore. [L] Without premeditation: શીઘ્રપણે;તેને તેજ વખતે.

Ex uno dice omnes.[L.]From one learn all: થોડું લખ્યું ઘણું કરી વાંચજો.

F.

Facilis descensus Averno [L.]The descent to hell is easy:વાળી ચડાવતાં વાર,નાકકાપતાં શીવાર!

Fac simile[L.]Make it like;an exact imitation:નો સાક્ષાત્ અવતારજ.

Factotum.[L.]Do all;a man of all work:સબ-બંદરના વેપારી. [વાંકું છે.

Fata obstant [L.]The fates oppose it:નશીબજ

Felicitas mullos habes amicos [L.]Prosperity has many friends:લીલાવનમાં સૂડા ઘણા.

Felo dese [LowL.]A suicide:આપઘાત;આત્મહત્યા-

Femme de chambre. [Fr.] A chambermaid: દાસી; છુંડી. [કુમારીકા.

Femme sole.[Old Fr.]An unmarried woman:

Fiat justitia ruat cœlum [L.]Let justice be done, though the heavens should fall;આભ તૂટી કાં ન પડો, પરંતુ ઇન્સાફતો કરવોજ જોઇએ.

Fidei defensor.[L.]Defender of the faith: ધર્મ પ્રતિપાળ. [વિશ્વાસઘાત.

Fides Punica [L.] Punic faith; treachery:

Fidus Achates.[L.]Faithful Acha:માથું આપે એવો ખરો વિશ્વાસુ મિત્ર.

Fortuna favet fortibus.[L.]Fortune favors the brave:હિંમતે મરદા તો મદદે ખોદા.

Fronti nulla fides.[L.]There is no trusting to appearances: પીળું એટલું સોનું નહિ; કાળા એટલા ભૂતનાસાળા નહિ.[ભાઇ,કતર્યાં અમલ કોડીના

Fuit Ilium[L]Troy has been,but is no more:

G.

Garde du corps.[Fr.]A bodyguard:અંગરક્ષક.

Gens d' armes.[Fr.]Armed police:હથિયારબંધ પોલીસ.

Gens de lettres[Fr.]Literary people:સાક્ષરમંડળ

Gli assenti hunno torto.[It.]The absent are in the wrong:જાગતાની પાડી અને ઉંઘતાનો પાડો.

Gloria Deo in excelsis [L.] Glory to God in the highest:ઇશ્વરનો પરમ મહિમા.

Gloria Patri.[L.]Glory be to the Father:એ સર્વ મહિમા પ્રભુનો.

Grande parure.[Fr.]Full: સોળે શણગાર.

H.

Historiette.[Fr.]A little history;a tale:વાર્તા; અલ્પ વૃતાન્ત. [મ વર્ગ;નીચ લોકો.

Hoi polloi [Fr.] The many; the rabble:અધ-

Homme d'esprit.[Fr.]A man of talent or of wit:બુદ્ધિશાળી પુરૂષ.

Honi soit quimaly penee [Fr.]Evil to him who evil thinks:ભેંસનાં શિંગડાં ભેંસને ભારે, ખોદે તે પડે.

Honorarium.[L.]A fee paid for professional services:ફી;લવાજમ. [વાને ભૂખ ઉપડતી નથી.

Horribile dictu.[L.]Terrible to be said:કહે-

Hotel de ville [Fr.]A town hall:ટાઉનહૉલ.

Humanum est errare.[L.]To err is human: મનુષ્ય ભુલ કરે;માણસ જાતની ભૂલ થાય.

I.

Ibidem.[L.] In the same place:એજ જગ્યાએ.

Ich dien.[G.] I serve:હું સેવા બજાવું છું.

Id est.[L.] That is:એટલેકે;અર્થાત્.

Ignorantia legis neminem excusat [L.] Ignorance of law is no excuse:કાયદાનું અજાણપણું એ કંઇ બહાનું ચાલે નહિ.

Il n'est sauce que d' appetit. [Fr.] Hunger is the best sauce:ભૂખ ન દેખે સુક કે લુખ.

In ambiguo [L.]In doubt:શકમા.

In articulo mortis. [L.] At the point of death:મરતી વખતે.

In esse. [L.] In being:હૈયાતીમાં.

In extenso.[L.]At full length:સવિસ્તાર;સદાબરૂં.

In extremis.[L.]At the point of death:મરણની અણી ઉપર. [બ માણસ તરીકે.

In forma pauperis.[L.]As a poor man:ગરી-

In foro conscientiæ [L.]Before the tribunal of conscience:અંતર્યામિના દરબારમાં.

In loco [L.]In the place:યોગ્ય સ્થાને.

In loco parentis.[L.]In the place of a parent:માબાપને ઠેકાણે. [રણાર્થ

In memoriam.[L.]To the memory of:નારમ-

In ovo.[L.]In the egg:ગર્ભમાં.

In pace.[L.]In peace:સલાહ સંપમાં;સુખ ચેનથી

In petto.[L.]In reserve:ઇલાયદુ;અલગ;અનામત.

In posse [L.]In possible existence:કદાચ;વખતે

In propria persona [L.]In person:જાતે;રૂંડે.

In puris natur alibus.[L.]Completely naked:માએ જણ્યું હોય તેવું.

In re [L.]In the matter of:ના સંબંધમાં.

In rem [L.]Against the thing or property: વસ્તુ-મિલકત સામે. [things:સ્વાભાવિક રીતે.

In rerum natura. [L] In the nature of

In sano sansu.[L.]In a proper senses:ખરી રીતે જોતાં [યોગ્ય સ્થાને.

In situ. [L.] In its original situation: તેના

In statu quo [L.]In the former state:આગલી સ્થિતિમાં. [માંહે.

Inter alia.[L.]Among other things: માંહેથી

Inter nos. [L.] Between ourselves:આપણે બે જણજ જાણીએ હો!

In terrorem.[L.]As an example;as a warning:દાખલા તરીકે;ચેતવણી દાખલ.

Inter se,[L.]Among themselves:માંહોમાંહે.

In toto.[L.] In the whole; entirely: આખું ને આખું;સદાબરૂં. [માંહે.

Intra muros. [L.] Within the walls:કિલ્લાની

In transitu.[L.]On the passage:રસ્તામાં;માર્ગમાં

In vacuo.[L.]In empty space: ખાલી જગ્યામાં

In vino veritas.[L.]There is truth in wine: દારૂ પીધા પછી પેટની વાત બહાર આવે

Ipse dixit.[L.]He himself said it; dogmatism:પોતાનોજ કક્કો ખરો; પોતે બોલ્યા તે જાણે પરમેશ્વરજ બોલ્યા. [શબ્દો.

Ipsissima verba.[L.]The very words:એનાએજ

Ipso facto.[L.]In the fact itself: એજવાતમાં.

Ira furor brevis est. [L.] Anger is brief madness:ગુસ્સોએ થોડી વારનું ગાંડપણ છે.

J.

Jacta est alea [L.]The die is cast:પાસો પડયો તે પડયો. [જાણે મારી.

Je ne sais quoi.[Fr.) I know not what: બલા

Judicium Dei [L.] The judgment of God: દેવનિર્ણય. [યદા મુજબ.

Jure divino. [L.] By divine law: ઈશ્વરના કા.

Jure humano[L]By human law:માનુષીનિયમથી

Jus civile.[L.] Civil law:દિવાની કાયદો.

Jus divinum[L.]Divine law:ઇશ્વરી કાયદો-નિયમ

Jus gentium[L.]Law of nations:પ્રજાનો કાયદો.

Juste milieu. [Fr.] The golden mean:વચલો વાંગો;મધ્યપક્ષ.

L

